"સાંભળનારને પ્રિય લાગશે કે અપ્રિય તેનો વિચાર ન કરતાં
જે હમેશાં હિતનીજ શિખામણ દે છે તેજ આ સંસાર-
માં સાચો સહાયક છે."—મહાભારત

અમદાવાદમાં "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

# આવાહન

હે દીન દુર્બળ ભારતના ભયને હરનાર મુરારિ ! તમે ફરીથી એક વાર પધારો.

ભારતનું શૌર્ય, પરાક્રમ અને તેનું અનુપમ ઐશ્વર્ય, બધાંજ તેને એક પછી એક છોડી ગયાં છે અને તેમની જગ્યાએ મોહ અને આત્મદ્રોહે વાસો કર્યો છે. આજે ભાઈ ભાઈની પરવા કરતા નથી.

સૌ ભયભીત અવસ્થામાં દિવસ ગુજારે છે. તેમના કપાળ ઉપર કલંકના થર જામ્યા છે. તેઓ અત્યંત દુઃખી કંગાલ અવસ્થામાં અને ભૂખમરામાં દોહ્યલા દહાડા કાઢે છે.

દેશનું હિત કોઇને જરાએ સૂઝતું જ નથી. અમે વિચારશક્તિ ખોઈ બેઠા છીએ અને પરાયા લોકોની ઠોકરે ચઢીએ છીએ. સારા માણસોનું અપમાન થઇ રહ્યું છે, અને ચારે દિશાએ પાપ અને અધર્મનું સામ્રાજ્ય મંડાયું છે.

ધર્મની અવનતિ થઈ ચૂકી છે; કુધર્મ વ્યાપી ગયો છે. "દેશહિત એ પરમધર્મ છે" એ સૂત્રને અમે વિસરી ગયા છીએ.

માટે હે મુરારિ ! તમે ફરીથી એક વાર પધારો અને સમાનતા, મૈત્રી, સ્વાધીનતા, સ્વદેશપ્રેમ, ઐક્ય, નિષ્કામ કર્મયોગ અને નીડરતાનો સારા દેશમાં પ્રચાર કરો !

બંકિમચંદ્ર લાહિડી

# समर्पण

અપાર સ્નેહ—મમતાની ખાણરૂપ પરમ-
પૂજ્ય પિતાશ્રી રામકમલ લાહિડી
તથા પરમપૂજ્ય માતુશ્રી આનંદ-
કાલીદેવીનાં ચિરસ્મરણીય
અમૃતતુલ્ય પવિત્ર નામે,
ભક્તિ તથા અશ્રુજળ
સહિત આ ગ્રંથ સ-
મર્પણ કરૂં છું.

બંકિમચંદ્ર લાહિડી

# हवेनुं पुस्तक वी. पी. थी मोकलाशे.

૧–વિવિધ ગ્રંથમાળાનું છેલ્લું પુસ્તક બાકી રહ્યું તે સં. ૧૯૯૨ના કારતક માસમાં વી. પી. થી મોકલાઇ તે વર્ષનું મૂલ્ય મંગાવી લેવાશે. માટે એ વિશે જેમને નીચલામાંનું કે એવું કાંઈ લખવું હોય તેઓને આ પુસ્તક પહોંચેથી આવતા આસો શુદી ૧૫ સુધીમાં લખી મોકલવા વિનતિ છે.

ક–જેમને નવા વર્ષથી નવા ગ્રાહક થવું હોય.

ખ–જેમને ગ્રાહકમાંથી નીકળી જવું હોય.

ગ–જેમને પોતાના શિરનામામાં ફેરફાર કરાવવો હોય.

ઘ–જેમને રજીસ્ટર પોસ્ટથી મેળવવા માટે રૂ. ૦॥। વધુ ભરવો હોય.

૨–આમ પ્રથમથી સૂચના અપાયા છતાં એ વિશે જે સવેળા નહિ લખે અને વી. પી. પાછું વાળશે, તે એ છેલ્લું પુસ્તક ગુમાવશે.

૩–જે ગ્રાહકો ઉપલું વાર્ષિક મૂલ્ય સં. ૧૯૯૦ના આસો વદી ૧૨ સુધીમાં પોતાના રજીસ્ટર નંબર સાથે મ૦ ઓ૦ થી અથવા બીજી રીતે અમદાવાદ કે મુંબાઇના કાર્યાલયમાં ભરીને પાવતી મેળવશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે.

વળી જેમણે નવા વર્ષથી ગ્રાહકમાં રહેવાની ના લખી હશે, તેમજ જે લાયબ્રેરીઓ વગેરે વડોદરાના "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ" દ્વારા પૈસા ભરે છે તેમને, તથા જ્યાં જ્યાં વી. પી. જઇ શકતાં નથી ત્યાં ત્યાં પણ ઉપલું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે; અને લવાજમ મળ્યેથી નવા વર્ષનાં પુસ્તક મોકલવા જારી થશે.

૪–આફ્રિકા તેમજ બીજા દેશાવરનાં ગ્રાહકોને દરેક પુસ્તક (ત્રણ આનાના વધુ ખર્ચે) રજીસ્ટર કરાવીનેજ મોકલાતા હોવાથી તથા ત્યા માટેનું ટપાલખર્ચ પણ વધારે આવતું હોવાથી; અને અહીં શિલિંગ દીઠ દશથી સાડાદશ આના મળતા હોવાથી, તે સજ્જનોએ પાકા પૂંઠા સાથેના વાર્ષિક રૂ. ૮ અથવા શિલિંગ ૧૨ મોકલવા.

# शुद्धिपत्र

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૨ | આગલો | આટલો |
| ૨૪ | ૧૩ | એટલો યુદ્ધવિદ્યાની | યુદ્ધવિદ્યાની |
| ૩૮ | ૧૭ | રજાની | રજા |
| ૪૩ | ૩૦ | છટયો | છૂટયો |
| ૬૦ | ૨૯ | વપની | વર્ષની |
| ૮૫ | ૨૭ | ડખી | ડૂબી |
| ૯૭ | ૩૪ | વિદ્યાથી જીવનનું | વિદ્યાર્થી જીવનનું |
| ૧૦૩ | ૧૫ | ક્રાધ | ક્રોધ |
| ૧૦૭ | ૧૪ | કામાસાક્તિ | કામાસક્તિ |
| ૧૨૯ | ૨૪ | ટંકો | ટૂંકો |
| ૧૩૮ | ૪ | માર હોઠે | મારા હોઠે |
| ૧૪૯ | ૧૪ | પ્રાતસ્મરણીય | પ્રાતઃસ્મરણીય |
| ૧૫૧ | ૧૯ | છટવા | છૂટવા |
| ૧૬૮ | ૫ | બતવવા | બતાવવા |
| ૧૮૦ | ૧ | उद्योगपर्व | ५–उद्योगपर्व |
| ૧૯૮ | ૮ | છટા | છૂટા |
| ૨૨૯ | ૧ | ५–भीष्मपर्व | ६–भीष्मपर्व |
| ૨૬૦ | ૧૪ | સ્વધીનતાની | સ્વાધીનતાની |
| ૨૭૨ | ૧૭ | યત્ય | યત્ન |
| ૨૭૮ | ૧૧ | આનાદિ | અનાદિ |
| ૨૭૯ | ૯ | આત્મોસર્ગ | આત્મોત્સર્ગ |
| ૨૮૪ | ૨૮ | નાછટકે | નાછૂટકે |
| ૨૯૫ | ૧૦ | સા માર્યા | સૌ માર્યા |
| ૩૦૨ | ૭ | બકી | બાકી |
| ૩૦૩ | ૩૧ | પક્ષના | પક્ષની |
| ૩૦૬ | ૧ | ६ द्रोणपर्व | ७ द्रोणपर्व |
| ૩૧૯ | ૨૮ | મને | તેને |
| ૩૩૧ | ૧૫ | દ્રાણાચાર્યનો | દ્રોણાચાર્યનો |
| ૩૩૨ | ૧ | ७ कर्णपर्व | ८ कर्णपर्व |
| ૩૪૧ | ૧ | ८ शल्यपर्व | ९ शल्यपर्व |
| ૩૫૦ | ૨૩ | એટલે સાએ | એટલે સૌએ |
| ૩૫૬ | ૧ | ९ सौतिक पर्व | १० सौप्तिक पर्व |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૬૫ | ૧ | ૧૦ મો પર્વ | ૧૧ મો પર્વ |
| ૩૭૬ | ૨૮ | પ્રજી | પૃજી |
| ૩૮૫ | ૧ | ૧૧ શાંતિપર્વ | ૧૨ શાંતિપર્વ |
| ૪૦૮ | ૩૨ | "કૃચણો" | "કાચણો" |
| ૪૦૮ | ૩૩ | સેવનંદ | સેવાનંદ |
| ૪૧૭ | ૬ | તાત્પય | તાત્પર્ય |
| ૪૨૨ | ૫ | ધોવણુ | ધોવણુ |
| ૪૨૯ | ૩૧ | મનુમદિન | મનુસદિના |
| ૪૩૧ | ૬ | વેરો | વેરો નથી |
| ૪૩૫ | ૨૩ | છટ | છૂટ |
| ૪૩૬ | ૭ | જેવું | જેવું તે |
| ૪૪૪ | ૧૭ | ટવયિત્રીએ | કવયિત્રીએ |
| ૪૫૭ | ૨૮ | યાજ્ઞવસ્ય | યાજ્ઞવલ્ક્ય |
| ૪૫૭ | ૩૧ | લેવો ÷ | લેવો |
| ૪૫૯ | ૩૨ | આયર્લૅંડ | આયર્લેંડ |
| ૪૬૦ | ૨૩ | સમુદ્ર સમુદ્ર | સમુદ્ર |
| ૪૮૦ | ૩૪ | શ્રીમદ્ભામવત | શ્રીમદ્ભાગવત |

આ પછીનાં પૃષ્ઠોનું શુદ્ધિપત્ર અપાયું નથી તે વાચકે પોતે સુધારી લેવા વિનંતિ છે.

# હાલ અર્ધા મૂલ્યે મળવાનાં

## પુસ્તક તથા સ્થળ

નીચેનાં પુસ્તકો ૧૯૯૦ ના અષાડ માસથી નીચેનાં સ્થળોમાં અર્ધા મૂલ્યે મળશે.

**અમદાવાદ**–સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. ભદ્ર પાસે.

**મુંબઈ**–સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ઠે. કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગમાં ત્રીજે માળે.

**વડોદરા**–પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ. ઠે. રાવપુરા.

**સુરત**–શુક્લ દયાશંકર ભાઈશંકર. મંત્રી સેવામંડળ, બાલાજી રોડ, ડૉકટર રામલાલનો ખાંચો.

**ભરૂચ**–પંડયા ચંદુલાલ અમૃતલાલ ઠેકાણું શેઠફળિયાની બહાર લખપતિની ચાલમાં.

**ભાવનગર**–છોટાલાલ ત્રિભોવનદાસ, ઠેકાણું મેતા શેરીમાં.

**બીજાં સ્થળો**–ત્યાંના એકથી વધુ સજ્જનોને રેલ્વે રસ્તે એકથી વધુ પ્રતો ભેગી મંગાવવી હોય તેમણે તે મતલબનો પત્ર, દરેકના નામ ઠામ અને સહી સાથે, તથા ત્યાંના સ્કુલ માસ્તર, તલાટી અથવા તો વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકની ભલામણ સાથે લખી મોકલવો.

કિંમત ઉપરાંત પેકીંગ વગેરેના પાંચ આના અને બંગાળી ૧૦ શેરથી મોટા પારસલ માટે આઠ આના વધુ મોકલવા તથા રેલ્વે સ્ટેશનનું નામ અને રેલ્વેરીસીટ મોકલવાનું શિરનામું પણ લખવું.

---

| હાલ અર્ધા મૂલ્યે મળતાં પુસ્તકો | કદ ઈંચ | પૃષ્ઠ-સંખ્યા | પૂરી કિંમત | અર્ધી કિંમત |
|---|---|---|---|---|
| **શ્રીતુલસીકૃત રામાયણ** ... ... | ૬॥×૧૦ | ૧૩૯૨ | ૪ા | ૨)= |
| ,, ,, ... ... | ,, | બેભાગના | ૪॥ | ૨ા= |
| **શ્રીદાસબોધ** ... ... ... | ૫×૯ | ૬૪૮ | ૨ | ૧) |
| **શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા** ... | ૫×૯ | ૮૨૮ | ૨ | ૧) |
| **ભગવતી ભાગવત**... ... ... | ૬॥×૧૦ | ૮૬૪ | ૪॥ | ૨ા |
| **શ્રીરામકૃષ્ણ કથામૃત** ... ... | ૫॥×૮ | ૬૫૦ | ૨॥ | ૧ા |
| **શ્રીરામકૃષ્ણ ચરિત્ર** ... ... | ૫×૯ | ૫૦૦ | ૧॥ | ૦॥ |

સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો   પાાા×૮ા   ૫૭૫ ૨ા   ૧)≈
"   "   ગ્રંથ ૨ જો   પાાા×૮ા   ૬૦૦ ૨ા   ૧)≈
"   "   ભા. ૯ મો   ૫×૬ાાા   ૫૮૪ ૨ુ   ૧)
"   "   ભા. ૧૧ મો   ૫×૯   ૪૮૦ ૧ાા≈   ૦ાાા~
"   "   ભા. ૧૨–૧૩ મો   "   ૫૧૬ ૧ાા   ૦ાાા
સ્વામી રામતીર્થ ગ્રંથ ૨ જો   ૫×૮ા   ૫૮૦ ૨ા   ૧)≈
"   "   ગ્રંથ ૩ જો   પાાા×૮ા   ૫૨૮ ૨ુ   ૧)
"   "   ગ્રંથ ૪ થો   "   ૬૪૦ ૨ુ   ૧)
ઇશ્વરની વાણી ગ્રંથ ૧ લો ...   ૫×૯   ૨૬૦ ૧ુ   ૦ાા
"   "   ગ્રંથ ૨ જો ...   ૫×૯   ૪૦૦ ૧ાા   ૦ાાા
"   "   ગ્રંથ ૩ જો ...   ૫×૯   ૨૭૦ ૧ુ   ૦ાા
અખાની વાણી ... ...   ૫×૮   ૫૦૦ ૧ાા   ૦ાાા
બંકિમ નિબંધમાળા ... ...   પાા×૮   ૫૯૦ ૧ાાા   ૦ાાા≈
ટુંકીવાર્તાઓ–ગ્રંથ ૨ જો... ...   ૫×૯   ૫૭૬ ૧ાા   ૦ાાા
સુખસામર્થ્ય અને સમૃદ્ધિ ...   "   ૪૦૦ ૧ુ   ૦ાા
ભાગ્યના ઘડનારાઓ ...   "   ૫૬૪ ૧ાા   ૦ાાા
નેપોલીયન બોનાપાર્ટ ... ...   પાા×૮ા   ૮૪૦ ૩ુ   ૧ાા
શિવાજી છત્રપતિ ... ...   પાાા×૯   ૫૨૮ ૨ા   ૧)≈
સમ્રાટ અકબર ... ... ...   પાા×૮ા   ૩૫૨ ૧ા   ૦ાા≈
મુસ્લીમ મહાત્માઓ ... ...   પાા×૭ાા   ૫૯૪ ૧ાાા   ૦ાાા≈
ધર્મતત્ત્વ (સાદુ) ... ... ...   પાા×૮   ૨૪૮ ૦ાા   ૦ા
સુબોધક નીતિકથા ... ...   ૫×૬ાાા   ૧૧૨ ૦ા~   ૦)≈ા
મહાભારત ચિત્રાવલી ... ...   ૭ાા×૧૦ ૨૬ ચિત્રો ૧ુ   ૦ાા
રામાયણ ચિત્રાવલી ... ...   ૭ાા×૧૦ ૩૨ ચિત્રો ૧ુ   ૦ાા
ભક્ત ચરિત્ર અથવા ભક્તિરસામૃત   ૫×૯   ૪૦૮ ૧ાા   ૦ાાા
ઉપદેશ સારસંગ્રહ... ... ...   ૫×૯   ૩૧૨ ૧ુ   ૦ાા
મહાન સાધ્વીઓ... ... ...   ૫×૯   ૪૨૦ ૧ા   ૦ાા≈
સ્વામી ભાસ્કરાનંદ તથા વિજય
કૃષ્ણ ગોસ્વામી ... ...   ૫×૯   ૪૩૨ ૧ાા   ૦ાાા
શુભસંગ્રહ ભાગ ૩ જો ... ...   ૬ાાા×૧૦   ૪૩૨ ૧ાા   ૦ાાા
રાજસ્થાનનો ઇતિહાસ–બે ગ્રંથમા   ૬ાાા×૧૦   ૧૫૩૦ ૧૦ુ   ૫)
આર્યભિષક્ ... ... ...   ૬ાાા×૧૦   ૮૫૬ ૩ુ   ૧ાા
વૈદક સંબંધી વિચારો અથવા
આર્યભિષક્નો ઉમેરો   ૫×૯   ૭૮૦ ૧ાા   ૦ાાા
દયાળુ માતા ... ... ...   ૫×૬ાાા   ૧૬૦ ૦ુ≈   ૦)~ા
પ્રભુમય જીવન ... ... ...   ૫×૬ાાા   ૨૦૦ ૦ા   ૦)≈

| | | | |
|---|---|---|---|
| મૂળ પંચરત્નભગવદ્દગીતા સ્થૂલાક્ષર પાાx૭ા | ૪૭૫ | ૧)≈ | ૦ા– |
| ,, ,, ,, ,, મધ્યાક્ષર | ૩ાાx૫ાા | ૩૨૫ | ૦ા≈ ૦– |
| ,, ,, ,, ,, નાનાઅક્ષર | ૩ાાx૫ાા | ૨૦૦ | ૦ા≡ ૦)≡ા |
| મૂળ મોટી ભગવદ્દગીતા સ્થૂલાક્ષર | ૫x૬ાા | ૨૨૦ | ૦ાા≈ ૦≡ |
| ,, ,, મધ્યમાક્ષર | ૩ાાx૫ાા | ૧૮૫ | ૦≡ ૦)≡ા |

સૂચના–ઉપરની કિંમત અમદાવાદના કાર્યાલય માટેની સમજવાની છે. મુંબઈ ઈ૦ બહારના સ્થળોએ ખર્ચ જોગું વધુ લેવાશે.

## नीचेनां पुस्तकोनी किंमत पहेलेथीज ओछी राखेली होइ ते नीचे जणावेली किंमते मळशे.

શ્રીમદ્દભગવદ્દગીતા—શ્લોક તથા ગુજરાતી સરલાર્થ સાથે સુધરેલી નવી ૧૧ મી આવૃત્તિ છપાય છેઃ

શ્રીમદ્દભગવદ્દગીતા—માત્ર સરલાર્થવાળી આવૃત્તિ ૩ાx૫, ૨૭૨, ૦)≈

શ્રીમદ્દભગવદ્દગીતા—શ્લોક તથા ગુજરાતી અર્થ સાથે–મોટા અક્ષર ૫x૬ાા, ૨૫૬, ૦≈ સાદું પૂંઠું ૦ા

શ્રીમદ્દભગવદ્દગીતા—શ્રીધરી ટીકાનુસાર ૩ાાx૫ાાા, ૪૮૦, ૦ા–

શ્રીપંચરત્નગીતા—ગુ૦ સરલાર્થ સાથે મોટા અક્ષર ૫x૯, ૫૦૦, ૦ાા

શ્રીપંચરત્નગીતા—ગુ૦ સરલાર્થ સાથે મધ્યમ અક્ષર, ૩ાાx૬, ૭૨૦, ૦ા

## સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

નદી જવાના રસ્તે, ભદ્ર પાસે–અમદાવાદ
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ–મુંબઈ–૨

# प्रकाशकनुं निवेदन

"મહાભારત મંજરી" નામનું આ પુસ્તક "વિવિધ ગ્રંથમાળા"નું સં. ૧૯૮૯-૯૦ ના વર્ષનું ત્રીજું પુસ્તક છે.

આજે મહાભારતનું નામ કોઇકજ આર્ય-હિંદુથી અજાણ્યું હશે. હિંદુ જાતિમાં જે જે પ્રાચીન ગ્રંથો મહત્વના અને ઉપકારક મનાતા આવ્યા છે તેમાં આ ગ્રંથ પ્રથમ શ્રેણીનો પુરવાર થઇ ચુક્યો છે. એજ મહાભારત ગ્રંથરૂપી વિશાળ વૃક્ષનાં સુંદર અને સુગંધમય પુષ્પો વીણીને તેના સારરૂપ આ ગ્રંથ, તેના મૂળ લેખકે યોજ્યો છે અને એ રીતે ગ્રંથકર્તાએ તેનું "મહાભારત મંજરી" એવું નામ સાર્થક કરી આપ્યું છે.

આ ગ્રંથમાં ગુંથાયેલી મંજરીઓ સુંદર અને સુગંધમય છે અને હરકોઇને તેના તરફ આકર્ષણ થાય એવી તેની રચના છે. તેની આવી રચના કરવામાં ગ્રંથકર્તાએ મૂળ મહાભારત ઉપરાંત બીજા પણ અનેક શાસ્ત્રગ્રંથોનાં પ્રમાણો આપ્યાં છે અને એ રીતે મહાભારતકાળ અને આધુનિક કાળની સરસ તુલના કરી છે. એજ ગ્રંથના સ્વતંત્રાનુવાદપૂર્વક આ ગુજરાતી ગ્રંથ યોજાયો છે.

આ ગ્રંથમાં મૂળ ગ્રંથકારે આપેલાં ટિપ્પણોમાં પર્વમાંના અધ્યાયો અને તેના શ્લોકાંકનું, અત્ર તરફથી પ્રકટ થયેલ મહાભારતના શ્લોકાંક વગેરે સાથે મળતાપણું નહિ આવે. કારણકે મૂળગ્રંથકારે તે તે ટાંચણો બંગાળામાં પ્રસિદ્ધ થયેલ સંસ્કૃત તેમજ બંગાળી મહાભારતને આધારે આપ્યાં છે.

વળી આ અનુવાદ તૈયાર કરનારાઓ પૈકી શ્રી. સેવાનંદજીએ જે જે ટિપ્પણો પોતે આપ્યાં છે તે તે ટિપ્પણને છેડે તેઓશ્રીનું નામ જોડેલું જણાશે અને તે સિવાયનાં અન્ય ટિપ્પણો મૂળગ્રંથકારનાં પોતાનાં છે.

હવેનું પુસ્તક વી. પી. દ્વારા મોકલાશે તે વિષે અન્ય પૃષ્ઠમાં લખ્યું છે તે તરફ ગ્રાહકબંધુઓનું લક્ષ્ય ખેંચીને જણાવવાનું કે તેમા જણાવેલી વિગત સંબંધે પોતાને કંઈ લખવું હોય તો તે વખતસર લખી જણાવવા વિનતિ છે.

અન્યત્ર અપાયેલ શુદ્ધિપત્ર મુજબ સુધારો પછીજ પુસ્તક વાંચવું ઘટે.

જેઠ માસ-સં. ૧૯૯૦ ભિક્ષુ-અખંડાનંદ

# अनुक्रमणिका

## १–आदि पर्व



## २–सभा पर्व



## ३–वन पर्व

ક્રમાંક વિષય પૃષ્ઠ

## ९–शल्य पर्व



## १०–सौप्तिक पर्व



## ११–स्त्री पर्व



## १२–शान्ति पर्व

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | (ञ) અગાઉ ક્ષત્રિયો પોતાના ગુણ વડે બ્રાહ્મણો બનતા. ... ... ... ... ... | ૪૮૦ |
| | (ट) અગાઉ વૈશ્યો અને શૂદ્રો પણ બ્રાહ્મણ થઈ શકતા ... ... ... ... ... | ૪૮૦ |
| | (ठ) હલકી જાતિમાં જન્મેલા પણ અગાઉ બ્રાહ્મણોમાં ગણાયા છે. ... ... ... | ૪૮૧ |
| | (ड) સત્તાવાળાઓના દબાણથી પણ હલકી જાતિના લોકોને બ્રાહ્મણોએ પોતાની ન્યાતમાં લીધા છે. ... ... ... | ૪૮૩ |
| | (ढ) વિવાહ અને બીજાં ઐતિહાસિક કારણોને લીધે કેટલીએ ન્યાતો બ્રાહ્મણ થઇ ગઇ છે ... | ૪૮૫ |
| | (ण) મ્લેચ્છ, યવન અને અસલી અનાર્ય જાતિઓ હિન્દુસમાજમાં સમાઇ ગઇ છે. ... | ૪૮૬ |
| | (त) મુસલમાનો પણ હિન્દુસમાજમાં ભળી ગયા છે અને ભળી જાય છે. ... ... | ૪૯૦ |
| | (थ) બંગાળામાં પણ મુસલમાનો હિન્દુસમાજમાં ભળ્યા છે અને ભળે છે તેના દાખલા | ૪૯૩ |
| | (द) ફિરંગીઓને પણ હિન્દુસમાજમાં લીધા છે. | ૪૯૪ |
| | (ध) કોઈ પણ જાતિના લોકો હિન્દુ થઇ શકે છે. | ૪૯૪ |
| | (न) હાલના જેવો જાતિભેદ વૈદિક કાળમાં, મહાભારતના કાળમાં તેમજ બૌદ્ધ યુગમાં પણ ન હતો. ... ... ... ... | ૪૯૫ |
| | (प) હાલ છે તેવા જાતિભેદની શરૂઆત ભરતખંડમાં ક્યારે થઈ? ... ... ... | ૪૯૬ |
| | (फ) [illegible] ઉપર કશો [illegible] ન હતો. | ૪૯૬ |
| | (ब) [illegible] બ્રાહ્મણો અને કાયસ્થો વગેરે મિશ્ર જાતિની ઓલાદ છે. ... | ૪૯૭ |
| | (अ) [illegible] ... ... | ૪૯૭ |
| | (आ) [illegible] ... ... ... ... | ૪૯૮ |
| | (इ) [illegible] ... ... ... ... | ૪૯૮ |
| | (ई) વૈદ્ય ... ... ... ... ... | ૪૯૯ |
| | (उ) [illegible] ... ... ... ... | ૪૯૯ |
| | ( ) [illegible] ... ... | ૫૦૦ |
| | (भ) [illegible] ... ... ... ... | ૫૦૧ |
| | (म) [illegible] | ૫૦૨ |
| | (य) [illegible] ... ... ... | ૫૦૨ |

ાંક વિષય પૃષ્ઠ

## १३–अनुशासन पर्व



## १४–अश्वमेध पर्व

# ग्रंथकारनुं निवेदन

મહાભારત એક સુંદર પુષ્પવાટિકા છે. પણ ઘણા લાંબા
તથી જે વાડી દેખરેખ વગરની સૂની પડી હોય તેમાં ઝાડી
ખરાં વગેરે ઉગીને જંગલ જેવી બની જાય છે, તેવું આ મહા-
રતનું પણ થયું છે.

જે મહાભારતની અંદર અનેક સ્થાને ઉંચા પ્રકારના સુંદર ભાવો
ંથ્યા છે, કેટલાએ અનુપમ ઉપદેશો ભર્યા છે, કેટલીએ હિતની
ર્તાઓ કહી છે તેજ મહાભારતમાં પાછી નહિ કોને સાંભળી શકાય,
હિ કોઇને કહી શકાય તેમ નહિ કોઇને વાંચી સંભળાવાય એવી
ટલી બધી ગંદી, અશ્લીલ વાતો પણ છે ! જે મહાભારતમાં અનેક
સ્થાને સતીત્વના મહિમાની મુક્તકંઠે પ્રશંસા કરી છે તેજ મહા-
ભારતમાં સતીત્વનું ખૂન કરે એવી વાતો પણ છે.

જે દુર્યોધનને મહાભારતને પાને પાને ભયંકર પાપી તરીકે
ચીતર્યો છે, જેને વેદવ્યાસે, ભીષ્મદેવે, દ્રોણાચાર્યે, વિદુરે, સંજયે
અરે! જેને તેનાં સગાં માબાપે પણ—મહાપાપી કહીને બોલાવ્યો છે,
તેજ દુર્યોધનની જાંઘનું હાડકું ભાંગી ગયા પછી શું થયું ? મહા-
ભારત કહે છે કે "તેના ઉપર આકાશમાંથી પવિત્ર અને સુગંધયુક્ત
પુષ્પોની વૃષ્ટિ થવા લાગી, ગંધર્વો મનોહર વાદ્ય વગાડવા લાગ્યા,
અપ્સરાઓ તેનાં યશોગાન ગાવા લાગી, અને સિદ્ધગણોએ તેને
પુષ્કળ ધન્યવાદ દીધો. કૃષ્ણ અને પાંડવોના બીજા બધા મિત્રો
દુર્યોધનનું આવું સન્માન થયેલું જોઇને અતિશય લજવાઇ ગયા."

પણ આવડા મોટા મહાભારતમાં કોઈ પણ જગ્યાએ દુર્યોધનના
યશનો જરા જેટલો પણ ઉલ્લેખ નથી. તેને હાથે કોઇ સારું કામ
થયું હોય એવો એક દાખલો પણ નથી; છતાં મહાભારતમાં એવું
પણ કહ્યું છે કે તે મુઆ બાદ સ્વર્ગે ગયો. ત્યારે આ બધું પ્રક્ષિપ્ત
નહિ તો બીજું શું હોય ? ધર્મનો જય અને પાપનો ક્ષય, એ
મહાભારતનો મુખ્ય ઉપદેશ છે. પણ હાલ આપણી પાસે જે મહા-
ભારત છે તેમાં તો એ ઉપદેશ ઉપર એકસામટું પાણી જ ફરી વળ્યું
છે, તે તદ્દન અર્થ વગરનો થઈ ગયો છે.

કોઇ કદાચ એવી દલીલ કરે કે દુર્યોધન રણમેદાનમાં લડતાં
લડતાં જ મુઓ માટે સ્વર્ગે ગયો, ત્યારે કર્ણ પણ યુદ્ધના મેદાનમાં
યુદ્ધ કરતાં જ મરાયો હતો ને ! છતાં તેને કેમ નરકની પ્રાપ્તિ થઇ ?
વળી કર્ણને તો મહાભારતમાં અનેક જગ્યાએ પરમ ધાર્મિક, મહા-
દાનેશ્વરી, અને સત્યપરાયણ તરીકે વખાણ્યો છે. મહાભારતને જ

આધારે દુર્યોધનના કરતાં કર્ણનું ચારિત્ર્ય અનેકગણું ચઢીઆતું હતું એ ઉઘાડું છે.

અને જેની કોઈની સાથે પણ સરખામણી ન થઇ શકે એવા કૃષ્ણના ચરિત્રનું કેમ છે? મહાભારતમાં જુદી જુદી જગાએ તેમના સ્વભાવનાં જુદાં જુદાં–પરસ્પર વિરોધી–ચિત્રો જોવામાં આવે છે. એક જગ્યાએ તેમને વિષે લખ્યું છે કે "કૃષ્ણ કામ, ક્રોધ, અર્થ, લોભ, હિંસા, હેતુવાદ અથવા એવા બીજા કોઇ પણ કારણસર કદી પણ ધર્મનો ત્યાગ કરતા ન હતા. જ્યાં ધર્મ ત્યાં કૃષ્ણ, અને જ્યાં કૃષ્ણ ત્યાંજ વિજય." એજ મહાભારતમાં પાછું બીજે ઠેકાણે એવું લખ્યું છે કે તે સર્વગુણસંપન્ન અસાધારણ પુરુષ યુધિષ્ઠિરને તેના ગુરુને મારવાનું ઉત્તેજન આપવા માટે જૂઠું બોલ્યા હતા. આ વાત મહાભારતમાં પાછળથીજ ઘૂસી ગઇ હોવી જોઇએ.

યુધિષ્ઠિરનું પણ તેવું જ છે. મહાભારતના આરંભમાં જ લખ્યું છે કે "વેદવ્યાસે પાંચ પાંડવોની સત્યનિષ્ઠાનું અને ધૃતરાષ્ટ્રના પુત્રોની દુષ્ટતાનું વર્ણન કર્યું છે." યુધિષ્ઠિરને વેદવ્યાસ અને સંજય તો વખાણે જ છે, પરંતુ શકુનિએ અને ગાંધારી રાણીએ પણ તેમની સત્યપરાયણતાનાં અને ધાર્મિકતાનાં ખૂબ વખાણ કર્યાં છે. કુરુક્ષેત્રનું યુદ્ધ થયું તે પહેલાં થોડા વખત અગાઉ જ કૌરવોની સભામાં ભીષ્મદેવે યુધિષ્ઠિરના અનુપમ ચારિત્ર્યનું જે સુંદર ચિત્ર દોર્યું હતું, તે આ પુસ્તકના વિરાટપર્વના બીજા અધ્યાયમાં દાખલ કર્યું છે. આના કરતાં વધારે પ્રશંસા માણસની કોઈ દિવસ થઇ નથી અને થવાની પણ નથી. એ જ પ્રસંગે યુધિષ્ઠિરની સત્યપરાયણતાની બાબતમાં દ્રોણાચાર્યે જે એકરાર કર્યો છે તેને પણ ઉપલા જ અધ્યાયમાં સ્થાન આપ્યું છે. દ્રોણાચાર્ય પડયા તેની આગલી રાતે તેમના સાળા અને મિત્ર કૃપાચાર્યે કહ્યું હતું કે "ધર્મપુત્ર યુધિષ્ઠિર બ્રહ્મનિષ્ઠ, સત્યવાદી, જિતેન્દ્રિય અને ધર્મની આજ્ઞાઓનું નિયમિત રીતે પાલન કરનાર છે. તેમના બીજા ભાઇઓ પણ ધર્મને અનુસરે છે." તેજ રાત્રે દ્રોણાચાર્ય પણ બોલી ગયા હતા કે "પાંડવો યથાવિધિ ધર્મ પ્રમાણે આચરણ કરે છે."

ત્યાર પછી દ્રોણાચાર્ય યુદ્ધમાં પડયા ત્યારબાદ શું થયું તે જોઇએ. દ્રોણ પડયા તેને ત્રીજેજ દિવસે તેમના પુત્ર મહાવીર અશ્વત્થામાએ યુધિષ્ઠિર રાજાની સાથે સુલેહ કરવાનો ખાસ ભાર મૂકીને આગ્રહ કરતાં દુર્યોધનને કહ્યું હતું કે "યુધિષ્ઠિર રાજા નિરંતર પ્રજાનું હિત કરવામાંજ તત્પર રહે છે." ત્યારે હવે સવાલ એ થાય છે કે જો યુધિષ્ઠિરે જૂઠું બોલીને, દગો કરીને દ્રોણને મરાવ્યા હોત તો તેમના મરણ પછી ત્રીજેજ દહાડે તેમનોજ પુત્ર યુધિષ્ઠિરની સાથે સંધિ

કરાવવા માટે આગ્રહ આમદ કરે જ શા માટે? પોતાના પ્રિય પિતાનો અન્યાયથી દગાથી ઘાત કરાવનારને કોઈ પણ રીતે તેના કૃત્યનો યોગ્ય બદલો અપાવવાને બદલે તેની સાથે સંધિ કરાવવાની અશ્વત્થામા પેરવી કરે એ માની શકાય જ નહિ.

અશ્વત્થામા કાંઈ ઉદ્દંડ વૈરવૃત્તિ વગરનો ક્ષમાપરાયણ માણસ ન હતો. પોતાની વૈરવૃત્તિથી ઉશ્કેરાઈને તેણે પોતાના પિતાનો વધ કરનાર ધૃષ્ટદ્યુમ્નને તેની છાવણીમાં પેસીને રાત્રે ઉંઘતો જ મારી નાખ્યો. વૈરવૃત્તિના આવેશમાં તેણે ન્યાય-અન્યાયનો વિવેક ખોયો હતો અને તેથી તે આવું ઘોર પાપકર્મ કરવા પ્રેરાયો હતો.

વળી દ્રોણનો વધ થયો તેને ત્રીજે જ દિવસે કૃપાચાર્ય પોતે બોલ્યા હતા કે "પાંડવો સાધુ પુરુષ છે." તેને પાંચમે દિવસે વેદ-વ્યાસે અશ્વત્થામાને કહ્યું હતું કે "યુધિષ્ઠિર રાજા અધર્મની સહાય લઈને યુદ્ધમાં જીતવા ઇચ્છતા નથી." તેજ દિવસે તેમણે ધૃતરાષ્ટ્રને પણ કહ્યું હતું કે "પાંડવોએ તમારો એક રતિપૂર પણ અપરાધ કર્યો નથી."

દ્રોણનો વધ થયા પછી જ્યારે દુર્યોધન પણ માર્યો ગયો ત્યારે બાણશય્યા પર પડ્યા પડ્યા પરમ ધાર્મિક પુરુષ ભીષ્મદેવ પોતાની બાણશય્યાની અસહ્ય વેદના ભોગવી રહ્યા હતા. તેમણે પણ એ વેદના [illegible]ન કરતાં કરતા યુધિષ્ઠિર સત્યનિષ્ઠાવાન છે, ધર્મપરાયણ છે, એવી [illegible]ની પારવગરની પ્રશંસા કરી હતી. તેમના તે વખતના ઉદ્ગાર [illegible] પુસ્તકના શાંતિપર્વના ત્રીજા પ્રકરણમાં જોવામાં આવશે. વળી [illegible]દેવે પ્રાણત્યાગ કર્યો તે ક્ષણેજ તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે "યુધિષ્ઠિર [illegible], ગુરુવત્સલ, શુદ્ધ મનવાળા અને ધર્મરાજ છે." આ બધી [illegible]ા તથા તેની સાથે સંબંધ ધરાવતી બીજી પણ ઘણી બાબતો વિશે [illegible]પૂર્વક વિવેચન કર્યું છે તે બધું વાચક યથાસ્થાને જોઈ શકશે.

[illegible]ાટકું છતા પણ મહાભારતમા ઘણે ઠેકાણે એવા પણ ઉલ્લેખ [illegible]ધિષ્ઠિર પાપ કર્યું હતુ અને તે પાપના બદલામા તેમને [illegible]ર્શન પણ કરવું પડ્યુ હતુ. ત્યારે આવા કથનને પ્રતિમ [illegible] નહિ ?

[illegible]મહે.પાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી લખે છે – "મહાભારતના [illegible]ા.ની છે તે અર્વાચીનોપયાની અને આચાર્ય નીતિ છે. [illegible]

[illegible]

ગુણ ઉપર મોહિત થઇને લખે કે "કૃષ્ણનું ચરિત્ર પવિત્રતામાં અને સર્વગુણસંપન્નતામાં અજોડ છે!"

વળી જો કૃષ્ણનું અને યુધિષ્ઠિરનું ચરિત્ર નિંદાને પાત્ર હોત તો ઋષિમુનિઓ તેમના મહિમાનાં વખાણ કરે ખરા? હિંદુઓના પ્રત્યેક ઘરમાં લોકો રોજ સવારમાં ઉઠીને તેમનાં નામનું સ્મરણ કરે છે તેવું બને જ કેમ? અને ઋષિમુનિઓ હિંદુમાત્રને તેમનાં પુણ્યનામનું પ્રભાતમાં સ્મરણ કરવાનું કહે પણ શા માટે?

**पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः।**
**पुण्यश्लोका च वैदेही पुण्यश्लोको जनार्दनः॥**

સાહિત્યસમ્રાટ બંકિમચંદ્રના અભિપ્રાય મુજબ મહાભારતની અંદર જ્યાં જ્યાં કૃષ્ણે જૂઠું બોલવાની સલાહ આપી હતી અને યુધિષ્ઠિરે જૂઠું બોલીને દ્રોણાચાર્યનો વધ કરાવ્યો હતો એવું લખેલું જોવામાં આવે તે બધું જ પ્રક્ષિપ્ત છે. આના પુરાવામાં તેમણે પોતાના "કૃષ્ણચરિત્ર" નામના અનુપમ ગ્રંથમાં પુષ્કળ દલીલો રજુ કરી છે. આગે પણ એના સંબંધમાં થોડાંક ચૂંટી કાઢેલાં પ્રમાણ આપ્યાં છે. [illegible] ઉપરથી મહાભારતનો આવી જાતનો અંશ પ્રક્ષિપ્ત છે એવું [illegible] છે. દ્રોણાચાર્યનો કેવી રીતે વધ થયો તેની ખરી વિગત [illegible] આપી છે.

જે મહાભારતમાં અર્જુનના અપૂર્વ ભ્રાતૃસ્નેહનાં વખાણ કર્યાં છે તે જ મહાભારતમાં પાછી તેની ભ્રાતૃદ્રોહની પરાકાષ્ઠાનું પણ વર્ણન કર્યું છે. મહાભારતમાં એક જગ્યાએ લખ્યું છે કે "અર્જુને યુધિષ્ઠિરને [illegible] ન દીઠા તેથી તે અત્યંત વ્યાકુળ થઇને તેમની ખબર [illegible] પોતાની છાવણીમાં ગયો. તેણે તેમને કર્ણનાં બાણોથી [illegible] જખમને લીધે બહુ દુઃખી હાલતમાં પથારીમાં [illegible] દીઠા. [illegible] યુદ્ધમાં પણ અર્જુન કર્ણને મારી શક્યો નથી [illegible] તેના ગાંડીવ ધનુષ્યની નિંદા કરી. તે સાંભળતાં [illegible] અર્જુન તલવાર ઉગામીને તેમને મારવા ઉભો થયો અને [illegible] આત્મન [illegible] સંભળાવવા લાગ્યો. છેવટે કૃષ્ણે [illegible]" યુધિષ્ઠિર તે વખતે એવા દુઃખી હાલત [illegible] માણસનું અગર કઠણ હૈયાન [illegible], તેવે વખતે અર્જુન તેમને માર [illegible] ! અને ગાંડીવની નિંદા [illegible] પણ દ્રૌપદીએ અને એ [illegible] ગાંડીવની નિંદા કરી હતી [illegible] પણ પ્રક્ષિપ્ત નહિ

* [illegible], અ૦ ૧૧૨, શ્લોક

ીજું શું હોય ?

બંકિમચંદ્ર લખે છે કે મહાભારતની અંદર પુષ્કળ ભાગ પાછ-
ઘુસી ગએલો છે. પાશ્ચાત્ય વિદ્વાનો પણ એ વાત સર્વાનુમતે
ર કરે છે. મહાભારત વાંચતાં જ આ વસ્તુસ્થિતિ દીવાની જેવી
। જણાઈ આવે છે. આ પુસ્તક વાંચી જોતાં પણ તેની સૌને
ી થશે. તેમને ખાત્રી થશે કે યુધિષ્ઠિરના જેવી આદર્શ ચારિત્ર્ય-
। વ્યક્તિ કોઈ બીજી પેદા થઇ નથી તેમ કોઈ પણ દેશના સાહિત્ય-
ની કલ્પનામાં પણ જન્મી નથી.

કોઈ પણ રીતે દેશનું હિત સધાય એવો પ્રયત્ન કરવાની આ
આમ દેશના ગ્રંથકારોની ફરજ છે. દેશના તરુણ વર્ગની આગળ
ાદર્શ ચરિત્રો ધરવાથી એ હેતુ સિદ્ધ થવાનો સંભવ છે. સંસ્કૃત
ાહિત્યમાં આદર્શ સ્ત્રીપુરુષોની તો ખોટ નથી. પણ એકના એક
ત્રનું ચરિત્ર જુદા જુદા સમયમાં, જુદી જુદી વ્યક્તિઓને હાથે
ને જુદા જુદા ઉદ્દેશથી વર્ણવાએલું હોવાથી તેના ઉપર કોઇ કોઇ
વા કલંકના ડાઘ લાગી ગએલા છે કે તે આજે આદર્શ ચરિત્ર
રીકે જગતની આગળ મૂકી શકાય એવું રહ્યું નથી. ત્યારે શું
આપણે એવાં ચરિત્રોને છેક છોડીજ દેવાં ? જો છોડી દઇએ છીએ
તો આ વિશાળ ભારતના અનુપમ અને વિરાટ પર્વતાકાર સાહિત્ય-
માંથી રૂપિયે પંદર આના જેટલા સાહિત્યને તો દરિયામાંજ ફેંકી
દેવાનું કરે છે. વળી એ ચરિત્રોનો અસંખ્ય હિંદુ જનતા ઉપર
એટલો બધો પ્રભાવ પડી ગયો છે કે તેમને છેક ફેંકી દેવાનું પણ
અસંભવિત છે. તેમને હિંદુઓના હૃદયમાંથી ખસેડી શકાય એમ છે
જ નહિ. ત્યારે હવે આદર્શ ચરિત્રો લાવવાં ક્યાંથી ? પરદેશનાં આદર્શ
ચરિત્રોથી એ ખોટ પૂરી પડે એમ પણ નથી. પરદેશનાં ચરિત્ર ગમે
તેવાં હોય તોપણ વિદેશી આદર્શનો પ્રભાવ આપણા સ્વદેશના આદર્શ
જેટલો લોકોનાં હૃદય અને મન ઉપર પડે નહિ. સ્વદેશપ્રેમી યુવક-
યુવતીઓ ઉપર તો તેમની છાપ પડેજ શી રીતે ? જેથી કરીને
લોકોમાં સાચી સ્વદેશવત્સલતા જાગી ઉઠે અને અધોગતિએ ગએલા
ભારતની સળંગ અને સર્વાંગીન ઉન્નતિ અને કલ્યાણ થાય એવો
ખરા હૃદયથી પ્રયત્ન કરવાની હાલના ગ્રંથકારોની ફરજ છે. અને તે
માટે તો આ દેશનાં સ્ત્રીપુરુષોની આગળ આ દેશનાજ આદર્શ સ્ત્રી-
પુરુષોનાં ચરિત્રોને આદર્શ સ્વરૂપમાં ધરવાં જોઇએ. તો પછી પ્રાચીન
કાળની ભવ્ય ચરિત્રમૂર્તિઓ જે કાગડા, કાબર અને ચામાચીડિયાના
ભગના હાથથી ખરડાઇ ગએલી છે તેમને ધોઇને સાફ કરીને લોકોની
અર્થના માટે પ્રસ્તુત કરવાનીજ રહી.

આ ઉદ્દેશને અનુસરીને મૂળ મહાભારતમાંથી સામગ્રી એક
કરીને તેને વર્તમાન સમયમાં ઉપયોગી થઈ પડે એવું સ્વરૂપ આપ

આ પુસ્તક તૈયાર કર્યું છે. મહાભારતમાં જે જે સુંદર, ગ્રહણ કરવા જેવું અને દેશહિતના સાધનમાં ઉપયોગી થઇ પડે એવું અમે દીઠું તે બધું આ પુસ્તકમાં વીણી વીણીને ભર્યું છે. મહાભારતમાં અનેક ઠેકાણે વેરાએલી છૂટી છવાઈ રત્નકણિકાઓ જ્યાંથી મળી આવી ત્યાંથી લઇ લઇને એકઠી કરી છે. એકલા મહાભારતમાંથી જ નહિ પણ હરિવંશ, વેદ, ઉપનિષદ, દર્શન, બૌદ્ધગ્રંથો, રામાયણ, યોગવાસિષ્ટ, મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્ક્ય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સંવર્ત્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શતાતપ અને વસિષ્ટ વગેરેની વીસ સ્મૃતિઓ, ભાગવત, વાયુ, સ્કન્દ વગેરે પુરાણો, ચરકસંહિતા, ચાણક્યનું નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પુરોહિતદર્પણ, તદુપરાંત અનેક અંગ્રેજી અને બંગાળી ગ્રંથો તથા દૈનિક માસિક અને સાપ્તાહિક પત્રિકાઓ, એ બધામાંથી અમે વિવિધ સામગ્રીનો સંગ્રહ કરીને પ્રાચીન ભારતની રાજનીતિ, ધર્મ અને સમાજનું ચિત્ર અંકિત કરીને તેની ભારતવાસીઓને ભેટ કરી છે.

અનેક બાબતોનું ઠેઠ વેદના કાળથી માંડીને વર્તમાત યુગ સુધીનું સળંગ અને અખંડ વર્ણન કર્યું છે. વેદના સમયથી આધુનિક સમયના તમામ ઋષિમુનિઓ, બ્રાહ્મણો, લોકવર્ગ અને શાસ્ત્રો બધાં જ અમને અત્યંત ઉદાર માલૂમ પડયાં છે. ઉદારતા એ હિન્દુ જાતિનો લક્ષણગત સ્વભાવ જ હતો, છતાં શાસ્ત્રોમાં હાલ આપણે અનુદાર અને સંકીર્ણ વચનો પણ જોઇએ છીએ તેનું શું કારણ હશે ? એનો એક જ ઉત્તર હોઈ શકે કે એ બધાં જ વચનો પાછળથી પેસી ગએલાં છે. અમે વેદના કાળથી માંડીને વર્તમાન સમય સુધી દરેક બાબતનું જે રીતે વર્ણન કર્યું છે તે જોતાં કોઇજ એમ નહિ કહી શકે કે અનુદારતા એ હિન્દુ જાતિનું લક્ષણ હતું અને તેમ શાસ્ત્રોમાં જે ઉદાર વચનો છે તે જ પ્રક્ષિપ્ત છે. વળી મહાભારત અગાઉના અને તેની પછીના સમયને બાદ કરીને જો એકલા મહાભારતના સમયની જ પરિસ્થિતિનો હેવાલ આપત તો વિષય અધૂરો રહી જાત અને તેથી કોઇને તૃપ્તિ થાત નહિ.

આપણાં ઉદાર શાસ્ત્રોમાં કયા કયા જમાનામાં અને શાં શાં કારણોને લીધે અનુદાર ભાવો ઘૂસી ગયા છે તેની પણ અમે આ પુસ્તકમાં યોગ્ય સ્થળે ચર્ચા કરી છે.

'જે સર્વને માટે અત્યંત હિતકર હોય તેજ સત્ય છે અને તે ધર્મ છે' આવા વિશુદ્ધ અને કલ્યાણકારી મંત્રનો ભારતેજ સૌથી પહેલો પ્રચાર કર્યો છે. અને સૌથી પ્રથમ ભારતેજ તેનો અમલ કર્યો છે. જે દિવસથી ભારતના લોકોએ ભૂતકાળની એ શિક્ષાને કોરે મૂકી, હિતવાદનો ત્યાગ કર્યો, સ્વતંત્ર વિચારશક્તિને રજા આપી

વિવેકબુદ્ધિ ખોઇ બેઠા અને દેશાચારના ગુલામ બન્યા તે દિવસથી તેમનું ક્રમશઃ અધઃપતન થવા માંડ્યું છે અને તે ક્યારે અટકશે તે તો પ્રભુને ખબર! જે અજ્ઞાનના ગુલામ છે, વહેમ અને રૂઢિઓના ગુલામ છે, સમાજના અને દેશાચારના ગુલામ છે—સર્વના જ ગુલામ છે, તેમનાં મન ઉપરથી ગુલામીનો બોજો શી રીતે દૂર થાય અને સ્વાધીનતા તરફ તેમને આદરભાવ શી રીતે પ્રકટે? ..

પ્રાચીન હિન્દુ સભ્યતા કેટલીક બાબતોમાં ઘણીજ નિંદાને પાત્ર હતી, એ વાત પણ સાચી છે. મનુષ્યની કોઇ પણ કૃતિમાં હમેશાં અપૂર્ણતા અને ખામીઓ તો હોય જ. અત્યારે આપણે ભૂતકાળનેજ આદર્શ માનીને તેનુંજ અંધ અનુસરણ કરવું જોઇએ એવું અમે કહેતા જ નથી. વીસમી શતાબ્દીએ ભૂતકાળને ઘણે દૂર પાછળ મૂકી દીધો છે અને ખૂબ આગળ કૂચ કરી છે. તોપણ અમારૂં કહેવું એ છે કે ભારત સમસ્તના હિતનો વિચાર કરીને દેશ કાળ અને પાત્રનો વિવેક કરીને સમયને અનુકૂળ સુધારા કરી લેવા જરૂરના છે. જો ભારતવર્ષને ફરીથી ઉજ્જ્વલ થતું અને ગૌરવથી શોભતો જોવા આપણે ઇચ્છતા હોઇએ તો ઉદારતા, સમાનતા, મૈત્રી અને સ્વાધીનતાની પૂરેપુરી જરૂર છે. એ સિવાય ભારતની ઉન્નતિનો સંભવ નથી, આશા પણ નથી.

સંસ્કૃત સાહિત્યના ભંડારમાં—કોણ જાણે કોને માટે!—ભારતના ભૂતકાળના ગૌરવનાં કેટલાંએ સ્મૃતિચિહ્નો પડ્યાં છે, પણ જે દેશના લોકોને તેમના ભૂતકાળનો મહિમા જાણવાની કશી પડીજ નથી, પોતાના પૂર્વજોનો ઇતિહાસ વાંચવાની દરકાર નથી તે દેશની ઉન્નતિની આશાજ શી? તેમના ઇતિહાસની સાર્થકતા જ શી? જ્યારે ભૂતકાળના ઇતિહાસના પ્રકાશ વડે ભવિષ્યના માર્ગ ઉપર અજવાળું પડે ત્યારે તો તે ઇતિહાસની સાર્થકતા થઇ કહેવાય.

ભારતની ફરી પાછી ક્યારે ઉન્નત અને ઉજ્જ્વલ અવસ્થા થશે, ક્યારે ભારતનાં મહિમાગાન જગતમાં પાછાં ગવાતાં થશે તે કોઈ જાણતું નથી; તોપણ ગમે ત્યારે પણ તે ઉજમાળો દિવસ ઉગશે જ ઉગશે, એ આશાને હૃદયમાં ધારણ કરીને લેખક આ ગ્રંથ લખવા તૈયાર થયા છે. આ [illegible] વર્ષના પરિશ્રમને લીધે તેની તંદુરસ્તીને નુકસાન થવા પામ્યું છે. તોપણ જો આ પુસ્તક [illegible] ઉદારતા, સામ્ય, મૈત્રી અને સ્વાધીનતાની ફરીથી [illegible] પણ સહાયક થશે તો તેનો [illegible] સફળ લેખાશે.

* * * *

* [illegible] છે અને [illegible] છે.



# महाभारत मंजरी

## प्राचीन भारतनी राजनीति, धर्म अने समाजनुं चित्र

## १–आदिपर्व

### પ્રકરણ ૧ લું—પૂર્વસૂચન

"यतो धर्मस्ततो जयः ।" આ મહાવાક્યમાં મહર્ષિ વેદ વ્યાસે પ્રકટ કરેલા અતિ ઉજ્જ્વલ પ્રકાશનું આપણે દર્શન કરીએ છીએ. એ પ્રકાશનાં કિરણની સાથે સાથે તેમણે કેટલાંએ સ્ત્રીપુરુષોને ભારતની રંગભૂમિ ઉપર મોકલ્યાં છે! જીવન-વનમાં પ્રવાસ કરતાં કરતાં જ્યારે કોઇ પ્રવાસી કાજળ જેવી કાળી ભયંકર રાત્રિના ઘોર અંધકારમાં સપડાઈ જાય છે અને તેની પૂંઠે લાગેલા ષડ્રિપુઓથી ઘેરાઈ જાય છે ત્યારે પેલાં સ્ત્રીપુરુષો ઉપર બતાવેલા પ્રકાશની મદદથી તે ભૂલા પડેલા અને મુંઝાઇ ગએલા પ્રવાસીને તેને ખરે રસ્તે વાળી દે છે. ત્યારે ઓ કલ્પનાદેવિ! તું અમને મદદ કર, કે જેથી તારી પાંખ ઉપર ચઢીને અમારાં માનસનેત્રો વડે તે સ્ત્રીપુરુષોનાં દર્શન કરીએ. કદાચ તેમની કૃપાથી અમને પણ અમારો ખરો માર્ગ હાથ લાગી જાય!

એક જમાનો એવો હતો કે ભારતવર્ષમાં જ્યાં ત્યાં તપોવનો હતાં. એ તપોવનોમાં કેટલાએ ઋષિમુનિઓ પોતપોતાનાં સ્ત્રી, પુત્ર અને કુટુંબોની સાથે પ્રસન્નચિત્તે અને

એથી. કરીને પુસ્તકમાં અનેક જગ્યાએ ખોડખાંપણ રહી ગઇ હશે તે સર્વ વાચક ક્ષમા કરશે એવી આશા છે.

ખેદની વાત છે કે મૂળ મહાભારતમાં જેનું નામનિશાન પણ નથી એવી કેટલીએ વાતો વ્યાસજીઓએ પ્રાકૃત મહાભારતમાં ઘૂસાડી દીધી છે. એ બધી જ ટંડા પહોરની ગપ છે. તે એટલી બધી છે કે તેમનો ઉલ્લેખ કરવા જતાં એક બીજો મોટો ગ્રંથ લખવો પડે. તોપણ નમૂના દાખલ તેમાંની કેટલીકનો આ પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે.

આ ગ્રંથ કંઇક દૂરના સ્થળે છપાતાં સમજાયું છે કે બધા ગ્રંથો જો છપાવવા હોય, તો ખૂબજ ખર્ચમાં ઉતરવું પડે. તેથી વેદ, દર્શન, પુરાણ વગેરે અનેક વિષયો ટાળી તથા આ નિવેદનને પણ ટુંકાવી દઇ આ ગ્રંથને વર્તમાન સ્વરૂપમાં છપાવવો પડયો છે. એમાં પણ ખૂબ ખર્ચ થયો છે.

આ ગ્રંથના વાચનથી વાચક એટલું તો જરૂર જોઇ શકશે કે અત્યાર સુધી પ્રાચીન હિન્દુ સમાજને વિષે આપણે જે ધારણા કરતા આવ્યા છીએ તેનો મોટો ભાગ ભૂલભરેલો છે. એની અમે અનેક સાબિતીઓ પણ આપી છે. માટેજ હવે આપણે સૌ મળીને ગાઇએ કે:-

"ભૂતકાળનાં ખંડિયેરનો નાશ થતો જોઇને તમે ગભરાઓ છો શા માટે? પ્રલયની વિપત્તિ એ તો નવા યુગના જન્મની પ્રસવવેદના છે. નિર્જીવ અને કદરૂપાનો નાશ કરતો કરતો નવયુગ પધારે છે. × × × તે ચિરસુંદર ભગવાનને જૂનું ભાંગીને નવું ઘડતાં આવડે છે. માટે સૌ તેનો જયજયકાર ગાઓ."*

આવારિયા (પૂર્ણિયા)
તા. ૨૫ શ્રાવણ ૧૩૩૧ બંગાબ્દ } બંકિમચંદ્ર લાહિડી



# महाभारत मंजरी

## प्राचीन भारतनी राजनीति, धर्म अने समाजनुं चित्र

## १—आदिपर्व

### પ્રકરણ ૧ લું—પૂર્વસૂચન

"यतो धर्मस्ततो जयः ।" આ મહાવાક્યમાં મહર્ષિ વેદ વ્યાસે પ્રકટ કરેલા અતિ ઉજ્જ્વલ પ્રકાશનું આપણે દર્શન કરીએ છીએ. એ પ્રકાશનાં કિરણની સાથે સાથે તેમણે કેટલાંએ સ્ત્રીપુરુષોને ભારતની રંગભૂમિ ઉપર મોકલ્યાં છે! જીવન–વનમાં પ્રવાસ કરતાં કરતાં જ્યારે કોઇ પ્રવાસી કાજળ જેવી કાળી ભયંકર રાત્રિના ઘોર અંધકારમાં સપડાઈ જાય છે અને તેની પૂંઠે લાગેલા પડ્રિપુઓથી ઘેરાઈ જાય છે ત્યારે પેલાં સ્ત્રીપુરુષો ઉપર બતાવેલા પ્રકાશની મદદથી તે ભૂલા પડેલા અને મુંઝાઇ ગએલા પ્રવાસીને તેને ખરે રસ્તે વાળી દે છે. ત્યારે હે કલ્પનાદેવિ! તું અમને મદદ કર, કે જેથી તારી પાંખ ઉપર ચઢીને અમારાં માનસનેત્રો વડે તે સ્ત્રીપુરુષોનાં દર્શન કરીએ. કદાચ તેમની કૃપાથી અમને પણ અમારો ખરો માર્ગ હાથ લાગી જાય!

એક જમાનો એવો હતો કે ભારતવર્ષમાં જ્યાં ત્યાં તપોવનો હતાં. એ તપોવનોમાં કેટલાએ ઋષિમુનિઓ પોતપોતાનાં સ્ત્રી, પુત્ર અને કુટુંબોની સાથે પ્રસન્નચિત્તે અને

હસતે મુખે કર્મ અને ધર્મની આલોચના કરવામાં જીવન વ્યતીત કરતા હતા ! નૈમિષારણ્યની અંદર ગોમતી નદીને કાંઠે એવું એક તપોવન હતું.* ત્યાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને તપોવૃદ્ધ મહર્ષિ શૌનકે બાર વર્ષનો યજ્ઞ માંડયો હતો, તે જોવાને ઘણા ઋષિમુનિઓ ત્યાં આવતા હતા. એક દિવસ +સૂત કુળના મહર્ષિ સૌતિ ત્યાં આવી ચઢયા. તેમનું પૌરાણિક નામ ઉગ્રશ્રવા હતું. સૌએ તેમનો ખૂબ પ્રેમથી આદરસત્કાર કર્યો, અને બેસવાને આસન આપ્યું. તે બેઠા પછી સૌએ તેમને કહ્યું કે અમે પૂર્વે ન સાંભળી હોય એવી કોઇ આશ્ચર્યકારક કથા અમને કહી સંભળાવો. તે ઉપરથી સૌતિ મધુર સ્વરે કહેવા લાગ્યાઃ—

"આ ભારતવર્ષમાં કોઈ માછીમારને ઘેર ઘણીજ રૂપાળી કન્યા હતી.÷ તેનું નામ મત્સ્યગંધા અથવા સત્યવતી હતું. તેને કૌમાર અવસ્થામાં એક પુત્ર થયો હતો, જેને તેના પિતા પરાશર ઋષિના આશ્રમમાં તે મૂકીને ચાલી આવી હતી. તે રંગે કાળો હતો અને યમુના નદીની વચ્ચે આવેલા એક દ્વીપમાં તેનો જન્મ થયો હતો તે ઉપરથી તે આગળ જતાં કૃષ્ણદ્વૈપાયન કહેવાયો. એ છોકરો વખત જતાં વેદવેદાંગ વગેરે તમામ શાસ્ત્રો જાણીને મહાપંડિત તરીકે પંકાતો થયો. તેણે વેદના વિભાગ કર્યા તે ઉપરથી તેને "વેદ વ્યાસ" એવી પદવી મળી.

"એજ કૃષ્ણદ્વૈપાયને અથવા વેદવ્યાસે ધૃતરાષ્ટ્રના મરણ પછી ત્રણ વર્ષ સુધી અવિરત પરિશ્રમ કરીને મહાભારત નામનો ગ્રંથ રચ્યો.× એ ગ્રંથ તેમણે પોતાના વૈશંપાયન

* [illegible] અ૦ ૨, શ્લોક [illegible]. હાલ જ્યાં લખનૌ શહેર [illegible] નૈમિષારણ્ય આવેલું હતું.

+ ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણી માતાનાં સંતાન. જુઓ મહાભારત, અનુશાસન પર્વ, અ૦ ૪૮, શ્લોક ૧૦. મનુસંહિતા, ૧૦–૧૧

÷ [illegible] અથવા માછીમારની પુત્રી. જુઓ ઉદ્યોગ પર્વ, [illegible] મનુસંહિતા, અ૦ ૯, શ્લોક ૨૪ ઉપર ટીકા [illegible] ઘણીજ હલકા કૂળમાં [illegible]

વગેરે શિષ્યોને ભણાવ્યો. જનમેજય રાજાએ જ્યારે સર્પયજ્ઞ માંડ્યો તે વખતે વૈશંપાયને આ મહાભારતની કથા કરી હતી. મેં તે વખતે ત્યાં બેસીને સાંભળી હતી તેજ કથા હું તમને કહી સંભળાવીશ. તેના કરતાં વધારે મનોહર અને આશ્ચર્યકારક કથા બીજી અને શોધી જડે એમ નથી.

"પ્રાચીન સમયમાં આ દેશમાં ભરત નામનો એક રાજા હતો. તે શકુંતલા અને દુષ્યન્ત રાજાનો પુત્ર થાય. તેના નામ ઉપરથી જ આ દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. તેના વંશજોનું ભારતવંશનું મહાવૃત્તાન્ત આ ગ્રંથમાં વર્ણવ્યું છે, માટે તે મહાભારત કહેવાય છે. વળી તેનું આવું નામ રાખવાનું બીજું પણ એક કારણ છે. એનું મહત્ત્વ અને ગૌરવ વેદના કરતાંએ વધારે છે તેટલા માટે પણ એ મહાભારત કહેવાય છે.× ઘણા એને પાંચમો વેદ પણ કહે છે. આ મહાભારત ગ્રંથમાં વેદવ્યાસે ઈશ્વર, ધર્મ, કર્મ અને જ્ઞાન, યોગ, તપશ્ચર્યા, વેદ, વેદાંત, વેદાંગ, દર્શન, પુરાણ, ઉપન્યાસ, ઇતિહાસ, અર્થ-રહસ્ય, રાજનીતિ, સમાજનીતિ, તીર્થ, ભૂગોળવિદ્યા, ભવિષ્યનું સૂચન, યુદ્ધવિદ્યા, સ્વદેશભક્તિ

---

જ્યારે ભીમે દુર્યોધનની જાંઘનું હાડકું ભાંગી નાખ્યું તે દિવસે કૃષ્ણે બલરામને કહ્યું હતું કે "હવે કલિયુગનો આરંભ થઈ ચૂક્યો છે એમ નક્કી માનજે." (શલ્યપર્વ, ૬૦-૨૨.) હરિવંશમાં લખ્યું છે કે એક વાર કૃષ્ણ બોલ્યા હતા કે "આવું જમાનાને કલિયુગનું વળગ્યું." હરિવંશમાં બીજે એક ઠેકાણે એવું લખ્યું છે કે "કૃષ્ણ કલિયુગમાં જન્મ્યા હતા." (હરિવંશ, વિષ્ણુપર્વ, ૫૭-૧૨. ૭૧-૩૧) શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે "કૃષ્ણ કલિયુગમાં પ્રકટ થયા હતા." (સ્કંધ ૧૦, અ૦ ૫૨-૬) [illegible] અને [illegible] પ્રમાણે યુધિષ્ઠિરના રાજ્ય કલિયુગના પ્રારંભથી સોળસો વર્ષ પછી આવ્યા હતા (પ્રેસીડી. આ૦ ૧૩૨૭, પૃ. ૨૪૩) [illegible] વગેરે પ્રસિદ્ધ જ્યોતિર્વિદો અને [illegible] નામના કાશ્મીરના ઇતિહાસના કર્તા કહે છે [illegible] કલિયુગના ૬૫૩ વર્ષ [illegible] [illegible] (રાજતરંગિણી, [illegible] ૧ [illegible] ૫૧) [illegible] [illegible] [illegible] કૃષ્ણ અને [illegible] કલિયુગ [illegible] [illegible] [illegible] [illegible]

× આદિપર્વ, ૧-૨૬ [illegible] ૨૭૩, ૨૭૪

વગેરે જે જે વિષયો જાણવા જેવા છે તે બધાનો સાર સમાવી દીધો છે. તેમણે એ ગ્રંથ દ્વારા* પાંચ પાંડવોની સત્યનિષ્ઠાનું અને ધૃતરાષ્ટ્રના પુત્રોના દુરાચારીપણાનું વર્ણન કરતાં જણાવી દીધું છે કે ધર્મ વડે ઉન્નતિ થાય છે અને અધર્મથી હમેશાં અધોગતિજ થાય છે. આર્યાવર્તની અંદર જેમ ગંગા અને યમુનાના વિપુલ પ્રવાહ એકત્ર થઇને પોતાના નિર્મળ જળ વડે સૌનાં ચિત્તને તૃપ્ત કરતા કરતા આખરે સાગરને જઇ મળે છે અને આખા દેશને ફળદ્રૂપ, રસાળ અને સમૃદ્ધિમાન બનાવે છે, તેમ મહાભારતની અદ્દ્ભુત કાવ્યસરિતા શ્રોતાનાં ચિત્તનું રંજન કરતી, તેમનાં હૃદયમાં અનેક પ્રકારના જ્ઞાનનું સિંચન કરતી, અને તેમનાં મનને ઉદાર અને ઉન્નત કરતી વહ્યા જ કરે છે. કોકિલાનો ટહુકાર સાંભળ્યા પછી જેમ કાગડાનો કર્કશ સ્વર સાંભળવાની ઇચ્છા થતી નથી, તેમ મહાભારતની પુણ્યકથા કાને પડયા પછી બીજું કાંઈ જ સાંભળવું ગમતું નથી. આ ઇતિહાસરૂપી પ્રદીપ મોહરૂપી અંધકારનો નાશ કરતો અખિલ વિશ્વને અજવાળી રહ્યો છે."

આ પ્રમાણે સૌતિ મુનિએ મહાભારતનો મહિમા ગાવા માંડયો. એ મહાભારતના મહાવનમાં વિચરણ કરતાં કરતાં અમને તેમાંનાં જે પુષ્પ પત્ર વગેરે માતૃભૂમિના પૂજનને યોગ્ય જણાયાં તે બધાંને અમે યત્નપૂર્વક વીણી વીણીને એકત્ર કર્યાં છે—જે જુદી જુદી જગ્યાએ વેરાએલાં હતાં તેમને એક જગ્યાએ એકઠાં કર્યાં છે. તે ઉપરાંત અમારા [illegible] મનમાંની હૃદ્દલની પાંદડીઓ ઉમેરીને માતૃભૂમિને અર્પણ કરવાને માટે અર્ઘ્ય તૈયાર કરીને આ પુસ્તકરૂપી [illegible]માં ભર્યો છે. પણ અમારા જેવા દીન કંગાલના હાથનો તુચ્છ અર્ઘ્ય માતૃભૂમિના પૂજનને યોગ્ય ગણાય ખરા?

---

[illegible]

# પ્રકરણ ૨ જું—પાંડવોનો જન્મ

સુખના દિવસ વહી જાય છે, પણ તેમનું સ્મરણ મનમાંથી ખસતું નથી. હાલના દિલ્હી પ્રાંતના મધ્યભાગમાં યમુનાને કિનારે ઇન્દ્રપ્રસ્થ નામનું જે મનોહર નગર હતું તે આજે લુપ્ત થઈ ગયું છે. તેના ઇશાન કોણમાં હસ્તિનાપુર નામનું અનુપમ સુંદર મહાનગર હતું તે પણ નાશ પામ્યું છે. ભારતવર્ષના ચિત્રપટ ઉપરથી બેઉનાં નામ ભૂંસાઇ ગયાં છે, છતાં પણ આજે તેમનાં માટીમાં મળી ગએલાં સ્મૃતિચિહ્નોને જોઈને પ્રવાસીનું હૈયું ભરાઇ આવે છે. ભરતના વંશમાં કોઈ હસ્તી નામનો રાજા થઇ ગયેલો તેણે હસ્તિનાપુર નગર વસાવ્યું કહેવાય છે. ત્યાં રાજ્ય કરતાં કરતાં તેના વંશમાં કુરુ જન્મ્યો અને પછી કુરુના વંશમાં શાન્તનુ નામનો પ્રસિદ્ધ નરપતિ થઇ ગયો. એ શાન્તનુ એક દિવસ વનમાં શિકારે નીકળી પડ્યો હશે ત્યાં તેણે એક ઘણી રૂપાળી કન્યા દીઠી. વનમાંજ તેણે તેની સાથે લગ્ન કર્યું. તેનું નામ ગંગા હતું એવું કહેવાય છે. મહાભારતમાં તેનાં માતાપિતા વિષે કશો ઉલ્લેખ નથી. એમ કરતાં કરતાં ગંગાએ એક પછી એક સાત પુત્રોને જન્મ આપ્યો; પણ તેણે તેમને સૌને પાણીમાં ડૂબાડીને મારી નાખ્યા. પછી તેણે જ્યારે આઠમા પુત્રને જન્મ આપ્યો ત્યારે શાન્તનુએ તેને મારવા ન દીધો. એ છોકરાનું નામ દેવવ્રત પડ્યું; પણ ગંગા આથી રાજાના ઉપર ઘણી કોપે ભરાઇ અને તે રાજાનો સંગ છોડીને પોતાના પુત્રને લઇને ચાલતી થઇ. આ બનાવને ઘણાં વર્ષ વીતી ગયા પછી શાન્તનુ રાજા એક વાર ફરીથી શિકારે નીકળ્યો હશે ત્યાં ગંગા તેની પાસે આવી અને દેવવ્રતને તેના હાથમાં સોંપી ગઇ. આ બધી હકીકત ઉપરથી સાફ-સાફ માલુમ પડે છે કે, ગંગા કોઈ વનવાસી અનાર્યની પુત્રી હોવી જોઇએ.* એ દેવવ્રત પાછળથી ભીષ્મના નામથી પ્રસિદ્ધ થયો. ત્યારપછી શાન્તનુ રાજા વળી એક માછીમારની છોકરીને પરણ્યો હતો અને તેને પેટે તેને ચિત્રાંગદ અને

* આદિપર્વ, અ૦ ૯૭, ૯૮.

વિચિત્રવીર્ય નામના બે પુત્ર થયા હતા. ભીષ્મ સૌથી મોટો હોવા છતાં પોતાના પિતાના મરણ પછી પોતે ગાદીએ ન બેસતાં તેણે પોતાના નાના ભાઇ ચિત્રાંગદને ગાદીએ બેસાડયો; પણ ટૂંક મુદતમાંજ તે કોઇ લડાઇમાં માર્યો ગયો. એટલે ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડયો. તેનું પણ અકાળે મરણ નીપજ્યું. તેના મરણ પછી તેની બે રાણીઓએ અને એક દાસીએ અનુક્રમે ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો. તેઓ વેદવ્યાસથી વિચિત્રવીર્યની સ્ત્રીઓને પેટે જન્મેલા એટલે વિચિત્રવીર્યના ક્ષેત્રજ પુત્રો કહેવાય. ભીષ્મદેવે તેમને પોતાના સગા દીકરાની પેઠે જતન કરીને ઉછેર્યા. તેઓ બધા વેદવેદાંગ વગેરે તમામ શાસ્ત્રો ભણ્યા અને યુવાન થયા× ત્યારે ભીષ્મે ધૃતરાષ્ટ્રને ગાંધાર દેશના રાજા શકુનિની બહેન ગાંધારીની સાથે પરણાવ્યો.* ગાંધારી રાણી એવી પતિવ્રતા હતી કે જ્યારે તેણે જાણ્યું કે મારો પતિ તો જન્મથીજ આંધળો છે ત્યારે તેણે પોતાની આંખો ઉપર પાટા બાંધીને પોતાની રાજીખુશીથી અંધત્વ વહોરી લીધું.+ તેણે મનમાં એવો જ વિચાર કર્યો કે જે સુખ મારો પતિ ન ભોગવી શકે તે મારાથી ભોગવાય જ કેમ? ત્યાર પછી ભીષ્મે પાંડુને કુન્તી અને માદ્રી નામની બે સ્ત્રીઓ પરણાવી. કુન્તી કૃષ્ણની ફોઇ થાય અને માદ્રી બાહ્લિક દેશમાં આવેલા મદ્ર નગરના રાજા શલ્યની બહેન થાય.= ત્યારપછી દેવક નામના રાજાની કોઇ શૂદ્રની કન્યાને પેટે જન્મેલી પુત્રીની સાથે વિદુરનું લગ્ન કર્યું.+ તેઓ બધાં પરણ્યાં ત્યારે ખાસ્સાં જુવાન જોધ જેવાં હતાં. ભરતખંડમાં તે વખતે બાળલગ્નની પ્રથા ન હતી,‡ અને બાળલગ્ન કર-

---

× આદિપર્વ, અ૦ ૧૦૯

* પ્રાચીન ગાંધાર તેજ હાલનું અફગાનીસ્તાનમાં આવેલું કંદહાર શહેર.

+ આદિપર્વ, ૧૧૦–૧૪

= આદિપર્વ, ૧૧૩–૨,૩. બાહ્લિક દેશને હાલમાં બલ્ખ કહેવાય છે અને અફગાનીસ્તાનની ઉત્તરમાં આવેલો છે.

+ આદિપર્વ, ૧૧૪–૧૨

‡ આના સંબંધમાં આજ પુસ્તકના શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "યૌવનમાં પ્રવેશ કર્યા બાદ લગ્ન થતાં" એ વિષય જોવો.

વાની વાતને કોઈ જાણતું પણ ન હતું.

હવે ધૃતરાષ્ટ્ર મોટો છતાં પણ આંખે આંધળો હતો તેથી હિન્દુ શાસ્ત્ર પ્રમાણે તે ગાદીનો અધિકારી ગણાય નહિ.+ આથી કરીને સૌએ મળીને પાંડુને ગાદીએ બેસાડયો. તેણે પોતાનાં શૌર્ય અને પરાક્રમ વડે સારી કીર્તિ સંપાદન કરી. વિદુર જન્મથી શૂદ્ર હોવા છતાં તે મહાભારતમાં કૌરવ અથવા કુરુના વંશમાં જન્મેલ હોવાથી ધૃતરાષ્ટ્ર રાજાના ભાઇ તરીકે જ ઓળખાય છે.× ધૃતરાષ્ટ્ર રાજા વૃદ્ધાવસ્થામાં પણ લગભગ પોતાના જેટલા ઘરડા વિદુરને પોતાના ખોળામાં બેસાડતો, તેનું માથું સૂંઘતો અને "ભાઇ ભાઇ" કહીને ખૂબ પ્રેમથી તેનો આદર કરતો.÷ રાજા યુધિષ્ઠિર અને તેના ભાઇઓ તેમજ મહા અભિમાની દુર્યોધન રાજા પણ તેને પગે પડતા.* ભરતખંડમાં અસલના વારામાં ઉંચનીચ એવા જ્ઞાતિભેદ હતા જ નહિ.⁑ વિદુર અતિશય ધર્મપરાયણ, વેદોને જાણનાર, તમામ શાસ્ત્રોમાં પારંગત, અતિ તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન અને આખા કુરુવંશમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ તરીકે મહાભારતમાં પ્રસિદ્ધ થએલ છે.‡ તે સમયે કેળવણીનાં દ્વાર પણ તમામ જ્ઞાતિઓને માટે ખુલ્લાં હતાં.= વિદુરનું તેના ચારિત્ર્યના પ્રતાપે તે સન્માન વખતના સારા સારા સાધુઓ અને સજ્જનો પણ કરતા હતા.

પાંડુએ ઘણા લાંબા વખત સુધી રાજ્ય ભોગવ્યું, ઘણા દેશ જીતીને મોટા વિશાળ રાજ્યનો સમ્રાટ થયો. જીતાએલા દેશોમાંથી પુષ્કળ દોલત ખેંચી લાવીને તેણે હસ્તિનાપુરના ધનભંડારને ભરપૂર કર્યો.× ત્યાર પછી ધૃતરાષ્ટ્ર અને

+ મનુસંહિતા, ૯–૨૦૧.

× ઉદ્યોગપર્વ, ૮૬–૭. વનપર્વ, ૬–૫,૨૫. આદિપર્વ,૧૦૬–૨૮.

÷ વનપર્વ, અ૦ ૬

* શાંતિપર્વ, ૧૪૫–૧, ૨, વનપર્વ, ૨૫૬–૭,૮.

⁑ આના સંબંધમાં આજ પુસ્તકના શાંતિપર્વના પાંચમા પ્રકરણમાં "જાતિભેદ" એ વિષય જોવો.

‡ આદિપર્વ, અ૦ ૧૦૯. સભાપર્વ, ૭૩–૧૫. ૪૯–૪૩.૫૦–૧૦,૧૧.

= આના સંબંધમાં શાંતિપર્વના પાચમા પ્રકરણમાં "કેળવણી"નો વિષય જોવો.

× ઉદ્યોગપર્વ, ૧૪૮–૮

વિદુરને રાજ્યનો વહીવટ સોંપીને પાંડુ પોતાની બેઉ રાણીઓને લઇને હિમાલય પર્વત ઉપર વનવિહાર કરવા ગયો. ત્યાં તેને કેટલાક સિદ્ધ મહર્ષિઓએ કહ્યું કે "આ બેઉ રાણીઓને પેટે નિષ્પાપ પુત્રોનો જન્મ થશે."*

આ વાતને કેટલોક સમય વીત્યા બાદ પેલા ઋષિઓનું વચન ફળ્યું. હિમાલયના પ્રદેશમાં આવેલા એક પવિત્ર તપોવનમાં કુન્તીએ યુધિષ્ઠિર, ભીમ ઉર્ફે વૃકોદર અને અર્જુન ઉર્ફે ધનંજય, એ નામના ત્રણ પુત્રોને અનુક્રમે જન્મ આપ્યો અને માદ્રીને નકુલ તથા સહદેવ નામના બે જોડીઆ છોકરા અવતર્યા—એ પાંચે છોકરા પાંડુના પોતાના વીર્યના નહિ પણ તેની સ્ત્રીઓને પેટે અવતરેલા હોવાથી ખરી રીતે તેના ક્ષેત્રજ પુત્રો જ કહેવાય છે. તેઓ બધા હિમાલયના પ્રદેશમાં જ ઉછરીને મોટા થયા. એવામાં પાંડુ રાજાનું મૃત્યુ થયું. માદ્રી તેમની પાછળ સતી થઇ અને કુન્તી પાંચે છોકરાઓને લઇને દુઃખના દહાડા કાઢવા લાગી.

પછી ઋષિઓ તેમને બધાંને હસ્તિનાપુર તેડી લાવ્યા. યુધિષ્ઠિર પાંડુની ગાદીનો કાયદેસર હકદાર તો કહેવાય, પણ લાયક ઉમ્મરનો નહિ હોવાથી આંધળા ધૃતરાષ્ટ્રના હાથમાં નાછુટકે રાજ્યવહીવટ સોંપવો પડ્યો. વિદુરે વડા પ્રધાનનું પદ લીધું અને સંજય તેના હાથ નીચે રહીને મુખ્ય અમાત્ય તરીકે કારભાર કરવા લાગ્યો.× સંજયનો જન્મ સૂતના કુળમાં થયો હતો અને તે ખૂબ બુદ્ધિમાન, જ્ઞાની અને ધર્મજ્ઞ પુરુષ હતો. મહાભારતમાંજ એક જગ્યાએ લખ્યું છે કે "મહાભારતના અઘરા અઘરા શ્લોકનો ભાવાર્થ કોઇ જાણનાર હોય તો એકલા વેદવ્યાસ અને તેમના પુત્ર શુકદેવ, અને વખતે સંજયને ખબર હોય તો હોય પણ ખરી." સંજયના અસાધારણ પાંડિત્યનો આ એક પુરાવો છે.

ધૃતરાષ્ટ્રને ગાંધારી રાણીને પેટે દુર્યોધન, દુઃશાસન

* આદિપર્વ, ૧૨૦–૨૮. પાંચે પાંડવો તદ્દન નિષ્પાપ હતા એ તો આ પ્રમાણે મહાભારતમાં આરંભથીજ કહ્યું છે.

× સભાપર્વ, ૫૦–૬૧. ૮૯–૯૩. ૭૩–૭૫ વ્યાસજીઓ, રામ-[illegible] અને [illegible]ની કથા કરનાર [illegible] વિદુરને ગરીબ ભિખારી [illegible] વર્ણવે છે તેને મહાભારતનો જરાએ આધાર નથી.

વગેરે સો દીકરા અને દુઃશલા નામની એક દીકરી થઇ હતી. વળી વૈશ્ય જાતિની એક દાસીને પેટે તેને યુયુત્સુ નામનો પુત્ર હતો. વિદુર પણ ઘણા દીકરાઓનો બાપ થયો હતો. આ સૌમાં યુધિષ્ઠિર મોટો હતો. ભીમ અને દુર્યોધન બેઉનો જન્મ એકજ દિવસે થયો હતો. એ બધાજ કૌરવ કહેવાય છે તોપણ પાંડુના અને ધૃતરાષ્ટ્રના પુત્રોને એકબીજાથી જુદા પાડીને ઓળખાવવાને માટે લોકો એકને પાંડવ અને બીજાને કૌરવ કહેવા લાગ્યા. ધૃતરાષ્ટ્ર રાજાએ પોતાની પુત્રી દુઃશલાને સિન્ધુદેશના રાજા જયદ્રથ વેરે પરણાવી હતી.

હવે પાંચે પાંડવો અને કૌરવો બધા એકબીજાની સાથે રમવા–ખેલવા લાગ્યા. એ બધામાં ભીમ સૌથી બળવાન નીવડ્યો. તે એવો જબરો હતો કે દુર્યોધનના સોએ સો ભાઇઓથી પણ તેને પહોંચી વળાતું નહિ; છતાં પણ તેઓ એકબીજાને ખૂબ ચાહતા, એકબીજાને માટે મરી પડતા, તેમના જેટલા માયાળુએ કોઈ નહિ અને તેમના જેટલા લડકણાએ કોઇ નહિ!×

---

× ક્ષેત્રજ પુત્ર વિષે અહીં કેટલુંક વિવેચન કરવાની જરૂર છે. સમાજમાં કોઇ કોઈ વાર ચોક્કસ પ્રકારના સંજોગોને લીધે વસ્તીમાં વધારો કરવાની ભારે જરૂર ઉભી થાય છે. ઠેઠ પ્રાચીન કાળમાં આર્યોની જે શાખા યુરોપ તરફ વળી અને ત્યાં પોતાનાં સંસ્થાન જમાવ્યાં તેઓમાં પણ નિયોગનો રિવાજ ચાલતો હતો. ખ્રિસ્તની પૂર્વે આઠમા સૈકામાં ગ્રીસ દેશના સ્પાર્ટા શહેરના રહેવાસીઓને લાંબા વખત સુધી ભયંકર લડાઇઓ લડવી પડેલી અને તેથી તેમની વસ્તીમાં ઘણો ઘટાડો થઇ ગયેલો. તે ઉપરથી વસ્તીમાં એકદમ વધારો કરવાને સારૂ સ્પાર્ટાની રાષ્ટ્રીય ધારાસભાએ દેશના યુવાનોને કોઇ પણ રીતે પરણ્યાં વગર પુત્ર ઉત્પન્ન કરવાની રજા આપી હતી અને એ રીતે સ્પાર્ટાએ પોતાના પુત્રોની સંખ્યામાં અને તેમના શારીરિક બળમાં વધારો કર્યો હતો. (એન્શિયન્ટ હિસ્ટરી પૃ. ૧૮૪) [illegible] યુરોપીય [illegible] વસ્તીમાં એકદમ ઘટાડો થઇ જવાથી અત્યારે એનો એવો [illegible] કર્યો હોય એમ લાગે છે. [illegible] દેશમાં પણ એક વ.૨ [illegible] [illegible] [illegible] આર્ય જાતિને [illegible] [illegible] જાતિને નિર્મૂળ કરી નાખી ત્યારે દેશના હિતને માટે [illegible] [illegible] [illegible] ક્ષત્રિયાણીઓ [illegible] એમ તેમ [illegible]

# પ્રકરણ ૩ જું—ભીમને મારવાનો પ્રયત્ન

હવે કુન્તી રાણી પોતાનાં સુખ અને આરામને વિસારે મૂકીને પોતાના અને ધૃતરાષ્ટ્રના પુત્રોને ઉછેરીને મોટા કરવા લાગી. તે ઉપરાંત ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વગેરે પોતા-નાથી મોટાંઓની સેવા કરવાનું પણ ચૂકતી ન હતી. તેથી કરીને સૌ કોઇને મોઢેથી હમેશાં તેનાં વખાણજ થતાં.

એમ કરતાં કરતાં દુર્યોધનના જાણવામાં આવ્યું કે રાજ્ય-ના અને રાજ્યવૈભવના હકદાર તો પાંડવો છે અને રાજ્યાસને તો યુધિષ્ઠિરજ બેસવાનો ત્યારે તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, અરે! અમે સો ભાઇઓ છીએ છતાં શું અમારે આ પાંચ જણાના તાબામાં અને તેમની મહેરબાની ઉપરજ જીવવાનું? માત્ર મોટી સંખ્યાથી કશું વળતું નથી તે વાત દુર્યોધન સમજી શક્યો ન હતો. આપણે બધા હજી ક્યાં પૂરૂં સમજ્યા છીએ? એમ કરતાં કરતાં તે સોએ સો ભાઇઓના મનમાં પાંડવોને માટે રોમેરોમમાં દ્વેષ વ્યાપી ગયો. પછી દુર્યોધને પોતાના ભાઇ દુઃશાસનની અને મામા શકુનિની સલાહ મુજબ એવો ઘાટ ઘડયો કે પ્રથમ બળવાન ભીમને મારી નાખવો અને પછી તેના ચારે ભાઇઓને કેદ કરીને રાજ્ય પોતાને કબજે કરી લેવું. ત્યાર પછી દુર્યોધન પોતાના

---

કરવાની જરૂર ઉભી થઇ હતી. હવે આને માટે કયો ઉપાય કાયદેસર છે અને કયો કાયદાવિરુદ્ધ છે તેનો નિર્ણય કેવી રીતે કરવો તે વિષે ભીષ્મપર્વમાં "ભગવદ્‌ગીતાની ભૂમિકા" એ નામના પ્રકરણમાં અમે વિવેચન કર્યું છે. જનસંખ્યામાં વૃદ્ધિ કરવાના હેતુથી પ્રાચીન આર્યો-એ નિયોગનો રિવાજ ચાલુ રાખ્યો હતો એ વાત તો ઉઘાડીજ છે. પ્રથમ વીસ પ્રકારના પુત્રો કહેવાતા; પછી ઘટીને બાર પ્રકારના થયા (અનુશાસન પર્વ, અ૦ ૪૯, મનુસંહિતા—અ૦ ૯, શ્લો૦ ૧૫૯, ૧૬૦) પછી જ્યારે વસ્તી જોઇએ તે કરતાં વધી ગઇ ત્યારે માત્ર બેજ પ્રકારના પુત્રો (ઔરસ અને દત્તક) કાયદેસર ગણાતા થયા અત્યારે આપણા દેશમાં ગરીબાઇ અને મૃત્યુ જે ત્વરાથી પોતાનો ધંધો ચલાવી રહ્યાં છે તે જોતાં એ બે પ્રકારના પુત્રોનો પણ થોડા વખતમાં લોપ થઇ જશે.

પિતાની રજા લઇને પોતાના તમામ ભાઈઓની સાથે ગંગા-કિનારે જલક્રીડા કરવા ગયો.

રાજકુમારોને માટે ગંગાને કિનારે સુંદર ઘર અને વિહારોદ્યાન રચાયાં હતાં. ઘરની અંદર ચારે બાજુએ નાના પ્રકારના ફુવારામાંથી જળધારાઓ ઉડતી હતી.* અસલ આપણા દેશમાં જાત જાતનાં યંત્રો બનતાં હતાં.= આજે દુર્યોધને ભીમના ઉપર અતિશય પ્રીતિ બતાવીને તેને પોતાની સાથેનો સાથે જ ફેરવ્યો અને પોતાને હાથે જ તેને ભાત ભાતનાં પકવાનોના કોળીઆ ખવરાવ્યા. પછી તેને ગંગામાં જલક્રીડા કરવા તેડી ગયો. થોડી જ વારમાં ભીમ એકાએક બેશુદ્ધ થઈને નદીના કાંઠામાં ચત્તોપાટ પડી ગયો એટલે તેના હાથપગ જકડીને તેને ગંગાના ઉંડા પાણીમાં ફેંકી દઇને દુર્યોધન એકલો મુકામ પર ચાલ્યો આવ્યો.

તેની સાથે ભીમને ન દીઠો એટલે યુધિષ્ઠિર બેબાકળો બની ગયો અને પોતાના બીજા ભાઇઓને લઇને હસ્તિનાપુર પાછો આવ્યો. ઘેર આવીને માતાને પૂછ્યું કે ભીમ એકલો તો ઘેર નથી ચાલ્યો આવ્યો? તેણે કહ્યું કે તે તો આવ્યો જ નથી ત્યારે ચારે ભાઇઓ બોલી ઉઠયા: "મા! ત્યારે તો નક્કી તેને મારી જ નાખ્યો." એ સાંભળતાં જ કુન્તી રોઈ પડી. તેને રડતી સાંભળીને દીનબંધુ વિદુર દોડી આવ્યા. તેમણે સૌની વાત સાંભળી લીધા પછી કહ્યું કે "તમે મનમાં જરાએ ફિકરચિન્તા કરશો નહિ. મને વિશ્વાસ છે કે ભીમ કાલે સવારે ઘેર પાછો આવશે. તમે આ બનાવને લઇને હવે વધારે ધાંધલ મચાવશો નહિ; નહિ તો દુર્યોધન વળી પાછો તમને કાંઈ ને કાંઇ ઉપદ્રવ કરશે."

થોડા દિવસમાં જ ભીમ હસ્તિનાપુરમાં આવીને ઉભો રહ્યો. તેને જીવતો આવેલો જોઇને તેની મા અને ભાઇઓના હર્ષનો પાર રહ્યો નહિ.

પણ દુર્યોધનના મનને શું થયું હશે? તેના માથા ઉપર તો જાણે આકાશમાંથી વીજળી જ તૂટી પડી. તે વિચાર

* આદિપર્વ, ૧૨૮-૪૦

= આના સંબંધમાં આ પુસ્તકના શાંતિપર્વના પાંચમા અધ્યાયમાં "યંત્ર" વિષેનો લેખ જોવો.

કરવા લાગ્યો કે "અરે ! આવું હલાહલ ઝેર અને ગંગાનો અતિ વેગવાન પ્રવાહ—બેઉ ફોકટ ગયાં ? મુઆને નદીનાં મગર માછલાંઓ પણ સૂંઘ્યો નહિ ! પણ પાણી એ વિષનો ઉતાર છે, એ વાતજ દુર્યોધન ભૂલી ગયો. પરંતુ દુર્યોધન કાંઈ હારી જાય એવો ન હતો. વળી પાછી તેણે મિઠાઈ તૈયાર કરાવી અને તેમાં કાતીલમાં કાતીલ ઝેર ભર્યાં. ભીમને આ વાતની યુયુત્સુએ જાણ કરી દીધી તોપણ તે ચેત્યો નહિ, અને દુર્યોધનના પ્રેમથી ભોળવાઈને ઝેરવાળી મિઠાઇ પેટ ભરીને હોઇઆં કરી ગયો. આમ છતાં તેને કશું જ થયું નહિ. તે બધુંજ ઝેર હજમ કરી ગયો. ત્યારે દુર્યોધને એક દિવસ ભીમ ઉંઘી ગયો હતો ત્યાં જઇને તેને આખે શરીરે ઝેરી નાગ કરડાવ્યો.× છતાં પણ એ ભીમને તો ઉની આંચ પણ ન લાગી. તે નાગનું ઝેર પણ હજમ કરી ગયો, છતાં દુર્યોધનની આંખ ન ઉઘડી. ઉઘડે જ કેવી રીતે ? ષડ્‌રિપુ જેને પોતાની ખાંધ ઉપર બેસાડીને નાચી રહ્યા હોય અને જેને વારંવાર કહ્યા કરતા હોય કે "અમે જ તને અમારા બળથી રાજ્યાસન ઉપર બેસાડીશું" તેને જ્ઞાન થાય જ શી રીતે ?

તે દિવસથી ભીમ અસાધારણ બળીઓ બનવા લાગ્યો. દુઃશાસન, શકુનિ વગેરે પોતાના નજીકના સગાઓની સાથે નિરંતર મસલત કરીને ભીમનો નાશ કરવાની એક બાજુએ દુર્યોધન ચેષ્ટા કરતો ગયો, ત્યારે બીજી બાજુએ વિદુરે નિરપરાધી પાંડવોનો પક્ષ લીધો. તે તેમને વખતોવખત ચેતવણી આપતા, મદદ કરતા અને બધી રીતે તેમને સાચવી લેતા. આથી તેમના ઉપર ધૃતરાષ્ટ્ર રાજા અને દુર્યોધન બેઉ નારાજ થયા; પણ તેમના કોપની ઝાળમાં કોઇ વાર તેમના સર્વસ્વનો નાશ થશે તેનો વિદુરે વિચાર સરખો પણ મનમાં આણ્યો નહિ. એજ મહાપુરુષનું લક્ષણ છે. કોઈ નબળા ઉપર સબળો જુલમ કરતો હોય તો તેમનાથી તે દેખી ખમાતું નથી. તેઓ હમેશાં નિર્દોષ અને નિર્બળ માણસોનાજ પક્ષમાં ઉભા રહે છે. તેઓ તે વખતે પોતાના સ્વાર્થનો વિચાર કરતા નથી, પોતાના વ્યક્તિગત લાભહાનિનો વિચાર કરતા નથી. તેમની નજર તો માત્ર પારકાના અને દેશના હિત ઉપર જ હોય છે.

× આદિપર્વ, ૧૨૯-૩૭,૩૮. ૬૧-૧૩.

તેમનાં તમામ કાર્યો માત્ર શુદ્ધ કર્તવ્યબુદ્ધિ વડે જ પ્રેરાતાં હોય છે. જે દહાડે આ દેશમાં આવા ઉત્કૃષ્ટ આદર્શનું પુનઃ અનુસરણ થશે તે દિવસથીજ તેની ઉન્નતિ થવા માંડશે. તે અગાઉ તો ઉન્નતિની આશા રખાય જ કેવી રીતે ?

## પ્રકરણ ૪ થું—ભીષ્મદેવ

મહાભારતના કાવ્યપટ ઉપર ભીષ્મદેવનું ચિત્ર અત્યંત ઉજ્જ્વળ અને મનોહર રીતે અંકિત થયું છે. આકાશમાં સૂર્યચન્દ્ર રહેશે ત્યાં સુધી ભારતના ઘરેઘરમાં તેમનાં યશોગાન ગવાયા કરશે; તેમનું અસલ નામ તો દેવવ્રત હતું. ભીષ્મ એ તેમની પદવી હતી. શાન્તનુ રાજાના પુત્રોમાં તે સૌથી વડા હતા. નાનપણમાં વેદ, વેદાન્ત વગેરે તમામ શાસ્ત્રો ભણી-ગણીને તેમણે ખૂબ વિદ્યા અને જ્ઞાન સંપાદન કર્યું હતું. યુવાનીમાં યુદ્ધવિદ્યા ભણીને યોદ્ધા તરીકે આખા ભરતખંડમાં પોતાની કીર્તિનો ડંકો વગાડયો હતો; પણ તેમનાં અગાધ જ્ઞાન અને અસાધારણ શૌર્યના કરતાં તેમની અસામાન્ય પિતૃભક્તિએજ તેમને ચિરસ્મરણીય અને ચિરકાળપૂજ્ય બનાવ્યા છે.

તેમનો પિતા એક દિવસ શિકારે નીકળ્યો. પશુઓની પાછળ એક વનમાંથી બીજા વનમાં અને બીજામાંથી ત્રીજામાં ભ્રમણ કરતો કરતો તે યમુના નદીને કિનારે આવી પહોંચ્યો. ત્યાં તેણે એક અપૂર્વ લાવણ્યવતી યુવતીને ઘાટની હોડી ફેરવતી દીઠી. તે વટેમાર્ગુઓને નદીને એક કાંઠેથી બીજે કાંઠે લઈ જતી હતી. તેના શરીરમાંથી કમળની મીઠી ખુશબો નીકળતી હતી. તેને જોઇને રાજા મોહિત થઇ ગયો-પાણી પાણી થઇ ગયો, અને તેનું નામઠામ પૂછવા લાગ્યો. યુવતી બોલી: "હું માછીની દીકરી છું, મારૂં નામ સત્યવતી."

મહર્ષિ વેદવ્યાસ અગાઉ આ યુવતીને પેટેજ જન્મ્યા હતા. શાન્તનુ રાજા તરતજ સીધો તે કન્યાના પિતા પાસે ગયો અને તેને કહ્યું કે, તમારી પુત્રી સત્યવતીને મારી સાથે પરણાવો. માછી બોલ્યો કે "રાજાજી ! તમારી વાત તો સોના

મહોર જેવી છે. એથી મારા ઘરની શોભા વધશે; પણ મારી દીકરીના પુત્રનેજ ગાદી આપવી પડશે એ વાત તમને કબૂલ છે ?" રાજા બોલ્યો: "એ વાત નહિ બને. ગાદીએ તો મારો વડો પુત્ર દેવવ્રત જ બેસે." એટલે માછી બોલ્યો કે "ત્યારે મારી દીકરીને પરણવાની આશા પણ છોડીજ દેજો." આથી રાજા નિરાશ થઇને ઉદાસ મને ઘર તરફ પાછો ફર્યો.

એમ કરતાં આ વાત આખરે દેવવ્રતને કાને આવી. તેણે મનમાં વિચાર કર્યો કે શા માટે મારી ખાતર મારા પિતા આટલા દુઃખી થાય? તેમનાં પ્રેમ અને મમતાનું શું આવું જ પરિણામ આવવું ઘટે? દેવવ્રતે તે ને તેજ ઘડીએ પોતાનો ધર્મ શો છે તે જોઇ લીધું અને પોતાના કર્તવ્યનો નિશ્ચય કરી નાખ્યો. જરા પણ વખત ગુમાવ્યા વગર દેવવ્રતે તે માછીના ઘરનો રસ્તો લીધો અને તેની આગળ પેલી જૂની વાત છેડી. માછી કહે: "તમારી વાતને અમે વધાવી લઇએ છીએ; પણ શરત એટલી કે મારી દીકરીના દીકરાને-જ રાજ્ય આપવું પડશે." દેવવ્રત કહે: "એમાં શું મોટી વાત છે? જાઓ, હું પ્રતિજ્ઞા લઉં છું કે મારે કોઇ દિવસ મારા પિતાના રાજ્યની ઉપર નજર પણ ન કરવી." ચાલાક માછી હસી પડ્યો અને કહેવા લાગ્યો કે "તમે તો કદાચ તમારો હક્ક જતો કરો, પણ તમારા છોકરા થાય તેઓ શાના છોડે?" ત્યારે યુવાન રાજકુમારે હસતે મોઢે કહ્યું કે "હું બીજી પ્રતિજ્ઞા એવી લઉં છું કે મારે કદી લગ્નજ ન કરવું." આ ઉત્તર સાંભળીને તે માછી વિસ્મય પામ્યો અને છક થઇ ગયો. તેણે તરત જ સત્યવતીને ઘરમાંથી તેડાવી સત્યવ્રતે તેને મા કહીને બોલાવી અને તેને પોતાના રથમાં બેસાડીને હસ્તિનાપુર તેડી લાવ્યો. પછી શાન્તનુ રાજાએ તેની સાથે લગ્ન કર્યું. અસલ હિન્દુઓમાં કોઇ પણ ન્યાતનો પુરુષ કોઇ પણ ન્યાતની કન્યા સાથે પરણી શકતો. *

પછી દેવવ્રતે લીધેલી ભીષ્મપ્રતિજ્ઞાની સૌને જાણ થઇ. શાન્તનુ રાજાએ તેને આ પ્રતિજ્ઞા લેવા માટે "ભીષ્મ" એવી પદવી આપી અને 'તારી પોતાની દેહત્યાગ કરવાની

---

* આના સંબંધમાં શાંતિપર્વના પાંચમા અધ્યાયમાં "લગ્ન" એ મથાળાનો વિષય જોવો.

ઇચ્છા નહિ થાય ત્યાં સુધી તારૂં મરણ નહિ થાય' એવું વરદાન આપ્યું. પછી ભીષ્મે આજીવન બ્રહ્મચર્યવ્રત પાળ્યું.

સત્યવતી રાણીને બે પુત્ર થયા. તેમનાં નામ ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય હતાં, તે આપણે અગાઉ જોઈ ગયા છીએ. શાન્તનુ રાજાના મરણ પછી ભીષ્મે તેમને બેઉને વારાફરતી ગાદીએ બેસાડયા અને તેઓ નાની ઉંમરના હોવાથી સત્યવતીની અનુમતી લઈને ભીષ્મે રાજ્યવહીવટ કરવા માંડયો. તેમણે જીવતા સુધી પગારદાર અમાત્યની માફક રાજ્યની સેવા કરી. તે દરમ્યાન તેમણે પોતાનો કકડો ખરો કરવાની કદી પણ છૂટ લીધી ન હતી. તેમને પોતાને રાજ્યાસને બેસવાનો વારો ન આવ્યો તેથી તેમના મનને કોઈ દહાડો સંતાપ કે ગ્લાનિ થયાં નથી. ઉલટું પોતે રાજીખુશીથી લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરી શકયા છે તે જાણીને આત્મસંતોષપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરતા હતા. તેમણે પોતાના પિતાના સુખને માટે પોતાના હકનું અને અંગત સુખના બલિદાનનો જ્યારે જ્યારે તેમને વિચાર આવતો હશે ત્યારે ત્યારે તેમને ભારે આનંદ થતો હશે.

વિચિત્રવીર્ય મરી ગયો ત્યારે હસ્તિનાપુરની ગાદી પાછી ખાલી પડી, અને કુરુવંશનો સંતાનને અભાવે ધ્વંસ થવાનાં ચિહ્ન દેખાવા લાગ્યાં. તે વખતે બધા નગરવાસીઓ, પુરોહિતો, આચાર્યો, અમાત્યો, બ્રાહ્મણો અને સેવકવર્ગ તમામ જાતના લોકો ભીષ્મને રાજા થવાનો અત્યંત આગ્રહ કરવા લાગ્યા; પણ તેમણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. છેવટે સત્યવતી રાણી પોતે જ તેમને આગ્રહપૂર્વક કહેવા લાગી કે તમે હવે લગ્ન કરો અને રાજા થાઓ; પણ તે તો હમેશાં એકનો એકજ જવાબ આપતા કે "માતાજી! તમારા લગ્ન વખતે જે પ્રતિજ્ઞા મેં લીધી છે તેનો હું કદાપિ પણ ભંગ કરનાર નથી. પૃથ્વી ગંધ વગરની થાય, જલ રસ વગરનું થાય, વાયુ સ્પર્શ વિનાનો થાય, સૂર્ય કદાપિ નિસ્તેજ થઈ જાય તોપણ મારી સત્ય પ્રતિજ્ઞા હું છોડનાર નથી. સત્યની સરખામણીમાં કુરુવંશ અને કૌરવોનું રાજ્ય કશી વિસાતમાં નથી. સત્યના મૂલ્યની સાથે સરખાવતાં તેમનું મૂલ્ય એક કોડી જેટલું પણ નથી."

એવા ભીષ્મદેવને ધન્ય છે! તેમના ચારિત્ર્યને પણ ધન્ય છે! જેણે પોતાનું ચારિત્ર્ય સાચવ્યું છે તેણે જગત જીત્યું છે.

## પ્રકરણ ૫ મું—કૌરવો અને પાંડવો અસ્ત્રવિદ્યા શીખે છે.

પાંડવ અને કૌરવ બેઉ કુટુંબના રાજકુમારો પ્રથમ કૃપાચાર્યની પાસે નાના પ્રકારનાં શાસ્ત્રો અને યુદ્ધવિદ્યા ભણ્યા. ત્યાર પછી તેઓ વધારે ઉંચા પ્રકારનું શિક્ષણ લેવા માટે મહાવીર દ્રોણાચાર્યના શિષ્ય થયા. તે જમાનામાં યોદ્ધા તરીકે દ્રોણાચાર્યનું સ્થાન એકલા ભીષ્મથી જ ઉતરતું હતું. તેમનો યશ સાંભળીને કર્ણ વગેરે અનેક વીરો તેમના ઉપર ફિદા હતા અને તેમને હાથે જ કેળવાયા હતા.

અર્જુન રાત્રે એકલો એકલો એકલો યુદ્ધવિદ્યાની તાલિમ લેતો હતો. આઘેના એકાન્ત સ્થાનમાં જઇને કોઇ વાર અંધારામાં નિશાનબાજીનો અભ્યાસ કરતો તો કોઇ વાર બેઉ હાથે એકસરખી ત્વરાથી બાણ ફેંકવાની ટેવ પાડતો. એમ કરતાં ધનુર્વિદ્યામાં અર્જુન અને કર્ણ, અને ગદાયુદ્ધમાં ભીમ અને દુર્યોધન સૌને માથે ટપી જાય એવા નીવડ્યા.

એક દિવસ આ બધા રાજકુમારો વનમાં શિકાર ખેલવા નીકળી પડ્યા. ત્યાં અર્જુને જોયું તો એકલવ્ય નામનો કોઇ નિષાદ જાતિનો છોકરો બાણની અખંડ ધારા વર્ષાવી રહ્યો હતો. અને તેના ધનુષ્યની પણછનો રણકાર એકસરખી રીતે ઘમઘમાટ સંભળાયા જ કરતો હતો. તેણે ઘેર આવીને આચાર્યને આ વાત કરતાં કહ્યું કે "ગુરુદેવ! આપ તો એવું કહેતા હતા કે ધનુર્ધરોમાં મારું જ સ્થાન શ્રેષ્ઠ છે; પણ આજે હું જોઉં છું તો આપનો શિષ્ય એકલવ્ય મારા કરતાં પણ વધી જાય એવો છે." આ સાંભળીને આચાર્ય અર્જુનની સાથે તે વનમાં ગયા અને ગુરુદક્ષિણાના બદલામાં એકલવ્યની પાસે તેના જમણા હાથના અંગૂઠાનું દાન માગ્યું. એકલવ્યે તરત જ પોતાના જમણા હાથનો અંગૂઠો કાપીને ગુરુદેવ-

ને અર્પણ કર્યો. પોતાના હાથમાંથી ખડખડાટ લોહી વહી જતું હતું તેના તરફ તેણે નજર સરખી પણ કરી નહિ. ત્યાં જે કોઇ ઉભા હતા તે બધા આ દેખાવ જોઇને સ્તબ્ધ થઈ ગયા. અર્જુન અને આચાર્ય તો ત્યાંથી ચાલ્યા આવ્યા અને એકલવ્ય પાછો પોતાની બાકીની આંગળીઓ વડે બાણ ફેંકવાનો અભ્યાસ કરવા મંડયો. એમ કરતાં કરતાં અભ્યાસ અને પ્રયત્ન વડે તે થોડાજ વખતમાં મોટો ધનુર્ધર ગણાવા લાગ્યો. અભ્યાસ વડે શું નથી થઇ શકતું, પણ આજે આપણા દેશમાં અભ્યાસ કરવાની લગનીજ કોને લાગી છે?

પછી એક વાર દ્રોણાચાર્યને પોતાના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું મન થયું. તેમણે માટીનું એક પક્ષી બનાવીને તેને એક ઝાડની ડાળી ઉપર ગોઠવ્યું. પછી યુધિષ્ઠિર, દુર્યોધન, કર્ણ વગેરે તમામ વિદ્યાર્થીઓને કહ્યું કે પેલા પક્ષીના માથાનું નિશાન તાકો. તેમણે દરેકે પોતપોતાનાં બાણ તેના તરફ તાક્યાં ત્યારે તેમને દ્રોણાચાર્યે પૂછ્યું કે "બોલો, તમારી નજરે અત્યારે શું શું દેખાય છે?" યુધિષ્ઠિર, દુર્યોધન અને કર્ણ વગેરે બોલ્યા કે, "અમે પેલા પક્ષીને, સામેના ઝાડને અને આપને જોઈએ છીએ." આ જવાબ સાંભળીને આચાર્ય તેમના ઉપર ઘણા નારાજ થયા. પછી છેવટે તેમણે અર્જુનને બોલાવ્યો અને તેને કહ્યું કે, પેલા પક્ષીની સામે બાણ તાકીને ઉભો રહે. તે જ્યારે બાણનું નિશાન તાકીને ઉભો ત્યારે તેને પણ આચાર્યે પેલો સવાલ પૂછ્યો. એટલે અર્જુન બોલ્યો કે "મને તો અત્યારે એકલા પક્ષી સિવાય બીજું કાંઇજ દેખાતું નથી." આ જવાબ સાંભળીને આચાર્ય ઘણા ખુશ થયા અને બોલ્યા કે હવે તું એ પક્ષીનું માથું ઉડાવી દે. અર્જુનનું બાણ તેજ ક્ષણે ધનુષ્યમાંથી છૂટયું અને તે પક્ષીનું માથું ઉડાવીને ચાલતું થઈ ગયું.

ત્યાર પછી એક દિવસ દ્રોણાચાર્યે રાજસભામાં જઇને કહ્યું કે "રાજકુમારોનું ભણતર હવે પૂરું થયું છે." એ સાંભળીને સૌએ પોતાનો હર્ષ જાહેર કર્યો.

પછી ભીષ્મદેવે રાજકુમારોની છેલ્લી પરીક્ષા લેવાનું ઠરાવ્યું. એક વિશાળ મેદાનમાં સુશોભિત માંચડો બાંધ્યો અને તંબુ, શમીઆણા વગેરે ઉભા કરવામાં આવ્યા. નગરવાસીઓનાં

ટોળેટોળાં ત્યાં આવી આવીને એકઠાં થવા લાગ્યાં. આજે દ્રોણાચાર્યના સફેદ વાળ, સફેદ પોશાક, સફેદ જનોઇ, સફેદ રૂની ઝેણુ જેવી તેમની દાઢીના વાળ, સફેદ પુષ્પોની માળા અને સફેદ ચંદનના લેપથી શોભતા તેમના શ્યામળ દેહ તરફ સૌનું લક્ષ ખેંચાયું હતું.× ત્યારપછી ધૃતરાષ્ટ્ર રાજા, ભીષ્મદેવ, વિદુર, સંજય અને કૃપાચાર્ય વગેરે મહાન વ્યક્તિઓ પણ ત્યાં આવીને પોતાના આસને બેઠી. ગાંધારી રાણી અને કુન્તીદેવી પણ આવી પહોંચ્યાં. બીજી રાણીઓ પણ પોતપોતાની પરિચારિકાઓ સહિત આવીને માંચડા ઉપર બેઠી. તે વખતનો દેખાવ જોઇને જાણે સુમેરુ પર્વતના શિખર ઉપર દેવાંગનાઓ બેઠી હોય એમ લાગતું હતું.⁎ તે જમાનામાં આર્યોમાં પડદાનો રિવાજ દાખલ થયો ન હતો.

સમય જતાં આખી રંગભૂમિ જનમેદનીથી ચીકાર ભરાઇ ગઈ. રાજકુમારો તેમનાં સારામાં સારા વસ્ત્રાલંકાર પહેરીને પોતાનું અપૂર્વ રણકૌશલ બતાવવા લાગ્યા. ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધ કરવા લાગ્યા. તેઓ કૃત્રિમ યુદ્ધ કરતાં કરતાં અંતે ખરેખરા લડીજ પડયા. એકબીજાના ઉપર યથાશક્તિ ગદાના પ્રહાર કરવા લાગ્યા. એ જોઇને તેમને વારવા માટે દ્રોણાચાર્યે પોતાના પુત્ર અશ્વત્થામાને મોકલ્યો. દુર્યોધનનો મિજાજ તો આ વખતે છેકજ તપી ગયો હતો. તેના કરતાં ઉતરતા દરજ્જાનો ભીમ તેના જેવા રાજકુમારના અંગ ઉપર પ્રહાર કરે તે જોઇને તે અભિમાની રાજકુમાર ક્રોધથી લાલચોળ બની ગયો હતો.

આ પ્રસંગે અર્જુને પણ પોતાનું અદ્‌ભુત યુદ્ધચાતુર્ય બતાવીને સૌને છક કરી નાખ્યા. કોઇ વાર દોડતા રથમાં બેસીને તો કોઇ વાર પૂરપાટ દોડતા ઘોડા ઉપર ચઢીને તો કોઈ વાર જમીન ઉપર ઉભા રહીને તે શરધારા વર્ષાવવા લાગ્યો અને ધારેલું નિશાન વીંધતો ગયો. ત્યાં એકઠા થએલા બધાજ એકે અવાજે તેના ચાતુર્યનાં વખાણ કરવા લાગ્યા. તે જોઇને પણ દુર્યોધન ઉભો ને ઉભો સળગી ઉઠયો.

× આદિપર્વ, ૧૩૮-૧૯. દ્રોણાચાર્ય આ વખતે પણ વૃદ્ધજ હતા.

⁎ આદિપર્વ, ૧૩૮-૧૯. વળી આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "પડદાનો રિવાજ" એ મથાળા હેઠળનો વિષય જોવો.

એવામાં ત્યાં કર્ણ આવી પહોંચ્યો. તેણે અર્જુનના ઉપર એક તીક્ષ્ણ દૃષ્ટિપાત કરીને કહ્યું કે "ઉભો રહે, ઉભો રહે; તારા કરતાં પણ હું વધારે યુદ્ધકૌશલ બતાવું ત્યારે ખરો." એમ કહીને તેણે નાના પ્રકારનું રણનૈપુણ્ય બતાવવા માંડ્યું. તે જોઇને દુર્યોધન એટલો બધો ખુશ થઈ ગયો કે તે કર્ણને ભેટી પડ્યો અને બોલ્યો કે "આજે તું આવી પહોંચ્યો તે જાણે મારો સોનાનો સૂરજ ઉગ્યો. બસ, આજથી હું તારો જ છું. કૌરવોનું આખું રાજ્ય જ તારૂં પોતાનું છે એમજ જાણજે. તું તેનો યથેચ્છ ઉપયોગ કરજે અને મારા શત્રુઓનાં મોઢાં કાળાં કરજે."

આ વચન સાંભળીને કર્ણ ફુલાઇ ગયો. તેણે અર્જુનને પડકાર કરીને કહ્યું કે "ચાલ આવી જા. આજે તો હું તારૂં ટીકું જ ઉડાવી દઇશ. તારામાં પાણી હોય તો મારી સાથે દ્વન્દ્વયુદ્ધ કરવા તૈયાર થા." આ બાજુએ દુર્યોધન કર્ણને પાનો ચઢાવવા લાગ્યો. જોતજોતામાં રંગભૂમિ યુદ્ધક્ષેત્રના રૂપમાં ફેરવાઇ ગઇ અને લડનારના સામસામા બે પક્ષ પડી ગયા. તીક્ષ્ણ બુદ્ધિમાન કૃપાચાર્યે જોઇ લીધું કે આ તો અંદર અંદર કપાઇ મરવાનો વખત આવ્યો. તેમણે તરત જ સૌની આગળ આવીને કર્ણને કહ્યું કે "રાજપુત્રો કોઇ દિવસ નીચ વંશના માણસ સાથે દ્વંદ્વ યુદ્ધ કરેજ નહિ. પહેલાં તો તું કોનો છોકરો છે, કોના કુળમાં જન્મ્યો છે તે જ કહે. પછી તારી સાથે અર્જુને દ્વન્દ્વ યુદ્ધ કરવું યોગ્ય છે કે નહિ તે વિચારી શું."

આ સાંભળીને કર્ણનું મોઢું ઉતરી ગયું. દુર્યોધનના મનમાં એવો વિચાર આવ્યો કે જો કર્ણ અને અર્જુન દ્વન્દ્વ યુદ્ધ કરે તો ભરસભામાં અત્યારેજ કર્ણ અર્જુનને પૂરો કરી નાખે અને તેજ પળેથી પાંડવોનો સૌભાગ્યસૂર્ય આથમી જાય અને પછી હું તદન નિશ્ચિંત થઇ જાઉં. તે ઉપરથી તે પાણી કાઢીને ગર્વસહિત આગળ આવીને કહેવા લાગ્યો કે "આચાર્ય કહે છે તેજ સરતે જો દ્વન્દ્વ યુદ્ધ થઇ શકતું હોય તો હું કર્ણને આજથી અંગ દેશનો રાજા બનાવી દઉં છું. હવે તે એક રાજા તરીકે અર્જુનની સાથે દ્વન્દ્વયુદ્ધ કરવા યોગ્ય છે તેની કોઈથી ના કહેવાશે નહિ." દુર્યોધનનો બોલ પૂરો થતાની સાથે જ તેના સેવકો કર્ણનો રાજ્યાભિષેક

કરવા માટે જોઇતી સામગ્રી ત્યાં આગળ લઇને હાજર થયા અને ત્યાં ને ત્યાં જ કર્ણનો અંગ દેશના રાજા તરીકે રાજ્યાભિષેક પણ થઇ ગયો. અંગ દેશનું રાજ્ય કર્ણને આપી દેતાં પહેલાં દુર્યોધને પોતાના પિતાની રજા માગવાની પણ દરકાર કરી નહિ. તેના પિતાએ પણ તેને તેમ કરતાં અટકાવ્યો નહિ. પુત્રને વખતસર અંકુશમાં ન રાખવાથી કેટલાએ છોકરા આગળ જતાં વંઠી ગયા છે! પછી તો તેમણે તેમના બાપને પણ ગણકાર્યા નથી અને પોતાની સાથે બાપને પણ પાયમાલ કરી દીધા છે!

કર્ણના વૃદ્ધ પિતા સૂત જાતિના અધિરથ સારથિએ સાંભળ્યું કે મારો લાડકવાયો દીકરો કર્ણ તો રાજા થઇ ગયો એટલે દોડતો દોડતો તે ત્યાં આવી પહોંચ્યો અને હર્ષઘેલો થઇને "ઓ કર્ણ! ઓ મારા કર્ણ!" એમ બોલતો બોલતો ત્યાં મહાસભાની વચ્ચોવચ આવીને ઉભો રહ્યો. કર્ણે આ વખતે પોતાના ગરીબ બાપનો ઈનકાર ન કર્યો, પણ તેના ચરણમાં પોતાનું મસ્તક નમાવીને તેને વંદન કર્યું. પોતાના દીકરાને રાજગાદી મળી. દીકરો ખરેખર રાજા થયો તે જાણીને તે ગરીબ પિતાનો હરખ આજે માતો ન હતો. તેણે દીકરાને પોતાની બાથમાં લીધો અને તેને છાતી સરસો દબાવ્યો.

બીજી બાજુએ કર્ણ આવ્યો ત્યારથી જ કુન્તીદેવી તેના તરફ મીટ માંડીને જોઇ રહી હતી. તેને જોતાં તેની આંખ ધરાતી ન હતી. તેના ઉપરથી નજર ખસેડી લેવાની તેને ઇચ્છા થતી ન હતી. પછી જ્યારે કર્ણ અને અર્જુન સામસામા લડવા તૈયાર થયા ત્યારે તો તેને મૂર્છા આવી ગઈ. વિદુર અને તેની દાસીઓએ તેના મુખ ઉપર ચન્દનવાળું પાણી છાંટવા માંડયું. થોડી વાર પછી તેની મૂર્છા વળી અને તેને ભાન આવ્યું. હવે બિચારી કુન્તીદેવી બોલ્યા ચાલ્યા વગર શોકાતુર બનીને બેસી રહી. અરે! કર્ણ અને અર્જુનને લડી મરતા અટકાવવાનો કોઈ ઉપાય જ નહિ હોય એવો વિચાર કરવા લાગી.

આ તરફ કર્ણનાં અહંકાર અને તોછડાઇભરેલાં વચનો સાંભળીને ભીમ છેડાઇ પડયો. તે બોલી ઉઠયો કે "અલ્યા તું એક સાધારણ રથ હાંકનારનો છોકરો આવડો મિજાજ શું

જોઈને કરે છે? અર્જુનની તલવારને માટે તારા જેવાની ગરદન યોગ્ય નથી." આ સાંભળીને દુર્યોધનથી શી રીતે ચૂપ રહેવાય? તે બોલ્યોઃ "હવે રહેવા દે, રહેવા દે. તારી મોટાઇ અમે જાણીએ છીએ. તમે પાંચ ભાઇઓ કોના પેટના છો તે અમારાથી કાંઇ અજાણ્યું છે કે?" આ સાંભળીને પાંચે પાંડવો ગર્જી ઉઠયા, અને ઝટ લઇને સામસામા લડનારાની બે ટોળી બની ગઇ અને ઝપાઝપી પર આવી ગયા. એટલામાં સૂર્ય આથમી ગયો એટલે નાછૂટકે આ કજીઆએ વધારે ઉગ્ર સ્વરૂપ ન પકડ્યું અને લડાઇ પતી ગઈ. પછી દુર્યોધન કર્ણનો હાથ પકડીને અહંકારથી છાતી કાઢીને રંગભૂમિ છોડીને ચાલતો થયો. તે દિવસથી કર્ણ પાંડવોનો કટ્ટો વૈરી થયો. એથી કરીને તે દુર્યોધનનો મિત્ર અને સલાહકાર બન્યો. તે, શકુનિ અને દુઃશાસન વગેરે મળીને દુર્યોધનની નીચ પ્રવૃત્તિઓના મૂળમાં બદસલાહરૂપી પાણી સીંચીને તેમને ઉત્તેજિત કરવા લાગ્યા. કુસંગતિના જેવું પાયમાલીનું દ્વાર બીજું એકે નથી.



# પ્રકરણ ૬ ઠું—મહાવીર દ્રોણાચાર્ય

નિઃસ્વાર્થપરાયણ નિષ્કામ બ્રાહ્મણોના વંશમાં પણ મોટા મોટા મહાવીરો પેદા થયા હતા તે શું આજ દેશ હશે? પરશુરામ, કૃપાચાર્ય, અશ્વત્થામા, દ્રોણાચાર્ય—એ બધાની ઓલાદ શું આ દેશમાંથી સદાને માટે નાશ પામી છે? તેમ ન હોય તો આજે આ દેશની આટલી અવનતિ થાય જ કેમ?

દ્રોણાચાર્ય ભરદ્વાજ મુનિના પુત્ર થાય. તે તેમના જમાનામાં અસાધારણ યોદ્ધા ગણાતા હતા. પરશુરામની પાસેથી બ્રહ્માસ્ત્ર વગેરે અસ્ત્રશસ્ત્ર પ્રાપ્ત કરીને તેમણે યોદ્ધા તરીકે અપૂર્વ નામના મેળવી હતી.

કૃપાચાર્ય અને તેમની એક બહેન ધૃતરાષ્ટ્ર રાજાના દરબારમાં પોષાતાં હતાં. દ્રોણે કૃપાચાર્યની તે બહેન સાથે લગ્ન કર્યું અને તેમને અશ્વત્થામા નામનો એક પુત્ર થયો.

પણ દ્રોણાચાર્ય અત્યંત નિર્ધન હતા. એક દિવસ કોઈ ધનવાનનો છોકરો દૂધ પીતો હશે તે જોઈને અશ્વત્થામાએ દૂધ પીવાની હઠ લીધી. દ્રોણાચાર્ય આખા ગામમાં ભટકી વળ્યા, પણ કોઈએ તેમને છાંટો દૂધ ન આપ્યું. ત્યારે કેટલાક છોકરાઓએ પાણીમાં આટો ડોહીને તે અશ્વત્થામાને આપ્યો અને કહ્યું કે લે, આ દૂધ છે; પી જા. અશ્વત્થામા તેને દૂધ સમજીને પી ગયો અને ખુશ ખુશ થઈ ગયો. તે બતાવીને છોકરા દ્રોણની મશ્કરી કરવા લાગ્યા કે છોકરાને દૂધ પાવા જેટલી પણ તમારામાં શક્તિ નથી એ શું? આ સાંભળીને દ્રોણને ઘણું લાગી આવ્યું અને તેમણે તે ક્ષણથી જ પૈસા કમાવાની પેરવી કરવા માંડી.

દ્રોણ આજીવિકાની શોધમાં નીકળ્યા તો ખરા, પણ જવું ક્યાં? પાંચાલ દેશનો રાજકુમાર દ્રુપદ એક વાર મારી સાથે ભણતો હતો અને અમે ભણતા ત્યારે તે મને "દોસ્ત દોસ્ત!" કહીને બોલાવતો હતો. હું મોટો થઈશ ત્યારે તને મારું અડધું રાજ્ય આપી દઈશ, એવું પણ તે મને કહેતો હતો. આજે તે રાજા થયો છે. તેની પાસે જાઉં તો વધારે નહિ તો ઓછામાં ઓછું મારું દારિદ્ર તો ફેડયા

ગર નહિ જ રહે. આવો વિચાર કરીને દ્રોણ દ્રુપદની પાસે ગયા. તેની રાજસભામાં જઇને દ્રોણે તેને "મિત્ર" કહીને બોલાવ્યો એટલે તે તો ઉલટો તપી ગયો. તે બોલ્યો, "તારા જેવા મૂર્ખ વેદીઆનો હું મિત્ર થઇ શકું નહિ. જેમ શૂર-વીર અને કાયરની મૈત્રી હોય નહિ, તેમ નિર્ધન અને ધન-વાનની મૈત્રી પણ ન હોય. તું પહેલો રાજા થા અને પછી રાજાની સાથે દોસ્તી કરવા આવજે." આટલું કહીને તેણે દ્રોણાચાર્યનું અપમાન કરીને તેમને સભામાંથી કાઢી મૂક્યા. તેમના જેવા મહાવીરને આશ્રય આપીને પોતે પણ તેમની મદદ-થી સુરક્ષિત થાત તે દ્રુપદ રાજા અહંકારના ઘેનમાં ભૂલી ગયો.

ત્યાંથી નીકળીને દ્રોણાચાર્ય હસ્તિનાપુર આવ્યા અને કોઇ ન જાણે એમ કૃપાચાર્યના ઘરમાં ભરાઇ રહ્યા. પણ ભીષ્મદેવને તે વાતની જાણ થતાં તેમને રાજસભામાં તેડા-વ્યા અને તેમનું ભારે સન્માન કર્યું. ગુણવાનની કદર તો ગુણવાન હોય તેજ કરે ને? ત્યાર પછી પાંડવ અને કૌરવ રાજકુમારોની કેળવણીની જવાબદારી ભીષ્મદેવે તેમને સોંપી.

એ કાર્ય દ્રોણાચાર્યે કેવું સરસ રીતે બજાવ્યું તે તો આપણે પાછલા પ્રકરણમાં જોઇ ગયા છીએ. રાજકુમારો હવે ભણી ઉતર્યા હતા તેથી દ્રોણાચાર્યે તેમની પાસે ગુરુદક્ષિણા માગી. તેમણે કહ્યું કે "મારે બીજી દક્ષિણા જોઇતી નથી. તમે દ્રુપદ રાજાને કેદ કરીને મારી આગળ ખડો કરો એટલીજ દક્ષિણા માગું છું." વિદ્યાર્થીઓ કબૂલ થયા અને મોટું લશ્કર લઇને પાંચાલ દેશ જીતવા નીકળી પડ્યા.

પણ અહંકારથી છકી ગએલા કૌરવો દ્રુપદ રાજાની સાથે લડવામાં ગરીબ એવા પાંડવોની દરકાર રાખે જ શાના? એ તેમનાથી બને જ કેમ? તેમણે પાંડવોનું અપમાન કરીને તેમને બાળ જોઇને પાછળ રહેવા દીધા અને એકલા કૌરવો-એ જ દ્રુપદ રાજા ઉપર હુમલો કર્યો. પણ તેમને માર ખાઇ-ને પાછા હઠવું પડ્યું ત્યારે પાછા વાણીઆની જેમ મૂછ નીચી કરીને પાંડવોની મદદ માગવા આવ્યા. પાંડવોએ જોયું કે હવે દુર્યોધન અને કર્ણનું ગુમાન ઉતરી ગયું છે ત્યારે તેઓ આગળ થયા અને દ્રુપદના ઉપર ભારે શૌર્ય દાખવીને આક્ર-મણ કર્યું. અર્જુનની સાથે લડતાં દ્રુપદની હાર થઇ અને

ભીમે તેના સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. પછી દ્રુપદ રાજાને કેદ કરીને તેઓ દ્રોણાચાર્યની પાસે ઘસડી લાવ્યા.× દ્રોણ બોલ્યાઃ "રાજન્! ભય રાખશો નહિ. ક્ષત્રિયનાં વચન માખણ જેવાં નરમ અને મીઠાં હોય છે, પણ તેમનું હૃદય અસ્રાની ધારના જેવું કાતીલ હોય છે. અમારાં બ્રાહ્મણોનાં વચન તીખાં તમતમતાં ખરાં, પણ અમારાં હૈયાં જોયાં હોય તો માખણના જેવાં નરમ, જરા વારમાં પીગળી જાય એવાં.* ક્ષમા કરવી એ બ્રાહ્મણોનો જાતિસ્વભાવ છે, પણ તમે તો રાજાની સાથેજ દોસ્તી કરો અને ગરીબના સામે જુઓ એવા નથી માટે ગંગાને ઉત્તરકિનારે જેટલું તમારૂં રાજ્ય છે તેટલું મારા કબજામાં રાખીને દક્ષિણકિનારાનું બાકીનું રાજ્ય તમને પાછું આપું છું. કેમ, હવે તો તમે મારી સાથે મૈત્રી કરવા કબૂલ થશો ને?" દ્રુપદ રાજાએ જોયું કે બધુંજ રાજ્ય હાથમાંથી જવા બેઠું છે ત્યારે અડધું જાય તો જતું કરીને બાકીનું અડધું સાચવી લેવું એમાંજ ડહાપણ છે. તેથી તેણે ઉપર ઉપરથી સભ્યતા અને મૈત્રીનો દેખાવ કરીને પોતાનું અડધું રાજ્ય લઇને ત્યાંથી રજા લીધી.

પણ દ્રુપદ રાજા દ્રોણાચાર્યનો ખરા અંતઃકરણથી થોડો જ મિત્ર થયો હતો? તે તેમનો મિત્ર થાયજ કેવી રીતે? આ અપમાનનું કેવી રીતે વેર વાળવું તેનાજ વિચાર તેના મનમાં રાતદિવસ ઘોળાયા કરતા હતા. અપરિતૃપ્ત વેરનો અગ્નિ તેના હૃદયમાં રાતદિવસ ધગધગ્યા કરતો હતો. એવામાં તેને ઘેર ધૃષ્ટદ્યુમ્ન નામનો અગ્નિ જેવા રંગનો એક પુત્ર જન્મ્યો. ત્યાર પછી દ્રૌપદી નામની એક પુત્રી થઇ. એ બેઉનો જન્મ થયો તે પહેલાં તેને શિખંડી નામનું એક સંતાન તો હતુંજ. એ શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન બેઉ દ્રોણાચાર્યની પાસેજ યુદ્ધવિદ્યા શીખીને અસાધારણ યોદ્ધામાં ગણાવા લાગ્યાં.÷ પોતાને આવાં પરાક્રમી અને બળવાન સંતાન હોવાથી દ્રુપદ રાજા પાછો બળવાન બની ગયો. બાપનું કુળ અજવાળે તેજ સંતાન બાકીનાં તો છાણમાંના કીડા જેવાં.

× આદિપર્વ, ૧૩૮–૬૧. * ઉદ્યોગપર્વ, ૧૯૧–૧.

÷ આદિપર્વ, ૩–૧૨૩

# પ્રકરણ ૭ મું—યુધિષ્ઠિરનો યુવરાજ તરીકે અભિષેક

યૌવનમાં પ્રવેશ કરતાં યુધિષ્ઠિરનું અંગબળ અને
ન્તિ બેઉ પૂરબહારમાં ખીલી નીકળ્યાં. શુદ્ધ સોનાના
સની ઢાળકીના જેવો તેમના શરીરનો વર્ણ હતો. નેત્ર લાંબાં
અને જરાક રતાશપડતાં હતાં. નાસિકા ઉન્નત હતી અને
આખા શરીરનો ઘાટ સિંહના જેવો હતો. તેમને જોનારનાં
નેત્ર તેમના ઉપરજ ઠરી જતાં. તે ઉપરાંત તે સ્થિર બુદ્ધિ-
વાળા, ગંભીર પ્રકૃતિના, સત્યવાદી અને જિતેન્દ્રિય હતા.
સૌ કોઇ તેમને " ધર્મરાજા " કહીને બોલાવતા. ભીમના
શરીરનો વર્ણ પણ યુધિષ્ઠિરના જેવોજ હતો: પણ તેની
છાતી પહોળી, ખભા કોઇ માતેલા સાંઢના ખભા જેવા
માંસલ અને બાહુ જાણે લોખંડની ભોગળ જેવા હતા. અર્જુન
રંગે જરા શ્યામળો, કમળ જેવાં નેત્રવાળો અને સિંહના જેવી
બળવાન ભુજાવાળો હતો. તેની છાતી પણ ખૂબ પહોળી હતી.
નકુલ પણ રંગે શ્યામળો, રતુમડી આંખો અને મોટી ભુજા-
વાળો હતો. સહદેવના રૂપની તો કાંઇ મણાજ ન હતી.
બધા ભાઇઓ એકબીજા ઉપર ખૂબ પ્રીતિ રાખતા હતા
અને પોતાનાથી જે જે મોટા હોય તેમની આમન્યા રાખતા.
રાજ્યની રૈયત યુધિષ્ઠિરના ધર્માચરણ ઉપર, ભીમના શૂરા-
તન ઉપર અને અર્જુનના સ્વભાવની મીઠાશ ઉપર વારી જતી.
સંક્ષેપમાં કહીએ તો પાંચે પાંડવો પ્રજાને ખૂબ વહાલા હતા.

આ બધી વાત તીક્ષ્ણ બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર પોતાના
જાસૂસોની મારફતે જાણી ગયો હતો. તે જાણતો હતો કે
રાજ્ય તો કાયદેસર પાંડુનુંજ કહેવાય તેથી હવે બધા મળીને
તેના પુત્રને ગાદીએ બેસાડી દે તો કોઈ તેમને રોકાય એમ
છે? તે કરતાં હું જાતેજ મારે હાથે યુધિષ્ઠિરનો યુવરાજ
તરીકે રાજ્યભિષેક કરાવી દઉં તો હાલ તો માથા ઉપર
આવતી વિપત્તિને જરાક બાજુએ ખસેડી શકાય પછી લાગ
જોઇને સાવધાનતાપૂર્વક જે વખતે જે કરવું ઘટે તે કરી

લેવાશે. આવો વિચાર કરીને અંધ રાજા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરનો યુવરાજ તરીકે અભિષેક કરાવ્યો અને પ્રજાને જાહેર કર્યું કે મારા પછી યુધિષ્ઠિર જ ગાદીએ બેસશે.

પણ આથી દુર્યોધન કેવી રીતે સંતુષ્ટ થાય ? તેનું મન કેમ કરી ઝાલ્યું રહે ? કારણ કે યુધિષ્ઠિરમાં જે જે સદ્ગુણો હતા તેનાથી બરાબર ઉલટા ગુણ અથવા દુર્ગુણ દુર્યોધનમાં હતા. તે ચંચળ પ્રકૃતિનો, ઉદ્ધત સ્વભાવવાળો, કોઈના પણ અંકુશમાં રહે નહિ એવો, હિંસાપરાયણ, અદેખો, ખારીલો, અભિમાની અને પાપી હતો. તે પોતાના બાપના ઉપર ખૂબ નારાજ થયો અને સાથે સાથે પાંડવોનો કટ્ટો વૈરી બન્યો.

રાજ્યના ઉપર ભયંકર ઉલ્કાપાત થવાનો છે અથવા દાવાનળ સળગી ઉઠવાનો છે તેના તો બધાને જ ભણકારા વાગતા હતા; પણ તેને ખાળવાનો કશો ઉપાય નથી જાણીને સૌ જે થાય તે ચુપચુપ જોયા કરતા હતા. એક દિવસ ધૃતરાષ્ટ્ર પોતાની રાજસભા ભરીને બેઠો હતો. ત્યાં દુર્યોધન વગેરે સૌ હાજર હતા. એવામાં દ્રોણાચાર્યે અર્જુનને કહ્યું કે "મેં તને આટલી બધી વિદ્યા ભણાવી તેની મને ગુરુદક્ષિણા આપ." અર્જુન કહે કે "બોલો, શું જોઈએ ?" એટલે આચાર્ય બોલ્યા કે "કોઈ વાર રણમેદાનમાં આપણે બેને સામસામા યુદ્ધ કરવાનો વખત આવે ત્યારે તું મને [illegible] ગણીને મારી સાથે લડજે, એટલીજ દક્ષિણા માગું છું.×" આ વાત અર્જુને આખરે લાચારીથી કબૂલ કરી. ધૃતરાષ્ટ્ર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આવી માગણી કરવાની આચાર્યની શી મતલબ હશે ? દુર્યોધન વિચાર કરવા લાગ્યો કે ભલેને, તેમાં શું થઈ ગયું ? કહ્યું તો [illegible] રાજ્યમાં છે ને ? પછી શી ફિકર છે ?

ભીષ્મ, વિદુર, સંજય વગેરે શાણા માણસો દ્રોણાચાર્યની [illegible] દૂરદર્શી વ્યક્તિની મીઠી નજર [illegible] ને [illegible] કરી પાપને રસ્તેથી પાછો વળ્યો છે !

# પ્રકરણ ૮ મું—કણિકનો ઉપદેશ

અંધરાજ ધૃતરાષ્ટ્રે પાંડવોને આજ્ઞા કરી કે જાઓ, દિગ્વિજય કરી આવો; એટલે તેમણે અનેક યુદ્ધો લડીને અને ઘણા ઘણા દેશના રાજાઓને જીતીને કૌરવરાજ્યનો વિસ્તાર કર્યો. પારકાં રાજ્યોમાંથી પુષ્કળ દોલત ઘસડી લાવીને હસ્તિનાપુરના તિજોરી ભંડાર ભરપૂર કર્યા પણ તેથી ધૃતરાષ્ટ્રને સંતોષ ન થયો. તેણે જ્યારે જોયું કે કોઇ પણ લડાઈમાં પાંડવોએ હાર ખાધી નહિ, પાંચમાંનો એકાદ પણ મરાયો નહિ, વળી તેમના શૌર્ય અને પરાક્રમને લીધે તેમના તેજમાં ઉલટો વધારો થયો છે અને લોકોમાં જ્યાં ત્યાં તેમનાંજ વખાણ થાય છે ત્યારે તેની આંખમાંથી ઉંઘ સદા-ને માટે ચાલી ગઇ અને ચિન્તાને લીધે તેનું હૃદય નિરંતર ખિન્ન રહેવા લાગ્યું. તેને હવે એમ જ લાગ્યું કે પાંડવોને લડાઇમાં મોકલીને મેં મોટી ભૂલ કરી.

છેવટે તેણે પોતાના મુખ્ય મંત્રી કણિકને એકાંતમાં તેડાવીને તેની આગળ પોતાના હૃદયનો ભાર ઠાલવ્યો. ધૃતરાષ્ટ્ર બોલ્યોઃ " હે દ્વિજોત્તમ ! પાંડવોની હરરોજ ચડતી-કળા થતી જોઇને મને તેમની અદેખાઇ આવે છે. તેમની સાથે યુદ્ધ કરવું કે સંધિ કરવી; એ બેમાંથી શું યોગ્ય છે તે કહો. હું તમારી સલાહ મુજબ વર્તીશ.×

મંત્રીએ જવાબ આપ્યોઃ "રાજાજી ! હું તમારી આગળ મારો સાચો અભિપ્રાય જાહેર કરૂં છું, પણ તેથી મારા ઉપર નારાજ થતા નહિ. તમારે હમેશાં દુશ્મનના ઘરનાં છિદ્રોને-જ ખોળતા રહેવું, પણ તમારા ઘરનાં છિદ્ર કોઇની નજરે પડવા દેવાં નહિ. જો કોઈ તમારૂં છિદ્ર જાણી જશે તો પહેલા તમે જ નબળા પડશો. હાથમાં લીધેલું કામ પૂરૂં કર્યા વગર કદાપિ પડતું મૂકવું નહિ. શત્રુ મહા બળવાન બની ગયેલો દેખાય તો તેને ખાંધે બેસાડીને ફેરવવો અને છેવટે જ્યારે બરાબર લાગ આવે અને ખરેખરો વખત આવી પહોંચે ત્યારે તેને પથરા સાથે અફાળીને મારી નાખવો. આંધળા

× આદિપર્વ, ૧૩૯—૨. ૧૪૦-૩.

[illegible]

પોતાના સમાન પરાક્રમી શત્રુને [illegible] ભાગલાવીને, બળવાન શત્રુની આગળ નમ્ર થઈને, હિનબળ શત્રુને દબડાવીને અને હીણા શત્રુને [illegible] આપણું કામ કાઢી લેવું. હમેશાં સામ, દામ, ભેદ અને દંડ—એ ચાર રાજનીતિમાંથી જે વખતે જે યોગ્ય લાગે તેનો ઉપયોગ કરતા રહેવું. તમે જે કાંઈ કાર્ય કરો તે કાર્ય થતા પહેલાં તમારા શત્રુને અગર મિત્રને, કોઈને પણ તેના ભેદની ખબર ન પડે એવી રીતે બધી વાત પેટમાંજ રાખવી. પાંડવો દુર્યોધન વગેરે કરતાં વધારે બળવાન તો થયાજ છે, માટે અંતે પસ્તાવું ન પડે એવું કરવું."

# પ્રકરણ ૯ મું—લાક્ષાગૃહમાં આગ

આ પ્રમાણે સલાહ આપીને મુખ્ય મંત્રી તો ચાલ્યો ગયો; પણ તેના ગયા પછી ધૃતરાષ્ટ્ર રાજા ઉંડા વિચારમાં ડૂબી ગયો. તેના જાસૂસોએ તેને જાણ કરી હતી કે "નગરના લોકો અંદર અંદર વાત ચેવે છે કે ધૃતરાષ્ટ્ર તો જન્મ્યો ત્યારનોજ આંધળો છે. એટલા માટે તો તેને પહેલેથીજ ગાદીએથી દૂર રાખ્યો હતો. ત્યારે હમણાં તે શા અધિકારથી રાજ્ય કરે છે? પાંડુની ગાદીનો હકદાર વારસ તો યુધિષ્ઠિર છે. ચાલો, આપણે સૌ મળીને તેનેજ ગાદી ઉપર બેસાડી દઇએ."× અસલના વખતમાં રાજાની પસંદગી કરવાનો અધિકાર પ્રજાનોજ હતો.* દુર્યોધનને કાને પણ એવીજ વાત આવી હતી. તેથી તેણે દુઃશાસન, શકુનિ વગેરેની સાથે મસલત કરીને આખરે શું કરવું તે નક્કી કર્યું. ત્યાર પછી તે પોતાના બાપને તેના એકાંત ખંડમાં જઇ મળ્યો અને તેની આગળ મનની બધી વાત કહી નાખી. છેવટે તેણે ધૃતરાષ્ટ્રને ખૂબ આગ્રહ કરીને કહ્યું કે પાંડવોને કુન્તીદેવીની સાથે વારણાવત નગરમાં મોકલાવી દો. આંધળા રાજાએ જવાબ આપ્યો: "બાપુ! જે વિચાર તારા મનમાં આવ્યો છે તે જ મારા મનમાં પણ આવે છે. પણ એ ઘણો પાપી વિચાર છે એમ જાણીને તેને બોલી નાખવા મારી જીભ ઉપડતી ન હતી."÷

ધૃતરાષ્ટ્ર રાજાનો દરબાર ભરાયો છે. સભામાં સૌના સાંભળતા તેણે યુધિષ્ઠિરને ઘણા મીઠા સ્વરે કહ્યું: "બેટા! વારણાવત નગરી પણ જોવા જેવી છે. વળી ત્યાં પાશુપત ઉત્સવ પણ થનાર છે. માટે તમે પાચ ભાઇઓ અને તમારાં માતુશ્રી ત્યા જઇ આવો."‡

× આદિપર્વ [illegible]

* [illegible] અધ્યાયમાં "લોક [illegible]

÷ આદિપર્વ, [illegible]

‡ [illegible]

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "આપ અમારા પિતાની જગ્યાએ છો. આપ જેમ કહેશો તેમ અમે કરીશું."

પછી પાંચે ભાઇઓ સૌની રજા લઇને વારણાવત જવા નીકળ્યા. વિદુર પણ તેમની સાથે થયો. રસ્તે ચાલતાં તેણે યુધિષ્ઠિરને ×મ્લેચ્છ ભાષામાં કહ્યું: "પોતે લોખંડ નથી અને છતાં જે શરીરનો નાશ કરે છે, તેને જેઓ ઓળખે છે અને તેમાંથી બચવાના ઉપાય જાણે છે તેમને તેમના શત્રુઓ કાંઇ-જ કરી શકતા નથી. તે પદાર્થ એવો છે કે તે ઘાસ અને લાકડાંનો નાશ કરી શકે છે, પણ ભોંયરાની અંદર ભરાઇ બેઠેલા માણસનો તેનાથી વાંકો વાળ પણ થઇ શકતો નથી. જે આંખો ઉઘાડી રાખીને ચાલે છે તે જ દિશા અને રસ્તો જોઇ શકે છે. રસ્તે ચાલતાં રસ્તાની માહિતી મળી રહે છે. તારાઓ ઉપરથી દિશાની ખબર પડે છે. ધૈર્યહીન માણસ કદી મોટાઇ મેળવી શકતો નથી. યુધિષ્ઠિરે તેજ ભાષામાં જવાબ આપ્યો કે હું સમજી ગયો છું. એટલે પછી વિદુર સૌની રજાની લઇને અતિ ઉદાસ ચિત્તે તેમનાથી છૂટા પડયા.

પછી કુન્તીદેવીએ યુધિષ્ઠિરને પૂછયું કે હમણાં તને વિદુર શું કહી ગયા? યુધિષ્ઠિરે જવાબ દીધો કે તે આપણને ચેતવવા આવ્યા હતા. તેમણે કહ્યું કે 'ભોંયરામાં રહેનારને આગ કશી ઇજા કરી શકતી નથી અને ચારે દિશાએ ભ્રમણ કર્યાથી વાટની ઘાટની બધાની ખબર પડી જાય છે.'

આંધળા ધૃતરાષ્ટ્રે પોતાના પુરોચન નામના એક મંત્રીને અગાઉથીજ વારણાવત મોકલાવ્યો હતો. તે મ્લેચ્છ જાતિનો હતો.÷ તેણે પાંડવોનો ખૂબ ઠાઠમાઠથી સત્કાર કર્યો. તેમને એક સુંદર મકાનમાં ઉતારો આપ્યો અને તેમને વાસ્તે ખાવા-પીવાની તથા સર્વ પ્રકારના આરામની બહુ ઉત્તમ જોગવાઇ કરી દીધી. પાંડવોએ પણ ત્યાંના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચારે વર્ણના લોકોની અને નગરના સૂબાની વારાફરતી

---

× પાશ્ચાત્ય પંડિતો એવું અનુમાન કરે છે કે જે મ્લેચ્છ ભાષાનો અહીં ઉલ્લેખ છે તે ગ્રીક ભાષા હોવી જોઇએ.

÷ આદિપર્વ, ૧૪૧–૧૧. તે પણ ગ્રીક હતો એવું ઘણા અનુ-માન કરે છે.

તેમને ઘેર જઇ જઇને મુલાકાત લીધી અને *સૌને રાજી કર્યાં. આ બાજુએ ધૃતરાષ્ટ્રની આજ્ઞા મુજબ પુરોચને એક મોટો મહેલ તૈયાર કરાવ્યો, અને દશ દિવસ બાદ પાંડવોને તે મહેલમાં રહેવાને આરૂ તેડી ગયો. યુધિષ્ઠિરે તે મકાનને તપાસીને ખાત્રી કરી લીધી કે તે લાખ, ગંધક, શણ, ઘાસ, ચરબી અને ઘી વગેરે ઝટ સળગી ઉઠે એવા પદાર્થો વડે બનાવેલું છે.

તેમણે આ વાત ભીમને કહી ત્યારે તે બોલી ઉઠયો કે "જો એમજ હોય તો આપણે આ મકાનમાં રહેવુંજ ન જોઇએ." પણ યુધિષ્ઠિર કહે, "દુર્યોધન દુષ્ટ, સત્તાવાળો અને પૈસેટકે તેમજ માણસે પૂરો છે; ત્યારે આપણે પૈસેટકે કંગાલ છીએ અને આપણી કુમકે આવીને ઉભું રહે એવું પણ કોઇ નથી. આપણે અહીંથી નાસી જઇશું તોપણ તે પોતાનાં માણસોની મારફતે આપણો ઘાટ ઘડાવી નાખશે. આપણાથી બારે પહોર અને બત્રીસે ઘડી કેવી રીતે સાવધાન રહેવાય?" પછી ઉવટે ગમે તેમ કરીને ત્યાંજ રહેવું એવું તેમણે નક્કી કર્યું. પાંડવો દિવસના તો આજે એક વનમાં તો કાલે બીજા વનમાં એમ દરરોજ શિકારે નીકળી પડતા અને રાત પેલા મકાનમાં બહુ સાવધાનીપૂર્વક પસાર કરતા. એમ કરતાં કરતાં તેમને અહીં આવ્યે એક વરસ વીતી ગયું.

ત્યાર પછી એક દિવસ એક અજાણ્યો માણસ યુધિષ્ઠિરની પાસે એકાન્તમાં જઇને તેમને કહેવા લાગ્યો કે "મને મહાત્મા વિદુરે તમારી પાસે મોકલ્યો છે. તે તમને મ્લેચ્છ ભાષામાં ચેતવણી આપી છે તે ઉપરથી તમે સમજી લેજો કે હું તેમનોજ માણસ છું. હું સુરંગ ખોદવાનો ધંધો કરૂં છું. વિદુરે તમને કહેવડાવ્યું છે કે આ મકાન લાખનું બનાવેલું છે, અને આવતા અંધારીઆની ચૌદશની રાતે પુરોચન તેને આગ લગાડનાર છે. તે દિવસ હવે ઝાઝો દૂર નથી."

પાંડવોના મનમાં વિશ્વાસ બેસતાં તે વખતે એજ મકાનના [illegible] બીજા ભાગમાં પુરોચન પણ રહેવા લાગ્યો. પેલો સુરંગ ખોદનાર બીજા એક [illegible] ખટખટ ન થાય તેમ સુરંગ ખોદવા મંડયો. પછી [illegible]

* [illegible]

[illegible]

છોકરી તેના ભાઈને મારનારના ઉપરજ મોહિત થઈ ગઈ હતી—તેનેજ પરણવા રાક્ષસી બની ગઈ હતી. તમારા આ છોકરા સાથે મને પરણવા દો, એવું તે કુન્તીને કહેવા લાગી. આખરે કુન્તીએ રજા આપી એટલે જંગલમાં ને જંગલમાંજ એઉના હથેવાળો મેળવાયો અને તેમને એક પુત્ર થયો તેનું નામ ઘટોત્કચ પાડ્યું.

આ રાક્ષસો અને રાક્ષસીઓ વસ્ત્ર અને ઘરેણાં પણ પહેરતાં× અને નાના પ્રકારનાં ફૂલ વડે તથા ફૂલની માળાઓ વડે પોતાની જાતને શણગારતાં. તેઓ અનાર્ય જાતિનાં અસભ્ય મનુષ્યોજ હતાં.

પછી એ પાંચ ભાઈઓ પોતાની માતાની સાથે જંગલે જંગલે ભટકવા લાગ્યા અને જંગલી ફળ તથા શિકાર કરીને મારેલાં પશુઓનું માંસ ખાઈને નિર્વાહ કરવા લાગ્યા. એમ કરતાં ઘણા દિવસ પછી, ઘણી ઘણી જાતનાં સંકટ વેઠ્યા પછી, તેઓ એકચક્રા નગરી આગળ આવી પહોંચ્યાં. ત્યાંના એક ગરીબ બ્રાહ્મણે તેમને પોતાના ઘરમાં આશ્રય આપ્યો.

× વનપર્વ, ૧૧-૧૭. આદિપર્વ, ૧૫૩-૧૮

તેઓ તેના ઘરના એક ભાગમાં રહેવા લાગ્યાં. અહીં તેમણે તેમનાં નામઠામ છપાવ્યાં અને ગુપ્ત વેશે રહ્યા. તેઓ આજુબાજુનાં ગામોમાં લોકોને બારણે બારણે ભટકીને ભિક્ષા માગી લાવતા અને તેમ કરીને તેઓ પોતાનું તેમજ પોતાની માયાળુ માતાનું પેટ ભરતા. હવે તેમનાં કપડાં ફાટી જવાથી તેઓ મૃગચર્મ અને વલ્કલ પહેરવા લાગ્યા. માથે પણ વાળ વધી જઈને ખાસ્સી જટા બની ગઈ હતી, અને શરીર પણ રખડી રખડીને મેલાં થઈ ગયાં હતાં. આજે તેમના અસલના રૂપરંગનું નામનિશાન રહ્યું ન હતું કે જેથી કોઈ તેમને ઓળખી કાઢે. પોતીકાં સગાંઓના જુલમને લીધે આજે તેઓ જંગલી માણસના જેવું જીવન ગુજારતા થયા હતા. તેમને માથે દુઃખ અને સંકટ પડવામાં કશી કચાશ રહી ન હતી. પણ દુઃખની પાછળ સુખ ચાલ્યું આવે છે. દુઃખ એ સુખનો જન્મદાતા પિતા છે. સંસારમાં જો દુઃખ ન હોત તો સુખને પેદા કરતજ કોણ? મનુષ્યને ઉત્તેજિત કરીને તેને આગળ ધપાવત પણ કોણ? ખરેખર, દુઃખના જેવો એકે ગુરુ નથી.

એક દિવસ કુન્તી અને તેનો બીજો દીકરો ભીમ બેઉ ઘેર હતાં અને બાકીના ભાઈઓ ભિક્ષા માગવા ગયા હતા. એવામાં પેલા બ્રાહ્મણના ઘરના અંદરના ભાગમાં રડારોળ થઈ રહી. તે સાંભળીને કુન્તી ઉતાવળે પગલે ત્યાં ગઈ. જુએ છે તો પેલો બ્રાહ્મણ અને તેની સ્ત્રી બેઉ રડતાં હતાં. બ્રાહ્મણી બોલીઃ "આજે તો હુજ મારો જીવ આપીશ. લોકો પોતાના સુખને માટે સ્ત્રી પુત્ર વગેરેની કામના કરે છે. જો સ્ત્રી અગર પુત્ર વડે તે કામના સફળ ન થાય તો પછી તેવાં સ્ત્રીપુત્ર જીવતાં હોય તોયે શું અને ન હોય તોયે શું?" બ્રાહ્મણ બોલ્યો, "ના, ના, તું નહિ હુજ મારો જીવ આપીશ. આ ગામની આવી મારી હાલત જોઈને હું તો તને ક્યારનોએ કહ્યા કરતો હતો કે ચાલ, આપણે બીજે નામ જતા રહીએ; પણ તારાથી તારા બાપના ઘરનો મોહ ન છૂટ્યો અને મારી વાત તેં કાને ગણકારી નહિ ત્યારે લે હવે."

આ સાંભળીને કુન્તીએ બહુ દુઃખી થઈને તેમને કહ્યું કે પણ છે શું તે તો કહો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો. "અહીં એક રાક્ષસ રહે છે અને તેને ખાવાને વાસ્તે રોજ એક

એક માણસ અને પુષ્કળ ભાત, શાક વગેરે આપવાં પડે છે
હવે આજે અમારો વારો આવ્યો છે." કુન્તી બોલી, "ત
રખે ફિકર કરતાં. મારે પાંચ દીકરા છે, તેમાંથી એકને તમા
જગ્યાએ મોકલું તો કેમ ?" બ્રાહ્મણને તો આ વાત સાંભળી
શરીરે કમકમાટી આવી ગઈ. તે બોલ્યો, "શું હું મારો જી
બચાવવાને સારૂ બીજાને મારી નંખાવું ? ના, ના, એવું કા
મારે હાથે કદાપિ થનાર નથી." ત્યારે ડોશી બોલી, "તમ
મનમાં લગારે ભય ન રાખવો. મારો બીજો દીકરો એ
છે કે રમત માત્રમાં તે રાક્ષસની ભૂંડી મચડી નાખશે.
આ વાત તમારે કોઇને કહેવી નહિ." ત્યારે બ્રાહ્મણે
કે ભલે તેમ થવા દો. પછી કુન્તીનો બીજો પુત્ર ભીમ ઠ
વેળા વખતે ખાવાની પુષ્કળ સામગ્રી લઈને પેલા રાક્ષ
ઘેર પહોંચી ગયો અને ત્યાં જઇને પોતેજ બધું ખાવા મ
ગયો. રાક્ષસે આવીને તેને એક લાત મારી તોપણ ભ
ખાવાનું પડતું મૂક્યુંજ નહિ. તે તો પહેલાંની માફક ખા
જ ગયો. અસલ કોઇ પણ જાતિનો માણસ કોઇ પણ જાત
માણસનું રાંધેલું અગર અડકેલું ખાઇ શકતો.* ખાઇ ર
પછી બેઉ જણ સામસામા બાઝયા. ભીમે તે રાક્ષસને જમ
ઉપર પટકયો અને તેના વાંસા ઉપર ચઢી બેઠો. પછી
એક હાથે તેની ચોટલી પકડી અને બીજે હાથે તેણે
કસેલા લંગોટનો પટો પકડીને તેના શરીરને ધનુષ્યની
ખેંચીને તેને મારી નાખ્યો. તે દિવસથી તે શહેરના માથ
એક મોટી વિપત્તિ ટળી.

ભીમ આવું કપરૂં જોખમ ખેડવા જવાનો છે, એ
સાંભળીને સૌથી મોટા ભાઇ યુધિષ્ઠિરે માને કહ્યું: "મા,
આવી વિપત્તિના મોઢામાં ધકેલી દેવો યોગ્ય નથી. એના એ
ઉપર જ આપણો બધાનો આધાર અને મુખ્ય આશા
કુન્તીએ જવાબ દીધો: "આ કુટુંબે આપણને આશરો આ
આપણા ઉપર ઉપકાર કર્યો છે. જે આપણા ઉપર ઉપકાર
તેને તેનો બદલો આપવોજ જોઇએ. પોતાના ઉપર જે
ઉપકાર કર્યો હોય તેના કરતાં અનેકગણો બદલો વાળે

* આના સંબંધમાં શાંતિપર્વના પાંચમા પ્રકરણમાં "
પાલક [illegible]" એ મથાળા હેઠળનો વિષય જોવો.

નામ માણસ. સમાજની સુવ્યવસ્થાનો આધાર પરોપકાર-
વૃત્તિના ઉપરજ રહેલો છે. દારૂડીઆ, ચોર અને બ્રહ્મહત્યારાઓ-
ને પણ માફી મળી શકે છે પરંતુ કૃતઘ્ન માણસને કદી મુક્તિ
મળતી નથી. કૃતઘ્નને યશ કેવો, રહેવાનું ઠામ કેવું અને સુખ પણ
કેવું ? પોતાના ઉપર કોઈએ કરેલો ઉપકાર ભૂલી જાય તેને
જરૂર બ્રહ્મહત્યાનું ફળ ભોગવવું પડે છે.” જે સ્ત્રીનું હૃદય આવું
ઉન્નત અને આવું ઉદાર હોય તેના પુત્રોનાં ચરિત્ર પણ ઉજ્જવલ
હોય એમાં આશ્ચર્ય શું ? આપણે દેશની માતાઓને હીણી અ-
વસ્થામાં રાખીને તેમની પાસેથી ઉત્તમ ચારિત્ર્યવાન પુત્રોની
આશા રાખીએ છીએ ! કેટલી મૂર્ખાઇ ! આપણા હાથમાં હીરા
માણેકની ખાણ ખોદવાનું બળ ન હોય ત્યારે છાપરે લાગેલાં કોહો-
ળાં તુંબડામાંથી રત્નો મેળવવાની આશા રાખીએ તેના જેવું છે.

## પ્રકરણ ૧૧ મું—દ્રૌપદીનો સ્વયંવર

હજી તો માત્ર ઉષાનો જ ઉદય થયો છે અને અરુણના
પ્રકાશથીજ પૂર્વ દિશાના આકાશને આંગણે રંગબેરંગી
સાથીઆ પુરાવા લાગ્યા છે. જુદા જુદા રંગની નાની નાની
વાદળીઓ જાણે નાની નાની પરીઓ હોય તેમ ભૂરી, લાલ,
પીળી ઓઢણીઓ ઓઢીને રાજપુત્રીનું લગ્ન જોવા નીકળી પડી
હોય એવો દેખાવ થઇ રહ્યો હતો.

આજે દ્રુપદ રાજાની રાજધાની પૂર ઠાઠમાઠથી શણ-
ગારાઇ હતી. શહેરમાં મોટા ઉંચા દરવાજાઓ અને કમાનો
રચાઇ હતી અને તેના ઉપર બેસીને ચોઘડીઆં વગાડનારા
નાના પ્રકારનાં વાદનો કે મધુર અને ગંભીર સૂરની મેળવણી
કરીને શહેરના ઉપર જાણે અમૃતને છંટકાવ કરી રહ્યા હોય
તેવું સંગીત મચાવવા લાગ્યા હતા. [illegible] પુરુષો પોત
પોતાના [illegible] પહેરીને [illegible]
[illegible]
[illegible]
[illegible]

અંદર ઠેકાણે ઠેકાણે ઉંચા ઉંચા બુરજ હતા અને બુરજની નીચે દરવાજા હતા. એ દરવાજાઓમાં થઇને પ્રેક્ષક સ્ત્રીપુરુષો સાત માળના ચોખૂણીઆ રાજમહેલની વચ્ચે આવેલા વિશાળ આંગણામાં આવી પહોંચ્યાં. ત્યાં આગળ સ્વયંવરને માટે મંડપ રચાયો હતો. એ મંડપની આજે અપૂર્વ શોભા થઇ રહી હતી. નાના પ્રકારની રસિક કારીગરી કરીને તેને પુષ્પનાં તોરણો, પતાકાઓ અને હીરામાણેકથી સુંદર રીતે શણગાર્યો હતો. આવનારાઓ આવતા ગયા તેમ તેમ પોતપોતાના દરજ્જાને યોગ્ય આસનો ઉપર બેસતા ગયા. દ્રુપદ રાજા જાતે આજે સૌને આવકાર આપવા ઉભો હતો.

થોડાક સમય બાદ શરીરે ઉંચો, પહોળી છાતીવાળો અને બળતા અંગારા જેવા રંગનો મહાબળવાન ધૃષ્ટદ્યુમ્ન સુંદર વસ્ત્રાલંકાર સજીને સભામંડપમાં આવ્યો. તેની પાછળ જ હાથણીના જેવી ધીરી ચાલે ચાલતી દ્રૌપદી આવી અને પોતાનો મોટો ભાઇ જ્યાં ઉભો હતો ત્યાં જઇને ઉભી રહી. સૌનાં નેત્ર હવે તેના તરફ ખેંચાયાં અને તેની અપૂર્વ અંગકાન્તિનું સૌ નિરીક્ષણ કરવા લાગ્યાં. બધાંને તે વખતે એવું જ લાગ્યું કે આવું રૂપ મનુષ્યનું તો હોયજ નહિ. એ કોઇ અપ્સરા અથવા દેવલોકની કન્યા હશે. તેને જોતાં જોતાં સૌને પોતાની જાતનું વિસ્મરણ થઇ ગયું અને તેને માટે પોતાના પ્રાણ આપવા પડે તો પ્રાણ આપવા સૌ રાજી હતા.

દ્રૌપદીના શરીરનો વર્ણ ભૂરા કમળની પાંદડી જેવો આંખને ગમે તેવો હતો. મંદ મધુર સ્મિતથી તેના બે પાકાં બિંબાફળ જેવા રતુમડા હોઠ જરા જરા વિકસી રહ્યા હતા. તેનાં નેત્ર કમળની પાંખડી જેવાં વિશાળ હતાં. વાળ કાળા અને વાંકડીઆ હતા. શરીરના એકે એક નાના મોટા અવયવ ઘાટીલા અને લાવણ્યવાળા હતા. યૌવનની ભરતીના વેગથી તેનું રૂપ તેના શરીરમાંથી ઢળી પડતું હતું, અને તેનાથી તેનું આખું શરીર રૂપમય બની ગયું હતું.

પછી ધૃષ્ટદ્યુમ્ન મેઘના જેવા ગંભીર સ્વરે બોલવા લાગ્યો: "નૃપતિઓ! આ તમારી સામે ધનુષ્ય છે તેના ઉપર પણછ ચડાવીને, ઉપર આકાશમાં એક યંત્ર ગોઠવ્યું છે તેના છિદ્રમાં થઇને બાણ વડે યંત્રની ઉપર મૂકેલા લક્ષ્યને જે વીંધશે

[illegible]જ આ મારી પ્રિય બહેન પતિ તરીકે પસંદ કરશે."*

આટલું બોલ્યા પછી તે દ્રૌપદીને સંબોધીને બોલ્યોઃ [illegible]પ્રિય બહેન! દુર્યોધન, દુઃશાસન, યુયુત્સુ, કર્ણ, શકુનિ, [illegible]શ્વત્થામા, વિરાટ, મદ્રદેશનો રાજા શલ્ય, કલિંગ દેશનો રાજા, [illegible]ાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત, પૌંડ્ર દેશનો રાજા વાસુદેવ, [illegible]ામ્રલિપ્તનો રાજા, બંગદેશનો રાજા, કૃષ્ણ, બલરામ, સાત્યકિ, [illegible]તવર્મા, જયદ્રથ, શિશુપાલ, જરાસંધ વગેરે નામાંકિત પુરુષો [illegible]ને પરણવા સારૂ આ લક્ષ્યભેદ કરવા આવ્યા છે. એઓમાંથી [illegible]જે કોઇ લક્ષ્યભેદ કરી શકે તેને જ તારે પસંદ કરવાનો છે."×

આ બધા દ્રૌપદીને પરણવાની આશાએ ઘણે ઘણે દૂરથી આવ્યા હતા, પણ ઉંચે આકાશમાં ગોઠવેલું યંત્ર જોઇને રાજાઓના મોતીઆ મરી ગયા–આવું અત્યંત વિકટ લક્ષ્ય જોઈને સૌ નિરાશ થઇ ગયા.

થોડી વાર પછી કેટલાક રાજાઓ જ્યાં આગળ ઉભા રહીને નિશાન તાકવાનું હતું ત્યાં આગળ વારાફરતી જઇ આવ્યા, પણ કોઇથી પેલા મોટા ધનુષ્યના ઉપર પણછ પણ ચઢાવાઈ નહિ. ક્ષત્રિય રાજા દુર્યોધન, સૂતપુત્ર કર્ણ, બ્રાહ્મણ-પુત્ર અશ્વત્થામા, બંગ દેશનો રાજા, પૌંડ્ર દેશનો રાજા, કલિંગનો રાજા, અને કેટલાક યવન રાજાઓ પણ આવી આવીને પ્રયત્ન કરી ગયા,– પણ કોઇ સફળ થયો નહિ. કેટલાક તો ધનુષ્યની પણછ ચઢાવવા જતાં ધનુષ્યના ઉછળ-

* [illegible] મહાભારતમાં તો અર્જુને વીંધેલા નિશાનનું આટલું- [illegible] વર્ણન છે [illegible] ઉભા રહીને, પાણીની [illegible]માં [illegible] [illegible] [illegible] આપણા [illegible] પરાક્રમ [illegible] [illegible]

× [illegible] દૈત્ય [illegible] કર્ણ, [illegible] દ્રૌપદીને [illegible] ધૃષ્ટદ્યુમ્ન [illegible]

[illegible] નહિ.

વાથી જમીન ઉપર પટકાઇજ પડયા. આ રીતે રાજા[illegible] ભોંઠા પડીને લજવાઇ જઇને નીચું મોઢું કરીને પોતા[illegible] જગ્યાએ પાછા જવા લાગ્યા. પછી તો કોઇની આગળ આવ[illegible] ની હિંમત જ ન ચાલી અને એમ ને એમ ઘણો વખ[illegible] નીકળી ગયો. ત્યારે છેવટે જે બેઠકો ઉપર બ્રાહ્મણો બે[illegible] સતા તેમાંથી શરીરે ઉંચો, રંગે શ્યામળો, બળવાન, સું[illegible] શરીરવાળો એક જણ ઉભો થયો અને સિંહની ચાલે આ[illegible] રૂઆબભેર નિશાન તાકવાની જગ્યાએ જઇને ઉભો. ખૂ[illegible] સુરત દ્રુપદ રાજકુમારી તરફ એક મનોહર દષ્ટિપાત કરી[illegible] તેણે ફૂલની માફક તે પ્રચંડ ધનુષ્ય ઉપાડયું અને આંખ[illegible] પલકારામાં તેની પણછ ચડાવીને ટંકાર કર્યો. તેના ધનુ[illegible] માંથી [illegible] વેગે એક બાણ છૂટયું અને તેનાથી પે[illegible] [illegible] વીંધાઇને જમીન પર તૂટી પડયું.

[illegible] મંગલ ધ્વનિ કરીને તેના પ[illegible] [illegible] અને [illegible] શુભ અને મધુર વાજી[illegible] [illegible] શ્યામવર્ણી દ્રૌપદી [illegible] આગળ આવી [illegible] [illegible] સફળ થએલા પુરુષને ગળે વરમાળા પ[illegible] [illegible] પતિ તરીકે તેણે પસંદ કર્યો. બ્રાહ્મ[illegible] [illegible] તેઓ એમ સમજ્યા કે અમારામાંથી [illegible] [illegible] જીતી ગયો.

[illegible] પ્રૌઢ પ્રતાપવાન રાજાઓ [illegible] [illegible] આવી રૂપાળી રાજકન્ય[illegible] [illegible] કેમજ સહન થઇ [illegible] [illegible] યુદ્ધ કરવા તૈયાર થઇ ગયા [illegible] [illegible] વગર સિંહની મા[illegible] [illegible] મંડપમાંથી બહાર આવે[illegible] [illegible]

ટકતી હતી. તે મહાવ્રતનો તેણે આ ક્ષણથી જ આરંભ
ર્યો. આ અસાધારણ નારીના વિચિત્ર જીવનના ઇતિહાસનાં
ષ્ઠ હવે એક પછી એક આપણાં નેત્ર સમક્ષ આવતાં જશે
મ તેમ આપણને અપાર આનંદસાગરમાં ડૂબાવી દેશે.

હવે એક બાજુએ નાસીપાસ થએલા રાજાઓ અને બીજી
બાજુએ પેલા વિજયી બ્રાહ્મણ વચ્ચે ભયંકર યુદ્ધ મંડાયું.
આ લડાઈમાં તેની કુમકે ઉભો રહેનાર એકલો તેનો વચટ
ભાઈ જ હતો. કર્ણ, દુર્યોધન, શલ્ય વગેરે રાજાઓ આ બ્રાહ્મ-
ણની સાથે લડાઇમાં ઉતર્યા, પણ તે બધાએ હાર ખાધી અને
છેલે મોટે અપકીર્તિ વહોરીને પાછા હઠયા. પરંતુ ફરી
વાર પાછા ભેગા થઈને તેના ઉપર તુટી પડયા. ત્યારે કૃષ્ણે
તેમને કહ્યું કે 'આ બ્રાહ્મણકુમાર ધર્માનુસાર દ્રૌપદીનો પતિ
થયો છે. માટે હવે તમે તેની સાથે લડો તે અન્યાય કહે-
વાય." એટલે બધા નીચી નજરે ત્યાંથી ચાલતા થયા.

હવે પેલા બે ભાઇ દ્રૌપદીને લઇને એજ નગરની બહાર
એક કુંભારને ઘેર ગયા. ત્યાં તેમની માતા પણ હતી. વચલા
ભાઇએ બહાર રહ્યાં રહ્યાંજ બૂમ પાડી, "બા, બા, જો તો
ખરી! અમે આજે ભિક્ષામાં શું લાવ્યા હોઇશું?" માએ
ઘરમાં રહ્યાં રહ્યાંજ જવાબ આપ્યો કે જે લાવ્યા હો તે પાંચે
ભાઇ ભોગવજો. એમ બોલતી બોલતી તે બહાર આવી ત્યારે
તો આ બધું જોઇને હર્ષ અને વિસ્મયથી ગાંડી ઘેલી બની ગઇ.

થોડી વાર પછી સૌથી મોટો ભાઈ ઘેર આવ્યો ત્યારે
ડોશીએ તેને કહ્યું: "હું જોયા જાણ્યા વગર બોલીને એક મોટી
ભૂલ કરી બેઠી છું. મેં કહ્યું કે 'જે લાવ્યા હો તે પાંચે ભાઇ
ભોગવજો.' હવે મારા બોલની આમન્યા જળવાય અને દ્રૌપદીને
પાપ ન લાગે એવો રસ્તો તું શોધી કાઢ."*

ત્યાર પછી બધાંએ ખૂબ ચર્ચા કર્યા પછી નક્કી કર્યું
કે બધા ભાઇઓએ દ્રૌપદીને પરણવું.

એવામાં કૃષ્ણ અને બલરામ ત્યાં આવી પહોંચ્યા અને
પોતે કોણ છે તે કહ્યું. કૃષ્ણની સાથે તેમનું આ પહેલીજ
વારનું મિલન હતું સૌથી મોટા ભાઇએ કૃષ્ણને પૂછયું, "તમે
અમને કેવી રીતે ઓળખ્યા?" કૃષ્ણે હસીને જવાબ દીધો,

* આદિપર્વ, ૧૯૧, ૪-૫.

"રાખથી ઢંકાએલો અગ્નિ કાંઈ છૂપો રહે ? જગતમાં તમારા સિવાય આવું પરાક્રમ કરનાર છે જ કોણ ?" પછી થોડી વાર બીજી કેટલીક વાતચીત કર્યા બાદ કૃષ્ણે તેમને કહ્યું: "હવે અમે અહીં વધારે વાર રહીશું તો સૌ તમે કોણ છો તે જાણી જશે." એમ કહી કૃષ્ણ અને બલરામ ત્યાંથી ઉઠીને પોતાના તંબુ તરફ ચાલ્યા ગયા.

બીજે દહાડે સવારમાં દ્રુપદ રાજાનો પુરોહિત ત્યાં આવી પહોંચ્યો. તેણે સૌથી મોટા ભાઈને કહ્યું: "દ્રૌપદીએ વરમાળા કોને પહેરાવી તેની ખબર ન હોવાથી દ્રુપદ રાજા ઘણી ચિન્તામાં છે." યુધિષ્ઠિરે હસીને ઉત્તર આપ્યો: "દ્રુપદ રાજાએ પ્રતિજ્ઞા લીધી હતી કે જે લક્ષ્યભેદ કરશે તેને હું મારી પુત્રીનું કન્યાદાન આપીશ. મારા ત્રીજા ભાઈએ એ શરત પ્રમાણે લક્ષ્યભેદ કર્યો છે. હવે અમારી જાત, કુળ, ગોત્ર, એ બધાનું તમારે કામ જ શું છે ?"×

ત્યાર પછી તરત જ એક રાજદૂત આવીને તેમને રાજ્યધાનીમાં તેડી ગયો. દ્રુપદ રાજાએ તેમને પૂછ્યું કે તમે કોણ છો તે કહો. તેના જવાબમાં સૌથી મોટા ભાઈએ પોતાનો બધો આગલો ઇતિહાસ કહ્યો અને છેવટે ઉમેર્યું કે "પુરોચન અમને લાક્ષાગૃહમાં બાળી મૂકવા માગતો હતો તેટલા માટે ભીમે તેનાજ સૂવાના ઓરડાને પહેલી આગ લગાડી અને અમે બધા ભાઈઓ અમારી મા સાથે સુરંગને રસ્તે ત્યાંથી નાસીને જંગલમાં પેઠા. તેજ રાત્રે એક નિષાદ જાતિની સ્ત્રી તેના પાંચ છોકરાઓની સાથે ખૂબ દારૂ પીને એજ મકાનમાં એક જગ્યાએ બેહોશ હાલતમાં સૂતી હતી. સવારે તેમનાં બળેલાં મુડદાં જડયાં તે ઉપરથી આંધળો રાજા એમ સમજી બેઠો કે અમે બળી મુઆ છીએ. ત્યાંથી નાઠા નાઠા અમે એકચક્રા નગરીમાં આવીને રહ્યા અને ત્યાંથી આવીને અર્જુને લક્ષ્યભેદ કર્યો છે.

આ સાંભળીને દ્રુપદ રાજાના હૈયામાં હર્ષ માયો નહિ. તેણે તરત જ આ સમાચાર અંતઃપુરમાં કહેવડાવ્યા એટલે સ્ત્રીવર્ગમાં પણ આનંદ આનંદ થઈ રહ્યો.

પછી યુધિષ્ઠિરે દ્રુપદ રાજાને કહ્યું: "અમારી માતાની અમને આજ્ઞા છે કે અમારે પાંચે ભાઈઓએ દ્રૌપદીની સાથે

× આદિપર્વ, ૧૯૩–૨૨, ૨૩, ૨૮.

પરણવું." એ સાંભળીને દ્રુપદરાજ સ્તબ્ધ બની ગયો. તે બોલ્યો, "તમે આવા ધાર્મિક છો છતાં આવી અઘટિત વાત કેમ કરો છો?" યુધિષ્ઠિર કહે, "માતા એજ પરમ ગુરુ છે. તેની આજ્ઞાનું પાલન કરવું એ જ ધર્મ છે. વળી અગાઉ પણ સાત તપસ્વી ઋષિઓ જટીલા નામની એક સ્ત્રીને પરણ્યા હતા. એ સિવાય બીજા પણ દશ ભાઈઓ એક ઋષિની કન્યાને પરણ્યા હતા.× એવામાં ત્યાં વેદવ્યાસ આવી પહોંચ્યા તેમણે પણ યુધિષ્ઠિરની વાતને ટેકો આપ્યો.*

પછી પાંચે ભાઈઓનાં લગ્ન ભારે ઠાઠમાઠ સાથે થયાં. રોજ અક્કેકો ભાઈ ક્રમવાર દ્રૌપદીને પરણ્યો તેથી તેમના લગ્નનો સમારંભ પાંચ દિવસ સુધી ચાલ્યો.§ દ્રુપદ રાજાએ તેમને પુષ્કળ ધન, ભાતભાતનાં રત્નો અને બીજાં નાના પ્રકારનાં રાચરચીલાં પહેરામણીમાં આપ્યાં. કૃષ્ણે પણ તેમને પુષ્કળ સુવર્ણ તથા બીજી કિંમતી વસ્તુઓની ભેટ કરી. આ રીતે પાંડવોએ પાર વગરનાં સંકટ વેઠ્યા પછી છેવટે તેમને એક બળવાન રાજાની સહાય મળી. તેમની નૌકા તોફાની સમુદ્રનાં મોજાંના ધક્કા ખાતી ખાતી આખરે એક અનુપમ રત્નની પ્રાપ્તિ કરીને એક બંદર આગળ આવીને લાંગરી.

---

× આદિપર્વ, ૧૯૬-૧૪, ૧૫, ૧૬.

* ટીબેટમાં હજી બધા ભાઈ મળીને એકજ સ્ત્રીને પરણે છે. (ટીબેટ, ધી મીસ્ટીરીયસ, ઓ કર્વિસ ઇન ટીબેટ. એન્સાઇક્લોપીડીઆ બ્રીટાનીકા-૯મી આવૃત્તિ, ખંડ,૨ પૃ.૮૨૩.) નેપાળમાં પણ હજી આ રિવાજ ચાલુ છે. (મૉડર્ન રિવ્યુ-૧૯૧૬) હિમાલયની કેટલીક પહાડી જાતોમાં હજી આવીજ જાતના લગ્ન થાય છે (સીવીલીઝેશન ઇન એન્શિયન્ટ ઇન્ડીઆ [illegible]) કદાચ ભારતના દુર્ગમ ભાગમાં એક સ્ત્રી એક કરતાં વધારે પુરુષોને એકસાથે પરણી શકે છે (મૉડર્ન રિવ્યુ, મે ૧૯૧૨ પૃ. [illegible]) [illegible] એક સ્ત્રીને ઘણા પતિ હોય છે [illegible]

§ [illegible]



# २–सभा पर्व

## પ્રકરણ ૧ લું—પાંડવોએ ઇંદ્રપ્રસ્થ વસાવ્યું.

હવે ધૃતરાષ્ટ્ર રાજાને તથા બીજા બધાને ખબર પડી ગઇ કે પાંડવો લાક્ષાગૃહમાં બળી મુઆ એ વાત ખોટી હતી; અને હવે તો તેઓ દ્રુપદ રાજાની પુત્રીને પરણીને એક બળવાન રાજાની મદદ મેળવવા ભાગ્યશાળી થયા છે. ત્યારે હવે શત્રુનો નાશ કરવાનો વધારે સહેલો અને નિર્ભય ઉપાય શો, તેનો તેઓ બધા વિચાર કરવા લાગ્યા. દુષ્ટ દુર્યોધનનો અભિપ્રાય એવો હતો કે વળી પાછો તેમની સાથે બંધુભાવનો દેખાવ કરીને અગાઉ જે કર્યું હતું તેનું પુનરાવર્તન કરવું. ત્યારે કર્ણ બોલ્યો: "પાંડવો જ્યારે નાના હતા તે વખતે તમે આ બધાજ ઉપાય અજમાવ્યા હતા, પણ તેમાં તમારૂં કશું વળ્યું નહિ. ત્યારે હવે તો તેઓ મોટા અને બળવાન બન્યા છે. હવે તો તેમના ઉપર ખુલ્લેખુલ્લો હુમલો કરીને તેમને ઠા કર્યા વગર બીજો ઉપાયજ હું દેખતો નથી." ધૃતરાષ્ટ્ર રાજ બોલ્યો: "મારો અને તારો બેઉનો એકજ અભિપ્રાય છે." પણ રખેને વિદુર પોતાના મનની વાત જાણી જાય તેટલા માટે કો કોઇ વાર પાંડવોની તરફેણમાં પણ એકાદ બે વાત કહી નાખતો

એક વાર ધૃતરાષ્ટ્ર રાજા પોતાનો દરબાર ભરીને બે હતો તેવામાં ભીષ્મદેવે કહ્યું: "રાજાજી! પાંડવોને રાજ્ય અડધો હિસ્સો આપવો જોઇએ. તેમ નહિ કરો તો બેઉમાં એકકે સુખી થવાના નથી. મારે તો તમે અને તેઓ બેઉ બ બર છે. ખાસ કરીને તો આ રાજ્યજ તેમના બાપનું છે. ઉપરાંત તેઓ કાંઇ જેવા તેવા નથી; પણ બળવાન લડવૈયા

* આદિપર્વ, ૨૦૨–૧,૨

હાવીર પુરુષો છે. તેમની સાથે લડવા જેટલું બળ હું કોઇ-
ામાં જોતો નથી; અને કોઇનાથી તેમની આંખમાં ધૂળ પણ
ંખાવાની નથી." આટલું કહ્યા પછી ભીષ્મે દુર્યોધન તરફ
દૃષ્ટિ કરીને કહ્યું કે "આ સંસારમાં યશ એજ મોટામાં મોટી
સંપત્તિ છે. જે યશસ્વી થાય છે તેજ ચિરંજીવ બને છે.
જેણે યશ નથી મેળવ્યો તેનું જીવ્યું ફોકટ છે. તે જીવતો હોય
તોયે શું અને મરે તોયે શું ! માટે તું યશ મેળવવા તરફ લક્ષ
આપતો જા. લાક્ષાગૃહ બળી ગયું તેનાથી તારા નામને ભારે
બટ્ટો લાગ્યો છે. માટે હજી કાંઇ ધર્મકાર્ય કર કે જેથી તારૂં
નામ લોકો યાદ કરે." આંધળો ધૃતરાષ્ટ્ર તો એમજ સમજ્યો
કે આ બધું ભીષ્મદેવે મનેજ કહ્યું.

દ્રોણાચાર્ય બોલ્યા: "રાજાને વાજબી સલાહ આપવી
એ જ અમાત્યોનો ધર્મ છે. એટલા માટે હું કહું છું કે
ભીષ્મદેવ જે કહે છે તે જ આપે કરવું ઉચિત છે."

કર્ણ બોલી ઉઠયો: "રાજાધિરાજ ! ભીષ્મદેવ અને
આચાર્ય આપનુંજ અન્ન ખાય છે છતાં પણ જેથી આપને જ
નુકસાન થાય એવીજ સલાહ હમેશાં આપને આપ્યા કરે છે.
તેઓ મોઢેથી આપનું હિત કરવાનો દેખાવ કરે છે, પણ કાર્યમાં
તો પાંડવોનુંજ ભલું તાકે છે."

આ સાંભળીને આચાર્ય બોલ્યા: "કર્ણ ! તું આવું બોલે
છે તે સારૂં નથી કરતો. તારા મનમાં પાંડવોને માટે વેર
છે, તું તેમની હમેશાં મનથી હિંસા કરે છે તેથીજ તારા
મોંમાંથી આવા બોલ નીકળી જાય છે. મેં જે કહ્યું છે તે સાચુંજ
કહ્યું છે અને અમારી સલાહ નહિ માનો તો યાદ રાખજો
કે આખા કૌરવવંશમાંથી કોઇ જીવતો રહેનાર નથી."

પછી વિદુરે તો આવેગપૂર્ણ અને જુસ્સાદાર ભાષણ
આપ્યું: "રાજાજી ! ભીષ્મદેવ અને દ્રોણાચાર્યના કરતાં કયો
તમારો વધારે હિતચિન્તક છે તે બતાવશો ! તેમના જેવો
બુદ્ધિમાન અને એક વીર પુરુષ કોણ છે તે તો હું જોઉં!
અને તેઓજ કહે છે કે પાંડવોને લડાઇમાં જીતાવાના નથી.
ખરી વાત એ છે કે તેમના એક બાજુએ પરાક્રમ અને
બીજી બાજુએ દયા, ક્ષમા, ધૈર્ય સત્ય નિષ્ઠા એ એના એજ
રહ્યો છે તેમને હરાવાય જ કેવી રીતે ! વળી હવે તો દ્રુપદ

રાજા તેમનો સસરો થયો છે અને ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડી તેમના સાળા થયા છે. બલરામ અને સાત્યકિ તેમની કુમકે છે અને કૃષ્ણ તેમના મિત્ર અને ખાસ સલાહકાર છે. આવા સ્વજનોવાળા પાંડવોને હરાવે એવો કોણ છે? જેના પક્ષમાં કૃષ્ણ ઉભા છે તેનોજ જય થશે, એ તમે ખાત્રીથી માની લેજો. તમે દુર્યોધન કર્ણ અને શકુનિનું કહ્યું કરો છો, પણ તેઓ અધાર્મિક, બુદ્ધિવગરના અને હજી છોકરમતના છે. તમારે તેમની સલાહ પ્રમાણે ચાલવું ઘટે નહિ. લાક્ષાગૃહને લાગેલી આગથી તમારા ઉપર ભારે કલંક ચોંટયું છે. હવે એ કલંક તમારે ધોઇ નાખવું જોઇએ."

હવે આંધળો રાજા સમજી ગયો કે જ્યાં બધાજ પાંડવોના તરફ ફરી બેઠા છે ત્યાં પછી એકલા કર્ણનું શું ચાલવાનું છે? એટલે તે નરમ મીઠે અવાજે બોલ્યો: "વિદુર! તમે બધા કહો છો તેમજ કરીશ. તમે પાંડવો પાસે જઇને તેમને ધન, રત્ન અને અલંકારોની ભેટ આપીને રાજી કરો અને તેમનો મારા તરફથી ખૂબ ભાવપૂર્વક સત્કાર કરીને અહીં તેડી લાવો. લાક્ષાગૃહમાં એકાએક આગ લાગી અને તેમાં તેમના જીવને કશી આંચ ન આવી એ કાંઈ મારૂં થોડું સદ્‌ભાગ્ય છે?"

આ સાંભળીને વિદુરને ભારે સંતોષ થયો અને તેજ સમયે પાંચાલ દેશ જવા ઉપડી ગયા. ત્યાં જઇને પાંડવોને રાજા ધૃતરાષ્ટ્રના તરફથી ધન, અલંકાર અને રત્ન વગેરેની ભેટ કરી. પછી દ્રુપદ કૃષ્ણ અને બલરામની અનુમતિ લઇને પાંચે ભાઈઓ દ્રૌપદી અને કુન્તીની સાથે હસ્તિનાપુર આવી પહોંચ્યા. તેમને જોઇને તમામ પ્રજાજનોએ ભારે હર્ષ જાહેર કર્યો. ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને કહ્યું: "તમને હું અડધું રાજ્ય કાઢી આપું છું. હવે તમે બધા ખાંડવપ્રસ્થમાં જઇને રહો કે જેથી તમારે અને દુર્યોધનને કશો ઝઘડોજ ન થાય."

ખાંડવપ્રસ્થ એ તો યમુનાને કિનારે આવેલું મોટું જંગલ જ હતું. પાંડવોએ ત્યાં જઇને પહેલું જંગલ સાફ કર્યું અને કૃષ્ણ તથા બલરામની મદદથી તેની અંદર એક સુંદર શહેર રચાવવા લાગ્યા. હજારો કારીગરો અને મજૂરો રોજ રોજ કામે વળગી પડ્યા. મોટી પહોળી સડકો, રોનકદાર હવેલીઓ, ફરવા હરવાના બગીચા, ચિત્રશાળાઓ, જળા-

ો, એ બધું જ તૈયાર થઇ ગયું. નગરની આસપાસ કોટ
ણાવ્યો અને કોટની ચારે બાજુએ ઉંડી ખાઇ ખોદાવી.
ડવોએ એ નગરની અંદર જાતજાતના બગીચાઓનો મોટો
ડાર કર્યો અને તરેહતરેહનાં યંત્રો ગોઠવી દીધાં.* દેશ-
ના વેપારીઓ, કારીગરો અને બીજા લોકોને આકર્ષીને
ાબાદ નગર બનાવ્યું. એ પ્રમાણે જે સ્થાન એક વાર નિર્જન
ંગલ હતું ત્યાં ધીરજ, ખંત અને અવિરત પરિશ્રમને પરિ-
ામે થોડાજ વખતમાં એક મોટું નગર ઉભું થઇ ગયું. પછી
નું અસલ નામ ખાંડવપ્રસ્થ હતું તે બદલીને તેને "ઇન્દ્ર-
રસ્થ" એવું ગૌરવવાળું નામ આપ્યું.× એ ઇન્દ્રપ્રસ્થને વટયે
આજે કેટલાએ સૈકા વીતી ગયા છે. આજે માટી અને પૂળ
સિવાય તેમાંનું કોઇ જ રહ્યું નથી તોપણ જ્યારે પુરાણા દિલ્હીના
મધ્યભાગમાં મુસાફરને લઇ જઇને અસલ અહીં ઇંદ્રપ્રસ્થ
નગર હતું એવું જ્યારે તેને ભોમિયા બતાવે છે ત્યારે તેનું
હૈયું ભરાઇ જાય છે અને નેત્ર ભીનાં થાય છે.

ત્યાર પછી પાંડવોએ બીજા ઘણા દેશ જીતીને પોતાના
બાહુબળના પ્રતાપે એક મોટું સામ્રાજ્ય ઉભું કર્યું. આખો
પંજાબ પ્રાંત તેની અંદર સમાઇ જતો હતો. તેના તેજ
આગળ તેમના બાપદાદાનું હસ્તિનાપુરનું રાજ્ય પણ ઝાંખું
પડી ગયું. હવે તે રાજ્યની પાંડવોને જરા જેટલી પણ દર-
કાર ન હતી. તેમનું લક્ષ તો હવે કૃષિ, હુન્નરઉદ્યોગ અને
વ્યાપારનો વિકાસ કરીને આ નવા રાજ્યની ઉન્નતિ કરવામાં-
જ ચોંટયું હતું. પોતાની પ્રજાના કલ્યાણ ઉપરજ નજર રાખી-
ને તેઓ રાજ્યવહીવટ ચલાવ્યે જતા હતા. પ્રજા પણ ચારે
બાજુએથી તેમના યશના પડઘા સાંભળીને મનમાં ખૂબ
રાજી થતી હતી. જગતમાં જેમનો યશ ગવાય તેમના જીવ-
તરને જ ધન્ય છે.

---

* આદિપર્વ, ૨૦૭-૩૪,૩૫.
× આદિપર્વ, અ૦ ૨૦૭

# પ્રકરણ ૨ જું—અર્જુન અને સુભદ્રાનું લગ્ન

ઇન્દ્રપ્રસ્થમાં પાંચ પાંડવોએ પોતાને માટે એક એવો નિયમ કરી રાખ્યો હતો કે જ્યારે પણ ગમે તે કોઇ ભાઇ દ્રૌપદીની સાથે એકાન્તમાં બેઠો હોય ત્યારે ત્યાં જવું નહિ અને જે કોઈ આ નિયમનો ભંગ કરે તેણે બાર વર્ષ વનવાસ કરવો. એક વાર લૂંટારાની એક ટોળી કોઇ બ્રાહ્મણની ગાયો હાંકી લઈ ગઇ. બ્રાહ્મણ અર્જુનની પાસે ફરિયાદ કરવા આવ્યો. હવે આ વખતે યુધિષ્ઠિર અને દ્રૌપદી શસ્ત્રભંડારમાં બેઠાં હતાં. અર્જુનને હથિયાર લેવાને માટે ત્યાં ગયા વગર છૂટકોજ ન હતો. તેથી તેણે ત્યાં જઇને પ્રથમ તો મોટા ભાઈને નમસ્કાર કર્યા અને પછી હથિયાર લઇને બહાર નીકળી ગયો. બ્રાહ્મણની ગાયોને લૂંટારાના હાથમાંથી છોડવીને તેને પાછી આપી. તેના ભાઇઓએ તેને ઘણોએ સમજાવ્યો તોપણ તે સત્યનું પાલન કરવાના ઉદ્દેશથી બાર વર્ષ વનવાસ કરવાને માટે નીકળી પડયો.

એ બાર વર્ષ દરમ્યાન તે અનેક તીર્થ જોઇ વળ્યો. ગંગા નદી જ્યાં આગળ સમુદ્રને મળે છે તે દેશના અનાર્ય નાગ જાતિના રાજાની વિધવા પુત્રી ઉલૂપી સાથે તેણે લગ્ન કર્યું. અસલ આપણા દેશમાં વિધવાવિવાહનો રિવાજ હતો.* ત્યાંથી નીકળીને મણિપુર ગયો અને ત્યાંની રાજકુમારી ચિત્રાંગદાને પરણ્યો. તે પણ અનાર્ય જાતિની કન્યા હતી. ત્યાર પછી તે પશ્ચિમ તરફ વળ્યો અને ×પશ્ચિમસમુદ્રને કાંઠે આવેલાં તીર્થો અને રાજ્યોની તેણે મુલાકાત લીધી. અસલ સમુદ્રયાત્રાનો પણ કોઇ નિષેધ કરતું ન હતું.÷ એમ કરતાં કરતાં તે દ્વારકા આવી પહોંચ્યો. અર્જુન ત્યાં રહ્યો તે દરમ્યાન રૈવતક પર્વત ઉપર એક ઉત્સવ થયો અને ત્યાં પુષ્કળ

* આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "વિધવા વિવાહ" એ મથાળા હેઠળનો વિષય જોવો.

× આદિપર્વ, [illegible].

÷ આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "સમુદ્રયાત્રા" એ મથાળા હેઠળનો વિષય જોવો.

સ્ત્રીપુરુષો નિઃસંકોચપણે હરીફરીને મોજ કરવા લાગ્યાં. તેમની સાથે કૃષ્ણની લાવડી બહેન સુભદ્રા પણ આવી હતી. તે ઘણી રૂપાળી અને મનમોહક યુવતી હતી. અર્જુનની નજર તેના ઉપર પડી. બેઉ જણ વચ્ચે તારામૈત્રક રચાયું અને બેઉ એકબીજા ઉપર મોહિત થયાં. બેઉમાંથી કોઇ કશું બોલ્યાં ચાલ્યાં નહતાં, છતાં બેઉએ એકબીજાને પોતાના દિલની વાત કહી દીધી હતી. આ વાત ચાલાક કૃષ્ણની નજર બહાર ન હતી. હવે પોતાનો મનોરથ શી રીતે પાર પાડવો તેની યુક્તિ તેમણે પોતાના પ્રિય મિત્ર અર્જુનને બતાવી દીધી.

અર્જુન કૃષ્ણનાજ રથમાં બેસીને શિકારને બહાને દ્વારકાની બહાર નીકળી ગયો. તેજ વખતે રૈવતક પર્વત ઉપરના ઉત્સવમાંથી ઘેર પાછી ફરતી સુભદ્રા તેને રસ્તામાંજ મળી ગઈ. સુભદ્રાને તો ગમતી જ વાત છે એમ જાણીને અર્જુને તેને પોતાના રથમાં ખેંચી લીધી× અને તરત જ પોતાના દેશ તરફ પૂરવેગે રથને હંકારી મૂક્યો.

આ સમાચાર વાયુવેગે દ્વારકા પહોંચી ગયા; બધા યાદવો હથિયાર સજીને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. ત્યારે બલરામ કહે કે "તમે બધા યુદ્ધ કરવા તો જાઓ છો, પણ કૃષ્ણ બોલ્યા ચાલ્યા વગર બેસી રહ્યા છે તે જુઓ છો ને ? પહેલાં તેમનો અભિપ્રાય શો છે તે જાણી લ્યો અને પછી જે કરવું ઘટે તે કરો." ત્યારે સૌ કૃષ્ણને પૂછવા લાગ્યા. કૃષ્ણ કહે કે "આપણે પૈસાના લાલચુ નથી તે અર્જુન જાણે છે, તેથી આપણને પૈસાથી રાજી કરીને આપણા કુટુંબની કન્યાને પરણવાની તેણે વાત કરી નહિ. અને કન્યાને તે આજકાલ કોઇ વેચે છે ? વળી કન્યા કાંઈ ઢોર નથી, ગાય નથી કે તેને દાનમાં અપાય. એવા કન્યાદાનને પણ આજ કોઇ પસંદ કરતું નથી.× એ છોકરીનો સ્વયંવર કરાવીએ તો તેમાં પણ અર્જુનને વરે કે ન વરે એ નક્કી ન કહેવાય. એટલે બધી બાજુનો સામટો વિચાર કરીને જ અર્જુન તેને ઉપાડી ગયો છે. તેથી કરીને તેણે આપણા કુળને અપમાન પહોંચાડયું નથી. ઉલટું, તેણે આપણી શોભામાં વધારો

* મૂળમાં "ભામિની" શબ્દ છે, પણ વર્ધમાન રાજકુટુંબવાળી આવૃત્તિમાં તેનો અનુવાદ કરતાં "સાભિલાષા" શબ્દ યોજ્યો છે.

× આદિપર્વ, ૨૨૧–૪.

કર્યો છે. તે એક તો રાજકુમાર છે, મહાપરાક્રમી છે અને ક્ષત્રિય જાતિના ભૂષણરૂપ છે. એટલે તે બધી રીતે સુભદ્રાને પરણવાને લાયક છે. મારો અભિપ્રાય તો એવો છે કે આપણે તેમને પાછાં તેડી લાવીને તેમને પરણાવી દેવાં જોઇએ." હવે કૃષ્ણના અભિપ્રાયની કોણ વિરુદ્ધ પડે? એટલે આખરે તેમનું જ કહ્યું થયું, અને અર્જુન તેના મામાની દીકરીને પરણ્યો. થોડા વખત પછી તેની બાર વરસની પ્રતિજ્ઞાની મુદત પણ પૂરી થઈ એટલે તે સુભદ્રાને લઇને ઇન્દ્રપ્રસ્થ પાછો આવ્યો. સુભદ્રાએ દ્રૌપદીને હસતે મોઢે પ્રણામ કર્યા અને કહ્યું: "હું તમારી દાસી થવા આવી છું." કદાચ આ મંત્ર તેને કૃષ્ણે જ શીખવ્યો હશે.

દ્રૌપદી પણ તેને હસતે મોઢે ભેટી પડી અને તેને આશીર્વાદ આપ્યો કે "તારા પતિનો કોઈ હરીફ ન હો."

પછી કૃષ્ણ અને બલરામ ખૂબ હીરામાણેક, સુવર્ણ વગેરેની ભારે પહેરામણી લઇને ઇન્દ્રપ્રસ્થ આવી પહોંચ્યા. તેમને જોઇને પાંડવોના આનંદની અવધિ ન રહી. કૃષ્ણ તો ત્યાં રહ્યા, પણ બલરામ સ્વદેશ પાછા ગયા. યુધિષ્ઠિરે તેમને જતી વખતે ખૂબ હીરા માણેક વગેરે પ્રેમની ભેટ તરીકે અર્પણ કર્યાં.

આવા શુભ સંમિલનથી સર્વને પારવગરનો સંતોષ થયો. માત્ર એક જ વ્યક્તિએ અર્જુનની સાથે ખૂબ ખાંડાખેલ કરવા માંડયા. અર્જુન પણ વેગભેર ધસી આવતા વાવાઝોડાનું તોફાન જોઇને ચેતી ગયો અને તેણે પોતાના એવી જ જાતના બીજા ગુન્હાની વાત જ પેટમાં દબાવી રાખી.* ઘણા દિવસ ધમ્માચકડી ચાલી. છેવટે અર્જુને જ તેના હાથપગ પકડીને પોતાની હાર કબૂલ કરીને તેની સાથે સુલેહ કરી. સ્ત્રીના હાથપગ પકડીને તેને મનાવવાની પ્રથા આ દેશમાં પહેલેથી જ ચાલી આવે છે. પુરાતત્ત્વવેત્તાઓ શોધખોળ કરશે તો તેનો [illegible] ઇતિહાસ પણ શોધી કાઢશે. કહેવત છે કે:–

अजायुद्धे ऋषिश्राद्धे प्रभाते मेघडम्बरे ।
दम्पत्योः कलहे चैव बह्वारंभे लघुक्रिया ॥

---

[illegible]

[illegible]

[illegible]

# પ્રકરણ ૩ જું—ખાંડવદાહ

હવે આપણે ફરતા ફરતા મહાભારતની મનોહર પુષ્પ-વાટિકામાંથી એક ભયંકર કાંટાવાળી ઝાડીમાં આવી ચઢીએ છીએ. તેના મધ્યભાગમાં ઉગેલા ઉંચા વૃક્ષનાં કુદરતથી વિરુદ્ધ દેખાતાં પારિજાત વગેરે પુષ્પોનો ત્યાગ કરીને અમે માત્ર જૂઇ, મોગરો એવાં પ્રકૃતિનાં સુંદર સુંદર પુષ્પો જે તે વૃક્ષની આસપાસ ઉગ્યાં છે તેમનેજ અમે અમારી ફૂલ-છાબમાં ભર્યાં છે.

ખાંડવ એક મોટું જંગલજ હતું તે તો અમે અગાઉ કહી ગયા છીએ. તેના થોડાક ભાગને સાફ કરાવીને ત્યાં ઇન્દ્ર-પ્રસ્થ નગર વસાવાયું હતું. બાકીનો ભાગ તો હજી પહેલાંના જેવોજ જંગલમય હતો. તેમાં તમામ જાતનાં અગણિત રાની પશુઓ રહેતાં હતાં. એક દિવસ કૃષ્ણ અને અર્જુન યમુનાને કિનારે બેઠા હતા ત્યાં એક ઉંચો ગૌર વર્ણનો મહાતેજસ્વી બ્રાહ્મણ તેમની પાસે આવીને કહેવા લાગ્યો કે તમે આ જંગલને બાળી મૂકો.= બેઉ જણ આ કામ કરવા કબૂલ થયા. મહાભારતમાં લખ્યું છે કે પહેલાં પણ આ જંગલને બાળવાના ઘણી વાર પ્રયત્ન થયા હતા, પણ અતિ વૃષ્ટિને લીધે બની શક્યું ન હતું.+ બીજે ઠેકાણે એવું

પહોરમાં, આકાશમાં વરસાદ ચઢી આવે ત્યારે, અને વરવહુના કજીઆમાં શરૂઆતમાં તો ખૂબ ધમ્માચકડી મચી રહે છે; પણ જ્યારે ત્યારે તેનો અમલ થાય છે ત્યારે નહિ જેવું જ કાર્ય કરીને બધું પતી જાય છે. બકરા બકરા લડે ત્યારે પહેલા તો બેઉ ખૂબ ખૂબ બરાડા પાડીને માથાં ભટકાવે છે, પણ એવી રીતે માથા ભટકાવે છે કે એમાથી કોઇને જરાયે વાગે નહિ. ઋષિને ઘેર શ્રાદ્ધ હોય ત્યારે ઘણા ઘણા ઋષિઓને નોતરાં દેવાય છે, પણ બધા આવે ત્યારે દરેકને કટકો કટકો કરી આપીને રજા આપવામા આવે છે. સવારમા વરસાદ ચઢી આવે ત્યારે જરા તરા છાંટા થઇને વાદળા વેરાઇ જાય છે અને વરવહુ લડે ત્યારે તો શું થાય છે તેની અમને એકલાને નહિ પણ આખા આશ્રમને ખબર છે.

= આદિપર્વ ૨૨૨–૨૦થી૩૩

+ આદિપર્વ ૨૨૩–૮, ૯

લખ્યું છે કે દેશના લાભને ખાતર કૃષ્ણે અને અર્જુને મળીને એ જંગલ બાળી મૂક્યું.× તે ઉપરથી લાગે છે કે આ વિશાળ જંગલનાં રાની પશુઓ રાત્રે નીકળીને ખેતરનો પાક ઉજાડતાં હશે, ગાયો વગેરેને મારી ખાતાં હશે અને લોકોને પણ કોઇ કોઈવાર મારતાં હશે અથવા ઉપદ્રવ કરતાં હશે; તેથી જો એ જંગલને બાળીને ચોખ્ખું કરી નાખ્યું હોય તો દેશ નિર્ભય થાય અને વળી તેટલો ભાગ ખેતીવાડીના કામમાં આવે તો દેશની દોલત વધે. આવો વિચાર કરીને કૃષ્ણે અને અર્જુને આ કામ કર્યું હોવું જોઇએ. વળી ઇન્દ્રપ્રસ્થ જેવી રાજધાનીની નજીકમાંજ આવું મોટું જંગલ હોય એ પણ ઈચ્છવા જેવું તો નહિજ; તેથી કરીને જંગલને બાળી મૂકવાનો વારંવાર પ્રયત્ન થયો તેનાં આવાં આવાં કારણ હોવાનો સંભવ છે. પશ્ચિમના પ્રાંતોમાં મોટાં મોટાં જંગલને જ્યારે બાળવાં હોય છે તે વખતે એ કામને માટે લોકો ઉનાળાનોજ વખત પસંદ કરે છે. ઉનાળામાં જ્યારે પશ્ચિમનો પવન જોસભેર ફૂંકાતો હોય તે વખતે જો આગ લગાડી હોય તોજ તે આખા જંગલમાં ફેલાઇ જાય છે. એ સિવાય તેને બાળવાનો બીજો ઉપાયજ નથી. હવે બને છે એવું કે તેવેજ વખતે વરસાદની હેલી પણ શરૂ થાય છે. આથી કરીને મોટાં જંગલને બાળવાનું કામ ઘણુંજ મુશ્કેલ થઈ પડે છે.

કૃષ્ણ અને અર્જુન જ્યારે ખાંડવ વનને બાળવા કબૂલ થયા ત્યારે તે બ્રાહ્મણે અર્જુનને ગાંડીવ નામનું અનુપમ મોટું ભારે ધનુષ્ય, બે મોટાં બાણનાં ભાથાં અને એક રથ આપ્યો. કૃષ્ણને ગદા અને ચક્ર આપ્યાં. એ ચક્રની ખુબી એવી હતી કે તેને ફેંકવાથી તે ગોળ ગોળ ઘૂમવા માંડતું અને શત્રુને મારીને પાછું ફેંકનારના હાથમાં આવીને ઉભું રહેતું.=

× આદિપર્વ, ૨૩૪–૫.

= આદિપર્વ, ૨૨૫–૨૭. આશરે ૩૦–૩૧ વર્ષની વાત ઉપર મારા એક સ્વર્ગસ્થ મિત્ર રેવરંડ પંચાનન વિશ્વાસ આસ્ટ્રેલિયા જઈ આવ્યા હતા. તે મને વાત કરતા હતા કે ત્યાંના અસલી જંગલી લોકો આવું હથિયાર હજી વાપરે છે. તેઓ એવી કુશળતાથી એ હથિયાર ફેંકે છે કે તે ગોળ ચક્કર ખાતું ખાતું જઇને શત્રુનું ડોકું કાપીને પાછું ફેંકનારના હાથમાં આવીને ઉભું રહે છે. તે ત્યાંથી

આ જંગલને જો કોઈ તરફથી આગ લગાડી દેય તો જંગલી જાનવરો જેમની સંખ્યાનો ત્યાં પાર જ ન હતો તે બધાં બીજી બાજુએથી નાસી જાય તો સેથી વનને બાળી મૂકવાનો હેતુ સફળ થાય નહિ. તેથી કરીને કૃષ્ણ અને અર્જુને તે જંગલને બધી બાજુએથી એકી વખતે ભયંકર આગ લગાડી દીધી; તોપણ ઘણાં જાનવર તેમાંથી છટકી જવા લાગ્યાં. ત્યારે કૃષ્ણ અને અર્જુન બેઉ જણ સારે વેગથી દોડતા રથમાં બેસીને જંગલની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગ્યા; અને જાનવરો જેમ જેમ બહાર નીકળતાં ગયાં, તેમ તેમ તેમને મારી મારીને આગમાં હોમતા ગયા. આ જાનવરો અરધાં દાઝેલાં નાસી છૂટીને જંગલની બહાર મરી જાય તો તેમનાં મુડદાં સડે અને આસપાસનાં ગામોની હવા બગાડે. ચોમાસું હોવાથી વારંવાર વરસાદનાં ઝાપટાં પણ તૂટી પડતાં, પણ આ બે જણે એવી ભયંકર આગ લગાડી હતી કે વરસાદના ઝાપથી પણ તે હોલવાઈજ નહિ. આ પ્રમાણે પૂરા પંદર દિવસ સુધી રાતદહાડો એક પળવાર પણ વિસામો લીધા વગર મહેનત કરીને આખું જંગલ બાળીને સાફ કરી નાખ્યું. આ દેશોપકારને લીધે તેમની સૌ સ્તુતિ કરવા લાગ્યા. દેશોપકાર કરવાથી જે યશની પ્રાપ્તિ થાય છે તેની તોલે કંઈ પણ આવે એમ નથી.



# પ્રકરણ ૪ થું—સભાગૃહની રચના

એક વાર કૃષ્ણ અને અર્જુન યમુનાને કિનારે બેઠા હશે એવામાં ત્યાં મયદાનવ તેમની આગળ આવીને ઉભો રહ્યો. તેણે અર્જુનને વિનમ્ર ભાવે કહ્યું, "આપે મને ખાંડવ દાહ વખતે બળી મરતો ઉગાર્યો તેના બદલામાં મને આપની કંઈક સેવા કરવાની ઈચ્છા છે." અર્જુન બોલ્યોઃ "મારે હાથે આપનું કાંઈક ભલું થયું માટે આપે પણ તેનો બદલો વાળવો જોઇએ, એવો વિચાર કરીને આપ આવ્યા છો તેથી કરીને હું આપની પાસેથી કશોજ બદલો લઇ શકું નહિ. આપના મનમાં ઉપકારનો બદલો વાળવાની ઇચ્છા થઇ તેથી મને બદલો મળીજ ગયો, એમ માનીને હું સંતુષ્ટ થયો છું." તોપણ 'મને કાંઈ મારા લાયક કામસેવા બતાવોજ બતાવો' એવું જ્યારે મયદાનવ ફરી ફરીને કહેવા લાગ્યો ત્યારે અર્જુને કહ્યું કે "મારે બદલે કૃષ્ણને પ્રિય લાગે એવું એકાદ કામ કરી આપો અને તેથી આપે મારૂં પ્રિય કાર્ય કર્યું એમ હું માની લઇશ." એટલે પછી મયદાનવે કૃષ્ણને પૂછ્યું કે 'બોલો, તમને પ્રિય લાગે એવું હું શું કરૂં ?' પણ કૃષ્ણને તો નહોતો લોભ કે નહોતો મોહ. તેમને પોતાને માટે કાંઇજ જોઇતું ન હતું. પછી તેમણે થોડી વાર વિચાર કરીને કહ્યું કે "જો મને પ્રિય લાગે એવું કોઇ કાર્ય કરવાની તમારી ઇચ્છાજ હોય તો યુધિષ્ઠિર રાજાને માટે એક સુંદર સભાગૃહ રચી આપો. એવું સભાગૃહ બાંધી આપો કે જગતમાં જેનો જોટો ન હોય." આથી મયદાનવ ઘણો રાજી રાજી થઇ ગયો અને તે ઘડીએજ તેણે તેની યોજનાનો નકશો કાઢીને તેમને બતાવ્યો. પછી તે બોલ્યો કે "હિમાલયમાં પુષ્કળ રત્નો, સુવર્ણ અને સ્ફટિકના પથ્થર છે. તેના વડે મારે આ સભાગૃહ બાંધવું છે. હું તે બધું લાવવા માટે હિમાલય જવા ઉપડી જાઉં છું." એટલું કહીને તેણે બેઉની રજા લીધી. મયદાનવ એક શ્રેષ્ઠ સ્થાપત્યવિશારદ શિલ્પી (મોટા મોટા મહેલ બાંધનાર ઈજનેર) હતો.

પછી કૃષ્ણે દ્વારકા જવાનો વિચાર જણાવ્યો અને જવાનો

દિવસ નક્કી કર્યો. તેમણે સૌની વિદાય લઈને પોતાના રથમાં બેસવા માંડયું ત્યારે યુધિષ્ઠિર તે રથના સારથિની પાસેની બેઠક ઉપર બેસી ગયા, અને તેના હાથમાંથી ઘોડાની લગામ ખૂંચવી લઈને પોતેજ તે રથ હાંકવા લાગ્યા, અને અર્જુન તે રથની વચ્ચોવચ ઉભો ઉભો સફેદ ચામર વીંઝવા લાગ્યો. ભીમ, નકુલ, સહદેવ તથા નગરના ઘણા ઘણા લોકો કૃષ્ણના રથની પાછળ પાછળ ચાલવા લાગ્યા. આ પ્રમાણે સૌ બે ગાઉ સુધી આવ્યા ત્યારે કૃષ્ણે તેમને સૌને કહ્યું કે હવે ઘણું થયું. તમે બધા અહીંથી પાછા વળો. વળી પાછો આવીશ." ત્યારે યુધિષ્ઠિર તેમને ભેટયા; તેમને માથે ચુંબન કર્યું, અને રજા આપી. કૃષ્ણનો રથ હવે પૂરઝડપથી જવા લાગ્યો. જ્યાં સુધી તે દેખાયો ત્યાં સુધી પાંડવો તેના તરફ ટગર ટગર જોઈ રહ્યા. તે દેખાતો બંધ થયો ત્યારે કૃષ્ણના ગુણ સંભારતા સંભારતા તેઓ ઉદાસ ચિત્તે કૃષ્ણ વગર સૂના સૂના થઇ ગએલા તેમના ઘર તરફ પાછા ફર્યા.

જેનું મન ઉન્નત થએલું હોય છે તેઓનાથી પોતાના ઉપર થએલા ઉપકારનો બદલો વાળ્યા વગર રહેવાતું જ નથી. અર્જુનના આભાર નીચે આવેલો મય દાનવ થોડા વખતમાં જ ઈન્દ્રપ્રસ્થ પાછો આવ્યો અને તેણે અર્જુનને "દેવદત્ત" નામનો એક શંખ અને ભીમને એક ભયંકર ગદા ભેટ તરીકે આપ્યાં. પછી તે સભાગૃહની રચના કરવા મંડી ગયો. હજારો કારીગરો દરરોજ તેની દેખરેખ નીચે કામ કરવા લાગ્યા. ચૌદ મહિનાના લાગટ પરિશ્રમ પછી આ કાર્ય પૂર્ણ થયું ત્યારે તેણે યુધિષ્ઠિર રાજાને ખબર પહોંચાડી કે સભાગૃહ તૈયાર થઈ ગયું છે. પછી યુધિષ્ઠિર પોતાના ભાઇઓ અને પ્રધાનમંડળ સાથે તે જોવા ગયા અને તેની રચના જોઇને સૌને અતિ હર્ષ અને વિસ્મય પેદા થયાં.

મય દાનવે પ્રથમ પાંચ હજાર હાથ લાંબો અને તેટલોજ પહોળો એક ચતુષ્કોણ કર્યો હતો અને તેના મધ્યભાગમાં સુંદર સભાગૃહ રચ્યું હતું. તે જેટલું સ્વચ્છ અને ખાસી નમૂનેદાર હતું. તેટલુંજ મણિ, મોતી, સ્ફટિક, સુવર્ણ આદિથી શણગારાએલું હતું. તેની દિવાલો ઉપર વૃક્ષલતા અને પત્રો વગેરેની જાત જાતની આકૃતિઓ કોતરી કાઢીને

સ્વાર્થ ઉપરજ નજર રાખે છે. પણ તમે તો કામ ક્રોધ
વગેરેથી પર છો. તમારામાં કોઈ પણ જાતની સ્વાર્થવૃત્તિનો
અંશ પણ નથી. તમે આ મહાયજ્ઞની બાબતમાં પૂરેપુરૂં જ્ઞાન
ધરાવો છો. માટે મારૂં જેથી શુભ થાય એવી સલાહ આપો.
હું તમારી સલાહ મુજબજ વર્તીશ."

કૃષ્ણ બોલ્યા: "રાજાજી! તમે તમામ પ્રકારના ગુણન
ભંડાર છો તેથી આવો યજ્ઞ તમને જ કરવો શોભે. પણ રાજ
સૂય કરવાનો અધિકાર એકલા સમ્રાટને જ હોય છે; તમે હજ
સમ્રાટ થયા નથી. અત્યારે સમ્રાટને સ્થાને મગધરાજ જરાસં
છે. પોતાના બાહુબળ વડે બીજા તમામ રાજાઓને પરાજિ
કરીને તે સમ્રાટ થઈ બેઠો છે. મહાબળવાન શિશુપાળ તેન
સેનાપતિ છે.× બંગ, પુંડ્ર અને કિરાત જાતિના મોટા મો
બળવાન રાજાઓ તેનાજ પક્ષમાં છે.* વળી બીજા પણ ઘણ
પરાક્રમી, શૂરા અને બળવાન રાજાઓની તેને મદદ
કેટલાક રાજાઓ તો તેના જુલમ અને ઉપદ્રવથી કાયર થઈ
પોતાનાં રાજપાટ છોડીને નાસી ગયા છે, મેં પોતે પણ તે
ત્રાસથી ડરીને મારૂં પ્રિય બાપુતી મથુરાનું રાજ્ય છોડી
દૂર દ્વારકાનો આશ્રય લીધો છે તે તમે ક્યાં નથી જાણતા!
એ દુષ્ટે ૮૬ રાજાઓને પોતાના પર્વતના ઉપરના કિલ્લા
બાન્દીવાન બનાવી રાખ્યા છે, અને બીજા ચૌદ ખૂટે છે
ટલા જો તેના હાથમાં આવશે તો શંકરને પ્રસન્ન કરવા
તે બધા રાજાઓનું યજ્ઞમાં બલિદાન ચઢાવવાનો વિચાર
કર્યો છે. જો કોઈ આ પાપકાર્ય અટકાવશે તેને ભારે ય

---

× [illegible] દક્ષિણ દિશાએ ગંગા નદી, ઉત્તર દિશ
[illegible] પર્વત, પશ્ચિમ દિશાએ ચંપા નગરી અને પૂર્વદિશાએ [illegible]
[illegible] હતું. એ રાજ્ય હાલના બિહાર પ્રાંતનો એક ભાગ
[illegible] ૧૭મા અને ૧૮મા અધ્યાયમાં જરાસંધના જ[illegible]
[illegible] છે. તે [illegible] છે કે તેની માતા જરા ન[illegible]
[illegible] તેને મગધ દેશના રાજા બૃહદ્રથને [illegible]
[illegible] પોતાના પુત્રની માફક ઉછેર્યો [illegible]
[illegible] આદિપર્વના [illegible]
[illegible] કહેલું છે.

[illegible]

[illegible]

મળશે. આ જુલમી રાજાને તાબે કરનાર જ આગળ જતાં સમ્રાટપદ ભોગવશે. આવો દુષ્ટ, અધર્મી અને કોઈને પણ લેખવે નહિ એવો મદાન્ધ રાજા જ્યાં સુધી જીવતો હશે ત્યાં સુધી તમારો રાજસૂય યજ્ઞ કોઇ કાળે સાંગોપાંગ સફળ થવાનો નથી અને તે સફળ થાય એવી તમારે આશા પણ રાખવી નહિ.”

કૃષ્ણનું આ કથન સાંભળીને યુધિષ્ઠિર રાજાનું મોઢું ઉતરી ગયું. તેમણે કહ્યું: “કૃષ્ણ! તમને જ જ્યારે જરાસંધનો આટલો બધો ભય લાગે છે ત્યારે અમે જે તમારા આશ્રિત અને અનુગત છીએ તેમનું તો ગજું જ શું? ત્યારે હવે હું રાજસૂય યજ્ઞ કરવાનો વિચાર આજથી છોડી દઉં છું.”×

ત્યારે યુધિષ્ઠિરને ઉત્સાહ આપવાને વાસ્તે ભીમ અને અર્જુન ગર્જી ઉઠ્યા. ભીમ બોલ્યો: “જેઓ છેક જ પુરુષત્વ વગરના હોય અથવા જેઓ પોતે બળહીન અને સાધનહીન હોવા છતાં બળીઆની સાથે બાકળી બાંધતા હોય તેઓ બેઉ થોડા વખતમાં જ ગાર્યા જાય છે; પણ પોતે અલ્પ શક્તિમાન હોવા છતાં હમેશાં સાવધાનપણે આત્મરક્ષણ કરતા રહીને તમામ પ્રકારની રાજનીતિનો ઉપયોગ કરીને બળવાનની સાથે સ્પર્ધામાં ઉતરે તો તે બળવાન શત્રુને પણ હરાવી શકે છે;* તો પછી આપણે જરાસંધને કેમ ન પહોંચી વળીએ? હું કહું છું કે હું એકલો તે દુષ્ટને પૂરો કરી નાખીશ.”

અર્જુન બોલ્યો: “સંસારમાં ઉંચા કુળને લોકો વખાણે છે. પણ શૌર્ય પરાક્રમ વગેરે ગુણોની આગળ ખાલી ઉંચું કુળ શા હિસાબમાં? ઉંચા ખાનદાન કુળમાં જન્મેલો માણસ પણ જો કાયર અને વીર્યહીન હોય, ગુણહીન હોય તો પછી તેના કુળની ખાનદાની ક્યાં રહી? તેથી ઉલટું કોઈનો જન્મ કાયર લોકોના કુળમાં થયો હોય છતાં તે પોતે શૌર્ય વીર્ય વગેરે ગુણયુક્ત નીવડે અને જુલમગારોના જુલમમાંથી પોતાના દેશનો ઉદ્ધાર કરે તો તેનું બધા લોકો સન્માન કરે છે કે નહિ? સારાંશકે, કુળની ખાનદાની કદી પણ પુરુષાર્થ અને પરાક્રમની તોલે આવતી નથી. હું મારા પુરુષાર્થ વડે એ જુલમીનો અંત આણીશ. માત્ર તમે રજા આપો એટલી જ વાર.”

× સભાપર્વ, ૧૫–૮

* સભાપર્વ, ૧૫–૧૧,૧૨

ત્યારે પછી કૃષ્ણે કહ્યું: "જરાસંધ ઘણોજ બળવાન છે એ વાત સાચી છે, પણ તેથી કરીને તેના જુલમનો અને તેનાથી લોકોને થતા ત્રાસનો જો આપણે અંત નહિ આણીએ તો એ કામ બીજા કોઇથી થાય એમ છે? બધો વખત પોતાની જાતનીજ સલામતીનો વિચાર કરીને કોઈએ જુલમગારના પંજામાંથી પોતાના દેશને કદી છોડાવ્યો છે ખરો? જાતરખુ માણસોએ કદી પોતાના દેશમાં સુખશાંતિની સ્થાપના કરી છે? અમર થઇને તો કોણ જન્મે છે? જે એક વાર મરવાનું નિર્માણજ થયું છે તોપછી પરોપકાર કરતાં કરતાં કેમ ન મરવું? આપણી પોતાની નબળી બાજુને છૂપાવીને દુશ્મનની નબળી બાજુ શોધી કાઢીને તે વખતે તેના ઉપર હુમલો કરીશું તો આપણે નહિ ફાવીએ? કોઈ ધનુર્ધર બાણ મારે તો તેથી કદાચ એકજ માણસ મરે તો મરે અથવા ન પણ મરે; પણ બુદ્ધિમાન માણસ પોતાના બુદ્ધિબળ વડે શત્રુને અને તેના રાજ્યને બેઉને ઉથલાવી નાખે. આખા જગતના તમામ યોદ્ધાઓ કદાચ ભેગા થાય તોપણ જરાસંધને ખુલ્લેખુલ્લી લડાઈમાં ઘણું કરીને ન હરાવાય પરંતુ એને પણ બુદ્ધિબળથી મ્હાત કરી શકાય એમ હું માનું છું."

કૃષ્ણની વાતથી યુધિષ્ઠિરને ઘણો સંતોષ થયો. તેમણે કહ્યું: "કૃષ્ણ! તમારાજ કહેવાથી અને તમારે જ ભરોંસે હું આ પ્રસ્તાવને સંમતિ આપું છું અને મારા પ્રાણથી પણ અધિક વહાલા આ બે ભાઈઓને તમારા હાથમાંજ સોંપું છું."

પછી ભીમ અને અર્જુનને પોતાની સાથે લઈને કૃષ્ણ ઇંદ્રપ્રસ્થથી નીકળ્યા અને ચાલતા ચાલતા સરયૂ અને ગંડકી એ બે નદીઓ ઓળંગીને મિથિલા સુધી આવી પહોંચ્યા. ત્યાર પછી ગંગા અને શોણ નદીને પેલે પાર જઈને પૂર્વ તરફ [illegible] વધ્યા અને ફેરા કરતાં કરતાં મગધરાજ્યની [illegible] કેટલાક દિવસ બાદ મગધની રાજધાનીની પાસેના [illegible] ઉપર [illegible] ઉભા અને ત્યાં રહ્યાં રહ્યાં તે નગરની [illegible] અને [illegible] જોઈને છક થઈ ગયા.

કૃષ્ણ [illegible] "આ ગિરિવ્રજ નગરીની આસપાસ [illegible] વૈહાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક

નામના પાંચ પર્વતો કેવા શોભાયમાન દેખાય છે ! જાણે તેઓ એકબીજાના હાથ પકડીને સજડાસજડી ઉભા ઉભા કુદરતી કિલ્લાની માફક મગધની રાજધાની ગિરિવ્રજનું કેવું રક્ષણ કરી રહ્યા છે ! ફૂલોથી છવાઇ ગએલાં લોધ્રવૃક્ષના સમૂહથી એ બધાય પર્વતો કેવા ઢંકાઈ ગયા છે ! કેવાં કેવાં લીલાંછમ વૃક્ષો અને ગુલ્મલતાઓથી આખો પર્વત ભરાઈ ગયો છે ! ઝાડે ઝાડે અને વેલીઓને પાંદડે પાંદડે પુષ્પોના લૂમખા કેવા લટકી રહ્યા છે ! નગરમાં કેવી કેવી ભવ્ય હવેલીઓ દેખાય છે ! કેવા તાજામાજા સુખી લોકો આમતેમ ફરીને મોજ કરે છે ! ઠેકાણે ઠેકાણે કેવા કેવા ઉત્સવ થઇ રહ્યા છે ! સૈન્યની કેટલી બધી છાવણીઓ ગોઠવાઇ ગઇ છે ! જળાશયની પણ અહીં ખોટ નથી. પ્રકૃતિદેવી જાણે આ નગરનું રક્ષણ કરવાને માટે તેને ખોળામાં લઇને બેઠી હોય એવી દેખાય છે. મહર્ષિ ગૌતમનો અહીંજ આશ્રમ હતો. અસલ એક વાર અંગ અને બંગ દેશના પરાક્રમી અને બળવાન રાજાઓ આ જ આશ્રમમાં રહીને કેવો કેવો આનંદ ભોગવી જતા હતા !*

પછી તેઓ કોટના દરવાજામાં થઇને ન જતાં પર્વત ઉપરથી ઉતરીને નગરમાં પેઠા. ત્રણે જણ સ્નાતક બ્રાહ્મણના વેશમાં હતા. શરીરે ચન્દન લગાડયું હતું અને ગળામાં પુષ્પની માળાઓ પહેરી હતી. તેઓ જરાસંધની પાસે ગયા એટલે તરત જ તેણે તેમનું યથોચિત સન્માન કર્યું. કૃષ્ણ બોલ્યાઃ "રાજાજી ! આ મારા સાથીઓને વ્રત હોવાથી અડધી રાત્રિ વ્યતીત થતા સુધી તેઓ મૌન ધારણ કરનાર છે." જરાસંધે

---

* સભાપર્વ, ૨૧-૭ ત્યાર પછી મગધના રાજા શિશુનાગે ખ્રિસ્તની પૂર્વે આઠમા સૈકામાં આ ગિરિવ્રજ નગરમાં પોતાની રાજધાની બનાવી હતી. એના વંશના પાંચમા રાજા બિમ્બિસારે ખ્રિસ્તની પૂર્વેના છઠ્ઠા સૈકામાં નવી રાજધાની વસાવી. ગિરિવ્રજના હજી પણ પથ્થરની પ્રાચીન દિવાલના ખંડિયેર છે. તેને તપાસી જનના પુરાતત્ત્વવેત્તાઓ અટકળ કરે છે કે તે ખ્રિસ્તની પૂર્વેના ૬ઠ્ઠા સૈકામાં બંધાયેલી દિવાલના અવશેષ હોય એમ લાગે છે. ભારતની જૂની પ્રાચીનમાં પ્રાચીન ઇમારતો ... પટણાના ... પ્રથમ સૈકાથી નગરીના (કુસુમપુર, પુષ્પપુર ... ) અને ત્યાર પછી પાટલીપુત્ર (પટણા) મગધની રાજધાની થઇ.

([illegible] ઇન્ડિયા પૃ. ૧૦, ૨૫, ૭૮.)

તેમને યજ્ઞશાળામાં ઉતારો આપ્યો.

મધરાત થતાં જરાસંધ તેમને ઉતારે ગયો. તે બોલ્યોઃ "સ્નાતક બ્રાહ્મણો પુષ્પની માળા પહેરે નહિ. વળી તમે મારો સત્કાર પણ ગ્રહણ કરતા નથી. તેથી તમે કોણ છો અને કેમ આવ્યા છો તે કહો."

કૃષ્ણે જવાબ દીધોઃ "હું કૃષ્ણ છું અને મારી સાથે છે તેમાંનો એક ભીમ અને બીજો અર્જુન છે. તમે રાજા છો છતાં તમે ઘણા ભલા અને સાધુચરિત રાજાઓને બંદીખાને પૂરી રાખ્યા છે. વગરવાંકે તમે તેમની સ્વાધીનતા છીનવી લીધી છે. તમે તમારા પોતાના બળના ગુમાનમાં તેમને કેટલા લાંબા વખત સુધી કેદ કરી રાખ્યા છે! આ સ્થિતિ અસહ્ય છે. આના કરતાં વધારે ગેરકાયદે કામ બીજું શું હોઈ શકે? મનુષ્યનું બલિદાન દેવું એ તદ્દન અધર્મી કૃત્ય છે. જુલમગારના જુલમનું બીજું વધારે ભયંકર દૃષ્ટાંત અમે કલ્પી શકતા નથી. જુલમગારને જુલમ કરતો અટકાવવો એ દરેકનું કર્તવ્ય છે. જેઓ તેમને નથી અટકાવતા તેઓ પણ એ જુલમના આડકતરા મદદગાર તરીકે પાપના ભાગીદાર થાય છે અને અધર્મના ખાડામાં પડે છે. એટલા માટે તમારા આ જુલમમાંથી આપણા દેશને ઉગારવાના ઉદ્દેશથી અમે અહીં આવ્યા છીએ. કાં તો તમે પેલા રાજાઓને કેદખાનામાંથી છૂટા કરો અથવા તો અમારા ત્રણમાંથી તમારી મરજીમાં આવે તેની સાથે મલ્લયુદ્ધ કરીને તમારું મોત માગી લ્યો."

સિંહને સિંહની સાથેજ લડવું ગમે. ભીમનું મોટું પહેલવાન જેવું બળવાન શરીર જોઈને જરાસંધે તેની સાથે લડવાનું પસંદ કર્યું, અને પછી બેઉ યોદ્ધાઓની કુસ્તી શરૂ થઈ. દેકારા પડકારા સાંભળીને નગરના લોકો દોડી આવ્યા. [illegible] બેઉ જણ પોતપોતાના પ્રતિસ્પર્ધીને પકડીને [illegible] પર પટકવાની ચેષ્ટા કરવા લાગ્યા; પણ બેઉ [illegible] નહિ. કાર્તિક માસની પ્રતિપદાથી યુદ્ધ શરૂ થયું ને ચતુર્દશીની રાત્રિ સુધી ચૌદ દિવસ લાગલાગટ [illegible] રીતે [illegible] [illegible] બળવાન છતાં [illegible] ભીમે તેને ઉપાડીને

કુંભારના ચક્રની માફક ખૂબ જોરથી ઘુમાવ્યો અને એ રીતે તેને રીબોઇસ કરી નાખીને છેવટે ભોંય પર પછાડયો. તે જેવો જમીન ઉપર પડયો તેવોજ ભીમે તેના વાંસા ઉપર પોતાના ઢીંચણનો ભાર દઇને તેની કરોડ ભાંગી નાખી અને તેના શરીરને ચીરીને બે ઉભા કટકા કરી નાખ્યા. આ રીતે ભીમને હાથે જરાસંધ માર્યો ગયો.=

ત્યાંથી કૃષ્ણ, ભીમ અને અર્જુન ત્રણે જણ સીધા બંદીખાનામાં ગયા અને જતાંવારનેજ બધા કેદીઓને એકદમ છૂટા કરાવ્યા. જરાસંધના પુત્ર સહદેવે તેમનું ઉપરીપણું કબૂલ કર્યું અને નજરાણામાં પુષ્કળ સોનું તથા રત્નો વગેરે અર્પણ કર્યાં. તેમણે મગધની ગાદી ઉપર તો તેનેજ બેસાડયો. પછી કૃષ્ણ સર્વને લઇને ખૂબ આનંદ કરતા કરતા ત્યાંથી પાછા ફર્યા, અને વખતસર ઇંદ્રપ્રસ્થ આવી પહોંચ્યા. તે આવ્યા એટલે તરતજ ઇંદ્રપ્રસ્થમાં વિજયોત્સવ થવા લાગ્યો. યુધિષ્ઠિર રાજાએ બંદીખાનામાંથી છૂટા થએલા રાજાઓ તરફ યથાયોગ્ય મૈત્રી અને સૌજન્ય દર્શાવ્યાં. પણ કૃષ્ણનાં તો લોકોને મોઢે પુષ્કળ વખાણ થવા લાગ્યાં. આવું અત્યંત વિષમ કાર્ય તેમણે એટલું સહેલાઇથી સફળતાપૂર્વક પાર પાડયું હતું અને જુલમગારના પંજામાંથી આખા દેશને ઉગાર્યો હતો કે તે જોતાં અસાધારણ વીર પુરુષ તરીકે લોકોમાં તેમની ગણના થવા લાગી. તેમણે કરેલા દેશોપકારને લીધે તેમનો ઉજ્જ્વલ યશ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાઇ ગયો. ગુણ વગર કોઇને કદી યશની પ્રાપ્તિ થઇ છે? આજે હજારો વર્ષ થયાં જેનો યશ લોકો ગાયાજ કરે છે તે કાંઇ ગુણ વગર બને ખરૂં? કૃષ્ણ આખા ભારતના એકેએક પ્રાંતમાં પૂજાય છે તે શાથી? તેમના અસામાન્ય ગુણને લીધેજ. એનુંજ નામ વીરપૂજા.

---

= રાજગૃહના લોકો આ યુદ્ધની જગ્યા અત્યારે પણ બતાવે છે.

# પ્રકરણ ૬ ઠું—રાજસૂય યજ્ઞ

રાજસૂય યજ્ઞ કરવાનો અધિકાર કોઈક સમર્થ [illegible]
[illegible]. જેને સ્વાર્થ [illegible] હોય તેણે આસપાસના [illegible]
[illegible] પોતાના તાબેદાર કરવા જોઈએ. અને [illegible]
દિગ્વિજય કરવો જોઈએ. જે જમાનામાં ભારતખંડ [illegible]
[illegible] આવ્યો ન હતો તે જમાનામાં દિગ્વિ[illegible]
[illegible] હતું.

[illegible] ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ [illegible]
[illegible] દિગ્વિજય કરવા નીકળી [illegible]

[illegible]

યુધિષ્ઠિરનું નિમંત્રણ મળવાથી કૃષ્ણ પોતાના ભાઈઓ વગેરે સહિત ઇંદ્રપ્રસ્થ આવી લાગ્યા. નકુલ હસ્તિનાપુર જઈને ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર વગેરે કૌરવોને અને નગરના સ્ત્રીવર્ગને તેડી લાવ્યો. બ્રાહ્મણોનો સત્કાર કરવાનું કામ યુધિષ્ઠિરે અશ્વત્થામાને સોંપ્યું. દેશદેશથી આવેલા રાજાઓની જરૂરીઆતો પૂરી કરવાનું અઘરું કામ અતિ પ્રવીણ અને ચતુર સંજયને માથે આવ્યું. જેની જેની પાસેથી ભેટનજરાણું વગેરે આવે તેનો સ્વીકાર કરવાનું કામ દુર્યોધન રાજાને ભાગે આવ્યું. નિર્લોભી કૃપાચાર્યને સુવર્ણ, હીરામાણેક વગેરે મૂલ્યવાન વસ્તુઓના ભંડારની રક્ષા કરવાનું કામ મળ્યું. સાધારણ લોકવર્ગમાંથી આવેલા પરોણાઓને ખવડાવવા પીવડાવવાનું કામ દુઃશાસનને સોંપ્યું. મહાયજ્ઞમાં થનારા અથાગ ખર્ચની વ્યવસ્થા અને હિસાબની જવાબદારી મહાત્મા વિદુરે પોતાને માથે લઈ લીધી. તેમના હાથ નીચે દરેક જુદા જુદા વિભાગમાં અનેક કાર્યકર્તાઓ ગોઠવાઈ ગયા. ભીષ્મદેવ અને દ્રોણાચાર્ય યજ્ઞને લગતાં તમામ કામ ઉપર દેખરેખ રાખતા હતા અને કૃષ્ણ સુદર્શન ચક્ર અને ગદા લઈને યજ્ઞના સંરક્ષક થવા નીમાયા હતા.

પછી ભારે ધામધૂમ સાથે યજ્ઞનો સમારંભ થયો. વેદવ્યાસ અને બીજા કેટલાએ ઋષિમુનિઓ યજ્ઞના કામમાં રોકાયા હતા. દેશદેશના રાજાઓ પોતપોતાના રસાલા સાથે આવી પહોંચ્યા હતા. દરેક જણ પોતપોતાના મુલકના ખાસ પદાર્થો તથા હીરા સુવર્ણ વગેરે મૂલ્યવાન વસ્તુઓ ભેટ તરીકે અર્પણ કરવા લેતા આવ્યા હતા. એમ બધું લેતા લેતા દુર્યોધન રાજાના હાથ દુખવા આવ્યા, અને તે આપી જુદી જુદી વસ્તુઓના [illegible] ખડકાઈ ગયા

[illegible]

અર્જુન તેમની ડાબા જમણી બાજુએ ઉભા ઉભા પંખો કરવા લાગ્યા; અને નકુલ સહદેવ હાથમાં સફેદ ચામર લઈ બન્ને બાજુએ ઉભા રહ્યા. હાજર રહેલા નૃપતિઓ તેમને વંદન કરીને તેમનું ઉપરીપણું જાહેર કરવા લાગ્યા.

પછી ભીષ્મદેવ બોલ્યા: “યુધિષ્ઠિર ! આટલા બધા રાજાઓ તમારે ત્યાં આવ્યા છે તેમનો સૌનો તમારે સત્કાર કરવો જોઇએ. તેમનું દરેકનું પૂજન કરીને અકકેકો અર્ધ્ય આપવો જોઇએ. પણ જે બધા રાજાઓમાં શ્રેષ્ઠ હોય તેનું સૌથી પહેલું પૂજન કરીને તેને સૌથી મુખ્ય અર્ધ્ય આપવો એ હવે તમારો ધર્મ છે.”

ત્યારે યુધિષ્ઠિરે પૂછયું: “પિતામહ ! આ બધામાં કોણ શ્રેષ્ઠ છે ? સૌથી પહેલા અર્ધ્યને માટે કોણ યોગ્ય છે ?”

ભીષ્મદેવ બોલ્યા: “જેમ ગ્રહમંડળમાં સૂર્ય છે તેમ રાજાઓમાં કૃષ્ણ છે.”*

તે ઉપરથી યુધિષ્ઠિરની આજ્ઞાનુસાર સહદેવે કૃષ્ણનું પૂજન કર્યું અને સૌથી શ્રેષ્ઠ અર્ધ્ય તેમને અર્પણ કર્યો. કૃષ્ણે તેનો અંગીકાર કર્યો પણ ખરો.

તે જોતાંની વારજ ચેદિરાજ શિશુપાળ ક્રોધથી લાલચોળ બની ગયો. તે ભરી સભા વચ્ચે યુધિષ્ઠિર રાજાને કહેવા લાગ્યો: “તમે છેકજ નાદાન છો. ભીષ્મની અકકલ પણ મારી ગઈ લાગે છે. તમે શું સમજીને કૃષ્ણને શ્રેષ્ઠ અર્ધ્ય અર્પણ કર્યો ? જો તમારે કોઇ વયોવૃદ્ધની પૂજા કરવી હતી તો તેના પિતા અહીં હાજર છે. તેમની પૂજા કેમ ન કરી ? કૃષ્ણ તમારો હિતચિંતક છે એમ જાણીને તમે તેનું પૂજન કર્યું હોય તો દ્રુપદરાજા અહીં બેઠા છે છતાં તમે કૃષ્ણનું પૂજન શા માટે કર્યું ? જો તમે તેનું વેદશાસ્ત્રના જાણનાર તરીકે પૂજન કર્યું હોય તો વેદવ્યાસ તેનાથી કાંઇ કમ છે કે તેવાને મૂકીને તમે કૃષ્ણની પૂજા કરી ? જો તમે તેને વીરપુરુષ તરીકે પૂજ્યો હોય તો ભીષ્મ, કર્ણ, એકલવ્ય× અને બીજા

---

* [illegible]

× [illegible] એકલવ્ય નિષાદ અર્થાત્ ભીલને [illegible], અને વેદવ્યાસ માછણને [illegible] કરવું ન હતું. [illegible] ગુજરાતના

લાયકા વીર પુરુષો અહીં બેઠા છે છતાં કૃષ્ણનીજ પૂજા કરવાનું કાંઈ કારણ ?

ત્યાર પછી શિશુપાળ રાતી ચોળ આંખો કાઢીને કૃષ્ણને કહેવા લાગ્યોઃ "અને અમે બધા અહીં બેઠા છીએ છતાં આ પૂજન સ્વીકારવાની તેં હિંમતજ કેમ ચલાવી ? કે પછી કોઈ ક્ષુદ્ર કૂતરાને ઘીનો કટકો જડે અને તે જેમ ચાટવા મંડી જાય તેમ તેં પણ કર્યું ? તું વળી રાજાજ ક્યારનો ? આંધળો કહેશે કે મેં અમુક રૂપ જોયું ત્યારે તે જેમ હાંસીને પાત્ર થાય છે તેમ તું પણ રાજા ન હોવા છતાં રાજાને યોગ્ય પૂજાનો સ્વીકાર કરીને હાંસીને પાત્ર થાય છે."

છેવટે શિશુપાળ બીજા કેટલાક રાજાઓને ઉશ્કેરીને યજ્ઞમાં ભંગાણ પડાવવાનું કારસ્તાન કરવા લાગ્યો. તેને સમજાવીને ઠંડો પાડવાને યુધિષ્ઠિરે ઘણો પ્રયત્ન કરી જોયો, તેના પુષ્કળ કાલાવાલા પણ કર્યા, પરંતુ બધુંજ ફોકટ ગયું. ત્યારે ભીષ્મદેવે સૌ સાંભળી શકે એવા ઉંચા સ્વરે કહ્યું કે "હું પૂછું છું કે મનુષ્યસમાજમાં કૃષ્ણના કરતાં ગુણમાં કોણ ચઢીઆતો છે ? દયા, નમ્રતા, જ્ઞાન, શૌર્ય, બળ, તુષ્ટિ, પુષ્ટિ, એ તમામ ગુણો કૃષ્ણની અંદર પૂર્ણમાત્રાએ વિરાજે છે. જેવા તે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે તેવાજ તે યોદ્ધાઓના પણ શિરોમણિ છે. અત્યારે અહીં હાજર રહેલાઓમાંથી કોઈ પણ બાબતમાં તેમની સરસાઈ કરી શકે એવો કોણ છે તે તો હું જોઉં."×

ત્યારે તો શિશુપાળ ભીષ્મદેવનું પણ અપમાન કરવા લાગ્યો. તે જોઈને કૃષ્ણથી રહેવાયું નહિ. એટલામાં તો શિશુપાલે તેમને કહ્યું કે ચાલ, ઉભો થા, મારી સાથે લડવા તૈયાર થઈ જા. ત્યારે કૃષ્ણે બધા સાંભળે એમ બોલવા માંડ્યું. તે બોલ્યાઃ "આ દુષ્ટે એક વાર દ્વારકાને આગ લગાડી હતી. મારા પિતાના અશ્વમેધ યજ્ઞ વખતે યજ્ઞનો ઘોડો ચોરી ગયો હતો. તપસ્વી અક્રૂરની સ્ત્રીને ઉપાડીને નાઠો હતો. તેને મારી ફોઈનો દિકરો જાણીને તેના આવા આવા અનેક ઉપદ્રવોને હું સાંખી રહ્યો છું. આજે હવે તેને છોડનાર નથી." એમ કહીને પોતાના ચક્ર વડે તેનું માથું ધડથી છૂટું કરી નાખ્યું.

કૃષ્ણનીજ પૂજા થની.

× સભાપર્વ, ૩૮-૧૯,૨૦.

તે મુઓ એટલે તેના પક્ષના બીજા બધા રાજાઓ પણ ઠંડાગાર થઈ ગયા અને શિશુપાળનીજ નિંદા કરતા થઈ ગયા. મનુષ્ય કેવું વિચિત્ર પ્રાણી છે!

યુધિષ્ઠિરની આજ્ઞાથી તેમના ભાઈઓએ શિશુપાળના મૃતદેહને અગ્નિદાહ કરીને તેની અંત્યેષ્ટિ ક્રિયા કરી અને તેના પુત્રનોજ ચેદિના રાજા તરીકે અભિષેક કરાવ્યો.

આ યજ્ઞ વખતે દરરોજ હજારો રસોઈઆ રાતદિવસ રાંધ્યાજ કરતા, પીરસનારા પીરસ્યાજ કરતા અને અસંખ્ય માણુસોની પંગતો જમ્યાજ કરતી. દ્રૌપદી મોંમાં અન્નનો દાણો મૂકયા વગર રાતદિવસ એકસરખો પરિશ્રમ કરીને રસોડાની દેખરેખ રાખતી અને કોઈ લૂલાં લંગડાં પણુ ભૂખ્યાં રહ્યાં નથી એવી ચોકસાઈ કરી લીધા પછીજ તે મોઢામાં અનાજનો કોળીઓ મૂકતી.× આ બધું જોઇને કુન્તીદેવીના આનંદની અવધિજ ન રહી.

આખરે રાજસૂય યજ્ઞ પૂર્ણ થયો. હવે પાંડવોના સુખમાં કાંઇ મણા ન રહી. આખા ભરતખંડના રાજાઓ યુધિષ્ઠિરની સમ્રાટ તરીકે આણ માનવા લાગ્યા—એકલો ભરતખંડજ નહિ પણ આખા એશિયા ખંડનો મોટો ભાગ તેના છત્ર નીચે આવી ગયો. તેના કુશળ રાજ્યવહીવટને લીધે તેનું આખું સામ્રાજ્ય સમૃદ્ધ થવા લાગ્યું. તેના રાજ્યમાંથી અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ચોરલૂંટારાનો ત્રાસ, વ્યાધિની વિપત્તિ, એ બધામાંથી કોઈનું પણ નામનિશાન ન રહ્યું. દ્રૌપદીને તેના પતિઓથી પાંચ પુત્રો થયા. યુધિષ્ઠિરને એક બીજી રાણી હતી તે પણ એક પુત્રની માતા થઈ. ભીમની રાક્ષસી સ્ત્રીને ઘટોત્કચ નામનો પુત્ર થયો અને તે બીજી વાર કાશીના રાજાની કુંવરીને પરણ્યો હતો. તેને પેટે પણ તેને એક પુત્ર થયો હતો. અર્જુનને ત્રણ સ્ત્રીઓ હતી. તેમાંની સુભદ્રા અભિમન્યુની, ઉલૂપી ઈરાવાનની અને મણિપુરની રાજકુમારી બભ્રુવાહનની માતા થઇ. નકુલને પણ બીજી એક સ્ત્રી હતી. તેને પેટે પણ એક પુત્ર થયો અને સહદેવ તેના મામાની દીકરીને પરણીને એક દીકરાનો બાપ થયો હતો. યુધિષ્ઠિર પોતાના ભાઇઓ પ્રતિ અથાગ પ્રેમપ્રીતિ રાખતા હતા, અને તેમના મહાબળવાન ભાઈઓ પણ મોટા

×સભાપર્વ, ૫૨–૪૮

ભાઈના ઉપર અનન્ય પ્રેમ રાખીને તેમની આજ્ઞાનું પાલન કરતા હતા. ટુંકમાં એ પાંચે ભાઈઓ ભ્રાતૃસ્નેહના આદર્શરૂપ હતા. સૌ એજ વિચાર કરવા લાગ્યા કે પાંચ પાંડવોના જેવો સુખી અને ભાગ્યવંત પુરુષ આ સંસારમાં કોઈ હશે ખરો ? પણ કાળનું ચક્ર સદાએ ફરતુંજ રહે છે; તેના તરફ કોઇનું ધ્યાન જતુંજ ન હતું. સુખ અને દુઃખની વચ્ચે માત્ર સવા આંગળનુંજ છેટું છે, એ મુદ્દાની વાત તો બધાજ ભૂલી ગયા હતા.

## પ્રકરણ ૭ મું—પહેલી વારનો જુગાર

રાજસૂય યજ્ઞ પૂર્ણ થયો એટલે બધા પોતપોતાને ઘેર પાછા ફર્યા. એકલો દુર્યોધનજ ઇન્દ્રપ્રસ્થમાં રહ્યો રહ્યો યુધિષ્ઠિરના સભાગૃહને બધે ફરી ફરીને જોવા લાગ્યો. તે જેમ જેમ જોતો ગયો, તેમ તેમ તેને ફરી ફરીને જોવાનું મન થતું ગયું અને તેના હૃદયમાં લોભ, ઈર્ષા વગેરેનો ઉદય થવા લાગ્યો. એક દિવસ ત્યાં ફરતાં ફરતાં તે પેલા સ્ફટિકના કૃત્રિમ જળાશય આગળ જઈ પહોંચ્યો. અને તેને ખરેખરૂં જળાશય ધારીને તેણે પોતાનું પોતિયું ઉંચું લીધું. પછી જ્યારે તેને ખબર પડી કે આ તો પાણી નથી ત્યારે તે ભની ગયો અને શરમનો માર્યો નીચું જોવા લાગ્યો. વળી એક દિવસ બીજે કોઈ સ્વચ્છ પાણીથી ભરેલો હોજ હતો, તે પણ સ્ફટિકનોજ હશે એમ ધારીને તે તેના ઉપર થઇને ચાલવા ગયો એટલે તેનાં કપડાં પલળી ગયાં. તે જોઇને પાંડવોના સેવકો હસી પડયા. ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ પણ હસવા લાગ્યા. યુધિષ્ઠિરે તરતજ તેને વાસ્તે કોરાં વસ્ત્ર મંગાવી દીધાં. ગર્વિષ્ઠ દુર્યોધનને તો આ વાત હાડોહાડ લાગી ગઈ. વળી એજ સભાગૃહમાં એક ઠેકાણે એક મોટો આયનો હતો. દુર્યોધન તેને દરવાજો ધારીને જેવો જવા ગયો તેવું તે આયનાની સાથે તેનું માથું અફળાઇ ગયું. પાંડવોનો રાજસૂય યજ્ઞ અને તેમની વધતી કળા જોઇને તે એક તો બળી ગએલો હતોજ તેમાં આવાં આવાં અપમાનને લીધે અગ્નિમાં ઘી રેડાયું અને તેના

મનમાં ઈર્ષાની આગ ભડભડાટ બળવા લાગી.÷

ત્યારપછી એક દિવસ દુર્યોધન અને તેનો મામો શકુનિ બેઉ હસ્તિનાપુર જવા નીકળ્યા. રસ્તામાં દુર્યોધને પોતાના મામાને કહ્યું કે "પેલા અભાગીઆ પાંડવો એક દિવસ મારી બીકે ભિખારીની હાલતમાં જંગલે જંગલે ભટકતા હતા તે આજે આખા ભારતવર્ષના સમ્રાટ્ થઈ બેઠા! હું એમ ધારતો હતો કે તેમના રાજસૂય યજ્ઞ વખતેજ જંગ મંડાશે અને તેથી મારા મનોરથ પૂર્ણ થશે. પણ તેવુંએ કાંઈ થયું નહિ અને યજ્ઞ પણ નિર્વિઘ્ને પાર પડી ગયો. તેમનું સભાગૃહ જોવા જતાં મારે એટલું અપમાન, એટલી શરમ, એટલી લાંછના વેઠવાં પડયાં છે કે તે હું મરતા સુધી ભૂલીશ નહિ. માટેજ હું વિચાર કરી રહ્યો છું કે ભીષ્મદેવ વગેરેને મદદમાં લઈને તેમનો ઘાટ ઘડી નાખું. જો તેમ થાય તો તેમનું સભાગૃહ, ઐશ્વર્ય અને સામ્રાજ્ય બધુંએ ધૂળધાણી થઈ જાય."

શકુનિએ હસીને જવાબ દીધો: "કૃષ્ણ, પાંચ પાંડવો, ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી, એ બધાને યુદ્ધમાં હરાવવા એ તદ્દન અસંભવિત કામ છે. તેઓ અજેય છે,× તોપણ એક રસ્તો અજમાવવા જેવો છે. યુધિષ્ઠિરને દ્યૂત રમવાનો બહુ શોખ છે, પણ રમી જાણતો નથી. તું તારા બાપની સલાહ લઈને તેને પાસા વડે ચોપાટ રમવાનું તેડું મોકલ. હું તેને દગો કરીને હરાવી દઈશ.* તું કહીશ તો તેનું રાજ્ય, ઐશ્વર્ય અને દ્રૌપદીને સુદ્ધાં જીતી લઈને તારા હાથમાં આપી દઈશ."

એટલે દુર્યોધન તો ખુશ ખુશ થઈ ગયો. મામા ભાણેજની યોજના રસ્તે ચાલતાં ચાલતાંજ ઘડાઈ ગઈ. દુર્યોધને બાપની પાસે જઈને કહ્યું: "રાજાજી! પાંડવોને આ રાજસૂય યજ્ઞમાં એટલી દોલત અને બીજી એટલી બધી કિંમતી ચીજો મળી છે કે તેનો કહેતાં પારજ ન આવે. હિમાલયની કેટલી કેટલી પહાડી જાતિઓએ કીડીઓએ ખોદી કાઢેલા 'પિપીલકા' નામના સુવર્ણના ઢગલેઢગલા તેમને ભેટ કર્યા છે.† લંકા-

÷ સભાપર્વ, ૧-૧૩૪.

× સભાપર્વ, ૪૯-૧૫, ૧૬.

* સભાપર્વ, ૪૯-૮૦

† સભાપર્વ, ૫૨-૪. પ્રાચીન કાળમાં ભરતખંડના સુવર્ણની

દ્વીપના લોકોએ સમુદ્રના સાર જેવાં ગણાતાં વૈડૂર્યમણિ અને બીજાં જાત જાતનાં મોતીની પાંદડીઓને ભેટ કરી છે.* પાંડવોને એવાં એવાં અમૂલ્ય રત્નો પ્રાપ્ત થયાં છે કે તેવાં તો આપના ખજાનામાં પણ નથી. સુજ્ઞ પુરુષો કહે છે કે 'શત્રુનું અનુપમ ઐશ્વર્ય જોઇને જેમના હૃદયને ધક્કો ન લાગતો હોય તેમને અધમ જાણવા.'

આમ છતાં પણ આંધળો રાજા ધૃતરાષ્ટ્ર કાંઇજ બોલ્યો નહિ. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે વાત તો ખરી છે. શત્રુની ચઢતી કળા જોઇને બુદ્ધિમાન વ્યક્તિએ હાથ જોડીને બેસી રહેવું ઉચિત નથી. પણ ત્યારે કરવું શું ? શત્રુ ઘણા બળવાન થઇ ગયા છે. છેવટે શકુનિ બોલી ઉઠયોઃ "મહારાજ ! શી ફિકર છે ? આપ યુધિષ્ઠિરને દ્યૂત રમવાનુંજ નિમંત્રણ મોકલાવો. પછી જુઓ, હું ઘણી સહેલાઇથી તેની પાસેથી તેનું સર્વસ્વ જીતી લઉં છું કે નહિ ?"

પ્રથમ તો આ વાત ધૃતરાષ્ટ્રને ગળે ઉતરી નહિ. પણ

---

હકીકતો બહુ દૂર દૂરના દેશોના લોકોના જાણવામાં આવી ગઈ હતી. ખ્રિસ્તની પૂર્વે પાંચમી શતાબ્દિમાં હેરોડોટસ નામનો ગ્રીક ઇતિહાસકાર લખી ગયો છે કે "ભારતમાં સુવર્ણના ઢગલેઢગલા છે. જથ્થાબંધ સોનું ત્યાંની ખાણોમાંથી નીકળે છે. વળી કેટલુંક સોનું ત્યાંની નદીઓના પ્રવાહની સાથે તણાઇ આવે છે અને કેટલુંક ત્યાંનાં વેરાન રણમાંથી મળી આવે છે. સોનું મેળવવાનું જે છેલ્લું સ્થાન કહ્યું તેને વિષે એવી હકીકત છે કે શિયાળના કરતાં કદમાં મોટી એવી કીડીઓ રેતીની સાથે સોનાની ભૂકી પણ બહાર ખોદી લાવે છે. પછી તે કીડીઓ જ્યારે બીજી વાર માટી ખોદવા માટે બોયમાં પેસી જાય છે ત્યારે લોકો સપાટાબંધ સોનાની રજના ઢગલામાંથી જેટલું લેવાય તેટલું સાંભરી સાંભરીને ઉંટ ઉપર લાદીને ત્યાંથી જેમ નસાય તેમ નાસી જાય છે. કારણ કે પેલી કીડીઓને જો ખબર પડે તો પેલા માણસોના બાર વાગી જાય." ત્યારપછી ખ્રિસ્તની પૂર્વે ચોથા સૈકામાં મગધરાજ ચન્દ્રગુપ્તના સમયના ગ્રીક રાજદૂત મેગાસ્થિનિસે પણ આ કીડીઓએ આણેલા સોનાની વાતનો ઉલ્લેખ કર્યો છે. પર્વતોમાં વસનારા ગમે તે કદના જંગલી માનવીઓ સોનાની રજ ખોદી લાવતા હશે તેમને દૂરથી જોઇને લોકોએ તેમને કીડીઓ માની લીધા હોવા જોઇએ.

* સભાપર્વ, ૫૨–૩૫, ૩૬. હજી પણ ત્યાંના દરિયામાંથી મોતી કાઢવામાં આવે છે.

દુર્યોધન એક વાર જે જીદ લે તે છોડે એવો ન હતો. તેણે કહ્યું: ×"જો આપ મારૂં આટલું કહેણુ નહિ માનો તો હું આપઘાત કરીશ." ત્યારે આખરે થાકીને ધૃતરાષ્ટ્રે હા કહી.

વિદુરને આ વાતની ખબર પડી ગઇ. તેણે તરતજ દોડી આવીને વૃદ્ધ રાજાના પગ ઉપર પોતાનું માથું મૂકી દીધું અને અત્યંત નમ્રતાથી કરુણ સ્વરે કહ્યું: "મહારાજ ! હું આપના ચરણે વળગીને આપને વિનવું છું કે આપ આ દ્યૂતક્રીડાને રખે સંમતિ આપી બેસતા. તેમાંથી સગાંસગાંનો કલહ ઉત્પન્ન થશે અને તમામ પ્રકારની પાયમાલીનું બીજ વવાશે. ઓ રાજાજી ! આવા કામમાં કદી હાથ ઘાલતા નહિ."

પણ આંધળા ધૃતરાષ્ટ્રે તેની સલાહ ન ગણકારી. તે બોલ્યો: "તમે આજે ને આજેજ ઇન્દ્રપ્રસ્થ જઇને યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું નોતરૂં આપી આવો." મહાત્મા વિદુર આ સાંભળીને રડી પડયા. તે બોલ્યા: "હાય ! હાય ! હવે આ કુળનો અંત આવ્યોજ જાણજો." છેવટે ત્યાંથી ઉઠીને વિદુર ભીષ્મદેવની પાસે ગયા, પણ તેનુંએ કશું ફળ આવ્યું નહિ ત્યારે આખરે રાજાની આજ્ઞા માથે ચઢાવીને વિદુર અતિ ઉદાસ ચિત્તે ઇન્દ્રપ્રસ્થ ગયા અને યુધિષ્ઠિરને બધી વાતથી વાકેફ કર્યા.

બીજેજ દિવસે પાંચે પાંડવો અને દ્રૌપદી અનેક દાસદાસીઓને લઇને હસ્તિનાપુર આવી પહોચ્યાં. દ્રૌપદીનું રૂપ અને બાદશાહી ઠાઠ જોઇને ધૃતરાષ્ટ્રના દીકરાની વહુઓ મનમાં ને મનમાં અદેખાઇથી બળીને ખાક થવા લાગી, અને તેમની અદેખાઈનો ચેપ તેમણે તેમના પતિ અને પુત્રોને પણ લગાડયો.

બીજે દિવસે પાંડવો રાજસભામાં પધાર્યા કે તરતજ અધીરા થએલા શકુનિએ યુધિષ્ઠિરને કહ્યું કે ચાલો આપણે દ્યૂત રમીએ. પ્રથમ તો યુધિષ્ઠિરે દ્યૂતક્રીડાની ખૂબ નિંદા કરી.÷ તે સાંભળીને લુચ્ચો શકુનિ બોલ્યો કે "જો તમને ડર લાગતો હોય તો રમશોજ નહિ." તેના ઉત્તરમાં યુધિષ્ઠિર

× સભા.પર્વ, ૪૯–૫૧.

÷ [illegible] રમનાર અને એક જાતની ધોળા [illegible] તેનો અટકાવ કરેલો

[illegible]

અને કોઈ પણ કામમાં કોઈ આહ્વાન કરે તો હું કદી
ની કરતો નથી, એ બન્ને મારી હંમેશની નીતિ છે."
ની જુગારનો આરંભ થયો. તે વખતે ત્યાં ધૃતરાષ્ટ્ર
ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા, વિદુર, સંજય વગેરે
મોટા પુરુષો હાજર હતા. આખું સભાગૃહ લોકોથી
ભરાઈ ગયું હતું. શકુનિ પાસા ફેંકતાં ફેંકતાં બોલતો
[illegible] જુઓ, હું જ જીત્યો છું" અને થતું પણ તેમજ.
[illegible] પોતાની દોલત અને રત્નભંડાર બધું એ દાવમાં
[illegible] મૂકતા ગયા અને બધું જ ખોઈ બેઠા. જેમ જેમ
[illegible] ગયા, તેમ તેમ તે વધારે જુસ્સામાં આવતા ગયા અને તેમની
[illegible] બહેર મારી ગઈ હતી એ પ્રમાણે. તેમણે છેવટે
[illegible] પોતાનું આખું વિશાળ સામ્રાજ્ય, તમામ રત્નભંડાર,
[illegible] અને અસંખ્ય દાસદાસીઓ બધું જ ગુમાવ્યું.
[illegible] ધર્મોમાં વિદુરથી રહેવાયું નહિ. તેમણે અંધરાજ
[illegible] ધૃતરાષ્ટ્રને કહ્યું: "મરણ પાસે આવેલાને જેમ દવા રુચતી
[illegible], તેમ આપ મારી વાત હિતની હશે છતાં સાંભળતા નથી.
[illegible] ઉચ્ચાર કરો છું, નિરુપાય બન્યો છું તોપણ અધિકાર
[illegible] હોઈને હું આપને ફરી ફરીને કહું છું કે હવે આપ
[illegible] કામ છોડી દો. મારો દુર્યોધન તો હિત શું અને અહિત
[illegible] તેનું ભાન સાવ ગુમાવી બેઠો છે. જેમ કોઈ
[illegible] પીંછાં કાપી નાખે છે, તેમ દુર્યોધન
[illegible] ઉપર કુહાડો મારવા બેઠો છે. જે તેના
[illegible] છે, જેમના વડે તેનું પોતાનું શુભ થાય એમ
[illegible] તેમને તે પિતાની અળગા કરે છે. તે પોતાના
[illegible] પોતાના હાથે રહ્યો છે. અરેરે ! આખા
[illegible] કરી રહ્યો છે. પણ મહારાજ ! આપ
[illegible] કહી શું કરીને ન કરો એમ હું આપને
[illegible] કે તે શકુનિ તેની કપટવિદ્યામાં જીતી રહ્યો છે
[illegible] છે પણ તેના પાસા
[illegible] આપની સાથ
[illegible] નથી ! આ પાંડવોમાંથી
[illegible] અને તેઓ યુદ્ધ થશે
[illegible] નહિ ! અરેરે ! કેવો [illegible]

દુર્યોધન એક વાર જે હઠ લે તે છોડે એવો ન હતો. તેણે કહ્યું: "જો આપ મારું આટલું કહેવું નહિ માનો તો હું આપઘાત કરીશ." ત્યારે આખરે થાકીને ધૃતરાષ્ટ્રે હા કહી.

વિદુરને આ વાતની ખબર પડી ગઇ. તેણે તરતજ દોડી આવીને વૃદ્ધ રાજાના પગ ઉપર પોતાનું માથું મૂકી દીધું અને અત્યંત નમ્રતાથી કરુણ સ્વરે કહ્યું: "મહારાજ! હું આપના ચરણે વળગીને આપને વિનવું છું કે આપ આ દ્યૂતક્રીડાને રખે સંમતિ આપી બેસતા. તેમાંથી સગાંસગાંનો કલહ ઉત્પન્ન થશે અને તમામ પ્રકારની પાયમાલીનું બીજ વવાશે. ઓ રાજાજી! આવા કામમાં કદી હાથ ઘાલતા નહિ."

પણ આંધળા ધૃતરાષ્ટ્રે તેની સલાહ ન ગણકારી. તે બોલ્યો: "તમે આજે ને આજેજ ઇન્દ્રપ્રસ્થ જઇને યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું નોતરૂં આપી આવો." મહાત્મા વિદુર આ સાંભળીને રડી પડયા. તે બોલ્યા: "હાય! હાય! હવે આ કુળનો અંત આવ્યોજ જાણજો." છેવટે ત્યાંથી ઉઠીને વિદુર ભીષ્મદેવની પાસે ગયા, પણ તેનું એ કશું ફળ આવ્યું નહિ ત્યારે આખરે રાજાની આજ્ઞા માથે ચઢાવીને વિદુર અતિ ઉદાસ ચિત્તે ઇન્દ્રપ્રસ્થ ગયા અને યુધિષ્ઠિરને બધી વાતથી વાકેફ કર્યા.

બીજેજ દિવસે પાંચે પાંડવો અને દ્રોપદી અનેક દાસદાસીઓને લઇને હસ્તિનાપુર આવી પહોચ્યાં. દ્રોપદીનું રૂપ અને બાદશાહી ઠાઠ જોઇને ધૃતરાષ્ટ્રના દીકરાની વહુઓ મનમાં ને મનમાં અદેખાઇથી બળીને ખાક થવા લાગી, અને તેમની અદેખાઇનો ચેપ તેમણે તેમના પતિ અને પુત્રોને પણ લગાડયો.

બીજે દિવસે પાંડવો રાજસભામાં પધાર્યા કે તરતજ અધીરા થએલા શકુનિએ યુધિષ્ઠિરને કહ્યું કે ચાલો આપણે દ્યૂત રમીએ. પ્રથમ તો યુધિષ્ઠિરે દ્યૂતક્રીડાની ખૂબ નિંદા કરી.* તે સાંભળી [illegible] કુનિ બોલ્યો કે "જો તમને ડર લાગતો [illegible] નહિ." તેના ઉત્તરમાં યુધિષ્ઠિર

---

× [illegible] નાશ કરનાર અને એક જાતની ધોળા

દહા [illegible] આ માટે રાજાઓએ તેનો અટકાવ કરવો

[illegible]તા, ૯–૨૨૧,૨૨૨

બોલ્યા: "મને કોઈ પણ કામમાં કોઈ આહ્વાન કરે તો હું કદી પાછી પાની કરતો નથી, એ જાણે મારી હંમેશની નીતિ છે."

પછી દ્યૂતક્રીડાનો આરંભ થયો. તે વખતે ત્યાં ધૃતરાષ્ટ્ર રાજા, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા, વિદુર, સંજય બધાજ મોટા મોટા પુરુષો હાજર હતા. આખું સભાગૃહ પ્રેક્ષકોથી ચીકાર ભરાઈ ગયું હતું. શકુનિ પાસા ફેંકતાં ફેંકતાંજ બોલતો કે "આ જુઓ, હુંજ જીતવાનો છુ" અને થતું પણ તેમજ. યુધિષ્ઠિર પોતાની દોલત અને રત્નભંડાર બધુંએ વારાફરતી શરતમાં મૂકતા ગયા અને બધુંજ ખોઇ બેઠા; જેમ જેમ હારતા ગયા, તેમ તેમ તે ધીરજ ગુમાવતા ગયા અનેતેમની અક્કલ બહેર મારી જવા લાગી. એ પ્રમાણે તેમણે છેલ્લે સરવાળે પોતાનું આખું વિશાળ સામ્રાજ્ય, તમામ રત્નભંડાર, સંપત્તિ અને અસંખ્ય દાસદાસીઓ બધુંજ ગુમાવ્યું.

હવે ધર્માત્મા વિદુરથી રહેવાયું નહિ. તેમણે આંધળા ધૃતરાષ્ટ્રને કહ્યું: "મરવા પડેલા માણસને ગળે જેમ દવા ઉતરતી નથી, તેમ આપ મારી ખરા હિતની વાત સાંભળતા નથી. હું લાચાર થયો છું, નિરુપાય બન્યો છું તોપણ ભવિષ્યનો વિચાર કરીને હું આપને ફરી ફરીને કહું છું કે હજી આપ આ કામ છોડી દો. મારો દુર્યોધન તો હિત શું અને અહિત શું તેનું ભાન સાવ ગુમાવી બેઠો છે. ગાંડ જેમ દારૂ પીને પોતાનાંજ શીંગડાં ભાંગી નાખે છે, તેમ દુર્યોધન આજે પોતાનાજ પગ ઉપર કુહાડો મારવા બેઠો છે. જે તેના ખરા મદદગાર છે, જેમના વડે તેનું પોતાનું શુભ થાય એમ છે, તેમનેજ તે પોતાનાથી અળગા કરે છે. તે પોતાના ભાઈઓનેજ પોતાના શત્રુ બનાવી રહ્યો છે. અરેરે ! આખા કુરુવંશનું સત્યાનાશ વાળવા બેઠો છે. પણ મહારાજ ! આપ એક કાગડાની ખાતર આવું કુકર્મ ન કરો એજ હું આપને કહી રહ્યો છું. શકુનિ તેની કપટક્રીડામાં જીત્યો જાય છે તે જાણીને તે રાજી રાજી થાય છે; પણ તેના પાસા આખરે આપનું સર્વનાશ કરનાર કાતીલ બાણની ગરજ સારશે તે આપ કેમ સમજી શકતા નથી? આ દ્યૂતક્રીડામાંથી ભયંકર દુશ્મનાવટનો આરંભ થશે અને છેવટે યુદ્ધ જામશે તે આપ કેમ જોઇ શકતા નથી? અરેરે ! કયો બુદ્ધિમાન

માણસ સૂતેલા સિંહને છંછેડીને જગાડે ? હું આપને કહું છું કે શકુનિ જ્યાંથી આવ્યો છે ત્યાં તેને પાછો મોકલાવી દો તે પર્વતના ઉંદરને પર્વતમાંજ ભરાઈ જવા દો અને કુરુકુળને બચાવી લો."

આ સાંભળીને દુર્યોધન ક્રોધથી લાલચોળ બની ગયો. તે વિદુરના ઉપરજ ઉતરી પડયો અને તેને ઉદ્દેશીને ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યો: "અમે આજ સુધી સાપનેજ દૂધ પાઈને પોષ્યો છે ! તમે ધાર્મિક હોવાનો ઢોંગ કરો છો, ધર્મનો વેશ પહેરીને લોકોને છેતરો છો, અને અમને જેથી હાનિ થાય એવાંજ કામ રાતદિવસ કરતા રહો છો. અમારા શત્રુઓને લાભ થાય એવી એવી સલાહ આપ્યા કરો છો. અમે અમારા શત્રુઓને હરાવીને લાભ મેળવ્યો છે તે તમારાથી ખમાતું નથી. અમારૂં હિત શામાં છે અને અહિત શામાં છે તે અમે તમને પૂછતા નથી. અમારામાં પૂરતી અક્કલ છે. અમારૂં હિત અહિત અમે બરાબર સમજીએ છીએ. તમારા જેવા નિર્લજ્જ માણસનું મોઢું પણ અમે જોવા માગતા નથી. તમારી મરજીમાં આવે ત્યાં ભલે તમે ચાલ્યા જાઓ."

ધૃતરાષ્ટ્રે પણ દીકરાને વાર્યો નહિ. વિદુરને હાડોહાડ અપમાન લાગ્યું; પણ તે બધું ગળી જઇને નીચું મોઢું કરીને બેસી રહ્યા. એક વાર મનમાં એમ પણ લાગ્યું કે અહીંથી ઉઠીને ચાલ્યો જાઉં, પણ વળી બીજો વિચાર આવ્યો કે બેસીશ તો હજી એ લોકોનું કાંઇક ભલું કરી શકીશ. ભીષ્મ અને બીજા બધા દુર્યોધનનો આવો દોર જોઇને પોતપોતાનાં મોઢાં સીવીને બેસી રહ્યા—કોઇની કશું કહેવાની હિંમત ચાલી નહિ.

વળી પાછી બીજી વાર દ્યૂતક્રીડા શરૂ થઇ. યુધિષ્ઠિરની બુદ્ધિ, સાન, બધાંએ આજે છેકજ હરાઇ ગયાં હતાં. તેના શત્રુઓ તેને જેમ નચાવતા તેમ તે નાચવા લાગ્યા. દુષ્ટ શકુનિ બોલ્યો: "યુધિષ્ઠિર ! આ વખતે શરતમાં શું મૂકશો ?" મહારાજ ચક્રવર્તી યુધિષ્ઠિર પાસે હવે શરતમાં મૂકવા જેવું રહ્યું છે શું ?" ત્યારે યુધિષ્ઠિરે અધીરા થઇને પોતાના ભાઈઓને વારાફરતી શરતમાં મૂક્યા અને તેમને પણ હારી બેઠા.

પછી તેમણે પોતાની જાતને શરતમાં મૂકી અને તેમાંએ હાર્યા. ત્યારે શકુનિ બોલ્યોઃ "હવે દ્રૌપદીને શરતમાં મૂકો. હવે તમારી પાસે બીજું રહ્યું છે શું ?" યુધિષ્ઠિરે તરતજ દ્રૌપદીને શરતમાં મૂકી અને તેને પણ હારી બેઠા. આંધળો ધૃતરાષ્ટ્ર અધીરો થઈને પૂછવા લાગ્યોઃ "કોણ જીત્યું ? કોણ જીત્યું ?" શકુનિ બોલ્યોઃ "આપજ. વળી બીજું કોણ જીતે ? દ્રૌપદીને પણ જીતી લીધી છે." એટલે તો તે આંધળો એટલો હરખમાં આવી ગયો કે હોહો હોહો કરીને મોટેથી હસવા લાગ્યો. દુર્યોધનના હૈયામાં હરખ માયો નહિ એટલે તે સભામાં ઉભો થઇને નાચવા કૂદવા લાગ્યો. એ પ્રમાણે આનંદના અસીમ વાવાઝોડાના વેગથી આખું કુરુકુળ ડોલી ઉઠ્યું. પણ તેઓ જાણતા ન હતા કે તેથી તેમનાં મૂળીઆંજ ઉખડી જવા લાગ્યાં હતાં.

હવે દુર્યોધને એક સેવકને આજ્ઞા કરી કે જા, દ્રૌપદીને સભામાં તેડી લાવ. તેણે દ્રૌપદી પાસે જઇને તેને બધી વાત કહી. દ્રૌપદી બોલીઃ "પહેલાં તું સભાને પૂછી આવ કે યુધિષ્ઠિરે મારા પહેલાં પોતાની જાતને શરતમાં મૂકી હતી કે નહિ ? અને તેમણે જો તેવુંજ કર્યું હોય તો મને શરતમાં મૂકવાનો તેમને અધિકાર રહ્યો હતો કે નહિ ?" દૂતે સભામાં આવીને આ વાત જાહેર કરી. દુર્યોધન તો ક્રોધના આવેશમાં આવી જઇને ભાનજ ભૂલી ગયો. તેણે દુઃશાસનને કહ્યુંઃ "તું જઇને દ્રૌપદીને તેડી લાવ. આ પાંચ પાંડવોનો તું જરાએ ડર રાખીશ નહિ."

આવી આજ્ઞા થતાંજ દુઃશાસન તો હરખાતો હરખાતો ત્યાંથી ચાલતો થયો, અને ઠેઠ રાણીવાસમાં પહોંચી ગયો. દ્રૌપદી તેનું ભયંકર સ્વરૂપ જોઇને પોતાના માથા ઉપર આવી પડેલી વિપત્તિનું મહત્ત્વ કળી ગઇ અને ધૃતરાષ્ટ્રના ઘરની સ્ત્રીઓનો આશરો લેવા ત્યાંથી નાઠી. પણ પાપી દુઃશાસને જરાએ ન અચકાતાં તેનો ચોટલો પકડ્યો. તેણે એમ પણ કહ્યું કે હું રજસ્વલા છું, એકજ વસ્ત્રભેર છું, તે દુષ્ટના પુષ્કળ કાલાવાલા કર્યા; પણ બધુંજ ફોકટ ! દુઃશાસન તેનો ચોટલો પકડીને તેને ઘસડવા લાગ્યો અને બોલતો ગયોઃ "તું રજસ્વલા હોય, એકજ વસ્ત્ર પહેરીને બેઠી હોય કે નગ્ન હોય

તેમાં મારે શું ? હું તને સભામાં ઘસડી ગયા વગર રહેનાર નથી. તું અત્યારે અમારી દાસી છે.”

દ્રૌપદીની આંખ ભરાઈ આવી. તે ઉંચે સ્વરે રડવા લાગી, સૌની મદદ માગવા લાગી. ગાંધારી રાણીને પણ દિલમાં દયા ન આવી. ધૃતરાષ્ટ્રના ઘરની બીજી સ્ત્રીઓ પણ કશુંજ ન બોલી. દુરાચારી દુઃશાસન દ્રૌપદીનો ચોટલો પકડીને તેને ઘસડતો ઘસડતો સભામાં લઇ આવ્યો. ત્યાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરે મહારથીઓ બેઠા હતા. તેના સસરા જેવો ધૃતરાષ્ટ્ર, આ બધું જાણ્યા છતાં બેઠો બેઠો હસતો હતો. આટલા બધામાંથી કોઇએ તે લાચાર, અસહાય, નિરપરાધી રાજકુમારી ઉપર દયા બતાવી નહિ. ત્યારે બિચારી પાંચાલી રડતી રડતી દુઃશાસનને કહેવા લાગી, “આ સભાની અંદર મારા આટલા બધા વડીલો બેઠા છે, તેમના દેખતાં તું મને વસ્ત્ર વિનાની કરતો નહિ. મને મારા પતિઓએ શરતમાં મૂકી હોય તોપણ હું મારે મોઢેથી તેમની નિંદા કરી શકતી નથી. તોપણ હું પૂછું છું કે, આવડી મોટી સભા આવા ઘોર અત્યાચારને સાંખે છેજ કેમ? ત્યારે તો હવે મને સમજાય છે કે કૌરવકુળ ધર્મ વગરનું બની ગયું છે, અને ક્ષત્રિયો તેમના ધર્મમાર્ગમાંથી ખસી ગયા છે.” તે સાંભળીને દુઃશાસન તેના ચોટલાને વધારે જોરથી આંચકો મારીને ખેંચવા લાગ્યો. દ્રૌપદી આ પીડાથી મૂર્છિત થવા જેવી થઈ ગઈ.

કર્ણ દુઃશાસનને કહેવા લાગ્યો: “ પાંચ પાંચ ધણીને પરણનાર તે વળી સતી શાની? તેને સભામાં નગ્ન કરવામાં કશુંજ પાપ નથી. તું આ પાંચે પાંડવોને અને દ્રૌપદીને વસ્ત્ર-રહિત કરી નાખ.” એટલે કોઈ પોતાના શરીરને સ્પર્શ કરે એ બીકે પાંચે પાંડવોએ તમામ કપડાં પોતાને હાથેજ ઉતારી-ને ધૃતરાષ્ટ્રની આગળ જઈને મૂકી દીધાં.

પછી ભયંકર, કમકમાટી ઉપજાવે એવું કૃત્ય શરૂ થયું. દ્રૌપદીના અંગ ઉપર માત્ર એકજ લુગડું હતું. કર્ણના કહેવાથી દુષ્ટ દુઃશાસન તેને ખેંચી કાઢવા લાગ્યો, અને ભર-સભામાં તેને નગ્ન કરવાને તેનું પોતાનું બધુંજ જોર અજમા-વવા લાગ્યો. તેના [illegible] વસ્ત્ર તરફ આંગળીઓ ચીંધીને દુર્યોધન, દુઃશાસન અને કર્ણ તેની હલકી મશ્કરી

કરવા લાગ્યા. દ્રૌપદી રડવા લાગી, તેને આવડે તેટલી રીતે આર્ત સ્વરે કરૂણ વિલાપ કરવા લાગી. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ વગેરેની આગળ દુઃખભર્યા અવાજે દયા માગવા લાગી. વળી તેણે પાંડવો તરફ એક અમુલખો નજર નાખી. તમે પણ મારો આ ઘડીએ બચાવ કરતા નથી એમ જાણે તેમને કહેતી હોય તેમ તેમની સામે જોવા લાગી, તેમને વિનવવા લાગી. પોતાની પ્રિય પત્નીનું આવું આંખે ન જોઈ શકાય એવું અપમાન થતું જોઈને પાંડવોથી કેમ બેસી રહેવાય! પણ જ્યારે જ્યારે તેમાંનો કોઈ જરાક ઉંચો નીચો થતો એટલે યુધિષ્ઠિર તેને આંખનો ઇસારો કરીને બેસાડી દેતા તેથી પાંડવો નીચી મૂંડી કરીને બેસી રહ્યા અને પોતાના અસાધારણ ધૈર્યનો પરિચય કરવા લાગ્યા.

હવે દ્રૌપદીની ખરાબમાં ખરાબ હાલત થવા લાગી. દુઃશાસન તેના અંગ ઉપરનું વસ્ત્ર ખેંચી કાઢવાને માટે તેનું બધુંજ જોર અજમાવી રહ્યો હતો. એટલે દ્રૌપદીની પાસે પોતાની લજ્જાને સાચવવાનો બીજો એક પણ ઉપાય નહિ હોવાથી છેકજ લાચાર હાલતમાં આવી જઇને તેણે તે દીન-દુઃખીઆના આધારને, વિપત્તિને વિદારનારને પોતાના તમામ હૃદયના બળ અને આવેગથી પોકાર કરવા માંડયો. આ વખતે તેનું મન, તેના ચિત્તની વૃત્તિઓ, તેના પ્રાણની ગતિ, બધાં એકજ વિષયમાં સ્થિર થઈ ગયાં અને જેમ કોઇ મહાયોગી પૂર્ણ સમાધિમાં ઈશ્વરનું અનન્ય ભાવે ચિંતન કરે તેમ દ્રૌપદીને પણ આ વિપત્તિના યોગે કરીને ચિત્તની પૂર્ણ એકાગ્રતા સાધ્ય થઇ ગઇ. તેને એકલાનેજ આત્મસમર્પણ કરીને, મનના બીજા બધા વ્યાપારને મનમાંથી તદ્દન કાઢી નાખીને દ્રૌપદી એક અપૂર્વ, અનિર્વચનીય ભાવસમુદ્રમાં ડુબી ગઇ. દુઃશાસન તેનાથી થાય તેટલું જોર કરીને તેનું વસ્ત્ર ખેંચવા લાગ્યો, પણ તે છતાં તેનાથી દ્રૌપદીનું વસ્ત્ર છુટયુંજ નહિ અને તેને નગ્ન કરી શકયોજ નહિ. છેવટે તે પાપી પોતેજ થાકીને ત્યાંથી આઘો ગયો અને પોતાને શરીરે વળેલો પરસેવો લુછવા મંડયો.

જ્યારે પાપીઓએ જોયું કે તેમણે ધારેલી મુરાદ તો નજ બર આવી ત્યારે કર્ણે દુઃશાસનને કહ્યુંઃ "આ દાસીને

આપણે ઘેર મૂકી આવ." ત્યારે ફરી પાછો તે દુષ્ટ દ્રૌપદીને તેનો ચોટલો પકડીને ખેંચવા લાગ્યો. તે રડતી ગઇ અને કહેતી ગઈ: "જરા વાર થોભી જા. હું મારી એક ફરજ બજાવવાની ભૂલી ગઇ છું." એટલું કહીને તેણે સભામાં બેઠેલા બધા વડીલોને સન્માનપૂર્વક પ્રણામ કરીને કહ્યું: "મને મારો ચોટલો પકડીને એણે એવી અકળાવી નાખી કે તેથી અહીં આવતાં વારનેજ આપને સૌને વંદન કરવાનું મારાથી બની શક્યું નહિ. મારો એટલો અપરાધ આપ દરગુજર કરશો. હવે હું આપને સૌને એટલુંજ પૂછું છું કે હું અણજીતાએલી છું કે જીતાએલી છું ?"

ભીષ્મ બોલ્યા: "તે તો હું જાણતો નથી, પણ હું તો એટલું જાણી ગયો છું કે આ વંશનાં હવે પુણ્ય પરવારી ગયાં છે, તેનું આવીજ બન્યું છે." છતાં પણ દ્રૌપદી તો એનો એજ સવાલ ફરી ફરીને પૂછતીજ રહી. ત્યારે ભીષ્મ બોલ્યા: "યુધિષ્ઠિર ધર્માત્મા છે. ભલે તે પોતેજ તારા સવાલનો જવાબ આપે."

યુધિષ્ઠિર હવે શો જવાબ આપે ? શકુનિએ દગો કરીને તેમને હરાવ્યા હતા તેની તો કશીજ સાબિતી હતી નહિ. તેથી કરીને કાંઇજ ન બોલતાં નીચું માથું કરીને પોતે બેસી રહ્યા, પણ વિદુરથી હવે બોલ્યા વિના ન રહેવાયું. તે બોલ્યા: "યુધિષ્ઠિરે પ્રથમ પોતાની જાતને શરતમાં મૂકી હતી અને તેમાં તે હાર્યા એટલે પછી કોઇ પણ વસ્તુ અગર વ્યક્તિ ઉપરથી તેમનો અધિકારજ ઉઠી ગયો. તેથી કરીને વાસ્તવિક રીતે દ્રૌપદીને શરતમાં મૂકવાનો તેમને હકજ ન હતો અને વળી દ્રૌપદી તેમની એકલાની નહિ પણ પાંચે ભાઇઓની સ્ત્રી છે તે જોતાં યુધિષ્ઠિરથી તેને શરતમાં મૂકી શકાયજ નહિ."

એટલે તો કર્ણ તરતજ ઘૂઘવી ઉઠ્યો, "દાસની પાસે જે કાંઇ હોય તે બધાજ ઉપર તેના માલિકોનો હક છે. પાંડવો કૌરવોના દાસ થયા છે તેથી તેમની સ્ત્રી પણ કૌરવોની દાસીજ ગણાય." ત્યાર પછી દ્રૌપદી તરફ કટાક્ષ કરીને બોલ્યો: "આ બધામાંથી જે તારી નજરમાં આવે તેની તું રખાત થઇ શકે છે. દાસીને તેમાં પાપ લાગે નહિ."

આ સાંભળીને પાપી દુર્યોધનને વળી વાંદરાને નીસરણી

મળવા જેવું થયું. તેણે પોતાની ડાબી જાંઘ ઉપરથી પોતિયું ખસેડીને દ્રૌપદીને તે બતાવી અને તેના તરફ કુદૃષ્ટિભરેલા કટાક્ષ નાખવા લાગ્યો. સભામાં તેનો બાપ તથા બીજા ઘણા વડીલો બેઠા હતા છતાં તે લેશ માત્ર પણ લજવાયો નહિ.

હવે ભીમનો મિજાજ તેના હાથમાં ન રહ્યો. તે સભા વચ્ચે ઉભો થઇને ગર્જી ઉઠ્યો; કે "અરે પાપી દુર્યોધન! તું યાદ રાખજે, એક વાર યુદ્ધમાં તારી એજ જાંઘને હું મારી ગદાના પ્રહારથી ભાંગી નાખીશ અને તને મારી નાખીશ. ઓ દુઃશાસન! તું પણ જોઈ લેજે. રણમેદાનની વચ્ચે તારી છાતી ચીરીને તારા લોહીના ઘુંટડા હું જો ન પીઉં તો હું ભીમ નહિ. આ મારી ભયંકર પ્રતિજ્ઞા સૌ કાન દઇને સાંભળી લેજો. આ સભામાં જે જે બેઠા છે તે બધાને હું કહું છું. તમે આ ભીષણ પ્રતિજ્ઞાના સાક્ષી છો."

એજ વખતે ધૃતરાષ્ટ્રના અંતઃપુરમાંથી એકદમ પુષ્કળ શીઆળ અને ગધેડાં ભૂંકી ઉઠયાં અને ભયંકર આકૃતિવાળાં પંખીઓ એવો કઠોર અવાજ કરવા લાગ્યાં કે ધૃતરાષ્ટ્ર ધ્રૂજી ઉઠયો. ભીષ્મના કહેવાથી, વિદુરની સાચી સલાહથી જે સુમાર્ગે વળ્યો ન હતો, કુકાર્ય કરતાં અટકયો ન હતો તેની અત્યારે ભયને લીધે સાન ઠેકાણે આવી ગઇ. તેણે એકદમ પોતાનું સ્વરૂપ, ગળાનો અવાજ બધુંજ ફેરવી નાખ્યું અને અત્યંત કોમળ તથા મધુર સ્વરે તેમજ જાણે તેના હૈયામાંથી પ્રેમ અને માર્દવ ઉભરાઈ જતાં હોય તેમ તે દ્રૌપદીને કહેવા લાગ્યો: "પાંચાલિ! મારી પુત્રવધૂઓમાં તું સૌથી વડી છે; તું સર્વથી શ્રેષ્ઠ છે; તું સતી છે; તું પરમ ધાર્મિક છે, તું મારી પાસેથી જે તારા મનમાં આવે તે માગી લે. તું જે માગીશ તે આપીશ." ડોસો હવે ઝાડનાં મૂળીઆં ઉખેડયા પછી તેની ટોચનાં પાંદડાં ઉપર પાણી છાંટવા લાગ્યો.

દ્રૌપદી બોલી: "રાજાજી! જો હું માગું તે આપતા હો તો હું એ વરદાન માગું છું કે યુધિષ્ઠિર રાજા દાસત્વમાંથી છુટા થાય." આંધળો હવે દેખતો થવા આવ્યો હતો. તે બોલ્યો: "એ વરદાન તો તને આપ્યુંજ, પણ તું બીજું કાંઇ માગી લે. તું એકજ વરદાનને માટે યોગ્ય નથી."

ત્યારે દ્રૌપદી બોલી કે "રાજાજી! હવે ત્યારે એવું વર

દાન આપો કે મારા બીજા ચાર પતિઓ પણ દાસત્વમાંથી છૂટા થાય." ધૃતરાષ્ટ્ર બોલ્યોઃ "ભલે તેમ; પણ હજી કોઈ ત્રીજી વસ્તુ માગી લે. તારા જેવી પુત્રવધૂને બે વરદાન આપ્યા છતાં હું ધરાયો નથી. હજી તને વધારે આપવાનું મને મન થાય છે."

દ્રૌપદી બોલીઃ "મહાત્મન્! લોભથી ધર્મનો નાશ થાય છે, એટલા માટે હું ત્રીજું વરદાન માગતીજ નથી. મારા પતિઓ માઠામાં માઠી હાલતે પહોંચ્યા હતા. તેઓ અત્યારે દાસત્વમાંથી મુક્ત થાય એટલે બસ. મારે એથી વધારે કાંઇજ જોઇતું નથી. તેઓ છૂટા થઇને સત્કાર્ય દ્વારા પોતાની ઉન્નતિ સાધી શકશે."

તેના આવા ઉદ્‌ગાર સાંભળીને આખી સભા વિસ્મય પામી. ઘણાના મનમાં એવું થયું કે દ્રૌપદીના જેવી મૂર્ખ કોઈ નહિ. પોતાનું સામ્રાજ્ય, ઐશ્વર્ય એ બધુંજ પાછું લઈ લેવાનો આવો કેવો સરસ લાગ તેણે હાથમાં આવેલો ગુમાવ્યો!

પાંડવોની આટલી દુર્દશા કરીને, તેમને આટઆટલું દુઃખ દઈને પણ હજી કર્ણ ધરાયો ન હતો. તે હવે તેમની મશ્કરી કરતાં બોલ્યોઃ "બાપડા પાંડવોને આખરે તેમની બૈરી-જ સહાય થઈ."

પણ યુધિષ્ઠિર કર્ણના આ કટાક્ષ તરફ લક્ષ ન આપતાં ઉભા થઈને ધૃતરાષ્ટ્રની પાસે ગયા અને તેની આગળ હાથ જોડીને ઉભા ઉભા બોલવા લાગ્યાઃ "રાજાજી! આપ આજેજ નહિ પણ સદાકાળ અમારા સૌના મુરબ્બી અને માલિક છો, અને અમે આપના સદાનાજ દાસ છીએ. હવે અમે આપની શી સેવા બજાવીએ તે કહો."

ત્યારે ધૃતરાષ્ટ્ર ઘણોજ મીઠે સ્વરે બોલ્યોઃ "બેટા યુધિષ્ઠિર! તારૂં કલ્યાણ થાઓ. હવે તને મારી આજ્ઞા છે કે તું તારી સ્ત્રીને લઇને તારા પોતાના રાજ્યમાં જા અને સુખેથી રાજ્ય ચલાવ. મારા આટલા મોટા બહોળા કુટુંબમાં તું એકલોજ જ્ઞાની અને ધાર્મિક છે. 'જ્યાં જ્ઞાન છે ત્યાં-જ ક્ષમાવૃત્તિ છે અને જે શત્રુતાના બદલામાં મૈત્રી આપે છે તેજ સાચો મહાત્મા છે' આટલી વાત યાદ રાખજે."

# પ્રકરણ ૮ મું–બીજી વારનો જુગાર

પાંડવોને તેમનું ગુમાવેલું રાજ્ય પાછું મળ્યું તેથી દુર્યોધન વગેરે ઘણાજ નિરાશ થયા. તેમણે અંદર અંદર મસલત કરીને વળી પાછું નવું કાવતરૂં ઘડી કાઢયું. બધું નક્કી થયા બાદ દુર્યોધન પોતાના બાપને કહેવા લાગ્યો કે "રાજાજી! તમે એમ ન સમજતા કે પાંડવો આ અપમાન મરતી વખતે પણ ભૂલી જાય. દ્રૌપદીની જે સતામણી થઈ છે, તેનું જે અપમાન થયું છે તે તો અમારા લોહી વગર બીજા કશાથી ધોવાય એવું નથી. તમે તેમને ક્ષમા કરવાનો ઉપદેશ આપ્યો છે, પણ તેની તેમને અસર થાય એમ રખે માની લેતા. થોડા વખતમાંજ તમે સાંભળશો કે પાંડવો મહાન સૈન્યની જમાવટ કરે છે અને યુદ્ધની મોટા પાયા ઉપર તૈયારી કરીને આપણી સાથે યુદ્ધ કરવા સજ્જ થઈને ઉભા છે. તે વખતે અમારે શું કરવું? અમારે અમારો બચાવ શી રીતે કરવો તે કહો. માટેજ હું કહું છું કે તેમને બીજી વાર દ્યૂત રમવાનું નોતરૂં મોકલો. આ વખતે અમે તેમની પાસે એવી શરત કરાવીશું કે જે હારે તે મૃગચર્મ ધારણ કરીને બાર વરસ વનવાસ ભોગવે. ત્યાર પછી એક વરસ કોઈ પણ એકાંત સ્થળમાં ગુપ્ત રીતે રહે. તે દરમ્યાન જો ઓળખાઈ જાય તો વળી પાછાં બીજાં બાર વરસ વનવાસમાં અને એક વરસ ગુપ્ત નિવાસમાં ગાળે. આ પ્રમાણે તેમને શરતમાં બાંધી લીધા પછી તેમને હરાવીને આપણા બુદ્ધિબળ વડે પાંડવોનો કાંટો કાઢી નાખીશું વળી એ તેર વરસમા આપણે જોઈએ તેટલું સૈન્ય અને યુદ્ધસામગ્રી એકઠા કરી લઈશું, જેથી કરીને તેમની સાથે છેવટે લડવું જ પડે તોપણ આપણે તેમને સહેલાઈથી હરાવી શકીએ. હે બુદ્ધિમાન રાજા! અમારા આ પ્રસ્તાવને દ્યૂતકારી કાઢીને અમને દુઃખસમુદ્રમાં ધકેલી મૂકશો નહિ."
વિચારહીન અંધ રાજાએ સંમતિ આપી આ વાત સાંભળીને ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, કૃપાચાર્ય, વિદુર, સંજય, બાહ્લીક, ભૂરિશ્રવા તથા ધૃતરાષ્ટ્રના વિકર્ણ અને યુયુત્સુ નામના બે પુત્રોએ તેમજ ધૃતરાષ્ટ્રની સભામાં હાજર રહેલા અનેક સભ્યો-

એ તેનો ભારે વિરોધ કર્યો. છેવટે રાણી ગાંધારી પણ સભામાં આવી અને કહેવા લાગી કે "હે રાજાજી! દુર્યોધન જન્મ્યો તેજ ઘડીએ વિદુરે કહ્યું હતું કે આ છોકરો આખા વંશનો નાશ કરાવશે, તે તમે શું ભૂલી ગયા? ધર્માત્મા વિદુરનું વચન કદી ખોટું પડવાનું નથી. માટે હું કહું છું કે દુર્યોધનનો ત્યાગ કરવો પડે તો તેમ કરીને પણ આવડા મોટા કુળને નાશના મુખમાંથી ઉગારી લો. અરેરે! પાંડવોને છંછેડવાનું સાહસ અક્કલવાળો માણસ તો કરેજ નહિ. હોલવાઈ ગયેલા અગ્નિને ફરીથી સંકોરી આપવાનું કોને મન થાય? અન્યાયભરેલા ઉપાય વડે મેળવેલું ઐશ્વર્ય કદી પણ લાંબો વખત ટકતું નથી. સત્કાર્ય વડે, સદુપાય વડે જે ઐશ્વર્ય મેળવ્યું હોય તેજ ઐશ્વર્ય ટકી રહે છે."

અંધરાજે જવાબ આપ્યો: "દેવિ! જો આપણા કુળનો નાશ થવાનું નિર્માણ થયુંજ હશે તો પછી તેને કોણ અટકાવી શકે છે? દુર્યોધન અને તેના મળતીઆઓ પોતાનું ધાર્યું કરે છે, તેમાં મારું ચાલે એમ નથી."

ધૃતરાષ્ટ્રનું નિમંત્રણ લઈને તેનો દૂત ઇંદ્રપ્રસ્થ ગયો અને કહ્યું કે "મહારાજ તમને ફરીથી દ્યૂત રમવા તેડાવે છે."

યુધિષ્ઠિર બોલ્યા: "મારો મોટો કાકો બોલાવે એટલે મારે ગયા વિના છૂટકો? મારા સર્વસ્વની ખુવારી થતી હોય તોપણ મારાથી તેમનું વચન ઉથાપાય નહિ."

શકુનિ કેવો કપટી છે તે બધા જાણતા હતા, તોપણ [illegible] કરવા નીકળ્યા, અને પતંગીઆની માફક [illegible] થયા. તુરત શકુનિએ યુધિષ્ઠિરને બીજી વાર દ્યૂત રમવા કહ્યું. અને આ વખતની શરતની બધી વિગત પણ તેમણે કહી દીધી. તેજ ઘડીએ ત્યાં ને ત્યાંજ દ્યૂતક્રીડાની શરૂઆત થઈ. ધૃતરાષ્ટ્ર અને બીજા બધા બેઠા બેઠા જોવા [illegible] કે તરતજ શકુનિ બોલી ઉઠ્યો કે "આ [illegible] હુંજ જીત્યો છું." અને થયું પણ તેમજ. પછી દુર્યોધન વગેરે પાંડવોને કહેવા લાગ્યા કે, [illegible] અને તમે સત્યવાદી છો [illegible] તેજ ઘડીએ, [illegible] પાંડવો પોતાનો

રાજવંશી પોશાક ઉતારીને મૃગચર્મ પહેર્યાં. દુઃશાસન દ્રૌપદીને ટાણાં મારવા લાગ્યો કે "તું આ કંગાલ ભિખારી જેવા પાંડવોની સાથે વનમાં જઈને શું સુખ ભોગવવાની છે ? તે કરતાં કૌરવોમાંથી તને જે પસંદ આવે તેનું ઘર માંડીને સુખી થા ને !" પછી તે ભીમને "બળદીઓ" "બળદીઓ" કહીને તેની મશ્કરી કરતો ગયો અને હરખમાં આવીને નાચવા કૂદવા લાગ્યો. દુર્યોધન તો એટલો હર્ષઘેલો થઈ ગયો કે તે ભીમની પાછળ પાછળ શરીરના તરેહ તરેહના વાંક કરીને તેના ચાળા પાડીને ચાલવા લાગ્યો, અને તેની મશ્કરી કરીને તેને ખીજવવા લાગ્યો. ત્યારે ભીમ ખૂબ ક્રોધે ભરાઈને બોલ્યોઃ "આજથી તેર વર્ષ પછી હું દુર્યોધનની જાંઘ ભાંગી નાખીશ અને તેના માથા ઉપર લાત મારીશ. દુઃશાસનની છાતી ચીરીને તેનું લોહી પીધા વગર છોડીશ નહિ. આ મારી પ્રતિજ્ઞા છે." અર્જુન બોલ્યોઃ "હું પણ પ્રતિજ્ઞા લઉં છું કે કર્ણને હું મારે હાથેજ મારીશ."

વિદુરે યુધિષ્ઠિરને કહ્યુંઃ "તમારાં માતુશ્રી હવે ઘણાં વૃદ્ધ થયાં છે. વનવાસનાં કષ્ટ તેનાથી સહન નહિ થાય. માટે તેમને મારે ઘેર મૂકતા જાઓ." યુધિષ્ઠિરે હા કહી; પણ કુન્તીદેવી રડી પડી અને ખૂબ કકળવા લાગી. તેણે કહ્યું કે હું તો મારા છોકરાઓની સાથેજ વનમાં જઈશ. પણ યુધિષ્ઠિર તેને સાથે લઈ જવા કોઈ રીતે કબુલ થયા નહિ.

પછી ભરસભા વચ્ચે પાંડવોને સંબોધીને વિદુર બોલ્યાઃ "પુત્રો ! કોઈ પોતાને દગાથી હરાવે તેથી કોઈ દુઃખી થતો નથી. તમે ગમે તે અવસ્થામાં નિરાનંદ અને નિરુત્સાહી થશો નહિ. ગમે તે અવસ્થામાં હો તોપણ તમે તમારૂં કર્તવ્ય ચૂકશો નહિ. 'યતો ધર્મસ્તતો જયઃ' અર્થાત્ જ્યાં ધર્મ છે ત્યાંજ વિજય છે, એ સૂત્ર હમેશાં યાદ રાખજો."


યુધિષ્ઠિર રાજા સર્વને સંબોધીને બોલ્યાઃ "આજ અમે પિતામહની, આચાર્યની, કાકાઓની અને દુર્યોધન વગેરે ભાઈઓની–સૌ કોઈની રજા લઈએ છીએ. ભવિષ્યમાં વળી પાછા આપણે મળીશું."


પછી પાંડવો વનમાં જવા નીકળ્યા તે વખતે દ્રૌપદી શું કરતી હતી ? આટલા બધા દુઃખમાં, સંકટમાં પોતાના

પતિઓનું દુઃખ કાંઈક હલકું કરી શકાય, તેમને કાંઈક સાંત્વન આપી શકાય, એ આશાએ તે પણ તેમની સાથે વનમાં જવા નીકળી. હસ્તિનાપુરના લોકો તેમને માટે અશ્રુપાત કરતા કરતા અને કૌરવોની નિંદા કરતા કરતા તેમને વળાવવા માટે ઘણે દૂર સુધી તેમની પાછળ પાછળ ગયા, અને પછી યુધિષ્ઠિરના કહેવાથી તેઓ પાછા ફર્યા.

પાંડવો વનવાસ કરવા નીકળ્યા ત્યારે સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું: "મહારાજ ! આપ પાંડવોને વનમાં મોકલીને અખિલ ભારતવર્ષના ચક્રવર્તી રાજા થયા છો. હવે આપ આપના પુત્રો અને પૌત્રો સાથે ખૂબ આનંદ કરો." થોડી વાર સુધી ચૂપ રહ્યા પછી પાછો તે બોલ્યો: "અરેરે ! આપે આપના પાપી પુત્રનું કહેણ માનીને જે કામ કર્યું છે તેને પરિણામે આખા ભારતવર્ષની પાયમાલી થયા વગર રહેનાર નથી."

વિદુરે પણ કહ્યું: "અરેરે ! દુર્યોધને આજે જે ઝેરી વૃક્ષ રોપ્યું છે તેનાં ફળ ચૌદ વર્ષ પછી લાગવાનાં છે." થોડી વાર મૌન ધારણ કર્યા પછી પાછું તેણે કહ્યું: "રાજાજી ! આંખો તો સૌનેજ હોય છે, તોપણ કેટલાક દૂરદર્શી કહેવાય છે અને કેટલાક અદૂરદર્શી કહેવાય છે તેનું શું કારણ હશે ?"





# ૨–વન પર્વ

## પ્રકરણ ૧ લું–ભારતનાં તપોવન

વિશાળ કુરુક્ષેત્રના મેદાનના સીમાડા ઉપર થઈને નાનકડી સરસ્વતી નદી વહી જાય છે. પોતાની નાજુક કાયાને સફેદ રેતીના થર નીચે છુપાવતી છુપાવતી તે નાનીશી નદી કોઈ શરમાળ બાળાની માફક લજવાતી શરમાતી ચુપચુપ નિઃશબ્દપણે સરી જાય છે. પવન તેને ગમે તેટલાં અડપલાં કરે તોપણ નિર્ધન માણસના હૃદયની મહેચ્છાઓ બહાર વ્યક્ત ન થતાં તેના હૃદયમાંજ શમી જાય છે તેમ, આ નદીના તરંગો પણ તેનામાંજ શમી જાય છે અને એક નાનીશી લહરી પણ તેની સપાટી ઉપર ઉત્પન્ન થતી નથી. એ નદીને કાંઠે કામ્યક નામનું એક તપોવન છે–વન અને ઉપવન બેઉનો તેમાં સુંદર મેળ થયેલો છે. ત્યાંનાં અનેક જંગલી વૃક્ષોની સાથે સાથે નાના પ્રકારનાં ફળફૂલનાં વૃક્ષ શોભી રહ્યાં છે. ડાળીએ ડાળીએ ફળના લુમખા લચી પડે છે; પુષ્પોના ગુચ્છેગુચ્છા ખીલી નીકળ્યા છે; અને તેની ખુશબોઓથી આખું તપોવન મહેકી રહ્યું છે. પુષ્પોના ઝુમખાના ભારથી લચી પડતી વેલીઓ વૃક્ષોની ટોચમાં માળાઓની પેઠે વીંટળાઈ છે અને પવનની લહરીના સ્પર્શથી ડોલી રહી છે જાણે આજે વસંત અને પ્રકૃતિનાં શુભ લગ્નને મહોત્સવ મનાયો હોય તેમ તપોવનનાં વૃક્ષવેલીઓ તેમના [illegible] અનુસાર [illegible] લગ્નના [illegible] અને [illegible] બનીને ઉભાં છે [illegible] આથી વધી પ્રકૃતિસુંદરી પુષ્પ અને નવપલ્લવોથી શણગારેલ અને લતાકુંજમાં [illegible] નિકુંજમાં પોતા-

ના પ્રિયતમ વસંતને લઈને તેની સાથે મોજ માણતી બેઠી છે. એ પ્રેમલીલાનું દર્શન કરીને પક્ષીઓ આનંદમાં ગરકાવ બની ગયાં છે અને વૃક્ષની ડાળીએ બેઠાં બેઠાં મધુર કલરવ કરીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. કબૂતર, કોકિલા અને પપૈયા આજે આ ઉત્સવમાં સામેલ થયાં છે. આ શુભ સંવાદ દૂર દૂરના પ્રદેશ સુધી પહોંચાડવામાં જાણે તેઓ એકબીજાની સરસાઈ કરતાં હોય તેમ એકબીજાથી વધારે ઉંચા સ્વરે લગ્નોત્સવનાં ગીત ગાવા લાગ્યાં છે. મધમાખીઓ પણ અહીં આવી પહોંચી છે અને તેમના મંદ મંદ ગણગણાટ વડે લગ્નગીતમાં સૂર પૂરવા લાગી છે. મયૂર અને મયૂરી આનંદોન્મત્ત બનીને નૃત્ય કરવા મંડી ગયાં છે અને કોઈ કોઈ ઠેકાણે હર્ષમગ્ન મુનિકન્યકાના હાથમાંથી દાણા ચણે છે. હરિણ અને હરિણીઓ અહીં નિર્ભયપણે મન ફાવે ત્યાં વિચરણ કરે છે, કોઈ કોઈ વાર મુનિપત્નીઓને જોઈને તેમની પાસે દોડી જાય છે. તેઓ પણ તેમને આવતાં જોઈને ઉભી રહે છે અને તેમને શરીરે હાથ ફેરવીને તેમને રાજી કર્યા પછી પોતાને જ્યાં જવું હોય ત્યાં જાય છે, અને હરણાં પણ તેમની પાછળ પાછળ નાચતાં કૂદતાં ગેલ કરતાં કરતાં ચાલ્યાં આવે છે. કોઈ કોઈ હરણાંનાં બચ્ચાં મુનિપત્નીઓના હાથમાંનાં બાળકોને જોઈને તેમની પાસે દોડ્યાં આવે છે, બાળકોને પગે પોતાની [illegible] ઘસે છે અને અમને પણ તમારાં બાળકોની [illegible] કરે છે. ઋષિપત્નીઓ પણ [illegible] પોતાની કેડમાંનાં છોકરાંને હેઠાં મૂકીને હરણનાં બચ્ચાંને ઉંચકી લે છે અને તેમના મોઢા ઉપર બચ્ચી કરે છે. બાળકો પણ પોતાના બેઉ હાથ ઉંચા કરીને માતાને કહે છે કે અમને પણ એ બચ્ચાં રમાડવા આપો ને !

[illegible] તપોવનની પર્ણકુટીઓની હાર નદીથી [illegible] પર્ણકુટીઓમાં ઋષિમુનિઓ [illegible] વનમાં ઉત્પન્ન થતાં [illegible] નિવાર નામના [illegible] તથા [illegible] શરીરને [illegible] અને ઋષિઓ

જાતજાતનાં માંસ ખાતા હતા.× તેઓ જાડી ખાદીનાં લુગડાં, વૃક્ષની છાલ તથા હરિણનાં ચામડાં પહેરતા ઓઢતા. તેઓ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને તેમના બ્રહ્મનામના સંકીર્તનથી તપોવનને પાવન કરતા. પછી સરસ્વતી નદીમાં સ્નાનસંધ્યા વગેરે કરીને યજ્ઞ કરવા બેસતા. તે વખતે બધા ઋષિમુનિઓ એકસરખા અવાજે સામવેદનું ગાન કરીને આખા તપોવનને ગજાવી મૂકતા. ત્યાર પછી કેટલાક મુનિઓ કોઇ મોટા વૃક્ષની છાયામાં દર્ભના આસન ઉપર બેસીને છોકરાછોકરીઓને ભણાવવાના કામમાં લાગી જતા તો કોઇ વળી બીજા વૃક્ષના ચોતરા ઉપર બેસીને બીજાની સાથે વાદવિવાદ કરતા. કોઈ વળી એકાંતમાં બેઠા બેઠા એકાદ નવીન ગ્રંથની રચના કરવા મંડી જતા અને એ રીતે ભારતમાં નવીન વિચારનો પ્રવાહ વહેવડાવતા. જે સંસ્કૃત સાહિત્યની સમૃદ્ધિને જોઇને આજે જગત આશ્ચર્ય પામે છે તે બધાની રચના આવાં તપોવનોમાં અને હમણાં કહ્યા તેવા તપસ્વીઓ મુનિઓને હાથેજ થઇ હતી. કેટલાક વળી દૂરના દેશોમાં પ્રવાસ કરીને ત્યાંના લોકોનાં જ્ઞાન, વિદ્યા, કળા વગેરે જાણી લઇને તેનો પોતાના સ્વદેશબંધુઓમાં ફેલાવો કરતા હતા અને લોકો તેમની વાતોને આનંદ, આશ્ચર્ય અને આતુરતાપૂર્વક સાંભળતા હતા. આ તપસ્વીઓ જુદાં જુદાં ધાર્મિક મંતવ્યો ધરાવતા હતા અને છતાં પણ સૌ એકજ તપોવનમાં એકબીજાની સાથે સુલેહશાંતિથી અને બંધુભાવે વર્તીને સુખપૂર્વક રહેતા હતા.* કોઈ કોઇને તકરાર તો થતીજ નહિ. તેમના જુદા જુદા અભિપ્રાયને લીધે તેમની પરસ્પરની મૈત્રીમાં કશી અડચણ આવતીજ ન હતી તેઓ તમામ પ્રકારનો વિરોધ અને વિલાસપ્રિયતાનો એકગામટો ત્યાગ કરીને સ્વેચ્છાથીજ દારિદ્રવ્રતનો અંગીકાર કરીને માત્ર જ્ઞાન, કર્મ અને ધર્મનુંજ અનુશીલન કરવામાં પોતાનું આખું જીવન વ્યતીત કરતા હતા. પરોપકાર અને દેશોપકાર સિવાય બીજા કોઇ વિષય તરફ તેમનું લક્ષજ ન હતું મોટા મોટા બળવાન રાજાઓ પણ

× [illegible] નકનુમા "[illegible]
[illegible] એ [illegible]
* આદિપર્વ, [illegible]

[illegible] [illegible] તે સમયે [illegible] [illegible] [illegible] કરતા, ત્યારથી [illegible] [illegible], ત્યારે [illegible] [illegible] તપસ્વીઓ રાજ્યની સભાઓમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બનાવો [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] કરવાનો ઉપદેશ [illegible] [illegible] અને વાણીનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] ઉપયોગ કરી ધાર્મ- [illegible] અને રાજનીતિ, સમાજનીતિ, ધર્મનીતિવિષયક પ્રશ્નો ઉપર તે [illegible] [illegible] [illegible] જ્ઞાનસંપન્ન મુનિઓના [illegible] પૂરી હતી. ભારત તો [illegible] ત્યાગ અને [illegible] [illegible] છે. આ મહર્ષિઓ પોતાનાં અંગત સુખસગવડોનો ત્યાગ કરીને માત્ર જ્ઞાનની પ્રાપ્તિ અને તેના [illegible] પાછળ પોતાનું આખું જીવન ગાળી દેતા હતા અને સાત્વિક [illegible] [illegible] [illegible] આદરી બેઠા હતા. તેમને [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] પોતાનાં મસ્તક નમાવે એમાં નવાઈ શું ! આ રીતે જ્ઞાન, કર્મ અને [illegible] [illegible] [illegible] ત્યાગની મૂર્તિઓ જેવા મહર્ષિઓ ભારતને માથે તેના સંરક્ષક તરીકે બિરાજતા હતા તેથીજ તે વખતનો સમાજ સુવ્યવસ્થિત હતો અને સમગ્ર દેશ ઉન્નતિને માર્ગે આગળ વધ્યેજ જતો હતો.

આ ઋષિઓ પોતાનાં તપોવનોમાં પુષ્કળ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ભણાવવા રાખતા અને બાર વર્ષ સુધી તેમને અન્ન, વસ્ત્ર વગેરે જરૂરીઆતો પૂરી પાડીને તેમને વિદ્યા ભણાવતા. વળી તેમને ભાતભાતના સદુપદેશ આપીને અને તે ઉપરાંત પોતાનાજ આદર્શ ચરિત્રની છાપ તેમનાં મન ઉપર પાડીને તેમને મહાસંકટોથી ભરેલા યૌવનમાં પણ સંયમી જીવન ગાળવામાં બનતી મદદ કરતા હતા. આ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તેમના ગુરુદેવની સાથે એકજ આશ્રમમાં રહેતાં અને ગુરુઓના આદર્શના રંગથી રંગાઇને તેઓ પણ એવાં જિતેન્દ્રિય નીવડતાં કે છેવટે સંસારમાં પ્રવેશ કર્યા પછી પણ ગમે તેવાં પ્રલોભનોથી તેમનાં ચિત્ત ચંચળ થતાં ન હતાં. આ મહર્ષિઓ માત્ર બ્રાહ્મણોનાંજ સંતાનોને પોતાની પાસે રાખીને ભણાવતા એમ કોઇએ માની લેવું નહિ. શૂદ્રના પુત્રને પણ જો ભણવાની ઇચ્છા

હોય તો તેને પણ પોતાના પુત્રની માફક પાળી પોષીને વેદ વગેરે તમામ પ્રકારના ભણવા જેવા વિષયો ભણાવતા.×સ્ત્રીઓ ભણવા આવે તો તેમને પણ ભણાવતા. પંડિતા આત્રેયી પ્રથમ વાલ્મીકિ ઋષિની પાસે અને ત્યાર પછી મહર્ષિ અગસ્ત્યની પાસે ભણી હતી. પંડિતા ગાર્ગી નામની વિદુષી તો બ્રહ્મ વિદ્યાની ઉંચામાં ઉંચી ટોચ સુધી પહોંચી હતી. અસલ સ્ત્રીઓ સ્વતંત્ર હતી. સ્ત્રીજાતિનું સન્માન થતું હતું અને કેળવણીનાં દ્વાર સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, શૂદ્ર સૌને માટે ખુલ્લાં હતાં. ભારતખંડનું સ્થાન આખા જગતમાં સૌથી શ્રેષ્ઠ હતું તે આવાં આવાં કારણોને લીધેજ.*

વિલાસનેજ પોતાનું સર્વસ્વ માની બેઠેલા હાલના વિદ્યાર્થીઓએ તે વખતના વિદ્યાર્થીઓના જીવનને પોતાનો આદર્શ માનવો જોઇએ. તપોવનમાં રહીને ભણતા વિદ્યાર્થીઓ માથે જટા રાખતા અને શરીરે જાડાં અને હલકી કિંમતનાં કાષાય વસ્ત્ર પહેરતા. માથે અગર શરીરે તેલ તો લગાડતાજ નહિ. કોઈ પોતાના ગુરુઓની ગાયો ચરાવતા, કોઈ ગુરુઓનાં ખેતરમાં અનાજ વાવતા તો કોઈ તેમના ખેતરની વાડો અગર ક્યારીઓને સમારતા. કેટલાક વળી ખાંધે કુહાડી મૂકીને ગુરુને માટે લાકડાં કાપવા જંગલમાં ચાલ્યા જતા અને આઘેથી લાકડાંની ભારી માથે મૂકીને આશ્રમમાં પાછા આવતા÷ કોઈ કોઇ વાર તો લાકડાં કાપવા માટે જંગલમાં ખૂબ આઘે જતા રહેતા અને તે વખતે જો એકાએક વરસાદ ચઢી આવતો તો જંગલમાં ને જંગલમાંજ કાળી ઘોર અંધારી રાત જંગલનાં હિંસક પશુઓની સાથે રહીનેજ વીતાવતા.× કેટલાક વળી ગુરુની પર્ણકુટીની મરામત કરતા, કોઇ હોમને માટે અગ્નિ સળગાવતા. કોઈ જંગલમાં જઇને ફળ, કંદમૂળ તથા

× આના સંબંધમા શાન્તિપર્વના પાંચમા પ્રકરણમા "લોકશિક્ષા" એ મથાળા હેઠળનો વિષય જોવો.

* આના સંબંધમા શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "સ્ત્રીઓ" "પડદાનો રિવાજ" અને "સ્ત્રીકેળવણી" એટલા વિષય જોવા.

÷ આદિપર્વ, અ૦ ૩

× શ્રીમદ્ભાગવત સ્કંધ ૧૦, અ૦ ૮૦, શ્લો૦ ૩૫-૩૯. એમા શ્રીકૃષ્ણના પોતાનાજ વિદ્યાર્થીજીવનનું વર્ણન છે.

વ્યક્તિને માટે ખેદ કરે એ ઠીક ન કહેવાય.” દેવયાની બોલી, “વૃદ્ધ અંગિરા ઋષિ જેના પિતામહ છે, તપ જેનું ધન છે એવા બૃહસ્પતિ જેના પિતા છે, જે કર્મ કરવામાં નિત્ય ઉત્સાહવાળો અને કુશળ છે એવા બ્રહ્મચારી તપોનિધિને માટે હું કેમ શોક ન કરૂં ? શા માટે તેને સારૂં ન રહું ? આજે હું ખાવાની નથી. કચ જે રસ્તે ગયો છે તે રસ્તે હું પણ જઇશ.” શુક્રાચાર્ય કહે: “દીકરી ! તું કચને ચાહે છે અને કચ તને ચાહે છે; પણ તેના ઉપર ઉપકાર કરવા જતાં હું પોતે ફસાઇ જાઉં ત્યારે તું શું કરીશ ?” દેવયાની બોલી: “પિતાજી ! તમને કાંઇ થશે તોપણ હું જીવવાની નથી અને કચ મરી ગયો હશે તો પણ હું જીવવાની નથી. બેઉમાંથી ગમે તેના શોકના અગ્નિથી હું બળીને ખાક થઇ જઇશ.” પછી શુક્રાચાર્યે કચને પાછો જીવતો કર્યો અને દેવયાનીના હર્ષનો પાર ન રહ્યો.

સમય જતાં કચ શુક્રાચાર્યની પાસેથી મૃતસંજીવિની તથા બીજી બધી વિદ્યાઓ ભણી રહ્યો અને પોતાના પિતાને ઘેર જવાને તૈયાર થયો. જતી વખતે દેવયાનીની પાસે તેની વિદાય માગવા ગયો.

**દેવયાની**—કચ ! હું તને કેટલા પ્રેમથી ચાહું છું તેની તને ક્યાંથી ખબર હોય ?

**કચ**—દેવયાનિ ! ત્યારે તને હું કેટલા પ્રેમથી ચાહું છું તેની તને પણ ક્યાંથીજ ખબર હોય ?

**દેવયાની**—ત્યારે હવે તારૂં વ્રત પૂર્ણ થયું છે, તારી બ્રહ્મચર્યની મુદત પૂરી થઇ છે. ચાલ, હવે આપણે બેઉ પરણી જઇએ.

**કચ**—દેવયાનિ ! તું તો મારા ગુરુની પુત્રી એટલે મારી સગી બહેન જેવી. તને બહેન તરીકે હું ચાહું છું. મારી સાથે પરણવાની તું વાત કરે તે યોગ્ય ન કહેવાય.

**દેવયાની**—કેમ ? શી હરકત છે ? તું કાંઈ મારા બાપનો પુત્ર નથી. તને પરણવામાં કશો દોષ નથી. મેં કશું અયોગ્ય કાર્ય કર્યું નથી, તારો કશોજ અપરાધ કર્યો નથી, છતાં તું મને આમ ત્યજી દે છે ને ?

આટલું બોલીને દેવયાની ખૂબ રડી પડી.

કચ—ઓ બહેન ! તેં તો કશો અપરાધ નથી કર્યો અને કશું અયોગ્ય આચરણ પણ નથી કર્યું. તું રૂપ અને ગુણની ખાણ છે તે મારાથી કાંઇ અજાણ્યું નથી. હું તારી સાથે જેટલો વખત રહ્યો તેટલો સમય મેં પરમ સુખમાં ગાળ્યો છે. તું મારા ગુરુની પુત્રી છે તેટલા માટેજ હું તને પરણવા રાજી નથી. તું મને ભાઇ તરીકે આજ સુધી ચાહતી આવી છે તે પ્રમાણે હવે પછી પણ મને યાદઆજ કરજે અને કોઈ કોઈ વાર મને યાદ કરતી રહેજે. હું તને એક બહેન તરીકે ચાહતો આવ્યો છું તે પ્રમાણે હું સદાએ યાદઆજ કરીશ. હું જાઉં ત્યાર પછી મારા ગુરુદેવને કશી વાતની અડચણ પડવા દઇશ નહિ. બહેન ! હવે તું મને રજા આપે તો હું મારા પિતાની પાસે જાઉં."

દેવયાની ચોધાર આંસુએ રડવા લાગી તોપણ કચ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યો. ઋષિઓની પુત્રીઓનો સ્વભાવ કેવો સરળ અને અકૃત્રિમ હતો તે પણ આ કથા ઉપરથી જાણવા મળે છે. કચ અને દેવયાનીનું ચરિત્ર કેવું નિર્દોષ હતું, તેમનો પરસ્પરનો પ્રેમ કેવો શુદ્ધ અને પવિત્ર હતો તે પણ આ કથા દ્વારા સાબિત થાય છે.

હવે પાંડવો અને દ્રોપદીએ શું કર્યું તે જોઇએ. તેમણે પોતાનો દેશ, સ્વરાજ્ય, ઇન્દ્રપ્રસ્થનું અતુલ ઐશ્વર્ય, એ બધાંનો લાંબા સમયને માટે ત્યાગ કરીને ગરીબ ભિખારીના વેશમાં કામ્યક વનમાં આવી પહોંચ્યાં. તેમના દરેકના છોકરા પોત-પોતાને મોસાળ ચાલ્યા ગયા. તેમનું રાજ્ય, રાજધાની અને સંપત્તિ બધુંજ દુર્યોધન બથાવી પડયો. કામ્યક વનની શોભા જોઇને પાંડવો મોહ પામ્યા અને ત્યાંજ એક પર્ણકુટી બાંધીને રહેવા લાગ્યા. તેઓ રોજ શિકારે જતા અને જે જાનવરને મારી લાવતા તેનું માંસ અને નિવારના ચોખાની દ્રોપદી રસોઇ બનાવતી. પહેલાં તેમાંથી બ્રાહ્મણને તથા પોતાના પતિઓને જમાડતી અને છેક છેલ્લી પોતે ખાવા બેસતી.× કોઈ કોઈ વાર મુનિઓને તથા તેમની સ્ત્રીઓને પણ જમવાનું નિમંત્રણ દેતી. અગાઉ બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો કોઇપણના હાથનું ખાતા. શૂદ્રના હાથનું ખાતાં પણ બ્રાહ્મણો

× વનપર્વ, ૫૦-૧૦.

ઋષિઓના મહિમા પાસે પાંડવો અને દ્રૌપદીનું ભોજન* તથા તેમનો શુદ્ધાચાર જોઈને તપોવનના બધા રહેવાસીઓ ચકિત થઇ ગયા, આ તપોવનનાં સુખ, શાન્તિ, શોભા અને સાત્વિક સંપત્તિ જોઈને તેમને ઘણી વાર મનમાં એવું પણ લાગતું કે રાજવૈભવ, બાદશાહી અને સાહેબીના કરતાં આવું તપોવનનું શાંતિજન્ય સુખ વધારે પસંદ કરવા જેવું ખરૂં કે નહિ?

ઉપર કહ્યાં તેવાં કેટલાંએ તપોવનો આ આપણા ભારતવર્ષમાં એક જમાનામાં હતાં. આજે તે શાથી અદૃશ્ય થઇ ગયાં છે. અરે! મહાજ્ઞાનીઓ, મહાત્યાગીઓ અને મહાન કર્મયોગીઓ ભારતખંડને છોડીને શાથી ચાલ્યા ગયા છે! ભારતખંડના રહેવાસીઓ જે દિવસથી તેમના ઋષિમુનિઓના સાદા જીવનનો, ઉચ્ચ ચિંતનનો અને દેશહિતની સાધના કરવાનો આદર્શ ભૂલી ગયા તે દિવસથી તેમની અધોગતિનો આરંભ થયો છે. સ્વાર્થપરાયણતાએ ભારતનું સત્યાનાશ વાળ્યું છે. એનો ક્યારે છેડો આવશે તે તો પ્રભુ જાણે!



* આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "ખાવા પીવા વિષે" એ મથાળા હેઠળનો વિષય જોવો.

## પ્રકરણ ૨ જું—મહારાજા ધૃતરાષ્ટ્ર અને મહાત્મા વિદુર

પાંડવો વનવાસી થયા એટલે તેમનું વિશાળ સામ્રાજ્ય, અતુલ ઐશ્વર્ય, બધુંજ ધૃતરાષ્ટ્ર રાજાના હાથમાં આવ્યું. તોપણ તેના હૃદયમાં શાન્તિ ન હતી; આંખમાં નિદ્રા ન હતી. એકલા ઐશ્વર્યથી કોઇને કદી સુખ મળ્યું છે ? એક દિવસ તે સભા ભરી બેઠો હતો એવામાં તેણે વિદુરને કહ્યું: "તમે મોટા જ્ઞાની છો; કૌરવો અને પાંડવો, બેઉનું હિત થાય એવું કાંઈક કહો."

વિદુરે જવાબ આપ્યો: "રાજાજી ! આપ ધર્મનું અનુસરણ કરો. લોભને વશ ન થાઓ. કારણ કે લોભને વશ થવાથી અત્યંત બુદ્ધિમાન માણસની બુદ્ધિનો પણ લોપ થઇ જાય છે. પાંડવોને તેમનું રાજ્ય પાછું સોંપી દો, નહિ તો છેવટે યુદ્ધ થયા વિના રહેવાનું નથી અને તેથી આખા કુરુવંશનું નિકંદન નીકળી જશે.×

આ સાંભળીને આંધળા ધૃતરાષ્ટ્ર રાજાને તો ખૂબ ક્રોધ ચઢયો. "પાંડવોનું જેથી હિત થાય અને અમારૂં અહિત થાય એવુંજ તમે જ્યારે ત્યારે કહ્યા કરો છો. વ્યભિચારિણી સ્ત્રીને તેનો પતિ ગમે તેટલું સન્માન આપે તો પણ તે જેમ તેની થતી નથી, તેમ તમને પણ અમે ગમે તેટલું સન્માન આપીએ તોપણ તમે કદી અમારા થતા નથી અને થવાના પણ નથી. માટે તમારે અમારી પાસે રહેવું હોય તો રહેજો અને ચાલ્યા જવું હોય તો ચાલ્યા જજો. પણ આજથી હું તમારૂં મોઢુંજ જોવાનો નથી." એટલું કહીને રાજા ત્યાંથી ઉઠીને પોતાના અંતઃપુરમાં ચાલ્યો ગયો. *

પછી વિદુરે વિચાર કર્યો કે ત્યારે મારે અહીં રહેવાની જરૂરજ શી છે ? રાતદિવસ હું જેના હિતનોજ વિચાર કરૂં છું તેજ મને પોતાનો દુશ્મન ગણે છે. અફસોસ ! કુરુવંશને હું નથીજ બચાવી શકતો."

તેણે ઘણો વિચાર કર્યા પછી છેવટે હસ્તિનાપુર તો

---

× વનપર્વ, ૪-૯.     * વનપર્વ, અ૦ ૪, ૫,-૧૭.

છોડવુંજ એવો ઠરાવ કર્યો. પણ જવું ક્યાં ? એમ કરતાં પ્રથમ તો તે કામ્યક વનમાં ગયા. યુધિષ્ઠિરે પોતાના કાકાનો બહુજ આદરપૂર્વક સત્કાર કર્યો. વિદુરે કહ્યું: "હું તમને થોડોક ઉપદેશ દેવા આવ્યો છું. પોતાના શત્રુ ગમે તેટલું દુઃખ દે છતાં પણ જે બધું સહન કરીને દુઃખથી ગભરાતો નથી અને તેટલા વખતમાં તે દુઃખનું નિવારણ કરવાનાં સાધન એકઠાં કરે છે તેજ સ્વરાજ્ય પાછું મેળવી શકે છે. બીજાની સહાય લીધાથી સાધન મળી આવે છે. પૂરતી મદદ હોય તો આખી પૃથ્વીને પણ જીતવા ધારીએ તો જીતી શકાય. માટે જે કોઇ આપણને મદદ કરતા હોય અથવા કરવાના હોય તેમની સાથે સત્ય વ્યવહાર કરવો, તેમના કલ્યાણને આપણું પોતાનુંજ કલ્યાણ માની લેવું. તેમની સાથે એકપંગતે બેસીને જમવું અને બધી બાબતમાં તેમની સાથે એકતા જાળવી રાખવી. તેમના સાંભળતાં કદી પણ આપવડાઇ કરવી નહિ. એટલું કરશો તોજ તેઓ તમારા માથા ઉપરના દુઃખના બોજામાંથી થોડોક પોતાના માથા ઉપર લઇ લેશે. ત્યાગી થયા વગર પોતાનું અંગત નુકસાન થતું હોય તો તે ખમી લેવાને તૈયાર થયા સિવાય બધાને એકતાના સૂત્રથી બાંધી શકાયજ નહિ અને કોઈની મદદ પણ મળે નહિ. એકતા વગર અને બીજા કેટલાકને મદદમાં લીધા વગર બળવાન શત્રુના પંજામાંથી સ્વરાજ્યને છોડાવવાની આશા રખાય નહિ."

યુધિષ્ઠિર રાજાએ નમ્રતાથી જવાબ આપ્યો: "આપની શિખામણ માથે ચઢાવવા જેવી છે."

વિદુર યુધિષ્ઠિર પાસે ગયા છે એ વાતની ધૃતરાષ્ટ્રને ખબર પડી ગઇ. તેણે વિચાર કર્યો કે જેનામાં બુદ્ધિ છે તેનામાંજ બળ છે. પણ હવે તો બળવાન પાંડવો અને બુદ્ધિમાન વિદુર બેઉ એક થઇ ગયા. ત્યારે હવે શું કરવું ? તેણે આખી રાત વિચાર કરવામાં ગાળી અને છેવટે એક ઉપાય નક્કી કર્યો.

સવાર થયું. બધા કૌરવો સભામાં બેઠા છે એવામાં આંધળો રાજા ધૃતરાષ્ટ્ર સભાગૃહમાં જઇને "હા વિદુર ! હા વિદુર !" એમ બોલતો બોલતો પડી ગયો અને પછી ધીરે ધીરે ઉઠીને પોતાના સિંહાસન ઉપર જઇ બેઠો. ત્યાર પછી અત્યંત વિષાદપૂર્ણ સ્વરે બોલવા લાગ્યો: "સંજય ! સંજય !

મારો ભાઈ વિદુર મને છોડીને ચાલ્યો ગયો છે! તેના જેવો ધર્મજ્ઞ, તેના જેવો જ્ઞાની; તેના જેવો મિત્ર અને તેના જેવો ભાઈ હવે મને ક્યાંથી મળે? તેના શોકથી મારૂં હૃદય બળીને ખાક થઈ જાય છે. તેણે કદી પણ મને અપ્રિય લાગે એવું કામ કર્યું નથી. મેં જ તેના તરફ અણઘટતું વર્તન ચલાવ્યું છે. માટે તમે જલદી જલદી તેની પાસે જાઓ અને તેને મારી પાસે તેડી લાવો. તે નહિ આવે તો હું શોકને લીધે મરીજ જઇશ."*

સંજય ત્યાંથી ઉઠતાં વારનેજ રથમાં બેઠો અને રથને પૂરવેગે દોડાવતો કામ્યકવનમાં આવી પહોંચ્યો અને વિદુરને કહેવા લાગ્યો કે "તમારા મોટા ભાઈ તમારા વિયોગના શોકને લીધે મરવા બેઠા છે. તેથી કરીને તેમણે તમને તેડી લાવવા સારૂ મને અહીં મોકલ્યો છે."

મહાત્મા વિદુર તેજ ઘડીએ ત્યાંથી ઉપડવા તૈયાર થયા અને પાંડવોની વિદાય લઇને સીધા હસ્તિનાપુર આવી પહોંચ્યા. ધૃતરાષ્ટ્ર રાજાએ તેને ભેટીને તેનું મસ્તક સૂંઘ્યું.*

પછી તે બોલ્યોઃ "તમે પાછા આવ્યા તે મારૂં અહોભાગ્ય! મને જરા રીસ ચડી અને ક્રોધના આવેશમાં મારાથી તમને કડવાં વેણ કહેવાઇ ગયાં તેની મને માફી આપો." વિદુરે જવાબ દીધોઃ "રાજાજી! આપ મારા સૌથી મોટા વડીલ અને અન્નદાતા છો. હવે હું પાછો આવ્યો ત્યારથી જૂની વાતો તો ભૂલાઇજ ગઈ એમ જાણો. એટલે હવે તેમને પાછી તાજી કરવાની જરૂર નથી. મારે મન તો જેવા આપના દીકરા છે તેવાજ પાંડવો પણ છે. માત્ર અત્યારે પાંડવો ઘણા દુઃખી છે અને દુર્દશામાં આવી પડયા છે તેથી તેમના તરફ જરા વધારે લાગણી થાય એટલુંજ."

વિદુરના આવ્યાથી દુર્યોધનના મનમાં ચિંતા પેઠી. શકુનિએ તેને કહ્યુંઃ "તું ફિકર શા માટે કરે છે? પાંડવો સત્યપરાયણ છે તેર વર્ષ પૂરાં થયા વગર તે કોટિ ઉપાયે પાછા આવવાના નથી; હું તો ત્યાં સુધી કહું છું કે તારો બાપ તેમનું રાજ્ય પાછું આપે તો પણ તેઓ લેનાર નથી."+

* વનપર્વ, અ० ૬      + વનપર્વ, ૭–૮.
* વનપર્વ, અ० ૬

ત્યાર પછી દુર્યોધન અને તેના મિત્રોએ મળીને એવો એક ઘાટ ઘડયો કે પાંડવો અત્યારે એકલા છે. તેમનું કોઇજ નથી. ત્યારે અત્યારે આપણે તેમના ઉપર આક્રમણ કરીશું તો તેમને સહેલાઇથી પૂરા કરી નાખીશું. આવી તદ્બીર કરીને દુર્યોધન, કર્ણ, શકુનિ, દુઃશાસન વગેરે રથમાં ચઢીને પાંડવોને મારી નાખવા નીકળી પડયા.* એવામાં ત્યાં વેદવ્યાસ આવી પહોંચ્યા. તેમણે બધાને પાછા વાળ્યા અને તેમની સાથે કોરવોની સભામાં આવીને વ્યાસદેવ વૃદ્ધરાજાને કહેવા લાગ્યાઃ "શા માટે તમારો દુર્યોધન પાંડવોની પાછળ પડયો છે અને તેમને મારી નાખવા ઇચ્છે છે? તે અત્યંત જડ બુદ્ધિવાળો અને પાપાત્મા છે. તેને તમે અંકુશમાં રાખો, નહિ તો જો તે પાંડવોને વનમાં મારવા જશે તો તે પોતેજ માર્યો જશે. વળી સગાં સગાંનો દ્રોહ એ ઘણોજ નિંદ્ય છે, અને અધર્મ તથા અપયશને ઉત્પન્ન કરનાર છે."÷

અંધરાજ બોલ્યોઃ "મહાત્મન્! હું એ બધુંજ જાણું છું. દુર્યોધન પાપાત્મા છે તેની પણ મને ખબર છે. પણ કરૂં શું? પુત્રસ્નેહ એવો છે કે મારાથી તે સ્નેહને લીધે દુર્યોધનનો ત્યાગ કરી શકાતો નથી. ખરેખર, પુત્રસ્નેહને લીધે હું છેકજ લાચાર બની ગયો છું અને હવે મારૂં કાંઇજ ચાલે એમ નથી." વ્યાસદેવ ઘણો ખેદ પામીને ત્યાંથી ચાલતા થયા. હવે દુર્યોધન વિચાર કરવા લાગ્યો કે મારા પિતા અને પિતામહ વ્યાસદેવ બેઉજ મારા શત્રુ થયા છે.

એવામાં મૈત્રેય ઋષિ ત્યાં આવી પહોંચ્યા. તેમણે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું કે "તમે પાંડવોની સાથે જે પ્રકારનું વર્તન કર્યું છે તેવું તો કોઇ ધાડુપાડુનેજ છાજે." પછી તેમણે દુર્યોધનને કહ્યુંઃ "તું પાંડવોની સાથે સુલેહ કર અને મિત્રભાવે વર્તવા માંડ. તેમાંજ તારૂં અને આખા કુરુવંશનું કલ્યાણ છે. કૃષ્ણ જેની મદદે છે, ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી જેવા જેમના સગા છે તેમની સાથે લડીને કોણ ફાવવાનું હતું?" ×મૈત્રેય ઋષિ પણ અંતે હારીને પાછા ગયા. દુર્યોધનના મનમાં એવુંજ ભુત ભરાઇ ગયું હતું કે જે કોઈ તેને

---

* વનપર્વ, ૭–૨૨. ÷ વનપર્વ અધ્યાય ૮.

× વનપર્વ, ૧૦–૨૬,૨૭.

સાચી સલાહ આપે તેને તે પોતાનો દુશ્મન માનતો, અને ખોટી સલાહ આપનાર ભલે તેનો પરમ મિત્ર અને સ્નિગ્ધ હોય એટલો તેને વહાલો લાગતો. લોકોની આવી અવળી બુદ્ધિ થાય છે તેથીજ સંસારમાં સૌ દુઃખી દુઃખી થાય છે ને ? મોટાં મોટાં સામ્રાજ્યોના પણ ભૂકા ઉડી ગયા તેનું પણ આજ કારણ. બળવાન પ્રજાઓ અવનતિના ખાડામાં ગબડી પડી તે પણ આવી અવળી બુદ્ધિને લીધેજ. આવી અવળી બુદ્ધિનું મૂળ કારણ જોવા જોઇએ તો લોભજ છે.

પાંડવો વનવાસી થયા છે એવા સમાચાર સાંભળીને તેમને મળવા સારૂ કૃષ્ણ, સાત્યકિ, પ્રદ્યુમ્ન વગેરે તેમના સગાવહાલા કામ્યક વનમાં આવી પહોંચ્યા. કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું: "દ્યૂત રમવું એ બહુજ ખોટું કૃત્ય છે. દ્યૂતક્રીડા, કામાસક્તિ, મદ્યપાન, દિવસના વખતમાં નિદ્રા અને મૃગયા, એ પાંચ પ્રકારનાં વ્યસન ગણાય છે અને તેમનાથી મનુષ્યની અવનતિ થતી હોવાથી તેઓ હમેશાં નિંદાને પાત્ર ગણાય છે. માટે એ સર્વનો પરિત્યાગ કરવો જોઇએ. પરંતુ જે થયું તે થયું. હવે અમે બધા દુર્યોધન અને તેના પાપી મળતીઆ- ઓની સાથે યુદ્ધ કરીએ અને તેમને સર્વને મારી નાખીને તમને તમારૂં રાજ્ય પાછું અપાવીએ." પણ યુધિષ્ઠિરે આ વાત કબૂલ નજ કરી.+



+વનપર્વ, ૧૨-૬,૭

# પ્રકરણ ૩ જું—દ્રૌપદીની પજવણી

એકના એક વનમાં ઝાઝા દિવસ રહેવાથી સુખ મળતું નથી. ખાસ કારણ તો એ કે તેથી વનનાં પશુઓનો રોજ રોજ નાશ થતાં આખરે તેમની ઓલાદનોજ સામટો નાશ થવાનો વારો આવે છે. તેથી કરીને પાંડવો દ્રૌપદીને લઇને ત્યાંથી ઉપડયા અને સુંદર દ્વૈતવનમાં પડાવ નાખ્યો. એ વનના મધ્યભાગમાં એક મોટું સરોવર હતું, અને તેને કાંઠે કાંઠે તપસ્વીઓ અને તપસ્વિનીઓના આશ્રમો હતા.

એક વાર સાંજ પડી ગયા પછી પાંડવો અને વિદુષી દ્રૌપદી તેમની પર્ણકુટીમાં વાતો કરતાં બેઠાં હતાં. અસલના વખતમાં ભારતની અંદર ભણેલીગણેલી સ્ત્રીઓની ખોટ ન હતી.+ આમ વાતોમાંને વાતોમાં કેટલોક વખત ગયા પછી દ્રૌપદીએ યુધિષ્ઠિરને કહ્યું: "રાજાજી! મેં તમને એક વાર રાજસભામાં રત્નજડિત હાથીદાંતના સિંહાસન ઉપર બિરાજેલા દીઠા છે, અને આજે હું તમને વનમાં દર્ભની સાદડી ઉપર બેઠેલા જોઉં છું. એક વાર તમારે શરીરે બધો વખત ચંદન લગાડાતું તેજ તમારૂં શરીર આજે ધૂળ લાગવાને લીધે મેલું ઘેલું દેખાય છે. તમારા ભાઇઓ એક વાર કેવી સાહેબી ભોગવતા હતા તેમની આજે કેવી દુર્દશા થઇ છે તે તરફ જરા નજર કરો. હું તો કહું છું કે તેમનું દુઃખ જોઇને જેનું હૈયું પથ્થર જેવું કઠણ હોય તેને પણ લાગી આવે; ત્યારે તમારા કોમળ હ્રદયને તેથી કાંઇજ થતું નથી? તમને જરાએ ક્રોધ પણ ચઢતો નથી? જુઓ, એક વાર મહાબળવાન બલિરાજાએ તેના* પિતામહ પ્રહ્‌લાદને પૂછયું કે 'ક્ષમા અને ક્રોધ એ બેમાં શ્રેષ્ઠ શું?' પ્રહ્‌લાદે કહ્યું કે "હમેશાં જેને તેને ક્ષમા

---

+ આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "સ્ત્રીકેળવણી" એ મથાળા હેઠળનો વિષય જોવો.

* ઘણું કરીને આ લોકો દ્રવીડ જાતિના હોવા જોઇએ. તેમને હરાવીને આર્યોએ આખો ભારતવર્ષ પોતાને કબજે કરી લીધો. એ દ્રવીડ જાતિના લોકોને અસુર કહ્યા છે. એ લોકો સભ્યતામાં ઘણા આગળ વધેલા હતા એવું મહાભારત ઉપરથી જણાય છે.

કર્યા કરવી એ પણ સારૂં નથી, તેમ બધા વખત ક્રોધ કર્યાં કરવો તે પણ સારૂં ન કહેવાય. જે હમેશાં ક્ષમા આપ્યા કરે છે તેનાં સ્ત્રી, પુત્રો, નોકરચાકર, શત્રુમિત્ર–બધાંજ તેની અવજ્ઞા કરે છે. આથી દુષ્ટતાને ઉત્તેજન મળે છે અને શત્રુની સંખ્યામાં વૃદ્ધિ થાય છે. વળી જે માણસ બધો વખત ક્રોધજ કરે છે તે પછી હમેશાં ક્રોધનેજ વશ થઇ જાય છે, તેના મોઢામાંથી બધો વખત કડવાં વચનજ નીકળે છે અને તે જેનું તેનું અપમાનજ કરવા લાગે છે. તે પોતાના ઉપર ઉપકાર કરનારને પણ નારાજ કરે છે, મિત્રને પણ શત્રુ બનાવી દે છે અને પછી સૌ તેની વિરુદ્ધ બનીને તેને હાનિ પહોંચે એવાં કાર્ય કરે છે. માટે મનુષ્યે હમેશાં ક્રોધ કરવો તે પણ યોગ્ય નથી, તેમ હમેશાં ક્ષમા આપવી તે પણ યોગ્ય નથી. ક્ષમા ક્યારે આપવી અને ક્રોધ ક્યારે કરવો તે પણ હું તને કહું છું. દેશ, કાળ અને પાત્રનો વિવેક કર્યા વગર જો કોઇ કાર્યમાં હાથ ઘાલીએ તો તેમાં નિષ્ફળ જવાય છે. એ બધાનો પહેલેથી વિચાર કરીને પોતાના બળાબળનું બરાબર માપ કાઢી લઇને ક્યારે ક્ષમા કરાય અને ક્યારે બળ બતાવાય, તે નક્કી કરવું જોઇએ. ખાસ સંજોગોમાં ગુન્હેગારને પણ લોકોના ડરને લીધે માફી આપવી જોઇએ. અગાઉ કોઇએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય અને તે વખતે આપણું અનિષ્ટ કરી બેસે તો તે ક્ષમાને લાયક છે. દરેકને તેના પહેલા અપરાધની તો માફીજ આપવી જોઇએ. કોઇથી અજાણતાં અપરાધ થઇ ગયો તો તેની પણ ક્ષમા કરવી ઘટે છે. આ બધાથી જુદા પ્રકારના જ્યાં જ્યાં સંજોગો હોય ત્યાં ત્યાં બધે બળનો ઉપયોગ કરવો યોગ્ય છે. મોઢેથી મીઠું મીઠું બોલે પણ જેના હૃદયમાં ઝેર ભરેલું હોય તેને તો કદી પણ ક્ષમા કરવી નહિ.' રાજાજી! આવાં આવાં હિતનાં વચન તમે શું ભૂલીજ ગયા છો! દુર્યોધન અને તેના મળતીઆઓ હમેશાં તમારૂં અનિષ્ટ કરે છે, તમને દુઃખ દે છે, જાણી જોઇને ઈરાદાપૂર્વક તમારા કેટલા કેટલા અપરાધ કરે છે તોપણ તમને તેમના ઉપર જરાએ ક્રોધ ચઢતો નથી તેનું શું કારણ!"

યુધિષ્ઠિર બોલ્યા "દેવિ! ક્રોધ એજ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે. ક્રોધ વડેજ તેની બધી બાજુની પાયમાલી

થાય છે. જ્યાં ક્રોધ ચઢયો એટલે હિત શું અને અહિત શું તેના જ્ઞાનનો એકદમ લોપ થઈ જાય છે. કર્તવ્ય અને અકર્તવ્યનો વિવેક કરવાની શક્તિ મારી જાય છે અને કાર્ય કરવાની કુશળતા પણ હરાઈ જાય છે. એવું એક પણ કુકર્મ નથી કે જે ક્રોધના આવેશમાં આવેલો માણસ ન કરી શકે. એવો એક પણ નિંદ્ય અને દુષ્ટ ઉદ્‌ગાર નથી કે જે ક્રોધી માણસના મોઢામાંથી નજ નીકળે. ક્રોધના આવેશમાં મનુષ્ય શ્રેષ્ઠ વ્યક્તિનું અપમાન કરી બેસે છે અને વડીલોની હત્યા કરે છે. તેમાં વળી જો કોઈ રાજા ક્રોધને તાબે થયો તો તેના જુલમની તો બાકીજ રહેતી નથી. છેવટે એ જુલમના દબાણથી તેની પ્રજા આપસ આપસમાં સંગઠન કરે છે અને સંગઠન કરીને તેને ગાદી ઉપરથી ઉડાડી મૂકીને તેનો અંત આણે છે. જે જ્ઞાની છે તે તો હમેશાંજ ક્ષમાવાન હોય છે. જે પોતે બળવાન અને સત્તાધારી હોવા છતાં પોતાના ઉપર અપકાર કરનારના ઉપર ક્રોધ કરતો નથી તેજ ખરેખરો જ્ઞાની છે. વળી જે દુર્બળ અથવા અલ્પ સત્તાવાળા હોય તેમણે તો પોતાનાજ ભલાનો વિચાર કરીને ક્રોધને દબાવી રાખવો ઘટે છે. જે ખરેખરો બળવાન છે તે તો કદી ક્રોધને તાબે થતો જ નથી. કોઈ આપણું અનિષ્ટ કરે તેથી આપણે જો તેના બદલામાં તેનું અનિષ્ટ કરીએ તો તે પાછો બીજી વાર આપણું અનિષ્ટ કરવા પ્રેરાય છે. એટલે આપણને તેનું બીજી વાર વેર લેવાની જરૂર દેખાય છે. એ પ્રમાણે તો હિંસા અને પ્રતિહિંસાની ઘટમાળ લાગલગાટ ચાલ્યાજ કરે અને તેથી આ જગત માણસને વસવા યોગ્યજ ન રહે. પણ જગતમાં ક્ષમાનું પ્રાધાન્ય છે, વેરનું નહીં; તેથી કરીનેજ મનુષ્ય મનુષ્ય વચ્ચે કંઈક અંશે મૈત્રી અને બંધુતા જોવામાં આવે છે. તમે મહામુનિ કશ્યપની સુંદર ગાથા કેમ ભૂલી ગયા છો? 'ક્ષમા એજ ધર્મ છે, ક્ષમા એજ યજ્ઞ છે અને ક્ષમા એજ વેદ છે એવું જે જાણે છે તેજ બધા સંજોગોમાં ક્ષમા કરવા સમર્થ થાય છે. ક્ષમા એજ સત્ય છે, ક્ષમા એજ તપશ્ચર્યા છે, ક્ષમા એજ સંતોષ છે, ક્ષમા એજ બ્રહ્મ છે. ક્ષમા વડેજ સંસાર ટકે છે.' આ અનુપમ ગાથાનું સ્મરણ કરીનેજ જ્ઞાનીઓ ચિત્તનો સંયમ કરવાની ટેવ પાડે છે. એ ગાથા ગાયા

પછી પણ શાશાથી મારા ચિત્તમાં ક્રોધને સ્થાન આપી શકાય ખરૂં ? અસત્યના કરતાં સત્ય, હિંસાના કરતાં અહિંસા, ક્રોધીના કરતાં ક્રોધરહિત, અસહિષ્ણુના કરતાં સહિષ્ણુ, અને મૂર્ખના કરતાં પંડિત સદાકાળથીજ શ્રેષ્ઠ ગણાતા આવ્યા છે. અહિંસા એજ પરમધર્મ છે અને ક્ષમા એજ સાચું બળ છે."

દ્રૌપદીએ જવાબ આપ્યોઃ "રાજાજી ! શાણા લોકો પોતાના પુરુષાર્થ વડે સ્વદેશનો ઉદ્ધાર કરી શકે છે. ઉદ્યોગ વડે જે જોઇએ તે પ્રાપ્ત કરી શકાય છે અને ધનના ઢગલા આવી મળે છે. નસીબ તો પાંગળું છે. કર્મ ન કરીએ તો એકલું નસીબ કાંઇજ અપાવી શકતું નથી. કોઇ કહેશે કે મનુષ્યને કર્મ કરવા જેટલી સ્વતંત્રતાજ ક્યાં છે ? કયો મનુષ્ય ક્યારે કયું કર્મ કરશે તે તો બધું ઇશ્વરે પહેલેથી નક્કી કરી રાખ્યું છે તે પ્રમાણે સૌ યંત્રની માફક નિરુપાયે કર્મ કર્યો જાય છે. ઈશ્વર એકલોજ કર્મનાં સારાં માઠાં ફળનો જવાબદાર અને પાપપુણ્યનો ભાગીદાર છે, અને મનુષ્યની જવાબદારી તો પછી રહેતીજ નથી. જો આ દલીલમાં કશું વજૂદ જેવું ન હોય તો પછી મનુષ્ય ગમે તે કાર્ય કરવાને સ્વતંત્ર છે અને તેને તેનાં કર્મનાં સારાં માઠાં ફળ ભોગવવાં પડે છે, એ વાત માન્ય રાખવી પડશે. તમે કશીજ પ્રવૃત્તિ નહિ કરો અને આળસુની માફક હાથ જોડીને બેસી રહેશો તો બળવાન શત્રુના પંજામાંથી તમારા દેશને શી રીતે છોડાવવાના હતા ? લાગટ પ્રયત્ન અને સાધના વડે અસંભવિત કામ પણ સિદ્ધ થઈ જાય છે તે તમે ભૂલીજ ગયા લાગો છો. મનુષ્યને પોતાના બળમાં અશ્રદ્ધા ન હોય અને તે ખંતપૂર્વક પ્રયત્ન કરતોજ રહેતો હોય તોપણ તેને તમામ કાર્યોમાં સફળતા નથી મળતી, તેનાં કેટલાંક ખાસ કારણ હોય છે. અનેક કારણો ભેગાં થાય છે ત્યારેજ કર્મ સફળ થાય છે. ધીરજપૂર્વક બુદ્ધિ અને બળનો યોગ્ય ઉપયોગ કરીને, દેશ કાળ અને પાત્રનો વિચાર કરીને સામ દાન ભેદ અને દંડ એ ચારે પ્રકારની નીતિનો પ્રયોગ કરીને જો પુરુષાર્થ કરવામાં આવે તો કાર્યમાં સફળતા કેમ ન મળે અને દેશનો ઉદ્ધાર કેમ ન થાય ?

ભીમે પણ પોતાના તરફની અનેક પ્રકારની દલીલો કરી,

પણ યુધિષ્ઠિરના મન ઉપર તેની કશી અસર થઇ નહિ. તે તો એમજ કહેવા લાગ્યા કે "શત્રુપક્ષ ઘણો બળવાન છે અને આપણે બળહીન છીએ. બળીઆ સાથે નબળાએ સ્પર્ધામાં ઉતરવું બિલકુલ વાજબી નથી. જ્યારે બળવાન શત્રુ મોટી મુશ્કેલીમાં ગુંચવાઈ પડયો હોય અથવા તેના પોતાનાજ મળતીઆઓ સાથે તેને કલહ ઉભો થયો હોય, અને આપણા જેવા નબળાને કોઇ બળવાનની મદદ મળી આવે અને ધન અને જ્ઞાન બેઉથી બળવાન બનીએ ત્યારેજ પ્રયત્ન કરવાનો ખરો અવસર પ્રાપ્ત થાય છે. હજી તેવા સંજોગો ઉભા થયા નથી તેથી કરીને આપણે માટે હમણાં પુરુષાર્થ કરવાનો યોગ્ય સમય આવ્યો ન કહેવાય. પિતામહ, આચાર્ય, કર્ણ વગેરે બળવાન યોદ્ધાઓ બધાજ દુર્યોધનના પક્ષમાં છે તે તું કેમ ભૂલી જાય છે? વળી કોઈ પણ કારણસર હું મારી સત્યની પ્રતિજ્ઞા તોડવાનો નથી. એટલે આપણે તો તેર વર્ષ સુધી રાહ જોવીજ રહી. રાજ્ય, પુત્ર, યશ, ઐશ્વર્ય એ બધાંને એક ત્રાજવામાં મૂકીએ તો પણ તે બધાં મળીને સત્યના એક અંશના અંશની એટલે તેના સોળમા ભાગના સોળમા ભાગની તોલે પણ આવે નહિ."



# પ્રકરણ ૪ થું—નળ–દમયન્તી

હવે પાંડવોના વનવાસનું પાંચમું વર્ષ જતું હતું. તેઓ પાછા કામ્યક વનમાં રહેવા આવ્યા હતા. વેદવ્યાસે યુધિષ્ઠિરને ચાક્ષુષી વિદ્યા શીખવી હતી તેના પ્રતાપે તે આઘેની વસ્તુને જોઇ શકતા હતા. પછી યુધિષ્ઠિરે એ વિદ્યા અર્જુનને શીખવી દીધી.× ત્યાર પછી સ્વર્ગમાંથી દુર્લભ અસ્ત્ર શસ્ત્ર લઇ આવવા માટે તેને સ્વર્ગમાં મોકલ્યો.

તે જ્યારે સ્વર્ગમાં જવા તૈયાર થયો ત્યારે દ્રૌપદી તેને રડતાં રડતાં કહેવા લાગી કે "મારાં સુખદુઃખના, જીવન-મરણના અને રાજ્ય તથા ઐશ્વર્યના એકમાત્ર આધાર તમે-જ છો તે કદી ભૂલતા નહિ."

એક દિવસ બૃહદશ્વ નામના એક મહર્ષિ પાંડવોની મુલાકાતે આવ્યા. યુધિષ્ઠિરે તેમને ઘણા દુઃખભર્યા સ્વરે કહ્યું:"મુનિવર! હુંજ આ સૌના દુઃખનું મૂળકારણ છું. મારા જેવો દુઃખી આખા બ્રહ્માંડમાં બીજો કોઈજ નહિ હોય."

ત્યારે ઋષિ બોલ્યા: "એમ તે કાંઈ હોય? તમારા કરતાં પણ વધારે દુઃખી માણસો જગતમાં કેટલા બધા છે! કેટલાએ માણસો જીવલેણ અસાધ્ય વ્યાધિથી પીડાતા હોય છે, રાતદહાડો ચીસાચીસ પાડે છે, પણ જીવ જતો નથી! તેમને તમારા કરતાં વધારે દુઃખી કેમ નહિ કહેવાય? વળી કેટલાએ ગરીબ કંગાલ ભિખારીઓ રોજ લોકોને ઘેર ઘેર અથડાય છે અને છતાં સાંજ પડે મૂઠી અન્ન પણ પામતા નથી! વરસાદની હેલી થાય પણ તેમને આશ્રય લેવાનું ઠેકાણું નથી હોતું. ટાઢ વાય પણ પહેરવાને કપડાં નથી હોતાં. તેઓ બેશક તમારા કરતાં વધારે દુઃખી છે. આવા આવા વિચાર કરીને તમારે તમારા મનને સાંત્વન આપવું જોઇએ. બધા જો પોતાના કરતાં વધારે દુઃખી માણસોના દુઃખનો વિચાર કરીને મન વાળતા હોય તો ભારેમાં ભારે દુઃખમા પણ શાન્તિ મળી રહે. વધારે શું કહુ? તમારી માફક ધૃત રમીને નળરાજાએ પણ અત્યંત દુઃખ વહોરી લીધુ હતું. તમારી મરજી હોય તો હું તમને નળ-

× આદિપર્વ ૧૩૫–૨૩,૪૫. વનપર્વ,૩૭–૧૦,૧૧

રાજાની કથા કહું. સાંભળોઃ—"

નળ નિષધ દેશનો રાજા હતો. તે અતિ રૂપવાન, સત્યવાદી અને જિતેન્દ્રિય હતો. વિદર્ભ દેશના રાજાને દમયન્તી કરીને ઘણીજ રૂપવતી પુત્રી હતી. આ નળ અને દમયન્તીએ એકબીજા-નાં રૂપગુણનાં વખાણ સાંભળ્યાં અને એકબીજા તરફ આકર્ષા-યાં. પછી દમયન્તીએ સ્વયંવર વખતે નળના ગળામાં વરમાળા પહેરાવી. ત્યાર પછી તેમણે ઘણા આનન્દો કર્યા. તેમને એક પુત્ર અને એક પુત્રી, એમ બે સંતાન થયાં અને તેમના સુખ-માં કાંઇ મણા રહી નહિ.

એક દિવસ નળનો ભાઇ પુષ્કર નળના સુખની અદે-ખાઇ કરીને તેને દ્યૂત રમવાનું કહેવા આવ્યો. અમુક શરત કરીને તેઓ રમવા બેઠા. રમતાં રમતાં નળનું રાજ્ય, તેની સંપત્તિ, એ બધું પુષ્કર જીતી ગયો. મંત્રીઓએ અને દમ-યન્તીએ નળને ઘણુંએ સમજાવ્યો કે દ્યૂત ન રમશો તોપણ તેણે માન્યું નહિ અને રમતોજ ગયો. છેવટે જ્યારે નળ બધુંજ ગુમાવી બેઠો ત્યારે પુષ્કર બોલ્યોઃ "હવે તમારી પાસે કાંઇજ રહ્યું નથી. માટે હવે તો દમયન્તીનેજ શરતમાં મૂકો." પોતાના ભાઇના મોઢામાંથી આવી વાત સાંભળીને નળને તેના ઉપર ઘણો ધિક્કાર આવ્યો. તે ઉઠીને ઉભો થયો અને રાજપાટ, મહેલ, સંપત્તિ બધું તજીને ત્યાંથી ચાલી નીકળ્યો.

નળરાજા એમ ચાલ્યો જાય છે. પોતાનાંજ કર્મના દોષને લીધે પોતાનું અતુલ ઐશ્વર્ય તે હારી ગયો છે. હવે તેને અતિ-પશ્ચાત્તાપ થવા લાગ્યો. દુઃખ અને શોકને લીધે તેનાં નેત્ર રાતાં રાતાં થઇ ગયાં શરીર ઉપર માત્ર એકજ ધોતિયું હતું અને જાણે ગાંડો થઇ ગયો હોય તેમ ચાલ્યો જતો હતો. સતીશિરો-મણિ દમયન્તીથી પણ ઘેર કેમ રહેવાય? તે પણ પોતાના પતિ-ની દુર્દશા થએલી જોઇને અંગે એકજ વસ્ત્ર પહેરીને તેના દુઃખ-માં ભાગીદાર થવા પતિની પાછળ પાછળ જવા લાગી. પોતાનાં વહાલાં બાળકો ઉપરની પ્રીતિને લીધે પણ તે પોતાના પતિ-થી અળગી ન થઇ.

તેઓ પોતાનાજ નગરની નજીકમાં ત્રણ દિવસ સુધી પડી રહ્યાં; પરંતુ કોઇએ પણ તેમની ભૂખતરસ ભાગે એટલુંયે ખાવાપીવાનું આપ્યું નહિ. પુષ્કરે અસાધારણ કાયદો જાહેર

કર્યો હતો કે, જે કોઇ નળદમયન્તીને જરા પણ મદદ કરશે તેનો શિરચ્છેદ કરવામાં આવશે. આથી લોકો તેમને શી રીતે સહાય કરે ? આખરે નળદમયંતી ખોરાકની શોધ કરવા એકાદ ગાઢા જંગલમાં પેઠાં. નળરાજાની નજર એક હૃષ્ટપુષ્ટ બગલા ઉપર પડી. 'તેનું માંસ ખાઇશું તો પેટ ભરાશે' એવો વિચાર આવવાથી તેને પકડવાનું નળને મન થયું. એટલે તેણે પોતે પહેરેલું ધોતિયું કાઢીને તેના ઉપર નાખ્યું. બગલો તો ધોતિયું લઇનેજ આકાશમાં ઉડયો અને બોલ્યોઃ "ઓ અભાગીઆ નળ ! તને જે પાસાનો શોખ હતો તે પણ હુંજ બનીને આવ્યો હતો. તારી પાસે એકનું એક ધોતિયું હતું તે પણ મારી આંખે ખૂંચતું હતું. તેથી કરીને મેં તે પણ તારી પાસેથી લઇ લીધું. દ્યૂત રમવાનો જેને ચસકો લાગ્યો હોય તેની આવીજ વલે થવી જોઇએ."

જેની અવળી મતિ થઇ હોય તે છેવટે રડે નહિ તો બીજું શું કરે ? નળરાજા માથે હાથ દઇને રડવા લાગ્યો. ત્યારે દમયંતીએ પોતે પહેરેલા ધોતિયાનો એક છેડો તેને પોતાની લાજ ઢાંકવા સારૂ આપ્યો. એ પ્રમાણે તે સ્ત્રીપુરુષ બેઉ એક વસ્ત્ર પહેરીને વનમાં ચાલવા લાગ્યાં. એમ કરતાં નળે એક સડક દીઠી. તે જોઇને તે બોલ્યોઃ " આ સડક વિદર્ભનગર જાય છે." દમયંતી બોલીઃ "તમારા મનમાં શું છે તે હું સમજી ગઇ છું; પણ તમે શુ એમ ધારો છો કે તમને આવી અવસ્થામાં એકલા મૂકીને હું મારા બાપને ઘેર જતી રહું ? તમે કહેતા હો તો ચાલો આપણે બેઉ જઇએ. ત્યાં તમને ખૂબ આદરમાન મળશે." પણ તેમ કરવા નળ કબૂલ ન થયો.

હવે તેઓ બન્ને એક ધોતિયાનો એકેકો છેડો પહેરીને વનમાં થઇને જવા લાગ્યાં. એક દિવસ તેઓ કોઈ જગ્યાએ બેઠાં હશે એવામાં ચાલી ચાલીને લોથપોથ થઇ ગએલી રાણી દમયંતી ભોંય ઉપર પડી પડી ઘસઘસાટ ઉંઘી ગઇ. તેવે વખતે નળરાજા પોતે પહેરેલા વસ્ત્રને ફાડીને તેનાથી છૂટો થયો અને ત્યાંથી નાસી ગયો.

થોડી વાર પછી રાણી જાગી ઉઠી. ત્યારે પોતાના પતિને ન દેખવાથી મોટેથી રડવા લાગી; પણ તે ગમે તેટલી રડે તો

પણ જંગલમાં કોનું દિલ પીગળવાનું હતું ? પછી તે વિલાપ કરતી કરતી પોતાના પતિની શોધમાં આખા જંગલમાં બધે ભટકવા લાગી. ચાલતાં ચાલતાં તે બોલતી ગઈ: “ હે પ્રિય સખા ! મને મારી જાતની ચિંતા નથી. હું તો તમારે માટે વ્યાકુલ થઈ છું. આવા ઘોર જંગલમાં તમે એકલા શી રીતે ભટકતા હશો ? તમારા દુઃખનો બોજો કોણ હલકો કરશે ? તમને કોણ સાંત્વન આપશે ?” આ પ્રમાણે તે વિલાપ કરતી ગઈ અને ચાલતી ગઇ. પછી એક દિવસ એક મોટો અજ-ગર તેને ગળી ગયો. તેની બૂમાબૂમ સાંભળીને એક શિકારી ત્યાં આવી લાગ્યો. તેણે અજગરને ચીરીને દમયંતીને છોડાવી તો ખરી, પણ ત્યારપછી તરતજ તે તેના ઉપર ખરાબ દાનતથી હાથ નાખવા ગયો; પણ જેનામાં ધર્મનું બળ હોય અને જેને સતીત્વનો ટેક હોય તેના ઉપર કોની તાકાત છે કે હાથ નાખી શકે ? દમયંતીએ તે શિકારીને મારી નાખીને પોતાના સતીત્વનું રક્ષણ કર્યું.

નળે એવું ધાર્યું હતું કે દમયંતી એકલી પડશે એટલે પોતાના બાપને ઘેર ચાલી જશે. પણ દમયંતીના મનમાં તો આવો વિચાર સરખોએ આવ્યો નહિ. તે ચોધાર આંસુએ રડતી જાય અને તે ઘોર અરણ્યમાં ગાંડીની માફક પોતાના પતિની શોધમાં ભટકતી જાય. તેના માથાના વાળની લટો ગમે તેમ વીખેરાઇ ગઇ હતી, તેના ઉપર ધૂળ જામી હતી. તેનું શરીર પણ ધૂળ અને કાદવથી મલિન બન્યું હતું. આખે અંગે ઉઝરડા થયા હતા અને ભૂખ, થાક તથા શોકને લીધે તેની કાન્તિ તદ્દન બદલાઇને કોઇ ઓળખી ન શકે એવી નિસ્તેજ, શુષ્ક અને વિરૂપ થઇ ગઇ હતી. તેના અંગ ઉપર મેલું અને કાદવથી ખરડાએલું અડધું ધોતિયુંજ હતું. જે દિશાએ તેની નજર જતી તે દિશાએ તે દોડતી હતી. એક તો ઘાડું જંગલ અને વળી તેમાં જોઇએ તેટલાં હિંસક પશુઓ હતાં. વળી કિરાત, વ્યાધ એવી એવી જંગલી જાતના લોકો પણ ત્યાં ભટકતાજ હોય. તે છતાં પણ દમયંતી ગભરાતી ન હતી. તે તો “ઓ સ્વામિન” “ઓ પ્રાણનાથ” એમ લવારો કરતી કરતી ચારે દિશાએ રખડતી હતી. વનનાં વૃક્ષોને, પશુઓને અને પર્વતના ટેકરાઓને જોતી એટલે ત્યાં

ગળ ઉભી રહીને તેમને પૂછવા લાગની કે તમે કોઇએ
ા પતિને જોયા છે ? આ અભાગણી દમયંતી તમને પૂછે
કે તમે તેના પતિની ભાળ બતાવશો ? આ પ્રમાણે પતિના
યોગથી અધીરી અને ગાંડી થઇ ગએલી દમયંતી વનમાં
ણા દિવસ સુધી ભટકી. છેવટે તે એક નદીને કિનારે પહોંચી.
ાં તેણે વણજારાનો કાફલો દીઠો. તેમની સાથે ચાલતી
ાલતી તે ચેદિરાજ્યમાં જઇ પહોંચી. ત્યાંની રાજમાતાએ
ને આશ્રય આપ્યો અને પોતાની દાસી તરીકે રાખી લીધી.

હવે નળરાજાનું શું થયું તે જોઇએ. તે પોતાની સ્ત્રીને
ંગલમાં એકલી પડતી મૂકીને નાઠો. રસ્તામાં તેને એક સાપ
રડ્યો. તેના ઝેરથી તેના શરીરનો વર્ણ કાળો કાળો થઈ ગયો
અને તે જેટલો રૂપાળો હતો તેટલોજ કદરૂપો બની ગયો.
એમ કરતાં કરતાં તે અયોધ્યા રાજ્યની હદમાં પેઠો અને
છેવટે ત્યાંના રાજાના સારથિ તરીકે દહાડા કાઢવા લાગ્યો.

હવે આ બાજુએ વિદર્ભદેશના રાજાને પોતાના જમાઈ–
દીકરીની દુર્દશાની જાણ થઇ એટલે તેણે તેમની બેઉની ખોળ
કરવા સારૂ અનેક બ્રાહ્મણોને જુદી જુદી દિશાએ મોકલ્યા.
તેમાંનો એક બ્રાહ્મણ ચેદિરાજ્યમાં જઈ પહોંચ્યો. ત્યાં તેણે
દમયંતીને દીઠી એટલે તેને તેના પિતાની પાસે તેડી ગયો.
તેણે પોતાનાં માતાપિતાને કહીને પતિની ખોળ કરવા માટે
બ્રાહ્મણોને દેશવિદેશ મોકલ્યા. તેમાંનો એક જણ ફરતો ફરતો
અયોધ્યા જઈ ચઢ્યો. તે જ્યાં જતો ત્યાં દમયંતીએ શીખવી
મૂકેલો એક માર્મિક દુહો ગાઈને ટહેલ નાખતો. નળ તેનો
અર્થ સમજી ગયો. તેણે તે બ્રાહ્મણને પોતાની પાસે બોલા-
વીને કહ્યું: "સતી સ્ત્રીને તેનો પતિ તજી દે તોપણ તે તેના
ઉપરથી પોતાની શ્રદ્ધા અને ભક્તિ ખેંચી લેતી નથી. તેના
તરફ તેના પતિનું વર્તન સારૂં હોય કે માઠું હોય, ગમે
તેવું હોય, તોપણ સતી સ્ત્રી પોતાના પતિ ઉપર કદી નારાજ
થતી નથી. પક્ષીઓ જેનું પહેરવાનું ધોતિયું સુદ્ધાં લઇને
ઉડી ગયાં છે એવા પતિથી તેની સતી સ્ત્રી કદી વિમુખ
થતી નથી." બ્રાહ્મણે જઈને આ જવાબ દમયંતીને કહ્યો.
તેણે તે બ્રાહ્મણને તરતજ પાછો નળની પાસે મોકલ્યો અને
તેની મારફતે કહેવરાવ્યું કે "પોતાના પતિનો પત્તો લાગતો

ન હોવાથી દમયંતી બીજી વાર પરણવાનો વિચાર કરે છે, અને તેથી થોડાજ દિવસમાં તેનો સ્વયંવર થનાર છે.”÷ અસલના વખતમાં પતિનું મરણ થાય અગર તેનો ક્યાંય પત્તો ન લાગે તો તેની સ્ત્રી બીજી વાર પરણી શકતી.= દમયંતીને એક પુત્ર અને એક પુત્રી મળીને બે સંતાન હતાં. આ વખતે તે પોતાના પિતાને ઘેર રહેતી હતી. તે છતાં તે ફરી લગ્ન કરવાની છે એવા સમાચાર સાંભળતાં વારનેજ અયોધ્યાના રાજાના રથમાં બેસીને નળ વિદર્ભ જવા માટે પૂરવેગે ઉપડી ગયો. રસ્તે જતાં એક વૃક્ષનું ફળ તેના ખાવામાં આવ્યું. તેનાથી તેને ઉલટી થઇ અને સાપનું ઝેર તેના શરીરમાંથી નીકળી ગયું. એટલે તો નળ પાછો હતો તેવો ને તેવોજ રૂપાળો થઇ ગયો. તે વિદર્ભનગરમાં પહોંચ્યો એટલે દમયંતીએ તેને ઝટ લઇને ઓળખી કાઢયો. આ પ્રમાણે ઘણાં વર્ષ સુધી પાર વિનાનું કષ્ટ વેઠયા પછી નળ અને દમયંતીને પાછો નળનો મેળાપ થયો.

નળ દેશવિદેશમાં ભટકીને પાસાની રમતમાં ઉસ્તાદ બની ગયો હતો. તેથી તે હવે પોતાના નિષેધ દેશમાં ગયો અને પુષ્કરને કહેવા લાગ્યો કે, ચાલ, આપણે ફરી એકવાર દ્યૂત રમીએ. પુષ્કર આ વખતે એક પછી એક દાવમાં હારતોજ ગયો અને એ રીતે નળે પોતાનું ગુમાવેલું સ્વરાજ્ય પાછું મેળવી લીધું. હવે તેનો ભાઈ તેના દાવમાં આવ્યો હતો, પણ તેણે તેની સાથે કેવું વર્તન કર્યું તે જોઈએ. તેણે તેના અગાઉના અપરાધની તેને માફી આપી અને તેને ભેટીને તેને તેનું મસ્તક સૂંઘ્યું.× પછી તેને પુષ્કળ ધન, રત્નો અને રાજ્યનો પણ એક હિસ્સો આપીને રાજી કર્યો. આવી ઉદારતાને લીધે નળરાજાને આજે પણ લોકો “પુણ્યશ્લોક નળરાજા” કહીને યાદ કરે છે. આવા ઉદાર ઉન્નત મહાનુભાવ પુરુષોની તોલે કોણ આવે?

÷ વનપર્વ, ૭૦–૨૬.

= આના સંબંધમાં શાંતિપર્વના પાંચમા પ્રકરણમાં “વિવાહ-વિચાર” એ મથાળા હેઠળનો વિષય જોવો.

× પોતાનાથી નાનાં હોય તેનું મસ્તક સૂંઘવાનો પ્રાચીન આર્યોનો રિવાજ હતો.

સેવાનંદ

નળની કથા પૂરી થઈ એટલે મુનિ બોલતા બંધ થયા. નળના ચરિત્રનો પ્રભાવ આજે પણ હિન્દુ કુટુંબો ઉપર જોવામાં આવે છે.

पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः ।
पुण्यश्लोका च वैदेही पुण्यश्लोको जनार्दनः ॥

એ શ્લોક લોકો પથારીમાંથી ઉઠતાંની સાથેજ બોલે છે.*



* સુવિખ્યાત સંસ્કૃતજ્ઞ પંડિત સર મોનિયર વિલિયમ્સ લખે છે કે:—"ગૃહસ્થજીવનનાં ચિત્રો દોરવામાં અને આદર્શ ચારિત્ર્યનિરૂપણ કરવાની કળામાં ગ્રીસ અને રોમનાં કાવ્યો કરતાં સંસ્કૃત કાવ્યો ચઢી જાય છે અને તેથી તેમનું મૂલ્ય પણ વધારે છે. પોતાનાં સ્ત્રી-પાત્રોનાં સ્વભાવ અને ચરિત્રનું આલેખન કરતી વખતે હિન્દુ કવિઓ અતિશયોક્તિનો ત્યાગ કરીને માત્ર સ્વાભાવિકતાથી ભરેલાંજ ચિત્રો દોરે છે. કૈકેયી, મન્દોદરી, કૌશલ્યા અરે! મન્થરા સુદ્ધાં—એ બધાનાં વર્ણન જાણે જીવતાં મનુષ્યોનાં વર્ણનનાં જેવાં તદ્દન સ્વાભાવિકજ લાગે છે. હેલેન અને પેનેલોપના કરતાં પણ સીતા, દ્રૌપદી અને દમયન્તી આપણાં સ્નેહ અને સહાનુભૂતિનું વધારે આકર્ષણ કરે છે. સામાન્ય રીતે બધીજ હિન્દુ સ્ત્રીઓ ખરેખર દાંપત્યપ્રેમના આદર્શરૂપ હતી. આવી પતિવ્રતા સ્ત્રીઓનાં સુંદર વર્ણનોમાં આપણે અસલના જમાનાના હિન્દુ કુટુંબની પવિત્રતા અને સ્વાભાવિકતાનું વાસ્તવિક ચિત્ર જોઈ શકીએ છીએ. રામાયણ અને મહાભારતમાં ગૃહસ્થ જીવનની તેમજ સામાજિક જીવનની સુખી અવસ્થાના જેવાં વર્ણનો છે તેના કરતાં વધારે સુંદર અને મર્મસ્પર્શી બીજું ભાગ્યેજ હોય. ખરેખર, કૌટુંબિક પ્રેમનાં ચિત્રો દોરવાની કળામાં અને પ્રત્યેક યુગમાં તેમજ પ્રત્યેક દેશમાં, કુદરતી રીતે માનવસ્વભાવમાં જે જે ભાવો જોવામાં આવે છે તેનાં, દેશકાળના ભેદનો વિચાર કર્યા વગર, સાર્વદેશીય વર્ણન કરવાની કળામાં સંસ્કૃત સાહિત્યની બીજા કોઈ સાહિત્ય સાથે તુલના થઈ શકતી નથી."—(ઇન્ડીઅન એપીક પોએટ્રી પૃ. ૫૭–૫૮.)

હેલન ગ્રીસ દેશમાં આવેલા સ્પાર્ટા શહેરના રાજા મેનેલાસની રાણી હતી. તે પોતાના રૂપને માટે ઘણી પંકાતી હતી. હાલના એશિયા માઇનોરમાં ઘણા પ્રાચીન કાળમાં ટ્રોય નામનું નગર હતું. ત્યાંનો રાજકુમાર પારિસ હેલનનું હરણ કરીને તેને પોતાને દેશ લઈ આવ્યો. આથી ગ્રીસના બધા યોદ્ધાઓએ પોતપોતાના સૈન્ય સહિત ભેગા થઈને ટ્રોયને ઘેરો નાખ્યો અને બેઉ વચ્ચે દશ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. અંતે ટ્રોય નગર પડ્યું અને પારિસ માર્યો ગયો. પછી

# પ્રકરણ ૫ મું—પાંડવોની તીર્થયાત્રા

રાજા યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ અને દ્રૌપદી, એ પાંચ જણ પોતાની સોબતમાં ધૌમ્ય નામના પુરોહિતને તથા લોમશ નામના એક ઋષિને લઇને તીર્થયાત્રા કરવા નીકળી પડયાં. આ વખતે પાંડવોને માથે જટા, શરીરે મૃગચર્મ અને હાથમાં ખડ્ગ હતાં.* શરીરે અભેદ્ય બખ્તર પહેર્યું હતું. અને પીઠ ઉપર ધનુષ્ય અને બાણનાં ભાથાં લટકાવ્યાં હતાં. તેમને પ્રવાસનો પરિશ્રમ જણાય નહિ અને તે ઉપરાંત જ્ઞાન મળે એટલા માટે લોમશ મુનિ તેમને રોજ રોજ નાના પ્રકારની કથાઓ કહેતા. એક દિવસ તે બોલ્યા: " એક વાર દેવો અને દૈત્યો વચ્ચે દારુણ યુદ્ધ થયું. કેમે કરી દેવોની જીત થઈ નહિ ત્યારે છેવટે તેઓ દધીચિ મુનિના આશ્રમમાં ગયા અને મુનિને કહેવા લાગ્યા કે " મહાત્માજી! અસુરોનો રાજા વૃત્રાસુર માત્ર આપનાં અસ્થિ વડેજ મરે એમ છે. તે વગર તે મરશે નહિ અને દેશનો ઉદ્ધાર થશે નહિ." ત્યારે મુનિ બોલ્યા કે "મારા એકલાના મરવાથી જો આખા દેશનો ઉદ્ધાર થતો હોય તો એનાથી બીજું રૂડું શું ? મને દેશના હિતને માટે આત્મબલિદાન દેવાની તક મળી તેથી મારી

---

ગ્રીક યોદ્ધાઓએ હેલેનને છોડાવી ત્યારે તે પાછી પોતાના ધણીને જઇ મળી.

પેનેલોપ ગ્રીસ દેશના પ્રસિદ્ધ વીર યુલિસિસની સ્ત્રી હતી. તે પણ ઘણી રૂપાળી હતી એવું કહેવાય છે. તેનો ધણી ઉપર કહેલા ટ્રોયના યુદ્ધમાં લડવા ગયો હતો અને તે યુદ્ધ પૂરૂં થયા પછી તે ક્યાં ગયો તેનો કશો પત્તો મળતો ન હતો. તેથી કરીને તે સમયના મોટા મોટા પ્રસિદ્ધ વીર પુરુષો પેનેલોપને પરણવા વાસ્તે ખટપટ અને કારસ્તાન કરવા લાગ્યા; પણ તે કોઇને પરણવા કબૂલ થઈ નહિ. એમ કરતાં કરતાં તેનો ધણી વીસ વર્ષની ગેરહાજરી પછી ઘેર પાછો આવ્યો ત્યારે બેઉનો મેળાપ થયો.

ગ્રીસના પ્રસિદ્ધ મહાકવિ હોમરે પોતાના "ઇલિયડ" નામના કાવ્યમાં હેલેનનું અને "ઓડેસી" નામના કાવ્યમાં પેનેલોપનું ચારિત્ર્ય નિરૂપણ કર્યું છે.

* વનપર્વ, ૯૩–૨૭.

આજ દિન સુધીની તપશ્ચર્યા સાર્થક થઈ છે.” એમ કહીને તેમણે ત્યાં ને ત્યાંજ પોતાના યોગબળથી પ્રાણત્યાગ કર્યો. દેવોએ તેમનાં અસ્થિનું એક ભયંકર વજ્ર બનાવ્યું અને તેના વડે વૃત્રાસુરને મારીને દેશનો ઉદ્ધાર કર્યો.”×

બીજે પ્રસંગે લોમશ મુનિએ કહ્યું: “ઉશીનર નામનો એક પ્રખ્યાત રાજા હતો. બાજપક્ષી પોતાને ઝડપી લેશે એવી બીકથી એક કબૂતરે ઉશીનરનો આશ્રય લીધો. બાજપક્ષી પણ ત્યાં આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો: ‘હું ભૂખ્યો છું. મને મારૂં કબૂતર સોંપી દો.’ રાજા બોલ્યો: ‘શરણે આવેલાનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે તેથી હું તને તે કેવી રીતે હવાલે કરી શકું?’ બાજપક્ષી બોલ્યો: ‘ભૂખ્યાને ખાવાનું આપવું એ પણ ધર્મ ખરો કે નહિ? માટે તમારાથી કબૂતરને શી રીતે રખાય? જે ધર્મનો બીજા ધર્મની સાથે વિરોધ આવતો હોય તે ધર્મ નહિ પણ કુધર્મ છે; અને જે ધર્મની સાથે બીજા કોઈ પણ ધર્મનો વિરોધ ન હોય તેજ સાચો ધર્મ છે.’ તે સાંભળીને રાજા બોલ્યો: ‘ત્યારે મારા શરીરમાંથી કબૂતરના કદના જેટલો માંસનો લોચો તને ખાવા આપું તો કેમ? એમ કરવાથી શરણાગતનું રક્ષણ થશે અને ભૂખ્યાને આહાર પણ અપાશે.’ બાજપક્ષીએ આ વાત કબૂલ કરી. પછી રાજાએ ત્રાજવાના એક પલ્લામાં પેલું કબૂતર મૂક્યું અને બીજા પલ્લામાં પોતાના શરીરમાંથી માંસના ટૂકડા કાપી કાપીને મૂકતોજ જાય; પણ કબૂતરવાળું પલ્લું ઉંચું જ ન થાય. એ પ્રમાણે પોતાના શરીરમાંથી પુષ્કળ માંસ કાપી કાપીને મૂક્યું, પણ કબૂતરના વજન બરોબર થયું નહિ ત્યારે તેણે છેવટે પોતાનું આખું શરીર બાજપક્ષીને અર્પણ કરી દીધું અને તેને કહ્યું કે, તું સુખેથી મને ખાઈ જા. બાજપક્ષી બોલ્યો: ‘રાજા! જે પોતાના પ્રાણનું બલિદાન દઈને બીજાના પ્રાણ બચાવે છે તેજ સાચો મહાત્મા છે. હું એવા મહાત્માને મારી શકતો નથી. પ્રાણીમાત્ર ઉપર તમારી આવી અસાધારણ દયા જોઇને હું ચકિત થયો છું. મારે હવે કબૂતર જોઇતું નથી.’ એટલું કહીને તે બાજ પક્ષી ત્યાંથી ઉડીને અદૃશ્ય થઇ ગયો.

એમ કરતાં કરતાં પાંડવો આખા ભારતવર્ષનાં તમામ

× વનપર્વ, અધ્યાય ૧૦૦.

તીર્થો જોઇ વળ્યા. જે જે તીર્થો સમુદ્રની વચ્ચેના દ્વીપ ઉપર આવેલાં હતાં તે પણ જોઇ લીધાં. અસલ સમુદ્રમાં પ્રવાસ કરવાનો હિન્દુઓને નિષેધ ન હતો.× છેવટે તેઓ ગંગાદ્વાર* આગળ થઇને હિમાલયના પ્રદેશમાં દાખલ થયા. પહાડની ચઢાઇઓ ચઢતાં ચઢતાં દ્રૌપદી થાકીને લોથપોથ થઇ ગઈ અને છેવટે એકાએક બેશુદ્ધ થઇને પહાડ ઉપર પડી ગઈ. પણ તરતજ નકુલે તેને પકડી લીધી. પછી યુધિષ્ઠિરે તેને પોતાના ખોળામાં સૂવડાવી. કોઇ તેને પવન નાખવા લાગ્યા તો કોઇ તેના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. યુધિષ્ઠિરનું હૃદય ભરાઇ આવ્યું અને તે કલ્પાંત કરતાં કરતાં બોલવા લાગ્યા કે "દ્રુપદ રાજાએ પોતાની પુત્રી અમને પરણાવી ત્યારે તેણે કેટલી કેટલી આશાઓ રાખી હશે? તેમણે ધાર્યું હશે કે અમે તેની પુત્રીને સુખ અને સ્વમાનપૂર્વક રાખીશું. એ બધીજ આશાઓ ઉપર પાણી ફરી વળ્યું. અમારાં પાપેજ દ્રૌપદીને આટલું બધું દુઃખ વેઠવું પડે છે." પછી પર્વત ઉપરની હવાને લીધે તથા તેના પતિઓએ કરેલી સારવારને પરિણામે દ્રૌપદીને ધીમે ધીમે ભાન આવવા લાગ્યું અને થોડી વારે તે ઉઠીને બેઠી થઈ.

પછી પહાડી લોકોની ખાંધ ઉપર બેસીને મ્લેચ્છ વગેરે અનેક જાતિઓને જોતાં જોતાં તેઓ આખરે બદરિકાશ્રમ આગળ આવી પહોંચ્યાં. ત્યાં થોડા દિવસ વિશ્રાન્તિ લીધા પછી પાછાં આગળ ચાલ્યાં અને ચાલતાં ચાલતાં ગન્ધમાદન પર્વતના પ્રદેશમાં દાખલ થયાં. અહીં તેમને અર્જુનનો મેળાપ થયો. પછી બધાં પાછાં બદરિકાશ્રમ તરફ વળ્યાં અને ત્યાંથી ભરતખંડને રસ્તે વળ્યાં.

અર્જુન પોતાના ભાઇઓની રજા લઇને ઘેરથી નીકળ્યો તેવો પ્રથમ હિમાલયના પ્રદેશમાં પેઠો હતો.. ત્યાં તેણે કિરાત લોકોને હરાવ્યા અને તેમની પાસેથી પાશુપત નામનું ભયંકર અસ્ત્ર પ્રાપ્ત કર્યું. તેની પાસે નહોતું ધન અને નહોતું સૈન્ય; છતાં તે એકલી જાતે પોતાના પ્રબળ પુરુષાર્થને પ્રતાપે

× આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા અધ્યાયમાં "સમુદ્ર પર્યટન" એ નામનો વિષય જોવો.

* હાલમાં એને હરદ્વાર કહે છે.

હિમાલય અને ગંધમાદન એ બે પર્વતો ઓળંગી ગયો, ત્યાંની અઘરી અઘરી ઘાટીઓ વટાવી ગયો અને ત્યાંની અસંખ્ય જંગલી જાતિઓનાં રહેઠાણની વચ્ચે થઇને સહેજે સ્વર્ગમાં જઇ પહોંચ્યો. અસલના હિન્દુઓ પૃથ્વીના ગમે તે ભાગમાં જઇ શકતા અને દેશેદેશમાં પોતાનાં સંસ્થાનો વસાવતા.x અર્જુન સ્વર્ગમાં પાંચ વરસ સુધી રહ્યો. અહીંજ તે નૃત્ય, ગીત અને વાદ્યની કળા શીખ્યો હતો, અને અહીંજ દેવતાઓના પક્ષમાં રહીને તેણે દાનવોની સાથે યુદ્ધ કર્યું. સ્વર્ગ જેવા સુખમય સ્થાનમાં પણ બિચારા અર્જુનના નસીબમાં લડવાનું તો ખરૂંજ; રોજ રોજ દાનવોને મારવા અને હણવા. પણ આવો પરિશ્રમ કરવાથી અને બધો વખત યુદ્ધમાંજ રોકાવાથી તે જ્યારે ભરતખંડમાં પાછો આવ્યો ત્યારે હતો તે કરતાંયે વધારે અસાધારણ બળવાન એવો વીર પુરુષ બનીને આવ્યો. સ્વર્ગમાંથી પાછા ફરતી વખતે તે પોતાની સાથે ત્યાંનાં દુર્લભ અસ્ત્રશસ્ત્ર પણ લેતો આવ્યો. સ્વર્ગ જે કલ્પનામય સુખનો પ્રદેશ છે ત્યાં પણ માણસને હણવાનાં અસ્ત્રશસ્ત્ર તો ખરાંજ!



x [illegible] હિન્દુ- [illegible] ૬૨" [illegible]

# પ્રકરણ ૬ ઠું—યુધિષ્ઠિર અને નાગરાજ

એક દિવસ ભીમ એકલો હિમાલયના પ્રદેશમાં ફરતો હતો એવામાં તેનેx નાગલોકના રાજાએ કેદ કર્યો. યુધિષ્ઠિર પોતાના ભાઈની ખોળ કરતા કરતા નાગરાજાની પાસે જઈ પહોંચ્યા. ત્યારે યુધિષ્ઠિર અને તેની વચ્ચે આ પ્રમાણે સંવાદ થયોઃ-

(૧) **નાગરાજ**—બ્રાહ્મણ કોને કહેવો ?

**યુધિષ્ઠિર**—જેના સ્વભાવમાં સત્ય, સરળતા, દાનીપણું, ક્ષમા અને તપશ્ચર્યા જોવામાં આવતાં હોય તે.

**નાગરાજ**—આવા ગુણ તો કેટલાક શૂદ્રોમાં પણ હોય છે.

**યુધિષ્ઠિર**—એવા બધા ગુણ જે શૂદ્રમાં હોય તે શૂદ્ર નહિ, પણ બ્રાહ્મણજ છે; અને જે બ્રાહ્મણમાં આ ગુણ ન હોય તેને બ્રાહ્મણ નહિ પણ શૂદ્રજ જાણવો.

**નાગરાજ**—જો બ્રાહ્મણ શૂદ્ર વગેરે જાતિનો નિર્ણય ચારિત્ર્ય વડેજ કરાતો હોય તો પછી પુખ્ત ઉંમર થતા સુધી કોઇ કયી જાતિનો છે એ નિર્ણય થઇ શકે નહિ; કારણ કે પુખ્ત ઉંમર થતા સુધી ચારિત્ર્ય ઘડાયું હોતું નથી.

**યુધિષ્ઠિર**—નજ થઇ શકે; કારણ કે મનુ પોતેજ કહે છે કે "પુરુષ વેદનું અધ્યયન ન કરે ત્યાંસુધી તે શૂદ્ર જેવોજ હોય છે." મેં હમણાંજ કહ્યું હતું કે જાતિવર્ણનો વિચાર ન કરતાં જેનામાં શુદ્ધ સંસ્કારવાળું ચારિત્ર્ય હોય તેજ બ્રાહ્મણ કહેવાય. *

**નાગરાજ**—તમે સાચુંજ કહો છો. અહિંસા, દાન, દમ, સત્ય, તપશ્ચર્યા અને ધર્માચરણજ શ્રેષ્ઠ છે. જાતિ અને કુળમાં તો છે શું ? ÷

---

x નાગ અથવા તક્ષક જાતિના લોકો ખ્રિસ્તની પૂર્વે ૬ઠ્ઠા સૈકામાં ભારતવર્ષ ઉપર ચઢી આવ્યા હતા. (રાજસ્થાન પૃ. ૬૧)

* વનપર્વ, અ૦ ૧૮૦. **शूद्रेण हि समस्तावद् यावत् वेदे न जायते ।** (મનુસંહિતા, ૨,૧૭૨) મહર્ષિ વસિષ્ઠનો પણ એજ મત છે. (વસિષ્ઠ સંહિતા અ૦ ૨)આના સંબંધમાં શાન્તિપર્વના પાંચમા પ્રકરણમાં "જાતિભેદ" એ વિષય જોવો.

÷ વનપર્વ ૧૮૧–૪૨, ૪૩

(૨) ત્યારપછી નાગરાજાએ પ્રશ્ન કર્યો: "જાણવા જેવું શું?"

યુધિષ્ઠિર—સુખ અને દુઃખ રહિત બ્રહ્મપદ જ જ્ઞેય છે અને જાણવા યોગ્ય પણ એજ છે.

(૩) નાગરાજ—સુખદુઃખથી રહિત કોઈ હોય ખરું કે?

યુધિષ્ઠિર–જેમ શીઆળા અને ઉન્હાળા વચ્ચેના ગાળામાં ગરમી નહિ અને ઠંડી પણ નહિ જેની સ્પષ્ટ ન વર્ણવી શકાય એવી એક ઋતુ હોય છે તેવી રીતે જેને સુખ અને દુઃખ, બેમાંનું એકે ન હોય એવી એક વ્યક્તિ પણ હોવી જોઇએ.

યુધિષ્ઠિરના આ ઉત્તરોથી નાગરાજ ઘણો પ્રસન્ન થયો અને તેણે ભીમને છૂટો કર્યો. હવે યુધિષ્ઠિરે તેને કહ્યું કે આપ તો વેદવેદાંગ બધામાં પ્રવીણ દેખાઓ છો. × માટે હવે મારા સંશય દૂર કરો. નાગરાજાએ કહ્યું કે ભલે પૂછો.

(૪) યુધિષ્ઠિર—મનુષ્યની સદ્દગતિ થાય એવા કયા ઉપાય આપ બતાવો છો?

નાગરાજ—અહિંસા, દાન અને પ્રિય પરંતુ સત્ય વચન.

(૫) યુધિષ્ઠિર—દાન અને સત્ય એ બેમાં શ્રેષ્ઠ શું? વળી અહિંસા અને મિષ્ટ વ્યવહાર એ બેમાં પણ કયું શ્રેષ્ઠ છે તે કહો.

નાગરાજ—એ બધાંનું પરિણામ-ફળ શું થાય છે તેને લક્ષમાં રાખીને તેની શ્રેષ્ઠતાનો નિર્ણય કરવો જોઇએ. આ બધામાંથી જેના વડે ઘણામાં ઘણું દેશહિત સધાતું હોય તેજ શ્રેષ્ઠ છે. એટલા માટે અમુક દાનના કરતાં સત્ય ચઢીઆતું હોય છે ત્યારે વળી અમુક સત્યના કરતાં દાન પણ ચઢીઆતું હોય છે. એજ પ્રમાણે કોઈ વાર અહિંસા કરતાં મિષ્ટ વ્યવહાર શ્રેષ્ઠ હોય છે તો કોઈ વાર મિષ્ટ વ્યવહારના કરતાં પણ અહિંસા શ્રેષ્ઠ ઠરે છે.

(૬) યુધિષ્ઠિર—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ—એ પંચ વિષયનો, આત્મા કેવી રીતે ભોગ કરે છે અને સુખ-દુઃખનો અનુભવ લે છે?

નાગરાજ—શરીરમાં રહેલી પાંચ ઇન્દ્રિયોમાંની કોઇ પણ એક ઇન્દ્રિય તથા મન અને બુદ્ધિ, એ ત્રણની સહાય વડે આત્મા વિષયનો ભોગ કરે છે. એ ત્રણ જો એકી વખતે

---

× વનપર્વ–૧૮૧, ૧

સાથે કાર્ય કરતાં ન હોય તો આત્માથી વિષયનો ભોગ થાય નહિ અને તેને સુખ અથવા દુઃખનો અનુભવ પણ ન થાય. વળી મન એવું છે કે એકી વખતે એક કરતાં વધારે વિષયમાં પરોવાતું નથી.

(૭) યુધિષ્ઠિર—મન અને બુદ્ધિ, એ બેમાં તફાવત શો?

**નાગરાજ**—મનને કોઇ ઉત્પન્ન કરતું નથી; પણ બુદ્ધિ તેમજ વિષયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પાછું લય પામે છે. રૂપ, રસ વગેરે વિષયોની સાથે ઇન્દ્રિયોનો યોગ થાય એટલે બુદ્ધિ અથવા વિષયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને ઇન્દ્રિયો વિષયથી અળગી થાય એટલે બુદ્ધિનો લોપ થાય છે. આ સંયોગ અને વિયોગ મનની મદદ વડે થાય છે. એટલે મનની સહાય વડેજ બુદ્ધિની ઉત્પત્તિ થાય છે એવું ઠર્યું. એ બુદ્ધિ અથવા વિષયના જ્ઞાન વડે સુખદુઃખ પેદા થતાં નથી, પણ તે તો મન વડેજ થાય છે. જ્યાં મન નથી ત્યાં વિષયનું જ્ઞાન નથી અને જ્યાં વિષયનું જ્ઞાન નથી ત્યાં સુખ અથવા દુઃખનો અનુભવ પણ થતો નથી.×

આ ઉત્તર સાંભળીને યુધિષ્ઠિરને ઘણોજ સંતોષ થયો. પછી તે ભીમને લઇને ત્યાંથી ચાલી નીકળ્યા અને બધા ઘણાજ આનંદપૂર્વક હિમાલય પર્વત ઉપરથી નીચે ઉતરવા લાગ્યા.



× આના સંબંધમાં ભીષ્મપર્વમા "ભગવદ્ગીતા"નું પ્રકરણ જોવું.

# પ્રકરણ ૭ મું—ઈશ્વર

પાંડવો કામ્યક વનમાં પાછા આવ્યા છે એવી ખબર થવાથી મહાતપસ્વી માર્કંન્ડેય ઋષિ તેમની મુલાકાતે આવ્યા. યુધિષ્ઠિર રાજાએ પૂછેલા પ્રશ્નના જવાબમાં માર્કન્ડેય ઋષિ બોલ્યાઃ—

વૈવસ્વત મનુએ એક માછલી પાળી હતી. તે વધતાં વધતાં ઘણીજ મોટી બની ગઇ. પછી પ્રલયકાળ નજીક આવ્યો ત્યારે વૈવસ્વતે એક નૌકા બનાવી. જ્યારે આખી પૃથ્વી જળમગ્ન થઇ ગઇ ત્યારે તેણે પેલી નૌકામાં સાત ઋષિઓને બેસાડયા અને તમામ જાતનાં બીજ પણ તેમાં ભર્યાં અને પછી પોતે પણ તેમાં ચઢી બેઠો. પછી તેણે પેલી માછલીનાં શીંગડાંની સાથે હોડીને જકડી બાંધી. માછલી તે હોડીને ખેંચતી ખેંચતી આખો સમુદ્ર ઓળંગીને હિમાલયના એક ઉંચા શિખર ઉપર જઈ પહોંચી. ત્યાં આગળ મનુ હોડીમાંથી ઉતર્યો અને એ રીતે સૌ બચી ગયાં.×

હું પોતે એ સમુદ્રના જળમાં થઇને જતો હતો ત્યાં એક વડના ઝાડ નીચે એક નાના રૂપાળા બાળકને મેં સૂતેલું દીઠું. મેં ઘણો ઘણો વિચાર કરી જોયો કે આ બાળક કોણ હશે, પણ મને કશી સમજ પડી નહિ. પછી મારા સમજવામાં આવી ગયું કે એ બાળકના પેટમાંજ હું બસું છું. ત્યાં મેં ચન્દ્ર સૂર્ય વગેરે અસંખ્ય અનંત ગ્રહો, સમુદ્રો, પર્વતો, મનુષ્યો, પશુઓ, નાની મોટી નદીઓ, એ બધુંજ મેં તેના ઉદરમાં દીઠું. હું તેના પેટમાં ને પેટમાં ઘણા કાળ સુધી ભમ્યો, પણ મને તેનો છેડો જડયો નહિ. પછી જ્યારે હું તેમાંથી બહાર નીકળ્યો ત્યારે મેં દીઠું કે આ બાળકના પેટમાં જે જે વસ્તુઓ છે તેજ બધી બાહ્યજગતમાં જોવામાં આવે છે અને તેના વડે જગત શોભી રહે છે.

---

× વનપર્વ, અ૦ ૧૮૭. બાઇબલમાં જલપ્રલયનું વર્ણન છે તેની સાથે આ વર્ણન ઘણુંજ મળતું આવે છે. વળી ખૂબીની વાત એ છે કે દુનિયાની તમામ પ્રાચીન પ્રજાના ઇતિહાસમાં આવા જલપ્રલયની કથા જોવામાં આવે છે તેના કારણને માટે લો.તિલકનું [illegible] "[illegible]" અને "હિન્દુઓનું [illegible]" એ વિષય જોવું.

સારાંશ એ છે કે, વિશ્વ ઈશ્વરમાં રહેલું છે અને ઈશ્વર વિશ્વમાં રહેલો છે. તે વિશ્વનો આધાર છે અને તેનો આધેય પણ છે. તે વિશ્વનો સ્રષ્ટા, પોષણકર્ત્તા અને વિલયકર્ત્તા છે. તે નિરાકાર છે છતાં સર્વશક્તિમાન છે. તે રસ અને ગંધ વિનાનો છે. તે શબ્દ નથી, સ્પર્શ નથી અને રૂપ પણ નથી. તે સ્ત્રી નથી, પુરુષ નથી અને નપુંસક પણ નથી. તે સત્ નથી, અસત નથી અને સદસત્ પણ નથી. × ત્યારે તે છે કોણ?

"अवाङ्मनसगोचरं, अशब्दं, अस्पर्शं, एकमेवाद्वितीयम्।"

તે અનિર્વચનીય, અચિન્તનીય, શબ્દાતીત, સ્પર્શાતીત અને અદ્વિતીય છે.

ઈશ્વરને કોઇ પેદા કરનાર છે એવું જો આપણે કહીએ તો પછી તેને પણ પેદા કરનાર કોઇ હોવો જોઇએ, એ પણ કબૂલ કરવુંજ પડે. પછી તેને ઉત્પન્ન કરનાર કોઇ ત્રીજો અને તેને ઉત્પન્ન કરનાર કોઇ ચોથો એમ છેડોજ ન આવે. તેથી કરીને ઈશ્વર એક, અદ્વિતીય અને સર્વશક્તિમાન છે, એ સત્ય પણ ટકી શકે નહિ. એટલા માટે ઈશ્વરને ઉત્પન્ન કરનાર કોઈજ નથી એવું માનવાની જરૂર પડે છે. જેમ માટીમાંથી પૂતળું બને છે અને પૂતળું ભાગી જતાં પાછી માટીની માટી થઈ જાય છે, તેમ ઈશ્વરમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને પાછી તેનામાં વિલીન થઈ જાય છે.

આ અખિલ બ્રહ્માંડને કાર્યકારણની પરંપરાના અપરિવર્તનીય નિયમોથી બાંધી લઈને ઈશ્વર સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે. માત્ર જ્ઞાન વડેજ ઈશ્વરના અસ્તિત્વનું ભાન થાય છે. ખરૂં જોતાં ઈશ્વર એકલોજ સત્ય છે અને જાણવા લાયક છે. તેટલું જેમનાથી ન સમજાયું તેમણે અનેક ઉપાસ્ય દેવ–દેવતાઓની કલ્પના કરી છે.

---

× શાન્તિપર્વ, ૨૮૧–૨૧, ૨૬, ૨૭.

# પ્રકરણ ૮ મું—કલિયુગનું વર્ણન

ત્યાર પછી યુધિષ્ઠિરે પૂછેલા સવાલના જવાબમાં માર્કંન્ડેય ઋષિ કહેવા લાગ્યાઃ—

**ચતુર્વર્ણ**:—કલિયુગના અંતમાં સમાજની અંદર ભારે વિપ્લવ થશે. એટલે પછી વર્ણાશ્રમધર્મ રહેશે નહિ અને વર્ણસંકર જાતિઓ ઉત્પન્ન થશે.× સૌના મનમાં પરલોકને વિષે સંદેહ પેદા થશે.* અધર્મની અતિશય વૃદ્ધિ થશે. માત્ર જનોઇજ બ્રાહ્મણપણાની નિશાની રહેશે.† બ્રાહ્મણોના બીજા બધા ગુણનો લોપ થઈ જશે. બ્રાહ્મણો ધર્મનાં મિથ્યા ચિહ્નો ધારણ કરશે, જૂઠું બોલતા થશે, વેદની નિંદા કરશે, કાર્ય કારણના તત્ત્વને વિષે ખાલી વાદવિવાદ કરતા થશે. બ્રાહ્મણો ખેતી અને દુકાનદારી કરવા લાગશે, અને શૂદ્રોનું દાસત્વ કરતા થશે. શૂદ્રો ધર્મના ઉપદેશક બનશે, અને બ્રાહ્મણો તેમના શિષ્યો થશે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય—એ ત્રણે વર્ણના લોકો શૂદ્રો જેવાજ થઇ જશે, અને શૂદ્રોના ધંધા કરવા લાગશે; અને શૂદ્રો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોના ધંધા કરતા થશે. અંત્યજ જાતિની ઉન્નતિ થશે અને ઉન્નત જાતિઓ અંત્યજોની જગ્યા લેશે. બધાજ પારકાની નિંદા અને પોતાની સ્તુતિ કરવા માંડશે. અધર્મ વડે ધર્મનો, મિથ્યા વડે સત્યનો, સેવકો વડે રાજાનો અને સ્ત્રીઓ વડે પુરુષોનો પરાજય થશે.× ધાર્મિક લોકો અલ્પાયુ અને દરિદ્ર થશે અને અધાર્મિક લોકો દીર્ઘાયુ અને ધનવાન થશે. ધર્મનો ક્ષય અને પાપનો જય થશે.

**લોકસ્થિતિ**—મનુષ્યો નાનકડા દેહવાળા, અલ્પ બળવાળા, ટૂંકાં આયુષ્યવાળા અને ટૂંકા જ્ઞાનવાળા થશે. તેઓ એકબીજાની નિંદા અને ઈર્ષા કરતા થશે. તેઓ હમેશાં આપસઆપસમાં કજીઆ કરશે અને વ્યભિચારી થશે. પુરુષો દશ દશ અને બાર બાર વરસની ઉમ્મરે છોકરાના બાપ થશે

---

× વાયુપુરાણ, ૯૯–૪૦૧

* હરિવંશ, ભવિષ્ય પર્વ ૩–૨૭

† શ્રીમદ્ ભાગવત, ૧૨–૨–૩

× પરાશર સંહિતા, ૧–૩૦

અને સોળ વરસે તેમને ઘડપણ આવવા માંડશે. ઘરડાઓની અક્કલ નાનાં છોકરાં જેવી અને છોકરાંની અક્કલ ઘરડાઓના જેવી થશે. યૌવન આવ્યા પછી લગ્ન કરવાની પ્રથા નાબૂદ થશે અને સ્ત્રીઓ પોતાના પતિ જાતેજ પસંદ કરી લેશે. સ્ત્રીઓ સાત સાત આઠ આઠ વરસે છોકરાંની માતા થશે. સ્ત્રીઓ ઘણાં છોકરાં જણશે. સ્ત્રીઓ તેમના ધણીની સેવા નહિ કરે. તેઓ કજીઆખોર અને દુરાચારિણી થશે. નાના પ્રકારના વ્યાધિથી લોકોનો એટલો બધો નાશ થશે કે લોકોને નદીકાંઠે કોદાળી વડે જમીન ખોદીને ઔષધિઓ વાવવી પડશે અને તેમ કરતાં પણ લોકોને જોઇએ તેટલી દવા પૂરી પડશે નહિ. વાચાળતા એજ સભ્યતાનું ચિહ્ન ગણાશે. ઉંચી વર્ણના લોકો પણ તેમને ઘેર અનામત મૂકેલી થાપણ દબાવી બેસશે અને અમારે ત્યાં મૂકીજ નથી એમ કહીને તદ્દન નામક્કર જશે અને ગરીબ રાંડીરાંડોની મિલ્કત પચાવી પડશે. પુરુષો પોતાની મોઢાની કબૂલાત અગર સોગંદ પાળશે નહિ. લોકો પોતાનું દેવું ચૂકવશે નહિ.× કોઈ કોઈનો વિશ્વાસ કરશે નહિ. દરેક જણને હમેશાં તંગી જણાયાજ કરશે અને તે તંગીની પૂર્તિ કોઇ દહાડો થશેજ નહિ. બધા લોકો નિર્ધન થઇ જશે.* લોભી, નિર્દય અને લૂંટારા જેવા રાજાઓ તેમની રૈયતની સ્ત્રીઓનું અને ધનનું હરણ કરશે. રૈયતને ફળ, મૂળ, મહુડાં, માંસ, શાક અને ફળના ઠળીઆ ખાઈને પેટ ભરવું પડશે. વરસાદ નહિ પડવાથી દુષ્કાળ પડશે અને તેથી ઘણા લોકો માર્યા જશે. અતિશય ઠંડી, પવન, તાપ, વરસાદ, હિમ, ભૂખ, તરસ, વ્યાધિ, કંકાસ અને ફિકર-ચિંતાને લીધે લોકો ઘણા દુઃખી થશે. તેમને અન્ન, વસ્ત્ર, ખોરાકી, શય્યા, સ્નાન, આભૂષણ, આજીવિકાનાં સાધન વગેરે નહિ મળવાથી તેઓ ભૂત જેવા થઈ જશે અને છેવટે જંગલોમાં અને પર્વતોમાં ભરાઈ બેસશે.÷

**સંપત્તિ**-જેમની પાસે પાંચ પૈસા હશે તેઓજ કુળવાન, ગુણવાન અને સદાચરણી ગણાશે અને લોકો તેમનેજ

× હરિવંશ. ભવિષ્ય ૧૧, ૩-૩૦.

* હરિવંશ. ભવિષ્ય ૧૧ ૬-૨૬.

÷ શ્રીમદ્ ભાગવત. સ્કંધ ૧૨, અ૦ ૨, ૯

ન આપશે. ગરીબાઈ એ અસાધુતાનું લક્ષણ ગણાશે.* ગૃહ-
ાના ઉપર ચોટલો બધો કરનો બોજો પડશે કે તેઓ ઉતર-
ડીં કરીને પૈસો સંઘરવા લાગશે. થોડા પૈસા હાથમાં આવ-
જ લોકો અહંકારથી છકી જશે.

બળ—બળ એજ ધર્મ અને ન્યાય મનાશે.÷

સગાંવહાલાં—માબાપ ભૂખે મરતાં હશે ત્યારે છોક-
ઓ ખાઇ પીને તાગડધિન્ના કરશે. માબાપની હયાતીમાં
રનો કારભાર છોકરાઓ અને તેમની વહુઓ કરશે. છોકરા
ાપ પાસે અને વહુ સાસુ પાસે કામ કરાવશે× બાપદીકરા
ાજરોજ કંકાસ કરશે. ભાઇભાઇનો વિશ્વાસઘાત કરશે. કોઇ
કોઇનો મિત્ર રહેશે નહિ. દરેક જણ એકબીજાનું અનિષ્ટ કરશે.
પૈસાની લાલચ વગર કોઇ પોતાના મિત્રનું પણ ભલું કરશે નહિ.
મૈત્રી માત્ર વાતોના તડાકા મારવા પૂરતીજ રહેશે. પતિ પોતાની
સ્ત્રીને એકલીનેજ પોતાની મિત્ર માનશે. ગુરુ શિષ્ય વચ્ચે મૈત્રી
રહેશે નહિ અને શિષ્ય પણ ગુરુની સેવા કરશે નહિ.

ખેતીવાડી—લોકો હલકી જમીનમાં ખેતી કરતા થશે
અને કોદરા બાવટો વગેરે શ્રેષ્ઠ ધાન્યમાં ગણાશે. ખરી
મોસમમાં વૃષ્ટિ થશે નહિ તેથી વાવેલા બીજના અંકુર ફૂટશે
નહિ. પછી પાક તો થાયજ શાનો? ઝાડનાં ફળ પણ પૂરતા
પ્રમાણમાં ઉતરશે નહિ. ગાયોનો નાશ થશે. જે જીવતી હશે
તે પણ ઘણુંજ થોડું દૂધ આપશે. લોકો ગાયોને બદલે
બકરીઓ અને ભેંસો પાળતા થશે. ગાયો અને એક એક
વર્ષના વાછડા પાસે જમીન ખેડાવશે અને તેમના ઉપર હદ
ઉપરાંત બોજો લાદશે. એકજ બળદ પાસે ગાડું ખેંચાવશે.
લોકો શુણપાટનાં કપડાં પહેરશે. અત્તર, સુગંધી તેલ અને
સ્વાદિષ્ટ ભોજન કેવાં હોય તે જાણશે પણ નહિ. કાગડા વધી
પડશે અને બધો વખત કાકા કરીને શોરબકોર કર્યા કરશે.

વેપારીઓ—વેપારીઓ લોભી થશે અને પોતાના
ઘરાકને છેતરશે. ખોટાં ત્રાજવાં અને ઓછાં માપ રાખતા
થશે અને અનેક પ્રકારે લોકોને ઠગશે.

---

* શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૨, અ૦ ૨.
÷ શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૨, અ૦ ૨–૨.
× હરિવંશ ભવિષ્યપર્વ, ૩–૩૯.

**ગામડાં**—ગામડાંના લોકો ભૂખમરો વેઠશે. ગામડાંની વસ્તી એકદમ ઘટી જશે અને ત્યાં હિંસક જાનવરો અને સાપ વીંછીનો વાસો થશે. દેવમંદિરો અને શહેરના વાડીબગીચાઓ પણ હિંસક પશુઓથી ભરપૂર થઇ જશે. ધોરી રસ્તા ઉપર વ્યભિચારીઓ અને વેશ્યાઓ મોજ માણશે. મુસાફરોને અન્નપાણી અને આશ્રયસ્થાન ન મળવાથી બિચારા રસ્તા ઉપરજ રાતવાસો કરશે.

**પંડિતો**—પંડિત લોકો સત્યને છૂપાવશે. શાસ્ત્રના ખરા અર્થ કોઇ જાણી શકશે નહિ. પાંડિત્યાભિમાની પુરુષો નીતિને ત્યજી દઈ શાસ્ત્રના ખોટા ખોટા અર્થ કરશે.× વાચાળતા એજ પંડિતાઈની નિશાની કહેવાશે.* પંડિતો ધર્મની જૂઠી જાળ પાથરીને સૌને ઠગશે.

**બૌદ્ધધર્મ**—લોકો દેવતાનું પૂજન નહિ કરે અને મંદિરોની અંદર હાડકાં દાટીને તેમની પૂજા કરતા થશે. તપોવનમાં, બ્રાહ્મણોનાં ગામોમાં અને દેવસ્થાનોમાં પણ ચૈત્યો અને જેમાં હાડકાં દાટયાં હોય એવાં અસ્થિમંદિરોજ જોવામાં આવશે. દેવતાઓનાં મંદિરોનો લોપ થઇ જશે.+

**વિદેશગમન**—લોકો પોતાની આજીવિકાને માટે પૃથ્વી ઉપર બધે ભટકવા લાગશે.÷ બધી જાતના લોકો દેશદેશાંતરમાં પ્રવાસ કરશે અને આખી પૃથ્વી ખૂંદી વળશે. જુદા જુદા દેશના લોકોના આચારવિચાર એક થશે. બધાજ મ્લેચ્છોના જેવા આચારવાળા અને ભક્ષ્યાભક્ષ્ય બધુંજ જેને ખપે એવા સર્વભક્ષી થશે. સર્વ ન્યાતના લોકો એક પંગતે બેસીને જમશે.§

**મ્લેચ્છો**—મ્લેચ્છોથી આખું જગત પરિપૂર્ણ થઇ જશે. બધાજ લોકો મ્લેચ્છોના ભાવ ધારણ કરવા લાગશે. ઘણા મ્લેચ્છ લોકો રાજા થશે. તેઓ ~ ર, ઠગાઇ, અન્યાય અને જુલ્મી કાયદાઓ વડે હરે; [illegible] ોનું ધન લૂંટ[illegible]

× હરિવંશ, ભવિષ્યપર્વ, ૩–[illegible]
* શ્રી[illegible] ૧૨–૨–૪.
+ વન[illegible] ૫, ૬૬, ૬
રોમાં દાટીને [illegible] માં આ
÷ વાયુ[illegible]
§ હરિવં[illegible]

ઉલટે તેઓ આપસ આપસમાં લડી પડશે અને એકબીજાનો નાશ કરવાનો પ્રયત્ન કરશે. તે વખતે જગતમાં મોટાં મોટાં યુદ્ધો મચી રહેશે અને ચારે વિપ્લવો જાગશે.*

કલ્કિ અવતાર:—ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ પુષ્ય નક્ષત્રમાં એક રાશિમાં આવશે ત્યારે ભારતમાં ફરીથી સત્ય યુગનો આરંભ થશે. ત્યારે પછી યથાસમય વૃષ્ટિ થવા લાગશે. ખેતરોમાં પાકના ઢગલે ઢગલા પાકશે. દેશ, વ્યાધિથી મુક્ત થશે અને ગ્રહો તથા નક્ષત્રો શુભ ફળ આપનારાં થશે. દેશનું તમામ પ્રકારનું મંગલ થશે. તે વખતે જગતના કલ્યાણને માટે એક અસાધારણ પુરુષ પ્રકટ થશે. શંભલ નામના ગામમાં વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ઘેર કલ્કિ ભગવાન જાણે કાળની પ્રેરણાથી પ્રકટયા હોય તેમ પ્રકટ થશે. તે મહાબુદ્ધિમાન, મહાબળવાન, મહાપરાક્રમી, ઉદાર બુદ્ધિવાળા અને ચક્રવર્તી મહારાજા થશે. તેમની ઈચ્છામાત્રથીજ અસંખ્ય અશ્વ, રથ, અસ્ત્ર શસ્ત્ર, કવચ, સૈન્ય વગેરે હાજર થઇ જશે. તેઓ મ્લેચ્છોનો નાશ કરીને માનવસમાજ ઉપર ઉપકાર કરશે. તે બ્રાહ્મણરૂપે જન્મીને નવો યુગ પ્રવર્તાવશે. ત્યારે ભારતવર્ષ પાછો નિર્મળ તેજથી ઝળકી ઉઠશે. આખું જગત તેની સામે વિસ્મયભર્યાં નેત્રે જોઈ રહેશે. ભારતમાં નવો પ્રકાશ, નવો યુગ અને નવું જીવન પ્રવર્તશે. ×

---

* હરિવંશ, ભવિષ્યપર્વ, ૪-૧૫

× વનપર્વ, ૧૮૮, ૧૯૦. શાંતિપર્વ, ૨૮૮. હરિવંશ, હરિવંશ. ૧૫, ૪૨-૨૧૪.

# પ્રકરણ ૯ મું—ધર્મવ્યાધ

માર્કંડેય ઋષિ આગળ ચાલતાં કહેવા લાગ્યાઃ—સ્ત્રી-જાતિ હમેશાં સન્માનને પાત્ર છે. પોતાના પતિની સેવા એજ તેમનો મોટામાં મોટો ધર્મ છે. એક દિવસ એક બ્રાહ્મણ કોઈ ગૃહસ્થને ઘેર ભિક્ષા કરવા ગયો હશે. ઘરધણીઆણીને ભિક્ષા આપતાં જરા વાર લાગી. આથી પેલા બ્રાહ્મણને ઘણી રીસ ચઢી અને તેણે કહ્યું કે "શું તારો ધણી બ્રાહ્મણના કરતાં મોટો થઈ ગયો ?" ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે "એમાં વળી સંદેહજ શો ? દરેક સ્ત્રીને માટે તેનો ધણીજ સૌથી શ્રેષ્ઠ અને સૌથી મોટો." એટલે બ્રાહ્મણે કહ્યુંઃ "એમ કે ? મારા ક્રોધાગ્નિ વડે હમણાંજ તારા ધણીને બાળીને ભસ્મ કરી નાખું છું." એટલે એ સ્ત્રીએ કહ્યુંઃ "ક્રોધ એ માણસનો મોટામાં મોટો શત્રુ છે. જે જિતેન્દ્રિય છે તેજ બ્રાહ્મણપદને લાયક છે; બીજા બધા નામનાજ બ્રાહ્મણ. તમે હજી ધર્મનું રહસ્ય સમજયાજ નથી. તમારે ધર્મનું રહસ્ય જાણવું હોય તો મિથિલા નગરમાં એક ધર્મવ્યાધ રહે છે તેની પાસે જજો."

તે અહંકારી બ્રાહ્મણ નીચી મૂંડીએ ત્યાંથી ચાલતો થયો. તેના મનમાં એજ સવાલ ઘોળાવા લાગ્યો કે શું બ્રાહ્મણના કરતાં એક વ્યાધ ચઢી જાય ? પોતાના મનની શંકાનું નિવારણ કરવા તે જનક રાજાના રાજ્ય તરફ ચાલતો થયો. તેણે જોયું તો વિદેહરાજ્યની રાજધાની તો એક મોટું સમૃદ્ધિવાન નગર હતું. અનાજના ભંડાર, મોટાં મોટાં જળાશય અને ખાવાની નાના પ્રકારની વસ્તુઓના ગંજના ગંજ ત્યાં ખડકાયા હતા. એક એક વાડામાં સેંકડો ગાયો એવા કેટલાએ ગાયોના વાડા હતા. તેની આસપાસનાં ખેતરો જવ વગેરે ધાન્યના ઉભરાતા પાકથી શોભાયમાન દેખાતાં હતાં. ત્યાં લોકોના શોરબકોરથી ગાજી રહેલા કેટલાએ રાજમાર્ગ હતા અને હંસ વગેરે પક્ષીઓથી શોભી ઉઠતાં તળાવો હતાં.* એ બધું જોતો જોતો તે બ્રાહ્મણ મિથિલા નગરીમાં ગયો તો તેને તે અત્યંત મનોહર લાગી. તેની આસપાસ

---

*વનપર્વ, ૩૨૫-૧૯, ૨૩.

# પ્રકરણ ૯ મું—ધર્મવ્યાધ

માર્કન્ડેય ઋષિ આગળ ચાલતાં કહેવા લાગ્યાઃ—સ્ત્રી-જાતિ હમેશાં સન્માનને પાત્ર છે. પોતાના પતિની સેવા એજ તેમનો મોટામાં મોટો ધર્મ છે. એક દિવસ એક બ્રાહ્મણ કોઈ ગૃહસ્થને ઘેર ભિક્ષા કરવા ગયો હશે. ઘરધણીઆણીને ભિક્ષા આપતાં જરા વાર લાગી. આથી પેલા બ્રાહ્મણને ઘણી રીસ ચઢી અને તેણે કહ્યું કે "શું તારો ધણી બ્રાહ્મણના કરતાં મોટો થઇ ગયો ?" ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે "એમાં વળી સંદેહજ શો ? દરેક સ્ત્રીને માટે તેનો ધણીજ સૌથી શ્રેષ્ઠ અને સૌથી મોટો." એટલે બ્રાહ્મણે કહ્યુંઃ "એમ કે ? મારા ક્રોધાગ્નિ વડે હમણાંજ તારા ધણીને બાળીને ભસ્મ કરી નાખું છું." એટલે એ સ્ત્રીએ કહ્યુંઃ "ક્રોધ એ માણસનો મોટામાં મોટો શત્રુ છે. જે જિતે-ન્દ્રિય છે તેજ બ્રાહ્મણપદને લાયક છે; બીજા બધા નામનાજ બ્રાહ્મણ. તમે હજી ધર્મનું રહસ્ય સમજ્યાજ નથી. તમારે ધર્મ-નું રહસ્ય જાણવું હોય તો મિથિલા નગરમાં એક ધર્મવ્યાધ રહે છે તેની પાસે જજો."

તે અહંકારી બ્રાહ્મણ નીચી મૂંડીએ ત્યાંથી ચાલતો થયો. તેના મનમાં એજ સવાલ ઘોળાવા લાગ્યો કે શું બ્રાહ્મણના કરતાં એક વ્યાધ ચઢી જાય ? પોતાના મનની શંકાનું નિવારણ કરવા તે જનક રાજાના રાજ્ય તરફ ચાલતો થયો. તેણે જોયું તો વિદેહરાજ્યની રાજધાની તો એક મોટું સમૃદ્ધિવાન નગર હતું. અનાજના ભંડાર, મોટાં મોટાં જળા-શય અને ખાવાની નાના પ્રકારની વસ્તુઓના ગંજના ગંજ ત્યાં ખડકાયા હતા. એક એક વાડામાં સેંકડો ગાયો એવા સેંકડો ગાયોના વાડા હતા. તેની આસપાસનાં ખેતરો ડાંગર વગેરે ધાન્યના ઉભરાતા પાકથી શોભાયમાન દેખાતાં હતાં. ત્યાં લોકોના શોરબકોરથી ગાજી રહેલા કેટલાએ રાજ-માર્ગ હતા અને હંસ વગેરે પક્ષીઓથી શોભી ઉઠતાં તળાવો હતાં.÷ એ બધું જોતો જોતો તે બ્રાહ્મણ મિથિલા નગરીમાં પેઠો. ને તેને તે અત્યંત મનોહર લાગી. તેની આસપાસ

÷ શાન્તિપર્વ, ૩૨૫-૧૯, ૨૩.

ફરતો કોટ હતો અને તેના વડે શહેરનું રક્ષણ થતું હતું. એ કોટની અંદર મોટા પહોળા દરવાજા હતા. શહેરની સડકો પહોળી અને સ્વચ્છ હતી. તેની બેઉ બાજુએ મોટી મોટી હવેલીઓ નજરે પડતી હતી. રસ્તા ઉપરની દુકાનોમાં ભાત ભાતનો માલ વેચાતો હતો. ત્યાંના લોકો પણ ખાધેલ પીધેલ, તંદુરસ્ત અને બળવાન હતા. તેઓ નાના પ્રકારના ઉત્સવ અને ક્રીડામાં રોકાયા હતા. હાથી, ઘોડા અને પાયદળ સૈન્યની ટુકડીઓ આમથી તેમ કૂચ કરતી હતી ‡

પછી પેલા વ્યાધની દુકાને તે બ્રાહ્મણ જઈ પહોંચ્યો અને તેણે દીઠું તો તેની દુકાને નાના પ્રકારનાં પશુઓનાં માંસ વેચાતા હતાં. વ્યાધ બ્રાહ્મણને પોતાને ઘેર તેડી ગયો, તેના પગ ધોયા, બેસવાને આસન અને પીવાને જળ આપ્યું, અને તે ઉંચી જાતના બ્રાહ્મણે તે ગ્રહણ પણ કર્યું.= વ્યાધ પોતાનાં ઘરડાં માતાપિતાની સેવામાંથી પરવારીને તે બ્રાહ્મણ પાસે આવ્યો. પછી તેને કહેવા લાગ્યો કે "માતાપિતાની સેવા કરવી. સત્ય વચન બોલવું. કદી પણ કોઇનું ભૂંડું કરવું નહિ, કોઇએ આપણું ભૂંડું કર્યું હોય તોપણ તેનું ભૂંડું કરવું નહિ. જે જે જોવામાં આવે તે બધું ઇશ્વિરમય છે એમ જાણવું. અને એટલા માટે પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખવો. સૌનું ભલું કરવાનો પ્રયત્ન કરવો. યથાશક્તિ દાન કરતા રહેવું. કોઇની નિંદા ન કરવી. બધી રીતે પૂરેપુરા જિતેન્દ્રિય થવું. કામ અથવા ક્રોધને કદી તાબે થવું નહિ. શમ અને દમ એજ ખરી તપશ્ચર્યા છે અને એજ સાચો યોગ છે તે કદી ભૂલતા નહિ. કદાચ કોઇ ખોટું કામ થઇ જાય તો તેને માટે પશ્ચાત્તાપ કરવો; અને ફરીથી એવું કામ નહિ કરૂં એવી દૃઢ પ્રતિજ્ઞા લેવી. મનુષ્ય જેવાં જેવાં કર્મ કરે છે, તેવાં તેવાં તેને ફળ મળે છે. મનુષ્યને વ્યાધિ થાય છે તે પણ તેનાં કર્મનું પરિણામ છે અને વૈદ્ય ચિકિત્સા વગેરે કર્મ વડેજ તેને પાછો સાજો કરે છે. જે જે કર્મ વડે માનવ-સમાજનું અત્યંત હિત થતું હોય તેજ સત્ય છે અને તેજ

‡ વનપર્વ, ૨૦૬–૬–૯.
= વનપર્વ, ૨૦૬–૧૮.

ધર્મ છે એ તમારે કદી પણ ભૂલવું નહિ.×

પછી પેલા બ્રાહ્મણે પૂછ્યું કે "તમે આટલા બધા ધાર્મિક છો છતાં માંસ વેચવાનો ધંધો શા માટે કરો છો?" ત્યારે વ્યાધે જરા હસીને જવાબ દીધો કે "મારા પિતા અને તેમના પિતા પણ આજ ધંધો કરતા હતા. હું પણ તેમને પગલે ચાલીને તેમનો ધંધો લઈ બેઠો છું. બ્રાહ્મણો કહે છે કે આંખો મીંચીને બાપદાદાને પગલે ચાલવું એજ ધર્મ. એમ છે તેમાં આપ આટલા બધા નારાજ કેમ થાઓ છો?" આટલું કહ્યા પછી તે થોડી વાર ચૂપ બેસી રહ્યો અને પછી કહેવા લાગ્યો કે "હું કદી પણ જીવહત્યા કરતો નથી. એ કામ તો બીજા વ્યાધ કરે છે. હું તો માત્ર માંસનો વેપારજ કરૂં છું."

બ્રાહ્મણ બોલ્યોઃ "આટલું બધું છતાં મારા અભિપ્રાય પ્રમાણે તમે હજી બ્રાહ્મણજ છો."÷

આ બધું જોઈને અને સાંભળીને બ્રાહ્મણ પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો કે, આ માંસનો વેપાર કરનાર નીચ જાતિમાં જન્મેલો વ્યાધ કેવો જ્ઞાની છે અને કેવો ધાર્મિક છે! ત્યારે તો ખરેખર અમુક ઉંચી જાતમાં જન્મ્યો માટે ઉંચો અને અમુક જાતિમાં જન્મ્યો માટે નીચો–એવા ભેદભાવમાં કશુંજ સત્ય નથી.



× [illegible] નથી.

÷ [illegible]

# પ્રકરણ ૧૦ મું—પતિને વશ કરવાનો મંત્ર અને જડીબુટ્ટી

એક વાર પાંડવોને મળવાની ઇચ્છા થવાથી કૃષ્ણ પોતાની એક માનીતી રાણી સત્યભામાને લઇને કામ્યક વનમાં આવ્યા. તે વખતે સત્યભામાએ દ્રૌપદીને એકાન્તમાં પ્રશ્ન પૂછયો કે હે સખિ ! તમે તમારા પાંચે પતિઓને જે મંત્ર અથવા જડીબુટ્ટી વડે વશ કર્યા છે તે મને બતાવી દો તો કેવું સારૂં ?

દ્રૌપદીએ જરા દાવકે મોઢે જવાબ આપ્યો: "સખિ ! મેં મારા પતિઓ ઉપર મંત્રો અને જડીબુટ્ટીઓનો પ્રયોગ કર્યો છે એવું તમે માનો છો તે સાંભળીને મને ઘણી દિલગીરી થાય છે. ઘરમાં સાપ ભરાયો છે એવી જાણ થતાં તે ઘરમાં રહેનારની ચિંતા અને ગભરાટની જેમ હદ નથી હોતી, તેમ મારી સ્ત્રી મારા ઉપર મંત્ર અને જડીબુટ્ટીના પ્રયોગ કરે છે એવું જાણીને તે સ્ત્રીના ધણીની પેલા સર્પવાળા ઘરના માલિકના કરતાં પણ વધારે માઠી દશા થાય છે. તેની ચિંતા અને વ્યાકુળતાની તો કાંઇ હદજ હોતી નથી. તેના મનને શાન્તિ અને નિશ્ચિંતપણું હોયજ કેવી રીતે ? અને જેને શાન્તિ ન હોય તેને સુખ પણ શાનું હોય ? વળી તમે શું એમ માનો છો કે મંત્ર અથવા જડીબુટ્ટી વડે પતિ વશ થાય છે ? તમે યાદ રાખજો કે જે સ્ત્રી તેના પતિને વશ કરવાના હેતુથી તેને જડીબુટ્ટી ખવરાવે છે તે તેને ઝેર અથવા ઝેરને મળતો કોઇ પદાર્થજ ખવરાવે છે. તેને પરિણામે તે માણસને અસાધ્ય વ્યાધિ થાય છે અને તે મરી પણ જાય છે.

ત્યારે સત્યભામાએ ભારે ઉત્કંઠા સહિત પૂછયું: "સખિ ! જો એમજ હોય તો પછી તમે જે ઉપાય વડે તમારા પતિઓને વશ કર્યા છે તે ઉપાય મને પણ શીખવી દો." દ્રૌપદીએ જરા હસીને જવાબ દીધો: "હું તો પતિની સેવાનેજ સારામાં સારો વશીકરણ મંત્ર અથવા ચમત્કારિક જડીબુટ્ટી જાણું છું. હું હમેશાં અહંકાર તજીને મારા પતિઓની સેવા કરૂં છું. તેમની આગળ કદી બહુ બોલતી નથી, બહુ આરામ

કરતી નથી અને તેમના ઉપર કદી ગુસ્સે થતી નથી. જે ચીજ તેઓ ન ખાય તે હું કદી ખાતી નથી. જે તેઓ ન પી શકે તેને હું મારે હોઠે અડકાડતી પણ નથી. મારા પતિ સિવાય બીજા કોઇ પુરુષનું હું મોઢું પણ જોતી નથી. તેમને અપ્રિય લાગે એવું કોઈ પણ કામ હું કરતી નથી. અમારૂં રહેઠાણ વનમાં હોય કે શહેરમાં હોય તોપણ ઘરમાં જે કાંઇ સારૂં માઠું રાચરચીલું અને ખાદ્ય પદાર્થો હોય તે બધાંને સાફસુફ રાખીને જોનારનું ચિત્ત પ્રસન્ન થાય એવી રીતે ઘરમાં ગોઠવું છું. મારા પતિઓમાંથી કોઇ પણ મારા ઉપર નારાજ ન થાય તે માટે તેમની દરેકની પ્રકૃતિ કેવી છે અને તેમને શું શું ગમે છે તેની હું તપાસ કરતી રહું છું. જે વખતે જે કામ કરવાથી તેઓ રાજી થાય તે વખતે તે કામ હું કરૂં છું. જે વખતે જેની જરૂર હોય તે કામ તો હું કર્યા વિના રહેતીજ નથી. તેઓ કોઈ વાર મને વઢે તોપણ હું તે કદી સંભારતી નથી. હું જ્યારે જ્યારે તેમને દિલગીર જોઉં છું ત્યારે આનંદનો એક તરંગ ઉત્પન્ન કરી તેમનું દુઃખ વિસારે પાડું છું. તેઓ ઘેર ન હોય તેટલો વખત હું પુષ્પ ચંદન વગેરે સુગંધી પદાર્થો વાપરતી નથી, ચોટલાનો અંબોડો વાળતી નથી, આંખમાં કાજળ આંજતી નથી અને શરીરે ઉત્તમ વસ્ત્ર કે ઘરેણાં પહેરતી નથી. મારા પતિઓની બીજી સ્ત્રીઓની સાથે હું સગી બહેનના જેવું વર્તન રાખું છું. હું જાતે દુઃખ વેઠીને પણ તેમને સુખી કરવાનો પ્રયત્ન કરૂં છું. જે વખતે મારે ઘેર જોઇએ તેટલા નોકરચાકર હતા ત્યારે પણ મારાં સાસુની સેવા તો હું મારે હાથેજ કરતી. તેમની રસોઇ મારે હાથે રાંધતી. તેમને પીવાનું પાણી અને પહેરવાનાં લુગડાં હું મારે હાથે લાવી આપતી. અમારે ઘેર જ્યારે રાજ્ય હતું ત્યારે સેંકડો બ્રાહ્મણ રોજ રોજ અમારે ઘેર જમવા આવતા. સૌને જોઇતાં ભોજન, પાણી અને વસ્ત્ર હું આપતી. તે વખતે અમારે ઘેર સેંકડો દાસદાસીઓ હતાં. તે બધાંનાં નામ, તેમના સ્વભાવની આકૃતિ અને કોણ કયું કામ કરે છે તે બધું હું યાદ રાખતી. તેમની બધી ફરિયાદો સાંભળીને તેનો હું જાતેજ નિકાલ કરી દેતી. આટલા મોટા રાજ્યની આવક અને ખર્ચનો હિસાબ હું એકલી કોઇની મદદ વગર રાખતી. [illegible]ની અને ઢોરની દેખરેખ રાખ-

તી. હું રોજ સૌના પહેલી ઉઠતી, સૌને જમાડીને જમતી અને સૌને સૂવાડીને સૂતી. હું ભૂખતરસ વેઠીને રાતદિવસ પતિસેવા કરતી તેથીજ હું તેમની આટલી પ્રીતિપાત્ર થઇ છું."

સત્યભામાએ હસીને જવાબ દીધો કે "સખિ ! આટલું બધું કામ તો મારાથી થાય એમ નથી. માટે કૃષ્ણને વશ કરવાનો વધારે સહેલો ઉપાય હોય તો બતાવો."

ત્યારે દ્રૌપદી મોઢું મલકાવીને બોલી કે " સ્ત્રીઓજ પુરુષોના અનેક પ્રકારનાં સુખસંતોષનું મૂળ છે. તમે તમારા શરીરને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભૂષણથી શણગારીને અને શરીરનું સૌન્દર્ય દીપાવે એવાં ઉત્તમ સાધનો વડે બની ઠણીને પ્રેમ અને ભક્તિ વડે કૃષ્ણની નિરંતર આરાધના કરતાં રહો. તેમને અપ્રિય લાગે એવું તમારે બોલવું નહિ અને તેમનું દિલ દુખાય એવું કોઇ પણ કામ કરવું નહિ. હમેશાં તેમની આગળ મિષ્ટ વચન બોલવાં અને તેમને પ્રિય લાગે એવું મિષ્ટ વર્તન રાખવું અને તેમ કરીને તેમને હમેશાં રાજી રાજી રાખવા. મધુર પ્રેમભરી દૃષ્ટિથી, મધુર વચનથી અને મધુર વર્તનથી પુરુષો જેવા વશ થાય છે તેવા બીજા કોઇ પણ ઉપાયથી થતા નથી. કૃષ્ણ તમારા રંગમહેલમાં આવે કે તરત તમારે તેમને હસતે મોઢે મીઠા બોલ બોલીને વધાવી લેવા અને હમેશાં નવા નવા પ્રેમાલાપથી તેમના ચિત્તને પ્રસન્ન કરવું. તેમને સુંદર સુકોમળ આસન ઉપર બેસાડવા. સુગન્ધી પુષ્પોની માળા તથા ચન્દન અરગજા વગેરે ખુશબોદાર દ્રવ્યો વડે તેમનું પ્રેમપૂર્વક પૂજન કરવું. હમેશાં તેમની ઇચ્છા મુજબ વર્તન કરવું. તેમની ઇચ્છાનું કદી પણ, કોઇ પણ કારણસર મન વાણી અને કર્મથી ઉલ્લંઘન કરવું નહિ. તમે જો તમારા પતિની આ પ્રમાણે અનન્ય ભાવે સેવા કરશો તો તમે જરૂર તેમને અત્યંત પ્રિય થઇ પડશો. સ્ત્રીઓને માટે પતિના પ્રેમ કરતાં વધારે સ્પૃહણીય વસ્તુ બીજી કોઇ છેજ નહિ.

> सुखं सुखेनेह न जातु लभ्यं
> दुःखेन साध्वी लभते सुखानि । *

આ જગતમાં સુખ વડે સુખ મળતું નથી પણ સતી સ્ત્રીઓ

* વનપર્વ, ૨૩૩–૪.

ત્યારે જેટલું સુખ થાય છે તે કરતાં પોતાના શત્રુને દુઃખમાંથી ઉગાર્યાથી વધારે સુખ થાય છે. જ્યારે કોઇને માથે આફત આવી હોય અને તે આપણી મદદ માગતો આવે તો તેને મદદ કરવા ના પાડવી એ તો કોઇને પણ ઘટે નહિ. માટે તમે ચારે ભાઇઓ તૈયાર થાઓ. ચિત્રસેન તો અર્જુનનો અને મારો પણ મિત્ર છે. તમે તેને જઇને મળશો એટલે તે પેલા બધાને છોડી મૂકશે. છતાં જો તે તમારૂં કહેણ ન માને તો તમે તેની સાથે યુદ્ધ કરજો. દુર્યોધન વગેરેને છોડાવવાને માટે એક મિત્ર ગુમાવવો પડે અથવા એક મિત્રની સાથે લડવું પડે તો ભલે. પણ આપણું ચાલે ત્યાં સુધી તેમને બંદીવાનની હાલતમાં રહેવા દેવાય નહિ. હું હમણાં યજ્ઞ કરવા બેઠો છું, નહિ તો હું પોતે પણ તમારી સાથે આવત.”

પછી પાંડવો હથિયાર બાંધીને ચિત્રસેન પાસે જવા નીકળ્યા. પ્રથમ તો તેમણે પોતાના પરમ મિત્રને ખૂબ સમજાવ્યો; પણ તેણે તો કૌરવોને છૂટા કરવાનો સાફ સાફ ઇનકારજ કર્યો. એટલે પાંડવો અને તેની વચ્ચે યુદ્ધ થયું, અને લડાઇજ કરવી રહી એટલે પાંડવોએ લડવામાં બાકી રાખી નહિ. અર્જુને ચિત્રસેનને હરાવ્યો, અને આખું ગંધર્વ સૈન્ય હારીને નાસભાગ કરતું થઇ ગયું. પછી ચિત્રસેન રાજાએ અર્જુનની પાસે આવીને કહ્યું કે, મારે બધી હકીકત યુધિષ્ઠિર રાજાને સમજાવવી છે. માટે તમે હું અને આ કેદીઓ બધાંએ તમારે દેશ આવીએ છીએ. દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને તેમની સાથે આવેલી [illegible] એ બધાંને પાછાં કેદીની હાલતમાં પોતાની સાથે લઇને ચિત્રસેન યુધિષ્ઠિર પાસે જવા નીકળ્યો અને તેઓ બધાં આવી દીનમુખવાળી અવસ્થામાં નીચું માથું કરીને યુધિષ્ઠિરની પર્ણકુટી આગળ જઇને ઉભા રહ્યા. આ દેખાવ જોઇને યુધિષ્ઠિરનું હૃદય [illegible] થઇ ગયું.

ચિત્રસેને તેમને કહ્યું: “આપને સૌને વનમાં ઘણું કષ્ટ [illegible]

રાખવાનો છું. હવે આપ હસ્તિનાપુર જાઓ અને આપનું પોતાનું તથા આપના પૂર્વજોનું રાજ્ય સુખેથી ભોગવો."

યુધિષ્ઠિરે જવાબ દીધો: "મિત્ર! તમે કહો છો તે બધુંજ હું કબૂલ કરૂં છું. પણ મારા ભાઇઓને અને તેમના નગરની સ્ત્રીઓને તમે કેદ કરીને લઇ ગયા તેથી અમારા કુળને જે કલંક લાગ્યું છે તેને ધોવાનો કોઇ ઉપાય છે? દુર્યોધન પહેલેથીજ નાદાન છે તે હું ક્યાં નથી જાણતો? તે નાદાન થાય તેથી અમારાથી તેવા થવાય નહિ. માટે મારી તમને ખાસ વિનંતિ છે કે આપ સૌને છુટાં કરો."

તેથી કરીને તેમને છોડી દેવાની ચિત્રસેનની જરાએ મરજી ન હતી તોપણ તેમને છૂટાં કરવાં પડયાં. પછી તેને યુધિષ્ઠિરે કહ્યું કે "તમે આવા બળવાન અને સમર્થ હતા તે છતાં તમે દુર્યોધન વગેરેને જીવથી માર્યા નહિ તે હું મારૂં મોટું સદ્‌ભાગ્ય માનું છું." પછી દુર્યોધન નીચું માથું કરીને કાંઇ બોલ્યાચાલ્યા વગર ત્યાંથી ચાલતો થયો. પણ તેના જે સૈનિકો લડાઈમાંથી મરતા બચ્યા હતા તેમણે પાંડવોનો જય પોકાર્યો. તેમના મુખમાંથી નીકળતાં પાંડવોનાં સ્તુતિવચનથી આખા દ્વૈતવનમાં કોલાહલ મચી રહ્યો. તે સાંભળીને દુર્યોધનના બળાપામાં કશી મણાજ ન રહી. એક તો પાંડવોએ તેના ઉપર ઉપકાર કર્યો હતો, શત્રુતાના બદલામાં તેમણે મિત્રભાવ બતાવ્યો હતો તેથીજ દુર્યોધનને પાર વગરનું દુ:ખ તો થતુંજ હતું તેમાં વળી પાછા તેના પોતાનાજ સૈનિકોને પાંડવોની પ્રશંસા કરતા સાંભળીને જાણે બળતામાં ઘી હોમાયું હોય તેવું થયું. તેણે રસ્તા વચ્ચે તંબુ રોપીને ત્યાંજ દર્ભના આસન ઉપર બેસીને અનશનવ્રત લઈને પ્રાણ ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. દુઃશાસન અને શકુનિએ તેને ઘણોએ સમજાવ્યો, પણ તેનો નિશ્ચય ફર્યો નહિ.

એવામાં કર્ણ જે નાસતો ફરતો હતો તેણે રસ્તા વચ્ચે કૌરવના તંબુ જોઇને વિચાર કર્યો કે આખરે તેઓ પોતાના બાહુબળથી ઉત્સવ કરશે અને વિજય મેળવીને સ્વાભિમાનપૂર્વક ઘર તરફ પાછા ફરતા હશે. તેથી તે તેમને મુબારકબાદી આપવાને વાસ્તે હરખાતો હરખાતો દુર્યોધનવાળા તંબુમાં પેઠો. ત્યાં તો દુર્યોધનને ઉપર કહી તેવી અવસ્થામાં જોઇ

# પ્રકરણ ૧૨ મું—દ્રૌપદીની વિપત્તિ

પાંડવોએ દુર્યોધનની ગેરઆબરૂ થતી અટકાવી અને તેને કેદખાનામાંથી છોડાવ્યો તેથી કાંઇ તે તેમના ઉપર રાજી થયો ન હતો તેમ તેમનો આભાર પણ માનતો ન હતો. તે તો પાંડવોનો કેમ કરતાં વિનાશ થાય તેનોજ રાતદિવસ વિચાર કરતો હતો.

એવામાં એક દિવસ પોતાના ક્રોધી સ્વભાવને માટે જાણીતા થએલા દુર્વાસા મુનિ પોતાના સંખ્યાબંધ શિષ્યોને લઇને હસ્તિનાપુરમાં આવ્યા. તેમને જોતાની સાથે દુર્યોધન જાતે તેમની સેવામાં હાજર થઇ ગયો. તેના ભાઇઓ અને મિત્રો પણ તેમની સેવામાં જોડાઇ ગયા. આખો રાજભંડાર તેમને માટે ખુલ્લો મૂકી દીધો. દુર્વાસા મુનિ ખુશ ખુશ થઇ ગયા અને દુર્યોધનને કહ્યું કે તું માગે તે વરદાન આપવા હું તૈયાર છું. દુર્યોધન બોલ્યોઃ "મહાત્માજી! આપ જેમ આપના અનેક શિષ્યો સાથે મારા પરોણા થયા તેમ પાંડ-વોના પણ થાઓ અને આપની સાથે જેટલા શિષ્યોને અહીં લેતા આવ્યા છો તેટલા તેમને ઘેર પણ લઇ જાઓ એટલું-જ માગું છું." દુર્વાસા "તથાસ્તુ" કહીને ત્યાંથી ચાલતા થયા. તેમના ગયા પછી દુર્યોધન અને તેના મિત્રો હરખાઈ હર-ખાઇને એકબીજાને કહેવા લાગ્યા કે "હવે પાંડવોનું આવીજ બન્યું જાણજો. આટલા બધા શિષ્યોને લઇને દુર્વાસા તેમને ઘેર જશે ત્યારે તેમનાથી આપણે વેઠયો તેટલો એરો વેઠાવાનો નથી. તેમનું બિચારાનું ગજું શું? એટલે દુર્વાસા નારાજ થશે અને તેમના શાપથી પાંડવો નક્કી માર્યા જશે, એમાં કાંઇજ સંદેહ નથી." દુર્યોધનના મિત્રો તેની અક્કલનાં ગાડાં ભરી ભરીને વખાણ કરવા લાગ્યા.

હવે દુર્વાસા પોતે વચનથી બંધાઇ ગએલા હોવાથી શિષ્યોનું મોટું ધાડું લઇને પાંડવોની પર્ણકુટી આગળ જઇને ઉભા રહ્યા. પણ તેમની ગરીબાઇ અને દુર્દશા જોઇને ખુદ દુર્વાસાનેજ બહુ દયા આવી. યુધિષ્ઠિરે તેમને કહ્યું કે આપ સૌ સ્નાન કરી આવો અને તેટલી વારમાં હું આપની પરો.

આગતની તૈયારી કરું છું. તેમણે આવું કહ્યું તો ખરું, પણ આટલા બધાને કેવી રીતે જમાડવા અને તેમને ઉતારો પણ કયાં આપવો તેનો વિચાર કરતાં યુધિષ્ઠિર વિમાસણમાં પડી ગયા. દુર્વાસા ઋષિ તેમના શિષ્યોને લઇને નદીમાં સ્નાન કરવા ગયા, પણ પાછા ફર્યા નહિ. તેમને ગયાને ઘણી વાર થઈ ગઇ તોપણ જ્યારે તેઓ ન આવ્યા ત્યારે ભીમ તેમને શોધવા ગયો. તે ખબર લાવ્યો કે તેઓ નદીકાંઠે ગયા પછી બીજે ઠેકાણે ચાલ્યા ગયા છે. દુર્યોધને જ્યારે જાણ્યું કે તેની આ યુક્તિ પણ બરબાદ ગઇ ત્યારે તે મરવા જેવો થઇ ગયો.

ત્યાર પછી એક દિવસ એવું બન્યું કે પાંડવો શિકાર કરવા નીકળી પડયા હતા અને કામ્યકવનમાં પર્ણકુટીની અંદર દ્રૌપદી એકલીજ હતી એવામાં સિન્ધુ દેશનો રાજા જયદ્રથ પોતાનું સૈન્ય અને સેનાપતિઓ વગેરેને લઇને તે વનમાં આવી પહોંચ્યો. આ જયદ્રથ દુર્યોધનની બહેન દુઃશલા વેરે પરણ્યો હતો તેથી તેને સગો જાણીને દ્રૌપદીએ તેનો યથાયોગ્ય સત્કાર કર્યો.

પરંતુ તેની દાનત ભૂંડી હતી. તેણે દ્રૌપદીને કહ્યું: "પાંડવોની શી ગુંજાસ છે કે દુર્યોધનના હાથમાં ગએલું પોતાનું રાજ્ય પાછું મેળવે? એવું કદી બનવાનું નથી. માટે તું તેમની પાસે પડી ન રહેતાં મારી સાથે ચાલી આવીશ તો હું તને મોજ કરાવીશ." આવું સાંભળીને દ્રૌપદીએ ગુસ્સે થઇને તેને ધુતકારી કાઢયો. તે પછી જયદ્રથે તેને બળાત્કારે પકડીને પોતાના રથમાં બેસાડી દીધી અને રથ હાંકી મૂકયો. થોડી વાર પછી પાંડવો ઘેર આવ્યા ત્યારે તેમણે આ વાત જાણી અને જાણતાની સાથેજ તેઓ જયદ્રથની પૂંઠે દોડયા. થોડેક દૂર ગયા હશે એટલામાં તો તેમણે જયદ્રથના સૈન્યને પોતાની આગળ જતું દીઠું. ભીમે તેના ઉપર હુમલો કર્યો અને તેનો ઘાણ કાઢવા લાગ્યો. તે જોઇને અર્જુને તેને કહ્યું: "બિચારા નિર્દોષ સિપાઇઓને હણવાથી શો લાભ છે? તેમણે આપણું કાંઈ બગાડયું નથી. માટે જયદ્રથને ખોળી કાઢ."×

પણ પાંડવોનું પરાક્રમ જોઇને જયદ્રથ તો પહેલેથીજ નાસી છૂટયો હતો. દ્રૌપદી એકલીજ તેના રથમાં બેસી રહી

× વનપર્વ, ૨૭૦–૩૮.

# પ્રકરણ ૧૨ મું—દ્રૌપદીની વિપત્તિ

પાંડવોએ દુર્યોધનની ગેરઆબરૂ થતી અટકાવી અને તેને કેદખાનામાંથી છોડાવ્યો તેથી કાંઇ તે તેમના ઉપર રાજી થયો ન હતો તેમ તેમનો આભાર પણ માનતો ન હતો. તે તો પાંડવોનો કેમ કરતાં વિનાશ થાય તેનોજ રાતદિવસ વિચાર કરતો હતો.

એવામાં એક દિવસ પોતાના ક્રોધી સ્વભાવને માટે જાણીતા થએલા દુર્વાસા મુનિ પોતાના સંખ્યાબંધ શિષ્યોને લઇને હસ્તિનાપુરમાં આવ્યા. તેમને જોતાની સાથે દુર્યોધન જાતે તેમની સેવામાં હાજર થઇ ગયો. તેના ભાઇઓ અને મિત્રો પણ તેમની સેવામાં જોડાઇ ગયા. આખો રાજભંડાર તેમને માટે ખુલ્લો મૂકી દીધો. દુર્વાસા મુનિ ખુશ ખુશ થઇ ગયા અને દુર્યોધનને કહ્યું કે તું માગે તે વરદાન આપવા હું તૈયાર છું. દુર્યોધન બોલ્યોઃ “મહાત્માજી! આપ જેમ આપના અનેક શિષ્યો સાથે મારા પરોણા થયા તેમ પાંડવોના પણ થાઓ અને આપની સાથે જેટલા શિષ્યોને અહીં લેતા આવ્યા છો તેટલા તેમને ઘેર પણ લઇ જાઓ એટલુંજ માગું છું.” દુર્વાસા “તથાસ્તુ” કહીને ત્યાંથી ચાલતા થયા. તેમના ગયા પછી દુર્યોધન અને તેના મિત્રો હરખાઈ હરખાઇને એકબીજાને કહેવા લાગ્યા કે “હવે પાંડવોનું આવીજ બન્યું જાણજો. આટલા બધા શિષ્યોને લઇને દુર્વાસા તેમને ઘેર જશે ત્યારે તેમનાથી આપણે વેડયો તેટલો એરો વેઠાવાનો નથી. તેમનું ગિયાર નુ ગજું શું? એટલે દુર્વાસા નારાજ થશે અને તેમના શાપથી પાંડવો નક્કી માર્યા જશે, એમાં કાંઇજ સંદેહ નથી.” દુર્યોધનના મિત્રો તેની અક્કલનાં ગાડાં ભરી ભરીને વખાણ કરવા લાગ્યા.

હવે દુર્વાસા પોતે વચનથી બંધાએલા હોવાથી શિષ્યોના [illegible] સાથે [illegible] પાંડવોની પર્ણકુટી [illegible] જઇને [illegible] હતી. [illegible] ખુદ [illegible] તેમને કહ્યું કે આપ [illegible] આપની પરો-

ભાગતની તૈયારી કરું છું. તેમણે આવું કહ્યું તો ખરું, પણ આટલા બધાને કેવી રીતે જમાડવા અને તેમને ઉતારો પણ ક્યાં આપવો તેનો વિચાર કરતાં યુધિષ્ઠિર વિમાસણમાં પડી ગયા. દુર્વાસા ઋષિ તેમના શિષ્યોને લઇને નદીમાં સ્નાન કરવા ગયા, પણ પાછા ફર્યા નહિ. તેમને ગયાને ઘણી વાર થઈ ગઇ તોપણ જ્યારે તેઓ ન આવ્યા ત્યારે ભીમ તેમને શોધવા ગયો. તે ખબર લાવ્યો કે તેઓ નદીકાંઠે ગયા પછી બીજે ઠેકાણે ચાલ્યા ગયા છે. દુર્યોધને જ્યારે જાણ્યું કે તેની આ યુક્તિ પણ બરબાદ ગઇ ત્યારે તે મરવા જેવો થઈ ગયો.

ત્યાર પછી એક દિવસ એવું બન્યું કે પાંડવો શિકાર કરવા નીકળી પડયા હતા અને કામ્યકવનમાં પર્ણકુટીની અંદર દ્રૌપદી એકલીજ હતી એવામાં સિન્ધુ દેશનો રાજા જયદ્રથ પોતાનું સૈન્ય અને સેનાપતિઓ વગેરેને લઇને તે વનમાં આવી પહોંચ્યો. આ જયદ્રથ દુર્યોધનની બહેન દુઃશલા વેરે પરણ્યો હતો તેથી તેને સગો જાણીને દ્રૌપદીએ તેનો યથાયોગ્ય સત્કાર કર્યો.

પરંતુ તેની દાનત ભૂંડી હતી. તેણે દ્રૌપદીને કહ્યું: "પાંડવોની હવે શું આશા છે કે દુર્યોધનના હાથમાં ગએલું પોતાનું રાજ્ય પાછું મેળવે? એવું કદી બનવાનું નથી. માટે તું તેમની પાસે પડી ન રહેતાં મારી સાથે ચાલી આવીશ તો હું તને મોજ કરાવીશ." આવું સાંભળીને દ્રૌપદીએ ગુસ્સે થઇને તેને ધુતકારી કાઢયો. તે પછી જયદ્રથે તેને બળાત્કારે પકડીને પોતાના રથમાં બેસાડી દીધી અને રથ હાંકી મૂક્યો. થોડી વાર પછી પાંડવો ઘેર આવ્યા ત્યારે તેમણે આ વાત જાણી અને જાણવાની સાથેજ તેઓ જયદ્રથની પૂંઠે દોડયા. થોડેક દૂર ગયા હશે એટલામાં તો તેમણે જયદ્રથના સૈન્યને પોતાની આગળ જતું દીઠું. ભીમે તેના ઉપર હુમલો કર્યો અને તેનો ઘાણ કાઢવા લાગ્યો. તે જોઇને અર્જુને તેને કહ્યું: "બિચારા નિર્દોષ સિપાઇઓને હણવાથી શો લાભ છે? તેમણે આપણું કાંઈ બગાડયું નથી માટે જયદ્રથને પકડી લાવ."×

પણ પાંડવોનું પરાક્રમ જોઇને જયદ્રથ તો પહેલેથીજ નાસી છૂટ્યો હતો. દ્રૌપદી એકલીજ તેના રથમાં બેસી રહી

× વનપર્વ અ ૨૬૪-૬.

હતી. પાંડવોએ પ્રથમ તેને પોતાને કબજે કરીને પછી તે દુષ્ટની શોધખોળ કરવા માંડી ત્યારે યુધિષ્ઠિર બોલ્યા કે "એ અભાગીઆનો અપરાધ તો ઘણો ભારે છે, પણ તે ગમે તેવો તોપણ તે આપણી બહેન દુઃશલાનો પતિ છે. માટે તેની ખાતર તેમજ ગાંધારીદેવીની ખાતર તેને જીવથી મારશો નહિ."* એટલું કહીને દ્રૌપદીની સાથે યુધિષ્ઠિર એકલા પોતાના આશ્રમમાં પાછા ફર્યા, અને બીજા ભાઈઓ જયદ્રથની શોધ કરવા લાગ્યા.

ખોળતાં ખોળતાં એક જંગલમાં તેનો પત્તો લાગ્યો. ભીમે તેને જોતાની સાથેજ જમીન પર પટકીને તેને માથે પગની ઠોકર મારીને તેને યોગ્ય સજા કરી. ત્યાર પછી તેના માથાનો થોડોક ભાગ મૂંડી નાખ્યો અને બાકી રહેલા વાળની લટોનો છોગલો બાંધ્યો. છેવટે જ્યારે તેણે હું તમારો દાસ છું એવું કબૂલ કર્યું ત્યારે તેને છોડયો. પછી તેને વિચિત્ર પ્રકારનો વેશ પહેરાવીને બંદીવાનની હાલતમાં આશ્રમમાં પકડી લાવ્યા. આશ્રમના લોકો તેનું આવું સ્વરૂપ જોઇને ખૂબ હસવા લાગ્યા. હવે તો જયદ્રથના મનમાં પહેલાંનો શૃંગાર રસ કે વીરરસ એ બેમાંનું કાંઇજ રહ્યું ન હતું–ભીમના ગડદા પાટુથી અધમૂઆ જેવો બની ગયો હતો. હવે તે નીચી નજરે કેદીની માફક ઉભો રહ્યો હતો. તેની આવી દુર્દશા જોઇને યુધિષ્ઠિરને દયા આવી. તેમણે તેને તરતજ છૂટો કર્યો અને કહ્યુંઃ "હવેથી આવું કામ કરતા નહિ." જયદ્રથ, પ્રહારથી અને તેના કરતાં વધારે તો અપમાનથી મરવા જેવી હાલતમાં ત્યાંથી ચાલતો થયો અને આ અપમાનનું કેવી રીતે વેર લેવું તેનો રાતદિવસ વિચાર કરવા લાગ્યો.

આશ્રમવાસીઓ તો કહેવા લાગ્યા કે, જેવું વાવે તેવું લણે. જેવાં કર્મ કરે તેવાં ફળ ચાખે.



* વનપર્વ, ૨૭૦–૪૩.

# પ્રકરણ ૧૩ મું—સત્યવાન—સાવિત્રી

યુધિષ્ઠિર રાજા બીજી વાર કામ્યકવનમાં રહેવા આવ્યા છે એવું જાણીને માર્કંડેય ઋષિ તેમને મળવા આવ્યા. એક વાર તે સુખપૂર્વક બેઠા હતા એવામાં યુધિષ્ઠિરે તેમને કહ્યું કે "દ્રૌપદી પાર વિનાની દુઃખી થાય છે તે બધા દુઃખનું મૂળ કારણ હુંજ છું; નહિ તો તેના જેવી પતિવ્રતા સ્ત્રીને આટલું બધું દુઃખ પડેજ શા વાસ્તે? આવું દુઃખ તો અગાઉ કોઇ પણ સ્ત્રીએ નહિ વેઠયું હોય."

આ સાંભળીને મુનિ વિસ્મિત થયા અને કહેવા લાગ્યા કે "હે રાજા! તમે આવું શું બોલો છો? આપણા ભારતવર્ષમાં સતી સ્ત્રીઓ અનાદિકાળથી જન્માતી આવી છે. તેઓ પોતાના પતિને ખાતર પોતાની રાજીખુશીથી પાર વિનાનાં દુઃખ અને સંતાપ વેઠતી આવી છે. એટલા વાસ્તે તો તેમનાં નામ આજે આટલે વર્ષે પણ પ્રાતઃસ્મરણીય થઇ પડયાં છે અને જગતના એક છેડાથી બીજા છેડા સુધી બધેજ લોકો તેમને પૂજે છે. જુઓ, રામ અને સીતાની પવિત્ર કથા કોનાથી અજાણી છે? વળી આજે હું તમને બીજી એક અત્યંત પવિત્ર અને મધુર લાગે એવી સાવિત્રી અને સત્યવાનની કથા કહીશ તે તમે સાંભળો.

સાવિત્રી મદ્રદેશના રાજા અશ્વપતિની પુત્રી હતી. તે જેવી રૂપાળી હતી તેવીજ ગુણવાન પણ હતી. એમ કરતાં કરતાં તેણે યૌવનમાં પ્રવેશ કર્યો. રાજાએ તેને માટે યોગ્ય વરની ખૂબ તપાસ કરી પણ જડયો નહિ. ત્યારે છેવટે તેણે સાવિત્રીનેજ કહ્યું: "પુત્રિ! તુંજ તારે યોગ્ય પતિ શોધી લે. તું જેને પસંદ કરીશ તેની સાથે હું તને પરણાવીશ."×

સાવિત્રી પોતાની સાથે નોકરચાકર લઇને દેશપરદેશ ફરીને પોતાને મનમાનતો વર શોધવા લાગી. પરંતુ તેને પણ કોઇ યોગ્ય પુરુષ જડયો નહિ. એમ કરતાં કરતાં તે એક તપોવનમાં જઈ પહોંચી. ત્યાં એક ગરીબ કંગાલ વૃદ્ધ અને આંધળા તપસ્વીનો સર્વ પ્રકારના ગુણવાળો પુત્ર તેની નજરે પડયો. તેનું નામ સત્યવાન હતું. સાવિત્રીએ તેના પિતાની

× વનપર્વ, ૨૯૨-૩૨.

પાસે જઈને કહ્યું કે "હું પેલા સત્યવાનની સાથે પરણીશ." એવામાં દેવર્ષિ નારદ ત્યાં આવી લાગ્યા. તેમણે રાજાને કહ્યું: "આવી રૂડી છોકરીને સત્યવાનને શું જોઈને પરણાવવા તૈયાર થયા છો ? એ છોકરો તો આજથી એક વર્ષ પછી મરી જવાનો છે."

તે સાંભળીને સાવિત્રી બોલી: "હું મારા મનથી તો તેને પરણી ચૂકીજ છું. હવે હું બીજા કોઇને પરણી શકનાર નથી." તેનું આવું કથન સાંભળીને રાજા અને નારદ બેઉ તેની પ્રશંસા કરવા લાગ્યા.

પછી લગ્નની તૈયારી કરીને રાજા પોતાના મંત્રીઓ તથા મિત્રો સાથે સાવિત્રીને લઇને તે આંધળા તપસ્વીના આશ્રમમાં જઈ પહોંચ્યો અને તેને બધી વાત માંડીને કહી. અંધ તપસ્વીએ જવાબ આપ્યો કે "હે રાજા ! અમે અત્યંત ગરીબ છીએ અને અહીં અતિ કષ્ટે દહાડા કાઢીએ છીએ. આપની પુત્રી તો રાજકુમારી છે. તેનાથી આ વનવાસનું દુઃખ શી રીતે વેઠાશે ? માટે આપ આ વાત માંડી વાળો તો સારૂં."

રાજા બોલ્યો: "હે મહાભાગ્યવાન ! તમે જે કહો છો તે બધું જાણી લીધા પછીજ હું અહીં આવ્યો છું. માત્ર તમે મારૂં કહેણ કબૂલ કરો એટલીજ વાર છે. તમે મોઢેથી હા ભણો એટલે હમણાંજ આપણે આ શુભ કાર્ય આટોપી લઇએ." ત્યારે તે વૃદ્ધ પુરુષે હા કહી અને તે તપોવનમાંજ સાવિત્રી અને સત્યવાન લગ્નની પવિત્ર ગાંઠથી જોડાયાં.

સાવિત્રીનો પિતા તપોવન છોડીને ગયો એટલે તેણે તરતજ પોતાનાં કિંમતી લૂગડાં ઘરેણાં કાઢી નાખ્યાં અને ગરીબોને વહેંચી આપ્યાં. પછી તેણે પોતાની સાસુના જેવાં કાષાય વસ્ત્ર અને વલ્કલ ધારણ કર્યાં. તે દિવસથી તે તન-મનથી પોતાનાં ઘરડાં સાસુસસરાની સેવામાં પરોવાઇ. પોતાના પતિની પણ તે મન વાણી અને કર્મથી સેવા કરવા લાગી. તેના મીઠા સ્વભાવને લીધે આખા તપોવનના તમામ રહેવા-સીઓને અત્યંત પ્રિય થઈ પડી.

પણ નારદે કહેલી વાત તેના મનને રાતદિવસ કોર્યા કરતી હતી. તે તો પરણી ત્યારથી દિવસ ગણવા લાગી હતી. હવે વરસ પૂરૂં થવાને માત્ર ચારજ દિવસ બાકી રહ્યા હતા. તેણે હવે ત્રિરાત્રિ વ્રત કરવા માંડ્યું. ત્રણ દિવસ અને ત્રણ

રાત્રિ સુધી તેણે ઉપવાસ કર્યો. ચોથે દિવસે અગ્નિ પ્રકટાવીને તેમાં આહુતિ આપીને તેણે પોતાનું વ્રત પૂર્ણ કર્યું. તેની સાસુએ તેને કહ્યું કે હવે તું જમી લે. ત્યારે સાવિત્રી બોલીઃ "હું સૂર્યાસ્ત થયા પછી જમીશ." આ આખો દિવસ તેણે ઈશ્વરની લાગલાગટ પ્રાર્થનાજ કરી હતી.

ચોથે દિવસે સત્યવાન ખાંધે કુહાડી મૂકીને જંગલમાં લાકડાં કાપવા જવા લાગ્યો. ત્યારે તેને જતો જોઈને સાવિત્રી બોલીઃ "ઉભા રહો, હું પણ આજે તમારી સાથે આવું છું. વનમાં કેવાં કેવાં ફૂલ ખીલ્યાં હશે, કેવાં કેવાં સુંદર કૂમળાં પત્ર પુષ્પની શોભા થઈ રહી હશે તે બધું જોતાં જોતાં આપણે વનમાં સાથે સાથે ફરીશું." એટલે સત્યવાને કહ્યું: "ત્યારે માતાપિતાની રજા લઈને આવો." સાવિત્રી સાસુસસરાની રજા લઈને ઘેરથી નીકળી અને પતિની સાથે નિર્જન વનમાં પેઠી. બેઉએ ફળ તોડી તોડીને પોતાની છાબમાં ભર્યાં. પછી સત્યવાન કુહાડી વતી લાકડાં કાપવા લાગ્યો. લાકડાં કાપતાં કાપતાં ખૂબ શ્રમ થવાથી તે થાકી ગયો તોપણ તેણે લાકડાં કાપવાનું કામ બંધ કર્યું નહિ અને આરામ લેવા બેઠો નહિ. એમ કરતાં તો તેના શરીરમાંથી પરસેવાના રેગેરેગ છૂટવા લાગ્યા. સત્યવાને તેની પણ પરવા કરી નહિ. છેવટે તેના માથામાં સખત દુખાવો થઇ આવવાથી તે જમીન ઉપર ઢળી પડ્યો. તેને શું થાય છે તે સાવિત્રી બધુંએ સમજતી હતી; પણ આ ઘોર જંગલમાં બીજું થાય પણ શું? તેણે પોતાના પ્રિય પતિને ખોળામાં સૂવાડ્યો. તેનું હૈયું આજે ચીરાઈ જતું હતું અને નેત્રોમાંથી ચોધાર અશ્રુ વહી જતાં હતાં. ચારે દિશાએ રાત્રિનો અંધકાર પથરાવા લાગ્યો હતો તોપણ સાવિત્રી નિર્ભયપણે આ ઘનઘોર જંગલમાં પોતાના પતિના દેહને ખોળામાં સૂવાડીને પરમેશ્વર જે હરકોઇ પ્રકારની વિપત્તિમાંથી મુક્તિ અપાવે છે તેને પોતાના અંતઃકરણના તમામ બળથી પોકારવા લાગી અને તેની અતિ કરુણ ભાવે પ્રાર્થના કરવી રહી. પરમેશ્વરને પોતાની મદદે બોલાવવાની રીત જે જાણે છે તે કદી નિરાશ થતો નથી.

એવામાં જોકે તે જગ્યાએ ઘોર અંધકાર હતો તો પણ સાવિત્રીનું લક્ષ એક અજાણી આકૃતિ તરફ ખેંચાયું. તેણે

તેને પ્રણામ કરીને પૂછ્યુંઃ "હે દેવ! આપ કોણ છો?"

તે બોલ્યોઃ "હું યમ છું. તારા પતિને તેડી જવા આવ્યો છું." એટલું કહીને સત્યવાનના જીવને લઇને તેણે ચાલવા માંડ્યું. સાવિત્રી તેની પાછળ પાછળ જવા લાગી.

**યમ**—સાવિત્રિ! તું પાછી વળ અને તારા પતિના મૃતદેહને છેલ્લા સંસ્કાર કર. પતિની ભક્તિ એજ સ્ત્રીઓનો ધર્મ છે.

**સાવિત્રી**—ધર્મરાજા! હમણાં આપેજ કહ્યું ને કે "પતિની ભકિત એજ સ્ત્રીઓનો ધર્મ છે?" હું તે ધર્મનો ત્યાગ કરીને જીવન ધારણ કરી શકતી નથી. માટેજ હું મારા પતિનું અનુસરણ કરૂં છું.

**યમ**—ઓ છોકરી! તારે મોઢેથી આવી વાત સાંભળીને હું ઘણો પ્રસન્ન થયો છું. તું તારા પતિના જીવન સિવાય બીજું ગમે તે વરદાન માગી લે.

**સાવિત્રી**—જો આપ મારા ઉપર કૃપાવંત થયા હો તો મારા સસરાનો અંધાપો દૂર કરો.

**યમ**—ભલે તેમ થાઓ. હવે તું પાછી જા. મારી સાથે આવવામાં તને લાભ નથી.

**સાવિત્રી**—પ્રભુ! સાધુસંગ એજ મોટા લાભનું કારણ છે. માત્ર એકજ વાર સાધુસંગ થાય તો તેમાંથી પણ ઘણું શુભ થાય છે. વળી જો સાધુ પુરુષોની સાથે એક જગ્યાએ રહેવાની તક મળે અને તેમની સાથે મૈત્રી કરી શકાય ત્યારે તો અત્યંત લાભ થાય છે, એવું હું જાણું છું. પછી આપનો સંગ શી રીતે છોડી શકું?

**યમ**—સાવિત્રિ! હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું. તને આટલી નાની ઉંમરમાં આટલું બધું જ્ઞાન થયું એ બહુ આશ્ચર્યની વાત છે. સત્યવાનના જીવન સિવાય તું બીજું જે કાંઇ માગીશ તે આપીશ.

**સાવિત્રી**—હે દેવ! મારા સસરા પદભ્રષ્ટ થવાથી બહુ દુઃખી થાય છે. તેમને તેમનું રાજ્ય પાછું મળે અને સ્વધર્મમાંજ તેમની બુદ્ધિ સ્થિર થાય એવું વરદાન આપો.

**યમ**—ભલે, આપ્યું. પણ તું હવે પાછી વળ. હવે આગળ આવતી નહિ.

**સાવિત્રી**—ધર્મરાજા! અહિંસા, દયા અને દાન, એ

ત્રણને આપે સર્વના સનાતન ધર્મ ઠરાવ્યા છે, છતાં આપ મારા ઉપર આટલા નિર્દય કેમ થાઓ છો?

યમ—તારે મોઢેથી આવી સુંદર ધર્મની વાતો સાંભળીને મારું ચિત્ત ઘણું જ પ્રસન્ન થાય છે. સત્યવાનના જીવનને બાદ કરીને બીજું જે કાંઈ તારે માગવું હોય તે માગી લે.

સાવિત્રી—મારાં માતાપિતાને પુત્ર નથી. તેમને અનેક બળવાન અને સુયોગ્ય પુત્રો થાય એવો આશીર્વાદ આપો.

યમ—ભલે તેમ થાઓ. પણ હવે તું તારે ઘેર જા. આ નિર્જન વનમાં તું એકલી આટલે બધે આઘે આવે તે સારૂં નહિ.

સાવિત્રીઃ—હે દેવ! લોકોને જેટલી સાધુસંતો ઉપર શ્રદ્ધા હોય છે તેટલી તેમના શરીરમાં રહેલા આત્મા ઉપર હોતી નથી. એટલા માટે સૌ સાધુસંતો સાથે મૈત્રી બાંધવાની ઇચ્છા રાખે છે. મને આજે તે લાભ મળી ગયો છે તેથી હું આપની સાથે ઘણે દૂર સુધી આવવાની ઇચ્છા રાખું છું. અને વળી મારે બીજા જેવું શું છે?

યમ—તારાં મધુર વચન સાંભળીને હું તારા ઉપર રિઝ્યો છું. હજી પણ સત્યવાનના જીવનને એકલાને બાદ કરીને તારે જે કાંઈ માગવું હોય તે માગી લે. તું જે માગીશ તે આપીશ.

સાવિત્રી—સત્યવાનને પેટે મને ઘણા સત્પુત્રો થાય એટલું વરદાન આપો.

યમ—ભલે તેમ, પણ તું હવે પાછી જા.

હવે સાવિત્રી પોતાની સાડીનો છેડો ગળે વીંટીને હાથ જોડી યમને કહેવા લાગીઃ "સાધુસમાગમ કદી નિષ્ફળ જતો નથી. જેનું સદ્ભાગ્ય હોય તેને જ સાધુપુરુષોનું દર્શન થાય છે, બીજાને થતું નથી સાધુસંતોજ પોતાનાં ધર્માચરણ વડે સંસારને ટકાવી રાખે છે. સાધુસંતોજ મનુષ્યકલ્યાણના ધામરૂપે છે. એવા સાધુનો સમાગમ પ્રાપ્ત થયા પછી તેને મૂકીને ચાલ્યા જવાનું મને મનજ થતું નથી.

પોતાની સ્તુતિ સાંભળીને સૌ ખુશ થાય તો પછી યમ ખુશ કેમ ન થાય? તે તો સાવિત્રીના ઉપર પહેલાં કરતાં પણ વધારે પ્રસન્ન થઈ ગયો. તે કહેવા લાગ્યોઃ "બેટા! તું પાંચમું વરદાન માગી લે. તું જે માગીશ તે આપીશ."

ત્યારે સતી સાવિત્રી આંસુભરી આંખે અને ગદ્‌ગદ્ સ્વરે હાથ જોડીને કહેવા લાગી: "મહાત્મન્! ધર્મના નિયમોને પ્રવર્તાવનાર આપજ છો. તે બધા નિયમોનું પાલન કરતાં પણ મારૂં મન મારા એક પતિ સિવાય બીજા કોઇથી તૃપ્ત થતું નથી. તે મારી સાથે ન હોય તો મારે કશું સુખ જોઈતું નથી; ગમે તેટલી સુખસાહેબી છતાં તેના સિવાય મારે તે નકામી છે. તેના-વિના હું જીવવા પણ ચાહતી નથી. મારાપર કૃપાવંત થઇને આપ મને વરદાન આપી ચૂકયા છો કે આ સત્યવાનને પેટે મને ઘણા પુત્રો થશે. ત્યારે હવે મારા પતિને જીવતો કરો એટલું માગું છું. તેમ કરવાથી આપે આપેલું વરદાન પણ સફળ થશે."

યમ હવે તેના ઉપર ઘણોજ પ્રસન્ન થયો. તે બોલ્યો: "ભલે તેમ થાઓ. તારો પતિ તારે લીધેજ જીવતો થાય છે એમ જાણજે. મારો આશીર્વાદ છે કે તે રોગમુક્ત થઇને દીર્ઘાયુ થાઓ અને તારૂં નામ સંસારમાં અમર રહો."

પછી સાવિત્રી યમને પ્રણામ કરીને જ્યાં પોતાના પતિને તેણે સૂવાડયો હતો ત્યાં ઉતાવળે પગલે પાછી ગઈ અને તેને ફરીથી પોતાના ખોળામાં સૂવાડીને પોતાની સાડીના છેડા વડે તેના શરીરે વળેલો પરસેવો લૂછીને તેને પવન નાખવા લાગી. થોડી વાર તેણે ધીરે ધીરે આંખ ઉઘાડી અને ખૂબ નબળા અવાજે બોલ્યો: "રાત તો ઘણી વીતી ગઈ લાગે છે. મને જગાડયો કેમ નહિ? મને બહુ અશક્તિ લાગે છે. અરે! પેલો માણસ કયાં ગયો?"

સાવિત્રીએ કહ્યું: "તે તો ચાલ્યો ગયો. કાલે તમને બધી વાત કહીશ. તમે ઘણા કમજોર થઈ ગયા લાગો છો. તમારાથી આપણી કુટી સુધી ચલાય એમ ન હોય તો બાકીની રાત આપણે અહીં જંગલમાંજ પસાર કરીશું. જુઓ, પણે આગળ જંગલમાં દવ બળે છે. ત્યાંથી દેવતા લાવીને હું તમારે શરીરે શેક કરીશ અને તમારી ચારે બાજુએ તાપણાં સળગતાં રાખીશ એટલે તમે નિર્ભયપણે ઉંઘી શકશો." સત્યવાન કહે: "તે તો ખરૂં, પણ મારાં વૃદ્ધ માતાપિતા મને ઘરમાં નહિ જુએ તો તેઓ પ્રાણુત્યાગ કર્યા વિના રહેશે નહિ. રાત તો અત્યારેજ ઘણી વીતી ગઈ છે. તેથી કોણ જાણે તેઓ કાંઈ આડું અવળું કરી ન બેઠાં હોય! મને તો હમણાં ને હમણાંજ ગમે તેમ કરીને તેમની પાસે તું લઈ જા."

ત્યારે સાવિત્રીએ પોતે તોડેલાં ફળનો ટોપલો એક ઝાડની ડાળી સાથે બાંધ્યો. ધણીની કુહાડી ડાબે હાથે પકડી, તેનો ડાબો હાથ પોતાના ખભા ઉપર ટેકવ્યો અને પોતાનો જમણો હાથ તેને શરીરે વીંટાળીને તેને ધીરે ધીરે ચલાવીને સાચવી સાચવીને વનમાં થઈને ચાલવા લાગી અને જે રસ્તે તેઓ વનમાં પેઠાં હતાં તેજ રસ્તે થઈને તેઓ બહાર નીકળી ગયાં.

દરમ્યાન આશ્રમમાં બેઠેલો સત્યવાનનો અંધ પિતા એકાએક દેખતો થઈ ગયો. તેણે જોયું તો રાત તો ખૂબ વીતી ગઈ છે અને હજી દીકરો-વહુ ઘેર પાછાં આવ્યાં નથી તે જાણીને તેને અને તેની સ્ત્રીને ખૂબ ચિન્તા થવા લાગી. છેવટે તેનાથી પોતાની કુટીમાં જંપીને બેસી ન રહેવાયું તેથી ડોસો તપોવનની તમામ કુટીઓમાં પુત્ર અને પુત્રવધૂની ખોળ કરવા ફરી વળ્યો. પણ કોઈએ કશો પત્તો આપ્યો નહિ. સૌ કહે કે અમારે ત્યાં આવ્યાં નથી. ત્યારપછી તે ડોસો કાળી રાતે નદી અને સરોવરને કાંઠે તેમજ વનમાં પણ બધે ખોળી વળ્યો. કાંટા અને ઝાડીઝાંખરા દર્ભોથી તેનું શરીર ઉઝરડાઈ ગયું અને પગમાં પણ બધે લોહી લોહી થઈ ગયું. આખરે નિરાશ થઈને તે ઘેર આવ્યો અને "ઓ સત્યવાન!" "ઓ સાવિત્રી" કહી કહીને ડોસો કકળાટ કરવા લાગ્યો.

એટલામાં સાવિત્રી સત્યવાનને લઈને ધીરેધીરે આશ્રમની ત્યાં આઈ પહોંચી. તેમને જોઈને ડોસાડોસીના આનંદની સીમા ન રહી. પછી તેમણે જ્યારે બધી બીના જાણી ત્યારે તો તેઓ સાવિત્રીના ઉપર પાર વિનાનાં પ્રસન્ન થઈ ગયાં.

આ વાતને કેટલાક દિવસ વીત્યા બાદ કેટલાક લોકો વન-માં આવીને તેમને તેડી ગયા અને રાજાને પાછો તેની ગાદી [illegible]

તમને સૌને તમામ પ્રકારની વિપત્તિઓમાંથી મુક્ત કરશે.×

સાવિત્રીની કથા પૂરી થઇ એટલે મુનિ બોલતા બંધ થયા. સાવિત્રીની પરમ પવિત્ર કથાના સૂર દ્રૌપદીના હૃદયમાં તે દિવસથી વારેઘડીએ ઝણકાર કરતા થયા. તે પોતાના મનમાં વારંવાર વિચાર કરતી કે હું ક્યાં અને સાવિત્રી ક્યાં ? મારાથી તેની બરોબરી કરાયજ કેવી રીતે?

હજી પણ આ દેશની હિન્દુગૃહિણીઓ ચૌદ વર્ષ જેટલું લાંબુ અને કઠોર સાવિત્રીનું વ્રત કરીને તેના ચરિત્રને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે. જે દેશ સીતા, સાવિત્રી અને દમયન્તી જેવી સતી અને સાધુચરિત્રવાળી સુન્દરીઓથી ભરપૂર હશે તે દેશને ધન્ય છે અને તે દેશ સદાએ ઉન્નતજ રહેશે ※

## પ્રકરણ ૨૪ મું—યક્ષ અને યુધિષ્ઠિર

પાંડવો વળી પાછા દ્રૌપદીની સાથે દ્વૈતવનમાં રહેવા ગયા. તે જમાનાના બ્રાહ્મણો સૂકા કાષ્ઠના બે કટકાને એકબીજાની સાથે ઘસીને અગ્નિ ઉત્પન્ન કરતા હતા. એવા બે લાકડાના કટકાને દોરીથી બાંધીને કોઇ બ્રાહ્મણે ઝાડની ડાળીએ ટાંગી રાખ્યા હતા. એક દિવસ એક હરણના શીંગડામાં તે દોરી ભેરવાઈ ગઇ અને હરણું તે દોરીની સાથે પેલા લાકડાના કટકાને લઇને દોડતું દોડતું જંગલમાં ભરાઇ ગયું. તે બ્રાહ્મણ યુધિષ્ઠિર પાસે જઇને કહેવા લાગ્યો કે મારા લાકડાના કટકા પાછા આણી આપો. તે ઉપરથી પાંડવો ધનુષ્યબાણ ધારણ કરીને તે હરણની પાછળ દોડયા. પણ હરણું જંગલમાં એવું સંતાઈ ગયું કે તેનો પત્તોજ લાગ્યો નહિ. એટલામાં યુધિષ્ઠિરને બહુ તરસ લાગી તેથી તેમણે નકુલને પાણી લેવા મોકલ્યો. પણ તે તો ગયો તે ગયોજ; ત્યારે સહદેવ, ભીમ, અર્જુન અનુક્રમે તેની શોધ કરવા નીકળી પડયા. પરંતુ તેઓમાંથી પણ એકકે પાછો આવ્યો નહિ, ત્યારે આખરે યુધિષ્ઠિર પોતે ભાઇઓને શોધવા નીકળ્યા. કેટ-

× વનપર્વ, ૨૯૮–૧૫.

※ મેકડોનેલ લખે છે કે "ભારતના પ્રાચીન કાવ્યસાહિત્યમાં જે જે ઉત્કૃષ્ટ અને આદર્શ સ્ત્રીચરિત્ર છે તે પૈકી સાવિત્રીનું પણ એક છે."—(અંગ્રેજી પુસ્તક "સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ.)"

લેક દૂર ગયા પછી તેમણે પોતાના ચારે ભાઇઓનાં મૃતદાં એક સરોવરને કાંઠે પડેલાં દીઠાં એટલે તેમનું હૈયું ચીરાઈ જવા લાગ્યું અને આંખમાંથી આંસુ નીકળી પડયાં.

પછી તે જેવા પાણી પીવા માટે સરોવરમાં પગ મૂકવા જાય છે તેવોજ એક યક્ષ તેમને કહેવા લાગ્યોઃ "ખબરદાર! પહેલાં મારા સવાલના ઉત્તર આપો અને પછી પાણી પીવું હોય તો પીજો. તમારા ભાઈઓએ મારી વાત ગણકારી નહિ તેથી તેમના આવા હાલ થયા છે."

રાજાએ પૂછયુંઃ "તમારે શું પૂછવું છે?"

(૧) યક્ષ—ઉઘાડી આંખે કોણ ઉંઘે છે? જન્મ્યા પછી હાલે ચાલે નહિ એવું કોણ છે? પોતાના વેગ વડે કોના કદમાં વધારો થાય છે?

યુધિષ્ઠિર—માછલાં ઉઘાડી આંખે ઉંઘે છે. ઇંડાં જન્મ્યા પછી હાલતાં ચાલતાં નથી. પોતાના વેગથી નદીના કદમાં વધારો થાય છે.

(૨) યક્ષ—પૃથ્વીના કરતાં મોટું કોણ? આકાશ કરતાં ઉંચું કોણ? વાયુના કરતાં વેગવાન કોણ? ઘાસના કરતાં બળવામાં ચઢીઆતું શું?

યુધિષ્ઠિર—પૃથ્વીના કરતાં માતા મોટી. આકાશના કરતાં પિતા ઉંચો. વાયુના કરતાં વેગવાન મન અને ઘાસના કરતાં બળવામાં ચઢીઆતી ચિન્તા.

(૩) યક્ષ—પ્રવાસીનો મિત્ર કોણ? સંસારીનો મિત્ર કોણ? રોગીનો મિત્ર કોણ? મરવા સૂતેલાનો મિત્ર કોણ?

યુધિષ્ઠિર—પ્રવાસીનો મિત્ર તેનો સાથી, સંસારીનો મિત્ર તેની પત્ની; રોગીનો મિત્ર વૈદ્ય અને મરવા સૂતેલાનો મિત્ર દાન.

(૪) યક્ષ—ધન કમાવાના નાના પ્રકારના ઉપાયોમાં કયો ઉપાય શ્રેષ્ઠ? જાત જાતના ધનમાં શ્રેષ્ઠ ધન કયું? બધા લાભમાં સારામાં સારો લાભ કોનો? તમામ જાતનાં સુખમાં સારામાં સારૂં સુખ કયું?

યુધિષ્ઠિર—ધન કમાવાના ઉપાયોમાં કુશળતા સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. તમામ પ્રકારના ધનમાં જ્ઞાન શ્રેષ્ઠ છે. બધા લાભમાં તંદુરસ્તીનો લાભ શ્રેષ્ઠ છે અને તમામ પ્રકારના સુખમાં આત્મપ્રસાદથી નીપજતું સુખ શ્રેષ્ઠ છે.

(૫) યક્ષ––પુરુષ કોને કહેવો? તમામ પ્રકારની સંપત્તિનો અધિકારી કોણ?

યુધિષ્ઠિર––સત્કર્મ કરનાર વ્યક્તિનેજ પુરુષ કહેવો. જેને પ્રિય અપ્રિય, સુખ દુઃખ, ભૂત અને ભવિષ્ય બધુંજ સમાન છે તે એકલોજ તમામ પ્રકારની સંપત્તિનો અધિકારી છે.

(૬) યક્ષ––પુરુષનું મૃત્યુ શાથી થાય છે? રાજ્યનું મૃત્યુ થવાનું કારણ શું?

યુધિષ્ઠિર––પુરુષ દરિદ્ર થાય એટલે તેને મુએો જાણવો. રાજ્યમાં અરાજકતા વ્યાપે એટલે તે મરણ પામે છે.

(૭) યક્ષ—બ્રાહ્મણકુળમાં જન્મ, ચારિત્ર્ય, વેદપાઠ અને વેદના અર્થનું જ્ઞાન–એ ચારમાંથી કોના વડે બ્રાહ્મણ બ્રાહ્મણ પદને યોગ્ય મનાય છે?

યુધિષ્ઠિર––જન્મ, વેદપાઠ અને વેદના અર્થનું જ્ઞાન, એ બધાથી બ્રાહ્મણપદ મળતું નથી. તે તો માત્ર શુભ ચારિત્ર્ય વડેજ મળે છે. ચારે વેદને જાણનાર જો દુરાચારી હોય તો તેની ગણત્રી શૂદ્રમાં થાય છે.×

(૮) યક્ષ—સાધુ કોણ? કોની સાથે મૈત્રી બાંધવાથી મૈત્રીનો અંત આવતો નથી?

યુધિષ્ઠિર—જે સર્વનું ભલું કરવાનો પ્રયત્ન કરે તેજ સાધુ.* સાધુની સાથે બાંધેલી મૈત્રી કદી તૂટતી નથી.

(૯) યક્ષ—મનુષ્ય શા કારણથી મૈત્રી તોડી નાખે છે? ઘણા મિત્રો હોવાથી શો લાભ થાય છે?

યુધિષ્ઠિર—માણસ લોભને વશ થઈને મૈત્રી તોડી નાખે છે. ઘણા મિત્રો હોવાથી સુખી થવાય છે.

(૧૦) યક્ષ—મિષ્ટ વચન બોલવાથી શા લાભ થાય છે? વિવેકપૂર્વક કાર્ય કરવાથી શા લાભ થાય છે?

યુધિષ્ઠિર—મિષ્ટ વચન બોલનાર સૌને વહાલો લાગે છે. વિવેકપૂર્વક કાર્ય કર્યાથી તે કાર્યમાં સફળતા મળે છે.

(૧૧) યક્ષ—કયી વસ્તુનો ત્યાગ કર્યાથી સુખ થાય છે? કયી વસ્તુનો ત્યાગ કર્યાથી પસ્તાવું પડતું નથી? કયી વસ્તુનો

× વનપર્વ, ૩૧૦–૧૦૮, ૧૧૧. તથા આના સંબંધમાં શાંતિપર્વના પાંચમા પ્રકરણમાં "જાતિભેદ"નો વિષય જુઓ.

* વનપર્વ, ૩૧૦–૬૨

ત્યાગ કર્યાથી અર્થની પ્રાપ્તિ થાય છે? કયી વસ્તુનો ત્યાગ કર્યાથી સુખી થવાય છે?

યુધિષ્ઠિર—અહંકારના ત્યાગથી સુખ થાય છે, ક્રોધના ત્યાગથી પસ્તાવું પડતું નથી, કામના ત્યાગથી અર્થની પ્રાપ્તિ થાય છે અને લોભના ત્યાગથી સુખી થવાય છે.

(૧૨) યક્ષ—માણસનો દુર્જય શત્રુ કોણ? જેનો અંતજ ન આવે એવો વ્યાધિ કયો?

યુધિષ્ઠિર—ક્રોધ એ માણસનો દુર્જય શત્રુ છે. લોભ એ અંતજ ન આવે એવો વ્યાધિ છે.

(૧૩) યક્ષ—મનુષ્યના ઉપર કયી વસ્તુનું આવરણ આવેલું છે? કયી વસ્તુ હોય તો મનુષ્યત્વ પ્રકટી નીકળતું નથી? શા કારણને લીધે લોકોની ઉન્નતિ થતી નથી?

યુધિષ્ઠિર—મનુષ્યના ઉપર મોહનું આવરણ આવેલું છે. તમોગુણને લીધે મનુષ્યત્વ પ્રકટી શકતું નથી. કુસંગ કરવાથી લોકોની ઉન્નતિ થતી નથી.

(૧૪) યક્ષ—તપશ્ચર્યા કોને કહેવાય? શમ એટલે શું? દમ એટલે શું? ક્ષમા એટલે શું? લજ્જા એટલે શું?

યુધિષ્ઠિર—ષડરિપુનું દમન કરવાનો પ્રયત્ન કરવો એનું નામ તપશ્ચર્યા.× શમ એટલે ચિત્તની પ્રશાન્ત અવસ્થા. મનનો નિગ્રહ કરવો તેનું નામ દમ. સર્વ દ્વન્દ્વોને સહન કરવાં એનું નામ ક્ષમા. કુકર્મ કરતાં અટકવું એનું નામ લજ્જા.

(૧૫) યક્ષ—આર્જવ એટલે શું? દયા એટલે શું? જ્ઞાન કોને કહેવું?

યુધિષ્ઠિર—ચિત્તની સમતાનું નામ આર્જવ. સર્વના હિતેચ્છુ થવું એનું નામ દયા. તત્ત્વનું જ્ઞાન એજ જ્ઞાન.

(૧૬) યક્ષ—ધૈર્ય કોને કહેવાય? સ્નાન એટલે શું?

યુધિષ્ઠિર—ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એનુંજ નામ ધૈર્ય. સ્નાન એટલે મનનો મેલ કાઢી નાખવો તે.

(૧૭) યક્ષ—ધર્મ ઉપર અનુરાગ રાખવાથી શા લાભ થાય છે? ધર્મની આખરની અવસ્થા કયી? યશની ઉંચામાં ઉંચી અવસ્થા શામાં છે? સ્વર્ગની અને સુખની ઉંચામાં ઉંચી અવસ્થા કયી?

× વનપર્વ, ૨૧૨-૨૮. ૧૯૨-૬૯.

... પ્રેમ રાખવાથી પાપી વૃત્તિ ટળી

યુધિષ્ઠિર—ધર્મ પર પ્રેમ રાખવાથી પાપી વૃત્તિ ટળી

દયા એ ધર્મની ઉંચામાં ઉંચી અવસ્થા છે. દાન એ

ઉંચામાં ઉંચી અવસ્થા છે. સત્ય એ સ્વર્ગની ઉંચામાં

અવસ્થા છે અને શીલ એ સુખની અવધિ છે.

(૧૮) યક્ષ—કયો ધર્મ સર્વથી શ્રેષ્ઠ છે? કયી વસ્તુનો

કર્યાથી સંસારમાં દુઃખ વેઠવું પડતું નથી?

યુધિષ્ઠિર—અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે. મનનો સંયમ

ી સંસારમાં દુઃખ વેઠવું પડતું નથી.

(૧૯) યક્ષ—ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનો પરસ્પર

ધ છે. તેમનો સમન્વય કેવી રીતે થઇ શકે?

યુધિષ્ઠિર—ધર્મ અને પત્ની એ બેઉ એકબીજાનાં

ાયક હોય તો ધર્મ, અર્થ અને કામનો પરસ્પર વિરોધ

તો નથી. એવું થાય ત્યારે એ ત્રિપુટી એકબીજાની સાથે

ી મળીને રહે છે.

(૨૦) યક્ષ—માર્ગ કયો?

યુધિષ્ઠિર—વેદના અભિપ્રાય એકબીજાથી જુદા પડે

. એક ઋષિ એક વાત કહે ત્યારે બીજો તેથી જુદીજ વાત

કહે છે. આથી કરીને ધર્મનો સાચો મર્મ જાણવાનું બહુ કઠિન

થઇ પડે છે. માટે મહાપુરુષો જે માર્ગે ગયા હોય એજ માર્ગ.

(૨૧) યક્ષ—સૌથી મોટામાં મોટું આશ્ચર્ય શું?

યુધિષ્ઠિર—

× अहन्यहनि भूतानि गच्छन्ति यममन्दिरम।

शेषाः स्थिरत्वमिच्छन्ति किमाश्चर्यमतः परम्॥

(૨૨) યક્ષ—સુખી કોણ અને દુઃખી કોણ?

યુધિષ્ઠિર—જેને માથે કરજ ન હોય અને જે પોતા

નાજ ઘરમાં નિર્ભયપણે રહી શકતો હોય અને તે પોતે સ્વ

તંત્રપણે ઘરોઘરજગાર કરીને સાંજ પડયે એકજ વાર મ

શાક અને ભાત આદિનેજ નિર્વાહ કરતો હોય તો પણ તે સુખી

છે.* ટૂંકામાં કહું તો જે માણસ તમામ રીતે સ્વતંત્ર છે તેજ

---

× [illegible]

[illegible]

સુખી છે.+ જે પરાધીન છે તેના જેવો કોઈ દુઃખીજ નથી.

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् । ÷

યુધિષ્ઠિરે આપેલા જવાબ સાંભળીને તે યક્ષ ઘણોજ રાજી થયો અને બોલ્યો કે "તમે મારા પ્રશ્નોના જેવા જોઈએ તેવા જવાબ દીધા છે. માટે તેના બદલામાં તમારા ચાર ભાઈઓમાંથી ગમે તે એક ભાઈનો આવરદા માગી લો." ત્યારે યુધિષ્ઠિરે નકુલનું આયુષ્ય માગ્યું. તે સાંભળીને યક્ષ ઘણો અજાયબ થઈ ગયો. તે બોલ્યો: "તમારી બધી આશા ઉમેદ તો ભીમ અને અર્જુનના ઉપર છે. તમે તેમને જીવાડવાનું મૂકીને નકુલને જીવતો કરવાનું કેમ માગી લીધું?" યુધિષ્ઠિર બોલ્યા: "કુન્તી-દેવીના ત્રણ પુત્રોમાંથી તો હું એક હજી જીવતો છું. માટે મારી સાવકી માતાના પુત્રોમાંથી એકાદ જીવતો હોય તો ગમે." આ જવાબથી યક્ષ ઉલટો વધારે રાજી થયો. તે બોલ્યો: "રાજા! તમે અર્થ અને કામ બેઉના કરતાં પરોપકારને શ્રેષ્ઠ માનો છો તેથી તમે ધર્મનો ખરો અર્થ સમજતા લાગો છો. જાઓ, તમારા બધાજ ભાઈઓ જીવતા થઈ જશે." અને તે ચારે ભાઈઓ આળસ મરડીને એક પછી એક બેઠા થયા.

યક્ષે યુધિષ્ઠિરને ફરીથી કહ્યું: "યુધિષ્ઠિર! જે તમારી મરજીમાં આવે તે વરદાન માગી લો." શત્રુએ જેનું રાજપાટ ખૂંચવી લઈને જેને વનમાં રખડતો બનાવી દીધો છે તે રાજા વળી બીજું શું વરદાન માગે? તે તો એમજ માગે કે મારા શત્રુઓનો નાશ થાઓ અને મને મારૂં રાજ્ય પાછું મળે. પણ યુધિષ્ઠિરે એ બેમાંથી કશુંજ માગ્યું નહિ. તે બોલ્યા: "મહાત્મન્! મને એવું વરદાન આપો કે હું હમેશાં ક્રોધ, લોભ અને મોહનો જય કરી શકું અને મારૂં મન સદાએ સત્ય, તપશ્ચર્યા અને દાનમાંજ પરોવાઈ રહે." યક્ષ બોલ્યો: "એ ગુણ તો તમારામાં સ્વાભાવિક રીતેજ છે. તમે તો સાક્ષાત્ ધર્મજ છો. છતાં જે માગો છો તે તમને મળ્યું જાણજો."‡ એટલું કહીને પેલા

+ વનપર્વ, ૧૯૩-૧૮

÷ તમામ પ્રકારની પરાધીનતા એ દુઃખ છે અને તમામ પ્રકારની સ્વાધીનતા એ સુખ છે. (મનુસંહિતા, ૪-૧૬૦.)

‡ વનપર્વ, ૩૧૩-૨૪, ૨૫. આવું મકરંદનું ચરિત્ર જુદા જુદા લેખકોને હાથે ચઢીને કેવું વિકૃત થઈ ગયું છે તેનો આ એક નમૂનો છે.

બ્રાહ્મણના અગ્નિ પ્રકટાવવાના કાષ્ઠના કટકા યુધિષ્ઠિરના હાથમાં મૂકીને તે યક્ષ ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. પછી પાંડવો આનંદ-પૂર્વક પોતાના આશ્રમમાં પાછા આવ્યા અને તે લાકડાના કટકા જે બ્રાહ્મણના હતા તેને બોલાવીને તે આપી દીધા.

આમ કરતાં કરતાં વનવાસમાં પાંડવોએ બાર વર્ષ પૂરાં કર્યાં. પછી એક દિવસ ધૌમ્ય પુરોહિત તેમને કહેવા લાગ્યોઃ "જે સેવકને તેનો રાજા કેદ કરે અને છતાં જે પોતાના માલિકની નિંદા ન કરે તે ફરીથી રાજાની કૃપાને પાત્ર થાય છે."

પાંચે પાંડવોએ બાર બાર વર્ષ સુધી સાધના કરીને તેમણે પોતાના ચારિત્ર્યને તો સરસ ખીલવ્યું હતું. અનેક શાસ્ત્ર-ગ્રંથો વાંચીને તથા મુનિઓનો સહવાસ સેવીને તેમણે પુષ્કળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. બધો વખત શિકાર કરી કરીને તેમણે શરીરબળ અને અચૂક નિશાન વીંધવાની કુશળતા એ બે ગુણ પણ સારા પ્રમાણમાં સાધ્યા હતા. વળી દરરોજ માંસાહાર કરવાથી તેમનાં શરીર પણ હૃષ્ટપુષ્ટ અને બળવાન બન્યાં હતાં. તે ઉપરાંત ઠંડી, ગરમી, વરસાદ, વાયુના ઝપાટા તથા વનવાસનાં કષ્ટ વેઠીને તેઓ અત્યંત શ્રમસહિષ્ણુ અને ખડતલ થઈ ગયા હતા. એથી ઉલટું દુર્યોધન અને તેના મિત્રો અપાર સુખ સા-હેબીમાં ડૂબીને વિલાસીપણાના ગુલામ, આળસુ અને અહંકારી થઈ ગયા હતા—જાણે આખી પૃથ્વી તેમની હથેળીમાં આવી ગઈ હોય એવા ફૂલાઈ ગયા હતા. પાંડવોનું અનિષ્ટ થશે અને પોતાને લાભ થશે એવું ધારીને તેમણે પાંડવોને વનવાસી કરી દીધા હતા. પરંતુ તેનું પરિણામ તેમના ધાર્યા કરતાં ઉલટુંજ આવ્યું. જેઓ પારકાનું ભૂંડું તાકીને પોતાનુંજ ભલું તાકે છે તેઓ પરિણામે ધાર્યા કરતાં ઉલટાંજ ફળ પામે છે.

वन पर्व समाप्त



# ૪–વિરાટ પર્વ

## પ્રકરણ ૧ લું–કીચકનો વધ

મત્સ્ય દેશનો નૃપતિ વિરાટ રાજા એક વાર સભાની અંદર મંત્રીઓ, રાજ્યના અમલદારો, મિત્રો વગેરેની વચમાં બેઠો હતો એવામાં ત્યાં કંક, બલ્લવ, બૃહન્નલા, ગ્રંથિક અને અરિષ્ટનેમિ નામના પાંચ તદ્દન અજાણ્યા જુવાન પુરુષો તેની સભામાં દાખલ થયા. કંકે પોતાના દુપટ્ટાને છેડે રમવાના પાસાની પોટલી બાંધી હતી. બલ્લવના હાથમાં મોટો તાવેથો હતો. બૃહન્નલાએ માથે અંબોડો વાળીને હાથે ચૂડીઓ પહેરી હતી. અરિષ્ટનેમિ તો ભરવાડ લોકોની બોલી બોલતો હતો. રાજાએ તેમની પ્રાર્થના મુજબ કંકને પોતાનો દ્યૂતક્રીડાનો સેબતી નીમ્યો. બલ્લવને રસોડાનો ઉપરી બનાવ્યો. ત્રીજાને રાજકુમારીનો નૃત્યગીત અને વાદ્યકળાનો શિક્ષક નીમ્યો. ચોથાને ઘોડાના તબેલાનો ઉપરી બનાવ્યો અને પાંચમાને ગૌશાળાનો વહીવટ સોંપી દીધો.

રાજસભામાં જે વખતે પેલા પાંચ જણ આવ્યા ત્યારે વિરાટ રાજાની સ્ત્રી સુદેષ્ણા રાણીએ મહેલની અગાસીમાં ફરતાં ફરતાં એક શ્યામવર્ણી પણ ઘણીજ રૂપાળી સ્ત્રીને રાજમાર્ગ પર થઈને જતી જોઈ. તેણે તેને પોતાના અંતઃપુરમાં તેડાવી મંગાવી અને તું કોણ છે, ક્યાંથી આવે છે વગેરે પૂછ્યું. તે બોલી: "મારું નામ સૈરન્ધ્રી છે. મને જાતના તરેહ તરેહના ફાંકડા અંબોડા ગૂંથતાં, પુષ્પની મનોહર માળાઓ બનાવતાં અને નાના પ્રકારની સુગંધી વસ્તુઓ બનાવતાં આવડે છે. હું વખાની મારી આપને આશરે આવી છું."

રાણી બોલી. "ઠીક આવું અલૌકિક રૂપલાવણ્ય જોઈને

તને મારી પાસે રાખી લેવાનું મન તો થાય છે, પણ તારું આવું અસાધારણ રૂપ જોઇને મારી દાસીઓનાં મનમાંજ કાંઇ કાંઇ થાય છે તો વળી રાજાની તો કોણ જાણે શીએ વલે થઈ જાય ! મારા મનમાં જે ડર છે તે આજ છે."

સૈરન્ધ્રી બોલીઃ "એ બાબતની તમે જરાએ બીક રાખશો નહિ. હું પાંચ ગંધર્વોને પરણેલી છું. તેઓ અદૃશ્ય રહીને સર્વદા મારું રક્ષણ કર્યાજ કરે છે."

ત્યારે રાણીએ તેને પોતાની દાસી તરીકે રાખી લીધી. રાજાની સાથે ચોપાટની રમત રમીને અને ઝાઝો વખત તેની આજ્ઞાને વશ રહીને કંક તેની સેવા કરવા લાગ્યો. બલ્લવ ભાત-ભાતની ખાવાની વાનીઓ તૈયાર કરતો; વળી કોઈકોઈ વાર રાજાનો હુકમ થતાં કુસ્તી પણ ખેલતો; એ રીતે તે રાજારાણીની સેવામાં લાગી ગયો. બૃહન્નલા નૃત્યગીત અને વાદ્ય વડે રાણી અને રાણીના અંતઃપુરની સ્ત્રીઓનાં મનનું રંજન કરવા લાગ્યો. ગ્રંથિક કોઈને પણ ગાંઠે નહિ એવા કપરા ઘોડાને પલોટીને કેળ-વવા લાગ્યો. અરિષ્ટનેમિ ગાયોની બરદાસ્ત રાખીને પોતાના માલિકની સેવા કરતો થયો. સૈરન્ધ્રી રોજ નવી નવી સુગં-[illegible] ગૂંથતી, નાના પ્રકારની ખુશબોદાર વસ્તુઓ તૈયાર કરતી અને રાણીના [illegible] તરેહતરેહની રસિક રીતે અંબો-[illegible] તેને ખુશ કરવા લાગી. આ રીતે તેઓ [illegible] દાસત્વમાં પોતાના દુઃખના દહાડા [illegible] લાગ્યા.

એમ કરતાં કરતાં લગભગ એક વરસ થવા આવ્યું. એક દિવસ [illegible] કીચકની નજર સૈરન્ધ્રી ઉપર પડી. [illegible]

મારા પતિ છે તેઓ તમને મારી નાખ્યા વિના નહિ રહે.” પોતાના જાનનું જોખમ હોવા છતાં કીચકના મનમાંથી સૈરન્ધ્રીનો મોહ ખસ્યો નહિ. જો એમ સહેલાઈથી મોહ ટળતો હોત તો સંસારમાંથી ઘણાં દુઃખો નાશ પામ્યાં હોત.

એક દિવસ રાણીએ તેને કહ્યું: “ સૈરન્ધ્રી ! મારું આજે ગળું સૂકાય છે. તું મારા ભાઈને ઘેર જઈને મારે સારૂ દારૂ લઈ આવ.” સૈરન્ધ્રી બોલી: “મારાથી ત્યાં જવાય એમ નથી. જઈશ તો કીચક મારૂં અપમાન કરશે. તમારે બીજાં ઘણાંએ દાસ દાસીઓ છે તેઓમાંથી કોઈને મોકલો ને ?” પણ રાણીએ હઠ લીધી કે તું જ જા. તેના હાથમાં સોનાનો પ્યાલો આપીને કહ્યું કે તારે જવું જ પડશે. ત્યારે સૈરન્ધ્રી રડતી રડતી જવા લાગી. તે કીચકને ઘેર ગઈ એટલે પાછી તેણે પેલી વાત છેડી. સૈરન્ધ્રીએ ના કહી એટલે તેણે તેની સાડીનો છેડો પકડ્યો, પણ સૈરન્ધ્રી કાંઈ એમ ગભરાય એવી ન હતી. તેણે એક પળવારમાં કીચક જેવા મોટા પહેલવાનને જમીનપર પછાડ્યો અને ત્યાંથી દોડતી રાજસભામાં ગઈ. કીચક પણ તેની પાછળ દોડતો આવ્યો અને રાજા તથા તેની સભાના બધા સભાસદોના દેખતાં તેનો ચોટલો પકડી તેને લાત મારીને જમીન પર પાડી નાખી.

જેનું અહીં કોઈ બેલી નથી એવી એક અબળા ઉપર આવો જુલમ થતો જોઇને બાહુકનો પિત્તો ગયો અને તે તડુકીને કીચકના અંગ ઉપર ધસી જવા તૈયાર થયો. પણ કંકે તેને આંખની ઈસારત કરીને વાર્યો. તેને કહ્યું: “ તારા રસોડા માટે લાકડાં ખૂટ્યાં હોય તો જરા આઘે જઇને મનમાન્યાં લાકડાં કાપી આવજે; અહીંઆં શું છે ?”

પછી સૈરન્ધ્રી રડતી રડતી વિરાટ રાજાને કહેવા લાગી: “તમારા દેખતાંજ આ પાપીએ મારો ચોટલો પકડીને મને લાત મારી અને તમે બેઠા બેઠા જોયાજ કરો છો ! તમારો રાજધર્મ તો કોઈ લૂંટારાના ધર્મ જેવો મારી નજરે દેખાય છે. અફસોસ ! જે વીર પુરુષોના શત્રુઓ સાતમા પાતાળમાં ભરાઇ જઇને મોતમાંથી બચતા ન હતા તે શૂરા ધણીઓની સ્ત્રીને આ કીચક લાત મારે ! સત્યની પ્રતિજ્ઞાથી પોતે બંધાઇ ચૂક્યા ન હોત તો અહીં જેટલા બેઠા છે તે બધાની ગરદન મચડી નાખવા જેટલું જેમનામાં બળ છે તેની ધર્મપત્નીનું આ કીચક

આવું અપમાન કરે ! તેણે મને લાત મારી અને મારા ધણી મૂંગા મૂંગા જોયાજ કરે છે ! અરેરે ! તેમનું બળ, પરાક્રમ, ધર્મ, એ બધાનું શું થયું ?"

વિરાટ રાજા બોલ્યોઃ "તારો અને કીચકનો કજીઓ મારી રૂબરૂમાં થયો નથી; તેથી તેનું મૂળ કારણ જાણ્યા વગર મારાથી તમારા બેનો ન્યાય શી રીતે થાય ?"

કંકે સૈરંધ્રીને કહ્યું: "વીરપુરુષની સ્ત્રી પોતાના પતિને ખાતર અસહ્ય દુઃખ સહન કરે છે. મને લાગે છે કે પોતાનો ક્રોધ બતાવવાનો આ સમય યોગ્ય નથી, એમ જાણીનેજ તમારા ગંધર્વ પતિઓ ચૂપ રહ્યા હશે."

સૈરન્ધ્રી બોલીઃ "કોણ જાણે શા કારણથી મારા ગંધર્વ પતિઓ મૂડદાં જેવા બની ગયા હશે ? પુરુષ મરી ન ગયો હોય ત્યાં સુધી કોઈની તાકાત છે કે તેની સ્ત્રીનું અપમાન કરવાની હિંમત ચલાવે અને આવું અપમાન કરીને જીવતો પણ રહે ? પણ મારા પતિઓમાં જે સૌથી વડો છે તે જ્યારે રાતદિવસ પાસા ટીચ્યા કરે ત્યારે મને એકલીને નહિ પણ તેમને બધાને એક દિવસ કોઇ આવીને મારી નાખશે." એટલું કહીને તે રડતી રડતી અંતઃપુરમાં ચાલી ગઈ.

એમ કરતાં કરતાં તે દુઃખનો દહાડો તો પૂરો થયો. બીજે દિવસે પાછો કીચક સૈરન્ધ્રીની પાસે આવી ઉભો રહ્યો અને પાછો પેલી વાત છેડવા લાગ્યો. તે અભાગીઓ એમ સમજ્યો કે મીઠી મીઠી વાતોથી જે સ્ત્રી રાજી ન થઇ તે લાત ખાઇને તો પ્રસન્ન થઈજ હશે. સૈરન્ધ્રીએ જરાક મોઢાનો ભાવ બદલીને કહ્યું: "રાત્રે અંધારૂં થાય ત્યાર પછી નાટયશાળામાં આવજો." કીચક તો હરખથી ગાંડોઘેલો થઈ ગયો. દીવામાં કૂદી પડતા પતંગીઆના જેવી તેની દશા થઇ.

સાંજ પડી ગઇ, અંધારૂં થયું એટલે કીચક પોતાનાં સરસમાં સરસ કપડાં ઘરેણાં પહેરીને બણી ઠણીને નાટયશાળામાં ગયો. ત્યાં તો મોઢે મોઢું સૂઝે નહિ એવું અંધારૂં હતું અને કોઇ માણસ પણ જણાતું ન હતું. માત્ર એક ખાટલા ઉપર કોઇ સૂઇ રહ્યું હોય એવું કીચકને લાગ્યું. તેણે જાણ્યું કે એ સૈરન્ધ્રીજ હશે. એટલે તેની પાસે જઇને કીચક તેને વળગી પડયો અને સૂનાર પણ એકદમ કૂદીને કીચકને ગળે બાઝી પડયો.

તેનો સ્પર્શ થતાંની સાથેજ કીચકના હૃદયમાંનો આનંદ-અગ્ની બુઝાઈ ગઈ, કારણ કે તે કોઈ કોમળાંગીનું અંગ નહિંજ ન હતું પણ કોઈ જબરા પહેલવાનની લોખંડી પકડ હતી. પછી તો ત્યાં અંદરની મજબૂતાઈ જામી અને ઉપરે પેલટાંરે કીચકનો ટોટો પીસી નાખ્યો.

બીજે દહાડે સવારે કીચકના ભાઈઓ જ્યાં આવ્યા ત્યારે તેની આવી દુર્દશા જોઇ પોકેપોક મૂકીને રડવા લાગ્યા. સૈરન્ધ્રી ત્યાં આગળ ઉભી ઉભી આ બધા તમાશો જોઇ રહી હતી. તેને જોઇને કીચકનાં સગાંવહાલાં ચિડાઈ પડ્યાં. તેમણે રાજાની આગળ જઇને ફરિયાદ કરી કે "રાજા! પેલી સૈરન્ધ્રીને લીધેજ કીચકનું મોત થયું; માટે આપ રજા આપો તો આજેજ અમે તેને કીચકની લાશના ભેગી બાળી મૂકીએ." રાજાએ રજા આપી, એટલે તો કીચકના ભાઈઓ તેના ઉપર તૂટી પડ્યા અને તેને હાથ પગે જકડીને કીચકની લાશ ઉપર સુવાડીને તેની ઠાઠડીની સાથે કચકચાવીને બાંધી દીધી. પછી તેને લઇને બધા સ્મશાન તરફ ચાલતા થયા. બિચારી સૈરન્ધ્રી ખૂબ રડી, કકળી પણ તેનું કોણ સાંભળે? તેના ઉપર કોઇને દયા આવી નહિ. સ્મશાનમાં જઇને તેઓ તેને પણ કીચકની લાશની સાથે સાથે ફૂંકી મૂકવાની તૈયારી કરતા હતા એટલામાં આઘેથી કોઈ અતિ ભયંકર આકૃતિવાળો પુરુષ ખાંધે મોટું ઝાડ ઉપાડી-ને મોટી મોટી છલંગો મારતો તેમની નજીક આવતો દેખાયો. તેજ પેલો ગંધર્વ હશે એમ ધારીને કીચકનાં સગાંવહાલાં ભય-ભીત થઇને જેનાથી જેમ નસાય તેમ નાસવા લાગ્યાં; પણ પેલા માણસે તે બધાંને પકડી પકડીને મારી નાખ્યાં. પછી તે સૈરન્ધ્રીને છૂટી કરીને ત્યાંથી ચાલતો થયો. તે છૂટી થઇ એટલે નાહીને દુઃખને અને અપમાનને લીધે રડતી રડતી રાણી પાસે જઈ પહોંચી. રાણીએ રાજાની સાથે મસલત કરીને તેને ત્યાંથી બીજે ક્યાંય ચાલ્યા જવાની સૂચના કરી પણ તે અત્યંત નમ્રતાપૂર્વક કહેવા લાગી: "હવે મને તમારે ઘેર ફક્ત તેરજ દિવસ આશરો આપો. આજથી તેરમે દહાડે મારા પતિઓ વિજય મેળવશે અને મને તમારે ઘેરથી લઇ જશે." ગંધર્વોના ભયથી ડરીને રાણી તેટલા દિવસ તેને પોતાને ઘેર રાખવા કબૂલ થઇ. ઘણા લોકો બીકના માર્યાજ સત્કર્મ કરી બેસે છે.

ત્યાંથી પછી સૈરન્ધ્રી નાટયશાળામાં ગઇ. તે વખતે ત્યાં બૃહન્નલા રાજકુમારીઓને નૃત્ય શીખવતો હતો. સૈરન્ધ્રીને આવતી જોઇને સૌ બહાર આવ્યાં. સૈરન્ધ્રી બચી ગઇ તે જાણીને રાજકુમારીઓ હર્ષ બતવવા લાગી. બૃહન્નલાએ સૈરન્ધ્રીને પૂછ્યું: "તું કેવી રીતે બચી ગઈ?" ત્યારે તે બોલી: "મારા દુઃખની વાત સાંભળ્યાથી તને શો લાભ છે? તું તારી મેળે રાજાના અંતઃપુરમાં રહ્યો રહ્યો મોજ કરે છે, રાજકુમારીઓની સાથે બધો વખત તાતાથૈયા કર્યા કરે છે અને તેમની સાથે નાના પ્રકારના રાજવૈભવ ભોગવે છે. અભાગણી સૈરન્ધ્રી કેવી રીતે તેના દુઃખના દહાડા પૂરા કરે છે તેની તને શી પડી છે? સુખીઆરાં માણસોને દુઃખીઆરાંની શી પરવા? દુઃખીનાં દિલનાં દર્દ સુખી શી રીતે પીછાણી શકે?"

---

# પ્રકરણ ૨ જું—વિરાટ રાજાની ગૌશાળા પર હુમલો

હવે પાછા આપણે હસ્તિનાપુર જઈએ અને ત્યાં શું શું થઈ રહ્યું છે તે જોઈએ.

પાંડવોના અજ્ઞાતવાસનું એક વર્ષ પૂરું થવા આવ્યું. દુર્યોધને તેમને [illegible] જાસૂસો મોકલ્યા, પણ કોઇ તેમની [illegible] નહિ; તેથી દુર્યોધનની ચિન્તાની સીમા ન રહી.

[illegible] ત્યાં દુર્યોધન બોલી ઉઠ્યો: "[illegible] જાસૂસોને ચારે દિશાએ દોડાવ્યા, [illegible] તેમનો [illegible] લાગ્યો. તેમના [illegible] પૂરું [illegible] આવ્યું છે. હવે [illegible] કરીને તેમને [illegible]"

[illegible]

ધારું છું કે તેમનો પત્તો લાગ્યા વગર રહેશેજ નહિ. પ્રયત્ન કરીએ તો શું ન થાય?"

દુઃશાસન બોલ્યોઃ "અરે! તે તો ક્યાંના ક્યાં રખડી મુઆ હશે! સદા માટે નાસી છૂટયા હશે! તેમની તમારે શી ફિકર?"

દ્રોણાચાર્ય બોલ્યાઃ "પાંડવો બધાજ શૂરવીર, બળવાન, પરાક્રમી, વિદ્યાસંપન્ન, બુદ્ધિમાન અને જિતેન્દ્રિય છે. તપના પ્રભાવવાળા, સત્યપરાયણ, પાપનો લેશમાત્ર પણ જેને સંપર્ક નથી એવા, ધર્મને જાણનારા અને સર્વ કાર્યમાં દૃઢ સંકલ્પ-વાળા છે. યુધિષ્ઠિર સત્યપરાયણ, ધર્મનિષ્ઠ અને ધર્મરાજા જેવો છે. તે ગુણવાન, સત્યવાન અને વિશુદ્ધ ચારિત્રવાળો છે. એવા લોકો કદી નાશી જાય ખરા કે? એવાનો પરાજય થયો કોઇએ દીઠો અગર સાંભળ્યો છે? મને મારાં દિવ્ય ચક્ષુ વડે દેખાય છે કે તેઓની બહુજ અલ્પ સમયમાં ઉન્નતિ થશે."

ભીષ્મદેવ બોલ્યાઃ* "દ્રોણાચાર્યે જે કહ્યું તે અક્ષરે અક્ષર સત્ય છે. પાંચે પાંચ પાંડવો ક્ષાત્રધર્મનિષ્ઠ, સત્ય મતને પાળ-નારા, મહાપરાક્રમી અને મહાપુરુષો છે. એવા લોકો કદી પણ માર્યા ગયા હોય એવું હું જાણતો નથી. યુધિષ્ઠિર રાજા હાલમાં ક્યાં છે તે શોધી કાઢવું કાંઈ સહેલું છે? તે જ્યાં રહેતો હશે ત્યાંના રાજાઓને માથે જરા જેટલો પણ અકલ્યાણનો ભયજ નહિ હોય. ત્યાંના લોકો બધાજ ×જિતેન્દ્રિય, સત્યપરાયણ, હૃષ્ટપુષ્ટ અને ધર્મપરાયણ હોવા જોઇએ. તે જ્યાં હશે ત્યાં કોઈ કોઇના અવગુણ જોતુંજ નહિ હોય, કોઇ કોઈની ઉન્નતિ જોઈને અદેખાઇ નહિ કરતું હોય, કોઈ કોઇની સાથે તોછડાઈ કે અવિવેક પણ નહિ બતાવતું હોય. ત્યાં કોઇને કશી વાતનો ભયજ નહિ હોય. યુધિષ્ઠિર રાજા જ્યાં રહેતા હશે ત્યાં વૃષ્ટિ વખતસર અને જેટલી જોઇએ તેટલીજ થતી હશે; ખેતરોમાં પાકના ઢગલેઢગલા પાકતા હશે; વૃક્ષના ઉપરથી પુષ્કળ ફળ ઉતરતાં હશે; પુષ્પોમાંથી મનને પ્રસન્ન કરે એવી ખુશબો આવતી હશે; વાયુ શરીરને સુખ થાય એવી રીતે વાતા હશે; સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક દૂધ, દહીં, ઘી, માખણ મનમાન્યાં પેદા થતાં હશે; ખાવાપીવાની બધીજ વસ્તુઓ સ્વાદિષ્ટ અને આરોગ્ય

* વિરાટ પર્વ-અધ્યાય ૨૩.

× ટીકાના જેવા!

પ્રદ થતી હોવી જોઇએ. જ્યાં યુધિષ્ઠિર રાજા રહેતા હશે ત્યાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ, એ પાંચે વિષયોના પોતપોતાના ગુણ ઉત્તમ રીતે ખીલ્યા હશે અને તમામ દશ્ય વસ્તુઓ મનનું રંજન કરે એવી થઈ હશે. યુધિષ્ઠિર રાજા જ્યાં રહેતા હશે ત્યાંના લોકો બધાજ એકબીજાની સાથે પ્રેમનાં બંધનથી જોડાએલા હશે, તેમનાં ચિત્ત હમેશાં સંતુષ્ટ હશે, તેઓ ધર્મપરાયણ હોઈ એકબીજાનું હિત કરવાનીજ પ્રવૃત્તિ કરતા હશે. જે અસાધારણ વ્યક્તિમાં સત્ય અને સરળતા, કીર્તિ અને શાન્તિ, ક્ષમા અને દયા, દાન અને તેજ હમેશાંજ વિરાજમાન છે તેને વિદ્વાન અને ચતુર બ્રાહ્મણો પણ ન પારખી શકે તો તમારા બબૂચક જેવા બેવકૂફ જાસૂસો શું ઓળખવાના હતા? હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે મેં હમણાં જેનું વર્ણન કર્યું એવા કોઈ પ્રદેશમાં તેઓ ગુપ્તપણે રહેતા હોવાજ જોઈએ. આ સર્વ વિચારીને જેથી તમારૂં હિત સધાય એવું કાર્ય કરો.” ❊

પછી કૃપાચાર્ય બોલ્યાઃ “રાજાજી! ભીષ્મદેવ કહી ગયા તે બધુંજ સત્ય છે. જે પોતાનું ભલું ચાહતો હોય તેણે પોતાના અતિ સામાન્ય દુશ્મનની પણ અવગણના કરવી ન જોઈએ. ત્યારે પાંડવો તો યોદ્ધા તરીકે ઘણાજ અસાધારણ ગણાય છે. તેમની પાસે તમામ જાતનાં અસ્ત્રશસ્ત્ર છે, ઘણા બળવાન છે અને મહાપુરુષો છે. તેમની બરોબરી કરી શકે એવો કોઇ હું તો દેખતો નથી. એ મહાત્માઓની ઉન્નતિનો સમય હવે ઝાઝો દૂર નથી. માટે આપે આપનું સૈન્યબળ કેટલું છે, આપના દ્રવ્યના બળની શી સ્થિતિ છે અને આપને કયા કયા મિત્રરાજાઓનો ટેકો છે તે બધાનો હવે વિચાર કરી લેવો જોઇએ. એટલું અત્યારથી કરી લેશો તો સંધિ કરવામાં લાભ છે કે યુદ્ધ કરવામાં, એ પ્રશ્નનો નિર્ણય કરવાનો જ્યારે વખત આવી પહોંચશે ત્યારે તમને નિર્ણય કરવાનું સુગમ પડશે.”

દુર્યોધને ભીષ્મદેવને પૂછ્યુઃ “પિતામહ! પાંડવોના ગુપ્ત નિવાસનું વરસ ક્યારે પૂરૂં થાય છે?”

ભીષ્મદેવ બોલ્યાઃ “મારી ગણત્રી પ્રમાણે તો તેમને વનવાસ કરવા નીકળ્યાને તેર વર્ષ થઈ ગયાં છે, એટલુંજ નહિ પણ તે ઉપરાંત પાંચ મહિના અને બાર દિવસ વધારે થઈ ગયા છે.

મારે તો કહેવું પડે છે કે તેમણે તેમની પ્રતિજ્ઞાનું પૂરેપુરૂં પાલન કર્યું છે.= તેઓ પોતાની પ્રતિજ્ઞા પાળ્યા વગર કદી જાહેર થાય એવા નથી. આટલી વાત તો હું જાણું છું કે "પાંડવો મરવું કબૂલ કરશે, પણ અસત્યને રસ્તે એક ડગલું પણ નહિ દે. વળી જ્યારે ખરો વખત આવશે ત્યારે પોતાના ખરા હકની સંપત્તિ લીધા વગર છોડવાના પણ નથી."*

દુર્યોધને હસીને જવાબ આપ્યો: "પિતામહ! હું પણ લડાઈ કર્યા વગર તેમનું રાજ્ય પાછું આપી દઉં એવો નથી."÷

કર્ણે દુર્યોધનને કહ્યું: "એમને ફાવે તેમ બોલવા દે ને! હું તારા પક્ષમાં છું પછી તારે શી ફિકર છે?"

પછી ત્રિગર્ત્ત દેશનો રાજા સુશર્મા બોલ્યો: "અરે! એ પાંડવોના ભાર શા છે? એમને આવવા તો દો. આવશે ત્યારે જોઈ લેવાશે. પણ હમણાં તો વિરાટ રાજ્ય ઉપર ચઢાઇ કરવાનો સરસ લાગ છે. અત્યાર સુધી કીચક પોતાના પરાક્રમ વડે તેનું સંરક્ષણ કરી રહ્યો હતો પણ તેને કોઇ ગંધર્વે મારી નાખ્યો. હમણાં જો આપણે તેના ઉપર હુમલો લઇ જઇશું તો પુષ્કળ દોલત અને જવાહીર લૂંટી લાવીશું, તેનું રાજ્ય પણ પડાવી લઇશું અને વિરાટ રાજા પાસે પુષ્કળ ગાયો છે તેમને પણ હાંકી લાવીશું. એ વિરાટ રાજાના શા ભાર છે કે આપણી સામે ટકી શકે?"

આ સાંભળીને કર્ણ બોલી ઉઠયો: "ખરેખર, આ ઉત્તમ સલાહ છે અને એથી દુર્યોધનને ઘણોજ લાભ છે."

દુર્યોધન તો તેજ ઘડીએ હર્ષથી અધીરો બની ગયો. આટલી જબરદસ્ત લાલચ તેનાથી છોડાયજ કેવી રીતે? લોભને કાંઈ થોભ હોય છે? તેજ વખતે વિરાટ રાજ્ય ઉપર સ્વારી કરવાની યોજના ઘડાઈ ગઇ. એવું નક્કી થયું કે પ્રથમ તો સુશર્માએ વિરાટની દક્ષિણ બાજુની ગૌશાળા ઉપર હુમલો કરવો. વિરાટનું સૈન્ય તેનો બચાવ કરવા આવે એટલે તેની સાથે લડાઈ કરીને તેને ત્યાં રોકી રાખવું. બીજે દિવસે દુર્યોધને પોતાના સૈન્ય સહિત વિરાટની ઉત્તર દિશાની ગૌશાળા ઉપર હુમલો કરવો. આમ કરવાથી વિરાટ રાજાના ઉપર બેઉ તરફથી

= વિરાટપર્વ, ૫૨-૪, ૫.
* વિરાટપર્વ ૫૨-૯,૧૦
÷ વિરાટપર્વ ૫૨-૧૫.

એકસામટો હુમલો થતાં તે સહેલાઈથી હારી જશે.

ત્યાર પછી એક દિવસ વિરાટ રાજા સભા ભરીને બેઠો હતો ત્યાં એક જાસૂસે આવીને ખબર આપી કે "રાજાજી! આપની દક્ષિણ બાજુની ગૌશાળા ઉપર સુશર્મા રાજાએ ચડાઇ કરી છે અને આપની ગાયો હાંકી જાય છે." એ સાંભળતાંજ વિરાટ પોતાનું સૈન્ય લઈને સુશર્માની સાથે યુદ્ધ કરવા દોડી ગયો. આ વખત ખરી વિપત્તિનો હતો તેથી જે જે લોકો ત્યાં બેઠા હતા તે સૌને તેણે પોતાની સાથે લીધા. તેમાં કંક, બલ્લવ, ગ્રંથિક અને અરિષ્ટનેમિ, એ ચાર જણ પણ હતા. પણ વિરાટ રાજા તો હાર્યો અને કેદ પકડાયો. પણ ત્યાર પછી કંક, બલ્લવ, ગ્રંથિક અને અરિષ્ટનેમિએ શત્રુપક્ષ ઉપર એવો ધસારો કર્યો કે તેને હરાવીને વિરાટને છોડાવ્યો. બલ્લવે સુશર્માને હરાવીને તેની ચોટલી પકડી અને પછી તેને થોડી વાર ખૂબ વીંઝીને ભોંય પર પછાડયો. પછી તે તેના ઉપર ચઢી બેઠો અને તેને ખૂબ દબાવીને લાતો મારવા મંડયો. આવી રીતે બલ્લવના હાથનો ખૂબ માર ખાઇને બિચારો સુશર્મા બેભાન થવા લાગ્યો અને અધમૂઓ થઈ ગયો ત્યારે બલ્લવ તેને બાંધીને કંકની પાસે લઈ આવ્યો. પણ કંકે તેને તરતજ છુટો કરી દીધો. પછી સુશર્મા નીચું માથું કરીને પોતાની અવળી મતિને માટે પશ્ચાત્તાપ કરતો કરતો ત્યાંથી ચાલતો થયો. પણ દુઃખની વાત એ છે કે લોકોને સવેળા પશ્ચાત્તાપ થતો નથી!

આ બનાવ બન્યો તેને બીજે દિવસે અગાઉના ઠરાવ મુજબ દુર્યોધને પોતાના સૈન્ય સહિત વિરાટની ઉત્તર દિશાએ આવેલી ગૌશાળા ઉપર હુમલો કર્યો. પણ રાજ્યનું તમામ લશ્કર દક્ષિણ તરફથી ગૌશાળાનો બચાવ કરવા ચાલ્યું ગયું હતું. હવે કરવું શું? રાજકુમાર ઉત્તર અંતઃપુરની સ્ત્રીઓ આગળ મોઢેથી ખોટી ખોટી બડાઇ મારવા લાગ્યો કે, શું કરું? મારો કોઇ સારથિ થાય એવો નથી, નહિ તો હું એકલોજ ભીષ્મ, દ્રોણ, એ બધાને મારીને ભગાડી મૂકું એવો છું" વળી આખી રાજધાની અને રાજનિવાસ બેઉ અરક્ષિત હાલત માં હતાં. આખા શહેરમાં સૌ ભયભીત થઈ ગયાં. જે સૈરંધ્રીનું થોડા દિવસ ઉપર અહીંનાજ લોકોએ અપમાન કર્યું હતું અને તેને પાર વિનાનું દુઃખ દીધું હતું તેને આજે એ લોકોની વિ

પત્તિ જોઇને દયા આવી અને ખરી અણીને વખતે તેમને મદદ કરવા તૈયાર થઇ. તે બોલી કે "આપણે ત્યાં બૃહન્નલા છે તે સારથિનું કામ બહુ સરસ કરી જાણે છે. વળી તે રાજકુમારી ઉત્તરાનો પડતો બોલ ઉપાડી લે એવો છે. ઉત્તરા તેની પાસે ગમે તે માગણી કરે તો બૃહન્નલા તે પૂરી કર્યા વિના રહેજ નહિ. જો ઉત્તરા તેને સારથિ થવાનું કહેશે તો તે જરૂર થશે." આટલી બધી શેખી કર્યા પછી એકદમ પાછાં પગલાં કરવાં એ ડહાપણનું કામ નથી. એમ સમજીને રાજકુમારે ઉત્તરાને કહ્યું કે તું જઇને બૃહન્નલાને તેડી લાવ. ઉત્તરા તેને તેડી લાવી પણ તે તો સૈરન્ધ્રીને રાજી કરવાને ખાતરજ સારથિનું કામ કરવા કબૂલ થયો. પછી તેને સારૂ કોઇએ બખ્તર આણ્યું. જાણે પોતે કદી પણ બખ્તર ન પહેર્યું હોય તેમ તેણે અવળું પહેરવા માંડ્યું. તેની બખ્તર પહેરવાની રીત જોઇને અંતઃપુરની સ્ત્રીઓ હસવા લાગી. છેવટે ઉત્તરે તેને બખ્તર પહેરાવ્યું. પોતે પણ એક બખ્તર પહેરી લીધું. જતી વખતે રાજકુમારીએ બૃહન્નલાને કહ્યું કે "પાછા આવો ત્યારે ભીષ્મ, દ્રોણ વગેરેનાં કપડાં લેતા આવજો. તેના વડે હું મારી ઢીંગલીને શણગારીશ." પછી રથને ચાર ઘોડા જોડાયા અને તેની અંદર જાતજાતનાં અસ્ત્રશસ્ત્ર પણ મૂક્યાં. બધી તૈયારી થયા પછી રાજકુમાર ઉત્તર બૃહન્નલાને પોતાના સારથિ તરીકે લઇને ભારે રૂઆબથી યુદ્ધ કરવા નીકળી પડ્યો.

ઉત્તરે તરતજ પોતાની સામે સમુદ્રની ભરતીની માફક ધસ્યું આવતું કૌરવસૈન્ય દીઠું એટલે તેનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં. તે તો પોતાના રથને પાછો ફેરવવા બૃહન્નલાના કાલાવાલા કરવા લાગ્યો; પણ જ્યારે તેણે રથ પાછો નજ વાળ્યો ત્યારે તે રથમાંથી કૂદીને નાસવા લાગ્યો. બૃહન્નલાએ દોટ મૂકીને તેને પકડી પાડ્યો અને તેને જોરથી પકડીને રથમાં બેસાડી દીધો. પછી તેને કહ્યું કે "ચાલો, તમે સારથિ થાઓ ને હું લડું."

સ્મશાન પણ ત્યાંથી પાસેજ હતું. ત્યાં આગળ શમી (સમડી)નું વૃક્ષ હતું તેની ડાળીઓ ઉપર મુડદાંના રૂપમાં જાત જાતનાં શસ્ત્રાસ્ત્ર લટકતાં હતાં. બૃહન્નલાના કહેવાથી ઉત્તર તે ઝાડ પર ચઢ્યો અને જે જે અસ્ત્રશસ્ત્ર તેણે માગ્યાં તે તે ઉતારી આપ્યાં અને બાકીનાંને હતાં તેમને તેમ ઝાડ પર લટકતાં રહેવા દીધાં. હવે સારથિની જગા ઉત્તરે લીધી અને બૃહન્નલા રથમાં

બેઠો. માથે રૂમાલ બાંધીને તેણે પોતાના લાંબા વાળ અને અંબોડો ઢાંકી દીધાં. હાથ ઉપરથી ચૂડીઓ ઉતારી નાખી. થોડાજ વખતમાં તેનો અને કૌરવસૈન્યનો ભેટો થઈ ગયો.

દ્રોણાચાર્ય તેની નજીક આવ્યા એટલે બૃહન્નલાએ તેમના તરફ બે બાણ એવી રીતે છોડયાં કે તે જઈને તેમના પગ આગળજ પડયાં. બીજીજ પળે પાછાં તેણે બીજાં બે બાણ એવી રીતે છોડયાં કે તેઓ દ્રોણના કાનને જરાક અડકીને પાછળ ચાલ્યાં ગયાં. આ જોઈને આચાર્ય વિસ્મય પામ્યા. તેમને થયું કે આ કેટલી નવાઇની વાત ? મારો સામાવાળો મને પ્રણામ કરે છે અને મારી કુશળતાના સમાચાર પૂછે છે ! એ કોણ હશે ? તેમના આશ્ચર્યનો તો હજી છેડો આવ્યો ન હતો એટલામાં બૃહન્નલા બોલી ઉઠયો કે "બ્રહ્મદેવ ! પહેલાં આપ પ્રહાર કરો પછી હું મારાં અસ્ત્ર છોડીશ." તરતજ દ્રોણાચાર્યે એક તીક્ષ્ણ બાણ વડે બૃહન્નલાને જખમી કર્યો, અને ભીષ્મ, દ્રોણ, કર્ણ, કૃપ, અશ્વત્થામા, દુર્યોધન અને તેના ભાઈઓ બધાજ વારાફરતી અને છેવટે એકસામટા તેના ઉપર તૂટી પડયા. પણ તેમને બધાને પાછા હઠવું પડયું. તેઓ બધા જખમી થઇને લોહી ટપકતે શરીરે હાર ખાઇને નાઠા. પણ જરાક વાર થાક ખાઇને તાજા થઇ તેમણે તેના ઉપર બીજી વાર સામટો હુમલો કર્યો. તોપણ બૃહન્નલા તેમનાથી ગાંજયો જાય એવો ન હતો. તેણે કર્ણના ભાઇને મારી નાખ્યોઅને દુર્યોધનનો રત્નજડિત મુકુટ તેના માથા ઉપરથી ઉડાવી દીધો અને તેના ટુકડેટુકડા કરી નાખ્યા. પછી તેણે સંમોહન અસ્ત્રનો પ્રયોગ કરીને કૌરવસૈન્યના તમામ યોદ્ધાઓને બેહોશ કરીને ઉંઘાડી દીધા.× પછી બૃહન્નલાના કહેવાથી ઉત્તરે જઇને દ્રોણ, કર્ણ વગેરેના રથ ઉપર ચઢીને તેમનાં પહેરેલાં કપડાં ઉતારી લીધાં. પરંતુ બૃહન્નલાએ મના કરી હતી તેથી એકલા ભીષ્મના અંગને સ્પર્શ કર્યો નહિ.

ત્યારપછી કેટલીક વારે બધા કૌરવ યોદ્ધાઓનું ઘેન ઉતર્યું એટલે તેઓ પોતપોતાની દુર્દશા જોઇને શરમના માર્યા

---

× વિરાટપર્વ, અ૦ ૬૬. પ્રાચીનકાળમાં આપણા દેશમાં તોપ, બંદુક, ઝેરી વાયુ, ઝેર વગેરેનો યુદ્ધમાં ઉપયોગ થતો હતો. આના સંબંધમાં શાન્તિપર્વના પાચમા પ્રકરણમાં "તોપ બંદુક વગેરે" એ વિષય જોવો.

નીચેથી ઉંચે જોઇ શક્યા નહિ. જીતવાની તો હવે આશાજ નથી, એમ જાણીને તેઓ એકબીજાની સાથે મસલત કરીને ત્યાંથી નાસી ગયા; પણ તેમના સૈન્યનો એક ભાગ ઘેરાઈ ગયો. તેમને નાસવાનો એક પણ માર્ગ ન રહેવાથી તેઓ બૃહન્નલાને તાબે થયા, અને તેણે તેમને રજા આપી ત્યારેજ ત્યાંથી જઈ શક્યા.

પછી વિજયી બૃહન્નલા પાછો પેલા શમીવૃક્ષ આગળ ગયો અને ઉત્તરે તેના ધનુષ્ય વગેરેને તે ઝાડ ઉપર લટકાવી દીધાં. પછી તે જ્યારે રથમાં બેસવા આવ્યો ત્યારે બૃહન્નલાએ પાછી સારથિની જગ્યા લીધી. તેણે પાછી પોતાના માથાની લટ છૂટી મૂકી અને હાથે ચૂડીઓ પહેરી લીધી. તેણે ઉત્તરને આગ્રહપૂર્વક કહ્યું કે "કુમાર! શત્રુ પક્ષ સાથે મેં કરેલા આ યુદ્ધની તે વાત તમારે કોઇને કહેવી નહિ."

વિરાટ રાજા સુશર્માને હરાવીને ઘર તરફ પાછો ફરે છે ત્યાં એક દૂતે જઇને કુમારે યુદ્ધમાં મેળવેલા વિજયના સમાચાર આપ્યા. તે સાંભળીને વિરાટના હર્ષનો પાર ન રહ્યો. તેણે દાંડી પીટાવીને બધા નગરવાસીઓને હુકમ કર્યો કે આજે સૌ ઉત્સવ કરો. આખા નગરમાં આનંદોત્સવની ધૂમ મચી રહી. ત્યારે વિરાટ કંકને કહે કે "આજે આનંદનો દિવસ છે; ચાલો, આપણે ચોપાટ રમીએ." કંક કહેઃ "રાજા! જેનું મન આનંદવડે ચંચળ થઇ ગયું હોય તેણે ચોપાટની રમત રમવી નહિ." પણ વિરાટે તેનું કંઈજ માન્યું નહિ. સૈરન્ધ્રી પણ તે વખતે ત્યાંજ હતી. રાજાએ તેને કહ્યું કે પાસા લઈ આવ એટલે તે લઇ આવી. પછી બેઉ ચોપાટ રમવા બેઠા. પણ પોતાના દીકરાએ મેળવેલા વિજયથી થતા આનંદને લીધે રાજાનું મન ચંચળ થયું હતું. તે વારંવાર પોતાના પુત્રનાં વખાણ કરવા લાગ્યો. તે જેટલી વાર પુત્રનાં વખાણ કરે તેટલી વાર કંક કહે કે "બૃહન્નલા જેનો સારથિ હોય તેની જિત થયા વિના રહેજ નહિ." આથી વિરાટ ચીડવાયો અને કંકના મોઢા ઉપર પાસો ફેંક્યો. તેણે એટલા જોરથી પાસો મારેલો કે કંકના નાકમાંથી દડદડ લોહી ટપકવા લાગ્યું.

એવામાં એક હજૂરીઆએ આવીને વરદી પહોંચાડી કે રાજકુમાર અને બૃહન્નલા બેઉ બહાર ઉભા છે. રાજાએ તરતજ તેમને અંદર બોલાવી લાવવાનો હુકમ કર્યો. પણ તે હજૂરીઓ

ત્યાંથી જતા હજૂરીઆને કંકે તેના કાનમાં કહ્યું કે, બૃહન્નલાને અહીં તેડી લાવતો નહિ. તે મારા શરીરમાંથી લોહી નીકળતું દેખશે તો મત્સ્યરાજને મારી નાખશે. હજૂરીઆએ તે પ્રમાણે કર્યું. બૃહન્નલા ત્યાંથી અંતઃપુરમાં ગયો અને કૌરવોનાં સારાં સારાં કપડાં ઉત્તરાને આપી આવ્યો.

હવે રાજસભામાં કુમાર એકલોજ આવ્યો. તેણે આવતાં વારને જોયું તો કંક સભાગૃહની એક કોરે જમીન ઉપર બેઠા હતા. તેના નાકમાંથી લોહી ટપકતું હતું અને સૈરન્ધ્રી તેને એક તાસકમાં ઝીલી લેતી હતી. કંકની આવી હાલત જોઈને ઉત્તરને ઘણુંજ લાગી આવ્યું. તેણે પોતાના પિતાને પૂછ્યું કે "આવું અઘટિત કાર્ય કોણે કર્યું?" વિરાટ બોલ્યો: "તેં કૌરવોને હરાવ્યા તેથી હું મારો હર્ષ જાહેર કરતો હતો ત્યારે હું જેટલી વાર બોલું તેટલી વાર આ બ્રાહ્મણ કહે કે 'બૃહન્નલા જેનો સારથિ હોય તે તો જીતેજ'; તે માટે મારે એને મારવો પડયો." કુમારે તરતજ કહી દીધું કે "એ કહે છે તે ખરૂંજ છે. એ કોઈ દિવસ જૂઠું બોલતોજ નથી. વળી એ બ્રાહ્મણ કહેવાય. આટલા બધા મોટામોટા યોદ્ધાઓને હરાવવાનું મારૂં શું ગજું? એક દેવકુમાર આવીને મારા રથમાં ચઢી બેઠા. તેણે કૌરવોને હરાવ્યા અને આપણી ગાયોને પાછી વાળી."

આ સાંભળી વિરાટ રાજા શરમિંદો થઇ ગયો. પોતે આવડા મોટા રાજ્યનો ધણી છતાં તેણે કંક જેવા એક સામાન્ય સેવકની માફી માગી. કંકે કહ્યું: "રાજાજી! ક્ષમા તો હું ક્યારનીએ આપને આપી ચૂકયો છું. મારૂં લોહી જો જમીન ઉપર પડત તો આપ અને આપનું બધું કુટુંબ નાશ પામત. એટલા માટે તો મેં તેને પ્રથમ મારા ખોબામાં ઝીલી લીધું અને ત્યારપછી આ તાસકમાં ઝીલાય છે."

સૈરન્ધ્રી વહેલી વહેલી જઇને એક તાસક લઇ આવી હતી અને કંકની પાસે બેસીને તેના નાકમાંથી ટપકતા લોહીનાં ટીપાં ઝીલી લેતી હતી અને તેમ કરતાં કરતાં પોતાની આંખોમાં આંસુ ટપકાવતી હતી. સ્ત્રીઓનું હૃદય કેવું કોમળ હોય છે?

# પ્રકરણ ૩ જું—ઉત્તરા અને અભિમન્યુનું લગ્ન

કૌરવસૈન્યનો પરાજય થયાને ત્રણ દિવસ થઈ ગયા છે; પણ હજી નગરનો વિજયોત્સવ તો ચાલુ ને ચાલુ જ છે. વિરાટ રાજાનું સભાગૃહ આજે આનંદમગ્ન નગરવાસીઓથી ઠસોઠસ ભરાઈ ગયું છે. એવામાં વિરાટ રાજા ત્યાં આવી પહોંચ્યો અને સભાગૃહમાં નજર કરતાંની સાથેજ તેના અચંબાનો પાર ન રહ્યો. તેણે જોયું તો કંક, બલ્લવ, બૃહન્નલા, ગ્રંથિક, અરિષ્ટનેમિ અને સૈરન્ધ્રી સ્નાન કરીને, સફેદ વસ્ત્ર પહેરીને, શરીરે ચંદનની અર્ચા કરીને સિંહાસન ઉપરજ બેસી ગયાં હતાં. તે જોઈને રાજાને ક્રોધ ચડ્યો. તેણે કંકને કહ્યું કે "અરે! તું આટલો બધો ક્યારનો બહેકી ગયો? તું એક મારો સામાન્ય નોકર થઈને મારા સિંહાસન ઉપર ચડી બેઠો છે?"

ત્યારે બૃહન્નલાએ ઉભા થઈને સ્મિત કરીને કંક તરફ આંગળી કરીને કહ્યું કે "રાજા! આ કંક નથી પણ સત્યવાદી, જિતેન્દ્રિય ધર્મનિષ્ઠ મહારાજા યુધિષ્ઠિર છે. આપના રાજ્યમાં તેઓ દેઢ વર્ષસુધી ગુપ્તવેશે અજ્ઞાતપણે રહ્યા હતા. જેને આપ બલ્લવના નામથી ઓળખો છો તે મહાબળવાન ભીમસેન છે. પાપી કીચકને મારનાર અને તેનાં સગાંઓને સ્મશાનભૂમિમાં હણનાર એજ ભીમસેન હતો. જે આપના તબેલાનો ઉપરિ હતો તે મહાવીર નકુલ છે અને આપની ગાયોનો સંરક્ષક મહાવીર સહદેવ છે. આ સૈરન્ધ્રી તે રૂપગુણસંપન્ન મહારાણી દ્રૌપદી છે. હું અર્જુન પોતે છું. અમે અમારી સત્યપ્રતિજ્ઞા પાળવાને બારને બાર વર્ષ વનવાસમાં ગાળ્યાં અને ગુપ્ત નિવાસ કરવાને વાસ્તે આપને ઘેર આવ્યાં હતાં. અમારાં અસ્ત્રોને સ્મશાનના શમીવૃક્ષની ઉપર શબના આકારમાં લટકાવીને અમે અહીં છુપે વેશે રહ્યા હતા."

છતાં વિરાટરાજાને [illegible] નહિ અને તેને પૂરો વિશ્વાસ બેઠો નહિ. પણ એટલામાં કુમાર ઉત્તર ત્યાં આવી પહોંચ્યો. તેણે પિતાના ચિત્તને [illegible]

ખાણુ કરાવતાં કહ્યું કે "ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરેને હરાવીને આપણી ગાયોને છોડાવનાર તે આ અર્જુનજ."

ત્યારે વિરાટ રાજા ઘણો લજવાઈ ગયો અને પાંચે પાંડવોને વારંવાર ભેટવા લાગ્યો. પછી તેણે કહ્યું કે "હું આપને ઓળખી ન શક્યો તેથી આપના પ્રત્યેના મારા વર્તનમાં અનેક અપરાધ થઈ ગયા છે તેની મને માફી આપો. આટલા દિવસ આપ મારે ઘેર રહ્યા એ તો મારૂં પરમ સૌભાગ્ય! મારૂં રાજ્ય અને કુલ સંપત્તિ હું આપને શરણે ધરૂં છું અને મારી સર્વપ્રિય પુત્રી ઉત્તરાને અર્જુનને પરણાવવા ઈચ્છું છું."

આ સાંભળીને અર્જુનના ભાઈઓ તેના તરફ વિનોદભરી નજરે જોવા લાગ્યા. પરંતુ ત્યાં ઉભેલ વ્યક્તિઓમાંથી માત્ર એક [illegible] મુખ [illegible] વાદળોમાં ઢંકાઈ ગયું-એકજ વ્યક્તિનું [illegible] અને કંપવા લાગ્યું. તે પોતાના મનમાં વિચારવા [illegible] અરેરે! મારા મનમાં જે શંકા હતી તે આજે સાચી પડી!

[illegible] વિરાટરાજાને સંબોધીને અર્જુન બોલ્યો કે "રાજાજી! [illegible] અંતઃપુરમાં દોઢ વર્ષ રહ્યો તેટલો બધો વખત મેં [illegible], ગીત અને વાદ્યકળાઓ શીખવી છે. તે કાંઈ નાની [illegible] નથી, પરંતુ નવયૌવના યુવતી છે. હું તેને પરણું તો [illegible]. એટલા માટે હું તેનો મારા [illegible] સ્વીકાર કરવા ખુશી છું. દીકરી અને દીકરાની [illegible] આટલા વખત મને પિતા [illegible] છે અને હું પણ તેની સાથે પિતા પુત્રીની [illegible] તેમજ કરવું યોગ્ય છે. [illegible] છે તેવોજ મારો પુત્ર [illegible] છે."

[illegible]

[illegible]

અવસરને માટે તમામ બંદોબસ્ત કરી દીધો. હવે પાંડવો અને દ્રૌપદી ત્યાં રહેવા લાગ્યાં.

તેમનું નિમંત્રણ મળવાથી કૃષ્ણ, બળરામ, સાત્યકિ વગેરે યાદવો, સુભદ્રા અને અભિમન્યુને લઈને ઉપપ્લવ્ય નગરમાં આવી પહોંચ્યા. વળી દ્રુપદ રાજા, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી એ બધાં દ્રૌપદીના પાંચે પુત્રોને લઈને આવ્યાં. પાંડવોનાં સગાં અને મિત્રરાજાઓથી આખું નગર હલમલી રહ્યું. તેમાં પાછા દરેક પોતપોતાનાં સૈન્ય અને સરદારોસહિત આવ્યા હતા.

પછી એક શુભ દિવસ જોઈને ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન ભારે ઠાઠમાઠ સાથે કરી દીધાં. વિરાટ રાજાએ પહેરામણીમાં પુષ્કળ ધન, રત્નો અને બીજાં દાસદાસીઓ આપ્યાં. કૃષ્ણ તો વરના મામા એટલે તેમણે પણ પોતા તરફથી અભિમન્યુ અને પાંડવોને ઘટતો વિવેક કર્યો અને લગ્નભેટ આપી.

હવે પાંડવોના સુખમાં બાકી રહી ન હતી. દ્રૌપદીના સુખનો પાર ન હતો. તેર તેર વર્ષ સુધી પાર વિનાનાં કષ્ટ વેઠ્યા પછી, પરાધીનતા અને અપમાનનાં લાંછન સહ્યા પછી, હવે તેઓ ફરીથી સુખનો સ્વાદ લેતા થયા *

---

* ક્યાં મત્સ્યદેશ અને વિરાટનગર ક્યાં આવ્યાં હશે? તેમના [illegible]



# ઉદ્યોગ પર્વ

## પ્રકરણ ૧ લું—પાંડવોની મંત્રણા

ઉત્તરા અને અભિમન્યુ પરણી ચૂકયાં. લગ્નમાં આવેલા રાજાઓ અને મોટા મોટા માણસોનો લગ્નને ત્રીજે દહાડે વિરાટ રાજાના સભાગૃહમાં મેળાવડો હતો. ત્યાં સૌ એકઠા થયા. કેટલીક પરચૂરણ વાતચીત કર્યા પછી સૌ બોલતા બંધ થયા ત્યારે કૃષ્ણ કહેવા લાગ્યા કે "રાજા મહારાજાઓ! દુર્યોધન રાજાએ કેવું છળકપટ કરીને પાંડવોનું રાજ્ય પડાવી લીધું છે તે તો તમે સૌ જાણો છોજ. એ દુર્યોધનનાં કારસ્તાનને લીધેજ પાંડવોએ તેર તેર વર્ષ સુધી પાર વિનાનાં દુઃખ વેઠયાં તે પણ તમારાથી અજાણ્યું નથી. હસ્તિનાપુરના રાજ્ય ઉપર પાંડવોનો વંશપરંપરાનો હક્ક છે, છતાં પણ તેઓ તે હક જતો કરે છે. તેઓ માગે છે માત્ર એકલું ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય—તેમનું પોતાનું સ્વરાજ્ય. હવે દુર્યોધન તેમનું સ્વરાજ્ય બથાવી પડયો છે તે જો સદ્‌ભાવપૂર્વક પાછું ન આપે તો આપણે કરવું શું તેનો વિચાર કરવાની જરૂર છે. તેઓ તેમનું રાજ્ય પાછું નજ આપે તો યુદ્ધ કર્યેજ છૂટકો છે. તેમાં અધર્મ નથી અને અપયશ પણ નથી. વગરતકરારે દુર્યોધન તેમનું રાજ્ય પાછું આપશે કે નહિ તે હું અત્યારે કહી શકતો નથી. તે માટે કોઇ નિપુણ માણસને કૌરવોની સભામાં આપણા દૂત તરીકે મોકલવાની જરૂર છે. મારે મનથી તો કૌરવો અને પાંડવો બેઉ સમાન છે. જેનાથી બેઉ પક્ષનું હિત સધાતું હોય એવો કોઇ માર્ગ તમે બધા મળીને વિચારી કાઢો તો સારૂં." ×

કૃષ્ણ બોલી રહ્યા એટલે બલરામ બોલવા ઉભા થયા.

---

× ઉદ્યોગપર્વ, ૧-૧૩, ૧૮. ૫-૩.

તેમણે કહ્યું કે "દુર્યોધન ઘણોજ બળવાન રાજા છે. એથી કરીને તેને કોઈ પણ કારણસર નારાજ કરવો એ ઠીક નથી. મીઠાં વચનથી બળવાન વ્યક્તિને રાજી કરીને પોતાનું કામ કાઢી લેવું એજ ડહ્યા માણસનું કામ છે. વળી સ ચું પૂછાવો તો યુધિષ્ઠિરે પોતાનીજ કસૂરને લીધે રાજ્ય ગુમાવ્યું છે. એમાં દુર્યોધનનો આપણે શો વાંક કાઢીએ?"

તેમને અધવચ બોલતા અટકાવીને સાત્યકિ ઉભો થઇને તડૂકી ઉઠ્યો: × "દુર્યોધને યુધિષ્ઠિરને દગો દઇને હરાવ્યા છે, માટે બધો વાંક તેનોજ છે. યુધિષ્ઠિરની કશીજ કસૂર નથી. મારે ખાસ કહેવાનું તો એ છે કે કદી કોઈ બળીઆએ માત્ર મીઠાં મીઠાં વચન ઉપરથી કોઈ નિર્બળને તેનું રાજ્ય અને ઐશ્વર્ય પાછાં સોંપી દીધાં હોય એવો એક પણ દાખલો મને બતાવશો? કોઇ પણ રાજકર્તાએ પોતાનો સ્વાર્થ બગાડીને પારકાનું ભલું કર્યું છે? જે માગણીની પાછળ બળ નથી હોતું તે માગણીનું મૂલ્ય એક કોડી જેટલું પણ નથી. તેનું કશું વજનજ પડતું નથી. દુર્યોધનને મીઠાં મીઠાં વચન સંભળાવવાની, તેને મોટાભા કરીને આપણું કામ કઢાવી લેવાની બલરામ હિમાયત કરે છે તે નીતિ બિલકુલ વખોડી કાઢવા જેવી છે. શું આપણા બાહુમાં બળ નથી કે આપણે દુશ્મનની આગળ આટલા નીચા નમીએ અને જે આપણું પોતાનું છે તે પણ તેની આગળ ભીખ માગીને લઇએ? ભીખ માગવી એ તદ્દન ધર્મ વિરુદ્ધ છે અને અપયશ અપાવે છે." *

સાત્યકિનું ભાષણ પૂરું થયું એટલે દ્રુપદરાજા બેઉ તરફની ઢોલકી વગાડતા બોલ્યા કે "સાત્યકિ! તું કહે છે તે તદ્દન સાચું છે; તોપણ બલરામ જે કહે છે તે પણ ગેરવાજબી તો નથીજ. કારણ કે રાજનીતિ પ્રમાણે પ્રથમ તો બલરામ કહે છે તેવુંજ કરી જોવું જોઇએ. પરંતુ ગધેડા તરફ નમ્રતા બતાવવાનું

× ઉદ્યોગ પર્વ, ૨-૧૫.

* બલરામ આપણા અત્યારના લિબરલોના જેવાજ લાગે છે અને સાત્યકિ કયા પક્ષનો જણાય છે તે તેના બોલ કહી આપે છે. સાત્યકિની વીરવાણી ભારતના ભિખારી મનોદશાવાળા નેતાઓને કાને પહોંચે તો કેવું સારૂં? સેવાનંદ

અને બળદના ઉપર સખ્તાઈ કર્યાનું જેમ ઉલટું પરિણામ આવે છે, તેમ દુર્યોધન સાથે નમ્ર વ્યવહાર કર્યાનું પણ તેવુંજ ફળ આવનાર છે. કારણકે આપણી નમ્રતા તેની આંખે નિર્બળતાના જેવીજ દેખાશે. પરંતુ હવે વધારે ઢીલ કરવામાં સાર નથી; કેમકે દુર્યોધન તો યુદ્ધની તૈયારી કરવાજ લાગ્યો છે. સજ્જનોનો સ્વભાવજ છે કે જે પહેલો મદદ માગવા આવે તેને મદદ કરે. માટે એક બાજુએ આપણા મિત્રરાજાઓને ત્યાં દૂત મોકલીને આ યુદ્ધમાં તેમને આપણા તરફથી લડવા આવવાનું નિમંત્રણ કરવું અને બીજી બાજુએ આપણે કૌરવોની સાથે સુલેહ કરવાની પણ તજવીજ કરી જોવી; અને તે માટે હું મારા પોતાના પુરોહિતનેજ સંધિ કરવાને વાસ્તે આપણા દૂત તરીકે હસ્તિનાપુર મોકલવા તૈયાર છું."

કૃષ્ણ બોલ્યા:– "હે રાજા ! આપે ઘણીજ ડહાપણભરેલી સલાહ આપી છે; માટે ભલે આપ કહો છો તેમ થવા દો. આપણે અહીં લગ્નના પ્રસંગને લીધે આવ્યા હતા. લગ્નોત્સવ પૂરો થઈ ગયો છે. હવે આપણે પોતપોતાને ઘેર જઈએ. આપ બધા રાજાઓને ત્યાં દૂત મોકલાવ્યા પછી છેક છેલ્લે મારે ત્યાં મોકલજો."

પછી દ્રુપદ રાજાએ પોતાના પુરોહિતને સંબોધીને કહ્યું કે "મહાત્મન્ ! આપ વૃદ્ધ અને ચતુર છો. આપને શું કહેવા જેવું હોય ? દુર્યોધન લડાઈ કર્યા વગર રાજ્ય પાછું આપનારજ નથી એ હું સારી પેઠે જાણું છું તોપણ આપ ધૃતરાષ્ટ્ર રાજાની રાજસભામાં જઈને તેમની સાથે સંધિ થાય એવા બધાજ પ્રયત્નો કરી જોજો. તેમના પક્ષમાં જેઓ ધર્મથી ડરીને ચાલનારા હોય તેમને ધર્મનો ડર બતલાવજો. જેઓ દયાળુ દિલના હોય તેમની આગળ પાંડવોનાં દુઃખનું અને તેમની દુર્દશાનું વર્ણન કરીને તેમનાં દિલ પીગળાવજો. ત્યાં જેઓ ઘરડા ઘરડા હોય તેમની આગળ તેમના પૂર્વજોના વખતથી ચાલ્યા આવતા કુલધર્મની આણ સંભળાવજો. એ પ્રમાણે સૌને તમારા તરફ ખેંચી લેવાનો પ્રયત્ન કરજો. દુર્યોધનના પક્ષમાં જે જે હોય તેમનામાં અંદર અંદર ફાટફૂટ પડે એવી તરકીબ કરજો. આપ ત્યાં જ ઝા દિવસ રહેશો એટલે તેઓનું બળ કેટલું છે, કયી કયી બાબતમાં તેઓ નબળા છે તે બધું જાણી લેશો. વળી આપ ત્યાં રહેશો તેટલો વખત તો તેમનાથી યુદ્ધની તૈયારી પણ નહિ કરાય.

એટલી વારમાં યુધિષ્ઠિર પોતાના તરફથી લડાઈ કરવાની
તૈયારી કરી લેશે."

પછી સભા વિસર્જન થઈ. કૃષ્ણ, બળરામ અને સાત્
દ્વારકા ચાલ્યા ગયા. દ્રુપદ, વિરાટ અને યુધિષ્ઠિરે પોતપોત
મિત્રરાજાઓના દરબારમાં દૂત મોકલાવી દીધા અને તેમ
પોતાના પક્ષમાં રહીને લડવાનાં કહેણ મોકલ્યાં. દ્રુપદ અ
વિરાટની મદદથી પાંડવો યુદ્ધને લગતી તમામ તૈયારી કરવ
લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી સૈન્યની ભરતી કરવામાં અને
નવા ભરતી થયેલા સૈનિકોને તાલિમ આપવા લાગી ગયા.

## પ્રકરણ ૨ જું—બેઉ પક્ષને શ્રીકૃષ્ણની સહાય

એક વાર ધૃતરાષ્ટ્ર રાજા પોતાની સભા ભરીને બેઠો હતો
એવામાં એક જાસૂસે આવી ખબર આપી કે "રાજાજી! પાંડવો
તો વિરાટરાજ્યમાં રહે છે અને ત્યાંની રાજકુમારી સાથે અભિ
મન્યુનું લગ્ન પણ થઈ ગયું. વળી કૃષ્ણને પોતાના પક્ષમાં લેવા
માટે અર્જુન દ્વારકા જવા ઉપડી ગયો છે."

આ સમાચાર જાણીને દુર્યોધનના માથા ઉપર તો જાણે
વાદળાં વગરના નિર્મળ આકાશમાંથી એકાએક વીજળી જ તૂટી
પડી. કર્ણ, શકુનિ અને દુઃશાસને તેને વિવિધ પ્રકારની આશા-
ઓ બતલાવીને તેના મનમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવાનો
પ્રયત્ન કર્યો તેઓ બોલ્યા કે "અમે તો વિરાટ નગર પાસેના
યુદ્ધમાં જ અર્જુનને ઓળખી કાઢ્યો હતો." ત્યારે વિદુરે કહ્યું કે
"ઓળખ્યો તેમાં શું થઈ ગયું? તે પહેલાં ઘણા દિવસ અગાઉ
તેમના ગુપ્તનિવાસની મુદત પુરી થઈ ચૂકી હતી."

દુર્યોધન હવે વધારે વખત ન ગુમાવતાં તરત ઘોડા ઉપર
સ્વાર થઈને દ્વારકા જવા ઉપડી ગયો [illegible] પહેલો કૃષ્ણને ઘેર
[illegible] પહોંચ્યો તો [illegible] જેવું ન [illegible] ઘર
[illegible] ઊંઘતા હતા [illegible] આવ્યો [illegible]
હતું એટલે બન્ને દુર્યોધન [illegible] બીજા કોઈ આસન
એટલે આવી સારંગ [illegible] બીજો કોણ બેસે? તે તેના
પર બેસી ગયો પછી અર્જુન ત્યાં આવી પહોંચ્યો [illegible]

પગ આગળ બેસી ગયો.

થોડી વાર પછી કૃષ્ણે આંખ ઉઘાડી તો તેમની પહેલી નજર અર્જુન ઉપર પડી. ત્યાર પછી તેમણે દુર્યોધનને દીઠો. કૃષ્ણે બેઉને આવકાર આપીને કુશળ સમાચાર પૂછયા. પછી "તમે કેમ આવ્યા છો?" એવો સવાલ કર્યો.

દુર્યોધન જરાક હસીને બોલ્યો: "જે યુદ્ધની તૈયારી થઈ રહી છે તેમાં હું તમારી મદદ માગવા આવ્યો છું. સૌથી પહેલો હું તમારી પાસે આવ્યો છું. માટે તમારે મને મદદ કરવી જોઈશે."

કૃષ્ણે જવાબ દીધો: "તમે પહેલા આવ્યા હશો એ વાત સાચી; પણ મેં તો અર્જુનનેજ પહેલો દીઠો છે, એટલા માટે હું બેઉને મદદ કરીશ. વળી જે ઉમ્મરમાં નાનો હોય તેનીજ ઇચ્છા પહેલી પૂર્ણ કરવી એવો સંસારનો રિવાજ પણ છે. અર્જુન તમારા કરતાં નાનો માટે તેની ઈચ્છા પહેલી પૂર્ણ કરવી ઘટે."

પછી કૃષ્ણે અર્જુનને પૂછયું: "પાર્થ! હું ગમે તેના પક્ષમાં રહીશ તોપણ હાથમાં શસ્ત્ર પકડયા વગર નિર્લિપ્તપણેજ રહીશ. યુદ્ધમાં સીધો ભાગ લઇશ નહિ. માટે કાં તો નિઃશસ્ત્ર એવો હું અગર મારી બળવાન અને વિશાળ નારાયણી સેના, એ બેમાંથી તું ગમે તે એકને માગી લે."

અર્જુને તરતજ જવાબ દીધો: "હું તો તમનેજ માગી લઉં છું." એટલે દુર્યોધન બોલી ઉઠયો: "બહુ સારૂં. ત્યારે હું તમારી નારાયણી સેના લઉં છું." તે મનમાં એમ સમજ્યો કે લડાઇમાં તો યોદ્ધાઓનીજ જરૂર ને? કૃષ્ણને લઇને શું કરૂં? એટલે તો કૃષ્ણની નારાયણી સેનાને લઇને ખુશ થતો થતો તે હસ્તિનાપુર જવા ઉપડી ગયો, અને મનમાં ફૂલાવા લાગ્યો કે અર્જુન કેટલો મૂર્ખ કે તેણે એકલા કૃષ્ણનેજ માગ્યા!

કૃષ્ણે અર્જુનને પૂછયું કે "પાર્થ! હું આ લડાઇમાં નિઃશસ્ત્ર અને નિર્લિપ્તજ રહીશ એવું તો મેં તને કહ્યું હતું. છતાં તેં મનેજ કેમ માગી લીધો? મારા કરતાં મારી નારાયણી સેના માગી લીધી હોત તો વધારે સારૂં થાત." પાર્થે હસીને જવાબ દીધો કે "કૃષ્ણ! જે તમને ખરી રીતે ઓળખે છે અને જે તમારૂં રહસ્ય જાણી ગયા છે તે તો તમને છોડેજ કેવી રીતે? પણ હવે મારે એક વિનંતિ કરવાની છે. મને ઘણા વખતથી [illegible] છે કે આ યુદ્ધમાં તમેજ મારા સારથિ થાઓ, [illegible]

વચમાં થઈને મને મારે ખરે રસ્તે દોરવી જાઓ. બસ, એટલી-
જ મારી અભિલાષા છે અને તે તમે પૂર્ણ કરો એટલું માગી લઉં
છું." કૃષ્ણે હસીને કહ્યું: "બહુ સારું. તું કહે છે તેમ કરીશ."

મદ્ર દેશનો રાજા શલ્ય નકુલ અને સહદેવ, બેઉનો સગો
મામો અને સહદેવનો સસરો થતો હતો.× તે મોટું સૈન્ય
લઈને પાંડવોના તરફથી લડવા ચાલ્યો આવતો હતો. રસ્તા-
માં તેણે પોતાના સત્કારની ભારે તૈયારી કરી રાખેલી જોઈને તે
એમ સમજ્યો કે આ બધું પાંડવોનું જ કામ હોવું જોઈએ. એમ
સમજીને તેણે પરોણાગતનો અંગીકાર કર્યો. ત્યાર પછી ત્યાં
દુર્યોધને આવીને કહ્યું કે આ બધી ગોઠવણ તો મેં જ કરાવી
રાખી હતી." ત્યારે શલ્ય રાજાની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી
થઈ ગઈ. એક બાજુએ સગપણ અને બીજી બાજુએ પોતાના
ઉપર થયેલા ઉપકારનો ભાર. છેવટે તેણે માત્ર કૃતજ્ઞતાની લાગ-
ણીને તાબે થઈને દુર્યોધનના પક્ષમાં રહીને પોતાના સગા ભાણે-
જ અને જમાઈની સાથે પોતાના તમામ બળ અને ઉત્સાહથી
લડવાનું કબૂલ કર્યું. આ સગપણના કરતાં ઉપકારનો હક વધારે
છે એમ સમજીને તેણે પોતાના કર્તવ્યનો માર્ગ નક્કી કર્યો.*

---

× આદિપર્વ, ૯૫-૮

* આના પછીના ભાગમાં સંસ્કૃત મહાભારતમાં એક હકીકત
એવી આવે છે કે દુર્યોધનની અનુમતી લઈને એક વાર શલ્ય પાંડવોને
મળવા ગયો હતો. યુધિષ્ઠિરે તેની બધી વાત સાંભળી લીધા પછી તે
કૃતજ્ઞતાનો વિચાર કરીનેજ દુર્યોધનના પક્ષમાં ગયો છે તે યોગ્યજ
કર્યું છે એવું કહ્યું. પછી યુધિષ્ઠિરે પોતાના મામા શલ્યને કહ્યું કે
"તમે જરૂર કર્ણના સારથિજ થજો. તે વખતે તમે વાક્યબાણથી કર્ણનું
તેજ હરી લઈને અર્જુનને પૂરેપુરો સાચવી લેજો." શલ્યે એ વાત
કબૂલ કરી. આ બીના પાછળથી કોઈએ ઘુસાડી દીધી છે એવું લાગ-
વાથી અમે તેને પ્રસ્તુત પુસ્તકમાં સ્થાન આપ્યું નથી. એ વાત
સાચી હોય તો તેથી યુધિષ્ઠિર અને શલ્ય, બેઉના ચરિત્રની સાથે
તેનો મેળ થતો નથી. જો શલ્ય માત્ર કૃતજ્ઞતાનો વિચાર કરીને પોતાના
સગાની સાથે લડવા તૈયાર થયો તે પાછો ઉપકારના બદલામાં

# પ્રકરણ ૩ જું—સંજયનું દૂતકર્મ

હવે દ્રુપદ રાજાનો પુરોહિત દૂત બનીને હસ્તિનાપુર આવી પહોંચ્યો. તેણે આવીને જોયું તો દુર્યોધને અત્યાર આગમચ મોટું લશ્કર ભેગું કરી દીધું હતું. પુરોહિતે બેઉ પક્ષ વચ્ચે સંધિ થાય તે માટે ખૂબ પ્રયત્ન કરી જોયો, પણ તેનું કાંઈ વળ્યું નહિ. વૃદ્ધ ધૃતરાષ્ટ્રે તેને કહ્યું કે "આપ હવે અહીં ઝાઝું ન થોભતાં વહેલા વહેલા પાંડવોની પાસેજ જાઓ. હું તેમની સાથે સંધિ કરવા માટે મારા તરફથી સંજયને તમારી પાછળ પાછળજ મોકલું છું." વિરાટરાજાએ જે જે મતલબથી પોતાના દૂત દોડાવ્યા હતા તેમાંની એકકે બર આવી નહિ. તે વૃદ્ધ બ્રાહ્મણ પોતાના મન સાથે વિચારવા લાગ્યો કે "આ આંધળો કાંઇ વિરાટ રાજાથી ગાંજયો જાય એવો નથી." ઉપર કહ્યું તેવી રીતે પોતાના કાર્યમાં નાસીપાસ થઇને તે પુરોહિત ઉપપ્લવ્ય નગર તરફ પાછો ફર્યો.

ત્યાર પછી તરતજ સંજય ધૃતરાષ્ટ્રના દૂત તરીકે ત્યાં આવી પહોંચ્યો. તેના બે કાન પર બે કુંડળ ઝૂલતાં હતાં. પ્રથમ રાજા યુધિષ્ઠિર તથા બીજા બધાને અભિવાદન કરીને સૌની કુશળતાના સમાચાર પૂછ્યા પછી તેણે બોલવા માંડયું કે "હે રાજા ! વૃદ્ધ રાજા તમને મારી મારફતે કહેવડાવે છે તે સાંભળો. તે કહે છે કે તમે તો સર્વદા ધર્મમાંજ મતિ રાખનારા છો, અને ધર્મમાંજ આનંદ માનો છો. તો પછી પોતાના કુટુંબીઓનો વધ કરવાના પાપમાં પડવાનું તમને ઘટે ખરૂં ? પોતાનાજ દેશીભાઇઓનો અને સગાંવહાલાંનો નાશ કરવો એ તમારા

---

વિશ્વાસઘાત કરે એ સંભવિત નથી. વળી શલ્ય કર્ણનો સારથિ થવાનો છે એ વાત તે વખતે કોઈ જાણતું પણ ન હતું. આ બીના બન્યા પછી ઘણે વખતે દુર્યોધને શલ્યને કર્ણના સારથિ થવાનો સૌથી પહેલી વાર આગ્રહ કર્યો હતો. તેથી શલ્યને એટલું બધું અપમાન લાગ્યું હતું કે તે પોતાના સૈન્યને લઇને પોતાને દેશ ચાલ્યો જવા તૈયાર થયો હતો. પણ દુર્યોધને ખૂબ કાલાવાલા કરીને તેને ટાઢો પાડયો અને શલ્યે પણ ત્યારપછી દુર્યોધનના તરફથી મન મૂકીને યુદ્ધ કર્યું હતું તે બધું યથાસ્થાને કહેવાશે.


જેવા ધાર્મિક માણસનું કર્તવ્ય હોય ખરું ? આવા અધર્મના
યુદ્ધમાં હાથ નાખવો એ શું તમારે માટે યોગ્ય છે ? સગાં-
વહાલાંને મારી નાખ્યા પછી જીવતા રહેવું એ મૃત્યુ બરોબર
છે. ખાસ તો એટલા માટે કે તમે ક્રોધને વશ થઇને કદી પણ
કુકર્મ કર્યું નથી, ત્યારે હવે શા માટે તેવું કર્મ કરવા તૈયાર
થયા છો ? વળી ભીષ્મ, દ્રોણ, કૃપ અને કર્ણને કોઇથી હરાવી
શકાય એમ નથી તેનો પણ તમારે વિચાર કરવો જોઇએ. માટે
તમારે માટે તો ભોગતૃષ્ણા નહિ પરંતુ ક્ષમાજ ભૂષણરૂપ છે.”

યુધિષ્ઠિરે જવાબ દીધો કે “પ્રધાનજી ! આપ કહો છો તે
સત્ય છે. ધર્મજ સર્વથી શ્રેષ્ઠ છે એમાં તો સંદેહજ નથી. અધર્મ
વડે જો ત્રિભુવનનું રાજ્ય મળતું હોય તો તે મને ખપે નહિ. હું
ક્ષમા કરવા અને મને વીતેલાં દુઃખ અને અપમાનને વિસરી જવા
હમેશાં તૈયાર છું. અમે અમારું પૈતૃક રાજ્ય માગતા નથી.
વૃદ્ધ રાજા અમને માત્ર ઇન્દ્રપ્રસ્થનુંજ રાજ્ય પાછું આપે તો
પણ બસ છે. જો આ યુદ્ધ અધર્મનું યુદ્ધ હોત તો હું તેમાં કદી
હાથ ઘાલતજ નહિ. આ કૃષ્ણ પણ અહીં બેઠા છે. તેઓ કૌરવો
તેમજ પાંડવો બેઉના હિતેચ્છુ છે.* તેમનેજ પૂછી જુઓને કે
આ યુદ્ધ ધર્મયુદ્ધ ખરું કે નહિ ?”

ત્યારે કૃષ્ણ બોલ્યા કે “હે સંજય ! હું પહેલેથીજ કૌરવો
અને પાંડવો, બેઉનું હિત નિરંતર ઇચ્છતો આવ્યો છું. ×
પાંડવોને હું તો સંધિ કરવાનીજ સલાહ આપતો રહું છું. બેઉ પક્ષ
...ચે સુલેહશાંતિ સ્થપાય એવી મારા અંતરની ઉંડામાં ઉંડી
...ના છે પણ ધૃતરાષ્ટ્ર રાજા અને તેમના દીકરાના લોભનો પાર-
...થી તેઓ લોભને વશ થઇને કેવા કેવા અન્યાયભરેલા કર્મ
... આ લોકોનું રાજ્ય બથાવી પડ્યા છે ! તે રાજ્યની ફરીથી
...ન કરવા માટે, પોતાના દેશનો ઉદ્ધાર કરવા માટે તેમજ
...ની સમગ્ર જાતિના કલ્યાણને માટે

આવું યુદ્ધ તે તો ધર્મયુદ્ધજ છે. દુર્યોધન પાપી પ્રવૃત્તિરૂપી મહાન વૃક્ષ છે. કર્ણ તેનું થડ છે, શકુનિ તેની શાખા છે, દુઃશાસન તેનાં ફૂલ ફળ છે, અને અંધરાજ ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે. એથી ઉલટું યુધિષ્ઠિર રાજા ધર્મમય મહાવૃક્ષ છે. અર્જુન તેનું થડ છે. ભીમ તેની શાખા છે, નકુલ અને સહદેવ તેનાં ફૂલ ફળ છે, અને હું પોતે તેનું મૂળ છું. તમે પેલા પાપમય વૃક્ષને ખાતર આ ધર્મવૃક્ષ ઉપર કુહાડો મારવા ઇચ્છો છો તે તમારા જેવા ધર્માત્માને જરાએ છાજતું નથી.'

પણ સંજયે જે ક્ષમાની વાત છેડી હતી તેના પડઘા યુધિષ્ઠિર રાજાના હૃદયમાં વારે ઘડીએ ગાજવા લાગ્યા. છેવટે જ્યારે સંજય પાછો જવાની તૈયારી કરતો હતો ત્યારે યુધિષ્ઠિરે તેને એકાંતમાં તેડી જઇને કહ્યું કે "પ્રધાનજી! જો અમારા મોટા કાકા અમને અમારૂં સ્વરાજ્ય પાછું આપવા રાજી ન હોય તો છેવટે અમને કુશસ્થલ, વૃકસ્થલ, માકન્દી, વારણાવત અને બીજું એમને ગમે તે કોઇ પણ એક ગામ એટલાં પાંચ ગામ અમને પાંચ ભાઇઓને કાઢી આપે. અમે તેટલાથી પણ સંતુષ્ટ થઇશું. મારા ભાઇઓની સાથે લડવાની મારૂં હૃદયજ ના પાડે છે."



# પ્રકરણ ૪ થું—વિદુરનો હિતોપદેશ

રાત્રિ ઘણી વધી ગઇ છે. આખું હસ્તિનાપુર નગર નિઃશબ્દ અને નિદ્રાવસ્થ બની ગયું છે. માત્ર જેના માથા ઉપર આવડા મોટા વિશાળ સામ્રાજ્યનો બોજો છે અને જે અનુપમ ઐશ્વર્યનો અધીશ્વર છે તેની આંખમાં આજે નિદ્રા નથી. છેવટે તેનાથી જ્યારે કાંઈ કરતાં રહેવાયુંજ નહિ ત્યારે તેણે વિદુરને તેડાવી મંગાવ્યા અને કહ્યું કે "વિદુર ! મને આજે જરાએ નિદ્રા નથી આવતી. તમે મહાજ્ઞાની છો. કાંઈ સારી વાત સંભળાવો."

વિદુર બોલ્યાઃ "રાજાધિરાજ ! કોઇ નિર્બળના ઉપર બળવાન શત્રુ આક્રમણ કરતો હોય અથવા કોઇને પારકાના ધનનો લોભ લાગ્યો હોય તો તેવી વ્યક્તિઓની આંખમાંથી ઉંઘ ઉડી જાય છે. વળી ચોર, કામી અને જેનું સર્વસ્વ લુંટાઈ ગયું હોય એવાઓને ઉંઘ નથી આવતી. આપને તો એમાંનો કોઈ પણ દોષ લાગુ નથી પડતો ને ? યુધિષ્ઠિર ત્રણે લોકનો અધિપતિ થવાને યોગ્ય છે; છતાં આપે તેને વનવાસ હેવડાવ્યો અને તેની વિરુદ્ધમાં રોજ રોજ કાંઇ ને કાંઈ કર્યા જ કરો છો. આપ જન્મથી અંધ હતા તેથી આપ રાજા થઈ શકતા નથી, છતાં આવડું મોટું રાજ્ય આપ દબાવી બેઠા છો., અને એ રાજ્યના ઉપર જેઓનો ખરો હક છે તેમને આપે રઝળતા કર્યા છે ! આપે દુર્યોધન, શકુનિ, દુઃશાસન અને કર્ણના ઉપર આ બધા રાજ્યની જવાબદારી મૂકી દીધી છે. આપ હમેશાં તેમ જ કર્યું સાંભળો છો, અને તેમનુંજ પાણી પીધા કરો છો. ત્યારે પછી આપ આપના અંતઃકરણની શાંતિ જ કેવી રીતે કરી શકો ! જે મનુષ્ય પૂર્ણ બુદ્ધિમાન, દીર્ઘસૂત્રી, [illegible] અને [illegible] કોઈને પણ [illegible] [illegible]

[illegible]

પંડિત છે. શીત, ઉષ્ણ, ભય, સ્નેહ, લાભ, હાનિ, એમાંના કોઈથી પણ પોતાના કર્તવ્યમાર્ગમાંથી ભ્રષ્ટ ન થાય તે એકલોજ પંડિત છે. પોતે ઝટ સમજી ગયો હોય છતાં ઘણી વાર સુધી સાંભળ્યાજ કરે અને તેના ઉપર ઉંડો વિચાર કર્યાજ કરે અને માત્ર લોભને વશ થઇને કોઇ પણ કાર્યમાં હાથ ઘાલે નહિ તેનેજ પંડિત જાણવો. પંડિતો પ્રાપ્ત ન થઇ શકે એવી વસ્તુની અભિલાષા રાખતા નથી, તેમ પોતાના હાથમાંથી ગએલી વસ્તુનો શોક પણ નથી કરતા, અને વિપત્તિ આવી પડે ત્યારે ગભરાઇ પણ નથી જતા. એવા શાણા માણસો પોતાની શક્તિનો વિચાર કરીનેજ કામ ઉપાડે છે અને પોતાની શક્તિને અનુકૂળ હોય એવાં કામમાંજ માથું મારે છે. પોતેજ બધું કરતો હોય છતાં તે કામનો દોષ બીજા ઉપર ઢોળી દેતો હોય તે મૂર્ખ નહિ તો શું? જે માણસ પોતાની શક્તિ અને નબળાઇનું માપ કાઢયા વગર અલભ્ય વસ્તુ મેળવવાની ઇચ્છા રાખે તે મૂર્ખ નહિ તો બીજો કોણ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને માત્સર્ય, એ ષડ્રિપુને પોતાના કાબુમાં ન રાખી શકતો હોય તેના મંગલની આશાજ કેવી રીતે રખાય? અભિમાન, વધારે પડતો બકવાદ, લોભ, સ્વાર્થ, ક્રોધ અને મિત્રદ્રોહ, એ છનો જેણે ત્યાગ નથી કર્યો તેના આયુષ્યની સ્થિરતાનો ભરોસોજ શો? આપ એ બધા દોષથી દૂર રહો. આપ આપના રિપુઓનો જય કરીને પાંડવોને રાજ્યનો અડધો હિસ્સો પાછો આપો. તેઓ તો સદાએ આપની આમન્યા રાખતા આવ્યા છે."

અંધરાજ બોલ્યો: "અરે! મને ઉંઘ નથી આવતી. મારૂં આખું શરીર ધગધગી ગયું છે. આવી હાલતમાં મારૂં જેથી સારૂં થાય એવું કાંઇક કહો."

વિદુરે જવાબ આપ્યો કે "રાજાજી! જેના પરાજયને આપણે મનથી ઇચ્છતા ન હોઇએ તેને વગરપૂછયે પણ ખરી સલાહ આપવી જોઇએ. ભલે તે પછી તેને સાચી માનીને ગ્રહણ કરે અથવા જૂઠી માનીને તરછોડી કાઢે તેની સલાહ આપનારે પરવા કરવી જોઇએ નહિ. હું મારા મનથી કૌરવોનું ભલું ઇચ્છું છું. એટલા માટે જે વાત ધર્મયુક્ત અને ન્યાયસંગત છે તેજ હું તમને કહેતો આવ્યો છું. અમુક કામ કર્યાથી કેટલો લાભ છે અને ન કર્યાથી કેટલી હાનિ છે તેનો વિચાર કર્યા પછીજ

જે માણસ તે કાર્ય કરવા તૈયાર થાય છે તેજ બુદ્ધિમાન છે. દરેક કામને અધિકારી, વિષય, સંબંધ, પ્રયોજન અને પરિણામ, એ પાંચે બાબતો લાગુ પડેલીજ હોય છે. એ પાંચેનો પાકો વિચાર કર્યા વગર એકાએક કોઇ પણ કામમાં ઝંપલાવવું એ ડહાપણ ન કહેવાય. પોતાના હાથમાં રાજસત્તા આવી છે માટે પોતાની મરજીમાં આવે એવાં અન્યાયી કામ કરાયજ નહિ; કારણકે સ્વચ્છંદીપણે વર્ત્યાથી ગમે તેવા ઐશ્વર્યવાનનો પણ નાશ થયા વિના રહેતો નથી. પશુઓને પારધિનો જેવો ભય લાગે તેવો ભય જે પ્રજાને તેના રાજાનો લાગતો હોય તે રાજાનો થોડાજ વખતમાં અંત આવ્યોજ જાણવો. જે પારકાનાં સુખ સાહેબીને જોઇને અદેખાઇથી બળી જળી જાય છે તેના વ્યાધિનો કદી અંત આવતોજ નથી. દારૂની, વિદ્યાની અને પોતાના ઉંચા કુળની ટેક કરતાં-બધી જાતની ટેક કરતાં-ઐશ્વર્યની ટેક વધારે આકરી છે અને વધારે નુકસાનકર્તા છે; કારણકે જેને પોતાના ઐશ્વર્યનો નશો ચઢી જાય છે તેનું સામટું અને પૂરેપૂરૂં અધઃપતન થયા વગર તેને શુદ્ધિ આવતીજ નથી. માટે પ્રથમ તો પોતાની જાતનેજ પોતાનો કટ્ટો શત્રુ ગણીને તેને જીતી લેવી જોઇએ. જે પોતાની જાતથી જીતાતો નથી તે બધેજ વિજયી થાય છે. આ શરીરરૂપી રથના સારથિને ઠેકાણે આત્મા છે અને ઇંદ્રિયો તે રથને જોડેલા ઘોડાને ઠેકાણે છે. ધીર અને અપ્રમત્ત આત્મા કુશળ સારથિની પેઠે ઇંદ્રિયોરૂપી ઘોડાને સહિસલામત રસ્તેજ હાંકી જાય છે અને આ સંસારના માર્ગ ઉપર થઇને પરમસુખથી ચાલ્યો જાય છે. વિફરી ગએલા ઘોડા જેમ આવડત વગરના સારથિને રસ્તા વચ્ચે અફાળી મારે છે, તેમ નિરંકુશ ઇંદ્રિયો અસાવધ પુરુષનો વિનાશ કરે છે. તેનું પતન થવાજ બેઠું છે, તેની બુદ્ધિનો પ્રથમ લોપ થાય છે, પછી અસત્ કર્મને સત્કર્મ માની લે છે, ઉપરે પોતે અશુભ કર્મ કરવા લાગે છે અને જે સત્કર્મ છે તેને અસત્કર્મ સમજીને તેનાથી વેગળો રહે છે હવે એવા માણસના કલ્યાણની આશા શી રીતે રખાય ?"

ત્યારે અંધરાજ બોલ્યોઃ "વિદુર ! એ બધું ખરૂં, પણ મારા હિતની વાત કરો." તે ઉપરથી વિદુરે પણ કહેવા માંડ્યું કે "હે નૃપરાજ ! તમામ તીર્થોનાં દર્શન કરવા અને પ્રાણીમાત્ર

ભલું કરવું, એ બેમાં ઉત્તમ કયું ? પોતાના સ્વાર્થની સાધના અને અચળ કીર્તિની સ્થાપના, એ બેમાંથી શ્રેષ્ઠ શું ? પ્રહ્લાદનો જન્મ તો અસુરના કુળમાં થયો હતો. તેને આ જગત છોડી ગયે કેટલાંએ વર્ષ વહી ગયાં છતાં તેનો યશ આજ દિન સુધી અખંડ શાથી રહ્યો છે ? એક દિવસ તેનો પુત્ર વિરોચન જેને પોતાના ઐશ્વર્યનો મદ ચઢયો હતો તેણે એક ગરીબ પણ વિદ્વાન બ્રાહ્મણની સાથે સ્પર્ધા કરવા માંડી. તે કહેવા લાગ્યો કે હું તારા કરતાં શ્રેષ્ઠ છું. પેલો ગરીબ બ્રાહ્મણ, જેનું નામ સુધન્વા હતું તે બોલ્યો કે નહિ હું ગમે તેવો પણ તારા કરતાં શ્રેષ્ઠ છું. બેઉ ચડસાચડસી પર આવી ગયા અને તેમણે સરત મારી કે જે હારે તે જીતનારનો દાસ થાય. હવે પોતાની તકરારનો ન્યાય કોની પાસે કરાવવો ? બ્રાહ્મણ બોલ્યો: "આ કામમાં તો તારા પિતા પ્રહ્લાદજ ઘણા યોગ્ય છે. અસુર વિરોચન તો આથી ખુશ ખુશ થઇ ગયો. તે એમ સમજ્યો કે મારો બાપજ મારૂં નહિ રાખે ત્યારે કોણ રાખશે ? પછી બેઉ જણ પ્રહ્લાદ પાસે ગયા. પોતાને શી તકરાર છે તે બધું પુત્રે પિતાને સમજાવી દીધું અને તેને પોતાના તરફ વાળવાના ઈરાદાથી તેમણે શી શરત મારી હતી તે પણ કહી. પણ પિતાએ પુત્રનું ભલું કરવાને વાસ્તે પોતાના તેમજ તેના સ્વાર્થ ઉપર નજર ન કરી, પુત્રસ્નેહથી તેની ન્યાયવૃત્તિ ડગી નહિ, અને પુત્રનો પક્ષ લઇને તેણે અધર્મ આચરણ કર્યું નહિ. દાસત્વમાંથી પોતાના પુત્રને બચાવી લેવાનો તેણે વિચારસરખો પણ કર્યો નહિ. પ્રહ્લાદે નિષ્કપટપણે જવાબ આપ્યો કે 'પુત્ર! તું આવડા મોટા વિશાળ રાજ્યનો વારસ અને રાજકુમાર છે તોપણ આ નિર્ધન પણ વિદ્વાન બ્રાહ્મણની તોલે તું નજ આવી શકે. વિદ્યાનું માન સૌથી વધારે છે.' મહારાજ! આપ પણ આપના પાપી પુત્ર તરફ નજર ન કરતાં સત્ય, ન્યાય અને ધર્મ તરફ નજર કરો; તેમ નહિ કરો તો તમારા પુત્ર, પૌત્ર અને અમાત્યોની સાથે તમારો જરૂર નાશ થશે."

વિદુરે આટલી બધી શિખામણ દીધી પણ અંધરાજ હતો તેવો ને તેવોજ રહ્યો.

એવ.માં ત્યાં મહર્ષિ સનત્સુજાત આવી પહોંચ્યા. ધૃતરાષ્ટ્ર રાજાએ તથા વિદુરે તેમનો ભાવપૂર્વક સત્કાર કર્યો.

તે પોતાને આસને બેઠા પછી અંધરાજના પ્રશ્નના ઉત્તરમાં બોલ્યા કે "રાજા ! મૃત્યુ એટલે શું તે તમે જાણો છો ? પ્રમાદ અથવા અજ્ઞાન એજ મૃત્યુનું કારણ છે; તેજ પ્રમાણે અપ્રમાદ અને જ્ઞાન એ અમૃતત્વનું કારણ છે. લોકો અજ્ઞાનને વશ થઈને કુમાર્ગે વળે છે અને તેથી મૃત્યુના મુખમાં જઈ પડે છે. લોભ, ક્રોધ, અસૂયા, ઈર્ષા, દ્રોહ, મોહ, નિર્લજ્જતા અને કટુ વચન બોલવાની ટેવ, એમાંથી એક પણ દુર્ગુણ જો મનમાં ઘર કરે છે તો તેનાથી પ્રથમ શરીરનો નાશ થાય છે અને પછી મૃત્યુ આવીને ઉભુંજ હાયુ.* કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેથી જેનું મન મુક્ત છે તેને મૃત્યુ શું કરી શકનાર છે ? દમ, ત્યાગ અને અપ્રમાદ, એ ત્રણ મુક્તિનાં સાધન છે. જેઓ દુનિયાદારીની દૃષ્ટિએ નિર્ધન હોવા છતાં ધર્મની દૃષ્ટિએ ધનવાન છે તેઓજ સાચા શ્રીમંત છે. જેણે પોતાના મનને વશ કર્યું છે, જે જગત-નું ભલું કરવાના કામમાંજ રચ્યો પચ્યો રહે છે, અને જે કોઈ પણ સંજોગોમાં શોક મોહ વગેરેથી ચલાયમાન થતો નથી તેનું-જ ચિત્ત શુદ્ધ થયું છે, બીજાઓનું નહિ. જે પોતે જેવો હોય તેના કરતાં દુનિયાની આગળ જુદોજ હોવાનો દેખાવ કરે છે તે આત્મવંચક ચોર છે. તે બીજાને નહિ પણ પોતાની જાતનેજ છેતરે છે. તેના બહુરૂપીના જેવા વેશથી બીજા કોઇ છેતરાતા નથી."

આ પ્રમાણે વાતો કરતાં કરતાં છેક સવાર થઈ ગઈ. બીજે દહાડે સવારે કૌરવોની રાજસભામા સંજય હાજર થયો. તેણે સંધિ કરાવવાને માટે પોતાના તરફથી ખૂબ પ્રયત્ન કર્યો. બોલતાં બોલતાં તે એકાએક મૂર્છિત થઇને ભોંય પર ઢળી પડયો. તે સાંભળીને ધૃતરાષ્ટ્ર કહેવા લાગ્યો કે "પાંડવોની મોઢા મોઢાની બહાદૂરીની વાતો સાંભળીને સંજયને મૂર્છા આવી ગઇ લાગે છે."

ભીષ્મદેવે પણ સુલેહ કરાવવાને માટે ખૂબ આગ્રહ કર્યો. છેવટે તેમણે દુર્યોધનને કહ્યું: "અલ્યા ! તું એક સાધારણ રથ હાંકનારનો છોકરો કર્ણ, શકુનિ અને પાપી દુઃશાસનની અક્કલે ચાલીને લડાઈ કરવા કૂદી રહ્યા છે; પણ યાદ રાખજે, છેવટે તારે-જ પસ્તાવું પડશે." તે ઉપરથી કર્ણ બોલી ઉઠયો: "આપ

* ઉદ્યોગપર્વ, ૫૨-૩૬. મહાભારતમાં મહર્ષિ સનત્સુજાતના ઉપદેશ બીજે ઘણે ઠેકાણે છે. આ પુસ્તકમા તે બધાને યથાસ્થાને ગોઠવ્યા છે, તેથી ફરીને અત્રે તેની પુનરુક્તિ નથી કરી.

[illegible] ન કરો તો તે સારું કરતા નથી. હું [illegible] [illegible] કરશે [illegible] તારે [illegible] પણ [illegible] [illegible] પાંચે પાંડવો [illegible] કરી નાખીશ. [illegible] [illegible] દિવસ સુધી વેર [illegible] [illegible] કરવાની વાત કેવી? એવું કંઈ નહિ બને." [illegible] [illegible] કહ્યું, તો બોલ્યા : "[illegible] [illegible] ત્યારે [illegible] વાતો કરે છે કે હું [illegible] [illegible] પણ કોઈને ખબર નથી કે પાંડવોના [illegible] [illegible] નથી. [illegible] [illegible] આવી [illegible] [illegible] [illegible]."

[illegible] [illegible] [illegible]

# પ્રકરણ ૫ મું—કૃષ્ણનું દૂતકર્મ

હેમન્ત ઋતુ બેઠી છે. કાર્તિક માસ ચાલે છે. ઝાઝી ગરમી પણ નથી તેમ ઝાઝી ઠંડી પણ નથી. આકાશ વાદળાં વગરનું સ્વચ્છ હોઈ સુંદર નીલવર્ણું શોભાયમાન દેખાય છે. ધરતી માતા લીલાછમ હરિયાળા પાકરૂપી મનોહર લીલી સાડી સજીને બેઠી છે. પક્ષીઓ પણ આનંદથી ઉન્મત્ત બનીને મધુર કલરવ કરતાં ઉડાઉડ કરી રહ્યાં છે. કમળ, કુમુદ, કલ્હાર વગેરે પુષ્પો વડે સરોવરો શોભી રહ્યાં છે. સુગંધથી ભરેલા શીતળ વાયુની કોમળ લહરિઓ ચાલી આવે છે. રસ્તાઓ પણ કાદવ અને ધૂળ વગરના સ્વચ્છ બન્યા છે. આજે કુદરત આટલી પ્રફુલ્લ થાય છે તેનું શું કારણ? કૃષ્ણ સ્વદેશના હિતાર્થે કૌરવોની સભામાં જવા નીકળ્યા છે તેટલા માટે પ્રકૃતિનો આનંદ માતો નથી? તેટલા માટે આજે તેણે મનોહર વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં હશે?

યુધિષ્ઠિરરાજાને ખબર પડી ગઇ કે કૌરવો તો પાંચ ગામડાં પણ આપવાના નથી. ત્યારે તેમણે કૃષ્ણને કહ્યું કે "હે કૃષ્ણ! ત્યારે અમારે અમારા સ્વદેશને માટે અમારા ભાઈઓને અને વડીલોનેજ હણવા એમ? સ્વદેશ! અમારા પ્રાણાધિક પ્રિય સ્વદેશ! તું બધીજ વખત પરાયાના પગ તળે છૂંદાતોજ રહે એ અમારાથી કેમ સહન થાય? જેઓ ચિરકાળથી સ્વતંત્ર હતા તેઓ સદાને માટે પરાધીન થઈ રહે એ વાત પણ અસહ્ય છે. વળી વેર વડે વૈરીને જીતી શકાય છે? શું ક્રોધ વડે ક્રોધની શાન્તિ થાય છે? નહિજ. બીજી બાજુનો વિચાર કરીએ છીએ ત્યારે એવું થાય છે કે આગ ને આમ અમારી જીવનયાત્રા પણ કેવી રીતે નીભાવવી? 'આજે ઘરમાં અન્ન નથી, હવે શું ખાઇશુ?' આવી આવી ફિકરચિંતામાં અમારે ક્યાંસુધી દહાડા કાઢવા? એના કરતાં વધારે શોચનીય દુર્દશાની અમે કલ્પના પણ નથી કરી શકતા. કૃષ્ણ! તમેજ અમારા મદદગાર છો, તમેજ અમારા આશ્રયસ્થાન છો. અત્યારે અમને અમારૂં કર્તવ્ય શું છે તે સમજાવો, અમને સાચી સલાહ આપો."

કૃષ્ણ બોલ્યાઃ "હે રાજા! સ્વદેશનો ઉદ્ધાર કરવો એ એટલું પવિત્ર કાર્ય છે કે તેના જેટલું બીજું કોઇ પણ કાર્ય પવિત્ર

નથી. તેની સરખામણીમાં સગાંઓની હત્યા અને લોકોના જાન-ની ખુવારી એ કશીજ ગણત્રીમાં નથી. અહો! સ્વતંત્રતા! સ્વતંત્રતાની તોલે કોણ આવી શકે? સ્વદેશના ઉદ્ધારને માટે-સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે તમારે જે કાંઇ કરવું પડે તે બધુંજ કરવાનો તમારો ધર્મ છે. તેને માટે લડવું પડે તો લડવું એ તમારી ફરજ છે. એવે પ્રસંગે યુદ્ધ કરવું એ ધર્મ છે, અને યુદ્ધ ન કરવું એ અધર્મ છે. વળી દુર્યોધન વગેરેએ જે જે અન્યાય કર્યા છે, નહિ કરવાનાં કામ કર્યાં છે અને અત્યાચાર કર્યા છે, તે જોતાં તેઓ બધા મૃત્યુનેજ પાત્ર છે.× તોપણ આ યુદ્ધમાં તમેજ ચોક્કસ જીતશો એવું હું અનુમાન કરીને કહી શકતો નથી.* વળી તમે શાન્તિના પૂરેપુરા પક્ષપાતી છો અને સગાંઓને મારવાથી તમે અત્યંત નારાજ છો તેથી હું એક વાર કૌરવોની સભામાં જઇને તમારી બેઉની વચ્ચે સન્ધિ કરાવવાની બનતી કોશિશ કરી જોઇશ, જેથી કરીને તમારૂં અને કૌરવોનું બેઉનું ભલું થાય એવું કરવાને વાસ્તે હું તનમનથી મહેનત કરીશ. પુરુષ-પ્રયત્નથી જેટલું થઇ શકશે તેટલું તો હું અવશ્ય કરીશ, પણ જે દૈવને આધીન છે તે કામ તો મારાથી લેશમાત્ર નહિ થાય.÷ તે પાપીઓ લોભ–મોહને વશ થઇને તમને તમારો સ્વદેશ, તમારૂં સ્વરાજ્ય પાછું આપે એવા તો નથીજ, છતાં જો હું સંધિ કરાવવામાં સફળ થાઉં તો તેથી હું ભારતને ભારે વિનાશમાંથી ઉગારી શકું અને સુલેહના સ્થાપનાર તરીકેની અક્ષય કીર્તિનો [illegible] થાઉં. હું નિષ્ફળ જાઉં તોપણ ઓછામાં ઓછો મને એટલો તો લાભ છેજ કે આ યુદ્ધનો દોષ પછી કોઇથી મારા ઉપર મૂકી શકાશે નહિ. કોઇ એમ તો નહિજ કહી શકે કે "કૃષ્ણ સમર્થ હતા છતાં તેણે કૌરવ અને પાંડવો વચ્ચેનું યુદ્ધ ન જ અટકાવ્યું."

તે સાંભળીને યુધિષ્ઠિર રાજા બોલ્યાઃ "આપ શત્રુઓના [illegible] તમને [illegible] મારી [illegible] નથી. દુર્યો-ધન વગેરે [illegible] તમને [illegible] કરી બેસે તો પછી [illegible] જિંદગી

* [illegible]

[illegible]

[illegible]

[illegible]

ભર પસ્તાવુંજ પડે ને? અમારો આનંદ, અમારું જીવન તમેજ છો. તમારા વગર અમને અમારું જીવન ખારું ઝેર લાગે. અમારાથી જીવી શકાય પણ નહિ.”

કૃષ્ણે જવાબ દીધો: “એ બાબત તમારે ચિંતા કરવી નહિ. બધા કૌરવો ભેગા થાય તોપણ તેઓ મારો એક વાળ પણ વાંકો કરી શકશે નહિ.”

પછી ભીમ અને અર્જુન બેઉ કૃષ્ણને કહેવા લાગ્યા કે “તમે તેમ કરીને સન્ધિ કરાવી દેજો. સગાંવહાલાંને મારવાનું તે વળી કોને ગમે?”

આ વચન સાંભળીને દ્રોપદીના મર્મસ્થાનમાં જાણે ઉંડો જખમ થયો હોય એવું તેને લાગી આવ્યું. આંખોમાંથી ચોધાર આંસુ ટપકાવતી તે કૃષ્ણની આગળ દીનતાપૂર્વક ઉભી રહીને બોલવા લાગી: “કૃષ્ણ! તમે દયામય છો; પણ રખે કૌરવો ઉપર દયા કરતા. એ પાપીઓ તમારી દયાને લાયક નથી. જે વ્યક્તિ હણવા યોગ્ય ન હોય તેને હણવાથી જેમ પાપ લાગે છે, તેમ હણવા યોગ્ય વ્યક્તિને નહિ હણવાથી પણ પાપ લાગે છે.* આ અગત્યની વાત આજે મહાબળવાન પાંડવો ભૂલી ગયા છે. તેમને યુદ્ધ કરવાની ઇચ્છા નથી! તેમના હૃદયમાં સ્વદેશનો ઉદ્ધાર કરવાની વાસના જાગ્રત થતી નથી! તેઓ તેમના અનુપમ સમૃદ્ધિશાળી સામ્રાજ્યના બદલામાં પાંચ નાનકડાં ગામડાં લઇને આખું જીવન પારકાની તાબેદારી કરવામાં અને પરાયાની ઠોકરો ખાવામાં ગાળવા ઇચ્છે છે! નહિ, નહિ: હું એમને મારા પતિ માનતી નથી. તેમના જેવા નામર્દ માણસો મારા પતિ ન થઇ શકે.” આટલું કહીને તે થોડી વાર ચૂપ રહી અને પછી પાછી ખીજવાએલી વાઘણની પેઠે બોલવા લાગી: “કૃષ્ણ! તમે બેઠા છો અને છતાં મારા શૂરવીર પતિઓ સ્વદેશનો ઉદ્ધાર કરવા કમ્મર ન કસે? તેમની કીર્તિ ઉપર શું કાયરતાના ડાઘા કાયમનાજ રહી જવાના? હું તમને કહું છું કે તમે જરા પણ નબળાઇ બતાવશો નહિ અને કૌરવો અમારું સ્વરાજ્ય પૂરેપૂરું પાછું ન આપે ત્યાંસુધી તમે તેમની સાથે સંધિ કરવાની વાતજ ન કરતા. અરે! આ પાપી પાંડવો તાકડું તેમણે કરેલ અત્યાચાર નથી કર્યો! આ જ તેર તેર વર્ષ થયાં તેઓ... ઝ.ટ ઝ.ટ

* ઉદ્યોગપર્વ ૮૧, ૧૮. શાન્તિપર્વ, ૧૪૨–૨૩.

અને પાને પાને રવડયા છે અને એવું એક પણ દુઃખ નથી કે જે તેમને માથે ન વીત્યું હોય. અને હું ? હું કોણ ? હું રાજકુમારી, રાજરાણી અને વીર પુત્રોની માતા ! અને તે બધા ઉપરાંત, ઓ કૃષ્ણ ! હું તમારી પ્રિય સખી, છતાં પેલો દુષ્ટ દુઃશાસન મારો આ ચોટલો પકડીને મને ઘસડતો ઘસડતો રાજસભામાં ખેંચી લાવ્યો.” એમ કહીને તે કૃષ્ણની પાસે જઇને પોતાનો કાળો ભમ્મર જેવો વાંકડી લટોવાળો છટો ચોટલો પોતાના ડાબા હાથમાં પકડીને અશ્રુથી છલકાતી, દુઃખ અને દીનતાભરી નજરે કૃષ્ણની સામે તાકીને તે ચોટલો તેમને બતાવતી ઉભી રહી. તેમ કરીને તેણે કૃષ્ણનાં એકે એક મર્મસ્થાન વીંધી નાખ્યાં અને તીવ્ર મનોવેદનાથી તેમને આકુળવ્યાકુળ કરી દીધા. આટલું કર્યા પછી પાછી દ્રૌપદી બોલવા લાગી કે “જે પાંડવોએ પોતાના શરણે આવેલાને કદી તરછોડયો નથી તેમણે મારો પોતાનોજ, તેમની ચિરકાળની શરણાગતનો તે ભયંકર આફતની ઘડીએ ત્યાગ કર્યો, મારી વ્હાર કરી નહિ અને ઉઘાડી આંખે મારૂં અપમાન જોઇ રહ્યા ! ધૂળ પડી ભીમસેનના બળ ઉપર અને ધૂળ પડી અર્જુનના પુરુષત્વ ઉપર. જે દુષ્ટ પાપીઓએ મારા ઉપર આટઆટલો જુલમ ગુજાર્યો, મારા ઉપર બળાત્કાર કરીને મને સતાવી, તેમના ઉપર દયા કેવી ? જો ખરેજ, તમને મારી દયા આવતી હોય અને મને તમારી પ્રિય સખી ગણતાજ હો તો તમે એ પાપીઓને યોગ્ય સજા કરો. જો પાંડવો એ પાપીઓને તાબે થવા અને તેમની સાથે સંધિ કરવા તૈયાર થયા હોય તો ધર્યા રહ્યા. હજી મારો ઘરડો બાપ જીવતો બેઠો છે. હજી મારા મહાબળવાન પરાક્રમી ભાઈઓ હયાત છે; મારા સિંહનાં બચ્ચાં જેવા પાંચ દીકરાઓ ઉભા છે. મારો શૂરવીર અભિમન્યુ જોયો છે ? પાંડવો પોતાનું શૂરાતન ગુમાવી બેઠા હોય તો તેમને ખરતા મૂકો. તમે મારા પિતા, મારા ભાઇ અને મારા દીકરાઓને સાથે લઈ મારૂં વેર લેજો અને એ પામરોને તેમનાં પાપની પૂરેપુરી સજા કરજો. તે નરાધમ દુઃશાસનનો તેજ ગોઝારો હાથ કપાઈને લોહી અને ધૂળમાં રોળાતો હું મારી આંખે નહિ જોઉં ત્યાં સુધી મારા હૈયાને હાશ વળવાની નથી અને કોટી ઉપાયે મારા હૈયાની એ આગ હોલાવાની નથી. ઓ કૃષ્ણ ! જયારે જયારે કોઇ સન્ધિ કરવા-

ની વાત કાઢે ત્યારે તમે મારો આ ચોટલો યાદ કરજો.” એમ
કહીને તે વળી પાછી કૃષ્ણને પોતાનો ચોટલો બતાવવા લાગી.

તે જોઇને કૃષ્ણનું હૃદય વીંધાઇ ગયું. તેમણે દુઃખથી
કંપતા સ્વરે કહ્યું કે “સખિ! હવે તું રડવાનું મૂકી દે. તારા
રડવાના દિવસ હવે પૂરા થયા છે. આજે તું રડે છે પણ આવતી
કાલે કૌરવીઓને તારા કરતાં વધારે દુઃખથી હાહાકાર કરવાનો
વારો આવનાર છે. હું તને ખાત્રી આપું છું કે તારા પતિઓજ
થોડા વખતમાં તેમના શત્રુઓને જીતીને પાછા રાજા થશે.”

પછી કૃષ્ણ હસ્તિનાપુર જવા તૈયાર થયા. જતી વખતે
બોલ્યા કે “દુશ્મન નિર્બળ છે એમ જાણીને તેના તરફ બેદરકાર
તો ન જ રહેવું જોઇએ.” પછી તેમના કહેવાથી તેમના બેસવા-
ના રથમાં શંખ, ચક્ર, ગદા, બાણનો ભાથો, શક્તિ તથા બીજાં
આયુધ જેની તેની જગ્યાએ મૂકવામાં આવ્યાં.÷ સાત્યકિ અને
બીજા દસ શસ્ત્રધારી મહારથીઓ, એક હજાર હથિયારબંધ સ્વારો
અને એક પાયદળ સૈન્ય તેમના અંગરક્ષક તરીકે તેમની સાથે
જવા માટે તૈયાર થઇને ઉભાં રહ્યાં.+ જેટલા રથ સાથે લઇ
…વાના હતા તે બધામાં જાતજાતનાં અસ્ત્રશસ્ત્ર ભરી દીધાં. આ
…માણે આગળથી પૂરેપુરી સાવચેતી કરી લઇને પોતાના બચાવને
…ટે પૂરતી તૈયારી કર્યા પછી, કૃષ્ણ હસ્તિનાપુર તરફ ઉપડી ગયા.

આ બાજુએ ધૃતરાષ્ટ્ર રાજાને તેના જાસૂસોએ ખબર
…દીધી કે કૃષ્ણ હસ્તિનાપુર તરફ આવે છે. તેણે સભામાંજ
…નને કહ્યું કે “બેટા! કૃષ્ણ પુરુષોત્તમ અને પૂજનીય છે.
…, વીર્ય, પ્રભા અને પ્રતાપના અદ્વિતીય આધાર છે. તેમનું
…સન્માન કરજે. તેમના ઉતારાને માટે, તથા સુખ અને
…ી માટે રસ્તામાં થોડે થોડે અંતરે તંબુ ઉભા કરાવજે અને
…ના પ્રકારની ખાનપાનની વસ્તુઓ તથા તમામ જાતનાં
…સવનાં સાધનો તૈયાર રખાવજે. વળી તેમના માનમાં
…ર નગરને પણ રૂડી રીતે શણગારાવજે. કૃષ્ણની સ્વારી
…ઢુંક આવે એટલે તું અને તારા બધા ભાઈઓ ખૂબ
તેમનું સાન્નિધ્યું કરજો. કૃષ્ણને રાજી કરીશ તો તારા
…ય પૂર્ણ થશે.”

÷ …પર્વ, ૮૩-૧૨,૧૩
+ …પર્વ, ૮૪-૧,૨.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

માટે ભાત ભાતની વસ્તુઓનો સંભાર હાજર કરી દીધો.

આ બાજુએ કૃષ્ણ હસ્તિનાપુર તરફ ખૂબ ત્વરિત ગતિથી ચાલ્યા આવતા હતા. તેના માર્ગમાં ચારે બાજુએ લીલાછમ ચારથી ઉભરાતાં હરિયાળાં ખેતરો, સુંદર સુંદર વાડીઓ, નિર્મળ જળથી ભરેલાં મોટાં મોટાં સરોવરો, સુખી લોકોથી ભરપૂર અસંખ્ય ગામડાં, અનાજના જ્યાં ઢગના ઢગ ખડકયા હતા એવા કસ્બા, હવેલીઓથી શોભી રહેલાં શહેરો અને હૃષ્ટપુષ્ટ દૂધાળાં ઢોરથી ભરચક પ્રદેશ જોતા જોતા કૃષ્ણ આગળ વધ્યેજ જતા હતા. દુર્યોધને તેમની પરોણાગતને માટે ઠેકાણે ઠેકાણે જે તૈયારી કરી રાખી હતી તેના તરફ નજર પણ ન કરી. તે તો જ્યાં આગળ સાંજ પડતી ત્યાંજ પોતાનો તંબુ ઉભો કરાવતા અને તેમની સાથે આવેલા રસોઈઆ નોકર તેમને ચારૂ જે રાંધતા તે ખાઇને રાતવાસો રહેતા. તેમનો જ્યાં જ્યાં મુકામ થતો ત્યાંની સ્ત્રીઓ આવી આવીને તેમને સુગંધીદાર જંગલનાં ફૂલો અર્પણ કરતી × ત્યાંના ઋષિમુનિઓ તથા તે તે ગામોમાં વસતા બ્રાહ્મણો તેમનું દર્શન કરવા આવતા. કૃષ્ણ તેમનું યથા-યોગ્ય સન્માન કરતા. કેટલાકના આગ્રહને વશ થઇને તેમને ઘેર જઇને પણ કૃષ્ણ તેમની ઇચ્છા પૂર્ણ કરી આવતા.÷ તે તો હમેશાંજ સૌનું ભલું કરવાને તત્પર રહેતા. આ પ્રસંગે ખાસ દયાની લાગણીથી પ્રેરાઇને ભારતનું હિત જાળવવાના ઉદ્દેશથી સંધિ કરાવવા જતા હતા.* આવા મહાનુભાવ પુરુષ ઉપર કોને પ્રેમ ન ઉપજે અને કોણ તેમનું સન્માન ન કરે?

હવે આખું હસ્તિનાપુર નગર નાના પ્રકારનાં પુષ્પો અને પલ્લવોનાં ચિત્રવિચિત્ર તોરણોથી, પુષ્પની અને રત્નોની માળા-ઓથી તથા રંગબેરંગી ધ્વજ-પતાકાથી શણગારાઇ ગયું હતું. અસંખ્ય સ્ત્રીપુરુષો પોતપોતાના સારામાં સારા વસ્ત્રાલંકાર પહેરીને સડકો ઉપર સજધજ સજી ઉભાં હતાં. હવેલીઓની અગા-શીઓ, બારીઓ, ગોખ અને ઝરૂખા અસંખ્ય સુંદરીવૃન્દથી ભરપૂર થઇ ગયાં હતાં. જ્યાં નજર કરો ત્યાં શહેરની સુંદરીઓનાં સુશોભિત મુખમંડળજ દેખાતાં; તેથી જાણે અસંખ્ય ગુલછડીઓ

× ઉદ્યોગ પર્વ, ૮૪-૧૪

÷ ઉદ્યોગ પર્વ, અ૰ ૮૪

* આદિપર્વ, ૧-૧૭૫. ૨-૨૯૧. શલ્ય પર્વ, ૩૫-૫.

ગાઉના ગાઉ સુધી ખીલી ન નીકળી હોય એવો દેખાવ થ રહ્યો હતો. કૃષ્ણના સામૈયામાં ભીષ્મ, દ્રોણ, વિદુર, સંજય કૃપાચાર્ય અને ધૃતરાષ્ટ્રના સોએ સો પુત્રો સૌની આગળ ચાલતા હતા. નગરના દરવાજા આગળ તેમણે કૃષ્ણને આવકાર આપ્યો ત્યાં જે કોઇ હાજર હતા તે બધાનાં નેત્રો તેમના ઉપર ઠરી ગયાં. પછી કૃષ્ણની સ્વારી નગર વચ્ચે થઇને ધૃતરાષ્ટ્ર રાજાના અતિવિશાળ રાજમહેલના ચોથા ચોગાનમાં આવી પહોંચી ત્યાં આગળ પોતાના રથમાંથી ઉતરીને કૃષ્ણ કૌરવોની સભામ પેઠા. તેમને જોઇને ધૃતરાષ્ટ્ર અને બીજા બધા એકદમ માનભે ઉભા થઇ ગયા. કૃષ્ણને બેસવા માટે સુવર્ણનું મનોહર આસ આપ્યું. તેમણે પણ સૌની સાથે યથાયોગ્ય સૌજન્યપૂર્વક વાર્તા લાપ કર્યો. એ રીતે સૌની સાથે થોડીક વાર વાતચીત કર્ય પછી કૃષ્ણ ધૃતરાષ્ટ્રની રજા લઇને વિદુરના રમણીય ઘરમાં ગયા. *

એજ ઘરમાં કુન્તીદેવીએ છેલ્લાં ચૌદ વર્ષ કાઢયાં હતાં કુન્તી કૃષ્ણના દાદા શૂરસેનની પુત્રી થાય. શૂરસેને પોતાના એ સંતાન વગરના મિત્ર કુન્તીભોજને પોતાની દીકરી દત્તક આપે હતી, તેથી કરીને તે કુન્તીભોજને ઘેર તેની દત્તકપુત્રી તરીકે ઉછરી હતી. વૃદ્ધ થઇ ગએલી કુન્તીદેવી કૃષ્ણની કોટે વળગીને રડવા લાગી. કૃષ્ણે તેને સાંત્વન આપતાં કહ્યું કે "ફોઇબા! તમારા દીકરા ઊંઘ, આળસ, ભય, ક્રોધ, હર્ષ, ભૂખ, તરસ, ટાઢ, તાપ એ બધાંને જીતીને અસાધારણ વીરપુરુષો થઈ ગયા છે. વીર પુરુષોને કાં તો અતિશય સુખ ગમે અથવા અતિશય કષ્ટ ગમે. માત્ર સહેલાણી જીવડાઓને–નામર્દોનેજ વચલી અવસ્થામાં જે કાંઇ થોડું ઘણું મળી આવ્યું તેથી સંતોષ થાય છે. એ દુઃખનું અને અવનતિનું મૂળ છે. કાં તો વનવાસ અને કાં તો રાજ્યપ્રાપ્તિ, એ બેઉ ઉન્નતિની સરણી છે અને સુખનું નિદાન છે."

ત્યાંથી ઉઠીને કૃષ્ણ દુર્યોધનની હવેલીએ ગયા. તે ગગન-ચુંબી રાજમહેલ નાના પ્રકારના મનોહર રાચરચીલા અને રત્નાલંકાર વડે શણગારયેલો હતો. તે વખતે દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન, એ ચાર જણ કોઇક બાબતને વિષે અંદર અંદર છુપી મસલત ચલાવી રહ્યા હતા. કૃષ્ણને આવતા જોઇને તેઓ ઉભા થયા અને તેમનું સ્વાગત કર્યું. કૃષ્ણ પણ

* દિવાન [illegible]

તેમને સૌને ભેટયા પછી એક સુવર્ણના આસન ઉપર બેઠા.

દુર્યોધને કૃષ્ણને પૂછ્યું: "આપને માટે ભાતભાતની રસોઈ કરાવી રાખી છે છતાં આપ તેમાંથી કશું ચાખતા નથી એનું શું કારણ ? આપે તો કૌરવો અને પાંડવો બેઉને મદદ કરવાનું કબૂલ કર્યું છે, અને મદદ આપી પણ છે. વળી અત્યારે આપ બેઉનું હિત જાળવવાને માટેજ પધાર્યા છો. તેથી આપ તો અમારા પણ પ્રીતિપાત્ર છો."

કૃષ્ણે સ્મિત કરીને જવાબ આપ્યો કે "હું અત્યારે દૂત તરીકે આવ્યો છું. દૂત લોકો જ્યાં જાય ત્યાં પોતાના કાર્યમાં સફળ થાય તોજ ભોજન કરે છે. હું પણ જો મારા કાર્યમાં સફળ થઇશ તો તમારે ત્યાં ઘણી ખુશીથી જમીશ."

દુર્યોધને કહ્યું: "યદુવંશની સાથે અમારા કુટુંબનો ઘણો જૂનો સંબંધ છે તે રીતે પણ અમે આપનું પૂજન કરવાનો અધિકાર ધરાવીએ છીએ."

કૃષ્ણે ફરીથી હસીને કહ્યું કે "હું કામ, ક્રોધ, અર્થ, લોભ, હિંસા અથવા હેતુવાદની ખાતર કદી પણ મારા ધર્મને છોડી શકતો નથી.* લોકો જ્યારે પારકાને ઘેર જમે છે ત્યારે બેમાંથી ગમે તે એક કારણ હોય છે–કાં તો જમાડનારના પ્રેમને લીધે અથવા કોઇ વિપત્તિમાં ફસાઈ જવાથી. મારા ઉપર હજી કોઇ જાતની વિપત્તિ પડી નથી, અને પ્રેમની વાત કરીએ તો મારે કહેવું પડશે કે આજ સુધીમાં તમે એવું એક પણ કાર્ય નથી કર્યું કે જેથી હું તમારા ઉપર રાજી થાઉં. પાંડવો તો તમારા ભાઈઓ છે, તમને અનુસરનારા છે, સર્વગુણસંપન્ન છે; આમ છતાં તમે લોકો તેમની વિનાકારણ જિંદગીભર હિંસા કરતાજ આવ્યા છો. જેઓ પાંડવોને ચાહે છે તેઓ મનેજ ચાહે છે, એમ હું માનું છું. ધર્માચરણ કરનારા પાંડવો સાથે હું મારી જાતનો સંપૂર્ણ અભેદ માનું છું. જે માણસ કામ અને ક્રોધને વશ થઇને ગુણવાન વ્યક્તિની સાથે બાખડી બાંધે છે–તેની ચાલુ હિંસા કર્યાજ કરે છે તેને પંડિતો અધમ પુરુષ કહે છે. જે માણસ પોતાની ઇન્દ્રિયોનો દાસ બનીને, ક્રોધ અથવા મોહને આધીન થઇને પોતાના સદ્‌ગુણયુક્ત કુટુંબની સંપત્તિ છીનવી લેવાનીજ પ્રવૃત્તિ કર્યા કરે છે તે ઝાઝા દિવસ પોતાની સંપત્તિ-

* ઉદ્યોગપર્વ, ૯૧-૨૪.

નો પણ ઉપભોગ કરી શકતો નથી. એથી ઉલટું જે બુદ્ધિમાન માણસ સદ્‌ગુણસંપન્ન વ્યક્તિને તેને પ્રિય લાગે એવાં કામ કરીને વશ કરી લે છે તેનો યશ દીર્ઘકાળસુધી ટકી રહે છે. માટે આ બધાનો તમે વિચાર કરી જુઓ તો સારૂં. તમે બદદાનતથીજ મને જમાડવા ઈચ્છો છો, પણ હું તમારા ઘરના અન્નનો એક દાણો પણ ચાખનાર નથી. હું જમીશ તો એકલા વિદુરને ઘેરજ જમીશ."

થોડી વાર ચૂપ રહ્યા પછી કૃષ્ણ વળી જરાક હસીને કહેવા લાગ્યાઃ "ધનવાન લોકો મને ઈચ્છતા નથી; એટલા માટે તેઓ મારાથી વેગળા ને વેગળાજ રહે છે. જેમની પાસે કાંઈ નથી હોતું તેઓજ મને ચાહે છે અને મને પ્રાપ્ત કરે છે. હું તેઓને પ્રિય છું અને તેઓ મને પ્રિય છે."×

પછી ત્યાંથી ઉઠીને કૃષ્ણ વિદુરને ઘેર પાછા આવ્યા અને ત્યાં તેમણે પવિત્ર અન્નનું ભોજન કર્યું. રાત્રે વિદુરે તેમને કહ્યું: "કૃષ્ણ ! તમે હસ્તિનાપુર આવ્યા તે ઠીક નથી કર્યું. દુર્યોધન એવો દુષ્ટ છે કે કોઈ તેના ઉપર ઉપકાર કરે તો તેના ઉપર સામો ઉપકાર કરવાની વાત તો બાજુએ રહી, પરંતુ તેનો ઉલટો અપકાર કરે એવો છે. તમે તેના ફાયદાની વાત કહેશો તોપણ તે સાંભળવાનો નથી. ભીષ્મ, દ્રોણ અને કર્ણની મદદથી પોતે જરૂર સંગ્રામમાં જીતશે એવી તેને ખાત્રી થઈ ગઈ છે. તે ઉપરાંત વળી ભરતખંડના મોટા મોટા રાજાઓમાંથી ઘણાખરા તેનાજ પક્ષમાં લડવા આવ્યા છે. એ બધા રાજાઓ અગાઉ તમારી સાથે લડી લડીને ખુવાર થઈ ગયા છે હવે તમારા ભયને લીધે કર્ણની સાથે સત્કાર કરીને તેઓ દુર્યોધનનો આશ્રય લેવા આવ્યા છે. એવું કોઈ કામ નથી કે જે તેઓ ન કરી શકે. તમે આવા ભયંકર શત્રુઓના સમૂહમાં જાઓ [illegible] [illegible] પણ [illegible] નથી."

કૃષ્ણે કહ્યું: "[illegible]

[illegible]

કારણ કે સગાં સગાં જ્યારે લડી મરવા તૈયાર થયાં હોય ત્યારે તેમનો જે મિત્ર તેમને લડતા અટકાવવાનો પ્રયત્નજ ન કરે તેને ડાહ્યા માણસો તેમનો મિત્ર કહેશે નહિ. વળી ખરું જોતાં આ લડાઈમાં વિપત્તિના ભોગ કૌરવોજ થનાર છે. તેઓ મારા મિત્રો છે. જે માણસ પોતાની વિપત્તિમાં ઘેરાએલા મિત્રને ઉગારવાનો પ્રયત્ન ન કરે તે અત્યંત અધમ છે. એટલા માટે ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રોના હિતને અર્થે પાંડવોના ઉપર ઉપકાર કરવાને માટે તેમજ સમગ્ર ભારતવર્ષના હિતનો વિચાર કરીને હું સંધિ કરાવવા આવ્યો છું. સંધિ કરાવવા માટે હું મારા બધાજ પાસા અજમાવી જોઇશ; મારા તનમનથી પ્રયત્ન કરી છૂટીશ. આ સર્વનાશ કરનાર યુદ્ધમાંથી જે વ્યક્તિ ભારતવર્ષને ઉગારી લેશે તે અક્ષય કીર્તિ પ્રાપ્ત કરશે. મને સફળતા નહિ મળે તોપણ હું મારી ફરજ બજાવી ચૂક્યો છું એમ જાણીને પણ મારા મનને આનંદ થશે. આજ પછી એમ તો કોઇ નહિ-જ કહે કે કૃષ્ણ સમર્થ હતો છતાં તેણે કૌરવ–પાંડવને લડી મરતા અટકાવવાનો પ્રયત્નજ ન કર્યો. કદાચ દુર્યોધન મારી વિરુદ્ધમાં ન કરવા જેવું કંઇ કરી બેસે તો તેમાં આપ ડરો છો શામાટે ? અરે ! સિંહ જેમ ક્ષુદ્ર પશુઓનો સહેલાઈથી સંહાર કરે છે, તેમ હું એ કૌરવોનો અને તેમની પાંખમાં ભરાએલા તમામ રાજાઓનો સંહાર કરીને અહીંથી ચાલતો થઈશ."

વિદુરે કહ્યું: "ભલે, પણ એટલી ખાત્રી રાખજો કે દુર્યોધન જીવતો રહેશે ત્યાંસુધી પાંડવોને તેમનું રાજ્ય પાછું આપવાનો નથીજ. વળી જ્યાંસુધી પેલો પાપી ધૃતરાષ્ટ્ર હયાત હશે ત્યાંસુધી તે પાંડવોના તરફ પાપાચરણ કરતાં પણ અટકવાનો નથી. તેમને ઠેકાણે લાવવાનો યુદ્ધ સિવાય બીજો એકે ઉપાય છેજ નહિ."×

એમ કરતાં રાત્રિ પૂરી થઇ. કૃષ્ણે સવારમાં વહેલા ઉઠીને સ્નાન વગેરે નિત્યકર્મમાંથી પરવારીને પોતાના ઉત્તમ વસ્ત્રાલંકાર પહેર્યા. દુર્યોધન અને શકુનિ તેમને કૌરવોની સભામાંથી તેડવા આવ્યા હતા; પણ કૃષ્ણ પોતાનાજ રથમાં બેઠા. વિદુર એજ રથમાં તેમની એક બાજુએ બેઠા. સાત્યકિ વગેરે મહારથીઓ પોતપોતાના રથમાં ચઢીને અને પાયદળની ટુકડીના સિપાઇઓ

× ઉદ્યપર્વ, ૨૪–૩૭, ૩૮, ૩૯.

[illegible]

અપરાજિતા પુષ્પના સરખો તેમનો અપરાજિત, મનમોહક
મેઘશ્યામ વર્ણ, નિરંતર સ્મિત ભર્યું તેમનું આનંદથી પ્રફુલ્લિ-
ત રહેતું તેમનું પ્રસન્ન વદનમંડળ, વિશાળ અને અતિ તેજસ્વી
નેત્રયુગલ, સુશોભિત દંતપંક્તિ, ચંદનથી અર્ચાયેલો બલિષ્ઠ દેહ,
વિશાલ વક્ષસ્થળ, ભરાવદાર, ગોળ અને ઘૂંટણ સુધી પહોંચે એવા
દીર્ઘ બાહુ. એ બધું જોઈને સભાજનો મુગ્ધ થઈ ગયા. તેમણે
આજે અંગ ઉપર પીળું પીતાંબર પહેર્યું હતું, ગળામાં મનોહર
વન પુષ્પોની માળા લટકતી હતી, તેમની વચમાં સર્વશ્રેષ્ઠ કૌસ્તુ-
ભમણિ ઝૂલી રહ્યો હતો અને જાણે સર્વને અભયદાન આપતો
હોય તેમ તેનો નિર્મળ પ્રકાશ ચારે દિશાઓ ફેંકતો હતો. જેણે
આ અપૂર્વ શોભાનું દર્શનજ કદી કર્યું નથી તે તેનું કેવી રીતે
વર્ણન કરી શકે ?

આખું સભાગૃહ શાંત સ્તબ્ધ બની ગયું હતું અને કૃષ્ણ
હવે શું કહે છે તે સાંભળવા ઉત્કંઠિત બનીને એકાગ્ર મનથી રાહ
જોતું હતું. પછી નયનનંદન જનાર્દને મેઘની ગર્જના જેવા
બળીષ્ઠ પ્રૌઢ પ્રતાપયુક્ત સ્વરે, સભામાં બેઠેલા સૌ સારી રીતે
સાંભળી શકે એમ ધૃતરાષ્ટ્રને સંબોધીને બોલવા માંડ્યું:—

“રાજાજી ! હું કૌરવો અને પાંડવો, બેઉ પક્ષના હિતનો
[વિ]ચાર કરીને, તેમના બેઉના મંગલની કામના કરીને આપની
[પા]સે આવ્યો છું. બેઉ પક્ષ વચ્ચે સુલેહ થાય એવી મારી અત્યંત
[...]ણ અભિલાષા છે. હું આપને વિશેષ શું કહું ? એ બાબતમાં
[...]ાંઇ જાણવા જેવું છે તે આપ જાણો છો જ. શું કરવાથી
[...]નું શુભ થાય તે પણ આપને વિદિત છે. આપનો વંશ
[...]અને સજ્જનતાનો, ક્ષમા અને દયાનો આધાર છે તેમ તમામ
[...]ન હોઈ સર્વના ભૂષણરૂપ છે. આખા ભારતમાં આપના
[...]ધાન સૌથી શ્રેષ્ઠ અને સૌથી વિશેષ ગૌરવશાળી છે. આથી
[...]ે વંશમાંનો કોઈ પુરુષ અન્યાયી આચરણ કરે અને
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible] કષ્ટ અને ક્લેશ વેઠતા આવ્યા છે. તે
છતાં પણ તેમણે આપને પ્રતિકૂળ હોય એવું આચરણ કર્યું
નથી. આપની આજ્ઞા તેઓ [illegible]. તેઓ પહેલેથી [illegible]
[illegible] આપની આજ્ઞાનું પાલન કરતા આવ્યા છે. આપના પુત્ર
[illegible] પોતાના ભાઈઓ અને મિત્રો ઉપર જે ક્રૂર
[illegible] કરી રહ્યા છે તેને અટકાવશો તો આપનો ધર્મ છે.
[illegible] તો બીજો કોણ અટકાવશે? આપ આપના
[illegible] પાંડવોને દુઃખ પાડવાનું આપે [illegible]
[illegible] આપના ધર્મનો વિચાર કરતા હો તો તેમને
[illegible] કરવાની આપની ફરજ થઈ પડે છે
[illegible], તેમનું રાજ્ય આપે પાછું આપી દેવું
[illegible] દૃષ્ટિ કરીને વિચાર કરો તો
[illegible] આપને લાભ છે; [illegible]
[illegible] આપ આનંદ ભોગવી શકશો
[illegible] આપની ખાતરી થશે કે તેમના [illegible]
[illegible] દિલથી આપ નિશ્ચિન્ત [illegible]
[illegible] પ્રતિપાદિત ભક્તિ આપની [illegible]
[illegible] ન કરી શકશો અને આપનું [illegible]
[illegible] અર્પણ કરી શકશો. માટે [illegible]
[illegible] વિચાર કરતા આપને [illegible]
[illegible]

[illegible]

પરિણામ ન આવે અને ભારતના નૃપતિમંડળનો વિનાશ ન થાય એવું કાંઈક કરો. આ બધા ભેગા થએલા રાજાઓ એકબીજાના મિત્રો થાય અને એક પંગતે બેસીને પ્રીતિભોજન કરીને, આપનું આતિથ્ય પામીને સાજા સમા પોતપોતાને દેશ જાય એવું કરો. આપ આપના હૈયામાં સદ્‌ગુણને સ્થાન આપશો તો આપ આખા ભારતવર્ષને, ભારતવર્ષના સમગ્ર માનવ-સમાજને જીવનદાન આપશો.

"પાંડવો તો આપની સેવા કરવા પણ તૈયાર છે અને આપની ઇચ્છાજ હશે તો લડવા પણ તૈયાર છે."

આ સાંભળીને બેવકૂફ દુર્યોધન ખડખડાટ હસી પડયો.× પણ એના સિવાય બીજા બધા રોમાંચિત થઇ ગયા અને ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

કૃષ્ણે પોતાના ભાષણમાં પ્રથમ અંધરાજની સ્તુતિ કરી, તેની દયાની યાચના કરી, ત્યાર પછી તેને ધર્મ, અર્થ અને કામ અનુક્રમે સમજાવ્યા અને છેવટે ભવિષ્યના બનાવોનું સૂચન કરીને તેને ધમકી પણ આપી દીધી. તેની સાથે સાથે યુદ્ધ કરવાના ઉદ્દેશથી એકઠા થએલા રાજાઓને પણ ભવિષ્યમાં શું થનાર છે તેની ચેતવણી આપી દીધી.

પરશુરામ, નારદ વગેરે જે જે મહર્ષિઓ ત્યાં હાજર હતા તેમણે સૌએ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને સમજાવવામાં બાકી રાખી નહિ. તેમણે કહ્યું કે "છળકપટ, બળજોરી, અભિમાન, હિંસા અને શઠતા વડે કોઇ કદી જીત્યોજ નથી, અને કદાચ જીત્યો હોય તોપણ તેનો વિજય લાંબો વખત ટકી રહ્યો નથી; માટે જે તમારામા હમણાં કહ્યા તે દુર્ગુણો હોય તો તેમનો ત્યાગ કરીને તમારે ધર્મનું અનુસરણ કરવું જોઇએ."

તે સાંભળીને દુર્યોધન વળી પાછો કર્ણની સામે જોઇને મોટેથી હસી પડયો અને પોતાના હાથ સાથળ ઉપર ઠોકી ઠપ ઠેકતો ગયો અને બેઉ પગ નચાવતો ગયો. પછી પોતાની કમર લટકાવીને અત્યંત કઠોર સ્વરે મહર્ષિઓને કહેવા લાગ્યો: "ઇશ્વર મને જેવી બુદ્ધિ પ્રેરે છે તે પ્રમાણે હું વર્તું છું. તમારે મારે માટે આવો બકબકાટ કરવાનું કાંઈ કારણ!" = તેનું આવું

× ઉદ્યોગપર્વ, ૧૪૮-૧૫

= ઉદ્યોગપર્વ, ૧૦૫-૩૦, ૩૬, ૪૦

વર્તન જોઇને અને આવા અસભ્ય ઉદ્‌ગાર સાંભળીને સૌને ઘણું જ માઠું લાગ્યું. કૃષ્ણનું પોતાનું દિલ પણ ઘણુંજ દૂભાયું.

ધૃતરાષ્ટ્રે પછી કૃષ્ણને જવાબ દેતાં કહ્યું કે "કૃષ્ણ ! તમે જે કહો છો તે બધું ખરૂં છે. તમારા વાક્યનું ખંડન કરવાની કોનામાં તાકાત છે ? પણ હું લાચાર છું. મારો આ દુષ્ટ દીકરો મને ગાંઠતો નથી પછી હું શું કરી શકું ?* તે હમણાં બોલ્યો તે તમે પણ સાંભળ્યું ને ? ત્યારે તમેજ તેને ન સમજાવો ?"

એટલે કૃષ્ણ ત્યાંથી ઉઠીને દુર્યોધનની પાસે ગયા અને તેને મધુર સ્વરે કહેવા લાગ્યા કે "હે રાજા ! આપ યુદ્ધ કરવાનો દુરાગ્રહ લઈ બેઠા છો, પણ યુદ્ધમાં જાનનું જોખમ છે તેનો આપે વિચાર કર્યો છે કે ? આપ આપના પુત્રો, મિત્રો અને સહાયકોનો વિચાર કરો. રખે આપને ભવિષ્યમાં 'કુલ–નાશક' કહીને લોકો આપની નિંદા ન કરે. જેને આપે આપનું કર્તવ્ય માની લીધું છે તે તો નીચ કુળના, પાપી, ઘાતકી અને નિર્લજ્જ લોકોજ કરી શકે એવું છે. જો આપ આપનું પોતાનું કલ્યાણ ચાહતા હો, આપના ભાઇઓ, સેવકો અને મિત્રોની સલામતી ઇચ્છતા હો તો આપ અસાધારણ બળવાન, પરાક્રમી અને શૂરવીર પાંડવોની સાથે એકદમ સુલેહ કરી દો. તેમ કરવાથી આપ આપના મનની તમામ કામનાઓ પૂર્ણ કરી શકશો. આપ આપનાં માતપિતાના ઉપદેશને માથે ચડાવો. એજ સપૂતનો ધર્મ છે. જે પોતાનાં માતાપિતા અને સાધુ સજ્જન તથા હિતસ્નેહીઓના હિતોપદેશને તુચ્છકારીને નઠારા માણસોની અવળી સલાહે ચાલે છે, તેને આખરે પસ્તાવુંજ પડે છે. આપે પાંડવોને કેટલા સતાવ્યા છે, તેમનું કેટલું અપમાન કર્યું છે તેનો જરા વિચાર કરો. છતાં તેમણે આપના તરફ કદી પણ કાંઈ કર્યું નથી. તેઓ હમેશાં આપના તરફ સદ્‌વ્યવહારજ કરતા આવ્યા છે. ત્યારે આપે પણ તેમના તરફ સદ્‌વ્યવહારજ કરવો જોઈએ. [illegible]

[illegible]

તો તમારા આખા વંશનું કલ્યાણ થશે અને વળી આખા ભારતવર્ષનું પણ મંગલ થશે."×

પછી ભીષ્મદેવ દુર્યોધનને કહેવા લાગ્યા કે "બેટા! જુઓ, કૃષ્ણ તો તમારા બેઉ પક્ષના મિત્ર છે. મિત્રો મિત્રો વચ્ચેનો ટંટો પતી જાય અને બેઉ વચ્ચે સુલેહ થાય એવું તે ઇચ્છે છે; તેથીજ તેમણે તને ખૂબ શિખામણ દીધી છે. તેમનું કહ્યું માની જા. તેમનું કહ્યું નહિ માને તો તારૂં કદાપિ ભલું થવાનું નથી. તારાં માતપિતા, વિદુર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, સંજય બધાજ તને સુલેહ કરવાનું કહે છે. હું પણ તેજ કહું છું. તારૂં જેથી હિત થાય એવુંજ અમે કહીએ છીએ. તું અમારી સલાહ પ્રમાણે નહિ ચાલે તો તું અને તારા ભાઇઓ બધાએ માર્યા જશો અને ભારતવર્ષની રાજલક્ષ્મીને પણ તમે દેશપાર કરશો."÷

ત્યાર પછી દ્રોણાચાર્ય દુર્યોધનને સમજાવવા લાગ્યા. તેમણે કહ્યું: "કૃષ્ણ અને ભીષ્મદેવ બેઉ મહાજ્ઞાની, ઉદાર અને બહુશ્રુત છે. વળી તેઓ ખાસ કરીને તમારા પરમ હિતેચ્છુઓ છે. તેમનું કહ્યું તમારે માનવું જોઇએ. તમે કર્ણનું કહ્યું માનીને લડાઇ કરવા ટમટમી રહ્યા છો, પણ તે તમને કદી પણ વિજય અપાવી શકવાનો નથી. એટલું લખી રાખજો કે જે સૈન્યમાં કૃષ્ણ અને અર્જુન હશે તેને કોઇથી જીતાવાનું નથી."=

તેમ છતાં પણ દુર્યોધન તો એકનો બે થયોજ નહિ અને હું તો કદી સુલેહ નહિ કરૂં, એવો દુરાગ્રહ લઇ બેઠો. ત્યારે વિદુર અત્યંત મર્મવિદ્ધ સ્વરે કહેવા લાગ્યા કે "દુર્યોધન! મને તારે માટે તો જરાએ લાગતું નથી. મને લાગે છે તારાં માતા-પિતાને માટે. તેમના દુઃખનો વિચાર કરતાં મારૂં હૃદય ભરાઇ આવે છે. તેમને સહાય કરનાર તારા જેવો દુશ્મન દીકરો મળ્યાથી તેઓ જરૂર અસહાય થઈ જવાનાં છે. તેમને તારા જેવો પાપી, કુલનાશક અને કપૂત દીકરો મળ્યાથી તેઓ મિત્ર અને અમાત્ય વિનાનાં, અનાથ ભિક્ષુક જેવાં પાંખો કપાઇ ગએલા પંખીની માફક હાહાકાર કરતાં વને વને રઝળતાં થશે તેનો વિચાર મારે માટે અસહ્ય છે. હું તો એટલા માટેજ સંધિ

× ઉદ્યોગપર્વ, ૧૨૪-૧૯.
÷ ઉદ્યોગપર્વ, ૧૨૫-૫.
= ઉદ્યોગપર્વ, ૧૨૫-૧૪.

[illegible]

દૂતધર્મને કહીને પોતાના હથિયારબંધ સૈનિકોની ટૂકડી
સભાગૃહના દરવાજાની સામેજ વ્યૂહબદ્ધ સ્વરૂપમાં ગોઠવા
દીધી અને બીજીજ પળે તેમના તમામ પ્રકારનાં અસ્ત્રશસ્ત્ર
ભરેલા રથ ઘરઘરાટ કરતા ત્યાં આવી લાગ્યા.× આટલું કર્યા
પછી તેમણે અંધરાજને દુર્યોધનના કાવત્રાની ખબર આપી.

કૃષ્ણ બોલ્યા: "રાજાજી! આપના પાપી પુત્રોનો તેવોજ
નિશ્ચય હોય તો ભલે તેમના નિશ્ચયને તેઓ અમલમાં મૂકી જુએ.
હું તો ઉલટો તેમ કરવાને તેમને રજા આપુ છું. તેઓ અહં-
કારથી છકી ગયા છે. આજ ઘડીએ હું તેમના અભિમાનના
ભૂકા ઉડાવી દઇ શકું છું. પણ તેમ કરવું એ મારો ધર્મ નથી."

આ સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજાએ પોતાના દીકરાને ફરીથી
બોલાવી મંગાવ્યો અને તેને કહ્યું: "શું મહાબળવાન માધવને
બળજબરાઇથી કેદ કરવા ઇચ્છે છે? શું એ સંભવિત છે? તારા
જેવા મૂર્ખ સિવાય આવું અસાધ્ય કામ કરવા બીજો કોણ
તત્પર થાય? શું હાથ વડે પવનને પકડી શકાશે? હથેળી વડે
અગ્નિને ઘેરી લેવાશે? માથા ઉપર આખી પૃથ્વી ઉંચકી શકાશે?
વિદુર કહે છે કે કૃષ્ણ જેને વશ થાય છે તે વસ્તુ આપણા
ઘરમાં નથી. માટે બાપુ! જરા ટાઢો પડ."

પછી વિદુરે તેને કહ્યું કે "તેં જે યુક્તિ રચી હતી તેને
જો તેં અમલમાં મૂકી હોત તો પતંગિયું જેમ દીવામાં પડીને
ભસ્મ થઇ જાય છે, તેવી આજે તારી દશા થઇ હોત; અને
પાંડવો આખું રાજ્ય નહિ પણ તારૂં બધુંજ રાજ્ય અને ઐશ્વર્ય
સહેલાઇથી પોતાને હાથ કરી લેત. વાહ! તને જેવું સલાહ
આપી તેણે સોનામહોર જેવી સલાહ આપી લાગે છે!"

કૃષ્ણે દુર્યોધન ઉપર કંઇક તીવ્ર દ્રષ્ટિપાત કરીને કહ્યું કે "શું
[illegible] એકલો અને અસહાય ધારીને કેદ કરવાની હામ ભીડતો
[illegible]?" આટલું કહીને તેઓ ખડખડાટ હસ્યા. તેમની આંખો
[illegible]રે બળતા અંગારા જેવી લાલચોળ થઇ ગઇ હતી અને
[illegible]ની અણીએ અગ્નિના તણખા નીકળતા હોય એવી ભયંકર
[illegible] હતી. આખા શરીરમાંથી જાણે ઉપહાસ એવું તેજ
[illegible] હતું. આ બાજુએ સભાગૃહના દરવાજાની
તેમનું સૈન્ય ક્યારનું વ્યૂહબદ્ધ ઊભું હતું. આ

× ઉદ્યોગપર્વ, ૧૩૦.

બધું જોઇને સભામાં સર્વના મનમાં ભય વ્યાપી ગયો. સભાગૃહમાં ભારે કોલાહલ અને ગરબડ મચી ગઈ. કજીઓ થશે એવાં ચિહ્ન જોતાની સાથેજ ઋષિમુનિઓ ઝટપટ દોડયા દોડયા સભાગૃહની બહાર આવતા રહ્યા. કૃષ્ણ પણ ઉભા થયા અને બહાર આવીને પોતાના રથમાં બેઠા. કૌરવો તેમને વળાવવા ગયા. કૃષ્ણે સૌની વિદાય લઇને રથ હંકાર્યો. એ રીતે આગળ તેમનો રથ અને પાછળ તેમના અંગરક્ષકો ત્યાંથી સપાટાભેર પસાર થઇ ગયા.

---

# પ્રકરણ ૬ ઠું–કૃષ્ણ અને કુન્તી

---

કૃષ્ણ સભામાંથી પાછા આવ્યા ત્યાં સુધી કુન્તીદેવી તેમની ઉત્કંઠાપૂર્વક રાહજ જોયા કરતી હતી. હવે કૃષ્ણે તેની પાસેથી વિદાય માગતી વખતે સભામાં શું શું થયું તે બધું તેને સંક્ષેપમાં કહ્યું. તે સાંભળીને કુન્તીના અંતરમાં ભારે વેદના થઈ. તે બોલીઃ–

"હું ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારી રાણી બેઉને મારાં પોતાનાં ખરા અંતરનાં સ્વજન માનીને તેમની પહેલેથીજ મનવાણી અને કર્મથી સેવા કરતી આવી છું. તેમના દીકરાઓને પણ મેં મારા પેટના દીકરાઓ જેવા ગણ્યા છે. × આજે એ લોકો મને તેનો આજ બદલો આપે છે ને? મારા દીકરાઓનો આખા રાજ્ય ઉપર કાયદેસર હક્ક છે, છતાં તેમને પાંચ ગામડાં પણ નહીં આપવાં ને? તેમણે પોતાનું રાજ્ય ગુમાવ્યું તેનો મને શોક થતો નથી. તેમણે વનવાસ વેઠ્યો તેનું પણ મને દુઃખ નથી. પણ પોતાના પતિનેજ સર્વસ્વ માનનારી ઉપગુણના ભંડાર સરખી ભાગ્યવાન જેવી દ્રૌપદીના વાળ ખેંચીને તેને સભામાં ઘસડી ગયા. અને તેને 'દાસી,' 'દાસી' કહીને મર્મ વેધક બોલો કહ્યાં, તેનું અપમાન કર્યું, તે દુઃખ મારાથી ખમ્યું જતું નથી. [illegible]

[illegible]

જ ગયા ? કયા કંટકથી તમારું આખું રાજ્ય તફડાવી લીધુ
તે વાત તમારા મનમાંથી છેક જ વિસરાઈ ગઈ ? જેઓ પોતાના
શત્રુને શરણે જાય છે તેમનાથી પોતાના દેશનો ઉદ્ધાર કદી પણ
થનાર નથી. વીરપુરુષો પારકાની મહેરબાની ઉપર, પરાયાએ
આપેલા રોટલાના ટુકડા ઉપર જીવતા જ નથી. તેઓ તો
પોતાના બાહુબળથી ધારેલી વસ્તુ પ્રાપ્ત કરે છે. તમે જો તમારા
પોતાના પરાક્રમથી તમારા દેશનો ઉદ્ધાર નહિ કરો તો યાદ
રાખજો કે હું તમારાં મોઢાં જોવાની નથી. હું હમેશને માટે
તમારો ત્યાગ કરીશ. પણ જો તમે તમારી ફરજ બજાવતાં માર્યા
જશો તો તેથી હું રાજી થઈશ. સુયોગ રાજાને પેદા કરતો
નથી, પણ રાજા જ સુયોગને પેદા કરે છે. વીરપુરુષો પોતાની
બુદ્ધિ અને બળ વડે સુયોગને ઉત્પન્ન કરે છે. કાયર અને પુરુ-
ષાર્થહીન માણસો સુયોગની રાહ જોતા હાથ જોડીને બેસી રહે
છે. તેઓ આખરે પોતાનું બધું જ ગુમાવે છે. તમે પણ તમારી
કાયરતાને લીધે જ તમારું ધન, સુખસાહેબી, રાજપાટ, બધું જ
તમારા શત્રુને સ્વાધીન કરી દીધું છે. તમારાં સુખ અને સમૃદ્ધિ
આજે ભૂતકાળનાં સ્વપ્ન જેવાં થઈ ગયાં છે. હવે તમે ઉત્સાહી
થાઓ; કારણકે ઉત્સાહ જ પુરુષાર્થ કરવાનું બળ આપે છે. રખે
તમે કોઈની આગળ માથાં નમાવતા. માથાં કપાવજો, પણ નમા-
વશો નહિ. 'તમે ભલે ભાંગીને ભૂકા થઈ જજો, પણ નમશો તો
નહિ જ' એવું માતંગ મુનિનું વચન તમારા ચિત્તમાં કોરી
રાખજો. વિદુલા કરીને એક વિદુષી હતી. અનેક શાસ્ત્રપુરાણના
ગ્રંથો ભણી હતી. * તેના પુત્રો એક વાર હાર ખાઈને ઘેર
આવ્યા અને ઘરમાં ભરાઈને સૂઈ ગયા. તેમને વિદુલાએ કહ્યું કે
...ઓ મારા દુશ્મનના દીકરાઓ ! તમે મારા દુશ્મનના જ દીકરા
... તમે મારા પેટમાં પાક્યા નથી. તમે તમારા બાપના દીકરા
...થી. અરે ! કુળને કલંક લગાડનારાઓ ! તમને કોણે પેદા
... ? તમારામાં નથી સાહસ, નથી ઉત્સાહ અને નથી પુરુષાર્થ
...નું બળ ! તમે તો સદાને માટે નિરાશ અને નિરુત્સાહ
...ને બેઠા છો. અરે બેવકૂફો ! મરદ કદી નિરાશ થાય ખરો ?
...ને કદી થોડાથી સંતોષ થાય ? નામર્દ હોય તે જ જે કાંઈ
...ઘણું વગર મહેનતે મળે તેનાથી સંતોષ માની લે છે.

* ઉદ્યોગ પર્વ, ૧૩૩-૩.

તમે રખે તેવા થતા. તમારી અંદર અપરિમેય આત્મા બિરાજે છે. તેને થોડાથી સંતોષ મનાવવાનો નિરર્થક પ્રયત્ન કરતા નહિ. તમે મહાન છો, તમે ખુદ પરમાત્મા છો. એવું કયું કાર્ય છે કે જે તમે ન કરી શકો? આપણો પ્રયત્ન સફળ નહિ થાય એમ માનીને નિશ્ચેષ્ટપણે બેસી રહેવાથી કદી સફળતા મળી સાંભળી છે? સફળતા મળવીજ જોઇએ. ન કેમ મળે? એવી દૃઢ આત્મશ્રદ્ધાપૂર્વક કાર્ય કરવાથી સફળતા સામી આવીને ઉભી રહે છે. તેમ કરવાથીજ કૃતાર્થ થવાય છે. જ્યારે તમારા દુશ્મનો જાણી જશે કે આ વખતે તો તમે જીવન ઉપરનાં મોહમમતા બધું છોડીને લડવા આવ્યા છો ત્યારે તેમનાં ગાત્ર ઢીલાં થઇ જશે. તમે જરા પણ ભય રાખતા નહિ તેમ વિચલિત પણ થતા નહિ. જે કશી કિંમત વગરના તુચ્છ જીવન ઉપર મોહ રાખીને પરાક્રમ કરતી વખતે પાછાં પગલાં કરે છે તેને હું મારો પુત્રજ માનતી નથી. મોત તો કોઇને છોડતું નથી. સૌને વહેલું મોડું મરવું તો પડે છેજ. ત્યારે શામાટે વજ્જર જેવું કાળજું કરીને પોતાના સંકલ્પની સિદ્ધિને અર્થે પ્રાણત્યાગ કરતાં અચકાઇએ? નામર્દ બનીને સો વર્ષ સુધી જીવ્યા કરવું તે કરતાં એક ઘડીવાર પણ પોતાનું પુરુષત્વ બતાવીને મૃત્યુને ભેટવું એ લાખગણું શ્રેયસ્કર નથી? જો પડવાનુંજ નિર્માણ થયું હોય તો શામાટે શત્રુ ઉપર તૂટી ન પડવું? તમે વીરપુરુષ થઇને કાયરની નીચ વૃત્તિ કદી પણ ધારણ કરતા નહિ. જેના હૃદયમાં મહાન કાર્ય કરવાના સંકલ્પ ઉઠતા નથી તે માણસજ નથી. જે પોતાના પુરુષાર્થ વડે સૌથી આગળ વધી જવા ઇચ્છતો નથી તે માણસ શાનો? જેનું જરાક અપમાન થાય તો માથાવાઢ જેવું લાગે તેજ મર્દ. અન્યાય અગર અત્યાચાર થતો જોઇને જેનું હૈયું સળગી ઉઠે તેજ મર્દ. સમુદ્રમાં ડૂબી ગએલા દેશનો ઉદ્ધાર નહિ કરીએ તો છેવટે દેશના ઉદ્ધારનો પ્રયત્ન કરતાં કરતાં પ્રાણત્યાગ કરીશું એવો દૃઢ સંકલ્પ કરીને નિર્ભયપણે નિશ્ચિન્તપણે તમે તમારો પુરુષાર્થ કરવા મંડી જાઓ અને હું તમને ખાત્રી આપું છું કે તમે કૃતાર્થ થયા વિના રહેનારજ નથી. ખીજવાએલા સર્પના દાન્ત તોડવા જતાં તમે તેના દંશથી મરી જાઓ તો ભલે. પણ નીચ કૂતરાની માફક અપમાનભર્યા મોતે મરતા નહિ.' કૃષ્ણ ' વિદુલાની આ. ઉત્સાહપ્રેરક કથા તમે

મારા છોકરાઓને કહેજો અને તેમને મારા તરફથી ખાસ [illegible]
મણ કરીને કહેજો કે રૂપગુણેશ્વરી દ્રૌપદીની સલાહ મુજબ
તેઓ ચાલે અને તેમ કરશે તોજ તેઓ સ્વદેશનો અને સ્વ[illegible]
નો ફરીથી ઉદ્ધાર કરી શકશે. × ”

ધન્ય છે કુન્તીદેવીને ! આવી માતાનું નામ દેશમાં પ્રાત[illegible]
સ્મરણીય કેમ ન થાય ?

# પ્રકરણ ૭ મું—કૃષ્ણ અને કર્ણ

કૃષ્ણ હવે ઉપપ્લવ્ય નગર તરફ જવા નીકળ્યા. તેમનો
રથ ધીરે ધીરે આગળ વધતો હતો. ભીષ્મ, દ્રોણ, કર્ણ, વિદુર,
કૃપાચાર્ય, સંજય વગેરે સજ્જનો તેમની પાછળ પાછળ આવતા
હતા. કૃષ્ણે તેમની સાથે ઘણા વિવેકપૂર્વક સંભાષણ કર્યા પછી
તેમને સૌને ત્યાંથી પાછા વાળ્યા. એકલા મહાવીર કર્ણને તેમણે
પોતાના રથમાં બેસાડી લીધા. પછી રથ આગળ ચાલતો ગયો
ને કૃષ્ણ કર્ણને નીચે મુજબ કહેતા ગયાઃ—

“ભાઈ કર્ણ ! તું મહાપંડિત છે. તમામ ધર્મશાસ્ત્રોને તે
જોયાં છે. બાર પ્રકારના પુત્રો હોય છે તે પણ તું જાણે છે. સ્ત્રી
ઓને કૌમાર અવસ્થામાં કોઈ વખત પુત્ર થાય છે તે કાનીનપુત્ર
કહેવાય છે. આવા કાનીન પુત્રના જન્મ પછી તેના માતાની [illegible]
[illegible] તે પુત્રનો પિતા કહેવાય છે [illegible]

ભારતના વિશાળ સામ્રાજ્યનો અધીશ્વર બનાવી દેશે અને હું પોતે મારે હાથેજ તને સિંહાસને બેસાડીને તારો રાજ્યાભિષેક કરીશ. યુધિષ્ઠિર યુવરાજપદે રહેશે અને તારી આજ્ઞા મુજબ વર્તન કરશે. તે તારા માથા ઉપર શ્વેત ચામર ઢાળશે. મહાબળવાન ભીમસેન તારા માથા ઉપર શ્વેત રાજછત્ર ધરીને ઉભો રહેશે. મહાધનુર્ધર અર્જુન તારા રથનો સારથિ થશે. નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચે દીકરાઓ, અભિમન્યુ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, વિરાટ રાજા, પંચાલનો રાજા દ્રુપદ, અંધક અને વૃષ્ણિવંશના યોદ્ધાઓ, એ બધાજ તારો પડતો બોલ ઝીલી લેશે. હું પોતે પણ તારો અનુગત થઈશ. ભારતના તમામ રાજાઓ તને ચક્રવર્તી રાજા તરીકે માનશે અને તારી આણ માથે ચઢાવશે. તમે છ ભાઇ ભેગા થઈને ધારશો તો આખા ભારતને સહેલાઇથી જીતી શકશો. તમારી સામે ટક્કર લઇ શકે એવો આખા ભરતખંડમાં હું તો કોઇને દેખતો નથી. તું તારૂં ધર્મકાર્ય અત્યંત સુખપૂર્વક કરી શકીશ, નિષ્કંટકપણે રાજ્યવહીવટ ચલાવી શકીશ. આ વિશાળ ભારતનો રાજરાજેશ્વર તુંજ થઈશ. તારો યશ આખા ભારતમાં ગાજી રહેશે. આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોને મોઢેથી તારીજ યશોગાથા ગવાશે. આજેજ તું મારી સાથે પાંડવોની છાવણીમાં ચાલ. આજેજ હું તને તારા ભાઇઓ સાથે ભેટો કરાવું અને તેમને તારો પરિચય અપાવી દઉં.”

મનસ્વી કર્ણે જવાબ દીધોઃ “કૃષ્ણ ! તમે જે કહો છો તે બધું મારા ભલા માટેજ કહો છો તે હું જાણું છું. પણ આજ દિન સુધી હું સારથિના પુત્ર તરીકે ઓળખાયો છું. અધિરથ અને રાધાએ મને પોતાના પેટના પુત્ર તરીકે ઉછેર્યો. હવે એમના સ્નેહનું બંધન મારાથી કેવી રીતે તોડાય તે તમેજ કહો. વળી હું સૂતજાતિમાં પરણ્યો પણ છું, મને છોકરા અને છોકરાના છોકરા પણ છે. હવે એ બધાં પ્રેમનાં બંધનોમાંથી મારે શી રીતે છૂટવું ? તે ઉપરાંત વળી દુર્યોધનની કૃપા વડે મને રાજ્ય મળ્યું છે. તેનીજ મહેરબાનીથી હું ઘણો વખત થયાં રાજવૈભવ ભોગવતો આવ્યો છું. તેના તરફ હવે મારાથી કેવી રીતે અકૃતજ્ઞ થવાય ? બીજું મારાજ બળ ઉપર બધો આધાર રાખીને તે આ ભયંકર યુદ્ધનું સાહસ ખેડવા તૈયાર થયો છે તેને મારાથી કેવી રીતે છેલ્લી ઘડીએ છેહ દેવાય ?

કૃષ્ણ ! મને સમગ્ર પૃથ્વીનું, સાગરની સીમા સુધીનું રાજ્ય મળતું હોય તોપણ હું મારા ઉપર કરેલા ઉપકારને ભૂલી શકતો નથી. મૃત્યુ, બંધન, ભય, લોભ, એમાંનું કોઇ મને મારા ધર્મમાંથી ભ્રષ્ટ કરી શકનાર નથી. વળી હવે જો હું પાંડવોના તરફ ફરી બેસું તો લોકો એમજ કહેશે કે હું મોતથી ડરીને પાંડવોના પક્ષમાં ભરાઇ બેઠો. આવી જૂઠી નિંદા મારાથી કેમ સહન થાય ? મારા ચરિત્ર ઉપર કલંક લાગે એવું કામ હું કદાપિ કરનાર નથી. જો મારૂં ચરિત્ર કલંકિત થાય તો પછી હું રાજા થઇને પણ શું કરૂં અને જીવીને પણ શું કરૂં ? તમેજ કહોને કે આખી પૃથ્વીના સામ્રાજ્ય કરતાં નિર્મળ નિષ્કલંક ચરિત્ર હજારગણું ચઢીઆતું છે કે નહિ ? કેશવ ! તમે મારા ભલાનો વિચાર કરીને આ બધું કહો છો તે મારા લક્ષ બહાર નથી. વળી તમારો અને પાંડવોનો એવો સંબંધ છે કે તમે જે કહેશો તે તેઓ કર્યાં વગર રહેજ નહિ તે પણ હું જાણું છું. પણ હું તમારી પાસે એટલું માગી લઉં છું કે તમે હમણાં મને જે વાત કરી તે પાંડવોને કરશો નહિ. જો તમે તેમને એ વાત કરશો તો યુધિષ્ઠિર એટલો બધો ધર્મપરાયણ છે કે કોઇ કાળે પણ રાજા થવાનું કબૂલ કરશે નહિ. આ વિશાળ સામ્રાજ્ય મનેજ આપી દેશે; મારા હાથમાં આવશે એટલે હું તે દુર્યોધનનેજ આપી દઇશ. મારા ઉપર તેના એટલા બધા ઉપકાર ચઢ્યા છે કે હું હમેશાં તેનો ઋણીજ રહેવાનો છું. એ બધા ઉપરાંત હું દુર્યોધનની સાથે પ્રેમના બંધનથી બંધાઇ ગએલો છું. મારા જન્મને લગતી સાચી હકીકત જાહેર કરવાથી જો કોઇને નુકસાન થશે તો તે એકલા યુધિષ્ઠિરનેજ થશે. તે પોતાનો રાજ્ય ઉપરનો હક્ક હમેશને માટે ખોઇ બેસશે. માટે એ રસ્તો પસંદ કરવા જેવો નથી. વળી હું તેમનો માનો જણ્યો ભાઇ છું એવું જો પાંડવોના જાણવામાં આવશે તો તેઓ મારી સાથે લડાઇમાં ઉતરશેજ નહિ અને મને હરાવ્યા વિના તેમને રાજ્ય મળનાર નથી. માટે હે કૃષ્ણ ! હું તમને ફરી ફરીને આજીજીપૂર્વક આગ્રહ કરૂં છું કે હું કુન્તીનો પુત્ર છું એ વાત તમારે પાંડવોને કહેવીજ નહિ. એક તો પાંડવો પોતેજ અજેય છે. વળી તેમણે પુષ્કળ સૈન્યબળને જમાવ્યું છે. અને તમારા જેવા અસાધારણ શક્તિસંપન્ન પુરુષ તેમની મદદે છે.

પછી તેમને મારા સરખાના બાહુબળની ઝાઝી ગરજ રહેશે નહિ.'

ત્યારે કૃષ્ણ બોલ્યા: "હવે હું બધુંજ સમજી ગયો છું. ત્યારે તારૂં મરણ અનિવાર્ય છે તે પણ હું જોઇ શકું છું. તને મૃત્યુમાંથી કોણ ઉગારી શકનાર છે? અર્જુનના બાણ આગળ કોઇ બચવાનો નથી. ભીમસેનના માર આગળ કોઇ જીવતો રહેનાર નથી. ભીષ્મ, દ્રોણ, બધા મોટા મોટા યોદ્ધા તેમની સાથે લડતાં હાર ખાઇને માર્યા જશે; કૌરવવંશનું નિકંદન નીકળી જશે તે હું સ્પષ્ટ જોઇ શકું છું. અફસોસ! શાંતિને માટે મેં કરેલી બધીજ મહેનત બરબાદ ગઇ એ હવે હું સમજી ગયો છું."

જ્યારે તીક્ષ્ણ બુદ્ધિમાન કૃષ્ણ કર્ણને લોભ, ભય, કશાથી પોતાના તરફ ન વાળી શકયા ત્યારે તેને અત્યંત વિષાદપૂર્ણ હૃદયથી ભેટીને રજા આપી.

કૃષ્ણના રથમાંથી ઉતરીને કર્ણ પોતાના રથમાં બેઠો. અને તેણે પણ અત્યંત ઉદાસ ચિત્તે હસ્તિનાપુરને માર્ગે પોતાનો રથ હંકરાવ્યો. તે પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો કે અરેરે! મેં આ શું કર્યું? દુર્યોધનને રાજી કરવાને સારૂ મેં મારા ભાઈઓને કેટલાં તીક્ષ્ણ મહેણાં માર્યાં છે? મારા માજણ્યા ભાઇઓની વિરુદ્ધમાં હું હમેશાં પરાયાને ઉશ્કેરતો આવ્યો છું! મેં તેને કેટલી કેટલી ખોટી શિખામણો દઇને પાણી ચઢાવ્યું છે! આજે કૃષ્ણને મોઢેથી મેં જે વાત સાંભળી તે જાણ્યા પછી મારૂં હૃદય અનુતાપથી સળગી જાય છે. જે દિવસે હું અર્જુનને હાથે લડાઇમાં મરીશ તે દિવસે મારા પાપનું પ્રાયશ્ચિત્ત પૂરૂં થશે. અરે આજે મેં શું સાંભળ્યું? × ×

ભ્રાતૃસ્નેહ કોઈ એવી વસ્તુ છે કે વીર પુરુષોનાં કઠણ કાળજાંને પણ વલોવી નાખે છે!

# પ્રકરણ ૮ મું—કુન્તી અને કર્ણ

કુન્તી જ્યારે નાની ઉંમરની અને કુંવારી હતી ત્યારે તેની નામરજી છતાં અને તેણે થાય તેટલો યત્ન વિરોધ કર્યો હતો તે છતાં તે ગર્ભવતી થઈ.× પરણ્યા પછી પણ તેણે નિયોગની પ્રથાનો ભારે વિરોધ કર્યો હતો. માત્ર પોતાના પતિની મરજીને તાબે થઈને નિયોગદ્વારા પુત્રો ઉત્પન્ન કરવા તે કબૂલ થઈ હતી.* એ બધું કદાચ ગમે તેમ થયું હોય તોપણ કુન્તીનો સૌથી પહેલો પુત્ર તેજ કર્ણ. તે જન્મ્યો ત્યારે તેની માતા કુંવારી હતી તેથી તે કુન્તીનો કાનીન પુત્ર કહેવાય. લોકલાજથી ડરીને કુન્તીએ તરતના પ્રસવેલા છોકરાને એક વાસણમાં મૂકીને રાતને પહોરે રડતી ગઈ ને નદીમાં વહેતો મૂકી આવી. વાસણની સાથે બાળક પણ નદીમાં તણાતો ચાલ્યો. સૂત જાતિના અધિરથ નામના સારથિએ તે વાસણ નદીમાં તણાતું દીઠું અને તેમાં જુએ છે તો નાનો સરખો તરતનો જન્મેલો કોઇનો છોકરો! તે તેને ઘેર લઇ ગયો અને પોતાની સ્ત્રી રાધાને આપ્યો. તે પણ ઘણીજ રાજી થઇ ગઇ. રાધા અને અધિરથે આ બાળકને પોતાના પેટના પુત્રની માફક લાલનપાલન કરીને ઉછેર્યો. છોકરો વખત જતાં મોટો થયો અને ખૂબ હૃષ્ટપુષ્ટ થવા લાગ્યો. ઉંમર લાયક થતાં તે વેદવેદાંગ વગેરે તમામ શાસ્ત્રો ભણીને ભારે વિદ્વાન થયો.+ પ્રથમ તો તે દ્રોણાચાર્યની પાસેથી અસ્ત્રવિદ્યા ભણ્યો. ત્યારપછી ઉંચી કેળવણી લેવા માટે તે મહાવીર પરશુરામનો શિષ્ય થયો.÷ પરશુરામ જાતના બ્રાહ્મણ હતા અને ક્ષત્રિયો ઉપર ખૂબ દાઝે બળતા હતા. તેમણે એકવીસ વાર તો પૃથ્વીને ક્ષત્રિય વગરની કરી દીધી હતી. કર્ણે તેમની પાસે જઇને કહ્યું કે હું તો બ્રાહ્મણનો પુત્ર છું. પરશુરામ પણ

× આદિપર્વ, અ૦ ૧૧૧. * આદિપર્વ અ૦ ૧૨૦, ૧૨૨.

+ ઉદ્યોગપર્વ ૧૪૪–૨૭.

÷ જમદગ્નિના પુત્ર પરશુરામ, વિદેહ દેશનો રાજા જનક, વાલ્મીકિ અને વસિષ્ઠ, એટલી વ્યક્તિઓને રામાયણમાં રામચંદ્રના અને મહાભારતમા કૃષ્ણના સમકાલીન પુરુષો કહ્યા છે. જુઓઃ— સભાપર્વ, ૩૦–૧૩. શાંતિપર્વ, ૪૭–૭, ૮, ૯.

તેનું રૂપ અને તેના ગુણ જોઈને તેના ઉપર ઘણી પ્રીતિ રાખવા લાગ્યા. તેને પોતાની પાસે રાખીને તેને નાના પ્રકારની અસ્ત્રવિદ્યા અને ટુંકામાં કહીએ તો આખું યુદ્ધશાસ્ત્રજ ભણાવી દીધું. આવી રીતે કર્ણ જ્યારે ભણી રહ્યો ત્યારે એક અસાધારણ યોદ્ધા તરીકે બહાર પડયો.

એક દિવસ પરશુરામ કર્ણના ખોળામાં માથું મૂકીને નિરાંતે ઉંઘતા હતા. એવામાં કોઈ ભયંકર જીવડો કર્ણની જાંઘ કોચીને તેનું લોહી પીવા લાગ્યો. તેને ઘણી વેદના થવા લાગી, પણ રખેને પોતાના ગુરુજી જાગી ઉઠે એમ સમજીને પોતાના મનને મારીને બધુંજ દુઃખ અસાધારણ ધીરજથી તેણે સહન કર્યું અને જરાક હાલ્યો સરખો પણ નહિ. છેવટે પેલા જીવડાએ તો કર્ણની જાંઘમાં એટલો ઉંડો છેદ પાડયો કે તેમાંથી પુષ્કળ લોહી વહેવા લાગ્યું. તે લોહીના સ્પર્શથી પરશુરામ જાગી ઉઠયા ત્યારે તેમણે કર્ણને ઘણી માઠી હાલતમાં દીઠો. તેની પીડા જોઈને તેમને દુઃખ થયું, પણ તેની ધીરજ જોઈને વિસ્મય પામ્યા. તેની આવી અસાધારણ ધીરજ ઉપરથી તેમણે જાણ્યું કે એ છોકરો ક્ષત્રિય જાતિનો હોવો જોઈએ. ત્યારે છેવટે કર્ણે કબૂલ કર્યું કે હું બ્રાહ્મણ નથી પણ સૂતપુત્ર છું. પરશુરામે તે ઉપરથી નારાજ થઈને તેને પોતાને ઘેરથી રજા આપી. પછી કર્ણ દુર્યોધનની પાસે ગયો. તેને અને દુર્યોધનને પહેલેથી મૈત્રી તો હતીજ. તેમાં વળી તે પરશુરામની પાસેથી દુર્લભ અસ્ત્રશસ્ત્ર લઈને આવ્યો છે એમ જાણીને તેણે તેનો ખૂબ ભાવપૂર્વક સત્કાર કર્યો. તે સમજ્યો કે આવો અસાધારણ વીર પુરુષ જો મારા પક્ષમાં આવે તો હું પાંડવોને ઘણી સહેલાઈથી હરાવી શકું. એટલા માટે દુષ્ટ દુર્યોધને કર્ણની સાથે મૈત્રી બાંધી અને તેને પોતાનો મંત્રી બનાવ્યો.

દુર્યોધને કર્ણને અંગદેશનો રાજા બનાવ્યો હતો, એ વાત તો આગળ કહેવાઈ ગઈ છે. તેણે મગધના જરાસંધને [illegible] [illegible] [illegible]. તે ઉપરથી દુર્યોધને તેને ચંપાનગરી ઈનામમાં આપી દીધી કે [illegible] [illegible] [illegible] [illegible]નગરી [illegible] ×

સંધિ કરાવવામાં નાસીપાસ થઈને કૃષ્ણ ચાલ્યા ગયા એટલે કુન્તીની ખાત્રી થઈ કે હવે યુદ્ધ તો થવાનુંજ. પણ કર્ણ અને અર્જુન બેઉજ તેના પેટના છોકરા, બેઉ તેને અત્યંત વહાલા, છતાં બેઉ એકબીજાના કટ્ટા હરીફ અને હડહડતા શત્રુ! હવે શું કરવું? શો ઉપાય કરવો કે બેઉ જણ જીવતા રહે, તેનો કુન્તીદેવી રાત્રિદિવસ વિચાર કરવા લાગી. તેને એક વાર એવો પણ વિચાર આવ્યો કે જઈને બધી વાત કર્ણને કહી દઉં; પણ વળી પાછી શરમ તેનું મોઢું સીઈ દેતી. પછી આખરે કર્ણને તો બધી વાત કહીજ નાખવી એવો તેનો નિશ્ચય થઈ ગયો. પણ કર્ણ તેને એકલો મળે કયી જગ્યાએ?

કર્ણ દરરોજ ખરે બપોરે ગંગાના ઘાટ ઉપર કોઈ ન હોય એવે વખતે સૂર્યની ઉપાસના કરતો. પૂર્વદિશા તરફ મુખ કરીને અને બાહુ ઉંચા રાખીને વેદના મંત્રોનું ઉચ્ચારણ કરતો.—શરીરનો એક ભાગ સૂર્યના તાપથી શેકાઈ જતો ત્યારે બીજા ભાગને તડકામાં ધરતો. જેવો તે ભક્ત હતો તેવો દાતાર પણ હતો. તેની પાસે કોઈ જઈ તે માગે તો કર્ણ તે વસ્તુ ઝટ લઈને આપ્યા વિના રહેજ નહિ. તે મોટો યોદ્ધો અને મહાવીર હતો. પણ તેનો એકજ દોષ તેના મહાભારતમાંના આખા ચિત્રને દૂષિત કરે છે. હું એકલોજ અદ્વિતીય વીર પુરુષ છું એવું તેના મનમાં ભૂત ભરાઈ ગયું હતું તેથી તે મહાવીર અર્જુનની અને તેને લીધે બધા પાંડવોની રાતદિવસ ઈર્ષ્યાજ કરતો, પાંડવોનું જેથી અનિષ્ટ થાય એવીજ કોશીષ કરતો, તેમની વિરુદ્ધમાં દુર્યોધનના કાન ભંભેરતો અને તેમની સાથે લડવા તેને રાતદિવસ ઉશ્કેર્યાજ કરતો.

ખેદની વાત છે કે જ્યારે જ્યારે આ હતભાગ્ય ભારતના ગર્ભે તે કોઈ બે સંતાન કૃતકાર્ય બનીને ઉન્નતિ પ્રાપ્ત કરે છે ત્યારે ત્યારે હમેશાં તેઓ એકબીજાના શત્રુના પક્ષમાં જોડાઈને અંદર અંદર લડી મરે છે અને તેથી પરિણામે દેશની પાયમાલી થાય છે. કર્ણ અને અર્જુન, પૃથ્વીરાજ અને જયચંદ, રાણા પ્રતાપ અને રાજા માનસિંહ, શિવાજી અને જયસિંહ, રાજા

[illegible]

૨ [illegible], ૧૪૪-૨૩. [illegible]

[illegible], ૧૨૨-૨૩, ૨૯.

રાજ્યહિત અને રાજા કૃષ્ણચંદ્ર, એ તેનાં ઉદાહરણ છે. આપણા [illegible] નેતાઓમાં પણ એનો એજ દોર છે !=

પછી કુન્તીદેવીએ વિચાર કર્યો કે ગંગાના ઘાટ ઉપર જઈને આ વાત કર્ણને કહીજ દેવી. તે ધીરે ધીરે ચાલતી ચાલતી ત્યાં જઈ પહોંચી ત્યારે તાલવૃક્ષ જેવો ઉંચો અને સોનાના જેવા રંગવાળો તેનો પુત્ર તપશ્ચર્યામાં નિમગ્ન થએલો હતો. તેના શરીર દેહમાંથી અપૂર્વ તેજ નીકળતું હતું. તેની [illegible] [illegible] આત્માભિમાન બળ અને શૌર્ય ઝળકતાં હતાં. કુન્તીદેવી પોતાનાં નેત્ર અને હૃદયને ઠારી ઠારીને પોતાના પુત્રને [illegible] [illegible]. તેના હૈયામાંથી આનંદનું અને ગૌરવનું [illegible] [illegible].

[illegible] તપશ્ચર્યામાંજ નિમગ્ન [illegible] કુન્તીદેવી તેની પાસે આવી હતી, પણ તેનું [illegible] તેની માતાને પણ તેના ધ્યાનમાં [illegible] [illegible] ધ્યાનમાંથી [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]


[illegible]

[illegible]

કરૂં છું. હવે મને રજા આપો. આપણે ફરી બીજી વાર મળનારે નથી." કર્ણની આંખોમાંથી બોર બોર જેવાં આંસુ દદડી પડયાં. માતૃસ્નેહ, ભ્રાતૃસ્નેહ, એ બે કેટલી પ્રબળ લાગણીઓ હશે!

કુન્તીદેવીની મનોવ્યથા તો એથી પણ વધારે તીવ્ર હતી. તેની હૃદયગુહામાં પુત્રસ્નેહનું જે અખૂટ ઝરણું હતું તેના ઉપર આજ દિન સુધી લોકલજ્જારૂપી પથ્થરની શિલાનું દબાણ આવી ગયું હતું. આજેજ તેણે કર્ણને નેત્ર ભરીને નીરખ્યો, તેની સાથે વાતચીત કીધી, તેને મોઢેથી "મા" એવું મીઠું સંબોધન સાંભળ્યું. તેથી કરીને પેલા દબાઇ ગએલા પ્રેમના ઝરણાએ એટલો ઉછાળો માર્યો કે પેલી શિલા તો કયાંની કયાં ઉડી ગઇ! આજે તેના હૃદયમાં દબાઈ ચંપાઇ રહેલો પુત્રસ્નેહ તેની આંખોમાંથી અશ્રુરૂપે બહાર ઢળી પડવા લાગ્યો. તે પોતાનાં આંસુથી ભીંજાતી ભીંજાતી અને તેમને લૂછી લૂછીને સાડીનો છેડો ભીનો કરતી કરતી અત્યંત વ્યાકુળ અવસ્થામાં વિદુરના ઘર તરફ જવા લાગી અને પોતાના મનને ઠપકો આપવા લાગી કે, અરે! લોકલજ્જાથી બ્હીને મેં કેટલું અયોગ્ય કૃત્ય કર્યું!

**उद्योग पर्व समाप्त**



# ૯—ભીષ્મ પર્વ

## પ્રકરણ ૧ લું—કુરુક્ષેત્રનું યુદ્ધ

કુરુક્ષેત્ર એક ભયાનક મેદાન છે. આ અતિ વિશાળ પ્રદેશ ખાસ યુદ્ધને માટેજ નિર્માણ થયો લાગે છે. દિલ્હીથી રેલ્વે રસ્તે વાયવ્ય કોણમાં થોડીક મુસાફરી કર્યા બાદ આ વિશાળ પાધર મેદાન નજરે પડે છે. જે બાજુએ નજર કરીએ તે બાજુએ તે આકાશની સાથે મળી ગએલું દેખાય છે. તેની પૂર્વે ઇતિહાસપ્રસિદ્ધ પાણીપત અને પશ્ચિમે અંબાલાની છાવણી છે. આ મેદાનનો પૂર્વભાગ કુરુક્ષેત્ર કહેવાય છે. તેનો વિસ્તાર ૪૮ ગાઉનો છે. તેની પશ્ચિમે દૃશદ્વતી (સતલજ) અને પૂર્વે સરસ્વતી નદીઓ આવેલી છે. આ જગ્યાએ કુરુ રાજાએ તપશ્ચર્યા કરી હતી તે ઉપરથી તે કુરુક્ષેત્ર કહેવાય છે. અહીં કેટલાક લોકોએ અનેક પ્રકારના યજ્ઞો કરેલા તેથી તે અતિ પવિત્ર સ્થળ અર્થાત ધર્મક્ષેત્ર મનાય છે; પણ ભરતખંડનું એ ધર્મક્ષેત્રજ તેનુ વિનાશ ક્ષેત્ર નીવડ્યુ છે, એ અફસોસની વાત છે ×

પાંચે પાંડવો તેમની માતાની અને સ્ત્રીની ચાલુ ઉત્તેજનાને વશ થઈને અને તેમના પ્રોત્સાહનથી ઉત્તેજિત થઈને આખરે પોતાનું રાજ્ય પાછું મેળવવા માટે પૂર્ણ ઉત્સાહથી લડાઈની તૈયારી કરવા લાગ્યા. બસ, લડાઈમાં જીતવું કે મરવું એવા નિશ્ચયપૂર્વક તેમણે રાતદિવસ એકસરખો પરિશ્રમ કરીને યુદ્ધસામગ્રીનો મોટો સંભાર અને વિપુલ સૈન્ય સજ્જ કર્યાં. જેમને માતાની અને પત્નીની મદદ હોય તેઓ શું ન કરી શકે? મહાભારતમાં કહ્યા પ્રમાણે પાંડવોએ સાત અક્ષૌહિણી એટલે લગભગ સાડાસાત લાખ યોદ્ધાઓનું સૈન્ય ઉભું કર્યું.

કુરુક્ષેત્રના મેદાનની પશ્ચિમ બાજુએ હિરણ્વતી નદી ધીમી ગતિએ વહી જાય છે. તેનું પાણી સ્વચ્છ છે અને તળિયું કાદવ વિનાનું છે. પાંડવોના સૈન્યનો પાછલો ભાગ આ નદી વડે સુરક્ષિત રહેશે એમ ધારીને કૃષ્ણે પાંડવસેનાની છાવણીને માટે સૈન્યનું મુખ પૂર્વ તરફ રહે એવી નદીના પૂર્વકિનારાની જગ્યા પસંદ કરી. વખતોવખત એજ જગ્યાએથી કૌરવસેનાની સામે કૂચ કરીને પાંડવસેના પાછી વ્યવસ્થિત રીતે આજ જગ્યાએ વિશ્રાન્તિ લેવા આવતી હતી. કૃષ્ણે ગજસૈન્ય, અશ્વસેના, પાયદળ, તેમજ રથ, અશ્વ અને હાથીખાનાને તેમની યોગ્ય જગ્યાએ ગોઠવી દીધાં હતાં. વળી ખાઈઓ ખોદાવીને પાંડવસૈન્યની કેટલીક સંખ્યા તે ખાઈઓની અંદર કૌરવોને ખબર ન પડે તેવી રીતે છુપાવી રાખી હતી.* સૈન્યની જરૂરીઆતો પૂરી કરવાને વાસ્તે અસંખ્ય દુકાનો મંડાઈ હતી; શસ્ત્ર, પોશાક તથા બીજી યુદ્ધસામગ્રી બનાવવાનાં મોટાં મોટાં કારખાનાં ઉભાં થયાં હતાં. વસ્ત્ર, ખોરાકીની વસ્તુઓ અને નાના પ્રકારનાં આયુધોના થોકેથોક તૈયાર થતા હતા અને તેમના દરેકના ભંડાર ભરાતા હતા. ગોળા ફેંકવાનાં યંત્રો,* ભાતભાતનાં

---

* ઉદ્યોગપર્વ–૧૫૧–૧૭૯. વળી મુશળપર્વમાં પણ આવી ખાઈએ: ખોદીને લડવાની રણનીતિનો ઉલ્લેખ છે. જર્મનો સંસ્કૃત સાહિત્ય ખૂબ જોઈ વળ્યા છે. સંભવ છે કે ખાઈઓ ખોદીને લડવાની યુક્તિ તેમણે મહાભારતમાંથી ગ્રહણ કરી હોય. એ યુક્તિની સાથે યુદ્ધના આધુનિક ઉપાદાનોનો યોગ કરીને ગત યુરોપીય યુદ્ધમાં તેમણે મેળવેલી સફળતાથી જગત આશ્ચર્યમુગ્ધ થયું હતું.

* મશીનગન્સ–યાન્ત્રિક તોપો.

બખ્તર અને જાતજાતનાં અસ્ત્રશસ્ત્રના ઢગના ઢગ ખડકાયા
વળી ઘાયલ થએલા સૈનિકોની સારવાર માટે આયુર્વેદિક
વૈદ્યો (સર્જનો)ને પાંડવોએ રોકયા હતા અને તેમનાં ઔષ
ગોને માટે જખમ રૂઝવનારાં જૂનાં ઘી તથા મલમપટ્ટા
સર્વ સામગ્રી તૈયાર રાખી હતી. =બીજી બાજુએ પાર વિના
રોકડ નાણું તથા સોનું, રૂપું અને રત્નોનો પણ ભારે પ્રમાણ
સંગ્રહ કરી રાખ્યો હતો. છાવણીમાં વપારીઓ, વેશ્યાઓ
જાસૂસો, સેવકો અને તમાશબીનોનો પણ જમાવ થયો હતો.×
તેમને માટે ભોજનની અને ઉતારાની પૂરતી ગોઠવણ કરવામાં
આવી હતી. મુખ્ય મુખ્ય વ્યક્તિઓને માટે ખાસ તંબુ ઉભા
કર્યા હતા. આ પ્રમાણે પાંડવાની છાવણી કોઈ વિશાળ નગરીના
જેવી બની ગઈ હતી. પોતાના સૈનિકોને ઝટ ઓળખી કઢાય તે
માટે તેમને પાંડવોએ વિશિષ્ટ આકૃતિનાં બિલ્લાં પહેરાવ્યાં હતાં
તેમજ તેમને સાંકેતિક શબ્દો અને સંજ્ઞાઓ (કોડવર્ડ અને
સિગ્નલિંગ) પણ શીખવી દીધાં હતાં.

કૃષ્ણની સલાહ મુજબ યુધિષ્ઠિર રાજાએ ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી,
દ્રુપદ રાજા, વિરાટરાજ સાત્યકિ, શિશુપાલનો પુત્ર ધૃષ્ટકેતુ અને
જરાસંધનો પુત્ર સહદેવ એ સાત વીરોને એકેક અક્ષૌહિણી
સેનાનું સેનાપતિપદ આપ્યું હતું અને સમગ્ર પાંડવસૈન્યના
સેનાધિપતિના સ્થાન માટે મહાવીર ધૃષ્ટદ્યુમ્નને પસંદ કર્યો હતો.
ભીમ અને અર્જુનને એ બધાને મદદ કરવાની જવાબદારી
સોંપી હતી. યુધિષ્ઠિર, નકુલ અને સહદેવ, એ ત્રણ જણે જેને
જે જોઈએ તે સાધનસામગ્રી પૂરી પાડવાનું કામ માથે લીધું
હતું. આ તમામ યોદ્ધાઓના શિરોમણિ ગણાતા કૃષ્ણ પોતાના
તમામ વિષયોના અગાધ જ્ઞાન અને અનુભવને લીધે યુદ્ધનાં
તમામ અંગોની દેખરેખ રાખતા હતા અને સમગ્ર પ્રવૃત્તિનું
નિયમન કરતા હતા.

ઉપરોક્ત સેનાપતિ શિખંડી ખરું જોતાં પુરુષ નહિ પણ
સ્ત્રી હતી.÷ તેનો જન્મ થયો ત્યાં સુધીમાં દ્રુપદ રાજાને પુત્ર
ન હતો તેથી તેની માતાએ "મને પુત્ર જન્મ્યો છે" એવી ખબર

= ઉદ્યોગપર્વ, ૧૫૧-૫૭, તથા તેના ઉપર નીલકંઠની ટીકા.
× ઉદ્યોગપર્વ, ૧૯૭-૧૯.
÷ ઉદ્યોગપર્વ, ૧૯૦-૧૪. ભીષ્મપર્વ, ૧૫-૧૫.

રાજાને જાહેર કરી હતી. રાજાએ પણ શરૂઆતમાં તે પુત્ર જ હોય માનીને તેના જાતકર્મ વગેરે સંસ્કાર કરાવ્યા હતા.* સમય જતાં કન્યા મોટી થઈ ત્યારે પણ દ્રુપદ રાજાએ તેને અક્ષરજ્ઞાન, હસ્તકૌશલ્ય વગેરે શીખવવાની ગોઠવણ કરી અને તેને ધનુર્વિદ્યા શીખવવાને માટે દ્રોણાચાર્યને નિયુક્ત કર્યા.+ શિખંડીએ આગળ જતાં અસાધારણ બળવાન યોદ્ધા તરીકે નામના મેળવી. મહાભારતમાં અનેક જગ્યાએ તેને "અપરાજિત" અને "[illegible]" એવાં વિશેષણ લગાડયાં છે.+ ગીતામાં પણ તેની "મહારથી"ઓમાં ગણના કરી છે.× દશહજાર યોદ્ધાઓની સાથે એકલો લડે [illegible] યુદ્ધ કરનારને મહારથી કહે છે. શિખંડી [illegible] તેની માતા તેને છોકરાના જેવાં [illegible] તે મોટી થઈ ત્યારે પણ તેણે મર્દનો પોશાક [illegible]

[illegible]

અક્ષૌહિણી એટલે બાર લાખ કરતાં વધારે યોદ્ધાઓનો જમાવ કર્યો હતો. તેના સૈન્યની છાવણી તો પાંડવોના અગાઉ કુરુક્ષેત્રના મેદાનમાં મોરચા માંડીને પડી હતી. તેમણે તે મેદાનની પૂર્વ દિશા પસંદ કરી હતી અને છાવણીનું મુખ આથમણી દિશાએ રાખ્યું હતું. કુરુક્ષેત્રથી માંડીને આજેના પંજાબ પ્રાંતના સીમાડા સુધી કૌરવોની વિશાળ છાવણી ફેલાઈ ગઈ હતી. ત્યાં પણ પાર વિનાની દુકાનો મંડાઈ હતી અને અન્નભંડાર, શસ્ત્રાગાર વગેરે જરૂરનાં સાધનોના અત્યંત વિપુલ સંભારની જમાવટ થઇ હતી.

હસ્તિનાપુરથી કૌરવોની છાવણી સુધી સુંદર, પહોળા રાજમાર્ગ તૈયાર કરાવ્યા હતા. દ્રોણાચાર્ય, કર્ણ, શલ્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય, કૃતવર્મા, જયદ્રથ, શકુનિ, સુદક્ષિણ, ભૂરિશ્રવા અને બાહ્લીક, એ અગીઆર સેનાપતિ નીમ્યા હતા અને તેમના સૌના ઉપરિ અને આખા કૌરવ સૈન્યના મુખ્ય સેનાપતિ તરીકે મહાવીર ભીષ્મને પસંદ કર્યા હતા. દુર્યોધનના એક સવાલનો ઉત્તર આપતાં ભીષ્મે તે વખતના ભરતખંડના તમામ રાજેન્દ્રોના દેખતાં કર્ણની એક સામાન્ય યોદ્ધા જેટલીજ કિંમત કરી હતી તેથી તે ખૂબ નારાજ થયો હતો અને ભીષ્મ જ્યાંસુધી હયાત રહેશે ત્યાંસુધી હું યુદ્ધ નહિજ કરૂં એવી પ્રતિજ્ઞા પણ તે લઇ બેઠો હતો.

બેઉ પક્ષના સૈન્યમાં પુષ્કળ રથ અને રથીઓ પણ હતા. એક એક રથને ચાર ચાર પાણીદાર ઘોડા જોડાતા હતા. આગલા બે ઘોડાને એક અને પાછલા બે ઘોડાને એક એમ દરેક રથ ઉપર બબ્બે ચાલાક રથ હાંકનાર રહેતા; અને તેમની પાછળ એક અત્યંત નિપુણ અને યુદ્ધવિદ્યામાં પારંગત એવો સારથિ રહેતો હતો. આગલા બેઉ સારથિઓ તેના કહ્યા મુજબ રથ હાંકતા હતા. દરેક રથની બેઉ બાજુએ બબ્બે ચક્રરક્ષક અને પાછળ પુષ્કળ સૈનિકો રથની રક્ષા કરવા રહેતા હતા. વળી દરેક રથની સાથે દશ હાથી, દરેક હાથીની સાથે દશદશ સ્વાર અને દરેક સ્વારની સાથે દશદશ પ્યાદા રાખવાનો નિયમ હતો. દરેક હાથીની ઉપર સાત સાત યોદ્ધાઓ રહેતા તેમાંના બે અંકુશવાળા, બે ધનુર્ધારી, બે ખડ્ગધારી અને એક શક્તિ અથવા ત્રિશૂળ લઇને બેસતો હતો.

યુદ્ધનો આરંભ થતા પહેલાં [illegible] યુદ્ધના [illegible] નક્કી કર્યા હતા. [illegible] રથીની સાથે લડે, ઘોડેસ્વાર [illegible] [illegible]

[illegible]

મદાન્ધ બની ગયો. યુદ્ધમાં મારા પક્ષનોજ વિજય થશે એવું તે માનવા લાગ્યો. તે પરથી કર્ણ, શકુનિ અને દુઃશાસનની સલાહ મુજબ તેણે પોતાના મામાના દીકરા ઉલૂકને રાજદૂત તરીકે પાંડવોની છાવણીમાં મોકલ્યો અને તેની મારફતે કૃષ્ણ, પાંચે પાંડવો, દ્રુપદરાજા, વિરાટ રાજા, ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીનો પાર વગરનો તિરસ્કાર કરાવ્યો. એનું ફળ એ થયું કે તેમનો ક્રોધ ઉત્તેજિત થયો અને કૌરવોનો વિનાશ કરવાનો તેમનો સંકલ્પ સવિશેષ દૃઢ થયો.

સાધુ વિદુરે આ યુદ્ધને અટકાવવા માટે બનતો પ્રયત્ન કરી જોયો. સંજયે પણ અંધ ધૃતરાષ્ટ્રને ઘડીવાર કહ્યું કે "હે રાજા! યુધિષ્ઠિર અતિશય ધર્મપરાયણ પુરુષ છે. સાપ જેમ પોતાની કાંચળી ઉતારી નાખે છે, તેમ તેણે પોતાનાં પાપને દૂર કરી નાખ્યાં છે. અહિંસા અને દયા એ તેના ધર્મનાં મુખ્ય અંગ છે. ક્રોધ, લાભ, લોભ, લાલચ અથવા હેતુવાદને આધીન થઈને કોઈ દિવસ સત્યનો ત્યાગ કરતા નથી. તે ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ છે અને ધર્મના આદર્શ રૂપ છે. આવા મહાત્માની સાથે યુદ્ધ કરવું એ તમને કદી પણ ઘટે નહિ. યુધિષ્ઠિરને તેમજ તેમના બીજા ભાઈઓમાંથી કોઈને રાજ્યનો લોભ નથી. ખરૂં જોતાં દુર્યોધન અને શકુનિનેજ રાજ્યલોભ છે. તમે પણ તમારા એ કપુત દીકરાઓની સલાહ મુજબજ વર્તો છો. આવા નઠારા છોકરાઓનો પક્ષ લેનાર પિતા તમારા સિવાય ભાગ્યેજ બીજો કોઈ હશે. તમારૂં એ વર્તન ધર્મ અને વ્યવહારથી વિરુદ્ધ છે અને અનાર્યનેજ શોભે એવું છે. પરિણામે તમે કેવળ નિંદાને પાત્ર થશો; પાપી કહેવાશો અને દુઃખી થશો. આ મહાન અનર્થ તમારે લીધેજ થાય છે. તમે આ યુદ્ધની જવાબદારી દુર્યોધનને માથે નાખો છો; પણ તેમાં તમે ભૂલ કરો છો. ખરૂં જોતાં આ લડાઈને માટે તમેજ એકલાજ જવાબદાર ગણવા જોઈએ. અમે ગમે તેવા તો તમારા અમાત્ય છીએ, છતાં અમે તમને આ લડાઈમાંથી નિવૃત્ત કરી શકતા નથી—તમને સાચી વસ્તુસ્થિતિ સમજાવી શકતા નથી, એ મારૂં દુર્ભાગ્ય નહિ તો બીજું શું? તમેજ વિચાર કરો કે જેના રક્ષક આ કૃષ્ણ જેવો યોગેશ્વર દેવ અને પાર્થ જેવો ધનુર્ધર હોય તેનોજ વિજય કેમ ન થાય! તેનેજ ઐશ્વર્ય કેમ ન સાંપડે!"—

– ઉદ્યોગ૦ અ૦ ૨૨, ૧૦–૧૩ ૨૮ ૨૧૮–૨, ભી૦ ૮૦ ૬–૩, ૭૩–૩.

સંજયે જ્યારે જોયું કે કોઈ રીતે લડાઈ અટકાવી શકાય એમ છેજ નહિ, ત્યારે તે શરીરે કવચ ધારણ કરીને અને અસ્ત્ર-શસ્ત્ર સજીને રણક્ષેત્ર તરફ ચાલતો થયો. પછી તેણે પાંડવસૈન્ય-ને હણીને કૌરવોના પક્ષને વિજયી બનાવવાને પોતાનાથી બનતી કોશીષ કરી. યુદ્ધ દરમ્યાન જ્યારે જ્યારે કોઈ નામાંકિત યોદ્ધો મરાતો ત્યારે ત્યારે તે વાયુવેગી ઘોડાવાળા રથમાં ચઢીને ધૃતરાષ્ટ્ર-ને તે સમાચાર કહેવા માટે હસ્તિનાપુર દોડી જતો, અને તેને યુદ્ધની બધી પરિસ્થિતિથી વાકેફ કરતો.*

હવે આ બધો વખત દુર્યોધન શું કરતો હતો તે જોઈએ. યુદ્ધને લગતી તમામ પ્રકારની તૈયારી કરી રહ્યા પછી રણક્ષેત્ર તરફ પ્રયાણ કરતા પહેલાં તે પોતાની માતાની પાસે તેનો આ-શીર્વાદ લેવા ગયો. દુર્યોધન બોલ્યોઃ "માતા! આ યુદ્ધમાં અમારો વિજય થાઓ એવો તમે અમને આશીર્વાદ આપો." ગાંધારી બોલીઃ "જેના પક્ષમાં ધર્મ હશે તેનો વિજય થશે." પણ દુર્યોધન કાંઈ તેને છોડી દે એવો કાચો ન હતો. તેણે તો માતાની આગળ જીદ કરવા માંડી કે ના, એમ નહિ. અમારોજ વિજય થાઓ એવો મારે આશીર્વાદ જોઈએ છે; પણ ગાંધારી એકની બે થઈ જ નહિ. તે પોતાના અસલ વચનને વળગી રહી. જેટલી વાર દુર્યોધને આશીર્વાદને માટે તેની યાચના કરી તેટલી વાર તેણે એકનો એકજ જવાબ આપ્યો કે "જેના પક્ષમાં ધર્મ હશે તેનો વિજય થશે."×



* ભીષ્મપર્વ, ૧૨૬–૮૦,૮૨. દ્રોણપર્વ, ૧–૭. ૪૮–૩૬. ૬૩–૬૬. કર્ણપર્વ, ૧–૧૨. શલ્યપર્વ, ૧–૧૪. ૨૭–૩. ૨૯–૩૫,૩૬. સૌપ્તિક પર્વ, ૯–૫૮.

× આદિપર્વ, અ૦ ૧૪

# પ્રકરણ ૨ જું—ભગવદ્ગીતાની ભૂમિકા

મહાભારતના સુમનોહર માર્ગ ઉપર વિચરણ કરતા કરતા આપણે એક અતિ ઉચ્ચ ભવ્ય પર્વતની તળેટીમાં આવીને ત્યાં આગળ આશ્ચર્યમુગ્ધ થઈને જાણે ત્યાંજ થંભી જતા હોઈએ એવો ભાવ ગીતાપર્વાધ્યાય ઉપર દૃષ્ટિ પડતાં આપણા હૃદયમાં જાગ્રત થાય છે. જાણે આગળ વધવાની આપણામાં શક્તિ કે હિંમત ન હોય એવો અનુભવ થાય છે. ભગવદ્ગીતારૂપી પર્વતરાજના ઉચ્ચ ભાગને જોઈને મહાજ્ઞાનીઓ અને યોગીઓ પણ મુગ્ધ થઈ જાય છે, અને તેની તળેટીનો ભાગ સામાન્ય દર્શકનું મન હરી લે છે. એ પર્વતરાજ પર ચઢવાનું તો આપણું ગજું નથી, પણ દૂર રહ્યા રહ્યા દૂરબીનની મદદથી જેટલું પણ જોવાય તેટલું જોઈએ.

× ગીતાનો મુખ્ય ઉદ્દેશ તો કર્તવ્યપાલનના સંબંધમાં ઉપદેશ કરવાનો છે. પોતપોતાનું કર્તવ્ય બજાવવું એજ ધર્મ અને કર્તવ્ય ન કરવું એજ અધર્મ. આજ વાત ગીતામાં ફરી ફરીને કહી છે. આટલી એકજ વાતની ચર્ચા કરતાં કરતાંજ ગીતાગ્રંથ માનવધર્મનાં મૂળતત્ત્વોને વ્યક્ત કરે છે. કારણકે કયા કાર્યને કર્તવ્ય કહેવું અને કોને અકર્તવ્ય કહેવું એનો નિર્ણય થવો જોઈએ ને ?

કોઈ કહે કે શાસ્ત્રની આજ્ઞાઓનું પાલન કરવું એ કર્તવ્ય અને એજ ધર્મ; તો તેટલાથી પણ આપણો માર્ગ સાફ ચોખ્ખો થતો નથી. કારણકે શ્રીકૃષ્ણ કહે છે કે "ઘણા પંડિતો વેદ એ ધર્મનું મૂળ છે એવો નિર્દેશ કરે છે; પણ વેદમાં ધર્મનું જેટલું દર્શન કરાવ્યું છે તેમાં સર્વ પ્રકારના ધર્મનો સમાવેશ થતો નથી."+ વળી મહાભારતમાં એક જગ્યાએ લખ્યું છે કે "શાસ્ત્ર ચાર પ્રકારનાં છે." સંસ્કૃત મહાભારતનો પ્રસિદ્ધ ટીકાકાર નીલકંઠ આ વાક્યનું વિવેચન કરતા લખે છે કે "ધર્મ જેવું કોઈ ચીજ નહિ, એ પણ એક પ્રકારનું શાસ્ત્ર છે. બીજું શાસ્ત્ર સિંહ (બુદ્ધદેવ) વગેરેએ પ્રવર્તાવેલું. એ પ્રમાણે [illegible]-

× [illegible] પૃ૦ ૩૦૮.
+ કર્ણપર્વ, ૬૯—૫૯.

દિને વંદન કરવું એ પણ એક ધર્મ છે. ત્રીજો મત એવો છે કે વેદોક્ત ધર્મ એજ ખરો ધર્મ–બીજો કોઇજ નહિ અને ચોથો મત વળી એવો છે કે જે સત્ય પદાર્થ છે તે ધર્મ અધર્મ બેઉથી પર છે અને એ સિવાય કોઇ બીજા પદાર્થનું અસ્તિત્વજ નથી."×

વળી મહાભારતમાં બીજે એક ઠેકાણે એવું લખ્યું છે કે શાસ્ત્રો પણ ભિન્ન ભિન્ન પ્રકારનાં છે અને મત પણ (પંડિતોના) નાના પ્રકારના છે. વેદો એકબીજાથી વિરુદ્ધ વાત કહે છે. એવો એક પણ ઋષિ નથી કે જેના અભિપ્રાયને પ્રમાણ ગણીને આપણે તેને આધારે ચાલીએ. આમ હોવાથી મહાપુરુષો જે રસ્તે થઇને ગયા હોય તે રસ્તે જવું એજ આપણું કર્તવ્ય છે." પણ મહાપુરુષ કહેવા કોને? ભરતખંડમાં તો મહાપુરુષોની ખોટજ ક્યાં છે? તેમણે સૌએ પોતપોતાના બુદ્ધિબળવડે નવાનવા પંથ પ્રવર્તાવ્યા છે અને સૌ જુદેજુદે રસ્તે ગયા છે. એથી કરીને તો ભરતખંડમાં અનેક સંપ્રદાયો અને ધર્મના વાડા બંધાયા છે.

વળી એકલા શાસ્ત્રનેજ કાંઇ પ્રમાણ માની શકાય નહિ.

* "केवलं शास्त्रमाश्रित्य न कर्त्तव्यो विनिर्णयः।
युक्तिहीन विचारे तु धर्महानिः प्रजायते॥"

એકલા શાસ્ત્રનાજ આધારે ધર્મનો નિર્ણય કરવો વાજબી નથી; કારણ કે સંગીન દલીલવગરના નિર્ણયથી ધર્મહાનિ થાય છે. આ બૃહસ્પતિનું વચન છે. શાસ્ત્રનિર્ણયને તર્કની કસોટીએ ચઢાવવો જોઇએ. અને સ્વતંત્ર બુદ્ધિ વડે જે નિર્ણય થાય તેજ ખરો. આ પરથી સ્વતંત્ર વિચારનું સર્વોપરિપણું સિદ્ધ થાય છે.

વળી શાસ્ત્ર એટલે શું? મહાભારતમાં કહ્યું છે કે "જેના વડે માનવસમાજની ઉન્નતિ થાય તે શાસ્ત્ર અને એ ઉદ્દેશથીજ

---

× શાન્તિપર્વ, ૨૮૭-૧૨. પંડિતવર નીલકંઠના અભિપ્રાય મુજબ આ શ્લોકમાં બૌદ્ધ ધર્મનો ઉલ્લેખ છે એવું કરે છે. વળી પ્રસ્તુત પુસ્તકના વનપર્વના ૮મા અધ્યાયમાં 'બૌદ્ધ ધર્મ'નો વિષય તેમજ શાન્તિપર્વના પાંચમા અધ્યાયમાં "મહાભારતમાં બુદ્ધ અને બૌદ્ધ ધર્મ" એ વિષય [illegible] જોઇએ. શાન્તિપર્વ, ૨૮૭-૧૦. [illegible]

* [illegible] બૃહસ્પતિનું વચન [illegible]

શાસ્ત્રો રચાયાં છે. જે આચરણ ન્યાયસંગત હોય તે શાસ્ત્રસંમત હોવુંજ જોઇએ અને જે ન્યાયથી વિરુદ્ધ, તે શાસ્ત્રથી પણ વિરુદ્ધજ."- મતલબ કે શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવું એટલે ન્યાયપુરઃસર વર્તન કરવું. પણ તેથી મૂળ પ્રશ્નનો ઉકેલ આવતો નથી. ન્યાયપુરઃસર વર્તન અથવા કર્તવ્ય કોને કહેવું એ સવાલ હજી ઉભો ને ઉભો રહે છે.

ત્યારે હવે કર્તવ્યનો નિર્ણય કરવો કેવી રીતે ? ભરતખંડના ગૌરવરૂપ બુદ્ધદેવ કહે છે કે "કોઇ પણ પ્રાચીન ગ્રંથમાં અમુક વાત લખી હોય અથવા તમે જે સમાજમાં જન્મ્યા હો તે સમાજના લોકો અમુક વાત માનતા હોય અથવા બાળપણથી તમે પોતે અમુક વાતને માનતા આવ્યા હો તોપણ તમારે તે વાત ઉપર અંધશ્રદ્ધા રાખવી નહિ. તમે પોતે વિચાર કરીને એ વાતનું તારતમ્ય તપાસો, વિશેષ પરીક્ષા કરી જુઓ, અને આટલું કર્યા પછી જો તમને તે વાત સર્વને હિતકારક થઈ પડે એવી લાગે તો તેને સત્ય માનજો, તદનુસાર જીવન ગાળજો અને બીજાઓને પણ તે પ્રમાણે આચરણ કરવામાં મદદ કરજો."×

* મહાભારતમાં અનેક ઠેકાણે લખ્યું છે કે "જેના વડે માનવસમાજની ઉન્નતિ થાય તે ધર્મ અને જે ઉન્નતિના માર્ગમાં અંતરાયરૂપ થઇ પડે તે અધર્મ. અમુક પ્રકારના આચરણથી સર્વનું હિત સધાય છે કે નહિ એજ તેની-ધર્મની સારામાં સારી પરીક્ષા છે. જે સૌને અત્યંત હિતકારક હોય તેજ સત્ય અને તેજ ધર્મ. સૌનું ભલું કરવું એજ શ્રેષ્ઠ ધર્મ છે. એના કરતાં વધારે સારો ધર્મ હોઇ શકેજ નહિ. જે સૌનો મિત્ર અને સૌનો હિતેચ્છુ છે તેજ સાચો ધર્મને જાણનારો છે. મન, વાણી અને કર્મથી સૌનું ભલું કરવું. જેનાથી પારકાનું હિત ન થતું હોય અને જેનાથી આપણને શરમાવું પડે એવું કાર્ય કદાપિ કરવું નહિ." કૃષ્ણે કહ્યું છે કે "જે સર્વને ધારણ કરે છે અર્થાત્ જે સર્વની રક્ષા કરે છે તેજ ધર્મ."‡ કૃષ્ણે ગીતામાં પણ વારંવાર

- શાંતિપર્વ, ૧૦૯-૧૦. ૨૬૮-૫૮. × કર્મયોગ, પૃ૦ ૧૬૮.

* વનપર્વ, ૩૩-૨૧. ૨૦૮-૮. ૧૧૨-૩૧. શાંતિપર્વ, ૧૦૯-૧૦-૧૧-૧૨. ૩૨૯-૧૨, ૧૩. ૨૬૪-૬. ૨૬૧-૯. ૧૨૮-૬૬, ૬૭, ૬૮. ‡ કર્ણપર્વ, ૬૯-૫૭. ૫૮-૫૯.

કહ્યું છે કે "સૌનું ભલું કરવું એ કર્તવ્ય છે. લોકકલ્યાણ ઉ[illegible] દૃષ્ટિ રાખીને દરેક જણે પોતપોતાનાં કર્મ કરવાં જોઈએ. સૌ[illegible] ઉન્નતિને ખાતર અંગત સ્વાર્થને જતો કરવો એ સૌની ફ[illegible] છે. હું પણ જો કર્મ ન કરતો રહું તો માનવસમાજનો વિના[illegible] થઈ જાય. એટલા માટેજ હું કર્મ કરતોજ રહું છુ."*

---

* ગીતા, ૩–૨૪. ૩–૨૦. આ છેલ્લા શ્લોકના અર્થ ઉ[illegible] વિવેચન કરતાં ગીતાના ટીકાકારો "લોકસંગ્રહ" શબ્દને "સ્વધર્મ[illegible] પ્રવૃત્તિ" એવા અર્થમાં સમજાવે છે. પણ અમારા અભિપ્રાય પ્રમ[illegible] તેનો અર્થ "લોકકલ્યાણ" એવોજ કરવો જોઈએ. "લોકસંગ્ર[illegible] આ અર્થમાં લેતાં આ બધા શ્લોકોનું તાત્પર્ય આ પ્રમાણે નીકળે છે[illegible]

જનક વગેરે કર્મ વડેજ સિદ્ધિ પ્રાપ્ત કરી ગયા છે. મત[illegible] કે પોતાના સ્વાર્થનો વિચાર કરીને પણ કર્મ કરવાં જોઈએ. [illegible] વિચાર કરીએ તો તેથી પણ કર્મ કરવાનો માર્ગ સા[illegible] [illegible] આઠમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં જે "વિસર્ગ[illegible] [illegible] તેનો અર્થ પણ ટીકાકારોએ "ત્યાગ" [illegible] કર્યો છે. અને તેનો અર્થ "સ્વાર્થત્યાગ" અથવા "[illegible] [illegible] કરીએ છીએ; અને એ શ્લોકમાં જે "ક[illegible] [illegible] તેનો અર્થ અમે "કર્તવ્ય કર્મ" કરીએ છીએ. [illegible] [illegible] તાત્પર્ય પણ એવું થવા જાય છે કે "જે પરમ અ[illegible] [illegible] છે. એ બ્રહ્મનો [illegible] [illegible] તે "અધ્યાત્મ" કહેવાય છે. [illegible] [illegible] અને વૃદ્ધિ થાય અથવા માનવસમાજનું [illegible] [illegible] "વિસર્ગ"–ત્યાગ–સ્વાર્થત્યાગ અર્થાત્ [illegible] [illegible] કર્તવ્ય છે–એજ કર્મ [illegible]

[illegible]

[illegible] **સર્વભૂતહિતે રતાઃ**—[illegible]

[illegible]

મહાભારતમાં એક જગ્યાએ એવું પણ લખ્યું છે કે "જો એકાદ જણનો ત્યાગ કરવાથી આખા કુટુંબના પ્રાણનું રક્ષણ થતું હોય તો તેમ કરવું ઉચિત છે. કુટુંબનો ત્યાગ કરવાથી એટલે કુટુંબના હિતનો ભોગ આપ્યાથી જો આખા ગામનો બચાવ થતો હોય તો ભલે કુટુંબનું જે થવાનું હોય તે થાય. તેમ ગામના ભોગે જો આખા દેશનું ભલું થતું હોય તો ગામનો ભોગ આપીજ દેવો જોઈએ." શુક્રાચાર્યની પણ આજ નીતિ છે.

આ બધાં વચનો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે ગીતાનું લક્ષ્ય અંગત હિત સાધવા તરફ નહિ પણ દેશનું અથવા સામુદાયિક હિત સાધવા તરફ છે. કોઈ ચોરને મદદ કરવાથી તે વ્યક્તિનો સ્વાર્થ અથવા હિત સધાય એ ખરૂં, પણ તેથી દેશને અથવા સમાજને હાનિ થાય છે. કારણકે ચોરને ઉત્તેજન મળવાથી તેનો દાખલો લઈને બીજા પણ ચોરી કરતા થાય અને પછી કોઈ કમાવાની તસ્દી લેજ નહિ. એટલે પરિણામે દેશનો અનર્થ થાય. માટે દેશના કલ્યાણ તરફજ નજર રાખવી. દેશનું હિત કરવાને માટેજ ચેષ્ટા કરવી એજ કર્તવ્ય કર્મ છે અને એજ ધર્મ છે એવો ગીતામાં વારંવાર ઉપદેશ કર્યો છે.=

હિતવાદનો આજ મૂળ સિદ્ધાંત છે. જેના વડે ઘણામાં ઘણાં મનુષ્યોનું ઘણામાં ઘણું ભલું થાય એવું આચરણજ ન્યાયયુક્ત છે, અને એજ કર્તવ્ય છે. કૌરવોએ અત્યંત અન્યાયી ઉપાયો વડે પાંડવોની પૈતૃક મિલકત અને તેમનું સ્વરાજ્ય છીનવી લીધું હતું. જો તેને પાછું મેળવવાને માટે પાંડવો કૌરવોની સાથે યુદ્ધ ન કરે તો તેમણે અન્યાયને તથા અધર્મને ઉત્તેજન આપ્યું કહેવાય. સમાજમાં અન્યાયને ઉત્તેજન આપવાથી કોઈ પણ સમાજ લાંબો વખત સ્થાયી રહી શકતો નથી; કોઈ પણ દેશની અવનતિ થયા વગર રહેતી નથી. એટલાજ માટે કૃષ્ણ પાંડવોને સ્વદેશનો ઉદ્ધાર કરવાના હેતુથી યુદ્ધ કરવા વારંવાર ઉત્તેજના આપ્યા કરતા હતા; અને એ યુદ્ધ ધર્મયુદ્ધજ

---

[illegible]

= [illegible] ૨૧–૧૧ ૧૨–૪, ૧૩.

છે એવું તેમના મન ઉપર ઠસાવ્યા કરતા હતા. પોતાના આત્માની ઉન્નતિ કરવી એ મનુષ્યમાત્રના જીવનનું લક્ષ્ય છે અને દેશોન્નતિ વિના આત્મોન્નતિ થઇ શકતી નથી. વળી આત્મોન્નતિ વિના દેશોન્નતિ પણ થઇ શકતી નથી, એ વાત પણ તેટલીજ સાચી છે. આમ આત્મોન્નતિ અને દેશોન્નતિ એકબીજાની સાથે ખૂબ સાંકળાએલાં છે. જે આત્મોન્નતિ નથી કરી શકતો તે વળી દેશની ઉન્નતિ કેવી રીતે કરવાનો હતો ? દેશની ઉન્નતિ કરવી એ કાંઇ હાંસીખેલ નથી. જે ષડ્રિપુનો ગુલામ છે, જે સ્વાર્થી છે, જે ખોટી રીતે અવનતિ તરફ ઘસડાતા જાય છે તેઓથી કાંઇ દેશોન્નતિ થાય ? નિષ્કામ કર્મવીર હોય તેઓજ દેશનો ઉદ્ધાર કરી શકે છે. એટલાજ માટે ગીતામાં આત્મોન્નતિ ઉપર આટલો બધો ભાર મૂકયો છે. ગીતાની અંદર અનેક ઠેકાણે આત્મોન્નતિ અને દેશોન્નતિના ગંગા અને યમુનાના જેવા નિર્મળ પ્રવાહ શા માટે એકબીજાની સાથે ઓતપ્રોત થઇ ગયા છે તે આટલા ઉપરથી સમજી શકાશે. વાસ્તવિક રીતે ભગવદ્‌ગીતા એ સ્વદેશપ્રેમનું મહાકાવ્ય છે. જો તેમ ન હોત તો કૃષ્ણ અર્જુનને ક્ષત્રિયધર્મનું પાલન કરવાનો ઉપદેશ આપત નહિ, તેને સ્વદેશનો ઉદ્ધાર કરવા માટે યુદ્ધ કરવા પ્રેરત નહિ; તેમજ મનુષ્યમાત્ર પ્રત્યે સમદર્શી થવાનો, સર્વના ઉપર એકસરખી પ્રીતિ રાખવાનો અને સર્વનું કલ્યાણ તાકવાનો આદેશ કરતજ નહિ. ઉપર કહી તે બધી બાબતો આત્મોન્નતિની અને દેશોન્નતિની સહાયક છે.

આવા આવા જે તત્ત્વોપદેશ મહાભારતમાં સર્વત્ર વેરાએલા છે તે બધા ગીતામાં એક જગ્યાએ સામટા એકત્રિત કરેલા જોવામાં આવે છે.× વળી મનુસંહિતા, યોગવાસિષ્ઠ અને રામાયણના પણ કેટલાએ શ્લોક ગીતાની અંદર છે. ઉપનિષદોના કેટલાક શ્લોક તો ગીતામાં લગભગ જેવા ને તેવાજ રૂપમાં ગોઠવી દીધેલા છે. એ ઉપરાંત બૌદ્ધોના ધર્મગ્રંથોનાં સુંદર સુંદર વચનો પણ તેમાં સમાવી દીધાં છે. બૌદ્ધધર્મ નીતિપ્રધાન હતો. ષડ્રિપુનું દમન કરવું એ બૌદ્ધધર્મનો મૂળમંત્ર છે. ગીતાએ તે ઝીલી લીધો છે અને તેને અગ્રસ્થાન આપ્યું છે.

× આ વાત બંકિમચંદ્ર પણ સ્વીકારે છે. જુઓ બંકિમકૃત 'કૃષ્ણચરિત્ર' ખંડ ૫ મો, અધ્યાય ૨ જો.

બૌદ્ધધર્મ જેના ઉપર ખાસ ભાર મૂકે છે તે ભૂતમાત્રના કલ્યાણ-ની અને નિષ્કામ કર્મયોગની ભાવના, સાંખ્ય અને વેદાંત-દર્શનનો જ્ઞાનયોગ, ભાગવતનો ભક્તિયોગ અને પાતંજલનો રાજયોગ, એ બધાનું ભગવદ્‌ગીતામાં ઘણું જ સુંદર સામંજસ્ય કરેલું છે. ગીતામાં કેટલેક ઠેકાણે અને મહાભારતમાં તો ઘણી જગ્યાએ વેદોની નિંદા પણ કરેલી છે.= કહેવાની મતલબ એ છે કે, ભારતખંડની તમામ ભાષાઓના આધુનિક સાહિત્ય ઉપર જેમ પાશ્ચાત્ય વિચારસરણીની છાપ પડી છે તેમ મહાભારતમાં અને તેથી કરીને ગીતામાં પણ બૌદ્ધ ચિંતનની છાપ છે; નહિ તો જે જમાનામાં વેદોનું સામ્રાજ્ય ચાલતું હતું તે જમાનામાં અને વળી વેદોની આણ માનનાર ભારતખંડમાં રહીને વેદોની નિંદા કરવાની કોઇની હિંમત ચાલે જ કેવી રીતે ?÷

ગીતામાં પરસ્પર વિરુદ્ધ અર્થના શ્લોકો પણ પુષ્કળ છે એની ના પડાય એમ નથી.× મહાભારતમાં તો પાછળથી દાખલ થએલા લખાણનો હિસ્સો ઘણો મોટો છે, એ વાત બધાએ કબૂલ કરે છે. ગીતામાં પણ એવા પ્રક્ષિપ્ત શ્લોકો છે.*

અનાચાર, અને અભક્ષ્યભક્ષણ, જ્ઞાતિનો વિચાર કર્યાવિના ગમે તેનું અન્ન ખાવાથી થએલું પાપ, અસ્પૃશ્યસ્પર્શ, ઇન્દ્રિય-જનિત પાપ, એ બધાનો ગીતાના પાઠથી નાશ થાય છે એવું ગીતા-ના માહાત્મ્યમાં લખ્યું છે. ગીતાએ દેશવિદેશના લોકોના ચિત્ત-ને એટલું આકર્ષ્યું છે કે તેનાં ગ્રીક, લૅટિન, જર્મન, ફ્રેંચ, અંગ્રે-જી, સ્પૅનિશ વગેરે યુરોપની ભાષાઓમાં ભાષાંતર થઇ ગયાં છે.

---

= જુઓ બંકિમચંદ્રકૃત ધર્મતત્ત્વ, ભા૦ ૧ અ૦ ૪, ૧૪.

÷"જે કૃષ્ણ વેદપ્રધાન ભારતખંડમાં રહીને અને વેદોનો ડંકો વાગ-તો હતો તે જમાનામાં 'ધર્મ વેદમાં નથી, પણ જનતાના કલ્યાણમાં છે' એવું જાહેર કરવાની હિંમત ચલાવે છે તે ઇશ્વર હો કે ન હો તોપણ તેને અમે મસ્તક નમાવીએ છીએ." ધર્મતત્ત્વ, ભા૦ ૧, અ૦ ૪.

× શંકરાચાર્ય પોતાના ભાષ્યની ઉપક્રમણિકામાં આ કથનને ટેકો આપે છે.

* સને ૧૯૧૪ ના મૉડર્ન રિવ્યૂના જુલાઇ માસના અંકમાં "ગીતામાં ઇશ્વરવાદ" એ શીર્ષકવાળા લેખમાં લખ્યું છે કે જાવા અને બાલીદ્વીપમાં જે ગીતા પ્રચલિત છે તેમાં બહુજ થોડા શ્લોક છે; ત્યારે મદ્રાસના શુદ્ધ સનાતન ધર્માવલંબી સંપ્રદાયે પ્રસિદ્ધ કરેલી ગીતાને ૨૬ અધ્યાય છે.

બંકિમચંદ્ર લખે છે કે "જેનાથી લોકોનું હિત થાય એજ ધર્મ, એવું સત્યતત્ત્વ કૃષ્ણે પ્રતિપાદિત કર્યું છે × × × × કૃષ્ણે ઉપદેશેલા આ હિંદુધર્મના મૂળ મંત્રને જો આપણે જીવનમાં ઉતારીએ તો હિંદુધર્મની અને હિંદુ પ્રજાની ઉન્નતિ શીઘ્ર સિદ્ધ થઇ જાય. × × × × જો તેમ થાય તો પાખંડ, ન્યાતજાતની અને કોમ કોમની તકરારો, પરસ્પર વિખવાદ અને વેરઝેર, એમાંનું કાંઈજ રહેવા પામે નહિ."=

ગીતાના આદર્શ પ્રમાણે જો આપણે આપણું ચારિત્ર્ય ઘડીએ તો કોઇ પણ જાતનું દુઃખ આપણને ક્લેશ આપેજ નહિ અને દેશની ઉન્નતિ પણ હાથવેંતમાંજ આવી જાય.

સત્ય હકીકત એવી છે કે ગીતામાં જે ધર્મનો બોધ કર્યો છે તેના જેવો સાર્વજનિક, વિશ્વવ્યાપી, ત્રિકાળસત્ય અને વિશ્વબંધુત્વથી ભરપૂર ધર્મ બીજો કોઇ છેજ નહિ. ચારિત્ર્યગઠનને માટે અને મુક્તિની પ્રાપ્તિ કરવાને માટે એના કરતાં વધારે ઉત્કૃષ્ટ સામગ્રી બીજા ધર્મગ્રંથમાંથી ભાગ્યેજ મળી શકશે.*



= બંકિમકૃત કૃષ્ણચરિત્ર, ખંડ ૬, અધ્યાય ૬.

* ડૉ૦ લોરિન્ઝર લખે છે કે ગીતા અને બાઇબલમાં લગભગ સો વચન એકસરખી મતલબનાં છે. કૅનેડી ગીતા અને બાઇબલના "નવા કરાર" (ન્યૂ ટેસ્ટામેન્ટ)ની તુલના કરતાં લખે છે કે બાઇબલના એ અધ્યાયોના લેખકોને ભગવદ્‌ગીતામાંથી સામગ્રી મળી હોય એ ઘણું બનવા જોગ છે. અમેરિકાનો એક ધર્મોપદેશક ડૉ. હૅાલ લખે છે કે "બાઇબલના જૂના વિભાગ (ઓલ્ડ ટેસ્ટામેન્ટ)નો આધાર મહાભારત ઉપરજ હોય એમ લાગે છે. વળી કૃષ્ણ અને ક્રાઇસ્ટના જીવનના સો કરતાં વધારે પ્રસંગો એકબીજાને ખૂબ મળતા આવે છે. એકલી મનુસંહિતા અને બાઇબલના જૂના વિભાગ (ઓલ્ડ ટેસ્ટામેન્ટ)ની તુલના કરતાં ફ્રેન્ચ વિદ્વાન જેકૅાલિયટ લખે છે કે બાઇબલ ભરતખંડમાંથી આવ્યું હોવું જોઇએ. બાઇબલનો મોટો ભાગ અને તેમાંનાં બધાંજ દષ્ટાંતો બૌદ્ધધર્મના ગ્રંથોમાંથી લીધેલાં છે એવો અભિપ્રાય ઘણા અંગ્રેજ પંડિતોનો પણ છે.

# પ્રકરણ ૩ જું—ભગવદ્‌ગીતા

વર્ષાઋતુમાં જેમ સેંકડો નદીનાળાં ચારે દિશાએથી વહી વહીને સમુદ્રમાં જઈ મળે છે, તેમ ભરતખંડના તમામ મોટામોટા રાજાઓ પોતપોતાનાં સૈન્ય સહિત કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં ભાગ લેવાને માટે પાંડવો અને કૌરવો બેમાંથી ગમે તે એકના પક્ષમાં આવી મળ્યા હતા. તે ભયંકર વિશાળ મેદાનને બેઉ છેડે બેઉ પક્ષની સેનાએ પડાવ નાખ્યો હતો. એક બાજુએ ઘણાજ બળવાન અને મદોન્મત્ત કૌરવોના સૈન્યસમૂહના મુખ્ય સેનાધિપતિ ભીષ્મદેવ હતા, ત્યારે બીજી બાજુએ કૌરવોની અપેક્ષાએ બળહીન અને ગરીબ પાંડવોના સૈન્યનું નિયમન કૃષ્ણ કરી રહ્યા હતા.

યુદ્ધને માટે ઠરાવેલા દિવસનું પ્રભાત થયું. ભારતમાતાના પુત્રોના ભયંકર આંતરકલહને જોઈને જાણે પોતે ખિન્ન થતો હોય તેમ સૂર્ય પણ રાતુંચોળ મુખ કરીને પૂર્વાકાશમાં આ દારુણ નરસંહાર જોતો ઉભો રહ્યો. કૌરવો અને પાંડવો પોતપોતાની છાવણીઓમાંથી બહાર નીકળીને રણમેદાનમાં આવી ઉભા. બેઉ પક્ષનાં સૈન્યો આયુધ સજીને દુર્ભેદ વ્યૂહરચના કરીને સામાસામી હારબંધ ગોઠવાઈ ગયા.

અર્જુનના રથને ચાર દૂધ જેવા ધોળા, પવિત્ર [illegible] ઘોડા ખેંચતા હતા. તેના શિખર ઉપર કપિધ્વજ [illegible] રહ્યા હતો. કૃષ્ણ પોતે ઘોડાની લગામ પકડીને [illegible] સારથિની જગ્યા એ બિરાજ્યા હતા. [illegible] કરીને યુદ્ધની [illegible] કરી [illegible]

[illegible]

મારા રથને ઉભો રાખો કે જેથી હું સર્વને એક વાર બરાબર જોઈ લઉં." કૃષ્ણે તેમ કર્યું અને અર્જુને સામા પક્ષના સૈન્યમાં પોતાના પરમ ભક્તિભાજન ભીષ્મપિતામહને, પૂજ્યપાદ આચાર્ય દ્રોણને તથા બીજા પરમપ્રિય મિત્રો અને બંધુજનોને જોયા. તેવીજ રીતે પોતાના સૈન્ય તરફ નજર કરતાં ત્યાં પણ તેણે પોતાને અત્યંત પ્રિય એવા સ્નેહીઓને અને સ્વજનોને જોયા. તે જોઇને તેનું મન વિષાદપૂર્ણ બની ગયું. તેણે કહ્યું: "હે માધવ ! અરે ! આ યુદ્ધમાં પૂજ્ય ગુરુજનોને હણવા પડશે, બંધુ-બાંધવોનો વિનાશ કરવો પડશે. તેમ થવાથી અમારા કુળનો નાશ થશે. આ તો બિલકુલ નહિ કરવા જેવું કાર્ય છે. આવું અધર્માચરણ મારાથી તો નહિજ થાય. મારે જય, રાજ્ય અને ભોગ, એમાંનું કાંઈ જોઈતું નથી. આ બાપાના લોહીથી મારા હાથ [illegible] રાજ્ય કરવું તે કરતાં તો હું ભિક્ષા માગીને પેટ ભરવાનું [illegible]." એવું કહીને તેણે પોતાના હાથમાંનાં ધનુષ્યબાણ [illegible] મુકી દીધાં અને અત્યંત ઉદાસ બનીને રથમાં બેસી ગયો.

[illegible] શ્રીમદ્ ભગવદ્ગીતાના મધુર મંગલ ગીતનો આરંભ થાય છે.

## (क) *કર્મયોગ

[illegible] અર્જુન ! આ ભયંકર [illegible] [illegible] થયો ? [illegible]

[illegible]

કરીને નવાં વસ્ત્ર ધારણ કરે છે, તેમ આત્મા પણ જૂના શરીરને છોડી દઈ નવું શરીર ધારણ કરે છે. (૨-૨૨.) તો પછી કોઇ મરે કે જીવે તેમાં તારે દુઃખી શા માટે થવું જોઈએ ? કદાચ તું એમ કહે કે આત્મા શાશ્વત નથી પણ તે વારંવાર જન્મે છે અને મરે છે તો તેમાં પણ તારે ખેદ કરવા જેવું નથી. કારણ કે સંયોગ અને વિયોગ એ બેઉ જોડકાં એકબીજાની આગળ પાછળ ચાલ્યાંજ આવે છે. જેનો સંયોગ થયો છે તેનો વિયોગ પણ થવાનોજ અને જેનો વિયોગ થયો છે તેનો પાછો સંયોગ થશે. જે જન્મ્યાં છે તે મરશે અને જે મરે છે તે પાછાં જન્મશે. (૨-૨૬, ૨૭.) શરીરની જેમ કૌમાર, યૌવન અને વૃદ્ધપણું, એવી ત્રણ અવસ્થાઓ તું જુએ છે, તેવી મૃત્યુ પણ તેની એક ચોથી અવસ્થા છે. (૨-૧૩.) મૃત્યુ અનિવાર્ય છે. કેમકે મરણ એ પણ પ્રકૃતિનો એક ખાસ નિયમ છે. તો પછી તું બીજાઓના મરણનો વિચાર કરીને શા માટે ખિન્ન થાય છે અને આ મહાન કાર્યમાં ભાગ લેતાં અચકાય છે ?

તું તારા ક્ષત્રિય ધર્મનું પાલન કર. (૨-૩૧.)

સ્વદેશની સેવા કરવી એ ક્ષત્રિયનો ધર્મ છે-એજ તેનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે. દુષ્ટોનું દમન કરવું, સદાચારીનું રક્ષણ કરવું, જનસમુદાયનું હિત સાધવું, સ્વદેશને માટે યુદ્ધ કરવું અને યુદ્ધ કરતાં મરવું પડે તો મરવું, એ ક્ષત્રિયનું કર્મ છે અને એજ તેનો ધર્મ છે. શૌર્ય, બળ, નિર્ભયતા, દક્ષતા અને સ્વાધીનતા એ ક્ષત્રિયોનાં લક્ષણ છે અને સ્વદેશસેવા એજ તેનું કર્તવ્ય છે. (૧૮-૪૩) ત્યારે આજે તો તું તેનાથી વિપરીત આચરણ કરવા તૈયાર થયો છે ! કૌરવોએ ભારે અન્યાયી અને અધર્મયુક્ત આચરણ કરીને તારૂં હક્કનું રાજ્ય પડાવી લીધું છે. તેમને તેમનાં કર્મને યોગ્ય સજા કરવી અને ગુમાવેલું રાજ્ય પાછું મેળવવું એ અત્યારે તારૂં કર્તવ્ય છે. કારણ કે જો કોઇ સમાજમાં એવો અન્યાય અને અધર્મ ફેલાય તો પછી તે સમાજ સ્થાયી રહી શકેજ નહિ. એવું થાય તો કોઇ પણ દેશની ઉન્નતિ થાયજ કયાંથી ? માટે તારા દેશના ભલાને ખાતર પણ તારે યુદ્ધ કરવું ઘટે છે. તું જો યુદ્ધ નહિ કરે તો સૌ તારી નિંદા કરશે. જગતમાં નિંદા થાય, અપકીર્તિ થાય અને છતાં જીવવું તેના કરતાં તો મરણ અનંતગણું બહેતર છે. અને તું આ યુદ્ધમાં

મરણ પામે તો પણ શું ? એમાંએ તને તો લાભજ છે. દેશના ભલા માટે લડતાં લડતાં મરવું એના કરતાં મર્દને માટે બીજું શું ઇચ્છવા યોગ્ય હોય ? તું મરીશ તો સ્વર્ગે જઇશ અને જીતીશ તો આખા ભરતખંડનો રાજા થઇશ. (૨-૩૧)

## કર્મનો કદી પણ ત્યાગ કરાયજ નહિ.

તું કર્મત્યાગ કરીને પરધર્મરૂપ ભિક્ષાથી પેટ ભરનાર સંન્યાસી થવા ઇચ્છે છે; એ તદ્દન અધર્માચરણ છે. કારણ કે એક તો કર્મનો સદંતર ત્યાગ કરવો એ મનુષ્યને માટે બિલકુલ અસંભવિત છે જીવનને ટકાવવાને માટે અહોનિશ કર્મ કરવુંજ પડે છે; (૩-૮) કર્મ કર્યા વગર તો કોઈ એક ક્ષણ પણ રહી શકે નહિ. મનુષ્યને કર્મ કરવાની ઇચ્છા હોય કે ન હોય તોપણ તેની પ્રકૃતિજ તેને નિરંતર કર્મમાં પ્રેર્યા કરે છે. (૩-૫) બીજું વેદોમાં જે યજ્ઞયાગાદિના વિધિ બતાવેલા છે તે પણ કર્મ વગર તો થઈ શકે નહિ. તે પણ એક પ્રકારનાં કર્મજ છે ને ? (૩-૧૪, ૧૫) માટે કર્મ કોઇ પણ રીતે નિંદ્ય નથી. ત્રીજું જનકાદિ રાજર્ષિઓ પણ કર્મ દ્વારાજ સિદ્ધિ પ્રાપ્ત કરી ગયા છે. (૩-૨૦) ચોથું મનુષ્ય સમાજના શ્રેયને માટે પણ કર્મ કરવાં જરૂરનાં છે. (૩-૨૦) ફક્ત કર્મને આધારેજ મનુષ્યસમાજ ટકી રહે છે અને કર્મને લીધેજ તે ઉન્નતિ તરફ ગતિ કરે છે. કર્મ દ્વારાજ સ્વદેશની ઉન્નતિ સાધી શકાય છે. પૃથ્વી એ મહાન કર્મક્ષેત્ર છે. કર્મનો ત્યાગ કરવાથી દેશમાં આળસ વધી જાય છે, દુઃખ અને દારિદ્ર ચારે તરફ ફેલાઇ જાય છે અને અંતે દેશનો અધઃપાત થાય છે. પાંચમું કારણ આ આખું જગતજ કર્મનું પરિણામ છે અને કર્મને આધારેજ ટકી રહ્યું છે. કાર્યકારણની પરંપરા ઉપરજ તેનો નિભાવ થાય છે. એટલા માટે પણ કર્મનો ત્યાગ કરવો એ ભારે અધર્મ છે. છઠું કર્મનો ત્યાગ કરવાથીજ કાંઈ મુક્તિ થતી નથી. (૩-૪) જો એમ મુક્તિ થતી હોય તો પર્વતોને જન્મસિદ્ધ યોગીઓ શા માટે ન માનવા ? કોઇ શરીરથી કર્મનો ત્યાગ કરે અને મનથી ખોટા વિચાર કર્યા કરે તેને તો મહાપાપી જાણવો. (૩-૬) ખરેખરી અગત્યની વાત તો મનની શુદ્ધિજ છે. ચિત્તશુદ્ધ એજ મુક્તિનો સાચો ઉપાય છે. (૩-૬, ૭) એકલા જ્ઞાનથી પણ મુક્તિ થવી અસંભાવિત છે: કારણ કે જ્ઞાનની પ્રાપ્તિ કરવાને માટે પણ કર્મની આવશ્યકતા

રહે છે. (૬–૩) કર્મ કર્યા વગર માત્ર જ્ઞાન વડે મુક્તિની આશા
રાખવી એ વ્યર્થ છે.* કર્મ વડેજ જ્ઞાન થાય છે અને કર્મ વડેજ
જ્ઞાનનું સંશોધન થઇ શકે છે. કર્મ વડે અને સાધના કર્યાથીજ
જિતેન્દ્રિય થવાય છે. દુઃખને દૂર કરવાનો અને વિશુદ્ધ આનંદની
પ્રાપ્તિ કરવાનો એકમાત્ર ઉપાય કર્મજ છે. જેમ જ્ઞાનને માટે કર્મ
આવશ્યક છે તેમ કર્મને માટે જ્ઞાન પણ તેટલુંજ જરૂરનું છે; કારણ
કે જ્ઞાન વડે કયું કર્મ કરવા યોગ્ય છે અને કયું કરવા યોગ્ય નથી
તેનો વિવેક થઈ શકે છે. જ્ઞાન વડેજ કર્મનું યોગ્ય નિયમન થાય
છે. જેને કશું જ્ઞાન નથી તે કોઈ પણ કર્મ કરી શકવાનો નથી એટ-
લા માટે જ્ઞાન અને કર્મ એકબીજાની સાથે નિત્ય સંબંધથી સંક-
ળાયેલાં છે. એમાંનું કોઈ પણ એકબીજાના આધાર વગર રહી
શકતું નથી. વળી જેઓ જ્ઞાનસિદ્ધ થયા હોય તેમણે પણ કર્મ
તો કરવાંજ જોઇએ. (૩–૨૬) કારણ કે જ્ઞાનીઓનું દૃષ્ટાંત લઇને
સામાન્ય મનુષ્યો વર્તન કરે છે. (૩–૨૧) એટલા માટે સામાન્ય
જનતાને કર્મમાં નિયુક્ત કરવાને સારૂ જ્ઞાનીએ પણ નિરંતર
કર્મની પ્રવૃત્તિ ચાલુ રાખવીજ જોઇએ. (૩–૨૬) મારે તો કશો
સ્વાર્થ નથી, મારે કશું પ્રાપ્ત કરવાનું પણ બાકી રહ્યું નથી છતાં
પણ હું દેશના ભલા માટે નિરંતર કર્મ કરતો રહું છું હું જો
કર્મ ન કરૂં તો મારૂં જોઇને બીજા બધા પણ કર્મભ્રષ્ટ થઈ
જાય અને તેથી દેશનો અધઃપાત થાય અને એ નવસમાજ છિન્ન
ભિન્ન થઈ જાય (૩–૨૩–૨૪) [illegible]

[illegible]

કરવી એ કર્તવ્ય છે. તેવીજ રીતે પરોપકાર કરવો એ કર્તવ્ય છે; પણ જે પરોપકારથી અન્યાયને ઉત્તેજન મળતું હોય અથવા દેશનું અનિષ્ટ થતું હોય તો તે વખતે પરોપકાર કરવો યોગ્ય નથી. સ્વદેશની સેવા કરવાનું વ્રત એ સર્વથી શ્રેષ્ઠ અને સૌથી વિશેષ અગત્યનું કામ છે. બીજાં બધાં કામ એની સરખામણીમાં ગૌણ સમજવાં. આ અતિ મહત્ત્વના કાર્યની સિદ્ધિમાં જો બીજાં કર્તવ્યો નડતરરૂપ હોય તો તેમને એક બાજુએ મૂકી દેવાં જોઈએ. વળી જેઓ ભોગવિલાસથી પ્રમત્ત બનીને પોતાની વિચારશક્તિ ગુમાવી બેઠા છે તેઓ કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય કરી શકેજ નહિ. ( ૨-૪૪ ) તેમનું લક્ષ્ય માત્ર પોતાના અંગત સ્વાર્થ ઉપરજ હોય છે અને તેને અર્થેજ તેઓ સર્વ પ્રવૃત્તિ કરે છે.

નિષ્કામ કર્મ નિરંતર કર્યાજ કરવાં જોઇએ. (૩-૧૯) હું અમુક કાર્ય કરૂં તો તેનું ફળ હુંજ ભોગવું એવો વિચાર કદી પણ મનમાં આવવા દેવો નહિ. એવા વિચારથી પ્રેરાઇને કોઇ પણ કાર્ય કરવું નહિ. વળી કાર્ય કરતાં કરતાં પણ તેનું પરિણામ પોતે ભોગવવાનો વિચાર મનમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

## નિષ્કામ કર્મ શા માટે કરવાં?

જે પૂર્ણ કામનારહિત છે તે એકલોજ પોતાનું કર્તવ્ય સફળતાપૂર્વક સિદ્ધ કરી શકે છે. સ્વાર્થપરાયણ વ્યક્તિઓને કદી સફળતા મળતી નથી. નિષ્કામ થયા સિવાય પૂરેપુરા સ્વાર્થરહિત થઇ શકાતું નથી. વળી નિઃસ્વાર્થવૃત્તિ વગર અનેક વ્યક્તિઓ તેમજ અનેક જાતિઓ ઐકયના સૂત્રથી સંધાતી નથી અને ઐકય વગર કોઈ પણ મહત્ત્વનું કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. નિષ્કામ કર્મનું એકજ લક્ષ્ય હોવું જોઇએ અને તે એજ કે શું કરીએ કે જેથી સ્વદેશનો ઉદ્ધાર થાય. જ્યારે નિષ્કામ કર્મનું એકજ લક્ષ્ય છે ત્યારે કામ્ય કર્મોનાં અનંત લક્ષ્ય હોય છે. ( ૨-૪૧. ) કારણકે કામનાઓ અનંત પ્રકારની હોય છે અને ભોગ્ય પદાર્થો પણ અનંત છે. સકામ કર્મ કરવા જતાં જો ઈચ્છા પ્રમાણે ફળ ઉત્પન્ન ન થયું અથવા તે ફળનો ઉપભોગ કરવાનું પોતાનાથી ન બન્યું તો મનમાં દુઃખ થયા વગર રહેજ નહિ. પરંતુ નિષ્કામ ભાવે કાર્ય કર્યાથી ફળ થાઓ કે ન થાઓ

તોપણ મનને કશો સંતાપ થવાનો સંભવ નથી. કાર્ય સફળ ન
થાય તોપણ આપણે જે કાંઇ કર્યું તે નિષ્કામપણે કર્યું છે એટલા
વિચારથી પણ મનને ઘણો સાત્વિક આનંદ થશે. નિષ્કામ થયા
વગર જો તમે બીજા ઉપર કાંઈક ઉપકાર કરશો તો તેની પાસેથી
તમે કાંઇ નહિ ને કાંઇ બદલાની આશા રાખશોજ રાખશો; અને
જો તેના તરફથી તેવો બદલો નહિ મળે તો એક જાતની અકૃત-
જ્ઞતાને લીધે તમે બીજા કોઇનું ભલું કરતા અટકશો. પરોપકાર-
વૃત્તિ ઉપર સમાજની સુસ્થિતિનો મુખ્ય આધાર છે અને તેનો
અભાવ થવાથી સમાજનો ક્ષય થતો જાય છે. નિષ્કામ કર્મ
કરનારનો હેતુ હમેશાં શુદ્ધજ હોય છે. તે પોતાના સ્વાર્થને
માટે તો કાંઈ કરતોજ નથી. જે કાંઈ કરે છે તે બીજાના અને
પોતાના સમગ્ર દેશના ભલા માટે કરે છે. આથી કરીને તેને
કોઇ પણ કાર્ય કરવામાં પાપ લાગુ પડતું નથી. (૧૮-૧૭)
નિષ્કામભાવે કરેલું કાર્ય કદી વિફળ જતું નથી. (૨-૪૦)
એક વાર પૂર્ણ નિષ્કામભાવે દેશના હિત તરફ નજર રાખીને
આરંભેલા કાર્યનો કદી ક્ષય થતો નથી. તેના શુભ પરિણામની
પરંપરા એક એક કર્મમાંથી ઉત્પન્ન થયાજ કરે છે. એક વાર
એવું કાર્ય કર્યાથી જે નિર્મળ, સાત્વિક આનંદનો અનુભવ થાય
છે તે આનંદ ફરીવાર તેવું બીજું કાર્ય કરવા પ્રેરે છે અને એ
પ્રમાણે નિષ્કામ કર્મ યોગીનું સમગ્ર જીવન દેશહિતનાં કાર્યોમાં
વ્યતીત થાય છે. વળી કોઇ પણ કારણસર તમારાથી તમારૂં
આદરેલું કાર્ય સંપૂર્ણ નહિ કરાય તો તમારી પાછળ આવના-
રાઓ તમારા નિષ્કામ કર્મના આદર્શની દીક્ષા લઇને તમારે
પગલે ચાલીને નિષ્કામભાવે દેશસેવા કરવાનું વ્રત આચરશે.
એ રીતે તમે અધૂરૂં મૂકેલું કાર્ય યુગના યુગપર્યંત અનેક
લોકોની પરંપરા દ્વારા આખરે પૂર્ણ થશે. એક વાર આવું
...યની નિષ્કામભાવે સેવા કરવાનું વ્રત લઇને તમે તમારા
...ને પુનિત કરી તો જુઓ. પછી તેમાંથી કેવાં આશ્ચર્યકારક
અવિનશ્વર પરિણામો ઉત્પન્ન થાય છે! એનાથી એક બાજુએ
... પોતાનું હૃદય ઉદાર અને ઉન્નત થશે અને બીજી
...તમારી નિષ્કામ સેવાભાવનાની જનસમાજના હ્ર...
...ંદર છાપ પડશે કે તેથી તમામ વિઘ્નો અને અંતર
...ને તમારો દેશ ઉન્નતિને માર્ગે શીઘ્ર ગતિથી આ

ધપ્યો જશો. એવી રીતે નિષ્કામ ભાવે થોડુંક કાર્ય કર્યાથી પણ મહાન સંકટમાંથી ઉગરી જવાય છે. (૨-૪૦) જેણે પોતાનું સુખદુઃખ, લાભાલાભ, બધુંજ સ્વદેશને ચરણે સમર્પણ કરી દીધું છે તેની પાસે પોતાનું કહેવા જેવું કાંઇ રહેતુંજ નથી તો પછી તેને નફો કે નુકસાન બેમાંથી એકે હોયજ કેવી રીતે? એ નફાનુકસાનનો વિચાર કરીને ડરેજ શામાટે? વળી જે કરવું તે નિષ્કામભાવે કરવું એજ સફળતાની સારામાં સારી ચાવી છે. મારા કર્મનાં ફળ હુંજ ભોગવું એવો વિચાર તમારા મનમાં હશે તો એ ફળ ચાખવાની લાલસા તથા એ ફળ ક્યારે ભોગ-વાય, શી રીતે તેનો મોટો હિસ્સો મારેજ ભાગે આવે એવી એવી અનેક પ્રકારની ચિંતાઓ તમારા મનને ઘેરી વળશે. વળી કોઈ વાર યશનો તો કોઇ વાર ધનનો લોભ તે કાર્ય કરતી વખતેજ તમારા મનને ડામાડોળ કરી મૂકશે. તેથી કરીને તમે તે કાર્યમાં એકાગ્ર ચિત્ત કરી શકશોજ નહિ અને તેથી પરિણામે તમારે ભાગે નિષ્ફળતાજ રહેશે. એથી ઉલટું જો તમે પહેલેથીજ પરિણામને વિષે નિઃસ્પૃહ રહ્યા હો, તમારા કાર્યનાં ફળ ચાખવા-ની લાલચને વશ તમે ન થયા હો તો ઉપર ગણાવી તે પૈકી કોઈ પણ ચિન્તા તમારા મનની સ્થિરતાને ડગમગાવશે નહિ. તે વખતે તો આરંભેલું કાર્ય કેવી રીતે સાંગોપાંગ પાર ઉતારાય એનો એકલાનોજ વિચાર તમારા મનમાં આવ્યા કરે. આથી કરીને તમે તે કાર્યની પાછળ તમારી તમામ શક્તિનો યોગ કરી શકો અને તમારા ચિત્તને તેમાં પૂર્ણ એકાગ્રતાપૂર્વક પરોવી શકો. એટલે પછી તમને તે કાર્યમાં સફળતા મળવાનો સંદેહજ ન રહે. વારૂ, કેટલાંક કાર્ય અનેક માણસોના સામટા પ્રયાસથીજ સફળ થાય એવાં હોય છે. હવે એવું કોઇ કાર્ય શરૂ કરતી વખતે જો દરેક માણસ મનમાં એવોજ વિચાર કરે કે એનું ફળ હું એકલોજ ભોગવું તો પછી દરેક જણ કાર્ય તરફ નહિ પણ પોતપોતાના સ્વાર્થ તરફજ નજર તાકે. વળી જ્યારે એવાં કાર્યોમાં હમેશાં બને છે તેમ એક એકનાં હિતનો પરસ્પર સંઘર્ષ થતો હોય ત્યારે તેઓ બધા સહકારી ભાગીદારો મટીને એકબીજાના વિરોધીજ બની જાય, અને કાર્ય તરફ તો કોઇનું લક્ષજ ન જાય. આથી ઉલટું જો તે બધાજ નિષ્કામ-ભાવે કાર્ય કરવા તૈયાર થયા હોત તો પછી પોતાના અંગત

લાભ-ગેરલાભનો કોઈને વિચારજ ન આવે અને તેથી નેતાઓને એકબીજાની સાથે અથડાઈ મરવાનો અવકાશજ ન રહે. સૌની શક્તિ તે કાર્યને સફળ કરવામાંજ લાગી જાય. યુદ્ધ કરતી વખતે જો સૈનિકો આવો વિચાર કરે કે વિજયનું ફળ અમેજ ભોગવીએ તો તેઓનું લક્ષ યુદ્ધમાં વિજય મેળવવા તરફ નહિ પણ ગમે તેમ કરીને પોતાનો જાન બચાવવા તરફજ રહેશે. હવે જો સૈનિકો પોતાનો જાન જોખમમાં નાખવા તૈયાર ન હોય તો લડાઈમાં તેમની જિત થવાની આશા રખાય ખરી? જે સૈનિકને લડાઈ લડતી વખતે લડાઈનું પરિણામ ભોગવવાનો વિચાર સરખો પણ ન આવે, જેની પરિણામ તરફ નજર પણ ન હોય પણ જેના મનમાં કેવળ યુદ્ધ કરવાનોજ સંકલ્પ રમી રહ્યો હોય તેજ પોતાના પૂરેપુરા બળથી અને પૂર્ણ એકાગ્રતાપૂર્વક લડી શકે છે અને તેજ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે છે. અમુક કામ કરવું કે ન કરવું એ તમારી ઇચ્છાને આધીન છે, પણ તેનું ફળ તમને મળે કે ન પણ મળે. તે તમારા અધિકારની બાબત નથી. તમે પોતે હજાર કોશિષ કરો પણ તમારા મદદગારની એક નજીવી ભૂલથી તમારી બધી મહેનત ધૂળમાં મળી જાય; વરસાદ, વાવાઝોડું, અગ્નિ વગેરે પ્રાકૃતિક પ્રકોપને લીધે તમારો બધો પ્રયત્ન બરબાદ થઈ જાય. આ રીતે જોતાં તમારા પરિશ્રમનું ફળ તમને મળે કે ન મળે તે અનિશ્ચિત છે ત્યારે મારી મહેનતનું ફળ હુંજ ભોગવું એવો વિચાર કાર્યનો આરંભ કરતી વખતે કદી પણ મનમાં લાવવો જોઈએ નહિ. ફળ ભોગવવાની લાલચને વશ થઈને કદી પણ કોઈ કાર્યનો આરંભ કરવો નહિ. (૨–૪૭)×

---

× મદદગારની જરા જેટલી ભૂલથી બધી મહેનત કેવી ધૂળધાણી થઈ જાય છે તેનું ઉત્તમ દૃષ્ટાંત વૉટર્લૂના સંગ્રામમાંથી મળે છે. નેપોલિયનના એક સેનાપતિ માર્શલ નેએ અમુક જગ્યાનો કબજો લીધા વગર નેપોલિયનને કહેવડાવ્યું કે એ જગ્યા આપણા કબજામાં આવી ગઈ છે તેથી તેનો વૉટર્લુમાં પરાજય થયો, નેપોલિયનની દુનિયાની સ્વારી નિષ્ફળ ગઈ; કારણ કે તે વર્ષે હમેશ કરતાં બરફ ઘણુંજ વહેલું પડ્યું અને તેથી તેની બધી ગણત્રી ઉંધી વળી ગઈ. લિપ્ઝિગની લડાઈમાં દગો થયાના સમાચાર નેપોલિયનને તેના કારભારીએ મોડા પહોંચાડ્યા. (જુઓ—"મહાન નેપોલિયન" સ૦ સા૦ કાર્યાલય) સેવાનંદ

નિષ્કામભાવનાથી કાર્ય કરવાથી કોઇને કશી હાનિ પહોંચવાનો પણ સંભવ નથી. ( ૨–૪૦ ) કારણ કે તમારા નિષ્કામ કર્મનું ફળ જેમ સૌ ભોગવશે તેમ બીજાના નિષ્કામ કર્મનું ફળ પણ તે કર્મોના કર્તાને એકલાને ભાગે ન આવતાં તમે તેમજ બીજા બધા ભોગવી શકશો. નિષ્કામ ભાવે કરેલાં કર્મનું શુભ ફળ જો તમારી અનિચ્છા છતાં તમારી સન્મુખ આવીને ઉભું રહે તો તમે તેને એકલા ન ભોગવતાં તેમાં સૌને ભાગીદાર બનાવજો.×

અભ્યાસયોગ કરતાં જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે. જ્ઞાનયોગ કરતાં ધ્યાનયોગ શ્રેષ્ઠ છે. ધ્યાનયોગ કરતાં પણ નિષ્કામ ભાવે કર્મ કરવાં એ શ્રેષ્ઠ છે. કર્મનાં ફળ ભોગવવાની લાલસા છોડી દેવાથી મન સ્થિર થાય છે અને શાંતિની પ્રાપ્તિ થાય છે. (૧૨–૧૨) નિષ્કામ કર્મ એવાં ઉત્તમ છે કે તેમની સાથે કોઇની તુલનાજ ન કરી શકાય. નિષ્કામ કર્મ કરનાર કર્મયોગી એટલો ઉન્નત અને એવો મહાનુભાવ થાય છે કે એવા અસામાન્ય પુરુષોનો કોઇથી પરાજય થતોજ નથી. વેદોમાં સ્વર્ગલોકનાં સુખની પ્રાપ્તિને અર્થે યજ્ઞયાગાદિકની વ્યવસ્થા બતાવી છે તોપણ તું તેથી લલચાતો નહિ. (૨–૪૨, ૪૫. ૯–૨૧) સ્વર્ગના દેવોની આરાધના કર્યાથી તે તે દેવોનીજ પ્રાપ્તિ થાય છે; ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. (૯–૨૫) એ ઇચ્છવા યોગ્ય નથી. સૌએ ઇશ્વરની પ્રાપ્તિ ઉપરજ લક્ષ્ય રાખવું જોઇએ. માટે તારે આ યુદ્ધ તથા બીજાં તમામ કર્મો નિષ્કામભાવેજ કરવાં. જ્ઞાનીઓ કદી પણ પોતાનાં કર્મનાં ફળ ભોગવવાની ઇચ્છા રાખતા નથી. (૨–૫૧)

**કર્મનાં ફળ ઈશ્વરને અર્પણ કરવાં. ( ૨–૩૦ )**

પ્રાણીમાત્રમાં ઇશ્વર અંતર્યામીરૂપે રહેલ છે. ઇશ્વરથી જગત ભિન્ન નથી અને જગતથી ઇશ્વર ભિન્ન નથી. (૬–૩૧) પોતાનાં કર્મનાં ફળ પોતે ન ભોગવતાં સામાન્ય જનતાના ઉપભોગને માટે જગતને અર્પણ કરી દેવાં, તેમને જગતની સામાન્ય

× નિષ્કામ ભાવે યુદ્ધ કરતાં તે યુદ્ધના [illegible]

મિલ્કત બનાવી દેવી એજ ઇશ્વરને પોતાનાં કર્મનાં ફળ અર્પણ કરવાનો સાચો અર્થ છે. એમ કર્યાથીજ તમને તમારાં કર્મનાં ફળ ભોગવવાની લાલચ ઉત્પન્ન નહિ થાય અને તેનાં તમામ ફળ જગતના સુખને માટે, સર્વના ઉપભોગ માટે સમર્પણ કરી દેવા તમે તૈયાર થશો. તમે જે કાંઇ પ્રવૃત્તિ કરશો તેનું પરિણામ આખો દેશ ભોગવે એવી શુભ વાસના તમારા હૃદયમાં જાગ્રત થશે. એજ પ્રમાણે બીજા બધા પણ પોતપોતાના અંગત લાભ, સુખોપભોગનો વિચાર ન કરતાં સમગ્ર દેશના હિતને માટે ચેષ્ટા કરવા માંડશે. એવા આશયથી પોતાનાથી જે થઇ શકે એવાં શુભ કર્મ સતત કર્યા કરવાં એનુંજ નામ નિષ્કામ કર્મયોગ, અથવા નિઃસ્વાર્થભાવે કરેલી કર્મપ્રવૃત્તિ. જે કર્મનાં ફળ ઇશ્વરને અર્થાત્ સામાન્ય જનતાના લાભને અર્થે સમર્પણ થાય તેજ ખરી રીતે ઇશ્વરને અર્પણ થયાં કહેવાય. એટલા માટે તમારે સામાન્ય જનતાની ઉપેક્ષા કરવી અગર તેમના કલ્યાણ તરફ બેપરવા રહેવું, એ યોગ્ય નથી. સૌની ઉન્નતિને માટે તમારે અહોનિશ પ્રવૃત્તિ કરતા રહેવુંજ જોઇએ. દેશના તમામ શ્રેણીના લોકોની સર્વતોમુખી ઉન્નતિ એનુંજ નામ દેશોન્નતિ, એનુંજ નામ લોકકલ્યાણ. દેશની થોડીક વ્યક્તિઓ કદાચ ઉન્નત અને સુખી થાય એ દેશોન્નતિ કહેવાયજ નહિ.

અહંભાવનો નાશ કરો. (૧૬-૧૪, ૧૮) હું આ બધું કરી રહ્યો છું એવા અહંભાવનો નાશ કર્યા વગર નિષ્કામ કર્મ થઇ શકેજ નહિ. તમારૂં પોતાનું આ અસ્તિત્વ તેમજ તમારો તમામ સ્વાર્થ જગતના અસ્તિત્વ અને સ્વાર્થની સાથે મેળવી દો. આપણે પોતાને માટે જીવતા નથી, એ વાતનું હમેશાં સ્મરણ રાખવું. તમે સૌને માટે, આખા વિશ્વને માટે જીવો છો એ કદી પણ ભૂલવું નહિ. હું આ કામ કરૂં છું, મારે માટે કરૂં છું એવો વિચાર કોઇ પણ કાર્ય કરતી વખતે મનમાં લાવવોજ નહિ; પણ આ મારી ફરજ છે એમ સમજીને તે કામ કરવું. હું ધનવાન છું, સત્તાવાન છું, ઉચ્ચપદસ્થ છું, જ્ઞાની છું, આટલાં આટલાં સારાં સારાં કામો મારે હાથે થયાં છે એવા વિચાર કરવા એનું નામ અહંભાવ. અહંભાવ એ મનનો એક વિકારજ છે. અહંભાવપૂર્વક જે કોઈ કાર્ય થાય તેમાં છૂપો છૂપો સ્વાર્થ

રહેલોજ હોય છે. અહંભાવવાળી વ્યક્તિ બીજાનું યોગ્ય સન્માન કરી શકતી નથી; બીજાની ઉન્નતિ સાંખી શકતી નથી; બીજાના મત સહન કરી શકતી નથી; બીજા પાસેથી શીખવા કે તેના ગુણ ગ્રહણ કરવા તે કદી તૈયાર હોતી નથી. એવા અહંભાવવાળા માણસો ભેગા મળીને કોઇ પણ મહત્ત્વનું કાર્ય ઉપાડી શકતા નથી. વળી અહંકારી માણસ કોઇને પ્રિય લાગતો નથી. બધા તેનાથી અળગા રહેવાનું પસંદ કરે છે. માટે પોતાના માથાનાં તમામ કાર્યો કરવાં ખરાં, પણ આ કાર્ય હું કરૂં છું એવો વિચાર મનમાં કદી પણ આવવા દેવો નહિ. એવો વિચાર જો મનમાં આવ્યો તો તેની પાછળ અહંકાર આવ્યા વગર રહેનાર નથી. અહંકાર ઉત્પન્ન થતાની સાથેજ જ્ઞાન ઢંકાઇ જાય છે. જ્ઞાનનું આવરણ થયું એટલે સ્મૃતિનો નાશ થયોજ જાણવો અને સ્મૃતિનો નાશ થયે તમારાં બધાંજ કર્મો ધૂળમાં મળી જવાનાં એ પણ નક્કીજ. હુંજ અમુક કામ કરી રહ્યો છું, હું ન હોઉં તો આ કામ થાયજ નહિ એવો વિચાર તમે કરવા માંડો તો તમારી સાથે મળીને કાર્ય કરનારા તમારા બીજા સહયોગીઓનાં દિલ દૂભાશે અને તેથી તમારી અંદર કલહ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ. જે કાર્યની સફળતાનો આધાર એક કરતાં વધારે માણસોના સંપૂર્ણ સહકાર ઉપરજ હોય તે કાર્ય આ રીતે કથળી જાયજ. યુદ્ધ વખતે સેનાપતિઓ એમ માને કે અમારા વડેજ લડાઇ લડાય છે, અને સૈનિકો એમ માને કે અમારા વડેજ લડાય છે તો બેઉનો પરસ્પર સહકાર થાય નહિ અને લડાઇમાં વિજય પણ મળે નહિ. ખરી વાત એ છે કે દરેક જણને તેની પોતાની પ્રકૃતિજ કર્મ કરવા તરફ પ્રેરે છે તો પછી હું કરૂં છું અને મારા વડેજ આ કાર્ય થાય છે, એવો અહંકાર શા માટે કરવો ? (૩–૨૭) હું ધનવાન છું, હું જ્ઞાની છું, હું બુદ્ધિમાન છું અને આવો છું ને તેવો છું એવો અહંકારજ સર્વ પ્રકારનાં અનિષ્ટોનું મૂળ કારણ છે. આપણા કરતાં દુનિયામાં કેટલા બધા વિશેષ ધનવાન, બુદ્ધિમાન અને જ્ઞાનસંપન્ન છે તેનો વિચાર કરીએ તો જણાય કે આપણામાં અભિમાન કરવા જેવું કાંઇજ નથી. મનમાં જ્યારે જ્યારે અહંકારની છાયા દેખાય ત્યારે આ વિશાળ જગતમાં આપણે અત્યંત તુચ્છ છીએ એવો વિચાર કરવો. મારો પુત્ર,

મારી સંપત્તિ, મારાં કુટુંબીઓ—એ બધું "મારૂં મારૂં" એ સાંકડા મનની નિશાની છે અને કલહકંકાશનું મૂળ કારણ છે. બીજાના પુત્રને અગર બીજાની સંપત્તિને પણ પોતાના પુત્રના જેવી અગર પોતાની સંપત્તિના જેવી ગણવાથી આખું જગત અને જગતમાં જે કાંઇ હોય તે બધુંજ જાણે આપણું પોતાનું હોય એવું લાગે છે. એવી ભાવના મનમાં દૃઢ થવાથી પારકા પુત્રને અગર પારકી સંપત્તિને નુકસાન કરીને પોતાના પુત્રનું ભલું કરવાની અગર પોતાની સંપત્તિમાં ઉમેરો કરવાની મનમાં ઈચ્છાજ નહિ થાય. જેનામાં અહંભાવ છે તેનું મન અત્યંત ક્ષુદ્ર અને અધમ પ્રકારનું છે. તેની ઉન્નતિ થતાં ઘણોજ વિલંબ લાગે છે. તે જો સ્વદેશસેવા કરવાનો પ્રયત્ન કરે તો તે મિથ્યા આડંબરજ. જેણે પોતાનો અહંભાવ નાશ કર્યો હોય તે એકલો-જ પૂર્ણ નિષ્કામપણે સ્વદેશની સેવા કરવાનો અધિકારી છે, "હું"નો નાશ થતાં તમામ જંજાળનો નાશ થયો જાણવો.

## હંમેશાં બુદ્ધિને નિર્મળ રાખવી.+

શુદ્ધ હેતુથી કામ કરવા જતાં કોઇ દિવસ પણ અધર્માચરણ કરવાનો ભય રહેશે નહિ. (૧૮–૧૭) તું જો આત્મરક્ષણ કરવાને માટે અથવા દેશનું ભલું કરવાને માટે અથવા તો યુદ્ધ કરવું એ મારી ફરજ છે એમ સમજીને યુદ્ધ કરશે તો તારે હાથે તેથી અધર્મ થશે નહિ. જેની દાનત સાફ છે, જેનો હેતુ શુદ્ધ છે તેને મન જય પરાજય, લાભ હાનિ, સુખદુઃખ એ બધાંજ સમાન છે. કારણ કે તે પોતાના સ્વાર્થને માટે કશું કરતો નથી અને તેથી તેને અધર્મ પણ લાગુ પડતો નથી.(૨–૩૮)

**કર્મબંધનથી બંધાઇ જવું નહિ.** ફળ ભોગવવાની ઇચ્છા રાખીને કરેલાં કર્મ બંધનરૂપ છે; (૫–૧૨) કારણ કે કામ્ય પદાર્થો અનંત છે. એકાદ કામ્ય વસ્તુના ઉપભોગને માટે કર્મ કરવાથી બીજી કામ્ય વસ્તુના ઉપભોગને માટે કર્મ કરવાની ઇચ્છા થાય છે. મનની આવી અવસ્થાને કર્મનાં બંધનથી બંધાએલી અવસ્થા કહે છે. અહંકાર, ક્રોધ નિષ્ઠુરતા, અજ્ઞાન, એ બધાં કર્મબંધનનાં સહાયક છે. (૧૬–૪, ૫) એથી ઉલટું જે જે કર્મ ઈશ્વરપ્રીત્યર્થે અથવા લોકહિતને અર્થે કરવામાં આવે તે બંધનકારક થતાં નથી. (૩–૯, ૩૧) જેણે આખા

+ બુદ્ધિ=કાર્યનો હેતુ, ઉદ્દેશ.

જગતની સાથે પોતાની એકતાનો અનુભવ કર્યો છે તે કોઇ દિવસ કર્મનાં બંધનથી બંધાતો નથી. (૫–૭) કારણ કે તે જે જે કાર્ય કરે છે તે બધાં નિષ્કામભાવે અગર દેશના કલ્યાણ ઉપર નજર રાખીનેજ કરે છે, તેથી તેનું મન ક્રમશઃ ઉદાર અને ઉન્નત થતું જાય છે.

**જે કર્મ કરવાં તે અનાસક્તપણેજ કરવાં.** (૨–૪૮)

કાર્યની સિદ્ધિ થાય કે ન થાય, સંપત્તિ મળે કે ચાલી જાય, સગાંસંબંધીઓ જીવે કે મરે, એ ઉભય અવસ્થાઓ જેને મનથી સમાન છે તે એકલોજ અનાસક્ત હોય છે. રૂપ રસ વગેરે કોઇ પણ વિષયનાં પ્રલોભન તેને પરાધીન કરી શકતાં નથી. તું જો નિત્ય સ્વાધીન રહીશ તોજ તું તારો પોતાનો માલિક રહી શકીશ. આસક્તિ પેદા થઇ એટલે સ્વાધીનતા ગઇજ જાણવી, અને સ્વધીનતાની સાથે શક્તિ પણ હરાઈજ જવાની. સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિનો લોપ થતાં સ્વતંત્રપણે કાર્ય કરવાની શક્તિનો પણ લોપ થાય છે. મન સ્વાધીન ન હોય તો નિરપેક્ષ-પણે વિચાર થઇ શકતો નથી અને કર્તવ્ય શું અને અકર્તવ્ય શું તેનો શુદ્ધ નિર્ણય પણ કરી શકાતો નથી. જે પોતેજ પરાધીન છે તેની પાસેથી શી આશા રાખી શકાય ? આસક્તિમાંથી સકામ કર્મ કરવાની ઇચ્છા પેદા થાય છે. નિષ્કામ કર્મમાં મોટામાં મોટું વિઘ્ન આસક્તિજ છે. એટલા માટે કમળનું પાંદડું પાણીમાં રહે છે અને છતાં જેમ ભીંજાતું નથી, તેમ તારે પણ રૂપ રસ વગેરે વિષયોમાં રહીને પણ તેમનાથી લેપાવું નહિ અને પોતાની સ્વતંત્રતા ગુમાવવી નહિ.=

**પ્રથમ જીવનનું લક્ષ્યબિન્દુ નક્કી કરી લેવું જોઇએ.** પછી તે લક્ષ્યબિન્દુને કયા ઉપાય વડે સિદ્ધ કરી

= અનાસક્ત ભાવનું એક સરસ દૃષ્ટાંત રામકૃષ્ણ પરમહંસના ઉપદેશમાંથી મળી આવે છે. એક વાર કોઇ [illegible] છોકરો મરણ પામ્યો ત્યારે પણ તે રડ્યો નહિ. તેની સ્ત્રી બોલી કે તમે કેવા કઠણ [illegible] છો ! [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] હવે મને [illegible] એક [illegible]'

। જુઓ. "રામકૃષ્ણ કથામૃત"—[illegible] સસ્તાનં

શકાય તેનો ખૂબ વિચાર કરીને નિર્ણય કરવો જોઇએ. ત્યારપછી દેશ, કાળ, પાત્ર વગેરેનો વિચાર કરીને કાર્યનો આરંભ કરવો. એમ કર્યાથી આરંભેલા કાર્યમાં સફળતા મળે છે.

૯૯ આત્મશ્રદ્ધા રાખવી. (૬–૫) આત્માની શક્તિને વિષે કદાપિ પણ સંદેહ લાવવો નહિ. ઈશ્વર મારા હૃદયમાં રહેલો છે. મારામાં બળનો અખૂટ ભંડાર ભર્યો છે. તો પછી મારે ચિન્તા કરવાનું કારણજ શું ? આવો દૃઢ વિશ્વાસ અને અટળ સંકલ્પ કરીને કાર્ય કરવા માંડવું. અસ્થિર ચિત્તવાળો અને સંશયગ્રસ્ત માણસ કદી પણ પોતાના કાર્યમાં ફતેહમંદ થતો નથી. આત્માની અધોગતિ થાય એવું કોઈ કાર્ય ન કરવું. (૬–૫) નિર્બળતાને કદી પણ તાબે થવું નહિ. જે માણસ પોતાને શક્તિહીન માને છે તે કોઈ પણ મહત્ત્વનું કાર્ય કરી શકતો નથી. જે માણસ કાર્યનું મહત્ત્વ જોઇને ડરી જાય છે, સામા પક્ષનો વિરોધ જોઇને હિંમત હારી જાય છે તે કોઇ દહાડો ફતેહ પામશે નહિ. ભય અને આત્મશ્રદ્ધાનો અભાવ એજ અવનતિનું મૂળકારણ છે. એવું કયું કાર્ય છે જે મનુષ્ય ન કરી શકે ? તમારામાં શક્તિની, આવડતની ખોટી નથી. પછી શા માટે તમને સફળતા ન મળે ? સફળતા મળવીજ જોઇએ એવો દૃઢ આત્મવિશ્વાસ રાખીને નિર્ભયપણે, નિષ્ફળતાની લેશમાત્ર પણ શંકા લાવ્યા વગર, તમારી તમામ શક્તિઓને એકાગ્ર કરીને કાર્યમાં મંડ્યા રહો–પછી તે કાર્યના શા ભાર છે ? તમને સફળતા મળવીજ જોઇએ. જે કાર્ય એક માણસે કર્યું તે તમે અગર હરકોઇ કેમ ન કરી શકે ?

આત્માના બળ ઉપરજ ઝૂઝો–આત્મા વડેજ આત્માનો ઉદ્ધાર કરો. (૬–૫) તમારા પોતાનાજ પ્રયત્ન વડે, તમારી પોતાનીજ સાધના વડે તમે ઉન્નતિ સાધો. તમે કોઇના મોઢા સામે તકાસીને બેસી રહેતા નહિ. કોઇની મદદ લઇને તમારૂં કાર્ય કરવાની તમારો ઉદ્ધાર કરવાની આશા રાખતા નહિ. (૪–૨૦) બીજો માણસ આવીને તમારૂં કામ કરી આપશે એવો વિચારજ મનમાં રખે લાવતા. જે વ્યક્તિ પોતાના આપબળથી–પોતાની જાતમહેનતથી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત ન કરી શકે તેને બીજાની મહેરબાનીથી કશું મળવાનું નથી. જે પોતાની ઉન્નતિને માટે પોતેજ પ્રયાસ કરવા તૈયાર થાય છે તેની મદદે ઈશ્વર આવે છે

માણસ મહત્ત્વનું કાર્ય કરી શકે છે અને એજ યશ પ્રાપ્ત કરે છે. કાર્યસિદ્ધિ એજ ઉન્નતિની ચાવી છે અને નિષ્ફળતા એ અવનતિની સૂચક છે તે કદી ભૂલવું નહિ. કર્મ એજ ઈશ્વરનું સ્વરૂપ છે એ વાત પણ નિરંતર સ્મરણમાં રાખવી.

આ રીતે જે કર્મ કરે છે તે સાચો કર્મયોગી છે; પણ આવા ઉચ્ચ આદર્શ અનુસાર કર્મયોગીનું જીવન ગાળવાને માટે જ્ઞાન પણ ઘણુંજ આવશ્યક છે.

## (ख) જ્ઞાનયોગ*

જ્ઞાન અનંત અને પરમ પવિત્ર છે. જ્ઞાનના જેવું પવિત્ર બીજું કાંઇજ નથી. (૪–૩૮) જે જ્ઞાન વડે આપણે ભૂતમાત્રને આપણાથી અભિન્નરૂપે જોઇએ અને પ્રાણીમાત્રમાં ઈશ્વર અભિન્નરૂપે વિરાજમાન છે એવો જેના વડે આપણને અનુભવ થાય, ભિન્ન ભિન્ન દેખાતાં પ્રાણીઓ એક ઈશ્વરનાં અભિન્ન સ્વરૂપો છે એવી જેના વડે આપણને પ્રતીતિ થાય તેજ સાચું અને શુદ્ધ જ્ઞાન કહેવાય. (૪–૩૫. ૧૮–૨૦) એ જ્ઞાન અત્યંત કલ્યાણકારી છે. એના વડેજ મનુષ્ય સાચા મનુષ્યત્વને પામે છે. એના વડેજ ચારિત્ર્યગઠનમાં ભારેમાં ભારે સહાય મળે છે, ભેદભાવના ટળી જાય છે, આ મારૂં અને આ પારકું એવી સાંકડી ભાવના દૂર થાય છે અને હિંસા, વિદ્વેષ વગેરે દુષ્ટ ભાવોનું ઉચ્છેદન થઇ જાય છે. આખું વિશ્વ આપણું પોતાનુંજ હોય એવો ઉદાર ભાવ ઉત્પન્ન થાય છે. એ જ્ઞાન વડેજ લોકહિત અને દેશહિતનાં કાર્યો કરવાની પ્રેરણા મળે છે. એટલા માટે આ જ્ઞાન ઉપેક્ષા કરવા જેવું નથી. જ્ઞાનનો જેમ જેમ ઉદય થતો જાય છે, તેમ તેમ કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય વધારે સ્પષ્ટરૂપે થઇ શકે છે, ઇન્દ્રિયોનો સંયમ પણ તેટલેજ સુસાધ્ય થાય છે, અને સંયમ કરવાનો લાભ પણ વધારે સ્પષ્ટ રીતે સમજાય છે. દેશહિતનાં કાર્યો કરવાની જરૂર પણ તેટલીજ સ્પષ્ટ સમજાય છે. અને જ્ઞાન એટલે કે બુદ્ધિબળ એજ સાચું બળ છે [illegible]

---

* [illegible]

સાધી શકાય છે. દેશની જુદી જુદી સર્વ શ્રેણીઓના લોકોની ઉન્નતિ વગર અને માત્ર એકજ શ્રેણીના લોકોની ઉન્નતિ થવાથી કોઇ પણ દેશની ઉન્નતિ થતી નથી અને થઈ શકે પણ નહિ. એટલા માટે જાતિ વર્ણ વગેરેનો વિચાર ન કરતાં સ્ત્રી પુરુષ, સૌએ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. ઇન્દ્રિયસંયમ કરવાનું એકમાત્ર સફળ સાધન જ્ઞાનજ છે.

**સમદર્શી થાઓ.** દરેક જ્ઞાની સમદર્શી હોય છે. ભૂતમાત્રમાં માત્ર એક ઇશ્વરજ અભિન્નરૂપે વિરાજે છે. (૧૮-૨૦) જે મનુષ્ય પ્રાણીમાત્રમાં ઇશ્વરને સમાનપણે સમભાવે રહેલો જુએ છે તેજ યથાર્થ જુએ છે. (૧૩-૨૭) સમદર્શી પુરુષ પોતાના આત્માને સર્વ ભૂતોમાં રહેલો જુએ છે અને સર્વ ભૂતોને પોતાના આત્મામાં રહેલાં જુએ છે. (૬-૨૯) આવું અભેદજ્ઞાનજ સામ્ય, મૈત્રી અને સ્વાધીનતાને જન્મ આપે છે. વિદ્યા અને વિનયયુક્ત બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો અને ચાંડાલ, એ બધાને જ્ઞાનીજનો સમદૃષ્ટિથી જુએ છે. (૫-૧૮) માટી, પથ્થર અને સુવર્ણ, એ જ્ઞાનીની દૃષ્ટિએ સરખાંજ છે; તેમ શત્રુ અને મિત્ર, સાધુ અને અસાધુ, એ પણ સમાનજ છે; એવાજ જ્ઞાનીઓ સંસારનો જય કરી શકે છે. એવાનુંજ મન ઇશ્વરમાં નિરંતર પરોવાએલું રહે છે અને એવોજ જ્ઞાની સૌમાં શ્રેષ્ઠ છે. (૬-૮, ૯. ૫-૧૯) એવો મહાત્મા પ્રિય પદાર્થની પ્રાપ્તિ થતાં પ્રસન્ન થતો નથી અને અપ્રિયની પ્રાપ્તિથી વ્યાકુળ પણ થતો નથી. (૫-૨૦) તે કશાની ઘૃણા કરતો નથી અને કોઇને નીચ અથવા તિરસ્કારને પાત્ર ગણતો નથી. ઘણા ઉંચા મિનારાની ટોચ ઉપરથી જોનારને પૃથ્વીના ઉંચા નીચા બધા ભાગો એકસરખા સપાટ દેખાય છે તેમ ધર્મમાં પણ ઉન્નત અવસ્થાએ પહોંચેલા માણસને તમામ ધર્મો, જાતિઓ તથા પ્રજાઓ એકસરખીજ દેખાય છે.

**વિશ્વપ્રેમથી ભરપૂર બની રહો**—જે તમામ સ્ત્રી-પુરુષોને પોતાના આત્મામાં જુએ છે અને તેમનામાં પોતાના આત્માનું દર્શન કરે છે તે સ્વદેશપ્રેમથી અથવા વિશ્વપ્રેમથી ભરપૂર થયા વિના રહેજ કેવી રીતે? કારણ કે તે તો સર્વને પોતાનાથી અભિન્નરૂપેજ જુએ છે. (૬-૨૯. ૬-૩) તે સૌના સુખમાં પોતાનું સુખ અને સૌના દુઃખમાં પોતાનું દુઃખ અનુભવે છે. તે સૌને પોતાના જેટલાંજ પ્રિય માને છે. (૬-૩૨) સમ-

દૃષ્ટિમાંથી ભ્રાતૃભાવ, ભ્રાતૃભાવમાંથી સ્વદેશપ્રેમ અને સ્વદેશપ્રેમમાંથી વિશ્વપ્રેમ જાગ્રત થાય છે. ઈશ્વર ભૂતમાત્રમાં સમાનપણે રહેલો છે એટલું જાણવું અથવા બુદ્ધિથી સમજી લેવું પૂરતું નથી, પણ એ સત્યને જીવનના પ્રત્યેક કાર્યમાં પરિણત કરવું જોઈએ. તમામ સ્ત્રીપુરુષો અવ્યક્ત ઈશ્વરની વ્યક્ત મૂર્તિઓ છે તેનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થવો જોઈએ. એવો સાક્ષાત્કાર થાય તોજ બીજાને નુકસાન કરીને પોતે લાભ મેળવવાની કુવાસના દૂર થાય, પોતાની તમામ દુષ્ટ પ્રવૃત્તિઓને અમલમાં મૂકવાની ઈચ્છાજ નિર્મૂળ થઈ જાય. હૃદય પ્રેમથી પરિપૂર્ણ બની જાય અને પરોપકાર કરવા માટે નિરંતર પ્રવૃત્તિ કરવાની અભિલાષા જાગ્રત થાય.

તમે જેમ તમારાં સુખદુઃખનો, લાભહાનિનો વિચાર કરીને તમારૂં કર્તવ્ય નક્કી કરો તેમ બીજાઓ પણ તેમના સ્વાર્થનેજ આગળ કરીને કાર્યની દિશા નક્કી કરે તો પછી સમાજની સુવ્યવસ્થા શી રીતે જળવાય? સ્વદેશની ઉન્નતિ થયેલી જોવાની આશા શી રીતે રખાય?

વળી તમે જેને સુખદુઃખ માની લો છો તે વાસ્તવિક રીતે સુખદુઃખ નથી. આળસ, નિદ્રા, ભ્રમ, પ્રમાદ વડે તમને જે સુખનો આભાસ થાય છે તે ખરૂં જોતાં સુખજ નથી. (૧૮-૩૯) [illegible] ઇન્દ્રિયોનો યોગ થવાથી શીત, ઉષ્ણ વગેરે [illegible] નું જ્ઞાન થાય છે તેમ રૂપ, રસ, સ્પર્શ વગેરે [illegible] વિષયોની સાથે નેત્ર, જીભ, ત્વચા વગેરે ઇન્દ્રિયોનો યોગ થવાથી સુખદુઃખનો અનુભવ થાય છે. એટલા માટે એ [illegible] ઉત્પન્ન થયેલું સુખદુઃખનું જ્ઞાન એ શીત ઉષ્ણના જ્ઞાન જેવુંજ ક્ષણિક છે. (૨-૧૪) રૂપ રસ વગેરે ઇન્દ્રિયગ્રાહ્ય વિષયો [illegible] ક્ષણિક છે. [illegible] કરીને તેઓ ઇન્દ્રિયોની મારફતે મનની [illegible] સુખદુઃખની લાગણીઓ પેદા કરે છે તે પણ ક્ષણિક [illegible]

અથવા અજ્ઞાનને વશ થઇને એવા સુખને લોકો સાચું સુખ માની લે છે, અને તેમનું અનુસરણ કરે છે. જો મન દ્વારા ઇન્દ્રિયોનો અનુકૂળ અથવા પ્રતિકૂળ વિષયોની સાથે યોગ ન થાય તો પછી જેને આપણે સુખદુઃખ કહીએ છીએ તેનો આપણને મુદ્દલે અનુભાવ થાયજ નહિ. આથી કરીને જેનું વાસ્તવિક રીતે અસ્તિત્વજ નથી એવા દુઃખથી ડરી જઇને પોતાના કર્તવ્યથી વિમુખ થવું જોઇએ નહિ. તેવીજ રીતે અસાર સુખના સ્વપ્નથી મોહિત થઇને જે કાર્ય કરવા યોગ્ય નથી તે કાર્ય કરવાની ઇચ્છા પણ થવી ન જોઇએ. કર્તવ્ય કરતી વખતે સુખદુઃખના પ્રશ્નનો વિચારજ કરવો નહિ. જે જ્ઞાની સુખદુઃખ બેઉને સમાન ગણે છે તે કદી પણ મૃત્યુથી ભય પામતો નથી. (૨-૧૫)

**દુઃખથી જ્ઞાની વિચલિત થતો નથી.** કારણ કે તે પોતાની બુદ્ધિ વડે વિચાર કરીને દુઃખ એ શું છે, તે શાથી ઉત્પન્ન થાય છે, અને કેવા ઉપાયથી તેનું નિવારણ થાય છે તે બધું જાણતો હોય છે અને શાસ્ત્રમાં બતાવેલા ઉપાય વડે તે દુઃખનું નિવારણ પણ કરી શકે છે. આથી કરીને નાના પ્રકારનાં દુઃખોથી અથવા અનેક જાતના ભય પેદા કરે એવા બનાવોથી માત્ર અજ્ઞાની લોકોજ ખિન્ન થાય છે, મૂર્ખ લોકોજ ભયથી કાયર બની જાય છે અને દુઃખથી હતબુદ્ધિ થઇ જાય છે. મરેલાંઓને માટે અથવા ગુમાવેલા પદાર્થને માટે શોક કરવાથી મરેલાંઓનો વિયોગ અથવા ગુમાવેલી સંપત્તિથી થએલી હાનિ એ બેથી પેદા થએલા દુઃખમાં માત્ર આપણે ઉમેરોજ કરીએ છીએ. એક પ્રકારનું દુઃખ તો હતુંજ તેમાંથી પાછું આપણે બીજું વધારાનું દુઃખ ઉત્પન્ન કરીએ છીએ. આથી તો દુઃખ ઘટવાને બદલે ઉલટું વધે છે. જેનાથી દુઃખ ઉત્પન્ન થયું હોય તે બાબતનો વિચાર ન કરવાથીજ દુઃખ દૂર થઇ શકે છે. એ સિવાય દુઃખનું નિવારણ કરવાનો બીજો એકે ઉપાય નથી. દુઃખ થાય એવો કોઇ પણ બનાવ બનતાંજ જ્ઞાનીઓ પોતાના મનને જોરથી તેમાંથી ખેંચી લઇને બીજા કોઇ વિષયમાં પરોવી દે છે એટલે પછી દુઃખ તેમને કાંઇજ કરી શકતું નથી. નિરંતર શુભ વિચાર, જ્ઞાનચર્ચા, સત્સંગ, સદ્ગ્રંથોનું વાચન અને સત્કાર્યમાં પ્રવૃત્તિ, એ બધા જેમ ચિત્તશુદ્ધિ કરવાના ઉપાય છે તેવાજ તે

દુઃખને દૂર કરવાના પણ આબાદ ઉપાય છે.×

**પ્રયત્ન ઉપરજ બધો આધાર છે**–અભ્યાસ વડે દુઃખનો નાશ કરી શકાય છે અને અભ્યાસ વડે આત્મપ્રસાદની પ્રાપ્તિ થાય છે. (૧૮–૩૬) માટે અભ્યાસ કરો. સતત પ્રયત્ન કરતા રહો એટલે ઇન્દ્રિયગ્રાહ્ય વિષયોથી તમારૂં મન વિચલિત થશે નહિ. ગમે તેટલી ઠંડી હોય તોપણ આપણે મોઢે ઠંડી લાગતી નથી. કારણકે મોઢું ઠંડીથી ટેવાઇ ગયું છે. એજ પ્રમાણે નિત્ય અભ્યાસ કરવાથી ગમે તેવા સંજોગોમાં પણ તમે તમારા ચિત્તની સ્થિરતા જાળવી શકશો. ગમે તેવું દુઃખ આવી પડે તોપણ તે કદી ચંચળ થશે નહિ.

**આત્મપ્રસાદમાંજ સાચું સુખ રહેલું છે.** સાચું સુખ બાહ્યવિષયોની અપેક્ષા કરતું નથી, તેમ તે ક્ષણિક પણ નથી. કર્મ, જ્ઞાન અને ભક્તિ વડે જ્યારે તમારૂં ચરિત્ર વિશુદ્ધ થશે, જ્યારે તમારૂં હૃદય સ્ફટિકના જેવું નિર્મળ થશે ત્યારે તેમાંથીજ શુદ્ધ, નિર્મળ આનંદનું પાતાળી ઝરણું ફૂટશે. ત્યારેજ આત્મા દ્વારા આત્મા કેવા અનુપમ સુખનો આસ્વાદ લઇ શકે છે તે તમને સમજાશે. (૨–૫૫) ત્યારેજ તમને આત્મામાંજ પ્રીતિ, આત્મામાંજ તૃપ્તિ અને આત્મામાંજ આનંદ અનુભવાશે. (૩–૧૭) આ આત્મપ્રસાદ મેળવવાને જે અભ્યાસ કરવો જોઇએ તે શરૂઆતમાં તો કડવો ઝેર જેવો લાગે છે, પણ છેવટે તો તે અમૃત જેવો મધુર લાગે છે. એ આત્મપ્રસાદમાંથી મળેલું સુખ એજ સાચું સુખ છે. (૧૮–૩૭) અભ્યાસ વડે એ સુખની વૃદ્ધિ થઇ શકે છે અને દુઃખમાત્રનો નાશ કરી શકાય છે. (૧૮–૩૬) જેણે આ આત્મપ્રસાદ મેળવ્યો છે તે પ્રિયજનના વિયોગથી દુઃખી થતો નથી, વિષાદી, અસ્થિર થતો નથી અને પાપમાં પડતો નથી.

**લોકો પાપમાં શાથી પ્રવૃત્તિ કરે છે?** આ સંસાર

---

× [illegible]

માં શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ, એવા પાંચ પ્રકા
વિષયો છે. આપણે નેત્ર વડે રૂપનો, જીભ વડે રસનો, નાક
ગંધનો, કાન વડે શબ્દનો અને ત્વચા વડે સ્પર્શનો અનુભ
કરી શકીએ છીએ. એ ચક્ષુ, જિહ્વા, નાસિકા, કર્ણ અને ત્વચ
એ આપણી પાંચ ઇન્દ્રિયો કહેવાય છે. એ પાંચ અને મન, બુદ્ધિ
અને આત્મા મળીને આપણી આઠ જ્ઞાનેન્દ્રિયો થાય છે. આપ-
ણને જે કાંઇ જ્ઞાન થાય છે તે આ આઠની મદદથીજ થાય છે.
પાંચમાંની કોઈ પણ એક ઇન્દ્રિય અને મન, બુદ્ધિ અને આત્મા
એ ચારનો જ્યારે કોઇ પણ વિષયની સાથે એકઠી વખતે યોગ
થાય ત્યારે આપણને તે વિષયનું જ્ઞાન થાય છે. મન કોઈ પણ
એક ઇન્દ્રિયને રૂપ, રસ પૈકી કોઇ પણ એકાદ અનુકૂળ વિષય
તરફ પ્રેરે છે. ત્યાર પછી તે વિષયનું જ્ઞાન બુદ્ધિની મારફતે
આત્માને થાય છે. એવું જ્ઞાન ઉત્પન્ન થયા પછી મનની અંદર
જે જે કુપ્રવૃત્તિઓનો જન્મ થાય છે તે છ પ્રકારની હોય છે.
જેમકેઃ–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને માત્સર્ય. તે મનુ-
ષ્યના કટ્ટા શત્રુ હોવાથી ષડ્‌રિપુના નામથી ઓળખાય છે, ચક્ષુ
કર્ણ વગેરે ઇન્દ્રિયોની મદદથી રૂપ, શબ્દ વગેરે વિષયોનું
આત્માને જ્ઞાન થાય છે તે જો અનુકૂળ હોય તો તેથી સુખ થાય
છે અને પ્રતિકૂળ હોય તો તેથી દુઃખ થાય છે. (૩–૩૪) હવે
જે વિષયોથી સુખની લાગણી થતી હોય તે વિષયોનો અર્થાત્
જેનાથી સુખ થાય એવા રૂપ રસાદિ વિષયોનો ફરી ફરીને
અનુભવ કરવાનું મન થાય છે. એવી રીતે મન થવાથી તે તે
વિષયો તરફ આસક્તિ ઉત્પન્ન થાય છે. આસક્તિમાંથી તે તે
વિષયોને ફરી ફરી ભોગવવાની ઇચ્છા પેદા થાય છે. આવી
વિષયભોગની દૃઢ થએલી ઇચ્છાને કામ કહે છે. એ કામ પોતા-
નામાંથી લોભ પેદા કરે છે. લોભમાં વિઘ્ન આવતાં તેમાંથી ક્રોધ
ઉત્પન્ન થાય છે. ક્રોધમાંથી મોહ અથવા અજ્ઞાનની ઉત્પત્તિ થાય
છે. મોહાન્ધ વ્યક્તિ કર્તવ્ય શું અને અકર્તવ્ય શું તેની સ્મૃતિ
ગુમાવી બેસે છે, અને સ્મૃતિ ગઇ એટલે બુદ્ધિનો પણ નાશ
થોજ જાણવો. પછી તે માણસ હિતાહિતના જ્ઞાન વગરનો
અને કુકાર્યમાં પ્રવૃત્ત થાય છે, પાપાચરણ કરવા માંડે છે એટલે
પોતાનો સર્વતઃ વિનાશ કરે છે. (૨–૬૨, ૬૩.)

પાપમાંથી ઉગરવાનો ઉપાય પણ છે—પ્રથમ તો

કામનો નાશ કરવો જોઈએ. ધૂમાડો જેમ અગ્નિને [illegible]
મેલ જેમ કાચને [illegible] બનાવી દે છે, તેમ કામ જ્ઞાનને [illegible]
છે. (૩-૩૮) મનની અંદર ભોગની વાસનાનો ઉદય [illegible]
શું અને અહિત શું તેનું જ્ઞાન દબાઈ જાય છે. [illegible]
[illegible] ઉત્તેજિત થઈને જે વખતે જે કામ કરવાની [illegible]
[illegible] તે વખતે તે કામ કરવા લાગે છે. [illegible]
[illegible] (૩-૩૯) કામ મનુષ્યની ઇન્દ્રિયો [illegible]
[illegible] કરીને તેમનું જ્ઞાન હરી લે છે [illegible]
[illegible] (૩-૪૦) [illegible]

[illegible]

થતાં અન્યાય આચરણ કરવાની વૃત્તિ નિર્મૂળ થઇ જાય છે. કામ્ય વસ્તુઓ પાર વગરની છે. તેમનો જેમ જેમ ઉપભોગ કરતા જઇએ, તેમ તેમ તેમને ફરી ફરીને ભોગવવાની વાસના, અગ્નિમાં ઘી રેડતાં જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ વૃદ્ધિંગત થાય છે. એની કદી પરિતૃપ્તિ થઇ શકતીજ નથી. જ્યાં સુધી એ અતૃપ્ત વાસનાની આગ હૃદયમાં બળ્યા કરતી હોય ત્યાં સુધી સુખનો અનુભવ કરવાની આશા મિથ્યા જાણવી. પરંતુ કામનું દમન કર્યાથી સુખનો ઉદય થાય છે. એટલા માટે વિષયોમાંથી મનને ખેંચી લેવું એજ કામનો પરાજય કરવાનો ઉપાય છે. નિવૃત્તિમાંથીજ તૃપ્તિ થાય છે–લોભ અને ભોગથી કદી થતી નથી. અદશ્ય પદાર્થનું શ્રવણ, અવાચ્ય પુસ્તકોનું વાચન, અશુભ વિચારોનું ચિંતન, અકથ્યકથન એ બધાનો એકદમ પરિત્યાગજ કરવો જોઇએ. એ બધાંજ કામનાં સહાયકો છે. ઉપર કહ્યું તે રીતે કામનો જય કર્યાથી લોભનું મૂળજ દમાઇ જાય છે. લોભ નિર્મૂળ થયો એટલે ક્રોધને ઉત્પન્ન થવાનો અવકાશજ રહેતો નથી. ક્રોધ નિર્મૂળ થયો એટલે મોહ પણ ગયોજ જાણવો અને મોહ ટળ્યો એટલે પછી મદ અને માત્સર્ય રહેજ ક્યાં? આ પ્રમાણે પાપની પ્રેરણા કરનારા ષડ્રિપુઓ જીતાયા એટલે પછી પાપ કરવાની વૃત્તિજ થતી નથી.

કામને જીત્યા પછી પણ જો કોઇ કારણસર લોભ પેદા થાય તો તેને પણ દબાવી દેવો. **લોભને દાબી દેવાના ઉપાય** બતાવું છું. પ્રથમ તો જેનાથી પ્રલોભન થાય એવા પદાર્થોથી દૂર જ રહેવું. લોભનો છેડો હોતો નથી. જેમ જેમ તેને તાબે થતા જઇશું, તેમ તેમ તે વધતો જશે. નવા નવા પદાર્થો તરફ મન ખેંચાતું જશે. તૃપ્તિની તો આશાજ શાની? મનને આવું વારંવાર સમજાવવાથી લોભનું જોર કમી થાય છે. પોતાની જરૂરીઆતોને જેમ બને તેમ ઓછી કરવાનો પ્રયત્ન કરવો. બીજાઓની દેખાદેખી કરીને પોતાની વિત્ત સ્થિતિને વધારી મૂકવી નહિ. કોઇ લોભ કરવા જેવો પદાર્થ નજરે પડે ત્યારે લોભનું પરિણામ શું થશે અને તેના ત્યાગ કર્યાથી કેવા કેવા લાભ થશે તેનો વિચાર કરવો. આવી રીતે વારંવાર વિચાર કર્યાથી લોભનું બળ ઘટી જશે. વળી મનમાં વિચાર કરવો કે લોભને તૃપ્ત કરવાથી જે સુખ થશે, તેને આદિ અને અન્ત બેઉ છે.

કે વિવેકીના મનને પણ તેઓ બળપૂર્વક વિષય તરફ ઘસડી લઈ જાય છે. (૨–૬૦) તો પણ મન વડે, મતલબ અભ્યાસ વડે, સાધના વડે આવી દુર્જય ઈન્દ્રિયોને પણ તાબે કરી શકાય છે (૨–૬૧) હું ઈન્દ્રિયોને કદી પણ વશ નહિ થાઉં એવો દૃઢ સંકલ્પ કરવો. કાચબો જેમ પોતાના અવયવોને શરીરની અંદર સંકોડી લે છે, તેમ સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને રૂપ રસ આદિ વિષયોમાંથી ખેંચી લઈને પોતાને તાબે રાખે છે. (૨–૫૮) ધર્મનાં આચરણ અનેક પ્રકારનાં છે. તે બધાંમાં ઈન્દ્રિયદમનનું સ્થાન ઊંચું છે. તે દાન, યજ્ઞ, વેદાધ્યયન કરતાં પણ શ્રેષ્ઠ છે. × લાંબા સમયના ઉપવાસથી અથવા ભારે વ્યાધિથી તેમનું શરીર ક્ષીણ થયું હોય છે, તેમની ઇંદ્રિયો વશ થએલી લાગે છે એ વાત ખરી, પણ તેમના મનમાં તો ભોગવાસના ભરપૂર હોય છે. પરંતુ જેઓ જ્ઞાની છે તેઓ શું શ્રેય છે? કયું કર્તવ્ય છે તેનો વિચાર કરીને પોતાના આત્માના બળ વડે રૂપ રસાદિ વિષયોમાંથી ઇન્દ્રિયોને ખેંચીને તેમને પોતાને તાબે રાખે છે.(૨–૫૯) આટલા માટે વિષયના પદાર્થોમાંથી ઇંદ્રિયોના ઉપર સખત લગામ રાખીને ખેંચી લેવી એ ઘણું જ અગત્યનું છે. (૨–૬૮) જેનું મન પોતાને વશ નથી, જે પોતાની ઇન્દ્રિયો ઉપર અંકુશ રાખી શકતો નથી તેની દુર્દશાનો આડો આંક નથી. સમુદ્રમાં તરતી નાની સરખી હોડીને જેમ તોફાની વાયુ ગમે ત્યાં ઘસડીને અથડાવીને ડૂબાવી મારે છે, તેમ બેલગામ મન અને ઇંદ્રિયો મનુષ્યને એક જાતના વિષયભોગમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં એમ વારાફરતી ગમે ત્યાં ઘસડી જઈને તેની બુદ્ધિને હરી લે છે. (૨–૬૭) જે પોતાના મન ઉપર કાબુ રાખી શકતો નથી, જેની ઇન્દ્રિયો તેને સ્વાધીન નથી, તેને બુદ્ધિભ્રષ્ટ જાણવો. જે બુદ્ધિભ્રષ્ટ થયો છે તે પોતાના હિતાહિતનો વિચાર કરી શકતો નથી. અને જે હિતાહિતનો વિચાર નથી કરી શકતો તેને કદી શાંતિ હોયજ નહિ અને જેને શાંતિ નથી તેને સુખ પણ શી રીતે હોઈ શકે? (૨–૬૬) જેમ ચારે દિશાએથી અસંખ્ય નાની મોટી નદીઓ વહી વહીને ઉંડા સમુદ્રમાં સમાઇ જાય છે અને છતાં સમુદ્ર છલકાતો નથી પણ સ્થિર અને શાંત રહે છે તેમ જિતેન્દ્રિય પુરુષના મનની અંદર નાના પ્રકારના રૂપરસાદિ વિષયો પેસતા છતાં તે તેમનાથી કદી પણ

---

× શાંતિપર્વ, અધ્યાય ૧૬૦, શ્લોક ૬,૮,૧૦.

ચલાયમાન થતો નથી. એવા મહાત્માઓજ સાચી શાન્તિ-અધિકારી હોય છે. જેનું ચિત્ત ભોગવાસનાથી અસ્થિર થઇ હોય તેને શાન્તિ હોયજ કેવી રીતે ? (૨–૭૦) માટે ઘણામ ઘણો પ્રયત્ન કરીને સૌથી પ્રથમ આત્માવડે બુદ્ધિને સ્થિર કરવી જોઇએ. ત્યાર પછી બુદ્ધિ અથવા જ્ઞાન વડે હિતાહિતનો વિવેક-પૂર્વક વિચાર કરીને તેના વડે મનને વશ કરવું. પછી ઉપર કહી તે રીતે સ્વાધીન થએલા મન વડે ચક્ષુ–કર્ણાદિ ઇન્દ્રિયો ઉપર પોતાનો અધિકાર બેસાડી દેવો. એટલું થશે તો પછી ષડ્રિપુને તાબે કરવાનું કામ સહેલું થઇ જશે. ષડ્રિપુ વશ થયા એટલે પાપવૃત્તિ પણ ટળીજ જવાની. જેમણે અગાઉ પાપી પ્રવૃત્તિઓ કરી હોય પણ પાછળથી જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેઓ પણ જ્ઞાન-ની મદદથી ઉપર બતાવેલા ઉપાયો વડે ઇન્દ્રિયોને અને ષડ્-રિપુઓને જીતીને મુક્ત થાય છે.

ઇન્દ્રિયોનો સદંતર નાશ કર્યે પણ નહિ ચાલે. ઇંદ્રિયોને એકસામટી કચરી મારો તો સંસારનો વ્યવહાર અટકી પડે; ઇશ્વરે પેદા કરેલી સૃષ્ટિનો અને જનસમાજનો નાશ થઇ જાય. માટે મનને વશ રાખીને અને ઇંદ્રિયોના ઉપર મનનો કાબુ બેસાડીને વિષયોનો ઉપભોગ કરવો જોઇએ. ( ૨–૬૪ ) ઇંદ્રિયોને પૂરેપુરી પોતાને સ્વાધીન રાખીને તેમને શુભ અને કલ્યાણને માર્ગે વાળીને સંસારમાં રહીને વિષયોનો વિવેકપૂર્વક ઉપભોગ કરવો. જે જે સાંસારિક કાર્યોથી મન સદા ઉન્નત અવ-સ્થામાં રહે, સ્વદેશનું હિત સધાય એવા કામમાં યુક્ત થાય, દેશનાં દુઃખદારિદ્ર ફેડવામાં સહાય કરે એવાં કર્મ જરૂર કરવાં-જ જોઇએ અને તે પણ પૂરેપુરા ઉત્સાહપૂર્વક કરવાં જોઇએ. જેનામાં સ્વદેશનું કલ્યાણ કરવાનું સામર્થ્ય છે તે માણસ જો કર્મથી વેગળો રહે તો તેને માથે કર્તવ્ય કર્મની ઉપેક્ષા કર્યાનું પાપ ચોંટે છે, તે પાપનો ભાગીદાર થાય છે. પણ એવાં સાંસારિક કામો કરવી વખતે મનના ઉપર વિકાર લાગુ ન પડે તેની ખૂબ સાવચેતી રાખવી જોઇએ. મનને સ્થિર, એકાગ્ર અને પ્રશાન્ત રાખીને, કામક્રોધથી પર થઇને, માત્ર કર્તવ્યબુદ્ધિ જે દિશાએ દોરે તે દિશા તરફ લક્ષ્ય રાખીને લોકોપકારક સાંસારિક કાર્યો કરવાંજ જોઇએ. પણ ધર્મ અને નીતિ વિરુદ્ધ ઉપાય વડે કોઇ પણ વિષયનો ભોગ કરવો નહિ તેમ જે જે વિષયોનો ધર્મ-

શાસ્ત્ર અને નીતિશાસ્ત્ર નિષેધ કરતાં હોય તેમના તરફ [illegible]
નહિ. જેનાથી પરિણામે અવનતિ થવાનો સંભવ હોય તથા
મન કલુષિત થાય એવાં જે જે કર્મો હોય તે બધાંથી [illegible]
પૂરેપુરા વેગળાજ રહેવું જોઇએ.

આવી રીતે જે પોતાનું જીવન વ્યતીત કરે છે તેજ [illegible]
જ્ઞાની છે. આવું આદર્શ જીવન ઘડવાને વાસ્તે કર્મ અને જ્ઞાન
ઉપરાંત ભક્તિની પણ આવશ્યકતા રહે છે.

## (ગ) ભક્તિયોગ

ઈશ્વર પ્રત્યે ઐકાન્તિક અનુરાગનું નામ ભક્તિ. પણ જ્ઞાન
વગર ઈશ્વરનું યથાર્થ સ્વરૂપ સમજી શકાય નહિ. એટલા માટે
ભક્તિ માટે જ્ઞાનની અપેક્ષા રહે છે. અને જ્ઞાન હૃદયમાં ઉત-
રવા માટે (આ કાનમાં પેસી પેલા કાનમાંથી નીકળી જાય નહિ
તે માટે) ચિત્તશુદ્ધિની જરૂર છે અને ચિત્તશુદ્ધિ માટે નિષ્કામ
કર્મની અપેક્ષા રહે છે. આ ઉપરથી ફલિત થાય છે કે કર્મ,
જ્ઞાન અને ભક્તિ એ એકબીજાની અપેક્ષા રાખે છે. જ્ઞાન થયા
પછીથી ઉપર કહ્યું તેમ કર્મયોગજન્ય ચિત્તશુદ્ધિપૂર્વક હૃદયમાં
જે ઉત્તમ ભક્તિ પ્રકટે તેજ ખરી ભક્તિ અથવા પરાભક્તિ છે.

ઈશ્વરજ આ સૃષ્ટિનો પેદા કરનાર, તેને ધારણ કરનાર
અને તેનો પ્રલયકર્તા છે. (૭-૧૮. ૧૩-૧૬) એ ઈશ્વર એકજ
છે [illegible]. છતાં જ્ઞાનીઓ તેને બ્રહ્મ કહે છે, યોગીઓ પરમાત્મા કહે
છે અને ભક્તો ભગવાન કહે છે. વિશ્વની ઉત્પત્તિ પણ તેનાથી
થાય છે. [illegible] છે પણ તેનામાં અને પ્રલય થતાં [illegible]
[illegible] થઈ જાય છે. એ ઈશ્વર જન્મરહિત અને [illegible]
[illegible] છે. (૭-[illegible]) તે સર્વત્ર વિદ્યમાન છે. (૯-[illegible]) તે [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કથાથી લેપાતું નથી તેમ ઇશ્વર પણ પ્રાણીઓના દેહમાં રહેલો છતાં તેમના દેહથી લેપાતો નથી. (૧૩–૩૨) ઇશ્વર કોઇનું કર્મ અગર કર્તૃત્વ પોતાને માથે લેતો નથી, તેમજ તે કોઇને તેના કર્મનાં સુખદુઃખરૂપી ફળ પણ આપતો નથી. મનુષ્યો પોતપોતાના સ્વભાવને વશ થઇને પોતપોતાનાં કર્મમાં પ્રવૃત્ત થાય છે. (૫–૧૪) ઇશ્વર કોઇનાં પાપપુણ્ય ગ્રહણ કરતો નથી. કોઇનાં પાપપુણ્યનો ભાગીદાર બનતો નથી. (૫–૧૫) પણ દોરો જેમ પુષ્પની અંદર અદૃશ્યરૂપે રહીને માળામાંનાં પુષ્પોને વ્યવસ્થિત રીતે રાખે છે તેમ ઇશ્વર આ વિશાળ બ્રહ્માંડમાં અદૃશ્યરૂપે રહીને તેની સુવ્યવસ્થા સાચવી રાખે છે. (૭–૭)

અજ્ઞાન, અંધ અને જડ પ્રકૃતિ અથવા પરમાણુઓનો સમૂહ આ આ વિશ્વની ઉત્પત્તિ કરી શકે નહિ.* કારણ કે

* મહર્ષિ ગૌતમપ્રણીત ન્યાયદર્શનનો અને મહર્ષિ કણાદ-પ્રણીત વૈશેષિક દર્શનનો અભિપ્રાય એવો છે કે પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચાર પ્રકારનાં પરમાણુઓ અને આકાશ, કાળ, દિશા, મન, ઇશ્વર અને અસંખ્ય જીવાત્માઓ—આટલા નિત્ય પદાર્થો સૃષ્ટિની પૂર્વે પણ હતા. પછી પાર્થિવ પરમાણુઓનું એકબીજાની સાથે સંમિશ્રણ થવાથી આ વિશાળ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. મહર્ષિ કપિલના સાંખ્યદર્શનના મત પ્રમાણે પ્રકૃતિ અને પુરુષના સંયોગથી વિશ્વની ઉત્પત્તિ થઇ છે. પ્રકૃતિ સત્ત્વ, રજસ અને તમસ, એ ત્રણ ગુણમયી ત્રિગુણાન્વિત કહેવાય છે. એ ત્રણે ગુણ જ્યારે સામ્યાવસ્થામાં હોય ત્યારે સૃષ્ટિનો લય થાય અને તેમની અસમાન અવસ્થા થતાં સૃષ્ટિનો આરંભ થવા લાગે છે. જેમ દૂધ વિકાર પામીને દહીં બની જાય છે તેમ આ વિશ્વ પણ પૂર્વોક્ત ત્રણ ગુણોના વિકારમાંથી ઉત્પન્ન થએલું છે. સાંખ્ય, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા તેમજ ચાર્વાક અને બૌદ્ધાદિ દર્શનોમાં ઇશ્વરનું અસ્તિત્વ માન્યું નથી. વેદાન્ત દર્શન પ્રમાણે નિર્ગુણ બ્રહ્મજ આ વિશ્વનું આદિકારણ છે. હવે અહીં મુશ્કેલી એ આવે છે કે જેનું અસ્તિત્વજ નથી તેમાંથી કાંઇ પણ ઉત્પન્ન થાયજ કેવી રીતે? માટે નિર્ગુણ બ્રહ્મમાંથી ગુણોની ઉત્પત્તિ થાય નહિ. આનો વેદાન્ત એવો ખુલાસો કરે છે કે વિશ્વ અસત્ય છે, માયા છે. જેમ છીપમાં રૂપાનો અને દોરડીમાં સર્પનો ભ્રમ થાય છે તેમ આ વિશ્વ પણ એક જાતનો ભ્રમજ છે. એકમાત્ર પરબ્રહ્મજ મૂળ અને સત્ય વસ્તુ છે. તેની અંદર આ નિરંતર પરિવર્તનશીલ દૃશ્ય જગતનું આરોપણ થયું છે. એ વિષે ગીતાનો શો મત છે તે હવે આપણે જોઇશું.

આ જગતમાં આપણે જ્યાં નજર નાખીએ ત્યાં તેના સ્રષ્ટાના અપરિસીમ જ્ઞાનનું આપણને દર્શન થાય છે. માટે કોઇ અતુલ્ય, અપરિમિત જ્ઞાન અને સામર્થ્યવાળો કોઇ તેનો રચનાર હોવો જોઇએ. એવા ગુણયુક્ત એકલો ઈશ્વરજ છે, માટે તે સર્વનું આદિકારણ હોવો જોઈએ. તેના સિવાય બ્રહ્માંડમાંનો કોઇ પણ પદાર્થ કે પ્રાણી ઉત્પન્ન થઇ શકે નહિ. (૧૦–૩૯) પ્રકૃતિને તેના કાર્યમાં નિયુક્ત કરવાને વાસ્તે બીજી કોઈ શક્તિની જરૂર પડે છે. એ શક્તિ તે ઈશ્વર. ઈશ્વરજ પ્રકૃતિને તેના કાર્યમાં જોડે છે; માટે ઈશ્વરજ પ્રકૃતિની મારફતે સૃષ્ટિ પેદા કરે છે. (૯–૧૦, ૧૪–૩) પ્રકૃતિ અને પુરુષ બેઉ અનાદિ છે. (૧૩–૧૯) ઈન્દ્રિયોની ચંચળતા અને સુખદુઃખ વગેરે મોહ એ બધાં પ્રકૃતિમાંથી પેદા થાય છે. (૧૩–૧૯) કાર્યનું કારણ પ્રકૃતિ છે અને સુખદુઃખના ભોગનું કારણ પુરુષ છે. (૧૩–૨૦)

ઈશ્વરની આરાધના કરવાનો કોઈ અમુકજ વિધિ નથી. જેને જે રીતે ફાવે તે રીતે તે ઈશ્વરની આરાધના કરે તોપણ તેને તેની ભક્તિનું ફળ મળશેજ. માત્ર મન, વાણી અને કર્મથી ભક્તિયુક્ત બનીને ઈશ્વરની આરાધના કરવી જોઈએ. (૯–૨૯) કેટલાંક મોહાંધ મનુષ્યો ઈશ્વરને મૂકીને નાના નાના દેવ દેવતાઓની આરાધના કરે છે. (૧૬–૧૦) એવું કરવું યોગ્ય નથી. કારણ કે જેઓ દેવતાઓની ઉપાસના કરે છે તેઓ તે દેવતાને પામે છે, પણ ઈશ્વરની ઉપાસના કરનારાઓ ઈશ્વરની પ્રાપ્તિ કરે છે. (૯–૨૫) ઈશ્વરજ સર્વનું એકમાત્ર પ્રાપ્તવ્ય છે. તે નિત્ય છે, સર્વશ્રેષ્ઠ છે અને અવ્યક્ત છે. અજ્ઞાની લોકો આ તત્ત્વને ન સમજતાં ઈશ્વરને શરીરધારી મનુષ્ય માને છે. (૭–૨૪) ઈશ્વર અજન્મા અને અવિનશ્વર છે તે વાત તેઓ સમજી શકતા નથી. (૭–૨૫) દરેક વ્યક્તિ જ્ઞાન દ્વારા જિતેન્દ્રિય બનીને જો ઈશ્વરને મન, હૃદય અર્પણ કરીને તેની ભક્તિ કરે તો તે મુક્તિ પ્રાપ્ત કરે. અત્યંત દુરાચારી માણસ પણ જો અનન્ય ભાવે ઈશ્વરની આરાધના કરે તો તે પણ સાધુ બની જાય. (૯–૩૦) કારણ મુક્તિ અથવા આત્માની ઉન્નતિનો આધાર સાધના ઉપર રહેલો છે. જેને પોતાના આત્માની ઉન્નતિ કરવાની ઉત્કંઠા જાગી હોય અને જે તે અર્થે પોતાની તમામ શક્તિનો અને સાધનાના બળનો યોગ કરી શકે તે જરૂર કૃતાર્થ થયા વિના રહે

ઉપાયો છે. ગમે તે પદ્ધતિનું અવલંબન કરીને ધાર્મિક જીવન પસારના અનેક
કરો. ધાર્મિક જીવનની પ્રાપ્તિને અર્થે ગમે તે રીતે ધર્મનું અનુષ્ઠાન
તોપણ તે કદી નિષ્ફળ જશે નહિ+ પોતપોતાના ધર્મનાં બ્રહ્મ
અનુષ્ઠાનોનો ત્યાગ કરીને સર્વતોભાવે ઈશ્વરનું શરણ લેવાથી
મુક્તિ મળે છે. (૧૮-૬૬) જે અનન્ય ભાવે ઈશ્વરનું શરણ લે
છે તેના ષડ્રિપુઓનો પરાજય થાય છે. તે મન, વાણી અને
કર્મથી સંપૂર્ણ આત્મોત્સર્ગ કરીને ઈશ્વરને પ્રિય હોય એવાં
કાર્યો કરવામાંજ મચ્યો રહે છે. તે લોકહિતનાં કાર્યોમાંજ ગૂં
થાય છે. જુદા જુદા ધર્મોમાં જે જે સાધનો બતાવ્યાં છે તે
બધાંએ આ ઉચ્ચ આદર્શને પહોંચવાનાં સાધનોજ છે. જે પો-
વાના લક્ષ્ય સુધી પહોંચી ગયો હોય તેને પછી જેમ વાહનની
જરૂર નથી રહેતી, તેમ જેણે ઉપર કહેલો આદર્શ પોતાના જી-
વનમાં ઉતાર્યો હોય તેને બાહ્યસાધનોની અપેક્ષા નથી રહેતી.
જેના અંગે મલયાનિલની લહરીનો સ્પર્શ થયા કરતો હોય તે
પછી પંખો શા માટે હાથમાં લે ?

ઈશ્વરનાં વિશ્વરૂપે દર્શન કરો—અખિલ બ્રહ્માંડ તેનુંજ
રૂપ છે. સ્ત્રીપુરુષ, પશુપંખી, સૌ તેનીજ મૂર્તિઓ છે, તેનો-
પ્રકાશ છે. આ તત્ત્વને હૃદયમાં ધારણ કરવું જોઇએ. ઈશ્વર
વિશ્વમાંનાં તમામ નરનારીમાં, પદાર્થમાત્રમાં સમાનભાવે
બિરાજમાન છે. એ સાધના વડે પ્રાપ્ત કરેલાં દિવ્ય ચક્ષુ વડે જોઇ
જોઇએ. આવું દર્શન કરીને ભક્તિરસમાં ડૂબી જવું એને
નો પરિપાક જાણવો. જે પદાર્થમાત્રમાં ઈશ્વરનું અને ઈશ્વર-
ર્થમાત્રનું દર્શન કરે છે તે તેને સદાકાળ નિહાળે છે. ઈશ્વર
છુપો રહેતો નથી અને તે ઈશ્વરથી છુપો રહેતો નથી.
જગતની સેવા કરો—સર્વનું હિત થાય એવી પ્રવૃત્તિ
કરો. જેણે ઈશ્વરના વિશ્વરૂપનું દર્શન કર્યું છે તેને મન
અને આ પરાયું એવો ભાવ રહી શકતો નથી. તેને
બધુંજ પોતાનું—આત્મવત્ છે. કારણકે તે તો સૌમાં
જુએ છે. આખું વિશ્વ તેને હિસાબે ઈશ્વરમય છે. ઈશ્વર
ની ભક્તિ ઉપર દૃઢ થયા પછી સાંપ્રદાયિકતા રહી
(૮-૫૪) હૃદય ઘણુંજ ઉદાર અને ઉન્નત થાય છે.

---

પર્વ, અધ્યાય ૧૭૪, શ્લોક ૨.

સાચો ભક્ત જિતેન્દ્રિય થઇને, સૌમાં સમબુદ્ધિ રાખીને સૌનું ભલું કર્યા કરે છે અને એ રીતે તે ઇશ્વરની સેવા કરે છે. (૧૨-૪) માટે હે અર્જુન ! તું પણ તે પ્રમાણે દેશહિતનાં કાર્યો દ્વારા ઇશ્વરની સેવા કર. (૮-૩૬) કેમકે જનસેવા એ ઇશ્વરનીજ સેવા છે. એજ ઇશ્વરની સેવા કરવાની સાચી રીત છે.× જે કોઇ સર્વના હિતનાં કાર્ય કરે છે તે ઇશ્વરનુંજ કાર્ય કરે છે. (૧૧-૫૫ ૧૨-૩૪) જેઓ લોકહિતનાં કાર્યોમાં તત્પર રહે છે તેઓની કોઇ કાળે દુર્ગતિ તો થતીજ નથી. (૬-૪૦) એવો મહાત્મા સૌના કલ્યાણને અર્થે ચેષ્ટા કરતો કરતો અંતે ઇશ્વરનેજ પ્રાપ્ત કરે છે. મનુષ્ય એજ ઇશ્વરને પૂજવાની સર્વોત્તમ પ્રતિમા છે જે મનુષ્યમાત્રને ખરા પ્રેમથી ચાહે છે, જે સૌના કલ્યાણનુંજ ચિંતન કરે છે અને જે સૌના ભલાને માટે પોતાની જાત ઘસી નાખે છે તેજ સાચો ઇશ્વરભક્ત છે. એવાને ઇશ્વરનું ધ્યાન કરવાને માટે વનમાં જવાની જરૂર નથી. વનમાં જવાથી જનહિત સાધી શકાય નહિ; અને જનહિત એજ ખરેખરી અગત્યની વસ્તુ છે. માટે પોતાના મનને હમેશાં, ગમે તેવા સંજોગોમાં પણ ઇશ્વર તરફ રાખીને જેનાથી દેશનું હિત સધાય એવાં કાર્યો કરતા રહેવું એજ સાચું ધ્યાન છે. ઇશ્વરના ચરણ ઉપર એક હાથ રાખીને બીજે હાથે રાતદિવસ દેશની ઉન્નતિને અર્થે સતત પ્રયત્ન કર્યા કરવો. આ દુર્લભ માનવજીવનને સાર્થક કરવાનો આજ એક ઉપાય છે.

**ઇશ્વર કરુણામય છે, મંગળમય** છે-તેજ સર્વનું પાલન કરી રહ્યો છે. જે ઇશ્વરનો ભક્ત છે, જેનું હૃદય શ્રદ્ધાથી ભરપૂર છે તેને તો જ્યારે જ્યારે શોક કે દુઃખ આવે છે ત્યારે ત્યારે પણ એમજ ખાત્રીપૂર્વક સમજાય છે કે તે કરુણામય પરમેશ્વરે મારા ભલાને માટેજ એ મોકલ્યું છે અને તે મને તેમાં તપાવીને શુદ્ધ સો ટચના સોના જેવો બનાવવાની તેની ઇચ્છા છે. તોપછી હે અર્જુન ! તું તારાં સગાંવહાલાંનો નાશ થશે એવા શોકથી શા માટે વ્યાકુળ થઇ જાય છે ?

**સાચો સંન્યાસી અને સાચો ત્યાગી કોણ ?** જટા ધારણ કરીને અગર માથું મૂંડાવીને સંન્યાસી થવાતું નથી. કર્મનો ત્યાગ કર્યાથી ત્યાગી બનાતું નથી. જે કામ્ય કર્મોનો પરિ-

× ગીતા, ૬-૩. ૧૨-૪. ૧૮-૪૬. શાન્તિપર્વ, ૨૬૨-૨૫

ત્યાગ કરીને જનહિતને અર્થે, પોતાના દેશના કલ્યાણને માટે નિષ્કામભાવે કર્મ કરતો રહે છે તેજ સાચો સંન્યાસી છે. વળી જે નિરંતર કર્મ કરતો છતાં પોતાના કર્મનાં ફળ ચાખવાની ઈચ્છા રાખતો નથી તેજ સાચો ત્યાગી છે. (૧૮–૨) આવો ત્યાગી સંન્યાસી એજ સર્વને અનુકરણ કરવા યોગ્ય ઉત્તમ આદર્શ છે.

**જ્ઞાન વગરનું કર્મ ઘણીવાર કુકર્મ થઈ પડે છે, અને સાચી ભક્તિ વગરનાં લૂખાં કર્મોથી દેશમાં સ્વચ્છંદીપણાનો ફેલાવો થાય છે.** તેમ કર્મ વગરનું એકલું જ્ઞાન દુઃખપ્રદ છે. (૯–૬) એવું જ્ઞાન કશા કામમાં આવતું નથી. દ્રવ્ય અત્યંત ઉપયોગી હોવા છતાં તેને ભોંયમાં દાટી રાખ્યું હોય તો તેનાથી કશો અર્થ સરતો નથી, તેમ જ્ઞાન અત્યંત લોકોપકારક અને કલ્યાણદાતા છે તોપણ તેને મનમાં ને મનમાં ભરી રાખ્યાથી તે વંધ્યા સમાન નીવડે છે. એવીજ રીતે ભક્તિ **વગરનું જ્ઞાન નાસ્તિકતા લાવે છે. જ્ઞાન વગરની ભક્તિ અધર્મની, અંધવિશ્વાસની અને વહેમની જનેતા** થાય છે. માટે જ્ઞાનવાન ભક્ત એજ શ્રેષ્ઠ છે. (૭–૧૭) કર્મ વગરની ભક્તિ પણ કશા ખપની નથી. ખાલી ધર્મકર્મ કર્યાથી પરિણામ એ આવે છે કે મનમાં કુસંસ્કાર, આળસ, પરાધીનતા વગેરે દુર્ગુણો જડ નાખે છે અને વૃદ્ધિ પામે છે. માથે જટા, કેડે લંગોટી અને હાથમાં ચીપીઆ કે ખપ્પરવાળા બાવાઓથી તેમનું પોતાનું અગર પારકાનું કશું ભલું થનાર નથી.

ધર્મ, અર્થ અને કામ, ધામ, લોઢું અને સોનું, એ છએ વસ્તુઓનો જો બુદ્ધિપૂર્વક ઉપયોગ થાય તો દેશનું પારવિનાનું કલ્યાણ સધાય છે; તેમ કર્મ, જ્ઞાન અને ભક્તિનો બુદ્ધિપૂર્વક સમન્વય કર્યાથી માનવજાતિનું પરમ કલ્યાણ સિદ્ધ કરી શકાય છે. એટલા માટે હે અર્જુન! તું એ ત્રણેનું એકસામટું સમાનપણે અનુશીલન કરતો રહેજે. (૩–૪. ૨–૫૧. ૧૮–૬૬) * કારણકે પોતપોતાનાં કર્તવ્ય કર્મ કરવાં એ ધર્મ અને નહિ કરવાં એ અધર્મ છે. કર્તવ્યોને સારી રીતે અદા કરવા માટે પૂર્ણ નિષ્કામ થવું ઘણુંજ અગત્યનું છે, અને નિષ્કામ થવા માટે જિતેન્દ્રિય થવાની જરૂર છે. જો જિતેન્દ્રિય થવું હોય તો

* જ્ઞાન અને કર્મ એકુ [illegible]. [illegible] ઈ. [illegible] હરીન સંહિત, અ૦ ૨, અંક ૧૦–૧૧.

તેને માટે જ્ઞાન, કર્મ અને ભક્તિ, એ ત્રણે જરૂરનાં છે. એમાંનું કોઇ પણ એક તેના વાજબી પ્રમાણ કરતાં વધી ન જાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. કારણકે એકાદ હદ ઉપરાંત વધી જવાથી બીજાં બે દબાઈ જાય છે અને તેથી અનિષ્ટ પરિણામ આવે છે. એ ત્રણને સમાનપણે સિદ્ધ કરીને જ આત્મોન્નતિની સાધના સફળ કરી શકાય છે. દેશોન્નતિને માટે પણ એ ત્રણેની સરખી આવશ્યકતા છે. એ ત્રણેનું એકસરખું અનુશીલન કરીને મનુષ્ય પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે, સુખ શાન્તિ અનુભવે છે અને તમામ કાર્યોમાં વિજય પ્રાપ્ત કરે છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેની એકસરખી આવશ્યકતા છે— [illegible] એટલી [illegible] આચરણમાં મુકવાં જોઈએ. [illegible] તેની ઉન્નતિને માટે બન્નેની એકસરખી અને [illegible] તમામ મનના રથની આગે પ્રવૃત્તિ અને નિવૃત્તિ [illegible] તમારે સંસારના માર્ગ ઉપર [illegible] કે જ્યારે જ્યારે પ્રવૃત્તિ તમારા રથને [illegible] આર્થસિદ્ધિ તરફ [illegible] નિવૃત્તિથી આપને ઉન્નતિ [illegible]

પ્રવૃત્તિથી તને બાંધી લઈને અવનતિના માર્ગ તરફ ઘસડી જાય છે. તારૂં ગુમાવેલું રાજ્ય જેના ઉપર તારો ધર્માનુસાર અધિકાર છે તે સ્વરાજ્યને પુનઃ પ્રાપ્ત કરવું, તારૂં એકત્વ સિદ્ધ કરવું એ તારો ધર્મ છે. તારે તે કરવુંજ પડશે. માટે પ્રથમ તું તારા મોહનો નાશ કર. તું મોહનો નાશ કરીશ એટલે તું કોણ છે તે તું યથાવત્ જાણી શકીશ. તને તારા પોતાના બળનું ભાન થશે. તારૂં કર્તવ્ય તને આરસી જેવું સ્પષ્ટ દેખાશે. તેમ થશે એટલે સુખભોગ તરફ તેમજ મિથ્યા વિલાપ તરફ તારૂં ચિત્ત જશે નહિ; પણ તારા કર્તવ્યનો ઉજ્જ્વલ આદર્શ તારી નજર આગળ નિરંતર ઉભો રહેશે. તારે તો તારા ષડ્રિપુનો પરાજય કરીને, નિષ્કામ ભાવે તારૂં કર્તવ્ય બજાવતાં રહીને તારી પોતાની તેમજ દેશની ઉન્નતિને માટેજ સદાએ વ્યગ્ર રહેવું જોઇએ. સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્ ।'' તમામ પ્રકારની પરાધીનતા એજ દુઃખ અને સ્વાધીનતા એજ સુખ, એ સૂત્ર તું નિરંતર સ્મરણમાં રાખજે. જે પોતાના ષડ્રિપુને જીતે છે તે આખા જગતને જીતી શકે છે, એ તારા હૃદયમાં કોતરી રાખજે. ષડ્રિપુનો પરાજય એજ મુક્તિનો મહામંત્ર છે. રિપુના બંધનમાંથી મુક્તિ મળી એટલે તારો શોકસંતાપ, વિવાદ વિસંવાદ બધાએ આપોઆપ અદૃશ્ય થઈ જશે. તે વખતે તને સર્વત્ર શાંતિ, સામ્ય, મૈત્રી અને સ્વાધીનતાનો અનુભવ થશે. આખું વિશ્વ તારે મનથી અપૂર્વ સુખનું નિકેતન બની જશે. કર્મ, જ્ઞાન અને ભક્તિનો આશ્રય લઈને તારા પોતામાં રહેલા રિપુઓની સાથે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે યુદ્ધ કરવું એજ સાચું ...ક્ષેત્રનું યુદ્ધ છે. આ દારુણ સંગ્રામમાં જેણે પોતાના મન...પી રથ ઉપર ઈશ્વરને સારથિ બનાવીને ઇન્દ્રિયોરૂપી અશ્વોની ...ગામ તેના હાથમાં સોંપી દીધી છે તેનો પરાજય થાયજ કેમ? ... આખા જગતનો વિજેતા બનીને કૃતકાર્ય થાય એમાં શંકાજ ...ી ? મુક્તિ તો તેની સામે આવીનેજ ઉભી રહેશે. માટે હે ...ુન ! તારે તારા પોતાના અંગત સુખનો અથવા પોતીકા ...નો વિચાર કરીને કર્તવ્યનો નિર્ણય કરવો નહિ, પણ લોક... અને દેશહિત શામાં છે તેનોજ માત્ર વિચાર કરવો. એટલું ... તો તું મોહથી મુક્ત થઇશ.

ત્યારે અર્જુને કહ્યું: ''હે કૃષ્ણ ! તમારી કૃપાથી મારો મોહ

દૂર થયો છે.” એમ કહીને તેણે કૃષ્ણને વંદન કર્યું અને પોતાનાં ધનુષ્યબાણ હાથ ધર્યાં. એટલે પછી કુરુક્ષેત્રનું ભયંકર વૈરાગ્ય ઉત્પન્ન કરે એવું દારુણ યુદ્ધ આરંભાયું.

---

## પ્રકરણ ૪ થું—યુદ્ધમાં ભીષ્મનું પતન

કુરુક્ષેત્રના ભીષણ રણમેદાનમાં બેઉ પક્ષના અસંખ્ય વીરો નાના પ્રકારનાં અસ્ત્રશસ્ત્રથી સજ્જ થઈને યુદ્ધમાં ઝંપલાવવા માટે તૈયાર થઈને ઉભા હતા. કૃષ્ણના ઉપદેશથી ઉત્તેજિત થઈને અર્જુને પોતાનાં ધનુષ્યબાણ ફરીથી પાછાં હાથમાં લીધાં. એજ અરસામાં યુધિષ્ઠિરે એકાએક પોતાના હાથમાંનું ધનુષ્ય નીચે મૂકી દીધું અને શરીર ઉપરનું બખ્તર ઉતારીને રથમાંથી નીચે ઉતર્યા અને એકલાજ કૌરવોના સૈન્યસમૂહમાં થઈને ચાલતા [illegible], વાણીનો સંયમ કરીને, નિઃશસ્ત્ર બનીને પોતાના [illegible] જોડીને ચાલવા લાગ્યા. તેમને આ પ્રમાણે જતા જોઈને તેમના [illegible] ભાઈઓ તેમજ કૃષ્ણ પોતે પણ પોતપોતાના રથમાંથી નીચે ઉતરી પડ્યા અને તેમની પાછળ પાછળ જવા લાગ્યા.

[illegible] યુધિષ્ઠિર અને પાછળ તેમના ભાઈઓ આ રીતે [illegible] ભીષ્મદેવ જ્યાં આગળ ઉભા હતા ત્યાં [illegible] યુધિષ્ઠિરે બે હાથે ભીષ્મપિતામહના બેઉ ચરણ પકડી [illegible] “[illegible] આપની સામે યુદ્ધ કરવાની અમને [illegible] આશીર્વાદ દો.”

[illegible]

સૈન્યના વ્યૂહમાં થઈને દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને મામા શલ્ય પાસે ગયા અને તેમને સૌને અનુક્રમે વંદન કરી આવ્યા. પછી તેમની સૌની અનુમતિ તથા આશીર્વાદ લઈને પાછા શત્રુસૈન્યની બહાર નીકળી ગયા.

આટલું કર્યા પછી યુધિષ્ઠિર રાજા પોતાના શત્રુઓના સૈન્યસમૂહની સન્મુખ ઉભા રહીને ઉચ્ચ સ્વરે બોલ્યા કે "હે સૈનિકો અને સેનાપતિઓ! અમારા પક્ષમાં આવવાની હજી પણ જેમને ઇચ્છા હોય તેઓ ભલે ચાલ્યા આવે. હું તેમને સૌને આવકાર આપવા ખુશી છું." આ સાંભળીને ધૃતરાષ્ટ્રની દાસીનો પુત્ર યુયુત્સુ બોલી ઉઠયો: "ધર્મરાજ! મારે તમારા પક્ષમાં આવવું છે. જો તમે મને તમારા પક્ષમાં લેશો તો હું દુર્યોધનની સાથે યુદ્ધ કરીશ." યુધિષ્ઠિરે તરતજ જવાબ વાળ્યો: "ચાલ્યો આવ, ચાલ્યો આવ, મારા ભાઈ! ખુશીથી ચાલ્યો આવ. આપણે બધા ભેગા થઈને તારા મોહાન્ધ ભાઈઓની સાથે લડીશું. આંધળા ધૃતરાષ્ટ્રના પુત્રોમાંથી તું એકલો જ આખરે જીવતો રહેવાનો છે." પછી યુયુત્સુએ આનંદપૂર્વક દુન્દુભિનાદ કરીને દુર્યોધનને પોતાનો સંકલ્પ જાહેર કર્યો અને પાપીઓનો પક્ષ છોડીને જેમના પક્ષમાં ધર્મ હતો તેમના તરફ ચાલ્યો ગયો.

એક બાજુએ જ્યારે આ બનાવ બનતો હતો ત્યારે બીજી બાજુએ કૃષ્ણ પોતે કૌરવોના સૈન્યમાં થઈને કર્ણની પાસે પહોંચી ગયા, અને તેને કહેવા લાગ્યા: "મારા પ્રિય કર્ણ! ભીષ્મ હણાય નહિ ત્યાંસુધી હું યુદ્ધ કરીશજ નહિ એવી પ્રતિજ્ઞા તું લઈ બેઠો છે; પણ હું કહું છું કે ત્યાંસુધી તું હાથ જોડીને બેસીજ શા માટે રહે? જો તું બેઉ પક્ષના તરફ સમાનભાવે જોતો હોય તો ચાલ મારી સાથે, અને ભીષ્મ હયાત રહે ત્યાંસુધી તું પાંડવોના તરફથી લડ અને ભીષ્મ યુદ્ધમાં પડે ત્યારે પછી તું પાછો કૌરવોના પક્ષમાં ચાલ્યો જજે." કર્ણે ઉત્તર આપ્યો કે "હે કેશવ! મારાથી દુર્યોધનના વિરુદ્ધમાં કાંઈજ નહિ કરાય. ઉલટું મારૂં જો ચાલે તો તેને માટે હું મારો પ્રાણ અર્પણ કરવા તૈયાર છું."*

આ પ્રમાણે કર્ણને પાંડવોના પક્ષમાં ખેંચી લેવા માટે ફરી ફરીને પ્રયત્ન કરી જોયો, પણ તેમાં તેમને સફળતા

* ભીષ્મપર્વ, અધ્યાય ૪૩ શ્લોક ૮૯ થી ૯૨.

[illegible] કર્ણ [illegible] મહારથિ હતો [illegible] તો આ ઉપરથી [illegible] ન બની શકે ત્યાં સુધી આ યુદ્ધને [illegible] એ વાત પણ [illegible] છે. કારણકે કર્ણ પાંડવોના પક્ષમાં [illegible] દુર્યોધનને [illegible] કરવાની ફરજ પડે.

પછી [illegible] પાંડવો પોતપોતાના રથમાં સ્વાર થયા. અર્જુને [illegible] દેવદત્ત નામનો [illegible] શંખ વગાડ્યો અને તેનો નિનાદ [illegible] સુધી સંભળાયો. વૃક્ષોની ડાળીઓ ઉપર નિરાંતે બેઠેલાં પંખીઓ જાગી ઉઠ્યાં અને ભયભીત થઈને કીકીયારી કરતાં કરતાં આકાશમાં ચારે દિશાએ ઉડાઉડ કરવા લાગ્યાં. કૌરવોના સૈન્ય ઉપર પણ તે નિનાદનો કાંઈ થોડો પ્રભાવ પડ્યો ન હતો. એ શબ્દ તેમને કાને અથડાતાંજ તેઓ પ્રથમ સ્તબ્ધ બની ગયા અને આ શંખનાદ કયા અસાધારણ વીરપુરુષ-નો હશે તેની તેમના સૌના મનમાં શંકા પેદા થઈ ત્યાર પછી તરતજ અર્જુને પોતાના ગાંડીવ ધનુષ્યની પણછ ચઢાવીને તેનો ટંકાર કર્યો, જે સાંભળીને કૌરવ સેનામાં ભય વ્યાપી ગયો. તેમને એમજ થયું કે આ યુદ્ધમાં આપણે ઉગરવાના નથી અને નાસી જવાનો પણ સંભવ નથી. અર્જુનનો શંખનાદ થવાની સાથે પાંડવ પક્ષમાંથી અનેક શંખ વાગવા લાગ્યા અને બીજાં રણવાદ્યોના ઘોર નિનાદથી આખું રણક્ષેત્ર ગાજી ઉઠયું. તેના શ્રવણથી પાંડવસૈન્ય યુદ્ધ કરવાને સારૂ ઉત્સાહિત બની ગયું અને રણોન્માદથી તેમનું રુધિર ઉછળવા લાગ્યું. એ સૈન્યની આગેવાની લઇને ભીમ ભયંકર સિંહનાદ કરતો શત્રુસૈન્ય ઉપર તૂટી પડયો. તેના રથના શિખર ઉપર સિંહપતાકા ફરફરતી હતી.× તેનો માર્ગ રોકવાના ઇરાદાથી દુર્યોધન અને તેના ભાઇઓ ધસી આવ્યા. પછી બેઉ પક્ષના બધા યોદ્ધાઓ પરસ્પર સામટા લડવા લાગ્યા. સૌ પોતપોતાનાં તમામ અસ્ત્રશસ્ત્ર વાપરવા લાગ્યા. બધાજ પોતાના પૂરા બળ અને ઉત્સાહપૂર્વક પ્રતિપક્ષીઓનો સંહાર કરવા મંડી ગયા. બેઉ પક્ષના અસંખ્ય સૈનિકો હણાયા અથવા તો જખમી થઇને જમીન પર આળોટતા થઈ ગયા. છતાં બેઉ પક્ષના સૈન્યમાંથી કોઇએ જરા પણ પાછી પાની કરી નહિ તેમ યુદ્ધ પણ થંભ્યું નહિ અને બેઉમાંથી કોઇએ પોતાનો

× દ્રોણપર્વ, અધ્યાય ૨૨-૮૩

પરાજય સ્વીકાર્યો નહિ. સાંજ પડતાં ભીષ્મદેવે શંખધ્વનિ ક
યુદ્ધ બંધ કરવાની સૂચના કરી એટલે બેઉ તરફનાં સૈન્ય પો
પોતાની છાવણીઓ તરફ પાછાં ફર્યાં.

સવાર પડતાં બીજે દિવસે પાછો આગલા દિવસની માફ
સંગ્રામ શરૂ થયો. આજના યુદ્ધમાં પુંડ્ર અને અનુપ દેશન
ઘણા બંગાળી યોદ્ધાઓ તેમજ કિરાત લોકો ભારે વીરતા
સહિત લડયા હતા.×

ભીમે ભયંકર પરાક્રમપૂર્વક દ્રોણાચાર્યના પર આક્રમણ
કર્યું જોઈને દુર્યોધનના મનમાં ચિંતા થવા લાગી કે હવે
શું થશે? તેણે કલિંગ દેશના રાજાને તેના વિશાળ સૈન્યસહિત
દ્રોણાચાર્યની કુમકે દોડી જવાની સૂચના કરી કે તરતજ
અસંખ્ય બંગાળી અને ઓરિસાનિવાસી યોદ્ધાઓની સરદારી
લઈને કલિંગરાજ ભીમના ઉપર તૂટી પડયો. તેના પુત્રો,
હાથીસ્વાર, ઘોડેસ્વાર, રથીઓ તેમજ પાયદળ સૈન્ય, સૌ ભારે
ઉત્સાહ અને શૌર્યસહિત ભીમની સાથે યુદ્ધ કરવા લાગ્યાં.
મહાભારતના શબ્દોમાં કહીએ તો "એક બાજુએ મહાવીર
ભીમ અને બીજી બાજુએ કલિંગરાજનું સૈન્ય, એ બેની વચ્ચે
મહાદારુણ, રોમાંચ ઉત્પન્ન કરે એવું, ભયાનક અને જગતનો
પ્રલય કરી દે એવું તુમુલ યુદ્ધ મચી રહ્યું."÷ તે જમાનાના
બંગાળીઓ અને ઓરિસ્સાવાસીઓ પરાક્રમમાં અજોડ હતા.
તેમણે ભીમને ચારે બાજુએથી ઘેરી લઈને તેને કાયર કાયર
કરી નાખ્યો. સાથે સાથે પાંડવ સૈન્યનો પણ ભારે કચ્ચરઘાણ
વાળી નાખ્યો. ભીમને શત્રુઓની વચમાં સપડાઈ ગએલો
જોઈને ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, યુધિષ્ઠિર, સાત્યકિ વગેરે તેની કુમકે
ભારે ત્વરાથી દોડી આવ્યા અને કલિંગરાજના સૈન્યની ટક્કર
ઝીલવા લાગ્યા. આ બાજુએ કલિંગરાજની મદદે ભીષ્મદેવ
પોતે આવી પહોંચ્યા, અને પછી જે યુદ્ધ મચ્યું તે તો વળી
પહેલાંના કરતાંએ વધારે રોમાંચ પેદા કરે એવું હતું. દારુણ
હત્યાકાંડ મચી રહ્યો. બેઉ તરફના અસંખ્ય યોદ્ધાઓ ધૂળભેગા
થઈ ગયા. સાત્યકિએ ભીષ્મના *સારથિને પૂરો કરી નાખ્યો.

× ભીષ્મપર્વ, અધ્યાય ૫૦–૪૮.
÷ ભીષ્મપર્વ, અધ્યાય ૫૩–૬૧.
* સારથિને મરાય નહિ એવા યુદ્ધના મુકરર કરેલા નિયમો

એટલે તેમના રથના બેલગામ થઈ ગએલા ઘોડાઓ રથને અને તેની સાથે ભીષ્મને લઇને ફાવે તેમ દોડતા કૂદતા રણક્ષેત્રની બહાર નીકળી ગયા. આથી કરીને પાંડવપક્ષના યોદ્ધાઓ ફાવી ગયા. તેમણે કલિંગરાજના પુત્રોનો તથા તેના ઘણા સૈનિકોનો તેમજ નાયકોનો સંહાર કરી નાખ્યો, અને ભીમની સાથે લડતાં કલિંગરાજ પોતે મરણ પામ્યો.× આટલું થયું તોપણ બંગાળીઓ અને ઓરિસ્સાવાસીઓએ પીઠ બતાવી નહિ–યુદ્ધમાંથી તલપૂર પણ પાછા હઠયા નહિ. તેઓ તો ઉલટા વધારે મરણીઆ બનીને ખીજવાએલા વાઘની માફક પાંડવોના સૈન્ય ઉપર તૂટી પડયા અને તેમના સૈનિકોને મારતા કાપતા પોતે પણ સાચા યોદ્ધાને મોતે મરવા લાગ્યા.* એમ કરતાં કરતાં બીજા દિવસની સાંજ પડી એટલે શંખનાદ થયો અને યુદ્ધ થંભ્યું.

ત્રીજા દિવસના યુદ્ધમાં પણ કલિંગ દેશના સૈન્યે પરાક્રમની કમાલ કરી બતાવી.+ વળી પાંચમા દિવસના યુદ્ધમાં પણ દુર્યોધને કલિંગ દેશના સૈન્યની મદદ લીધી હતી.=

એક વાર એવું બન્યું કે દુર્યોધને પોતાની મદદમાં બંગદેશના રાજાને તથા તેના બંગાળી સૈન્યને લઇને રાક્ષસોના રાજા મહાવીર ઘટોત્કચની સાથે લડાઇ માંડી. બંગદેશનો રાજા એક મોટા પર્વતના જેવા કદાવર હાથી ઉપર ચઢીને પોતાના બંગાળી સૈન્યનું નિયમન કરી રહ્યો હતો, અને તેનું દશહજાર હાથીઓનું વિશાળ સૈન્ય ભારે પરાક્રમ બતાવી રહ્યું હતું. એવામાં ઘટોત્કચે દુર્યોધનને હણવાના ઈરાદાથી વીજળીના જેવી દેદીપ્યમાન, જાણે કોઇ જ્વલંત તારો ખરતો હોય એવી અગ્નિથી ભભૂકતી એક મહાવિનાશકારી શક્તિ તેના તરફ ફેંકી. તે જળહળતી શક્તિ સડસડાટ કરતી મહાવેગથી ચાલી આવવા લાગી. દુર્યોધનને બચાવી લેવાનો બીજો એકે ઉપાય નથી એમ જાણીને બંગદેશનો રાજા ભારે ત્વરાથી પોતાના હાથીને હાંકીને

---

પાંડવો અને કૌરવો બેઉ ભંગ કરે છે તેનું ઉદાહરણ. નિયમ માટે જુઓ ભીષ્મપર્વ, અધ્યાય ૧.

× ભીષ્મપર્વ, અધ્યાય ૫૮.

* ભીષ્મપર્વ, અધ્યાય ૫૩–૫૪.

+ ભીષ્મપર્વ, અધ્યાય ૫૬, ૫૭,

= ભીષ્મપર્વ, અધ્યાય ૭૦, ૭૧.

દુર્યોધનના રથની મોઢામોઢ આવીને ઉભો રહ્યો અને પહાડ જેવી પ્રચંડ કાયાવાળા પોતાના હાથી વડે તેના રથને ઢાંકી દીધો. તેજ ઘડીએ પેલી શક્તિ સૂસવાટ કરતી આવીને હાથીના અંગ ઉપર અફળાઈ કે તરત બંગરાજ ચપળતાથી હાથી ઉપરથી છલંગ મારીને નીચે કૂદી પડયો. શક્તિના પ્રહારથી હાથી મૂડદું થઈને જમીન પર ઢળી પડયો, પણ આ રીતે પોતાના જાનને જોખમે બંગરાજે પોતાના મિત્રના પ્રાણનું રક્ષણ કર્યું. ÷

પ્રાગ્જ્યોતિષ (આસામ)નો રાજા ભગદત્ત તેના આસામી અને બંગાળી ગજસૈન્ય, ઘોડેસ્વાર, રથી અને પાયદળ સૈન્ય સહિત દુર્યોધનના તરફથી પાંડવોની સાથે ભારે વીરતા સાથે ઝઝૂમ્યો હતો. તે પણ મોટા કદાવર હાથી ઉપર ચઢીને સૈન્યને હુકમો આપ્યે જતો હતો. યુદ્ધના છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા અને દશમા દિવસ સુધી તેનું સૈન્ય ખૂબ શૂરાતનથી લડયું હતું. ×

એક દિવસ દુર્યોધને જોયું કે ભીમ સેનાની ખુવારી કરી રહ્યો છે અને જોતજોતામાં આખું સૈન્ય ધૂળધાણી કરી નાખશે. દુર્યોધનથી આ કેમ સહન થાય? તેના સૈન્યની પાયમાલી તેનાથી કેમ જોઈ જાય? તેથી તેજ ઘડીએ પોતાના સૈન્યને બચાવી લેવા માટે ગર્વિષ્ઠ દુર્યોધન લડાઇને મોખરે દોડી આવ્યો. ભીમે પણ તેની સામે યુદ્ધમાં ઝંપલાવ્યું અને તેના તરફ તાકીને એવું એક ભયાનક અસ્ત્ર ફેંક્યું કે તેના પ્રહારથી દુર્યોધન બેભાન થઇને પોતાના રથમાં ઢળી પડયો. આ ભારે અનર્થનો અવસર છે એમ તેનો ચતુર સારથિ ચેતી ગયો એટલે તેણે બેશુદ્ધ દુર્યોધનને લઇને રણક્ષેત્રમાંથી રથ મારી મૂક્યો. આ જોઇને પાંડવો શરમ શરમના પોકાર કરવા લાગ્યા. દુર્યોધનના રથને નાસતો જોઈને તેનું સૈન્ય પણ અસ્તવ્યસ્ત થઈ જઈ નાસવા લાગ્યું અને શત્રુઓને હાથે તેમની મોટી સંખ્યાનો પણ નીકળી ગયો. આ પ્રમાણે દુર્યોધન રોજ રોજ ભીમને હાથે હાર ખાઇને પોતાની કીર્તિને ઝાંખપ લગાડતો ગયો. તેના ભાઈઓમાંથી પણ ઘણા ભીમને હાથે માર્યા ગયા;

÷ ભીષ્મપર્વ, અ૦ ૯૧, શ્લોક ૨૦-૩૧ અ૦ ૯૭, શ્લોક ૬-૧૨.

× ભીષ્મપર્વ, અ૦ ૬૨-શ્લોક ૩૫, ૧૬, ૯૧, ૨૯, ૯૩, ૯૪ અધ્યાય ૯૫-શ્લોક ૧૦૭, ૨૫, ૧૦૮, ૧૩, ૧૧૧, ૧૧૨. અધ્યાય ૧૧૪-૨. ૧૧૧ અધ્યાય, ૧૧૯-૧૫

તોપણ હજી તેની બુદ્ધિ ઠેકાણે આવી નહિ. ઉલટો અહંકારને લીધે ક્ષોભ પામીને તે ભીષ્મ પાસે ગયો અને તમે મન મૂકીને લડતા નથી એવાં તેમને ઉપરાઉપરી મેણાં મારવા લાગ્યો. આથી ભીષ્મનું મન ઘણું દુખાયું. અને પોતાના સ્વમાનનો ભંગ થાય છે એવું પણ તેમને લાગ્યું. તેમણે દુર્યોધનને સલાહ આપી કે હજી પાંડવોની સાથે સુલેહ કરવી એજ વાજબી છે. પણ તે બિચારા ડોસાની શિખામણ માને ત્યારે ને?

એક દિવસ અર્જુને યુદ્ધમાં ભારે પરાક્રમ બતાવ્યું. તે જોઈને ભીષ્મ એટલા રાજી રાજી થઈ ગયા કે તેમણે તેને ઘણી શાબાશી આપી અને કહ્યું કે, હવે તું મનમાં જરા પણ સંકોચ રાખ્યા વગર મારી સાથે આથી પણ વધારે નિદારુણ યુદ્ધ કર.§ ભીષ્મે પોતે પણ કમ્મર બાંધી અને અગાઉ કરતાં વધારે જુસ્સાથી લડવા લાગ્યા. આ વખતે કૃષ્ણે અર્જુનના રથને ગોળ વર્તુળાકારમાં હાંકીને પોતાની સારથિ તરીકેની અદ્‌ભુત કુશળતાનો પરિચય કરાવ્યો. કારણ કે રથ ચક્રાવો ફરતો હોવાથી ભીષ્મનાં ઘણાં બાણ નિષ્ફળ ગયાં. આથી ભીષ્મ ખૂબ ખીજવાયા અને તેમણે કૃષ્ણ અને અર્જુન, બેઉનાં અંગ ઉપર બાણોનો વરસાદ વરસાવવા માંડયો. આથી બેઉના શરીરને ક્ષત થયા અને વાગેલા ઘામાંથી લોહીના રેલા નીકળતા હતા તેથી તેઓ રાતાચોળ કેસૂડાના લૂમખાથી છવાએલા પલાશવૃક્ષના જેવા શોભવા લાગ્યા.×

વળી એક દિવસ કૃષ્ણને લાગ્યું કે અર્જુન ભીષ્મની સામે ઉભો રહે છે ત્યારે તેને તેમનો સ્નેહ યાદ આવવાથી તે માત્ર ઉપરચોટીયુંજ લડે છે અને પોતાના પૂરા બળથી લડતો નથી. કૃષ્ણ તેને વારેવારે પાણી ચઢાવતા, પણ અર્જુન તો તેનો તેજ રહેતો. આ બાજુએ ભીષ્મ ઘણીજ સહેલાઇથી પાંડવોના સૈન્યનો સંહાર કર્યે જતા હતા અને પાંડવોના ભણીથી હાહાકાર થઈ રહ્યો હતો. ભીષ્મના મારથી છિન્ન ભિન્ન થઇને સમસ્ત પાંડવ સેના નાસભાગ કરવા લાગી હતી તે જોઇને હવે કૃષ્ણથી રહેવાયું નહિ. તેમનો ક્રોધાનલ ભભૂકી ઉઠયો. એક છલંગ મારીને પોતે રથમાંથી કૂદી પડયા અને પોતાનું સુદર્શન ચક્ર હાથમાં લઇને

§ ભીષ્મપર્વ, અધ્યાય ૫૯, શ્લોક ૫-૬૫૮.
× ભીષ્મપર્વ, અધ્યાય ૫૯, શ્લોક ૬૧, ૬૨.

વીરહાક મારતા ભીષ્મને મારવા દોડવા લાગ્યા. તે જોઈને અર્જુન પણ રથમાંથી કૂદીને તેમની પાછળ દોડયો અને તેણે કૃષ્ણને બે હાથે જોરથી પકડી લીધા. પણ મહાબળવાન માધવને ઝાલી રાખવાનું અર્જુનનું શું ગજું ? તે તો ઉલટા અર્જુનનેજ પોતાની સાથે ઘસડતા ઘસડતા ભીષ્મને મારવા માટે તેમના તરફ દોડતાજ ગયા. ત્યારે છેવટે અર્જુન તેમને પગે પડયો, અને બોલ્યો: "તમે શાંત થાઓ. આ લડાઈ દરમ્યાન હું મારા હાથમાં શસ્ત્ર નહિ પકડું એવી તમે પ્રતિજ્ઞા લીધી છે તે તમને યાદ છે ને ? તે પ્રતિજ્ઞાનો તમે ભંગ કરશો નહિ. હું તમને ખાત્રી આપું છું કે હુંજ મારે હાથે ભીષ્મનો વધ કરીશ અને સમસ્ત કૌરવસૈન્યનો પણ સંહાર કરી દઈશ. જાઓ, હું પ્રતિજ્ઞા લઉં છું કે એ કામ હું મારે હાથેજ પૂર્ણ કરીશ, પણ તમે હવે શાંત થાઓ."× ત્યારે કૃષ્ણ થોભ્યા અને પાછા વળીને રથમાં બેઠા. તે દિવસે ભીષ્મે પાંડવસેનાની ભારે ખુવારી કરી નાખી હતી. પણ પાંડવોને હાથે કૌરવસેનાની જે ખુવારી થઈ હતી તે તો આના કરતાંયે ઘણી વધારે હતી. આ થોડાક દિવસના યુદ્ધમાં એકલા ભીમનેજ હાથે દુર્યોધનના ઘણા ભાઈઓ માર્યા ગયા હતા. એક દિવસ યુવાન અભિમન્યુએ ભીષ્મના રથના ધ્વજને કાપી નાખીને ધૂળભેગો કરી દીધો.

આ પ્રમાણે દિવસ પર દિવસ જવા લાગ્યા. રોજ સવાર થતાં દારુણ યુદ્ધ શરૂ થાય તે સાંજ થતા સુધી ચાલુ ને ચાલુજ રહે. બેઉ પક્ષ દરરોજ પોતાના સૈન્યની નવી નવી વ્યૂહરચના કરે અને લડે. દરરોજ એકબીજાનાં સૈન્યની ખુવારી થતીજ જાય અને છતાં લડવૈયાઓ જરા પણ શિથિલ થયા વગર પોતાનું ઘણામાં ઘણું શૌર્ય દાખવીને લડતાજ જાય. એમ કરતાં સાંજ પડે એટલે ભીષ્મ શંખનાદ કરીને યુદ્ધ થંભાવવાની સૂચના કરે. શંખનાદ થાય એટલે બાકી જીવતા રહેલા પણ શસ્ત્રોથી ઘવાએલા, બાણોથી વીંધાએલા અને લોહીથી ખરડાએલા રાજાઓ પોતપોતાના લોહીલુહાણ થએલા યોદ્ધાઓને રણમેદાનમાંથી પાછા વાળીને પોતપોતાની છાવણીઓમાં ચાલ્યા જાય અને સવાર થાય એટલે પાછું એનું એજ ઘમસાણ મચી રહે.

એમ કરતાં કરતાં મહાયુદ્ધનો આઠમો દિવસ ખતમ થયો

× ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૬

અને સાંજ પડી એ દરમ્યાન પાંડવોને હાથે કૌરવસેનાની એટલી બધી ખુવારી થઇ ગઇ હતી કે દુર્યોધને યુદ્ધમાં જીતવાની આશા છોડી દીધી. રાત પડયા પછી તેણે કર્ણ, દુઃશાસન અને શકુનિની સાથે મસલત કરવા માંડી. ત્યાં કર્ણે કહ્યું કે 'અરે! એમાં ચિંતા કરવા જેવું શું છે? એક વાર ભીષ્મ પોતાનાં શસ્ત્ર હેઠાં મૂકીને યુદ્ધમાંથી નિવૃત્ત થઇને બાજુએ ખસી જાય તો પછી હું યુદ્ધમાં ઝુકાવું અને પાંડવો તથા પાંચાલોના એક તડાકામાં ભૂકા ઉડાવી દઉં. જાઓ, હું આજે તમારા સૌના દેખતાં પ્રતિજ્ઞા લઉં છું કે હું તેઓ સૌનો સંહાર કર્યા વિના છોડીશજ નહિ."×
એ સાંભળીને દુર્યોધનનું હૃદય પ્રફુલ્લિત થઇ ગયું. તે ત્યાંથી ઉઠીને ભીષ્મદેવના તંબુમાં ગયો, અને તેમને કહેવા લાગ્યો કે "પિતામહ! પાંડવોના ઉપર દયા લાવીને અથવા મારા ઉપર દ્વેષયુક્ત થઇને જો તમે તેમને મારતાં અચકાતા હો તો ભલે, આવતીકાલથી તમે યુદ્ધમાંથી નિવૃત્ત થઇ જાઓ, અને મહાવીર કર્ણને તમારી જગ્યાએ લડવા દો. તે જરૂર પાંડવો અને પાંચાલોનો પરાજય કરશે."*

દુર્યોધનનાં આવાં વાકયબાણથી ભીષ્મનું હૃદય વીંધાઇ ગયું. તેમને અતિશય દુઃખ થયું અને ક્રોધ પણ ચઢયો. દુર્યોધન આવું કહીને પોતાનું અત્યંત અપમાન કરે છે એવું તેમને લાગ્યું અને તેથી થોડી વાર સુધી તો તેઓ વિચાર કરતા બેસી રહ્યા. પછી બોલ્યાઃ ÷ "મારાથી થાય તેટલું તો હું તારૂં કામ કરી છૂટું છું. મારૂં ચાલે તો તારે માટે મારા પ્રાણનું પણ બલિદાન દેવા તૈયાર છું; છતાં તું મને રોજ રોજ મેણાં મારીને શા માટે મારા હૃદયને જખમી કરે છે? મેં તને પહેલેથીજ કહી રાખ્યું હતું કે પાંડવોને જીતાય એમ છેજ નહિ. પણ જા, આવતી કાલે હું એવું યુદ્ધ કરી બતાવીશ કે પૃથ્વીનો અંત આવતા સુધી મારો યશ જગતમાં ગવાતો રહેશે.

તે દિવસની રાત્રિ પૂરી થઇ અને યુદ્ધનો નવમો દિવસ ઉગ્યો. તે દિવસના યુદ્ધમાં મહાવીર ભીષ્મે એવું અદ્દભુત પરાક્રમ અને વીરત્વ બતાવ્યું અને પાંડવ સૈન્યનો એટલો ઘાણ

× ભીષ્મપર્વ, અધ્યાય ૯૭-શ્લોક ૮,૯
* ભીષ્મપર્વ, અધ્યાય ૯૭-શ્લોક ૮૦,૮૧
÷ ભીષ્મપર્વ, અધ્યાય ૯૮

ી નાખ્યો કે તે જોઇને પાંડવો જીતવાની આશા છોડી બેઠા. રાત્રે તેમની છાવણી ઉપર નિરાશાની કાળી ચાદર પથરાઈ અને સૌનાં હૃદય નિરુત્સાહથી કરમાઇ ગયાં.

રાત્રે યુધિષ્ઠિર રાજા કૃષ્ણ અને બીજા સગાસંબંધીઓની ાથે હવે શું કરવું તેની મસલત કરવા બેઠા. યુધિષ્ઠિરે કહ્યું કે આપણામાં કોઇ એવો નથી કે પિતામહને હરાવી શકે; અને મનો પરાજય ન થાય તો પછી થઈ રહ્યું. આપણે હવે જીતવાી આશા મૂકીનેજ વાત કરવી રહી." આ પ્રમાણે યુદ્ધમાં જીતવાી આશા છોડીને યુધિષ્ઠિર રડી પડ્યા. તે જોઇને કૃષ્ણને દયા ૅપજી. તેમણે કહ્યું કે "જો તમે મને યુદ્ધમાં ઉતરવાની રજા આપો તો હું ભીષ્મને હરાવીને તેમનો વધ કરૂં. પણ ભીષ્મને તો હુંજ મારે હાથે હણીશ એવી અર્જુન પ્રતિજ્ઞા લઇ બેઠો છે તેના ઉપર પાણી ફરશે."

યુધિષ્ઠિર બોલ્યા: "કૃષ્ણ! તમે પિતામહનો વધ કરવા સમર્થ છો તે હું જાણું છું. પણ આ યુદ્ધમાં હું શસ્ત્ર નહિ ઉપાડું, એવી તમે પહેલેથીજ પ્રતિજ્ઞા લીધેલી છે તેથી જો તમે લડાઇમાં ઉતરો તો તમારા ઉપર અસત્ય ભાષણનું આળ આવે. તમને જૂઠા ઠરાવીને મારે જીતવું નથી. તમે જાતે લડાઇમાં ઉતર્યા વગર બીજી રીતે તમારાથી થાય તેટલી અમને મદદ કરો. જુઓ, અમે તો નાનપણથીજ બાપ વગરના હતા. પિતામહેજ નાના પ્રકારનાં લાડ લડાવીને અમોને નાનેથી મોટા કર્યા છે. માટે ચાલો, આપણે તેમનીજ પાસે જઇએ. હવે શું કરવું તેની સાચી સલાહ આપણને તેમની પાસેથીજ મળશે."

તે કાળી ગંભીર રાત્રિના અંધકારમાં થઇને કૃષ્ણ અને પાંચ પાંડવો તંબુમાંથી બહાર નીકળ્યા. કોઇના હાથમાં શસ્ત્ર ન હતું તેમ કોઇના અંગ ઉપર બખ્તર પણ ન હતું. વળી સાથે કોઈ અંગરક્ષક પણ ન હતો. છએ જણ ધીરે પગલે, ઉદાસ ચિત્તે આદિ અંત વિનાના અપાર મહાસાગર જેવી કૌરવોની વિશાળ છાવણીમાં થઇને જવા લાગ્યા, અને આખરે જ્યાં ભીષ્મનો તંબુ હતો ત્યાં આવી પહોંચ્યા. યુધિષ્ઠિરે અંદર જઇને ભીષ્મને ખબર પહોંચાડી એટલે તેમણે સૌને અંદર બોલાવી લીધા. તેમણે સૌનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો અને સૌના કુશળ સમાચાર પૂછ્યા. પછી યુધિષ્ઠિર બોલ્યા: "પિતામહ! આપની કૃપાનું

હવે પૂછશોજ નહિ. આપે આજે જે અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું છે તે જોતાં અમારી ખાત્રી થઈ છે કે અમારો સૈનાનો વિનાશ હવે ઝાઝો દૂર નથી. આપની સામે યુદ્ધમાં ટકી શકે એવો યોદ્ધો જગતમાં હજી જન્મ્યો નથી. વળી આપે અમને એવા અપૂર્વ સ્નેહ અને મમતાથી અમારૂં લાલનપાલન કર્યું છે કે અમારાથી તે પ્રાણાન્તે પણ વિસરાય એમ નથી. તેથી કરીને આપના ઉપર ઘા કરતાં અમારા હાથજ કેમ ઉપડે ?"

ભીષ્મે જરાક હસીને જવાબ દીધો: "યુધિષ્ઠિર ! હું જીવતો રહીશ ત્યાંસુધી તો મારા તમામ બળથી હું તમારી સામે લડવાનોજ, અને હું જીવતો હોઉં ત્યાંસુધી તમારી જીતવાની આશા પણ વ્યર્થજ. માટે કોઈ રીતે મને હણવાનો તમે પ્રયત્ન કરો. મારા અંગ ઉપર ઘા કરતાં તમારે મનમાં જરા પણ સંકોચ કે વસવસો રાખવો નહિ. જાઓ, હું તમને મારા ઉપર પ્રહાર કરવાની રજા આપું છું. તમે જો મારો અંત લાવી દેશો તો પછી યુદ્ધમાં તમારીજ જિત થઈ જાણજો."*

યુધિષ્ઠિર કહે: "પિતામહ ! પણ અમારે હાથે આવું નિર્દય કર્મ થાયજ શી રીતે ?"

તે સાંભળીને ભીષ્મ ફરીથી હસીને બોલ્યા: "કેમ ન થાય ? તમારા પક્ષમાં શિખંડી તો છે ને ? એક તો તે યુદ્ધમાં અપરાજિત છે. તેને મારી સામે લડવા મોકલો. તે પુરુષ નથી પણ સ્ત્રી છે,÷ એ હું પહેલેથીજ જાણું છું તેથી સ્ત્રીના ઉપર હું ઘા કરી શકીશ નહિ. માટે અર્જુન શિખંડીને આગળ કરીને મારી સામે લડવા આવે અને મારા ઉપર તીક્ષ્ણ બાણોનો મારો ચલાવીને મને મારી નાખે."+

ત્યારપછી કેટલીક વાર બીજી આડી અવળી વાતચીત કરીને પાંડવો ભીષ્મના ચરણને વંદન કર્યા બાદ પોતાની છાવણી તરફ જવા માટે ત્યાંથી ચાલી નીકળ્યા. રસ્તે જતાં અર્જુન બોલ્યો: "મારે હાથે તો હું આવું ઘાતકી અને નિષ્ઠુર કૃત્ય કરીશજ નહિ. તેમણે મને ખોળામાં બેસાડીને રમાડયો છે, મારા ઉપર કેવું વહાલ રાખ્યું છે ! હું નાનો હતો ત્યારે ધૂળમાં રમીને

* ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૭, શ્લોક ૭૧-૭૨.
÷ ભીષ્મપર્વ, અધ્યાય ૧૫, શ્લોક ૧૫.
+ ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૭

ધૂળથી ખરડાએલું મારૂં શરીર લઇને હું તેમના ખો
બેસતો અને તેમનાં સારાં સારાં કપડાં મેલાં કરી
છતાં તે કદી મારા ઉપર નારાજ થતા ન હતા કે ચીડા
એક દિવસ હું તેમના ખોળામાં બેસીને તેમને 'પિત
કહીને બોલાવવા લાગ્યો. ત્યારે તે બોલ્યા: "ઓ મારા કુ
હું તારો પિતા નહિ પણ તારા પિતાનો પિતા–પિતા
અરેરે! આજે હું શું તેમનો મારે હાથે વધ કરૂં! નહિ
મારાથી આવું હીણું કૃત્ય કદાપિ પણ નહિ થાય. ભલે
પરાજય થાય, ભલે આપણે સૌ માર્યા જઇએ. આપણા
બીજા ઘણાએ મોટા મોટા મહારથીઓ પડયા છે. તેમાંનો
ભીષ્મને મારે તો ભલે; હું મારો હાથ આ કામમાંથી
નાખું છું."× તે સાંભળીને કૃષ્ણ બોલ્યા: "ત્યારે તારી પ્રતિ
ઉપર પાણી ફરી વળશે." આમ વાતો કરતા કરતા તેઓ
પાંડવોની છાવણીમાં પાછા આવ્યા.

આવા ભયંકર યુદ્ધના સમયમાં પાંડવો તેમના શત્રુઓ
સૈન્યમાં થઇને વારંવાર જાય અને આવે એ શું ? આ વીસમ
દીના સુધરેલા જમાનામાં કોઇ પણ દેશમાં આવો બનાવ
ઇએ દીઠો અગર સાંભળ્યો છે ? પ્રાચીન સમયના હિંદુઓની
મ્યતાનો મુકાબલો કરવાની છે કોઈ પ્રજામાં તાકાત ? *

× ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૭, શ્લોક ૯૧–૯૫.

* યુદ્ધ ચાલુ હોય તેવે વખતે શત્રુઓના સૈન્યમા પ્રવેશ કરવો એ કવિઓએ ઉપજાવી કાઢેલી કલ્પના છે એવી કોઇ શંકા કરે તો તેના ઉત્તરમા અમે કહીશું કે માત્ર પ્રાચીન કાળમાંજ નહિ પણ અર્વાચીન કાળમા—પંદરમા સૈકાના ભારતના ઇતિહાસને ચોપડે આવા બનાવો નોધાયા છે. ચિતોડના રાણા રાયમલને તેના ભાઈ સૂર્યમલ સાથે કટ્ટર વૈર હતું. પોતાના મોટા ભાઇ રાયમલને પદભ્રષ્ટ કરીને પોતે ચિતોડની ગાદીએ બેસવા માટે સૂર્યમલ પોતાના ભાઇ અને ભત્રિજા પૃથ્વીરાજની સાથે લડતો હતો અને તેમનું યુદ્ધ ઘણો વખત સુધી ચાલ્યા કરતું હતું. એના એક યુદ્ધમા રાણા રાયમલને શરીરે બાર જખમ થયા અને તે પૃથ્વી ઉપર ઢળી પડયો. તે વખતે તેના પુત્ર પૃથ્વીરાજે અપૂર્વ શૌર્યથી તેના પ્રાણનું રક્ષણ કર્યું. આ લડાઇમા સૂર્યમલને પણ આખે શરીરે જખમ થયા હતા. બેઉ પક્ષમા પુષ્કળ માણસો માર્યા ગયા હતા અગર મરવા પડયા હતા. ઉપરાંત બેઉ પક્ષના લડવૈયાઓ સાજ પડનાં થાકી

એમ કરતાં નવમી રાત્રિ પૂરી થઇ અને દસમા દિવસનું પ્રભાત થયું. પાછું કૌરવ સૈન્યે પાંડવો અને પાંચાલોના સૈન્ય ઉપર અસાધારણ શૌર્યથી આક્રમણ કરવા માંડ્યું. આજના યુદ્ધમાં કૌરવ પક્ષના તમામ યોદ્ધાઓ પાંડવોના પક્ષના તમામ યોદ્ધાઓ સાથે એકસામટો જંગ ખેલી રહ્યા હતા. વાવાઝોડું વીંઝાય અને તેના ઝપાટામાં ઘાસ તરણાં ચારે બાજુએ વિખેરાઇ જાય તેમ પાંડવોએ પણ કૌરવ સેનાને છિન્ન ભિન્ન કરીને ચારે બાજુએ વીખેરી નાખી. દાવાનળ જેમ સૂકાં પાંદડાંને બાળીને ભસ્મ કરી દે તેમ અર્જુને આજ કૌરવસેનાનો સામટો

---

માટે યુદ્ધ બંધ કરીને પોતપોતાની છાવણીઓમાં ગયા હતા.

તે રાત્રે પૃથ્વીરાજ શત્રુઓની છાવણીમાં દાખલ થયો અને ચાલ્યો ચાલ્યો પોતાના શત્રુ અને કાકા સૂર્યમલના તંબુમાં જઇ પહોંચ્યો. સૂર્યમલ તે વખતે ઘાયલ અવસ્થામાં પથારીવશ હતો. એવી અવસ્થામાં પણ તે મહામુશીબતે પોતાના ભત્રિજાને આવકાર આપવા ઉભો થયો. ઉભા થવામાં તેને જે શ્રમ પડયો તેથી તેના જખમમાંથી ફરી લોહી નીકળવા લાગ્યું.

પૃથ્વીરાજ—કાકા! તમારે શરીરે હવે કેમ છે ?

સૂર્યમલ—બેટા ! તને જોઇને મને એટલો આનંદ થયો કે તેથી હું હવે સાજો થઇ ગયો છું.

પૃથ્વીરાજ—કાકા ! હજી હું મારા પિતાને મળ્યો નથી. પરબાર્યો તમારી ખબર લેવાજ ચાલ્યો આવું છું. મને ભૂખ પણ ઘણી લાગી છે. કાંઇ ખાવાનું હશે કે ?

તરતજ ત્યાં કોઇ સેવક ભોજનની સામગ્રી લઇ આવ્યો અને કાકા ભત્રિજાએ એકજ થાળમાંથી આનંદપૂર્વક ભોજન કર્યું. ત્યારપછી સૂર્યમલે તેને પાનસોપારી આપ્યાં તે પણ પૃથ્વીરાજ વગર સંકોચે ચાવી ગયો. જતી વેળા તે બોલ્યો: "કાકા ! આવતી કાલે સવારે આપણે બે જણ આ લડાઇનું છેવટ લાવી દઇશું."

સૂર્યમલ બોલ્યો: "ભલે, મારા બાપ ! કાલે સવારે વહેલો આવજે."

પછી કાકાની રજા લઇને પૃથ્વીરાજ પાછો શત્રુસૈન્યની છાવણીમાં થઇને નિર્વિઘ્ને પોતાના તંબુમાં જઇ પહોંચ્યો. કોઇએ તેને કેદ કર્યો નહિ કે કોઇએ તેને રોકયો પણ નહિ. બીજે દિવસ ઉગતાં પાછું ભયંકર યુદ્ધ શરૂ થયું. પૃથ્વીરાજ સાત ઠેકાણે જખમી થયો, પણ આખરે તેનીજ જિત થઇ. તેનો કાકો રણમાંથી નાસી ગયો. ત્યારપછી પણ તેમની વચ્ચે બાકીએ કેટલીએ લડાઇઓ થયેલી કહેવાય છે. (રાજસ્થાન, ભા. ૧. પૃ૦ ૩૧૬.) સેવાનંદ.

સંહાર કરવા માંડયો. તેણે પોતાના અદ્વિતીય બળ અને પરાક્રમ વડે કૌરવ સૈન્યના સૈનિકોને કાપી કાપીને તેમના શબના ઢગલા બનાવી દીધા. મહાબળવાન ધૃષ્ટદ્યુમ્ન, અપરાજિત શિખંડી અને મહાવીર સાત્યકિના માર આગળ શત્રુસૈન્યમાંથી કોઇથી ટક્કર ઝીલાઈ નહિ. તેમના થોકબંધ સિપાઈઓ રણમેદાનમાં રોળાઈ ગયા; માથાં વિનાનાં ધડ અને હજારો છિન્નવિચ્છિન્ન થએલાં ઘાયલ શરીર રઝળતાં થઇ ગયાં; ભયભીત થએલા સૈનિકોની ટુકડીઓની ટુકડીઓ ચારે બાજુએ નાસભાગ કરવા લાગી. કૌરવ સૈન્યનો વ્યૂહ તૂટયો. આખા સૈન્યમાં અવ્યવસ્થા અને નાસભાગ થઈ રહી. આ જોઇને દુર્યોધન ક્રોધથી ગાંડો બની ગયો. તેને એમજ લાગ્યું કે ભીષ્મની શિથિલતાને લીધેજ મારા સૈન્યની આ દુર્દશા થઈ છે. તે સીધોજ તેમની પાસે દોડી ગયો અને તેમનું અપમાન કરવા લાગ્યો. તે બોલ્યો કે "પિતામહ! દાવાનળ જેમ વનને બાળીને ખાક કરી નાખે તેમ અર્જુન આપણા સૈન્યનો સંહાર કરી રહ્યો છે, અને છતાં આપ ઉભા ઉભા પાંડવોનું આક્રમણ અને આપણા સૈન્યની નાસભાગ જોયા કરો છો!" ભીષ્મને હવે રીસ ચઢી. તેમણે કહ્યું: "રાજા! રોજ દશહજાર ક્ષત્રિયોને હણવાની મારી પ્રતિજ્ઞા છે, તે પ્રમાણે હું દરરોજ કરતો આવ્યો છું. હવે આજે હું તેથીએ વધારે ભારે પરાક્રમ કરી બતાવીશ. આજે કાં તો હું પાંડવોને યમલોકમાં મોકલી દઈશ અથવા તેમની સાથે લડતાં હું માર્યો જઈશ. આજ સુધીમાં મેં તારૂં અન્ન ખાધું છે તેનું ઋણ હું પૂરેપુરૂં ચૂકવી આપીશ.* એટલું કહીને તેમણે દુર્યોધનને વિદાય કર્યો અને પછી આકાશમાંથી વજ્ર તૂટી પડે તેમ ભીષ્મ પાંડવોના સૈન્ય ઉપર તૂટી પડયા. મહાવીર ભીષ્મના ધસારાની સામે કોણ ઉભો રહે? કોની મગદૂર કે તેમને ખાળી શકે? પાંડવસૈન્ય સૂકા ઘાસની માફક કપાઈ જવા લાગ્યું. અસંખ્ય યોદ્ધાઓ જમીનદોસ્ત થઈ ગયા. પાંડવસૈન્યમાં હાહાકાર મચી રહ્યો. લોહીની નદી વહેવા લાગી; પણ પાંડવો તેથી નાહિંમત ન થતાં [વ]ધારે જોસ પર આવી ગયા. પાંડવ પક્ષના તમામ આગેવાન [ય]ોદ્ધાઓ ભેગા થઇને કૌરવ પક્ષના યોદ્ધાઓની સામે ઝૂઝવા [લા]ગ્યા. બેઉ પક્ષના અગણિત વીરો ખતમ થઇ ગયા. કૌરવ

* ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૯–શ્લોક ૨૮–૨૯.

એમ કરતાં નવમી રાત્રિ પૂરી થઇ અને દશમા દિવસનું પ્રભાત થયું. પાછું કૌરવ સૈન્યે પાંડવો અને પાંચાલોના સૈન્ય ઉપર મારામારણ શોરથી આક્રમણ કરવા માંડ્યું. આજના યુદ્ધમાં કૌરવ પક્ષના તમામ યોદ્ધાઓ પાંડવોના પક્ષના તમામ યોદ્ધાઓ સાથે એકસામટો જંગ ખેલી રહ્યા હતા. વાવાઝોડું વીંઝાય અને તેના સપાટામાં ઘાસ તરણાં ચારે બાજુએ વિખેરાઇ જાય તેમ પાંડવોએ પણ કૌરવ સેનાને છિન્ન ભિન્ન કરીને ચારે બાજુએ વીખેરી નાખી. દાવાનળ જેમ સૂકાં પાંદડાંને બાળીને ભસ્મ કરી દે તેમ અર્જુને આજ કૌરવસેનાનો સામટો

---

મારે યુદ્ધ બંધ કરીને પોતપોતાની છાવણીઓમાં ગયા હતા.

તે રાત્રે પૃથ્વીરાજ શત્રુઓની છાવણીમાં દાખલ થયો અને ચાલ્યો ગયો પોતાના શત્રુ અને કાકા સૂર્યમલના તંબુમાં જઇ પહોંચ્યો. સૂર્યમલ તે વખતે ઘાયલ અવસ્થામાં પથારીવશ હતો. એવી અવસ્થામાં પણ તે મહાપુરૂષતે પોતાના ભત્રિજાને આવકાર આપવા ઉભો થયો. ઉભા થવામાં તેને જે શ્રમ પડ્યો તેથી તેના જખમમાંથી ફરી લોહી નીકળવા લાગ્યું.

પૃથ્વીરાજ—કાકા! તમારે શરીરે હવે કેમ છે ?

સૂર્યમલ—બેટા ! તને જોઇને મને એટલો આનંદ થયો કે તેથી હું હવે સાજો થઇ ગયો છું.

પૃથ્વીરાજ—કાકા ! હજી હું મારા પિતાને મળ્યો નથી. પરબાર્યો તમારી ખબર લેવાજ ચાલ્યો આવું છું. મને ભૂખ પણ ઘણી લાગી છે. કાંઇ ખાવાનું હશે કે ?

તરતજ ત્યાં કોઇ સેવક ભોજનની સામગ્રી લઇ આવ્યો અને કાકા ભત્રિજાએ એકજ થાળમાંથી આનંદપૂર્વક ભોજન કર્યું. ત્યારપછી સૂર્યમલે તેને પાનસોપારી આપ્યાં તે પણ પૃથ્વીરાજ વગર સંકોચે ચાવી ગયો. જતી વેળા તે બોલ્યો: "કાકા ! આવતી કાલે સવારે આપણે બે જણ આ લડાઇનું છેવટ લાવી દઇશું."

સૂર્યમલ બોલ્યો: "ભલે, મારા બાપ ! કાલે સવારે વહેલો આવજે."

પછી કાકાની રજા લઇને પૃથ્વીરાજ પાછો શત્રુસૈન્યની છાવણીમાં થઇને નિર્વિઘ્ને પોતાના તંબુમાં જઈ પહોંચ્યો. કોઇએ તેને કેદ કર્યો નહિ કે કોઇએ તેને રોકયો પણ નહિ. બીજે દિવસ ઉગતાં પાછું ભયંકર યુદ્ધ શરૂ થયું. પૃથ્વીરાજ સાત ઠેકાણે જખમી થયો, પણ આખરે તેનીજ જિત થઇ. તેનો કાકો રણમાંથી નાઠો તેથી બચ્યો. ત્યારપછી પણ તેમની વચ્ચે બીજીએ કેટલીએ લડાઇઓ થયેલી કહેવાય છે. (રાજસ્થાન, ભા. ૧. પૃ૦ ૩૧૬.) સેવાનંદ.

સંહાર કરવા માંડયો. તેણે પોતાના અદ્વિતીય બળ અને પરાક્રમ વડે કૌરવ સૈન્યના સૈનિકોને કાપી કાપીને તેમના શબના ઢગલા બનાવી દીધા. મહાબળવાન ધૃષ્ટદ્યુમ્ન, અપરાજિત શિખંડી અને મહાવીર સાત્યકિના માર આગળ શત્રુસૈન્યમાંથી કોઇથી ટક્કર ઝીલાઇ નહિ. તેમના થોક બંધ સિપાઈઓ રણમેદાનમાં રોળાઈ ગયા; માથાં વિનાનાં ધડ અને હજારો છિન્નવિચ્છિન્ન થએલાં ઘાયલ શરીર રઝળતાં થઇ ગયાં; ભયભીત થએલા સૈનિકોની ટુકડીઓની ટુકડીઓ ચારે બાજુએ નાસભાગ કરવા લાગી. કૌરવ સૈન્યનો વ્યૂહ તૂટયો. આખા સૈન્યમાં અવ્યવસ્થા અને નાસભાગ થઇ રહી. આ જોઇને દુર્યોધન ક્રોધથી ગાંડો બની ગયો. તેને એમજ લાગ્યું કે ભીષ્મની શિથિલતાને લીધેજ મારા સૈન્યની આ દુર્દશા થઈ છે. તે સીધોજ તેમની પાસે દોડી ગયો અને તેમનું અપમાન કરવા લાગ્યો. તે બોલ્યો કે "પિતામહ! દાવાનળ જેમ વનને બાળીને ખાક કરી નાખે તેમ અર્જુન આપણા સૈન્યનો સંહાર કરી રહ્યો છે, અને છતાં આપ ઉભા ઉભા પાંડવોનું આક્રમણ અને આપણા સૈન્યની નાસભાગ જોયા કરો છો!" ભીષ્મને હવે રીસ ચઢી. તેમણે કહ્યું: "રાજા! રોજ દશહજાર ક્ષત્રિયોને હણવાની મારી પ્રતિજ્ઞા છે, તે પ્રમાણે હું દરરોજ કરતો આવ્યો છું. હવે આજે હું તેથીએ વધારે ભારે પરાક્રમ કરી બતાવીશ. આજે કાં તો હું પાંડવોને યમલોક-માં મોકલી દઇશ અથવા તેમની સાથે લડતાં હું માર્યો જઇશ. આજ સુધીમાં મેં તારૂં અન્ન ખાધું છે તેનું ઋણ હું પૂરેપુરૂં ચૂકવી આપીશ. × એટલું કહીને તેમણે દુર્યોધનને વિદાય કર્યો અને પછી આકાશમાંથી વજ્ર તૂટી પડે તેમ ભીષ્મ પાંડવોના સૈન્ય ઉપર તૂટી પડયા. મહાવીર ભીષ્મના પસારાની સામે કોણ ઉભો રહે? કોની મગદૂર કે તેમને ખાળી શકે? પાંડવસૈન્ય સૂકા ઘાસની માફક કપાઈ જવા લાગ્યું. અસંખ્ય યોદ્ધાઓ જમીનદોસ્ત થઈ ગયા. પાંડવસૈન્યમાં હાહાકાર મચી રહ્યો. લોહીની નદી વહેવા લાગી; પણ પાંડવો તેથી નાહિમ્મત ન થતાં વધારે જોસ પર આવી ગયા. પાંડવ પક્ષના તમામ આગેવાન યોદ્ધાઓ ભેગા થઇને કૌરવ પક્ષના યોદ્ધાઓની સામે ઝૂઝવા લાગ્યા. બેઉ પક્ષના અગણિત વીરો ખતમ થઇ ગયા. કૌરવ

× ભીષ્મપર્વ, અધ્યાય ૧૦૯–શ્લોક ૨૮–૨૯.

સૈન્યમાંથી કેટલાક નાસભાગ કરવા લાગ્યા. બીજી બાજુએ સંજયે ભારે શૌર્ય દાખવીને પાંડવસૈન્યનો સંહાર કરવા માંડ્યો. તેજ વખતે અર્જુને તેની સામે તાકીને એવા એક અસ્ત્રનો પ્રહાર કર્યો કે સંજયને યુદ્ધ છોડીને નાસવું પડ્યું. ×

પછી અપરાજિત ગણાતા શિખંડીને આગળ કરીને અર્જુને ભીષ્મના ઉપર ધસારો કર્યો, અને તેમના ઉપર તીક્ષ્ણ બાણોની ઝડી વરસાવવા માંડી. એ બધાંજ બાણ વીજળીના વેગે આવી આવીને ભીષ્મના શરીરમાં ભોંકાવા લાગ્યાં અને તેની પીડાથી તે આકળવિકળ થઇ ગયા. બીજી બાજુએ બળવાન શિખંડીએ પણ તેમના ઉપર બાણની ધૂમ મચાવી દીધી. તેનાથી તેમનું શરીર વીંધાઈ જવા લાગ્યું. એક બાજુએ અર્જુન અને બીજી બાજુએથી શિખંડી ભીષ્મના બખ્તરને કોચી કોચીને તેમના શરીરને બાણવૃષ્ટિથી ઘાયલ કરવા લાગ્યા ત્યાં પછી તે એકલો ક્યાં સુધી ટકી શકે ? વળી શિખંડી સ્ત્રી છે તે પણ તે જાણતા હતા. સ્ત્રીના શરીર ઉપર શસ્ત્રનો પ્રહાર કરવો એ મર્દને શોભે નહિ. તેથી કરીને શિખંડીની સામે તેમનાથી એક પણ બાણ છોડાયું નહિ. આથી કરીને શિખંડીનું કામ તો ઘણુંજ સહેલું થઇ ગયું. તેનો તો વાળ પણ વાંકો થતો નહિ અને તે પોતાનાં બાણથી ભીષ્મને વીંધવા લાગ્યો. ભીષ્મને આવી વિપત્તિમાં ફસાએલા જોઈને કૌરવપક્ષના બધા મોટા મોટા યોદ્ધાઓ તેમની મદદે દોડી આવ્યા અને પછી તેમના રથની આસપાસ અતિ દારુણ યુદ્ધ જામ્યું. રથીઓ, હાથીસ્વારો, ઘોડેસ્વારો તથા પાયદળ સિપાઇઓ સામસામા ઝૂઝ્યા અને ખતમ થઇ ગયા તેમજ હાથી અને ઘોડાના પગ તળે ખૂંદાઇ મુઆ તે તો જુદા. જે જેના હાથમાં આવ્યો તેને તે મારતો ગયો. જેનાથી જેટલાને મરાયા તેટલાને તેણે પૂરા કર્યા. બેઉ પક્ષના યોદ્ધાઓ એકસરખા શૌર્યથી લડતાજ ગયા. કોઇ પાછો હઠે નહિ કે લડતાં નરમ પડે નહિ. લાંબા વખત સુધી એકસરખી રીતે કત્લેઆમ મચી રહી અને રુધિરની નદી વહેવા લાગી. રણમેદાનમાં લોહી અને ધૂળ મળીને કાદવ કાદવ થઇ રહ્યો. આજની લડાઇમાં જે ખુવારી થઈ તેનો આડો આંકજ ન હતો. યોદ્ધાઓની વીરહાકલ, ઘોડાના હણહણાટ, હાથીની ચીચીઆરી, ઘાયલ થઇને પડેલા

---

× ભીષ્મપર્વ, અધ્યાય ૧૧૯–શ્લોક ૮૦, ૮૧.

સૈનિકોની ચીસાચીસ, તેમનાં સગાંસ્નેહીઓનાં ક્રન્દન, મહાવેગથી દોડતા રથના ગડગડાટ, એ બધાંના મિશ્ર કોલાહલથી રણક્ષેત્ર અત્યંત ભયાનક બની ગયું. આટલું થયું છતાં પાંડવો તેમજ પાંચાલો, કોઇએ પાછાં પગલાં કર્યાં નહિ, લડતા થાક્યા નહિ, તેમ કોઇનો જોસ પણ નરમ પડ્યો નહિ. અર્જુન ભીષ્મના ઉપર બાણનો ચાલુ મારો કરતોજ ગયો. તેનું એકે એક બાણ ભીષ્મનું બખ્તર કોચીને તેમના શરીરમાં ઘોંચાવા લાગ્યું. તેવીજ રીતે ભીષ્મે પણ ક્રોધ કરીને અત્યંત બળ અને શૌર્ય સહિત અર્જુનની સામે અષાઢ માસના વરસાદની ઝડીની માફક તીક્ષ્ણ બાણોની ઝડી વરસાવી. અર્જુન પણ ગાંજ્યો જાય એવો ન હતો. તેણે શરવર્ષણ કરી કરીને ભીષ્મના દેહને બાણોથી ગૂંથી નાખ્યો. તેનું ધનુષ્ય એક પળ વાર નવરૂં પડતું નહિ. એક પછી એક બાણની અખંડ અવિરત ધારા તેના ધનુષ્યમાંથી છૂટતીજ ગઇ. શિખંડી પણ તેવીજ રીતે ભીષ્મના ઉપર બાણનો ચાલુ ને ચાલુજ મારો કરતો ગયો; પણ તેનાં બાણ કરતાં અર્જુનનાં બાણથી ભીષ્મ વધારે ઘવાયા અને તેથી કરીને વિશેષ અકળાવા લાગ્યા. એમ કરતાં કરતાં તેમના શરીરમાંથી રુધિરના રેલા ચાલવા લાગ્યા. જાણે તેમના હિમાલય જેવા દેહને ભેદીને અનેક જગ્યાએથી રક્તવર્ણી ઝરણીઓ વહેતી થઇ હોય એવો દેખાવ થઇ રહ્યો. તોપણ ભીષ્મ જરાએ શિથિલ થયા વગર યુદ્ધ કરતાજ ગયા. પોતાના શરીરમાં ઘોંચાએલા બાણને ખેંચી કાઢવાની તેમણે દરકાર કરી નહિ. અત્યારે તેમને પોતાના શરીરની અવસ્થાનો વિચાર કરવાની પણ ફુરસદ ન હતી, તો પછી શરીરમાં ઘોંચાએલાં બાણને ખેંચી કાઢવાની તો વાતજ શી? તેમણે પોતાના શરીરનો વિચાર કર્યા વગર અર્જુનના ઉપર લક્ષ્ય કરી કરીને શરધારા વરસાવવાનું ચાલુજ રાખ્યું. તેથી અર્જુન પણ સારી પેઠે ઘાયલ થયો. આખરે તેણે બીજવાઇને પિતામહનું ધનુષ્ય કાપી નાખ્યું; ત્યારે તેમણે બીજું ધનુષ્ય ઉપાડ્યું. અર્જુને તેના પણ કુટકા કરી નાખ્યા, અને એક પળ વારનો પણ વિલંબ કર્યા વગર ભીષ્મના શરીર ઉપર બાણની અખંડ ઝડી વરસાવતોજ ગયો. તેના અદ્વિતીય ગાંડીવ ધનુષ્યની પણછનો ધ્વનિ જોસભરી રીતે અવિરતપણે ગાજતોજ રહ્યો. એમ કરતાં કરતાં અત્યંત દૃઢ થએલા ભીષ્મદેવ

શ્રમથી, જખમની વેદનાથી, રુધિરના વહી જવાથી આખરે [illegible]
હીન બની ગયા. તેમના જેવો વીરશિરોમણિ જેટલી હદ સુધી
બળ, વીર્ય, શૌર્ય અને પરાક્રમ બતાવી શકે તેટલી હદ સુધી
દસ દિવસના યુદ્ધમાં એકસરખી રીતે બતાવ્યા પછી તે [illegible]
યોદ્ધો આખે શરીરે બાણથી વીંધાઇ જઇને, સર્વાંગે લોહીલુહાણ
બની જઇને દસમા દિવસની સાંજસુધી પ્રતિપક્ષીની સાથે લડતાં
લડતાં આખરે રથમાંથી ગબડીને પૃથ્વી ઉપર ઢળી પડયો. તે
જોતાંજ દુર્યોધનના મુખમાંથી ઉંડી નિરાશાની તીવ્ર વેદનામયી
હાય નીકળી ગઇ. આખા કૌરવસૈન્યમાં હાહાકાર થઇ રહ્યો.
તેની સાથે પાંડવ સૈન્ય સિંહનાદ કરવા લાગ્યું અને પાંચાલ
સૈન્યે પોતાની વીરહાકથી રણમેદાન ગજવી મૂક્યું. કૌરવોનો
ભાગ્યરવિ હવે અસ્તાચળ ઉપર આવી પહોંચતાંજ તેમની વિજય
મેળવવાની આશા અને ઉમેદ બધુંએ તે આથમતા સૂર્યનાં
ફરમાતાં કિરણની સાથે સાથે અંધકારમાં વિલીન થવા લાગ્યાં.

## પ્રકરણ ૫ મું—વીરપૂજન

ભીષ્મદેવ તો પડયા. હવે કૌરવસૈન્યનું રક્ષણ કરવા કોણ આગળ આવે? ભીષ્મને પડેલા જોઇને વિજયોન્મત્ત ભીમ પાંડવો અને પાંચાલોના સૈન્ય સહિત કૌરવસૈન્યના ઉપર [illegible] વાઘની માફક તૂટી પડયો. જે તેના ઝપાટામાં આવ્યા તેમને [illegible] વેગે આગળ ધપતોજ ગયો. કૌરવ સૈન્યમાં ભંગાણ પડયું. ચારે બાજુએ હાહાકાર થઇ રહ્યો.

[illegible]

[illegible]

સમય સુદ્ધ કરવાનો નહિ પણ તેમને માટે શોક કરવાનો છે. તેથી તેમણે પણ ચારે બાજુએ સ્વારોને દોડાવી પોતાનાં સૈન્યોને રણસંગ્રામમાંથી પાછાં વાળવાના હુકમ છોડયા.

જગતમાં જેનો જોટો નથી એવા પિતામહ પડયા એટલે યુધિષ્ઠિરથી કાંઇ જોઇ રહેવાય ? તેમણે તેજ ક્ષણે પોતાનાં શસ્ત્ર હેઠે મૂકયાં, શરીર ઉપરનું બખ્તર ઉતારી નાખ્યું અને કૃષ્ણ તથા પોતાના ભાઇઓને લઇને જ્યાં આગળ ભીષ્મ પડયા હતા ત્યાં ઉતાવળે પગલે જઇ પહોંચ્યા. તેમને પ્રણામ કરીને યુધિષ્ઠિર તેમની આગળ હાથ જોડીને ઉભા. આજે સૌનાં હૃદય શોકથી વલોવાઇ જતાં હતાં, સૌની આંખમાંથી અશ્રુધારા વહી જતી હતી. બીજી બાજુએથી દુર્યોધન અને તેના ભાઇઓ પણ દોડી આવ્યા. બેઉ પક્ષના રાજાઓ, સામંતો, સેનાપતિઓ ત્યાં આવી આવીને ભીષ્મની આગળ ઉભા રહ્યા. સૌ તેમની ચારે બાજુએ વિનીતભાવે ઉભા. આ ક્ષણે તેમનાં અંતઃકરણમાંથી શત્રુતા, વિદ્વેષ ખસી ગયાં હતાં. સૌનાં દિલ એકજ પ્રકારના દુઃખથી દુઃખી હતાં. સૌનાં નેત્રમાંથી શોકાશ્રુના પ્રવાહ ચાલ્યા જતા હતા.

પછી ભીષ્મદેવ બોલ્યાઃ " અસંખ્ય બાણથી મારૂં આખું શરીર એવું વીંધાઇ ગયું છે કે જમીન ઉપર હવે મારાથી સૂઇ શકાતું નથી. જમીનનો સ્પર્શ પણ મારાથી સહન થતો નથી. મારૂં માથું લટકી પડે છે. કોઈ માથું ટેકવવાને વાસ્તે ઓશીકું આણી આપો." કૌરવો ઘણુંજ નરમ અને સુંવાળું ઓશીકું લઇ આવ્યા. એટલે તેમણે કહ્યું: " આવું નરમ ઓશીકું મારા જેવાની વીરશય્યાને યોગ્ય નથી." એમ કહીને તેમણે અર્જુન તરફ એક દુઃખભરી નજર નાખી, અને કહ્યું કે " બેટા ! મારી વીરશય્યાને યોગ્ય ઓશીકું તુંજ તૈયાર કરી આપ." અર્જુન તેમના હૃદયની ઇચ્છા સમજી ગયો. તેણે ત્રણ બાણ વડે ભીષ્મના મસ્તકને જમીન ઉપરથી ઉંચકયું અને તે બાણના ઓશીકા ઉપર ટેકવી રાખ્યું. ભીષ્મને તેથી ઘણો સંતોષ થયો. પછી તેમણે કહ્યું: " આવી બાણશય્યા ઉપર પોઢવું એજ ક્ષત્રિયને માટે યોગ્ય છે. સૂર્ય પાછો ઉત્તરાયણનો થાય ત્યાંસુધી હું બાણશય્યા ઉપરજ સૂઈ રહીશ અને ત્યારપછી હું મારો દેહ છોડીશ."

ત્યારપછી બેઉ પક્ષના વીરોને સંબોધીને તે બોલ્યાઃ "તમે હવે તમારી શત્રુતા ત્યજો. લડતા બંધ થાઓ અને પાછા એક-

બીજાના મિત્રો, બંધુઓ બની જાઓ. આ યુદ્ધનો મારા જીવનના અંતની સાથેજ અંત આણો."*

પણ આ શિખામણ પર દુર્યોધને ધ્યાનજ ન આપ્યું. તે ત્યાં આગળ ઘા રૂઝવનાર સારા સારા વૈદ્યોને તેડી લાવ્યો. ભીષ્મ બોલ્યાઃ "બાપુ! મારે હવે તેમનું પ્રયોજન રહ્યું નથી. આ બાણના જખમથી મરવું એજ ધર્મ મારે માટે હવે બકી રહ્યો છે." પછી સૌએ ભીષ્મની ચારે બાજુએ ખાઇ ખોદાવી અને તેમનું રક્ષણ કરવાને પહેરેગીરો બેસાડયા. એટલું કર્યા પછી સૌએ ભીષ્મદેવને પ્રણામ કરીને તથા તેમની પ્રદક્ષિણા કરીને ત્યાંથી રજા લીધી અને પોતપોતાની છાવણીઓ તરફ પાછા ફર્યા.

એમ કરતાં કરતાં તે ભયાનક રાત્રિ પૂરી થઈ અને પ્રભાતનું અજવાળું થયું. પાછા પાંડવો અને કૌરવો ભીષ્મની ખબર કાઢવા આવી પહોંચ્યા. તેઓ ત્યાં આવીને જુએ છે તો ભીષ્મની ચારે બાજુએ હજારો કુમારિકાઓ તેમને ઘેરીને ઉભી હતી. કોઈ તેમના ઉપર પુષ્પ વેરતી હતી, કોઇ ભાતની ધાણીની અંજલિઓ ભરી ભરીને તેમને ચઢાવતી હતી, કોઇ તેમને પુષ્પની માળાઓથી શણગારતી હતી અને કોઇ ચન્દન વડે તેમનું પૂજન કરી રહી હતી. તેમનું દર્શન કરવાને માટે ત્યાં અસંખ્ય આબાલવૃદ્ધ નરનારીઓનો મોટો સમુદાય એકત્ર થયો હતો. ભલભલા ઋષિમુનિઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. સૌના મુખમાંથી તેમની પ્રશંસાના ઉદ્‌ગાર નીકળતા હતા. સૌ તેમની યશોગાથા ગાતાં હતાં. સર્વનાં નેત્રમાંથી શોકનો અશ્રુપ્રવાહ ટપકતો હતો. વચમાં કોઈ કોઇ વાર ભીષ્મ આંખ ઉઘાડીને બધું જોતા હતા અને પાછા આંખો મીંચીને અપૂર્વ ધૈર્યથી પોતાના શરીરને થતી વેદના સહન કરતા હતા. યુધિષ્ઠિર ત્યાં ઉભા ઉભા આ લોકસમુદાયને હાથે થતું વીરપૂજનનું પવિત્ર દૃશ્ય જોઇ રહ્યા. તેમને તે વખતે એવુંજ થયું કે ખરેખર, પિતામહનું જીવનજ ધન્ય છે; કારણ કે જે વ્યક્તિની મરણશય્યા આગળ ઉભાં રહીને નાનાંમોટાં સૌ કોઈ જેનું સન્માન કરે, જેને માટે અશ્રુપાત કરે તેનું જીવ્યું ધન્ય છે, તેનોજ જન્મ સાર્થક છે.

આ પ્રમાણે પાંડવો અને કૌરવો બેઉ ભીષ્મની આગળ દીનભાવે ઉભા રહ્યા છે એટલામાં તેમણે નેત્ર ઉઘાડયાં અને

* ભીષ્મપર્વ, અધ્યાય ૧૨૦, શ્લોક ૫૫.

તેઓ ધીરેથી બોલ્યા: "મને જળ પાઓ." તરતજ કૌરવોએ તેમની આગળ નાના પ્રકારની ભોજનસામગ્રી અને પાણીથી ભરેલાં જળપાત્ર ધર્યાં. તે જોઇને ભીષ્મ બોલ્યા: "અરે! અર્જુન ક્યાં છે?" આ શબ્દ નીકળતાંજ અર્જુન તેમની આગળ હાથ જોડીને ઉભો રહ્યો. તેને જોઇને ભીષ્મ બોલ્યા: "અર્જુન! તેં મારા શરીરને બાણથી વીંધી વીંધીને ચાળણી જેવું કરી મૂક્યું છે. મારે આખે શરીરે ભયંકર વેદના થાય છે અને તરસથી મારે મોઢે શોષ પડે છે. મને તુંજ જળપાન કરાવ." તેમનાં આવાં વચન સાંભળીને અર્જુને તેમની શય્યાની જમણી બાજુ આગળની જમીનને બાણથી ફોડીને પૃથ્વીના ઉંડાણમાંથી નિર્મળ, શીતળ જળનો ફુવારો વહેવડાવ્યો, અને તે પાણી પિતામહને પાયું.* તે પીને તેમને ખૂબ સંતોષ થયો. પછી તે બોલ્યા: "હું તમારી સાથે સુલેહ કરવાનું દુર્યોધનને કેટલીએ વાર કહી ચૂક્યો છું. પણ તે કોઇને ગણકારતો નથી. તે કોઇની શિખામણ કે સલાહ માને એવો નથી. તેથી કરીને તે મારી વાત પણ કાને ધરતો નથી. હવે ભીમના પરાક્રમ આગળ તેની હાર થશે અને માર્યો જશે." આ સાંભળીને દુર્યોધનનું મોઢું ઉતરી ગયું. તે જોઇને તેને સંબોધીને ભીષ્મ બોલ્યા: "દુર્યોધન! તું તારી હમણાંની દીનતાનો ત્યાગ કર અને મારૂં આટલું કહ્યું માની જા. પાંડવોની સાથે તું સુલેહ કરી દે. તેમના ભાગનું અડધું રાજ્ય તેમને સોંપી દે. તેઓ તેમનો ભાગ લઇને ઇન્દ્રપ્રસ્થ ચાલ્યા જશે. જો, યુધિષ્ઠિર ધર્માત્મા છે. તેની સાથે લડવામાં તું કદી પણ ફાવવાનો નથી. આ મારા શરીરની સાથે તમારી લડાઇનો પણ અંત આવે એવું કર. તેમ કરવાથી ભારતવર્ષ પણ વિપત્તિમાંથી ઉગરી જશે. તું હજી હયાત છે, તારા કેટલાક ભાઇઓ પણ હજી હયાત છે. તેમને સૌને કુશળ જોઇને હું સુખપૂર્વક મરૂં એવું કર."×

પણ મરવા પડેલા માણસને ગળે જેમ દવા ઉતરતી નથી, તેમ દુર્યોધનને હૈયે આ પરમહિતની શિખામણ નજ વસી. તેના મનમાં તો એવુંજ ભૂત ભરાયું હતું કે પિતામહે પાંડવોની ઉપર દયા લાવીને મન મૂકીને યુદ્ધ ન કર્યું તેથીજ મારા પક્ષની

* ભીષ્મપર્વ, અધ્યાય ૧૨૧, શ્લોક ૨૬, ૨૪; આદિપર્વ, અધ્યાય ૧, શ્લોક ૧૮૬; કર્ણપર્વ, અધ્યાય ૯, શ્લોક ૨૪.

× ભીષ્મપર્વ, અધ્યાય ૧૨૧.

આટલી બધી દુર્દશા થઈ છે. હજી યુદ્ધમાં અપરાજિત ગણાતા દ્રોણાચાર્ય બેઠા છે, મહાવીર કર્ણ મારી કુમકે છે તો પછી પાંડવો શી વીસાતમાં છે? તેમને અડધું રાજ્ય શા માટે આપું? આખા ભારતવર્ષ ઉપર હું એકલોજ રાજ્ય કેમ ન કરૂં?

ભીષ્મ આથી વધારે બોલ્યા નહિ. તેમણે પોતાની આંખ મીંચી દીધી અને પાંડવો તેમજ કૌરવો બેઉ તેમને પ્રણામ કરીને ત્યાંથી પોતપોતાની છાવણીઓ તરફ પાછા ફર્યા.

ભીષ્મ આંખો મીંચીને બાણશય્યા ઉપર પડી રહ્યા હતા એવામાં કર્ણ ત્યાં આવી પહોંચ્યો. તેમની આવી માઠી દશા થઇ જાણીને કર્ણનું હૈયું ઝાલ્યું રહ્યું નહિ. તે તેમની આગળ ઉભો ઉભો અશ્રુપાત કરવા લાગ્યો. તે મહાપરાક્રમી વીરનરની આંખોમાંથી ચોધાર આંસુ વહી જતાં હતાં. તે ગદ્‌ગદ્‌ સ્વરે બોલ્યોઃ “હે કૌરવકુળના શ્રેષ્ઠ પુરુષ! હે પિતામહ! એક વાર આંખ ઉઘાડીને મારી સામે જુઓ. અત્યાર સુધી દરેક પ્રસંગે જે આપના પ્રત્યે ઈર્ષાની નજરે જોતો હતો, જે આપના ઉપર ઘૃણા રાખતો હતો તે હતભાગી સૂતપુત્ર કર્ણ આજે આપને ચરણે પડયો છે. એક વાર કૃપા કરીને આંખ ઉઘાડો.”

ભીષ્મદેવે ધીરેથી આંખ ઉઘાડીને જોયું અને પોતાના ક્ષીણ સ્વરે બોલ્યાઃ “ભાઇ કર્ણ! આવ, મારી પાસે આવ.” એટલું કહીને પિતા જેમ પુત્રને ભેટે તેમ ભીષ્મ કર્ણને પોતાના એક હાથ વડે ભેટયા અને ચોકીદારને જરા આઘે જઇને ઉભા રહેવાની ઈસારત કરી. પછી તે ખૂબ હલકે અવાજે બોલ્યાઃ “કર્ણ! તું સૂતપુત્ર નથી. તું તો કુંતીનો પુત્ર, યુધિષ્ઠિરનો મોટોભાઈ અને મારો પૌત્ર છે.* તારાં સત્યનિષ્ઠા, વીર્ય, દાનપરાયણતા અને ધાર્મિકતાની હું હમેશાં મનથી ખૂબ પ્રશંસા કરતો આવ્યો છું. તને હું કેટલો ચાહું છું તે તું શું જાણે? જગતમાં તારી તોલે આવે એવો બીજો કોઇ હું જોતો નથી. તું તારા પોતાના ભાઇઓને ઓળખતો ન હતો. તેથી તેં કૌરવો અને પાંડવો વચ્ચેનો વૈરભાવ વધારવાનો અને દુર્યોધનને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો છે. [illegible] તારી [illegible] નો વિનાશ [illegible] છે [illegible] તને [illegible]
[illegible]

તેથી હું ઘણો રાજી થયો છું. પરાક્રમી પાંડવો તારા ભા
છે. હું જેથી રાજી થાઉં એવું કાર્ય કરવાની જો તને ઇચ્છા
તો હજી તું તારા ભાઇઓને જઇ મળ. તું પાંડવોના પ
ગયો છે એટલું જાણીનેજ દુર્યોધન તેમની સાથે સુલેહ કરી
અને તેમ થવાથી કૌરવોનું આપડું મોટું કુળ વિનાશમાં
ઉગરી જશે; નહિ તો આ યુદ્ધનું કહી છેવટ આવવાનું નથ
મારા શરીરના અંતની સાથેજ આ યુદ્ધનો પણ અંત આવી જાય
કૌરવો અને પાંડવો વચ્ચે મૈત્રી સ્થપાય અને તેથી આખો દેશ
આ વિપત્તિમાંથી ઉગરી જાય એટલું જોવાની મને બહુ ઇચ્છા છે."

કર્ણે જવાબ આપ્યો: "પિતામહ ! હું કુન્તીનો પુત્ર છું
એ વાત હું જાણું છું. પણ આજ દિન સુધી મેં દુર્યોધનનું
લૂણ ખાધું છે, તેના ઐશ્વર્યનો ભાગીદાર બન્યો છું. હવે કહો,
આ ઘડીએ મારાથી તેને કેવી રીતે છોડી દેવાય ? અત્યારે તો
તેણે મારા ઉપર કરેલા ઉપકારનો બદલો વાળવાનો અવસર
આવ્યો છે. કૃષ્ણ જેમ પાંડવોને માટે તેમનું બનતું કરે છે,
તેમ હું દુર્યોધનને માટે મારાથી થાય તેટલું કરી છુટીશ. દુ-
ર્યોધનના ઉપકારનો બદલો વાળવા માટે જો મારે ધન, યશ,
પુત્ર અને છેવટે મારા પ્રાણનો પણ ભોગ આપવો પડશે તો હું
ઘણી ખુશીથી આપીશ. આ યુદ્ધમાં ભારતવર્ષનો વિનાશ
થવાનો છે એ તો આપે તે દિવસે ભરીસભામાંજ જાહેર કર્યું
હતું, પણ હું નિરુપાય છું. હું અર્જુનની સાથે યુદ્ધ કરીશ,
અને દુર્યોધનની ઇચ્છા પૂર્ણ કરીશ. હું તો આપની પાસે એટલું
માગું છું કે આપ મને યુદ્ધ કરવાની રજા આપો."

ભીષ્મના હૃદયમાં દુઃખની અતિ તીવ્ર વેદના થવા લાગી.
તે બોલ્યા: "ભાઈ કર્ણ ! અત્યારે મને જે સંતાપ થાય છે તેની
કલ્પના તને કેવી રીતે આવે ? આત્મદ્રોહ અત્યંત ગર્હિત,
અપયશ અપાવનાર અને અધર્મનો જનક છે.* તે સર્વ પ્રકા-
રના વિનાશનું મૂળ છે. એમાંથી બેઉ પક્ષની બધી બાજુએથી
પાયમાલી થશે. જે જીતશે તેને એ લાભ થવાનો નથી. પણ આ
વાત કોઇના સમજવામા આવતી નથી. તારા મનમાં પાંડવો
પ્રત્યે જે વૈરભાવ છે તેનો જો તું ત્યાગ ન જ કરી શકતો હોય તો
તું સુખેથી યુદ્ધ કર. પણ એવું યુદ્ધ કરજે કે જેથી દુર્યોધનની

* વનપર્વ, અધ્યાય ૮, શ્લોક ૭.

જીત થાય.× જા, મારી તને રજા છે. હું પણ આ યુદ્ધનું પરિણામ શું આવે છે તે જોયા પહેલાં મારો દેહ છોડવાનો નથી.”

ત્યારે કર્ણ બોલ્યોઃ “પિતામહ! મારાથી ક્રોધના આવેશમાં અગર મારા સ્વભાવની ચંચળતાને લીધે આપના તરફ જે કાંઇ અયોગ્ય આચરણ થયાં હોય તે બધાની મને ક્ષમા કરો.”


ભીષ્મ બોલ્યાઃ “ભાઇ! હું તો તારા ઉપર હમેશ પ્રેમ રાખતોજ આવ્યો છું. માત્ર એકજ વાતને લીધે હું તારાથી નારાજ થતો હતો. અરેરે! આત્મદ્રોહના મહાપાપથી ભારતવર્ષનો સર્વતોમુખી વિનાશ ન થાય તે સારૂ હું ઘણા વખતથી મારાથી થયા તેટલા પ્રયત્ન કરી ચૂકયો, પણ બધાએ વ્યર્થ ગયા. ખરેખર, ભારત ભાગ્યહીન દેશ છે!”

મહાભારતમાં એક પ્રસંગે કહ્યું છે કે “પૂજનીય વ્યક્તિનું પૂજન ન કરવાથી અને અયોગ્ય વ્યક્તિનું પૂજન કરવાથી મનુષ્યને નરહત્યાનું પાપ ચોંટે છે.”*

## भीष्म पर्व समाप्त

× દ્રોણપર્વ, અધ્યાય ૪, શ્લોક ૧૧

* દ્રોણપર્વ, અધ્યાય ૫, શ્લોક ૨૩,૨૪,૨૫.



# ૬—દ્રોણ પર્વ

## પ્રકરણ ૧ લું—અભિમન્યુનો વધ

ભીષ્મદેવ તો પડયા. હવે રાજા દુર્યોધન કર્ણને પૂછવા
લાગ્યો: "ભીષ્મદેવની જગ્યાએ સેનાધિપતિના પદને માટે કોણ
યોગ્ય છે ?" કર્ણે કહ્યું: "દ્રોણાચાર્ય." તરતજ પોતાના બાકી
રહેલા સૈન્યના સેનાધિપતિની જગ્યાએ દુર્યોધને દ્રોણાચાર્યની
નિમણુક કરી દીધી. તેમને આ અધિકાર આપતાં દુર્યોધન બોલ્યો:
"ગુરુદેવ ! આપ જ્ઞાતિ, કુળ, વય, શાસ્ત્રજ્ઞાન, બુદ્ધિ, નીતિ, વ્યવ-
હાર, તપશ્ચર્યા અને બીજી દરેક બાબતમાં સૌથી શ્રેષ્ઠ છો. આપ
...વીર્યવાન, વિચક્ષણ અને અજેય છો. આપ આ ખરી વિપત્તિ-
...વખતે અમારૂં સર્વનું રક્ષણ કરવા યોગ્ય છો. હવે આપ
...મને બચાવી લો.*

ત્યારે આચાર્ય બોલ્યા: "રાજા ! હું મારા જાનના જોખમે
...તમારૂં કાર્ય કરીશ. મને આપે સેનાધિપતિની જગ્યાએ
...ો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું પણ એવું હું શું કરૂં કે
...આપ પ્રસન્ન થાઓ ?"

...દુર્યોધન—યુધિષ્ઠિરને કેદ કરો. એટલે તેથી હું ઘણો
...ખુશ

...ણ—તેમને યુદ્ધમાં હણવા નું કેમ કહેતા નથી ?
...ર્યોધન—યુધિષ્ઠિર મરાય તો અર્જુન કોપાયમાન થઈ
...ો સૌનો જાન લીધા વગર છોડેજ નહિ
...ણ—યુધિષ્ઠિરને કેદ કરીને શુ કરશો ?
...ોધન—તેને બીજી વાર દ્યૂત રમવા નું કહીશ અને

તેને બીજી વાર હરાવીને પાછો વનમાં મોકલી દઇશ. એ રીં
વગર લડાઈએ આખા ભારતનું રાજ્ય ભોગવીશ.

ત્યારે આચાર્યે કપટયુક્ત ઉત્તર દીધોઃ "હું યુધિષ્ઠિ
રાજાને જરૂર તમારી પાસે કેદ કરીને લઇ આવીશ—પણ
અર્જુન નહિ અટકાવે તો."+

પણ તેથી મૂર્ખ દુર્યોધન તો રાજી રાજી થઇ ગયો. જાણે
પોતાની ધારેલી મુરાદ પાર પડી ગઇ હોય તેમ તેણે આ વાત
ની આખા સૈન્યને જાણ કરી દીધી. કૌરવોના સૈન્યમાં પાંડવોન
છુપા જાસૂસો હતા તેમણે આ વાત યુધિષ્ઠિરના કાને પહોંચાડી
તે ચેતી ગયા અને પોતાના સૈન્યને પણ સાવધાન કરી દીધું.

પછી દ્રોણાચાર્ય લાલ રંગના ઘોડા જોડેલા રથમાં ચઢી
ને રણક્ષેત્રમાં આવીને ઉભા રહ્યા.* કલિંગ દેશનો રાજા અને
સિંધુ દેશનો રાજા જયદ્રથ વગેરે સરદારો પોતપોતાનાં સૈન્ય
સહિત આચાર્યનું રક્ષણ કરવાને માટે તેમને જમણે પડખે
ઉભા રહી ગયા. પછી તરતજ અગીઆરમા દિવસનો દારુણ
સંગ્રામ શરૂ થયો. પૂર્વ તરફના બંગાળી યોદ્ધાઓ, શક અને
યવન વીરો કૌરવોના તરફથી ખૂબ શૌર્ય અને બળ દાખવીને
યુદ્ધ કરવા લાગ્યા.= યુધિષ્ઠિર રાજાને જીવતા કેદ પકડવાને સારૂ
દ્રોણાચાર્યે ઘણાંએ વલખાં માર્યાં, પણ તેમાં જરાએ ફાવ્યા નહિ.
બેઉ પક્ષના યોદ્ધાઓએ એકબીજાના પુષ્કળ સૈનિકોની કતલ
કીધી. એમ કરતાં સાંજ પડવા આવી એટલે દ્રોણાચાર્યે શંખ-
નાદ કરીને યુદ્ધ થંભાવવાની આજ્ઞા કરી અને પછી સૌ પોત-
પોતાની છાવણીઓ તરફ ચાલ્યા ગયા.

આજના યુદ્ધમાં કૌરવોના એટલા બધા સૈનિકો ખપી
ગયા અને જે નાસી છૂટયા હતા તેનો તો પારજ ન હતો કે તે
જોઇને તેમના તરફના અનેક રાજાઓએ અગ્નિની સમક્ષ શપથ
લીધા કે "કાં તો અમે અર્જુનને મારીશું અને કાં તો અમે યુદ્ધમાં
માર્યા જઇશું; પણ અમે પૂંઠ તો બતાવીશુંજ નહિ." જેમણે આવા
શપથ લીધા તેઓ "સંશપ્તક" અથવા "શપથકારી" કહેવાયા.

બારમા દિવસનું પ્રભાત થયું એટલે પાછું યુદ્ધ શરૂ થયું.

---

+ દ્રોણપર્વ, અધ્યાય ૧૧

* દ્રોણપર્વ, અધ્યાય ૬-૭.

= દ્રોણપર્વ, અધ્યાય ૬.

આજે સંશપ્તકોએ અર્જુનને યુદ્ધનું આહ્વાન કર્યું અને તેમ
દક્ષિણ દિશા તરફ ઘણે દૂર સુધી લઇ ગયા. તેમની ધારણા એવી
હતી કે એટલા વખતમાં દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને કેદ કરી લેશે.
આચાર્યે પણ તેમના તરફથી ઘણોએ પ્રયત્ન કર્યો, પણ કાંઇ વળ્યું
નહિ; ઉલટું થયું એમ કે અર્જુનના અસાધારણ યુદ્ધકૌશલ્યને
લીધે સંશપ્તકોમાંથી ઘણાક માર્યા ગયા.

બીજી બાજુએ શક, યવન અને આભીર જાતિના યોદ્ધા-
ઓ તથા કલિંગ, પુંડ્ર અને બીજા *પૌર્વાત્ય દેશનાં લશ્કર એટ-
લાં બહાદુરીથી લડ્યાં કે તેમને હાથે પાંડવ સૈન્યનો પણ ખુરદો
નીકળી ગયો. પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત એક મોટા પર્વત
જેવા કદાવર અને મદોન્મત્ત હાથી ઉપર ચઢીને અપાર શૌર્ય-
થી યુદ્ધ કરવા લાગ્યો અને તેણે તથા તેના આસામી અને બં-
ગાળી યોદ્ધાઓએ પાંડવ સૈન્યની ભારે ખુવારી કરી નાખી. એ
જોઇને અર્જુન તેની સામે લડવા દોડી આવ્યો અને તેને તથા
તેના હાથીને બેઉને મારી નાખ્યા.÷ આ રીતે બારમા દિવસનું
યુદ્ધ પૂરું થયું.


તેરમો દિવસ ઉગ્યો એટલે પાછું આગલા દિવસના જેવું જ
ભયંકર યુદ્ધ ચાલ્યું. સંશપ્તકોએ અર્જુનને ફરીવાર યુદ્ધનું
આહ્વાન કર્યું. અર્જુન તેમની સાથે લડતો લડતો દક્ષિણ દિશા
તરફ ઘણો આઘો નીકળી ગયો; પણ ભયંકર પરાક્રમ દાખવીને
તેમને એક પછી એક જમીનદોસ્ત કરતો ગયો.

આ બાજુએ આચાર્યે પોતાના સૈન્યને વિકટ ચક્રવ્યૂહમાં
[illegible]ઠવી દીધું અને તેના મુખ આગળ પોતે જાતે ઉભા રહી
[illegible]દ્વારની રક્ષા કરવા લાગ્યા. એ વ્યૂહનાં જુદાં જુદાં કેન્દ્રો
[illegible]ર કર્યું, દુર્યોધન અને અશ્વત્થામા વગેરે મહાવીરો ઉભા રહ્યા
[illegible]. યુધિષ્ઠિરે તેની સામે તેને યોગ્ય વ્યૂહરચના કરીને પોતા-
[illegible]સૈન્યની સરદારી લઇને દ્રોણ સામેના વ્યૂહ ઉપર ધસારો કર્યો.
[illegible] આ ચક્રવ્યૂહને ભેદવાને ઘણાએ ફાંફાં માર્યાં, પણ તેમ-
[illegible] તેની અંદર પ્રવેશ પણ થયો નહિ. હવે કરવું શું?
[illegible]ભિમન્યુ બોલ્યો. "મને એ વ્યૂહમાં પેસતાં તો આવડે
[illegible] બહાર નીકળતાં આવડતું નથી." એવું સાંભળીને પાંડવો

ઘણી જગ્યાએ જખમી થયો અને તેના શરીરમાંથી લોહીના રેલા ચાલવા લાગ્યા. તેથી કરીને તે બહાદૂર છોકરો ધીમે ધીમે ક્ષીણ અને બળહીન થતો ગયો. એવામાં દુઃશાસનનો પુત્ર ગદા લઈને તેની સામે બીજીવાર લડવા આવ્યો. બેઉ જણાનું ગદા-યુદ્ધ જામ્યું. બેઉ એકબીજાને ઝપાટા ઉપર ઝપાટા લગાવવા મંડયા. બેઉ જણ એકબીજાના પ્રહારથી ભોંય પર ગબડી પડયા. પાછા બેઉ ઉભા થઈને લડવા જતા હતા એવામાં દુઃશાસનના પુત્રે જરાક ઉતાવળ કરીને અભિમન્યુના માથામાં એવો ગદાનો પ્રહાર કર્યો કે તે પડયો, તેજ પડયો; ફરી ઉઠવા પામ્યો નહિ. તેજ પળે કૌરવ સેનાએ જયધ્વનિ કર્યો તે સાંભળીને પાંડવો અને પાંચાલો હાહાકાર કરવા લાગ્યા.

સાંજ પણ પડી ગઈ હતી. સંજય વગેરે યોદ્ધાઓ પાંડવ તરફના યોદ્ધાઓના બાણના મારથી ઘવાઈને લોહીથી રંગાએલા શરીરે તેમની છાવણીમાં પાછા ફર્યા.× દુર્યોધન પોતાના પુત્રના શોકથી રડવા લાગ્યો. કર્ણ પોતાના ભાઈના મોતથી આકુળ-વ્યાકુળ થઈ ગયો. આ બાજુએ યુધિષ્ઠિર અને ભીમ અભિમન્યુને માટે શોક કરવા લાગ્યા. યુધિષ્ઠિર બોલ્યાઃ "મેં તેને વ્યૂહમાં પેસવાની રજા આપી તેથી હુંજ તેના મૃત્યુને માટે દોષિત છું." ઘણા લોકો તેમને દિલાસો દેવા લાગ્યા, પણ આવે પ્રસંગે દિલાસાથી કોઈ પણ માણસનું હૃદય શાંત થાય ખરૂં ?

સંસારમાં સુખની આશા રાખવી તે ઝાંઝવાંના જળની આશા રાખવા બરાબર છે.



× દ્રોણપર્વ, ૪૮, ૩૯.

# પ્રકરણ ૨ જું—જયદ્રથનો વધ

રાત પડી એટલે અર્જુન પેલા સંશપ્તકોમાંના ઘણા[illegible] યમલોકમાં પહોંચાડીને છાવણીમાં આવ્યો ત્યારે આ હત્યાકાં[illegible]ના સમાચાર સાંભળીને શોકથી મરવા જેવો થઇ ગયો. જયદ્રથે વ્યૂહના દ્વારનો બચાવ કર્યો તેથી પાંડવોથી વ્યૂહમાં પેસાયું નહિ અને તેથી અભિમન્યુ મરાયો. આ વાત જાણીને અર્જુને [illegible]તિજ્ઞા લીધી કે "કાલે સૂર્યાસ્ત પહેલાં જો હું જયદ્રથને ન [illegible]રૂં તો મારે અગ્નિમાં પ્રવેશ કરીને પ્રાણત્યાગ કરવો."

સૂર્યોદય થયો. ચૌદમા દિવસે યુદ્ધનો આરંભ થયો. દ્રોણા-ચાર્યે તદ્દન નિર્ભય અને ઘણોજ લાંબો શકટવ્યૂહ રચ્યો અને તેના મુખનો બચાવ કરવા પોતેજ મોખરે ઉભા. તે વ્યૂહના છેક પાછલા ભાગમાં, મતલબ કે આખી કૌરવસેનાની પાછળ તેમણે જયદ્રથને ઉભો રાખ્યો અને તેનો બચાવ કરવાને માટે કર્ણ, કૃપ, અશ્વત્થામા, શલ્ય વગેરે મોટા મોટા મહાવીરોને તેની આસપાસ ગોઠવી દીધા. આજની આફત કાંઇ જેવી તેવી નથી એમ જાણીને અર્જુનના હુમલાને ખાળવાને તથા પોતાનો બચાવ કરવાને માટે કૌરવસૈન્યમાંથી દરેક જણ પૂરેપુરો સાવ-ધાન થઇને ઉભો હતો.

અર્જુનનો રથ વ્યૂહના અગ્રભાગ આગળ આવી લાગ્યો એટલે તે બોલ્યો : "આચાર્યજી ! આપ આશીર્વાદ આપો તો હું આપના વ્યૂહમાં પેસી શકું. આપની કૃપાથી હું આજે જયદ્રથને મારી શકીશ એવો મને વિશ્વાસ છે." આચાર્યે હસીને જવાબ દીધો : "પહેલે મને તો હરાવ પછી જયદ્રથને મારીશ ને ?" એમ કહી તેમણે એક તીક્ષ્ણ બાણ મારીને અર્જુ-નને અને કૃષ્ણને એકેક જખમી કર્યા [illegible] અર્જુન પણ [illegible]

[illegible]

કરી દીધું કે અર્જુનની પાછળ કોઈથી અંદર પેસી શકાયું નહિ.

એમ થયું તોપણ કૃષ્ણ અને અર્જુનને લેશમાત્ર ભય લાગ્યો નહિ તેમ તેઓ ખચકાયા પણ નહિ. કૃષ્ણે રથના પાણીદાર તેજીલા ઘોડાને વાયુવેગે એવા મારી મૂક્યા કે કૌરવસૈન્યને છૂંદતો કચરતો, મૂડદાંના ઉપર થઇને અર્જુનનો રથ ધડધડાટ આગળ ને આગળ દોડતોજ ગયો. અર્જુન પણ શત્રુસૈન્યને બાણથી વીંધી વીંધીને રથને માટે રસ્તો ખુલ્લો કરતો ગયો. કૃષ્ણ અને અર્જુન બેઉ જણ રથની બેઉ બાજુએ નજર કરતા જાય અને વાયુવેગે આગળ ધપતા જાય. પણ જયદ્રથ તો તેમને શોધ્યોજ જડયો નહિ. શત્રુપક્ષમાંથી જે કોઈ તેમનો માર્ગ રોકવા આવ્યા તેઓ કાં તો પાછા હઠી ગયા અથવા તો ધૂળ ચાટતા થઈ ગયા.

પછી દુર્યોધનની આજ્ઞા મુજબ બીજા કેટલાક દેશના યોદ્ધાઓ કલિંગ દેશના યોદ્ધાઓને મોખરે રાખીને મોટા પર્વત જેવા કદાવર હાથીઓના સૈન્ય વડે અર્જુનની સામે થયા. તેઓની પણ એક પછી એક ટુકડીઓ કાં તો હાર ખાઇને પાછી હઠી અથવા ખુવાર થઇ ગઇ. હાથીઓ તો એટલા મરાયા કે ગણતાં પારજ ન આવે ત્યારે પુંડ્ર દેશના હજારો બંગાળી યોદ્ધાઓ તથા શક, યવન, દરદ, પારદ, બાહ્લીક જાતિના યોદ્ધાઓ અર્જુનનો માર્ગ ઘેરીને ઉભા અને તેના ઉપર તીક્ષ્ણ બાણનો વરસાદ વરસાવીને તેને જખમી કરવા લાગ્યા. તોપણ આખરે તો તેમને સૌને મારતો વીખેરતો અથવા પોતાની આગળ આગળ ધકેલતો તે ઝપાટાબંધ આગળ ધપતોજ ગયો. વાયુની મદદથી જેમ અગ્નિ વૃક્ષ, વેલી, ઘાસ, જંગલ બધાંને બાળતો બાળતો આગળ વધ્યો જાય છે, તેમ અર્જુન કૃષ્ણની મદદથી કૌરવ સૈન્યમાં પ્રલય મચાવતો આગળ વધ્યોજ ગયો. કેટલાએ મુકુટધારી ક્ષત્રિય રાજાઓ સમરાંગણમાં રોળાઇ ગયા. કૌરવ સૈન્યનો વ્યૂહ તૂટયો અને તે ચારે બાજુએ નાસભાગ કરવા લાગ્યું. એ જોઇને દુર્યોધન ક્રોધને લીધે ગાંડા જેવો થઈ ગયો. તે ત્વરાથી દ્રોણાચાર્ય પાસે દોડી ગયો અને બોલ્યો:

"બ્રહ્મદેવ ! આપ બેઠા છો અને છતાં અર્જુન આપણા વ્યૂહમાં ઘૂસી ગયો ! આપના દેખતાં આપણા સૈન્યની આટલી બધી ખુવારી કરી મૂકી ! આપ પાંડવોના હિતેચ્છુ છો તે હું જાણતો

હતો છતાં આ યુદ્ધની જવાબદારી મેં આપને સોંપી તેમાં કેટલી જબરદસ્ત ભૂલ કરી! આપને આપનો પગાર તો પૂરેપુરો જેટલો જોઈએ તેટલો હું આપતોજ રહ્યો છું, છતાં આપે મને આટલું બધું નુકસાન પહોંચાડયું! અરે! એ કની વાત છે કે આપ મધ ચોપડેલા અસ્ત્રાની ધાર જેવા છો તે મેં જાણ્યુંજ નહિ. હવે જયદ્રથને આપ કેવી રીતે બચાવશો તે આપજ કહોની!" આવાં વચનથી આચાર્યને મનમાં તો ઘણું લાગી આવ્યું, પોતાનું ભારે અપમાન થતું દેખાયું; પણ કડવો ઘૂંટડો ગળી જઈને તેમણે માત્ર એટલુંજ કહ્યું: "રાજા! તમે મારા પુત્ર જેવા છો. તેથી તમે ગમે તે કહો તોપણ મને માઠું લાગતું નથી. તમેજ જયદ્રથનો બચાવ કરવા દોડી જાઓ. હું જઈને વ્યૂહદ્વાર સાચવું છું; નહિ તો પાંડવસેના આપણા વ્યૂહને તોડીને અંદર ઘૂસી જશે તો ભારે ખુવારી કરી નાખશે."

એમ કહીને આચાર્ય તો વ્યૂહદ્વારનું રક્ષણ કરવા ચાલ્યા ગયા. બાકીનો આખો દિવસ તેમણે સામા પક્ષ સાથે અત્યંત બહાદુરીથી યુદ્ધ કર્યું. સંજય પોતે શરીરે બખ્તર પહેરીને ચારસો મોટા મોટા ધનુર્ધરોને લઈને પાંડવોના ધસારાની સામે દિવાલ બનીને ઊભો રહ્યો. આથી કરીને પાંડવો અને પંચાલોમાંથી કોઈપણ વ્યૂહની અંદર પગ સરખો મૂકી શકાયો નહિ.

એમ કરતાં બપોર થઈ ગયા, અર્જુનના ઘોડા થાકીને ટીક ટસ થઇ ગયા. તેણે એક બાણ મારીને પૃથ્વી પર કાણું કર્યું અને તેમાંથી પાણી બહાર કાઢ્યું. [illegible] તેમને નવડાવ્યા અને પછી પાઈને તેમનો થાક ઉતાર્યો [illegible]

[illegible]

એટલી વારમાં કૃષ્ણ આવી પહોંચ્યા અને પાછા અર્જુનના રથની સાથે ઘોડા જોડાયા. વળી પાછો અર્જુન જયદ્રથની શોધમાં દોડતો થયો. તેનો રથ આ વખતે એટલો વેગથી જતો હતો કે તેણે રથમાં બેઠાં બેઠાં છોડેલાં બાણ રથથી પાછળ પડી જતાં અને તેની પાછળની બાજુએ ઉભેલા શત્રુઓને વીંધી નાખતાં.

એમ કરતાં કરતાં અર્જુન એટલો આઘે નીકળી ગયો કે તેના રથની ધ્વજા પાંડવસૈન્યની નજરે દેખાતી બંધ થઇ ગઇ. આથી યુધિષ્ઠિર રાજાને ઘણી ચિંતા થવા લાગી અને તેમણે વીર સાત્યકિને કહ્યું કે તમે વ્યૂહ ઉપર ધસારો લઈ જાઓ અને તેને તોડીને અંદર ઘૂસી જાઓ. સાત્યકિ પ્રથમ દારૂ ઢીંચીને તેના નશાથી ઉત્તેજિત થયો. પોતાના ઘોડાને પણ ખૂબ જલદ દારૂ પાઈને ઉત્તેજિત કર્યા.* પછી વાવાઝોડાની માફક પ્રચંડ વેગથી આચાર્યના ઉપર તૂટી પડયો, અને તેમને મારી હઠાવીને વ્યૂહની અંદર ઘૂસી ગયો. વ્યૂહની અંદર પેસતાંની સાથેજ તેણે શત્રુસૈન્યની કતલ કરતા જઇને અર્જુનની શોધમાં દોડવા માંડયું. તામ્રલિપ્ત અને કલિંગ દેશનાં દુર્જય સૈન્યને મારતો વીખેરતો તે આગળ દોડતોજ ગયો.= એમ કરતાં તે પોતે પણ એટલો દૂર નીકળી ગયો કે તેના રથની ધ્વજા પણ પાંડવોને દેખાતી બંધ થઈ. ત્યારે યુધિષ્ઠિર રાજાને વળી ચિંતા થવા લાગી તેથી તેમણે ભીમને વ્યૂહમાં જવા મોકલ્યો. તેણે ગદાનો એક પ્રહાર કરીને આચાર્યના રથને ફરતો બંધ કરી દીધો તેથી તેમને પોતાની સલામતીને માટે ત્યાંથી નાસી જવું પડયું. એ તક સાધીને ભીમ વ્યૂહની અંદર ઘૂસી ગયો અને તે પણ વાવાઝોડાના વેગથી અંદરના ભાગમાં આગળ વધ્યો. જેઓ તેને ખાળવા આવ્યા તેઓ તેને હાથે માર્યા ગયા. દુર્યોધન અને કર્ણના દેખતાં તેણે દુર્યોધનના એકત્રીસ ભાઇઓને મારી નાખ્યા.÷ કર્ણ ભીમના ઉપર છ વખત ધસી ગયો, પણ છએ વખત તેને હારીને પાછા હઠવું પડયું. છેવટે તેનો સાતમો હુમલો સફળ થયો.

પણ એ દરમ્યાન સાત્યકિ અને ભીમ, બેઉ અર્જુનને

---

* દ્રોણપર્વ, ૧૧૦–૫૪, ૬૨.

= દ્રોણપર્વ, ૧૧૭–૧૩. ૧૩૦–૧૦, ૧૧.

÷ દ્રોણપર્વ, ૧૩૫–૩૬.

જઈ મળ્યા. તેઓ હવે શત્રુઓને મારતા કચરતા ખૂબ ઝડપથી આગળ ધપ્યે જતા હતા એવામાં સાત્યકિ થાકી ગયો; તેનામાં આગળ જવાનું બળજ ન રહ્યું. એવામાં ભૂરિશ્રવાએ તેને કહ્યું કે આવી જા, આપણે દંદયુદ્ધ કરીએ. તેઓ બંને જણ રથમાંથી હેઠે ઉતરીને દંદ યુદ્ધ કરવા લાગ્યા. ઘણી વાર લડયા પછી ભૂરિશ્રવાએ સાત્યકિને લાત મારીને તેની ચોટલી પકડી અને તેનું ડોકું કાપવા વાસ્તે તલવાર ઉગામતોજ હતો એવામાં કૃષ્ણના કહેવાથી અર્જુને એક બાણ મારીને તેનો જમણો હાથ કાપી નાખ્યો.+ ભૂરિશ્રવા લડવાનું છોડી દઈને અનશન વ્રત લઈને પ્રાણત્યાગ કરવા બેઠો તે વખતે સાત્યકિએ તેનું માથું કાપીને ધડથી જૂદું કરી નાખ્યું. ત્યાર પછી તેઓ ત્રણે જણ આ લાંબા વ્યૂહને છેક બીજે છેડે જઈ પહોંચ્યા. ત્યાં તેમણે જયદ્રથને દીઠો. તેને જોતાની સાથેજ કૃષ્ણે અર્જુનનો રથ તેની સામે ખરો કર્યો. બીજી બાજુએ કર્ણ, કૃપ, અશ્વત્થામા, શલ્ય, દુર્યોધન વગેરે તેની વહારે દોડી આવ્યા. જયદ્રથના રથને પોતાના રથો વડે ઢાંકીને તેમણે ચારે બાજુએથી અર્જુનના રથને ઘેરી લીધો. કૃષ્ણ અને અર્જુનના ઉપર બધી બાજુએથી બાણની વૃષ્ટિ થવા લાગી; પણ અર્જુને સૌને એક બાજુએ હઠાવીને જયદ્રથના ઉપરજ ધસારો કર્યો. તે પણ ભયંકર રીતે અર્જુનની સાથે લડવા લાગ્યો. તેણે કૃષ્ણને અને અર્જુનના રથના ઘોડાને જખમી કર્યા અને અર્જુનના ઉપર તો બાણનો એકસરખો મારો કરવા લાગ્યો. અર્જુન તેને છોડે એવો ન હતો. તેણે પણ પોતાનાં બાણથી તેને જખમી કર્યો અને હાયર હાયર કરી નાખ્યો. જયદ્રથ હવે અધીરો થઇ ગયો અને હવે સૂર્યાસ્તને કેટલી વાર છે તે જોવાને તેણે જેવી સૂર્ય તરફ નજર કરી તેવુંજ અર્જુને તેનું માથું ઉડાવી દીધું.* પછી

* દાઢની હેઠ ઉતરી ગયા હતી.

+ બે યોદ્ધા લડતા હોય ત્યારે ત્રીજાએ તેમાંથી એકેના અંગ ઉપર પ્રહાર ન કરવો, એ નિયમના ભંગનું ઉદાહરણ. દ્વંદ્વના નિયમ માટે જુઓ ભીષ્મપર્વ, અધ્યાય ૧ —સંપાદક

* સૂર્યાસ્ત થવા આવ્યો ત્યાં સુધીમાં અર્જુન જયદ્રથને મારી ન શકે તો તે ચિતા ખડકી અગ્નિ પ્રવેશ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તે વખતે અર્જુને તેને મારી નાખ્યો. [illegible]

કૃષ્ણ અને અર્જુન બેઉ શંખનાદ અને હુંકાર કરી ચારે દિશાઓ કંપાવવા લાગ્યા. ત્યાર પછી કૃષ્ણ, અર્જુન, ભીમ અને સાત્યકિ શત્રુઓનો સંહાર કરતા કરતા ત્યાંથી પાછા ફર્યા અને જ્યાં તેમનું સૈન્ય ઉભું હતું ત્યાં સહીસલામત જઈ પહોંચ્યા. જયદ્રથ મરાયો તેથી પાંડવો ઘણાજ રાજી થયા; પણ વૈર લીધાથી કોઈ અસલના જખમ કદી રૂઝાયા છે?

## પ્રકરણ ૩ જું—દ્રોણનો વધ

હવે રાત પડવા આવી હતી તોપણ વિશ્રાન્તિ ન લેતાં પાંડવોએ રાત્રે પણ યુદ્ધ જારી રાખ્યું. રાત્રિના ઘોર અંધકારમાં જ્યાં બેઉ સૈન્ય લડતાં હોય ત્યાં કયો શત્રુ અને કયો મિત્ર તે કોણ ઓળખવાનું હતું? આપણે પણ અનુકૂળ અને પ્રતિકૂળ ભાવોથી ઉત્પન્ન થતા અંધકારમાં આથડાઈએ છીએ અને આપણો માર્ગ જોઈ શકતા નથી તેવી અવસ્થા આજના નિશાયુદ્ધમાં બેઉ પક્ષના સૈન્યની થઈ હતી.

અર્જુને જયદ્રથને મારી નાખ્યો, કર્ણનો વારંવાર પરાજય કર્યો અને કૌરવસૈન્યની મોટી સંખ્યાનો ઘાણ કાઢી નાખ્યો તે જોઈને દુર્યોધન તો ગાંડા જેવો થઈ ગયો.

તે પાછો બીજી વાર દ્રોણાચાર્યની પાસે જઈને કહેવા લાગ્યો: "હે પાંડવોના આચાર્યદેવ! આપનો અર્જુન ઉપર અત્યંત પ્રેમ હોવાથી આપ મન મૂકીને યુદ્ધ કરતા નથી. આથીજ કરીને જે જે યોદ્ધાઓ મારો જય ઇચ્છતા હતા તેઓ માર્યા ગયા છે. જયદ્રથ પણ હવે જીવતો રહ્યો નથી. મારા વિજયની ઇચ્છા રાખનારાઓમાંથી હવે કર્ણ એકલોજ બાકી છે. કોણ પોતાનો મિત્ર છે અને કોણ શત્રુ છે તે પૂરું જાણ્યા વગર ગમે તેને પોતાનો મિત્ર માની લઈને તેના ભરોસા ઉપર જે પોતાનું કામ છોડી દે છે તે બેવકૂફ છે. હું પણ તેવોજ બેવકૂફ, લોભી અને પાપી છું. તેથી કરીને મારા શત્રુઓ મારે [illegible] કરીને કાર્ય કરતી વખતે મારાંજ મૂળ ખોદે છે."*

દુર્યોધન આવી રીતે પોતાનું વારંવાર અપમાન કરે

* [illegible]

હતો તેથી આચાર્યને બહુજ લાગી આવ્યું. તેમણે પછી
"અર્જુનને કોઈ જીતી શકવાનું નથી એવું હું તને વા
કહેતો આવ્યો છું, છતાં શા માટે તું વાકયબાણથી મારું કે
કોરે છે ? અર્જુનની મદદથી જ્યારે શિખંડીએ અજેય ગણ
ભીષ્મદેવને હરાવ્યા તે દિવસનો હું તો જાણીજ ગયો છું
તારું સૈન્ય હવે બચવાનું નથી. શકુનિના પાસા હવે તાતાં તી
ની માફક સૌને મારી રહ્યા છે. હવે હું શું કરવાનો હતો
મહાત્માની વિદુરે આંખમાં આંસુ આણીને તને થોડી શિખામણ
દીધી હતી ? તારું હિત સાધવા માટે તેમણે પ્રયત્ન કરવામાં
કાંઇ કસર રાખી હતી ? પણ તેં તેમની વાત લગારે કાને ધરી
નહિ. મોટા માણસની શિખામણનો તેં તિરસ્કાર કર્યો, તેં તેને
સાવ હસી કાઢી તેની સજા તરીકે તારો આ લોકક્ષય થવા બેઠો
છે. જે મૂર્ખ બુદ્ધિહીન માણસ પોતાના સગાઓની સાચી શિ-
ખામણ કાને ધરતો નથી અને સ્વચ્છંદીપણે પોતાની દુષ્ટ મુરાદ
પાર પડવાની ચેષ્ટા કરે છે તેની સૌ દયા ખાય એવી અવસ્થા
થોડી વારમાંજ થઇ જાય છે. સર્વ ધર્મયુક્ત આચરણ કરનારી
દ્રૌપદીને અન્યાયથી તેં સભામાં ઘસડી મંગાવી, પાંડવોને
દ્યુતક્રીડામાં દગાથી હરાવીને તેમને વનવાસ આપ્યો, તે તારાં
બધાં પાપની સજા આજે તને મળે છે; તારાં વાવેલાં અધર્મનાં
વૃક્ષ આજે ફળ્યાં છે. એ તો સારૂં થયું કે તને તારાં કુકર્મનાં
ફળ આજ લોકમાં મળી ગયાં, નહિ તો પરલોકમાં તારી આના
કરતાં પણ પૂરી વલે થાત. પાંડવો શાસ્ત્રમાં નિયત કરેલા ધર્મ
મુજબ વર્તનારા છે અને તેઓને હું મારા પુત્રો જેવા ગણું છું,
મારા સિવાય બીજો કોઇ બ્રાહ્મણ આવા પુરુષોનું અનિષ્ટ કરવા
તૈયાર હોય તો બતાવ ! કર્ણ, કૃપ, અશ્વત્થામા, શલ્ય, હું પોતે
અને બધા મોટા મોટા યોદ્ધાઓ જયદ્રથને પડખે હતા છતાં શા
માટે તમે મને અર્જુનને હાથે મરવા દીધો ? હવે મને તો મારો
પોતાનો પ્રાણ કેમ કરીને બચાવવો તેનીજ સૂઝ પડતી નથી. હું
ારા પુત્ર અશ્વત્થામાને જઇને એટલું કહેજે કે 'તું અહિંસા,
મ, સત્ય અને સરળતા, એટલા ગુણને દૃઢપણે જાળવી રાખજે.
રા પિતાએ તને જે જે શિખામણ દીધી છે તે સંભારીને તે
ાણે વર્તજે.' હું તારા વાકયબાણથી વીંધાઇ તો ગયોજ છું.
હવે તો ભયંકર સંગ્રામ કરવાને માટે શત્રુસૈ

આઉં છું. તારાથી તારા સૈન્યનું રક્ષણ થતું હોય તો કરી લે."×

આ ઉપરથી માલુમ પડે છે કે દુર્યોધનના કટુ વચનથી દ્રોણાચાર્યને એટલું બધું લાગી આવ્યું કે તેમણે પ્રાણત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. જે રાત્રે તેમણે આવો સંકલ્પ કર્યો તેને બીજેજ દહાડે તે મરણ પામ્યા.

આચાર્યના બોલ સાંભળીને દુર્યોધનને તો ઉલટી વધારે રીસ ચઢી અને રીસમાં ને રીસમાં તે કર્ણ પાસે ગયો. તે બોલ્યોઃ "કર્ણ ! અર્જુનના ઉપર આચાર્યની અત્યંત પ્રીતિ છે. તેથીજ તેમણે વ્યૂહદ્વાર આગળ અર્જુનને અટકાવવાને બદલે ઉલટો તેને આપણા વ્યૂહમાં પેસવા દીધો અને જયદ્રથને મરાવ્યો. તે મન મૂકીને લડતાજ નથી; નહિ તો આપણા સૈન્યની આટલી બધી ખરાબી થાયજ શાની ?"

કર્ણ બોલ્યોઃ "રાજા ! આચાર્ય પોતાની તમામ શક્તિ અને સામર્થ્ય ખરચીને લડે તો છેજ. મને તો એમાં કશો સંદેહ નથી; પણ તે ગમે તેવા પણ વૃદ્ધ તેથી તેમની ગતિની ચપળતા ઓછી થઇ ગઈ છે અને તેમના હાથમાં પણ પહેલાંના જેટલું બળ હવે રહ્યું નથી. બીજી બાજુએ અર્જુન જુવાન છે. ખૂબ શૂરવીર અને પરાક્રમી છે, યુદ્ધમાં પૂરેપુરો કુશળ છે અને અસ્ત્રવિદ્યા પણ સરસ રીતે જાણે છે. તે ઉપરાંત તેના સારથિને જગ્યાએ કૃષ્ણ પોતે છે. આમ હોવાથી આચાર્યને થાપ ખવરાવીને અર્જુન તેમની આગળથી નીકળી જાય એમાં કશું અસંભવિત નથી. એમાં તેમનો કશોજ દોષ નથી. તમે તેમને વગોવો તે સારૂં નથી કરતા.‡

આ ઉપાયથી સ્પષ્ટ માલૂમ પડે છે કે અર્જુન દ્રોણાચાર્યની સાથે સખત યુદ્ધ કર્યા પછીજ તેમનો દાવ ચુકાવીને કૌરવોના વ્યૂહમાં ઘસી ગયો હતો.

હવે કલિંગ દેશના યોદ્ધાઓ પાંડવોની સાથે યુદ્ધમાં ઉતર્યા. અગાઉ એ દેશનો રાજા ભીમને હાથે મરાયો હતો. તેથી તેનો રાજપુત્ર પોતાના દેશના યોદ્ધાઓને લઇને આજની રાત્રિના ઘોર અંધકારમાં ભીમના ઉપર ધસારો લઈ ગયો. તેણે ભીમના સારથિને મારી નાખ્યો. તેના રથ ઉપરની ધ્વજા તોડી પાડી

× દ્રોણપર્વ, અધ્યાય ૧૪૯

‡ દ્રોણપર્વ, અધ્યાય ૧૫૦.

અને તેને પોતાને પણ બાણથી ખૂબ જખમી કર્યો. તેન[illegible]
સાથે પાંડવસેનાનો પણ ખુરદો કાઢી નાખ્યો. આથી [illegible]
ભીમ એટલો ખીજવાયો કે તેના રથ ઉપર કૂદકો મારીને [illegible]
ગયો અને તેને મુષ્ટિપ્રહાર કરીને મારી નાખ્યો.

પાછું પાંડવ કૌરવ વચ્ચે ભયંકર યુદ્ધ જામ્યું. એક બ[illegible]
એ અર્જુન અને દ્રોણાચાર્ય સામસામા આવી ગયા અને [illegible]
પરસ્પર ભયંકર રીતે લડવા લાગ્યા. આચાર્ય અર્જુનને હરાવ[illegible]
માટે બ્રહ્માસ્ત્ર વગેરે જે જે અસ્ત્રો છોડતા ગયા ત્યારે અર્જુ[illegible]
પણ તેમની સામે તે તે અસ્ત્રો છોડીને તેમનું નિવારણ કરતે[illegible]
ગયો.* અર્જુનનાં અસ્ત્રોના પ્રભાવથી જ્યારે આચાર્યનાં તમામ
અસ્ત્રો નિષ્ફળ થઇ ગયાં ત્યારે તેઓ પોતાના મનમાં તેનાં ખૂબ
વખાણ કરવા લાગ્યા.× દ્રોણાચાર્યે ઘણોએ પ્રયત્ન કર્યો પણ
અર્જુનની સાથેની લડાઇમાં તેમનો હાથ ઉપર ન રહ્યો તે ન જ
રહ્યો.= આ બાજુએ પાંડવસૈન્યે પણ ખૂબ બહાદુરીથી કૌરવ
સૈન્યના ઉપર હલ્લો કર્યો અને તેમને ભારે નુકસાન પહોંચા-
ડ્યું. ભીમે દુર્યોધનના બીજા કેટલાક ભાઇઓને અને કર્ણના
પ્રિય બંધુ વૃષરથને મારી નાખ્યા. ઉલટે કૌરવસેના વ્યૂહ તોડી-
ને ચાર બાજુએ નાસવા લાગી.

તે જોઇને દુર્યોધન બહાવરો બહાવરો કર્ણની પાસે દોડી
ગયો અને બોલ્યો કે હવે તો તું મન પર લે તો જ બગડી બાજી
સુધરે તેમ છે. કર્ણ બોલ્યો: "એમ ગભરાઇ શું જાઓ છો?
હું અર્જુનને મારીશ એવી પ્રતિજ્ઞા તો મેં લીધેલી જ છે. પછી
શું છે! હું લડાઇમાં ઉતરું અને પછી જોઉં છું કે કોની માએ
સવાશેર સૂંઠ ખાધી છે કે મારી સામે ઉભો રહે!" એનાં આવાં
[illegible] વચન સાંભળીને કૃપાચાર્ય હસી પડ્યા અને તેમણે કર્ણને
ખૂબ ટકટકોરી અને કહ્યું: "તું [illegible] ની જેમ
ખાલી [illegible] વાત કરે છે તે [illegible] અર્જુનને [illegible]
[illegible] ખાધી છે, પણ તું [illegible]
[illegible] તેને. [illegible] ઉલટે તે
[illegible] ને મારીને [illegible] નિષ્ફળ [illegible]

* દ્રોણ૦, [illegible]
× દ્રોણ૦, ૧૮-૨૧
= દ્રોણ૦, ૧૮-૩૦

પોતાના તરફથી મશાલો સળગાવી અને પછી મશાલોના પ્રકાશમાં પાછું ખૂનખાર યુદ્ધ મચ્યું. ભીમે વળી પાછા દુર્યોધનના કેટલાક ભાઈઓને કાપી નાખ્યા.

આ બાજુએ દ્રોણાચાર્ય અને કર્ણ કાંઈ હાથ જોડી બેસી રહ્યા ન હતા. તેમણે પણ પાંડવ સૈન્યના ઉપર તૂટી પડીને તેના સૈન્યનો પણ ખુરદો કરી નાખ્યો હતો; તે છતાં દુર્યોધન ધરાયો નહિ. તેને તો પાંડવોનું પરાક્રમ અને તેના સૈન્યની થએલી ખરાબી એ બે બનાવો શૂળીની પેઠે સાલતા હતા તેથી તે પાછો ત્રીજી વાર દ્રોણાચાર્ય પાસે ગયો અને દ્રોણને તથા કર્ણને બેઉને કહેવા લાગ્યો કે “જયદ્રથ મરાયો ત્યાર પછી તમેજ બે જણે ક્રોધના આવેશમાં આવી જઇને વગર વિચાર્યે રાતને પહોર લડાઇ જારી રાખી અને હવે ઉભા ઉભા મારા લશ્કરની કેવી ખાનાખરાબી થાય છે તેનો તમાશો જોયા કરો છો. જો મને દગો દેવાનો તમારો પહેલેથીજ ઇરાદો હતો તો ‘અમે એકલાજ પાંડવોને પૂરા કરી નાખીશું’ એવું શામાટે કહેતા હતા ? તમારો આવો વિચાર જો મેં પહેલેથીજ જાણ્યો હોત તો હું પાંડવોની સાથે વેર બાંધતજ નહિ.”* આ વચન તેમના અંતરમાં ઘણુંજ ખટક્યું અને દુર્યોધન તેમનું અપમાનજ કરે છે એવું લાગ્યું; છતાં પણ તેને કશો ઉત્તર ન આપતાં તેઓ બેઉ જણ લડાઇમાં ઉતરી પડ્યા.

ભીમનો ઘણો બળવાન ગણાતો રાક્ષસપુત્ર ઘટોત્કચ આ વખતે કૌરવ સૈન્યનો કાળ થઈ પડ્યો. તેણે ઘણાકને માર્યા પછી લડતો લડતો કર્ણની સાથે અથડાઇ પડ્યો અને બેઉનું ઘોર યુદ્ધ જામ્યું. છેવટે કર્ણ એટલો બધો સંકડામણમાં ફસાઇ પડ્યો કે તેને પોતાનું મોત સામેજ દેખાયું. તેણે જીવવાની આશા છોડીજ દીધી. બસ, એક પળ-એકજ પળ અને તેનું આવીજ બન્યું, એવી સ્થિતિ થઇ ગઇ. તે વખતે પોતાની પાસે જે મહાશક્તિ નામનું અસ્ત્ર હતું તે તેને યાદ આવ્યું. એક પળવારનો પણ વિલંબ કર્યા વગર તેણે તે અસ્ત્ર પેલા રાક્ષસની છાતી સામે તાકીને ફેંક્યું અને તેની સાથે તે પ્રચંડ રાક્ષસ એક ભયંકર ત્રાડ મારીને જમીન ઉપર મૂડદું થઇને ગબડી પડ્યો. કર્ણ તે મોતના મોઢામાંથી આબાદ બચી ગયો.

* દ્રોણપર્વ, ૧૭૦-૮ વાં ૬.

કૃષ્ણે આ બધી બીના જોઈ અને તેમને ખૂબ
તે બોલી ઉઠયા: " અર્જુનને મારવાને માટેજ આ
કર્ણે અત્યારસુધી સાચવી સાચવીને રાખી મૂક્યું હતુ
કામ આવી ગયું. હવે અર્જુનને માથે કશોજ ભય ર

પરંતુ પોતાના વહાલા ભત્રીજાના મરણથી યુધિ
શોકાતુર થઇને વિલાપ કરવા લાગ્યા. એવામાં ત્યાં વેદવ્ય
આવી લાગ્યા. તેમણે યુધિષ્ઠિરને સાંત્વન આપતાં કહ્યું:
ભક્તને માટેજ રાક્ષસરાજ માર્યો ગયો છે. તમે હમેશાં
માર્ગેજ ચાલજો અને દયા, તપશ્ચર્યા, દાન, ક્ષમા અને
પાલન કરતા રહેજો. જ્યાં ધર્મ છે ત્યાંજ જય છે."×

નિશાયુદ્ધ તો એકસરખુંજ ચાલ્યા કર્યું હતું, પરંતુ
પક્ષના લડવૈયા લડી લડીને લોથપોથ થઇ ગયા હતા. ઘણા
તો ઉભા ઉભા અથવા પોતાના રથ અગર વાહન ઉપર બેઠા
ઝોકાં ખાતા હતા. એ જોઇને અર્જુનને દયા આવી. તેણે હુક
કર્યો કે બેઉ પક્ષના લડવૈયાઓ ભલે રણક્ષેત્રમાંજ ઉંઘી જા
પછી તો યુદ્ધના કોલાહલથી ગાજી ઉઠેલું રણક્ષેત્ર સૂમસામ થ
ગયું. દુશ્મનાવટ ઉપર નિદ્રાનો પડદો પડયો અને જે જ્યાં
ઉભા હતા ત્યાંના ત્યાંજ ઉંઘવા પડયા. રાત્રિને ત્રીજે પહોર ચંદ્ર
ઉગ્યો એટલે પાછો શંખનાદ થયો. ઉંઘતા સૈનિકો પટાપટ
ઉભા થઇ ગયા અને પાછા એકબીજાનાં ગળાં કાપવા મંડી ગયા.

પરંતુ આ વખતે પાંડવોની એકેએક બાજુએ જિત થવા
લાગી અને કૌરવસૈન્યનો પાછો સંહાર થવા લાગ્યો. તે જોઇને
દુર્યોધન વળી બબડાવરો બબડાવરો દ્રોણાચાર્યની પાસે દોડી ગયો.
તે જતાં વારને કહેવા લાગ્યો કે "આપ હમેશાંજ પાંડવોનું રક્ષણ
કરતા આવ્યા છો તેથી જ તેઓ ફરીફરીને જીતી જાય છે. તેઓ
આપના શિષ્યો છે તેથી અગર મારા પોતાના દુર્ભાગ્યને લીધે,
ગમે તે કારણને લીધે, આપ તેમને લગારે ઇજા ન થાય એવી
રીતે લડો છો."●

આવું સાંભળીને દ્રોણાચાર્યને ખૂબ રીસ ચડી. તેમને હ
હતું અપમાન લાગ્યું. તે બોલ્યા કે "હું ઘરડો છું તોયે મારા
ં જેટલું બળ છે તેટલા બધા જ બળથી લડું છું. તે છતાં તને

× દ્રોણપર્વ, અધ્યા. ૧૮૨.
● દ્રોણપર્વ, અધ્યા ૧૮૪–૪,૮.
૫ ૧૮

તથા અપમાન કરીકરીને ખૂબ દૂભગ્યા હતા, જેથી જે તે મરવા જ મરવું એવો તેમનો નિશ્ચય વધારે દૃઢ થયો હતો. [illegible] ભીમનાં મહેણાં સાંભળીને તેમને પોતાના જીવતર ઉપર [illegible] તિરસ્કાર પેદા થયો. મરવાનો સંકલ્પ સવિશેષ દૃઢ [illegible] જ્યારે કૌરવ અને પાંડવ રાજપુત્રોને સાથે [illegible] ત્યારે ઘરડા તો હતા જ. * આ વખતે તેમની ઉમ્મર [illegible] જેવા આવી હતી. + તે ઉપરાંત છેલ્લા પંદર દિવસથી [illegible] બહાદુરીથી અસાધારણ પરિશ્રમ ઉઠાવીને તે [illegible] [illegible] ઉપરાંત ચૌદમા દિવસની રાતરથી તે પંદરમા દિવસના [illegible] સુધી સતત [illegible] પેઠે [illegible] [illegible] આખુ [illegible], બાકી તે [illegible] [illegible] આના કરતાં વધારે શું કરી શકે? [illegible] [illegible] શિથિલ થઈ ગયું હતું, શરીર [illegible] [illegible] અને તેમાંથી રુધિર [illegible] [illegible] તેમનું બળ ક્ષીણ થયું [illegible] [illegible]

આસપાસ ફરી વળ્યો હતો. તે જમાનામાં એવી વ્યવસ્થા હતી કે પ્રત્યેક યોદ્ધાના રથની પાછળ અસ્ત્રશસ્ત્રથી ભરેલાં બળદ-ગાડાં રહેતાં. તેમને કોઈ વાર આઠ તો કોઈ વાર છ બળદ ખેંચતા હતા.= આગળના રથમાં બેઠેલો યોદ્ધો જેમ જેમ પોતાની પાસેનાં બાણ વાપરી નાખતો, તેમ તેમ તેને તેની પાછળ ચાલ્યાં આવતાં ગાડાંમાંથી જોઈએ તેટલાં બાણનાં ભાથાં પહોંચાડવામાં આવતાં. પાંચાલ સૈન્યે દ્રોણાચાર્યના રથને એવો સજ્જડ ઘેરી લીધો હતો કે બીજે કોઈ ઠેકાણેથી લાવીને તેમને તીરનાં ભાથાં પહોંચાડવાનો માર્ગ જ રહ્યો ન હતો. આ વિપત્તિમાંથી ઉગરવાનો આચાર્યે એકે ઉપાય દીઠો નહિ, તેમ આશાની એક આછી રેખા સરખી તેમને દેખાઇ નહિ. ત્યારે છેવટે લાચાર થઈને તેમણે પોતાના હાથમાંનું ધનુષ્ય ફેંકી દીધું * તીર પાસે ન હોય ત્યારે એકલું ધનુષ્ય શા કામનું ? તેમનાં બીજાં અસ્ત્ર-શસ્ત્ર તો ક્યારનાંએ વપરાઈ ગયાં હતાં. હવે બચવાનો એકે આરો ન રહેવાથી આચાર્યે યોગબળથી પ્રાણત્યાગ કરવાનો સંકલ્પ કર્યો અને પોતાના રથમાંજ આસન વાળીને બેસી ગયા. તે જોઈને વેર લેવાને તલપી રહેલો બળવાન ધૃષ્ટદ્યુમ્ન ભયંકર તલવાર ઉગામીને વીજળીને વેગે ધાયો.

આ જોતાની વારનેજ અર્જુન પોતાના રથમાંથી છલંગ મારીને કૂદી પડયો અને બેઉ હાથ ઉંચા કરીને બૂમો પાડતો પાડતો આચાર્યનો જાન બચાવવાને માટે દોડયો. તે બોલ્યોઃ "અરે ! એમને મારશો નહિ, મારશો નહિ. એમને જીવતાજ આપણી છાવણીમાં લઇ આવો."×

પણ ધૃષ્ટદ્યુમ્ન સાંભળેજ શાનો ! તે તો પોતાના મિત્રોને, પુત્રોને અને પિતાને મારનાર તરફ તેમના સૌના મૃત્યુનું વેર લેવાને માટે ગાંડાની માફક દોડયોજ ગયો. એક છલંગ મારીને આચાર્યના રથ ઉપર તે ચઢી ગયો અને એક હાથમાં તેમની ચોટલી પકડીને બીજે હાથે તેમનું રૂંડું ધડથી જુદું કરી નાખ્યું. બીજીજ પળે તોફાની આચાર્યનું લોહીનીંગળતું માથું પોતાના સૈન્ય તરફ ફેંકીને હુંકાર કર્યો. તેમનું લોહીથી ખરડાએલું ધડ

= દ્રોણપર્વ, ૧૭૦-૧. ૭૧-૧૪.
* દ્રોણપર્વ, ૧૯૨-૪૨
× દ્રોણપર્વ, ૧૯૨-૧૫, ૧૭, ૪૩. ૧૯૨-૫૪, ૬૪.


રથમાંથી નીચે ગબડી પડ્યું. તેજ વખતે પાંચાલોએ [illegible] થઈને [illegible] ગાજી મૂક્યું.

હવે પાંડવો, અને પાંચાલોની સેના જયનાદ [illegible] કૌરવસેના ઉપર તૂટી પડી. [illegible] કૌરવસેના ભગે તેમ [illegible] રીતે [illegible] હથિયાર. દુઃશાસન. કર્ણ. કૃપ, શલ્ય તથા [illegible] તે [illegible] [illegible]

[illegible]

હતો, જેમણે કૌરવોના પૈસાથી લોભાઈને બ્રહ્માસ્ત્ર વ[illegible] અસંખ્ય સૈનિકોની કાયદા વિરુદ્ધ કતલ કરી હતી તેમને અત્યારે તે પોકેપોક મૂકીને રડતો હતો. તે બોલ્યો: "અ[illegible] જે અમારા ઉપર પોતાના પેટના દીકરા કરતાં પણ વધારે [illegible] રાખતા હતા તેમનેજ અમે મારી નાખ્યા! હું તેમને [illegible] પિતા, પુત્ર, બંધુ, અરે! જરૂર પડે તો મારું જીવન [illegible] ઓવારી નાખીશ એવો તેમને વિશ્વાસ હતો. આજે અમે તે[illegible] રતાં ઉલટુંજ આચરણ કર્યું. અમે લોભને વશ થઈનેજ તેમ[illegible] ત્યા કરી. લોભ એજ મનુષ્યનો પરમ શત્રુ છે."

અર્જુન સત્યજ કહે છે કે લોભ એજ દુઃખનું મૂળ છે. જગ[illegible]માં લોભ અને મોહ ન હોત તો તે સ્વર્ગતુલ્ય થઈ ગયું હોત.*




* મહાભારતમાં એવું લખ્યું છે કે કૃષ્ણે ધર્મનો ત્યાગ કરીને દ્રોણાચાર્યનો વધ કરવાની પાંડવોને સલાહ આપી હતી. તે સલાહ મુજબ અશ્વત્થામા નામના એક હાથીને મારીને ભીમ તેમની પાસે જઈને કહેવા લાગ્યો કે, અશ્વત્થામા મરાયો. દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું ત્યારે તેમણે પણ તે વાતને ટેકો આપ્યો. વગેરે વગેરે. અમારા અભિપ્રાય પ્રમાણે આ બધી બીના પાછળથી દાખલ થઈ ગઈ છે. એટલા માટે અમે એ બાબતને પ્રસ્તુત ગ્રંથમાં સ્થાન આપ્યું નથી. આ [illegible] અને [illegible] તેને લગતું વિવેચન અને [illegible] કર્યું છે અને અમારા મનના સમર્થનમાં સાહિત્યસમ્રાટ બંકિમચંદ્રનો અભિપ્રાય પણ ટાંક્યો [illegible]



# ७–कर्ण पर्व

## પ્રકરણ ૧ લું–કર્ણનો વધ

હવે તો ભીષ્મદેવ અને દ્રોણાચાર્ય બેઉ ગયા. હવે કૌરવસેનાનું રક્ષણ કોણે કરવું એ પ્રશ્ન પાછો ઉભો થયો. અસ્ત-વ્યસ્ત અને હતાશ થઇ ગએલી કૌરવસેનાને પાછી ટટાર કરીને તેનામાં શૌર્યનો સંચાર કોણે કરવો ? જેની અક્કલને તાળાં દેવાઈ ગયાં હતાં એવા દુર્યોધને આ વખતે સેનાધિપતિ તરીકેની જવાબદારી કર્ણને સોંપી અને આવતી કાલથી તે આખા કૌરવસૈન્યનો સેનાધિપતિ નીમાયો છે એવું જાહેર કરી દીધું.

સવાર પડતાંજ સોળમા દિવસનું ભયંકર યુદ્ધ પાછું શરૂ થયું. બેઉ તરફનાં સૈન્યો એકબીજાનો સંહાર કરવા મંડી પડયાં. કૌરવોના તરફથી લડવા આવેલા અંગ, બંગ, તામ્રલિપ્ત, પુંડ્ર, કલિંગ, ઉત્કલ વગેરે દેશોનાં ગજસૈન્યે આજની લડાઇમાં ભારે ઉત્સાહથી પાંચાલસૈન્ય ઉપર આક્રમણ કર્યું. ઉન્મત્ત હાથીઓએ સામા પક્ષના ઘણા લડવૈયાઓને સૂંઢવતી પકડીને પગતળે છૂંદી માર્યા. આ બાજુએ મહાવીર અર્જુન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો વગેરે પ્રસિદ્ધ યોદ્ધાઓ તેમની સામે ઝૂઝવા લાગ્યા. આ લડાઇમાં બંગાળી યોદ્ધાઓએ તેમનું ખરેખરૂ પાણી બતાવ્યું. બંગ દેશનો રાજા એક પર્વત જેવા કદાવર અને મદોન્મત્ત હાથી ઉપર બેઠો બેઠો પોતાના બંગાળી સૈન્યનું નિયમન કરી રહ્યો હતો અને પાંડવો તથા પાંચાલોના સૈન્યમાંથી ઘણાનો ખુરદો કાઢી નાખતો હતો. એવામાં સાત્યકિના ધનુષ્યમાંથી છૂટેલું એક બાણ ભારે વેગથી આવીને તે હાથીના મર્મસ્થળમાં ઘોચાઈ ગયું અને વાગતાની સાથેજ તે પ્રચંડ હાથી એક ભયાનક ત્રાડ મારીને જમીન પર

આભોટી પડયો; પણ જેવો તે પડયો તેવોજ અંગદેશનો [illegible]
અમદસૂચકતા વાપરીને તેના ઉપરથી કૂદી પડયો. પણ [illegible]
પળે સાત્યકિના બીજા એક બાણથી તે વીંધાઈ જઇને મ[illegible]
પામ્યો. સહદેવે ઘણાજ પરાક્રમી ગણાતા પુંડ્ર દેશના રાજ[illegible]
માર્યો અને નકુલે અંગદેશના રાજાનું ડોકું ઉડાવી દીધું[illegible]
જોઇને તામ્રલિપ્ત, કલિંગ અને ઉત્કલ દેશનું સૈન્ય વાહ[illegible]
કરીને પાંડવો અને પાંચાલોના સૈન્ય ઉપર તૂટી પડયું અને તેન[illegible]
સંહાર કરવા લાગ્યું. તેમના ગજસૈન્યે હજારો સૈનિકોને પગ[illegible]
તળે છૂંદી માર્યા. સહદેવે પણ ભારે શૌર્યપૂર્વક બાણ વડે ઘણા[illegible]
હાથીને તેમના ગર્મસ્થલમાં જખમી કરીને જમીનદોસ્ત કરી[illegible]
દીધા. નકુલને હાથે પણ બીજા ઘણા હાથી માર્યા ગયા. હાથી-
ઓની ફૂકટી ઉપર પાંડવ અને પાંચાલ સૈન્યમાંથી બાણની
લાગલાગટ વૃષ્ટિ થતી હતી, અને તે બધાં તીક્ષ્ણ બાણ તેમનાં
શરીરમાં પેંચાયાજ કરતાં હતાં. પરંતુ તે છતાં એ ગજસૈન્યે
ઉત્કટની ઘડી સુધી પાછી પાની કરી નહિ અને તેમાંનો એકેએક
હાથી અને મહાવત માર્યો ગયો ત્યાંસુધી તેમણે સામા પક્ષનો
એકસરખી રીતે નાશ કર્યોજ કર્યો.*

બીજી બાજુએ દુર્યોધન અને યુધિષ્ઠિર ફરી ફરીને એક-
[illegible]સાથે લડયા તેમાં દરેક વખતે દુર્યોધનનીજ હાર થઈ. કર્ણે
[illegible]કે પાંડવો ઉપર આક્રમણ કર્યું. તેણે આ વખતની લડાઈમાં
[illegible]ની તમામ શક્તિ, બળ અને કુશળતાનો ઉપયોગ કર્યો;
પાંડવોમાંથી કોઈને પણ હરાવી શકયો નહિ. કૌરવસેનાનો
[illegible] બાજુએથી પરાજય થયો અને છિન્નભિન્ન થઇને નાસવા
[illegible] એમ કરતાં સાંજ પડી એટલે યુદ્ધ બંધ થયું.
[illegible]વળી પાછી સવાર થતાંજ લડાઈ [illegible] તે વખતે કર્ણે
[illegible]ને કહ્યું: "[illegible] સારથિ જેવો કોઈએ તેવો કુશળ નથી
[illegible] [illegible] કબૂલ કરે તો મને વિશ્વાસ
[illegible] કરી [illegible]"
[illegible] દુર્યોધનની મરજી [illegible]
[illegible]
[illegible]
[illegible]

* [illegible]

તેની આંખો ક્રોધથી લાલચોળ થઇ ગઇ. તે ભમર ચઢાવીને પોતા
ના બેઉ હાથના ચાળા કરતો બોલ્યો: "અરે ગાંધારીના પુત્ર! તું
મને કર્ણના સારથિ થવાનું કહેવા આવ્યા છો ? હું રાજા અને
મહારથી છું તે તમે જાણો છો ? શું હું અતિસામાન્ય-અને
અધમ જાતિના રથહાંકેડુના છોકરાનો સારથિ થાઉં ? તમારી વાત
સાંભળીને હું મારૂં ભારે અપમાન થએલું જોઉં છું; તેથી મારે
હવે યુદ્ધ કરવું જ નથી. હું અબઘડી મારે દેશ ચાલ્યો જાઉં છું."

શલ્ય રાજા તો ત્યાંથીજ ઉઠીને ઉભો થયો અને રાજા
ઓની મિજલસ છોડીને ત્યાંથી ઉતાવળે પગલે ચાલતો થયો.
દુર્યોધન તેની પાછળ દોડયો અને તેની અનેક રીતે કાલાવાલા
કરીને પુષ્કળ ખુશામત કરી. તેણે કહ્યું કે "તમે કહો છો તે
બધુંજ સાચું છે. તમારી સાથે કર્ણની કોઇ પણ રીતે સર
ખામણી કરાયજ નહિ. તમે તો કૃષ્ણ કરતાંએ શ્રેષ્ઠ છો. એટલા
માટે મારી આ ખરી વિપત્તિને વખતે તમને સારથિ થવાની
વિનંતિ કરવા આવ્યો છું."

ત્યારે શલ્ય પાછો રાજી થઇ ગયો. તે બોલ્યો: "તમે
આખા સૈન્યના સાંભળતાં મને કૃષ્ણ કરતાં પણ શ્રેષ્ઠ કહ્યો તેથી
હું ઘણો રાજી થયો છું. ભલે, તમારી ખાતર હું સારથિનું
ઘણુંજ હલકું કામ કરવા તૈયાર છું; પણ યાદ રાખજો, હું
ખરાબોલો છું. કર્ણ કદી અસત્ય અથવા અયોગ્ય વચન બોલશે
અથવા તો અન્યાયભરેલું વર્તન કરશે તો હું તેને ત્યાંને
ત્યાંજ ખખડાવી કાઢીશ.÷ દુર્યોધન લાચાર થઇ ગયો હતો.
તેથી તેને આ શરત કબૂલ કરવી પડી.

પછી કર્ણે શલ્યને પોતાનો સારથિ બનાવીને સત્તરમા
દિવસના યુદ્ધનો આરંભ કર્યો અને જાતેજ લડવા માટે ઉતરી
પડયો. તે વારંવાર બડાઇ મારવા લાગ્યો કે "કૃષ્ણ અને અર્જુન
બેઉ જણ મારાથી બ્હીને જરૂર નાસી ગયા છે. કોઇ મને તેમનો
પત્તો મેળવી આપશે તેને હું હાથી, ઘોડા, રથ, ધન અને મારું
રાજ્ય સુદ્ધાં આપી દઈશ." આવું એક વાર નહિ, બે વાર નહિ
પણ ફરી ફરીને સાંભળ્યાથી આખરે શલ્યની ધીરજ ખૂટી ગઈ.
તે મોટેથી ખડખડાટ હસી પડયો અને બોલ્યો કે "કર્ણ! તારે
આટલા બધા નુકસાનમાં ઉતરવાની જરૂરજ નહિ પડે. તારે

÷ કર્ણપર્વ, અધ્યાય ૩૨.

ઈચ્છા હશે તો તને અર્જુન પણ મળશે અને કૃષ્ણ પણ મળ
જશે. શિયાળ સિંહનો શિકાર કરવાની ઉમેદ રાખે છે! ખૂબ
તો જુઓ!" એટલે તો કર્ણ ધુઆંપુઆં થઈ ગયો. તે બોલ્યો
"જે પોતે ગુણહીન છે તે ગુણવાનને શી રીતે ઓળખવાનો
હતો? તું મદ્ર દેશનો રહીશ. તારા દેશમાં સ્ત્રીપુરુષ, બાપ દીકરો,
બધાએ ભેગા થઈને દારૂ ઢીંચે છે; પછી દારૂનો નશો ચઢે
એટલે નાગાં થઈને નાચે છે અને ગાય છે. તું એવી કોઈ
અધમ જાતિની સ્ત્રીને પેટે પાકેલો લાગે છે! તારા જેવા મ્લેચ્છ
જાતિના માણસ પાસેથી શી મોટી આશા રાખી શકાય?"
પરંતુ એથી શલ્ય કાંઈ દબાઈ જાય એવો ન હતો. બેઉ જણે
એકબીજાને મનમાં આવે તેવી ગાળો દઈ નાખી.÷ પરંતુ
એટલું બધું થયું તે છતાં મહાવીર શલ્યે પોતાનું સારથિનું
બિલકુલ ભૂલ વગર બજાવ્યે જ રાખ્યું.

પછી કર્ણે પાંડવસેના ઉપર આક્રમણ કર્યું અને તેમનો
જ બહાદુરીથી સંહાર કરવા લાગ્યો. તેને હાથે પાંડવોના
ઘણા લડવૈયા માર્યા ગયા. એટલે ભીમસેન પ્રચંડ વેગથી
ઉપર ધસી આવ્યો. તેણે તેના ઉપર એવો એક સખત
કર્યો કે કર્ણ બેભાન થઈને પોતાના રથમાં પડી ગયો.
ને શલ્યે તેનો રથ હાંકી મૂક્યો અને તેને રણક્ષેત્રથી દૂર
ગયો. તે વખતે દુર્યોધનના કેટલાક ભાઈઓ ભીમને ઘેરી
વળ્યા, પણ તે બધાએ એક પછી એક ભીમને હાથે માર્યા ગયા.

હવે દુઃશાસન હદ કરતાં વધારે સાહસ કરીને ભીમની
સામે લડવા ગયો. તેને જોઈને ભીમના હાથમાં ખમણું જોર
આવ્યું. તે બોલ્યો: "નરાધમ! દ્રૌપદીનો ચોટલો ખેંચનાર
અને ભરીસભામાં તેનું વસ્ત્ર ખેંચનાર તે તું જ કેની?" એમ
કહીને ભીમ તેના ઉપર જોસભેર તૂટી પડ્યો. તેની ગદાના ઝપા-
ટાથી દુઃશાસનના ચારે ઘોડા માર્યા ગયા અને તેનો રથ પણ
નકામો થઈ ગયો. બીજી જ પળે એક ગદાનો પ્રહાર કરીને તેણે
દુઃશાસનને જમીન ઉપર ગબડાવી પાડીને ભીમ તેની છાતી
ઉપર ચઢી બેઠો. પોતાના બેઉ પગ વડે તેના ગળાની ઘાંટી પી-
સી તલવારથી તેની છાતી ચીરી નાખી અને તેના ઉપર નીચા
વળીને તેનું ગરમ ગરમ લોહી પીવા લાગ્યો. તે દુઃશાસનની

÷ કર્ણપર્વ—અધ્યાય ૩૯,૪૦.

પીડાનો તો કાંઇ શુમારજ ન હતો. જ્યારે તેનું લોહી પીને ભીમની વેરવૃત્તિ ટાઢી પડી ત્યારે તેની છાતી ઉપરથી ઉઠયો અને તલવારથી તેનું ડોકું કાપી નાખ્યું. પછી તે નાચતો ગયો અને બોલતો ગયોઃ "આહાહાહા ! આજે જાણે અમૃત પીધું હોય એટલી મને ટાઢક વળી. આ અમૃતની સરખામણીમાં માનાં સ્તનનું દૂધ, બીજાં દૂધ, દહીં, ઘી, મધ, કશા હિસાબમાંજ નથી. આ દુષ્ટે દ્રૌપદીના ઉપર રોમાંચકારી જુલમ કર્યો હતો તેનું વેર આજે હોલવાયું. હવે એક દુર્યોધન બાકી રહી ગયો છે." ભીમ એમ બોલીને નાચતો જાય અને મોઢેથી હુંકાર કરતો જાય. દુર્યોધને આઘેથી આ કમકમાટી ઉપજાવે એવું દૃશ્ય દીઠું. ભીમ કેવી રીતે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરે છે તે રીત પણ તેણે દીઠી અને તેથી તે ભયભીત થઇને ધ્રૂજી ઉઠયો. ત્યાં આગળ કર્ણ, કૃપ, કૃતવર્મા, અશ્વત્થામા, દુર્યોધન પોતે તથા બીજા ઘણા ભાઇઓ ઉભા હતા પણ દુઃશાસનની મદદે જવાની અગર ભીમને તેને મારતો અટકાવવાની કોઇની હિંમતજ ન ચાલી. એથી ઉલટું ભીમની તે વખતની ભયંકર કાળ જેવી મૂર્તિ જોઇને "આ કોઈ માણુસ લાગતો નથી" એવી બૂમો પાડતા પાડતા કૌરવ સેનાના લડવૈયા પોતાનાં હથિયાર ફેંકી દઇને નાસાનાસ કરવા લાગ્યા. ભીમના વેરનો અગ્નિ આજે પૂરભભકમાં સળગી ઉઠયો હતો. દુઃશાસનના રુધિરપાનથી તેનામાં ઘી હોમાયું હતું. હવે તે જયોન્મત્ત બનીને દુર્યોધન અને બીજા બધાના દેખતાંજ દુર્યોધનના ભાઇઓને પકડી પકડીને ઝબ્બે કરવા મંડયો અને જેમ જેમ એક એક કૌરવ મરાતો ગયો, તેમ તેમ એક એક ભયંકર ત્રાડ પાડીને રણક્ષેત્ર ગજવવા લાગ્યો.

અર્જુન સંશપ્તકો અને નારાયણી સેનાને મારી પરવાર્યો ત્યારે જ્યાં પોતાનું સૈન્ય હતું ત્યાં પાછો આવ્યો. ત્યાં તેણે યુધિષ્ઠિરને દીઠા નહિ તેથી તે ચિન્તાતુર થઇને છાવણીમાં ગયો. તે વખતે યુધિષ્ઠિર કર્ણનાં બાણુથી જખમી થઇને અને સખત હાર ખાઇને પોતાની છાવણીમાં જઇને સૂતા હતા. પોતાના મોટાભાઇના જીવને હાનિ થઈ નથી એમ જાણીને છાવણીમાં થોડી વાર આરામ લીધા પછી પાછો અર્જુન રણસંગ્રામમાં જવા તૈયાર થયો. આ વખતે કૃષ્ણે તેના બળનાં, શૌર્યનાં, પરાક્રમનાં ખૂબ વખા કરીને તેને ' ' ચઢાવ્યો અને દુર્યો ' નઠારી

શિખામણ દઈને તેની પાપમાં પ્રવૃત્તિ કરનાર દ્રૌપદીના ઉપર જો દયા ન થાય એવો જુલમ કરનાર આ કર્ણ જ છે તેનું શરણ તેને દૂરથી લાગું કરાવી દીધું. આ રીતે કર્ણને હણવાને માટે અર્જુનને પૂરેપૂરું પાણી ચઢાવીને તેને પૂરેપુરો તૈયાર કરીને કૃષ્ણ તેને સમરાંગણમાં લેઈ ગયા.

આ બાજુએ શલ્ય વગેરે કૌરવપક્ષના નેતાઓ કર્ણને આગળ કરીને યુદ્ધ કરવા આવી પહોંચ્યા. પછી કર્ણ અને અર્જુન વચ્ચે દારુણ યુદ્ધ જામ્યું. ઉત્તમૌજાએ કર્ણની નજર આગળજ તેના એક પુત્રનું ડોકું ઉડાવી દીધું. સાત્યકિએ તેના એક બીજા પુત્રને ઠાર કર્યો. અર્જુને વળી વૃષસેન નામના તેના એક ત્રીજા પુત્રને મારી નાખ્યો. આ રીતે પોતાના ત્રણ અત્યંત પ્રિય પુત્રોના મરણથી કર્ણ ઘણોજ આકુળવ્યાકુળ થઇ ગયો. તે આંખમાંથી બોર બોર જેવાં આંસુ પાડતો ગયો અને અર્જુન ઉપર બાણની અવિરત ધારા વરસાવતો ગયો. તેનાથી કૃષ્ણ અને અર્જુન બેઉ જખમી થયા. અર્જુને પણ તેને તીક્ષ્ણ બાણો વડે ઘણી જગ્યાએ વીંધી નાખ્યો, જેથી તેના કદાવર શરીરમાં-થી લોહીના રેલા નીકળવા લાગ્યા. અર્જુને પોતાના મામા શલ્યને પણ બાણો વડે ઘાયલ કરી દીધો.

દુર્યોધન અને અશ્વત્થામા વગેરે સૌ આજે સ્પષ્ટ જોઇ શક્યા કે અર્જુન કર્ણના કરતાં દરેક બાબતમાં ચઢીઆતો નીવડયો હતો. તેના ઉપર બાણની અખંડ ઝડી વરસાવીને તેને કાયર કાયર કરી નાખતો હતો અને કર્ણનાથી કોઇ પણ રીતે અર્જુનની બરોબરી કરી શકાતી ન હતી, કોઇ પણ રીતે તેની સાથેની હરીફાઈમાં તેનાથી ટકી શકાતું ન હતું. આ બધું જોઇને અશ્વ-ત્થામા દુર્યોધનને કહેવા લાગ્યા કે "રાજા! હવે સંધિ કરવી એજ તમારે માટે સાચો માર્ગ છે. તેમ કરશો તો પાંડવોની ભાગી-દારીમાં તમે આખા ભારતવર્ષનું રાજ્ય ભોગવી શકશો. તમારા પક્ષના મોટા મોટા અસ્ત્રવિદ્યામાં પ્રવીણ યોદ્ધાઓ જેવા કે મારા પિતા, ભીષ્મદેવ વગેરે તો માર્યા ગયા છે. બીજું કૃષ્ણને પોતા-ને યુદ્ધ લંબાવવાની ઇચ્છા મુદ્દલે નથી. યુધિષ્ઠિર તો પહેલેથીજ સૌનું ભલુંજ ઇચ્છે છે અને સૌનું ભલું થાય એવાંજ કામ કરતા આવ્યા છે. તેમને કહીશું તો આટલા બધા માણસોની

* કર્ણપર્વ, ૫૯-૧

[illegible] અટકાવવાને તે કબૂલ થયા વગર રહેશે નહિ. અર્જુન પોતે પણ ઘણો ગુણવાન છે. તે કારણ તમારે માટે અને તે સમગ્ર ભારતના હિતનો વિચાર કરીને સુલેહ કરવા જોઈએ. તમે મારું કહેવું નહિ માનો તો અંતે તમારે પસ્તાવું પડશે અને છેવટે તમારા શત્રુઓને હાથેજ માર્યા જશો." દુર્યોધન બોલ્યો: "અરે શું બીકણ છો? કર્ણ હમણાં અર્જુનને [illegible] નાખશે."

[illegible] વાદળમાંથી નીકળીને બીજા વાદળમાં [illegible] પેસી જાય છે, તેમ અર્જુનના [illegible] સૂર્યના તેજમાં [illegible] કર્ણના શરીરમાં [illegible] નાનાં નાનાં [illegible] [illegible]


હું આજે યાદ કર અને તેની સજા ભોગવવા તૈયાર થઈ જ


કૃષ્ણનું આવું મહેણું સાંભળીને કર્ણ પગથી તે મા
સુધી સળગી ઉઠયો અને તેણે જીવ પર આવીને અર્જુન-
ઉપર બાણોનો વરસાદ વરસાવી મૂકયો. આ વખતની તેની યુદ્ધ
કુશળતા અને બહાદુરી જોઇને સૌ આંગળાં કરડવા લાગ્યા.
તેનાં એકેએક બાણ અર્જુનના શરીરમાં ખૂંપી ગયાં અને ઘણી
જગ્યાએ તે જખમી થયો. વેદનાથી તેનો હાથ ધ્રૂજવા લાગ્યો.
તેનાથી ધનુષ્ય ખેંચવાનું અશકય થઇ પડયું. તેજ પળે કર્ણ
પોતાના રથમાંથી એક છલંગ મારીને નીચે કૂદી પડયો અને
બેઉ હાથે પૈડું પકડીને તેને ઉપાડવા ગયો તેવાજ કૃષ્ણ અર્જુન-
ને કહેવા લાગ્યાઃ "અરે ! માર માર, શું જોઇ રહ્યો છે ? આજ
તેને મારવાનો ખરેખરો લાગ છે." તેની સાથેજ અર્જુનના
ધનુષ્યમાંથી એક તીક્ષ્ણ બાણ છૂટયું અને કર્ણની ગરદનને
તેના ધડથી છૂટી કરીને ચાલતું થયું. તેનું સોનાનાં કુંડળથી
શોભતું મસ્તક ધૂળમાં રગદોળાતું થઇ ગયું. તેજ ક્ષણે પાંડવ અને
પાંચાલ સૈન્યમાં ભયંકર સિંહગર્જના સંભળાઇ અને તેનાથી
આખું રણક્ષેત્ર ગાજી ઉઠયું. તેની સાથે સાથે કૌરવ સૈન્યના
હાહાકારથી પણ આકાશ પરિપૂર્ણ થઈ ગયું. આ રીતે સૂર્યાસ્ત
થતાની સાથે કર્ણના અનુપમ આત્મગૌરવનો પણ અસ્ત થયો.

હવે પાંડવો અને પાંચાલોનું સૈન્ય જયનાદ ગજવતું,
શંખધ્વનિ કરતું, રણવાદ્યો વગાડતું નાસભાગ કરતી કૌરવ-
સેનાની પાછળ દોડયું અને ભયંકર કતલખાનું મચી રહ્યું.
કૌરવસેના હવે પૂરેપુરી નાસભાગ કરવા લાગી અને અતિશય
ગરબડ ગોટાળો થઇ રહ્યો. ભયભીત થએલા રથીઓ, સ્વારો
અને પાયદળ સૈન્ય દોડતા હાથીઓના પગ તળે છુંદાઈ મુઆ.
દોડતા ઘોડાની ઝડફટમાં આવી જઇને અને રથનાં પૈડાં નીચે
ચગદાઇ જઇને માર્યા ગયા તે તો જુદા. આમ અવ્યવસ્થિતપણે
નાસતી કૌરવસેનાની કતલ કરવાનું કામ પાંડવ સેનાને માટે
રમત જેવું હતું. દુર્યોધનને પોતાના ભાઈઓના મરણનો ઘા
લાગ્યોજ હતો તેમાં વળી કર્ણ પણ ગયો એટલે તેના દુઃખનો
પાર જ રહ્યો ન હતો. જેની દ્રઢતાથી તેણે કેટલાંયે સુખમય
સ્વપ્ન સેવ્યાં હતાં, જેની મદદથી આખા ભારતવર્ષના સમ્રાટ
થવાની તેણે ઉમેદ રાખી હતી, તે સ્વપ્ન ઉડી ગયાં, તે ઉમેદ

યુદ્ધમાં મળી ગઈ. પોતાના નિરપરાધી ધર્મપરાયણ ભાઈઓના ઉપર પોતે કેવા કેવા જુલમ ગુજાર્યા હતા તેનું ચાડું [illegible] તેની નજર સામે આવીને ઉભું રહ્યું હતું તે બાબતનો વિચાર કરતાં તે શોક અને દુઃખથી ગાંડા જેવો બની ગયો. અતિ [illegible] [illegible] [illegible]. જે દૈન્ય થયો તેવો પોતાનો પણ વહેલો [illegible] [illegible] તે [illegible] તેનો ગભરાટ ઘણોજ વધી પડયો. ત્યારે તો [illegible] [illegible] ઉપાય ન હોવાથી તે પણ રણક્ષેત્રમાંથી નાઠો. અને [illegible] [illegible]. [illegible] અને મિત્રો વગરનો અસહાય થઈને "[illegible] [illegible] [illegible]!" એમ કલ્પાંત કરતો તે પોતાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થયો.

[illegible] અંધકારના ઓળા પથરાતા હતા અને દુર્યો[illegible] [illegible] પણ અંધકારનું રાજ્ય જામતું હતું.×





# ૮—શલ્ય પર્વ

## પ્રકરણ ૧ લું—શલ્યનો વધ

રાત પડી ગઈ હતી. પાંડવો અને પાંચાલોની છાવણીમાંથ વારંવાર આનંદના ધ્વનિ સંભળાતા હતા. ગઈ કાલે જ્યાં શોકન હૃદયવિદારક આર્ત આક્રન્દ થયાં હોય ત્યાં આજે આનંદો-ત્સવ થઇ રહે છે; મનુષ્ય એવુંજ ભૂલકણું પ્રાણી છે! યુધિષ્ઠિર કાન્ત હર્ષના આવેશમાં બોલી ઉઠયા: "જે કર્ણના પરાક્રમની વાતો સંભારીને આપણને રાતદિવસ ચેન પડતું ન હતું, રાતે ઉંઘ પણ આવતી ન હતી તે કર્ણ આજે માર્યો ગયો!" દ્રૌપદી-ના આનંદમાં પણ કાંઇ મણા ન હતી. જે હાથે તેનો ચોટલો ખેંચ્યો હતો તે હાથ આજે કપાઇને શરીરથી છૂટો થઈ ગયો હતો. આજે તે પણ હરખાતી હતી. આજના આનંદની ભરતી-માં તેના અતિ વહાલા પુત્રનો શોક, સમુદ્રમાં જેમ જળનો પરપોટો વિલીન થઇ જાય તેમ વિલીન થઈ ગયો હતો. આવડી મોટી પાંડવોની વિશાળ છાવણીમાં માત્ર એકજ વ્યક્તિ એકાંતમાં એકલી બેઠી બેઠી અશ્રુ વહાવતી હતી. તેની આસપાસ આનંદ અને ઉલ્લાસની હેલી મચી રહી હતી પણ તેથી તેના અંતરનું દુઃખ દૂર થતું ન હતું. તે એકલી અનાથ વિધવા ઉન્માદિનીની માફક રડયા કરતી હતી. ભારતના સામ્રાજ્યથી—અરે આખી પૃથ્વીના સામ્રાજ્યથી પણ તેનું દુઃખ ફીટે એવું ન હતું.

હવે કૌરવોની છાવણી તરફ નજર ફેરવી આવીએ. ત્યાં આજે બધું ચૂપચાપ, શોક અને અપકારમય હતું. દુર્યોધન હાથ ઉપર માથું ટેકવીને પોતાનાં કુકર્મનો, વડીલોની શિખા-મણ નહિ માન્યાનો પશ્ચાત્તાપ કરતો બેઠો હતો, ધૃતરાષ્ટ્રને માટે

શોક કરતો હતો. અરે ! ભૂતકાળ કેમ પાછો નહિ આવતો હોય ? ભૂતકાળમાં કરેલી ભૂલોને ભવિષ્યમાં સુધારી લેવાની તક કેમ નહિ મળતી હોય ?

એવામાં રાત્રિને વખતે સેનાપતિ કૃપાચાર્ય પોતાનાં પગલાંનો અવાજ ન થાય એવી રીતે રાજાની પાસે આવીને બેઠા. વળી પાછો દુર્યોધન પોતાના ઉપર તપી ન જાય તેટલા વાસ્તે બ્હીતાં બ્હીતાં ખૂબ નમ્રતાપૂર્વક તેને કહેવા લાગ્યાઃ "રાજેન્દ્ર ! બુદ્ધિમાન માણસ હમેશાં આગળ પાછળનો વિચાર કરીનેજ કામ કરે છે. તમારૂં અગણિત સૈન્ય જે એક વાર રણક્ષેત્રમાં વિશાળ મહાસાગરની માફક નાખી નજર પહોંચે નહિ એટલે દૂર સુધી પથરાઈ ગયું હતું તેમાંનું આજે હવે કાંઈજ રહ્યું નથી. તમારા ભાઈઓ, સ્નેહીઓ અને ભીષ્મ, દ્રોણ તથા કર્ણ જેવા મહાવીર સાથીઓ બધાએ યુદ્ધમાં કામ આવી ગયા છે. તમે સાધુ પુરુષ જેવા પાંડવો ઉપર વિનાકારણે જુલમો કર્યા હતા તેનું આ ફળ છે એમ માની લેજો.= બિચારા પાંડવો–નહોતી તેમને કોઈની મદદ, નહોતાં તેમની પાસે કશાં સાધનો, નહોતું તેમને પગ મૂકીને ઉભા રહેવા જેવું કોઈ સ્થાન–છતાં તે કંગાલ ગરીબડા ગણાતા પાંડવોએ આજે જાણે હિમાલયને ખોદીને તેના ભૂકેભૂકા ઉડાવી દીધા હોય એવું કામ કરી બતાવ્યું છે. પણ રાજાજી ! બગડી ગએલી બાજીને સુધારી લેવાનો હજી વખત છે. હજી પણ તમે પાંડવોની સાથે સુલેહ કરી લેશો તો તમે તમારૂં જીવન અને તમારા ભાગનું રાજ્ય, બેઉને ઉગારી શકશો. તમે કૃષ્ણ અને યુધિષ્ઠિરની પાસે જશો તો હજીએ સંધિ કરવાનું બની શકશે.

દુર્યોધન આ બધું સાંભળી રહ્યો. થોડી વાર સુધી તેણે કશો ઉત્તર આપ્યો નહિ. પછી એક ઉંડો નિઃશ્વાસ મૂકીને તે બોલ્યોઃ "ગુરુદેવ ! મારા હિતને ખાતર આપને જે કહેવાનું ઉચિત હતું તે આપે કહ્યું છે; છતાં આપની સલાહ મુજબ વર્તવાનું મારે માટે અશકય છે. હું આજ સુધી મારા પોતાના જ પુરુષાર્થ વડે આખા ભારતના સામ્રાજ્યનો કુલ માલિક થઈને બેઠો હતો તે હું તુચ્છ–અતિતુચ્છ યુધિષ્ઠિરની પાસે શું ભીખ માગવા જાઉં ? શું હું તેની દયાની યાચના કરૂં ? એ તો કોઈ

= શલ્યપર્વ, ૪–૪૦

ાળે બનવાનું નથી. મેં મારૂં ઉંચું, અતિ ગર્વિષ્ઠ મસ્તક આજ
દિન સુધી કોઇની આગળ નમાવ્યું નથી અને ભવિષ્યમાં
નમાવનાર પણ નથી. અને એમ કરતાં યે તેઓ મારા ઉપર
દયા લાવે એની શી ખાત્રી ? મેં પહેલેથી છેવટ સુધી તેમના
ઉપર જુલમ કરવામાં બાકી રાખી નથી. ભરસભામાં દ્રોપદીનું
અમે કાંઈ થોડું અપમાન કર્યું છે ? એ દુઃખે તો આજ ચૌદ
ચૌદ વર્ષથી તે ભોંય ઉપરજ સૂએ છે. મારા અપમાનનું વેર ન
લેવાય ત્યાં સુધી હું ભોંય ઉપરજ સૂઈશ, એવી તેણે પ્રતિજ્ઞા
લીધી છે. પેલે દહાડેજ અમે સાત રથીઓએ મળીને તેમના
વહાલા પુત્રને મારી નાખ્યો તે શું તેઓ ભૂલી ગયા હશે ? કોણ
ભૂલી જાય ? હવે પાંડવોની સાથે અમારી સુલેહ, અમારી મૈત્રીની
આપ વાતજ ન કરશો. જો અંધકાર અને પ્રકાશની મૈત્રી થાય,
બેઉ એકકે વખતે એકજ જગ્યાએ સાથે રહી શકે તો મારી
અને પાંડવો વચ્ચે મૈત્રી સ્થપાય, નહિ તો નહિ. હું તો યુદ્ધ
કરવાનો નિશ્ચયજ કરી ચૂકયો છું."

પછી દુર્યોધને અશ્વત્થામાને પૂછ્યું: "હવે સેનાધિપતિની
જગ્યાએ આપણે કોની નિમણુક કરીશું ?" અશ્વત્થામાએ કહ્યું:
"મહાવીર શલ્ય એ પદને માટે યોગ્ય છે. તેમણે પોતાના ઉપર
કરેલા આભારની ખાતરજ પોતાના ભાણેજ અને જમાઇનું
સગપણ તોડીને પોતાના તમામ સૈન્ય સહિત તમને અત્યાર
સુધી મદદ કરી છે. વળી તે તમામ ગુણના આધારસ્વરૂપ છે.×
તેમનેજ એ પદ આપશો તો યોગ્ય થશે." દુર્યોધને તે ઉપરથી
શલ્યની નિમણુક કરી. તેને એ પદ આપતાં કહ્યું: "મામા ! હવે
શત્રુ કોણ અને મિત્ર કોણ તેની પરીક્ષા કરવાનો આ અવસર
છે." શલ્ય બોલ્યો: "મહારાજ ! મેં તમારૂં હિત કરવાને મારૂં
રાજ્ય, મારી સંપત્તિ અને મારો પ્રાણ સુદ્ધાં ઓવારી નાખ્યાં છે."*

પછી તે ભયંકર રાત્રિ પૂરી થઈ અને અઢારમા દિવસનું
પ્રભાત થયું. ગઇ કાલની કતલમાંથી બચી જવા પામેલું કૌરવસૈન્ય
અને પાંડવસૈન્ય પાછાં લડવાને તૈયાર થઈ ગયાં. મદ્રરાજે આજે
એક ભયંકર વ્યૂહમાં પોતાના સૈન્યને ગોઠવી દીધું અને મદ્ર-
દેશના ઘણાજ બહાદુર યોદ્ધાઓની સરદારી લઇને પોતેજ તે

× શલ્યપર્વ, ૬-૧૯.
* શલ્યપર્વ, ૬-૨૧.

વ્યૂહના મુખનો બચાવ કરવા ઉભો રહ્યો. પાંડવોએ તેની સામે વ્યૂહ ગોઠવીને કૌરવસૈન્ય ઉપર આક્રમણ કર્યું. પછી ભયંકર સંગ્રામ શરૂ થયો. કર્ણના બાકી રહેલા પુત્રો નકુલને હાથે માર્યા ગયા. સહદેવે પોતાના મામા અને સસરાના પુત્રોને મારી નાખ્યા. પછી યુધિષ્ઠિર અને શલ્ય સામસામા લડવા ઉતરી પડયા. બેઉ જણનું યુદ્ધ કેટલીક વાર ચાલ્યું હશે એવામાં યુધિષ્ઠિરે પોતાના મામાની છાતીની સામે તાકીને તીક્ષ્ણ ધારવાળી મહાશક્તિ નામના શસ્ત્રનો પ્રહાર કર્યો કે જેથી તે તરતજ જમીન ઉપર લાંબો થઇને પડી ગયો. તે જોઇને શલ્યનો નાનો ભાઇ ખીજવાઇને યુધિષ્ઠિરના ઉપર ધસી આવ્યો અને તેમના ઉપર બાણનો મારો ચલાવીને તેમને જખમી કર્યા. યુધિષ્ઠિરે તેથી ખીજવાઇને તેનું માથું કાપી નાખ્યું. ત્યારે બાકી રહેલું મદ્રદેશનું લશ્કર વ્યૂહબદ્ધ થઇને પાંડવ સૈન્યના ઉપર જીવ ઉપર આવીને તૂટી પડયું અને તેમનો નાશ કરતું કરતું આખરે બધુંજ ખલાસ થઇ ગયું. તેમાંનો કોઇ પાછો હઠયો નહિ, તેમ એક પણ જીવતો રહ્યો નહિ. આ જોઇને કૌરવસેના ભયભીત થઇને બહાવરી બહાવરી ચારે બાજુએ નાસવા લાગી; પણ પાંડવોની અને પાંચાલોની સેના તેની પૂંઠે પડી અને ઘણાને કાપી નાખ્યા. ભીમે દુર્યોધનના બાકીના બધાજ ભાઇઓને મારી નાખ્યા. સહદેવે શકુનિના પુત્ર ઉલૂકનું ડોકું ઉડાવી દીધું. તે જોઇને શકુનિ રડવા લાગ્યો પણ બીજી પળે સહદેવે તેની ખબર લીધી અને તેને પણ તેના છોકરાની પાછળ મોકલાવી દીધો. કૌરવોને ખોટી સલાહ આપીને કુમાર્ગે દોરનાર તેમના પાપાચરણને સૌથી વધારે ઉત્તેજન આપનાર શકુનિ આજ તેનાં પાપની પૂરેપુરી સજા પામ્યો. સુશર્મા અર્જુનની સાથે લડતાં મરાયો.

સંજય શરીરે બખ્તર પહેરીને હાથમાં ભાતભાતનાં અસ્ત્રશસ્ત્ર લઇને કુરુક્ષેત્રનું યુદ્ધ શરૂ થયું ત્યારથીજ દુર્યોધનના તરફથી લડતો હતો. હવે તે સાત્યકિના ઝપાટામાં આવી ગયો. સંજયની મગદૂર ન હતી કે સાત્યકિની સામે ટકી શકે. તે બેભાન થઇને જમીન પર પડી ગયો. સાત્યકિ તેને કેદ કરી છાવણીમાં ઘસડી લાવ્યો. ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો: "અરે આને અહીં શા માટે લાવો છો ? એને જીવતો પણ શા માટે રહેવા દો છો ?" એવું સાંભળીને સાત્યકિ સંજયનું માથું કાપી નાખવા તલવાર

ગામતોજ હતો પણ તેજ ઘડીએ વેદવ્યાસ આવી પહોંચ્યા.
બોલ્યા: "સંજયને મારશો નહિ." એટલે સાત્યકિએ તેને
... કર્યો અને કહ્યું કે, તારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા.
... સંજય હથીઆર વિનાનો, બખ્તર વિનાનો પોતાનો લોહી-
... હાણ થએલો દેહ લઈને ત્યાંથી નાસી છૂટયો.×

કૌરવસૈન્યમાંથી હવે બધા કાં તો મરી પરવાર્યા હતા
અથવા ઘાયલ થયા હતા. જેઓ નાસી છૂટયા તેઓજ બચી ગયા.
અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા નાસી છૂટયા. દુર્યોધને
જોયું કે મારૂં બધુંજ સૈન્ય માર્યું ગયું અને હવે બીજો એકે
ઉપાય રહ્યોજ નથી ત્યારે તે પોતાની ગદા લઈને રણક્ષેત્રની
પૂર્વદિશા તરફ નાઠો. આ રીતે અઢારમા દિવસના બપોર થતાં
કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરૂં થયું. મહાસાગર જેવી અપાર કૌરવ સેના
નાશ પામી, તેમની વિશાળ છાવણી સૂની શ્મશાન જેવી બની
ગઈ. ગર્વિષ્ઠ દુર્યોધનનો ગર્વ ધૂળભેગો થઈ ગયો.

# પ્રકરણ ૨ જું—ભીમે દુર્યોધનની જાંઘ ભાંગી નાખી.

દુર્યોધન રાજાનું વિશાળ સૈન્ય ધૂળધાણી થઈ ગયું, અને
તે પોતે પણ ક્યાંય જીવ લઈને નાઠો. તેની છાવણી સાચવનાર
કોઈ રહ્યું ન હતું. તેની અને તેના ભાઈઓની સ્ત્રીઓ પોત-
પોતાના પતિની દુર્દશા જોઈને કલ્પાંત કરી રહી હતી. યુયુત્સુ
તો લડાઈનો આરંભ થતાંજ પાંડવોના તરફ ફરી બેઠો હતો અને
છેક સુધી દુર્યોધન વગેરેની સાથે લડયો હતો. તેણે હવે કૃષ્ણ
અને યુધિષ્ઠિરની પાસે જઈને કલ્પાંત કરતી કૌરવકુળની સ્ત્રીઓને
હસ્તિનાપુર લઈ જવાની તેમની રજા માગી. તેમણે તરતજ રજા
આપી અને રાજા યુધિષ્ઠિરે યુયુત્સુને પ્રેમથી આલિંગન દઈને
વિદાય કર્યો. પછી તે પેલી બાન્ધવહીન સ્ત્રીઓને રથમાં બેસાડીને
હસ્તિનાપુર લઈ ગયો. તેઓ આખે રસ્તે રડતી અને કકળતીજ
ગઈ. સંજય તેને સારે નસીબે છૂટો થયો હતો તે પણ હસ્તિના-
પુરને રસ્તે નાસતો હતો. એવામાં તેણે દ્વૈપાયન સરોવર પા...

× શલ્યપર્વ, [illegible]

વ્યૂહના મુખનો બચાવ કરવા ઉભો રહ્યો. પાંડવોએ તેની સામે વ્યૂહ ગોઠવીને કૌરવસૈન્ય ઉપર આક્રમણ કર્યું. પછી ભયંકર સંગ્રામ શરૂ થયો. કર્ણના બાકી રહેલા પુત્રો નકુલને હાથે માર્યા ગયા. સહદેવે પોતાના મામા અને સસરાના પુત્રોને મારી નાખ્યા. પછી યુધિષ્ઠિર અને શલ્ય સામસામા લડવા ઉતરી પડયા. બેઉ જણનું યુદ્ધ કેટલીક વાર ચાલ્યું હશે એવામાં યુધિષ્ઠિરે પોતાના મામાની છાતીની સામે તાકીને તીક્ષ્ણ ધારવાળી મહાશક્તિ નામના શસ્ત્રનો પ્રહાર કર્યો કે જેથી તે તરતજ જમીન ઉપર લાંબો થઇને પડી ગયો. તે જોઇને શલ્યનો નાનો ભાઇ ખીજવાઇને યુધિષ્ઠિરના ઉપર ધસી આવ્યો અને તેમના ઉપર બાણનો મારો ચલાવીને તેમને જખમી કર્યા. યુધિષ્ઠિરે તેથી ખીજવાઇને તેનું માથું કાપી નાખ્યું. ત્યારે બાકી રહેલું મદ્રદેશનું લશ્કર વ્યૂહબદ્ધ થઇને પાંડવ સૈન્યના ઉપર જીવ ઉપર આવીને તૂટી પડયું અને તેમનો નાશ કરતું કરતું આખરે બધુંજ ખલાસ થઇ ગયું. તેમાંનો કોઇ પાછો હઠયો નહિ; તેમ એક પણ જીવતો રહ્યો નહિ. આ જોઇને કૌરવસેના ભયભીત થઇને બહાવરી બની ચારે બાજુએ નાસવા લાગી; પણ પાંડવોની અને પાંચાલોની સેના તેની પૂંઠે પડી અને ઘણાને કાપી નાખ્યા. ભીમે દુર્યોધનના બાકીના બધાજ ભાઇઓને મારી નાખ્યા. સહદેવે શકુનિના પુત્ર ઉલૂકનું ડોકું ઉડાવી દીધું. તે જોઇને શકુનિ રડવા લાગ્યો પણ બીજી પળે સહદેવે તેની ખબર લીધી અને તેને પણ તેના છોકરાની પાછળ મોકલાવી દીધો. કૌરવોને ખોટી સલાહ આપીને કુમાર્ગે દોરનાર તેમના પાપાચરણને સૌથી વધારે ઉત્તેજન આપનાર શકુનિ આજ તેનાં પાપની પૂરેપુરી સજા પામ્યો. સુશર્મા અર્જુનની સાથે લડતાં મરાયો.

સંજય શરીરે બખ્તર પહેરીને હાથમાં ભાતભાતનાં અસ્ત્રશસ્ત્ર લઇને કુરુક્ષેત્રનું યુદ્ધ શરૂ થયું ત્યારથીજ દુર્યોધનના તરફથી લડતો હતો. હવે તે સાત્યકિના ઝપાટામાં આવી ગયો. સંજયની મગદૂર ન હતી કે સાત્યકિની સામે ટકી શકે. તે બેભાન થઇને જમીન પર પડી ગયો. સાત્યકિ તેને કેદ કરી છાવણીમાં ઘસડી લાવ્યો. ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો: “અરે આને આંહીં શા માટે લાવે છો ? એને જીવતો પણ શા માટે રહેવા દો છો.” એવું સાંભળીને સાત્યકિ સંજયનું માથું કાપી નાખવા તત્પર

વ્યૂહના મુખનો બચાવ કરવા ઉભો રહ્યો. પાંડવોએ તેની સામે વ્યૂહ ગોઠવીને કૌરવસૈન્ય ઉપર આક્રમણ કર્યું. પછી ભયંકર સંગ્રામ શરૂ થયો. કર્ણના બાકી રહેલા પુત્રો નકુલને હાથે માર્યા ગયા. સહદેવે પોતાના મામા અને સસરાના પુત્રોને મારી નાખ્યા. પછી યુધિષ્ઠિર અને શલ્ય સામસામા લડવા ઉતરી પડ્યા. બેઉ જણનું યુદ્ધ કેટલીક વાર ચાલ્યું હશે એવામાં યુધિષ્ઠિરે પોતાના મામાની છાતીની સામે તાકીને તીક્ષ્ણ ધારવાળી મહાશક્તિ નામના શસ્ત્રનો પ્રહાર કર્યો કે જેથી તે તરતજ જમીન ઉપર લાંબો થઈને પડી ગયો. તે જોઈને શલ્યનો નાનો ભાઈ બીજ-વાઈને યુધિષ્ઠિરના ઉપર ધસી આવ્યો અને તેમના ઉપર બાણનો મારો ચલાવીને તેમને જખમી કર્યા. યુધિષ્ઠિરે તેથી બીજવાઈને તેનું માથું કાપી નાખ્યું. ત્યારે બાકી રહેલું મદ્રદેશનું લશ્કર વ્યૂહબદ્ધ થઈને પાંડવ સૈન્યના ઉપર જીવ ઉપર આવીને તૂટી પડ્યું અને તેમનો નાશ કરતું કરતું આખરે બધુંજ ખલાસ થઈ ગયું. તેમાંનો કોઈ પાછો હઠ્યો નહિ, તેમ એક પણ જીવતો રહ્યો નહિ. આ જોઈને કૌરવસેના ભયભીત થઈને બહાવરી બહાવરી ચારે બાજુએ નાસવા લાગી; પણ પાંડવોની અને પાંચાલોની સેના તેની પૂંઠે પડી અને ઘણાને કાપી નાખ્યા. ભીમે દુર્યોધનના બાકીના બધાજ ભાઈઓને મારી નાખ્યા. સહદેવે શકુનિના પુત્ર ઉલૂકનું ડોકું ઉડાવી દીધું. તે જોઈને શકુનિ રડવા લાગ્યો પણ બીજી પળે સહદેવે તેની ખબર લીધી અને તેને પણ તેના છોકરાની પાછળ મોકલાવી દીધો. કૌરવોને ખોટી સલાહ આપીને કુમાર્ગે દોરનાર તેમના પાપાચરણને સૌથી વધારે ઉત્તેજન આપનાર શકુનિ આજ તેનાં પાપની પૂરેપૂરી સજા પામ્યો. સુશર્મા અર્જુનની સાથે લડતાં મરાયો.

સંજય કહીરે બખ્તર પહેરીને હાથમાં ભાલાભાલાનાં અસ્ત્ર-શસ્ત્ર લઈને કુરુક્ષેત્રનું યુદ્ધ શરૂ થયું ત્યારથીજ દુર્યોધનના તર-ફથી [illegible]

ઉગામતોજ હતો પણ તેજ ઘડીએ વેદવ્યાસ આવી પહોંચ્યા. તે બોલ્યા: "સંજયને મારશો નહિ." એટલે સાત્યકિએ તેને છૂટો કર્યો અને કહ્યું કે, તારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા. પછી સંજય હથીઆર વિનાનો, બખ્તર વિનાનો પોતાનો લોહી-લુહાણ થએલો દેહ લઇને ત્યાંથી નાસી છૂટયો.×

કૌરવસૈન્યમાંથી હવે બધા કાં તો મરી પરવાર્યા હતા અથવા ઘાયલ થયા હતા. જેઓ નાસી છૂટયા તેઓજ બચી ગયા. અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા નાસી છૂટયા. દુર્યોધને જોયું કે મારૂં બધુંજ સૈન્ય માર્યું ગયું અને હવે બીજો એકે ઉપાય રહ્યોજ નથી ત્યારે તે પોતાની ગદા લઇને રણક્ષેત્રની પૂર્વદિશા તરફ નાઠો. આ રીતે અઢારમા દિવસના બપોર થતાં કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરૂં થયું. મહાસાગર જેવી અપાર કૌરવ સેના નાશ પામી, તેમની વિશાળ છાવણી સૂની શ્મશાન જેવી બની ગઈ. ગર્વિષ્ઠ દુર્યોધનનો ગર્વ ધૂળભેગો થઈ ગયો.

---

## પ્રકરણ ૨ જું–ભીમે દુર્યોધનની જાંઘ ભાંગી નાખી.

---

દુર્યોધન રાજાનું વિશાળ સૈન્ય ધૂળધાણી થઇ ગયું, અને તે પોતે પણ ક્યાંય જીવ લઇને નાઠો. તેની છાવણી સાચવનાર કોઇ રહ્યું ન હતું. તેની અને તેના ભાઇઓની સ્ત્રીઓ પોતપોતાના પતિની દુર્દશા જોઇને કકલાણ કરી રહી હતી. યુયુત્સુ તો લડાઇનો આરંભ થતાંજ પાંડવોના તરફ ફરી બેઠો હતો અને ઠેઠ સુધી દુર્યોધન વગેરેની સાથે લડયો હતો. તેણે હવે કૃષ્ણ અને યુધિષ્ઠિરની પાસે જઇને કલ્પાંત કરતી કૌરવકુળની સ્ત્રીઓને હસ્તિનાપુર લઈ જવાની તેમની રજા માગી. તેમણે તરતજ રજા આપી અને રાજા યુધિષ્ઠિરે યુયુત્સુને પ્રેમથી આલિંગન દઇને વિદાય કર્યો. પછી તે પેલી ભાગ્યહીન સ્ત્રીઓને રથમાં બેસાડીને હસ્તિનાપુર લઇ ગયો. તેઓ આખે રસ્તે રડતી અને કકળતીજ ગઇ. સંજય તેને સારે નસીબે છૂટો થયો હતો. તે પણ હસ્તિનાપુરને રસ્તે નાસતો હતો. એવામાં તેણે દ્વૈપાયન સરોવર આગળ

× શલ્યપર્વ, ૨૫–૫૧. ૨૭–૨. ૨૯–૩૫ થી ૩૯.

દુર્યોધન રાજાને આખે અંગે ઘવાએલો લોહીલુહાણ થઈને ઉભેલો દીઠો. એકલી ગદા સિવાય બીજું તેની પાસે કાંઇજ સાધન ન હતું. આવી માઠી દશામાં તેની પાસે કોઈ મિત્ર, સહાયક કે સાંત્વન દેનાર કોઇજ ન હતું. ભારતનો એક વારનો સમ્રાટ આજે એકલો નિરાધાર બનીને ઉભો હતો. તેની આંખમાંથી અશ્રુધારા વહી જતી હતી અને તેની છાતીને ભીંજાવી નાખતી હતી.

સંજયને જોઇને તેને વધારે ડૂમો ભરાઈ આવ્યો. થોડી વાર પછી તે બોલવા લાગ્યોઃ "મંત્રીજી! વિદુર કાકાની ભવિષ્યવાણી સાચી પડી છે. મારા આટઆટલા મિત્રો, આટલા બધા મારા ભાઇઓ, આવડું મોટું મારૂં સૈન્ય, એમાંનું મારી પાસે આજે કાંઇજ નથી. પિતાજીને કહેજો કે "કૃષ્ણના કાવાદાવાને લીધે આપણી બધીજ બાજી બગડી ગઇ છે. આપનો વહાલો દુર્યોધન આજે પોતાના જીવને વહાલો ગણીને સરોવરના જળમાં છૂપાઇ બેઠો છે."

દુર્યોધનની આવી માઠી દશા જોઇને સંજયનું હૈયું પણ ભરાઈ આવ્યું. તે પોતાના મન સાથે કહેવા લાગ્યો કે અરે! એને કેટલી શિખામણો દીધેલી! કેટલું સમજાવેલા! પણ બાપ-દીકરાને સૌએ કેમે કર્યો સૂઝ્યોજ નહિ! હવે રડવાથી શું વળે? સંજય ત્યાંથી ચાલતો થયો. પછી ત્યાં આગળ કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્મા આવી પહોંચ્યા. સંજયને મોઢેથી દુર્યોધન ક્યાં છે તેની તેમને પત્તો મળી ગયો હતો. તેમણે દુર્યોધનને સરોવરમાંથી બહાર નીકળીને ફરીથી યુદ્ધ કરવાનું આમંત્રણ આપ્યું, પણ નિષ્ફળ. [illegible] કેટલી હિંમત આપતાં તે [illegible]

[illegible]

થાકી ગયો છું. માટે આજ નહિ પરંતુ આવતી કાલે લડીશું."

હવે કેટલાક શિકારીઓ રોજ રોજ ભીમને માંસ પૂરું પાડતા હતા. તેઓ માંસનો બોજો ઉપાડીને ત્યાં થઈને જતા હશે. તેમણે દુર્યોધનને તળાવમાં ઉભો ઉભો અશ્વત્થામાની સાથે વાતો કરતો દીઠો. તેમને ઇનામનો લોભ લાગ્યો. તેમને થયું કે દુર્યોધન ક્યાં સંતાયો છે તે પાંડવોને બતાવી દઇશું તો સરસ ઈનામ મળશે એટલે તેઓ તો માંસનો બોજો માથા ઉપરથી ફેંકી દઇને પાંડવોને ખબર કરવા દોડી ગયા.

પાંડવો અને પાંચાલો પણ દુર્યોધનની શોધમાં તો નીકળ્યા જ હતા; પણ તેનો પત્તો ન લાગવાથી પોતાના જાસૂસોને ચારે દિશાએ મોકલીને તેઓ પોતાની છાવણીમાં પાછા ફર્યા હતા: એવામાં પેલા શિકારીઓ ત્યાં દોડતા દોડતા આવી પહોંચ્યા અને પેલી ખાતમી આપી. તરતજ પાંડવો પોતાના સૈન્યસહિત તે તરફ દોડી ગયા. તેમને આવતા જોઇને શૂરવીર અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા બહાદુરીસર ત્યાંથી પોબારા ગણી ગયા.

પાંડવો બીજીજ પળે તે સરોવરને કિનારે આવી ઉભા. દુર્યોધન એજ તળાવમાં ક્યાંય સંતાઈ ગયો છે તે તો તેઓ જાણતાજ ન હતા. પછી કૃષ્ણની સલાહ પ્રમાણે યુધિષ્ઠિરે દુર્યોધનને મહેણાં મારવા માંડ્યાં. તેમણે કહ્યું: "તું યુદ્ધ કરવા માટે તો કેટલો બધો ઉંચોનીચો થતો હતો, કેટલી બડાઇઓ હાંકતો હતો, તારી બહાદુરી બતાવતો હતો; ત્યારે આજે રણસંગ્રામમાંથી કેમ નાસતો ફરે છે? તારા જેવો બીકણ અને નામર્દ કોણ? તારો ક્ષત્રિયધર્મ આવોજ કે? તેં તારી પોતાની પાપવૃત્તિઓને પોષવા માટે અસંખ્ય રાજાઓનો અને તેમનાં અગણિત સૈન્યોનો નાશ કરાવ્યો અને પછી તું તારો પોતાનો પ્રાણ વહાલો કરીને સંતાતો ફરે છે? તારો દંભ, તારો અહંકાર, એ બધાં આજે ક્યાં બળી ગયાં? તું વીરશય્યા, વીરશય્યા કહીને ચેખી કરતો હતો ત્યારે અહીં છુપાઇ શા માટે બેઠો છે? ધિક્કાર છે તારા જીવતરને! ચાલ, બહાર આવીને યુદ્ધ કર અને ભારતનું રાજ્ય ભોગવ."

અભિમાનના પૂતળા જેવા દુર્યોધનથી આટલું અપમાન કેમ કરી સહન થાય? તે તળાવમાં રહ્યો રહ્યો બોલી ઉઠ્યો: "તમે બધા એમ ન સમજતા કે હું મારો જીવ વહાલો ગણીને

કે હું તેને મારી શકીશ.” એટલું બોલીને તે પોતાની ભયંકર ગદા ખાંધ ઉપર મૂકી આગળ આવીને દુર્યોધનને કહેવા લાગ્યો કે ‘ચાલ, આવી જા.’ કોઇ મદોન્મત્ત હાથી બીજા મદોન્મત્ત હાથીની સામે જેમ લડવા દોડી જાય, તેમ દુર્યોધન તરતજ ભીમના ઉપર ધસી આવ્યો. તે પોતાના અત્યંત અહંકારને લીધે ભીમ સિવાય બીજા કોઈ પાંડવ સાથે લડવામાં નામોશી માનતો હતો. તેને પોતાનું રાજ્ય પાછું મેળવી લેવાનો આવો સરસ લાગ મળ્યો પણ તે તેણે પોતાના અભિમાનને લીધેજ ગુમાવ્યો.

ભીમ તો ક્રોધથી ભભૂકી ઉઠેલોજ હતો. તેણે દુર્યોધનને કહ્યું: “રે પાપી! તેં અમારા ઉપર અધર્મપૂર્વક જે જે અત્યાચારો કર્યા છે, તેની સજા તને આજેજ ચખાડવાનો છું.” એટલે દુર્યોધન તેની સામે તડૂકી ઉઠ્યો: “ચાલ ચાલ, શરદ્‌ઋતુના પાણી વિનાના વાદળની માફક ખાલી બકવાદ શાનો કરે છે? તારામાં કેટલું બળ છે તે આજે જણાઇ જશે.”

એવામાં મહાબળવાન બલરામ ત્યાં આવી લાગ્યા. કુરુક્ષેત્રના યુદ્ધમાં આટલા બધા માણસોની કતલ થાય તે મારાથી નહિ જોવાય, એમ કહીને તે તીર્થયાત્રા કરવા ચાલ્યા ગયા હતા તે હવે આજ ટાંકણે આવી પહોંચ્યા. ભીમ અને દુર્યોધન બેઉએ ગદાયુદ્ધની તાલીમ તેમની પાસેથી લીધી હતી. બેઉ તેમનાજ શિષ્યો હતા, પણ દુર્યોધન તરફ તેમનો પક્ષપાત જરા વધારે પડતો હતો.

તે આવ્યા એટલે સૌએ તેમનું યોગ્ય સન્માન કર્યું. યુધિષ્ઠિર રાજા બોલ્યા: “મહાત્મન્! મારા બે ભાઇઓનું આ મહાયુદ્ધ જુઓ.”÷

બલરામે કહ્યું: “આ જગ્યાએ નહિ પણ પવિત્ર કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવું વધારે યોગ્ય છે.” તે ઉપરથી બધા કુરુક્ષેત્રની સીમાની અંદર પેઠા.

હવે ભીમ અને દુર્યોધનનું ભયંકર યુદ્ધ શરૂ થયું. દુર્યોધનના પક્ષના જે રાજાઓ હજી જીવતા રહ્યા હતા તેઓ તાળીઓ પાડીને તેને ઉત્તેજિત કરવા લાગ્યા. × બેઉ જણ પેતરા લેતા લેતા ગોળ કુંડાળામાં ઘૂમવા લાગ્યા. કોઇ વાર વીજળીના વેગથી આગળ ધસારો કરતા તો કોઈ વાર તેટલીજ ત્વરાથી

---

÷ શલ્યપર્વ, ૩૪–૧૭. × શલ્યપર્વ, ૫૬–૪૪

પાછા હઠી જતા. એક જણ પ્રહાર કરતો ત્યારે તે વખતે બીજો પોતાનો બચાવ કરી લેતો. એક જણ છલંગ મારીને આગળ ધસી આવતો ત્યારે બીજો કૂદકો મારીને પાછળ હઠી જતો. આ પ્રમાણે ગોળ કુંડાળામાં તરેહ તરેહના દાવ અને પેતરા લેતા લેતા તેઓ એકબીજા ઉપર પ્રહાર કરતા જઇને પોતાનો બચાવ કરતા ગયા. એ રીતે તેમણે હાથ વડે પ્રહાર કરવાની અને પગ વડે પેતરા ભરવાની અપૂર્વ કુશળતા આ યુદ્ધમાં સૌ કોઇને બતાવી. તેમની બેઉની ગદાઓ પણ સામસામી એવા જોરથી ભટકાતી અને તેથી તેમાંથી અગ્નિના તણખા એટલા બધા વેગથી નીકળતા કે જાણે ગદાની અંદરથી પક્ષીઓનાં ટોળાં ઉડી ઉડીને નાસી જતાં હોય એવો જોનારને ભ્રમ થવા લાગ્યો અને જ્યારે જ્યારે એવી રીતે ગદાઓ સામસામી ભટકાતી ત્યારે ઘણો ભયંકર અવાજ પણ થતો હતો. બેઉમાંથી કોઇ જ્યારે પોતાના દાવમાં ફાવી જતો ત્યારે તે સિંહનાદ કરીને પોતાનો હર્ષ જણાવતો. ભીમ તો એટલા જોરથી પોતાની ગદા ઘૂમાવતો કે તેમાંથી ઘૂ ઘૂ ઘૂ ઘૂ એવો શબ્દ નિરંતર થયાજ કરતો અને ગદાની જગ્યાએ કોઇ લોખંડનું પૈડું મહાવેગથી ઘૂમી રહ્યું હોય એવું દેખાતું હતું. ગદાના ઘૂમવાથી આસપાસના વાયુને જે ગતિ મળતી હતી તે પણ ઘણીજ વિસ્મયકારક હતી.

એક વાર ભીમની ગદાના પ્રહારથી દુર્યોધન જમીનદોસ્ત થઈ ગયો. બીજી વાર દુર્યોધને ભીમને સૂવાડી દીધો. પાછા બેઉ ઉભા થઇને લડવા મંડયા; પણ તેઓ બન્ને પૂર્ણ થાકી ગએલા જણાતા હતા. એટલે થોડી વાર થાક ખાઇને પાછા ભયંકર યુદ્ધ કરવા મંડયા અને એકબીજાની ગદાના પ્રહારથી બેઉ એવા જખમી અને લોહીલુહાણ બની ગયા હતા કે તેમના પ્રચંડ દેહ ખીલેલાં કેસુડાંથી છવાએલા પલાશવૃક્ષના જેવા દેખાવા લાગ્યા. બીજીજ પળે ભીમે દુર્યોધનના અંગ ઉપર એક ભીષણ પ્રહાર કર્યો, પણ દુર્યોધને તેનો દાવ ચૂકવીને પોતાનો બચાવ કરી દીધો. તેની સાથે તરતજ દુર્યોધને ભીમના ઉપર ગદાનો એવો સખત સપાટો લગાવી દીધો કે તેના શરીરમાંથી ધડધડાટ લોહી વહેવા લાગ્યું. ત્યાર પછી "પ્રતાપવાન વૃકોદર પૂરેપુરો ટટાર થઇને પોતાની સામે ઉભેલા દુર્યોધનના તરફ ભારે ત્વરાથી ધાયો. દુર્યોધને તેને પોતાની સામે અતિ વેગથી આવ[illegible]

ક્ષત્રિયોનો ધર્મજ છે; છતાં એ બધું જેમ થયું તેમ, પણ તમે ક્ષમાદૃષ્ટિથી જુઓ. વળી કળિયુગનો આરંભ થઈ ચૂક્યો છે એ તમારે હવે ચોક્કસ જાણવું."×

તે ઉપરથી બલરામ ટાઢા પડ્યા, અને ભીમનો તિરસ્કાર કરીને ત્યાંથી ચાલ્યા ગયા. પાંડવો તો હવે પૂરેપુરા આપત્તિરહિત થયા હતા પણ યુધિષ્ઠિર શોક અને ચિન્તામાં ડૂબી ગયા હોય તેમ દીનપણે નીચી નજરે બેસી રહ્યા હતા. તે જોઈને કૃષ્ણ બોલ્યા: "ધર્મરાજા! જાણે ભારે અધર્મ થઇ ગયો હોય એમ આપ શા માટે આટલા બધા ઉદાસ થઈ જાઓ છો? ભીમે દુર્યોધનના માથામાં લાત મારી તેટલી તેની ભૂલ થઇ જાણીને તમારે એ વાત મનમાંથી કાઢી નાખવી જોઇએ."

યુધિષ્ઠિર બોલ્યા: "અમારા આખા કુળનોજ નાશ થઈ ગયો જાણીને મારા મનમાં હવે લેશમાત્ર પણ સુખનો અવકાશ રહ્યો નથી. દુર્યોધને અમને પાર વિનાનું દુઃખ દીધું છે તેનો રોષ ભીમના મનમાંથી ભૂંસાયો નથી તેથી તેણે તેના માથા ઉપર પગની ઠેસ મારી તે હું જાણું છું, પણ તેથી હું શી રીતે રાજી થાઉં?"

પછી પાંડવ અને પાંચાલ પક્ષના યોદ્ધાઓ આનંદથી બૂમરાણ કરવા લાગ્યા અને દુર્યોધનને ચીડાવવા માટે તેને મહેણાં મારવા લાગ્યા.

તે ઉપરથી કૃષ્ણ સૌને કહેવા લાગ્યા: "મરવા પડેલાને કડવાં વચન કહેવાં એ સારૂં ન કહેવાય. આ પાપીએ પોતાના વડીલોની શિખામણ ધૂતકારી કાઢી ત્યારથીજ હું તો જાણી ગયો હતો કે તેની આખરે આવી દુર્દશા થવાની છે. હવે એ નરાધમને મહેણાં મારીને તેને વધુ સતાવવાથી તમને શો ફાયદો છે? ચાલો, આપણે આપણી છાવણીમાં ચાલ્યા જઇએ."

દુર્યોધન અત્યાર સુધી ભોંય પર પડ્યો પડ્યો ભીમની ગદાના પ્રહારથી થતું પાર વિનાનું દુઃખ ભોગવી રહ્યો હતો તે કૃષ્ણનાં આવાં તિરસ્કારભરેલાં વચનથી પાછો ઉત્તેજિત થયો અને જેમ વિષધર નાગ પોતાનું અડધું શરીર જમીન ઉપર રાખીને, અડધું શરીર જમીનથી અદ્ધર કરીને ફેણ માંડીને ઊભો રહે છે તેમ દુર્યોધન જમીનની સાથે પોતાના બેઉ હાથ


× [illegible] ૬૦–૬૨

ટેકવીને જેમ તેમ કરીને મહામુશીબતે બેઠો થયો અને લાલચોળ આંખો કરીને કૃષ્ણના ઉપર તીવ્ર દૃષ્ટિપાત કરીને તેમનો અત્યંત તિરસ્કાર કરવા લાગ્યો. છેવટે તે બોલ્યો: "તેં કારસ્તાન કરીને, કપટયુક્ત સલાહ આપીને અમારો સૌનો અધર્મયુદ્ધમાં નાશ કરાવ્યો છે. આટઆટલો અધર્મ કર્યા પછી પણ તું લજવાતો નથી ? ધિક્કાર છે તારા જીવતરને !"

કૃષ્ણે જવાબ આપ્યો: "જે થયું છે તે બધું જ તારા અધર્મનું, તારાં પોતાનાંજ પાપાચરણનું અને તારા જુલમોનુંજ પરિણામ છે. તેં ક્રોધ, લોભ અને મોહને વશ થઈને જે જે પાપ કર્યાં હતાં તેનુંજ ફળ તું અત્યારે ભોગવે છે; અને છતાં મારા ઉપર તું જૂઠું આળ ચઢાવે છે ?"

ત્યાર પછી કૃષ્ણ પાંડવો અને પાંચાલોને લઈને ત્યાંથી ચાલતા થયા. આખે રસ્તે તેઓ બધા પોતપોતાના શંખ વગાડીને આનંદોત્સવ કરતા કરતા જવા લાગ્યા. રસ્તામાં કૌરવોની સૂની, ચોકી પહેરા વિનાની છાવણી આવી. હવે વિજેતા તરીકે તેના ઉપર પાંડવોનોજ હક હતો. તેમણે અને પાંચાલોએ મળીને તેમાંથી જેટલું લૂંટાય તેટલું લૂંટ્યું અને ધનદોલત, સુવર્ણ, હીરા, મોતી વગેરે જેટલાં લેવાય તેટલાં ઉપાડી લીધાં. આ રીતે કુરુક્ષેત્રના યુદ્ધનો અઢારમો દિવસ આથમ્યો અને તેની સાથે દુર્યોધનનાં આશા ઉમેદના ઉપર અંધકારનો પડદો ફરી વળ્યો.

બીજા બધા ચાલ્યા ગયા અને મહારાજા દુર્યોધન રણક્ષેત્રમાં મુડદાં અને ઘાયલ થઈને મરવા પડેલા સૈનિકોના ઢગલાની વચમાં જ્યાં સડેલાં મૂડદાં ગંધાઈ ઉડયાં હતાં ત્યાં એકલો પડી રહ્યો. જેમની નજર માત્ર પોતાના અંગત સ્વાર્થ ઉપરજ હોય છે, જેમને કર્તવ્ય શું અને અકર્તવ્ય શું તેનું જ્ઞાન હોતું નથી, જેઓ ધર્મ અને અધર્મ વચ્ચે શો તફાવત છે તે સમજતા નથી, જેઓ સ્વદેશના અને સ્વદેશબંધુઓના કલ્યાણનો જરા પણ વિચાર કરતા નથી તેમની અંતે આવી અવદશા થાય એમાં શું આશ્ચર્ય !





# ९–सौप्तिक पर्व

## પ્રકરણ ૧ લું–નિશાયુદ્ધ

સાંજ પડી ગઈ હતી. ચારે દિશાએ અંધકારના ઓળા પથરાયા હતા. દુર્યોધન રાજા પોતાની જાંઘે થએલી ઇજાને લીધે રણક્ષેત્રમાં તરફડતો પડયો હતો. એવામાં વળી પાછા અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા ત્યાં આવી પહોંચ્યા. દુર્યોધનની આવી માઠી હાલત થએલી જોઈને તેમને ઘણુંજ લાગી આવ્યું. અશ્વત્થામાએ ત્યાં આગળજ સોગંદપૂર્વક કહ્યું કે "મારાથી બનશે ત્યાંસુધી હું પાંડવોને મારીશ અને મારા પિતાના ખૂનનું વેર લઇશ." દુર્યોધનનું શરીર તો હવે નકામું થયું હતું, શક્તિ તો તેનામાં રહીજ ન હતી, તેનો જીવ જવાની તૈયારીમાં હતો છતાં તેના દિલમાંથી હિંસા અને વેર હજી હોલવાયાં ન હતાં. આવી અવસ્થામાં તે પડેલો હતો તોપણ અશ્વત્થામાનાં વચન સાંભળીને તેના હૃદયમાં વેરનો ભડકો સળગી ઉઠયો. તેના હૃદયમાં આશાનું કિરણ ફરીથી ચળકવા લાગ્યું. તેણે અશ્વત્થામાને પોતાના સેનાપતિની જગ્યાએ નીમ્યા. અફસોસ! તેની પાસે હવે સૈન્યમાં કૃપાચાર્ય અને કૃતવર્મા બેજ રહ્યા હતા, છતાં હજી તે સેનાપતિની નિમણુક કરવાનો ગર્વ કરતો હતો! એટલું કર્યા પછી તેના શરીરને ઘણી પીડા થતી હોવાથી તેણે આંખો મીંચી દીધી અને પેલા ત્રણ જણ ત્યાંથી ચાલ્યા ગયા.

તેઓ જઈને જવાના કયાં હતા? ચારે બાજુએ પાંડવોનું અને પાંચાલોનું વિજયી સૈન્ય પડયું હતું. તેઓ અહંકારથી ગર્જના કરતા હતા અને ચારે બાજુએ શત્રુઓની શોધમાં ઘૂમતા હતા. ત્યાંથી થોડેક અંતરે એક જંગલ હતું. ત્યાં જઈને

તેઓ એક વડના ઝાડની વડવાઈઓમાં સંતાઈ રહ્યા. થાકીને લોથપોથ થઈ ગયેલા કૃપાચાર્ય અને કૃતવર્મા તો ઊંઘીજ ગયા. પણ અશ્વત્થામાની આંખમાં નિદ્રા ન હતી. પોતાના પિતાના શોકનો અગ્નિ જેના દિલમાં ધગધગી રહ્યો હોય તેને નિદ્રા આવેજ શી રીતે ?

એમ કરતાં કરતાં રાત પડી ગઈ. ચારે દિશામાં ગાઢ અંધકાર છવાઈ ગયો. એવામાં કોઈ ભયંકર ઘુવડ આવીને તે વડના ઝાડ ઉપર બેઠો. તે ઝાડની ડાળીઓ ઉપર પુષ્કળ કાગડા માળા બાંધીને રહ્યા હતા. ઘુવડે તે બધાં ઊંઘતાં પંખીઓને વારાફરતી મારી નાખ્યાં. તે જોઈને અશ્વત્થામા પોતાના મન સાથે કહેવા લાગ્યા કે આ પક્ષીએ પણ આજે મને ઘણી કિંમતી વાત શીખવી દીધી છે.

જે ઉઘાડી આંખે ફરે છે તે કુદરતમાંથી પણ ઘણું જ્ઞાન મેળવે છે. કુદરત જ્ઞાનનો ભંડાર છે. ફેર માત્ર એટલોજ છે કે સાધુ પુરુષો કુદરતમાંથી સાધુતા ગ્રહણ કરે છે અને દુષ્ટ બુદ્ધિવાળા દુષ્ટતાના પાઠ શીખે છે. ઘુવડની ચેષ્ટા જોઈને અશ્વત્થામાએ નિશ્ચય કર્યો કે આજે રાતોરાતજ અહિંથી જઈને ઘુવડની માફક છુપચુપ પાંડવોની છાવણીમાં પ્રવેશ કરીને મારે મારા પિતાનું ખૂન કરનારને મારી નાખવાજ જોઈએ. અશ્વત્થામાએ આવી રીતે સૂતેલાઓને માર્યા તેથી આ પર્વનું નામ "સૌપ્તિક પર્વ" પડ્યું.

પછી અશ્વત્થામાએ કૃપાચાર્ય અને કૃતવર્માને જગાડીને પોતાના મનની વાત કહી. પરંતુ તેમણે આ વાત નાપસંદ કરી; પણ તેમની દલીલ અશ્વત્થામાને ગળે ઉતરી નહિ. તેમણે કહ્યું: "શત્રુઓ બળવાન છે અને આપણે નિર્બળ છીએ. દિવસે તો તેમને મારવાનું બને એવું છેજ નહિ. તેમ કરવા જતાં તો ઉલટા આપણેજ માર્યા જઈએ. એટલા માટે હું મારું કામ રાતના અંધકારનો લાભ લઈને કરી નાખીશ અને શત્રુઓને મારીને મારું વેર વાળીશ." એમ કહીને અશ્વત્થામાએ ત્યાંથી ચાલવા માંડ્યું તેથી કૃપાચાર્ય અને કૃતવર્મા પણ નાછૂટકે તેમની પાછળ પાછળ ગયા.

મધરાત થવા આવી હતી. પાંડવોની છાવણીમાં નીરવ શાંતિ પથરાઈ હતી. બધાજ ઊંઘમાં પડ્યા હતા. કૃષ્ણે આજે પાંચે

પાંડવોને કહી રાખ્યું હતું કે “ આજ રાત્રે છાવણીમાં ન સૂતાં બહારજ સૂજો. તેમાંજ તમારૂં મંગળ છે.” તેથી કરીને તેઓ સાત્યકિને સાથે લઈને છાવણીથી ઘણે દૂર ઓઘવતી નદીને કાંઠે જઈને સૂતા હતા. દ્રૌપદીના પાંચ પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી એટલા છાવણીમાં ઉંઘતા હતા.

અશ્વત્થામા આડે રસ્તે છાવણીમાં દાખલ થયા÷ અને પછી તેમણે ભયંકર હત્યાકાંડનો આરંભ કર્યો. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, દ્રૌપદીના પાંચ પુત્રો તથા બીજા અનેક વીરોને તેમણે ઉંઘતાજ મારી નાખ્યા. પાંડવો અને પાંચાલોના પક્ષના જેટલા યોદ્ધાઓ જીવતા હતા તે બધાજ અશ્વત્થામાને હાથે માર્યા ગયા.

આ બાજુએ કૃતવર્મા અને કૃપાચાર્ય બેઉ છાવણીના દરવાજા આગળ ઉભા રહ્યા અને જેઓ છાવણીમાંથી નાસી જવાનું કરતા હતા તેમને પકડી પકડીને મારતા ગયા. પછી તેમણે છાવણીને ઘણી જગ્યાએથી આગ લગાડી. હાથી, ઘોડા વગેરે જે [illegible] સાંકળો વડે બંધાએલા હતા તે બધાજ બળીને ખાખ થઈ ગયા. આ રીતે આ ત્રણ જણાએ ઘુવડની માફક છુપાઈને મહાબળવાન પાંડવો અને પાંચાલોની છાવણી, તેમનું બાકી રહેલું સૈન્ય, સેનાપતિઓ, તમામ હાથી, ઘોડા, રથ, અગ્રશસ્ત્રો [illegible]—કુરુક્ષેત્રના યુદ્ધમાંથી પાંડવોનું અને પાંચાલોનું જે કંઈ બચેલું હતું તે બધાનો તે રાત્રિએ નાશ કર્યો. યુદ્ધની અઢાર રાત્રિ પૂરી થઈ અને ઓગણીસમા દિવસની સવાર થઈ ત્યારે લોકોને માલુમ પડયું કે વિજયી પાંડવો અને પાંચાલોમાંથી કોઈ [illegible] પામ્યું ન હતું.

આ રીતે [illegible] પરિણામે કૌરવ, પાંડવ અને [illegible] નીકળી ગયું અને [illegible] થઈ ગયો. [illegible] નથી!

# પ્રકરણ ૨ જું—દુર્યોધનનો દેહાંત

કુરુક્ષેત્રનું વિશાળ મેદાન અસંખ્ય મુડદાંથી અને બીજા તેટલાજ મરવા પડેલા સૈનિકોથી ભરાઈ ગયું હતું. એની ચારે બાજુએથી સડી ગએલાં મૂડદાંની દુર્ગન્ધ આવતી હતી અને મરવા પડેલાઓની ચીચીઆરીઓ સંભળાતી હતી. એ બધાની વચમાં ચક્રવર્તી રાજા દુર્યોધન પણ પોતાની ભાંગેલી જાંઘથી પીડાતો પડ્યો હતો. તીવ્ર વેદનાથી કાયર થઈને તે જમીન સાથે પોતાનું માથું પટકતો હતો, અને મોઢામાંથી લોહી ઓકતો હતો. તેના મોઢામાંથી નીકળતું લોહી અને આજુબાજુની ધૂળ મળીને તેનું મોઢું લોહીવાળા કાદવથી ખરડાઇ ગયું હતું. તેના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો અને મોઢાનો ઘાટ પણ વરવો બની ગયો હતો. તેના માથાના લાંબા વાળ આજે કાદવથી ખરડાઇ ગયા હતા અને તે તેના માથાની આસપાસ ગૂંચવાઇ જઇને તેના ચહેરાને વધુ બિહામણો બનાવતા હતા. તેનું આખું શરીર તો ધૂળથી મેલું થઇજ ગએલું હતું. જાંઘનું હાડકું ભાંગી જવાથી પગ નકામા થઈ ગયા હતા. આખા શરીરમાં પુષ્કળ કમજોરી આવી ગઇ હતી. તેની બોલવાની શક્તિ પણ ધીમે ધીમે ક્ષીણ થતી જતી હતી. તેનું એક વારનું તેજ, ગુમાન, આપવડાઈ, એમાંનું કશું હવે તેનામાં રહ્યું ન હતું. તેને જોઇને ભાગ્યેજ કોઈ કહી શકે કે તે દુર્યોધન રાજા હશે. આજે તેનું દુઃખ ઓછું કરવા, તેની બરદાસ્ત લેવા કોઇ તેની પાસે હતુંજ નહિ. તેનું મોઢું સૂકાઈ ગયું હતું, પણ તેના મોઢામાં પાણીનું એક ટીપું પણ કોણ રેડે ? ગળે કાકડા બાઝયા હતા. તરસથી જીવ જવા જેવી તેની હાલત થઇ ગઇ હતી, પણ નહોતું પાણી અગર નહોતું કોઇ પાણી પાનાર. જાણે તેના સંબંધીઓનો સબંધ તેની સંપત્તિની સાથેનોજ હોય તેમ તે સંપત્તિ તેના હાથમાંથી જતા પૂર્વેના સંબધીઓ તેના તરફ ફરીને જોતા પણ ન હતા. આજે તેણે પાંડવો ઉપર કરેલાં તમામ અધર્માચરણ, દ્રોપદી ઉપર ગુજારેલો રોમાંચકારી જુલમ, તેણે અત્યાર સુધીમાં કરેલાં તમામ પાપ આજે તેને એક પછી એક યાદ આવતાં હતાં. આજે તે પોતાના મન સાથે કહેતો હતો કે મેં વડીલોની શિખા-

મણુ ન માની તે મોટી ભયંકર ભૂલ કરી. કર્ણ, શકુનિ અને દુઃશાસનની અક્કલે ચાલ્યો તે ઘણુંજ ખોટું કર્યું. જ્યારે તે આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતો પડયો હતો ત્યારે ભૂખ્યા કૂતરા અને શિયાળનાં ટોળાં તેનું માંસ તોડી ખાવાની લાલચે તેની આસપાસ એકઠાં થયાં હતાં. દુર્લભ મનુષ્યજન્મ પામીને પણ જ્યારે દુર્યોધનનો લોભ રોકયો રોકાતો ન હતો ત્યારે પેલાં તો બિચારાં પશુ હતાં. તેઓ પોતાના લોભનું કેવી રીતે દમન કરી શકે ? અથવા જે ષડ્રિપુઓ તેના અત્યાર સુધીના જીવનમાં તેના આત્માનોજ આહાર કરીને હૃષ્ટપુષ્ટ થયા હતા તેઓજ જાણે કૂતરાં અને શિયાળનું રૂપ લઈને હવે તેના બાકી રહેલા શરીરને ખાઈ જવા દોડી આવ્યા હોય એવું લાગતું હતું. એક તો તેને ભાંગી ગએલી જાંઘને લીધે પાર વિનાની પીડા થતી હતી; તેમાં પેલાં કૂતરાં અને શિયાળ તેનું માંસ તોડી ખાવા લાગ્યાં. જેનાથી જેટલું માંસ તોડાય તેટલું તોડી ખાતાં ગયાં અને કોઇ કોઇ તો તેના શરીરે બચકાં ભરીને આમતેમ ઘસડવા લાગ્યાં. આથી તો તેના દુઃખમાં બાકીજ ન રહી. આ પશુઓને કોણ હાંકી મૂકે ? એક વાર તેની ઈસારત થતાની સાથે સેંકડો ચોકીદારો, હજૂરીઆઓ, દરવાનો "જી હજૂર," "જી હજૂર" કરતા દોડયા આવતા; આજે તે ચોકીદાર પણ નથી અને દરવાન પણ નથી. આજે તે એકલો, અનાથ બનીને પોકાર કરે છે; કોઈ તેનો બેલી નથી; કોઇ તેનો મદદગાર નથી. તે જ્યાં પડયો હતો ત્યાંથી તેને કૂતરાં અને શિયાળ કરડી કરડીને બીજે ઠેકાણે ઘસડી લાવ્યાં અને જ્યાં ગંધાતી સડી ગએલી લાસોનો ઢગલો પડયો હતો ત્યાં તેને ખેંચી લાવ્યાં. ત્યાં તો દુર્ગંધના બોર ઉડતા હતા તેથી તે પહેલાંના કરતાં પણ વિશેષ હેરાન થવા લાગ્યો. તેને તે વખતે એમજ લાગ્યું કે જો ખરેખર નરક જેવું કોઇ સ્થાન હોય તો તે પૃથ્વી ઉપર આજ જગ્યાએ હોવું જોઇએ. આપણે આંધળા થઇને એ નરકને ઉઘાડી આંખે જોઇ શકતા નથી; જોઇએ છીએ તોપણ તેને લેખવતા નથી; જ્યારે તેને ઓળખીને તેનાથી દૂર રહેવાનો સમય વીતી જાય છે ત્યારે આપણને ભાન આવે છે એવા આપણે મૂર્ખ છીએ.

અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા, પાંડવોની છાવણીને બાળીને ખાખ કર્યા પછી અને તેમાં સૂતેલા સૌને ઠાર કર્યા

પછી પોતાના પરાક્રમની વધાઈ ખાવા માટે તેઓ ત્રણે જણ છેક પરોઢીએ દુર્યોધનની પાસે આવી ઉભા. તેની આવી દુર્દશા જોઇને તેઓ રડી પડયા. પછી વૃદ્ધ કૃપાચાર્ય બોલ્યાઃ "રાજેન્દ્ર! આ તમારી કરણીનું ફળ જોયું? તમારાં સુખ સાહેબીનું છેવટે આવું પરિણામ આવ્યું!"

તે રડતા ગયા અને પોતાના હાથ વડે દુર્યોધનને મોઢે વળગેલું લોહી લૂછવા લાગ્યા. તે વખતે અશ્વત્થામા મોટેથી બોલી ઉઠયાઃ "મહારાજ! ગઇ રાત્રે મેં પાંડવો અને પાંચાલો સૌને ઠાર કરી નાખ્યા છે. શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચે પાંચ છોકરા તથા બીજા તમામ પાંડવ અને પાંચાલ વંશના યોદ્ધાઓને યમલોક પહોંચાડી દીધા છે. હવે તેમનામાંથી કૃષ્ણ, સાત્યકિ અને પાંચ પાંડવોજ જીવતા રહ્યા છે અને તેઓ પણ રાતોરાત બીજે કોઇ ઠેકાણે અગાઉથી ભાગી ગએલા તેમાંજ બચી ગયા, નહિ તો તેમનો પણ ખૂરદો નીકળી ગયો હોત. આપણામાંથી અમે ત્રણજ જીવતા રહ્યા છીએ." આ સમાચાર સાંભળીને વેરભાવ જેની રગેરગમાં વ્યાપી ગયો હતો એવા દુર્યોધનને તેની આવી માઠી હાલતમાં પણ આનંદ થયો. તે નબળે અવાજે બોલ્યોઃ "તમે મારા ઉપર જેવો ઉપકાર કર્યો છે તેવો તો ભીષ્મ, દ્રોણ અને કર્ણે પણ નથી કર્યો." એમ કહીને તેણે પોતાનો નિર્બળ હાથ ઉંચો કરીને અશ્વત્થામાને ગળે વીંટાળ્યો. બીજીજ ક્ષણે તેણે નેત્રો મીંચી દીધાં. તેનાથી હવે અત્યંત મુશીબતે શ્વાસ લેવાતો હતો. કેટલીક વાર સુધી અતિશય યંત્રણા વેઠયા પછી તેનો જીવ ગયો. પાપી દુર્યોધનના જીવનની રંગભૂમિ ઉપર છેલ્લો પડદો પડયો! પણ એ છેલ્લોજ પડદો હતો કે તેના બીજા નવા ખેલનો પહેલો પડદો ઉંચકાતો હતો તે કોણ ખાત્રીપૂર્વક કહી શકશે?



# પ્રકરણ ૩ જું—અશ્વત્થામાને સજા

સવાર થતાંજ પાંડવોને જાણ થઇ ગઇ કે અશ્વત્થામાએ તેમની છાવણીને આગ લગાડીને તેમાં સૂતેલા સૌ કોઇને ઠાર કરી નાખ્યા હતા. એટલે તેઓ ઓઘવતી નદીને કિનારેથી પોતાની છાવણી જ્યાં હતી ત્યાં દોડતા આવ્યા. પોતાની છાવણીનો નાશ તથા તમામ સગાંવહાલાંઓની હત્યા થએલી જોઇને તેમના શોકનો પારજ ન રહ્યો. દ્રૌપદી તો ધૂળમાં આળોટતી હતી અને કલ્પાંત કરતી હતી. તેનો બાપ તો યુદ્ધમાં મરાયોજ હતો પણ ગઈ રાત્રે તેનો ભાઇ, તેની બહેન અને પાંચેપાંચ દીકરાઓનાં ખૂન થયાં તેથી તેના શોકની તો હદજ રહી ન હતી. શોકના આવેશમાં આજે તે મોટી મુદ્દાની વાત ભૂલી ગઇ હતી કે પ્રાણનું બલિદાન દીધા વગર પ્રાણની પ્રાપ્તિ થતી નથી, અંગત હાનિ તથા કષ્ટ સહન કર્યા વગર સ્વદેશનો ઉદ્ધાર થઈ શકતો નથી અને પોતાની જાત સાચવી સાચવીને કોઇએ બળવાન શત્રુના હાથમાં ગએલું સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું નથી. તે તો આજે શોકને લીધે ગાંડીજ બની ગઇ હતી.

તેણે યુધિષ્ઠિર રાજાને કહ્યું: "હે રાજા ! તમે આજે ને આજેજ અશ્વત્થામાને ઠાર નહિ કરો તો હું આજ જગ્યાએ પ્રાણત્યાગ કરીશ. તેને આવી સજા કર્યા વગર તેના આવા ઘોર અપરાધનો યોગ્ય બદલો આપ્યો કહેવાય નહિ."


તે ઉપરથી કૃષ્ણ અને પાંડવો અશ્વત્થામાને ખોળવા નીકળી પડયા. શોધતાં શોધતાં ભાગીરથી નદીને કાંઠે વ્યાસ મુનિના આશ્રમમાં તેમનો પત્તો મળ્યો. કૃષ્ણ અને પાંડવોને જોતાની સાથેજ અશ્વત્થામાએ પોતાના ડાબા હાથ વડે ઇષિકાસ્ત્ર ઉપાડીને તેમની સામે ફેંક્યું. તે અગ્નિની માફક જળહળતું ચાલ્યું આવવા લાગ્યું. તેનું નિવારણ કરવાને માટે અર્જુને પોતાના બ્રહ્મશિરાસ્ત્રનો ઉપયોગ કર્યો. તે પણ એક જાતનું બ્રહ્માસ્ત્રજ હતું. તે પણ સળગવા લાગ્યું. બેઉ અસ્ત્રોમાંથી ભયંકર ધડાકા થવા લાગ્યા.

છેવટે વેદવ્યાસ વચ્ચે પડયા. તેમણે અશ્વત્થામાને કહ્યું: "રાજર્ષિ યુધિષ્ઠિર આ યુદ્ધમાં અધર્મ વડે જય મેળવવા ઇચ્છતા નથી. માટે તમારે માથે જે મણિ છે તે પાંડવોને આપી દો;

અને તેના બદલામાં પાંડવો તમને પ્રાણદાન આપે."

અશ્વત્થામાએ કહ્યું: "આવો તેજસ્વી અને મોંઘા મૂલ્યનો હીરો તો પાંડવો અને કૌરવોના ખજાનામાં પણ નથી. હું એ હીરો તેમને કદી પણ આપું નહિ, પણ આપનું માન રાખવાને ખાતરજ આપી દઉં છું." પછી પાંડવોએ તે હીરો લઈને અશ્વત્થામાને જીવનદાન આપ્યું. અશ્વત્થામા ત્યાંથી વનમાં ચાલ્યા ગયા.

આ રીતે કુરુક્ષેત્રનું મહાયુદ્ધ સંપૂર્ણ થયું. પાંડવોએ અનેક વર્ષ સુધી અનેક પ્રકારનાં દુઃખ અને તરેહ તરેહના જુલમોનો ત્રાસ વેઠયા પછી, પોતાનું સર્વસ્વ ગુમાવીને દેશવટો ભોગવ્યા બાદ પોતાના પુરુષાર્થ વડે પોતાના દેશનો પુનરુદ્ધાર કરવામાં વિજયી થયા. પુરુષાર્થ કર્યા વગર કોઈએ પણ બળવાન શત્રુના પંજામાંથી પોતાના દેશને મુક્ત કર્યો હોય એવો એકે દાખલો ઇતિહાસમાં નથી.×




× કુરુક્ષેત્રના યુદ્ધમા તોપ બંદુક વપરાયાં હતાં તેના સંબંધમા શાન્તિપર્વના પાંચમા પ્રકરણમા "તોપ બંદુક વગેરે" એ મથાળા હેઠળનો વિષય જોવો.



# ૧૦—સ્ત્રી પર્વ

## પ્રકરણ ૧ લું—રાજા ધૃતરાષ્ટ્રનો વિલાપ

સંજય કુરુક્ષેત્રના સમરાંગણમાંથી જેવો નાઠો તેવો હસ્તિનાપુર જઈ પહોંચ્યો. તેણે રાજધાનીને માણસો વગરની, સૈન્ય વગરની દીઠી; તે એટલે સુધી કે તેના દરવાજાઓ ઉપર પહેરેગીરો પણ ઉભેલા ન હતા. માત્ર ઘેરે ઘેરથી સ્ત્રીઓની રોકકળના અવાજ સંભળાતા હતા. યુદ્ધમાં પડેલા પિતા, પુત્ર, ભાઈ અને પતિને માટે દરેક ઘરમાંથી નીકળતા સ્ત્રીઓના હૃદયવિદારક કરુણ ક્રન્દનથી નગરની નિસ્તબ્ધતાનો ભંગ થતો હતો.

સંજય નગરના, શ્મશાન જેવા રસ્તાઓ ઉપર થઈને છેવટે રાજમહેલમાં પેઠો. ત્યાં પણ કોઈ પુરુષ તો તેના દીઠામાં આવ્યોજ નહિ. તે આગળ વધતો વધતો ધૃતરાષ્ટ્ર રાજાના ખંડમાં પેઠો. ત્યાં તેણે અંધરાજને રડતો દીઠો. ગાન્ધારી રાણી, રાજપુત્રી દુઃશલા, દુર્યોધનની સ્ત્રીઓ તથા બીજી સેંકડો સ્ત્રીઓ હૈયાફાટ રડતી હતી. વિદુર શોકનાં મલિન વસ્ત્ર પહેરીને પોતે રડતો જઈને સૌને સાંત્વન દેવાનો પ્રયાસ કરતો હતો.

સંજય અંધરાજની આગળ ઉભો રહ્યો અને બોલ્યોઃ "મહારાજ ! આ અભાગીઓ સંજય આપને પ્રણામ કરે છે." તેના બોલ કાને જતાંજ ધૃતરાષ્ટ્રના શરીરને કંપારી આવી ગઈ. તે અત્યંત ઉત્કંઠાથી પૂછવા લાગ્યોઃ "શી ખબર લાવ્યો છે ?"

સંજય બોલ્યોઃ "હવે હું બીજી તે શી ખબર લાવવાનો હતો ? હવે આ મોઢેથી આપને શા સમાચાર આપવાના રહ્યા છે ? મહાત્મા વિદુર કહેતા હતા તે અક્ષરે અક્ષર સાચું પડ્યું છે. ભીષ્મ, દ્રોણ અને કર્ણ પડ્યા તે ખબર તો હું આવીને

આપને કહી ગયો હતો. આપે નિરપરાધી કુન્તીદેવીને તેના પાંચે પુત્રોસહિત બાળી મૂકવાનો પ્રયત્ન કર્યો હતો, આપે પાંડવોના ઉપર છેક નાનપણથીજ જે જે વીતક વીતાડયાં હતાં, આપના પુત્રો દ્રૌપદીને તેનો ચોટલો પકડીને સભામાં ખેંચી લાવ્યા હતા અને તેનું સૌના દેખતાં પાર વિનાનું અપમાન કર્યું હતું, આપના સાંભળતાંજ આપના દીકરાઓએ તેને દાસી બનાવીને પોતાના ઘરમાં રખાત તરીકે રાખવાની ઈચ્છાથી જે જે કડવાં વચન કહ્યાં હતાં, કહ્યું તો તેને એવું પણ કહ્યું હતું કે 'કૌરવમાંથી તને જે પસંદ આવતો હોય તેને તું તારા પતિ તરીકે માગી લે,' પાંડવો જ્યારે વનમાં જવા નીકળતા હતા ત્યારે આપના પુત્રોએ હાથના અને મોઢાના ચાળા કરીને તેમની પાછળ નાચીને તેમની મશ્કરી ઉડાવી હતી, આપે તેમની સમૃદ્ધિવાન રાજધાની પડાવી લીધી હતી, તે બધાનું આજે મહાબળવાન પાંડવોએ પૂરેપુરૂં વેર લીધું છે.÷ પાંડવો આ યુદ્ધમાં જીત્યા છે. આપનું વિશાળ સૈન્ય ધૂળધાણી થઈ ગયું છે. એકલા ભીમેજ દુર્યોધન વગેરે આપના સોએ સો દીકરાઓને મારી નાખ્યા છે."

આ વાક્ય પૂરૂં થયું કે તેની સાથેજ ત્યાં બેઠેલી સેંકડો સ્ત્રીઓના મુખમાંથી હૃદયવેધક ચીચીઆરીઓ નીકળવા લાગી. ધૃતરાષ્ટ્ર મૂર્છા ખાઇને હોંય પર ગબડી પડયો. સ્ત્રીઓએ કકળાણ કરી મૂક્યું. વિદુર અને સંજય રાજાને શુદ્ધિમાં આણવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કેટલીક વાર પછી તેને ભાન આવ્યું ત્યારે તેમણે તેને ઉચકીને ખાટલા ઉપર સુવાડયો; પણ તે સૂતો સૂતો વિલાપ કરવા લાગ્યોઃ–

"હાય હાય રે ! શું પાંડવોએ મારા સોએ સો દીકરાને મારી નાખ્યા ?! મારા બધા મિત્રો અને સગાવહાલા માર્યા ગયા ! અરે ! મારૂં રાજ્ય પણ મારા હાથમાંથી ઝૂંટવી લીધું ! પેલો દૈત્ય જેવો ભીમ મારા સો છોકરાઓને ખાઇ ગયો એ વાત તે મારે કાને કેમ સાંભળી જાય ! સંજય ! ઓ સંજય ! આ તું સાચુંજ કહે છે ! અલ્યા ! આ યુદ્ધમાં મારા સોએ સો દીકરા માર્યા ગયા અને પેલા પાંચ ભાઇઓમાંથી બધાએ જીવતા રહ્યા એ કાંઈ ઓછી દુઃખની વાત છે ! × ઓ દીકરા

÷ દ્રોણપર્વ, અધ્યાય ૧૩૦. × શલ્યપર્વ, ૨–૩.

દુર્યોધન ! તું મને વારંવાર કહેતો, ફરી ફરીને સમજાવતો કે લડાઈમાં તો હુંજ જીતીશ, હુંજ આખા ભારતવર્ષ ઉપર રાજ્ય કરીશ ! મેં તારી કહેલી બધી વાત સાચી માની અને પાંડવો તો મુઆજ પડયા છે એવું માની લીધું ! * પણ આજે તે બધુંજ ખોટું પડયું. પાંડવોએ મને શાખા વિનાના બાંડા વૃક્ષ જેવો, પાંખ વગરના પંખી જેવો દુઃખી દુઃખી કરી મૂકયો છે ! જેમણે વગર વાંકે મારા દીકરાઓને મારી નાખ્યા, વગર વાંકે મારૂં રાજ્ય પડાવી લીધું તેમની સાથે શું હું એક ઘરમાં રહીને મારા દોહ્યલા દહાડા કાઢું ? તેમના આપેલા ટકડા ખાઇને પેટ ભરૂં ? નહિ, નહિ, તે કરતાં તો હું રસ્તા વચ્ચે ભીખ માગતો ફરૂં તે બહેતર છે."

વિદુરે કહ્યું: "મહારાજ ! આપ અત્યારે આપની જાતેજ જ્ઞાન ધારણ કરો તે વધારે સારૂં છે. એક વાર કોઈની ઉન્નતિ થઈ એટલે તેનું પતન થયા વગર રહેતુંજ નથી; સંયોગ પછી વિયોગ ચાલ્યોજ આવે છે; જેઓ જન્મ ધારણ કરે છે તેઓ અવશ્ય મરણ પામે છે; એ તો પ્રકૃતિનો નિયમજ છે. આપ તેને શી રીતે ફેરવવાના હતા ? મનુષ્ય જેવાં શુભ અગર અશુભ કર્મ કરે છે તેવાંજ તેને શુભ અગર અશુભ ફળ મળે છે. મનુષ્ય જે શરીર દ્વારા જે કર્મ કરે છે તે કર્મનાં ફળ તેને તે શરીર વડેજ ભોગવવાં પડે છે. મનુષ્યના સુખદુઃખનો આધાર તેના પોતા ઉપરજ છે.÷ મહારાજ ! દમ, ત્યાગ અને અપ્રમાદ, એ ત્રણને જીવનમાર્ગ ઉપર સ્વારી કરવાના ઘોડા જાણવા. જેઓ એ ત્રણના ઉપર સ્વાર થાય છે તેઓ દરેક બાબતમાં સિદ્ધિ મેળવે છે."

થોડી વાર સુધી મૌન ધારણ કર્યા પછી પાછું વિદુરે બોલવા માંડયું: "મહારાજ ! આ સંસાર તો કાંટાથી ભરેલું મહાન અરણ્ય છે. તેમાં થઇને જતાં આખું શરીર કાંટા અને ઝાડી ઝાંખરાથી ઉઝરડાઇ જાય છે. તે ઉપરાંત તેની અંદર નાના પ્રકારના વ્યાધિઓરૂપી સિંહ વાઘ એવાં હિંસક પશુઓ પણ જોઇએ તેટલાં વસે છે. તેમની દાઢમાંથી કોઇ પણ રીતે આપણી જાતને કદાચ બચાવી લઇએ તોપણ આપણે તદ્દન સલામત તો થતાજ નથી. એ જંગલની અંદર વાસનારૂપી ભયંકર, ઉદો,

* સ્ત્રીપર્વ, ૨—૨૮
÷ સ્ત્રીપર્વ, ૨—૩૩ થી ૩૬. ૩—૯.

ઓઝારો કૂવો છે. તેનું મુખ આશારૂપી રૂપાળી, નેત્રનું હરણ કરે એવી વેલીઓથી ઢંકાએલું છે. તેના ઉપર જે વૃક્ષ ઉગ્યાં છે તેની ડાળીઓ ઉપર ષડ્‌રિપુરૂપી મધમાખીઓએ બનાવેલા વિષયસુખરૂપી મધથી ભરેલા મધપૂડા લટક્યા કરે છે. મનુષ્ય પેલી આશારૂપી વેલીઓથી લોભાઇને વિષયસુખરૂપી મધ ચાખવાના લોભે તે વાસનારૂપી કૂવા આગળ જાય છે તેવોજ તે તેની અંદર ગબડી પડે છે. તેના પગ પેલી આશારૂપી વેલીઓની અંદર ગૂંચવાઈ જવાથી તે નીચે મોઢે કુવાની અંદર લબડી પડે છે. આથી કરીને ઉપરના મધપૂડાઓમાંથી ટપકતાં વિષયસુખરૂપી મધનાં કોઇ કોઈ ટીપાં તેમના મોઢા ઉપર પડે તોપણ તેથી તેમને તૃપ્તિ થતી નથી, તેમની તૃષ્ણા હોલવાતી નથી; એટલુંજ નહિ પણ તે ઉત્તરોત્તર વધતી જાય છે. ત્યારપછી તેમને જરા નામની એક ભયંકર રાક્ષસી આવીને તેને ગળામાંથી પકડે છે. વળી એજ જંગલમાં કાળ નામનો ભયાનક જંગલી હાથી ફરતો ફરે છે તે પણ પેલા કૂવા આગળ આવીને પેલા લટકતા માણસોને પોતાની સૂંઢથી પકડીને પગ તળે છૂંદી મારે છે. એ તો એવો જબરો છે કે કોઇથી રોકયો રોકાયજ નહિ. માત્ર તત્ત્વજ્ઞાનીઓ અને જિતેન્દ્રિય મનુષ્યોજ આ વાસનાના કૂવામાં પડીને શોકગ્રસ્ત થતા નથી. વળી શોક કરવાથી કશું ફળ તો થતું નથી. શોક કરીને કોઇથી મરનારની પાછળ જવાતું નથી, તેમ મરેલાંને પાછાં બોલાવી શકાતાં નથી. ત્યારે પછી શા માટે શોકને આધીન થવું ?"

અંધરાજ બોલ્યોઃ "ભાઇ ! હવે હું સમજ્યો. હવે આટલું બધું થયા પછી હું સમજ્યો કે આ સંસારમાં દુઃખ તો અનિવાર્યજ છે. હે સંજય ! હવે મને બધું સમજાય છે. પાંડવો લાક્ષાગૃહમાંથી ઉગરી ગયા છે અને બુદ્ધિમાન વિદુર તેમને મદદ કર્યા કરે છે એવું મેં જાણ્યું ત્યારથીજ મેં જીતવાની આશા છોડી દીધી હતી. ભારતવર્ષમાંથી કોઇ પણ વીર પુરુષ જે લક્ષ્યવેધ ન કરી શકયો તે લક્ષ્યવેધ અર્જુને રમતાં રમતાં કરી દીધો અને બળવાન પાંચાલો સાથે પાંડવો સગપણની ગાંઠથી જોડાયા ત્યારથીજ મેં જીતવાની આશા છોડી દીધી હતી. ત્યાર પછી વળી એજ અર્જુન મહાબળવાન ગણાતા કૃષ્ણ અને બલરામની બહેનનુંજ હરણ કરી ગયો અને કૃષ્ણ તથા બલરામ

બેઉ પુષ્કળ ધન રત્ન વગેરેની પહેરામણી આપવા ઇન્દ્રપ્રસ્થ ગયા તે સાંભળીને પણ મેં જીતવાની આશા છોડીજ દીધી હતી. જરાસંધ, જેનાથી બધાજ ડરતા હતા તેને ભીમે મારી નાખ્યો અને કેદમાં પૂરાએલા રાજાઓને છૂટા કર્યા ત્યારથી મેં જીતવાની આશા છોડી દીધી હતી. જ્યારે મારા કુભાંડી છોકરા રડતી કકળતી એકવસ્ત્રા દ્રૌપદીને તેના પાંચ પતિ છતાં જાણે તે અનાથ હોય તેમ તેનો ચોટલો પકડીને ખેંચતા ઘસડતા સભામાં તાણી લાવ્યા ત્યારથીજ મેં જીતવાની આશા છોડી દીધી હતી. અભિમાનથી છકી ગએલા મારા છોકરા પોતાનું ઐશ્વર્ય અને પોતાનાં પરાક્રમ પાંડવોને બતાવવા જતાં ગન્ધર્વને હાથે કેદ પકડાયા અને એ પાંડવોએજ તેમને છોડાવ્યા ત્યારથી મેં જીતવાની આશા છોડી દીધી હતી. વિરાટ રાજ્યના ઉપર મારા પુત્રોએ ચઢાઈ કરી ત્યારે અર્જુને એકલે હાથે મારા અપાર સૈન્યને સેનાપતિઓ સહિત મારી હઠાવ્યું ત્યારેજ મેં જાણ્યું હતું કે હવે જીતવાની આશા છોડી દેવી. ત્યાર પછી વળી પાંડવોએ બળવાન મત્સ્યરાજાની સાથે સગાઈ કરી અને તેને પોતાના પક્ષમાં લીધો ત્યારે પણ મેં જીતવાનો વિચાર મારા મનમાંથી કાઢી નાખ્યો હતો. દેશના ભલાનો વિચાર કરીને અમારી વચ્ચે સુલેહ કરાવવાને માટે કૃષ્ણ આવ્યા હતા તે અપમાન વેઠીને અહીંથી પાછા ગયા અને પછી પાંડવોને મદદ કરવા લાગ્યા તે જાણીને પણ મેં જીતવાનો વિચાર મારા મનમાંથી કાઢી નાખ્યો હતો. કૃષ્ણ, અર્જુન અને ગાંડીવ, એ ત્રણ ઉગ્ર અને પ્રતાપી પદાર્થો એકત્ર થયા પછી જીતની આશા રખાયજ કેમ? મહાવીર ભીષ્મ, દ્રોણ અને કર્ણે સામા પક્ષના સંખ્યાબંધ યોદ્ધાઓને મારી નાખ્યા છતાં ત્રણે પૈકી કોઈથી પાંડવોનો એક વાળ પણ વાંકો થયો નહિ ત્યારે મેં જાણ્યું કે હવે જીતવાની આશા ફોકટ છે. ભીમ સમરાંગણની વચ્ચે મારા તરફના અનેક યોદ્ધાઓની નજર આગળજ દુઃશાસનની છાતી ચીરીને તેનું લોહી પી ગયો અને કોઇ તેને અટકાવી શકયો નહિ તે વાત મેં સાંભળી ત્યારથી તો હું જીતવાની આશા છોડીનેજ બેઠો છું. હે સંજય! આ બધું હું જાણતો હતો છતાં આજે હું અને ગાન્ધારી પુત્ર, પૌત્ર અને બંધુ બાંધવ વગરનાં અને રાજ્યભ્રષ્ટ થયાથી શોકાતુર થઇએ છીએ. મારા આવડા મોટા

સૈન્યમાંથી માત્ર અશ્વત્થામા, કૃપાચાર્ય, કૃતવર્મા અને તું એટલા ચારજ જણ જીવતા રહ્યા એ મારાથી સહન થઈ શકતું નથી. મને ચારે દિશાએ અંધકાર દેખાય છે. તમે સાંત્વન આપો છો પણ તમારા બોલ મારા મનમાં પ્રવેશ કરતા નથી. અરેરે ! પાંડવોએ તો અસાધ્ય કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે !"

આ પ્રમાણે બોલ્યા પછી અંધરાજ થોડીક વાર સુધી ચૂપ રહ્યો. વળી પાછો તે સંજયને કહેવા લાગ્યો: "તેં એક કામ ઘણુંજ ખોટું કર્યું. કર્ણની પાસે એવી એક ભયંકર શક્તિ છે કે તે જેના ઉપર પડે તેને માર્યા વગર રહેજ નહિ, એવું તું જાણતો તો હતોજ છતાં શા માટે તે શક્તિનો ઉપયોગ અર્જુનના ઉપર કરવાનું તેં કર્ણને કહ્યુંજ નહિ ? તેમ જો થાત તો કૃષ્ણ અથવા અર્જુન એમાંથી એક જણ તો મુઓજ હોત અને આજે આપણા ઉપર આ જે અપાર દુઃખ આવી પડયું છે તેમાંનું કાંઇ હોતજ નહિ.

સંજયે જવાબ દીધો: "રાજાજી ! દરરોજ લડાઇ પૂરી થાય અને અમે અમારી છાવણીમાં જઈએ ત્યારે અમે રાત્રે ભેગા થઇને મસલત કરતા. તે વખતે હું કર્ણને વારંવાર યાદ દેવરાવતો કે "આવતી કાલે સવારે તું પેલી તારી શક્તિ કૃષ્ણ અથવા અર્જુન એમાંથી એકના ઉપર ફેંકવાનું ચૂકતોજ નહિ." કર્ણ પણ કહેતો કે કાલે તો હું નહિજ ભૂલું, પણ સવાર થતાંજ તે એ વાત ભૂલી જતો. *

થોડી વાર પછી પાછો સંજય બોલ્યો: "મહારાજ ! અમે બધાએ આપને યુદ્ધ નહિ કરવાની સલાહ આપી હતી, પણ આપે કોઇની સલાહ કાને ધરીજ નહિ. જે આપને ખરા હિતની વાત કહેતો તે આપને આંખના પાટા જેવો લાગતો અને જે આપને વિનાશનો રસ્તો બતાવતો તેને આપ પરમમિત્ર માની લેતા. આનુંજ નામ મોહ. આજે આપ આપની પોતાની ભૂલ ન જોતાં બધો ખોટો દોષો એકલા દુર્યોધનને માથે નાખો છો તે સારૂં નહિ. ખરૂં પૂછાવો તો આ બધી વિપત્તિના મૂળકારણ આપજ છો. આપનાજ અધર્માચરણને લીધે દેશ વિદેશના અસંખ્ય લોકો અહીં એકઠા થયા અને કપાઈને મૂઆ. આપની દુષ્ટ નીતિને લીધેજ આપના પુત્રો પણ મરણ પામ્યા છે. આપ પોતેજ

* દ્રોણપર્વ, ૧૮૦–૧ શ્લો. ૬ ઉપ.

# પ્રકરણ ૨ જું—ધૃતરાષ્ટ્રે કુરુક્ષેત્રમાં જવું

પછી પુત્રશોકથી વિહ્વલ બની ગએલો ધૃતરાષ્ટ્ર શોકનાં વસ્ત્ર પહેરીને કુરુક્ષેત્ર જવા નીકળ્યો. તેની સાથે ગાન્ધારી, કુન્તી, દુઃશલા અને તેની સો પુત્રવધૂઓ પણ હતી. શહેરની સ્ત્રીઓ પણ પોતપોતાનાં મરી ગએલાં સગાંવહાલાંનાં છેલ્લી વારનાં મોઢાં જોવા માટે તેમની સાથે આવવા લાગી. આ બધાને બેસાડીને લઈ જતી ગાડીઓની હારની હાર કુરુક્ષેત્ર તરફ લાગી ગઇ હતી. આજે એ સ્ત્રીઓમાંથી કોઇના પણ અંગ ઉપર સારાં વસ્ત્ર કે અલંકાર ન હતા. સૌનાં શરીર ઉપર માત્ર એકજ વસ્ત્ર હતું. તેમનાં શરીર પણ ધૂળમાં આળોટી આળોટીને મેલાં થઇ ગયાં હતાં. માથાના વાળ પણ અવ્યવસ્થિત હાલતમાં વીખરાયેલા હતા. આખે રસ્તે તેઓ પોતાનાં કપાળ અને છાતીઓ કૂટતી અને રડતી કકળતી જતી હતી. વળી કોઇ વાર એકબીજાને ગળે વળગીને રડતી હતી. વિદુર સૌને સાંત્વના દેતા દેતા તેમની સાથે ચાલતા હતા. હસ્તિનાપુરના રહેવાસીઓનાં દિલને આ સ્ત્રીઓનું દુઃખ જોઇને ઘણું લાગી આવતું અને તેમની આંખમાંથી પણ આંસુ નીકળી પડતાં હતાં. કેટલીક પતિ અને પુત્ર વગરની થઇ ગએલી સ્ત્રીઓ તેમના પતિ યા પુત્રનાં મોઢાં જોવાની આશાએ ચાલી આવતી હતી.

ધૃતરાષ્ટ્ર રાજાની સ્વારી આવે છે એવી ખબર મળતાંજ યુધિષ્ઠિર કૃષ્ણને આગળ કરીને તેમને સામા લેવા ગયા. તેમની પાછળ તેમના ભાઇઓ, સાત્યકિ અને યુયુત્સુ ચાલતા હતા. સૌની પાછળ શોકાતુર દ્રૌપદી રડતી રડતી ચાલતી હતી. એવામાં ધૃતરાષ્ટ્રનો રથ ત્યાં આગળ આવી પહોંચ્યો. તેને જોતાંની સાથેજ યુધિષ્ઠિરે આગળ જઇને શોકપૂર્ણ સ્વરે કહ્યું: પિતાજી! હું અભાગીઓ યુધિષ્ઠિર છું." એમ કહીને તેમણે ધૃતરાષ્ટ્રના બેઉ પગ પોતાના હાથ વડે પકડી લીધા. ધૃતરાષ્ટ્રે તેમને આલિંગન દીધું અને પૂછયું: "ભીમ ક્યાં છે, ભીમ? ભીમ તેની પાસે આવ્યો છે એવી જાણ થતાંજ શોકવિહ્વલ પણ મહાબળવાન અંધરાજે પોતાના બેઉ હાથ વડે તેને ખૂબ જોરથી છાતી સાથે દાબ્યો અને બીજીજ પળે જે વસ્તુને તેણે બાથ ભરી હતી તેને

દબાવીને ભાંગી નાખી. તે જોઇને પાંડવો ત્યાંથી આઘા ખસી ગયા. આંધરાજે પોતાના પુત્રોનું વેર વાળવા માટે ભીમની મૂર્તિને એટલા જોરથી છાતી સરસી દબાવી હતી કે તેની છાતીમાં પીડા થવા લાગી અને મોઢામાંથી લોહી ઓકવા લાગ્યો. થોડી વાર પછી તેને જરાક કરાર વળ્યો ત્યારે ડોસો ભીમના મૃત્યુને માટે રડવા લાગ્યો. કૃષ્ણ બોલ્યા: “ રાજા ! આપ શોક કરતા નહિ. આપના દીકરાઓ ભીમની લોખંડની મૂર્તિ ઘડાવી રાખી હતી તેનેજ આપે ભેટીને ભાંગી નાખી છે.÷ ભીમ તો સાજો સમો આઘો જઇને ઉભો છે.” ત્યારે ધૃતરાષ્ટ્ર ઉંડો નિઃશ્વાસ મૂકીને મોઢેથી ખોટું ખોટું કહેવા લાગ્યો: “બહુ સારૂં થયું. ભીમ જીવતો રહ્યો તે ઘણું સારૂં થયું.” પણ ડોસો મનમાં તો સમજીજ ગયો કે દુનિયામાં મારા કરતાં પણ ચતુર માણસો પડયાં છે ખરાં !

પછી પાંડવો કૃષ્ણને આગળ કરીને શોકાતુર ગાન્ધારીદેવીની પાસે ગયા. વેદ વ્યાસ પણ તેજ ટાંકણે ત્યાં આવી લાગ્યા. તેમણે ગાન્ધારી રાણીને કહ્યું: “દુર્યોધને કુરુક્ષેત્રના યુદ્ધની શરૂઆત કરતી વખતે તમારી પાસે આવીને વારંવાર કહ્યું હતું કે ‘મા ! અમારી જિત થાય એવો આશીર્વાદ આપો,’ ત્યારે તમે તેને ફરી ફરીને એકનો એકજ જવાબ આપ્યો હતો કે ‘જ્યાં ધર્મ હશે તે પક્ષનો જય થશે.’ તમારા બોલ કાંઈ ફોકટ જાય એવા તો ન હતા. હવે પાંડવોનો જય થયો છે, માટે તે ઉપરથી સાબિત થાય છે કે ધર્મ તેમનીજ બાજુમાં હતો. એમ વિચારીને તમારે હવે તેમના ઉપર ક્રોધ કરવો જોઈએ નહિ.”

ગાન્ધારી બોલી: “દુર્યોધન અને શકુનિનાં પાપને લીધે તથા કર્ણ અને દુઃશાસનની બદસલાહને લીધે આખા કુરુવંશનો નાશ થયો છે, તેમાં પાંડવોનો શો દોષ કાઢવો?”×

ભીમ બોલ્યો: “મા ! આપના દીકરાઓએ અમારા ઉપર જે જે જુલમો કર્યા છે, બિચારી નિરપરાધી દ્રૌપદીના ઉપર જે ઘાતકી વર્તણુક ચલાવી છે તે બધું તમે જાણો તો છોજ. તેઓ

÷ સ્ત્રીપર્વ, અધ્યાય ૧૨.

× સ્ત્રીપર્વ, ૧૪–૧૬–૧૭. એજ ગાંધારી પાછી કૃષ્ણને શાપ દે છે ! ધન્ય! ઇશ્વરથી રચાયેલા ગ્રંથમાં આવા ઉમેરા થાય જ.

સ્વાનંદ

તેમનાં પાપને લીધેજ મરણ પામ્યા છે. તેમાં અમારો શો દોષ? તે વખતે તમે તમારા છોકરાઓને વાર્યા નહિ અને હવે અમારા ઉપર શા માટે રીસે ભરાઓ છો?" ગાન્ધારી બોલીઃ "ભાઈ! એ બધુંય હું જાણું છું. પણ તેં આ ઘરડાં સ્ત્રીપુરુષની સેવાચાકરી કરવા અમારો એક છોકરો પણ જીવતો ન રહેવા દીધો?"

આટલું કહીને ગાન્ધારી થોડી વાર તો ચૂપ બેસી રહી. પછી તે બોલીઃ "યુધિષ્ઠિર રાજા ક્યાં છે?" એ સાંભળીને યુધિષ્ઠિર રડતા રડતા ગાન્ધારીના પગ આગળ નમી પડ્યા અને બોલ્યાઃ "આ રહ્યો તમારા પુત્રોને હણનાર પાતકી યુધિષ્ઠિર. મેં તમારા પુત્રોને મારી નખાવ્યા છે. હું તો ખરેખર અભાગીઓજ છું. મારે તો રાજ્ય પણ નથી જોઈતું અને જીવવું પણ નથી. મા! મને શાપ દો."× તોપણ ગાન્ધારી કશું બોલી નહિ.

પછી ત્યાંથી ઉઠીને પાંડવો પોતાની મા પાસે ગયા; પણ તે તો સાડીના છેડા વડે પોતાનું મોઢું ઢાંકીને રડતી હતી. આજ તેર વર્ષના ગાળા પછી, કેટલાં કેટલાં દુઃખોનો ભાર વેઠ્યા પછી તેને તેના પુત્રોનો પહેલી વાર મેળાપ થતો હતો, છતાં પણ તે તેમનાં મોઢાં જોતી ન હતી. પાંચે ભાઈઓ અચંબામાં ગરકાવ થઈને દીનભાવે તેની આગળ ઉભા રહ્યા. થોડી વાર પછી કુન્તીએ પોતાના મોઢા ઉપરનો સાડીનો છેડો સંકેલી લઈને દીકરાઓ તરફ નજર કરી ત્યારે તેમને દરેકને અંગેઅંગમાં ઘવાએલા દીઠા. તે જોઈને તેના હૃદયને ઘણો ભારે આઘાત થયો. એજ વખતે દ્રૌપદી આવીને તેને પગે પડી. કુન્તી તેને દિલાસો દેવા લાગી. ત્યાર પછી તેને લઈને ગાન્ધારી પાસે ગઈ. દ્રૌપદીને રડતી જોઈને તે બોલીઃ "બેટા! રડીશ નહિ. તું જેવી દીકરા વગરની થઈ છે તેવી હું પણ દીકરા વગરનીજ થઈ છું. જેવી તું દુઃખી છે, તેવી હું પણ દુઃખી છું. આપણે બેઉ સમાન દુઃખી. તારા મનને કઠણ કરી શાંત નહિ થાય તો મને કોણ સાંત્વન આપશે તે કહે. વિદુર, સંજય વગેરેની સાચી શિખામણ મેં માની નહિ તેનાં ફળ હું ભોગવું છું. આવડા મોટા કુરુવંશનું નિકંદન નીકળી ગયું તે મારાંજ પાપને લીધે."

---

× સ્ત્રીપર્વ ૧૫-૨૬,૨૭.

# પ્રકરણ ૩ જું—સ્ત્રીઓની રડારોળ

આજ પેલું ગોઝારૂં કુરુક્ષેત્રનું મેદાન—આદિ અને અંત વિનાનું-ચારે દિશાઓ આકાશની સાથે ઓતપ્રોત થયું હોય એવું વિશાળ અને પાધર. આજે તેનો દેખાવ બીભત્સ અને રોમાંચ ઉત્પન્ન કરે એવો હતો. આખા મેદાનમાં ઠેકાણે ઠેકાણે મુડદાંના ઢગના ઢગ ખડકાયા હતા. માથા વિનાનાં અસંખ્ય ધડ ત્યાં રવડતાં હતાં અને હાથપગ વિનાનાં શરીરનો પણ પાર ન હતો. કોઇનાં માત્ર હાડકાંજ તો કોઇના થોડાક માંસના લોચા તો કોઈના એકલા માથાના વાળજ રહી ગએલા—બાકીનો ભાગ કોલ્હાં કૂતરાંઓ કરડી કરડીને ખલાસ કરી નાખેલા! કોઈ જગ્યાએ ભાગ્યાં તૂટ્યાં અસ્રશસ્ત્રનાજ ઢગલા, કોઇ ઠેકાણે અસંખ્ય મનુષ્યોના મૃતદેહની સાથે હાથીઘોડાના મૃતદેહ સેળભેળ થઇ ગએલા. કોઈ ઠેકાણે ભાગી ગએલા રથનાં પૈડાં અને બીજા ભાગજ રવડતા પડ્યા હતા. કોઇ ઠેકાણે રથની ધ્વજાઓ, તો કોઇ ઠેકાણે ફાટ્યા તૂટ્યા બખ્તરના ટુકડા, તો કોઇ ઠેકાણે ગોભાઇ ગયેલા શિરટોપ રવડતા હતા. કોલ્હાં અને કૂતરાંનાં ટોળેટોળાં ત્યાં ભમતાં હતાં, લાશોને દાંત વડે કરડતાં મરજીમાં આવે તેમ ઢસડતાં હતાં. કાગડા, સમડીઓ, ગીધ, બાજ વગેરે માંસાહારી પક્ષીઓ પોતાના ભક્ષને માટે લડાલડી કરી રહ્યાં હતાં. જેમ જેને ફાવે તેમ મૂડદાંને ફોલી ખાતાં હતાં. ચોતરફ પાર વિનાની દુર્ગન્ધ ઉડતી હતી.

ધૃતરાષ્ટ્ર, કૃષ્ણ, પાંચે પાંડવો, દ્રૌપદી, ગાન્ધારી અને બીજી કુરુવંશની સ્ત્રીઓ આ ભયંકર રણક્ષેત્રને જોતી જોતી ચારે તરફ ફરવા લાગી. દરેકનાં નેત્ર પોતપોતાનાં પ્રિયજનને શોધી કાઢવા તલસતાં હતાં. દરેકને આ ભયંકર દશ્ય જોઇને મર્મવેધક વેદના થતી હતી. કૌરવોની સ્ત્રીઓએ તેમના પતિઓ, પુત્રો, ભાઈઓ, પિતાઓ અને બીજા સગાઓની લોહીલુહાણ અને છિન્નભિન્ન થએલી લાશો રણક્ષેત્રમાં પડેલી દીઠી. એ દેખાવ જોઇને તેઓ ગાંડી જેવી પોતાના પ્રાણાધિક પ્રિય કુટુંબીઓને શોધતી આખા રણક્ષેત્રમાં રઝળવા લાગી. કોઈ કોઇ તો એ દેખાવ જોઇને ત્યાં ને ત્યાંજ મૂર્છિત થઇ ગઈ.

ગાન્ધારી રાણી આ ભીષણ દૃશ્ય જોઈને શોકથી વિહ્વલ બનીને ગાંડીતૂર જેવી રડતી ગઈ અને બધે ભટકતી ગઈ. તે વિલાપ કરવા લાગી:–

"અરે! આ કેવું કમકમાટી ઉપજાવે એવું ભયાનક દૃશ્ય! કૃષ્ણ! જુઓ તો ખરા. અરે! ઉત્તમ વસ્ત્રો અને હીરા-મોતીના અલંકાર પહેરેલા કેટલા બધા મોટા મોટા રાજેન્દ્રો અહીં પોતાનાં મોઢાં પહોળાં કરીને પડેલા છે! કેટલા ગણ્યા ગણાય નહિ એટલા લોહીનો અહીં ખુરદો નીકળી ગયો છે! જેમનાં શરીર એટલાં બધાં સુંવાળાં હતાં કે કોમળ શય્યા વગર જેઓ ઉંઘી શકતા ન હતા તેઓ આજે ખડબચડી, કાંકરાવાળી કઠણ ધરતીમાં અથવા કાદવકીચડમાં પડ્યા છે. જેમનાં શરીર ઉપર એક વાર ચન્દન અને સુગન્ધી વાળાના લેપ થતા હતા તેઓ આજે લોહીથી રંગાઈને ધૂળ અને કાદવમાં લદબદ થઈને આમ તેમ પડેલા છે! જેમનાં શરીર સુગન્ધી પુષ્પોની માળાઓ વડે શોભતાં હતાં તે આજે અનેક જગ્યાએ બાજુથી વીંધાઈને ચાળણી જેવાં થઈને રખડતાં પડ્યાં છે! એક વાર બન્દીજનો ભાટચારણો ટોળે વળીને જેમનાં યશોગાન ગાતા હતા, આજે તેમને કોહલાં કૂતરાં સિવાય બીજું કોઈ જોવાની પરવાહ કરતું નથી! હજારો માંસાહારી પક્ષીઓ આજે તેમનાં શરીરમાંથી માંસના ટુકડા તોડી ખાઈને તેના વડે ઉજાણી કરી રહ્યાં છે! કૃષ્ણ! આમ તો જુઓ! કેટલા બધાનાં શરીર ઉપરથી રથનાં પૈડાં ફરી વળ્યાં છે! અરે, કેટલા બધા ઘોડાના પગ તળે ખૂંદાઈ મુઆ છે! કેટલા બધા હાથીના પગ તળે કચરાઈને પીસાઈ ગયા છે! અરે! એ બાપડાઓને મરતી વખતે કેટલી વેદના થઈ હશે! કેવા રીબાઈ રીબાઈને તેમના જીવ ગયા હશે!

"કૃષ્ણ! જરા આમ નજર કરો. કેટલાં બધાં વસ્ત્ર અને આભૂષણો અહીં રવડતાં પડ્યાં છે! કેટલા બધા હીરા, મોતી અને સોનામહોરો અહીં વેરણ છેરણ પડેલી છે! કેટલાં બધાં શસ્ત્રોના ઢગ ખડકાયા છે! કેટલા બધા રથના ભાંગ્યા તૂટ્યા ટુકડા અહીં રવડે છે! કેટલા બધા હાથીઘોડાનાં મુડદાં મનુષ્યોનાં મુડદાંની સાથે સેળભેળ થઈ ગયાં છે! પર્વતના જેવા કદાવર હાથીઓના પગ તળે ચગદાઈને કેટલા બધા મનુષ્યો મરી ગયા છે.

"કૃષ્ણ! જુઓ, જુઓ... આ મારો [illegible]

બળેલી જળેલી વહુઓની સામે જુઓ! તેમની દુર્દશાનો વિચાર કરો. તેમના વીખરાએલા વાળ, મલિન વસ્ત્ર, ધોળાં પૂણી જેવાં ફીકાં મોઢાં, તેમની પાગલ જેવી હાલત અને ધૂળમાં રગદોળાએલાં શરીર સામે તો જરા જુઓ. તેઓ બિચારી પોતાના પતિ, પિતા, પુત્ર અને ભાઇઓની શોધમાં બહાવરી બહાવરી રડતી કકળતી ચારે દિશાએ ભમે છે. જે સ્થાન એક વાર ભીષ્મ દ્રોણ અને કર્ણ જેવા પ્રૌઢ પ્રતાપવાન વીરોથી દીપી રહ્યું હતું ત્યાં આજે સ્ત્રીઓનાંજ ટોળાં રવડે છે. જ્યાં એક દિવસ ભીષ્મ, દ્રોણ અને કર્ણના પ્રચંડ ધનુષ્યટંકાર સંભળાતા હતા ત્યાં આજે શું સંભળાય છે? સ્ત્રીઓનાં કરુણ ક્રન્દન! તેઓ બિચારી ગાંડી ઘેલી જેવી "ઓ મારા પતિ!" "ઓ મારા પુત્ર!" કહીને છાતી ફૂટતી હાહાકાર કરતી આમ તેમ આથડીઆં મારે છે!

"કૃષ્ણ! તમે તેમનાં દીન મલિન વસ્ત્ર તો જુઓ! તેમનું હૈયાફાટ કલ્પાંત તો સાંભળો! તેમના પથ્થરને પણ પીગળાવે એવા વિલાપ તો જરા સાંભળો. જુઓ, જુઓ, કેટલી બધી સુકોમળ અબળાઓ માથાં અને છાતી ધબાધબ ફૂટી રહી છે! કેટલી પોતાના માથાના વાળ પીંખી રહી છે! આમ જુઓ, પેલી વધૂઓ પોતાના પતિનાં અથવા પુત્રોનાં માથાંને ખોળામાં લઇને વિલાપ કરે છે! કેટલીક તો વળી કપાએલાં માથાંને માથાં વિનાનાં ધડ સાથે જોડીને તે જોતાં જોતાં બેભાન થઇને પૃથ્વી પર ઢળી પડી છે! કેટલાંકનાં માથાં ધડ સાથે બેસતાં ન આવવાથી આ અમારા પતિનું કે પુત્રનું શરીર નથી એમ જાણીને અત્યંત દુઃખી થઇને કલ્પાંત કરી રહી છે! અરે! કોઈ કોઈ કુલવધૂઓ તો તેમના પતિની લાશને આલિંગીને આ રણક્ષેત્રમાંજ પોઢી ગઇ છે!"

એવામાં તે દુઃખી ગાન્ધારીની નજર એક લાશ ઉપર પડી* અને તેને જોતાની સાથેજ તે ધ્રૂજી ઉઠી. બીજીજ પળે તે મૂર્છા ખાઇને જમીન ઉપર પડી ગઈ. કેટલીક વાર પછી જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તે પેલી લાશની પાસે બેઠી અને તે લોહી અને કાદવથી લદબદ થઇ ગએલા, સનાતન નિદ્રામાં પડેલા

* આ વખતે ગાન્ધારીએ પોતાની આંખ ઉપરના પાટા છોડી નાખેલા કે રહેવા દીધેલા એવી મુદ્દાની વાત મહાભારતના લેખકો ઘણી વાર ભૂલી જાય છે તેમ આ વાત ભૂલી ગયા હશે? અનુવાદક

દેહને ખોળામાં લઈને અત્યંત કરુણ સ્વરે વિલાપ કરવા લાગી.

"હાય હાય રે! જેની આસપાસ એક વાર સેંકડો રાજાઓ ટોળે વળીને બેસતા તેની આસપાસ આજે શિયાળ અને કૂતરાંજ ભમે છે! જેને સેંકડો દાસદાસીઓ બધો વખત ચામર ઢોળ્યા કરતાં તેને આજે કાગડા અને બાજ પોતાની પાંખોના ફડફડાટથીજ પવન નાખે છે! ઓ મારા મહાબળવાન પુત્ર! તું આજે સિંહે હણેલા ગજેન્દ્રના જેવો પડયો છે! દીકરા! તને આમ સૂઈ રહેવું શોભે ખરૂં? તું તારા બાહુના બળ વડે આખા ભારતવર્ષ ઉપર રાજ્ય ચલાવતો હતો તે તું શું આજ આમ રાંકની પેઠ પડયો રહીશ? મેં તને ભરતખંડ ઉપર રાજય કરતો દીઠો છે. આજે શું મારે તારી જગ્યાએ પરાયાને રાજી કરતો જોવો? બાપ દુર્યોધન! મારા લાડકવાયા! બેટા! ઉઠ, બેઠો થા."

પણ દીકરો તો નજ ઉઠયો; આખરે તેની ગાજ ઉઠીને ઉભી થઇ અને ગાંડીની માફક ત્યાંથી આગળ ચાલી. બીજાં બધાં નિઃશબ્દપણે ઉદાસ મને તેની પાછળ પાછળ ચાલ્યાં. ગાન્ધારી વળી પાછી બોલવા લાગીઃ–

"કૃષ્ણ! જુઓ, પેલી ઉત્તરા પોતાના પતિના મૃતદેહને ખોળામાં લઇને રડતી બેઠી છે.= જુઓ, તે કેવી વિલાપ કરે છે! તે પોતાના પતિના શરીરમાં ઘોચાયેલાં તીર વીણી વીણીને ખેંચી કાઢે છે, તેના જખમ ઉપર પ્રેમથી હાથ ફેરવે છે! અરે! જુઓ જુઓ, શોકથી ગાંડી થઈ ગએલી ઉત્તરા તેના પતિની બાજુમાં સૂઇ ગઇ. જુઓ, તેની મા અને બહેન તેને ઉંચકીને લઈ ગઇ. તેને પોતાના પતિને છોડીને જવું નથી. કૃષ્ણ! અભિમન્યુ તો તમારો ભાણેજ થાય તે શું કરતાં મુઓ?—

જુઓ, પેલી દુર્યોધનની સ્ત્રી દેખાય! તે પતિ વિનાની–પુત્ર વિનાની થવાથી અત્યારે ગાંડીની માફક લટીઆં છૂટાં

=અભિમન્યુ યુદ્ધને બારમે દિવસે મરાયો હતો ત્યાર પછી ઓછામાં ઓછા આઠમે દહાડે આટલા બધાં શિયાળ, કૂતરાં, ગીધ, સમડી, કાગડા વગેરે ભમતા હતા છતાં અભિમન્યુની લાશ ઉત્તરા ઓળખી શકે એવી સારી હાલતમા સડયા વગરની રહી હતી એવું હિંમત ચલાવનાર લેખકના સાહસને ધન્યવાદ આપવો પડે છે!

સેવાનંદ

મૂકીને મેલે ઘેલે વેશે રડતી કકળતી ચારે કોર ભમે છે. જુઓ, છોકરાનું લોહીવાળું માથું ખોળામાં લઇને રડે છે. જુઓ, વળી પાછી તે દુર્યોધનની લાશ જ્યાં પડી છે તે તરફ ચાલી. તેની પાસે બેઠી. જુઓ, ધણીનું મોઢું કેટલું જતન કરીને લુછવા મંડી છે તે તો જુઓ. તેના શરીરમાંથી કાદવ અને લોહીના ડાઘ લૂછવા બેઠી છે. અરેરે ! ધણીના શબને તે કેવા વહાલથી છાતી સરસું દબાવે છે ! અહો ! કેટલી તીવ્ર મનોવ્યથા મને અત્યારે થાય છે ! મારાથી તે નહિજ સહન થાય.

"અરે ! પેલો દુઃશાસન પડયો ! અભાગીઆએ જે દહાડે દ્રૌપદીના વાળ ખેંચ્યા ત્યારની હું તો જાણતી હતી કે એક દિવસ તેના પણ આવાજ હાલહવાલ થવાના છે. કૃષ્ણ ! ભીમે તેનીકેવી ભૂંડી દશા કરી છે તે જોઇ ? તેની છાતી ચીરીને તેનું લોહી પી ગયો છે. આખું શરીર લોહીથી ખરડાઇ ગયું છે ! પ્રભુ ! પ્રભુ ! કેવો ભયાનક દેખાવ !

"આ જયદ્રથ રાજાની લાશ પડી છે. એક બાજુએ તેને કોલ્હાં કૂતરાં ખેંચે છે, ત્યારે બીજી બાજુએ દુઃખીઆરી દુઃશલા ખેંચે છે; છતાં જાનવરોથી તેનું રક્ષણ કરી શકતી નથી. જુઓ, દુઃશલાથી પોતાના પતિની લાશને કોલ્હાં કૂતરાંનાં મોઢાંમાંથી નજ બચવાઇ ત્યારે તે લાચાર થઇને ગાંડીની માફક આમતેમ ભમે છે. એ અભાગીઆએ જે દહાડે દ્રૌપદીના શરીર ઉપર હાથ નાખ્યો તે દહાડે આપણી બહેન દુઃશલા દુઃખી થશે એમ જાણીને પાંડવોએ તેને ક્ષમા આપી હતી ત્યારે અત્યારે એજ બહેનની ખાતર કેમ ક્ષમા ન કરી ?

"કૃષ્ણ ! જુઓ, આ કર્ણનું માથા વિનાનું ધડ પડયું છે. જે કર્ણના પ્રબળ પરાક્રમને યાદ કરીને પાંડવોને દિવસે જપ વળતો ન હતો અને રાત્રે નિદ્રા આવતી ન હતી તે કર્ણના અત્યારે શા હાલ થયા છે તે જરા જોઇ લ્યો. માથું તો શોધ્યું જડતું નથી. અડધા ઉપરનું શરીર તો કોલ્હાં કૂતરાં તોડીને ખાઈ ગયાં છે. છતાં જે કાંઇ બાકી રહ્યું છે તેને છાતીએ વળગાડીને તેની સ્ત્રી રોવી બેઠી છે ! ઓ બાપ રે ! આ કેમ સહન થાય ? મારી છાતી તો હવે ફાટી જાય છે !

"અને આ તો મારા ભાઇ શકુનિનીજ લાશ ! કોલ્હાં કૂતરાં તેની ઉપર તૂટી પડયાં છે અને તેને ફાડી ખાય છે. ઓ મારા

ભાઈ ! મેં તેને કેટલીએ વાર કહ્યું હતું કે તું નાહક વેર ન કરશો
ના. ક્યાં તે સુંદર, સુખમય, લીલોતરીથી ભરેલો ગાંધાર દેશ
અને ક્યાં આ મરુભૂમિ ! છતાં તું મારું ન માનીને અહીંનો
અહીંજ પડયો રહ્યો અને મારું અપમાન કરાવ્યું. તેં મારા
નાદાન છોકરાને બદસલાહ ન આપી હોત, તું યુધિષ્ઠિર એકે
ગામ ન રાખ્યો હોત, તો આજ નહી આવી દુર્દશા થાત ? અને
મારે પણ આવા દોહલા દહાડા જોવાનો વારો આવત ?

"કૃષ્ણ ! આ તો દ્રોણાચાર્યનું શરીર લાગે છે. જુઓ, દ્રોણની
ઓ તેને અગ્નિસંસ્કાર કરવાને ઉપાડી જાય છે. જોઈ, ને કેવી
રડતી રડતી જાય છે ! અત્યારે અશ્વત્થામા તેની પાસે હોત તો
પણ બિચારીને જરાક હિંમત મળત. હાય રે ! તે પણ પાપકર્મ
કરીને મોઢું છુપાવતો ફરે છે ! માતાને દુઃખમાં ડૂબાવીને તે
વનવાસી થયો છે !

"અરે ! આ તો મનસ્વી ભીષ્મદેવ સૂતા છે ! પોતે કેવી
ભયંકર બાણશય્યા ઉપર પોઢયા છે ! તેમના શરીરની એક
બાજુમાં પોચાએલાં તીર તેની સામી બાજુએ ફૂટી નીકળ્યાં છે !
આવી રીતે શરીરના દરેક ભાગમાં તે તીરથી વીંધાઇ ગએલા
હોવાથી જમીનનો સ્પર્શ પણ કરી શકતા નથી. અરેરે ! પોતે
કેવી ભયાનક પીડા સહન કરી રહ્યા છે ! મારાથી તો આ કમ-
કમાટી પેદા કરે એવો દેખાવ જોઇ શકાતોજ નથી. મારૂ તો હૈયું
ફાટું ફાટું થાય છે ! જેમણે પોતાના પિતાને સુખી કરવાને
માટે ભરજુવાનીમાંજ યોગી બનીને આવડું મોટું રાજ્ય, સુખ-
સાહેબી એ બધાને ઠોકર મારી, તે વળી શામાટે આ લડાઈમાં
સંડોવાયા હશે ? આટલું બધું કષ્ટ અને આવી શોચનીય દશા
શા માટે તેમણે પોતાને માથે તાણી લીધી હશે ?

"અરે ! આમ જુઓ. આ તો કલિંગદેશનો મહાવીર રાજા
સૂતો છે. જોયું ? આ દશ્ય કેવું ભયંકર છે !

"હે કૃષ્ણ ! જુઓ, કૌરવોની સ્ત્રીઓથી તેમના સ્વામીનાં
શરીર ઉપર દોડયા આવતા બાજ પક્ષીઓને હાંકી મુકાતાં નથી.
કોહ્લાં કૂતરાં પણ તેમને ગાંઠતાં નથી. તમે તેમનાં મોઢાં સામે
તો જુઓ. તે શોકને લીધે કેવાં શુષ્ક અને ઓંખાં ઝપ બની ગયાં
છે ! તેમનાં કરમાઈ ગએલાં મુખ આજે કરમાઇ ગએલાં રાતાં
કમળ જેવાં દેખાય છે ને ? સમુદ્રકિનારે સારસી જેમ ચીચીઆરી

પાડતી ફરે છે તેમ તેઓ ફરે છે ને ? મારા સો દીકરા, ગણ્યા ગણાય નહિ એટલા પૌત્રો, ભાઇઓ અને જમાઈઓ માર્યા ગયા છે! પણ તેના કરતાંયે આ વિધવાઓનું દુઃખ મને વધારે વ્યાકુળ કરે છે–ગાંડીતુર બનાવી દે છે. કૃષ્ણ! મને કહો તો ખરા કે જેની આટઆટલી વહુ દીકરીઓ રંડાય તે તેમની સાથે આખો દિવસ હાયવૉય થતા ઘરમાં શી રીતે રહી શકે?

“ કૃષ્ણ! આ બધું જોયા પછી, આ બધું સાંભળ્યા પછી તમારે કલેજે ધક્કો લાગે છે કે નહિ? તમારા હૈયામાં જરા પણ બળાપો થાય છે કે નહિ? ભીષ્મ, દ્રોણ અને કર્ણ માર્યા જશે એવું કોઇ જરાએ ધારતું હતું? છતાં આજે જ્યારે એ લગભગ અવધ્ય જેવા મનાતા મહાવીરોના આવા હાલ જોઉં છું ત્યારે મને એમ થાય છે કે આ હું શું જોઉં છું? અરે! ભીષ્મ દ્રોણ અને કર્ણ અજેય અને અમર હતા તેઓ શી રીતે હાર્યા અને માર્યા ગયા? જે દુર્યોધને અગીઆર અક્ષૌહિણી સૈન્ય ઉભું કર્યું હતું તે હાર્યોજ કેવી રીતે? તે શાથી માર્યો ગયો? કૌરવો અને પાંડવો એકબીજાનાં ગળાં કાપીને માર્યા ગયા, નિર્વંશ થઇ ગયા તે તમે ધાર્યું હોત તો ન અટકાવી શકત? તમારાં કારસ્તાનને લીધેજ મારા છોકરા માર્યા ગયા; તમારીજ બદસલાહને લીધે મારૂં આખું કુળ ધૂળધાણી થઈ ગયું. એટલા માટે આજે હું તમને શાપ દઉં છું કે પાંડવોએ જેમ મારા વંશનું નિકંદન કાઢી નાખ્યું તેમ આજથી = છત્રીસમે વર્ષે તમારા વંશનું પણ નિકંદન નીકળી જજો. તમે પોતે પણ દુર્યોધનની પેઠેજ પુત્ર, મિત્ર અને સગાંસંબંધીઓ વિનાના થઇને વનમાં રવડતા રઝળતા ભૂંડે મોતે મરશો. આજે મારા ઘરની સેંકડો સ્ત્રીઓ જેમ તેમના પતિ અને પુત્રને માટે કલ્પાંત કરે છે તેમ તમારા ઘરની સ્ત્રીઓ પણ પતિ અને પુત્ર વગરની થશે અને છાતી માથાં કૂટતી કૂટતી રસ્તે રવડતી ફરશે.”

આ શાપ સાંભળીને કૃષ્ણ સ્તબ્ધ થઈ ગયા. થોડી વાર

---

= છત્રીસ શા માટે ? કોઇએ આટલી લાંબી મુદતના વાયદાનો શાપ કદી દીધો છે ? બજારમાં વેચાણના વાયદાના ભાવ હોય છે પણ શાપના કદી સાંભળ્યા નથી. ઐતિહાસિક બીના બની ગયા પછી તેના ઉપર ભવિષ્યવાણીની ચાદર ઓઢાડનાર પુરાણકારોને નમસ્કાર !—સેવાનંદ

સુધી તો નિઃસ્તબ્ધ બનીને ઉભાજ રહ્યા. પછી તેમણે કહ્યું: "દેવિ ! મારા વંશનો નાશ કરી શકે એવો મારા પોતાના સિવાય બીજો કોઈ છેજ નહિ. વળી તેઓ અંદર અંદર લડીને નાશ પામવાના છે તે પણ હું જાણું છું. જે બીના ચોક્કસ બનવાનીજ છે તેને માટે તમારે શાપ દેવાની જરૂરજ શી હતી? દેવિ ! તમારા દીકરાઓ તમારી પોતાની ભૂલને લીધેજ મોર્યા ગયા છે. તમે તમારા કુસાંડી છોકરાઓ ઉપર પહેલેથી શા માટે અંકુશ ન રાખ્યો અને હવે મને દોષ દો છો ?"

## પ્રકરણ ૪ થું—સૌના અંતિમ સંસ્કાર

હવે પોતાના તેમજ કૌરવોના પક્ષના મરાએલા લડવૈયાઓનાં શબને અગ્નિસંસ્કાર કરવાની યુધિષ્ઠિર રાજાએ તૈયારી કરવા માંડી.* તેમના કહેવા મુજબ વિદુર, સંજય, યુયુત્સુ, ધૌમ્ય પુરોહિત અને ભીમ અર્જુન વગેરે તેમના ભાઈઓ જોઈતી વસ્તુઓ એકઠી કરીને બધી તૈયારી કરવા લાગ્યા. પુષ્કળ લાકડાં, અગરુ, ચંદન, દેવદાર, હળદર, તેલ, ઘી, શબ ઉપર ઓઢાડવાનાં વસ્ત્ર વગેરે જે જે જોઈએ તે બધું લાવી લાવીને એકઠું કરી દીધું. ત્યાર પછી સૌને માટે ચિતાઓ ખડકાવીને પહેલો મોટો, તેના પછી તેનાથી નાનો હોય તે, એમ ઉંમરના ક્રમમાં સૌને અગ્નિસંસ્કાર કરતા માંડયા. સેંકડો વિપ્રોના કંઠમાંથી એકસરખા સ્વરથી સામવેદના મંત્રોનું ગાન થવા લાગ્યું. બીજી બાજુએ કૌરવોની સ્ત્રીઓએ આર્ત્તનાદ કરીને આકાશ ગજાવી મૂક્યું. પાંડવોએ દુર્યોધન અને તેના ભાઈઓ તથા તેમના પુત્રો, કર્ણ, શલ્ય, જયદ્રથ, શકુનિ, ભગદત્ત અને તેના પુત્રો, વિરાટ રાજા, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, અભિમન્યુ, દ્રૌપદીના પાંચ છોકરા અને રાક્ષસ ઘટોત્કચ એ સૌનાં શબને અગ્નિસંસ્કાર કર્યો. ભાગેલા રથ, રથનાં પૈડાં, ધનુષ્ય, બાણ વગેરે જે જે સંગાર ત્યાં વેરાનો પડયો હતો તે બધાને એકત્ર કરીને સળગાવી દીધાં. દેશદેશાન્તરથી આવેલા અજાણ્યા લડવૈયા જેમનું કોઈ સગું-

* આટલા દિવસ સુધી કૂતરાં, શીઆળ, ગીધ, કાગડા વગેરેએ ફાડી ખાધા અને મડદાં ગંધાઈ ઉઠયાં ત્યાર પછી.—સેવાનંદ

વહાલું ન હતું તેમની અંત્યેષ્ટિ ક્રિયા પણ યથાયોગ્ય રીતે કરી. આ રીતે પાંડવોએ જાતિ કે વર્ણ કશાનો ભેદભાવ રાખ્યા વગર યુદ્ધમાં જે કોઇ મરાયા હતા તે બધાના છેલ્લા સંસ્કાર કર્યા.÷

આટલું કર્યા પછી અંધરાજને લઇને પાંડવો ગંગાકિનારે ગયા. કૌરવોની સ્ત્રીઓ પણ રડતી રડતી તેમની સંગાથે ગઇ. પાંડવોએ આજે મરેલાંઓના શોકમાં સારાં સારાં કપડાં, ઘરેણાં, કમરપટા, શિરટોપ, એ સઘળું ઉતારી નાખ્યું હતું. ધૃતરાષ્ટ્રને આગળ કરીને સૌ ગંગાના જળમાં ઉતર્યા અને સ્નાન કર્યા બાદ સૌ સગાં સ્નેહીઓનું સ્મરણ કરીને તર્પણ કરવા લાગ્યા. કૌરવોની સ્ત્રીઓ પણ રડતી ગઇ અને પોતપોતાના પતિ અથવા પુત્રોને જળની અંજલિઓ આપતી ગઇ. એ પ્રમાણે સૌએ પોતપોતાનાં સગાં સ્નેહીઓને યાદ કરી કરીને તેમને પાણીની અંજલિઓ આપી.×

આ બધું થતું હતું એવામાં કુન્તી રડતી રડતી પોતાના છોકરાઓ પાસે ગઇ અને બોલીઃ " તમે તર્પણ કરો છો ત્યારે મહાવીર કર્ણના નામે પણ કરજો. તે મારો કાનીન પુત્ર એટલે તમારો સૌનો મોટો ભાઇ હતો."

આકાશમાં વાદળાંનું નામનિશાન ન હોય અને છતાં આભમાં વીજળીનો ઝળકારો થાય અને મેઘગર્જના સંભળાય ત્યારે લોકોને જેટલું આશ્ચર્ય થાય છે તેના કરતાંએ વધારે આશ્ચર્ય પાંડવોને તેમની માતાના શબ્દ સાંભળીને થયું. હવે તેઓ કર્ણને માટે રડવા લાગ્યા. પોતાની માએ આટલા વખત સુધી આ વાત મનમાં ને મનમાં દબાવી રાખી એ જાણીને તેઓ ઘણોજ ખેદ કરવા લાગ્યા. યુધિષ્ઠિર કર્ણની સ્ત્રીઓને ઘટતું સન્માન આપીને ત્યાં તેડી લાવ્યા અને સૌ રડતા રડતા મહાવીર કર્ણને નામે તર્પણ કરવા લાગ્યા.

પછી યુધિષ્ઠિર રાજા તો કર્ણને યાદ કરી કરીને ખૂબ રડ્યા. તેમણે કહ્યું: " આપણી માતાના પગમાં જે ચિહ્ન છે તેજ ચિહ્ન મેં કર્ણના પગમાં પણ જોયું હતું.= એ બેઉના પગમાં આશ્ચર્યકારક સમાનપણું જોઇને હું ઘણી વાર તો નવાઇ પામતો.

÷ [illegible]

× [illegible]

= [illegible]

આજે આટલે દહાડે તેનું ખરું કારણ જાણવામાં આવ્યું. વળી અમે યુદ્ધમાં વિજય મેળવીને—તેર વર્ષના લાંબા ગાળા પછી જ્યારે માની પાસે જઇને ઉભા રહ્યા ત્યારે તેણે અમારાં મોઢાં સામે જોયું નહિ તેનું કારણ પણ હવે સમજાય છે. અરેરે! માતાએ આ વાત અમારી આગળથી છુપાવી ન હોત તો અમે અમારા મોટા ભાઇની સાથે લડયાજ ન હોત અને તો પછી ગાજવ્યા ભાઇને મારવાની તો વાતજ શી? આજ મારા દિલને અત્યંત દુઃખ થવાથી શાપ દઉં છું કે "આજથી કોઈ પણ સ્ત્રીથી પેટમાં ગુપ્ત વાત રખાશેજ નહિ."÷

હજારો અપરાધ કરે તો પણ પોતાનો ભાઈ. ભાઇ ભાઇનું સગપણ ફીટાડયું ફીટતું નથી. ભાઈ ભાઇનો પ્રેમ સૂકાતો નથી. ખરેખર ભાઇ તે ભાઇજ!

स्त्री पर्व समाप्त

÷ શાંતિપર્વ, ૬-૧૧. આ શાપ કોઇ ભટ્ટાચાર્યના ભેજામાંથી નીકળ્યો લાગે છે. જાપાન, રશીઆ, જર્મની અને ફ્રાન્સની સ્ત્રીઓ જાસુસ બનીને ભલભલા મુત્સદીઓ અને સેનાપતિઓના પેટમાં પેસીને તેમની છુપી વાતો, યુદ્ધની યોજનાઓ વગેરેની બાતમીઓ લઇ આવે છે તેની આ વાત જોડી કાઢનાર ભટ્ટાચાર્યને ખબર નહિ હોય.—સેવાનંદ



# ૧૧–શાંતિ પર્વ

## પ્રકરણ ૧ લું–યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક

આજે હસ્તિનાપુર નગર નાના પ્રકારનાં રંગબેરંગી પત્ર-પુષ્પનાં તોરણો, ધ્વજાપતાકા અને સુશોભિત કમાનો વડે શણગારાઇ ગયું છે. ચારે દિશાઓ પુષ્પોની ખુશબોથી મઘમઘી રહી છે. અસંખ્ય સ્ત્રીપુરુષો તેમના સારામાં સારા વસ્ત્રાલંકાર પહેરીને રાજમાર્ગ ઉપર તેમજ હવેલીઓની અગાસીઓ ઉપર ભેગાં થયાં છે. આજે સૌના મુખમાંથી આનંદોલ્લાસસૂચક ઉદ્‌ગાર નીકળે છે. શંખ અને મંગલ વાદ્યો વાગી રહ્યાં છે.

એવામાં યુધિષ્ઠિર રાજાની સ્વારી નગરીના દરવાજામાં પેઠી. નગરની સ્ત્રીઓ રાણી દ્રૌપદીને આજે ઉલટભેર ધન્યવાદ દેવા લાગી;× કારણ કે તેનીજ સલાહ મુજબ વર્તીને, તેનાજ ઉત્તેજનથી ઉત્તેજિત બનીને પાંડવોએ સ્વદેશનો ઉદ્ધાર કર્યો હતો. એવા ઉત્તમ સ્ત્રીરત્નને સ્ત્રીઓ સન્માન આપ્યા વગર રહેજ કેમ ? રાજમાર્ગ ઉપર બેઉ બાજુએ લોકોની ઠઠ જામી હતી. તેઓ બધાજ યુધિષ્ઠિરને રાજ્યાસન ઉપર બેસવાનો આગ્રહ કરવા લાગ્યા.÷ ત્યાર પછી સ્વારી રાજસભા આગળ આવી પહોંચી. સભાગૃહ પણ લોકોથી ચીકાર ભરાઈ ગયું હતું. યુધિષ્ઠિર પૂર્વ તરફ મુખ રાખીને સુવર્ણના સિંહાસન ઉપર બેઠા. ગાન્ધારી રાણી, કુન્તીદેવી અને દ્રૌપદી એજ સભામાં જુદાં જુદાં આસનો ઉપર બેઠાં.= ધૃતરાષ્ટ્ર રાજા, કૃષ્ણ, સાત્યકિ,

---

× શાંતિપર્વ, અધ્યાય ૩૮.

÷ શાંતિપર્વ, અધ્યાય ૩૮.

= શાંતિપર્વ, અધ્યાય ૪૦.

કૃપાચાર્ય, વિદુર, સંજય, યુયુત્સુ–આ શુભ પ્રસંગે પધારેલા ઋષિમુનિઓ તથા પ્રજાજનો પોતપોતાને યોગ્ય આસને બેઠા.

પછી જેના ઉપર વ્યાઘ્રચર્મ બિછાવ્યું હતું એવા સફેદ અને પવિત્ર આસન પર સૌ સભાજનોના દેખતાં યુધિષ્ઠિર અને દ્રૌપદીને બેસાડી ધૌમ્ય મુનિએ પવિત્ર મંત્રોચ્ચાર કર્યો. ત્યાર પછી તેમનો બેઉનો પોતાને હાથેજ અભિષેક કરીને ધર્મરાજ્ય સ્થાપવાની પોતાની દીર્ઘ કાળની અભિલાષા કૃષ્ણે પૂર્ણ કરી.

ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યાઃ "કૃષ્ણ ! તમારીજ કૃપા વડે, તમારીજ સલાહ પ્રમાણે ચાલીને અમે અમારૂં પૈતૃક રાજ્ય અને સ્વરાજ્ય બેઉને ફરીથી પ્રાપ્ત કરી શકયા છીએ. આ કુળ તમારૂં હમેશાં કૃતજ્ઞ અને ઋણી રહેશે."

પછી ત્યાં હાજર રહેલા સૌને સંબોધીને યુધિષ્ઠિર બોલ્યાઃ "ધૃતરાષ્ટ્ર રાજા અને ગાન્ધારી રાણી જીવશે ત્યાં સુધી પહેલાંની માફક ભારતનાં સમ્રાટ અને સમ્રાજ્ઞી રહેશે અને અમે સૌ તેમને તાબે રહીને તેમની આજ્ઞાનું પાલન કરીશું. આપ પણ તેમનું પ્રથમની માફકજ સન્માન કરતા રહેશો. જે તેમની સેવા કરશે, તેમને માન આપશે અને તેમને સુખી તેમજ નિશ્ચિન્ત રાખશે તેને અમે અમારો બંધુ ગણીશું." ×

સર્વને આટલું સંબોધન કર્યા પછી યુધિષ્ઠિરે વિદુર અને યુયુત્સુને કહ્યું: "વૃદ્ધ રાજાને જે કાંઇ જોઇએ તે બધું આપ પૂરૂં કરતા રહેજો. તેમનું તમામ કાર્ય આપ જાતે દેખરેખ રાખીને કરાવજો. તેમના હુકમ પ્રમાણેજ નગર અને રાજ્યની તમામ પ્રજા ઉપર રાજ્ય ચલાવજો." ×

પછી યુધિષ્ઠિરે ભીમને યુવરાજની પદવી આપી. અર્જુનને રાજ્યના દુષ્ટ લોકોને સજા કરવાનું તેમજ બહારના કોઇ શત્રુના આક્રમણમાંથી રાજ્યનું રક્ષણ કરવાનું કામ સોંપ્યું. નકુલને, સૈન્યને અન્નસામગ્રી તથા વેતનદાનો ચૂકવવાની તથા* સૈન્ય-વિભાગનાં કાર્યોનો બંદોબસ્ત કરવાની જવાબદારી આપીને, સહદેવ પોતાના અંગરક્ષક તરીકે હમેશાં પોતાની સાથેનો સાથેજ રહે એવો હુકમ કર્યો. ધૌમ્ય ઉપદેશક અને ધર્મજ્ઞ વિદુરને મુખ્ય

× શાંતિપર્વ, અધ્યાય ૪૧

× શાંતિપર્વ, અધ્યાય ૪૧

* લશ્કરને પગાર અને ભથ્થું ચૂકવવાનું [illegible]

પ્રધાનની જગ્યા આપી. સંજયને રાજ્યનો વડો ખજાનચી અને હિસાબી અમલદાર (એકાઉન્ટન્ટ જનરલ) નીમ્યો. કૃપાચાર્યને મુખ્ય સેનાધિપતિની પદવી આપી અને યુયુત્સુને હસ્તિનાપુરનો રક્ષક (લૉર્ડ મેયર) બનાવ્યો.

આટલું કામ કરી લીધા પછી યુધિષ્ઠિર રાજાએ દુર્યોધન વગેરે ભાઈઓનું, દ્રોણ, કર્ણ વગેરે સગા સ્નેહીઓનું તથા પોતાના તેમજ સામા પક્ષમાં મરાએલા યોદ્ધાઓનું શ્રાદ્ધ ભારે ઠાઠમાઠ સાથે પૂર્ણ કર્યું. તે ઉપરાંત કોઈ મહાપુરુષને નામે ધર્મશાળા, તો કોઈને નામે જળાશય, તો કોઈને નામે પાણીની પરબ વગેરેની યથાયોગ્ય ગોઠવણ કરીને તે તે વસ્તુઓને સૌ પ્રજાજનોના ઉપયોગને માટે ખુલ્લી મૂકી દેવરાવી. ત્યાર પછી જે સ્ત્રીઓ તેમના પતિ અથવા પુત્રોના મરણથી અનાથ થઈ ગઈ હતી તેમને મોટી મોટી નાણાંની રકમોની બક્ષિસ આપી અને તેમના નિર્વાહનો બંદોબસ્ત કર્યો. આંધળા, લૂલા અને અપંગ લોકોના ભરણપોષણની પણ વ્યવસ્થા કરી દીધી ÷

કુરુક્ષેત્રના યુદ્ધમાં પોતાના અનેક સગાસ્નેહીઓ હણાયા તેથી યુધિષ્ઠિરને એટલું બધું દુઃખ થયું કે પ્રથમ તો તે રાજા થવાની ચોખ્ખી નાજ પાડી બેઠા અને બોલ્યા કે હું તો વનવાસજ કરીશ. એમ કહીને તે વનમાં જવા તૈયાર પણ થયા. તેમના સ્નેહપરાયણ ભાઈઓ, જેના ગુણની કોઈની સાથે સરખામણી ન કરી શકાય એવી દ્રૌપદી, એ બધાંએ મળીને તેમને ઘણા ઘણા સમજાવ્યા; પણ તેમણે કોઈની વાત સાંભળીજ નહિ. છેવટે કૃષ્ણે અને વ્યાસમુનિએ જ્યારે તેમના ઉપર ખૂબજ દબાણ કર્યું ત્યારે તેમણે આખરે નાછૂટકે અને કચવાતે મને રાજા થવાનું કબૂલ કર્યું.

હવે આટલી બધી લાંબી મુદત પછી હસ્તિનાપુરમાં ધર્મરાજ્યની સ્થાપના થઈ. નગરનાં સૌ પ્રજાજનો પરમ આનંદમાં દિવસ ગુજારવા લાગ્યાં.

---

÷ શાં.પર્વ, અધ્યાય ૪૨. અનુશાસનપર્વ, અધ્યાય ૧૬૭–૬

# પ્રકરણ ૨ જું—રાજાના ધર્મ

કુરુક્ષેત્રનું યુદ્ધ તો ખતમ થયું અને યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદીએ પણ બેઠા. હવે કૃષ્ણ પાંચ પાંડવો વગેરેને લઇને પાછા કુરુક્ષેત્રમાં જ્યાં ભીષ્મદેવ બાણશય્યા ઉપર સૂતા હતા ત્યાં ગયા અને તેમને સંબોધીને બોલ્યા: "કુરુક્ષેત્રના યુદ્ધમાંથી જે જે રાજાઓ હજી બચી ગયા છે તેઓ આપની આગળ ધર્મની જિજ્ઞાસા ધારણ કરીને આવ્યા છે.* આપ તેમને કૃપા કરીનેઉપદેશ આપો."

મહાતેજસ્વી ભીષ્મદેવ બોલ્યા: "હું ઉપદેશ દેવા તો તૈયાર છું, પણ એમનામાંથી જે ધાર્મિક હોય તેજ મને પ્રશ્ન પૂછે. જે ધર્માત્મા, મહાનુભાવ અને રાજાઓના ભૂષણરૂપ કહેવાતા ભૂપતિના જન્મથીતમામ ઋષિમુનિઓ આનંદ પામ્યા હોય તે વ્યક્તિજ મને પ્રશ્ન પૂછે. જેનો યશ ચારે દિશાઓને ઉજ્જવલ કરી રહ્યો છે એવા ધર્માચરણરત કૌરવકુળમાં જે સર્વશ્રેષ્ઠ હોય, જેનામાં ધર્મ, ધૈર્ય, બ્રહ્મચર્ય, દમ, ક્ષમા, તેજ અને બળ સદાકાળ એકસરખાં વિરાજમાન હોય, તે આગળ આવીને મને પ્રશ્ન પૂછે. સત્ય, શૌર્ય, શાંતિ, દાન, દક્ષતા, તપશ્ચર્યા અને સ્થિરતા એટલા ગુણ જેનામાં નિત્યપ્રતિષ્ઠિત હોય તે મને પ્રશ્ન પૂછવાને યોગ્ય છે. જેણે કામ, ક્રોધ, ભય અથવા અર્થની લાલચથી કદી પણ અધર્મમાં ડગલું ન દીધું હોય તે મને પૂછે. જેનાં જ્ઞાન, ક્ષમા અને સત્ય સદાએ અચળ હોય, જે યજ્ઞ, અધ્યયન, શાંતિ અને ધર્મમાર્ગમાં સદાયે યુક્તજ રહ્યો હોય તે પાંડવ મને પ્રશ્ન પૂછી શકે છે." –

કૃષ્ણ બોલ્યા: "મહાત્મન્! પોતાનાં સગાંવહાલાંઓની હત્યા કરવી પડી છે એમ જાણીને યુધિષ્ઠિર રાજા આપની આગળ આવતાં લજવાય છે. વળી તેઓ આપના શાપથી પણ ડરે છે."

મનસ્વી ભીષ્મદેવ તે ઉપરથી બોલ્યા: "અરે! એવું શું બોલો છો! પિતા કે પિતામહ, ભાઈ અગર મિત્ર, ગુરુ અને સગો કે સ્નેહી ગમે તે હોય, પણ જો તે અધર્મ યુદ્ધ કરવા તૈયાર

* શાંતિપર્વ, ૫૪-૨૨.

– શાંતિપર્વ, અધ્યાય ૫૫.

થતો હોય તો તેને મારવો એ ધર્મ છે.” *

એવું સાંભળીને યુધિષ્ઠિર અત્યંત નમ્રપણે પિતામહની પાસે ગયા અને પોતાના હાથ વડે તેમના બેઉ ચરણ પકડી લીધા. ભીષ્મદેવે તેમનું મસ્તક સૂંઘીને તેમને અભિનંદન આપ્યું.+

બાણશય્યા ઉપર સૂવાથી પિતામહને જે અકથ્ય દર્દ થતું હતું તે જોઇને યુધિષ્ઠિરને ઘણુંજ લાગી આવ્યું. તે બોલ્યાઃ “પિતામહ ! આપની આ પીડાનું અને આખા કુટુંબના વિનાશનું હુંજ મૂળ કારણ છું.” ભીષ્મદેવે તેમને સાંત્વન આપતાં કહ્યું: “નહિ નહિ, એમ નથી. દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણ, એ ચાર જણાએજ આખા કુરુવંશનું નખ્ખોદ વાળ્યું છે અને આખા ભારતવર્ષને શ્મશાન જેવો બનાવી દીધો છે. આજે મને જે દુઃખ થાય છે તે દુર્યોધનને માટેજ થાય છે. તું શોક કરીશ નહિ. હે કુરુશ્રેષ્ઠ ! તું મનમાં લગારે ભય રાખતો નહિ. મને નચિંત મનથી પ્રશ્ન પૂછ.” =

ત્યાર પછી યુધિષ્ઠિરે પૂછેલા પ્રશ્નોના જવાબમાં ભીષ્મદેવે રાજધર્મ, આપદ્ધર્મ, ગૃહસ્થાશ્રમ વગેરે અનેકાનેક બાબતો વિષે પુષ્કળ લંબાણથી ઉપદેશ આપ્યો. પ્રસ્તુત પુસ્તકમાં અમે તે ઉપદેશનો સારાંશ આપ્યો છે. તે ઉપરાંત મહાભારતમાં બીજે જ્યાં જ્યાં એ બાબતોને વિષે જે કાંઈ કહ્યું છે ત્યાંથી તે બધાને એકત્ર કરીને તથા બીજા કેટલાક ગ્રંથોમાંથી પણ જે કાંઈ ગ્રહણ કરવા યોગ્ય અમને લાગ્યું તે બધાને અમે સંક્ષેપમાં આ પ્રકરણની અંદર વિષયવાર ગોઠવી દીધું છે.

## (૧) રાજાના ધર્મનો સારાંશ

છેક પ્રાચીનકાળમાં રાજા જેવું કોઇ હતું નહિ. છેવટે જ્યારે સમાજમાં વિપ્લવ જાગ્યો ત્યારે લોકોએ સુલેહશાંતિ જાળવવા માટે પોતાનામાંથી એક જણને રાજા બનાવ્યો.× રાજાનો અધિકાર માત્ર તેના રાજ્યાસન ઉપરજ હતો. રાજ્યની જમીન વગેરે ઉપર તેનું કોઇ પણ જાતનું માલિકીપણું હતુંજ નહિ.”

* શાંતિપર્વ, ૫૫-૧૫

+ શાંતિપર્વ, ૫૫-૨૧.

= અનુશાસનપર્વ, ૧૬૮-૧૦, ૧૧, ૪૧.

× શાંતિપર્વ અધ્યાય ૫૯ મો.

· [illegible] પૃ. [illegible]

'પ્રજાનું હિત જાળવવું' એટલા ત્રણ શબ્દોમાંજ રાજાના ધર્મનો સાર આવી જાય છે. જેમ ગર્ભિણી સ્ત્રી પોતાને મનભાવતા પદાર્થો ત્યજીને જેના વડે પોતાના ગર્ભનું સારી રીતે પોષણ થાય તેટલાજ પદાર્થો ખાય છે અને જેથી ગર્ભમાં રહેલા બાળકનું મંગલ થાય એવાંજ આચરણ કરે છે, તેમ રાજાએ પોતાની પ્રજાના હિતનો વિચાર કરીને પ્રજાનું મંગલ થાય એવાંજ કાર્ય કરવાં.+ રાજાએ પોતાની પ્રજાની તમામ પ્રકારની જરૂરીઆતો પૂરી પાડવી, તેમને કોઈ પણ બાબતની તંગી ન રહે તે ઉપર તેણે લક્ષ આપવું. પ્રજાને જે જે દુઃખ હોય તે તેણે દૂર કરવાં. પ્રજાના કલ્યાણનાં કામોમાંજ બધો વખત રોકાએલા રહેવું. ખરેખરો રાજા તો તેજ કહેવાય કે જે પોતાની પ્રજાના મનનું રંજન કરી શકતો હોય. એવા રાજાને તેના શત્રુઓ કાંઈજ કરી શકતા નથી. જે હમેશાં દુષ્ટોનું દમન અને સદાચારી માણસોનું પાલન કરવા સમર્થ હોય તેણેજ રાજા થવું જોઈએ.× રાજાએ નિદ્રા, આળસ, ભય, ક્રોધ, કોમળતા અને દીર્ઘસૂત્રીપણું, એટલા અવગુણને છોડી દેવા.§ પોતે જિતેન્દ્રિય થઈને ન્યાય પ્રમાણે રાજ્યવહીવટ ચલાવવો. જે રાજા જિતેન્દ્રિય હોય તે એકલોજ પોતાની પ્રજાને વશ રાખી શકે છે. લોભ એજ કામ અને ક્રોધનું મૂળ છે. માટે રાજાએ તો સર્વ પ્રકારે લોભથી દૂરજ રહેવું.÷ રાજાથી કદી અધાર્મિક તો થવાયજ નહિ; કારણ કે એક વાર ધર્મ ગયો એટલે સત્ય પણ તેની પાછળ પાછળ જવાજ માંડે છે; અને સત્ય ગયું એટલે બળ પણ ગયુંજ જાણવું. બળ જાય એટલે રાજ્ય, ઐશ્વર્ય, બધાનોજ ક્ષય થાય છે. જે ધર્માનુસાર પ્રજાનું પાલન કરે તેજ સાચો રાજા; બીજા બધા ભલે માથે મુગટ પહેરતા હોય તોપણ તેઓ રાજાજ નથી.† બીજા તમામ ધર્મોમાં રાજધર્મજ સૌથી મુખ્ય અને વિશેષ અગત્યનો છે; કારણ કે રાજધર્મ વડેજ સૌ સુરક્ષિત રહે છે અને સ્વદેશનું હિત સધાય છે.* રાજલક્ષ્મી એવી ચંચળ છે કે કોઈ ઠેકાણે પણ સ્થિર થઈને

---

+ શાંતિપર્વ, અધ્યાય ૫૬-૪૪, ૪૫.

× શાંતિપર્વ, ૭૮-૪૪, ૨૮-૧૧.

§ સભાપર્વ, ૫-૧૨૫.

÷ મનુસંહિતા. ૭-૪૪, ૪૯. † શાંતિપર્વ, ૯૦-૧૯.

* પાશ્ચાત્ય પ્રજાઓનો પણ આવોજ અભિપ્રાય છે. પાશ્ચી-

રહેતી નથી એ વાત રાજાઓએ કદી ભૂલવી નહિ.+ જો કોઈ વસ્તુ ચિરસ્થાયી હોય તો તે એકલી કીર્તિજ છે.

## (૨) મંત્રીઓ

રાજાએ ૪ બ્રાહ્મણ, ૮ ક્ષત્રિય, ૨૧ વૈશ્ય, ૧ સૂત અને ૩ શૂદ્ર, એમ બધા મળીને ૩૭ શાણા અને ચતુર પુરુષો વડે પોતાનું પ્રધાનમંડળ રચવું. તેમાંથી ૪ બ્રાહ્મણો, ૩ શૂદ્રો અને ૧ સૂત, એટલા આઠ જણની સાથે પહેલી મસલત કરી લેવી.×

## (૩) સરકારી અમલદારો

સાધુ સ્વભાવવાળા, ચારિત્ર્યવાન અને કાર્યદક્ષ માણસોનેજ રાજાએ પોતાના અમલદારોની જગ્યા આપવી. તેઓ ધનવાન અને ગરીબ વર્ગની વચ્ચે કલહ ઉભા કરાવીને પોતાનાં ગજવાં ન ભરે તે રાજાએ જોતા રહેવું. કોઇ સરકારી અમલદારની વિરુદ્ધ ફરિયાદ આવે અને તેના ઉપર કામ ચલાવવું પડે તો તે ગુપ્ત રીતે ચલાવવું.‡ રાજાએ પોતાના તમામ અમલદારો મારફતે દેશનું હિત સાધવું.§

## (૪) જાસૂસો

અસલના જમાનામાં વર્તમાનપત્રો ન હોવાથી લોકમત શો છે, અને રાજ્યની અંદર તેમજ બહાર શું શું થઇ રહ્યું છે તે જાણવાનું જાસૂસો સિવાય બીજું સાધન ન હોવાથી જાસૂસી ખાતું બહુજ અગત્યનું ગણાતું હતું. જાસૂસો બધે ફરી ફરીને રાજાને બધી વાતની બાતમી પહોંચાડતા હતા.

## (૫) લોકમત

મહાભારતમાં કહ્યું છે કે “ રાજાએ પોતાના મંત્રીઓની સાથે મસલત કરીને પ્રજાની ઉન્નતિ શાથી થાય તે નક્કી કરી લેવું. ત્યારપછી પોતાના અભિપ્રાયની પ્રજાને જાણ કરવી અને પોતે પ્રજાના હિત માટે જે કાંઈ કરવા ધાર્યું હોય તે તેમને

---

મેન્ટમાં દાખલ થઇને રાજધર્મનું પાલન કરવું એનેજ તેઓ જીવનનું લક્ષ્ય માને છે.

+ શાંતિપર્વ, અધ્યાય ૨૨૪.

× શાંતિપર્વ, અધ્યાય ૮૫.

‡ સભાપર્વ, ૫-૨૦૬. શાંતિપર્વ, ૮૨-૩.

§ મનુસંહિતા, ૯-૩૨૪.

પસંદ છે કે નહિ તે પણ જાણી લેવું. પ્રજાને સીધી રીતે પૂછીને અથવા પોતાના ગુપ્ત જાસૂસોની મારફતે પ્રજાનો મત કયી તરફ છે તેથી હંમેશાં વાકેફજ રહેવું. પોતાનાં કાર્યોથી પ્રજા રાજી છે કે નહિ તેની રાજાએ જાસૂસો મારફતે હમેશાં ભાળ કાઢતાજ રહેવું."× રાજાઓ ચારે વર્ણોમાંથી પોતાના મંત્રીઓની પસંદગી કરતા. તે જોતાં માલૂમ પડે છે કે તેઓ હમેશાં લોકમતને માન આપીનેજ રાજ્યકારભાર ચલાવતા હતા.

ચાણક્ય મુનિ પોતાના અર્થશાસ્ત્રમાં લખે છે કે "પ્રજાનું સુખ તે રાજાનું સુખ અને પ્રજાનું મંગલ તેજ રાજાનું મંગલ જાણવું. માટે રાજાને પોતાને જે સારૂં લાગે તેજ સારૂં છે એવું તેણે કદી પણ માની લેવું નહિ. પણ પોતાની પ્રજા જેથી રાજી થાય તેજ સારૂં છે એવું રાજાએ જાણવું."*

મહર્ષિ મનુ કહે છે કે "જે રાજા પોતાની અવળી અક્કલ પ્રમાણે ચાલીને પ્રજાના હિતની વિરુદ્ધ આચરણ કરે છે તે થોડાજ વખતમાં પદભ્રષ્ટ થાય છે અને તેનું આખું કુળ નાશ પામે છે."

અસલ રાજાની પસંદગી કરવાનો હક પ્રજાનોજ હતો. પ્રજા પોતાને મનપસંદ વ્યક્તિને રાજા બનાવી લેતી અને તે રાજા પ્રજાની મરજી મુજબ રાજ્યવહીવટ ચલાવતો. રાજાના અભિષેક વખતે રાજ્યના તમામ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને "આબરૂદાર શૂદ્રોને" પણ નિમંત્રણ કરવાનો રિવાજ હતો.÷ આ પ્રમાણે ચારે વર્ણના લોકોનું અનુમોદન મળ્યા પછીજ રાજાનો અભિષેક કરવાની ક્રિયા થતી.

રામાયણમાં લખ્યું છે કે "રામનો યુવરાજ તરીકે અભિષેક કરાવવાની દશરથ રાજાને ઇચ્છા થઇ. તેથી તેમણે પ્રથમ પોતાના પ્રધાનમંડળનો આ બાબતમાં અભિપ્રાય પૂછયો. પ્રધાનોએ સલાહ આપી કે તમારે બ્રાહ્મણો, નગરના તેમજ રાજ્યના બીજા ભાગોના રહેવાસીઓ, ખંડીઆ રાજાઓ, સૈન્યના સેનાપતિઓ વગેરેને નિમંત્રણ મોકલીને એક મોટી સભા ભરવી અને તેમની આગળ આ પ્રશ્ન મૂકવો. દશરથે તેમ કર્યું. સભા ભરાઇ એટલે દશરથે કહ્યું. 'રામની યુવરાજપદ ઉપર નિમણુક

× શાં.૧૧૫, ૮૫-૧૨, ૮૯-૧૫, ૧૧.

* ચાણ.અ., ૧-૧૯.

÷ શલ્ય-પર્વ, ૬૩-૪૧.

કર્યાથી આપનું સર્વનું હિત સચવાશે એવું જો આપને લાગતું હોય તો, આપ તેમ કરવાની રજા આપો." તે ઉપરથી રાજાજીએ ગોરજીની સાથે વિચારની આપ–લે કરીને છેવટે એક ઠરાવ ઉપર આવ્યા. ત્યારપછી સૌએ રામને યુવરાજ તરીકે અભિષેક કરવાની રજા આપી.× પણ કૈકેયીની ખટપટને લીધે રામનો યુવરાજ તરીકે અભિષેક થઈ શક્યો નહિ. તેથી રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં. એ શોકના આઘાતને લીધે દશરથે દેહત્યાગ કર્યો; તેથી બીજેજ દહાડે સવારે બ્રાહ્મણો, પ્રજાજનો, રાજ્યના પુરોહિતો, અમાત્યો તેમજ બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય આદિના આગેવાની અમલદારો રાજસભામાં એકઠા થયા.* [illegible] અને રાજપુરોહિત વસિષ્ઠને કહ્યું [illegible] થયો છે. રામ અને લક્ષ્મણ તો વનવાસી [illegible] અને શત્રુઘ્ન કૈકય રાજ્યમાં પોતાને મોસાળ છે. [illegible] રાજકુમારને આપણા રાજા [illegible] તેમ નહિ થાય તો રાજા વિનાના રાજ્યમાં [illegible] નહિ [illegible] બુદ્ધિમાન વસિષ્ઠે તેના [illegible] કર્યો નહિ. [illegible] ભરત શત્રુઘ્ન [illegible] રાજ્યમાં [illegible]

[illegible]

સુગ્રીવને રાજા બનાવ્યો હતો.×

વેન રાજા તેની પ્રજા ઉપર અત્યાચાર કરતો હતો. છેવટે તેના રાજ્યના "બ્રહ્મવાદી ઋષિઓએ" તેને મારી નાખ્યો* અને તેના પુત્ર પૃથુને કહ્યું: "તું મન વાણી અને કર્મથી અમારી આગળ પ્રતિજ્ઞા કર કે આખા જગતનાં તમામ પ્રાણીપદાર્થને બ્રહ્મસ્વરૂપ માનીને હું તેમનું પાલન કરીશ. પોતાની મરજી માફક નહિ પણ રાજ્યના કાયદા પ્રમાણેજ સર્વના ઉપર અધિકાર ચલાવીશ." પૃથુએ એવી પ્રતિજ્ઞા લીધી ત્યારેજ તેને સૌએ મળીને પોતાનો રાજા બનાવ્યો.÷ યયાતિ રાજાને બે સ્ત્રીઓ હતી; તે બેઉના મળીને તેને કુલ પાંચ પુત્રો હતા. તેમાં સૌથી નાના પુત્ર પુરુને ગાદીએ બેસાડવાની તેની મરજી હતી. તે સાંભળીને રાજ્યના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર બધી વર્ણના પ્રજાજનો, રાજધાનીના તેમજ રાજ્યના જીલ્લાઓના લોકો ભેગા થઈને રાજાની પાસે ગયા અને કહેવા લાગ્યા કે "આપનો સૌથી વડો પુત્ર યદુ, જે શુક્રાચાર્યનો દૌહિત્ર છે તેની હયાતીમાં તમારો કનિષ્ઠ પુત્ર પુરુ જે અસુરનો દૌહિત્ર છે તે રાજા થઈ શકે નહિ." યયાતિ બોલ્યો: "એકલા પુરુ સિવાય બીજા કોઈ દીકરા મારૂં કહ્યું માનતા નથી. સાધુ પુરુષો કહે છે કે જે પુત્ર તેના પિતાનું કહ્યું માનતો નથી તે તેનો પુત્ર કહેવાયજ નહિ. વળી પુરુ શુક્રાચાર્યનો દૌહિત્ર નથી છતાં તેમણે પોતેજ તેને રાજા થવાની અનુમતિ આપી છે. હવે હું આપની સૌની આગળ 'અરજ ગુજારૂં છું' કે આપ પુરુનો રાજ્યાભિષેક કરો." ત્યારે યયાતિ રાજાની દલીલ સાંભળીને પ્રજા તેની મરજી મુજબ વર્તવા કબુલ થઈ અને પુરુને રાજા બનાવ્યો.+ શાંતનુ રાજાના પિતાને એવો વિચાર આવ્યો કે પોતાના દેવાપિ નામના

---

× રામાયણ, કિષ્કિન્ધા કાંડ, ૯–૨૦. ૧૦–૬.

* શાંતિપર્વ, ૫૯–૬૪.

÷ શાંતિપર્વ, ૫૯–૧૦૬, ૧૦૭.

+ આદિપર્વ, અધ્યાય ૮૫. જ્યારે પ્રજામતનું આટલું બધું જોર હતું ત્યારે પાંડવોએ જુગાર રમતા પોતાના રાજ્યને ખાનગી મિલકત ગણીને શરતમા મૂક્યુ ત્યારે તેમની પ્રજાએ કેમ વાંધો ન લીધો ? અથવા દુર્યોધને કરેલી શરત પ્રમાણે પાંડવોને તેમનું રાજ્ય પાછું ન આપ્યુ ત્યારે પ્રજામત કેમ અવાચક પ્રાણી જેવો મુંગો રહ્યો ? સેવાકાંક્ષ

પુત્રને ગાદી આપવી. તેણે તેના રાજ્યાભિષેકની તૈયારી પણ કરી અને તેનું મંગલાચરણ પણ થઇ ગયું. પણ દેવાપિને ત્વચાનો રોગ થયો હતો. એટલા માટે બ્રાહ્મણો અને રાજ્યની રૈયતમાંના વયોવૃદ્ધ લોકો ભેગા થયા અને રાજાને તે કામ કરતો અટકાવ્યો. રાજા 'રડવા લાગ્યો.' દેવાપિને માટે તેનો ઘણો જીવ બળ્યો, પણ તેનાથી પ્રજામતની વિરુદ્ધ એક ડગલું પણ દેવાયું નહિ. તેના બીજા પુત્રને તે અગાઉ તેના માના બાપના વારસામાં બાહ્લીક દેશનું રાજ્ય મળ્યું હતું. એ ઉપરથી તે મહાભારતમાં 'બાહ્લીક' એવા નામથી પ્રસિદ્ધ થયો છે. આમ થવાથી તેનો સૌથી નાનો પુત્ર શાન્તનુ કનિષ્ઠ હોવા છતાં હસ્તિનાપુરની ગાદીએ આવ્યો.‡

પાંડુના મરણ પછી તેની જગ્યાએ રાજાનો અધિકાર ધૃતરાષ્ટ્ર ભોગવતો હતો તે અમે પૂર્વે કહી ગયા છીએ. તે વખતે પ્રજાજનો 'સભાઓ ભરીને, ન્યાતજાતને કામે અથવા ચકલે ચૌટે એકઠા થયા હોય ત્યારે બધા મળીને' વિચાર ચલાવતા કે યુધિષ્ઠિરમાં રાજા થવાની લાયકાત છે કે નહિ? તેઓ એમ પણ પૂછતા કે 'ધૃતરાષ્ટ્ર જન્મથીજ આંધળો તેથી તો તેને ગાદી મળી ન હતી ત્યારે અત્યારે શાનો રાજા થઈ બેસે? આપણે તો યુવાન, યુદ્ધ કરવાને સમર્થ, સત્યનિષ્ઠ, કરુણ સ્વભાવવાળા અને વેદજ્ઞ યુધિષ્ઠિરનેજ રાજા બનાવીએ." લોકો આવી ચર્ચા કરવા લાગ્યા છે તે જાણીને તો ધૃતરાષ્ટ્ર અને દુર્યોધને પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવાની કોશિષ કરી હતી.×

યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદીએ બેસવાના હતા તે વખતે પણ પ્રજાએ તેના સંબંધમાં પોતાનો મત દર્શાવ્યો હતો.

પરીક્ષિત રાજાના મરણ પછી પ્રજાએ તેના પુત્ર જનમેજયને ગાદીએ બેસાડયો હતો.

ઇસવી સનના આઠમા સૈકામાં બંગાળાના લોકોએ રાજા ગોપાળદેવને રાજા તરીકે પસંદ કર્યો હતો.* ત્યારપછી વળી જ્યારે બીજો મહીપાળ રાજા જુલ્મી નીકળ્યો ત્યારે બંગાળાના

‡ ઉદ્યોગપર્વ, ૧૪૯—૧૧, ૨૨, ૨૩.

× આદિપર્વ, ૧૪૧—૨૩ થી ૪૩ સુધી

* [illegible]

લોકોએ તેને મારી પણ નાખ્યો.+

હિંદુ રાજાઓ આપખુદ સત્તાવાળા રાજાઓ હતા અને રાજા ઉપર તેમજ રાજ્યના વહીવટ ઉપર પ્રજામતનો કાબુજ ન હતો એવું કોણ કહી શકશે ?

## (૬) મુકદ્દમા

પ્રાચીન કાળમાં આપણા દેશની અંદર કાયદા ઘડવાનું કામ વનવાસી ઋષિમુનિઓ કરતા અને રાજાઓ તેમનો અમલ કરતા અથવા તે મુજબ ન્યાય કરતા. રાજા આખું શરીર સારી રીતે વસ્ત્ર વડે ઢાંકીને ન્યાયાસને બેસતો.* હાલમાં પણ ન્યાયાધીશો અને વકીલ બારિસ્ટરો 'ગાઉન'—ઝભ્ભા પહેરે છે તેમ તે જમાનામાં તે સમયને અનુકૂળ ખાસ પોશાક પહેરવાનો રિવાજ હતો એમ આ ઉપરથી સાબિત થાય છે. ધર્મશાસ્ત્રની એવી આજ્ઞા હતી કે રાજાએ હંમેશાં અદલ ઇન્સાફ કરવો. ઇન્સાફ બરાબર ન થાય તો તેથી બધા નારાજ થાય છે. ગુન્હેગારને સજા કર્યાથી-જ સમાજની સુસ્થિતિ જળવાઈ રહે છે. તેમ છતાં પણ જો રાજા હદ ઉપરાંત સજા કરે તો તેથી પણ પ્રજા નારાજ થાય છે; માટે જરૂર કરતાં વિશેષ સખ્તાઈ કરીને પ્રજાને નારાજ કરવી નહિ.× મનુ લખે છે કે "જે રાજા હદ કરતાં વધારે સખ્તાઈ કરે છે તે આખરે પોતાની સખ્તાઈને લીધેજ પ્રજાને અકારો થઈ પડે છે અને તે પોતે તેમજ તેનું રાજ્ય બેઉ નાશ પામે છે. રાજાએ રાજમાર્ગોને અને આખા દેશને ચોરલુંટારાના ત્રાસથી મુક્ત રાખવા જોઈએ. કોઈનો માલ ચોરાયો હોય તો તે શોધી કઢાવીને માલધણીને પાછો અપાવવો જોઈએ અને ચોરીના માલનો પત્તો ન લાગે તો સરકારી તિજોરીમાંથી અસલ માલિકને વળતર અપાવવું જોઈએ."

ઈ૦ સ૦ ૧૯૦૪માં ત્રિકુત રાજ્યમાં અંગ્રેજોએ અ.લેલી દિવાની અને ફોજદારી પદ્ધતિ દાખલ થઈ ન હતી. એ વર્ષમાં ત્યાંના હિંદુ રાજાએ સંસ્કૃત ભાષામાં પ્રકટ કરેલી ચુકાદાની નકલ મળી આવી છે તે ઉપરથી માલૂમ પડે છે કે હાલમાં જેમ હાઈકોર્ટમાં એક કરતા વધારે ન્યાયાધીશો નિમાય છે

+ [illegible]
* [illegible]
× [illegible]

તેમ અમુક દિવાની મુકદ્દમાની સુનાવણી કરવા માટે સાત ન્યાયાધીશોની એક "બેન્ચ" નિમાઈ હતી અને તેનો વડો ન્યાયાધીશ જેનું નામ સચલ મિશ્ર હતું તેણે ઉપરોક્ત ચૂકાદો પોતાને હાથે લખ્યો છે અને તેના ઉપર તેણે પોતાના દસ્કત પણ કર્યા છે. બાકીના છ ન્યાયાધીશોમાંથી દરેક જણે 'અમને આ ચૂકાદો કબૂલ છે' એવો શેરો કરીને તેના ઉપર મતાં કર્યાં છે. એ ચુકાદામાં આખા મુકદ્દમામાં પડેલી જુબાનીઓની તુલના અને પરીક્ષા કરી છે અને કયા કયા પુરાવા ન્યાયાધીશને સંગીન માલમ પડવાથી તેમને આધારે આ ફેંસલો આપ્યો છે તે પણ એવું સરસ રીતે જણાવ્યું છે કે હાલની કોઇ પણ હાઇકૉર્ટનો ન્યાયાધીશ તે જોઇને ફેંસલો લખનારને ધન્યવાદ આપે. સારાંશમાં આ ફેંસલા ઉપરથી માલૂમ પડે છે કે હાલના સભ્ય દેશોમાં મુકદ્દમા ચલાવવાની જે પદ્ધતિ માન્ય છે તેનીજ પદ્ધતિએ અસલ ભરતખંડની અદાલતોમાં મુકદ્દમા ચાલતા હતા.×

## (૭) જ્યૂરી (પંચ)ની પ્રથા

જ્યાં જ્યાં રાજા પોતે મુકદ્દમાની સુનાવણી કરતો ન હોય ત્યાં તે પોતાની જગ્યાએ કોઈ વિદ્વાન બ્રાહ્મણ માજિસ્ટ્રેટની નિમણુંક કરતો. તેની મદદમાં બીજા ત્રણ બ્રાહ્મણ બેસતા.÷ હાલમાં ચાલતી જ્યૂરીની પ્રથાને મળતીજ આ રીત છે. અસલ આપણા દેશમાં સાલિસી અને પંચાયતી રીતે કજીઆની પતાવટ કરવાનો જે રિવાજ હતો તે એક પ્રકારની જ્યૂરીની પદ્ધતિજ કહેવાય. શુક્રનીતિમાં પણ જ્યૂરીની પ્રથાનો ઉલ્લેખ છે.

## (૮) વકીલો

શુક્રનીતિ ઉપરથી માલૂમ પડે છે કે અસલ વકીલો પણ હતા. નારદ સ્મૃતિ ઉપર ટીકા લખનાર અસહાય નામનો પંડિત લખે છે કે અમુક દિવાની મુકદ્દમામાં વાદી અને પ્રતિવાદી બેઉ પક્ષે સ્માર્ત્ત (ધારાશાસ્ત્રી) પંડિતોને પોતાના વકીલ તરીકે નીમ્યા હતા અને તેમણે ભાષણો પણ આપ્યાં હતાં.=

---

× ૨૪ કલકત્તા લૉ જર્નલ પૃ. ૧૪૯ નોટસ અને પૃષ્ઠ ૧૫૩ નોટસ. આ છેલ્લા પૃષ્ટ ઉપર કહેલા ફેંસલાની મૂળ સંસ્કૃત નકલ અને તેનું અંગ્રેજી ભાષાંતર આપ્યું છે.

÷ મનુસંહિતા, ૮–૧૦

= ૧૭ કલકત્તા લૉ જર્નલ પૃ. ૫૯ નોટસ

### (૯) અપીલ

કોઇ પણ માજિસ્ટ્રેટે બરાબર ન્યાય નથી કર્યો એવી ખબર પડતાં રાજા તે મુકદમાની ફરીથી સુનાવણી કરાવતો.* આનુંજ બીજું નામ 'અપીલ.'

### (૧૦) કૉર્ટ ઑફ વૉર્ડ્સ (પાલ્ય પાલક કચેરી)

પોતાના રાજ્યનાં ઘરડાં, આંધળાં, લૂલાં, મૂંગાં, શારીરિક ખોડખાંપણવાળાં તેમજ માઠી હાલતમાં આવી પડેલાં લોકોનું તથા વિધવાઓ અને માબાપ વગરનાં સગીર વયનાં છોકરાંઓનું રાજા પ્રતિપાલન કરતો. જેનો વાલી વારસ ન હોય એવી સ્ત્રીઓનું રક્ષણ કરતો.× સગીર વયનાં છોકરાંની અનાથ લોકોની અને સ્ત્રીઓની મિલકતનું રાજા રક્ષણ કરતો. ÷ હાલમાં જેને કૉર્ટ ઑફ વોર્ડ્સ કહે છે તે આજ.

### (૧૧) સાક્ષીઓ

મનુ લખે છે કે માજીસ્ટ્રેટે સાક્ષીની આકૃતિ, નેત્ર અને મોઢાના ઈસારા, ચાલવાની રીત, ચેષ્ટા, તેના બોલ અને બોલવાની રીત, બોલતી વખતે નેત્ર અને મુખ ઉપર થતા વિકાર એ બધું તેની જુબાનીનો વિચાર કરતી વખતે ધ્યાનમાં લેવું અને પછી તેનું કહેવું કેટલું સાચું છે તેનો તોલ કરવો. આગળ જતાં તે લખે છે કે જે માણસ જૂઠી સાક્ષી પૂરે છે અથવા પોતે સાચી હકીકત જાણતો હોય છતાં સાક્ષી પૂરવાની ના પાડે તેની આગળની અને પાછળની સાત સાત પેઢીના કુટુંબીઓ નરકે જાય છે.+

### (૧૨) રાજાને પણ સજા

જે અપરાધ કરવા માટે પ્રજાજનને સજા થતી હોય તેજ અપરાધ જો રાજા કરે તો તેને હજારગણી વધારે આકરી સજા થવી જોઇએ.‡ પોતાનો સગો દીકરો ગુન્હો કરે તો તેને પણ

---

* મનુસંહિતા. ૯–૨૩

× સભાપર્વ, ૫–૭૧,૭૯,૮૩,૧૨૪. શાંતિપર્વ, ૬૯,૨૫ અને મનુસંહિતા

÷ સભાપર્વ, ૫–૪૪ શાંતિપર્વ. ૭૫–૧૦. મનુસંહિતા, ૭–૫૧ ૨૭,૨૮,૧૧૧–૮–૯,૧૦,૨૬

+ આદિપર્વ,૭–૩,૩

‡ મનુસંહિતા, ૮–૩૩૬

રાજાએ છોડવો નહિ.= સગરરાજાના એક છોકરાએ તેની રૈયત-માંના કોઈના છોકરાને સમુદ્રમાં ફેંકી દીધો. આ ગુન્હા બદલ સગર રાજાએ તે છોકરાને પોતાના રાજ્યમાંથી દેશનિકાલ કર્યો હતો. §

## (૧૩) કેળવણી

રાજાએ બધી જાતની વિદ્યાને ઉત્તેજન આપતા રહેવું. વિદ્વાન અને વિનયસંપન્ન વ્યક્તિઓને દક્ષિણા આપીને ઉત્તેજિત કરવા. જ્ઞાનીઓનું સન્માન કરવું. રાજાએ હમેશાં જ્ઞાની પુરુષોનો સહવાસ કરવો. તેમની સલાહ પૂછતા રહેવું અને તે પ્રમાણે વર્તવું. હજાર મૂર્ખાઓની જગ્યાએ એક જ્ઞાનીને સાચવી રાખવો; કારણકે વિપત્તિને વખતે એકલો જ્ઞાનીજ પોતાની બુદ્ધિ વડે વિપત્તિગ્રસ્ત વ્યક્તિનું રક્ષણ કરી શકે છે.* જ્ઞાનીના સમાગમથી ઉજ્જડ વેરાન રણ પણ મનુષ્યની વસ્તીથી ભરપૂર હોય એવું લાગે છે, મૃત્યુ પણ ઉત્સવના જેટલુંજ આનંદદાયક નીવડે છે અને વિપત્તિ પણ સંપત્તિના જેવીજ લાગે છે.× વળી જ્ઞાની પોતે એકલો હોય તોપણ અનેક માણસોની સાથે આનંદ કરતો હોય છે, ઘણા માણસોની સાથે મોજ માણતો હોય છે.÷ જ્ઞાનીની કોઈની સાથે તુલનાજ ન થાય.

## (૧૪) અંદાજપત્ર અથવા બજેટ

રાજ્યની ઉપજ અને ખર્ચનો હિસાબ રાખનારા નાણાં ખાતાના પ્રધાનોએ વર્ષના આરંભથીજ ઉપજખર્ચનું અંદાજપત્ર નક્કી કરી રાખવું જોઇએ. તેને હાલ આપણે 'સરકારી બજેટ' કહીએ છીએ; રાજ્યની કુલ ઉપજના ચોથા, ત્રીજા અથવા વધારેમાં વધારે અડધા હિસ્સામાંથીજ રાજાએ રાજ્યનો કુલ ખર્ચ આટોપી લેવો જોઇએ અને બાકીનો તિજોરીમાં જમા રાખવો જોઇએ. ¶

---

= શાંતિપર્વ, ૯૨-૩૨

§ વનપર્વ–અધ્યાય ૧૦૭ * સભાપર્વ, ૫-૧૩,૩૫

× યોગવાસિષ્ઠ રામાયણ, મુમુક્ષુ વ્યવહાર પ્રકરણ, ૧૬મો સર્ગ

÷ શાંતિપર્વ, ૨૯૯-૪૨.

¶ સભા.પર્વ, ૫-૭૨,૭૦. શાંતિપર્વ ૨૮-૧૧. ૮૮-૨૬. [illegible] [illegible]

દિવાનંદ

## (૧૫) ધનવૃદ્ધિ

સૈન્યનો આધાર ધન ઉપર છે. રાજ્યના બળનો આધાર સૈન્ય ઉપર છે અને રાજ્યનો આધાર તેના બળ ઉપર છે; માટે જે જે પ્રકારે ધનની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય તેવા બધાજ ઉપાય રાજાએ અમલમાં મૂકી દેવા. દારિદ્ર વગેરે જે જે દુઃખો પ્રજાને પડતાં હોય તે સર્વનું રાજાએ પોતાના રાજ્યમાંથી મૂળજ કાઢી નાખવું. આખા રાજ્યમાં એક પણ માણસ કંગાલ અથવા ભિખારી નજ રહે એવો ઉપાય કરવો જોઇએ. શિબિ રાજા કહી ગયો છે કે જે રાજાના રાજ્યમાં પ્રજાને ભૂખમરો વેઠવો પડે તે રાજાના જીવતરને ધિક્કાર છે."×

## (૧૬) રાજા ક્યારે કરજ કરી શકે?

ખરેખરી વિપત્તિના વખતમાં જ્યારે નાણાંની છેકજ તંગી પડી હોય ત્યારે રાજાએ પ્રજાની પાસેથી નાણું કરજે લેવું અને પાછળથી તે દેવું ચૂકતે કરી આપવું. ‡.

## (૧૭) દુષ્કાળ

પ્રથમ તો રાજ્યમાં દુષ્કાળ પડેજ નહિ એવા તમામ ઉપાયો રાજાએ લેવા; છતાં દુષ્કાળ પડે તો સરકારી તિજોરીમાંથી લોકોને મદદ કરવી. દુષ્કાળના વખતમાં તેમજ એવી બીજી કોઈ આસમાની સુલતાની વખતે રાજાથી પ્રજા પાસે કર લેવાય નહિ, તેમ અગાઉ આપેલી તગાવીનું નાણું વસુલ કરાય નહિ.÷

## (૧૮) સરકારી વેરા અથવા કર

લોકો પોતાની જમીનમાં ઉગેલા ખજૂરાના ઝાડને ઉખાડી ન નાખતાં માત્ર તેમનો રસજ નીતારી લે છે, તેમ રાજાએ પ્રજાને નુકસાન ન થાય એવી રીતે તેમની આવક અને ખર્ચનો વિચાર કરીને તેમજ તેમના ભરણપોષણ માટે પૂરતું રહેવા દઇને સરકારી ખર્ચને માટે પ્રજા પાસેથી કર વસુલ કરવો જોઇએ.* જે રાજાની રૈયત કરના બોજાથી કચડાઇને દુઃખના

× અનુશાસનપર્વ, ૬૧–૨૯

‡ શાંતિપર્વ, અધ્યાય ૮૭. વરસમાં બે કે ત્રણ ત્રણ વખત લોન લેવાની હાલના રાજ્યકર્તાઓને આદત પડી ગઇ છે અને એ તો સામાન્ય નિયમજ થઇ ગયા છે.—સેવાનંદ

÷ શાંતિપર્વ, ૮૮–૧૬.

* શાંતિપર્વ, ૧૨૦–૯.

દિવસ ગુજારે છે તેનો થોડાજ વખતમાં નાશ થાય છે. એથી ઉલટું જે રાજાની પ્રજા સરોવરના સહસ્રદલ કમળની માફક રોજરોજ વૃદ્ધિ પામતી જાય છે, તે રાજાનું મંગલજ થાય છે.= રાજાએ ગેરવાજબી ઉપાયો વડે કદી પણ કર વસુલ કરવો નહિ; જો તેમ કરશે તો તે તેના વિનાશનું કારણ થઈ પડશે.× સ્વદેશમાં બનેલા માલ ઉપર તેની કિંમતનો એક દશાંશ અને પરદેશથી આવતા માલ ઉપર તેની કિંમતનો એક વીસાંશ કર લેવો.

## (૧૯) કૃષિ

ખેતીના ધંધાની ઉન્નતિ કરવી એ રાજાની ફરજ છે. ખેતીવાડી ખાતામાં તેણે સારામાં સારા નિષ્ણાતોની નિમણુક કરવી. રાજ્યમાં બારે માસ જેનું પાણી ખૂટેજ નહિ એવાં ઉંડાં જળાશયો ઠેકાણે ઠેકાણે રચાવવાં. વરસાદની તાણ પડવાથી ખેતીને નુકસાન ન પહોંચે તેને માટે નહેર, કાંસ વગેરે ખોદાવી રાખવાં. ખેડુતોને માટે સારામાં સારાં બીજ અને અનાજ પૂરાં પાડવાની ગોઠવણ કરવી. ખેતીના ધંધામાં જેમ વધારે લોકો જોડાય એવા ઉપાયો લેવા અને હરેક રીતે ખેતીના ધંધાને ઉત્તેજન આપતા રહેવું. રૈયત પાસેથી નાણાં ઉછીનાં લેવાં પડે તો તે લઇને પણ ખેડૂતોને તગાવી તો આપવીજ. રાજ્યમાં ઠામઠામ અનાજના મોટા મોટા ભંડાર ભરાવી રાખવા. ખેડુતો પાસેથી લેવાના કરની આકારણી કરતી વખતે ખેડૂતોની આર્થિક સ્થિતિ, જમીનની ફળદ્રૂપતા, ખેતીનો ખર્ચ વગેરે બાબતો ધ્યાનમાં લેવી. ખેતીમાં પાકેલા માલનો છઠ્ઠો ભાગજ કર તરીકે લેવાય. તેમ કરતાં પણ જો એમ માલૂમ પડે તો બાકી રહેલ અનાજથી ખેડૂતના કુટુંબનું એક વર્ષ સુધી પોષણ ન થાય તો તેમને વધારાનું અનાજ અપાવવાની ગોઠવણ કરવી.+ આર્ય શાસ્ત્રો ઉપરથી જણાય છે કે અસલ ખેતરમાં પાણી પાવાને વાસ્તે પવનચક્કીઓનો ઉપયોગ થતો. એ પવનચક્કીઓ હાલના જેવી નહિ હોય તોપણ વાયુની ગતિ વડે ચાલતું કોઈ યંત્ર તો હતું જ

= શાન્તિપર્વ, ૧૩૯–૧૦૯,૧૧૦.

× શાન્તિપર્વ, ૫૮–૫. * શાંતિપર્વ, ૭૧–૧૫.

÷ વિષ્ણુ સંહિતા, ૩–૨૫.

+ સભાપર્વ, ૫–૨૨ અને ૭૭થી ૮૦ સુધી. શાંતિપર્વ ૬૯–૨૫. અને ૭૧–૧૦.

## (૨૦) વેપાર

રાજાએ વેપારીઓનું રક્ષણ કરવું. તેઓ પોતાનો માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇને જતા હોય ત્યારે રસ્તામાં તેમને કોઈ લૂંટે નહિ તેની કાળજી રાખવી. વેપારની ઉત્તરોત્તર આબાદી થતી જાય એવા બધાજ ઉપાયો અમલમાં મૂકવા. વેપાર ઉપર દેખરેખ રાખવાને વાસ્તે પ્રમાણિક અમલદારો નીમવા. પોતાની રૈયતમાંથી ઘણા માણસો વેપાર-રોજગાર કરવા લાગે તે માટે જેટલું ઉત્તેજન અપાય તેટલું આપવું. પરદેશના વેપારીઓ દેશાવરમાં બનતો માલ પોતાના રાજ્યમાં વેચવા આવે એવી રાજાએ વ્યવસ્થા કરવી. તેઓ પરદેશ વેડે છે તે માત્ર પૈસાની લાલચેજ. એટલે રાજાએ પરદેશના વેપારીઓ પાસેથી ઝાઝો કર લેવો નહિ. વળી પોતાની રૈયતમાંથી કોઈ તેમને નુકસાન ન કરે, કોઈ તેમને છેતરે નહિ અગર તેમની સાથે બીજી દગાબાજી ન કરે પણ તેમને ઘટતું સન્માન આપે એવો રાજાએ બંદોબસ્ત કરવો.* પ્રાચીન કાળમાં મલાયા, ચીન વગેરે પૂર્વના દેશો, ઈરાન, બાબિલન, અરબસ્તાન, ફિનિશિયા, ગ્રીસ, રોમ અને તેના વિશાળ રોમન સામ્રાજ્યમાં આવી જતા પ્રદેશો, આફ્રિકાનો આખો પૂર્વકિનારો અને મિસર વગેરે દૂર દૂરના દેશો સાથે સ્થળ તેમજ જળમાર્ગે ભરતખંડનો વેપાર ધમધોકાર ચાલતો હતો. વિદુષી મેનિંગ લખે છે કે "અસલના હિન્દુઓ એક વ્યાપારકુશળ પ્રજા હતી તેનાં અનેક પ્રમાણ મળી આવે છે."

## (૨૧) દરિયાઇ વેપાર

અસલ હિન્દુઓ સમુદ્રમાર્ગે પુષ્કળ વેપાર કરતા. તેનાં પ્રમાણ માટે આગળ ઉપર 'સમુદ્રપર્યટન' એ મથાળા હેઠળનો વિષય જોવો.

## (૨૨) ભાગીદારી વેપારી પેઢીઓ

અસલના આપણા દેશમાં ઘણા માણસો મળીને પંચાળો વેપાર કરતા. એવી પેઢીઓ 'સમ્ભૂય સમુત્થાન' કહેવાતી÷ એજ આપણી હાલની જોઇન્ટ સ્ટૉક કંપનીઓ છે.

---

* સભાપર્વ, ૫-૭૧, ૧૧૪, ૧૧૫. શાંતિપર્વ, ૭૧-૧૦.
÷ યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૨-૨૬૨.

## (૨૩) શિલ્પકળા

શિલ્પકળાને ખીલવવાને વાસ્તે રાજ્ય તરફથી તેમને પૂરતું ઉત્તેજન મળવું જોઇએ. તે ખાતે પણ રાજાએ સારા અને કુશળ અમલદારો નીમવા. કારીગરોને મળતી રોજી, તેમનાં ઓજાર અને જેના ઉપર તેઓ કારીગરી કરતા હોય તેવો કાચો માલ જેમકે રૂ, ઉન, રેશમ, સુખડ, હાથીદાંત વગેરે એ બધા ઉપર રાજાએ ચોકસી રાખવી. કારીગરોનું રક્ષણ કરવું. તેમની કારીગરીની પરીક્ષા કરાવીને ઉત્તમ કારીગરોમાંથી કોઇને પ્રમાણપત્ર, કોઇને ચાંદ, કોઇને ઇનામ વગેરે આપીને રાજાએ તેમને ઉત્તેજન આપતાજ રહેવું.×

વિલ્સન લખે છે કે ત્રણ હજાર વર્ષ પૂર્વે હિંદુઓએ બનાવેલી કારીગરીની ચીજોને તે વખતની ઘણામાં ઘણી સુધરેલી પ્રજાઓ પોતાના વપરાશમાં લેતી. કેલ્ડિયા અને મિસરનાં અતિ પ્રાચીન સામ્રાજ્યોમાં ભરતખંડમાં બનેલું કાપડ વપરાતું. બાઇબલના જૂના વિભાગમાં "કાર્પાસ"ના નામથી હિંદમાં વણાયલા કાપડનોજ ઉલ્લેખ કર્યો છે. ગ્રીસ અને રોમના જૂના સાહિત્યમાં પણ હિંદના મલમલનું નામ જોવામાં આવે છે. ઑરમ લખે છે કે ભરતખંડમાં એવું એક પણ ગામડું ન હતું કે જ્યાંનાં સ્રીપુરુષોને વણતાં ન આવડતું હોય.= અસલ આપણા દેશમાં દરેક ગામ પોતાને ખપની વસ્તુઓ પોતાના ગામમાં ને ગામમાંજ બનાવી લેતું અને તેનું વેચાણ પણ તેજ ગામમાં થઇ જતું. પછી જે વધારાનો માલ રહેતો તે દેશાવર જતો. ખેદની વાત છે કે આજે એના કરતાં તદ્દન ઉલટીજ દશા થઈ ગઈ છે!

## (૨૪) પશુપાલન અને પશુચિકિત્સા

પશુપાલન વિભાગમાં પણ રાજાએ કુશળ કાર્યકર્તાઓને રોકીને ગાયો, બળદ વગેરેની હાલતમાં સુધારો કરવો. ગાયના જેટલું ઉપયોગી પ્રાણી બીજું એક પણ નથી. કારણ કે એક તો તે અત્યંત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાકની વસ્તુ પૂરી પાડે છે, અને ખેતીના તથા બોજો ઉપાડી જવાના કામમાં ઉપયોગી એવા બળદને જન્મ આપે છે. ગાય, બળદ વગેરે પશુઓને માટે પશુવૈદ્યો રાખવા અને પશુચિકિત્સાલયોની રાજ્યમાં સ્થા-

× સભાપર્વ, ૫-૭૧, ૭૯, ૧૧૮, ૧૧૯.
= મૉડર્ન રિવ્યુ. જાન્યુઆરી ૧૯૨૮, પૃ. ૬૧ થી ૬૩.

પના કરવી. હાથી, ઘોડા વગેરેના સુધારેલની ઓલાદ કરવાનાં તથા તેઓ માંદાં પડે ત્યારે તેમની માવજતને લગતાં પુસ્તકો પણ રાજાએ લેતા રહેવું. વળી દરેક ગામમાં ગામનાં ઢોરને વાસ્તે ગામની ચારે બાજુએ ફરતી ચારસો હાથ જેટલી જમીન ગોચર તરીકે પડતર રાખવી. ગામ મોટું હોય તો એ બાજુએ બારસો હાથ જમીન અનામત રહેવા દેવી. એટલી જમીન ઉપર કોઈ વાવેતર ન કરે તેની તપાસ રાખવી.*

## (૨૫) ફળાઉ ઝાડ

ઝાડનાં ફળ ખાઈને અથવા તેમને વેચીને ઘણા લોકો ગુજારો કરે છે. તેથી કરીને ફળાઉ ઝાડને કોઈ કાપી ન નાખે એવો રાજાએ બંદોબસ્ત કરવો.= મહાભારતમાં લખ્યું છે કે ઝાડમાં પણ ચૈતન્ય છે, જીવ છે. ઝેર દેવાથી ઝાડ મરી જાય છે અને વખતસર યોગ્ય દવા કરવામાં આવે તો પાછું ટટાર થાય છે."÷

## (૨૬) બજાર અને રસ્તા

એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ લઈ જવામાં અગર લાવવામાં સગવડ થાય તેટલા વાસ્તે પહોળી સડકો તૈયાર કરાવવી અને તેની મરામત કરાવતા રહેવું. નદી–નાળાં ઉપર પૂલ બંધાવવા. વેપારનાં મોટાં મથક હોય તો બજારને માટે પાકાં મકાન ચણાવવાં. ઈંટો પાડનારા કુંભાર, ઘર બાંધનારા કડીઆ–સુથાર વગેરેને રાજ્યમાં આશ્રય આપવો.×

## (૨૭) હિંસક પ્રાણીઓ

રાજાએ પોતાની રૈયતનું હિંસક જાનવરો, સાપ, રાક્ષસ વગેરેના ઉપદ્રવથી હમેશાં રક્ષણ કરતા રહેવું. §

## (૨૮) આગની દેહશત

પોતાની રૈયતને આગનો ભય ન રહે તેવી રાજાએ ગોઠ-

---

* સભાપર્વ, ૫-૭૯, ૧૨૦. મનુસંહિતા, ૯-૨૮૪. ૮-૨૩૭. આજે તો ગામના ગૌચરોની પણ હરરાજી થાય છે અને ઢોરના માલિકોને પોતાના ખેતરોમાંથીજ ઘાસીઆ બનાવવાની ફરજ પડે છે. સેવાનંદ

= શાન્તિપર્વ, ૮૯-૧.

÷ શાન્તિપર્વ, ૧૮૪-૧૭. અનુશાસનપર્વ, ૫-૬. આદિપર્વ, અધ્યાય ૪૩.

× સભાપર્વ, ૫-૨૨. શાન્તિપર્વ, ૬૯-૫૩ અને ૮૬-૧૬.

§ સભાપર્વ, ૫-૧૨૩

ગામના કજીઆકંકાસની પતાવટ કરવાનું અને વાદી પ્રતિવાદીનો ઇન્સાફ કરવાનું કામ આ પંચાયતોની મારફતે થતું. એ પંચાયતોના સભ્યોની ચૂંટણી મતદારોના મત વડેજ કરવામાં આવતી. શાંતિપર્વના ૧૦૭ મા અધ્યાયમાં "ગણ" શબ્દ ઘણું કરીને પ્રજાસત્તાક રાજ્યના અર્થમાંજ વપરાયો છે. જાદવોનું રાજ્ય તો એક જાતનું પ્રજાસત્તાક રાજ્યજ હતું. કૃષ્ણ, બળરામ વગેરે રાજ્યના મોટા મોટા માણસોના હાથમાં રાજ્યનો કારભાર હતો અને જાદવોના રાજા ઉગ્રસેન આ લોકોના કહ્યા મુજબજ ચાલતો હતો.

## (૩૪) કિલ્લા

[illegible] પોતાની રાજધાનીને કિલ્લા વડે સુરક્ષિત રાખતી, [illegible] જુદી જુદી જગ્યાએ કિલ્લાઓ બાંધીને [illegible] કરતો. એ કિલ્લાઓ ઉપર શતઘ્ની વગેરે [illegible] કિલ્લાની ઓથે રહીને દુશ્મન ઉપર તોપ [illegible] શકાય તે માટે કિલ્લાની દિવાલોમાં [illegible] કિલ્લામાં હમેશાં સૈન્ય, કારીગરો, [illegible] હથિયાર, દારૂગોળો અને પાણી એટલાં તો [illegible]

## [illegible] આયુધભંડાર અને યુદ્ધસામગ્રી

[illegible] આયુધભંડારમાં અસ્ત્રશસ્ત્રમાં [illegible] કારીગરોને [illegible]

## [illegible]

[illegible]

હાલની કવાયત જેવું કાંઈક હશે.* અસલ સિપાઈઓને લડાઈ વખતે જુદા જુદા આકારમાં ગોઠવીને ઉભા રાખવામાં આવતા એવી આકૃતિઓને વ્યૂહ કહેતા. વ્યૂહ પણ ઘણા પ્રકારના હતા.

### (૩૭) યુદ્ધ

રાજાઓ યુદ્ધ ન કરે તો તેમની કીર્તિ, સંપત્તિ અને પ્રજા એમાંનું કાંઈ પણ ટકી રહેજ નહિ. પણ તે છતાં જે રાજાઓ વગર લડાઈએ રાજ્ય ચલાવી શકે તે ખરેખરા પ્રશંસાપાત્ર છે. યુદ્ધમાં જીતવાનો ઝાઝો સંભવ ન હોય છતાં પણ યુદ્ધમાં કૂદી પડવું એ યોગ્ય નથી. લડાઈમાં ઝંપલાવતા પહેલાં રાજાએ સામ, દાન, ભેદ અને દંડ એ ચારે પ્રકારની રાજનીતિનો ઉપયોગ કરી જોવો. શત્રુ ઉપર ચડાઈ કરતા પહેલાં પોતાના દેશના બચાવની પૂરતી ગોઠવણ કરી લેવી. પોતાનું મિત્રબળ, ધનબળ અને સૈન્યબળ વગેરે કેટલાં અને કેવાં છે તેનો પાકો વિચાર કર્યા પછીજ લડાઈમાં ઉતરવું. શત્રુના ઉપર ચડાઈ કરતી વખતે તેની મુશ્કેલીનો અગર તેની નબળાઈનો લાગ જોઈને તેના ઉપર ચઢાઈ કરવી. પહેલાં તો તેના રાજ્યનાં ખેતરોના પાકનો નાશ કરી નાખવો. દુશ્મનની રૈયત અનાજની કાપણી કરવામાં રોકાઈ હોય અથવા તેના રાજ્યમાં દુષ્કાળ પડ્યો હોય તે તકે તેના ઉપર ચઢાઈ લઈ જવી. તેના રાજ્યનો વેપારરોજગાર તારાજ કરી નાખવો. ગામગામના વ્યવહારના માર્ગ તોડી નાખવા. તેમને જે રસ્તેથી નાણું મળતું હોય તે બધાએ રસ્તા રોકી નાખવા. જ્યાંથી તેઓ ખોરાકી અને પીવાનું પાણી લાવતા હોય તે રસ્તા પણ ઘેરી લેવા. શત્રુ નબળો હોય તો તેને પોતાનું બળ બતાવીને દબાવી દેવો. શત્રુ બળવાન હોય તો તેને બળ અને બુદ્ધિ બેઉ વડે હરાવવો. જે સૈન્યના સિપાઈઓ હમેશાં ઉત્સાહી હશે તેજ લડાઈમાં જીતશે.× જીતાએલા દેશના રાજવંશમાંથી કોઈ યોગ્ય વ્યક્તિને પસંદ કરીને તેનો રાજ્યાભિષેક કરાવવો અને તે દેશનું રાજ્યતંત્ર જો ધર્માનુસારજ હોય તો ત્યાં તેજ ચાલુ રહેવા દેવું.= શત્રુનો પરાજય કર્યા પછી તેના

* દ્રોણપર્વ, ૫-૪૩.

× સભાપર્વ, ૫-૬૧ થી ૬૮. શાન્તિપર્વ, ૧૦૦-૧૦.૫૮-૧૭. ૧૦૨-૫, ૧૦૩-૧૯. આશ્રમવાસિકપર્વ, ૬-૧૪. મનુસંહિતા, ૭-૧૯૫, ૧૯૬.

= મનુસંહિતા, ૭-૨૦૨, ૨૦૩

તરફ ક્ષમા બતાવનાર રાજા યશસ્વી થાય છે.* હિન્દુજાતિ જ્યારે સ્વતંત્ર હતી ત્યારે યુદ્ધ કરવું અથવા દિગ્વિજય કરવો, એ તેમનામાં ભારે યશ અને અભિમાનભરેલું કાર્ય ગણાતું હતું.

## (૩૮) વસ્તીપત્રક

અર્થશાસ્ત્ર જોતાં જણાય છે કે તે જમાનામાં પણ રાજ્યની વસ્તીની ગણત્રી કરવાનો રિવાજ હતો.

## (૩૯) મુકદ્દમાનો ખર્ચ

અસલના વખતમાં ન્યાયની અદાલતમાં જઇને ન્યાય માગનારને અમુક ખર્ચ કરવોજ પડે‡ એવું કોઇ ઠેકાણે જોવામાં આવતું નથી. તો પણ વેદવ્યાસે હાથી અને કાચબાના ઝગડાના વર્ણનદ્વારા હાલમાં કચેરીઓનાં પગથીઆં ઘસનાર ફરિયાદીઓ અને પ્રતિવાદીઓ બેઉ પૈસે ટકે કેવા તારાજ થઇ જાય છે તેનું બરાબર ચિત્ર દોર્યું છે. એ વાર્તા ટુંકમાં નીચે પ્રમાણે છેઃ—કોઇ એક તપોવનમાં બે માજણ્યા ભાઈ રહેતા હતા. તેઓ હતા તો મુનિ, પણ મુનિ થયા માટે શું થઇ ગયું ? તેમના ઘરમાં થોડાંક તાંબા પિત્તળનાં વાસણ હતાં તેની વહેંચણી કરવા બાબત તેઓ વચ્ચે ઘણા લાંબા વખતથી કજીઓ રાજ્યાજ કરતો હતો. એમ કરતાં કરતાં બેઉ જણ મરી ગયા ત્યારે તેમનાં કર્મનાં ફળ પ્રમાણે તેમણે નવો અવતાર લીધો. તે વખતે એક જણ હાથી થઇને અવતર્યો, અને બીજો કાચબો= થઇને અવતર્યો. ગયા જન્મનાં તેમનાં વેરઝેર તો આ જન્મનાં ઉલટાં ખૂબ પ્રબળ બન્યાં હતાં. એક દિવસ હાથી પાણી પીવા માટે સરોવરમાં પેઠો તેવીજ પેલા કાચબાએ તેની સૂંઢ પકડી લીધી અને તેને પાણીમાં ઘસડીને તેને મારી ખાવાનો પ્રયત્ન કરવા લાગ્યો. બીજી બાજુએ હાથી કાચબાને કિનારા ઉપર લાવીને તેને મારી નાખવાને ખેંચાખેંચ કરવા લાગ્યો. આ પ્રમાણે આ બેઉ જણ-

* શાંતિપર્વ, ૧૦૨-૩૦

‡ સ્ટામ્પ ફી, પ્રોસેસ ફી વગેરે કશાનોજ ખર્ચ થતો ન હતો.
શિવાનંદ

= [illegible] પ્રમાણે તો હાથી અને [illegible] [illegible] [illegible]
શિવાનંદ

ની લડાઈ ઘણા દિવસ સુધી ચાલી. પણ બેમાંથી એકે જણ થાક્યો નહિ ત્યારે છેવટે ગરુડ લવાદ થયો. તેણે પોતાના એક પગના નખમાં હાથીને ભેરવી લીધો અને બીજા પગના નખ વડે કાચબાને ઉપાડી લીધો અને બેઉને લઈને આકાશમાં ઉડયો. પછી ઘણે દૂર એક જંગી વડનું ઝાડ હતું તેની ડાળીએ ડાળીએ પુષ્કળ વાલખિલ્ય મુનિઓ (વનવાગળાં) ઝુરતાં હતાં. તે દેશમાં એવો રિવાજ હતો કે બીજા માણસને વચમાં રાખ્યા વગર કોઈ પણ કાર્ય સિદ્ધ થાય નહિ. તેથી કરીને ગરુડે પેલા હાથીને અને કાચબાને વડના જંગી ઝાડ સાથે પછાડીને તેમનાં હાડકાં પાંસળાં ઢીલાં કરી નાખ્યાં. પછી એક ઉંચા પર્વતના શિખર ઉપર તેમને બેઉને લઇ જઇને નિરાંતે ખાઇ ગયો. આ રીતે હાથી અને કાચબાનો કજીઓ પૂરો થયો અને જન્મોજન્મથી લડતા ભાઈઓના ઝગડાનો અંત આવ્યો.

આ વાર્તા દ્દષ્ટાંતરૂપક જેવી લાગે છે. તેમાં વેદવ્યાસે ગરુડને કચેરીને ઠેકાણે, વડના ઝાડને માજીસ્ટ્રેટને ઠેકાણે અને વાલખિલ્ય મુનિઓને વકીલો અને+ કજીઆદલાલોને ઠેકાણે કલ્પ્યા લાગે છે. આ કજીઆદલાલોને કોઇ જાતની પદવી મળેલી નથી તેથી તેઓ ક્ષુદ્ર પામર જીવડા છતાં ભોળા અસીલોને ધૂતવાની તેમની કુશળતા ઉપરથી તેમને વાલખિલ્ય મુનિ કહ્યા હશે; અને ઉંચા પર્વતનું શિખર તે સૌથી વડી અદાલત એટલે હાઈકોર્ટને ઠેકાણે હશે. હાલમાં ન્યાય તોળવાની જે પદ્ધતિ ચાલે છે તેનો આ વાર્તા ઉપરથી સરસ ખ્યાલ આવે છે.

વારુ, એ બધું જેમ હો તેમ હો, પણ આગળ જતાં વેદવ્યાસ લખે છે કે "ગરુડ જ્યારે હાથીને અને કાચબાને ઓહીઆં કરી રહ્યો તે વખતે ત્યાં મહામુનિ કશ્યપ આવી પહોંચ્યા. તેમણે ગરુડના કામનાં ભારે વખાણ કર્યાં, અને કહ્યું: 'તેં લોકહિતને ખાતર આવું મહત્ત્વનું કાર્ય કર્યું, માટે તું ચિરંજીવ થઇશ.'"* કચેરીઓ દ્વારા લોકોનું કેવું સરસ (!) હિત જળવાય છે

+ મૂળ પુસ્તકમાં લેખકે અંગ્રેજી "ટાઉટ" શબ્દ વાપર્યો છે. ટાઉટ એટલે વકીલો પાસેથી તેમની ફીમાંથી અમુક ટકા દલાલીના લઇને તેમને અસીલો આણી આપે અને ખોટા સાક્ષી પૂરાવા ઉભા કરાવી આપે તે.—સેવાનંદ

* શાન્તિપર્વ, અધ્યાય ૨૮,૨૯

## ઉંદર અને બિલાડીની મૈત્રી

કોઈ એક જંગલમાં એક મોટું જંગી વડનું ઝાડ હતું. તેમાં એક બિલાડી રહેતી હતી. જ્યારે તેને લાગ મળતો ત્યારે તે ઝાડ ઉપર વસતાં પક્ષીઓને પકડીને ખાઈ જતી. એજ ઝાડની નીચે એક ઉંદરનું દર હતું. એક દિવસ કોઈ શિકારી રાત્રે અંધારામાં આવીને ઝાડ નીચે જાળ પાથરી ગયો. બીજે દહાડે સવારમાં પેલી બિલાડીએ જેવો ઉંદરને દીઠો તેવીજ તેના ઉપર લોભાઇને કૂદકો મારવા ગઈ, પણ તેમ કરવા જતાં ઉલટી પોતેજ જાળની અંદર પકડાઈ ગઈ. પોતાના જૂના દુશ્મનને આ પ્રમાણે આફતમાં સપડાએલો જોઇને પેલો ઉંદર હસતો હસતો પોતાના દરની બહાર આનંદથી આમતેમ ફરવા લાગ્યો. પરંતુ કોઈપણ માણસનો આનંદ કાયમ તો રહેતોજ નથી. ઉંદરને છૂટો ફરતો જોઇને એક દિશાએથી એક ઘૂવડ અને બીજી દિશાએ એક બાજપક્ષી એમ પેલા ઉંદર ઉપર બે દિશાએથી બે શત્રુઓ ધસી આવ્યા. ત્રીજી બાજુએથી બિલાડી તો લાગ જોઈજ રહી હતી! હવે ઉંદરે શું કરવું?

આ પ્રમાણે પોતાના ઉપર ત્રણ બાજુએથી ત્રણ વિપત્તિઓને ચાલી આવતી જોઈને ઉંદર મનમાં વિચાર કરવા લાગ્યો કે નીતિશાસ્ત્રને જાણનાર માણસ તો હજાર વિપત્તિઓથી ગભરાય નહિ કે ભય પામે નહિ તો પછી હું શું કરવા ડરી જાઉં?

તેજ વખતે બિલાડી ઉંદરને કહેવા લાગી: "અરે! મારા પ્રિય મિત્ર! તું ડરીશ નહિ. હું હમણાં આફતમાં ઘેરાઇ ગઈ છું; દુર્દશામાં ગૂંચવાઈ પડી છું. અત્યારે હું પહેલાંના જેવી બિડાલ–સિંહ રહી નથી પણ બિડાલદાસી છું અને તારે શરણે આવી છું. તું મારી પાસે આવીને આ જાળ કરડી ખા અને મને છૂટી કર. તું એટલું મારૂં કામ કરીશ તો તું જે માગીશ તે આપીશ."

ત્યારે ઉંદરે વિચાર કર્યો કે "બળવાન વ્યક્તિ આફતમાં ઘેરાઈ જાય છે ત્યારે નબળાની સાથે સુલેહ અને મૈત્રી કરવા આવે છે તેનાં ઘણાં દૃષ્ટાંત ઈતિહાસમાંથી મળી આવે છે. પણ પોતાનું કામ થઇ રહ્યું એટલે પેલી સુલેહ અને મૈત્રીનો પણ અંત આવે છે, એવું પણ ઇતિહાસ કહે છે; એટલા માટે જ્યારે બળીઆની ગરજ પૂરી થાય ત્યારે નબળાએ ચેતીને ચાલવું

જોઇએ. તે વખતે પહેલાંની સંધિ અને મૈત્રીને યાદ કરીને તેમજ તે બળીઆની ઉપર જ્યારે આફત આવી પડી હતી ત્યારે મેં તેના ઉપર ઉપકાર કર્યો હતો, તેને મદદ કરી હતી માટે હવે મારે શી ફિકર છે એમ વિચારીને નબળાએ અસાવધાન રહેવું નહિ. આવો વિચાર કરીને બિલાડીએ કહેલું કામ કરવા ઉંદર કબૂલ થયો.

ત્યારે બિલાડી તેને કહેવા લાગી: "દોસ્ત ! તું પહેલાં મને છૂટી કર. મારા ઉપર તું જે પહેલો ઉપકાર કરે છે તેનો તો મારાથી કોઈ કાળે પણ બદલો વાળી શકાય એમ નથી. પંડિતો કહે છે કે 'જેના ઉપર કોઇએ પાડ કર્યો હોય તે પાછળથી તેનો ગમે તેટલો બદલો વાળે તોપણ પહેલાં પોતાના ઉપર થએલા ઉપકારની તોલે તો કશું આવેજ નહિ. કારણ કે જે પહેલો પાડ કરે છે તે નિઃસ્વાર્થ બુદ્ધિથી કરે છે અને જે ઉપકારનો બદલો વાળે છે તે તો પોતાના ઉપર થએલા ઉપકારને યાદ કરીને, તેનો બદલો આપવાને માટેજ જે કરે છે તે કરે છે."

પછી ઉંદર બિલાડીની પાસે ગયો એટલે ઘુવડ અને બાજપક્ષી તો નિરાશ થઇને ત્યાંથી પાછાં ફર્યાં.

બિલાડી ઉંદરને કહેવા લાગી: "અરે યાર ! વાર શીદ લગાડે છે ? તું ઝટપટ મને છૂટી કરી દેને." ઉંદર બોલ્યો: "મુરબ્બી ! કવખતે કાર્યનો આરંભ કર્યાથી કાર્ય કરનારનું પ્રયોજન સિદ્ધ થતું નથી; પણ યોગ્ય વખતે કાર્યનો આરંભ કર્યાથી સિદ્ધ થાય છે. જુઓ, આ સંસારમાં વિનાકારણ કોઈ કોઇનો મિત્ર અથવા કોઈ કોઇનો શત્રુ થતો નથી. સ્વાર્થ સાધવાને માટેજ લોકો કોઇને પોતાનો મિત્ર બનાવે છે તો બીજા કોઇને વળી પોતાનો શત્રુ બનાવે છે. હવે આપ બળવાન છો અને હું નિર્બળ છું. આપનો સ્વાર્થ પૂરો થશે. આપને માથે હમણાં જે આફત આવી પડી છે તે ટળી જશે એટલે આપની મૈત્રીનો પણ છેડો આવી જશે. ત્યારપછી આપ મને ખાઈ જવા તૈયાર થશો. માટે શિકારી આવશે ત્યારે હું આપની જાળ કરડી ખાઇને આપને છૂટાં કરીશ."

થોડી વાર થઈ એટલે પોતાની સાથે કૂતરાઓનું ધાડું લઈને એક ભયંકર આકૃતિવાળો શિકારી ખાંધે મોટી ટાંગ મૂકીને ત્યાં આવી પહોંચ્યો. બિલાડી તો થરથર ધ્રૂજવા લાગી

અને તુચ્છ જેવા ઉંદરના કાલાવાલા કરવા માંડી. ઉંદરે એક તડાકામાં જાળ તોડી નાખી પોતે પોતાના દરમાં ભરાઈ ગયો અને બિલાડી કૂદકો મારીને ઝાડ ઉપર ચઢી ગઈ. શિકારી નિરાશ થઈને જાળ ઉપાડી ચાલતો થયો.

પછી બિલાડી ઉંદરને કહેવા લાગી: "દોસ્ત! હવે બહાર આવ, બહાર આફત ટળી ગઈ. પહેલાં દોસ્તી કરીને પછી તેનું પાલન કરે નહિ તેવા માણસને તેની આફત વખતે તેનો કોઈ મિત્ર મદદ કરતો નથી."

પોતાના દરમાં રહ્યો રહ્યો ઉંદર બોલ્યો: "મુરબ્બીજી! આપની આફત ટળી ગઈ એ વાત ખરી, પણ મારી તો મારા મોઢા આગળજ ઊભી છે! આ સંસારમાં કોણ આપણો મિત્ર છે અને કોણ આપણો શત્રુ છે તે બરાબર જાણી લેવું જોઈએ. સંસારમાં શત્રુ સરખા મિત્રો અને મિત્ર સરખા શત્રુઓની ખોટ નથી. પંડિતો કહે છે કે "જેઓ પ્રથમ દુશ્મનાવટ કરીને પાછળથી દોસ્તી કરવા ઈચ્છે છે તેઓ આપણને છેતરીને તેમના કાબુમાં લાવવા માગે છે.' "

બિલાડી બોલી: "અરે યાર! આપણે એકબીજાના મિત્રો બનીને બારે આનંદપૂર્વક જીવન ગુજારીશું. આ ઝાડ ઉપર જેટલાં નિર્બળ પક્ષીઓ છે તે બધાંને જાણે હું ખાઈ જઈશ અને તેમનાં નાનાં નાનાં બચ્ચાં હશે તે તારે સારુ નીચે ફેંકતી જઈશ. કેમ તને તેટલાથી થશે ને?"

તેના જવાબમાં ઉંદર નમ્રપણે બોલ્યો: "માતાજી! મનુ અને વેદવ્યાસ બેઉ એકજ વાત કહે છે કે 'નિર્બળ એ સબળનો ખોરાક છે.'* આ કથન રાજનૈતિક, સામાજિક, આર્થિક—બધા વિષયોને એકસરખી રીતે લાગુ પડે છે. ગમે તેમ કરીને નબળાનું લોહી પીનેજ સબળા વધારે સબળા બને છે. એથી કરીને નિર્બળ અને સબળની મૈત્રી સંભવેજ નહિ. માટે સબળાથી નબળાએ તો દૂરજ રહેવું જોઈએ. એવું કરે તેજ બચે. [illegible] અને સબળા શત્રુને [illegible] નમીને [illegible] છે.' "

સબળાની દાઢમાંથી બચી જનારો નબળાને માટે [illegible] [illegible] નથી. એટલા માટે મહર્ષિ વેદવ્યાસ

* [illegible]

નબળાને વારંવાર શિખામણ દે છે કેઃ—

મૃદુના દારુણં હન્તિ મૃદુના હન્ત્યદારુણં।
નાસાધ્યં મૃદુના કિંચિત્ તસ્માત્ તીવ્રતરં મૃદુ ॥ ×

# પ્રકરણ ૪ થું—ગૃહસ્થાશ્રમ

## (૧) ચારિત્ર્યગઠન

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ, એ ચાર આશ્રમો કહેવાય છે. બ્રહ્મચર્ય આશ્રમ વખતે ગુરુને ઘેર રહીને વિદ્યાનું અધ્યયન કરવું. ઇન્દ્રિયોનો સંયમ કરવાની તાલીમ આ આશ્રમમાં હોઇએ ત્યારથીજ લઇ લેવી. ત્યાર પછી બ્રહ્મચારીએ લગ્ન કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એવો રિવાજ હતો. મનુ કહે છે કે "ઇન્દ્રિયોના ઉપર પૂરેપુરો કાબુ આવી ગયો ન હોય તો ગૃહસ્થાશ્રમને લગતું કોઇ પણ કામ સફળ થઇ શકતું નથી.* ગૃહસ્થાશ્રમ ઉપરજ આખા સંસારનો આધાર છે; મનુસંહિતા, મહાભારત અને રામાયણ પ્રમાણે ચારે આશ્રમોમાં ગૃહસ્થાશ્રમજ શ્રેષ્ઠ છે.† ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થની પ્રાપ્તિને માટેજ ગૃહસ્થાશ્રમ છે. જ્ઞાન દ્વારા ચિત્ત શુદ્ધ થાય એટલે આ આશ્રમમાં રહ્યાં રહ્યાં પણ મોક્ષ મેળવી શકાય છે.=રાજ્ય અને સુખ વૈભવ એ કાંઇ મોક્ષનાં પ્રતિબંધક નથી. એ બધુંજ હોય છતાં શમ, દમ વગેરે સાધનો દ્વારા મુક્તિ મેળવી શકાય છે.+ ગૃહસ્થાશ્રમમાં રહેનાર જો પોતાનું ચારિત્ર્ય શુદ્ધ કરે તો પછી તેને ત્યાર પછીના આશ્રમોની ગરજ રહેતી નથી.§ રામ કહે છે કેઃ—

× મૃદુતા વડે કઠોરને—અગરાનને હરાવી શકાય છે એવું, તેમજ જે કોમળ હોય તેને પણ વશ કરી શકાય છે એવું કોઇ કામ નથી કે જે મૃદુતા વડે ન સાધી શકાય. માટે મૃદુતા તો કઠોરતા [illegible] પણ વધારે [illegible] છે.—વનપર્વ ૨૮-૩૧. શાંતિપર્વ, ૧૪૦-૬૬

* મનુસંહિતા ૩-૭૮

† મનુસંહિતા, [illegible] અનુશાસનપર્વ, ૯૬-૧૩. રામાયણ, [illegible] ૧૦૬ [illegible]

= શાંતિપર્વ, [illegible]

+ શાંતિપર્વ [illegible]   § શાંતિપર્વ ૨૨૬-૨૭

कुलीनमकुलीनं वा वीरं पुरुषमानिनम्।
चारित्रमेवव्याख्याति शुचिं वा यदि वाशुचिम्॥

(મનુષ્ય ઉંચકુળનો હોય કે નીચ કુળનો હોય, શૂરવીર હોય કે ન હોય, ચોખ્ખો હોય કે મેલો હોય, લોકો તેને માન આપતા હોય કે ન આપતા હોય તોપણ એકલું તેનું ચારિત્ર્યજ તેને કીર્તિ આપાવશે.) §

## (૨) દશ પ્રકારનાં કર્મો

બુદ્ધદેવ કહી ગયા છે કે "જે પોતાની કાયા, વાણી અને મન ઉપર સંયમ રાખી શકે છે તે ધીર પુરુષજ ખરેખરો સંયમી છે." =

મહાભારતમાં એક જગ્યાએ લખ્યું છે કે "ચારિત્રની ઉન્નતિને માટે વાણીથી, કર્મથી, મનથી અને જળથી, એમ ચાર પ્રકારે સ્નાન કરીને શુદ્ધ થવું જોઇએ એટલા માટે+ નીચે ગણાવેલા દશ નિષેધ નિયમનું અવશ્ય પાલન કરવું.

(क) ચાર પ્રકારનાં વાણીનાં કાર્યો:–અસત્યકથન, કોઇનું દિલ દૂભાય એવા બોલ, ગંદી વાતો અને પરનિંદા.

(ख) ત્રણ પ્રકારનાં કાયિક કર્મ:– પરસ્ત્રીસંગ, પરદ્રવ્યનું હરણ અને પારકાનું અહિત કરવું.

(ग) ત્રણ પ્રકારનાં માનસિક કર્મ:–પરાયા ધનનો વિચાર, પારકાનું ભૂંડું ઇચ્છવું અને પાપભરેલા વિચાર કરવા.

## (૩) અસત્ય

જૂઠું તો કદી બોલવુંજ નહિ. જે જૂઠું બોલે છે તે બીજાને ઠગે છે. રામાયણમાં લખ્યું છે કે "સર્પમાંથી જેમ ઝેર પેદા થાય છે તેમ જૂઠું બોલનારમાંથી ભય પેદા થાય છે."÷ વાયુ પુરાણમાં લખ્યું છે કે "જૂઠનો સંસર્ગજ ‡ભયંકર છે માટે મશ્કરીને બહાને પણ જૂઠું બોલવું નહિ. મહાભારતમાં એવું લખ્યું છે કે "અસત્ય વચન બોલવા કરતાં વધારે ભયંકર પાપ બીજું એકે નથી."*આપણે માનતા હોઇએ તેના કરતાં જુદા

§ રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦૯–૪
=ધમ્મપદ, પૃષ્ઠ ૧૩૦
+ અનુશાસનપર્વ, અધ્યાય ૧૩ મનુસંહિતા, ૧૨–૪ થી ૭
÷ રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦૯–૧૨
‡ વાયુપુરાણ, ૧૮–૧૦
* આદિપર્વ ૭૪–૧૦૫, શાંતિપર્વ ૧૬૨૪–૨૪

પ્રકારનું આચરણ કરવું એ પણ અસત્યજ કહેવાય. તેવી રીતે આપણા મનમાં હોય કાંઇ અને કરીએ કાંઇ તે પણ અસત્યજ.

## (૪) સત્ય

સત્ય એટલે શું ? મહાભારત કહે છે કે જે સર્વને અત્યંત હિતકર હોય તે સત્ય."= એનું તાત્પર્ય એ છે કે જેના વડે ઘણામાં ઘણા માણસોનું ઘણામાં ઘણું હિત થતું હોય તેજ સત્ય. મહાભારતમાં એવું પણ લખ્યું છે કે "હજાર અશ્વમેધ યજ્ઞ કરતાં પણ સત્ય શ્રેષ્ઠ છે. ચારે વેદનું અધ્યયન કરીએ અને તમામ તીર્થોમાં સ્નાન કરીએ તોપણ સત્યની તોલે આવે નહિ. સત્યના સમાન કોઈ ધર્મ નથી. સત્યના કરતાં શ્રેષ્ઠ હોય એવી એકે વસ્તુ નથી. સત્ય એજ શ્રેષ્ઠ નિયમ છે. સત્ય એજ પરબ્રહ્મ છે. સત્ય એજ સ્વર્ગની સીડી છે."×

રામાયણમાં લખ્યું છે કે "સત્ય એજ વેદ છે, સત્ય એજ બ્રહ્મ છે, સત્યના ઉપરજ તમામ ભૂમંડળનો અને ધર્મનો આધાર છે. સત્ય વડેજ શ્રેષ્ઠ સ્થિતિ પામી શકાય છે. સત્યપરાયણ ધર્મ એજ સર્વ ધર્મનો મૂળ પાયો છે. સત્યના કરતાં શ્રેષ્ઠ બીજું કાંઇ છેજ નહિ. સત્ય વચન અને પ્રાણીમાત્ર પ્રત્યે દયા એ રાજાઓનો સનાતન સ્વભાવ છે."*

नास्ति विद्यासमं चक्षुर्नास्ति सत्यसमं तपः ।
नास्ति रागसमं दुःखं नास्ति त्यागसमं सुखम् ॥

(જ્ઞાન સમાન નેત્ર નથી; સત્ય સમાન તપશ્ચર્યા નથી; આસક્તિના સમાન દુઃખ નથી અને ત્યાગના સમાન સુખ નથી.)

## (૫) કોઇને અપ્રિય લાગે એવું કહેવું

કડવા બોલ એ ભારે અનર્થને જન્મ આપે છે. કોઇને બાણ માર્યું હોય તો તે શરીરના અમુક એકજ ભાગમાં ઘોચાય અથવા ન પણ ઘોચાય. શરીરમાં કદાચ ઘોચાયું તોપણ તેને બહાર ખેંચી કઢાય, પણ વાક્યરૂપી બાણ કદી પોતાનું નિશાન ચૂકતું-

---

= "यद्भूतहितमत्यन्तं तत् सत्यमिति धारणा ।"
વનપર્વ, ૨૦૮-૪. શાન્તિપર્વ ૩૨૯-૧૩. ૨૮૭-૨૦

× શાંતિપર્વ, ૧૯૯-૬૩થી૭૦. અનુશાસનપર્વ, ૭૫-૨૯-૩૦ આદિપર્વ, ૭૮-૧૦૩થી ૧૦૬ સુધી.

* શાંતિપર્વ, ૨૯૯-૩૧. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૪-૭. ૧૮૯-૧૦ થી ૧૩ સુધી.

कुलीनमकुलीनं वा वीरं पुरुषमानिनम् ।
चारित्रमेव व्याख्याति शुचिं वा यदि वाऽशुचिम् ॥

(મનુષ્ય [illegible] હોય કે નીચ કુળનો હોય, શૂરવીર [illegible] હોય, [illegible] હોય કે [illegible] હોય. [illegible] તેને માન [illegible] હોય કે ન [illegible] હોય તોપણ એકલું તેનું ચારિત્ર્ય જ તેને [illegible].) §

## (૨) દશ પ્રકારનાં કર્મો

બુદ્ધદેવ કહી ગયા છે કે "જે પોતાની કાયા, વાણી અને મન ઉપર સંયમ રાખી શકે છે તે વીર પુરુષ જ ખરેખરો સંયમી છે." =

મહાભારતમાં એક જગ્યાએ લખ્યું છે કે "ચારિત્રની વિશુદ્ધિને માટે વાણીથી, કર્મથી, મનથી અને જળથી, એમ ચાર પ્રકારે સ્નાન કરીને શુદ્ધ થવું જોઈએ એટલા માટે+ નીચે જણાવેલા દશ નિષેધ નિયમનું અવશ્ય પાલન કરવું.

(ક) ચાર પ્રકારનાં વાણીનાં કર્મો:—અસત્યકથન, કોઈનું દિલ દુભાય એવા બોલ, ગંદી વાતો અને પરનિંદા.

(ખ) ત્રણ પ્રકારનાં કાયિક કર્મ:— પરસ્ત્રીસંગ, પરદ્રવ્યનું હરણ અને પારકાનું અહિત કરવું.

(ગ) ત્રણ પ્રકારનાં માનસિક કર્મ:—પરાયા ધનનો વિચાર, પારકાનું ભૂંડું ઇચ્છવું અને પાપભરેલા વિચાર કરવા.

## (૩) અસત્ય

જૂઠું તો કદી બોલવુંજ નહિ. જે જૂઠું બોલે છે તે બીજાને ઠગે છે. રામાયણમાં લખ્યું છે કે "સર્પમાંથી જેમ ઝેર પેદા થાય છે તેમ જૂઠું બોલનારમાંથી ભય પેદા થાય છે."÷ વાયુ પુરાણમાં લખ્યું છે કે "જૂઠનો સંસર્ગજ ‡ભયંકર છે માટે મશ્કરીને બહાને પણ જૂઠું બોલવું નહિ. મહાભારતમાં એવું લખ્યું છે કે "અસત્ય વચન બોલવા કરતાં વધારે ભયંકર પાપ બીજું એકે નથી."*આપણે માનતા હોઈએ તેના કરતાં જુદા

§ રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦૯–૪
=ધમ્મપદ, પૃષ્ઠ ૧૩૦
+ અનુશાસનપર્વ, અધ્યાય ૧૩ મનુસંહિતા, ૧૨–૪ થી ૭
÷ રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦૯–૧૨
‡ વાયુપુરાણ, ૧૮–૧૦
* આદિપર્વ ૭૪–૧૦૫, શાંતિપર્વ ૧૬૨૪–૨૪

પ્રકારનું આચરણ કરવું એ પણ અસત્યજ કહેવાય. તેવી રીતે આપણા મનમાં હોય કાંઈ અને કરીએ કાંઈ તે પણ અસત્યજ.

## (૪) સત્ય

સત્ય એટલે શું ? મહાભારત કહે છે કે જે સર્વને અત્યંત હિતકર હોય તે સત્ય."* એનું તાત્પર્ય એ છે કે જેના વડે ઘણામાં ઘણા આણુસોનું ઘણામાં ઘણું હિત થતું હોય તેજ સત્ય. મહાભારતમાં એવું પણ લખ્યું છે કે "હજાર અશ્વમેધ યજ્ઞ કરતાં પણ સત્ય શ્રેષ્ઠ છે. ચારે વેદનું અધ્યયન કરીએ અને તમામ તીર્થોમાં સ્નાન કરીએ તોપણ સત્યની તોલે આવે નહિ. સત્યના સમાન કોઈ ધર્મ નથી. સત્યના કરતાં શ્રેષ્ઠ હોય એવી એક વસ્તુ નથી. સત્ય એજ શ્રેષ્ઠ નિયમ છે. સત્ય એજ પરબ્રહ્મ છે. સત્ય એજ સ્વર્ગની સીડી છે."×

રામાયણમાં લખ્યું છે કે "સત્ય એજ વેદ છે, સત્ય એજ પ્રાણ છે, સત્યના ઉપરજ તમામ ભૂમંડળનો અને ધર્મનો આધાર છે. સત્ય વડેજ શ્રેષ્ઠ સ્થિતિ પામી શકાય છે. સત્યપરાયણ ધર્મ એજ સર્વ ધર્મનો મૂળ પાયો છે. સત્યના કરતાં શ્રેષ્ઠ બીજું કાંઈ છેજ નહિ. સત્ય વચન અને પ્રાણીમાત્ર પ્રત્યે દયા એ રાજાઓનો સનાતન સ્વભાવ છે."*

नास्ति विद्यासमं चक्षुर्नास्ति सत्यसमं तपः।
नास्ति रागसमं दुःखं नास्ति त्यागसमं सुखम् ॥

(જ્ઞાન સમાન નેત્ર નથી; સત્ય સમાન તપશ્ચર્યા નથી; આસક્તિના સમાન દુઃખ નથી અને ત્યાગના સમાન સુખ નથી)

## (૫) કોઈને અપ્રિય લાગે એવું કહેવું

કઠોર [illegible] એ બહુ અનર્થને જન્મ આપે છે. કોઈને બાણ માર્યું હોય તો તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

* "यद्भूतहितमत्यन्तं तत् सत्यमिति धारणा।"

[illegible]

[illegible]

અને પવિત્રતા એટલાનો શારીરિક તપશ્ચર્યામાં સમાવેશ થાય છે.

## (૧૨) મનની શુદ્ધિ

મહાભારતમાં કહ્યું છે કે " જ્ઞાનવડે મનને વશ કરવું અને મન વડે ઇન્દ્રિયોને વશ કરવી. ધર્મનાં નાનાં પ્રકારનાં અનુષ્ઠાન છે તેમાં ઇંદ્રિયદમન સર્વથી શ્રેષ્ઠ છે.÷ આવી અગત્યની ક્રિયા મૂકીને બહારના પદાર્થો ઉપર મન દોડાવ્યે શું વળે ?

"તુઇ આશાર બશે દિન હરાલિ, બશ હોલોના રિપુ-છોંટા,
તોર ભિતર મલિન બાઇરે ટિકિ માલાર થો'લે તિલક ફોંટા."‡

## (૧૩) સમદર્શિતા અને લોકકલ્યાણ

તમામ હિન્દુ શાસ્ત્રો વારંવાર ઉપદેશ આપે છે કે "સમદર્શી થવું અને જેથી સર્વનું હિત સધાય એવાં કામ કરવાં." મનુ લખે છે કે "પ્રાણીમાત્ર તરફ સમાન દૃષ્ટિ રાખીને ધર્માચરણ કરવું. તેવું તો કશું થાય નહિ અને ધર્મનાં બહારનાં ચિહ્ન ધારણ કરીએ તેથી કાંઇ વળે નહિ."= મહાભારત કહે છે કે સૌનું હિત થાય એવાં કામ કરવાં એજ ગૃહસ્થધર્મ છે."÷

શાસ્ત્રોના તમામ ઉપદેશનો સાર નીચેના ભજનમાં છેઃ-

સત્યેર સમાન તપસ્યા નાઇ, પાપ નાઇ મિથ્યા સમાન;
ધરમ નાઈ ઇન્દ્રિદમન, દેશ હિત-સાધન સમાન.
જેતો મારે કાંટા દેય, ગાયે તારે ફેલો ફૂલ;
તબ હોઇબે મંગલ કિંતુ સે ખાબે ત્રિશૂલ.
કરિયે અસત્ કાય સુખ જેવા ચાય,
રોપિયા બાબૂલ તાતે આમ ખેતે ચાય,×

---

÷ શાંતિપર્વ, ૧૬૦-૬,૮,૧૦; ૨૪૯-૩,૪.

‡ આશાને વશ થઇને તું વખત ગુમાવે છે; તારાથી ૭ રિપુ તો વશ થયા નથી. તારૂં મન તો મેલું છે અને છતાં તું માથે ચોટલી, ગળે માળાનો ભારો અને કપાળે તિલક ધારણ કરે છે. (કલ્યાણી, પૃ. ૬૯)

= મનુસંહિતા, ૬-૬૬

÷ શાંતિપર્વ, ૩૫૯-૭.

× સત્યના સમાન કોઇ તપ નથી અને જૂઠ્ઠાના જેવું કોઈ પાપ નથી. ઈંદ્રિયદમન અને દેશહિતનું સાધન એના જેવો કોઇ ધર્મ નથી. જે તમને કાંટા આપે તેને તમે ફૂલ આપજો. તમારૂં ...થી ભલું થશે અને પેલાનેજ કાંટા ભોંકાશે. અશુભ કર્મ કરીને જે ...ખી થવા ઇચ્છે તે બાવળ વાવીને કેરી ખાવાની આશા રાખે છે.

## (૧૪) જલ સ્નાન

જળથી સ્નાન કરવાની જરૂર તો છે પણ મહાભારત કહે છે કે "સત્ય, સરળતા, ધૈર્ય, ભૂતમાત્ર પ્રત્યે દયા અને શમ દમ વગેરે ગુણ જેનામાં છે એવા સૌના તરફ સમાન દૃષ્ટિવાળા પુરુષનું મનજ તીર્થસ્વરૂપ છે. ખરેખરૂં સ્નાન તો એવા મહાત્માએજ કર્યું છે. પાણી વડેજ શરીરને ફરી ફરીને ધોનાર માણસ નાહ્યો છતાં ખરી રીતે નાહ્યો કહેવાય નહિ.× મનને સાફ કરવું, મનના મેલ દૂર કરવા એજ સાચું સ્નાન છે.

દક્ષ કહે છે કે "જેનું મન સાફ નથી તેને બાહ્યસ્નાન કર્યાથી શો લાભ છે ? એવો માણસ અત્યંત અશુદ્ધ છે."×

"નિત્ય સ્નાને જહિ હરિ મિલે તો જલજંતુ હોઇ,
ફલમૂલ ખેલે જહિ હરિ પાઇ તો બાદુડ બાનર હોઈ,
તૃણ ખેલે જહિ હરિ પાય તો છાગ‡ તાહા પેચે છે.
દૂધ ખેલે જહિ હરિ મિલે તો વત્સ તાહા પેછે છે,
મીરાં કહે શુનોગો સકલે ભક્તિ વિના નહિ મિલે નંદલાલે."§

---

× અનુશાસનપર્વ, અધ્યાય ૧૦૮.

× દક્ષ સંહિતા, ૫-૪.

‡ બકરી.

§ ભાષા સરળ હોવાથી અનુવાદની જરૂર નથી.

# પ્રકરણ ૫ મું—વિવિધ વિષય

## (૧) મનુષ્યસમાજ

મહાભારતમાં—એકલા મહાભારતમાંજ નહિ પણ તમામ હિન્દુશાસ્ત્રોમાં—માણસમાત્રની સમાનતા, બંધુભાવ અને સ્વતંત્રતાના મહિમાની ગૌરવસહિત ઘોષણા કરી છે. ભૂતમાત્રના અને માનવસમાજના હિતને અર્થે કાર્ય કરવાનો ઉપદેશ આપવામાં કચાશ રાખી નથી.

## (૨) સગાં અથવા કુટુંબીઓ

મહાભારતમાં કહ્યું છે કે "જે સગાંવહાલાં વગરનો છે તે સુખી હોઇ શકેજ નહિ. સૌ તેનું અપમાન કરે છે. તેના શત્રુઓ તેને દબડાવે છે. જો તેને સગાંવહાલાં હોત તો તેનું કોઇ પરાયો માણસ અપમાન કરવા આવે તો તરત તેનું ઉપરાણું લે અને અપમાન કરનારનું મોઢું બંધ કરી દે. જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ કુટુંબીઓ ઘણાંજ મદદગાર થઇ પડે છે. જે સ્વભાવે સરળ અને કોમળ પ્રકૃતિનો છે, ઉદાર અને સત્યવાદી છે તેનાં સગાંવહાલાં તેનું કદી અપમાન કરતાં નથી, તેમ તેને હેરાન પણ નથી કરતાં. અન્નદાન, ક્ષમા, ધૈર્ય, સરળતા અને સત્કાર વડે પોતાનાં સગાંવહાલાંને હમેશાં પોતાનાં કરી રાખવાં. જેના બોલ કડવા ઝેર જેવા હોય એવો કોઈ કુટુંબી હોય તો તેના દિલની બદદાનત, તેના ખોટા વિચાર અને તેની કડવી જીભએ બધા અવગુણોને આપણાં મધુર વચન વડે સુધારી લેવાં."=

## (૩) પિતા

મનુ લખે છે કે "જે પુત્ર પોતાનાં માતપિતાને અને જ્ઞાનદાતા ગુરુને માન આપે છે તે ધર્મનું સન્માન કરે છે એમ જાણવું. એથી ઉલટું જે તેમનો અનાદર કરે છે તેનાં ધર્મ કર્મ બધાંજ મિથ્યા સમજવાં."‡ મહાભારતમાં લખ્યું છે કેઃ—

पिता स्वर्गः पिता धर्मः पिता हि परमं तपः।
पितरि प्रीतिमापन्ने प्रीयन्ते सर्वदेवताः॥

---

= શાંતિપર્વ, અધ્યાય ૮૦, ૮૧

‡ મનુસંહિતા, ૨–૨૩૪.

## (૪) ભાઈ

આરસીમાં જેમ આપણે આપણા મુખનું પ્રતિબિંબ જોઈએ તેમ ભાઈના ચહેરામાં માતાપિતાનાં મુખનું પ્રતિબિંબ જોવું. ભાઈને જોઈને માતાપિતાનું સ્મરણ કરવું. આવો ભાવ રાખ્યાથીજ તમે તેના તરફથી તમારી ફરજ અદા કરી શકશો. હરિવંશમાં લખ્યું છે કે "સચ્ચરિત્રવાન અને જ્ઞાનસંપન્ન ભાઈ હજાર સ્ત્રીપુત્ર કરતાં પણ શ્રેષ્ઠ છે. ભાઈના જેવો ખરો અંગનો સગો કોઈ હોયજ નહિ." ×

## (૫) પુત્ર

વેદવ્યાસ કહે છે કે "જે પુત્ર પિતાની આજ્ઞા માનતો નથી તે પુત્રજ નથી." પરાશર કહે છે કે "સારી ભૂમિમાં બીજ વાવવું અને સુપુત્રને ધન આપવું એ બરોબર છે. સારી જમીનને અને સારા પુત્રને સોંપેલી વસ્તુનો કદી નાશ થતો નથી." *

## (૬) માતા

માતાના જેવું પ્રેમ રાખનાર, પાલન કરનાર, આશ્રય આપનાર, સંતાપને હરનાર અને પ્રિય બોલનાર બીજું કોઈ છેજ નહિ. જેને માતા છે તેને કદી ઘડપણજ નહિ આવે. પુત્ર બધી રીતે પાયમાલ થઈ ગયા પછી પણ "મા" કહેતો મા ની પાસે જાય એટલે તરતજ તેનું બધુંજ દુઃખ દૂર થઈ જાય છે. પુત્ર ગમે તેવો પડતી હાલતમાં આવી પડયો હોય તોપણ માતા તેના ઉપર પ્રેમ રાખે છે. ‡ જેનાં માતાપિતા હયાત છે તેણે પોતાના ઘરમાં જીવતા અને જાગતા દેવતાઓજ બેઠા છે એમ જાણવું.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी। એ કથન તદ્દન સત્ય છે.

## (૭) ભગિની

બહેનને વિષે મહાભારતમાં લખ્યું છે કે જેના ઘરમાં પુત્ર વિનાની વિધવા બહેન છે તેને તે બહેન દ્વારા ઘણીજ મદદ મળી રહે છે." ÷

---

× હરિવંશ, વિષ્ણુપર્વ, ૧૦–૨૬, ૨૭.
* પરાશર સંહિતા, ૧–૫૫.
‡ શાંતિપર્વ, અધ્યાય ૨૬૫.
÷ ઉદ્યોગપર્વ, ૩૩–૭૮

## (૮) પત્ની

વેદના યુગથી માંડીને આજ દિન સુધી હિન્દુઓનાં લગ્ન વેદના મંત્રો વડેજ થતાં આવ્યાં છે. એવા એક લગ્નમંત્રમાં કહ્યું છે કે "હે નવવધુ ! તું તારા સસરા ઉપર રાજ કરજે. તું તારી સાસુ ઉપર રાજ કરજે. તું તારી નણંદના ઉપર રાજ કરજે. તું તારા દિયેર ઉપર રાજ કરજે." પરણતી વખતે વર કન્યાને કહે છેઃ "હું સત્ય વડે તારા હૃદયને અને તારા મનને બાંધી લઉં છું. તારૂં હૃદય મારૂં થજો અને મારૂં હૃદય તારૂં થજો." ÷ આવું જોતાં સ્ત્રી તેના પતિની દાસી છે એવા ભાવને સ્થાનજ ક્યાં છે ? બેઉના દરજ્જામાં તફાવતજ શો છે ? મહાભારત કહે છે કે પતિ એજ સ્ત્રીનો મિત્ર છે, પતિ એજ તેનો દેવતા છે અને પતિ એજ તેની પરમગતિ છે. જે સ્ત્રી પોતાના પતિને સૌથી શ્રેષ્ઠ માને છે, ગરીબ, દુઃખી અને હારી થાકીને ઘેર આવેલા પતિની ખરા મનની ઉલટથી સેવા કરે છે તેજ સાચી પતિવ્રતા છે. બધી સ્ત્રીઓ પતિવ્રતા નથી હોતી. વિદેહ રાજાની પુત્રી કહે છે કે "સ્ત્રીઓને કોઇ પણ પ્રકારના યોગની જરૂર નથી; તેને યજ્ઞ, શ્રાદ્ધ, ઉપવાસ કશાની જરૂર નથી. તેને માટે તો તેના પતિની સેવા એ એકજ ધર્મ છે. તે એટલું કરશે તો એટલા-થીજ તે સ્વર્ગને પણ જીતી લેશે." × આ કાંઇ એકલા વેદ વ્યાસનોજ અભિપ્રાય છે એમ ન સમજવું. મનુ, ઉશના, શંખ અને બીજા બધા ઋષિમુનિઓ પણ એવોજ અભિપ્રાય આપે છે.×

આમાં દાસીભાવ ઉપર ભાર મૂક્યો છે એમ રખે કોઇ માની લે. સેવા એ ખરેખરા અંતરના પ્રેમનો સ્વભાવજ છે. જ્યાં શુદ્ધ પ્રેમ છે ત્યાં સ્વાર્થનો વિચાર હોતો નથી; ત્યાં તો સામો માણસ કેમ સુખી થાય તેનોજ વિચાર હોય છે; અથવા એમેજ બૂઝ્યા. જ્યાં અંતરનો ઉમળકો હોય છે ત્યાંજ ખરેખરો દાસદાસી ભાવ હોય છે.

હિન્દુશાસ્ત્રો કહે છે કે "પતિવ્રતા સ્ત્રી સદાકાળ પવિત્ર છે. અશુદ્ધિનો તેને સ્પર્શ થાય તોપણ તે અશુદ્ધ થતી નથી. આથી

÷ [illegible]

× [illegible]

× [illegible]

[illegible]

ફરીને શુદ્ધ થવાને માટે તેને કાંઇજ કરવાની જરૂર નથી." ÷

મહાભારત કહે છે કે "સ્ત્રી તેના પતિનું અરધું અંગ છે; સ્ત્રી સારામાં સારો મિત્ર છે; સ્ત્રીના ઉપર ધર્મ, અર્થ અને કામનો આધાર છે; સ્ત્રીજ ઘરની લક્ષ્મી છે. જેને ઘેર સ્ત્રી છે તેજ ગૃહસ્થાશ્રમી છે. તેજ સાચો શ્રીમાન્ છે. લોકો પણ તેનોજ વિશ્વાસ કરે છે. જેને પત્ની છે તેજ સુખી છે. પ્રિયભાષિણી પત્ની સાચી સલાહ આપવામાં મિત્રની ગરજ સારે છે, સત્કર્મમાં સહાય આપીને પિતાનું કામ કરે છે, માંદગીમાં સેવાચાકરી કરતી વખતે માતાની જગ્યા લે છે, પ્રવાસ વખતે દુઃખ દૂર કરીને આરામ આપે છે. વૈદ્ય લોકો પણ કહે છે કે તમામ પ્રકારનાં દર્દ સારાં કરવામાં સ્ત્રીના જેવી એકકે ઔષધિ નથી. સ્ત્રી એ તેના પતિની હજારો પ્રકારના સુખની અખૂટ ઝરણી છે. પંડિતો ઘરને ઘર કહેતા નથી, પણ ગૃહિણીનેજ ઘર માને છે. આ જગતમાં જેને પ્રેમી પત્ની છે તેનું જીવન ધન્ય છે." ×

મનુ, વેદવ્યાસ અને યાજ્ઞવલ્ક્ય, એ ત્રણે જણ એકકે મતે કહે છે કે "જે કુટુંબમાં પતિ અને પત્ની એકબીજા ઉપર અનન્ય આસક્તિ રાખતાં હોય છે અને એકબીજાથી સંતુષ્ટ રહે છે તે કુટુંબમાં કલ્યાણ ચિરકાળ વાસો કરે છે એમ માની લેવું." = મનુ તો એમ પણ કહે છે કે "ગુણવાન પત્નીનું ભરણપોષણ કરવું એટલુંજ બસ નથી; પણ તેને હમેશાં બધી રીતે રાજી રાખવી. સ્ત્રીઓ તો ઘરનું ભૂષણ છે. હમેશાં તેમનું સન્માન કરવું. સ્ત્રી અને શ્રી-લક્ષ્મી, એ બેની વચ્ચે કશો ભેદજ ન રાખવો." § વેદવ્યાસ લખે છે કે "જેઓ પંડિત છે તેમણે તેમની સુશીલ સ્ત્રીઓનું માત્ર લાલન પાલન કરવું, એટલુંજ નહિ પણ તેમનું સન્માન કરવું. તેમને નમસ્કાર કરવા અને તેમનું પૂજન પણ કરવું." +

---

÷ યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૧-૭૧.

× આદિપર્વ, અધ્યાય ૭૪. અનુશાસનપર્વ, ૧૪૬-૪૪, ૪૫. વનપર્વ ૧-૨૯. શાન્તિપર્વ, અધ્યાય ૧૪૪

= મનુસંહિતા, ૩-૬૦. અનુશાસનપર્વ, ૧૨૨-૧૭. યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૧-૭૮.

§ મનુસંહિતા, ૯-૨૬.

+ હરિવંશ, ભવિષ્યપર્વ, ૫-૪૦

હિન્દુઓ સ્ત્રીજાતિને આદ્યશક્તિ માનીને તેનું સન્માન કરતા. અત્યારે પણ કુમારી કન્યાનું પૂજન કરવાનો રિવાજ કેટલેક ઠેકાણે છે. તંત્રો તો કહે છે કે "સ્ત્રીઓને ભગવતી માનીને તેમનું પૂજન કરવું."

ફ્રાન્સના તત્ત્વચિંતક આગસ્તે કોંતને નારીપૂજાની પહેલવહેલી શરૂઆત કરનાર તરીકે ગણી શકાય નહિ. સ્ત્રીપૂજનનું સૌથી પહેલું મંદિર ફ્રાન્સમાંજ સ્થપાયું એવું રખે કોઈ માની લે.= કારણકે તેનાથી ઘણા સૈકા અગાઉ પ્રાચીન ભારતમાં સ્ત્રીઓનું યથાયોગ્ય પૂજન થતું હતું.

## (૯) સ્ત્રીજાતિ

ધૃતરાષ્ટ્ર વનવાસ કર્યા પછી યુધિષ્ઠિર રાજા તેને મળવા ગયા તે વખતે તેમણે બીજા પ્રશ્નોની સાથે એવો પ્રશ્ન પણ પૂછ્યો હતો કે÷ "તમારા ઘરમાં સ્ત્રીઓનું પૂજન તો થાય છે જ ને?" આવો સવાલ પૂછવાનો શો હેતુ?

કારણકે સ્ત્રીઓને સન્માન આપવું એ હિન્દુશાસ્ત્રની આજ્ઞા છે. હિન્દુશાસ્ત્ર મુજબ સ્ત્રી અને પુરુષના સમાન અધિકાર છે. પુત્ર અને પુત્રી બેઉને તેમનાં માબાપે યોગ્ય શિક્ષણ આપવું જ જોઈએ.* લગ્ન પહેલાં વરની કુલીનતા, સ્વભાવ, શિક્ષણ વગેરેની જેમ પરીક્ષા કરી લેવી જોઈએ, તેમ કન્યાની પણ ઉપર કહી તે બાબતોની યોગ્યતા કેવી છે તે પણ જાણી લેવું જોઈએ.× જેમ પુરુષને તેની મરજી વિરુદ્ધ બળાત્કારે પરણાવાય નહિ, તેમ સ્ત્રીને પણ તેની મરજી વિરુદ્ધ નજ પરણાવાય. અમે હમણાં લગ્નના એક બે મંત્રો ટાંકયા હતા તે ઉપરથી માલૂમ પડે છે કે સ્ત્રી તેના પતિની દાસી છેજ નહિ. ખરું જોતાં સ્ત્રીપુરુષના દરજ્જામાં કશો તફાવતજ નથી. જેમ એક પતિની હયાતીમાં બીજો પતિ કરવાનું સ્ત્રીને માટે અયોગ્ય છે, તેમ એક પત્નીની હયાતીમાં પુરુષને માટે બીજી સ્ત્રી કરવી એ

= આગસ્તે કોંત ઓગણીસમા સૈકામાં થઈ ગયો છે. [illegible] કરવાના [illegible] આશ્ચર્ય [illegible] [illegible] પ્રચાર કર્યો હતો.

÷ [illegible] પર્વ, [illegible]

* [illegible]

× [illegible]

પણ તેટલુંજ અયોગ્ય છે.÷ લગ્ન પછી જેમ પોતાના પતિને રાજી રાખવો એ જેટલી સ્ત્રીની ફરજ, તેટલીજ પોતાની સ્ત્રીને રાજી રાખવી એ તેના પતિની પણ ફરજ છે.* સ્ત્રી વ્યભિચાર કરે તો તેને જેટલું પાપ લાગે છે તેટલુંજ પાપ વ્યભિચાર કરનાર પુરુષને લાગે છે.= પતિને પોતાની સ્ત્રીને ફારગતી આપીને બીજી વાર પરણવાનો હક છે, તેમ સ્ત્રીને પણ ધણીને ફારગતી આપીને બીજો ધણી કરવાનો તેટલોજ અધિકાર છે.+ સ્ત્રી ગુજરી જાય, વંધ્યા હોય અગર તેને શરીરે કોઈ એવો વ્યાધિ થયો હોય કે કદી મટેજ નહિ ત્યારે જેમ તેના ધણીને બીજી સ્ત્રી કરવાનો હક છે તેમ સ્ત્રીને પણ તેનો ધણી મરી જાય, નપુંસક હોય અથવા રોગી હોય તો બીજો ધણી કરવાનો તેટલોજ હક છે.× સ્વચ્છંદી સ્ત્રીને પરલોકમાં પાપની સજા થાય છે, તેવીજ સજા સ્વચ્છંદી પતિને પણ થાય છે.§ અસલ પુરુષની માફક સ્ત્રીઓ પણ જનોઈ પહેરતી;† અને પુરુષોની માફક સ્ત્રીઓ વેદનું અધ્યયન કરતી. પુરુષોની માફક સ્ત્રીઓને પણ જાહેર સંસ્થાઓના સભ્યોની જગ્યા માટે ઉમેદવારી કરવાનો અને મત આપવાનો હક હતો. ગ્રામ્ય સમિતિઓમાં પુરુષોની સાથે સ્ત્રીઓ પણ સભાસદ તરીકે ચૂંટાતી અને સમિતિઓની બેઠકોમાં સ્ત્રીઓ પુરુષો સાથે મળીને વહીવટ કરતી. શાસ્ત્રોમાં સ્ત્રીને પુરુષની અર્ધાંગના કહી છે. આ બધા પરથી હિન્દુસમાજમાં સ્ત્રીપુરુષના સમાન હક હતા એવું સાબિત થાય છે.

મનુસંહિતા અને મહાભારત બેઉ એકસરખોજ આદેશ કરે છે કે "કૌમાર અવસ્થામાં સ્ત્રીએ પિતાના રક્ષણ નીચે રહેવું; યૌવનમાં પતિના અને ઘડપણમાં પુત્રોના રક્ષણ નીચે રહેવું.

---

÷ પંડિત વિદ્યાસાગર કૃત "વિધવા વિવાહ," પૃષ્ઠ ૧૭૬. શાન્તિપર્વ, ૧૯૩–૧૧

* મનુસંહિતા, ૩–૬૦

= આદિપર્વ, ૧૨૨–૧૭, ૧૮. શાંતિપર્વ, ૧૬૫–૬૩

+ આ બાબતની વિશેષ ચર્ચા લગ્નના વિષયમાં કરી છે.

× વિધવા સ્ત્રીઓ ફરીથી પરણી શકતી કે કેમ એ વિષય ઉપર આગળ ચર્ચા થશે.

§ સધવા સ્ત્રીઓ ક્યા સંજોગોમાં ફરી પરણી શકે એ વિષે આગળ ચર્ચા કરેલી છે.

† જનોઇ વિષે પણ એલાહિદી ચર્ચા કરી છે.

તેણે એકલાં તો કદી રહેવુંજ નહિ."× આવો આદેશ કરવાનો હેતુ એટલોજ કે સ્ત્રીજાતિ નિર્બળ હોવાથી તેને પુરુષના રક્ષણની અપેક્ષા રહે છે. મનુ કહે છે કે "જે સ્ત્રી આત્મરક્ષણ કરવા સમર્થ ન હોય તેને તેનાં કુટુંબીઓએ ઘરમાં રાખીને તેનું રક્ષણ કરવું. પણ જે સ્ત્રી હમેશાં આત્મરક્ષણ કરવા જેટલી શક્તિ મેળવવા તરફ લક્ષ આપતીજ રહે છે તેનું રક્ષણ કરનાર કોઈ ન હોય તોપણ ચાલે. તે સદાએ સુરક્ષિતજ છે."*

પ્રાચીન હિન્દુસમાજમાં સ્ત્રીઓની સાથે કેવું વર્તન રાખવું તેના સંબંધમાં નીચે મુજબ અનુપમ આજ્ઞાઓ કરી હતીઃ—

સ્ત્રીમાત્ર સન્માનને યોગ્ય છે તેથી પ્રત્યેક સ્ત્રીને અભિવાદન કરવું.× પરસ્ત્રીને હમેશાં પોતાની માતા, બહેન અગર પુત્રીની જેવી જાણવી.= પરસ્ત્રી ગમે તેટલી અપરિચિત હોય તોપણ તેને મા, બહેન અગર દીકરી કહીને બોલાવવી.* સ્ત્રી રસ્તામાં સામી મળે તો જેમ રાજાને માટે લોકો રસ્તો આપે છે, તેમ તેને માટે પણ રસ્તો આપી દેવો.‡ મનુ અને મહાભારતનો કર્તા બેઉ એકકે અવાજે કહે છે કે "સચ્ચારિત્ર્યવાન સ્ત્રી ઘર શોભાવે છે અને કુટુંબના ભૂષણરૂપ છે. પિતા, ભ્રાતા, પતિ, સસરા, દીયેર, જેઠ વગેરે પુરુષવર્ગ જો પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તો તેમણે કુટુંબના સ્ત્રીવર્ગને માન આપવું અને તેમને વસ્ત્ર અલંકાર વગેરે અર્પણ કરવાં. સ્ત્રીજાતિનું હમેશાં સન્માન કરવું અને તેમને અન્ન વસ્ત્ર વગેરે પૂરાં પાડવાં. જે કુટુંબમાં સ્ત્રીવર્ગના જીવને કલેશ થતો હશે તે કુટુંબની થોડા વખતમાં પાયમાલી થઈજ જાણવી. સ્ત્રીઓના શાપથી આખા કુળનો નાશ થાય છે. તેમનું અપમાન થતાં સંસારનાં તમામ કાર્યોમાં નિષ્ફળતા મળે છે. એથી ઉલટું જે કુટુંબમાં સ્ત્રીઓનું સન્માન થાય છે તે કુટુંબમાં તમામ કાર્યો સફળ થાય છે. જે ઘરમાં સ્ત્રીઓ આદરમાન પામે છે તે ઘર ઉપર દેવતાઓ પણ પ્રસન્ન રહે છે.

× મનુસંહિતા, ૯–૩. અનુશાસનપર્વ, ૪૬–૧૪.

* મનુસંહિતા ૯–૧૨.

× મનુસંહિતા, ૨–૧૨૩.

= અનુશાસનપર્વ, ૧૪૪–૧૧, ૧૨.

* વિષ્ણુસંહિતા, ૩૨–૭.

‡ મનુસંહિતા, ૨–૧૩૮.

* यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः॥

અધ્યાપક વિલ્સન લખે છે કે "અસલના જમાનામાં હિન્દુ લોકો સ્ત્રીજાતિને જેટલું માન આપતા તેટલું માન તો બીજા કોઇપણ દેશમાં કે પ્રજામાં નથી અપાતું, એમ નિશ્ચયપૂર્વક કહી શકાય છે."

## (૧૦) પડદાનો રિવાજ

દ્રૌપદી ઘરની બહાર છૂટથી ફરતી હરતી એવા ઉલ્લેખ મહાભારતમાં અનેક ઠેકાણે જોવામાં આવે છે. કારણકે અસલ આપણા દેશમાં સ્ત્રીઓને ઓઝલપડદામાં પૂરી રાખવાનો રિવાજ ન હતો.

વેદના યુગમાં તો ઓઝલપડદાને કોઈ જાણતું પણ ન હતું. વિદુષી ગાર્ગીએ રાજર્ષિ જનક રાજાની મોટા મોટા વિદ્વાન પંડિતોથી ભરેલી સભામાં ઉભા થઇને પોતાના પાંડિત્યથી તમામ સભાજનોને ચકિત કરી નાખ્યા હતા.

મહાભારતના જમાનામાં પણ પડદાનો રિવાજ ન હતો એવું માનવાને ઘણાં કારણો છે. દુષ્યન્ત રાજાની રાણી શકુન્તલા ઘણા લોકોથી ભરેલી રાજસભામાં ગઈ હતી અને ત્યાં ભરીસભામાંજ તેણે પોતાના પતિને ઠપકો આપ્યો હતો. ગાન્ધારી રાણી, કુન્તી, દ્રૌપદી વગેરે અંતઃપુરમાં રહેનારી સ્ત્રીઓ પુરુષોની સાથે સભામાં બેસતી હતી. પુરુષો પણ સૌ જેમ પોતપોતાના જુદા આસન ઉપર બેસતા, તેમ સ્ત્રીઓ પણ તેમનાં જુદાં આસનો ઉપર બેસતી. આજુબાજુથી ચીકાર ભરેલી સભા વચ્ચે સૌ સાંભળે એવી રીતે ગાન્ધારી રાણીએ ભાષણ આપ્યું હતું. તરુણ રાજકુમારીઓ (દાખલા તરીકે સાવિત્રી) દેશેદેશ ફરીને પોતાને મનપસંદ પતિ શોધી લેતી. તેમ કરવાની તેમના પિતાજી તેમને આજ્ઞા કરતા. ઘરેણાંથી પહેરેલી સ્ત્રીઓ નિશ્ચિંતપણે જાહેર રસ્તાઓ ઉપર હરતી ફરતી.× અર્જુન જ્યારે અશ્વમેધના ઘોડાની પાછળ ઘણા દેશ જીતવા નીકળ્યો હતો ત્યારે પુરુષોની મદદ લીધી. એ પણ તેને સત્કાર કર્યો હતો = કુંવારી છોકરીઓ

* મનુસ્મૃતિ ૩-૫૬ [illegible] મહાભારતના [illegible]

× [illegible]

× [illegible]

સોનાના દાગીના પહેરીને સાંજને પહોર ટોળાંબંધ વાડીબગીચાઓમાં ફરવા નીકળતી એવો રામાયણમાં પણ ઉલ્લેખ છે.* અહિં કુંવારી એટલે તદ્દન નાની ઉંમરની છોકરીઓ એવું કોઇ ન સમજે. તે જમાનામાં ભરજુવાન સ્ત્રીઓ પણ કુંવારી રહેતી. જુવાનીમાં પ્રવેશ કર્યા પછીજ તેઓ લગ્ન કરતી.+

ઇસ્વીસન પૂર્વેના ત્રીજા સૈકામાં સમ્રાટ અશોકની બહેન મગધ દેશથી ઠેઠ લંકા સુધી બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા ચાલી ગઇ હતી. રમેશચન્દ્ર દત્ત લખે છે કે " પૌરાણિક જમાનામાં (ઇ.સ. ૫૦૦–૧૦૦૦ સુધી) ઓઝલ પડદાનો રિવાજ ન હતો." ઇસવી સનના છઠ્ઠા સૈકામાં કાન્યકુબ્જના રાજા હર્ષવર્ધનની વિધવા બહેન ચીનાઇ પ્રવાસી હુએન ત્સાંગનાં બૌદ્ધધર્મ વિષેનાં ભાષણ સાંભળવા માટે તેના ભાઇની પાસેજ બેઠી હતી અને વક્તાનું ભાષણ પૂરૂં થયા પછી તેણે પોતાનો હર્ષ પણ જાહેર કર્યો હતો. ત્યાર પછી નવમા સૈકામાં જોઇએ છીએ તો સ્ત્રીઓના અલંકારસ્વરૂપ ગણાતી ઉભયભારતી નામની પંડિતાએ પંડિતોથી ભરેલી સભામાં પોતાના પતિ મંડનમિશ્ર અને શંકરાચાર્યનો વાદવિવાદ સાંભળવા બેઠી હતી એટલુંજ નહિ પણ એ વિવાદમાં મધ્યસ્થનું પદ પણ તેણેજ લીધું હતું.

મિસર અને તુર્કસ્તાનના મુસલમાનો અત્યંત સાંકડા વિચારો ધરાવતા હતા, પરંતુ તેઓ પણ સમયોપયોગી જ્ઞાન મેળવતા અને તે પ્રમાણે વર્તતા થયા છે. એ બેઉ દેશના મુસલમાનોએ પડદાના રિવાજને હાનિકારક માનીને તેમના દેશમાંથી કાઢી નાખ્યો છે.

અથવા ભરતખંડની બહાર જવાની જરૂરજ ક્યાં છે? સર પ્રફુલ્લચંદ્ર રાયે તેમના એક ભાષણમાં કહ્યું હતું કે તેમણે મુંબઇમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓ આગળ ભાષણ આપ્યું હતું. સભાસ્થળની આગલી બેન્ચો ઉપર જુવાન છોકરીઓ બેઠી હતી. સર પ્રફુલ્લ કહે છે કે " એ દેખાવ જોઇને મારૂં હૃદય આનંદથી છલકાઇ ગયું. આપણે બંગાળીઓ બધી બાબતમાં હિન્દના બીજા બધા પ્રાંતો કરતાં આગળ હોવાનું અભિમાન કરીએ છીએ, પણ મેં જોયું કે મહારાષ્ટ્રની કન્યાઓ રસ્તા ઉપર છૂટથી હરેફરે છે,

* રામાયણ, અયોધ્યાકાંડ, ૬૭–૧૭

\+ મોટી ઉમ્મરનાં લગ્ન વિષે આગળ ચર્ચા કરી છે.

કારણ કે ત્યાં પડદાનો કુરિવાજ નથી; અને જે દેશમાં પડદાનો રિવાજ નથી તે દેશની સ્ત્રીઓ ઉચ્છૃંખલ છે એમ માનવું ભૂલભરેલું છે." *

મુંબઇ, પૂના, મદ્રાસ વગેરે દક્ષિણનાં સ્થાનો અને નેપાળ જેવા ઉત્તરના પ્રદેશો જેમણે મુસલમાનોનો અત્યાચાર વેઠયો તે દેશોમાં એ઼ાઝલપરદાનો રિવાજ દાખલ થયોજ નથી. બંગાળા વગેરે પ્રાંતોમાં પણ અસલ એવો રિવાજ ન હતો. મુસલમાનોએ જે જે દેશોમાં સ્ત્રીઓ ઉપર જુલમ ગુજાર્યો છે તેટલા દેશમાંજ આ રિવાજ દાખલ થયો છે.

## (૧૧) વીરાંગનાઓ

શિખંડી સ્ત્રી હોવા છતાં તેણે કેવું યુદ્ધ કર્યું હતું તે સૌ જાણે છે. ભારતખંડમાં એની વીરાંગનાઓની કદી ખોટ હતીજ નહિ.

### (ક) વેદના યુગમાં—

ઋગ્વેદના સમયમાં સ્ત્રીઓ અસ્ત્રશસ્ત્ર ધારણ કરીને રથમાં બેસીને યુદ્ધ કરવા નીકળી પડતી એવા દાખલા છે. મુદ્ગલની સ્ત્રીએ ઉપર કહ્યું તેમ યુદ્ધ કર્યું હતું.= વેદના જમાનામાં આર્ય સ્ત્રીઓ યુદ્ધ કરતી હતી.§

### (ખ) મહાભારતના યુગમાં—

જ્યારે દશરથ રાજા શંબર નામના દૈત્યની સાથે લડતાં ખૂબ જખમી થઇને બેશુદ્ધ થઈ ગયા ત્યારે તેમની રાણી કૈકેયી અત્યંત બહાદૂરીપૂર્વક તેમનો બચાવ કરીને તેમને સલામત જગ્યાએ લઈ ગઈ અને એ રીતે તેણે તેમનો જીવ બચાવ્યો હતો.+ કૃષ્ણ યુદ્ધમાં થાકી ગયા છે એમ જાણીને સત્યભામાએ તેમની જગ્યાએ દુશ્મનો સાથે યુદ્ધ કર્યું હતું.

મહાભારતમાં એક નહિ પણ અનેક વીરાંગનાઓની વાતો આવે છે. વિદુલા અને કુન્તીએ પોતાના પુત્રોને પાણી ચઢાવીને તેમને હાથે સ્વદેશનો ઉદ્ધાર કરાવ્યો હતો. દ્રૌપદીએ પણ એજ કાર્ય કરવા માટે પોતાના પતિઓને પ્રેરણા આપવામાં બાકી રાખી નથી. શિખંડીએ પોતે સ્ત્રી છતાં મોટી સેનાની સરદારી

* [illegible], ૧૧ [illegible] ૧૯૨૭ ([illegible])
= ઋગ્વેદ, ૧૦ મંડલ, ૧૦૨ સૂક્ત
§ [illegible] ([illegible]) [illegible]
+ [illegible], [illegible] ૯-૧

લઈને કુરુક્ષેત્રના યુદ્ધમાં કેવું ભયંકર પરાક્રમ કરી બતાવ્યું હતું તે વાચકોને યાદ હોવું જોઈએ.

(ग) બૌદ્ધ યુગમાં—

ઇસવી સન પૂર્વે ચોથા સૈકામાં મગધના સુપ્રસિદ્ધ ચંદ્રગુપ્તની પાસે તમામ પ્રકારનાં આયુધ ધરનારી અંગરક્ષક સ્ત્રીઓની એક ટુકડી હતી. તેના વખતમાં અને તેના પૌત્ર મહારાજાના વખતમાં તેમજ રાજા વિક્રમાદિત્યના વખતમાં સ્ત્રીઓ શસ્ત્ર ધારણ કરીને હાથી અગર ઘોડા ઉપર બેસીને શિકાર કરવા નીકળતી. ચાણાક્ય તેના અર્થશાસ્ત્રમાં લખે છે કે રાજા શયનગૃહમાંથી નીકળે એટલે ધનુર્ધારી સ્ત્રીઓની એક ટુકડી તેના રક્ષણની જવાબદારી લેતી. કથાસરિત્સાગરમાં પણ કોઈ બ્રાહ્મણની સ્ત્રી ઘોડે બેસીને પોતાને સાસરે જતી હતી એવી એક વાત આવે છે.

(घ) અર્વાચીન યુગમાં—

ઇસવીસનના આઠમા સૈકામાં રચાયેલા ભવભૂતિના માલતીમાધવ નાટકમાં ઉજ્જયિનીના રાજમંત્રીની દીકરી [illegible] હાથી ઉપર બેસીને ફરવા નીકળતી એવું વર્ણન છે. [illegible] સૈકામાં [illegible] દાહિરની વિધવા રાણીએ પંદર હજાર [illegible] લઈને મહંમદ કાસમની સાથે યુદ્ધ કર્યું હતું. [illegible] સૈકામાં દિલ્હીના છેલ્લા હિન્દુ રાજા પૃથ્વીરાજે [illegible] ઉપર ચડાઈ કરી હતી. ત્યાંના [illegible] ત્યાંના રાજાની [illegible] અને [illegible] [illegible]

પ્રાતઃસ્મરણીયા વીરમાતા પોતાના અત્યંત વહાલા બે દીકરાઓને લઇને પોતાને દેશ પાછી આવી અને દીકરાઓને દેશના રક્ષણને માટે લડવા મોકલ્યા. સોળમા સૈકામાં તારાબાઈ નામની વીરાંગનાનો જન્મ થયો હતો. તેના પિતાએ રાજ્યભ્રષ્ટ થવાથી એવી પ્રતિજ્ઞા લીધી હતી કે જે કોઇ મને મારૂં રાજ્ય પાછું અપાવશે તેને મારી દીકરી પરણાવીશ. પૃથ્વીરાજ નામનો એક વીર પુરુષ તારાબાઇને પરણવાની ઉમેદથી લડાઇમાં ઝુકાવવા તૈયાર થયો. તારાબાઇ પણ કાંઈ હાથ જોડીને બેસી રહે એવી ન હતી. તે પણ શસ્ત્ર ધારણ કરીને પોતાના દેશને પારકાની ઝુંસરીમાંથી છોડાવવાને લડવા તૈયાર થઈ અને લડાઈમાં ભારે પરાક્રમ બતાવ્યું. એજ સૈકામાં રાણી દુર્ગાવતી અને ચાંદબીબીએ પોતાના દેશને માટે કેવાં યુદ્ધ કર્યાં છે તે લેખકે પોતાના "સમ્રાટ અકબર" નામના પુસ્તકમાં વર્ણવ્યું છે. સત્તરમા સૈકામાં રાણા જશવંતસિંહ લડાઈમાં હારીને ઘેર આવ્યો ત્યારે તેની રાણીએ તેને કિલ્લામાં પેસવા ન દીધો અને તેને કહેવડાવ્યું કે "જે હારીને પાછો આવે તે મારો પતિજ ન હોય. તમે બીજા કોઇ હશો." અઢારમા સૈકામાં મહારાષ્ટ્રમાં રાણી અહલ્યાબાઇએ પાંચસો સ્ત્રીઓની એક સેના ઉભી કરી અને તેમને લઇને પોતાના રાજ્ય ઉપર ચઢી આવનાર રાઘવ દાદાની સામે લડવા નીકળી હતી.• ઓગણીસમા સૈકામાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ અને એક બીજી અહલ્યાબાઈ એમ બે સ્ત્રીરત્નો પેદા થયાં હતાં. ૧૮૫૭ ના સિપાહી યુદ્ધ સુધી ભારતખંડમાં વીરાંગનાઓ પાકતી આવી છે.^

(જ) બંગાળી વીરાંગનાઓ

બંગાળા પણ વીરાંગનાઓ વગરનો રહ્યો નથી. બંગદેશમાં જન્મેલી શીલાદેવીએ કરતોયા નદી આગળ પઠાણ સૈન્યની સાથે યુદ્ધ કર્યું હતું. બોગુડા (બોગરા) જિલ્લાની બીજી એક વીરાંગના પણ પઠાણોની સાથે લડી હતી. ત્રીજો દાખલો રંગપુરની રાણી મેનાવતીનો છે. તેણે પણ લડાઇમાં ભાગ લીધો હતો. સોળમા સૈકામાં જન્મેલી પૂર્વ બંગના રાજા ચાંદરાયની સોનામણિ નામની એક બહેને તો શત્રુઓની સાથે એક કરતાં વધારે વાર યુદ્ધ કર્યું હતું. દક્ષિણ નાઢ દેશની રાણી ભવશંકરીએ ઓરિસ્સાથી આવેલા

• નવ્યભારત, અગ્રહાયણ, ૧૩૨૮ (બ. સં.) પૃષ્ઠ ૨૦૬
^ વામાબોધિની પત્રિકા, ૧૩૦૫ (બં. સં.) પૃષ્ઠ ૨૧૯

અફઘાન સરદાર સાથે જોરૂં તોફાન શરૂ કર્યું હતું કે મુગલ સમ્રાટ અકબરે તેની બહાદુરીને લીધે તેને "રાયવાઘિની"નો ખિતાબ અને કિંમતી શિરપાવ આપવા રાજા માનસિંહને તેના દરબારમાં મોકલ્યો હતો. વર્ધમાન (બારદ્વાન) જિલ્લાના રાજના તાલુકાની ચોકીદારીમાં અત્યંત કુશળ ગણાએલી કોઇ ભવાનીદાસીઆની સ્ત્રીની વાત લોકોમાં આજે પણ કહેવાય છે.* સર્કસ કંપનીઓમાં આજે પણ બંગાળી સ્ત્રીઓ ઘોડે બેસવાની નાના પ્રકારની કુશળતા બતાવીને સૌને વિસ્મય પમાડે છે.

વિદુલા, શિખંડી, દ્રૌપદી અને કુન્તી, એ સર્વ કોઇ કવિએ પોતાની કલ્પનામાંથી ઉપજાવી કાઢેલાં પાત્રો નથી. ભારતવર્ષમાં એક જમાનામાં શૂરવીર માતાઓ, શૂરવીર પત્નીઓ અને શૂરવીર સ્ત્રીઓની ખોટજ ન હતી. ખોટ ન હતી એટલુંજ નહિ, પણ ભારતવર્ષ એક વાર વીરત્વની લીલાભૂમિ હતો. એ વીરાંગનાઓ આજે રહી નથી અને તેમના વિના ભારતખંડ સૂનો સ્મશાન જેવો થઇ ગયો છે.

## (૧૨) સ્ત્રીઓ છત્રી અને પગરખાં વાપરતી

પ્રાચીન કાળની સ્ત્રીઓ પગે જોડા અને હાથમાં છત્રી લઇને ફરતી હતી. એક દિવસ એવું બન્યું કે મહર્ષિ જમદગ્નિએ અત્યંત જોરથી બાણ ફેંક્યું. તેમની પત્ની રેણુકા દોડતી જઇને તે બાણ લઇ આવી. તે વખતે ખરો બપોર હતો તેથી તેનાથી જલદી દોડી શકાશે નહિ એમ ધારીને જમદગ્નિએ તેને છત્રી અને જોડા આપ્યા હતા.÷ કાદંબરીમાં મહાશ્વેતા જોડા પહેરતી હતી એવો ઉલ્લેખ છે.

જ્યારે વેદના યુગથી માંડીને છેક વર્તમાન સમય સુધી સ્ત્રીઓ યુદ્ધ કરતી, લોહી હાડકાં અને મૂડદાંઓ ઉપર થઇને રણક્ષેત્રમાં દોડાદોડ કરતી, ઘોડા ઉપર સ્વારી કરતી, ત્યારે તેઓ પગે પગરખાં પણ પહેરતી હોવીજ જોઇએ.

આજે બંગાળાની સ્ત્રીઓ ભાતભાતના બ્લાઉઝને બોડીસ ને શેમિઝ પહેરતી થઇ છે ત્યારે એકલા જોડાએ શો વાંક કર્યો ?

---

* બાંગાલીર બલ, પૃષ્ઠ ૪૨૧, ૪૨[illegible], ૨૮૫ માં બંગવીરાંગના રાયવાઘિનીનો હેવાલ જોવો.

÷ અનુશાસનપર્વ, અધ્યાય ૯૫, ૯૬

## (૧૩) હુન્નરકળા

ઉત્તરા અને એવી બીજી કેટલીએ જુવાન રાજકુમારીઓ નૃત્ય અને સંગીત શીખતી હતી; કારણ કે અસલના વખતમાં આપણા દેશમાં સ્ત્રી પુરુષો બેઉ લલિત કળાનાં ખૂબ શોખીન હતાં.

### (क) ચિત્રકળા

અસલ પુરુષોની માફક સ્ત્રીઓ પણ ચિત્રકળા શીખતી, તેના અનેક પુરાવા સંસ્કૃત પુસ્તકોમાંથી મળી આવે છે. શ્રીમદ્ ભાગવતમાં ચિત્રલેખાની વાત તો ખાસ ધ્યાન ખેંચે એવી છે.+

### (ख) પુરુષો ગાતા, નૃત્ય કરતા અને નાટયપ્રયોગ કરતા

નાટયશાસ્ત્રમાં લખ્યું છે કે નૃત્ય, ગીત અને વાદ્ય, એ ત્રણેનું મહત્ત્વ વેદના મંત્રોના જેટલુંજ છે. વેદકાળમાં લોકોને સંગીત તરફ ખૂબ ભાવ હતો. ઋગ્વેદમાં દુન્દુભિ, વેણુ અને વીણાના ઉલ્લેખ છે. સામવેદ ગાતી વખતે બધા ઋષિઓ એકજ સૂરમાં સામવેદના મંત્રો ગાતા હતા.

રામાયણમાં પણ લોકો નૃત્ય, ગીત અને વાદ્ય શીખતા એવા ઉલ્લેખ છે. રામચંદ્ર પોતે પણ એ ત્રણે કળામાં પ્રવીણ થયા હતા. ભરતનું મનરંજન કરવાને માટે તેના સારા સારા કુળવાન મિત્રોમાંથી કોઇ મનોરમ વાદ્ય વગાડવા લાગ્યા, કોઇ નૃત્ય કરવા લાગ્યા અને કોઇ હાસ્યરસના નાટકનો અભિનય કરવા લાગ્યા. લવ અને કુશ પણ વીણાની સાથે રામાયણ ગાતા હતા.×

મહાભારતમાં સાત સ્વરનો ઉલ્લેખ છે. તેમાં એવું પણ લખ્યું છે કે ગૃહસ્થાશ્રમીને માટે નૃત્ય, ગીત અને વાદ્યની છટ છે.÷ ભીષ્મદેવે પોતાની મરણપથારી ઉપરથી યુધિષ્ઠિરને જે ઉપદેશ આપ્યો હતો તેમાં "તમારે નૃત્ય, ગીત અને વાદ્ય જાણવાં જોઇએ" એવું કહ્યું છે.= અર્જુન સ્વર્ગમાં ગયો ત્યાંથી ગાવાની, વાદ્ય વગાડવાની અને નાચવાની કળા શીખી લાવ્યો હતો. કૃષ્ણ અને બલરામ બેઉ નૃત્યગીતમાં કુશળ હતા, કૃષ્ણ તો વાંસળી પણ વગાડતા.

---

+ શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૬૨.

× રામાયણ, આદિકાંડ, ૪-૩૪, અયોધ્યાકાંડ, ૨-૩૫. ૬૯-૩, ૮. ઉત્તરકાંડ, ૨૦-૧૩. ૪૬-૪૮.

÷ શાંતિપર્વ, ૧૬૧-૧૧. ૧૮૪-૩૯

= અનુશાસનપર્વ, ૧૦૪-૧૪૯.

[illegible] પણ પ્રકાશ કર્યો.

[illegible]

[illegible]

[illegible]

આવે છે કે શાન્તનુ રાજાની પહેલી વારની રાણી જેનું નામ= ગંગા હતું તે તેની આગળ નૃત્ય કરતી. વળી વિરાટ રાજાની રાજધાનીમાં નાટયશાળા હતી ત્યાં રાજકુટુંબની જુવાન જુવાન છોકરીઓ નૃત્ય ગીત વાદ્ય વગેરેની તાલીમ લેતી.+ ત્યાંજ ઉત્તરા અને બીજી રાજકુમારીઓને નૃત્યગીત વાદ્ય વગેરે શીખવવા અર્જુન રહ્યો હતો.× કૃષ્ણ અને બલરામ પોતે, એઉની સ્ત્રીઓ અને બ્હેન સુભદ્રા તથા જાદવ વંશની બીજી સ્ત્રીઓ પણ નૃત્ય કરતી, ગીત ગાતી, વાદ્યો વગાડતી અને નાટકના પ્રયોગો પણ કરતી. કથાસરિત્સાગરમાં રાજકુમારી મૃગવતીની વાત આવે છે. તે તો નૃત્ય અને સંગીતમાં અદ્દભુત કુશળ હતી. નાગાનન્દ રાજાની કુંવરી મલયવતીનું સંગીત અને વાદ્યનું જ્ઞાન ઉત્તમ પ્રકારનું હતું. કાદંબરીની મહાશ્વેતા પણ સંગીત અને વાદ્યકળામાં પ્રવીણ હતી. ઘણાએ સંસ્કૃત ગ્રંથો ઉપરથી જણાય છે કે અસલ આ દેશની સ્ત્રીઓ નૃત્ય, સંગીત અને વાદ્યકળા રસ લઇને શીખતી હતી. માળવામાં આજે પણ લગભગ દરેક સારા ઘરની સ્ત્રીઓ નૃત્ય, સંગીત અને વાદ્યકળા શીખે છે.§

### (ઘ) સ્ત્રીપુરુષો એકઠાં મળીને ગાતાં, નાચતાં અને નાટયપ્રયોગો કરતાં

ઋગ્વેદના સમયમાં તો સ્ત્રીઓ અને પુરુષો ભેગાં બેસીને ગાતાં અને નૃત્ય કરતાંજ હતાં. મહાભારતમાં કચ અને દેવયાનીની કથામાં આવે છે કે તેઓ તપોવનમાં નાચતાં, ગાતાં અને વાદ્ય વગાડતાં.‡ વૃન્દાવનમાં કૃષ્ણ, બીજા તેમના જેવડા જુવાન છોકરા જુવાન છોકરીઓ સાથે એકબીજાના હાથ પકડીને ગાતા ગાતા નાચતા હતા, એ વાત ઘણી જાણીતી છે. આ જાતની ક્રીડાને શ્રીધર સ્વામી "રાસ" કહે છે. બંકિમચંદ્ર લખે છે કે "આ રાસક્રીડામાં શૃંગાર રસની ગંધ પણ નથી."*

દ્વારકામાં "હલ્લીષ" નામનું એક વિશેષ પ્રકારનું નૃત્ય

= આ.દિપર્વ, ૯૮-૧૦
+ વિરાટપર્વ, ૨૦-૩,૧૧
× વિરાટપર્વ, અધ્યા. ૧૧. અધ્યા. ૭૨-૪.
§ [illegible] ૧૯૨૮ (ન. પ.) પૃ ૨૨૮
‡ આ.દિપર્વ, ૭૬-૨૬,૩૫,૩૦
* ઋગ્વેદિક ભા. ૨ પ્રકરણ ૫ મું.

થતું તે તરફ જરા નજર કરીએ. "પ્રકૃતિવિવેક" [illegible] [illegible] હેમ પ્રમાણે હલ્લીષ નૃત્યનો અર્થ નીચે મુજબ છેઃ—

"નાટ્યપ્રયોગ દરમ્યાન સ્ત્રીઓ ગોળ કુંડાળામાં ફરતી [illegible] અને નાચતી જાય તેઃ એક પુરુષની આગે [illegible] [illegible] હશ સ્ત્રીઓ ગાતી જાય અને નૃત્ય કરતી ફરે તે હલ્લીષક." [illegible] હેમચંદ્ર લખે છે કે "હલ્લીષ નૃત્ય અને રાસક્રીડા એ [illegible] [illegible] પ્રકાર છે."

એક દિવસ શરીરે ચંદનનો લેપ કરીને, ગાઢું પીતાંબર [illegible] [illegible] દારૂ પીને બળદેવ ઉન્મત્ત અવસ્થામાં [illegible] [illegible] પોતાની સ્ત્રી રેવતી સાથે [illegible]

સાથે સાથે જાદવોની સ્ત્રીઓ પણ વિના સંકોચે નાચવા માંડી.

નૃત્ય અને ગીતની ગમ્મત ભોગવીને સૌ ધરાયાં ત્યારે તેઓ પાછાં કનારે આવ્યાં અને કોરાં વસ્ત્ર પહેરીને શરીરે ચન્દન વગેરે સુગંધી દ્રવ્યો લગાડયાં. સૌને માટે રસોઈ તો પહેલેથીજ તૈયાર રાખવાની વરદી આપી દીધી હતી. કૃષ્ણે સૌને ભોજન કરવાનું નિમંત્રણ કર્યું એટલે પછી સૌએ નાના પ્રકારની અન્ન અને માંસની વાનીઓ ખાધી.+

ભોજન પછી પાછો નાટયપ્રયોગનો આરંભ થયો. જાદવ સ્ત્રીઓએ પોતપોતાના પાઠ બહુ સુંદર રીતે ભજવી બતાવ્યા.બીજા યાદવોએ તેમની સ્ત્રીઓની સાથે નાટકનાં ગાયન ગાવાનું કામ ઉપાડી લીધું. નારદે વીણા વગાડી, કૃષ્ણે વાંસળી અને અર્જુને મૃદંગ બજાવી ત્યાર પછી વળી પાછાં બધાં-સ્ત્રીઓ અને પુરુષો-ભેગાં થઈને ગોળ કુંડાળામાં ફરતાં ગયાં અને નાચતાં ગયાં.=

હવે પ્રથમથી નૃત્ય અને સંગીતની તાલીમ ન મળી હોય તો આટલાં બધાં સ્ત્રીપુરુષોથી ભેગાં થઈને એક તાલ અને સૂરમાં ગવાય કે નચાય ખરૂં ? આ ઉપરથી માલૂમ પડે છે કે જાદવ લોકોમાં સ્ત્રીઓ ને પુરુષો ભેગાં થઇને એકસાથે નૃત્ય, ગીત અને વાદ્યનો પદ્ધતિસર અભ્યાસ કરતાં હોવાંજ જોઈએ.

વળી એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે જ્યાં બાપ દીકરા, ભાઈ, બ્હેન, બનેવી, દીયેર, જેઠ, નણંદ, દેરાણી, જેઠાણી અને બીજાં સગાં વહાલાં તેમજ કુટુંબનાં બધાંજ માણસો ભેગાં થઇને ગીત ગાતાં હોય, નૃત્ય કરતાં હોય અને વાદ્યો વગાડતાં હોય તેમાં નિર્દોષ વિનોદઉપરાંત બીજું કાંઈ શૃંગારિક તત્ત્વ હોઈ શકેજ નહિ.

(ક) બંગાળાની સ્ત્રીઓમાં પણ નૃત્ય,
ગીત અને વાદ્યનો પ્રચાર હતો.

બંગાળાના આદર્શ મહિલા અને સતીધર્મની મૂર્તિ જેવી બેહુલા પણ નૃત્ય કરતી હતી. ×ક્ષિતીશ વંશાવલી ચરિત ઉપરથી માલુમ પડે છે કે બંગાળાની સારા સાર ઘરની સ્ત્રીઓ સાંજને પહોર ત્રણ ચાર જણી ભેગી થઇને રેંટીઓ કાંતતી અને તે વખતે કોઈ વાર મધમાખની માફક ઝીણે કોમળ અવાજે અથવા

+ ખાદ્યાખાદ્યને લગતે આગળ ઉપર વિસ્તારથી ચર્ચા કરી છે.
= હરિવંશ, વિષ્ણુપર્વ, અધ્યાય ૮૯
× બેહુલા, પૃષ્ઠ ૮૧

કોઈ વાર જુદા જુદા પ્રકારના મધુર સ્વરથી ગીત ગાઈને એ લોકોને આનંદ કરાવતી.+ પૂર્વ બંગાળામાં [illegible] કૃષ્ણના [illegible] ગામડાંની સ્ત્રીઓ ભેગી થઈને [illegible] કરે એવો રિવાજ હતો.‡ અત્યારે પણ બંગાળામાં [illegible] પ્રસંગે સારા સારા ઘરની સ્ત્રીઓ ગાય છે, વાજાં વગાડે છે અને નૃત્ય પણ કરે છે. લગ્નની [illegible] તો ઘરની [illegible] ગાયન, વાદ્યવાદન અને નૃત્ય કરવાનો પ્રચલિત રિવાજ છે.

એ જમાનામાં આપણા દેશમાં [illegible] રિવાજ હતો તે જમાનામાં સારામાં સારા ઘરની સ્ત્રીઓ પણ [illegible] ગીત, [illegible] અને નૃત્યની [illegible] હતી. [illegible]

[illegible]

(૧૪) [illegible]

[illegible]

ઋચાઓ બનાવવાનો સ્ત્રીઓને અધિકાર હતો ત્યારે તેમને વેદ ભણવાનો અધિકાર ન હતો એ વાત કોના માન્યામાં આવે ?

આગળ ચાલતાં રાજર્ષિ જનકની રાજસભામાં ઘણી પંડિતાઓ પણ આવતી હતી. એક વાર જનકે યજ્ઞ કર્યો પછી પંડિતોની મોટી સભા કરી. તેમાં દેશદેશથી ઋષિમુનિઓ, પંડિતો, પંડિતાઓ વગેરેને ખાસ નિમંત્રણો મોકલીને તેડાવ્યાં હતાં. બધાં સભામાં આવીને બેઠા પછી જનકે કહ્યું: "મારી પાસે એક હજાર ગાયો છે. તેમનાં શિંગડાં અને ખરીઓ સોનાથી મઢી લીધેલાં છે. આ સભામાં હાજર રહેલા વિદ્વાનોમાંથી જે બ્રહ્મને જાણતો હશે તેને હું આ ગાયોનું દાન આપીશ." સભામાંથી કોઇ કાંઇ બોલી શક્યું નહિ. સૌ ચૂપચાપ બેસી રહ્યા. બ્રહ્મને કોણ જાણી શક્યું છે ? અને બ્રહ્મને જાણ્યા વગર એ ગાયો મળે પણ કોને ? થોડી વાર બાદ મહર્ષિ યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યોને કહ્યું કે એ ગાયોને આપણા આશ્રમમાં લઇ જાઓ. યાજ્ઞવલ્કયની ધૃષ્ટતા જોઇને સભામાં બેઠેલા બધા ઘણું આશ્ચર્ય પામ્યા. પછી તેઓમાંથી દરેક જણ વારાફરતી યાજ્ઞવલ્કયને બ્રહ્મને વિષે પ્રશ્ન પૂછવા લાગ્યા. યાજ્ઞવલ્કયે તેમને સૌને યોગ્ય ઉત્તર દીધા. એજ સભામાં વિદુષી ગાર્ગી પણ હાજર હતી. તે ઉભી થઇ અને ધીમી ચાલે ચાલતી મહર્ષિ યાજ્ઞવલ્કયની પાસે ગઇ. પછી તેણે બ્રહ્મના સંબંધમાં કેટલાક અત્યંત કઠિન પ્રશ્નો પૂછ્યા, જે સાંભળીને આખી સભા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. એ સિવાય મૈત્રેયી, આત્રેયી વગેરે ઘણી પંડિતાઓ તેમની વિદ્વત્તા માટે ભારતના ઇતિહાસમાં અમર થઈ ગઇ છે.

(ख) મહાભારતના યુગમાં—

બલિ રાજાની સ્ત્રી તારા ઘણી વિદુષી હતી. વસિષ્ઠ ઋષિની પુત્રવધૂ વેદ ભણી હતી × ગાન્ધારી રાણી પણ વેદનું રહસ્ય જાણતી હતી અને ખરે વિદ્વાન હતી, એવું મહાભારતમાં લખ્યું છે ✱ દ્રૌપદી એકલે હાથે ઇન્દ્રપ્રસ્થના વિશાલ રાજ્યની આવક અને ખર્ચનો હિસાબ રાખતી હતી= શિખંડી દ્રુપદ રાજાની પુત્રી હતી તેના પિતાએ તેને બ્રહ્મજ્ઞાન ઉપરાંત શિલ્પવિદ્યા

× [illegible]

✱ [illegible]

= [illegible]

અને ધનુર્વિદ્યા પણ ભણાવી હતી.÷ એ ઉપરાંત કુન્તી, સુલભા, વિદુલા, શાંડિલી વગેરે અનેક સુશિક્ષિત સ્ત્રીઓના મહાભારતમાં ઉલ્લેખ છે. ‡

યમ કહે છે કે "પ્રાચીન કાળમાં સ્ત્રીઓ ઉપવીત ધારણ કરતી, વેદનું અધ્યયન કરતી અને ગાયત્રીમંત્રનો પણ ઉચ્ચાર કરતી."* મહાનિર્વાણ તંત્રમાં તો એવી આજ્ઞા કરી છે કે "પુત્રીનું પાલન કરવું અને તેને ખૂબ યત્નપૂર્વક કેળવણી આપવી." ×

### (ग) બૌદ્ધ યુગમાં—

બૌદ્ધ યુગમાં તો સુશિક્ષિત સ્ત્રીઓ જોઇએ તેટલી હતી. તેઓમાં ગૌતમી, માલિની અને ધર્મદિન્ના ખાસ ધ્યાન ખેંચે એવી છે. તેમણે નાના પ્રકારનાં શાસ્ત્રો ભણીને ઘણી ઉંચી કોટિની વિદ્યા સંપાદન કરી હતી. માલિની કાશીના રાજાની પુત્રી હતી. તે જીવનપર્યંત અવિવાહિતા રહી હતી અને કાશીની નજીક આવેલા સારનાથ ક્ષેત્રમાં વિદ્યાલય સ્થાપીને દશ હજાર સ્ત્રીઓને વિદ્યા ભણાવતી, અને ધર્મનો ઉપદેશ આપતી. † વિજયચંદ્ર મજુમદારે "થેરી ગાથા" નામના એક બૌદ્ધ ગ્રંથનો અનુવાદ પ્રકટ કર્યો છે. તેની અંદર ૭૩ ધાર્મિક જીવન ગાળનારી સ્ત્રી-કવિઓનાં કાવ્યો છે. એ "થેરી" સન્નારીઓની કાવ્યરચના અને તેમનાં પવિત્ર જીવનને લક્ષમાં લઇને પાશ્ચાત્ય પંડિતો લખે છે કે "અઢી હજાર વર્ષ પૂર્વે ભરતખંડની સ્ત્રીઓ જેટલી કેળવણી પ્રાપ્ત કરતી અને જેટલી સ્વતંત્રતા ભોગવતી, તેટલી કેળવણી આખા જગતમાં કોઈ પણ દેશની સ્ત્રીઓએ કદી પ્રાપ્ત કરી નથી અને તેટલી સ્વતંત્રતા કદી કોઇએ ભોગવી નથી." ¤ બૌદ્ધયુગમાં ભરતખંડમાં અનેક જગ્યાએ બૌદ્ધ વિહારો હતા. એ વિહારોમાં રહેતી વિદ્વાન બૌદ્ધ સંન્યાસિનીઓ ગૃહસ્થોની

÷ [illegible]

‡ [illegible]

* पुराकल्पेषु नारीणां मौञ्जीबन्धनमिष्यते ।
अध्यापनं च वेदानां सावित्रीवचनं तथा ॥

× कन्याप्येवं पालनीया शिक्षणीयातियत्नतः

સ્ત્રીઓને ભણાવવાનું કામ કરતી. ઇસિવી સન પૂર્વેના ચોથા સૈકામાં મેગાસ્થિનિસ નામનો એક ગ્રીક રાજદૂત ચંદ્રગુપ્તનાં દરબારમાં રહ્યો હતો. તે પોતાની નોંધમાં લખી ગયો છે કે તે જમાનામાં દક્ષિણ ભારતમાં સ્ત્રીઓજ ગાદી ઉપર હતી અને રાજ્ય-વહીવટ પણ તેઓજ ચલાવતી. તેઓ ભણેલી હોવીજ જોઇએ. પ્રાચીન ભારતમાં સ્ત્રીકેળવણીની અને સ્ત્રીઓની સ્વતંત્રતાની આના કરતાં વધારે સંગીન સાબિતી બીજી શી હોય?

(ઘ) અર્વાચીન યુગમાં—

ચરક સંહિતાનો રચનાકાળ ઇસવીસનના બીજા સૈકામાં મનાય છે. તે ઉપરથી પણ તે જમાનામાં સ્ત્રીઓ સારી રીતે કેળવાએલી માલૂમ પડે છે. × છઠ્ઠા સૈકામાં ખના નામની એક પંડિતાએ જ્યોતિષ શાસ્ત્રમાં નામના મેળવી હતી. એજ સૈકામાં કાન્યકુબ્જના બળવાન રાજા હર્ષવર્ધનની આણ બંગાળાના ઉપસાગરથી અરબી સમુદ્રના કિનારા સુધી ફેલાઇ હતી. આવા મોટા વિશાળ સામ્રાજ્યનો વહીવટ તે પોતાની વિધવા બહેનના સહકારથી ચલાવતો હતો. મંડનમિશ્રની વિદ્વાન સ્ત્રી ઉભય-ભારતીનો જન્મ આઠમા સૈકામાં થયો હતો. તે ચારે વેદ અને શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ એટલાં છ વેદાંગ, સાંખ્ય, પાતંજલ, ન્યાય, મીમાંસા, વૈશેષિક અને વેદાંત, એ છ દર્શનો, તમામ મુખ્ય કાવ્યો, કાવ્યશાસ્ત્ર વગેરે બધાંજ શાસ્ત્રોમાં પારંગત થઇ હતી. દિગ્વિજયી શંકરાચાર્ય અને ઉભયભારતીના પતિ, બેઉનો વિવાદ જામ્યો ત્યારે મધ્ય-સ્થનું અત્યંત માનભર્યું સ્થાન આ પંડિતાએ લીધું હતું. તે વિવાદ વખતે સભાની અંદર મોટા મોટા ધુરંધર પંડિતો હાજર હતા. તે બધાની વચમાં બેસીને શાંત અને સ્થિર બુદ્ધિ વડે પોતાના પતિ અને શંકરાચાર્યનો વિવાદ રોજ રોજ ન્યાયા-ધીશની માફક ગંભીર ભાવે તે સાંભળતી હતી અને છેવટે તેણે પોતેજ પોતાના પતિની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો અને શંકરાચાર્યને વિવાદમાં જીતેલા જાહેર કર્યા હતા. ત્યાર પછી આ અસાધારણ વિદ્યાસંપન્ન સ્ત્રીએ ખુદ શંકરાચાર્યનેજ પોતાના સાથે વિવાદ કરવાનું આહ્વાન કર્યું હતું. તેના અગાધ પાંડિત્યથી તે જમાનાના મોટા મોટા દિગ્ગજ જેવા પંડિતો આભા થઇ

× ચરકસંહિતા, ચિકિત્સિત સ્થાનમ્ ૨-૫.

ગયા હતા. અને તેને સરસ્વતીનોજ અવતાર કહેવા લાગ્યા હતા.* બારમા સૈકામાં લીલાવતી નામની મોટી ગણિતવેત્તા થઇ ગઈ. આગળ જતાં પંદરમા સૈકામાં ચિતોડના રાણા કુંભની રાણી મીરાંબાઇ કવિ તરીકે આખા ભારતમાં પ્રસિદ્ધ થએલીજ છે. સોળમા સૈકામાં ઓરિસ્સાની કવયિત્રી માધવી દાસી ચૈતન્યદેવને જોઇને તેમના પ્રવર્તાવેલા વૈષ્ણવ સંપ્રદાયમાં જોડાઇ અને તેમાંથી પ્રેરણા પામીને પુષ્કળ પદો મૂકી ગઇ છે, જેમાંનાં કેટલાંક વૈષ્ણવ પદ કલ્પતરુ નામના કાવ્યસંગ્રહમાં છે. જગન્નાથ પુરીના તે વખતના રાજાએ જગન્નાથના મંદિરનો દૈનિક હેવાલ લખવાને આ બાઇનીજ નિમણૂક કરી હતી. સત્તરમા સૈકામાં થએલા તાંજોરના વિદ્યાનુરાગી રાજા મહારાજ રઘુનાથ ભૂપાલની રાજસભામાં સેંકડો પંડિતાઓ હતી. તેઓમાં મધુરવાણી નામની પંડિતા અગ્રસ્થાને હતી. તેણે વાલ્મીકિની પદ્યરચનાનું અનુકરણ કરીને દોઢ હજાર સંસ્કૃત શ્લોકમાં આખી રામાયણની કથા રચાવી દીધી છે. દક્ષિણના બીજા એક દેશમાં કુંભારને ઘેર જન્મેલી મહલી નામની એક બીજી કવયિત્રીએ પણ રામાયણ વિષે કાવ્ય લખ્યું છે. અસ્પૃશ્ય જાતિમાં પણ આબેયા નામની કવયિત્રીએ તામિલ ભાષામાં ઉંચામાં ઉંચા પ્રકારનાં કાવ્યો રચ્યાં છે અને કાવ્યો લખવા ઉપરાંત તેણે ઉપદેશિકા તરીકે પણ સારી કીર્તિ સંપાદન કરી છે.§ વૈષ્ણવ કવયિત્રી અન્દલનું નામ પણ ઉલ્લેખ કરવા યોગ્ય છે. રાજર્ષિ જનકના વખતથીજ મિથિલા રાજ્યની બધીજ મહારાણીઓ સુશિક્ષિત હતી.

### (ट) બંગાળાની વિદ્વાન સ્ત્રીઓ—

બંગ દેશમાં પણ અસલ વિદ્વાન સ્ત્રીઓ ગઈ છે. જૂના વૈષ્ણવ ગ્રંથોમાં અનેક બંગાળી લેખિકાઓનાં નામ જોવામાં આવે છે. સોળમા સૈકામાં કૃષ્ણનાથ સાર્વભૌમે "આનંદ લતિકા ચંપૂ" નામનું સંસ્કૃત કાવ્ય રચ્યું હતું તેની પ્રસ્તાવનામાં તે લખે છે કે એ કાવ્ય મેં મારી પત્ની વૈજયન્તી દેવીની મદદથી રચ્યું છે. એ કાવ્યમાં એ બાઇના રચેલા કેટલાક શ્લોક પણ છે. બંગાળાની પ્રિયંવદા નામની એક બીજી પંડિતાનું સ્થાન

* કૈલાસચંદ્ર સિંહની શ્રીમદ્ ભગવદ્ગીતાની આવૃત્તિની પ્રસ્તાવનાને આધારે.

§ પૃથ્વીરાજ કાવ્ય, પૃષ્ઠ ૨૭૨

પણ ઘણું ઉંચું છે. તે સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાનો પણ આપી શકતી અને સુંદર શ્લોક પણ રચી શકતી. તે ઉપરાંત માર્કંડેય પુરાણમાંના મદાલસા આખ્યાન ઉપરની એક દાર્શનિક ટીકા અને શાંતિપર્વના મોક્ષ ધર્મ પર તેણે લખેલું વિવેચન, એ બે તેની ખાસ કૃતિઓ છે. આગળ જતાં અઢારમા સૈકામાં ફરિદપુર જિલ્લામાં આનંદમયી નામની એક પંડિતા જન્મી હતી. તેણે અને તેના એક કાકાએ મળીને "હરિલીલા" નામનું એક સુંદર કાવ્ય રચ્યું છે. બીજી યજ્ઞેશ્વરી નામની કવયિત્રી થઈ ગઈ છે, તેનાં કાવ્યો પણ સુંદર મનાય છે. ઓગણીસમા સૈકામાં ફરિદપુર જિલ્લામાં બીજું એક સ્ત્રીરત્ન જન્મ્યું હતું. તેનું નામ ગંગામણિ દેવી હતું. તેણે રચેલાં ગીત આજે પણ વિક્રમપુર જિલ્લામાં વિવાહપ્રસંગે ગવાય છે. ચાલુ સૈકામાં ફરિદપુરનીજ પંડિતા સુંદરીદેવી તેની ન્યાયશાસ્ત્રની અસાધારણ નિપુણતામાટે પંકાઈ છે. રેવરંડ જે. લોંગ નામના એક પાદરીએ બંગાળી પુસ્તકોની એક યાદી તૈયાર કરી હતી તેમાં આ બાઈનો નામનિર્દેશ કર્યો છે.* અત્રે જેમનાં નામ ગણવ્યાં તે ઉપરાંત બીજી ઘણી વિદ્વાન મહિલાઓએ બંગભૂમિનું નામ દીપાવ્યું છે.

બંગાળાની સ્ત્રીઓ માત્ર બુદ્ધિના વિકાસમાં અથવા સાહિત્યના વ્યાસંગમાંજ કુશળ હતી એમ નહિ, પણ વ્યાવહારિક કાર્યોમાં પણ તેમણે સફળતા મેળવી બતાવી છે. [illegible] નામની સત્તરમા સૈકામાં થઈ ગએલી બંગાળી વૈષ્ણવ સાધ્વી ભક્તિનો પ્રચાર કરતી કરતી ઠેઠ સુરત સુધી પહોંચી હતી. તે [illegible] આગગાડી ન હતી અને વિદેશ ભ્રમણ કરવું તે કામ ઘણુંજ જોખમભરેલું હતું. એ સાધ્વીને [illegible] સુરતના શ્રીમંત [illegible] ધર્મ અને શાસ્ત્રની [illegible] કરવા આવતા હતા. [illegible]

[illegible]

[illegible]

## (ન) સ્ત્રી કેળવણીની ખામીનું પરિણામ

મહાભારતમાં લખ્યું છે કે " પંડિતની સાથે મૂર્ખની મૈત્રી હોઈ શકેજ નહિ. " આ વાત આપણા સંસારમાં અક્ષરે અક્ષર સાચી પડી છે. વિદ્વાન પતિ અને અજાણ પત્ની એ બેની વચ્ચે હૃદયનો મેળ થઇ શકતો નથી. સ્ત્રીઓ ભાતભાતના વહેમની જનેતા: અને પુષ્ટિદાતા થઇ પડી છે અને દેશની ઉન્નતિને અનેક રીતે અટકાવી રહી છે.

જો વિદુલા, કુન્તી, દ્રૌપદી મૂર્ખ હોત તો તેમણે તેમના પ્રિય પતિને કે પુત્રોને સ્વદેશના ઉદ્ધાર માટે કદી ઉત્તેજન આપ્યું હોત ? અને તેમના ઉત્તેજનવિના તેમણે પોતાનું ગુમાવેલું રાજ્ય પાછું નજ મેળવ્યું હોત, એ પણ તેટલુંજ સાચું છે.

જાપાનના લોકોએ આજે જગતભરમાં અપૂર્વ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે તેમના દેશની કેળવણી પામેલી સ્ત્રીઓની મદદથીજ પ્રાપ્ત કર્યું છે. ચીનની સ્ત્રીઓ પણ નવું શિક્ષણ પામીને આગળ [illegible] બનતી જાય છે.

મિસર અને તુર્કસ્તાનની સ્ત્રીઓએ તો બુરખાની બેડી [illegible]

સ્તાનનો સ્ત્રીવર્ગ જાગ્રત થઈ ગયો છે અને સ્ત્રીઓ તેમજ પુરુષો બેઉ પોતાના દેશના ઉત્કર્ષના કાર્યમાં સારું જીવન અર્પી રહ્યાં છે. એવા લોકોનો દેશ કેમ ઉન્નત ન થાય ?=

ત્યારે આજે બંગાળાની–સારા ભારતવર્ષની–શી સ્થિતિ છે ? શક્તિની ઉપાસના કરનાર બંગદેશ તો ઘણા વખતથી સમજી ગયો છે કે અને સૌને કહે પણ છે કે "સ્ત્રી એજ તમામ કાર્યોની આદિશક્તિ–પ્રેરક બળ છે." પણ વ્યવહારમાં બંગદેશે પોતાના સ્ત્રીવર્ગની આંખે પાટા બાંધીને તેમને આંધળી બનાવી રાખી છે. અંધશક્તિ વડે કયું કાર્ય સફળ થાય ? ઈ. સ. ૧૯૨૨ના વસ્તીપત્રક પ્રમાણે બંગાળામાં પાંચ વરસથી મોટી ઉંમરની સ્ત્રીઓમાંથી હજારે એકવીસ જણનેજ કાગળ લખતાં વાંચતાં આવડે છે ! * આના કરતાં વધારે શોચનીય અવસ્થા બીજી શી હોય ? હજી આધુનિક બંગાળામાં સર્વત્ર જ્ઞાન અને કેળવણી તરફ ભયંકર બેદરકારી છે. તે જોઈને એક કવિ પોતાની મર્મવેદના વ્યક્ત કરતાં લખે છે કેઃ–

" ના જાગિલે શબ ભારત · લલના,
એ ભારત આર જાગે ના જાગે ના."×

## (૧૫) લોકશિક્ષણ

મહાભારતમાં એક વ્યાધ ભારે પંડિત હતો એવું લખ્યું છે. તે જોતાં તે જમાનામાં કેળવણીનાં દ્વાર નીચ ઉંચ સૌ કોઈને માટે એકસરખી રીતે ખુલ્લાં હોવાં જોઈએ.

### (ક) વેદના યુગમાં—

કક્ષીવાન નામનો ઋષિ દાસીને પેટે જન્મ્યો હતો. ઋગ્વેદના કેટલાક મંત્રો તેના રચેલા છે. બીજા એક એલુષ ઋષિ થઈ ગયા. તે જાતના શૂદ્ર હતા. ઋગ્વેદના ૧૦ મા મંડળનાં

= માસિક વસુમતી, ફાલ્ગુન, ૧૩૩૦ (બં. સં.) પૃ૦ ૬૨૯, ચૈત્ર ૧૩૩૦, પૃષ્ઠ ૭૮૬.

* પ્રવાસી, પૌષ, ૧૩૩૦ (બં સં.) પૃષ્ઠ ૪૦૬.

× બધી સ્ત્રીઓમાં જાગૃતિ આવ્યા વગર ભરતખંડ જાગ્રત નહિજ થાય–દ્વારકાનાથ ગંગોપાધ્યાય.

(આ શોચનીય અવસ્થામાં છેલ્લા દશકામાં ભારે પરિવર્તન થયું છે. સેવાનંદ)

૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ એટલાં સૂક્તો એ તેમની કૃતિ છે. વેદની અનેક ગાથાઓ પારશવ નામના શૂદ્ર જાતિના ઋષિની રચેલી છે.* ભલન્ધ, વન્ધ અને સંકૃતિ, એ ત્રણે ઋષિઓ શૂદ્ર હતા. તેમણે પણ વેદના કેટલાક મંત્રો રચ્યા છે.×

ત્યાંથી આગળ ચાલતાં ઉપનિષદના સમયમાં પણ લોકશિક્ષણનો ઘણો સારો પ્રચાર હતો એવાં ચિહ્ન જણાય છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં કેકય દેશનો રાજા અશ્વપતિ ઋષિઓને કહે છે કે "મારા રાજ્યમાં પણ અભણ માણસ નથી." હવે કોઈ પણ દેશ વૈશ્યો અને શદ્રો વગરનો તો હોયજ નહિ. ત્યારે એ દેશના વૈશ્યો અને શૂદ્રો પણ કેળવાએલા હતા એવું ઉપરના વચન ઉપરથી સાબિત થાય છે. એજ ઉપનિષદ્‌માં બીજે એક ઠેકાણે એવું આવે છે કે એક દિવસ સત્યકામે તેની માને કહ્યું: "મા ! મારે કોઈ પણ એક ઋષિની પાસે જઈને વિદ્યા ભણવાની ઇચ્છા છે. મારૂં ગોત્ર કયું ? મારો પિતા કોણ ?" તેના મા બોલી: "હું જ્યારે જુવાન હતી ત્યારે ઘણા જણની દાસી હતી. તે વખતે તારો જન્મ થએલો. તારૂં ગોત્ર કયું અને તારો પિતા કોણ તે હું કહી શકતી નથી. તારૂં નામ સત્યકામ અને મારૂં નામ જબાલા. તારે તારા ગુરુની આગળ જઈને કહેવું કે મારૂં નામ સત્યકામ જાબાલ છે." પોતાનું આવું શરમભરેલું જન્મવૃત્તાંત કયો માણસ પોતાને મોઢેથીજ જાહેર કરે ? પણ સત્યકામ તો સત્યકામજ હતો. તેણે સત્યના આદેશને અધીન થઈને ગુરુની આગળ પોતાનો સાચેસાચો જન્મવૃત્તાંત કહ્યો. ઋષિ આવડા નાના છોકરાની સત્યપરાયણતા ઉપર ફિદા થઈ ગયા અને તેને બ્રહ્મવિદ્યા શીખવવા કબૂલ થયા. આગળ જતાં જાબાલ પણ મોટો મહર્ષિ ગણાવા લાગ્યો અને રાજર્ષિ જનકને પણ તેણે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો કહેવાય છે. બ્રહ્મવિદ્યાને જાણનારા એકલા બ્રાહ્મણોજ હતા એવું તે વખતે હતુંજ નહિ. ઉપનિષદો ઉપરથી જણાય છે કે કેટલાએ બ્રાહ્મણો અને મહર્ષિઓ પણ બ્રહ્મવિદ્યા શીખવા માટે રાજર્ષિ જનક, પ્રવાહણ વગેરે ક્ષત્રિય બ્રહ્મજ્ઞાનીઓની પાસે જતા હતા અને તેમને મોઢેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ ગ્રહણ કરતા હતા.

* ઋગ્વેદ સંહિતા, ખંડ [illegible], પૃષ્ઠ ૩[illegible]. [illegible], પૃષ્ઠ [illegible].

× [illegible], અધ્યાય [illegible].

ઈસ્વી સન પૂર્વે સાતમા સૈકામાં તક્ષશિલાનાઈ§ પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયમાં રજપૂત, બ્રાહ્મણ અને બીજી તમામ જાતિના છોકરાઓ વગરહરકતે ભેગા ભણી શકતા હતા.મગધ દેશનો જીવક નામનો એક ગરીબ માબાપનો છોકરો એ વિશ્વવિદ્યાલયમાં ભણ્યો હતો. તે ઔષધશાસ્ત્ર અને શસ્ત્રચિકિત્સામાં એટલો નિપુણ હતો કે મગધ દેશના રાજા બિંબિસારે તેને રાજવૈદ્યની પદવી આપીને પોતાના દરબારમાં ચિકિત્સક તરીકે રાખી લીધો.

(ख) મહાભારતના યુગમાં—

મહાભારતમાં લખ્યું છે કે "રાજાનો રાજ્યાભિષેક કરવાનો પ્રસંગ આવે ત્યારે રાજ્યના તમામ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને 'માનનીય' શૂદ્રોને સભામાં નોતરવા.* ત્યારે આ ઉપરથી સાબિત થાય છે કે શૂદ્રોમાં પણ 'માનનીય' માણસો હતા ખરા. જે શૂદ્ર મૂર્ખ હોય તે માનનીય હોઇ શકેજ કેવી રીતે ? મનુ, મહાભારતકાર અને ચાણક્ય, ત્રણે જણ એકના એકજ શબ્દોમાં કહે છે કે "શૂદ્રની પાસેથી પણ જ્ઞાન મળતું હોય તો તે ગ્રહણ કરવું"÷ આ ઉપરથી શૂદ્રોમાં પણ જ્ઞાનીઓ હતા એવું સાબિત થાય છે. રાજાના પ્રધાનમંડળમાં ત્રણ શૂદ્રો પણ હોવાજ જોઈએ એવું મહાભારતમાં એક જગ્યાએ લખ્યું છે. રાજાના પ્રધાનમંડળમાં દાખલ થવા જેટલો જેનો અધિકાર હોય તે કાંઈ મૂર્ખ હોય ? મૂર્ખ પ્રધાન કરે પણ શું ? વળી મનુસંહિતામાં એવું લખ્યું છે કે શૂદ્ર રાજાના રાજ્યમાં વસવું નહિ.+ તે જમાનામાં કોઇ કોઇ દેશના રાજાઓ શૂદ્રો પણ હતા તેની આ એક સાબિતી છે. જો એમજ હોય તો જે જે શૂદ્રો રાજા હતા તે બધા ભણેલા હોવાજ જોઇએ.

હવે બીજા કેટલાક દાખલા લઇએ. વિદુર જન્મે પારશવ શૂદ્ર કહેવાય, છતાં તે વેદ, વેદાંગ, પુરાણ, ઈતિહાસ, બધાજ વિષયો ભણ્યા હતા × યુયુત્સુ પણ શૂદ્ર હતો તોપણ તેને કેળવણી તો મળીજ હતી. જો તે અભણ હોત તો યુધિષ્ઠિર તેને

§ તક્ષશિલા પંજાબમાં હાલના અટક શહેરની નજીકમાં હતું.
* સભાપર્વ, ૩૩-૪૧
÷ શાન્તિપર્વ, ૩૧૮-૮૮.
+ મનુસંહિતા, ૪-૬૧
× આદિપર્વ ૧૦૯-૨૫નીલકંઠની ટીકા. આદિપર્વ-અધ્યાય ૧૦૮

હસ્તિનાપુર નગરના મુખ્ય રક્ષક (લૉર્ડ મેયર)ની પદવી આપત નહિ. સૂતજાતિના એટલે શૂદ્ર જાતિમાં જન્મેલા લોમહર્ષણ, સૌતિ, સંજય, કર્ણ અને બીજી ઘણીએ નીચ કોમોમાં પેદા થએલા તુલાધાર, ધર્મવ્યાધ આટલું બધું જ્ઞાન સંપાદન કરેજ કેવી રીતે? તેઓને બ્રહ્મવિદ્યાનું પણ જ્ઞાન હતું. એ બન્યુંજ શાથી? કારણ કે તે જમાનામાં શૂદ્રોને પણ કેળવણી લેવાનો હક બીજી કોમોના જેટલોજ હતો. પછી મહર્ષિ વેદ વ્યાસ, શુક, નારદ, વસિષ્ઠ, મન્દપાલ, દાર્શનિક કણાદ વગેરે બીજા ઘણાએ અત્યંત નીચ જાતિની સ્ત્રીઓને પેટે જન્મ્યા હતા અને તેમને ઉંચામાં ઉંચી કેળવણી મળી હતી અને વેદ પણ ભણ્યા હતા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે વેદ વ્યાસે પ્રથમ એક પુરાણ રચ્યું અને તે પોતાના એક શૂદ્ર શિષ્યને ભણાવ્યું. તે શિષ્યે વળી પોતાના બીજા ત્રણ શિષ્યોને તે પુરાણ ભણાવ્યું. તે ત્રણ જણે ત્રણ નવાં પુરાણ લખી કાઢયાં. તે ત્રણે પુરાણ અને વેદવ્યાસનું રચેલું અસલ પુરાણ મળીને હાલનું વિષ્ણુપુરાણ રચાયું છે.

(ग) બૌદ્ધ યુગમાં—

બૌદ્ધોની જાહોજલાલીના જમાનામાં ભરતખંડમાં અનેક જગ્યાએ બૌદ્ધ સાધુઓના વિહાર હતા. એ બધાજ વિહાર તે જમાનાનાં કેળવણીનાં મથકોજ હતાં. બૌદ્ધ લોકો જાતિભેદને તો માનતાજ ન હતા. તેથી તેઓ બધીજ જાતિના લોકોને ભણાવતા હતા. તે વખતના બૌદ્ધ સાધુઓમાંથી ઘણા તો માત્ર લોકોને વિદ્યા ભણાવીને જ્ઞાનનો ફેલાવો કરવામાંજ પોતાનું આખું જીવન વ્યતીત કરતા. એકલા નાલન્દના વિશ્વવિદ્યાલયમાંજ પાંચસો અધ્યાપકો અને દશહજાર વિદ્યાર્થીઓ સરકારી ખર્ચે પોષાતા અને ભણતા ભણાવતા. તે ઉપરાંત તક્ષશિલા, વિક્રમશિલા, વજ્રાસન, ઉદ્દંડપુરી, કાશી, કાંચી વગેરે મોટાં મોટાં વિશ્વવિદ્યાલયો હતાં તે તો જુદાં. એ બધાં વિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓને તે વખતની સરકાર તરફથી છાત્રવૃત્તિઓ (સ્કૉલરશિપો) મળતી. એ વિશ્વવિદ્યાલયોમાં વિદ્યાર્થીઓ ઉપરાંત પણ હજારો લહીઆઓ બૌદ્ધ ગ્રંથોની નકલો કરવાનું કામ કરતા હતા. ભારતવર્ષમાંથી કાબુલ, પર્શિયા, તુર્કસ્તાન, તિબેટ, મધ્ય એશિયા, ચીન, કોરિયા, જાપાન, સિયામ વગેરે દેશોમાં સંસ્કૃત ગ્રંથો જતા. તે આ લોકોની મહેનતનુંજ ફળ

ણામ હતું. આ તો મોટાં વિશ્વવિદ્યાલયો—યુનિવર્સિટીઓની વાત થઈ. પણ એ સિવાય દરેક નાની મોટી રાજધાનીમાં લોકોને ભણાવવાની પૂરતી સગવડ હતી. દરેક બ્રાહ્મણવાડામાં ૨૧ બ્રાહ્મણો માત્ર ભણાવવાનુંજ કામ કરતા. ઉપાલિ નામનો એક હજામ એટલો વિદ્વાન હતો અને એવો મહાન દાર્શનિક હતો કે તે બુદ્ધદેવના મુખ્ય શિષ્યોમાં ગણાવા લાગ્યો અને આગળ જતાં બૌદ્ધ સંઘનો મુખ્ય નેતા તેમજ બુદ્ધદેવના જમણા હાથ જેવો થઈ પડયો. ઇસવીસન પૂર્વેના ચોથા સૈકામાં થએલો ચાણક્ય પંડિત પોતાના અર્થશાસ્ત્રમાં લખે છે કે શૂદ્રો ખેતી, કારીગરીના ધંધા, નોકરી અને રાજકવિનું કામ પણ કરે છે. જે શૂદ્ર રાજકવિ થયા હશે તે સુશિક્ષિત તો હોવાજ જોઈએ. મહારાજા ચક્રવર્તી અશોકના વખતમાં આખા જનસમાજમાં બધાનેજ કેળવણી આપવામાં આવતી હતી.× ઇસવીસન પૂર્વેના ચોથા સૈકાથી ઇસવીસનના પહેલા સૈકા સુધી ભરતખંડની વસ્તીના મોટા ભાગને અક્ષરજ્ઞાન તો મળતુંજ હતું.

એમ હતું ત્યારે તો ભારતવર્ષનો આટલો બધો મહિમા હતો.

(ઘ) અર્વાચીન યુગમાં—

અસ્પૃશ્ય જાતિમાં જન્મેલો તિરુવલ્લુવર તામિલ સાહિત્યનો સર્વોત્તમ કવિ અને ધર્મોપદેશક થઇ ગયો છે.• મહાકવિ કાલીદાસ જે ઇસવીસનના છઠ્ઠા સૈકામાં થઈ ગયો તેનો એક કુંભાર મિત્ર ભારે પંડિત હતો.+ ચૌદમાથી સોળમા સૈકા સુધી નીચલા જાતના કવિઓ મધુર અને મર્મસ્પર્શી દુહાઓ રચતા અને તે ગાઈ સંભળાવીને આખી સભાનાં ચિત્ત ડોલાવી નાખતા. આજે પણ એ કવિઓના વંશજોના હિન્દુ અને મુસલમાન એઉ કોમના શિષ્યો છે. નાભાજી નામનો એક પંડિત થઇ ગયો તે ડોમ

× અર્હ...

— આ મહાત્માનું લખેલું પુસ્તક આ સંસ્થા તરફથી સદુપદેશ સંગ્રહ છપાયું છે [ભિક્ષુ—અખંડાનંદ

• પૂર્વ...કાવ્ય, પૃષ્ઠ ૨૬૨

+ સામાજ નિર્ણય, પૃષ્ઠ ૧૮૭

(કાલિદાસના કાવ્યગ્રંથોને લગતી ઇંગ્લીશ [illegible] અને ડા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ...આનંદ)

"અનાદિમંગલ" નામનું કાવ્ય રચ્યું છે. ત્યારપછી મધુસૂદન નામના એક હજામે "નળદમયંતી" નામનું કાવ્ય બનાવ્યું છે. અઢારમા સૈકાના અંતમાં ભોળો કંદોઈ, નીલમણિ ભાવસાર, રઘુનાથ વણકર, કૃષ્ણ મોચી, રામ કાનાઇ નામનો એક ભોઇ વગેરે નીચ જાતિના કવિઓ સારાં સારાં ભજનો, પદો અને લોકગીતો લખી ગયા છે. ધોબી ગોપાળ વગેરે હલકી જાતના લોકોના આંખને ઉડીને વળગે એવા મોતીના દાણા જેવા અક્ષર જૂના દસ્તાવેજો જોતાં ગળી આવે છે. તેઓ પુસ્તકોની પણ સુંદર નકલો કરતા હતા.×

ત્રણસો વર્ષ અગાઉ બંગાળામાં કેળવણીનો બહોળો ફેલાવો હતો.= અંગ્રેજી રાજ્યના આરંભકાળમાં એકલા બંગાળામાંજ એંશી હજાર ગામઠી નિશાળો હતો. અને ૧૮૩૫ના સરકારી રિપૉર્ટ ઉપરથી માલૂમ પડે છે કે તે વખતે દરેક ૪૦૦ છોકરાં દીઠ એક એક ગામઠી નિશાળ હતી.

હવે અત્યારે શી સ્થિતિ છે ? છેલ્લા વસ્તીપત્રક ઉપરથી માલૂમ પડે છે કે બંગાળામાં દરેક અગીઆર માણસોમાંથી દશ માણસ અભણ છે. આના કરતાં વધારે શોચનીય બીજું શું હોય?

(ચ) લોકશિક્ષણની ખામીનું ફળ—

જ્ઞાન એજ મુક્તિ છે, જ્ઞાનમાંથી સ્વતંત્ર વિચારનો જન્મ થાય છે; વિવેકબુદ્ધિનો વિકાસ થાય છે અને હિત શું અને અહિત શું તેનો નિર્ણય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આ અગત્યની બાબતો જો કોઇ પણ પ્રજાને સૌથી પહેલી સમજાઇ હોય તો તે હિંદુઓજ છે, એવો જગતના ઇતિહાસનો પુરાવો છે. જ્ઞાનનો મહિમા તો હમણાં ઉપર કહ્યો તેવો છે. હવે એવા જ્ઞાનનો જ્યારે અભાવ હોય ત્યારે કેવાં પરિણામ આવે છે તે જોઇએ. જ્ઞાન વિના મનુષ્ય મનુષ્ય મટીને પશુ બની જાય છે, હજારો વહેમો તેની બુદ્ધિને ઘેરીને આંધળી કરી નાખે છે. આજ કારણને લીધે હિંદુ જનતા નાના પ્રકારના કલેશ, ગરીબાઈ વગેરે દુઃખો ભોગવી રહી છે તે તેમના પૂર્વજન્મનાં કર્મનું ફળ છે એમ માનીને તેઓ મૂગે મોઢે સહન કરે છે અને કર્યાં

× ગુજરાત અને સાહિત્ય, પૃષ્ઠ ૪૧૪, ૬૩૪, ૫૪૯, ૫૫૦. વિશ્વપુ[illegible], પૃષ્ઠ ૨૧૦

= ગુજરાત અને સાહિત્ય, પૃષ્ઠ ૫૪૯.

કર્મનાં ફળ તો ભોગવ્યે જ છૂટકો, એનું નિવારણ તો થઇ શકે જ નહિ, એમ સમજીને પોતાનાં દુઃખ દૂર કરવાને હાથ સરખો હલાવતા નથી. જો ભરતખંડની ફરીથી ઉન્નત અવસ્થા કરવી હોય, તેના ભૂતકાળના ગૌરવને પાછું સતેજ કરવું હોય તો તેનો એકજ ઉપાય છે કે દેશનાં સ્ત્રીપુરુષને–ન્યાત જાત, નીચ ઉચ કશાનો ભેદભાવ રાખ્યા વગર–પૂર્વનાં અને પશ્ચિમનાં વિજ્ઞાન, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે મફત ફરજીઆત રીતે ભણાવવાની વ્યવસ્થા કરવી. ચાલુ જમાનાના જ્ઞાનનો પ્રકાશ એક વાર ભારતવર્ષની જનતાનાં નેત્ર અજવાળે તો પછી તેમને જગતની બીજી પ્રજાઓની સાથે ગૌરવભર્યું સ્થાન લેતાં વાર નહિ લાગે.

## (૧૬) મફત અને ફરજીઆત કેળવણી

મહર્ષિ પરાશર, વસિષ્ઠ અને અત્રિ, એ ત્રણે સ્મૃતિકારો નીચે મુજબ આદેશ કરી ગયા છેઃ–

"જે ગામનો કોઇ બ્રાહ્મણ ક્ષત્રિય અગર વૈશ્ય અભણ, જૂઠું બોલનારો અને ભીખ માગીને પેટ ભરનારો હોય તે ગામના રહેવાસીઓને રાજાએ સજા કરવી; કારણ કે આવા ચોર લોકને નિભાવનાર તે ગામના લોકોજ છે.÷ આ વચન ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણને માટે કેળવણી ફરજીઆત હતી, અને આખા ભારતમાં કોઇ પણ યુગમાં કેળવણીને માટે ફી લેવામાં આવતીજ ન હતી તે અમે અગાઉ કહી ગયા છીએ. આમ હોવાને લીધે ઉપલી ત્રણ વર્ણમાં તો ભાગ્યેજ કોઇ માણસ નિરક્ષર રહેવા પામતો હોય.

## (૧૭) શિક્ષણના વિષયો

અર્થશાસ્ત્ર પ્રમાણે વિદ્યા ચાર પ્રકારની કહેવાય છેઃ–(૧) **આન્વીક્ષિકી,** એમાં દર્શનશાસ્ત્રનો સમાવેશ થાય છે. (૨) **ત્રયી,** એમાં ચારે વેદ, વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત અર્થાત્ વેદના શબ્દોના અર્થ, છંદ અને જ્યોતિષ, પુરાણ, ઇતિહાસ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર, અને અર્થશાસ્ત્ર, એટલા વિષયનો સમાવેશ થાય છે. દેશમાં સંપત્તિ બહારથી [illegible]ી રીતે ખેંચાઈ આવે, કેવી રીતે તે સંપત્તિનું રક્ષણ થાય

÷ પરાશર સંહિતા, ૧–૫૬; વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૩; અત્રિસંહિતા અધ્યાય ૨૨.

અને તેમાં વૃદ્ધિ કેવી રીતે થાય, એ બધી બાબતો જે વિદ્યા વડે જાણી શકાય તે અર્થશાસ્ત્ર. (૩) વાર્તા, એમાં ખાસ કરીને કૃષિવિદ્યા, પશુપાલન, વાણિજ્યનો સમાવેશ થાય છે. (૪) દંડનીતિ એટલે રાજ્યશાસન કરવાની પદ્ધતિનું શાસ્ત્ર. ઉપર ગણાવેલા વિષયો ઉપરાંત ગણિતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, યુદ્ધવિદ્યા, હુન્નરકળા, મનુષ્યચિકિત્સા, પશુચિકિત્સા, યાંત્રિક વિદ્યા ઇ૦ વિષયો પણ શીખવાતા. વિજ્ઞાનના તરફ પણ ખૂબ લક્ષ અપાતું.

અસલના અધ્યાપકો પોતાના વિદ્યાર્થીઓનાં મન ઉપર નીચેની બાબત તો ખાસ ઠસાવતાઃ— "સત્ય વચન બોલવું, સત્યથી કદી પણ ભ્રષ્ટ થવું નહિ, પોતપોતાનાં કર્તવ્ય કર્મ અચૂકપણે કરવાં, કર્તવ્ય કરવામાં કદી પણ આળસ અગર ઢીલ ન કરવી. જે કાર્યો હિતકર હોય તે તો અવશ્ય કરવાંજ. હિતકર કાર્યો કરવામાં કદી બેદરકારી રાખવી નહિ. જેનામાં કોઇ પણ પ્રકારનું મહત્ત્વ હોય તેની અવજ્ઞા કરવી નહિ."=

## (૧૮) આર્યો સિંધુ નદી ઓળંગતા

જો અસલના હિંદુઓ સિંધુ નદી ઓળંગવામાં દોષ માનતા હોત તો અર્જુન હિંદુ હોવા છતાં સિંધુની પેલી પાર આવેલા ગાન્ધાર દેશમાં ગયોજ કેવી રીતે ?

હિંદુઓની જાહોજલાલીના જમાનામાં સિંધુ નદીને પેલે કાંઠે જવામાં કોઇ કશું પાપ માનતાજ ન હતા. દાખલા તરીકે ભીષ્મદેવ પોતે વૃદ્ધ અમાત્ય, બ્રાહ્મણો, મહર્ષિઓ અને ચતુરંગ સૈન્યને લઇને બાહ્લીક દેશમાં આવેલા મદ્ર નગરમાં ગયા હતા.* ધૃતરાષ્ટ્રની રાણી ગાન્ધારી ગાન્ધાર દેશના (કંદહારના) રાજાની પુત્રી હતી. રાજસૂય યજ્ઞ વખતે અર્જુન પણ બાહ્લીક દેશમાં અને અશ્વમેધ યજ્ઞ વખતે ગાન્ધાર દેશમાં પોતાના સૈન્યસહિત ગયો હતો. કૃષ્ણે પણ ગાન્ધાર દેશ ઉપર ચઢાઇ કરીને ત્યાંના લોકોને હરાવ્યા હતા.‡ સિંધુ નદી ઓળંગ્યા વગર આ લોકો ગાન્ધાર, બાહ્લીક વગેરે દેશોમાં શું ઉડીને

= તૈત્તિરીય ઉપનિષદ્.

* આદિપર્વ, ૧૧૩–૧, ૨, ૩. બાહ્લીક દેશ હાલમાં બલ્ખ કહેવાય છે અને અફગાનિસ્તાનની ઉત્તરે આવેલો છે.

‡ સભાપર્વ, ૨૭–૧, ૧૭–૨૨. અશ્વમેધપર્વ, ૮૩–૧૯, ૨૦. ઉદ્યોગપર્વ, ૪૮–૭૫

કર્મનાં ફળ તો ભોગવ્યે જ છૂટકો, એનું નિવારણ તો થઈ શકે જ નહિ, એમ સમજીને પોતાનાં દુઃખ દૂર કરવાને હાથ અગર પગ હલાવતા નથી. જો ભરતખંડની ફરીથી ઉન્નત અવસ્થા કરવી હોય, તેના ભૂતકાળના ગૌરવને પાછું સતેજ કરવું હોય તો તેનો એકજ ઉપાય છે કે દેશનાં સ્ત્રીપુરુષોને—ન્યાત જાત, નીચ ઉંચ કશાનો ભેદભાવ રાખ્યા વગર—પૂર્વનાં અને પશ્ચિમનાં વિજ્ઞાન, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે મફત ફરજીઆત રીતે ભણાવવાની વ્યવસ્થા કરવી. ચાલુ જમાનાના જ્ઞાનનો પ્રકાશ એક વાર ભારતવર્ષની જનતાનાં નેત્ર અજવાળે તો પછી તેમને જગતની બીજી પ્રજાઓની સાથે ગૌરવભર્યું સ્થાન લેતાં વાર નહિ લાગે.

## (૧૬) મફત અને ફરજીઆત કેળવણી

મહર્ષિ પરાશર, વશિષ્ઠ અને અત્રિ, એ ત્રણે સ્મૃતિકારો નીચે મુજબ આદેશ કરી ગયા છેઃ—

"જે ગામનો કોઈ બ્રાહ્મણ ક્ષત્રિય અગર વૈશ્ય અભણ, જૂઠું બોલનારો અને ભીખ માગીને પેટ ભરનારો હોય તો ગામના રહેવાસીઓને રાજાએ સજા કરવી; કારણ કે આવા ચોર લોકોને નિભાવનાર તે ગામના લોકોજ છે." આ વચન ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણને માટે કેળવણી ફરજીઆત હતી, અને આખા ભારતમાં કોઈ પણ ગામમાં કેળવણીને માટે ફી લેવાની પ્રતીજ નહોતી તે અમે અગાઉ કહી ગયા છીએ. આવા કાયદાને લીધે ઉપલી ત્રણ વર્ણમાં તો ભાગ્યેજ કોઈ મનુષ્ય નિરક્ષર રહેવા પામતો હોય.

## (૧૭) શિક્ષણના વિષયો

અર્થશાસ્ત્ર પ્રમાણે વિદ્યા ચાર પ્રકારની ગણાય છે: (૧) આન્વીક્ષિકી, જેમાં દર્શનશાસ્ત્ર [illegible]

[illegible]

અને તેમાં વૃદ્ધિ કેવી રીતે થાય, એ બધી બાબતો જે વિદ્યા વડે જાણી શકાય તે અર્થશાસ્ત્ર. (૩) વાર્તા, એમાં ખાસ કરીને કૃષિવિદ્યા, પશુપાલન, વાણિજ્યનો સમાવેશ થાય છે. (૪) દંડનીતિ એટલે રાજ્યશાસન કરવાની પદ્ધતિનું શાસ્ત્ર. ઉપર ગણાવેલા વિષયો ઉપરાંત ગણિતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, યુદ્ધવિદ્યા, હુન્નરકળા, મનુષ્યચિકિત્સા, પશુચિકિત્સા, યાંત્રિક વિદ્યા ઇ૦ વિષયો પણ શીખવાતા. વિજ્ઞાનના તરફ પણ ખૂબ લક્ષ અપાતું.

અસલના અધ્યાપકો પોતાના વિદ્યાર્થીઓનાં મન ઉપર નીચેની બાબત તો ખાસ ઠસાવતાઃ– "સત્ય વચન બોલવું, સત્યથી કદી પણ ભ્રષ્ટ થવું નહિ, પોતપોતાનાં કર્તવ્ય કર્મ અચૂકપણે કરવાં, કર્તવ્ય કરવામાં કદી પણ આળસ અગર ઢીલ ન કરવી. જે કાર્યો હિતકર હોય તે તો અવશ્ય કરવાંજ. હિતકર કાર્યો કરવામાં કદી બેદરકારી રાખવી નહિ. જેનામાં કોઇ પણ પ્રકારનું મહત્ત્વ હોય તેની અવજ્ઞા કરવી નહિ."=

## (૧૮) આર્યો સિંધુ નદી ઓળંગતા

જો અસલના હિંદુઓ સિંધુ નદી ઓળંગવામાં દોષ માનતા હોત તો અર્જુન હિંદુ હોવા છતાં સિંધુની પેલી પાર આવેલા ગાન્ધાર દેશમાં ગયોજ કેવી રીતે ?

હિંદુઓની જાહોજલાલીના જમાનામાં સિંધુ નદીને પેલે કાંઠે જવામાં કોઇ કશું પાપ માનતાજ ન હતા. દાખલા તરીકે ભીષ્મદેવ પોતે વૃદ્ધ અમાત્ય, બ્રાહ્મણો, મહર્ષિઓ અને ચતુરંગ સૈન્યને લઇને બાહ્લીક દેશમાં આવેલા મદ્ર નગરમાં ગયા હતા.* ધૃતરાષ્ટ્રની રાણી ગાન્ધારી ગાન્ધાર દેશના (કંદહારના) રાજાની પુત્રી હતી. રાજસૂય યજ્ઞ વખતે અર્જુન પણ બાહ્લીક દેશમાં અને અશ્વમેધ યજ્ઞ વખતે ગાન્ધાર દેશમાં પોતાના સૈન્યસહિત ગયો હતો. કૃષ્ણે પણ ગાન્ધાર દેશ ઉપર ચઢાઇ કરીને ત્યાંના લોકોને હરાવ્યા હતા.‡ સિંધુ નદી ઓળંગ્યા વગર આ લોકો ગાન્ધાર, બાહ્લીક વગેરે દેશોમાં શું ઉડીને

= તૈત્તિરીય ઉપનિષદ્.

* આદિપર્વ, ૧૧૩-૧, ૨, ૩. બાહ્લીક દેશ હાલમાં બલ્ખ કહેવાય છે અને અફગાનિસ્તાનની ઉત્તરે આવેલો છે.

‡ સભાપર્વ, ૨૭-૧, ૧૭-૨૨. અશ્વમેધપર્વ, ૮૩-૧૯, ૨૦. ઉદ્યોગપર્વ, ૪૮-૭૫

કર્મનાં ફળ તો ભોગવ્યે જ છૂટકો, એનું નિવારણ તો થઇ શકે જ નહિ, એમ સમજીને પોતાનાં દુઃખ દૂર કરવાને હાથ સરખો હલાવતા નથી. જો ભરતખંડની ફરીથી ઉન્નત અવસ્થા કરવી હોય, તેના ભૂતકાળના ગૌરવને પાછું સતેજ કરવું હોય તો તેનો એકજ ઉપાય છે કે દેશનાં સ્ત્રીપુરુષને–ન્યાત જાત, નીચ ઉચ્ચ કશાનો ભેદભાવ રાખ્યા વગર–પૂર્વનાં અને પશ્ચિમનાં વિજ્ઞાન, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે મફત ફરજીઆત રીતે ભણાવવાની વ્યવસ્થા કરવી. ચાલુ જમાનાના જ્ઞાનનો પ્રકાશ એક વાર ભારતવર્ષની જનતાનાં નેત્ર અજવાળે તો પછી તેમને જગતની બીજી પ્રજાઓની સાથે ગૌરવભર્યું સ્થાન લેતાં વાર નહિ લાગે.

## (૧૬) મફત અને ફરજીઆત કેળવણી

મહર્ષિ પરાશર, વસિષ્ઠ અને અત્રિ, એ ત્રણે સ્મૃતિકારો નીચે મુજબ આદેશ કરી ગયા છેઃ–

“જે ગામનો કોઇ બ્રાહ્મણ ક્ષત્રિય અગર વૈશ્ય અભણ, જૂઠું બોલનારો અને ભીખ માગીને પેટ ભરનારો હોય તે ગામના રહેવાસીઓને રાજાએ સજા કરવી; કારણ કે આવા ચોર લોકને નિભાવનાર તે ગામના લોકોજ છે.÷ આ વચન ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણને માટે કેળવણી ફરજીઆત હતી, અને આખા ભારતમાં કોઇ પણ યુગમાં કેળવણીને માટે ફી લેવામાં આવતીજ ન હતી તે અમે અગાઉ કહી ગયા છીએ. આમ હોવાને લીધે ઉપલી ત્રણ વર્ણમાં તો ભાગ્યેજ કોઇ માણસ નિરક્ષર રહેવા પામતો હોય.

## (૧૭) શિક્ષણના વિષયો

અર્થશાસ્ત્ર પ્રમાણે વિદ્યા ચાર પ્રકારની કહેવાય છેઃ–(૧) **આન્વીક્ષિકી**, એમાં દર્શનશાસ્ત્રનો સમાવેશ થાય છે. (૨) **ત્રયી**, એમાં ચારે વેદ, વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત અર્થાત્ વેદના શબ્દોના અર્થ, છંદ અને જ્યોતિષ, પુરાણ, ઇતિહાસ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર, અને અર્થશાસ્ત્ર, એટલા વિષયનો સમાવેશ થાય છે. દેશમાં સંપત્તિ બહારથી કેવી રીતે [illegible]. કેવી રીતે તે સંપત્તિનું રક્ષણ થાય

÷ [illegible] અધ્યાય ૩; અત્રિસંહિતા [illegible]

અને તેમાં વૃદ્ધિ કેવી રીતે થાય, એ બધી બાબતો જે વિદ્યા વડે જાણી શકાય તે અર્થશાસ્ત્ર. (૩) વાર્તા, એમાં ખાસ કરીને કૃષિવિદ્યા, પશુપાલન, વાણિજ્યનો સમાવેશ થાય છે. (૪) દંડનીતિ એટલે રાજ્યશાસન કરવાની પદ્ધતિનું શાસ્ત્ર. ઉપર ગણાવેલા વિષયો ઉપરાંત ગણિતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, યુદ્ધવિદ્યા, કુંભારકળા, મનુષ્યચિકિત્સા, પશુચિકિત્સા, યાંત્રિક વિદ્યા ઇ૦ વિષયો પણ શીખવાતા. વિજ્ઞાનના તરફ પણ ખૂબ લક્ષ અપાતું. અસલના અધ્યાપકો પોતાના વિદ્યાર્થીઓનાં મન ઉપર નીચેની બાબત તો ખાસ ઠસાવતા:– "સત્ય વચન બોલવું, સત્યથી કદી પણ ભ્રષ્ટ થવું નહિ, પોતપોતાનાં કર્તવ્ય કર્મ અચૂકપણે કરવાં, કર્તવ્ય કરવામાં કદી પણ આળસ અગર ઢીલ ન કરવી. જે કાર્યો હિતકર હોય તે તો અવશ્ય કરવાંજ. હિતકર કાર્યો કરવામાં કદી બેદરકારી રાખવી નહિ. જેનામાં કોઇ પણ પ્રકારનું મહત્ત્વ હોય તેની અવજ્ઞા કરવી નહિ."=

## (૧૮) આર્યો સિંધુ નદી ઓળંગતા

જો અસલના હિંદુઓ સિંધુ નદી ઓળંગવામાં દોષ માનતા હોત તો અર્જુન હિંદુ હોવા છતાં સિંધુની પેલી પાર આવેલા ગાન્ધાર દેશમાં ગયોજ કેવી રીતે ?

હિંદુઓનાં બાહોજલાલીના જમાનામાં સિંધુ નદીને પેલે પાર જવામાં કોઇ કશું પાપ માનતાજ ન હતા. દાખલા તરીકે ભીષ્મદેવ પોતે વૃદ્ધ અમાત્ય, બ્રાહ્મણો, મહર્ષિઓ અને ચતુરંગ સૈન્યને લઇને બહ્‌લીક દેશમાં આવેલા મદ્ર નગરમાં ગયા [illegible]

ગયા હતા ? હિંદુઓની ઉન્નતિના મધ્યાહ્ન કાળમાં આવાં ખોટાં ધતિંગને કોઇ માનતુંજ ન હતું.

## (૧૯) સમુદ્રપર્યટન

પાંડવો હિન્દુ થઇને સમુદ્રપર્યટન કરતા હતા એ વાત સાચી હશે ? બેશક, જ્યારે હિન્દુ સ્વતંત્ર હતો, તેની કીર્તિ સોળે કળાએ ખીલી હતી ત્યારે તેઓ પૃથ્વીના સમુદ્રે સમુદ્રમાં ફરી વળતા હતા અને કોઈ શાસ્ત્ર તેમને મના કરતું ન હતું.

(क) વેદના યુગમાં—

ઋગ્વેદમાં આવે છે કે "મહર્ષિ વસિષ્ઠ સમુદ્રને પ્રવાસે ગયા હતા. રાજર્ષિ તુગ્ર રાજાએ તેના પુત્ર ભુજ્યુને પોતાના શત્રુઓને વશ કરવા માટે આઘેના દ્વીપમાં મોકલ્યો હતો. વૈશ્યો ધન કમાવાની લાલચે દૂર દૂરના દેશોમાં પોતાનાં વહાણ મોકલે છે. સમુદ્રના કોઈ પણ ભાગને તેઓ છોડતા નથી. જેમને ધન કમાવાની અભિલાષા હોય તેમણે સમુદ્રની આરાધના કરીને દરિયાની સફરો કરવી જોઇએ."×

ગોલ્ડસ્ટકર લખે છે કે ઋગ્વેદનાં વર્ણનો ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે તે સમયના આર્યોને સમુદ્રનો પરિચય તો હતોજ, પરંતુ તેઓ દરિયો ખેડી જાણતા હતા એ વાત પણ નિર્વિવાદ છે."

બંગદર્શનના એક લેખમાં લખ્યું છે કે " ઋગ્વેદમાં સમુદ્રમાર્ગે અવરજવર કરવાનાં વર્ણનો છે અને તે જમાનામાં સો સો સ્તંભનાં વહાણો હતાં એવાં પ્રમાણ પણ છે.=

ડૉ૦ કૉલ્ડવેલ લખે છે કે "વેદ ઉપરથી આપણે ચોક્કસપણે જાણી શકીએ છીએ કે તે જમાનાના આર્યો ભરદરિયામાં ચાલે એવાં વહાણમાં ચઢીને પરદેશીઓ સાથે વેપાર ખેડતા હતા.

"ભારતવર્ષ" નામની એક માસિક પત્રિકાના એક લેખમાં લખ્યું છે કે "છેક પ્રાચીન કાળમાં અર્થાત્ વેદોના જમાનામાં ભરતખંડમાં વસતા આર્યો વેપારવણજને માટે દરિયાપારના દેશોમાં જતા હતા તેની સાબિતીઓ વેદમાંથી મળે છે." *

× ઋગ્વેદ. ૭-૮૮,૩૯. ૧-૧૧૬,૩. ૧-૮૮,૩; ૧-૫૬,૨. ૪-૫૫,૬.

= બંગદર્શન.૧૨૮૫. પૃષ્ઠ ૧૭૬.

* ભારતવર્ષ [illegible]

પ્રોફેસર લેકોનપિરી લખે છે કે "ઇસવી સનની પૂર્વે સાત-મા સૈકાથી ભારતવાસીઓ સમુદ્રમાર્ગે ચીન દેશમાં જવા આવવા-નો વ્યવહાર કરવા લાગ્યા હતા. તે જમાનામાં હિન્દી મહાસાગર-ને કાંઠે આવેલા દેશોની સાથે વેપાર કરનાર વેપારીઓ જેમના નેતા હિન્દુઓ હતા તેમણે હાલ જેને ક્રિકટચોનો ઉપસાગર કહે છે તેને કિનારે લંકાને મળતું આવે એવું "લંગા" નામનું બંદર વસાવીને ત્યાં પોતાની વસાહત સ્થાપી હતી.

અમે આગળ ઉપર "વિધવા વિવાહ"ના વિષયની ચર્ચા કરતાં શંકરાચાર્ય અને વાચસ્પતિ મિશ્રની વેદના અર્થ કરવાની જે રીત ટાંકી બતાવી છે તેને આધારે સિદ્ધ થાય છે કે જ્યારે વેદમાં સમુદ્રપર્યટનનાં ઉદાહરણ છે અને તેની વિરુદ્ધમાં કશું લખ્યું નથી ત્યારે સમુદ્રપર્યટનને વેદની સંમતિ હોવીજ જોઇએ.

(ग) મહાભારતના યુગમાં—

બોધાયનમાં લખ્યું છે કે " આર્યાવર્તના રહેવાસીઓ દરિયામાર્ગે આવ-જા કરે છે."* બોધાયનનાં ધર્મસૂત્રોમાં તેમ-જ ગૌતમનાં ધર્મસૂત્રોમાં લખ્યું છે કે "વહાણના માલિકો સરકારી વેરો ભરે છે."= મનુસંહિતામાં નૌકાસૈન્યનો ઉલ્લેખ છે. મનુસંહિતામાં એવું પણ લખ્યું છે કે નદીરસ્તે એક જગ્યા-થી બીજી જગ્યાએ જવાના ભાડાનો દર ઠરાવતી વખતે અમલ-દારે નદીનો વેગ, નદી બારે માસ વહે છે કે ઉન્હાળામાં સૂકાઈ જાય છે તે, તથા ઉન્હાળામાં તેમજ ચોમાસામાં હોડીનો ઓછો યા વધતો ઉપયોગ ધ્યાનમાં લઇને ભાડાનો દર નક્કી કરવો. સમુદ્રમાં ફરતાં વહાણોને આ વસ્તુસ્થિતિ લાગુ પડતી નથી તેથી તેનો દર ઠરાવતી વખતે માત્ર વાજબી દર ઠરાવવા કાળજી રા-ખવી. દરિયાનો પ્રવાસ કરવામાં કુશળ એવા દેશકાળને સારી રીતે ઓળખનાર વેપારીઓ જે જગ્યાને માટે જે ભાડાનો દર ઠરાવે તે દર મંજુર રાખવો."× યાજ્ઞવલ્ક્ય સંહિતામાં લખ્યું છે કે જે વેપારીઓ ખહોળા નફાની આશાએ પોતાના જાનમાલનું જોખમ વેઠીને પણ દરિયાઈ વેપાર કરે છે તેમના ઉપર તેમના ચોખ્ખા નફાના પાંચ ટકા કર લેવો.÷ મહર્ષિ પરાશરે રચેલી સંહિતા

* બોધાયન, ૧-૧,૨.

= બોધાયન ૧-૧૮,૧૪. ગૌતમ ૧૦-૩૩

×મનુસંહિતા ૭-૧૯૨,૪૦૬,૧૫૭. ÷યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૨-૩૬

અથવા સ્મૃતિ એ કલિયુગનું ધર્મશાસ્ત્ર મનાય છે. તેમાં લખ્યું છે કે " ઉપર ગણાવેલાં તમામ તીર્થસ્થાનોમાં જઈને પોતાનાં પાપનું સ્મરણ કર્યા પછી પવિત્ર સાગરતટે જવું; ત્યાં દશ યોજન પહોળો અને સો યોજન લાંબો સમુદ્ર ઉપરનો સેતુ જેને રામચંદ્રના આદેશથી નળ વાનરે ભારે પરિશ્રમ કરીને તૈયાર કર્યો હતો તેનું દર્શન કરીને બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થવું."+

રામાયણમાંથી સમુદ્રપર્યટન કરવાના રિવાજની સાબિતીઓ મળી આવે છે. સુગ્રીવ રાજાએ સીતાની શોધ કરવાને માટે પોતાનાં માણસોને દેશવિદેશ જવા હુકમ કરતી વખતે સમુદ્રની વચ્ચે આવેલા પર્વતો અને દ્વીપની ઉપર વસેલાં નગર શોધી વળવાની તથા ઠેઠ ચીનદેશ સુધી જઈ આવવાનીજ આજ્ઞા કરી હતી.×

મહાભારતમાં લખ્યું છે કે "લોકો વહાણુમાં બેસીને વિશાળ સમુદ્રને સુખપૂર્વક ઓળંગી જાય છે. વેપારી લોકો સમુદ્રયાત્રા કરીને પોતપોતાની મૂડીના પ્રમાણુમાં નફો પેદા કરે છે. વેપારી લોકોનાં વહાણુ સમુદ્રમાં કોઈવાર ભાંગીને ડૂબી જાય છે ત્યારે લોકો તેમને નૌકાઓમાં બેસાડીને બચાવી લે છે. મહારાજા પૃથુએ સમુદ્રયાત્રા કરી હતી. મહારાજા પુરૂરવાએ મહાસાગરની વચ્ચે આવેલા તેર દ્વીપોને જીતી લીધા હતા અને ત્યાં પોતાનો અમલ બેસાડયો હતો. દક્ષિણુ પશ્ચિમ દિશાના સમુદ્રકિનારે જે જે તીર્થો આવેલાં છે તે બધાંને અર્જુન જોઈ વળ્યો હતો. ગોકર્ણ નામનું તીર્થ તો સમુદ્રની વચ્ચે આવેલું છે. એ તીર્થમાં જે ત્રણ રાત્રિપર્યંત વાસો કરે તેને અશ્વમેધયજ્ઞનું ફળ મળે છે. યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ, દ્રૌપદી, મહર્ષિ ધૌમ્ય અને લોમશ મુનિ એટલાં યાત્રાળુઓનો સંઘ સમુદ્ર ઓળંગીને ગોકર્ણ તથા બીજાં એવાં તીર્થોમાં જઈ આવ્યો હતો. નકુલ સમુદ્રની વચ્ચે આવેલા ટાપુઓમાં વસતા મ્લેચ્છોને જીતી આવ્યો હતો, તામ્રદ્વીપ નામનો ટાપુ પણ તેણે જીત્યો હતો. લંકાના રાજા વિભીષણુને પણ તે હરાવી આવ્યો હતો. તે વખતના લોકો પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણુ તરફના સમુદ્રોમાં તો ફરી વળતા હતા; પણ ઉત્તર તરફના સમુદ્ર તરફ માત્ર પંખીઓજ જઈ શકતાં. માણુસની ત્યાં જવાની હિંમત

+ પરાશરસંહિતા, ૧૨–૬૨,૬૩.

× રામાયણ, કિષ્કિન્ધા કાંડ, ૪૦–૨૧ થી ૨૯ સુધી

ચાલી ન હતી. પણ પાંડવો તે દરિયો પણ ઠલોળી વળ્યા હતા. વળી દેવર્ષિ નારદ પણ સમુદ્ર ઓળંગીને જે શ્વેતદ્વીપ કહેવાય છે ત્યાં જઈ આવ્યા હતા." *

મહર્ષિ કપિલ એક દ્વીપમાં જઇ ચઢયા હતા. રામચંદ્ર સમુદ્ર ઓળંગીને લંકા ગયા હતા. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સમુદ્ર ઓળંગીને તેની વચ્ચેના પહાડી ટાપુ ચક્રવાન ઉપર જઇને ત્યાંના પંચજન નામના દૈત્યને મારી નાખ્યો હતો અને ત્યાંથી સુદર્શન ચક્ર અને પાંચજન્ય શંખલઈ આવ્યા હતા.÷

વરાહ પુરાણમાં એક કથા એવી આવે છે કે ગોકર્ણ નામનો કોઈ વાણીઓ વેપાર અર્થે દરિયાપાર ગયો હતો અને એક બીજો વાણીઓ મોતી લેવા માટે સમુદ્ર ઓળંગીને વિદેશ ગયો હતો.

અસલના આર્યો પોતાની માલિકીનાં વહાણમાં બેસીને સમુદ્ર પર્યટન કરતા અને ચીન, બાબિલન વગેરે દૂરના દેશો સાથે વેપાર કરતા. બ્રહ્મદેશ, સિયામ, કોબોડિયા, મિસર, સુમાત્રા, જાવા, બોર્નિયો અને બાલિના દ્વીપોમાં આર્યોએ વસાહતો સ્થાપી હતી, હિન્દુ નગરો વસાવ્યાં હતાં અને હિન્દુઓના રીતરિવાજ મુજબ તે નગરોનાં નામ પણ પાડયાં હતાં.

પ્રાચીન સમયના આર્ય લોકો વહાણમાં ચઢીને હિન્દી મહાસાગર ઓળંગીને આફ્રિકાની દક્ષિણે ગુડહોપની ભૂશિર ઓળંગીને આટલાંટિક મહાસાગરમાં પ્રવેશ કરતા. બીજી બાજુએ સાઈબિરિયાની ઉત્તરે થઇને જાપાન સુધી પહોંચી જતા અને ત્યાંથી પાછા લૅપલેન્ડ અને નોર્વેના કિનારાને સ્પર્શ કરીને બાલ્ટિક સમુદ્રમાં ઉતરી પડતા.

(ગ) બૌદ્ધ યુગમાં—

પ્લિની નામનો રોમન વિદ્વાન લખે છે કે "ઇસ્વીસનની પૂર્વે છઠ્ઠા સૈકામાં ભરતખંડમાં વેપારીઓ સમુદ્રમાર્ગે થઇને ઇરાન જતા આવતા હતા." એજ સૈકામાં પૂર્ણ નામનો એક

* આદિપર્વ,૨-૩૯૬. ૨૧૬-૧, ૭૫-૧૯, ૨૧૮-૨. કર્ણપર્વ, ૯૨-૨૩. સભાપર્વ, ૨૬-૬, ૩૧-૬૬,૩૨-૧૧, ૫૩-૧૬,૧૭. વનપર્વ, ૮૫-૨૪ અધ્યાય ૧૧૮. શાંતિપર્વ, ૨૯૮-૨૮ અધ્યાય ૩૩૫ થી ૩૩૮.

(હાલ ઉત્તરમા એક ટાપુને વ્હાઇટ આયર્લેંડ કહે છે તે શ્વેતદ્વીપ હોય. સેવાનંદ)

÷ રામાયણ, ઉત્તરકાંડ, ૨૮-૧૮. કિષ્કિન્ધાકાંડ, ૪૨-૨૭, ૨૮.

હિન્દુ વણિક વેપાર કરવા માટે સાત વાર દરિયાઇ સફરે ગયો હતો, એવો બૌદ્ધ વિનયશાસ્ત્રમાં ઉલ્લેખ છે. ઈસ્વી સનની પૂર્વે પાંચમા સૈકામાં હિન્દુઓ સમુદ્રમાર્ગે ઘણે દૂર જઈ આવતા હતા એવી હકીકત બૌદ્ધ ગ્રંથોમાંથી મળી આવે છે. બૌદ્ધોના જાતક નામના ગ્રંથોમાંથી પણ આ વાતને પુષ્ટિ મળે છે. હિન્દના વેપારીઓ વહાણમાં બેસીને અનેક દ્વીપો સાથે વેપાર રોજગાર કરતા એવા દાખલા એ પુસ્તકમાં છે. એમાંનાં કેટલાંક વહાણને પાંચ પાંચ સઢના સ્તંભ હતા અને તેમાં સાતસો માણસ બેસી શકતાં. ઇસ્વી સનની પૂર્વે છઠ્ઠા સૈકામાં રચાએલા જૈનોના ગ્રંથોમાંથી પણ એવી હકીકત મળી આવે છે કે હિન્દુ વણીક વેપારીઓ અંગદેશમાં આવેલી ચંપાનગરીથી વહાણમાં બેસીને વેપાર અર્થે સમુદ્રની સફરે જતા.= "સમુદ્ર-વાણિજય-જાતક" નામના ગ્રંથમાં લખ્યું છે કે "એક એક વહાણમાં હજાર હજાર મુસાફરો બેસી શકતા." ઈસ્વી સનની પૂર્વે ચોથા સૈકામાં ગ્રીક રાજદૂત મેગાસ્થિનિસ ભરતખંડમાં રહી ગયો હતો. તે પોતાની નજરે દીઠેલી હકીકતને આધારે લખી ગયો છે કે હિન્દુઓની પાસે સમુદ્રમાં યુદ્ધ કરવાનાં જહાજ પણ છે અને એવાં વહાણ બાંધવાનો હિન્દુઓની અમુક ન્યાતના લોકોનો ખાસ ધંધોજ થઇ પડયો છે. અર્થશાસ્ત્રોમાં પણ નૌકાઓના ઉલ્લેખ કર્યા છે. એજ સૈકામાં ભરતખંડ ઉપર સ્વારી કરનાર સિકંદરનું સૈન્ય ભરતખંડમાંજ બનેલાં વહાણની મારફતે સિંધુ નદીથી રાતા સમુદ્ર સમુદ્ર સુધી જઇ શકયું હતું. ઇસ્વી સનની પૂર્વે પહેલા સૈકામાં રોમનો પ્રસિદ્ધ લેખક સ્ટ્રાબો લખી ગયો છે કે "હિન્દુ લોકો વહાણમાં બેસીને યુદ્ધ કરે છે." વળી એજ સૈકામાં હિન્દુ લોકોનાં વહાણ જર્મન સમુદ્રને કિનારે ડૂબી જવાથી તેમાં બેઠેલા માણસો ગૅાલ દેશમાં ચાલ્યા ગયા હતા. બંગાળાના રાષ્ટ્રીય ઇતિહાસમાંથી એવું પ્રમાણ મળી આવે છે કે "હિન્દુ વેપારીઓનાં જહાજ બે હજાર વર્ષ પૂર્વે વેપાર કરવા માટે ગ્રેટ બ્રિટન અને જર્મની સુધી જઇ આવતાં હતાં."

**(ઘ) અર્વાચીન યુગમાં—**

ઇસ્વી સનના ચોથા સૈકામાં ચિનાઇ પ્રવાસી ફાહિયાન હિન્દને પ્રવાસે આવ્યો હતો. તે જ્યારે પોતાને દેશ પાછો ગયો

= માનસી, જ્યેષ્ઠ, ૧૩૨૩, પૃષ્ઠ ૪૭૨.

ત્યારે ભારતખંડના કોઈ વહાણમાં બેસીને ગયો હતો. એક એક વહાણમાં બસો બસો મુસાફરો બેસી શકતા હતા. એમાંનાં કેટલાંક વહાણમાં બ્રાહ્મણ મુસાફર પણ હતા. ચોથા સૈકાના છેવટના ભાગમાં અને પાંચમા સૈકાની શરૂઆતમાં થઈ ગયેલો મિસર દેશનો એક કવિ લખી ગયો છે કે હિન્દુ લોકોને દરિયો ખેડવાનો ઘણો અભ્યાસ છે. જમીન ઉપર યુદ્ધ કરવા કરતાં સમુદ્રયુદ્ધમાં તેઓ વિશેષ કુશળ છે અને એવાં યુદ્ધોમાંજ તેમનું ખરેખરૂં પરાક્રમ ઝળકી નીકળે છે. છઠ્ઠા સૈકામાં હિન્દને પ્રવાસે આવેલો ચિનાઈ પ્રવાસી હુયેનત્સાંગ ભરતખંડમાં બધે ફર્યો હતો અને ત્યાંના દરિયાઈ વેપારના સંબંધમાં ઘણું લખી ગયો છે. તેણે આગળ વધીને એવું પણ લખ્યું છે કે "ઓરિસ્સાનાં બંદરેથી ઘણા વેપારીઓ વહાણમાં ચઢીને દૂર દૂરના દેશોમાં જઈ આવે છે." અગીઆરમા સૈકામાં આલ્બેરૂની નામનો અરબ લેખક અને જ્યોતિષી હિન્દને પ્રવાસે આવ્યો હતો. તે જાતે આખા દેશમાં ફર્યો હતો અને તે પોતાના ભારતભ્રમણના વૃત્તાંતમાં લખી ગયો છે કે તે જમાનામાં ભરતખંડનો દરિયાઈ વેપાર ધમધોકાર ચાલતો હતો અને દરિયાઈ સફરે જનાર લોકોને વાસ્તે બંદરો હતાં. તે જમાનામાં દક્ષિણ ભારતનાં લડાયક બારકસો.આખો હિંદી મહાસાગર ઓળંગીને બ્રહ્મદેશમાં આવેલો પેગુ પ્રદેશ અને હિન્દી મહાસાગરના આન્દામાન અને નિકોબાર ટાપુઓ જીતી વળ્યાં હતાં. તેરમા સૈકામાં માર્કોપોલો અને ચૌદમા સૈકામાં ફ્રાયર ઓડોરિક અહીં આવી જાતે જોયેલી હકીકત લખી ગયા છે કે ભરતખંડનાં દરિયાઈ જહાજ બધાંજ મોટા કદનાં છે. સને ૧૪૯૮માં પહેલવહેલો યુરોપી નાવિક પોર્ટુગીઝ વાસ્કો ડી ગામા ગુડહોપની ભૂશિરની પ્રદક્ષિણા કરીને યુરોપથી ભરતખંડ આવવાનો જળમાર્ગ શોધવામાં સફળ થયો હતો. તે વખતે આફ્રિકાને પૂર્વકિનારે આવેલા મોઝાંબિક દેશમાં હિન્દના નાવિકોનો તેને ભેટો થયો હતો. તેમણેજ તેને સમુદ્રમાર્ગ બતાવીને હિંદુસ્તાનના કિનારા સુધી પહોંચાડયો હતો. આ ઉપરથી સાબીત થાય છે કે વાસ્કો ડી ગામાના પહેલાં ઘણા વખત અગાઉ હિંદના નાવિકોને ગુડહોપની ભૂશિરવાળો જળમાર્ગ જાણીતો હતો અને તે રસ્તે થઈનેજ તેઓ જાવ-આવ કરતા હતા. સત્તરમા સૈકામાં ભરતખંડની પાસે વેપારી અને

લડાયક વહાણ હતાં એ વાત ટોમસ બાઉરી અને ડાકટર ફ્રિયર નોંધી ગયા છે. ડૉ૦ ફ્રિયરે પોતે સુરતના બંદર આગળ ભરતખંડનાં કેટલાંક વેપારી વહાણ જોયાં હતાં. તેમના ઉપર ત્રીસ ચાળીસ તોપો પણ ગોઠવેલી હતી. તે ઉપરાંત ત્યાં તેણે ત્રણ ચાર મધ્યમ કદનાં લડાયક વહાણ પણ પણ જોયાં હતાં. મહારાષ્ટ્રના ઈતિહાસનો લેખક ડફ પોતાના ઈતિહાસમાં લખે છે કે, મરાઠાઓને લડાયક વહાણો બાંધતાં આવડતાં હતાં. તેમના દરેક વહાણ ઉપર ત્રીસથી ચાળીસ તોપો રહેતી હતી. અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં મરાઠાનાં લડાયક વહાણોએ અંગ્રેજ અને વલંદાઓનાં વહાણોને હાર ખવરાવી હતી. ઓગણીસમા સૈકાની અધવચ સુધી ભરતખંડના નદીમાર્ગો ઉપરનો બધોજ વેપાર અને દરિયાઇ વેપારનો ૪૫ ટકા જેટલો વેપાર ભરતખંડમાંજ બનેલાં વહાણો અને ભરતખંડનાજ નાવિકોની મારફતે ચાલતો હતો.

### (ક્ષ) ભારતવાસીઓએ બનાવેલાં વહાણ—

ઓરિસ્સાના લોકો છેક પ્રાચીન કાળથી નાનાં નાનાં વહાણ બનાવીને તેમની મારફતે સમુદ્રોમાં ભ્રમણ કરતા હતા.§ ઈતિહાસકર્તા ટેલર લખે છે કે "ભરતખંડમાં બનેલાં વહાણોમાં ભરતખંડનો માલ લંડનને બંદરે ઉતર્યો તે ઉપરથી એકલપેટા અંગ્રેજ વેપારીઓએ એટલું બધું આન્દોલન મચાવી મૂક્યું કે એટલું તો શત્રુનો કાફલો ટેમ્સના બારામાં પેઠો હોત ત્યારે પણ ન થયું હોત. લંડનના કુરજાઓમાં વહાણ બાંધવાનો ધંધો કરનારાઓએ ચારે દિશામાં આફતના સમાચાર ફેલાવી દીધા કે "આમ થશે તો અમારો વહાણ બાંધવાનો હુન્નર પડી ભાગશે અને અમારાં બૈરાંછોકરાંને ભૂખે મરવાનો વખત આવશે." પ્રોફેસર હેમિલ્ટન લખે છે કે "ભરતખંડનાં વહાણમાં ચઢીને ભરતખંડનો માલ અરબસ્તાનને કિનારે એડન બંદરે ઉતરતો. ત્યાંથી પછી કેટલોક માલ કેરો અને એલેક્ઝાન્ડ્રિયા જતો. બાકીનો માલ ગ્રીસ, રોમ અને વેનિસ તરફ વળતો. છેક તેમ પણ ન હતું, હિન્દુસ્તાનના કારીગરોએ બનાવેલો માલ ઇંગ્લંડમાં પણ આયાત થતો હતો."

મુંબઈના કુરજાઓમાં હિંદી વહાણીઆ (જેમા ખાસ કરીને પારસીઓ હતા) ખુદ ઈંગ્લાંડને માટે લડાયક બારકસો

§ આર્યદર્શન, ૧૮૭૫, પૃષ્ઠ ૩૧૩

બાંધી આપતા. લેફ્ટેનન્ટ કર્નલ વૉકર લખે છે કે "ઇંગ્લાંડમાં વહાણ બાંધવાનો જે ખર્ચ પડતો તે કરતાં રૂપિયે ચાર આની ઓછે ખર્ચે હિંદી કારીગરો વહાણ બાંધી આપતા હતા અને વળી હિંદમાં બનેલાં વહાણ ઇંગ્લાંડમાં બનેલાં વહાણ કરતાં ચારગણું કામ આપતાં. એ ઉપરથી ઇ૦ સ૦ ૧૮૦૨માં ઇંગ્લંડના નૌકા ખાતાના પ્રધાને ઇંગ્લંડને માટે લડાયક વહાણ બાંધવાનું કામ હિંદના વ્હાડીઆઓને સોંપ્યું હતું. હિંદમાં બનતાં વેપારી અને લડાયક વહાણોએ પોતાની કીર્તિ સને ૧૮૪૦ લગી અખંડ રીતે સાચવી હતી. ત્યારપછી ઇંગ્લંડે પોતાનો વહાણ બાંધવાનો ઉદ્યોગ ખીલવવાને જાતજાતનાં ભલાં ભૂડાં પગલાં ભરીને હિંદુસ્તાનના વહાણ બાંધવાના ઉદ્યોગને ગૂંગળાવી નાખ્યો."

સને ૧૮૧૧માં એક ફ્રેન્ચ લેખક લખી ગયો છે કે અસલના વખતમાં હિંદના લોકો વહાણ બાંધવાના હુન્નરમાં દુનિયાના બીજા દેશોને ટપી જતા. અત્યારે પણ એ બાબતમાં યુરોપના વહાણ બાંધનારાઓ તેમનેજ આદર્શ માનીને તેમના હુન્નરની નકલ કરે છે. અંગ્રેજો હિંદુઓની પાસેથી વહાણ બાંધવાના ધંધાને લગતી અનેક ઉપયોગી બાબતો શીખીને પોતાનાં વહાણ બાંધવામાં તે જ્ઞાનનો ઉપયોગ કરે છે." બીજો એક ઇતિહાસકાર માલ્કમ લખે છે કે "યુરોપનો અને ભારતખંડનો સંસર્ગ ઓછામાં ઓછાં બસો વર્ષનો છે, છતાં યુરોપના લોકોથી તેમની પાસે આવું ઉંચા પ્રકારનું વિજ્ઞાન હોવા છતાં હિંદુસ્તાનના વહાણ બાંધવાના ઉદ્યોગમાં કશીજ નવો સુધારો થઇ શક્યો નથી."

(ચ) બંગાળીઓએ બનાવેલાં વહાણ—

કલકત્તા અને તામલુકનાં કુરજાઓમાં બંગાળાના વેપારમાં ઉપયોગી એવાં મોટાં મોટાં વહાણ બંધાતાં હતાં. બંગાળાના ઉપસાગરના સંદીપમાં પણ બંગાળી કારીગરો ઘાટીલાં અને મજબૂત વહાણ બાંધતા હતા. તેઓ પોતાના દેશમાં રહ્યા રહ્યા યુરોપી તુર્કસ્તાનના રાજાને પણ વહાણ બાંધી આપતા હતા. ચટ્ટગ્રામ ( ચિતાગોંગ )ના બંદરમાં બંગાળી મીસ્ત્રીઓ મોટાં મોટાં જહાજ બાંધતા હતા. સને ૧૮૧૫ થી થોડાંક વર્ષ અગાઉ ચટ્ટગ્રામ બંદરે બંગાળી કારીગરોએ બાંધેલા બંગાળી માલિકીના વહાણને લઇને બંગાળી ખારવાઓ ઠેઠ સ્કૉટલેન્ડ સુધી

જઈ આવ્યા હતા. ચટ્ટગ્રામમાં બંગાળી વ્હાડીઆઓને હાથે તૈયાર થતાં વહાણુ ઇંગ્લંડનાં તે વખતનાં વહાણુ કરતાં બધી બાબતમાં ચઢીઆતાં ગણાતાં હતાં. હન્ટર લખે છે કે તે વખતનાં બંગાળાનાં વહાણુ બાંધવાનાં કારખાનાં સને ૧૮૧૫ સુધી પોતે એક વાર મેળવેલી કીર્તિ જેવી ને તેવી જાળવી રહ્યા હતા. બંગાળાનો જૂનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે વહાણુ બાંધવાના હુન્નરમાં બંગાળાના કારીગરો બીજા બધા પ્રાન્તના કારીગરોને માથે ટપી જતા હતા. હિંદનો ગવર્નર જનરલ લોર્ડ વેલેસ્લી સને ૧૮૦૦ ની સાલમાં શેરો કરી ગયો છે કે "વહાણુ બાંધવાના ઉદ્યોગને બંગાળીઓએ પૂર્ણતાએ ખીલવ્યો છે. હજી પણુ તેઓ એ ધંધામાં વધારે ઉન્નતિ કરશે એવી આશા રહે છે." આજે પણુ ચટ્ટગ્રામના બંદરમાં મોટામોટા મછવા તો બંધાય છેજ.

### (છ) બંગાળીઓનું સમુદ્રપર્યટન—

બંગાળાનો જૂનો ઇતિહાસ કહે છે કે "બંગાળાના લોકો દસમા અને અગીઆરમા સૈકામાં એક બાજુએ લંકા અને મલબારના કિનારા સુધી અને બીજી બાજુએ આરાકાન, જાવા, સુમાત્રા, કાંબોજ અને ચીન સુધી વહાણુમાં અથવા મોટામોટા મછવામાં બેસીને વેપાર અર્થે આવ જાવ કરતા હતા. ત્યાર પછીની તવારીખો ઉપરથી અનુમાન કરી શકાય છે કે બંગાળીઓનાં દશથી બાર શઢ–સ્તંભવાળાં વહાણુ સમુદ્રોમાં ફરતાં હતાં. વહાણુનાં કદ પણુ ખૂબ મોટાં હતાં. એક એક વહાણુમાં ત્રણુથી ચાર હજાર મણુ બોજો સમાઇ શકતો હતો."

શ્રીદીનેશચંદ્ર સેન લખે છે કે "બંગાળાના હિંદુઓ અગાઉ મછવા બાંધતા અને તેમની મારફતે દરિયાની સફરે જતા."૪

મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી કહે છે કે "મનસાદેવીની અને મંગલ ચંડીની કથાઓમાંથી બંગાળીઓના સમુદ્રપર્યટનની, દીવાની જ્યોત જેવી, સ્પષ્ટ માહિતી મળી આવે છે. એકએક સોદાગર ચૌદ પંદર કે સોળ સોળ વહાણુનો કાફલો લઇને પ્રત્યેક વહાણુ એક એક કુશળ નાખુદાને સોંપીને ગંગા-નદીમાં થઇને સમુદ્રમાં પ્રવેશ કરતો. પ્રથમ તે કાફલો લંકાના બંદરે લાંગરતો. ત્યાંથી નીકળીને ૧૪ કે ૧૫ દિવસની સફર કરીને મહાસાગરની વચમાં આવેલા ટાપુઓની સાથે વેપાર

૪ બંગભાષા અને સાહિત્ય પૃષ્ઠ [illegible]

કરી આવતો. ચાંદ સોદાગરના એક જંગી વહાણનું નામ 'મધુ-કર' હતું. કોઈ કોઈ કથાઓમાં તો એવું પણ લખ્યું છે કે એક એક જહાજને બારસો બારસો શઢ-સ્તંભ હતા. દ્વિજ વંશીદાસે રચેલી મનસાદેવીની કથામાં લખ્યું છે કે એક વાર લંકાથી ઉપડયા પછી મહાસાગરમાં તેર દિવસની સફર થયા બાદ એકા-એક ભયંકર તોફાન શરૂ થયું. રૂની ફેણના જેવા ફીણના ગોટે-ગોટા વહાણના ઉપર ફરી વળવા લાગ્યા. ચાંદ સોદાગર બેબા-કળો બનીને રડવા લાગ્યો. તે નાખુદાની કોટે વળગીને કરગરવા લાગ્યો કે આનો કાંઈ ઉપાય કર. નાખુદાએ 'મધુકર'ના ભંડાર-માંથી થોડાંક તેલનાં પીપ તોડીને દરિયામાં ફેંકી દીધાં તેથી તોફાન શમી ગયું."*

કવિ કંકણરચિત ચંડીની અને મનસાદેવીની કથાઓમાં બંગાળી હિન્દુઓનાં અનેક સફરી વહાણોનાં અને સફર કરનારા બંગાળી હિંદુ વેપારીઓનાં નામોના ઉલ્લેખ આવે છે. સત્ય-નારાયણની જે કથા પ્રત્યેક કુટુંબમાં અવારનવાર વંચાય છે તેમાં પણ એવી એક વાત આવે છે કે ગૌડ બંગાળાનો એક વાણીઓ સફર કરતો કરતો ઠેઠ સુરત બંદરસુધી ગયેલો અને ત્યાંથી સાજે સમો પાછો આવેલો. આ રહ્યો તે કથાનો એક અંશઃ-

" સાજિ સપ્ત તરી નાના દ્રવ્યે પુરિ સાધુ ધનેશ્વર જાય,
જમાતા સંહતિ બાહિ ભાગીરથી નદનદી સિન્ધુ બાય."

## (ज) તે વિષે પંડિતોનો અભિપ્રાય—

મૅક્ફર્સન લખે છે કે " હિંદુસ્તાનના લોકો વહાણની મારફતે મિસર દેશની સાથે વેપાર કરતા હતા."

ડૉ૦ રાધાકુમુદ મુકરજી લખે છે કે " પ્રાચીન સમયમાં ભરતખંડને દરિયાઈ વેપાર હતો. હિન્દીઓ દરેક સમુદ્રમાં નિર્વિઘ્ને ફરી વળતા હતા તેનાં અનેક પ્રમાણ વેદ, સૂત્ર ગ્રંથો, પુરાણ, કાવ્ય, નાટક, કથાઓ વગેરે તમામ પ્રકારના સંસ્કૃત સાહિત્ય-માંથી, બૌદ્ધ સાહિત્યમાંથી તથા વિદેશી પ્રવાસીઓએ લખેલાં વૃત્તાન્તોમાંથી મળી આવે છે." એજ વિદ્વાન લેખકે અનેક દાખ-લાદલીલો વડે સાબિત કરી બતાવ્યું છે કે છેક પ્રાચીન યુગથી માંડીને ઓગણીસમા સૈકા સુધી હિન્દુસ્તાન દરિયાઈ વેપાર ખેડતું હતું અને હિન્દુઓ વગર હરકતે સમુદ્રોમાં ઘુમતા હતા.

* પ્રવાસી, વૈશાખ, ૧૩૨૨, પૃ૦ ૧૬૪.

કાશીના નામાંકિત પંડિતપ્રવર ડૉકટર મહામહોપાધ્યાય ગંગાનાથઝા લખે છે કે "પ્રાચીન સમયમાં તમામ વર્ણના હિન્દુઓ, કોઈ વિદ્યાભ્યાસ કરવા માટે, કોઈ દિગ્વિજય કરવા માટે તો કોઈ વેપારવણજ અર્થે સમુદ્રપર્યટન કરતા, આયેના પ્રદેશોમાં આવેલા દ્વીપસ્થ નગરોમાં જતા અને સમુદ્રમાર્ગેજ પાછા સ્વદેશ આવતા. તે જમાનામાં તેમને ન્યાતબહાર મૂકવા-નો રસ્તો જ કોઈથી છેડાતો ન હતો. વેદ, પુરાણ અને ઇતિહાસોમાં આવા સેંકડો બનાવોના દાખલા મોજૂદ છે."

બંગાળાના અત્યંત રૂઢિચુસ્ત અને સનાતન ધર્માભિમાની [illegible] તર્કચૂડામણિને પણ કબૂલ કરવું પડે છે કે "તે જમાનાના હિન્દુઓ યુરોપ વગેરે વિદેશોમાં પ્રવાસ કરીને પાછા આવતા ત્યારે તેમને ન્યાત અગર સમાજની બહાર [illegible] આવતા એનો એક પણ પુરાવો શાસ્ત્રોમાંથી મળતો નથી. તેમ પરદેશ જનાર બ્રાહ્મણ હલકી વર્ણના હતા એવું પણ નથી. આજે [illegible], [illegible], આર્યકુલધુરંધર [illegible] અને ક્ષત્રિયો પણ મોટી સંખ્યામાં પ્રવાસ યુરોપ વગેરે [illegible] તેની ગણના તેટલી શાસ્ત્રીઓ છે."[4]

### [illegible] સમુદ્રપર્યટન વિરુદ્ધની દલીલોનો જવાબ —

કેટલાક એવી દલીલ કરે છે કે "સમુદ્રનો પ્રવાસ કરી [illegible] શ્રાદ્ધ વખતે ભોજન કરાવવાનો મનુએ નિષેધ કર્યો છે. એટલા માટે મનુનો અભિપ્રાય ધ્યાનમાં લઈને સમુદ્રપર્યટનની વિરુદ્ધ છે એમ સમજવું." તો એ ઉપરથી એટલા [illegible] ન્યાતના હિન્દુઓને સમુદ્રમાર્ગ [illegible] નથી [illegible] થઈ જાય છે. [illegible]

[illegible]

નારા, શૂદ્રોની પાસેથી દાનદક્ષિણા લેનારા, દુકાનદારી કરનારા, પોતાના પિતાની સાથે કજીઓ કરનારા, વેદની નિંદા કરનારા, પુષ્કળ યજ્ઞો કરાવનારા, અનેક ન્યાતના લોકોનું ગોરપદું કરનારા, શૂદ્રોનું ગોરપદું કરનારા, જુગાર રમવાનો જેમને ચડસ લાગ્યો હોય એવા શ્રૌતસ્માર્ત વિધિનો અને અગ્નિહોત્રનો ત્યાગ કરનારા, પંચમહાયજ્ઞ રહિત હોય એવા—અરે ! હજી તો ઘણા બાકી છે કારણ કે યાદી ઘણી લાંબી છે—આ બધાને ન્યાતબહાર ન મૂકતાં એકલા સમુદ્રનો પ્રવાસ કરી આવનાર બ્રાહ્મણે શું બગાડયું કે તેને એકલાનેજ ન્યાતબહાર મૂકવાને આપણે તૈયાર થઇએ છીએ ?

કેટલાક એવી દલીલ કરે છે કે "બૃહન્નારદીય પુરાણમાં એક એવું વચન છે કે કલિયુગમાં સમુદ્રયાત્રા કરવી નહિ." આ દલીલ કેટલી વજૂદ વગરની છે તે અમે આગળ ઉપર "વિધવા-વિવાહ" ની ચર્ચા કરતી વખતે બતાવ્યું છે.

શ્રી. પરેશનાથ બન્દોપાધ્યાય લખે છે કે "અઢાર પુરાણોમાં-થી કોઈપણ પુરાણ સમુદ્રપર્યટનનો નિષેધ કરતું નથી. પરંતુ એથી ઉલટું હિન્દુઓ સમુદ્રભ્રમણ કરતા એવું ઘણાંખરાં પુરાણોને આધારે સાબિત થાય છે. ઉપર જે જે પૌરાણિક વર્ણનો મેં ટાંકી બતાવ્યાં છે તે વડે ચોખ્ખું પુરવાર થાય છે કે પૌરાણિક યુગમાં હિન્દુ લોકો રોમથી ચીન સુધીના અનેક દેશવિદેશોમાં હમેશાં જાવ આવ કરતા હતા."*

(જ) સમુદ્રપર્યટન બંધ થવાનાં માઠાં પરિણામ—

એશિયાખંડના જુદા જુદા દેશો સાથેનો વેપાર, યુરોપ, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા એટલા ખંડો સાથેનો વેપાર તેમજ દેશનાંજ જુદાં જુદાં બંદરો વચ્ચેનો વેપાર, એ ત્રણ મળી-ને ભરતખંડનો કુલ દરિયાઈ વેપાર ચાર અબજ અને પંચોતેર કરોડ રૂપીઆનો થવા જાય છે. તે ઉપરાંત દર વર્ષે સેંકડા લાખ માણસો હિન્દની બહાર દેશાવર જાવ આવ કરે છે. આવડા મોટા મોભાદાર ધંધાનો બહુજ અલ્પ લાભ આપણા દેશની નૌકા કંપની-ઓના હાથમાં છે. ઘણોજ મોટો હિસ્સો પરદેશી નૌકા કંપની-ઓએ પડાવી લીધે. છે; તેઓ દરવર્ષે ગંજાવર નફો કરે છે ત્યારે ભારતવાસીઓ દરવર્ષે ગરીબાઇના ખાડામાં ઉંડાને ઉંડા ઉત-

* પ્રસ્થાન, વૈશાખ, ૧૯૮૧ પૃ૦ ૨૮.

રતા જાય છે. આપણી દુર્દશા એટલે સુધી પહોંચી છે કે આપણી સરેરાશ વાર્ષિક કમાણી ઘટી ઘટીને ત્રીસ રૂપીઆની થઇ ગઇ છે.

તે ઉપરાંત પરદેશના લોકો આપણા કરતાં કેટલી કેટલી બાબતોમાં આગળ વધી ગયા છે તેનો વિચાર કરવો જોઇએ. પરદેશમાં કયી કયી બાબતોની શોધખોળ થઈ રહી છે, ત્યાંના સમાજજીવનમાં કેટલા અને કયા સુધારા થતા જાય છે તેની આપણને કાંઇજ ખબર નથી; કારણકે આપણે આપણા દેશની સીમામાં પુરાઇ રહીએ છીએ અને દુનિયા કેટલી આગળ ધપે છે તે જોવા દેશની બહાર ડોકિયું કરતા નથી. પરદેશથી આપણે વિદ્યા, સંપત્તિ, યંત્રો, એમાંનું કાંઇ લાવી શકતા નથી અને તેથી જગતના બીજા મુલકોની સાથે હરીફાઈ કરવાની તાકાત આપણામાં રહી નથી.

પોલેન્ડ દેશમાં જમીનની અંદર ગંજાવર મીઠાની ખાણો છે. ખાણોની અંદર હમેશાં ઘોર અંધકારજ હોય છે. એ ખાણોમાં કામ કરનારા મજૂરો આજકાલ કરતાં લગભગ ૬૦૦ વર્ષથી પેઢી દર પેઢીથી દીવાના પ્રકાશની મદદથીજ પોતાનો ઉદ્યમ કરતા આવ્યા છે. એવા થોડા ઘણા નહિ પણ હજારો મજૂરો–સ્ત્રીઓ અને પુરુષો–ખાણોની અંદરજ વાસો કરે છે. તેઓ ખાણોની અંદરજ જન્મ્યાં હતાં, ખાણોમાંજ મોટાં થયાં અને ત્યાંનાં ત્યાંજ ઘરડાં થઇને મરી જવાનાં. તેમણે બાપજન્મારામાં એક વાર પણ ચન્દ્ર, સૂર્ય કે બહારના જગતનું દર્શન કર્યું નથી; આ વિશ્વની શોભા અને વૈભવની તેમને કદી ઝાંખી થઈ નથી. તેઓ બિચારાં એમજ સમજે છે કે અમારી ખાણ એજ સઘળું વિશ્વ છે અને એ સિવાય જગતમાં બીજું કાંઈ પણ જોવા કે જાણવા જેવું છેજ નહિ. સમુદ્રપર્યટનને અભાવે ભારતવાસીઓની પણ આવીજ મનોદશા થઇ ગઈ છે.

સ્મરણાતીત કાળથી માંડીને છેક ગઈ કાલ સુધી જે પ્રજા દરિયાઇ વેપાર કરતી, જે પ્રજા જગતના સમુદ્રે સમુદ્રમાં ઘૂમી આવતી, જેની પાસે પોતાનાં વેપારી અને લડાયક જહાજ હતાં, જેના દેશમાં વહાણ બાંધવાનાં મોટાં ગંજાવર કારખાનાં હતાં, જેને સમુદ્રકિનારે સમૃદ્ધિવાન બંદર હતાં તે પ્રજા આજે કહે છે કે અમે વહાણમાં બેસીને દરિયો ઓળંગીએ તો વટલાઇ જઈએ ! જે કામ મહર્ષિ વસિષ્ઠે કર્યું હતું, ધર્મરાજા યુધિષ્ઠિરે

અને પુરુષોત્તમ સરખા કૃષ્ણે કર્યું હતું તે કામ કરવા જતાં આજે હિન્દુઓને વટલાવાની બીક લાગે છે ! આવા લોકોનો અધઃપાત ન થાય તો બીજા કોનો થાય ? કવિ મામિંક વેદનાથી પીડાઇને આંસુ ખેરવતો ગાય છે કેઃ—

" એકદા જાહાર બિજય સેનાની, હેલાય લંકા કોરિલો જય;
એકદા જાહાર અર્ણવપોત ભ્રમિલો ભારત સાગરમય;
સન્તાન જાર તિબ્બત ચીન જાપાને ગોઠિલો ઉપનિબેશ,
તાર કિ સાજે ગો ધૂલાય આસન, તાર કિ છાજે ગો છિન્ન બેશ ?×

દ્વિજેન્દ્રલાલ રાય

## (૨૦) વિદેશગમન

અર્જુન વગેરે હિન્દુ હોવા છતાં પરદેશ કેવી રીતે જઈ આવ્યા હશે ? તેઓ વટલાઈ નહિ ગયા હોય ? તેમને કોઇએ ન્યાતબહાર નહિ મૂકયા હોય ? નહિજ.

પ્રાચીન સમયમાં વિદેશપર્યટન એ કેળવણીનું મુખ્ય અંગ અને ઉન્નતિનું સાધન મનાતું. મતલબ કે, જેને કૂવામાંના દેડકાના જેવી દશામાંથી છૂટીને ઉન્નત થવું હોય તેને માટે પરદેશગમન ખાસ અગત્યનું છે. પરદેશ જવાથી આપણે જાણી શકીએ કે આપણી પાસે જે કાંઇ છે તેમાંનું બધુંજ શ્રેષ્ઠ નથી. અને આપણે પોતે પણ જગતની શ્રેષ્ઠ પ્રજાતરીકે ગણાવા લાયક નથી. વળી દેશદેશના જુદાજુદા પ્રકારના આચારવિચાર, તેમનું રાજ્યતંત્ર, તેમનાં સાધનસંપત્તિ વગેરેથી આપણે જાણકાર થઇએ છીએ. પરદેશ ફરી આવવાથી બુદ્ધિ સતેજ થાય છે, મન ઉદાર અને ઉન્નત થાય છે, કયા દેશની કયી બાબત શ્રેષ્ઠ છે તેનો સ્વતંત્રપણે નિર્ણય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ત્યારપછી બીજા દેશનું જે કાંઇ શ્રેષ્ઠ ઠરે તેને પોતાના દેશમાં દાખલ કરીને દેશની ઉન્નતિ કરવાની સૂઝ પડે છે. આવો વિચાર કરીનેજ મહાભારતમાં કહ્યું છે કે "પૃથ્વી ઉપરના આઘે આઘેના મુલકોમાં

× એક વાર જે દેશના વિજય નામના સેનાપતિએ રમતા રમતાં લંકાને જીતી લીધો હતો, જેનો કાફલો આખા હિન્દી મહાસાગરમાં ઘૂમતો હતો, જેના સંતાનોએ તિબેટ, ચીન અને જાપાનમાં વસાહતો સ્થાપી હતી તે દેશનું આસન ધૂળમાં હોવું ઘટે ખરું ? તેને ચીંથરેહાલ વેશ શોભે ખરો ?

(બંગાળાના એક રાજાના યુવરાજ વિજયને તેના પિતાએ દેશનિકાલ કર્યો ત્યારે તેણે લંકા જીતીને ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. સેવાનંદ)

ફરી આવનાર માણસનું જ્ઞાન વિશાળ થાય છે અને દેશનું કલ્યાણ કરવાના ઉપાય જાણી શકે છે."* અસલના હિન્દુઓ જગતના દૂરદૂરના મુલકોમાં જઈ આવતા તેની આ એક સાબિતી છે; નહિ તો આવું સત્ય તેઓ જાણેજ કેવી રીતે? શ્રીમદ્ ભાગવત-માં પણ કહ્યું છે કે "જગતમાં પ્રવાસ કરવો.÷ તે ઉપરાંત રામાયણ, મહાભારત વગેરે અનેક સંસ્કૃત ગ્રંથોમાં જગતના જુદા જુદા દેશોની ભૂગોળનાં વર્ણન છે. દાખલા તરીકે ઉત્તરધ્રુવના પ્રદેશમાં છ માસ દિવસ અને છ માસ રાત્રિ રહે છે તેનો મહાભારતમાં ઉલ્લેખ કર્યો છે.+ વળી એજ પ્રદેશમાં રાત્રિને વખતે મેરુજ્યોતિ અથવા "ઓરોરા બોરિલિસ" નામનો વિશિષ્ટ પ્રકાશ દેખાય છે તેનું વર્ણન રામાયણમાં અને મહાભારતમાં બેઉમાં છે.×

યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ અને દ્રૌપદી ભારતવર્ષનાં એકે એક તીર્થસ્થાનમાં અને ટિબેટમાં પણ જઈ આવ્યાં હતાં. અર્જુને તો ઘણી વાર આખા હિન્દુસ્તાનનો પ્રવાસ કર્યો હતો. એકલી જાતે, કોઇની પણ સહાય વગર હિમાલય ઓળંગીને ટિબેટ દેશ વીંધીને ઠેઠ સ્વર્ગમાં જઇને ત્યાંથી પાછો સ્વદેશ આવ્યો હતો. વેદવ્યાસ, લોમશ મુનિ અને બીજા કેટલાએ ઋષિમુનિઓ અને બ્રાહ્મણો સદેહે સ્વર્ગમાં જઇને ભરતખંડમાં પાછા આવ્યા હતા.§ દેવર્ષિ નારદ ક્ષીરસમુદ્રની પેલી પાર આવેલા શ્વેતદ્વીપમાં જઈ આવ્યા હતા.† વેદવ્યાસના પુત્ર શુકદેવ સુમેરુ પર્વતથી ભરતખંડ સુધીનો આખો એશિયાખંડ પગે ચાલીને જોઇ આવ્યા હતા.‡ કૃષ્ણ પોતે પણ ભરતખંડની બહાર આવેલો ચક્રવાન નામનો દ્વીપ અને ગાન્ધાર દેશ જીતી આવ્યા હતા.=

---

* સભાપર્વ, ૧૫–૪

÷ શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૧, અધ્યાય [illegible]

+ શાંતિપર્વ, ૨૩૧–૧૭

× ભીષ્મપર્વ, ૮–૧૧–૧૨. રામાયણ, [illegible]

§ વનપર્વ, અધ્યાય ૪૭. ૬૧. [illegible] ૧૬ [illegible] ૬૧–૬૫. અનુશાસન પર્વ, અધ્યાય ૧૬૭.

† શાંતિપર્વ, અધ્યાય ૩૩૫ થી [illegible]

‡ [illegible] ૧૧. [illegible]

= [illegible] દ્રોણપર્વ, ૬૯–૨૫.

ઇસ્વીસન પૂર્વે સાતમા સૈકામાં હિન્દના અનેક વેપારીઓ વ્યાપાર અર્થે ચીન આવજાવ કરતા હતા. ઇસવી સન પૂર્વે છઠ્ઠા સૈકામાં હિન્દના વેપારીઓએ બાબિલન શહેરમાં પેઢીઓ નાખી હતી અને ત્યાંના લોકોની સાથે વેપાર કરતા હતા. ઇસવીસન પૂર્વે પાંચમા સૈકામાં જ્યારે ઇરાનના મહાપ્રતાપી શહેનશાહ ઝરકસીસે ગ્રીસ દેશ ઉપર સ્વારી કરી હતી ત્યારે તેના સૈન્યમાં હિંદના લડવૈયાઓ પણ હતા અને તેમણે ગ્રીકની સાથે લડવામાં ભાગ લીધો હતો. ઇસ્વીસન પૂર્વે ચોથા સૈકામાં ગ્રીક સેનાપતિ સિકંદરે હિન્દ ઉપર આક્રમણ કર્યું હતું. તે જ્યારે પોતાને દેશ પાછો ગયો ત્યારે તે પોતાની સાથે પુષ્કળ હિંદુ વૈદ્યોને લેતો ગયો હતો. "મહાવંશ" નામના બૌદ્ધ ગ્રંથમાં લખ્યું છે કે ઇસવી સન પૂર્વે ત્રીજા સૈકામાં ઘણા બૌદ્ધ ધર્મપ્રચારક સાધુઓ મિસર દેશના ભૂમધ્ય સમુદ્રને કિનારે આવેલા અલેક્ઝાન્ડ્રિયા નગરમાં ગયા હતા. કેટલાએ હિંદુ વૈદો બગદાદ, પેલેસ્ટાઇન અને મિસર દેશમાં વૈદકનો ધંધો કરવા જતા હતા. વળી હિંદુ જ્યોતિષીઓમાંથી પણ કેટલાક બગદાદ શહેરમાં જઈ વસ્યા હતા અને આરબ લોકોને જ્યોતિષ શીખવતા હતા. હિંદુ ગવૈયાઓ પણ ઇરાનના રાજાના દરબારમાં રાજાની પદવી પ્રાપ્ત કરીને ત્યાંજ રહેતા હતા. ધર્મગુરુઓમાંથી ઘણા પંડિતો અલેક્ઝાન્ડ્રિયા રહેવા જતા હતા. ઈસવીસનની પૂર્વે ચોથા સૈકા સુધીમાં [illegible] અને મકરાણથી પંજાબ સુધીના પ્રદેશમાં બે ત્રણ રાજ્યો થઈ ગયા. તેઓ [illegible] પછી વાર ચીનના રાજદરબારમાં [illegible] કરતા હતા. પૃથ્વીના પડ ઉપર એવો એક પણ દેશ નથી કે જ્યાં [illegible] [illegible] હિંદુઓ [illegible] ન હોય. પૃથ્વીનો એવો એકે [illegible] નથી કે જ્યાં હિંદુઓ [illegible] [illegible] હિંદુઓ [illegible] [illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

વીર શરચ્ચંદ્ર દાસ ટિબેટની રાજધાની લાસાસુધી જઇ આવ્યો હતો. ટિબેટના લોકોની આંખમાં ધૂળ નાખીને તેમની કેટલીએ જગ્યાઓ તે જોઇ આવ્યો હતો અને તેમને લગતી જાણવા જેવી હકીકતો એકઠી કરીને ભારે ભારે સંકટો અને વિપત્તિઓમાંથી બચીને સ્વદેશ પાછો ફર્યો હતો.

## (૨૧) જાતિભેદ

ક્ષત્રિય રાજા ધૃતરાષ્ટ્રે પારશબ શૂદ્ર જાતિમાં જન્મેલા વિદુરને "ભાઇ" કહીને આલિંગન દીધું હતું, કારણ કે અસલના જમાનામાં હાલના જેવા નીચ ઉંચના કૃત્રિમ ભેદ હતાજ નહિ.

### (क) પશ્ચિમની પ્રજાઓના અને હિંદુઓના પૂર્વજો એક હતા—

વેદની સંસ્કૃત ભાષા, પારસીઓની પ્રાચીન ભાષા ઝન્દ અવેસ્તા, ગ્રીક, લૅટિન, પ્રાચીન અંગ્રેજી, આઇરિશ, સ્કૉટિશ, જર્મન, ડેન, નૉર્વે, સ્વીડિશ, પ્રાચીન પ્રશિયન, લિથુઆનિયન, આલ્બેનિયન, બલ્ગેરિયન, રશિયન અને એ સિવાયની યુરોપમાં બોલાતી ઘણી ભાષાઓમાં એવા હજારો શબ્દો છે કે જેમની વચ્ચે આશ્ચર્યકારક મળતાપણું જોવામાં આવે છે. વળી વિશેષ ખુબીની વાત એ છે કે એકબીજાથી આટલે દૂર આવેલા દેશોમાં બોલાતી જુદી જુદી ભાષાઓમાં એ બધાજ શબ્દો એક જ અર્થમાં વપરાય છે. એ શબ્દોના ધાતુ અને એ બધી ભાષાઓના વ્યાકરણના નિયમો પણ બહુધા એકસરખા છે. પ્રાચીન હિંદુઓના અને હાલના યુરોપના લોકોના પૂર્વજોના સામાજિક નિયમો અને ધાર્મિક માન્યતાઓ પણ એકસરખાંજ હતાં. તેઓ બધાજ આત્માને માનતા, મરી ગએલા પૂર્વજોની અને ભૂતપ્રેતની પૂજા કરતા. વળી તેઓ ઉષા, વરુણ વગેરે દેવોની આરાધના કરતા અને તેમનામાં યજ્ઞયાગ કરવાનો રિવાજ હતો તેથી કરીને તેઓના સમાજમાં પુરોહિતોનો એક વર્ગ ઉભો થયો હતો. વેદના અનેક દેવતાઓનાં નામ થોડાક ફેરફાર સાથે ઉપર ગણાવેલી બધી ભાષાઓમાંથી મળી આવે છે. આ બધી બાબતોના મળતાપણા ઉપરાંત યુરોપની પ્રજાઓનો ઇતિહાસ કહે છે કે તેમના પૂર્વજો કોઇ આઘેના મુલકમાંથી આવીને યુરોપમાં પોતાની વસાહતો જમાવી હતી. આ બધાં કારણોને અને તે ઉપરાંત બીજી કેટલીક આસપાસની હકીકતોને ધ્યાન-

માં લઈને ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરનારા પાશ્ચાત્ય ભાષાતત્ત્વવિદ્ પંડિતો એવા અનુમાન ઉપર આવ્યા છે કે ઉપર ગણાવેલી ભાષાઓનું અને સંસ્કૃત ભાષાનું મૂળ સ્વરૂપ એકજ હોવું જોઈએ. હિંદના આર્યોના પૂર્વજો અને આ બધી ભાષાઓ બોલનારી પ્રજાઓના પૂર્વજો અત્યંત પ્રાચીન કાળમાં એકજ દેશમાં ભેગા રહેતા હોવા જોઈએ; ટૂંકમાં કહીએ તો તેમને બધાને એકજ પ્રજાનાં અંગ માન્યા વગર છૂટકો નથી.

કર્નલ ટૉડ અનેક દાખલાદલીલો આપીને લખે છે કે "હય અથવા અશ્વજાતિ, તક્ષક, ચીન, તાતાર, મોંગોલ, શક અને હિંદુ એ ઘણું કરીને એકજ મૂળજાતિમાંથી ઉતરી આવ્યા છે."

## (ग) હાલના હિંદુઓ પણ અનેક જાતિઓના મિશ્રણમાંથી જન્મ્યા છે.

સ્મરણાતીત ભૂતકાળથીજ ભરતખંડની અંદર મુંડા, કોણ, ગોન્ડ, સાન્તાલ, ભીલ, કિરાત વગેરે અનાર્ય અને અસભ્ય જાતિઓ વસતી હતી એવો વિદ્વાનોનો અભિપ્રાય છે. ત્યારપછી દ્રાવિડ નામની એક બીજી અનાર્ય જાતિ બહારના કોઈ મુલકમાંથી આવીને આખા ભરતખંડમાં ફેલાઈ ગઈ. તેમના પછી આર્યો આવ્યા અને પહેલાં પંજાબ અને તેની આસપાસના પ્રદેશમાં વસ્યા. વખત જતાં તેઓ ધીમે ધીમે આગળ વધતા ગયા અને એમ કરતાં તેમનો વંશવેલો આખા ભરતખંડમાં પથરાઈ ગયો. ત્યારપછી ઇતિહાસના જુદા જુદા યુગમાં મોંગોલ, પારદ, પહ્લવ, શક, યવન, શ્વેતહૂણ, તક્ષક, ઇરાનીઓ, ગ્રીક, જાટ, તુરાન, ગુર્જર, આભીર, અહોમ, તાતાર, બલુચ, આરબ વગેરે પ્રજાઓની એક પછી એક ટોળીઓ ભરતખંડની બહારના મુલકોમાંથી આવી આવીને અહીં ઠરીઠામ થઇ. વખત જતાં એ બધી અનાર્ય અને આર્ય જાતિઓ તેમજ મુંડા, ગોન્ડ, કોલ, કિરાત વગેરે અસલી જાતો સેળભેળ થઇ ગઇ અને તે બધાના સંમિશ્રણમાંથી હાલની હિંદુ પ્રજા બની છે.

## (ग) જાતિ વિષે મહાભારત વગેરેનો મત

મહાભારતમાં લખ્યું છે કે મનુષ્યજાતિનો મૂળ પૂર્વજ મનુ હતો તેમાંથી બધી માનવપ્રજાની ઉત્પત્તિ થઇ છે. મતલબ-કે હિંદુ, યવન, મ્લેચ્છ વગેરે અસલ એકજ મૂળ પુરુષની ઓલાદ છે. ક્ષત્રિય રાજા દક્ષાતિની સ્ત્રી દેવદાની પ્રજાપતિની પુત્રી હતી.

તેને પેટે યદુ અને તુર્વસુ નામના બે પુત્રો જન્મ્યા. એજ યયાતિને એક બીજી સ્ત્રી પણ હતી. તે કોઈ અસુરની પુત્રી હતી. તેનું નામ શર્મિષ્ઠા હતું. તેને પેટે દ્રુહ્યુ, અનુ અને પુરુ, એ ત્રણ પુત્રો જન્મ્યા હતા. હવે આ યદુના વંશમાંથી યાદવો થયા; દ્રુહ્યુના વંશમાંથી ભોજ લોકો પેદા થયા; પુરુના વંશજો પૌરવો કહેવાયા; અને તુર્વસુના વંશમાંથી બધી મ્લેચ્છ જાતિઓ ઉત્પન્ન થઇ.×

કદાચ કોઈ એવી દલીલ કરે કે મહાભારતમાં વર્ણવેલી પ્રજાઓની ઉત્પત્તિનો કાળ બીજા બનાવોની સરખામણીમાં ઘણો પાછળનો કહેવાય; તેથી એ વિવરણ વિશ્વાસપાત્ર નથી. તેનો જવાબ એ છે કે, મહાભારત કરતાંએ ઘણો પ્રાચીન જે ઋગ્વેદ તેમાં પણ યદુ, તુર્વસુ, દ્રુહ્યુ, અનુ અને પુરુ, એ પાંચ વંશના ઉલ્લેખ છે અને તેઓ એકબીજાની સાથે લડતા ઝઘડતા એવું પણ ઋગવેદમાં લખ્યું છે.

મનુસંહિતા અને મહાભારત બેઉમાં લખ્યું છે કે યવન, શક, ચીન, પારદ, દરદ અને ખશ જાતિઓ અસલ ક્ષત્રિય જાતિઓ હતી. પણ પાછળથી તેમનો બ્રાહ્મણોની સાથે સંસર્ગ ન રહેવાથી તેઓ પતિત થએલી મનાય છે.÷ આ ઉપરથી આપણે અનુમાન કરી શકીએ છીએ કે જે જે દેશોમાં બ્રાહ્મણો રહેતા ન હતા તે તે આઘેના દેશોમાં ક્ષત્રિયો જઇ વસ્યા હતા. પછી વખત જતાં તેમનાં અસલ નામ ભૂંસાઇ ગયાં અને તેઓ જુદે જુદે નામે ઓળખાતા થયા. પરશુરામે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી હતી. આથી કરીને બ્રાહ્મણો અને ક્ષત્રિયોનો ઝઘડો ઘણાં વર્ષ સુધી ચાલ્યો હોવો જોઇએ. એ જમાનામાં ઘણા ક્ષત્રિયો પોતાના જાન બચાવવા માટે હિન્દની બહાર નાસી ગયા હતા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે ઘણા હિન્દુઓએ અપરાધ કર્યો હશે. તેટલા માટે સગર રાજાએ તેમનાં માથાં મૂંડી નંખાવીને તેમને ભરતખંડમાંથી દેશનિકાલ કર્યા. એજ લોકોના વંશજો પાછળથી યવન કહેવાયા.

### (ઘ) વેદના યુગમાં જાતિભેદ ન હતો.

વેદના જમાનામાં તો ચાર વર્ણવિભાગ પણ પડયા ન હતા. તો પછી હાલના જેવા સાંકડા જાતિભેદની તો વાતજ શી

× આદિપર્વ, ૭૫-૧૩. ૮૫-૩૪, ૩૫.

÷ મનુસંહિતા, ૧૦-૪૩,૪૪. અનુશાસનપર્વ, ૩૩-૨૧,૨૨,૨૩

કરવી ? ઋગ્વેદના પુરુષસૂક્તમાં ચાર વર્ણનો ઉલ્લેખ આવે છે. તેની ભાષા, છન્દ, વ્યાકરણ અને શૈલિની પરીક્ષા કરીને પાશ્ચાત્ય પંડિતો એવું અનુમાન બાંધે છે કે, ઋગ્વેદની રચના થયા પછી ઘણી લાંબી મુદત વીત્યા બાદ આ સૂક્તને કોઇએ રચીને ઋગ્વેદની અંદર પ્રક્ષિપ્ત કરી દીધું છે. ઋગ્વેદમાં જો કોઇ પણ ઠેકાણે ચાર વર્ણનો ઉલ્લેખ હોય તો માત્ર આ એકલાજ સૂક્તની અંદર છે. એ સિવાય આખા ઋગ્વેદમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એવા જાતિવાચક શબ્દો નજરેજ પડતા નથી.

વેદના જમાનામાં જેટલા આર્યો હતા તે બધાજ ઋષિઓ હતા. ઋગ્વેદના મંત્રો બનાવનાર પણ તેઓ, યજ્ઞ કરનાર પણ તેઓ અને જરૂર પડે ત્યારે હાથમાં શસ્ત્ર લઈને યુદ્ધે ચઢનાર પણ એજ ઋષિઓ. વળી બારે માસ ખેતીવાડીનું કામ પણ તેમનુંજ. એમ કરતાં કરતાં તેમનું કાર્યક્ષેત્ર ઘણું વધી પડયું ત્યારે કેટલાક ઋષિઓએ કેવળ ભણવા ભણાવવાનું અને યજ્ઞાદિ ક્રિયાઓ કરવાનું કામ પોતાને માથે લીધું, કેટલાક લડાઇઓ લડવાનાજ કામમાં રોકાઇ ગયા અને કેટલાકે ખેતીવાડી અને પશુપાલનનું કામ ઉપાડી લીધું. પછી જેમ જેમ વખત જતો ગયો, તેમ તેમ તેમના વંશજો પોતાના બાપદાદાના ધંધામાંજ પલોટાતા ગયા.

(ह) ચાર વર્ણ

અસલતો બ્રાહ્મણો પણ યુદ્ધવિદ્યા શીખતા અને ક્ષત્રિયો બ્રાહ્મણોને બ્રહ્મવિદ્યા પણ ભણાવતા.* અમુક કામ તો અમુક વર્ણના હોય તેજ કરે એવું કશું હતુંજ નહિ. મહાભારતમાં લખ્યું છે કે અભિમન્યુના બાલકર્મ વગેરે તમામ સંસ્કાર કૃષ્ણે પોતેજ પુરોહિતની જગ્યાએ બેસીને કરાવ્યા હતા.= કૃષ્ણ બ્રાહ્મણ ન હતા તો પણ પુરોહિતનું કામ જાણતા હતા. મહાભારતમાં એક બીજે ઠેકાણે કૃષ્ણને 'ऋत्विज्' એટલે યજ્ઞને જાણનારા પુરોહિત કહ્યા છે.× વળી શાન્તનુ રાજાના મોટા ભાઇ દેવાપિએ પોતાના નાના ભાઇનો યજ્ઞ કરાવી આપ્યો હતો. અસલ ચાર

* જુઓ છાન્દોગ્યોપનિષદ

= આદિપર્વ ૨૨૧-૩૧.(વર્દમાન રાજકુટુંબની આવૃત્તિને આધારે)

× સભાપર્વ, ૩૮-૨૨.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તેજ પવિત્ર છે, અને તેજ સાચો બ્રાહ્મણ છે. જે વ્યક્તિ મન, વચન અને કર્મથી પાપ કરતોજ નથી, જે અતિશય સંયમી છે તેનેજ હું બ્રાહ્મણ કહું છું."+

મનુ કહે છે કે "જે પોતાનાં વિહિત કર્મનું અનુષ્ઠાન કરે છે, જે જનસમાજને ઉપદેશ આપીને તેમના વ્યવહારનું નિયમન કરે છે, જે ધર્મનાં વ્યાખ્યાન આપી શકે છે, જે ભૂતમાત્ર પ્રત્યે મિત્રભાવ ધારણ કરે છે તેજ સાચો બ્રાહ્મણ છે. પોતાના ગુણના પ્રભાવથી શૂદ્ર પણ બ્રાહ્મણ થઇ શકે છે અને તેવા ગુણનો જેનામાં અભાવ હોય તે બ્રાહ્મણને ઘેર જન્મેલો છતાં શૂદ્રજ છે. બ્રાહ્મણ વેદાભ્યાસ ન કરે તો તે શૂદ્રસમાન છે."*

મનુ, પરાશર, વ્યાસ, વસિષ્ઠ અને મહાભારતના રચનાર, એ બધાએ એકના એકજ શ્લોક દ્વારા જાહેર કરે છે કે "જેમ લાકડાનો હાથી તે કાંઇ સાચો હાથી નથી, મૃગના ચામડા વડે મઢેલું મૃગનું પૂતળું તે કાંઇ સાચું મૃગ નથી, તેજ પ્રમાણે જે માત્ર નામનોજ બ્રાહ્મણ છે, જેણે અધ્યયન કર્યું નથી એવો મૂર્ખ અભણ બ્રાહ્મણ સાચો બ્રાહ્મણ નથી.÷

હમણાં ઋષિમુનિઓનો જે અભિપ્રાય આપણે જોઇ ગયા તેમાં બુદ્ધદેવના અભિપ્રાયનોજ પડઘો છે તે વાચક લક્ષમાં રાખે. બૌદ્ધોની આવી ઉદાર ભાવના મહાભારતના એકે એક પૃષ્ઠમાં પ્રતિબિંબિત થાય છે. વળી મહાભારત કહે છે કે "જન્મ, ઉપનયન સંસ્કાર અને વેદનું અધ્યયન, એ ત્રણ વડે પણ બ્રાહ્મણત્વ સિદ્ધ થતું નથી. ખરેખરૂં બ્રાહ્મણત્વ તો સચ્ચરિત્રમાં રહેલું છે. વિશુદ્ધ ચરિત્ર એ એકજ બ્રાહ્મણપણાનું ચિહ્ન છે. ચિત્તશુદ્ધિ સિદ્ધ કર્યા વગર કોઈ બ્રાહ્મણ થઈ શકતો નથી. જેનામાં ક્રોધ અને મોહની ગંધ સરખી નથી, જે અહિંસક અને જિતેન્દ્રિય છે, તે એકલોજ બ્રાહ્મણ છે. જે ભૂતમાત્ર તરફ સમાન દૃષ્ટિ રાખે છે, સર્વને આત્મવત્ જાણે છે, તે બીજાં ધર્મકૃત્ય કરે યા ન કરે તોપણ તે સાચો બ્રાહ્મણ છે. જે સર્વને પોતાના સમાન ગણીને સર્વના ઉપર પ્રીતિયુક્ત રહે છે, જે લોકકલ્યાણના સાધનને

---

+ ધમ્મપદ, પૃ૦ ૨૨૭,૨૨૮

* મનુસંહિતા, ૧૧-૩૫. ૧૦-૬૫. ૨-૧૭૨.

÷ મનુસંહિતા, ૨-૧૫૭. પરાશર સંહિતા, ૮-૨૩. વ્યાસ સંહિતા, ૪-૩૭. વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૩. શાંતિપર્વ, ૩૬-૪૬.

પોતાનો પરમ ધર્મ જાણે છે તેજ સાચો બ્રાહ્મણ છે. જે દયાળુ છે, ક્ષમાવાન છે, સરળ છે અને સચ્ચરિત્રવાન છે તેજ બ્રાહ્મણ છે. આટલા ગુણ જેમનામાં હોય તેઓજ બ્રાહ્મણ છે–બાકીના નહિ. જો ક્ષત્રિયો અને વૈશ્યો આવા બ્રાહ્મણધર્મનું અનુશીલન કરે અને બ્રાહ્મણનો વ્યવસાય કરે તો તેઓ પણ બ્રાહ્મણપદને યોગ્ય ગણાય. પવિત્ર સ્વભાવ અને પવિત્ર કાર્યદ્વારા શૂદ્ર પણ બ્રાહ્મણ બની શકે; વૈશ્યો અને ક્ષત્રિય તો થાયજ. લોકો પોતાનાં સત્કર્મ વડે દ્વિજ થઈ શકે છે, પોતાના સચ્ચરિત્ર વડે બ્રાહ્મણ થાય છે; ટુંકમાં માત્ર સરળ સ્વભાવ હોય તોપણ બ્રાહ્મણત્વની પ્રાપ્તિ થાય છે.× ભૂતમાત્ર તરફ સમદૃષ્ટિ રાખવી એ તો ચારે વેદના અધ્યયનના કરતાં પણ શ્રેષ્ઠ છે."* વળી પ્રસ્તુત ગ્રંથમાં યુધિષ્ઠિર અને નાગરાજના સંવાદમાં નાગના પહેલા પ્રશ્નના જવાબમાં અને યુધિષ્ઠિર અને યક્ષના સંવાદમાં યક્ષના સાતમા પ્રશ્નના જવાબમાં બ્રાહ્મણની ઘણીજ સ્પષ્ટ વ્યાખ્યા કરી છે.

આ બધા અત્યંત ઉદાર અને માન્ય કરવા જેવા અભિપ્રાય શાસ્ત્રોની પોથીઓમાંજ બંધાઇ રહ્યા ન હતા, પરંતુ વ્યવહારમાં પણ તેમનુંજ અનુસરણ થતું હતું.

### ([illegible]) એકજ બ્રાહ્મણનો એક પુત્ર એક જાતિનો અને બીજો પુત્ર તેથી જુદી જાતિનો ગણાતો.

એકના એકજ બાપના પુત્રોમાંથી કોઇ બ્રાહ્મણ, કોઇ ક્ષત્રિય, કોઇ વૈશ્ય અને કોઇ વળી શૂદ્ર પણ થઇ જતા. એટલું [illegible] એકના વંશમાંથી બ્રાહ્મણ થયા; બીજાના વંશમાંથી ક્ષત્રિય [illegible] અને ત્રીજાના વંશમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા [illegible]

પોતપોતાનાં શુભકર્મ પ્રમાણે કેટલાક બ્રાહ્મણ, કેટલાક ક્ષત્રિય, કેટલાક વૈશ્ય અને કેટલાક શૂદ્રો થયા હતા. ક્ષત્રિય રાજા ગૃત્સમદના બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણે જાતિના પુત્રો હતા. વળી ભાર્ગવ ગોત્રમાં જન્મેલા અંગિરસના પુત્રો પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે જાતિઓના થયા હતા. × ચન્દ્રવંશી અને સૂર્યવંશી ક્ષત્રિય રાજાઓના કુળમાં પણ એક ભાઈ ક્ષત્રિય તો બીજો ભાઈ બ્રાહ્મણ હતો, દાખલા તરીકે ક્ષત્રિય રાજા ઈક્ષ્વાકુના કેટલાક પુત્રો ક્ષત્રિય તો કેટલાક બ્રાહ્મણ થયા હતા. શાન્તનુ રાજા ક્ષત્રિય હતો, પણ તેનો મોટો ભાઈ દેવાપિ બ્રાહ્મણ થઈ ગયો હતો. • હારીત ક્ષત્રિય હતો પણ તેના ભાઈઓ બ્રાહ્મણો થયા હતા. ક્ષત્રિય રાજા યયાતિના વંશજોમાંથી પણ બ્રાહ્મણો થયા હતા. પંજાબમાં અત્યારે પણ એક એવી બ્રાહ્મણની ન્યાત છે કે જેનામાં કુટુંબનો વડો દીકરોજ બ્રાહ્મણ થાય છે.

### (જ) બ્રાહ્મણ પિતા અને ક્ષત્રિય માતાના પુત્રો બ્રાહ્મણ ગણાયા છે.

મનુનું એવું વિધાન છે કે "ત્રણે દ્વિજ વર્ણમાંથી જે કોઈ માણસ પોતાનાથી એક પાયરી ઉતરતી જાતિની સ્ત્રી દ્વારા અનુલોમ ક્રમ પ્રમાણે સંતાન ઉત્પન્ન કરે, તે પુત્રો તેમની માતાઓની નીચી જાતિને પ્રાપ્ત કરીને જે જાતિની તેમની માતા હોય તેજ જાતિના ગણાય છે." ÷ મહાભારતનો પણ એવોજ અભિપ્રાય છે. ‡

આમ છતાં વ્યવહારમાં આપણે શું જોઈએ છીએ ? ઋચિક નામના એક બ્રાહ્મણે ગાધિ નામના કોઈ ક્ષત્રિયની પુત્રી સાથે લગ્ન કર્યું. તેમનો જેઠો પુત્ર જમદગ્નિ બ્રાહ્મણમાં ગણાયો. વળી એજ જમદગ્નિ પણ કોઈ ક્ષત્રિયાણીને પરણ્યે, અને એ ક્ષત્રિયાણીને પેટે જન્મેલા પરશુરામ બ્રાહ્મણમાં ગણાયા. ¶ વધારે દષ્ટાંતની જરૂર નથી; પણ એક બીજી નોંધવા જેવી હકીકત

× હરિવંશ, હરિવંશપર્વ, અધ્યાય [illegible]
• [illegible], અધ્યાય [illegible]
÷ [illegible]
‡ [illegible]
¶ [illegible]

ટાંકીને આ ચર્ચા પૂરી કરીશું. જરત્કારુ નામનો એક બ્રાહ્મણ અનાર્ય નાગ જાતિની કન્યાને પરણ્યો; પણ એ નાગણી સ્ત્રીને પેટે જન્મેલો તેનો પુત્ર આસ્તિક મુનિ બ્રાહ્મણ ગણાયો.÷

### (ઝ) ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણી માતાના પુત્રો ક્ષત્રિય ગણાયા છે.

મનુસ્મૃતિ અને મહાભારતના મત પ્રમાણે ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણી માતાના પુત્રો સૂત જાતિના ગણાવા જોઈએ.* પણ ક્ષત્રિય રાજા યયાતિ દેવયાની નામની બ્રાહ્મણની પુત્રીને પરણ્યો હતો. તેથી કરીને મનુ અને મહાભારતકાર બેઉના મત પ્રમાણે યયાતિ અને દેવયાનીના પુત્રો યદુ અને તેના બધા વંશજો સૂત જાતિના ગણાવા જોઈતા હતા. હવે એજ યદુના વંશમાં કૃષ્ણ, બલરામ અને બીજા કેટલાએ પુરુષો જન્મ્યા હતા. પણ તેઓ પોતાના બળ, શૌર્ય આદિ ક્ષાત્રગુણોને લીધે સૂત નહિ પણ ક્ષત્રિયોજ ગણાયા.

### (ञ) અગાઉ ક્ષત્રિયો પોતાના ગુણ વડે બ્રાહ્મણો બનતા.

સિન્ધુદ્વીપ; દેવાપિ,× રાજર્ષિ જનક, વિશ્વામિત્ર, વીતહવ્ય અને ગૃત્સમદ વગેરે ક્ષત્રિય કુળમાં જન્મેલા છતાં પાછળથી બ્રાહ્મણોમાં ગણાયા છે.= ક્ષત્રિય પુરુરવાના વંશમાં જન્મેલો મેધાતિથિ બ્રાહ્મણ થઈ ગયો હતો.§ ગર્ગ ગોત્રમાં જન્મેલા માણસો જન્મે ક્ષત્રિયો હોવા છતાં પાછળથી બ્રાહ્મણો થઈ ગયા હતા.‡ શ્રીમદ્ ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામી લખે છે કે ક્ષત્રિયોના અનેક વંશજો પૂર્વે બ્રાહ્મણો થઇ ગયા છે.†

### (ટ) અગાઉ વૈશ્યો અને શૂદ્રો પણ બ્રાહ્મણ થઇ શકતા

મહાભારતમાં લખ્યું છે કે "વીસ પ્રકારના પુત્રોમાં કૃત્રિમ પુત્રની પણ ગણના થાય છે. માબાપ પોતાના બાળકને તજીને

---

÷ આદિપર્વ, અધ્યાય ૧૫

* મનુસંહિતા, ૧૦-૧૧. અનુશાસનપર્વ, ૪૮-૧૦.

× શલ્યપર્વ, ૪૦-૧, ૨, ૧૦

= શતપથ બ્રાહ્મણ, અનુશાસનપર્વ, અધ્યાય ૩૦. રામાયણ, આદિકાંડ, ૧૮-૫૫.

§ ગૌડ બ્રાહ્મણ પૃષ્ઠ ૨૯.

‡ શ્રીમદ્ ભાગવત, સ્કન્ધ ૯, અધ્યાય ૨૧, શ્લોક ૧૯

† શ્રીમદ્‌ભાગવત-સ્કંધ ૯-૨૧-૧૯ ટીકા.

આપ્યાં જાય અને તે બાળકને પોતાને ઘેર લઈ જઈને જે કોઈ ઉછેરીને મોટું કરે તે તેનું કૃત્રિમ સંતાન કહેવાય છે; એ બાળકનાં અસલ માતાપિતા કોણ છે તેની જો ભાળ ન મળે તો જે જાતના માણસને ઘેર ઉછરીને તે મોટું થયું હોય તેનીજ જાતમાં તે ગણાય છે અને તેજ જાતના રીતરિવાજ પ્રમાણે તે બાળકના વિવાહાદિ સંસ્કાર થવા જોઇએ.* આજ વિધાન પ્રમાણે કર્ણ સૂતજાતિનો ગણાયો. એવા સંજોગોમાં વૈશ્ય, શૂદ્ર અને યવન જાતિનાં છોકરાંઓ પણ બ્રાહ્મણમાં ગણાઈ ગયાં છે. નાભાગારિષ્ટના બેઉ છોકરા વૈશ્ય હતા. પાછળથી તેઓ બ્રાહ્મણમાં ગણાવા લાગ્યા.× અંધમુનિ વૈશ્ય હતા. તેમની શૂદ્ર જાતિની સ્ત્રીને પેટે જન્મેલા પુત્ર સિન્ધુમુનિ મોટા બ્રહ્મવાદી ઋષિ કહેવાયા. દશરથ રાજાને હાથે તેમનું મોત થવાથી દશરથને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું.÷ કક્ષીવાન ઋષિ દાસીપુત્ર હતા પણ પાછળથી માનનીય ઋષિ થઇ પડયા.§ બીજા દાસીપુત્ર નારદ બ્રાહ્મણ તો શું પણ દેવર્ષિ ગણાયા.† ગૌતમ ઋષિએ કોઈ અજાણી જાતની દાસીના પુત્ર સત્યકામ જાબાલની સત્યવાદિતાથી પ્રસન્ન થઇને તેને બ્રાહ્મણ બનાવી દીધો.+

### (ઠ) હલકી જાતિમાં જન્મેલા પણ અગાઉ બ્રાહ્મણોમાં ગણાયા છે.

કલિયુગમાંજ ચંડાલ જાતિની સ્ત્રીને પેટે જન્મેલા પરાશર મુનિ બ્રાહ્મણ, મહર્ષિ અને કલિયુગના સ્મૃતિકાર ગણાઇ ગયા. તેમના પુત્ર કૃષ્ણદ્વૈપાયન માછણને પેટે જન્મ્યા છતાં તે બ્રાહ્મણ કહેવાયા, એટલુંજ નહિ પણ મહર્ષિ થયા અને વેદના વિભાગકર્તા તરીકે પ્રસિદ્ધ થયા. વળી તેમના પુત્ર શુકદેવ તે મ્લેચ્છ જાતિની શુકી નામની કોઈ સ્ત્રીને પેટે જન્મ્યા હતા તો પણ બ્રાહ્મણધુરંધર બ્રહ્મવેત્તા અને મોટા તપસ્વી ગણાયા. અનાર્ય જાતિની કન્યા ઉલૂકીને પેટે જન્મેલા કણાદ બ્રાહ્મણ

---

* અનુશાસનપર્વ, અધ્યાય ૪૯.

× હરિવંશ, હરિવંશપર્વ, ૧૧-૯

÷ રામાયણ, અયોધ્યાકાંડ, ૬૩-૫૧. ૬૪-૨૪, ૨૫.

§ ચતુર્વર્ણ વિભાગ, પૃષ્ઠ ૬૭

† શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧, અધ્યાય ૫.

\+ છાન્દોગ્યોપનિષદ્ ૪-૮, ૫. રાજા રામમોહન રાયકૃત ગ્રંથાવલી, પૃષ્ઠ ૨૯.

અને મહર્ષિ કહેવાયા અને વૈશેષિક દર્શનશાસ્ત્રના પ્રણેતા તરીકે આજે સૌ તેમને વંદન કરે છે. બીજા એક ઋષ્યશૃંગ ઋષિ મૃગી નામની કોઇ શૂદ્રની છોકરીને પેટે જન્મ્યા હતા છતાં તેમની ગણના બ્રાહ્મણ અને મહર્ષિઓમાં થાય છે. વેશ્યાના પુત્ર વસિષ્ઠ બ્રાહ્મણ અને મહર્ષિ મનાયા અને મહાભારતમાં તેમને બ્રાહ્મણજાતિમાં સૌથી શ્રેષ્ઠ કહ્યા છે. મન્દપાલ મુનિ કોઇ હોડી હાંકનારની છોકરીના પુત્ર હતા; અને માંડવ્ય ઋષિ અતિશય હલકી જાતની મંડુકી નામની કોઇ સ્ત્રીના પુત્ર હતા અને છતાં બેઉ જણ બ્રાહ્મણ અને મહર્ષિ ગણાઇ ગયા. એવા તો કેટલાએ ઋષિમુનિઓ શૂદ્ર સ્ત્રીઓને પેટે જન્મ્યા છતાં પોતાના ગુણના પ્રતાપે બ્રાહ્મણ અને મહર્ષિ તરીકે પૂજાયા છે.* વળી ઉપરોક્ત મહર્ષિ મન્દપાલની સ્ત્રી પણ બહુજ હલકી ન્યાતની હતી. તેને પેટે એ ઋષિને ચાર દીકરા થયા હતા. તે બધાજ બ્રાહ્મણો અને ઋષિઓજ ગણાયા હતા.+ એમની વાત બાજુએ મૂકો, પણ કુક્કર અને પાડાનાં માંસ વેચનાર કસાઈ તો દેખીતી રીતેજ ઘણા નીચ કહેવાય; છતાં એવા કસાઇઓ- માંથી પણ કેટલાકને તેમના ધર્મજ્ઞાનના પ્રતાપે મહાભારતમાં બ્રાહ્મણ તરીકે વર્ણવ્યા છે. સ્વામી વિવેકાનંદ લખે છે કે "વેશ્યાના પુત્ર નારદ અને વસિષ્ઠ, દાસીનો પુત્ર સત્યકામ જાબાલ, માછ- ણના પુત્ર વ્યાસ, જેના બાપનો કશો પત્તોજ નથી એવા કૃપા- ચાર્ય, દ્રોણાચાર્ય અને કર્ણ એ બધા પોતાની વિદ્યા અથવા શૌર્યને પ્રતાપે ઉન્નતિ પ્રાપ્ત કરીને બ્રાહ્મણ અગર ક્ષત્રિયોમાં ગણાઇ ગયા છે."‡

---

* जातो व्यासस्तु कैवर्त्तात् श्वपाकाच्च पराशरः।
शुक्यो शुकः कणादाख्यः तथोलुक्याः सुतोऽभवत् ॥
मृगीज ऋष्यशृंगोऽपि वसिष्ठो गणिकात्मज।
मन्दपालो मुनिश्रेष्ठो नाविकापत्यमुच्यते ॥
मांडव्यो मुनिराजस्तु मंडुकीगर्भसंभवः।
बहवोऽन्येऽपि विप्रत्वं प्राप्ता ये शूद्रयोनयः ॥

[illegible], અધ્યાય ૪૨, [illegible] વિભાગ, [illegible]

\+ આદિપર્વ, [illegible]

‡ [illegible]

### (ઢ) સત્તાવાળાઓના દબાણથી પણ હલકી જાતના લોકોને બ્રાહ્મણોએ પોતાની ન્યાતમાં લીધા છે.

એક વાર મહારાજાધિરાજ જરાસંધને એક યજ્ઞપ્રસંગે એક લાખ બ્રાહ્મણોને ભોજન કરાવવાની ઈચ્છા થઈ, અને આ કાર્યને પાર ઉતારવાની જવાબદારી એક કાયસ્થ મંત્રીના માથા ઉપર આવી પડી. હવે મંત્રીએ બિચારાએ એક લાખ બ્રાહ્મણ લાવવા ક્યાંથી? છેવટે તેણે પોતાની અક્કલ દોડાવીને એક રસ્તો શોધી કાઢયો. બ્રાહ્મણોની પાસે જનોઇ વણાવીને એક મોટો ઢગલો કરાવ્યો. પછી જે જે લોકો યજ્ઞનાં દર્શન કરવા આવ્યા તેમને બધાને અકકેકું જનોઈ પહેરાવી પહેરાવીને જમવા બેસાડવા માંડયા. આ રીતે અઢારે વર્ણના લોકો ખાંધે જનોઈ વીંટીને બ્રાહ્મણ બન્યા અને ભોજન આરોગવા બેઠા; પણ જરાસંધના મનમાં સંદેહ પેઠો. તેણે મંત્રીને બોલાવીને પૂછયું: "આ બધા જમવા બેઠા છે તેઓ ખરેખર બ્રાહ્મણોજ છે?" મંત્રી બોલ્યોઃ "મહારાજાધિરાજ! એમાં સંદેહ શો?" રાજા બોલ્યોઃ "ત્યારે તું એમના હાથની રસોઈ ખા." મંત્રીએ પેલા લોકોના હાથનું ખાઇ નાખ્યું. આ રીતે એકકે દિવસે અઢારે વર્ણના લોકો એકકે તડાકે બ્રાહ્મણ બની ગયા અને એકબીજા સાથે રોટીબેટીનો વ્યવહાર કરતાં તેમની સંખ્યા અને લાગવગ દહાડે દહાડે ખૂબ વધી ગયાં. તેમના વંશજો અત્યારે પણ બિહાર અને તેની આસપાસના પ્રદેશોમાં વસે છે અને "ભૂમિહાર બ્રાહ્મણ" ની માનવંતી સંજ્ઞાથી ઓળખાય છે. ×

× અનુવાદકે પોતે એક વાર ઓરિસ્સાના પ્રવાસ દરમ્યાન ખાંધે જનોઇ પહેરીને ઇંટ ચૂનો ઉપાડવાનો ધંધો કરનારા બ્રહ્મદેવો દીઠા. તેમની ઉત્પત્તિનો ઇતિહાસ રમૂજી અને બોધપ્રદ હોવાથી અત્રે આપવામાં આવે છે. ચૌદમાથી સોળમા સૈકા સુધી ઓરિસ્સામાં ગજપતિ વંશના રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા. એ વંશમાં પુરુષોત્તમદેવ ગજપતિ નામનો ઘણો બળવાન રાજા થઇ ગયો. પોતે ચુસ્ત વૈષ્ણવ પણ હતો તેથી રથયાત્રાને પ્રસંગે જગન્નાથજીના રથ આગળ હાથમાં સાવરણી લઇને રસ્તો સાફ કરતો હતો. તેણે કાંચીના રાજાની કુંવરીને માટે પોતાનું માગું મોકલ્યું. કાંચીરાજ ચુસ્ત શૈવ હતો અને વૈષ્ણવોને ખૂબ ધિક્કારતો હતો તે બોલ્યો કે શું હું ઝાડુ વાળનારને મારી દીકરી પરણાવું? આથી પુરુષોત્તમદેવે કાંચી ઉપર ચઢાઇ કરી, પણ તેનું સૈન્ય હારીને પાછું આવ્યું. હવે દાઝયા ઉપર ડામ જેવું થયું. એક તો કાંચીરાજે અપ-

ઈસવી સનના નવમા સૈકામાં શંકરાચાર્યે માછી લોકોની ટોળીઓની ટોળીઓને એકે તડાકે બ્રાહ્મણ બનાવી દીધી હતી.* લગભગ બસો વર્ષ અગાઉ પૂર્વ બિહારના ધીરેન્દ્ર ઝા પાંજીઆરે અનેક નીચ ઉંચ વર્ણના લોકોને બ્રાહ્મણ કરી દીધા હતા. તેમના વંશજો આજે પણ મૈથિલ બ્રાહ્મણો કહેવાય છે.

મેરઠ (મિરત) જિલ્લામાં તાગા અને ભાર્ગવ બ્રાહ્મણોની વસ્તી છે. તેઓ અસલ બ્રાહ્મણ ન હતા. ૧૮૯૧ ની સાલના વસ્તીપત્રકમાં તેમને સરકારે બ્રાહ્મણોમાં ગણી લીધા ત્યારથી તેઓ બ્રાહ્મણ હોવાનો દાવો કરે છે અને બ્રાહ્મણો તરીકે ખપવા લાગ્યા છે. ×

આસામના રાજાના હુકમની રૂઇએ કેટલીક હલકી વર્ણના લોકોને ઉંચકીને બ્રાહ્મણોમાં ગણી લીધા છે. તેમની દીકરીઓ ઉંચી જાતના બ્રાહ્મણોનાં કુટુંબોમાં પરણી છે. ઓરિસ્સામાં પણ કેટલાક હલકી જાતના લોકો આજે પોતાને પૂજારી બ્રાહ્મણ

---

માન કર્યું અને ઉપરથી હાર ખવરાવી. હવે કરવું શું? આખરે તેના પ્રધાને અક્કલ દોડાવી. કાંચીના રાજાને બ્રાહ્મણોનું ખૂબ સન્માન કરતો જાણીને, ઓરિસ્સાના પ્રધાને સેનાપતિથી માંડીને પડઘમચી સુધી લશ્કરના તમામ માણસોને ખાંધે જનોઇ અને કપાળે ત્રિપુંડ્ર સહિત લડવા મોકલ્યા. કાંચીના પ્રધાને કહ્યું કે આ તો વેશધારી બ્રાહ્મણો છે, ખરા બ્રાહ્મણ નથી. પણ રાજા તો કહે કે એ બ્રાહ્મણનો વેશ લઇને આવ્યા એટલે તેમને મરાય તો નહિજ. તેથી કરીને કાંચીનો રાજા તાબે થયો. પુરુષોત્તમદેવે બે શરતો માગી: એક તો કાંચીના રાજાએ તેની દીકરી પરણાવવી અને બીજી શરત એ કે કાંચીના કુળદેવના ગણપતિની મૂર્તિ આપી દેવી. નેપોલિયનને જેમ જીતાએલા મુલકમાંથી કળાના નમૂના લઇ લેવાનો શોખ હતો, તેમ પુરુષોત્તમને બીજાના દેવો પડાવી લેવાનો શોખ હતો. એ શરત પ્રમાણે કાંચીરાજે દીકરી અને ગણપતિ બેઉ આપી દીધાં. એ ગણપતિની મૂર્તિ હજી જગન્નાથપુરીમાં છે. પછી લશ્કરના સિપાઇઓએ તેમનાં જનોઇ ઉતારવાની ના કહી અને બોલ્યા કે હવે તો અમે બ્રાહ્મણજ રહેવાના. તેમના વંશજોની મોટી સંખ્યા આજે ઓરિસ્સામાં વસે છે અને [illegible] કહેવાય છે.

[illegible] ઇતિહાસમાંથી લીધી છે–દંતકથા નથી.

સેવાનંદ

* [illegible] ૨૫૮

× [illegible] ૨૯૩.

(રસોઇઆ) કહેવડાવે છે અને ખાંધે જનોઇ પહેરીને બંગાળી બ્રાહ્મણોને ઘેર રસોઇઆ થઇને રહ્યા છે. હિમાલયના કેટલાક પ્રદેશમાં નીચ જાતિના લોકો અત્યારે પણ આસ્તે આસ્તે બ્રાહ્મણ બનતા જાય છે.

### (૮) વિવાહ અને બીજાં ઐતિહાસિક કારણોને લીધે કેટલીએ ન્યાતો બ્રાહ્મણ થઈ ગઇ છે.

મનુસ્મૃતિ અને મિતાક્ષરાના મત પ્રમાણે જો કોઇ બ્રાહ્મણ શૂદ્રકન્યાને પરણે અને તેને પેટે જે દીકરી થાય તેને કોઇ બ્રાહ્મણની સાથે પરણાવે અને એ પ્રમાણે તેની ઓલાદની કન્યાઓ બ્રાહ્મણોનેજ પરણતી જાય તો પાંચ કે છ પેઢી પછી તેના વંશજોને બ્રાહ્મણ ગણી શકાય. આ વ્યવસ્થા પ્રમાણે કેટલાએ શૂદ્રો બ્રાહ્મણોમાં ગણાઇ ગયા હશે તેનો શુમાર નથી.

ઇસવીસનની પૂર્વે ચોથા સૈકામાં મગધમાં ચંદ્રગુપ્તના સમયમાં હાલ મગધમાં છે તેવા [illegible] નહિ; કારણકે ગ્રીક રાજદૂત મેગેસ્થેનિસ તેના દરબારમાં ઘણા લાંબા વખત સુધી રહ્યો હતો ને તેણે લખ્યું છે કે, ગમે તે ન્યાતને હિંદુ બ્રાહ્મણ થઈ શકે છે. ચંદ્રગુપ્ત રાજાના મિત્ર અને મંત્રી પંડિત ચાણક્યના "અર્થશાસ્ત્ર" ઉપરથી માલૂમ પડે છે કે તે વખતમાં પણ અસવર્ણ લગ્નને [illegible] ઘણી હતી.

ઇસવી સનના બીજા કે ત્રીજા સૈકા [illegible] દેશમાં [illegible] "મગ" [illegible] છે અને [illegible] છે.

[illegible]

[illegible]

ઇસવી સનની પૂર્વે છઠ્ઠા સૈકાથી ઇસવી સનના નવમા સૈકાસુધી એટલે કુલ દોઢ હજાર વર્ષ સુધી ભરતખંડમાં બૌદ્ધ ધર્મનું અતિશય પ્રાબલ્ય રહ્યું. બૌદ્ધ લોકો જ્ઞાતિભેદને માનતાજ ન હતા; તેથી બધા લોકો અંદર અંદર લગ્નવ્યવહાર કરતા. આ પ્રમાણે દોઢ હજાર વર્ષસુધી હિંદમાં અસવર્ણ લગ્નની પ્રથા ધમધોકાર ચાલ્યા કરી અને તેમાંથી કેટલી વર્ણસંકર પ્રજા પેદા થઇ હશે તેનો શુમારજ નથી. પછી ઇસવી સનના નવમા સૈકામાં શંકરાચાર્યે બ્રાહ્મણધર્મની ફરીથી સ્થાપના કરી તે વખતે વર્ણસંકર બૌદ્ધ લોકોમાંથી કોઇને બ્રાહ્મણોની ન્યાતમાં લઈ લીધા; કોઇને ક્ષત્રિયોની, કોઇને વૈશ્યોની, કોઈને શૂદ્રોની અને કોઇ કોઇને અસ્પૃશ્ય અંત્યજ સમાજમાં ગણી લીધા.

### (ગ) મ્લેચ્છ, યવન અને અસલી અનાર્ય જાતિઓ હિંદુસમાજમાં સમાઈ ગઈ છે.

દ્રવીડ, મોંગોલ, ગ્રીક, પારદ, પહ્‌લવ, શક, કુશાન, શ્વેતહૂણ, તક્ષક, ઈરાની, જાડ, તુરાન, આભીર, ગુર્જર, તાતાર, આરબ, અભીસ, આરબ વગેરે અસંખ્ય જાતિઓનાં ધાડાં ને ધાડાં જુદે જુદે વખતે હિંદની બહારના પ્રદેશોમાંથી હિંદમાં આવતાં જ ગયાં અને અહિં જ વાસો કરીને રહેતાં થયાં. જેમ વખત વીતતો ગયો, તેમ તેઓમાંના કેટલાકે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યો, કેટલાકે હિંદુઓનો ધર્મ ગ્રહણ કર્યો અને એમ કરતાં તેઓ આખર જ હિંદુસમાજમાં એવા સેળભેળ થઇ ગયા કે તેમની અલગ પ્રતિષ્ઠાની ઓળખાણી પણ રહી નહિ. યવન અથવા ગ્રીક લોકોનું રાજ્ય ભરતખંડના વાયવ્ય કોણના પ્રદેશમાં લગભગ ત્રણેક સૈકા સુધી રહ્યું હતું. તક્ષશિલા, કાપિશા, મથુરા અને બીજાં કેટલાંક હિંદી શહેરોમાં ગ્રીક લોકો વાસો કરીને રહેતા હતા. [illegible]

મિલિન્દા કહેવા લાગ્યા હતા તે પણ એક પ્રસિદ્ધ ગ્રીક રાજા થઇ ગયો છે. તેનું રાજ્ય હિંદના વાયવ્ય કોણમાં હતું. તે બૌદ્ધધર્મ પાળતો હતો. કાર્લી અને નાસિકની ગિરિગુહાના લેખો ઉપરથી પણ ગ્રીક અને બીજી જાતિઓના લોકો હિંદુ ધર્મ પાળતા હતા, અને હિંદુઓએ તેમને પોતાના સમાજમાં દાખલ કરી દીધા હતા, તેની સાબીતી મળી આવે છે. મદ્રાસ ઇલાકાના ત્રિચિનાપલી શહેરમાં એક દેવાલય છે, તે પલ્લવ જાતના એક પ્રતાપવાન રાજાએ પર્વતમાંથી કોતરીને તૈયાર કરાવ્યું હતું. એ મંદિરમાં એક શિલાલેખ છે. તે ઉપરથી એટલું જાણવા મળે છે કે તે રાજાએ તે પર્વત ઉપર એક શિવાલય પણ બંધાવ્યું હતું અને તેમાં શિવલિંગની અને પોતાની એક પથ્થરની મૂર્તિની સ્થાપના કરી હતી. જૂના શિલાલેખો જોતાં ખાત્રી થાય છે કે શક જાતિના અનેક લોકો ક્ષત્રિયની અટક ધારણ કરીને હિંદુઓની સાથે લગ્નસંબંધથી જોડાઇને હિંદુસમાજમાં ભળી ગયા હતા. કુશન વંશનો સૌથી મોટો રાજા કનિષ્ક ઇસવી સનની પૂર્વે પહેલા સૈકામાં કાશ્મીરથી કાશી સુધીના મુલક ઉપર રાજ્ય કરતો હતો. તે બૌદ્ધધર્મ પાળતો હતો. શક, કુશાન અને શ્વેતહૂણ, એ ત્રણે જાતના લોકોએ હિંદમાં રાજ્ય સ્થાપ્યાં હતાં, ધીમે ધીમે તેઓ બધા બૌદ્ધ થઈ ગયા અને એમ કરતાં કરતાં હિંદુઓની સાથે સેળભેળ થઇને હિંદુ થઇ ગયા. પછી ઇસવી સનના સાતમા સૈકાના છેવટના ભાગમાં એજ લોકો રજપૂત કહેવાયા અને એ રીતે અનેક રજપૂત કુટુંબોની ઉત્પત્તિ થઈ છે. ટૉડ લખે છે કે "રાજસ્થાનના ૩૬ રાજવંશી કુટુંબોના પૂર્વજો કાં તો હૂણ, કાં તો આભીર અને કાં તો તક્ષક હતા. અત્યારે પણ પંજાબનાં કેટલાંક હિંદુ કુટુંબોની અટકો હૂણ છે." મહાભારતમાં જણાવાયલા તક્ષક, સર્પ, નાગ, ભુજંગમ એ બધા એકજ જાતના લોક હતા એવું કહ્યું છે. ÷ આ અનાર્ય તક્ષક જાતના લોકો પણ હિંદુસમાજમાં ભળી ગયા છે. તેઓ સ્નાન, જપ, મંગલાચરણ વગેરે શુભ ક્રિયાઓ કરતા અને આખી ન્યાતની સભા ભરીને ન્યાતે શું શું કરવું તે બધું નક્કી કરતા. * પાંડવોનો એક પૂર્વજ

÷ આદિપર્વ, અધ્યાય, ૩૪, ૩૫, ૩૭, ૪૨, ૪૩, ૪૪, ૫૦.

* આદિપર્વ, અધ્યાય, ૩૪, ૩૫, ૩૭, ૪૩, ૪૮.

તક્ષક જાતિની સ્રીને પરણ્યો હતો.× કૃષ્ણનો કોઇ પૂર્વજ નાગ-જાતિની સ્રીને પરણ્યો હતો. આસ્તિક મુનિ બ્રાહ્મણ હતા, પણ તેમની માતા નાગકન્યા હતી. મહંમદ પેગંબરનો જન્મ થયો તે પહેલાં ઘણાં વર્ષ અગાઉ અરબ લોકો મલબારમાં આવી વસ્યા હતા. તેઓ ત્યાંના હિંદુ લોકોની સાથે લગ્નનું સગપણ કરીને હિંદુસમાજમાં ભળી ગયા હતા. વળી શકદ્વીપ (મધ્ય એશિયા) થી આવેલા અમુક શાકદ્વીપી લોકોની એક શાખામાંથી કેટ-લાક બ્રાહ્મણ થયા, કેટલાક ક્ષત્રિય અને કેટલાક વૈશ્ય પણ થયા. તેમના વંશજો હિંદના જુદા જુદા ભાગોમાં ફેલાઇ જઇને જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંના જુદી જુદી વર્ણના હિંદુઓ સાથે સેળભેળ થઇ ગયા. દક્ષિણમાં જન્મેલા રામાનુજાચાર્યે અનાર્ય, અસ્પૃશ્ય અને પારિયા જાતના લોકોમાંથી ઘણાને પોતાના શિષ્ય બનાવીને હિંદુસમાજમાં દાખલ કર્યા હતા. અહમ્ નામની એક મોંગોલ જાતના લોકોનું આસામમાં રાજ્ય હતું. તેમણે હિંદુધર્મ સ્વીકાર્યો અને આસામના બીજા હિંદુઓની સાથે મળી ગયા. એ સિવાય પણ ઘણી અનાર્ય જાતિઓ આસામના હિંદુસમાજમાં દાખલ થઈ ગઇ છે. ગોંડ, મુંડા, કોલ, ભોર વગેરે ઘણી અનાર્ય અને જંગલી જાતના લોકો પણ ક્ષત્રિય ધર્મ સ્વીકારીને રજપૂત થઇ ગયા છે. બંકિમચંદ્ર લખે છે કે હજારીબાગની વિધા નામની જાતના લોકો, આસામના ચૂટીઆ તેમજ કાછાડી લોકો, કુચબિહારના કોચ લોકો, ત્રિપુરા રાજ્યના પહાડી, ખાડોવાર, પાલામોર, પહેયા, સારગુજાર, કિસાન અને બુનો, એ બધી જાતના લોકો અસલ અનાર્યો હતા. તેઓ હિંદુધર્મ પાળવા લાગ્યા અને આર્યભાષા બોલવા લાગ્યા તે દિવસથી તેમની ગણના હિંદુઓમાં થવા લાગી." રાધાકમલ મુખોપાધ્યાય લખે છે કે "આજે પણ અસલી અનાર્ય જાતિના લોકો હિંદુસમાજમાં દાખલ થતા જાય છે. કેટલાકે તો ક્ષત્રિયોનાં નામ ધારણ કરી લીધાં છે. અસલી અનાર્ય જાતિના [illegible] લોકો બ્રાહ્મણોનાં નામ અને અટકો ધારણ કરીને હિંદુસમાજમાં ઘુસતા જાય છે" જેમના બાપ કે [illegible] યુરોપિયન જાતના અને જેમની માતા [illegible] એવા મિશ્ર માતાપિતાનાં છોકરાને પણ [illegible] હિંદુસમાજ [illegible]

દીધાં છે. ઉપર કહી ગયા તે રીતે આર્ય અને અનાર્ય જાતિઓના પરસ્પર સંમિશ્રણમાંથી જે વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થઇ છે તેજ આજનો હિંદનો હિંદુસમાજ છે. *

* બંગેર જાતીય ઇતિહાસ, પૃષ્ઠ ૩૫, ૩૬, ૪૦, ૪૧. બંગદર્શન, ૧૮૮૫, પૃષ્ઠ ૧૭૭. ભારતી, ૧૩૨૩, પૃષ્ઠ ૨૩૮. નવ્યભારત ૧૩૨૩, પૃષ્ઠ ૩૯૧; ૧૩૨૧, પૃષ્ઠ ૨૪૮. માનસી–અગ્રહાયણ, ૧૩૨૮, પૃ૦ ૨૮૯. ભારતે વિવેકાનંદ, પૃષ્ઠ ૧૫૨, ૨૧૫. પ્રવાસી, જ્યેષ્ઠ, ૧૩૨૨ પૃ૦ ૨૦૬. વિવિધ પ્રબંધ, બાંગાલિર ઉત્પત્તિ, ૪ થો પરિચ્છેદ.

ગ્રીક લોકો( ગ્રીક=યુનાની=યવન )એ હિંદુકુશ પર્વતની ઉત્તરે આવેલા બૅક્ટ્રિયા ( હાલ જેને બલ્ખ કહે છે ) માં રાજ્ય સ્થાપ્યું હતું. ઇસવી સનની પૂર્વે બીજા સૈકામાં કાબુલ, પંજાબ, અને સિંધ, એટલો પ્રદેશ તેમની હકુમત નીચે આવી ગયો હતો. ત્યાર પછી શક લોકોએ તેમના હાથમાંથી બૅક્ટ્રિયાનું રાજ્ય ઝૂંટવી લીધું. મિનાન્ડર નામનો એક ગ્રીક સેનાપતિ ( ઘણું કરીને તે કાબુલનો રાજા હતો ) ઇસવી સન પૂર્વે બીજા સૈકામાં ભરતખંડ ઉપર ચઢી આવ્યો અને છતતો છતતો ઠેઠ પાટલિપુત્ર ( પટણા ) સુધી પહોંચી ગયો. કવિ કાલીદાસના માલવિકાગ્નિમિત્ર નામના નાટકમાં, પતંજલિના મહાભાષ્યમાં, અને ગાર્ગીસંહિતામાં ગ્રીક લોકોની સ્વારીઓના ઉલ્લેખ છે. મહાભારત વગેરે પ્રાચીન ગ્રંથોમાં ગ્રીક લોકોને યવનની સંજ્ઞાથી ઓળખાવ્યા છે. વિદુર અને યુધિષ્ઠિર જે મ્લેચ્છ ભાષામાં છૂપી વાતચીત કરે છે (આદિપર્વ, અધ્યાય ૯મો) તે ગ્રીક ભાષા હતી, અને ધૃતરાષ્ટ્રનો પુરોચન નામનો મંત્રી પણ ગ્રીક હતો એવું ઘણા વિદ્વાનો માને છે. ભરતખંડનાં નાટકોમાં નાટકના પડદાને "યવનિકા" કહે છે. પ્રવેશ પૂરો થતાં રંગભૂમિ ઉપર પડદો પડે તેને "યવનિકા પતન" કહ્યું છે. એ પ્રથા ગ્રીક લોકો પાસેથી આર્યોએ ગ્રહણ કરેલી ને ઉપરથી તેનું નામ પાડવામાં આવ્યું હતું. હિન્દની પ્રાચીન ઇમારતોમાં પણ ગ્રીક સ્થાપત્યકલાનાં ચિહ્નો જોવામાં આવે છે તેનું પણ ઉપર કહ્યું તેજ કારણ છે. પુરાણોમાં યવન રાજાઓના ઉલ્લેખ આવે છે.

પારદ જાતિના લોકોનું રાજ્ય કાસ્પિયન સરોવરના અગ્નિકોણમાં આવેલું હતું. તેઓ ધીમે ધીમે દક્ષિણ દિશા તરફ આગળ ધપતા ગયા. છેવટે ઇસવી સનની પૂર્વે બીજા સૈકામાં તેઓની એક ટોળીએ ભરતખંડમાં પ્રવેશ કર્યો અને પંજાબમાં રાજ્ય સ્થાપ્યું અને ત્યાં તેમણે ઘણા વખત સુધી રાજ્ય કર્યું હતું.

પહ્લવ જાતના લોકો અફગાનિસ્તાનના પૂર્વભાગમાં અને બલુચિસ્તાનમાં વસતા હતા. [illegible] ઓમાંના ઘણા ભરત-

તક્ષક જાતિની સ્ત્રીને પરણ્યો હતો.× કૃષ્ણનો કોઇ પૂર્વ
જાતિની સ્ત્રીને પરણ્યો હતો. આસ્તિક મુનિ બ્રાહ્મણ હ
તેમની માતા નાગકન્યા હતી. મહંમદ પેગંબરનો જન્મ
પહેલાં ઘણાં વર્ષ અગાઉ અરબ લોકો મલબારમાં આ
હતા. તેઓ ત્યાંના હિંદુ લોકોની સાથે લગ્નનું સગપણ
હિંદુસમાજમાં ભળી ગયા હતા. વળી શકદ્વીપ (મધ્ય
થી આવેલા અમુક શાકદ્વીપી લોકોની એક શાખામાં
લોક બ્રાહ્મણ થયા, કેટલાક ક્ષત્રિય અને કેટલાક વૈ
થયા. તેમના વંશજો હિંદના જુદા જુદા ભાગોમાં ફેલા
જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંના જુદી જુદી વર્ણના હિંદુ
સેળભેળ થઇ ગયા. દક્ષિણમાં જન્મેલા રામાનુજાચાર્યે
અસ્પૃશ્ય અને પારિયા જાતના લોકોમાંથી ઘણાને પોતા
બનાવીને હિંદુસમાજમાં દાખલ કર્યા હતા. અહમ
એક મોંગોલ જાતના લોકોનું આસામમાં રાજ્ય હ
હિંદુધર્મ સ્વીકાર્યો અને આસામના બીજા હિંદુઓ
મળી ગયા. એ સિવાય પણ ઘણી અનાર્ય જાતિઓ
હિંદુસમાજમાં દાખલ થઈ ગઇ છે. ગોંડ, મુંડા,
વગેરે ઘણી અનાર્ય અને જંગલી જાતના લોકો
ધર્મ સ્વીકારીને રજપૂત થઇ ગયા છે. બંકિમચંદ્ર
હજારીબાગની વિદ્યા નામની જાતના લોકો, આસા
તેમજ કાછાડી લોકો, કુચબિહારના કોચ
રાજ્યના પહાડી, ખાડોવાર, પાલામોર, પહેયા
કિસાન અને બુનો, એ બધી જાતના લોકો
હતા. તેઓ હિંદુધર્મ પાળવા લાગ્યા અને આ
લાગ્યા તે દિવસથી તેમની ગણના હિંદુઓમ
રાધાકમલ મુખોપાધ્યાય લખે છે કે "આજે પ
જાતિના લોકો હિંદુસમાજમાં દાખલ થતા
તો ક્ષત્રિયોનાં નામ ધારણ કરી લીધાં છે.
જાતિના ગોર લોકો બ્રાહ્મણોનાં નામ અને આ
હિંદુસમાજમાં ઘુસતા જાય છે." જેમના બાપ
જાતના અને જેમની માતાઓ બ્રાહ્મણી એવાં મિ
છોકરાંને પણ શૂદ્ર ગણીને હિંદુસમાજે પોતાન

× આદિપર્વ, ૯૫–૨૫.

હિન્દુઓએ પોતાના સમાજમાં દાખલ કરી દીધા.= શંકરાચાર્ય નવમા સૈકામાં જન્મ્યા હતા. તેમને વિષે સ્વામી વિવેકાનંદ કહે છે કે "શંકરાચાર્ય વગેરે મોટા ધુરંધર યુગાચાર્યો જાતીય સંગઠન કરનારા હતા. × × × × જુદે જુદે વખતે તેમણે બલૂચ લોકોનાં ટોળેટોળાંને એકઠે તડાકે ક્ષત્રિય બનાવી દીધાં હતાં."* અગીઆરમા સૈકામાં દક્ષિણમાં રામાનુજાચાર્ય થયા તેમણે પણ પુષ્કળ મુસલમાનોને પોતાના શિષ્ય બનાવીને હિન્દુસમાજમાં ઘુસાડી દીધા હતા. પંદરમા સૈકામાં મહાત્મા નાનકે સંખ્યાબંધ મુસલમાનોને પોતાના શિષ્યમંડળમાં દાખલ કરીને શિખ સમાજમાં લઈ લીધા, અને એક રીતે તેઓ હિન્દુસમાજમાંજ દાખલ થયા કહેવાય. આજે પણ શિખ લોકો મુસલમાનોની છોકરીઓને શિખ ધર્મની દીક્ષા આપીને પરણે છે. એથી ઉલટું ગયા જમાનામાં હજારો શિખો મુસલમાન થઈ ગએલા તેમને પણ તેઓ પાછા પોતાના શિખ સંપ્રદાયમાં દાખલ કરે છે. જાટ લોકો હિન્દુ છે. તેઓ હિન્દુઓના દેવમંદિરમાં જાય છે ત્યારે તેમને કોઈ અટકાવતું નથી. તેઓ પણ મુસલમાનોની છોકરીઓને પરણે છે અને હિન્દુસમાજમાં દાખલ કરે છે.÷ સેંકડો રજપૂતોનાં કુટુંબો અસલ મુસલમાન થઈ

---

આભીર અને ગુર્જર લોકો આવ્યા અને અહીં વસતા થયા.

કુરુક્ષેત્રના યુદ્ધમાં નાગ લોકો પાંડવોના તરફથી લડ્યા હતા. (ભીષ્મપર્વ, ૫૪-૬૩) યવન, પહ્લવ, શક, તુખાર, દરદ વગેરે જાતના લોકો દુર્યોધનના પક્ષમાં ઉભા રહ્યા હતા. (ભીષ્મપર્વ ૨૦,૧૨. ૫૪-૧૬. ૫૭-૭. ૭૫-૨૧. ૧૧૭-૩૩,૩૪)

મહાભારતમાં અનેક ઠેકાણે શક, પહ્લવ, યવન, દરદ, ખશ, પુલિન્દ, ચીન, હૂણ વગેરે જાતિઓનાં નામ આવે છે. (આદિપર્વ, ૧૭૫-૩૬, ૩૭, ૩૮. ઉદ્યોગપર્વ, ૧૫૯-૧૦૧. ૧૬૦-૨૧. ૧૯૬-૭. ભીષ્મપર્વ, ૨૦-૧૩.) ત્યાર પછી પારદ, મ્લેચ્છ અને કિરાત જાતિઓનો ઉલ્લેખ નીચે બતાવેલાં પર્વોમાં છે: (દ્રોણપર્વ, અધ્યાય ૧૮, ૧૯, ૯૧, ૧૧૭, ૧૧૯. કર્ણ પર્વ, અધ્યાય ૪૬, ૭૩, ૮૯, ૯૮. શલ્યપર્વ-અધ્યાય ૧, શાન્તિપર્વ-અધ્યાય ૬૫. અશ્વમેધપર્વ, અધ્યાય ૭૩.) વળી અશ્વમેધ પર્વના અધ્યાય ૨૯-૩૬માં કાલીઃ અને આભીર જાતિઓનો પણ ઉલ્લેખ છે.

= ગૌડ રાજમાળા, પૃષ્ઠ ૪૦

* ભારતને વિવેકાનંદ, પૃષ્ઠ ૨૫૮

÷ ભારતને વિવેકાનંદ, પૃષ્ઠ ૪૬૮

ગયેલાં. સત્તરમા સૈકામાં જેસલમીરના રાજા અમરસિંહે તેમને બધાને પાછા હિન્દુસમાજમાં લેવડાવ્યા. અઢારમા સૈકામાં બાજીરાવ પેશ્વાએ જાતે બ્રાહ્મણ છતાં પઠાણની છોકરીને પોતાના ઘરમાં રાખી હતી અને તેને પેટે થએલા છોકરાઓને જનોઈ દેવરાવવાનો પણ તે વિચાર કરતો હતો.* એજ સૈકામાં પુતોજી ગન્ધગર નામનો મરાઠો મોગલ લોકોને હાથે કેદ પકડાયો હતો અને તેમણે તેને જોર જુલમથી મુસલમાન બનાવ્યો હતો. એક વરસ પછી તે મોગલોના હાથમાંથી નાસી છૂટયો અને મરાઠા સૈન્યની છાવણીમાં આવી ઉભો. તે વખતે સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવતા મહારાષ્ટ્ર રાજ્યના રાજા અને બ્રાહ્મણોએ મળીને પુતોજીને પ્રાયશ્ચિત્ત કરાવીને તેની ન્યાતમાં લેવડાવ્યો. બીજો એક બ્રાહ્મણ અમલદાર મોગલોના હાથમાં કેદ પકડાતાં જીવ બચાવવાને માટે મુસલમાન થઈ ગયો હતો; પણ મહારાષ્ટ્રના બ્રાહ્મણોએ તેને શુદ્ધ કરીને પોતાની ન્યાતમાં પાછો દાખલ કરી લીધો હતો. એ સિવાય બીજા બે મહારાષ્ટ્રી બ્રાહ્મણો મુસલમાન થઈ ગયા હતા. તે વખતના બ્રાહ્મણ પેશ્વા સરકારના કહેવાથી બ્રાહ્મણોએ તેમને એકને પોતાની ન્યાતમાં દાખલ લીધા હતા તેનો લેખિત દાખલો છે. ઓગણીસમા સૈકામાં મહાત્મા દયાનંદ સરસ્વતીએ મુસલમાનોને પોતાના શિષ્ય બનાવીને હિન્દુસમાજમાં દાખલ કર્યા હતા. અત્યારે પણ અયોધ્યાની આસપાસના પ્રદેશના મુસલમાન સ્ત્રીઓને પેટે જન્મેલા છોકરાઓને હિન્દુ ધર્મની દીક્ષા આપીને હિન્દુ બના[illegible] છે; તેઓ હિન્દુઓનાં દેવમંદિરોમાં છુટથી જાય છે [illegible]

બહુ સુલેહ છે. હાલ પોતાના પૂર્વજોની ઉદારતા ભૂલી ગયેલો હિન્દુસમાજ એ ફરીથી જૂનાકાળની ઉદાર નીતિનું અનુસરણ કરતો થશે તો હિન્દુ અને મુસલમાન બેઉને એક જ એવું બેઉ કોમોનું સંમિશ્રણ થઈ શકશે—હિન્દુ અને મુસલમાન એક થઈ જશે. તે સિવાય હિન્દની ઉન્નતિનો બીજો ઉપાય નથી—આશા પણ ક્યાંથી હોય !

### (થ) બંગાળામાં પણ મુસલમાનો હિંદુ સમાજ-માં ભળ્યા છે અને ભળે છે તેના દાખલા

ઇસવી સનના સોળમા સૈકામાં, આખો બંગાળા જેમને પ્રાતઃસ્મરણીય માને છે એવા ચૈતન્યદેવ જન્મ્યા હતા. તે જાતિ-ભેદને માનતા ન હતા. તેમના ધર્મમાં બ્રાહ્મણો અને શૂદ્રો સૌ સમાન દરજ્જે ભોગવતા હતા. ચૈતન્યદેવની ઈશ્વરભક્તિ જોઈને ઘણા મુસલમાનો તેમના તરફ આકર્ષાતા હતા. તેમાંના એક "હરિદાસ ઠાકુર"ના નામથી પ્રસિદ્ધ છે. હિંદુ લોકોએ તેમને પોતાના કરી લીધા હતા. ચૈતન્યદેવ પોતે તથા તેમના બીજા હિંદુ ભક્તો હરિદાસની સાથે એક પંગતે બેસીને જમતા પણ ખરા. ચૈતન્યદેવે હરિદાસ સિવાય બીજા ઘણા મુસલમાનો-ને વૈષ્ણવધર્મની દીક્ષા આપીને હિંદુસમાજમાં લીધા હતા. = બંગાળાના સામાજિક ઇતિહાસમાં કહ્યું છે કેઃ—" ઘણા મુસલ-માનો હિંદુ વૈષ્ણવ થઇ ગયા હતા. કેટલાક તો ગોસ્વામીની પદવી સુધી પહોંચી ગયા છે. × × × × બ્રાહ્ય હરિ-દાસ તો તેવા ભક્તોમાં સૌથી વિશેષ પ્રસિદ્ધ છે. અસંખ્ય મુસલ-માનની છોકરીઓ હિંદુ-વૈષ્ણવી થઈ જતી." ત્યારપછી કોઇ મૈત્ર નામના વૈષ્ણવે એક મુસલમાન ભાઈબહેનને વૈષ્ણવધર્મની દીક્ષા આપીને તેમનાં નામ રૂપદયાળ અને ભૂષણા પાડયાં હતાં. બંગાળી કાવ્યસાહિત્યમાં કેટલાએ મુસલમાન વૈષ્ણવ અને શાક્ત કવિઓ સુંદર ફાળો આપતા ગયા છે. હાલમાંજ સુપ્રસિદ્ધ હિંદુધર્મપ્રચારક શ્રી. હરનાથ બંદોપાધ્યાયે ઘણા મુસલમાનો-ને પોતાના શિષ્ય બનાવીને હિંદુધર્મમાં દાખલ કર્યા છે. તેમજ આસામના મુસલમાનો અને ખ્રિસ્તીઓને પાછા હિંદુધર્મમાં લેવાનો પ્રયત્ન ચાલુ છે. ÷

= ગૌડ બ્રાહ્મણ, પૃષ્ઠ ૨૨૬. ચૈતન્ય, ચરિતામૃત પૃષ્ઠ ૨૧૦
÷ બાંગાલાર સામાજિક ઇતિહાસ, પૃષ્ઠ ૧૩૦.

### (ग) ખ્રિસ્તીઓને પણ હિન્દુસમાજમાં લીધા છે.

મદ્રાસ પ્રાન્તમાં એક હિન્દુઓની ન્યાતના લોકો અત્યારે ખ્રિસ્તીઓની છોકરીઓને હિન્દુ બનાવીને તેમની સાથે લગ્ન કરે છે. ખ્રિસ્તી બાપ અને હિન્દુ માતાનાં વ્યભિચારોત્પન્ન સંતાનને પણ જો હિન્દુધર્મ પ્રમાણે ઉછેર્યાં હોય તો તેમને હિન્દુ ગણી શકાય છે. એન્ટૉનિ નામનો એક પોર્ટુગીઝ હિન્દુ ધર્મ પાળતો હતો અને તેણે હિન્દુધર્મને લગતાં પદો, ભજનો વગેરે રચ્યાં છે અને કવિઓની એક મંડળી બાંધીને બંગ-સાહિત્યમાં અમર થઈ ગયો છે. ÷

### (ઘ) કોઈ પણ જાતિના લોકો હિન્દુ થઇ શકે છે.

વાત્સ્યાયન લખે છે કે "આર્ય, અનાર્ય અને મ્લેચ્છ પણ ઋષિ થઇ શકે છે."* ગૌતમ સંહિતામાં લખ્યું છે કે "હે રાજા! ન્યાતજાત નહિ પરંતુ કલ્યાણકારક ગુણજ પૂજનીય છે. ચાંડાલ ગુણવાન હોય તો તેને પણ દેવલોકો બ્રાહ્મણ માને છે."× ગરુડ-પુરાણમાં લખ્યું છે કે "જો કોઇ મ્લેચ્છમાં આઠે પ્રકારની ભક્તિ હોય તો તે મ્લેચ્છ છતાં પણ શ્રેષ્ઠ બ્રાહ્મણ છે, તે મુનિ છે, તે શ્રીમાન છે, તે જિતેન્દ્રિય છે અને તે પંડિત છે."=

બંગાળાના સામાજિક ઇતિહાસમાં લખ્યું છે કે "પરધર્મીઓને સનાતન ધર્મમાં પ્રવેશ કરાવવાનો વિધિ શાસ્રોમાં છે."*

શાસ્ત્રોમાં આવું વિધાન છે તેથીજ ભરતખંડના હિન્દુ-સમાજના આગેવાનો પરધર્મીઓની આટલી મોટી સંખ્યાને લાંબા વખતથી હિન્દુસમાજમાં દાખલ કરતા આવ્યા છે.

કેટલાક એવી દલીલ કરે છે કે ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયનો પાંત્રીસમો શ્લોક અને અઢારમા અધ્યાયનો સુડતાળીસમો શ્લોક એ બેઉ પરધર્મીઓને હિન્દુ બનાવવાની વિરુદ્ધ જાય છે; પણ આ દલીલ વાજબી નથી. ગીતાનું લક્ષપૂર્વક અવલોકન કર્યાથી માલુમ પડે છે કે એ બેઉ શ્લોકમાં "ધર્મ" શબ્દ

÷ [illegible]

* [illegible]

× न जाति पूज्यते राजन् गुणाः कल्याणकारकाः

= अष्टविधा भक्तिः यस्मिन् म्लेच्छेऽपि वर्तते
स विप्रेन्द्रो मुनिः श्रीमान् स यतिः स च पण्डितः

* [illegible]

[illegible]

[illegible]

[illegible]

## (પ) હાલ છે તેવા જાતિભેદની શરૂઆત ભરતખંડમાં ક્યારે થઇ ?

બૌદ્ધધર્મની પડતી થઇ અને ભરતખંડમાં બીજી વાર બ્રાહ્મણધર્મની સ્થાપના થઇ ત્યારથી હાલના જેવો જાતિભેદ હિન્દુસમાજમાં દાખલ થયો. તે વખતના બ્રાહ્મણોએ પોતાનો અધિકાર કાયમનો જમાવી રાખવા માટે જાતિભેદનું તંત્ર રચ્યું. તેમણે સ્વાર્થાન્ધ થઇને ભારતવર્ષની કાયમની પાયમાલીનો પાયો નાખ્યો. આજે આપણો દેશ કોમ કોમવચ્ચેના કલહથી છિન્નભિન્ન થઈ ગયો છે તેનું આજ કારણ છે. જે દેશમાં કુસંપે ઘર કર્યું હોય તેના ઉપર પરાધીનતાની બેડીઓ જકડાય એમાં આશ્ચર્ય શું ?

## (ફ) અસલ શૂદ્રો ઉપર કશો જુલમ ન હતો.

ઘણા એવું માને છે કે શૂદ્રો ઉપર પ્રાચીન કાળથીજ જુલમ થતો આવ્યો છે. આ માન્યતા ભૂલભરેલી છે. કારણકે એક તો અસલ હાલના જેવા ન્યાતજાતના ભેદજ ન હતા તેની આપણને પૂરતી સાબિતી મળી ચૂકી છે. મહાભારત કહે છે કે "ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ત્રણે વર્ણના લોકો બ્રાહ્મણોનાજ કુટુંબીઓ છે અને તેમનો તથા બ્રાહ્મણોનો દરજ્જો એકસરખો છે." જો આવીજ લોકમાન્યતા હોય તો પછી શૂદ્રો ઉપર જુલમ થવાનો સંભવજ ક્યાં રહ્યો ? વળી અસલના શૂદ્રો નિરક્ષર ન હતા. તેઓને વેદ ભણવાનો પણ અધિકાર હતો. તેઓ બ્રાહ્મણ પણ થઇ શકતા. ક્ષત્રિયો અને બ્રાહ્મણો પોતાના શૂદ્ર કુટુંબીને વડીલ ગણીને વંદન કરતા. × શૂદ્રો રાજાના પ્રધાન પણ થતા. શૂદ્રોમાં જેમને "માનનીય" કહેવાય એવી વ્યક્તિઓ પણ હતી. રાજાનો રાજ્યાભિષેક કરતી વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની માફક "માનનીય" શૂદ્રોને પણ અભિષેકસભામાં નિમંત્રણ કરવામાં આવતું. અમુક રાજાનો રાજ્યાભિષેક કરવો કે નહિ એ બાબતમાં તેમનો અભિપ્રાય પણ પૂછવામાં આવતો. અર્થશાસ્ત્રોમાં લખ્યું છે કે શૂદ્રો ખેતી કરતા, કારીગરીના ધંધા કરતા, નોકરી કરતા અને રાજકવિનું કામ પણ કરતા. શૂદ્રોમાં ઘણી પેટાજાતિઓ હતી. એ બધી જાતિના લોકો પોતપોતાની અક્કલ, કેળવણી, નાણાંની જોગવાઈ અને મનના વલણ મુજબ પોતાને મન ફાવે તેવો ધંધો કરતા. બધા શૂદ્રો એકલી નોકરી કરતા

× આના સંબંધમાં વિશેષ વિવેચન "ક્રમ" ના વિષયમાં છે.

હોવું હતુંજ નહિ. વળી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણના લોકોને શૂદ્રની કન્યા સાથે લગ્ન કરવાની પણ છૂટ હતી. આથી કરીને ત્રણે વર્ણના લોકોનો શૂદ્રોની સાથે અતિ નિકટનો સંબંધ હતો અને ત્રણે વર્ણના લોકો શૂદ્રોના હાથની રસોઈ જમતા. પાંચ પાંડવ સરખા ઉંચા દરજ્જાના લોકો પણ પોતાના શૂદ્ર પ્રજાજનોને ઘેર પણ જતા. આ બધું જોતાં ખાત્રી થાય છે કે શૂદ્રોને કોઈ હલકા અગર નીચા ગણતું નહિ. વળી શૂદ્રો બ્રાહ્મણ અને મહર્ષિ પણ થઈ શકતા. હવે જો શૂદ્રો ઉપર જુલમ થતો હોય તો શૂદ્ર કોમમાંથી જેઓ બ્રાહ્મણ અને મહર્ષિ થયા હોય તેઓ વાંધો લીધા વગર રહેજ નહિ. અસલ કેટલાક દેશની ગાદી ઉપર પણ શૂદ્ર રાજાઓ હતા. મગધ દેશના મહાભાગ્યવાન શૂદ્ર રાજાઓએ ઘણા લાંબા વખત સુધી બ્રાહ્મણોની મોટી વસ્તીથી ભરેલા આર્યાવર્ત ઉપર રાજ્ય કર્યું હતું. ખુદ રાજાજ જેમની ન્યાતનો હોય તેમના ઉપર જુલમ થાયજ કેવી રીતે?

ત્યારે મનુસ્મૃતિ વગેરેમાં શૂદ્રો ઉપર અત્યાચાર અને અન્યાયી વર્તન કરવાનાં ફરમાન છે તેનો શો ખુલાસો છે? એનો એકજ જવાબ છે કે એ બધાં ફરમાનોને પાછળથી કોઈએ ઘુસાડી દીધાં છે; કારણકે મનુસંહિતાનું સ્પષ્ટ વિધાન છે કે "પોતાના આત્મા વડે ભૂતમાત્રમાં આત્મદર્શન કરવું અને સર્વ સમાન છે એવો ભાવ રાખવો."× તમામ હિન્દુશાસ્ત્રોમાં સમાનતા, બન્ધુભાવ અને સ્વતંત્રતાનોજ મહિમા મુક્તકંઠે ગાયો છે.

### (૫) બંગાળાના હાલના બ્રાહ્મણો અને કાયસ્થો વગેરે મિશ્રજાતિની ઓલાદ છે. *

### (અ) સામાન્ય લોકવર્ગ

સ્મરણાતીત પ્રાચીનકાળથી બંગાળામાં આર્ય અને અનાર્ય બેઉ જાતિના લોકો સાથે સાથે રહેતા આવ્યા છે. તે ઉપરાંત મોંગોલ, ચીના, અનાર્ય, દ્રાવિડ વગેરે જાતના લોકોનાં પણ ધાડાં ને ધાડાં બંગાળામાં આવી આવીને વસવા લાગ્યાં હતાં. તેઓ બધા બંગાળાના મૂળ વતનીઓ સાથે સેળભેળ થઈ ગયા અને તેમના સંમિશ્રણમાંથી હાલની બંગાળી જનતાની ઉત્પત્તિ

---

× મનુસંહિતા, ૧૨-૧૨૫

* બંગાળાની પરિસ્થિતિ થોડાક ફેરફાર સાથે ગુજરાતને પણ લાગુ પડે છે. સેવાનંદ

થઇ છે. વળી મેદીનીપુર જિલ્લાનાં અનેક બંગાળી કુટુંબો બંગાળીઓ અને ઓરિસ્સાવાસીઓની મિશ્ર ઓલાદનાં છે. તે ઉપરાંત એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે બૌદ્ધધર્મનું જોર બંગાળાના જુદા જુદા વિભાગમાં સત્તરસો વર્ષ સુધી ચાલુ રહ્યું હતું. બૌદ્ધધર્મીઓ તો ગમે તે જાતની કન્યા પરણી શકતા. એટલે બંગાળામાં સત્તરસો વર્ષ સુધી વર્ણસંકરતાનો વ્યાપાર ધમધોકાર ચાલતોજ ગયો. જ્યારે બૌદ્ધધર્મ ભાગી પડયો ત્યારે બધાજ બૌદ્ધધર્મીઓ પાછા હિન્દુસમાજમાં દાખલ થઇ ગયા. બંગાળાની વસ્તીના રૂપિયે પંદર આના જેટલા લોકોની ઉત્પત્તિનો ઉપર કહ્યો તેવો ઈતિહાસ છે.

### (આ) બ્રાહ્મણો×

બંગાળાનાં હાલનાં બ્રાહ્મણ કુટુંબો ગૌડ, સાતશતી, કનોજીઆ, ઉત્કલ વૈદિક, દાક્ષિણાત્ય વૈદિક, પાશ્ચાત્ય વૈદિક અને પશ્ચિમથી આવેલા બ્રાહ્મણોના પરસ્પર લગ્નમાંથી ઉત્પન્ન થયાં છે. રાઢી અને બારેન્દ્ર જાતના બ્રાહ્મણોએ પણ અરસપરસ કન્યાની લેવડદેવડ કરીને આ મિશ્રણને વધારે વેગ આપ્યો છે. બાર જાતિના સમૂહની કન્યાઓ સાથે લગ્ન કરીને આજના બંગાળાના બ્રાહ્મણોની સંખ્યામાં વધારો થયો છે. વળી મધ્યએશિયાથી આવેલા શાકદ્વીપના શક લોકોમાંથી પણ ઘણા બ્રાહ્મણસમાજમાં દાખલ થયા હતા. તેઓ હાલમાં ગ્રહવિપ્ર અથવા આચાર્ય કહેવાય છે. આ ઉપરથી આજના બંગાળાના બ્રાહ્મણો મિશ્રજાતિના છે એ સાબિત થાય છે.*

### (ઇ) કાયસ્થો

કાયસ્થોનો મૂળ પુરુષ ચિત્રસેન કહેવાય છે. તેના બાપનું નામ કાયસ્થ હતું એ ઉપરથી આ જાતનું નામ કાયસ્થ પડયું છે. આદિશૂર રાજાના અમલ પહેલાં બંગાળાનાં બધાંજ કાયસ્થ

---

× આ અને હવે પછીના કેટલાક વિષય ખાસ બંગાળાને લગતા હોઇ આપણે સારૂ બહુ ઉપયોગી નથી. છતાં લેખકની દલીલની સાંકળ તૂટે નહિ એવી મતલબથીજ એટલો ભાગ કાયમ રહેવા દીધો છે.

સેવાનંદ

* મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "શાકદ્વીપને [illegible] સિથિયા કહે છે. એની અંદર હાલના [illegible]. પર તુર્કસ્તાન [illegible] [illegible] [illegible]." [illegible] ૧૩૩૦.

કુટુંબો કાં તો ઉત્તર રાઢી કાયસ્થ અથવા તો બારેન્દ્ર કાયસ્થ, એ બે નામથી ઓળખાતાં હતાં. પછી આદિશૂર રાજાના વખતમાં જે કાયસ્થ કુટુંબો બંગાળામાં આવી વસ્યાં તેમના વંશજો દક્ષિણ રાઢી કાયસ્થ અને બંગજ કાયસ્થ એ બેમાંથી ગમે તે એક નામથી ઓળખાવા લાગ્યાં. આ પ્રમાણે બંગાળાની કાયસ્થ જ્ઞાતિના ચાર મુખ્ય વિભાગ છે. પણ જેઓ અસલ કાયસ્થ નહિ એવા પણ ઘણા લોકો એવી જ્ઞાતિમાં દાખલ થઈ ગયા છે. એ તો શું પણ વણકર, ગોપ, ભંડારી, સોઇ, બારૂઇ, મધ અને ટિબેટના લામાની ઓલાદના પણ કેટલાક લોકો કાયસ્થોની ન્યાતમાં દાખલ થઇ ગયા છે. ઘણા નીચી વર્ણના લોકો ઉંચે ચઢીને ક્ષત્રિયો બની ગયા છે. બ્રાહ્મણોએ નીચ જાતિની કન્યાઓ પરણીને જે પ્રજા ઉત્પન્ન કરી તેઓમાંના કેટલાક ક્ષત્રિયોની ન્યાતમાં પેસી ગયા. વળી કેટલાક ક્ષત્રિયો લહીઆનો ધંધો લઇ બેઠા તેવા કેટલીક જગ્યાએ કાયસ્થમાં ગણાવા લાગ્યા.

### (ઇ) વૈદ્યો

અંબષ્ઠ અને માહિષ્ય, જાતિઓના મિશ્રણમાંથી આ ન્યાતની ઉત્પત્તિ થઇ છે. તેમાં વળી મૂર્ધાવસિક્ત એટલે બ્રાહ્મણ બાપ અને ક્ષત્રિયાણી માતાનાં સંતાન સાથે ક્ષત્રિય અને માહિષ્ય લોકો પણ ભળી ગયા છે. પશ્ચિમથી આવી વસેલી કેટલીએક ન્યાતો પણ વૈદ્યોની સાથે મળી ગઈ છે. એ પ્રમાણે કેટલીક જુદી જુદી ન્યાતોના મિશ્રણમાંથી આ જાતિની ઉત્પત્તિ અને વૃદ્ધિ થઇ છે.

### (ઉ) વૈષ્ણવો×

વૈષ્ણવોમાં નાતજાતનો ભેદ હોતો નથી. ગમે તે જાતનો માણસ વિષ્ણુમંત્રની દીક્ષા લઇને વૈષ્ણવ થઇ શકે છે અને દીક્ષા લીધી એટલે સૌ સરખા. ઢાકાના વણકર વૈષ્ણવો સામાન્ય રીતે જ્ઞાતિભેદ પાળતા નથી.

---

× વૈષ્ણવ એટલે વિષ્ણુનો ઉપાસક તો ખરો, પણ બંગાળામાં એ શબ્દનો વિશેષ અર્થ બૈરીછોકરાંવાળો સંજોગી સાધુ થાય છે. વૈષ્ણવી એટલે વેરાગણ. આવા સંજોગી વેરાગીઓની ત્યાં એક જાત ઉભી થઈ છે. વળી બીજી ન્યાતોના વટલી ગએલા અથવા કોઈ પણ કારણસર ન્યાત બહાર થએલા માણસો પણ આ ન્યાતમાં ભળી જાય છે. તેથી કરીને બંગાળામાં એક કહેવત પડી છે કે "જાત

## (ऊ) એ વિષે પંડિતોનો મત

રિજલી નામના એક વિદ્વાન અંગ્રેજનો એવો મત છે કે બંગાળીઓમાં દ્રવીડ અને મોંગોલ બેઉ જાતિઓનું લોહી સેળભેળ થઈ ગયું છે.× વિન્સેન્ટ સ્મિથ લખે છે કે બ્રાહ્મણોમાં અનેક જાતિઓનાં લોહી ભળી ગયાં છે. બંગાળાના જૂના ઇતિહાસમાં લખ્યું છે કે "બંગાળાના લોકો આર્ય અને અનાર્ય બેઉ પ્રજાની અનેક જુદી જુદી શાખાઓના સંમિશ્રણમાંથી ઉત્પન્ન થઇ છે અને બંગાળાની જનતામાં આજે અનેક જાતિઓના વર્ણસાંકર્યની નિશાનીઓ દેખાઈ આવે છે.§ બંકિમચંદ્ર લખે છે કે "પ્રથમ તો કોલજાતિના અનાર્યો, તેના પછી દ્રવિડ જાતિના અનાર્યો અને તેમના પછી આર્યો, એ ત્રણ પ્રજાઓના મિશ્રણમાંથી આજની બંગાળી જનતા ઉત્પન્ન થઈ છે."+ પ્રોફેસર વિનયકુમાર સરકાર લખે છે કે હિન્દુઓ પોતાના શુદ્ધ લોહીનો દાવો કરતા હોય તો તે દાવો તદ્દન કાલ્પનિક અને બિનપાયાદાર છે."

ખરી વાત તો એ છે કે જે કોઈ બંગાળાના રહેવાસી હોય તે બધાજ બંગાળી. બંગાળીઓ મિશ્ર પ્રજા છે અને અસંખ્ય બંગાળીઓ આર્ય અને અનાર્ય બેઉ જાતિઓના મિશ્રણથી ઉત્પન્ન થયા છે, એ કબૂલ કર્યા વગર ચાલે એમજ નથી. પોતાના ઉંચા કુળનો ખાલી ગર્વ કરવો એ મૂર્ખાઇ છે. એવો ગર્વ કરનારાઓને મનુનું એક વચન યાદ કરાવીએ છીએઃ– "વેદનું અધ્યયન ન કરવાથી બ્રાહ્મણ શૂદ્રના જેવો થઇ જાય છે."÷ ત્યારે હવે વિચાર કરો કે બંગાળામાં બ્રાહ્મણ છે કેટલા? હાલના બંગાળી બ્રાહ્મણોનું જાણે આબેહુબ ચિત્ર ન દોર્યું હોય તેમ

---

हारालै वैष्णव "—[illegible]

[illegible]

× [illegible]

§ [illegible]

+ [illegible]

÷ [illegible]

મહર્ષિ અત્રિ લખી ગયા છેઃ—

" ब्रह्मतत्त्वं न जानाति ब्रह्मसूत्रेण गर्वितः ।
तेनैव स च पापेन विप्रः पशुरुदाहृतः ॥*

(મ) જનોઇ વિષે

જનોઇનો ઇતિહાસ જોતાં તે છેક પ્રાચીન સમયનું તો નથીજ કહ્યું. વેદના યુગમાં જનોઈ પહેરવાનો રિવાજ ન હતો. ત્યાર પછીના જમાનામાં બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો માત્ર યજ્ઞ કરતી વખતેજ જનોઇ ધારણ કરતા.÷ ત્યાર પછીના જમાનામાં વૈદિક યજ્ઞો થતા બંધ થયા; પણ બ્રાહ્મણોએ જનોઇ ચાલી રાખ્યું અને ચોવીસે કલાક પહેરવુંજ જોઇએ એવો રિવાજ દાખલ કર્યો. એટલે પછી બ્રાહ્મણોની દેખાદેખી કરીને ક્ષત્રિયો અને વૈશ્યો પણ બારે પહોર અને બત્રીસે ઘડી ખાંધે જનોઈ લટકાવતા થયા. મહર્ષિ ગૌતમે શૂદ્ર જાતિના સત્યકામ જાબાલને ઉપવીત પહેરાવ્યું હતું તે પ્રસંગ આગળ આવી ગયો છે.† અસલ સ્ત્રીઓ પણ જનોઇ પહેરતી. જો માત્ર ખાંધે જનોઇ પહેરવી એજ બ્રાહ્મણનું લક્ષણ હોય તો ઇરાનના પારસીઓને પણ શા માટે બ્રાહ્મણ ન કહેવા ? કારણ કે તેઓમાં પણ છોકરાછોકરી પંદર વરસનાં થાય એટલે જનોઇ દેવાનો—કસ્તી પહેરવાનો—રિવાજ છે.× બ્રાહ્મણોએ જનોઇને આટલી બધી અગત્ય આપી એટલે આ દેશની બીજી કેટલીએ નીચી કોમો પણ ખાંધે જનોઇ પહેરતી થઇ છે અને પોતાને ઉંચી કહેવડાવે છે. બધીએ ન્યાતના લોકોને પોતાનાથી ઉંચી ન્યાતોની સરસાઈ કરવાનું ગાંડપણ લાગ્યું છે; પણ જે પોતાનાથી નીચા કહેવાતા હોય

---

* બ્રહ્મતત્ત્વનો કક્કો પણ જાણતા ન હોય અને ફક્ત પોતાના જનોઇનોજ ગર્વ કરતા હોય એવા બ્રાહ્મણ તેમનાં આ પાપને લીધે પશુમાં ગણાય છે. (અત્રિસંહિતા, ૩૭૨.)

÷ એનું નામજ યજ્ઞોપવીત—એટલે કૉર્ટમાં વકીલાત કરતી વખતે વકીલ બારિસ્ટરો ઝબ્બો પહેરે છે તેમ યજ્ઞ કરતી વખતેજ પહેરવાનું સૂત્ર. પોતાની મોટાઇને ખાતર આખો દિવસ જનોઇ પહેરી રાખવાનો રિવાજ બ્રાહ્મણોએ દાખલ કર્યો છે. સેવાનંદ

† છાન્દોગ્ય ઉપનિષદ્.

× આ બાબતમાં આપણને ગુજરાતીઓને પ્રમાણની જરૂર નથી. પારસીઓની નવજોતની ક્રિયા તો ઘણાએ જાતે પણ જોઇ હશે.
સેવાનંદ

તેમને પોતાના બરોબરીઆ કરી લેવા કોઈ તૈયાર નથી, એટલું જ નહિ પણ તેમ કરવાનું કોઇ કહે ત્યારે તેમનાં મોઢાં જોવા જેવાં થાય છે ! આ દેશનું બધુંજ વિચિત્ર-છે !

### (म) અસલ તો માત્ર ગુણનોજ આદર થતો

અસલ હાલના જેવો જાતિભેદ તો જાણે હતોજ નહિ, પણ કોણ કોના કુળમાં, કયી ન્યાતમાં જન્મ્યો છે તેનો કોઇ વિચાર પણ કરતું ન હતું, કોઇ પડપૂછ પણ કરતું ન હતું. હલકી જાતની સ્ત્રીને પેટે જન્મેલા વેદવ્યાસ, ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર એ બધા પોતાના ગુણને લીધે સંસારમાં આદરમાન પામતા હતા. પાંચે પાંડવો અને દુર્યોધન વિદુરના ચરણને વંદન કરતા હતા. કૃષ્ણ પણ વેદવ્યાસને ચરણે પોતાનું મસ્તક નમાવતા હતા.= ક્ષત્રિય બાપ અને બ્રાહ્મણી માતાથી પેદા થએલાં સંતાનને સૂત જાતિનાં કહેવાં એવો મનુસંહિતા અને મહાભારતનો અભિપ્રાય છે. એટલે ક્ષત્રિય પિતા યયાતિ અને બ્રાહ્મણી મા દેવયાનીનો પુત્ર યદુ અને તેના વંશજો બધાએ હલકી સૂત જાતિના-અર્થાત્ શૂદ્રોજ ગણાવા જોઇતા હતા. તો પછી એજ યદુના વંશમાં જન્મેલા કૃષ્ણ અને બલરામ પણ સૂત જાતિનાજ ઠરે. વળી તેમનાં શરીરમાં અનાર્ય નાગ જાતિનું પણ રુધિર હતું,× તોપણ તેઓ તેમના પરાક્રમ, શૌર્ય વગેરે ગુણોને લીધે સારા ખાનદાન ક્ષત્રિયો કહેવાતા હતા; અને કૃષ્ણને તો તેમના અનંત ગુણોને લીધે બ્રાહ્મણો પણ આદરમાન આપતા હતા. અને આજે પણ ઉંચા કુળવાન બ્રાહ્મણો નીચ સ્ત્રીને પેટે જન્મેલા ભીષ્મદેવને ભક્તિભાવપૂર્વક યાદ કરે છે તેનું કારણ શું ? ગુણવાનના ગુણજ પૂજાય છે. તેઓ કયી જાતના હતા તેનો કોઇ વિચાર પણ કરતું નથી. સુધરેલા દેશોમાં પણ માત્ર ગુણનીજ કદર થાય છે. અમુકના બાપનો બાપ મોટો પંડિત હોય પણ તે પંડિતનો પૌત્ર જો ઢઠ્ઠા જેવો હોય તો તેને પંડિતોની સભામાં માનપાન મળવાની શી આશા ?

### (य) અસ્પૃશ્ય જાતિઓ

અસલ તો કોઈ પણ ન્યાત કે જાતના માણસને કોઇ

= શલ્યપર્વ, ૬૩-૬૯, ૭૫.

× કૃષ્ણનો કોઈ પૂર્વજ નાગ જાતિની કન્યા પરણેલ. જુઓ "કૃષ્ણ"નો વિષય.

અસ્પૃશ્ય ગણતું જ નહિ. કારણ કે (૧) તમામ હિંદુશાસ્ત્રોમાં મનુષ્યમાત્રની સમાનતાનો ઉદાર ધર્મ ઘણોજ ભાર મૂકી મૂકીને સમજાવ્યો છે. હિંદુ માત્રને અત્યંત માન્ય એવા વેદાન્ત શાસ્ત્રનો મત એવો છે કે "નાનાં મોટાં સૌ ઈશ્વરનાં અધિષ્ઠાન છે–સૌ ઈશ્વરજ છે." હિંદુમાત્રને પરમ આદરણીય એવી ભગવદ્ગીતાની આજ્ઞા છે કે "બ્રાહ્મણ, કૂતરો, ચાંડાલ, સૌના ઉપર સમાન દૃષ્ટિ રાખવી. સૌ જાણે પોતાનાંજ સ્વરૂપ હોય એવો ભાવ રાખીને સૌના ઉપર પ્રીતિ રાખવી." (૨) અસલ કોઈ પણ જાતિના માણસને હિંદુસમાજમાં દાખલ થવાની છૂટ હતી. અનાર્ય જાતિના લોકો પણ પોતાની યોગ્યતાના પ્રમાણમાં સમાજમાં ઉંચું સ્થાન પ્રાપ્ત કરતા. (૩) અસલ ઉંચ વર્ણના હિંદુઓ કોઈપણ જાતિની કન્યાને પરણી શકતા.(૪)અસલ ઉંચ વર્ણના હિંદુઓને કોઈપણ ન્યાતના માણસનાં અન્નપાણી ખપતાં. (૫) કોઈ પણ વ્યક્તિ પોતાની બુદ્ધિ અગર ધર્મના અનુભવને લીધે પ્રસિદ્ધિમાં આવતાં આખો હિંદુસમાજ તેને માન આપતો. ક્ષત્રિય રાજકુમાર રામે ગુહક જેવા હલકી કોમના માણસ સાથે મૈત્રી કરી હતી. નિષાદ જાતિમાં જન્મેલા એકલવ્યને તેની બહાદૂરીને લીધે ભલભલા ક્ષત્રિય રાજાઓ માન આપતા હતા. માંસનો વેપાર કરનાર વ્યાધને તેનાં ધર્મશાસ્ત્રના જ્ઞાન અને ધાર્મિકતાને લીધે બ્રાહ્મણો પણ બ્રાહ્મણ ગણીને માન આપતા હતા.

ત્યાર પછીના જમાનામાં અસ્પૃશ્ય જાતિઓની ઉત્પત્તિ થઇ ત્યારે પણ રોહીદાસ ચમાર, ચોખામેલા મહાર અને સજન કસાઇ જેવાં રત્નો એવી અસ્પૃશ્ય જાતિઓમાંથી પાકતાં હતાં. તેઓ ભલે અસ્પૃશ્ય જાતિના હોય પણ તેમની બુદ્ધિ અને તેમની ધર્મભાવનાને લીધે તે વખતનો આખો હિંદુસમાજ તેમને ચરણે પડતો હતો. મહારાષ્ટ્રમાં ત્યારે પેશ્વાઓ સંપૂર્ણ સ્વતંત્ર રીતે રાજ્ય કરતા હતા ત્યારે પણ અસ્પૃશ્ય મહાર જાતના લોકો ચામડાની મશકમાં પાણી ભરી લાવતા અને બ્રાહ્મણો તે છુટથી પીતા હતા. એજ બ્રાહ્મણ પેશ્વાના રાજ્યમાં અસ્પૃશ્ય મહાર જાતના લોકોમાંથી કોઇ કોઇને તેમની શૂરવીરતા અને યુદ્ધકુશળતાની કદર કરીને પેશ્વા એટલું માન આપતો કે કૂચ કરતાં માર્ગમાં જ્યાં જ્યાં છાવણી નખાતી ત્યાં ત્યાં પેશ્વાના તંબુની લગોલગ પેલા શૂરવીર મહાર યોદ્ધાઓના

તંબુઓ રોપવામાં આવતા. મધ્યભારતમાં બેદાર નામની એક અસ્પૃશ્ય કોમ હતી. શંકરાચાર્યે તેને ઉંચે ચઢાવી હતી. વળી બંગાળાની એક અસ્પૃશ્ય કોમમાં જન્મેલા બલરામ હાડીને તેમની ભક્તિ અને ધાર્મિકતાને લીધે ઉંચી ન્યાતના હિંદુઓ પૂજતા હતા. અત્યારે પણ બંગાળાની અંદર બાગ્દી, ડોમ, મોચી વગેરે અસ્પૃશ્ય જાતિના લોકો વૈષ્ણવ ધર્મની દીક્ષા લે છે તો લોકો તેમના હાથનું પાણી પીવામાં વાંધો લેતા નથી. × વૈષ્ણવ થયો અને કંઠી બાંધી એટલે પછી કોઈ કોઈની ન્યાતજાત પૂછતું નથી. વૈષ્ણવ થયો એટલે બસ.

મહાત્મા ગાંધીજી લખે છે કે "જો અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોત તો હું મારી જાતને હિંદુ કહેવરાવવાની ના કહેત. × × × × અસ્પૃશ્યતા એ હિંદુધર્મનું અંગ નથી એમ મારી ખાત્રી થઈ છે તે મારૂં અહોભાગ્ય માનું છું. એથી ઉલટપક્ષે અસ્પૃશ્યતા એ હિંદુધર્મનું ઘોર કલંક છે. હિંદુધર્મ ઉપર જેમને પ્રેમ હોય તેઓ આત્મબલિદાન આપીને પણ એ કલંક દૂર કરે એજ યોગ્ય છે."

### (૨) અસ્પૃશ્ય જાતિઓ કયારથી ઉત્પન્ન થઇ ?

બૌદ્ધ ધર્મની પડતી દશા બેઠી એટલે હિન્દુઓ બૌદ્ધ ધર્મીઓ ઉપર સખત જુલમ કરવા લાગ્યા. તે વખતે બધા બૌદ્ધો પોતાનો ધર્મ છોડી દેવા ખુશી ન હતા. એવા લોકોમાંથી કોઇ કોઈ દેશ છોડીને જંગલો અને પહાડોમાં ભરાઇ ગયા. આજે પણ ઓરિસ્સાનાં જંગલોમાં એ લોકોના બૌદ્ધ વંશજો વસે છે. જેઓ હિન્દુઓના જુલમથી ત્રાસી જઇને હિન્દુ થવા અને હિન્દુસમાજમાં દાખલ થવા તૈયાર થયા, તેમાંના મોટા ભાગને બ્રાહ્મણોએ સમાજમાં છેક હલકામાં હલકી ન્યાતના ગણીને અસ્પૃશ્ય ઠરાવી દીધા. રાધાકમલ મુખોપાધ્યાય લખે છે કે "બંગાળાની અસ્પૃશ્ય કોમો મોટે ભાગે વિસરાઇ ગએલા બૌદ્ધ લોકોની ઓલાદ છે." મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "આપણા દેશમાં આપણે જેમને અડકતા નથી અથવા જેના હાથનું પાણી આપણને ખપતું નથી તેઓ કે [illegible] એકવાર બૌદ્ધધર્મ પાળતા હતા. એટલા માટેજ તેમને અસ્પૃશ્ય ગણીએ છીએ. અગીઆરમા સૈકામાં જ્યારે [illegible]

× હિન્દ[illegible], [illegible] જુન [illegible]

રાજાઓની હાક વાગતી હતી ત્યારે બૌદ્ધધર્મીઓનું ઘણું જોર હતું. તે વખતે તેઓ આપણી સાથે મળી જવાની દરકાર કરતા ન હતા. તે વખતે તો તેઓ એવા અક્કડ થઇને ફરતા કે બ્રાહ્મણોને પણ પોતાની પાસે ફરકવા દેતા ન હતા."×

પરંતુ તે છતાં હજી અમને તો એમજ લાગે છે કે હિન્દુઓના લાગલાગટ અત્યાચારથી એ લોકો ધીમેધીમે ઘણા બળહીન થઈ ગયા ત્યારેજ તેઓને હિન્દુ થવાની ફરજ પડી. ત્યારે તેઓ નાછૂટકે બ્રાહ્મણોનું વડપણ કબૂલ કરીને હિન્દુસમાજમાં પેઠા.

જે અસ્પૃશ્ય જાતિઓની કન્યાઓને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, વૈદ્ય બધી કોમોના લોકો પરણતા હતા, જેમના હાથનું પાણી અને જેમની રાંધેલી રસોઇ બધીજ વર્ણના લોકો ખુશીથી ખાતા હતા, જેમની કોમના માણસ સાથે રામચંદ્ર જેવાએ પણ દોસ્તી કરી હતી તેમને આપણે આજે અસ્પૃશ્ય ગણીને આપણાથી વેગળા રાખીએ એ શું વાજબી કહેવાય ? અને તેમ કરીને આખા હિન્દુસમાજને કાયમને માટે બળહીન રાખવામાં શું ડહાપણ છે ? મુસલમાનોના અત્યાચારના દાખલા તો સૌની નજર આગળ બન્યાજ કરે છે અને દિવસે દિવસે વધતા જાય છે. હિન્દુ સ્ત્રીઓનું સતીત્વ દહાડે દહાડે વધારે જોખમવાળેલું બનતું જાય છે. આ અવસ્થામાં નમઃશૂદ્ર જેવી શરીરે બળવાન કોમોને ઉન્નત કરીને, તેમની સાથે મેળ રાખીને, તેમને રીઝવીને હિન્દુ કોમના બળમાં વૃદ્ધિ કર્યા સિવાય ઉગરવાનો એકે ઉપાયજ નથી.= ગીતાનો પાઠ કર્યાથી પાપમાત્રનો નાશ થાય છે એમ તો હિન્દુઓ માને છે, ત્યારે પછી વળી આટલો ભેદાભેદ અને અંદર અંદરના વિખવાદ શાને હોવા જોઇએ ?

પાછી ખૂબીની વાત એ છે કે એજ અસ્પૃશ્ય મુસલમાન અથવા ખ્રિસ્તી થઇ જાય તો તે અસ્પૃશ્ય મટી જાય છે અને બધા હિન્દુઓ તેને અડકવામાં વાંધો લેતા નથી !

ભૂદેવ મુખોપાધ્યાય લખે છે કે " જ્યાં સુધી અંત્યજ કોમના લોકો હિન્દુ ધર્મને વળગી રહે ત્યાંસુધી તેઓ હલકા,

---

× પ્રવર્તક, કાર્તિક, ૧૩૩૦.

= મુંબઇના છેલ્લા હુલ્લડ વખતે અંત્યજ કોમના સ્વયંસેવકોએ જાનને જોખમે ઉંચી કોમની સ્ત્રીઓનું શિયળ સાચવ્યું છે, હિન્દુ મંદિરોનો બચાવ કર્યો છે, છતાં તે અસ્પૃશ્ય ! સેવાનંદ

અસ્પૃશ્ય, બહારવાસીઓ વગેરે ગણાય છે. તે કલ્મો ભણીને મુસલમાન થાય એટલે ઉંચી કોમના હિન્દુઓ તેમને મીઆં સાહેબ કહીને સલામ કરવા તૈયાર થાય છે અને બેસવાનું આસન આપે છે."÷

જે દેશના મહાત્માઓએ કાચ અને કાંચનને, વિષ્ઠા અને ચંદનને સમાન ભાવે જોવાનો અભ્યાસ પાડવાને કેટલી ઉગ્ર અને કઠોર તપશ્ચર્યાઓ કરી હતી, જે દેશનાં તમામ શાસ્ત્રોએ એકસરખી સ્પષ્ટ આજ્ઞા કરી છે કે "આત્મા વડે ભૂતમાત્રમાં આત્મદર્શન કરવું, સર્વને સમદૃષ્ટિથી જોવા, તમારામાં અને સામા માણસમાં લેશ પણ તફાવત છે એવો મનમાં વિચાર સરખો આવવા ન દેવો, ઈશ્વર પ્રાણીમાત્રનો અંતર્યામી આત્મા છે એવો અનુભવ કરવો, ભૂતમાત્રમાં તેનું અધિષ્ઠાન છે એવી ભાવનાને દૃઢ કરવી, અને સૌના તરફ ઈશ્વરભાવ રાખીને સૌને સમાન દાન કરવું, સૌનું સન્માન કરવું, સૌના તરફ બંધુભાવ રાખવો, પ્રાણીમાત્રની સમાન ભાવે સેવા કરવી, નિષ્કામ ભાવે જગતની સેવા બજાવવી એજ મનુષ્યમાત્રનું આવશ્યક કર્તવ્ય છે,"* આવા સર્વોત્તમ આદર્શને જન્મ આપનાર દેશના લોકો આજે માણસને-પોતાના જાતભાઇને અડકતાં અભડાઈ જાય છે!

"હે મોરે દુર્ભાગા દેશ! જાદેર કરે છો અપમાન,
અપમાને હોતે હોબે તાહાદેર સબાર સમાન."+

### (લ) એ વિષે પંડિતોનો મત

સર મોનિયર વિલિયમ્સે યથાયોગ્ય લખ્યું છે કે "હિંદુ ધર્મ એ વિરાટ અતિથિગૃહ છે. જે કોઇ બહારથી દાખલ થવા આવે છે તેને તેમાં સ્થાન મળી રહે છે. ઉંચામાં ઉંચી કોટિના મનુષ્યથી તે અધમમાં અધમ કોટિના મનુષ્ય સર્વને હિંદુ ધર્મમાં જોડાવાની ઇચ્છા હોય તો તેને આદરપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે. શરત માત્ર એટલીજ કે તેણે બ્રાહ્મણોનું વડપણ અને હિંદુસમાજના નિયમ માન્ય રાખવા જોઇએ."

÷ એજ્યુકેશન ગેઝેટ, ૨૨ વૈશાખ, ૧૩૦૩.

* મનુસ્મૃતિ, ૧૦-૧૨૫. શ્રીમદ્ભાગવત, સ્કંધ ૩ અધ્યાય ૨૯ અને ગીતા.

+ હે મોરે [illegible] રવીન્દ્રનાથ ટાગોર

મહાત્મા ગાંધીજી લખે છે કે "જગતના તમામ ધર્મોમાં હિંદુધર્મ સૌથી વધારે ઉદાર છે. હિંદુધર્મ સૌને પોતાનામાં સમાવી લે છે. એટલે બીજી રીતે કહીએ તો 'હિંદુધર્મ જગતના તમામ ધર્મોમાં શ્રેષ્ઠ છે'"

### (૪) ભારતખંડના શ્રેષ્ઠ પુરુષો જાતિભેદને માનતા ન હતા.

કૃષ્ણ પોતે અનાર્યોની અને શૂદ્રોની કન્યાને પરણ્યા હતા. તેમના પુત્રોને પણ અનાર્યોની કન્યાઓ [illegible] પરણ્યા હતા. વિદુર શૂદ્ર હતા છતાં કૃષ્ણ તેમને ઘેર જમ્યા હતા. તેમણે ગીતામાં બ્રાહ્મણ અને ચાંડાલને સમાન [illegible] ઉપદેશ આપ્યો છે. આ બધા ઉપરથી સાબિત થાય છે કે કૃષ્ણને જાતિભેદ મંજૂર ન હતો. બુદ્ધદેવ, નાનક, [illegible], [illegible], ભાસ્કરાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી વગેરે મહાપુરુષો જાતિભેદ માન્ય ન હતો.

[illegible] જાતિભેદને માનતા ન હતા. [illegible] "[illegible] હિંદુ [illegible] જાતિભેદને [illegible] હિંદુ [illegible]."

[illegible] જાતિભેદને માનતા ન [illegible] હિંદુધર્મ [illegible] જાતિભેદ [illegible].

### (૫) [illegible]

[illegible]

છે, એવું જે પ્રજાનાં શાસ્ત્રો વારંવાર દાંડી વગાડીને કહે છે. તે હિન્દુ પ્રજા આજે આટલી બધી નાની નાની ન્યાતોમાં વિભક્ત થઇ ગઇ છે અને એ ભેદભાવને હજી પ્રાણપણે વળગી રહે છે! ભારતવર્ષમાંથી ન્યાતીભેદ સદંતર ભૂંસાઇ નહિ જાય, ભારતવર્ષના તમામ રહેવાસીઓ ભેગા થઇને એક અભિન્ન જાતિનું ગઠન નહિ કરે ત્યાંસુધી તેને માટે સ્વતંત્રતા અત્યંત દુર્લભ વસ્તુ છે. તેની સ્વપ્ને પણ આશા રાખવી એ મિથ્યા છે.

" [illegible] જાતિભેદ ભૂલે, ક્ષત્રિય–બ્રાહ્મણ–વૈશ્ય–શૂદ્ર મિલે,
[illegible] એ ભાવી મંડશે ઉન્નતિને [illegible]. "
" [illegible] અંત [illegible].
[illegible] મહાસંગીત [illegible], ગાશે [illegible] નરનારી. "

એ [illegible] અને સમાનતાનું સંગીત નવીન છે એવું [illegible], પણ એ તો પ્રાચીનથીએ પ્રાચીન છે. બીજા દેશોને [illegible] નવીન હશે, પણ ભારતખંડને માટે તો નથી. પરંતુ [illegible]

## (૨૨) દાન

[illegible]

[illegible]

ક્ષત્રિયાણી અગર વૈશ્યા અગર શૂદ્રાણી, એ ચારમાંથી ગમે તે વર્ણની સ્ત્રીની સાથે લગ્ન કરી શકે. ચારે વર્ણમાંથી ઉંચી વર્ણનો પુરુષ પોતાના વર્ણની અગર પોતાથી નીચી વર્ણોમાંની ગમે તે વર્ણની કન્યાને પરણી શકે.×

(આ) આ ઉપરાંત મહર્ષિ વિષ્ણુ, યાજ્ઞવલ્ક્ય, ઉશના, આપસ્તંબ, કાત્યાયન, પરાશર, વ્યાસ, શંખ, દક્ષ, ગૌતમ અને વસિષ્ઠ એટલા ઋષિઓ અસવર્ણ લગ્નને શાસ્ત્રસંમત માને છે.*

(ઇ) પરાશર સંહિતા, એ કલિયુગની ખાસ સ્મૃતિ અથવા ધર્મશાસ્ત્ર મનાય છે. તેના અગીઆરમા અધ્યાયના એકવીસમા અને ત્રેવીસમા શ્લોકમાં શૂદ્રાણી અને વૈશ્યાને પેટે જન્મેલા બ્રાહ્મણોના પુત્રોનો ઉલ્લેખ છે તે ઉપરથી પણ સાબિત થાય છે કે કલિયુગમાં અસવર્ણ લગ્નનો શાસ્ત્રો નિષેધ કરતાં નથી.

**(ઋ) હિન્દુઓને શાસ્ત્ર પ્રમાણે કોઈપણ જાતિની કન્યાને પરણવાની છૂટ છે.**

(અ) મનુસંહિતામાં કહ્યું છે કે "નીચ જાતિના માણસ પાસેથી પણ શ્રદ્ધાયુક્ત થઈને ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી, નીચ જાતિના માણસ પાસેથી પણ શ્રેષ્ઠ ધર્મનો બોધ ગ્રહણ કરવો, **અને છેક હલકા કુળમાંથી પણ સુન્દર સ્ત્રી મળી શકતી હોય તો તેની સાથે પરણી જવું.** વિષમાંથી અમૃત શોધી લેવું, બાળકની પાસેથી હિતની વાત મળતી હોય તો તે સાંભળીને ગ્રહણ કરવી; શત્રુની પાસે સત્કાર્ય કરવાની રીત શીખાતી હોય તો તે શીખી લેવી; મેલી જગ્યાએ સુવર્ણ પડયું હોય તો તે ઉપાડીજ લેવું; રત્ન, વિદ્યા, ધર્મ, શૌચ, હિતકથા, નાના પ્રકારની હુન્નરકળા અને સ્ત્રી, એટલાં વાનાં ગમે ત્યાંથી ગમે

× મનુસંહિતા, ૩–૧૨, ૧૩. ૯–૧૪૮ થી ૧૫૩. અધ્યાય ૧૦ મો. વિષ્ણુસંહિતા, ૨૪–૧ થી ૪. યાજ્ઞવલ્ક્યસંહિતા, ૨–૧૨૮. મહાભારત, આદિપર્વ, અધ્યાય ૮૧. અનુશાસનપર્વ, અધ્યાય ૪૮. શ્રીમદ્‌ભાગવત સ્કંધ ૧૧–અધ્યાય ૧૭.

* વિષ્ણુસંહિતા, પૃષ્ઠ ૫૦, ૫૨, ૬૪, ૬૬. યાજ્ઞવલ્ક્યસંહિતા પૃષ્ઠ ૧૪૪, ૧૪૬, ૧૪૭, ૧૮૧. ઉશનાસંહિતા, પૃષ્ઠ ૨૩૫, ૨૫૬, ૨૫૭, ૨૦૭, આપસ્તંબ સંહિતા, પૃષ્ઠ ૨૮૯. કાત્યાયન સંહિતા, પૃષ્ઠ ૩૧૯. પરાશરસંહિતા, પૃષ્ઠ ૩૮૩. વ્યાસસંહિતા, પૃષ્ઠ ૩૯૦, ૩૯૩. શંખસંહિતા, પૃષ્ઠ ૪૦૯, દક્ષસંહિતા પૃષ્ઠ ૪૪૫, ગૌતમસંહિતા પૃષ્ઠ ૪૫૩, ૪૭૯, ૪૬૬. વસિષ્ઠસંહિતા પૃષ્ઠ ૫૨૦.

તેની પાસેથી લેવાની છૂટ છે."×

(આ) ઉપર ટાંકેલા મનુસ્મૃતિના અભિપ્રાયને મહાભારત પૂરેપુરો ટેકો આપે છે. તેમાં લખ્યું છે કે "શ્રદ્ધવાન પુરુષે હલકી જાતિના માણસ પાસેથી પણ ઉત્તમ પ્રકારની વિદ્યા શીખી લેવી. સુવર્ણ મેલી જગ્યાએ પડયું હોય તોપણ તેને વિચાર કે શંકા કર્યા વગર ઉંચકીજ લેવું, વિષમાં પણ જો અમૃત હોય તો તે પી જવું; અને હલકી જાતમાં પણ કોઇ સુન્દર સ્ત્રી હોય તો તેને પરણી જવું. સ્ત્રી, રત્ન અને પાણી એ ત્રણ વાનાં શાસ્ત્ર પ્રમાણે અપવિત્ર હોયજ નહિ."⁕

(ઇ) ઇસવીસન પૂર્વે ચોથા સૈકામાં જન્મેલો મહાબુદ્ધિમાન ચાણક્ય પંડિત ઉપલા બેઉ મતને સંપૂર્ણ રીતે ટેકો આપતાં એવીજ મતલબનું વિધાન પોતે રચેલા શાસ્ત્રમાં બતાવે છે.+

(ઈ) આજના જમાનામાં બંગાલાના કુળાચાર્ય ગણાતા પંડિત નુલો પંચાનન ઉપલા બધા મતને પોતાના તરફથી ટેકો આપતાં લખે છે કેઃ–

"નુલો બોલે પ્રથા આ છે, લોય અતિ જત્ને,
નીચ હોતે શ્રેષ્ઠ વિદ્યા દુષ્કુલ સ્ત્રી રત્ને."§

આ ચાર પ્રમાણ ઉપરથી વાચક પોતેજ જોઇ શકયો હશે કે મનુ, મહાભારતકાર, ચાણક્ય અને નૂલો પંચાનન વગેરે માનનીય વ્યક્તિઓના અભિપ્રાય પ્રમાણે જેમ ગમે તેની પાસે વિદ્યા શીખી લેવાય, તેમ ગમે તે જાતની સ્ત્રી, જો તે સુંદર હોય તો તેને પણ પરણી જવાય. લગ્નની બાબતમાં ન્યાતજાતનો વિચાર કરવાનો હોયજ નહિ.

(ઉ) મહાનિર્વાણ તંત્રમાં એવું વિધાન છે કે 'શૈવ વિવાહ પ્રમાણે લગ્ન કરતી વખતે સ્ત્રીની ઉંમર કેટલી છે અગર તે કઇ જાતિની છે તેનો વિચારજ ન કરવો. માત્ર એટલુંજ જોવું કે તે સપિંડા એટલે પુત્રવતી ન હોય અને પતિ વગરની હોય.

× મનુસંહિતા, ૨-૨૩૮ થી ૨૪૦.

[illegible]

[illegible]

[illegible]

એવી પતિથી પુત્ર વિનાની ગમે તે સ્ત્રી સાથે શિવની આજ્ઞાથી લગ્ન કરી શકાય."*

(ઋ) મહર્ષિ યાજ્ઞવલ્ક્ય, આપસ્તંબ, અત્રિ અને મહાભારતકાર, ચારે જણ એકજ અભિપ્રાય આપે છે કે "સ્ત્રી માત્રજ સદા પવિત્ર છે."+ એથી કરીને કોઇ પણ જાતિની કન્યા સાથે લગ્ન કરવામાં પાપ લાગતુંજ નથી.

(ૠ) "પુત્રને માટે સ્ત્રીનું પાણિગ્રહણ કરવું" એ સર્વ શાસ્ત્રોનું ફરમાન છે. એટલે જે સ્ત્રીથી બળવાન અને ઉત્તમ પુત્ર જન્મવાનો સંભવ હોય તેવી સ્ત્રી ભલે ગમે તે જાતિની હોય તોપણ તેની સાથે લગ્ન કરવામાં હરકત ન હોવી જોઈએ.

(ૡ) અત્યારે પણ વિવાહપ્રસંગે જે મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવે છે તે મંત્રો ઠેઠ ઋગ્વેદના જમાનાથી ચાલ્યા આવે છે. તેમાં એક મંત્રનો મતલબ નીચે મુજબ છેઃ–વર કહે છેઃ "આ કન્યાનું દાન કોણ કરે છે ? કોને દાન કરે છે ?" એજ મંત્રમાં આ પ્રશ્નોના ઉત્તર છેઃ "પ્રેમ તેનું દાન કરે છે. પ્રેમનેજ તેનું દાન કરે છે. પ્રેમજ તેનું ગ્રહણ કરે છે. પ્રેમનીજ અનંતતા છે. હું પ્રેમ વડે આ કન્યાને સ્વીકારૂં છું. હે પ્રેમ ! એ તારીજ થશે."= આ મંત્ર ઉપરથી ફલિત થાય છે કે જેમની વચ્ચે પ્રેમનો ઉદય થયો હોય તેમનાં લગ્ન ન્યાતજાતના ભેદ વગર થઈ શકે છે. ઉપર જેમનો આધાર બતાવ્યો છે તે બધાંજ શાસ્ત્રોના વિધાન મુજબ હિન્દુઓને અનાર્ય, અસ્પૃશ્ય, યવન આગર કોઈ પણ જાતિની કન્યાને પરણવાની છૂટ છે.

કદાચ કોઇ એવી દલીલ કરે–અને કેટલાક કરે પણ છે–કે "મનુ, મહાભારતકાર અને બીજા ઋષિઓએ 'સ્ત્રી-રત્ન' એવો શબ્દ વાપર્યો છે. સ્ત્રીરત્ન એટલે રૂપાળી સ્ત્રી નહિ પણ અનેક ગુણવાળી સ્ત્રી." એનો જવાબ એ છે કે આ ઠેકાણે રત્ન એટલે હીરા, મોતી કે માણેક નથી, પણ સુંદર સ્ત્રી એવોજ

---

* वयो जाति विचारोऽत्र शैवोद्वाहे न विद्यते ।
असपिण्डां भर्तृहीनामुद्वहेच्छंभुशासनात् ॥
—મહાનિર્વાણ તંત્ર.

\+ યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૧–૭૧. આપસ્તંબ સંહિતા, ૨–૩. અત્રિસંહિતા, શ્લોક ૧૮૮. શાંતિપર્વ, ૧૬૫–૩૨.

= પુરોહિત દર્પણ, પૃષ્ઠ ૪૭૧.

અર્થ લેવાનો છે. કારણ કે કૃષ્ણ જાંબવતીને પરણ્યા, નરકાસુરની સ્ત્રીઓને પરણ્યા, વળી શાન્તનુ રાજા ગંગાને અને મત્સ્યવતીને પરણ્યો, ભીમ રાક્ષસની છોકરીને પરણ્યો, અર્જુન ઉલૂપીને પરણ્યો–તે બધા કાંઈ તેમના ગુણ જોઈને પરણ્યા ન હતા–ગુણ જોવાનો તેમને અવકાશજ ક્યાં હતો? વિશેષમાં તો આમાંની કોઈ પણ સ્ત્રીમાં અનેક તો શું પણ એક પણ ખાસ ગુણ હતો એવો કોઈ પણ ગ્રંથમાં ઈસારો કર્યો નથી. પણ એ સ્ત્રીઓને પરણનારાઓ શાસ્ત્રના મર્મને જાણતા હતા. તેઓ મનુ વગેરે સ્મૃતિકારોનાં વિધાનથી વાકેફ હતા. એટલા માટે તેઓ તે સ્ત્રીઓનાં સૌંદર્યને લીધેજ તેમને પરણ્યા હતા.

## (ગ) હિન્દુસમાજમાં અસવર્ણ લગ્ન કરવાનો રિવાજ હતો તેના દાખલા

### (અ) વેદના યુગમાં

વેદના યુગમાં અસવર્ણ લગ્નો થતાં હતાં. ચ્યવન ઋષિ બ્રાહ્મણ હતા. તેઓ સુકન્યા નામની ક્ષત્રિય જાતિની કન્યાને અને [illegible] ની પુત્રીને પરણ્યા હતા. અથર્વવેદમાં લખ્યું છે કે [illegible] કોઈ પણ સ્ત્રી બ્રાહ્મણ ન હોય એવી બીજી કોઈ પણ [illegible] એક પછી એક દશ પુરુષોને પરણી ચુકી હોય તોપણ [illegible] બ્રાહ્મણ આવી લગ્ન કરે તો તે સ્ત્રીનો ખરો ધણી [illegible]." આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે [illegible] બ્રાહ્મણો બીજી જાતિની સ્ત્રીઓને પણ [illegible].

### (આ) મહાભારતના યુગમાં

[illegible]

માંથી ચઢતા ઉતરતા ક્રમ પ્રમાણે વારસાનો અધિકાર હોય છે.×

તે જમાનામાં જો અસવર્ણ લગ્ન કરવાનો રિવાજ માન્ય ન હોત તો આવા વારસાના કાયદા ઘડવાનું કશું પ્રયોજન જ ન હોત. એ સિવાય વિષ્ણુ, યાજ્ઞવલ્કય, ઉશનાઃ, આપસ્તંબ, કાત્યાયન, પરાશર, વ્યાસ, શંખ, દક્ષ, ગૌતમ અને વસિષ્ઠ એટલા સ્મૃતિકારોની સ્મૃતિઓમાંથી તે વખતના હિન્દુસમાજમાં ચાલતાં અસવર્ણ લગ્નોની પુષ્કળ સાબિતીઓ મળી આવે છે = એ વિષે રામાયણમાં પણ દાખલો છે કે ક્ષત્રિય રાજા દશરથને ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, ત્રણે જાતિની સ્ત્રીઓ હતી.‡

મહાભારતમાં બ્રાહ્મણ ક્ષત્રિયાણીને અને ક્ષત્રિય બ્રાહ્મણીને પરણ્યાનાં દૃષ્ટાંત છે.§ દ્રૌપદીના સ્વયંવર વખતે તેને તેનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન કહે છે કે 'આ બધામાંથી જે કોઈ નિશાન વીંધે તેને તું તારા પતિ તરીકે પસંદ કરજે.' સભામાં જાતજાતના લોકો બેઠા હતા. તેમાંથી ઘણાએ નિશાન વીંધવાનો પ્રયત્ન કરી જોયા પછી છેવટે તે નિશાનને વીંધનાર બ્રાહ્મણની સાથે દ્રુપદ રાજા પોતાની દીકરી પરણાવવા કબૂલ થયો."* જો તે જમાનામાં અસવર્ણ લગ્નો થતાં ન હોત તો દ્રુપદ રાજાથી આવું પગલું ભરી શકાત નહિ. વિરાટ રાજા જાતનો ક્ષત્રિય હતો, પણ તેની સ્ત્રી સૂત જાતિની હતી. વળી એ લગ્નનું ફરજંદ ઉત્તરાની સાથે ક્ષત્રિય અભિમન્યુનું લગ્ન થયું હતું.† વિદર્ભ દેશના ક્ષત્રિય રાજાએ તેની લોપામુદ્રા નામની પુત્રીનું લગ્ન બ્રાહ્મણ અગસ્ત્યની સાથે ગોઠવ્યું હતું.+ કાન્યકુબ્જના ક્ષત્રિય રાજા ગાધિએ

---

× મનુસંહિતા, ૯-૧૪૮થી૧૫૩. વિષ્ણુસંહિતા, ૨૪-૧ થી ૪. અનુશાસનપર્વ, અધ્યાય ૪૭.

= વિષ્ણુ, ૧૬, ૨૮, ૨૪, ૨૬. યાજ્ઞવલ્કય, ૧-૫૬, ૫૭, ૮૮, ૯૧, ૧૨૮. ઉશનાઃ ૩-૨૭. ૬-૩૬ થી ૩૮, ૫૪, ૫૫. આપસ્તંબ, ૫-૮. કાત્યાયન, ૮-૬, ૭, ૮. પરાશર, ૧૧-૨૧થી૨૩. વ્યાસ, ૧-૭, ૮, ૯. ૨-૧૦, ૧૧, ૧૨. શંખ, ૪-૬, ૭, ૮. દક્ષ, ૬-૧૭. ગૌતમ, ૪-૨૯. વસિષ્ઠ, અધ્યાય ૧૭.

‡ રામાયણ, આદિકાંડ, ૧૪-૩૫.

§ આદિપર્વ, ૮૨, ૧૯.

* આદિપર્વ, ૧૮૯-૨.

† વિરાટપર્વ, અધ્યાય ૨૩, ૨૪.

\+ વનપર્વ, અધ્યાય ૯૭.

અર્થ લેવાનો છે. કારણ કે કૃષ્ણ જાંબવતીને પરણ્યા, નરકાસુરની સ્ત્રીઓને પરણ્યા, વળી શાન્તનુ રાજા ગંગાને અને સત્યવતીને પરણ્યો, ભીમ રાક્ષસની છોકરીને પરણ્યો, અર્જુન ઉલૂપીને પરણ્યો–તે બધા કાંઇ તેમના ગુણ જોઇને પરણ્યા ન હતા–ગુણ જોવાનો તેમને અવકાશજ ક્યાં હતો ? વિશેષમાં તો આમાંની કોઇ પણ સ્ત્રીમાં અનેક તો શું પણ એક પણ ખાસ ગુણ હતો એવો કોઇ પણ ગ્રંથમાં ઇસારો કર્યો નથી. પણ એ સ્ત્રીઓને પરણનારાઓ શાસ્ત્રના મર્મને જાણતા હતા. તેઓ મનુ વગેરે સ્મૃતિકારોનાં વિધાનથી વાકેફ હતા. એટલા માટે તેઓ તે સ્ત્રીઓનાં સૌંદર્યને લીધેજ તેમને પરણ્યા હતા.

## (ग) હિન્દુસમાજમાં અસવર્ણ લગ્ન કરવાનો રિવાજ હતો તેના દાખલા

### (अ) વેદના યુગમાં

વેદના યુગમાં અસવર્ણ લગ્નો થતાં હતાં. ચ્યવન ઋષિ બ્રાહ્મણ હતા. તેઓ સુકન્યા નામની ક્ષત્રિય જાતિની કન્યાને અને શ્યાવાશ્વ રથવીતિની પુત્રીને પરણ્યા હતા. અથર્વવેદમાં લખ્યું છે કે "જો કોઇ પણ સ્ત્રી બ્રાહ્મણ ન હોય એવી બીજી કોઇ પણ વર્ણના એક પછી એક દશ પુરુષોને પરણી ચૂકી હોય તોપણ જો તે છેલ્લી વાર બ્રાહ્મણ સાથે લગ્ન કરે તો તે સ્ત્રીનો ખરો ધણી પેલો બ્રાહ્મણજ ગણાય."× આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે બીજી ન્યાતના લોકોને પરણેલી સ્ત્રીઓને પણ બ્રાહ્મણો ફરીથી પરણી શકતા.

### (आ) મહાભારતના યુગમાં

મનુસંહિતા અને મહાભારત, બેઉમાં લખ્યું છે કે "દ્વિજ ગણાતી ત્રણે વર્ણનો કોઇ પણ માણસ પોતાની વર્ણથી ઉતરતી વર્ણની સ્ત્રીની સાથે અનુલોમ લગ્ન કરીને જે સંતાન ઉત્પન્ન કરે તે તેમની માતાની જાતિનાં ગણાય."+ વળી મનુસંહિતા, વિષ્ણુસંહિતા અને મહાભારત, ત્રણેમાં લખ્યું છે કે કોઇ બ્રાહ્મણને ચારે વર્ણની ચાર સ્ત્રીઓ હોય અને તેવી ચારે સ્ત્રીઓથી તેને જે જે પુત્રો થયા હોય તે બધાને તેમના બાપની મિલ્કત-

× અથર્વવેદ, ૫-૧૭-૮.

+ મનુસંહિતા, ૧૦-૬-૭. ઉપર ટાંકેલ. અનુવાદ મગનલાલના જાતીય ઇતિહાસના પૃ૦ ૧૭ના પરથી લીધેલ છે. અનુશાસનપર્વ, ૪૮-૪.

માંથી ચઢતા ઉતરતા ક્રમ પ્રમાણે વારસાનો અધિકાર હોય છે.×

તે જમાનામાં જો અસવર્ણ લગ્ન કરવાનો રિવાજ માન્ય ન હોત તો આવા વારસાના કાયદા ઘડવાનું કંઈ પ્રયોજનજ ન હોત. એ સિવાય વિષ્ણુ, યાજ્ઞવલ્કય, ઉશનાઃ, આપસ્તંબ, કાત્યાયન, પરાશર, વ્યાસ, શંખ, દક્ષ, ગૌતમ અને વસિષ્ઠ એટલા સ્મૃતિકારોની સ્મૃતિઓમાંથી તે વખતના હિન્દુસમાજમાં ચાલતાં અસવર્ણ લગ્નોની પુષ્કળ સાબિતીઓ મળી આવે છે.= એ વિષે રામાયણમાં પણ દાખલો છે કે ક્ષત્રિય રાજા દશરથને ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, ત્રણે જાતિની સ્ત્રીઓ હતી.‡

મહાભારતમાં બ્રાહ્મણ ક્ષત્રિયાણીને અને ક્ષત્રિય બ્રાહ્મણીને પરણ્યાનાં દૃષ્ટાંત છે.§ દ્રૌપદીના સ્વયંવર વખતે તેને તેનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન કહે છે કે 'આ બધામાંથી જે કોઈ નિશાન વીંધે તેને તું તારા પતિ તરીકે પસંદ કરજે.' સભામાં જાતજાતના લોકો બેઠા હતા. તેમાંથી ઘણાએ નિશાન વીંધવાનો પ્રયત્ન કરી જોયા પછી છેવટે તે નિશાનને વીંધનાર બ્રાહ્મણની સાથે દ્રુપદ રાજા પોતાની દીકરી પરણાવવા કબૂલ થયો."* જો તે જમાનામાં અસવર્ણ લગ્નો થતાં ન હોત તો દ્રુપદ રાજાથી આવું પગલું ભરી શકાત નહિ. વિરાટ રાજા જાતનો ક્ષત્રિય હતો, પણ તેની સ્ત્રી સૂત જાતિની હતી. વળી એ લગ્નનું ફરજંદ ઉત્તરાની સાથે ક્ષત્રિય અભિમન્યુનું લગ્ન થયું હતું.† વિદર્ભ દેશના ક્ષત્રિય રાજાએ તેની લોપામુદ્રા નામની પુત્રીનું લગ્ન બ્રાહ્મણ અગસ્ત્યની સાથે ગોઠવ્યું હતું.+ કાન્યકુબ્જના ક્ષત્રિય રાજા ગાધિએ

× મનુસંહિતા, ૯–૧૪૮થી૧૫૩. વિષ્ણુસંહિતા, ૨૪–૧ થી ૪. અનુશાસનપર્વ, અધ્યાય ૪૭.

= વિષ્ણુ, ૧૬, ૨૮, ૨૪, ૨૬. યાજ્ઞવલ્કય, ૧–૫૬, ૫૭, ૮૮, ૯૧, ૧૨૮. ઉશનાઃ ૩–૨૭. ૬–૩૬ થી ૩૮, ૫૪, ૫૫. આપસ્તંબ, ૫–૮. કાત્યાયન, ૮–૬, ૭, ૮. પરાશર, ૧૧–૨૧થી૨૩. વ્યાસ, ૧–૭, ૮, ૯. ૨–૧૦, ૧૧, ૧૨. શંખ, ૪–૬, ૭, ૮. દક્ષ, ૬–૧૭. ગૌતમ, ૪–૨૯. વસિષ્ઠ, અધ્યાય ૧૭.

‡ રામાયણ, આદિકાંડ, ૧૪–૩૫.

§ આદિપર્વ, ૮૧, ૧૯.

* આદિપર્વ, ૧૮૯–૧

† વિરાટપર્વ, અધ્યાય ૨૩, ૨૪.

+ વનપર્વ, અધ્યાય ૯૭.

પોતાની દીકરીને બ્રાહ્મણ ઋચીકની સાથે પરણાવી હતી. બ્રાહ્મણ જમદગ્નિ ક્ષત્રિય પિતાની પુત્રી રેણુકા સાથે પરણ્યા હતા. અંગ-દેશના ક્ષત્રિય રાજાએ પોતાની પુત્રી શાન્તાનો વિવાહ બ્રાહ્મણ ઋષ્યશૃંગ મુનિની સાથે કર્યો હતો.= મહર્ષિ ગૌતમને શૂદ્ર જાતિની સ્ત્રી ઉશીનરીને પેટે કક્ષીવાન વગેરે પુત્રો થયા હતા. અંગ, બંગ વગેરે દેશોના મોટા મોટા પ્રતાપી રાજાઓ તેમના આશ્રમમાં જઇને તેમના સમાગમથી ઘણા પ્રસન્ન થઇને પાછા ફરતા હતા.× મહાભારતમાં એક એવો દાખલો પણ છે કે કોઇ બ્રાહ્મણ નિષાદ જાતિની સ્ત્રીને પરણ્યો હતો.* હરિવંશમાં લખ્યું છે કે "ચારે વેદ અને છએ છ વેદાંગોને જાણનાર ધર્મગુણયુક્ત બ્રહ્મદત્ત નામના બ્રાહ્મણને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણની સ્ત્રીઓ હતી.÷ આટલાં ઉદાહરણ જો પૂરતાં ન હોય તો એક વધુ ઉમેરીએ છીએ કે કૃષ્ણ પોતે ક્ષત્રિય હોવા છતાં શૂદ્ર જાતિની રાધાને પરણ્યા હતા.+

(૬) બૌદ્ધ યુગમાં

ઇસવી સનની પૂર્વે છઠ્ઠા સૈકામાં બુદ્ધદેવના સમયમાં અસવર્ણ લગ્નો થતાં હતાં.

ઇસવી સનની પૂર્વે પાંચમા સૈકામાં મગધ દેશનો રાજા મહાનંદ શૂદ્ર સ્ત્રીને પરણ્યો હતો અને તે સ્ત્રીને પેટે જન્મેલો તેનો પુત્ર મહાપદ્મનંદ તેના પછી મગધ દેશની ગાદીએ બેઠો હતો.

સુપ્રસિદ્ધ ચાણક્ય પંડિતનું અર્થશાસ્ત્ર ઇસવી સનની પૂર્વે ચોથા સૈકામાં લખાયું હતું. તે ઉપરથી માલૂમ પડે છે કે તે જમાનામાં અસવર્ણ લગ્નની પ્રથા હિંદુસમાજમાં હતી. વિશેષ સાબિતી તો એ કે તે જમાનામાં ભરતખંડની અંદર બૌદ્ધધર્મનું ઘણુંજ પ્રાબલ્ય હતું અને બૌદ્ધો જાતિભેદને માનતાજ ન હતા. તે વખતે કોઇ પણ માણસને કોઇ પણ જાતિની કન્યાને પરણવાની છૂટ હતી.

(૭) અર્વાચીન યુગમાં

ઇસવી સનના ચોથા સૈકામાં એક પ્રખ્યાત બ્રાહ્મણે વૈશ્ય

---

= વનપર્વ, અધ્યાય ૧૧૩, ૧૧૫, ૧૧૬, ૧૨૨.

× સભાપર્વ, ૨૧-૫, ૭.

* આદિપર્વ, અધ્યાય ૨૯

÷ હરિવંશ, [illegible], ૮૩-૩૪

\+ [illegible]

જાતિના શુભ્રવંશના એક સમ્રાટની બહેન સાથે લગ્ન કર્યું હતું.× ત્યારપછી બીજાં ઘણાં વર્ષ બાદ એક હરિષેણ બ્રાહ્મણ કોઇ ક્ષત્રિય જાતિની સ્ત્રી સાથે પરણ્યો હતો.=

શણુવંશના મૂળ પુરુષનો બાપ કોઇ નાગર બ્રાહ્મણ અને હલકી વર્ણની સ્ત્રીનો પુત્ર હતો.*

હાલ જે ગ્રંથ મિતાક્ષરાના નામથી ઓળખાય છે તે અગીઆરમા સૈકામાં જુદા જુદા ગ્રંથો ઉપરથી સંકલિત થયો હતો. તે વખતે પણ ભરતખંડમાં અસવર્ણ લગ્નો થતાં હતાં; કારણ કે મિતાક્ષરાના પહેલાજ અધ્યાયમાં અસવર્ણ લગ્નથી થતા પુત્રોને તેમના બાપની પૂર્વોપાર્જિત મિલકત કેવા કેવા હિસ્સામાં વહેંચી આપવી તેનું વિધાન બતાવ્યું છે.

અત્યારે પણ મલબાર પ્રાંતમાં નાંબુદરી બ્રાહ્મણની ન્યાતમાં સૌથી મોટા દીકરા સિવાય કુટુંબના બીજા બધા છોકરા હલકી વર્ણની કન્યા સાથે લગ્ન કરી શકે છે; અને છતાં તેઓ બધા બ્રાહ્મણજ ગણાય છે. વળી નેપાળના સ્વતંત્ર હિંદુ રાજ્યના બ્રાહ્મણો માત્ર ચાર વર્ણની તો ખરીજ પણ જેના હાથનું પાણી ખપે એવી કોઇ પણ જાતની કન્યાને પરણી શકે છે.÷

### (ઘ) પ્રતિલોમ વિવાહ પણ થતા તેના દાખલા

મનુસંહિતામાં આવું વિધાન બતાવ્યું છે કે "બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જો સ્વજાતિની અને વિજાતિની કન્યાઓ સાથે લગ્ન કરે તો તેમની હયાત સ્ત્રીઓમાં જે સ્ત્રી બીજી સ્ત્રીઓ કરતાં ઉંચી ન્યાતની હોય તેનો દરજ્જો વધારે ઉંચો ગણવો. § મનુ અને મહાભારતકાર બેઉ એકસરખો અભિપ્રાય આપે છે કે "ક્ષત્રિય બાપ અને બ્રાહ્મણ જાતિની માતાને પેટે જન્મેલા પુત્રને 'સૂત' કહેવો; વૈશ્ય બાપ અને ક્ષત્રિય માતાના પુત્રને 'માગધ' કહેવો; અને વૈશ્ય બાપ અને બ્રાહ્મણ જાતિની માતાના પુત્રને 'વૈદેહ' કહેવો." +

---

× બંગેર જાતીય ઇતિહાસ, પૃષ્ઠ ૪૦
= બાંગાલાર સામાજિક ઇતિહાસ, પૃષ્ઠ ૨૧
* બાંગાલાર ઇતિહાસ, પૃષ્ઠ ૩૩૮
÷ પ્રવાસી, ફાલ્ગુન, ૧૩૨૨, પૃષ્ઠ ૫૨૪.
§ મનુસંહિતા, ૯–૮૫.
+ મનુસંહિતા, ૧૦–૧૧. અનુશાસનપર્વ, ૪૮–૧૦

મહાભારતમાં બીજે એક ઠેકાણે લખ્યું છે કે "તમામ વર્ણના લોકો હરકોઈ વર્ણની સ્રીથી પુત્ર ઉત્પન્ન કરે છે. ક્ષત્રિયો બ્રાહ્મણીઓને અને બ્રાહ્મણો ક્ષત્રિયાણીઓને પરણે છે."= ક્ષત્રિયજાતિના પુરુષો અને બ્રાહ્મણજાતિની સ્રીઓનાં લગ્નમાંથીજ સૂત જાતિની ઉત્પત્તિ થઈ છે. ક્ષત્રિય રાજા યયાતિ બ્રાહ્મણ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને પરણ્યો હતો. બીજો ક્ષત્રિય રાજય સગર કશ્યપ નામના બ્રાહ્મણની પુત્રી સુમતિને પરણ્યો હતો.* લંકાનો અનાર્ય રાજા રાવણ એક બ્રાહ્મણની પુત્રીને પણ પરણ્યો હતો.† કોશલ દેશનો રાજા કોઈ દાસીની છોકરીને અને કૌશાંબીનો રાજા ઉદયન એક બ્રાહ્મણની પુત્રીને પરણ્યા હતા. ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં મગધરાજ ચંદ્રગુપ્તનો પુત્ર બિન્દુસાર (બિંબીસાર) એક શાસ્રજ્ઞ બ્રાહ્મણની પુત્રીને પરણ્યો હતો.× અને તેજ સ્રીએ જગદ્વિખ્યાત મહારાજા અશોકને જન્મ આપ્યો હતો. બૌદ્ધધર્મ ભરતખંડમાં લગભગ દોઢ હજાર વર્ષસુધી ખૂબ પ્રાધાન્ય ભોગવતો હતો; અને બૌદ્ધો તો જાતિભેદને માનતાજ ન હતા. બધી જાતના લોકો ફાવે તે જાતની સ્રી સાથે લગ્ન કરી શકતા હતા. ઉંચ વર્ણ નીચ વર્ણની અને નીચ વર્ણ ઉંચ વર્ણની સ્રીને પરણતા હતા.

નેપાળનો સ્વતંત્ર હિંદુ રાજા પોતે ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણની કન્યાને પરણી શકે છે.÷

## (ङ) હિંદુઓ અનાર્ય કન્યાઓ પરણતા તેના દાખલા

મનુસંહિતામાં એક જગ્યાએ કોઈએ પ્રશ્ન કર્યો છે કે "બ્રાહ્મણની અનાર્ય જાતિની સ્રીને પેટે જન્મેલો પુત્ર અને અનાર્યની બ્રાહ્મણ જાતિની સ્રીને પેટે જન્મેલો પુત્ર, એ બેમાં શ્રેષ્ઠ કોણ?" § ત્યારે આ ઉપરથી સાબિત થાય છે કે આર્યો અનાર્ય કન્યાઓને પરણતા, અનાર્યો આર્યોની કન્યાઓને પર-

= વનપર્વ, ૧૮૦-૩૨. આદિપર્વ, ૮૧-૧૯

* રામાયણ, આદિકાંડ, ૩૮-૮

† રામાયણ સુંદરકાંડ, ૯-૬૮

× બંગેર જાતિય ઇતિહાસ, પૃષ્ઠ ૫૮

÷ પ્રવાસી, ફાલ્ગુન, ૧૩૨૨, પૃષ્ઠ ૫૨૮.

§ મનુસંહિતા, ૧૦-૬૬

શુતા અને બ્રાહ્મણો પણ અનાર્યોની કન્યાઓને પરણી શકતા.

વિશ્રવા નામના ઋષિ કૈકસી નામની કોઇ રાક્ષસ જાતિની કન્યાને પરણ્યા હતા. લંકાનો રાજા રાવણ તે આ દંપતિનું જ સંતાન.= રઘુવંશમાં લખ્યું છે કે રામચંદ્રનો પુત્ર કુશ અનાર્ય જાતિની નાગકન્યાને પરણ્યો હતો.

કલિયુગમાં પણ બ્રાહ્મણજાતિના જરત્કારૂ નામના ઋષિ વાસુકિ નામના કોઇ અનાર્યની બહેનને પરણ્યા હતા. એ લગ્નનું ફરજંદ આસ્તિક ઋષિ ઘણા માનનીય બ્રાહ્મણ ગણાતા હતા.‡ બ્રાહ્મણ ઋષિ વસિષ્ઠ હલકી જાતિની અક્ષમાલા નામની સ્ત્રીને અને મંદપાલ ઋષિ પણ કોઇ ઘણી હલકી જાતની શારંગી નામની સ્ત્રીને પરણ્યા હતા.× પાંડવોના પૂર્વજોમાંનો ઋક્ષ નામનો ક્ષત્રિય રાજા તક્ષકની છોકરીને પરણ્યો હતો.+ એજ વંશનો શાન્તનુ રાજા પ્રથમ જંગલમાં વસનારા કોઇ જંગલી માણસની છોકરી ગંગાને અને ત્યારપછી સત્યવતી નામની માછીની છોકરીને પરણ્યો હતો. વળી ભીમે એક રાક્ષસીની સાથે અને અર્જુને નાગ જાતિની ઉલૂપીની સાથે લગ્ન કર્યું હતું.

કૃષ્ણનો પૂર્વજ યયાતિ રાજા અસુરની પુત્રી શર્મિષ્ઠાને પરણેલો; એ યયાતિનો છોકરો યદુ નાગકન્યાને પરણેલો અને કૃષ્ણના દાદાનો બાપ પણ એક બીજી નાગકન્યાને પરણ્યો હતો. કૃષ્ણનો દાદો શૂરસેન તે એજ નાગકન્યાનો પુત્ર થાય.÷ ત્યારપછી કૃષ્ણ પણ એક વાર ઘોર જંગલની અંદર ગએલા ત્યાં ગુફામાં વસનાર કોઇ અસભ્ય રાનીની છોકરી જાંબવતીને અને

= રામાયણ, ઉત્તરકાંડ, ૯-૧૨.

‡ આદિપર્વ, અધ્યાય ૯૫.

× મનુસ્મૃતિ, ૯-૨૩, આદિપર્વ, ૨૨૯-૧૧,૧૭. ૨૩૧-૧૪.

+ આદિપર્વ, ૯૫-૨૫. હરિવંશ, હરિવંશપર્વ, અધ્યાય ૩૨.

÷ આદિપર્વ, ૧૨૮-૧૪, ૧૫. એ શૂરસેનને બે સંતાન હતાં- પુત્રી કુન્તી અને પુત્ર વસુદેવ. એ વસુદેવ કૃષ્ણના પિતા થાય (આદિપર્વ, ૧૧૧-૧. વનપર્વ, ૩૦૨-૨૩, ૨૪.) અને અહીં [illegible] છે કે [illegible] આ શૂરસેન તેજ કૃષ્ણનો દાદો. આદિપર્વના ૧૨૮મા અધ્યાયના ૧૪મા અને ૧૫મા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]!

નરકાસુર નામના દૈત્યની વિવિધ જાતિની સ્ત્રીઓને પરણી લાવ્યા હતા. કૃષ્ણનો છોકરો પ્રદ્યુમ્ન અનાર્યની કન્યા પ્રભાવતીને પરણ્યો હતો અને તેનો પુત્ર અનિરુદ્ધ પણ અનાર્ય કુંવરી ઉષાને પરણી લાવ્યો હતો. કૃષ્ણનો બીજો પુત્ર શામ્બ અને ભાઈ ગદ બેઉ જણ અનાર્યોની છોકરીઓને પરણ્યા હતા.* બોલવામાં અને વર્તનમાં કૃષ્ણના જેવો સમદૃષ્ટિવાળો કોઇ થયોજ નથી.

ઉજ્જનનો હિન્દુરાજા વિક્રમાદિત્ય પણ ન્યાતજાતનો વિચાર કર્યા વગર ગમે તે જાતિની સ્ત્રીને પરણ્યો હતો; અને વળી તે તો અસભ્ય જંગલી ભીલની મદનસુંદરી નામની કોઇ કન્યાને પણ પરણ્યો હતો.+

## (च) હિન્દુઓ યવન વગેરે કોઇ પણ જાતિની સ્ત્રીને પરણતા તેના દાખલા

મહાભારતમાં લખ્યું છે કે દ્રૌપદી અને ચિત્રાંગદાના સ્વયંવર વખતે બ્રાહ્મણ અશ્વત્થામા, સૂતપુત્ર કર્ણ, યવન રાજાઓ, મ્લેચ્છ રાજાઓ વગેરે બધાએજ નિશાન વીંધવાનો પ્રયત્ન કરી જોયો હતો.= ક્ષત્રિયની કન્યાને પરણવામાં ઉપર ગણાવી તેમાંની કોઈ પણ જાતિના માણસને કશી નડતર હોત તો તેમને કાં તો સ્વયંવરમાં આવવાનું નોતરું મળત નહિ અને કદાચ અમસ્તા આવ્યા હોત તોપણ લક્ષ્યભેદ કરીને કન્યાને પરણવાનો પ્રયત્ન તો તેમને કરવા દેતજ નહિ.

બ્રહ્મદેશના પ્રાચીન ઇતિહાસમાં ભરતખંડના કેટલાક રાજાઓ બ્રહ્મદેશની કોઈ કોઈ રાજકુમારીઓને પરણ્યાના દાખલા છે. ×

ઈસવી સન પૂર્વે ચોથા સૈકામાં મગધ દેશનો રાજા ચંદ્રગુપ્ત યવન જાતિના ગ્રીક સેલ્યુકસની છોકરીને પરણ્યો હતો. ઇસવી સનના બીજા સૈકામાં આન્ધ્ર દેશનો હિન્દુ રાજા ઉજ્જનના કોઇ અનાર્ય શક જાતિના રાજાની કુંવરીને પરણ્યો હતો. ચોથા સૈકામાં મગધનો બીજો એક ચંદ્રગુપ્ત રાજા નેપાલમાં લિચ્છવી

---

* શ્રીમદ્ ભાગવત, સ્કન્ધ ૧૦, અધ્યાય ૫૬. હરિવંશ વિષ્ણુપર્વ અ૦ ૬૭, ૯૪, ૧૧૯ અને હરિવંશપર્વ, અધ્યાય ૩૮.

+ કથાસરિત્ સાગર.

= આદિપર્વ, ૧૮૭-૧૬. શાંતિપર્વ, ૪-૮. આ ચિત્રાંગદા તે દુર્યોધનની સ્ત્રી. × સંજીવની, ૧૮, વૈશાખ, ૧૩૩૧.

નામની એક જાત વસતી હતી તેની કન્યાને પરણ્યો હતો. એજ સ્ત્રીને પેટે જન્મેલો હિન્જિજાયી સમુદ્રગુપ્ત મગધના રાજ્યાસન ઉપર લગભગ અડધા સૈકા સુધી બેઠો હતો. પાંચમા સૈકામાં કાન્યકુબ્જના હિન્દુ રાજાએ પોતાની દીકરીને ઈરાનના રાજા સાથે પરણાવી હતી. આઠમા સૈકામાં મેવાડનો હિન્દુ રાજા બાપ્પા રાવળ એક બે નહિ પણ ઘણી તુરસ્ક જાતિની કન્યાઓને પરણ્યો હતો. સોળમા સૈકામાં ક્ષત્રિય રાજા માનસિંહે કોચ જાતિના કોચ બિહાર (કુચબિહાર) ના રાજાની બહેન સાથે લગ્ન કર્યું હતું. અઢારમા સૈકામાં જ્યાં હિન્દુ ધર્મ સૌથી વધારે પ્રબળ હતો અને જ્યાં સંપૂર્ણ સ્વતંત્ર હિન્દુ રાજ્ય હતું એવા મહારાષ્ટ્ર દેશના મુખ્ય પ્રધાન બાજીરાવ પેશ્વાએ મુસલમાનની છોકરી સાથે લગ્ન કર્યું હતું અને તેને પેટે જન્મેલા પુત્ર ઉસમાન બહાદૂરને જનોઈ દેવાની તે પેરવી કરી રહ્યો હતો.‡

આ સિવાય દ્રવીડ, મોંગોલ, યવન, પારદ, પહ્લવ, શક, કુશન, હુણ, તક્ષક, જાટ, તુરાન, તાતાર, આભીર, ગુર્જર, બલુચ, આરબ, અહોમ વગેરે અનેકાનેક જાતોનાં ધાડાં ને ધાડાં જુદે જુદે સમયે બહારથી હિન્દમાં ચાલ્યાં આવતાં અને હિન્દમાંજ રહી પડતાં. હિન્દુઓમાંથી ઉંચી અને નીચી વર્ણના બધાજ લોકો તેમની છોકરીઓ લેતા અને તેમને પોતાની છોકરીઓ પરણાવતા પણ ખરા. એ રીતે એ બધીજ કોમો હિન્દુ બનીને હિન્દુસમાજમાં મળી ગઈ.

નેપાળના સ્વતંત્ર હિન્દુ રાજ્યમાં વસતા ક્ષત્રિયો આજે પણ મુસલમાનોની છોકરીઓને પરણે છે અને તેમના પેટના છોકરા બધા ક્ષત્રિયોજ કહેવાય છે અને બીજા ક્ષત્રિયો તેમની સાથે વ્યવહાર રાખે છે. વળી નિઝામ રાજ્યમાં હિન્દુઓ મુસલમાનોની છોકરીઓને પરણે છે; × એટલે સુધી કે નિઝામના રાજ્યના મોટા મોટા હિન્દુ જાગીરદારો, રાજાઓ પણ મુસલમાનોની છોકરીઓને પરણે છે અને છતાં હિન્દુસમાજમાં સૌથી ઉંચામાં ઉંચો દરજ્જો અને સન્માન ભોગવે છે. હજી બીજા દાખલા જોઇતા હોય તો અયોધ્યા પ્રાન્તમાં જેટલા નાના નાના ક્ષત્રિય રાજાઓ છે તેમની મુસલમાન રખાતોના છોકરાઓ

‡ પ્રવાસી, માઘ, ૧૩૧૮, પૃ ૩૯૯.
× સંદેશની, માચ ૨૫, ૧૩૨૯.

જો હિન્દુઓના જેવા આચારવ્યવહાર સાચવે તો તેઓ આબરૂદાર હિન્દુ કુટુંબની દીકરીઓને પરણે છે અને હિન્દુસમાજ તેમને પોતાની અંદર સમાવી લે છે. વળી મદ્રાસ ઈલાકામાં શદ્રોની એક જાત થાય છે તેનામાં ખ્રિસ્તીઓની છોકરીઓને પરણવાની છૂટ છે. કોઇ તેમને ન્યાતબહાર મૂકતું નથી. એવાં લગ્નનાં ફરજંદને પણ હિન્દુસમાજમાં સ્થાન મળે છે. આ બધા દેશ ગણાવ્યા ત્યાં હિન્દુ શાસ્ત્રોનો અધિકાર ચાલતો હશે કે નહિ ચાલતો હોય? ત્યાં શાસ્ત્રોના અર્થ કરનારા પંડિતો હશે કે નહિ? અસવર્ણ લગ્નોના પુરાવામાં જે જે શાસ્ત્રોનાં પ્રમાણ અમે થોડી વાર પહેલાં બતાવ્યાં હતાં તેમને આધારેજ આ બધાં લગ્નો થાય છે એમ હવે વગર તકરારે મનવું પડે છે.

### (છ) બંગાળાના બ્રાહ્મણો અને કાયસ્થો કોને નથી પરણ્યા?

સ્મરણાતીત સમયથી બંગાળામાં અનાર્ય જાતિઓ રહેતી આવી છે. ત્યાર પછી દ્રવિડ, મોંગોલ અને ચીનાઓનાં ટોળેટોળાં બંગાળામાં ઉતરી આવ્યાં અને બંગાળાના અસલ અનાર્ય વતનીઓની સાથે લગ્નવ્યવહાર કરીને સેળભેળ થઇ ગયાં. મેદનીપુર જીલ્લામાં ઘણા બંગાળીઓ અને ઓરિસ્સાવાસીઓ એકબીજાની સાથે લગ્નવ્યવહાર જોડીને એક થઈ ગયા છે અને તેમના સંમિશ્રણમાંથી ઘણાં બંગાળી કુટુંબો ઉત્પન્ન થયાં છે. બંગાળાની સાધારણ જનતાની આ રીતેજ પેદાશ થઈ છે.

રિજલી લખે છે કે "હાલના બંગાળાના લોકો અનાર્ય દ્રવીડ અને મોંગોલ જાતિના મિશ્રણથી પેદા થયા છે." રાખાલદાસ બન્દોપાધ્યાય લખે છે કે "બંગાળાના લોકો દ્રવિડ અને મોંગોલ બેઉ જાતિના લોકોના મિશ્રણમાંથી ઉત્પન્ન થયા છે એમ કહેવાને કશી હરકત નથી."÷

(આના પછીના કેટલાક વિષય ખાસ બંગાળાનેજ લાગુ પડતા હોવાથી અને ત્યાંની પેટાજ્ઞાતિઓની ઉત્પત્તિ અને પરસ્પર વ્યવહારને લગતા હોવાથી તે ભાગ છોડી દીધો છે.)

### (જ) આ બાબતમાં કાયદો શું કહે છે?

પંજાબની હાઈ કૉર્ટના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ પ્રતુલચંદ્ર ચટ્ટોપાધ્યાય પોતાના એક ફેંસલામાં લખે છે કે "સ્મૃતિ-

÷ બાંગાલાર ઇતિહાસ, પૃષ્ઠ ૨૩.

એમાં અને બીજા સંસ્કૃત ગ્રંથોમાં એવાં પુષ્કળ પ્રમાણ નજરે પડે છે કે જેથી પ્રાચીન ભારતમાં જુદી જુદી ન્યાતોના હિન્દુઓ એકબીજાની સાથે લગ્નવ્યવહાર કરતા એવું સાબિત થાય છે. વળી એવાં લગ્નો શાસ્ત્રાનુસાર હતાં અને અમુક જગ્યાએજ નહિ પણ આખા દેશમાં ઠપેજ થયાં હતાં એવું પણ સાબિત થાય છે."

રજપૂત વરની સાથે વૈશ્યની અને ક્ષત્રિય જ્ઞાતિની કન્યાનું લગ્ન વડી અદાલતે હિન્દુશાસ્ત્ર મુજબ કાયદેસર ઠરાવ્યું છે. એ ઉપરાંત શિખ લોકો મુસલમાનની છોકરીને પરણે તો તે લગ્ન પણ હિન્દુશાસ્ત્રને આધારે કાયદેસર ઠરે છે. શિખ લોકો પણ હિન્દુજ છે અને તેમને પણ હિન્દુઓનાજ કાયદા લાગુ પડે છે.

મદ્રાસ ઈલાકામાં અમુક શૂદ્ર જાતિની અંદર એક ઉંચી અને એક નીચી એવી બે પેટાજ્ઞાતિઓ છે. તેઓની વચ્ચે લગ્નવ્યવહાર ચાલુ છે. ઇંગ્લંડની પ્રિવી કાઉન્સિલે પણ વારંવાર ચુકાદા આપ્યા છે કે આવાં લગ્ન હિંદુ કાયદા મુજબ કાયદેસર છે. એજ પ્રાન્તની કેટલીક શૂદ્ર ન્યાતોમાં ખ્રિસ્તીઓની કન્યાઓને પણ પરણવાનો રિવાજ છે. મદ્રાસની હાઇકોર્ટના સુપ્રસિદ્ધ ન્યાયાધીશ સર શંકર નાયરે આવાં લગ્નને હિન્દુશાસ્ત્રને આધારે કાયદેસર ઠરાવ્યાં છે.

મુંબઇ ઈલાકાના કોઈ કોઇ કોંકણસ્થી કહાડ લોકોએ ગુજરાતના કહાડોને દીકરીઓ પરણાવી હતી. તે ઉપરથી તેમને ન્યાતવાળાઓએ ન્યાત બહાર મૂક્યા હતા. તે વખતના મહારાષ્ટ્રના રાજ્યકર્તા બાજીરાવ પેશ્વાએ તેમને ફરીથી ન્યાતમાં લેવાનો હુકમ કર્યો હતો. અને ૧૭૬૦માં એજ દેશના બ્રાહ્મણ રાજકર્તા બાલાજી બાજીરાવે પોતે બ્રાહ્મણથી જુદી ન્યાતની કન્યા સાથે લગ્ન કરીને સામાજિક સુધારણાને માટે માર્ગ ખુલ્લો કરી દીધો હતો.

મનુ લખે છે કે "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર–એ ચાર વર્ણ સિવાય પાંચમી વર્ણ હોયજ નહિ." તો પછી બંગાળની બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણ મુખ્ય ન્યાતો સિવાય કાયસ્થ, કૈવર્ત (માછી), ગોપ, હજામ, વણકર, કડીઆ, સુથાર, માછીમાર, નમઃશૂદ્ર, ધોબી વગેરે જે અસંખ્ય ન્યાતો ઉત્પન્ન થઈ છે તે બધાનાં મૂળના શોધખોળ કરવી પડે.

કલકત્તાની હાઈકોર્ટે અને વિલાયતની પ્રિવી કાઉન્સીલે

વારંવાર ચુકાદા આપ્યા છે કે બંગાળાના કાયસ્થોને શૂદ્રોમાં ગણવા જોઇએ. તેથી શૂદ્રોની જે જે પેટાન્યાતીઓ છે તેઓ દરેકનું પરસ્પર લગ્ન હિન્દુશાસ્ત્ર મુજબ થઇ શકે છે. આવો સામાન્ય નિર્ણય આપ્યા પછી કલકત્તાના એક ધનવાન અને ખાનદાન કાયસ્થે વણુકર કન્યા સાથે કરેલું લગ્ન હાઇકોર્ટે હિન્દુશાસ્ત્રાનુસાર અને તેથી કરીને કાયદેસર ઠરાવ્યું હતું.

એક ધોબી કોઇ માછીમારની છોકરી સાથે પરણ્યો હતો. કલકત્તાની હાઈકૉર્ટે ચૂકાદો આપ્યો કે “આ લગ્ન હિન્દુશાસ્ત્ર મુજબ થયું છે અને તે કાયદેસર છે; કારણ કે પરણનાર બેઉ જણ શૂદ્ર જાતિનાં છે. શૂદ્રોની અંદર જે જે પેટાજ્ઞાતિઓ છે તે બધાંની અંદર હિન્દુશાસ્ત્રને આધારે લગ્નવ્યવહાર થઈ શકે છે.” સને ૧૯૨૩ ની સાલમાં ઘોષ કુટુંબનો એક કાયસ્થ ડોમ (અસ્પૃશ્ય) જાતિની એક ખૂબસુરત કન્યાને પરણ્યો. કલકત્તા હાઇકૉર્ટના ઉપર ટાંકેલા ફેંસલાને આધારે સને ૧૯૨૩ ની આખરે એજ હાઇકૉર્ટે ફરીથી ચૂકાદો આપ્યો હતો કે “શૂદ્ર જાતિની અંદર જે અનેક પેટાજ્ઞાતિઓ છે તે બધાંની વચ્ચે હિન્દુશાસ્ત્રોને આધારે પરસ્પર લગ્નવ્યવહાર થઈ શકે. બંગાળાના કાયસ્થો અને ડોમ લોકો બેઉ શૂદ્રોજ છે. માટે કાયસ્થ વર અને ડોમ જાતિની કન્યાનું લગ્ન હિન્દુશાસ્ત્રસંમત અને કાયદેસર છે.”

આ બધા ચૂકાદા જોતાં શૂદ્રોની અંદર જે નાની મોટી અનેક પેટાજ્ઞાતિઓ ઉત્પન્ન થઇ છે તે બધાની વચ્ચે લગ્નવ્યવહાર થઇ શકે અને તેને હિન્દુશાસ્ત્ર બહાલી પણ આપે.

એજ પ્રમાણે બ્રાહ્મણોની અંદર અંદર જે જે પેટાજ્ઞાતિઓ હોય તે બધી જુદાં જુદાં ગોત્રની હોવાથી હિન્દુશાસ્ત્ર મુજબ તેમની વચ્ચે લગ્નવ્યવહાર કરવાને કશી હરકત નથી. એવાં લગ્નો કોઇ કોઇ ઠેકાણે થાય છે તો આખા દેશમાંજ ચાલુ કરવામાં આવે તો તેમાં બ્રાહ્મણ જ્ઞાતિનું કલ્યાણજ છે.

### (જ્ઞ) નવા કાયદા

સને ૧૯૨૩ માં ૩૦ મો કાયદો પસાર થયો છે તેના વડે સને ૧૮૭૨ના ૩જા કાયદામાં કેટલોક સુધારોવધારો કરવામાં આવ્યો છે. એ કાયદાને આધારે હિન્દુની કોઈ પણ ન્યાતનો પુરુષ હિન્દુની કોઈ પણ ન્યાતની કન્યા સાથે અનુલોમ અથવા પ્રતિલોમ ક્રમ પ્રમાણે લગ્ન કરી શકે છે. એ કાયદો હિન્દુ,

બૌદ્ધ, જૈન અને શિખ, એ ચારે કોમના લોકોને પરસ્પર લગ્ન-વ્યવહાર કરવાની છટ આપે છે. માત્ર એ લગ્નોને સરકારી દફ્તરમાં નોંધાવવાં પડે છે.

### (જ) હલકી વર્ણની કન્યા ઉંચી વર્ણના વરને પરણે એટલે તે ઉંચી વર્ણની ગણાય.

કન્યા ભલે હલકી વર્ણની હોય પણ તે ઉંચી વર્ણના વરને પરણ્યા પછી હલકી વર્ણની રહેતી નથી; કારણ કે લગ્નના મંત્રોમાંજ એવી મતલબનો એક મંત્ર છે કે× "હે નવવધુ! તું તારા સસરા ઉપર રાજ કરજે, તારી સાસુ ઉપર રાજ કરજે, તારી નણંદ ઉપર રાજ કરજે, તારા દિયેર ઉપર રાજ કરજે."

બીજા એક લગ્નમંત્રમાં વર કન્યાને કહે છે કે "હું સત્ય વડે તારા હૃદયને અને મનને બાંધી લઉં છું. તારૂં હૃદય મારૂં થાઓ અને મારૂં હૃદય તારૂં થાઓ."* ઉંચામાં ઉંચી ન્યાતનો પુરુષ હલકામાં હલકી ન્યાતની કન્યાને પરણે તોપણ લગ્નનો મંત્ર બીજો નહિ પણ આજ બોલવાનો. ત્યારે હવે દાસીભાવ રહ્યોજ કયાં? સ્ત્રીપુરુષની વચ્ચે તફાવતજ કયાં રહ્યો? મનુ લખે છે કે "અક્ષમાલા હલકી વર્ણની હતી, પણ તે વસિષ્ઠ ઋષિને પરણી અને નીચ જાતિની શારંગી મદનપાલ જેવા મહર્ષિને પરણી એટલે તેઓ પૂજનીય ગણાઇ. કારણ કે આ સંસારમાં એ સ્ત્રીઓ તેમજ બીજી પણ કેટલીક સ્ત્રીઓ નીચ કોમોમાં જન્મેલી છતાં ઉત્કૃષ્ટ પતિને પરણીને ઉત્કૃષ્ટ થઇ ગઇ છે."+ મનુ એક ઠેકાણે એમ પણ કહે છે કે "ગુરુપત્નીનું સન્માન કરવું. ગુરુએ અસવર્ણ લગ્ન કર્યું હોય તોપણ શિષ્યોએ ગુરુની અસવર્ણી પત્નીનું પણ સન્માન કરવું."§ એ જોતાં મનુના વચનની મતલબ એવી હોવી જોઇએ કે કોઈપણ અમુક ગુરુને શૂદ્ર જાતિની સ્ત્રી હોય અને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ હોય તો પણ બ્રાહ્મણ વિદ્યાર્થીઓએ શૂદ્ર જાતિની ગુરુપત્નીનું અભિવાદન કરવું. શબ્દકોષમાં "અભિવાદન" શબ્દની જે વ્યાખ્યા આપી છે તેમાં ચરણસ્પર્શ અને પ્રણામનો પણ સમાવેશ થાય

× પુરોહિત દર્પણ, પૃષ્ઠ ૪૭૫.
* પુરોહિત દર્પણ, પૃષ્ઠ ૪૧૫
+ મનુસંહિતા, ૯-૨૨ થી ૨૪.
§ મનુસંહિતા, ૨-૧૩૧, ૨૧૦

છે. મહાવીર, સર્વ શાસ્ત્રને જાણનારા ક્ષત્રિય રાજકુમાર ભીષ્મદેવ પોતાની સાવકી મા જે માછીની દીકરી હતી તેને પગે પડીને પ્રણામ કરતા.* કૃષ્ણે અત્યંત નીચ અને હલકામાં હલકી જાતિની જાંબવતી સાથે લગ્ન કર્યું હતું પણ લગ્ન પછી તે સ્ત્રી કૃષ્ણની જાતિનીજ કહેવાઈ અને સૌ તેનું સન્માન કરવા લાગ્યા હતા. વળી કૃષ્ણે રાયાણ ઘોષની સ્ત્રી રાધા જે શૂદ્ર ન્યાતિની હતી તેની સાથે લગ્ન કર્યું હતું. આજે એ રાધાની બ્રાહ્મણો સુદ્ધાં પૂજા કરે છે.

## (ટ) કલિયુગમાં અસવર્ણ લગ્નનો નિષેધ નથી.

કેટલાક કહે છે કે "આદિત્ય પુરાણ અને બૃહન્નારદીય પુરાણમાં એક વચન એવી મતલબનું છે કે તેને આધારે કલિયુગમાં અસવર્ણ લગ્નનો શાસ્ત્રમાં નિષેધ છે એવું માનવું જોઈએ." આ તકરારનો જવાબ આગળ ઉપર "વિધવા વિવાહ"ની ચર્ચા કરતી વખતે અમે આપ્યો છે.

કલિયુગમાં અસવર્ણ લગ્ન કરવાનો અથવા અનાર્યોની કન્યાઓને પરણવાનો હિન્દુશાસ્ત્રો નિષેધ કરતાં હોત અને એવાં લગ્નો સમાજમાં પ્રચલિત ન હોત તો કૃષ્ણના જેવો મહાશાસ્ત્રજ્ઞ અને સૌથી શ્રેષ્ઠ પુરુષ પોતે એવાં લગ્ન કરે ખરા ? અને તેમના છોકરા અને છોકરાના છોકરા પણ અનાર્યોની કન્યાઓને પરણ્યા તેમાં પોતે કદી સંમતિ આપે ખરા ? ત્યારપછી કલિયુગના વૃદ્ધ મનુ, વિચક્ષણ વેદવ્યાસ અને અતિબુદ્ધિમાન ચાણક્ય એ ત્રણે જણ એકમતે "स्त्रीरत्नं दुष्कुलादपि"--નીચ જાતિમાં પણ સુન્દર સ્ત્રી હોય તો તેને પરણાય એવું વિધાન કદી આપે ખરા ?

## (ઠ) લગ્નનું ક્ષેત્ર સાંકડું કર્યાનાં માઠાં ફળ

(ક) બ્રાહ્મણ, કાયસ્થ, શૂદ્ર બધીએ મુખ્ય ન્યાતોમાં એવી કેટલીક પેટાન્યાતો છે કે જેમને બાર પંદર [illegible] [illegible]

બન્યાજ કરે છે. બિચારી બુદ્ધિશાળી છોકરીઓની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ જાય છે. એક બાજુએ પોતાના પ્રિય પિતાની મૂંઝવણ અને અકળામણનો પાર નહિ અને બીજી બાજુ આત્મહત્યાનું ભયંકર પાપ! આટલા દાખલાઓ પોતાની આંખ આગળ બન્યા જાય છે તોપણ હિન્દુ સમાજનું રૂવું પણ હાલતું નથી. કોઈ મોઢેથી ચૂં કે ચાં કરતું નથી. આવી કુમળી કન્યાઓની આત્મહત્યાઓથી પણ હિન્દુસમાજનું લોહી ઉકળતું નથી!

(આ) જેમ અમુક ન્યાતના લોકોને મોંઘા મૂલનો કુળવાન વર ખરીદવા ઘરબાર અને ખેતરવાડી વેચવાં પડે છે, તેમ પાછી કેટલીક ન્યાતો એવી છે કે જેને કન્યાને ખરીદવા સારૂ રૂપીઆની કોથળીઓ ઠાલવવી પડે છે. તેનું પરિણામ એ આવે છે કે કેટલાક લોકો પરણવાની ખાતર ઘરબાર ગીરો મૂકીને અથવા વેચીને ભિખારી થઈ જાય છે ત્યારે બીજા કેટલાક જિંદગી સુધી વાંઢા ને વાંઢાજ રહે છે અને મરે છે ત્યારે નિર્વંશ મરે છે. હિન્દુઓની સંખ્યામાં આ કારણને લીધે ભારે ઘટ લાગે છે.

(ઇ) લગ્નનું ક્ષેત્ર અત્યંત સાંકડું કરી નાખવાથી એક બીજી મુશ્કેલી એ ઉભી થાય છે કે છોકરીઓને માટે નજીકનાં ગામોમાં વર ન મળવાથી તેમને ઘણે આઘે પરણાવવી પડે છે. વરને ક્ષયરોગ, હૃદ્રોગ કે એવો બીજો દુઃસાધ્ય રોગ થયો છે કે નહિ તે આટલે છેટેથી જાણી લેવાનું બની શકતું નથી. પરિણામ એ આવે છે કે ઘણી છોકરીઓ ચોરીમાંથીજ રંડાય છે. લગ્નનું ક્ષેત્ર સાંકડું ન હોત તો પોતાની નજીકનાં ગામોમાંથી જોઇએ તેટલા યોગ્ય વર મળી શકત અને તેમનાં શરીર તથા ચારિત્ર્ય કેવાં છે તેની પણ યોગ્ય પરીક્ષા થઈ શકત અને તેમ થવાથી દીકરીઓના ભાગ્ય બગડત નહિ.

(ઈ) નાના સાંકડા ક્ષેત્રમાં પેઢી દર પેઢી સુધી લગ્નવ્યવહાર કર્યાથી પ્રજા નિર્બળ, અલ્પાયુ અને અલ્પવીર્ય થઈ જાય છે, એ એક વધારાનું નુકસાન છે. એથી ઉલટું જો કુટુંબમાં કોઈ કોઈ વખતે નવું લોહી દાખલ થતું હોય, છોકરીઓ અને છોકરાઓ માટે વિશાળ ક્ષેત્રમાંથી વરવા કન્યાની પસંદગી કરવાની છૂટ હોય તો તે કુટુંબની ઓલાદ જન્મથી વધારે બળવાન નીવડે. આ ખોટું હોય તો આપણે નજરોનજર જોઈએ છીએ કે આપણ કરતાં ઈતર નાત દુર્બળ, ઠીંગણા અને બહુજન્મા .

પણ ઉતરતા થતા જાય છે. જેમનાં શરીર ઉંચાં અને હૃષ્ટપુષ્ટ છે એવી જાતિઓની સાથે લગ્ન કરવાથી હિન્દુઓની ઓલાદ પણ દહાડે દહાડે શરીરે બળવાન બને અને તેથી હિન્દુ કોમ બળવાન અને પરાક્રમી નીવડે એ આશા હાલ તો રાખી શકાતી નથી.

(ઉ) ન્યાતમાં વરની અને કન્યાની સંખ્યા તેમની માગણીના કરતાં વધારે ન થાય ત્યાંસુધી વરની અને કન્યાની કિંમત લગ્નના બજારમાં ઘટવાનો સંભવ નથી, કદાવર અને બળવાન જાતિના લોકોની સાથે લગ્નવ્યવહાર જોડયા વગર હિન્દુ કોમની શારીરિક અવસ્થા સુધરવાની નથી, હિન્દુ કુટુંબમાં બળવાન અને લોહીઆળ દીકરા દીકરીઓ પેદા થનાર નથી–એટલા મુદ્દા હજી હાલના હિન્દુઓ સમજ્યા નથી. વધારે આગળ ન જવાય તોપણ છેવટે મુખ્ય ન્યાતોની અંદર જે પેટાન્યાતો ઉભી થઈ છે તેમની વચ્ચે લગ્નવ્યવહારની છૂટ આપ્યાથી પણ વરકન્યાની તંગી અમુક પ્રમાણમાં દૂર થઈ શકે. આટલી સહેલી વાત પણ હજી હિન્દુઓને ગળે ઉતરતી નથી.

(ऊ) કલકત્તાની હાઈકૉર્ટના માજી ન્યાયાધીશ સર આશુતોષ મુખોપાધ્યાય લખે છે કે "આપણે પ્રાચીન કાળની લગ્નરીતિને ઉલટાવી નાખી છે એ વાત તો સાબિત થઈજ ચૂકી છે. ખરૂં કહીએ તો હાલની કઢંગી લગ્નની પદ્ધતિથીજ હિન્દુજાતિ પાયમાલ થઈ ગઈ છે. આ બાબત અભિપ્રાય આપવાની જેમનામાં યોગ્યતા છે તેઓ બધાજ એકેઅવાજે જાહેર કરે છે કે,

'જો હિન્દુ જાતિને મૃત્યુના મુખમાંથી બચાવી લેવી હોય તો હાલ તેમનામાં જે લગ્નની પ્રથા ચાલે છે તેમનામાં સદંતર પરિવર્તન કરવાની ખાસ જરૂર છે.'

(ऋ) અમે અત્યાર અગાઉ સાબિત કરી ચૂક્યા છીએ કે કેટલીએ અનાર્ય જાતિઓ આર્યોની સાથે સેળભેળ થઈ ગઈ છે. અસંખ્ય અનાર્ય જાતિની કન્યાઓ ઉંચામાં ઉંચાં ખાનદાન હિન્દુ કુટુંબોમાં પરણી છે. આપણા પૂર્વજો આપણા જેવા સાંકડા વિચારવાળા ન હતા પણ અત્યંત ઉદાર અને સમાન ભાવવાળા હતા; છતાં મૃત્યુ અને વિનાશના મુખમાં ધસી જતા હિન્દુઓ આટલા બધા સાંકડા વિચારના, ટુંકી બુદ્ધિવાળા શા માટે થતા હશે? આ નીતિથી તો હિન્દુ જાતિને કપાળે ઘણુંજ ભૂંડું ભવિષ્ય લખાયું છે તેને ફેરવવાને જો આપણું સંગઠ

ચેતીએ તો હજી અવકાશ છે.

(ह) યૌવનમાં પ્રવેશ કર્યા બાદ લગ્ન થતાં.

દ્રૌપદી પરણી ત્યારે તે યૌવનમાં પ્રવેશ કરી ચૂકી હતી. એનું કારણ એ છે કે અસલ આપણા દેશમાં છોકરાછોકરીઓ યૌવનમાં પ્રવેશ કર્યા પછીજ પરણતાં.

(अ) વેદના યુગમાં

વેદમાં લાયક ઉમ્મર થયા પછી લગ્ન કરવાનું વિધાન છે અને કોઈ સ્ત્રીને પરણવાની મરજી ન હોય તો તેને આખી જીંદગી કુંવારાં રહેવાની પણ વેદમાં છૂટ આપી છે. વેદના યુગમાં તો મોટી ઉમ્મરે લગ્ન થતાં. તે જમાનામાં લગ્ન નહિ કરનારી સ્ત્રીઓ પણ ઘણી હતી. વિજયચંદ્ર મજુમદાર લખે છે કે "વેદના યુગમાં બાળલગ્નો તો થતાંજ નહિ એટલે સ્ત્રીઓ પોતાની મરજીમાં આવે ત્યારે ગમે તેટલી ઉમ્મરે લગ્ન કરી શકતી અને પરણવાની ઇચ્છા ન હોય તો જિંદગીભર કુંવારી પણ રહેતી. ત્યાર પછીના પણ ઘણા લાંબા કાળ સુધી આની આજ પ્રથા ચાલુ રહી હતી તેના જોઈએ તેટલા પુરાવા છે." ×

(आ) મહાભારતના યુગમાં

મહાભારતના જમાનામાં પણ ઉપર કહી તેવીજ પરિસ્થિતિ હતી. મનુસંહિતામાં લખ્યું છે કે "કન્યા રજસ્વલા થયા પછી પણ અથવા તો તેની મરજીમાં આવે તો જીવતા સુધી તેના પિતાના ઘરમાં પડી રહે, પણ તેને ગુણહીન વર સાથે કદી પણ પરણાવવી નહિ. કન્યા રજસ્વલા થયા પછી પણ તેના વાલીઓએ ત્રણ વર્ષ સુધી સારા વરની રાહ જોવી. ત્યાર પછી તેને પોતાને મનપસંદ વર પોતાની મેળે શોધી લેવાની છૂટ છે."* આ છેલ્લા વિધાનને મહર્ષિ વસિષ્ઠ પણ અનુમોદન આપે છે. ÷

અસલના જમાનામાં જો બાળલગ્નોજ થતાં હોત તો "સહોઢ પુત્ર" એવો શબ્દ અસ્તિત્વમાં આવી શકતજ નહિ. મનુસંહિતામાં સહોઢ પુત્રનો એવો અર્થ કર્યો છે કે "અમુક કન્યા ગર્ભિણી છે કે નથી એવું જાણ્યા વગર જો કોઈ તેને પરણે તો તે કન્યાને પેટે અવતરેલો પુત્ર+ તે કન્યાને પરણનાર

× પ્રવાસી, કાર્તિક ૧૩૨૦, પૃષ્ઠ ૯૮

* મનુસંહિતા, ૯-૮૯, ૯૦, ૯૧.

÷ વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૧૭

+ મનુસંહિતા, ૯-૧૭૩

આસામીનો 'સહોઢ પુત્ર' કહેવાય છે."

મહાભારતમાં લખ્યું છે કે "અસલના વખતમાં યૌવનની પ્રાપ્તિ થયા વગર કોઈ પરણતું નહિ. પુત્ર જુવાન થાય ત્યારે તેને પરણાવવો. ચતુર માણસોએ જુવાનીમાં આવેલી પુત્રીને પરણાવવીજ જોઈએ. કન્યાએ રજસ્વલા થયા પછી ત્રણ વર્ષ સુધી રાહ જોવી. તેટલી મુદતમાં જો તેનાં માતાપિતા તેને પરણાવે નહિ તો તેણે જાતે પોતાનો પતિ ખોળી લેવો."+ ગાન્ધારી રાણી, કુન્તી, માદ્રી, દ્રૌપદી, રુક્મિણી, સુભદ્રા, ઉત્તરા, દમયન્તી, સાવિત્રી વગેરે જેટલી સ્ત્રીઓનાં લગ્નનાં વૃત્તાન્ત મહાભારતમાં છે તે બધી જુવાનીમાં પ્રવેશ કર્યા પછીજ પરણી હતી. આવડા મોટા વિશાળ મહાભારતમાં નાની છોકરીને પરણાવી હોય એવા લગ્નનો એક પણ દાખલો નથી.

### (ड) બૌદ્ધ યુગમાં

બૌદ્ધ યુગમાં પણ છોકરીઓ જુવાન થયા પછીજ પરણતી હતી. નેપાલમાં હજી પણ છોકરીઓનાં લગ્ન ૧૬ થી ૨૦ વર્ષની અંદરજ થાય છે.×

"એવું એક પણ શાસ્ત્રવચન નથી કે જેને આધારે પોણીચોવીસ વર્ષના યુવકના લગ્નનો બચાવ કરી શકાય."*

### (ई) બાળલગ્નનાં માઠાં ફળ

બાળલગ્નનાં શાં શાં માઠાં ફળ છે તે કહેવાની જરૂરજ શી છે? આપણે ઘેરે ઘેર ક્યાં જોતા નથી કે તેમને ગણાવવાની જરૂર પડે? આપણા દેશમાં બાળમરણનો આંકડો આટલો બધો ભારે છે તેનું સૌથી મુખ્ય કારણ બાળલગ્ન છે. વારૂ, પછી જે બાળકો મરતાં બચે છે તે પણ કેવાં? દૂબળાં, માયકાંગલાં, અલ્પ આયુષ્યવાળાં અને નિસ્તેજ હોય છે. નાની વયમાં પરણીને કળશી છોકરાંના બોજાથી લદાએલા જુવાનો નીચેથી ઉંચી મૂંડી નથી કરી શકતા. બાળવયે માતા થએલી સ્ત્રી પણ અકાળે કરમાઈ જાય છે અથવા ભરજુવાનીમાંજ ઘરડી ડોશી બની જાય છે. આ દુર્દશા જોઈને બિચારો કવિ અશ્રુપાત કરે છે પણ કોણ તેની પરવા કરે છે?

---

+ આદિપર્વ, ૬૪–૧૭. શાંતિપર્વ, ૨૮૮–૮. અનુશાસન પર્વ, ૧૦૪–૧૨૪, ૪૮–૧૬.

× પ્રવાસી, ફાલ્ગુન, ૧૩૨૨, પૃષ્ઠ ૫૨૮.

* વિવાહ ઑનાકાર આદર્શ.

અંગનારીનું ચિત્ર

રોગે શીર્ણા, ગન્ડ, ઓષ્ઠ લોહિત્ય વિહીન,
નયન કોટરે ગત, કર પદ ક્ષીણ,
નાહિ સ્ફુર્તિ, નાહિ તેજ, દેહે નાહિ બલ,
અવ્યક્ત કિ મનસ્તાપે નયન સજલ.
કૈશોર ના હો'તે શેષ આસિયા છે જરા,
અકાલે માતૃત્વે કુબ્જા, સજીવને મરા.
એઇ જદિ આમાદેર માતૃદેવી ગણ,
કિ વિસ્મય ધ્વંસ દ્રુત દિસે દરશન! ×

(પૃથ્વીરાજ કાવ્ય, પૃષ્ઠ ૧૬૩)

(ઢ) સ્નેહલગ્ન

(અ) વેદના યુગમાં

વેદના જમાનાથી માંડીને આજ દિન સુધી હિંદુઓના લગ્નસંસ્કાર એકના એકજ ગ્રંથ વડે થતા આવ્યા છે. તેમાંના એક મંત્રમાં વર બોલે છે: "આ કન્યાનું અને કોણ દાન કરે છે? કોણ કોને દાન કરે છે? પ્રેમ તેનું દાન કરે છે. પ્રેમ પ્રેમનેજ દાન કરે છે. દાન આપનાર પ્રેમ છે અને દાન લેનાર પણ પ્રેમ છે. પ્રેમનીજ અનંતતા છે. હું પ્રેમ વડે આ કન્યાને ગ્રહણ કરૂં છું. હે પ્રેમ! એ તારીજ થશે." ‡ આ લગ્નમંત્ર ઉપરથી સાબિત થાય છે કે વેદના જમાનામાં વર અને કન્યા બેઉ પ્રેમના વિકાસને યોગ્ય ઉમ્મરેજ અને પરસ્પર પ્રેમથી જોડાયા પછીજ પરણતાં અને એથી ઉલટું યૌવનપ્રાપ્તિ પહેલાં, બેઉનું પરસ્પર પ્રેમલગ્ન થયા પહેલાં લગ્ન થઈ શકતાંજ નહિ. 'પ્રવાસી'નો એક લેખક લખે છે કે "વેદના યુગમાં બાળલગ્નનો ચાલ ન હોવાથી

× વ્યાધિથી જેનું શરીર ખવાઇ ગયું છે, જેના ગાલ અને હોઠ ઉપર લોહીના પોટો નથી, જેની આંખો ઊંડા ખાડામાં ઉતરી ગઇ છે અને હાથપગ કંતાઈ ગયા છે, જેની ચાલમાં સ્ફૂર્તિ નથી, જેના મોઢા ઉપર નૂર નથી, જેના શરીરમાં જોર રહ્યું નથી, હૃદયની અંદર ઘૂમરાઈ રહેલા દુઃખ સંતાપથી જેની આંખોમાં આંસુ ઉભરાયાજ કરે છે, જુવાની પુરી થતા પહેલાંજ જેને ઘડપણે ઘેરી લીધા છે, તથી [illegible] જેણે પોતાનું રૂપ ગુમાવી દીધું છે, જે [illegible] જીવતાં મુએલાં જેવાં થઈ છે–

આ પણ, કરતી [illegible] જેને આપણે [illegible] દેવ નો [illegible] [illegible] છીએ તો આ કેવું દુઃખ છે!

‡ પુરોહિત દર્પણ [illegible]

પ્રેમલગ્નનાં ઉદાહરણોની ખોટજ ન હતી." =

## (આ) મહાભારતના યુગમાં

મહાભારતના જમાનામાં એની એજ પરિસ્થિતિ હતી અને લગ્નક્રિયામાં વપરાતા મંત્રો પણ એના એજ હતા. કાશીના રાજાની પુત્રીના સ્વયંવરમાં ભેગા થએલા તમામ રાજાઓને હરાવીને ભીષ્મદેવ જ્યારે તે રાજકુમારી અંબાને હસ્તિનાપુર લઇ આવ્યા ત્યારે તે બોલી: "હું સૌભદેશના રાજા શાલ્વને મનથી પરણી ચૂકી છું અને તે પણ મને પોતાની સ્ત્રી તરીકે જોતો આવ્યો છે. તેથી હું વિચિત્રવીર્ય રાજાને અત્યારે નહિજ પરણી શકું." આ ઉપરથી તો સ્પષ્ટ જણાઇ આવે છે કે લગ્ન પહેલાં વર અને કન્યા એકબીજાના પરિચયમાં આવતાં અને તેમની વચ્ચે પ્રેમ જામતો.

સાવિત્રી પોતાને મનપસંદ વર શોધતી શોધતી જ્યાં સત્યવાન રહેતો હતો તે તપોવનમાં ચાલી આવી તે ઉપરથી પણ સાબિત થાય છે કે, તેમણે પરણતા પહેલાં એકબીજાનો પરિચય સાધ્યો હશે અને તેમની વચ્ચે પ્રેમનો પણ ઉદય થયો હશે. એટલા માટેજ જ્યારે નારદ ઋષિ બોલ્યા કે "આ વર તો આજથી એક વર્ષ બાદ મરણ પામશે ત્યારે સાવિત્રી બોલી ઉઠી: "ભલે, પણ હું તો તેનેજ પતિ તરીકે ગણી ચૂકી છું; હવે બીજો પુરુષ મારે કામનો નથી."÷ એમ કહીને પોતે પસંદ કરેલા વરને પરણવાની તે છોકરી જીદ લઇ બેઠી.

દુષ્યંત રાજા અને શકુન્તલાનાં લગ્ન તેઓ વચ્ચે પ્રેમનો ઉદય થયા પછી થયાં હતાં. તેવીજ રીતે નળ અને દમયંતી, કૃષ્ણ અને રુકિમણી, કૃષ્ણ અને રાધા, એ બધાંનાં લગ્નનું મૂળ-કારણ પ્રેમજ હતો. આ બધાં ઉદાહરણ સ્વતંત્ર હિંદુ રાજાઓ અને રાજકુમારીઓને લગતાં તેમજ હિંદુસમાજની ઉંચામાં ઉંચી શ્રેણીના લોકોનાંજ છે તે તરફ વાંચકનું લક્ષ ખેંચીએ છીએ.

મનુએ સહોઢ પુત્રની કરેલી વ્યાખ્યા જોતાં પણ લગ્ન અગાઉ વરકન્યા એકબીજાના પરિચયમાં આવતાંજ હોવાં જોઇએ.

અસલ ગાંધર્વલગ્નો પણ ખૂબ થતાં. એવાં લગ્નમાં તો પ્રેમ સિવાય બીજું કારણજ શું હોય? તેથી સ્નેહલગ્નની એક વધુ સાબિતી ગાંધર્વ લગ્નમાંથી મળી આવે છે.

---

= પ્રવાસી, વૈશાખ, ૧૩૨૮, પૃષ્ઠ ૮૮. ÷ વનપર્વ, ૨૯૩-૨૭

(ઇ) બૌદ્ધ યુગમાં

બૌદ્ધ યુગમાં તો યુવકો અને યુવતીઓ પરસ્પર પ્રીતિ કર્યા પછીજ પરણતાં. વરની પસંદગી કરવામાં કન્યાનો કેટલો અધિકાર હતો તે વિષે ચર્ચા થશે ત્યારે તેમાંથી આ મતને વિશેષ પુષ્ટિ મળી રહેશે.

(ઈ) અર્વાચીન યુગમાં

અત્યારે પણ હિંદુઓમાં રૂપિયે ચૌદ આની જેટલી ન્યાતોમાં વિધવાઓને ફરીથી પરણવાનો ચાલ છે.× એવાં લગ્ન જ્યાં જ્યાં થતાં હશે ત્યાં ત્યાં પરણનાર સ્ત્રીપુરુષ વગરપરિચયે કે વગર પ્રેમે તો નહિજ પરણી બેસતાં હોય?

મહાભારતમાં લખ્યું છે કે "સ્ત્રીપુરુષ પરસ્પર અનુરક્ત થઈને પરણે તો તેમનું લગ્ન અમૃત સમાન સુખ આપે છે અને અનુરક્ત ન હોય એવાં સ્ત્રીપુરુષનું લગ્ન વિષતુલ્ય નીવડે છે."*

(ઘ) કન્યા પોતાનો વર પસંદ કરી લેતી.

(અ) વેદના યુગમાં

વેદના કાળમાં કન્યાઓને પોતાને મનગમતો પતિ પસંદ કરી લેવાની પૂરતી છૂટ હતી.÷ લગ્નક્રિયામાં વપરાતા કેટલાક મંત્રો અમે અગાઉ ટાંક્યા હતા તે ઉપરથી પણ સાબિત થાય છે કે વરકન્યા પરસ્પર પ્રેમથી જોડાયા પછીજ તેમનાં લગ્ન થતાં. કન્યાનાં માતાપિતા કન્યાની સંમતિ વગર તેને કોઈની સાથે પરણાવી શકતાં ન હતાં.

(આ) મહાભારતના યુગમાં

રુક્મિણીનાં માતાપિતાએ તથા તેના ભાઈએ શિશુપાળ રાજાની સાથે તેનું લગ્ન ગોઠવ્યું હતું. લગ્નને માટે શિશુપાળને નિમંત્રણ મોકલીને તેમણે તેને પોતાને ઘેર તેડાવીને ઘરમાં ઉતારો પણ આપ્યો હતો. પણ એ વર રુક્મિણીને પસંદ ન હતો. તેણે એક દૂતની સાથે કૃષ્ણને કહેવડાવ્યું કે હું તમને મનથી પરણી ચૂકી છું. કૃષ્ણ એ સંદેશો સાંભળીને ત્યાં આવ્યા અને રુક્મિણી તેમને પરણીને તેમની સાથે ચાલી ગઈ.= દેવયાનીએ યયાતિ રાજાને, દમયંતીએ નળને અને સાવિત્રીએ સત્યવાનને

× વિધવાઓ વિષે 'વિધવા વિવાહ'ના વિષયમાં જોવું.

* શાંતિપર્વ, ૩૨૬-૧૯

÷ પ્રવાસી, વૈશાખ ૧૩૨૮, પૃષ્ઠ ૮૮.

= શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦ અધ્યાય ૬૦.

લગ્ન પહેલાંજ પોતાના પતિ તરીકે પસંદ કરી લીધા હતા અને ત્યાર પછીજ તેમનાં લગ્ન થયાં હતાં. કૃષ્ણે નરકાસુરને યુદ્ધમાં હરાવીને મારી નાખ્યો અને પછી તેની સ્ત્રીઓ સાથે પોતે લગ્ન કર્યું. એ લગ્ન પણ તે સ્ત્રીઓની મરજીથીજ થએલું. અસલ સ્વયંવર કરીને પણ લગ્ન કરવાનો રિવાજ હતો. સ્વયંવર એટલે કન્યા પોતેજ વરને પસંદ કરીને પરણે તે.

છેક એટલું પણ નહિ, યુદ્ધમાં બીજા હરીફોને હરાવીને કોઇ કન્યાને ઉપાડી જાય તોપણ આખરે કન્યાની ઇચ્છા વિરુદ્ધ તેની સાથે લગ્ન તો થઇ શકતુંજ નહિ.÷ દાખલા તરીકે ભીષ્મદેવ સ્વયંવરમાં હાજર રહેલા તમામ રાજાઓને હરાવીને કાશીના રાજાની ત્રણ પુત્રીઓને હસ્તિનાપુર લાવ્યા તો ખરા, પણ તેમાંની સૌથી મોટી અંબાએ વિચિત્રવીર્યને પરણવાની ચોખ્ખી ના પાડી. ત્યારે 'વેદશાસ્ત્રને જાણનારા બ્રાહ્મણોની સલાહ મુજબ' તેને છૂટી કરવાની ભીષ્મને ફરજ પડી અને તેની બીજી બે બહેનોની સાથેજ વિચિત્રવીર્યને પરણવું પડયું. × મનુ પણ કહે છે કે "કોઈ અમુક કન્યાને પરણવાને વાસ્તે કન્યાને શુલ્ક (ઘરેણાં, રોકડ નાણું ઈ૦) આપી ચૂકયા પછી તે આસામીનું જો મરણ નીપજે તો તે કન્યાની મરજી વિરુદ્ધ મરનારનો નાનો ભાઇ પરણી શકે નહિ." §

## (ङ) બૌદ્ધ યુગમાં

બૌદ્ધ યુગમાં સુમેધા કરીને એક કન્યાનું લગ્ન તેનાં માતાપિતાએ એક રાજાની સાથે ગોઠવ્યું હતું. પણ લગ્ન થતા પહેલાં રાજા તે કન્યાના બાપને ઘેર ગયો અને તું મારી સાથે પરણવા કબૂલ છે કે નહિ એવું તેને પૂછતાં કન્યાએ ના કહેવાથી તે લગ્ન બંધ રહ્યાં અને રાજા નિરાશ થઇને પાછો ગયો.=

હવે ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે જો પરણતા પહેલાં કન્યાની સંમતિ લેવીજ પડતી હોય તો શું તે પોતાના ભવિષ્યના પતિને જાણ્યા પીછાણ્યા વગર એમ ને એમ સંમતિ આપી દેતી ? તેની સાથે પ્રીતિ કર્યા વગરજ પરણવા કબૂલ થઇ જતી ? અથવા શું તેનું રૂપ જોઇનેજ હા કે ના કહેતી ?

÷ શાંતિપર્વ, ૯૬–૫

× આદિપર્વ, અધ્યાય ૧૦૨

§ મનુસંહિતા, ૯–૯૭ = નવ્યભારત, ૧૩૨૯, પૃ ૪૧૧.

### (ज) સધવા સ્ત્રીઓ ફરી પરણી શકતી.

દ્રૌપદી પરણી ત્યારે પહેલે દિવસે યુધિષ્ઠિર સાથે તેનું લગ્ન થયું. ત્યાર પછી એજ સધવા દ્રૌપદીને ભીમ, અર્જુન વગેરે વારાફરતી પરણ્યા હતા. ત્યારે હવે વિચારવાનું એ રહે છે કે સધવા સ્ત્રી ફરીથી પરણે તેને શાસ્ત્રો સંમતિ આપે છે કે નહિ અને જો આપે છે તો કયા સંજોગોમાં ?

એક કરતાં વધારે ભાઇઓ વચ્ચે એકજ સ્ત્રીને પરણવાનો રિવાજ છેક જૂના વખતથી અત્યાર સુધી ભરતખંડના જુદા જુદા ભાગમાં ચાલ્યો આવે છે.*

વળી સ્ત્રીનો પતિ સંસારત્યાગ કરીને ચાલ્યો ગયો હોય, ઘરબાર છોડીને રખડતો ફરતો હોય અને કયાં છે તેનો પત્તોજ ન લાગતો હોય, વટલી ગયો હોય, પ્રવાસે નીકળી ગયો હોય, ચારિત્ર્યભ્રષ્ટ થઇ ગયો હોય, સ્વચ્છંદી આચરણવાળો હોય, કોઢરાનો રોગ થયો હોય, બધો વખત માંદો ને માંદોજ રહેતો હોય, નપુંસક હોય, તપ કરવાનો ઢોંગ લઈ બેઠો હોય, સ્ત્રીનાજ ગોત્રનો અથવા કોઇનો દાસ છે એવું માલૂમ પડે તો તેવી સધવા સ્ત્રીને બીજો ધણી કરવાનો હક છે. વળી કોઈ સ્ત્રીને તેના ધણીએ કાઢી મૂકી હોય અથવા તે પોતેજ તેના ધણીને મૂકીને ચાલી આવી હોય તો તેના આગલા ધણીની હયાતીમાં પણ તેને બીજા પુરુષને પરણવાનો હક રહે છે. હિન્દુશાસ્ત્રો તો એટલે સુધી કહે છે કે અમુક સંજોગોમાં તે સ્ત્રીનો ધણી પણ તેને ફરી ફરીને પરણી શકે છે. હવે આ બાબત વિષે નીચે મુજબ પુરાવા છેઃ-

(अ) આગળ જતાં "વિધવા વિવાહ"ના વિષયની ચર્ચા કરતાં અમે "नष्टे मृते प्रव्रजिते" ઇત્યાદિ નારદસંહિતાનું વચન ટાંકયું છે. તેની મતલબ એવી છે કે જેમ રંડાયલી સ્ત્રી બીજા પુરુષને પરણી શકે છે, તેમ જે સધવા સ્ત્રીનો ધણી ઘેરથી ચાલ્યો ગયો હોય અને તેની ભાળજ ન મળતી હોય અથવા તે સાધુ સંન્યાસી થઇ ગયો હોય અથવા વટલી ગયો હોય અથવા નપુંસક થઇ ગયો હોય તો તે સ્ત્રીને તેના ધણીની હયાતીમાં પણ બીજા પુરુષ સાથે પુનર્લગ્ન કરવાનો હક છે.

પોતાના ધણીની તપાસ કરતાં તે કયાં છે તેનો કશોજ

* જુઓ આદિપર્વ, પ્રકરણ ૧૧ માના પૃષ્ઠ ૫૧ નીચેની ફુટનોટ.

પત્તો ન લાગે તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણની સ્ત્રીઓ પૈકી કોણ કેટલો વખત રાહ જોયા પછી ફરી લગ્ન કરી શકે તે વિષે પણ હિન્દુશાસ્ત્રમાં સ્પષ્ટ નિર્ણય છે.

ઉપરોક્ત "नष्टे मृते" વાળા શાસ્ત્રવચન ઉપર વિવેચન કરતાં ગોપાલચન્દ્ર શાસ્ત્રી લખે છે કે "પહેલા ધણીની હયાતીમાં પણ ઉપર્યુક્ત સંજોગોમાં સધવા સ્ત્રીને પુનર્લગ્નની છૂટ રહે છે."

આગળ જતાં "વિધવાવિવાહ"ના વિષયમાં અમે સિદ્ધ કરી બતાવ્યું છે કે આ "नष्टे मृते" વાળું વચન એકલા નારદનુંજ નથી પણ પ્રજાપતિ બ્રહ્મા અને મનુ ભગવાનનું પણ છે.

(આ) હાલ જે મનુસ્મૃતિ ચાલે છે તેમાં લખ્યું છે કે "પતિ ધર્માર્થે પ્રવાસે ગયો હોય તો તેની સ્ત્રીએ આઠ વર્ષ સુધી રાહ જોવી. વિદ્યા ભણવા અથવા યશની પ્રાપ્તિ કરવા પરદેશ ગયો હોય તો છ વર્ષ સુધી રાહ જોવી અને પોતાની કોઈ કામનાને તૃપ્ત કરવા ગયો હોય તો ત્રણ વર્ષ રાહ જોવી. ( એટલી મુદતમાં તે માણસ ઘેર પાછો ન આવે તો તે સ્ત્રી ફરીથી પરણી શકે છે.)+

મનુસ્મૃતિની અંદર બીજી કોઈ જગ્યાએ નહિ પણ લગ્નના વિષયની ચર્ચાની અંદરજ ઉપરનાં વચન જોવામાં આવે છે તે ઉપરથી મુકરર કરેલી મુદત સુધી રાહ જોયા પછી તે સ્ત્રી ફરીથી પરણી શકે છે એવુંજ તે વચનનું તાત્પર્ય હોવું જોઈએ. વળી "नष्टे मृते प्रव्रजिते" વાળા શ્લોક પછી તરતજ "अष्टौ वर्षाण्यपेक्षेत" ઈત્યાદિ ચાર શ્લોક જોવામાં આવે છે. મનુસ્મૃતિના આ શ્લોક નારદસંહિતામાં પણ લીધા છે. આ ચાર શ્લોક વડે તથા ચાણક્ય પંડિતના શ્લોકના નીચે ટાંકેલા ભાવાર્થ વડે સધવા સ્ત્રી તેના ધણીને માટે અમુક સમય સુધી રાહ જોયા પછી ફરીથી પરણી શકે એવા અમારા તાત્પર્યને પુષ્ટિ મળે છે.×

(ઇ) "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર પૈકી કોઈ પણ વર્ણનો માણસ પ્રવાસે ગયો હોય તો તેની સધવા સ્ત્રી અમુક વખત સુધી તેની રાહ જોઈને ફરીથી લગ્ન કરી શકે છે."*

---

+ મનુસંહિતા, ૯-૭૬.

× મનુસ્મૃતિના એ ચાર શ્લોક આગળ ઉપર "વિધવા વિવાહ" ના વિષયમાં અમે ટાંકી બતાવ્યા છે.

* ચાણક્યકૃત અર્થશાસ્ત્ર

સધવા સ્ત્રીએ પોતાના ધણીના આવવાની કેટલા વખત સુધી રાહ જોવી તેનો પણ આપણાકર્યે નિર્દેશ કર્યો છે. ઘર છોડીને વિદેશ રઝળનારાઓને જોવા માટે એ શ્લોક ખુલ્લા છે.‡

(ઇ) મનુસંહિતાના અધ્યાય ૯, શ્લોક ૧૭૫–૧૭૬ નો ભાવાર્થ એ છે કે, "કોઇ સધવા સ્ત્રીને તેના ધણીએ કાઢી મૂકી હોય, અથવા તેનો ત્યાગ કર્યો હોય અથવા તેણે પોતેજ ધણીને તજી દીધો હોય તો તેને બીજા પુરુષને પરણવાનો હક્ક છે. એ સ્ત્રી પુરુષના સમાગમમાં આવ્યા પહેલાં જે કોઇ પુરુષના આશ્રય નીચે રહેતી હોય તે પુરુષ તેને પરણી શકે છે. અથવા સ્ત્રી પોતાના આગલા ધણીને છોડીને ચાલી આવ્યા પછી કોઇ બીજા પુરુષના ઘરમાં રહી હોય અને ત્યારપછી પણ જો તે પોતાના આગલા ધણીને ઘેર પાછી આવે તો તે ધણી તેને ફરીથી પોતાની સ્ત્રી તરીકે ગ્રહણ કરી શકે છે."

હાલ જે મનુસ્મૃતિ ચાલે છે તેના સંકલનકર્તા ભૃગુ ઋષિ છે. એથી મનુસંહિતાના કોઇ કોઇ શ્લોક ભૃગુ ઋષિના પણ હોય.

(ઈ) મહર્ષિ વસિષ્ઠનો આ બાબતમાં એવો અભિપ્રાય છે કે "કુળથી અને ચારિત્ર્યથી ભ્રષ્ટ થએલો, નપુંસક, વટલી ગએલો, ફેફરાના રોગવાળો, સ્વચ્છંદી રીતે વર્તનારો, બધો વખત માંદો ને માંદોજ રહેનારો, તપશ્ચર્યા કરવાનો ઢોંગ લઇ બેસનારો, એવાની સાથે જે કન્યાને પરણાવી હોય અથવા કન્યાના ગોત્રનો જે કોઇ માણસ તેને પરણી ગયો હોય તો એવા બધાની પાસેથી તે કન્યાને છૂટી કરીને તેને બીજાની સાથે પરણાવી દેવી."×

(ઉ) મહર્ષિ કાત્યાયન આ બાબત વિષે નીચે મુજબ નિર્ણય આપે છેઃ "જેની સાથે કન્યાને પરણાવી હોય તે આસામી જો બીજી જાતિનો નીકળે, વટલી જાય, નપુંસક માલુમ પડે,

‡ એ બેઉ શ્લોક આગળ ઉપર "વિધવા વિવાહ" નામના વિષયમાં દાખલ છે.

× कुलशीलविहीनस्य षण्डादि पतितस्य च ।
अपस्मारिविधर्मस्य रोगिणां वेषधारिणाम् ॥
दत्तामपि हरेत्कन्यां सगोत्रोढां तथैव च ।

ઉદ્વાહ-તત્ત્વ—રઘુનંદન. [illegible] વચન. આ શ્લોક અને તેના ઉપર [illegible] અનુવાદ [illegible] 'વિધવા વિવાહ' નામના પુસ્તક [illegible] અને [illegible] છે.

સ્વચ્છંદી વર્તણુકનો હોય, કન્યાના ગોત્રનો માલુમ પડે, કોઈનો દાસ એટલે ગુલામ હોય અથવા કાયમનો માંદો ને માંદોજ રહેતો હોય તો તે કન્યાને તેને પરણાવી હોય તોપણ તેને ફરીથી વસ્ત્રાલંકાર પહેરાવીને કોઈ બીજા વર સાથે પરણાવી દેવી."*

(ऋ) આધુનિક 'હિન્દુ લૉ'નો સંપાદક મેન લખે છે કે "જે સ્ત્રીઓએ તેમના ધણીનો વાજબી કારણસર ત્યાગ કર્યો હોય અથવા જેમના ધણીઓએ તેમનો ત્યાગ કર્યો હોય અથવા વિધવા થઈ હોય તો તેમને ફરીથી પરણાવવી એવો પ્રાચીન હિંદુ શાસ્ત્રો સ્પષ્ટ ભાષામાં નિર્ણય આપે છે."

સ્વચ્છંદી વર્તણુકવાળા ધણી પણ સલામત નથી એ બાબત તરફ વાચકનું લક્ષ ખેંચીએ છીએ. અસલના હિંદુસમાજને સ્ત્રીઓની સ્વતંત્રતાની કેટલી કિંમત હતી તે આ ઉપરથી સમજાય છે. વળી સધવા સ્ત્રીનો એક ધણી ઉપર બતાવેલાં કારણસર તેનો ધણી થવા નાલાયક નીવડે તો તે બીજાને પરણે અને તે પણ તેવો નીકળે તો ત્રીજાને પણ પરણી શકે, એવું પણ ઉપર ટાંકેલાં શાસ્ત્રવચનથી સાબિત થાય છે. એ રીતે તે સ્ત્રીને જેટલી વાર પરણવું હોય તેટલી વાર તેને પરણવાની છૂટ હતી.

હવે આવી જુદી જુદી બાબતોનાં થોડાંક દૃષ્ટાંત આપીએ છીએ.

## (अ) વેદના યુગમાં

એક વાર ઇંદ્ર સ્વર્ગમાંથી ક્યાંક ચાલ્યો ગયો અને તે ક્યાં ગયો તેની કશી ભાળ મળી નહિ. ત્યારે ક્ષત્રિય રાજા નહુષ સ્વર્ગનું રાજ્ય ચલાવવા લાગ્યો. પછી ઇન્દ્રની સ્ત્રી શચીને પરણવાની નહુષને ઇચ્છા થઈ. શચી બોલી: "તમે ઋષિઓથી ખેંચાયેલા અપૂર્વ રથમાં બેસીને મને પરણવા આવજો." × શચીએ એવો જવાબ નથી આપ્યો કે "મારો ધણી હજી હયાત છે ને તું મને કેવી રીતે પરણે?"

* स तु यद्यन्यजातीयः पतितः क्लीव एव वा ।
विकर्मस्थः सगोत्रो वा दासो दीर्घामयोऽपि वा ॥
ऊढापि देया सान्यस्मै सहाभरणभूषणा ।

કાત્યાયનનો આ નિર્ણય પરાશરના [illegible] માં ટાંકેલો છે. આ શ્લોક અને તેનો ઉપર [illegible] સાગરના 'વિધવા વિવાહ' નામના પુસ્તકના [illegible]

× શાંતિપર્વ, ૩૪૨-૪૯

## (આ) મહાભારતના યુગમાં

કૃષ્ણના પૂર્વજ ક્ષત્રિય રાજા યયાતિને માધવી નામની ઘણી જ રૂપાળી દીકરી હતી. તેને પ્રથમ ઇક્ષ્વાકુ વંશનો 'રાજાઓમાં શ્રેષ્ઠ અને તપશ્ચર્યામાં ગરૂ' એવો હર્યશ્વ નામનો રાજા પરણ્યો હતો. પણ લગ્ન પછી માધવી તેનું ઘર છોડીને ચાલી આવી. ત્યારપછી 'પરમ ધાર્મિક' દેવોદાસ નામનો કાશીનો રાજા તેની સાથે પરણ્યો. કાશી નગર વસાવનાર એજ રાજા હતો. માધવીને તેનાથી એક પુત્ર થયો; પણ ત્યારપછી વળી પાછી માધવી તેને મૂકીને ચાલતી થઈ. ત્યારે 'સર્વ પ્રકારના ધર્મોને જાણનાર' ઉશીનર રાજા તેને પરણ્યો. માધવીને ત્રીજા ધણીથી જે પુત્ર થયો તેજ સુપ્રસિદ્ધ શિબિ રાજા. પણ માધવીને તો ઉશીનર સાથે પણ ન બન્યું અને તેને છોડી દઇને ચાલી ગઇ. ત્યારે મહાતપસ્વી મહર્ષિ વિશ્વામિત્ર તેને પરણ્યા અને તેમને પેટે માધવીને વળી એક પુત્ર થયો. હવે આ માધવીને જે જે પરણ્યા તે તે બધા સારી પેઠે જાણતા હતા કે તેના આગલા ધણી હયાત છે અને તેને તેમાંના કોઇને પેટે સંતાન પણ થએલ છે, છતાં તેઓ તેને પરણ્યા. પણ માધવી વિશ્વામિત્રના ઘરમાં પણ ઠરી ઠામ થઇને બેઠી નહિ. તે પાછી તેમને મૂકીને ચાલી ગઈ. ત્યારે હવે યયાતિ રાજા અને તેમના પુરુ અને યદુ નામના બે દીકરા માધવીને પાંચમી વાર પરણાવવાને તેનો સ્વયંવર કરાવવાનો વિચાર કરતા હતા પણ માધવી ચાર ચાર ધણીને પરણીને ધરાઇ ગઇ હતી તેથી તે પાંચમી વાર ન પરણતાં વનમાં જઈને તપસ્વિનીની માફક રહેવા લાગી. +

રાધાના પતિ રાયાણ ઘોષની હયાતીમાંજ કૃષ્ણ તેની સાથે પરણ્યા હતા. ÷

## (ઇ) બૌદ્ધ યુગમાં

શાક્યસિંહ–બુદ્ધદેવ–ગૃહત્યાગ કરીને સંન્યાસી થયા ત્યાર પછી તેમની સધવા સ્ત્રીને પરણવાને માટે ઘણા માણસો ઉમેદવારી કરવા લાગ્યા હતા, પણ તે બાઇની ફરી પરણવાની મરજી ન હતી તેથીજ તેનું પુનર્લગ્ન થઇ શક્યું નહિ.

---

+ ઉદ્યોગપર્વ, અધ્યાય ૧૧૫થી ૧૨૦ સુધી. અનુશાસન૦ ૩૦–૧૬

÷ બ્રહ્મવૈવર્ત પુરાણ. રાયાણ નપુંસક હતો એવું કહેવાય છે. બ્રહ્મવૈવર્ત સિવાય બીજા કોઈ પુરાણનો આ લગ્નને આધાર નથી.

બૌદ્ધયુગમાંજ ઉજ્જયિનીના એક વણિકને ઈસિદાસી નામની એક પુત્રી હતી. તેના ધણીએ તેને વગર વાંકે ઘરમાંથી કાઢી મૂકી અને તેના બાપને ઘેર મૂકી આવ્યો. તે ઉપરથી તેના બાપે તેને બીજા પુરુષ સાથે પરણાવી દીધી. તેણે પણ તેને વગર વાંકે ઘરમાંથી કાઢી મૂકી ત્યારે તેના બાપે તેને ત્રીજી વાર પરણાવી. તે પણ આગલા બે ધણીઓના જેવોજ નીકળ્યો. ત્યાર પછી ઈસિદાસી બૌદ્ધધર્મની દીક્ષા લઇને પ્રવ્રજ્યા વ્રતનું પાલન કરવા લાગી.×

## (ઈ) અર્વાચીન યુગમાં

મહારાષ્ટ્રની કેટલીક હિંદુ ન્યાતોમાં કન્યાવિક્રય કરવાનો રિવાજ હતો. અઢારમા સૈકામાં મહારાષ્ટ્રના બ્રાહ્મણ રાજ્યકર્તા બીજા બાજીરાવ પેશ્વાએ એક કાયદો કરીને એ રિવાજ રદ કરાવ્યો અને કન્યાને પરણાવવાની ઉમ્મર પણ કાયદા પ્રમાણે નક્કી કરી. ત્યાર બાદ એવું બન્યું કે લગ્નને લાયક ઉંમર થતા પહેલાં એક કન્યાને બળજબરાઈથી પરણાવવામાં આવતી હતી, પણ કેટલાંક કારણસર લગ્નના સંસ્કારમાંથી થોડાક થયા અને થોડાક કરવાના રહી ગયા. દેશાચાર પ્રમાણે આ કન્યાને બીજી વાર પરણાવાય નહિ, પણ બાજીરાવ પેશ્વાએ ચુકાદો આપ્યો કે એ લગ્ન સિદ્ધ થયું કહેવાય નહિ. તેથી તે છોકરીને તેની લાયક ઉંમર થતાં કોઇ દેખાવડા છોકરા સાથે ફરીથી પરણાવવામાં આવી.

બંગાળામાં ઉંચા કુળવાન ગણાતા બારેન્દ્ર બ્રાહ્મણોની ન્યાતમાં આજે પણ છોકરીઓને પ્રથમ દર્ભના પૂતળા સાથે પરણાવ્યા પછી તે સધવા છોકરીઓનું વરરાજા સાથે લગ્ન થાય છે.

નેપાલના હિંદુ રાજ્યમાં આજે પણ વિવાહોચ્છેદ-ફારગતી-નો રિવાજ ચાલુ છે. ધણી હમેશાં માંદો ને માંદોજ રહેતો હોય અથવા તેને કદી મટે નહિ એવો રોગ થયો હોય અથવા ઘણા વખતથી ઘેરથી ચાલ્યો ગયો હોય તો તેની સ્ત્રીને બીજી વાર પરણવાની છૂટ છે. કોઈ ખાસ કારણસર ધણી ધણિયાણી [illegible]

[illegible]

[illegible]

આ બધું ધ્યાનમાં લેતાં ખાત્રી થાય છે કે અસલ સધવા સ્ત્રીઓ ફરીથી પરણતી અને આજે પણ દેશમાં ઘણે ઠેકાણે ધણીની હયાતીમાં તેની સ્ત્રીને બીજો ધણી કરવાની છૂટ છે તેને હિંદુશાસ્ત્રોનો આધાર છે.

ઢાકા યુનિવર્સિટીના પ્રોફેસર હરિદાસ ભટ્ટાચાર્ય લખે છે કે "સરસ્વતી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર, એ ત્રણે દેવોની અનુક્રમે પત્ની ગણાઈ છે." *

### (ઘ) જેનું વાગ્દાન થયું હોય એવી કન્યા બીજાને પરણી શકતી

સધવા સ્ત્રીઓને ફરીથી પરણવાની હિન્દુશાસ્ત્રો છૂટ આપે છે ત્યારે જેનું માત્ર વાગ્દાનજ થયું હોય એવી કન્યાને તો છૂટ આપે એમાં શકજ શો?

છતાં વિશેષ ખાત્રી માટે અમે શાસ્ત્રનાં પ્રમાણ બતાવીએ છીએ. આ બાબતમાં મનુનો નિર્ણય એવો છે કે "કોઈ કન્યાનું વાગ્દાન થયા પછી તેના વરનું મૃત્યુ નીપજે તો નીચે જણાવેલું વિધાન કર્યા પછી તે કન્યાને તેના મરનાર વરના સગા નાના ભાઈ સાથે પરણાવવી." x

વસિષ્ઠનો મત એવો છે કે "જેનું દાન માત્ર વાણીથી અથવા જળના સંકલ્પથીજ થયું હોય પણ મંત્રોચ્ચારથી ન થયું હોય એવી કન્યાનો વર મરી જાય તો તેના ઉપર તેના પિતાનોજ અધિકાર રહે છે. તે કુમારિકા જેવીજ હોવાથી તેને વિધિપુરઃસર બીજાની સાથે પરણાવવી." =

### (ળ) લગ્ન એ કાંઈ કન્યાનું દાન નથી.

અત્યાર આગમચ અમે ટાંકેલા શ્લોકો ઉપરથી જોઈ શકાશે કે કન્યાનું દાન કરનાર અને તેનું ગ્રહણ કરનાર પ્રેમ સિવાય બીજો કોઈજ નથી. અને એમજ છે ત્યાં તો કોઈ પણ વ્યક્તિને કન્યાનું દાન કરવાનો અધિકારજ ક્યાં રહ્યો!

ક્ષત્રિય રાજાઓ તો લગભગ બધાજ દાખલામાં પોતાના શરીર બળથીને કુટુંબમાંથી કન્યાને ઉઠાવી લઈને પરણતા.

---

* નવજીવન, ૧૯૨૫, પૃષ્ઠ ૧૩૮

x મનુસ્મૃતિ, ૯-૬૯. ... मृतो पतिः। तामनेन विधानेन निजो विन्देत देवरः।

= વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૧૭

તેમનામાં તો કોઈ કલ્યાણ હેતુ જ નહિ. [illegible]
[illegible] ત્યાં કલ્યાણ હેતુ [illegible] હોઈ શકે?

[illegible]

[illegible]

સ્ત્રીઓનાં પુનર્લગ્ન અને લગ્ન એ કન્યાનું દાન નથી, એ બે વિષયોની ચર્ચા કરતી વખતે હિન્દુશાસ્ત્ર મુજબ એકની એક સ્ત્રી કયા કયા સંજોગોમાં ફરી ફરીને પરણી શકે છે તે અમે બતાવી ચૂક્યા છીએ. કેટલાક એવા દાખલા મળી આવે છે કે તે સ્ત્રીનો આગલો ધણીજ તેને એક કરતાં વધારે વાર પરણ્યો હોય. આ બધાં દૃષ્ટાંતો ઉપરથી માલૂમ પડે છે કે હિન્દુ લગ્ન કોઇ દિવસ અનંતકાળનું બંધન મનાયુંજ નથી. તે તો અમુક ચોક્કસ મુદત માટેનો કરારજ છે. મદ્રાસ હાઈકૉર્ટના સુપ્રસિદ્ધ ન્યાયાધીશ સર શંકર નાયર કહે છે કે "હિન્દુ વિવાહ એ કરારજ છે એમાં કશોજ સંદેહ નથી."

### (ફ) મામાની દીકરીને પરણવાના દાખલા

અર્જુન પોતાના મામા વસુદેવની દીકરીને પરણ્યો હતો. સહદેવ પણ પોતાના સગા મામાની છોકરી સાથે પરણ્યો હતો. શાકયસિંહ (બુદ્ધદેવ)નું લગ્ન પણ તેમના મામાની દીકરીની સાથેજ થયું હતું. હજી મદ્રાસ ઇલાકાના ધર્મચુસ્ત બ્રાહ્મણોમાં એવો રિવાજ છે કે મામાની દીકરી મળતી હોય તો બીજીને પરણવાનો વિચારજ ન કરવો.

### (બ) અનેક લગ્ન–સ્ત્રીઓનાં અને પુરુષોનાં

(અ) પુરુષો એકકે વખતે એક કરતાં વધારે સ્ત્રીઓ પરણતા

પુરુષો એક સ્ત્રી જીવતી હોય છતાં એક અથવા વધારે સ્ત્રીઓને પરણે એ રિવાજ અસલ તો હતોજ અને અત્યારે પણ છે.

#### (આ) સ્ત્રીઓ એકકે વખતે એક કરતાં વધારે પુરુષોને પરણતી

(૧) એક સ્ત્રી એકકે વખતે બે ચાર ભાઇઓની સાથે સામટું લગ્ન કરે એવો રિવાજ અસલના વખતમાં આ દેશમાં હતો અને અત્યારે પણ કોઇ કોઇ ભાગમાં છે, એ વિષે અગાઉ પૂરતાં પ્રમાણ આપી ચૂક્યા છીએ.

(૨) સ્ત્રી એકવાર રંડાય ત્યારે તે બીજાની સાથે પરણી શકે એવો રિવાજ અસલ હતો અને અત્યારે પણ છે.

(૩) અસલના વખતમાં સધવા સ્ત્રીઓ તેમના ધણીની હયાતીમાં બીજા એક કરતાં વધારે પુરુષોને પારાકૂરતી પરણી શકતી અને અત્યારે પણ હિન્દુશાસ્ત્રોની સંમતિથી પરણી શકે છે.

* વિષ્ણુ ભગવાને કાષ્ઠની મૂર્તિ કેમ ધારણ કરી તે વિષે વક્રોક્તિ કરતાં એક કવિએ કહ્યું છે કે:–

एका भार्या प्रकृतिमुखरा चंचला च द्वितीया
पुत्रोऽप्येको भुवनविजयी मन्मथो दुर्निवारः।
शेषः शय्या वसतिजलधिर्वाहनं पन्नगारिः
स्मारं स्मारं स्वगृहचरितं दारुभूतो मुरारिः ॥

અર્થ:–એક સ્ત્રી સ્વભાવથીજ લાંબી જીભવાળી (સરસ્વતી) અને બીજી ચંચળ (લક્ષ્મી), આખા જગતને જીતે એવો એકનો એક દીકરો તે પણ કોઈને ગાંઠે નહિ એવો, વળી રહેવાનું સમુદ્રની અંદર અને બિછાનું જોઈએ તો શેષનાગ, વાહનમાં એજ સર્પજાતિનો પરમ શત્રુ ગરુડ ! પોતાના ઘરની આવી વિચિત્ર અવસ્થાનો વિચાર કરતા કરતા વિષ્ણુ ભગવાન કાષ્ઠની મૂર્તિ બની ગયા. (કવિ ઉદ્‌ભટ)

અમને એવો ભય રહે છે કે અમારા હિન્દુ ભાઈઓ પોતાના સંસારની વિષમ અવસ્થા જોઈ જોઈને રખેને લાકડાની મૂર્તિ જેવા ન બની જાય !

## (૨૩) વિધવાવિવાહ

અર્જુન= વિધવા ઉલૂપીને પરણ્યો હતો છતાં તેને મહાભારતમાં વારંવાર ધાર્મિકજ કહ્યો છે તેનું કારણ શું ? કારણ કે અસલ વિધવાઓ ફરીથી પરણી શકે કે નહિ એવી શંકાજ કોઈ ઉઠાવતું ન હતું.

### (क) વિધવાવિવાહ વેદસંમત છે.

(अ) ઋગ્વેદમાં એક મંત્ર એવી મતલબનો છે કે "હે સ્ત્રી! તું ઉઠીને ઉભી થા. તું જેની સાથે સૂતી છે તે મરણ પામ્યો છે. હવે તારા એ ધણીનો ત્યાગ કરીને જેઓ હજી જીવતા છે તેમનામાં પાછી આવ. જે અત્યારે તારો હાથ પકડીને જે ઉભો છે, તે તને પરણવા ઈચ્છે છે તેની સ્ત્રી થઈ જા.× પતિના મરણ બાદ વિધવા પોતાના દિયેરનું ઘર માંડતી એવા પુરાવા પણ ઋગ્વેદમાં છે.÷

* જગન્નાથજીનું સ્વરૂપ કાષ્ઠનું છે.

= ભીષ્મપર્વ, ૬૩–૭, ૮, ૯.

× उदीर्ष्व नार्यभिजीवलोकं गतासुमेतमुप शेषएहि।
हस्तग्राभस्य दिधिषोस्तवेदं पत्युर्जनित्वमभिसंबभूथ॥
ઋગ્વેદ ૧૦–૧૮–

÷ ઋગ્વેદદર્શન–૧૨૮૫ પૃષ્ઠ ૧૭૬. પ્ર.ત્ર.ની ઐત.બ–૧૩૨૮ પૃષ્ઠ ૮..

(આ) અથર્વ વેદમાં વિધવાવિવાહનાં પ્રમાણ છે. રમેશચંદ્ર લખે છે કે "અથર્વ વેદમાં એક ઠેકાણે એવું લખ્યું છે કે 'કોઈ સ્ત્રી બ્રાહ્મણ ન હોય એવી બીજી ન્યાતના દસ ધણીને દસ વાર પરણ્યા પછી જો કોઈ બ્રાહ્મણ તેની સાથે લગ્ન કરે તો તે બ્રાહ્મણ જ તેનો પતિ ગણાય છે.' આ ઉપરથી માલૂમ પડે છે કે બ્રાહ્મણો બીજી ન્યાતની વિધવાઓને પણ પરણતા." અથર્વ વેદમાં તો એવું પણ લખ્યું છે કે "વિધવા થએલી સ્ત્રી ફરીથી લગ્ન કરે તો તે તેના નવા ધણીની સાથે પતિલોકની પ્રાપ્તિ કરે છે."+

(ઇ) વિજયચંદ્ર મજુમદાર લખે છે કે "વેદકાળમાં વિધવા-વિવાહનો ચાલુ રિવાજ તો હતો, પણ એવાં લગ્ન દિયેર અથવા ધણીના કોઈ નજીકના સગાની સાથે થતાં એટલુંજ વેદની હકીકતો ઉપરથી કહી શકાય છે. ત્યાર પછીના યુગનાં ધર્મશાસ્ત્રોમાં પણ કેવા સંજોગોમાં વિધવા સ્ત્રીને પુનર્લગ્ન કરવાની છૂટ આપી શકાય તે વધારે ચોક્કસ રીતે બતાવી દીધું છે."+

(ઈ) ડૉ० રાજેન્દ્રલાલ મિત્ર લખે છે કે "વેદના સમયમાં વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરી શકે એવો રિવાજ આર્યોનો જાતીય રિવાજજ હતો, એવું અનેક દાખલાદલીલોથી સાબિત કરી શકાય છે. છેક જૂના સમયથી સંસ્કૃત ભાષામાં 'દ્વિધિષુ' 'પરપૂર્વા' અને 'પૌનર્ભવ' શબ્દો છે તેમના અર્થમાંથીજ પૂરતી સાબિતી મળી રહે છે. કારણ કે 'દ્વિધિષુ' અથવા 'પરપૂર્વા' એટલે પુનર્લગ્ન કરનારી વિધવા એવોજ અર્થ થાય છે; અને પૌનર્ભવ નો અર્થ વિધવાએ પુનર્લગ્ન કર્યા પછી જેને જન્મ આપ્યો હોય એવો પુત્ર છે.÷

(ઉ) ડૉ० મેયર વેદનાં અનેક વચનો ટાંકીને વિધવાવિવા-હને વેદનો આધાર છે એવું સાબિત કરી બતાવે છે.

(ઊ) પરેશનાથ બંદોપાધ્યાય લખે છે કે "શંકરાચાર્ય તેમનાં વેદાન્તસૂત્રો ઉપરના ભાષ્યમાં અને વાચસ્પતિ મિશ્ર તેમની ભામતી નામની ટીકામાં એક એવો નિયમ સ્થાપિત કરે છે કે વેદમાં જે જે દૃષ્ટાન્તો છે તે બધાંજ વિધિવાચક છે—અર્થાત્

÷ ભાગવતચંદ્ર દાસકૃત વિધવાવિવાહ, પૃષ્ઠ ૧૯.

+ પ્રવાસી, કાર્તિક, ૧૩૨૦, પૃષ્ઠ ૯૮.

÷ દ્વિધિષુ (પું.)=વિધવા સાથે લગ્ન કરનાર. (સ્ત્રી)=ફરીથી પરણેલી વિધવા.

વેદમાં અમુક બાબતને લગતો પ્રત્યક્ષ વિધિનિષેધ ન હોય પણ તેમને લગતાં માત્ર દૃષ્ટાંતોજ હોય તો તે દૃષ્ટાંતોને વેદની આજ્ઞારૂપજ ગણી લેવાં જોઇએ.§

આ ઉપરથી અમોએ વિધવાવિવાહના સમર્થનમાં વેદોમાંથી જે દૃષ્ટાન્ત આપ્યાં છે તે, વેદમાં વિધવાવિવાહની આજ્ઞા છે અને તેને વેદની સંમતિ છે એવું સાબિત કરવા પૂરતાં છે.

(ऋ) વળી મનુસંહિતામાં લખ્યું છે કે "વેદોના સાચા અર્થ અને તેમના ઉપયોગ વિષે મનુના જેટલું જ્ઞાન બીજા કોઈને નથી. મનુ જેને જેને ધર્મ કહે છે તે સર્વને વેદપણ ધર્મજ કહે છે, કારણ કે મનુ તમામ પ્રકારના જ્ઞાનસ્વરૂપ છે."* મનુસ્મૃતિ ઉપર 'મન્વર્થ મુક્તાવલી' નામની ટીકાનો લખનાર કુલ્લુક ભટ્ટ પોતાની ટીકાની શરૂઆત કરતાંજ લખે છે કે "મનુસંહિતા દોષ વગરની, મહાપુરુષો માન્ય ગણે એવી, વેદમૂલક અને વેદનેજ અનુસરનારી છે." બૃહસ્પતિ લખે છે કે "મનુસ્મૃતિના મહત્ત્વનું કારણ એ છે કે તેની અંદર વેદના વિષયોને સમાવી દીધા છે. જે સ્મૃતિ મનુના અર્થથી વિરુદ્ધ જતી હોય તે પ્રશંસાને પાત્ર નથી."×

આ ઉપરથી પણ સૌને સમજાશે કે વિધવાવિવાહને વેદનો આધાર છે માટેજ મનુએ વિધવાવિવાહને અનુમોદન આપ્યું છે અને તેને માટે જે નિયમો ઘડયા છે તે આપણે અગાઉ જોયા છે.

### (ख) વિધવાવિવાહને સ્મૃતિ મંજૂરી આપે છે.

(અ) મનુસંહિતાના અસલ એક લાખ શ્લોક હતા. આટલો મોટો ગ્રંથ બધાને વાંચવો ભારે પડશે એમ જાણીને નારદે તેને સંક્ષેપમાં લખી. તેનું નામ નારદસંહિતા પડયું. આ વાતનો નારદ પોતે નારદસંહિતાના આરંભમાંજ ઉલ્લેખ કરે છે. નારદસંહિતાનો વિધવાવિવાહની બાબતમાં નીચે પ્રમાણે નિર્ણય છેઃ—

"પોતાનો ધણી મરી ગયો છે કે જીવતો છે તેની ચોક્કસ ખબર મળતી ન હોય, તેનું મરણ થયું હોય, તેણે સંસારત્યાગ

§ પ્રવાસી, વૈશાખ, ૧૩૨૧, પૃ૦ ૨૬.

* મનુસંહિતા, ૧–૩. ૨–૭.

× वेदार्थोपनिबन्धृत्वात् प्राधान्यं हि मनोः स्मृतम्।
मन्वर्थविपरीता या सा स्मृतिर्न प्रशस्यते॥
(—બૃહસ્પતિવચન.)

કર્યો હોય, નપુંસક હોય, અથવા વટલી ગયો હોય-આ પાંચ પ્રકારની આપત્તિમાંથી ગમે તે આપત્તિ આવી પડે તો સ્ત્રીને બીજી વાર લગ્ન કરવાની શાસ્ત્રો રજા આપે છે. પોતાના પતિની કશી ભાળ ન મળે તો બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રી જો પુત્રવતી હોય તો તેણે આઠ વરસ સુધી રાહ જોવી અને પુત્રવિનાની હોય તો તેણે ચાર વરસ સુધી રાહ જોવી. એજ પ્રમાણે ક્ષત્રિય જ્ઞાતિની પુત્રવાળી સ્ત્રીએ છ વરસ અને પુત્ર વગરનીએ ત્રણ વરસ સુધી રાહ જોવી. વૈશ્ય જ્ઞાતિની પુત્રવાળી સ્ત્રીએ ચાર વરસ અને પુત્રવિનાનીએ બેવરસ સુધી રાહ જોવી. શૂદ્ર જાતિની સ્ત્રીએ કેટલાં વરસ સુધી રાહ જોવી તેની ચોક્કસ મર્યાદા નથી. બાકીની જ્ઞાતિની સ્ત્રીઓને માટે એવો નિયમ કરવામાં આવે છે કે ધણી હયાત છે એવી ખબર મળે તો ઉપર કહેલી મુદતથી બમણી મુદત સુધી તે સ્ત્રીએ થોભી જવું. જો કશા સમાચાર નજ મળે તો ઉપર બતાવેલી મુદત જેટલોવખત તેણે થોભી જવું. પ્રજાપતિ બ્રહ્માનો આ નિર્ણય છે. માટે આવા આવા સંજોગોમાં સ્ત્રીઓ બીજો ધણી કરે તો તેમને દોષ લાગતો નથી."+

આ નિર્ણય પ્રજાપતિ બ્રહ્માનો છે તે તરફ વાચકનું લક્ષ ખેંચીએ છીએ. વળી બૃહત્ મનુસંહિતા ઉપરથી નારદે સંક્ષેપમાં પોતાની સંહિતા રચી. એટલા માટે ઉપરનો નિર્ણય નારદનોજ નહિ પરંતુ મનુનો પણ હોવોજ જોઇએ. આ કારણને લીધે "नष्टे मृते प्रव्रजिते" વાળા શ્લોકો મનુનાજ છે એવું માધવાચાર્ય પરાશર સ્મૃતિ ઉપરના પોતાના ભાષ્યમાં કહે છે.

(આ) ચાલુ મનુસંહિતાનો નિર્ણય નીચે પ્રમાણે છેઃ-

"જે સ્ત્રી વિધવા થયા પછી અથવા તેના પતિએ કાઢી

---

+ नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥
अष्टौ वर्षाण्यपेक्षेत ब्राह्मणी प्रोषितं पतिम् ।
अप्रसूता च चत्वारि परतोऽन्यं समाश्रयेत् ॥
क्षत्रिया षट् समास्तिष्ठेदप्रसूता समात्रयम् ।
वैश्या प्रसूता चत्वारि द्वे वर्षे त्वितरा वसेत् ॥
न शूद्रायाः स्मृतः काल एष प्रोषितयोषिताम् ।
जीवति श्रूयमाणे तु स्यादेष द्विगुणो विधिः ॥
अप्रवृत्तौ तु भूतानां दृष्टिरेषा प्रजापतेः ।
अतोऽन्यगमने स्त्रीणामेष दोषो न विद्यते ॥

આના સંબંધમાં મનુનાં બીજાં કેટલાંક વચન આગળ જતાં ટાંકીશું.

(૬) મહર્ષિ વસિષ્ઠનો નિર્ણય નીચે મુજબ છેઃ–

"જે સ્ત્રી તેના પતિના સમાગમમાં ન આવી હોય તે જો વિધવા થાય તો તે ફરીથી પરણી શકે છે." ÷

(૬) મહર્ષિ પરાશરની રચેલી સ્મૃતિ કલિયુગનું ધર્મશાસ્ત્ર મનાય છે. ‡ બ્રહ્મા, નારદ અને મનુ, ત્રણનો નિર્ણય જેની અંદર છે તે "नष्टे मृते" વાળા વચનને મહર્ષિ પરાશર પોતાનું સંપૂર્ણ અનુમોદન આપે છે, અને પોતાની સ્મૃતિમાં એના એ શ્લોકનો શબ્દે શબ્દ ઉતારો કરે છે.× એટલે તે પણ કલિયુગની વિધવા-

---

આપીને નવી નવી સ્ત્રીઓને પરણી શકે છે, તેમ સ્ત્રી પણ પોતાની મરજી મુજબ વારાફરતી ઘણા ધણીઓને ફારગતી આપીને નવા નવા ધણીના ઘર માંડી શકે છે. "नष्टे मृते प्रव्रजिते" વાળા શ્લોકમાં ગણાવેલી પાંચમાંથી ગમે તે પ્રકારની આપત્તિ સ્ત્રીના ઉપર આવી પડે તો જેટલી વાર એવી કોઇ આપત્તિ આવે તેટલી વાર સધવા સ્ત્રીને પણ ફરી ફરીને પરણવાની શાસ્ત્ર છૂટ આપે છે. (ઘ) કોઈ સ્ત્રી પોતાના ધણીના સમાગમમા આવ્યા પહેલાં તે તેને છોડીને કોઇ પુરુષના ઘરમાં રહે અને પાછી તે જો પોતાના આગલા ધણીને ઘેર આવે તોપણ તેનો આગલો ધણી ફરીથી લગ્નસંસ્કાર કરીને તેને પરણી શકે છે. આ કારણને લીધે એકના એક પુરુષને એકની એક સ્ત્રી એક કરતા વધારે વાર પરણી શકે છે. (ઙ) "લગ્ન એટલે કન્યાનું દાન છે અને એક વાર જેનું દાન થયું હોય તેનું બીજી વાર દાન ન થઇ શકે" આવી તકરાર કરનારાઓની દલીલ ઉપરના નિર્ણયથી આપોઆપ તૂટી જાય છે. (ચ) જેઓ એવો દાવો કરે છે કે હિંદુ લગ્ન તો એક વાર થયું એટલે થયું, તેનો ભંગ થાયજ નહિ; હિંદુલગ્નનું બંધન તો અનંત કાળનું–ભવોભવનું છે–તેમનો દાવો પણ ઉડી જાય છે. આના સંબંધમાં અગાઉ પણ વિવેચન થઈ ગયું છે અને (છ) હિંદુલગ્ન એ અમુક ચોક્કસ મુદત માટેનો કરારજ છે એવું આ ઉપરથી સાબિત થાય છે.

÷ पाणिग्राहे मृते बाला केवलं मंत्रसंस्कृता।
सा चेदक्षतयोनिः स्यात्पुनः संस्कारमर्हति॥

વશિષ્ઠસંહિતા, અધ્યાય ૧૭. ઉપર ટાંકેલો અનુવાદ વિદ્યાસાગરકૃત વિધવા વિવાહના પૃષ્ઠ ૧૭૧માંથી લીધેલ છે.

‡ પરાશરસંહિતા, ૧–૨૩.

× પરાશરસંહિતા, ૪–૨૬.

ઓને અને બીજી કમનસીબ સ્ત્રીઓને બીજી વાર લગ્ન કરવાનં મંજૂરી આપે છે.

(उ) ચાણુકય પંડિતે પોતાનું અર્થશાસ્ત્ર ઇસવીસન પૂર્વેન ચોથા સૈકામાં લખ્યું હતું. તે પણ લખે છે કે, વિધવા પોતાના દિયેરને પરણી શકે છે. દિયેર ન હોય તો પોતાના મરનાર ધણીના ગોત્રના કોઇ પણ પુરુષની સાથે લગ્ન કરે."

(ऊ) વળી પ્રજાપતિ બ્રહ્મા, મનુ, નારદ, ભૃગુ, વસિષ્ઠ, કાત્યાયન, પરાશર અને ચાણુકય એવો નિર્ણય કરે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે જાતિની સધવા સ્ત્રીઓ પણ જો તેમના પતિએ સંસારનો ત્યાગ કર્યો હોય, તેઓ નપુંસક હોય, વટલી ગયા હોય, ઘેરથી ચાલ્યા ગયા હોય અને તેમની કશી ભાળ મળતી ન હોય, દેશાવર રઝળતા ફરતા હોય, ચારિત્ર્યભ્રષ્ટ હોય, સ્વચ્છંદી વર્તણુકના હોય, તેમને ફેફરાનો રોગ થયો હોય, હમેશાં માંદા ને માંદાજ રહેતા હોય, તપશ્ચર્યા કરવાનો ઢોંગ લઈ બેઠા હોય, સગોત્ર હોય, કોઈના ગુલામ હોય અથવા જે સ્ત્રીઓને તેમના પતિએજ કાઢી મૂકેલ હોય અથવા સ્ત્રી પોતેજ પતિને છોડીને ચાલી આવી હોય, આવા સંજોગોમાં સધવા સ્ત્રીઓને તેમના ધણીની હયાતીમાં પણ બીજો ધણી કરવાની છૂટ છે.

જો સ્ત્રીને આટલી હદ સુધી શાસ્ત્રોએ છૂટ આપી છે ત્યારે તેને રંડાયા પછી પુનર્લગ્ન કરવાની શાસ્ત્ર મના કરે છે એવી દલીલ કયો અક્કલવાળો માણસ કરી શકે ?

(ऋ) રમેશચંદ્ર દત્ત લખે છે કે "પૌરાણિક યુગમાં પણ વિધવાના પુનર્વિવાહનો કોઇ નિષેધ કરતું ન હતું એવું અનેક શાસ્ત્રગ્રંથોને આધારે સાબિત કરી શકાય છે."

(ऌ) કેટલાક વળી એવી દલીલ કરે છે કે મહર્ષિ મનુ "या पत्या परित्यक्ता" એ વાકય વડે અને મહર્ષિ વસિષ્ઠ "पाणिग्राहे मृते बाला" એ વાકય વડે માત્ર જે વિધવાઓ "અક્ષતયોનિ" હોય તેમનાજ પુનર્વિવાહની છૂટ આપે છે. પરંતુ આ દલીલ પણ વાજબી નથી. ભાગવત ચંદ્રહાસ લખે છે કે "અક્ષતયોનિ શબ્દનો ખરો અર્થ પતિના સમાગમમાં આવી ન હોય એવી નહિ પણ અવ્યભિચારિણી એટલે જેણે કદી વ્યભિચાર કર્યો નથી એવો કરવો જોઇએ. "पत्युरन्येन असंस्पृष्टा इति सर्वज्ञ नारायणः।" મતલબ કે જેને તેના પતિ સિવાય

બીજા કોઇ પુરુષે સ્પર્શ કર્યો નથી એવી. આ ઉપરથી મનુ અને વસિષ્ઠ બેઉના નિર્ણયનું તાત્પર્ય એ છે કે, જેણે પરપુરુષ સાથે પાપાચરણ કર્યું હોય એવી વિધવા પુનર્વિવાહ કરવા યોગ્ય નથી, પણ જે સ્ત્રી પોતાના પતિ ઉપરજ સર્વદા આસક્ત રહેલી છે તે જો કમનસીબે રંડાય તો તેને ફરીથી પરણવાનો મનુસ્મૃતિ નિષેધ કરતી નથી. મનુસ્મૃતિ તો એથી આગળ વધીને પુત્રવતી વિધવાને પણ ફરીથી પરણાવવાની તરફેણમાં પોતાનો અભિપ્રાય આપે છે."* એ બધાં પ્રમાણ અમે આગળ જતાં આપીશું.

વિશેષમાં મનુસંહિતાના ૮મા અધ્યાયના ૨૨૬મા શ્લોક ઉપર વિવેચન કરતાં કુલ્લુક ભટ્ટ લખે છે કે "મનુના મત પ્રમાણે ક્ષતયોનિનું પણ પુનર્લગ્ન થઈ શકે છે."

## (ગ) આધુનિક પંડિતો પણ વિધવાવિવાહને શાસ્ત્રસંમત ઠરાવે છે.

(અ) નાટોરની પ્રાતઃસ્મરણીયા રાણી ભવાનીની પુત્રી તારાબાઇ અહુજ નાની વયે વિધવા થઈ હતી. રાણી ભવાની હિન્દુ ધર્મ ઉપર પરમ શ્રદ્ધાવાન હોવા છતાં હાલની હિન્દુ સ્ત્રીઓના જેવી કઠણ હૈયાની ન હતી. તેને પોતાની વિધવા પુત્રીનું દુઃખ રાતદિવસ સાલ્યા કરતું હતું. આખરે તેનાથી રહેવાયું નહિ ત્યારે પોતાની વિધવા દીકરીને ફરીથી પરણાવાય કે નહિ એવો પ્રશ્ન તેણે પંડિતોની સભા સમક્ષ રજૂ કર્યો.× લગભગ એજ અરસામાં વિક્રમપુરના રાજા રાજવલ્લભની દીકરી અભયા પણ રંડાઇ. રાજા રાજવલ્લભ આજના હિન્દુ પિતાઓના જેવો ન હતો. એ રાજાના જીવનચરિત્રમાં લખ્યું છે કે એ અરસામાં કૃષ્ણદાસ વેદાન્તવાગીશ, નીલકંઠ સાર્વભૌમ અને કૃષ્ણદેવ વિદ્યાવાગીશ, રાજા રાજવલ્લભના સભાપંડિતો હતા. × × × × તેમણે શાસ્ત્રોના નિર્ણય તપાસીને તથા એકબીજાની સાથે ચર્ચા કરીને એવો ચૂકાદો આપ્યો કે હિન્દુશાસ્ત્રોમાં અક્ષતયોનિ વિધવાને ફરી પરણાવવાની કોઈ પણ ઠેકાણે મના કરી નથી. × × × × આ બાબત ઉપર દેશના તે વખતના મોટા મોટા પંડિતોના અભિપ્રાય જાણી લેવાને માટે રાજા રાજવલ્લભે દૂર દૂરના પંડિતોની પાસે પોતાનાં માણસ મોકલાવ્યાં. કાશી, કાંચી, મિથિલા

* ભાગવત ચંદ્રદાસ કૃત વિધવા વિવાહ, પૃષ્ઠ ૨૦
× રાજશાહીનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃષ્ઠ ૧૭૯

વગેરે અનેક વિદ્યાપીઠોના પંડિતોના અનુકૂળ અભિપ્રાયો લઇને તેઓ નવદ્વીપમાં ભેગા થયા. × × × × નવદ્વીપના રાજા કૃષ્ણચંદ્રે પંડિતોની એક છૂપી સભા પ્રથમ બોલાવી અને વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે કે નહિ તે વિષે તેમનો અભિપ્રાય પૂછ્યો અને વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે એટલી વાત તો તેણે તેમને મોઢેથી ચોક્કસપણે જાણી લીધા પછી તેણે પંડિતોને ભરમાવ્યા તેથી તેમણે નવદ્વીપના પંડિતોની જાહેર સભામાં વિધવાવિવાહની વિરુદ્ધમાં મત આપ્યો. જો નવદ્વીપનો રાજા કૃષ્ણચંદ્ર રાજવલ્લભના પક્ષમાં ગયો હોત તો બંગાળામાં તે દિવસથીજ વિધવાઓનાં પુનર્લગ્નનો સવાલ ઉકલી ગયો હોત અને આખા દેશમાં એ રિવાજની શરૂઆત થઇ ગઇ હોત પણ કૃષ્ણચન્દ્રે એની વિરુદ્ધમાં ભારે ખટપટ કરી મૂકી તેને લીધે રાજવલ્લભથી તેનું મનનું ધાર્યું થયું નહિ. પણ વિધવાવિવાહ હિન્દુશાસ્ત્રોને મંજૂર છે એવું તો આજે પણ ઘણાને કબૂલ કરવું પડે છે.”×

મન્દારમાલામાં લખ્યું છે કે “વિક્રમપુરના મહારાજ રાજવલ્લભની અરજી ઉપર વિચાર કરીને અંગ, બંગ, કલિંગ, મિથિલા, કાન્યકુબ્જ, કાશી, કાંચી, મહારાષ્ટ્ર, કાશ્મીર, દ્રાવિડ વગેરે ભારત સમસ્તનાં હિન્દુધર્મ અને સંસ્કૃતિનાં કેન્દ્રોના શાસ્ત્રવિદ્ પંડિતોએ નિર્ણય આપ્યો હતો કે કળિયુગમાં બાળવિધવાના પુનર્લગ્નને શાસ્ત્રનું અનુમોદન છે. ×××× પછી વિધવાવિવાહની પ્રથા ચાલુ કરવી કે નહિ તેને માટે આ આખો કેસ દેશના પંડિતોના અભિપ્રાય સાથે નવદ્વીપના રાજા કૃષ્ણચંદ્રની પાસે તેના અભિપ્રાયને માટે આવ્યો. × × × × તેનાથી રાજા રાજવલ્લભની માગણીનો સ્પષ્ટ રીતે તો ઇનકાર કરાયો નહિ, પણ તેણે એવો જવાબ લખી મોકલ્યો કે આ નિર્ણય શાસ્ત્રસંમત તો છે પણ દેશાચારની વિરુદ્ધ છે.”*

ડૉ૦ જોગેન્દ્રનાથ ભટ્ટાચાર્ય સ્માર્ત્તશિરોમણિ પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથમાં ઉપરની હકીકતને ટેકો આપે છે.

કાર્તિકેય ચન્દ્રરાય કૃષ્ણનગરના રાજાના રાજ્યમાં પહેલાં ૧૦ વર્ષ સુધી બીજી કેટલીએક જગ્યાએ કામકાજ કર્યા પછી છેવટનાં ૨૪ વર્ષ સુધી ત્યાંનો દિવાન બન્યો હતો. એજ માણસ

× મહારાજ રાજવલ્લભસેન, પૃષ્ઠ ૧૧૪–૧૧૮

* મન્દારમાલા, ૧૩૨૪, પૃષ્ઠ ૧૧, ૧૨.

લખે છે કે "વિક્રમપુર અને નવદ્વીપના ઘરડાઘરડા માણસોને મોઢેથી આજે પણ એજ વાત સાંભળીએ છીએ કે વિક્રમપુરના પ્રસિદ્ધ રાજા રાજવલ્લભે વિધવાવિવાહ શાસ્ત્રવિરુદ્ધ નથી એવો નિર્ણય પૂર્વ અને પશ્ચિમનાં વિવિધ સ્થાનોના પંડિતોની પાસેથી મેળવ્યા પછી નવદ્વીપના પંડિતોની સંમતિને માટે રાજા કૃષ્ણચંદ્રના દરબારમાં પોતાના તરફથી કેટલાક પંડિતોને મોકલ્યા. × × × રાજા કૃષ્ણચંદ્રે પોતાના સભાપંડિતોને તથા નવદ્વીપના મોટા મોટા પંડિતોને તેડાવીને પ્રથમ પેલો નિર્ણય તેમને ખાનગીમાં બતાવ્યો. તેમણે તે વાંચી લેયા પછી ઘણેજ ધીમે અવાજે કહ્યું: "આ નિર્ણય તો સંપૂર્ણ રીતે શાસ્ત્રાનુસાર છે." આ સાંભળીને રાજા કૃષ્ણચંદ્ર અદેખાઈથી બળીને ખાક થઈ ગયો. તે બોલ્યો: "આ નિર્ણય ભલે શાસ્ત્રવિરુદ્ધ ન હોય પણ દેશાચારની વિરુદ્ધ તો છેજ, એવો ઉત્તર આપીને આ રાજવલ્લભને તો તમારે નિરાશ કરવોજ પડશે. વૈદ્યની જાતનો એક માણસ ઘણા વખતથી બંધ પડી ગએલો રિવાજ પાછો ચાલુ કરે એ સહનજ કેમ થાય?" × × × × બીજે દિવસે બધા પંડિતોની એક જાહેર સભા થઈ. તેમાં પંડિત લોકોએ રાજાની આગલા દિવસની સૂચના મુજબ પેલા નિર્ણયની સામે તરેહતરેહના વાંધા ઉઠાવ્યા અને તેના ઉપર પોતાનાં મતાં કરવાની ના પાડી." એજ દિવાન કાર્તિકેયચંદ્ર રાય આગળ વધીને એવું પણ લખે છે કે "મેં મહારાજા શ્રીશચંદ્રને મોઢેથી સાંભળ્યું છે કે રાજવલ્લભે મોકલાવેલો પંડિતોનો નિર્ણય વાંચીને કૃષ્ણચંદ્ર પશ્ચાત્તાપના ખૂબ ઉદ્ગાર કાઢીને કહેવા લાગ્યો: "અરેરે! અત્યાર પહેલાં મેં પોતેજ આ બાબત ઉપર લક્ષ આપ્યું હોત તો કેવું સારૂં થાત!"= ઉપરોક્ત શ્રીશચંદ્ર કૃષ્ણચંદ્રનો વંશજ અને કૃષ્ણનગરનો રાજા હતો.

વિક્રમપુરના ઇતિહાસમાં પણ એવી નોંધ છે કે "રાજા રાજવલ્લભે આખા ભરતખંડનાં જુદાં જુદાં સ્થાનોમાં પંડિતસમાજની પાસે પોતાનાં માણસો મોકલીને તેમના અભિપ્રાય પૂછાવી મંગાવ્યા હતા. આખા દેશના તમામ મોટા મોટા પંડિતોએ શાસ્ત્રોના નિર્ણય ધ્યાનમાં લઈને છેવટે ચૂકાદો આપ્યો કે બાળવિધવાઓને ફરીથી પરણાવવાની બાબતમાં શાસ્ત્રની સંમતિ છે; પણ રાજા કૃષ્ણચન્દ્રની દુષ્ટતાને લીધેજ નવદ્વીપના પંડિત-

= ક્ષિતીશ વંશાવલી ચરિત, પૃષ્ઠ ૧૫૪–૧૫૬.

સમાજે પોતાનો અભિપ્રાય આની વિરુદ્ધમાં આપ્યો."×

(આ) પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરકૃત "વિધવાવિવાહ"નું પુસ્તક ઘણું કરીને સને ૧૮૫૬માં પહેલી વાર પ્રકટ થયું હતું. તે પહેલાં થોડાંકજ વર્ષ અગાઉ તે વખતના બંગાળાના સૌથી આગળ પડતા સ્માર્ત્ત પંડિત કાશીનાથ તર્કાલંકાર, કલકત્તાના શોભા બજારના રાજગૃહના સભાપંડિત, પાથુરિયા ઘાટવાળા રાજગૃહના સભાપંડિત અને બીજા અનેક મોટા મોટા નામાંકિત પંડિતોએ મળીને વિધવાઓના સંબંધમાં એવો નિર્ણય જાહેર કર્યો હતો કે "સ્ત્રીઓએ તેમના પતિઓના મૃત્યુ બાદ કાં તો બ્રહ્મચર્ય પાળવું, અથવા પતિની સાથે બળી મરવું અથવા પુનર્લગ્ન કરવું એવા મનુ વગેરે શાસ્ત્રકારોના અભિપ્રાય પ્રમાણે વિધવાઓના ધર્મ છે." પણ વિદ્યાસાગરનું પેલું "વિધવાવિવાહ" નામનું પુસ્તક છપાઈને પ્રસિદ્ધ થયા પછી એના એજ પંડિતો સામા પક્ષમાં જઈને વિધવાવિવાહનો વિરોધ કરવા લાગ્યા÷

આ પંડિતો શા કારણથી ફરી ગયા તેના કારણમાં ડૉ૦ જોગેન્દ્રનાથ ભટ્ટાચાર્ય સ્માર્ત્તશિરોમણિ એવું લખી જણાવે છે કે "હિન્દુ વિધવાઓના પુનર્લગ્નની બાબતમાં જ્યારે દેશમાં ખૂબ આન્દોલન મચી રહ્યું હતું ત્યારે કલકત્તાના શોભા બજારવાળા રાજા સર રાધાકાન્ત દેવબહાદુર અને કેટલાક ભદ્રંભદ્ર પંડિતો વિદ્યાસાગરની પાસે જઈને કહેવા લાગ્યા કે અમે માત્ર બાળવિધવાઓના પુનર્લગ્નની બાબતમાં અમારી સંમતિ આપવા તૈયાર છીએ; પણ વિદ્યાસાગર કહે છે તે એકલી બાળવિધવાઓજ ફરીથી પરણી શકે અને મોટી વયની વિધવાઓ ન પરણી શકે એ શરત મને કબૂલ નથી. તે ઉપરથી પેલા ભદ્રંભદ્ર પંડિતો સામે પાટલે જઈ બેઠા અને નાનીમોટી બધીજ વિધવાઓના પુનર્લગ્નની વિરુદ્ધમાં ચળવળ કરવા લાગ્યા."

(ઇ) ઉક્ત સ્માર્ત્ત શિરોમણિ ડૉ૦ જોગેન્દ્રનાથ એમ પણ લખે છે કે "વિધવાઓનાં પુનર્લગ્ન કરાવવાની બાબતમાં શાસ્ત્રોમાં જોઈએ તેટલી આજ્ઞાઓ છે. × × × × આ દેશના

× વિક્રમપુરેર ઇતિહાસ, પૃ૦ ૧૫૦.

÷ વિદ્યાસાગરવાળા વિધવાવિવાહના પુસ્તકના પહેલા પ્રકરણમાંજ આ નિર્ણયની મૂળ સંસ્કૃત નકલ, તેનો અનુવાદ અને ઉપલી અટકળ, બધુંજ આપેલું છે.

[illegible] પંડિતોના આ પ્રમાણે [illegible] કરેલું એમ કહે [illegible] આજ્ઞામાં સ્પષ્ટ પ્રમાણ છે અને [illegible] પણું પ્રમાણ છે કે જેથી કરીને વિધવાવિવાહ [illegible] નામંજૂર કરે છે [illegible] છે કે "વિધવા ફરીથી નજ પરણી શકે એવું [illegible] કરેલું નથી. વાસ્તવિક રીતે તમામ સ્મૃતિઓમાં એવાં [illegible] છે કે જે ઉપરથી સીધી યા આડકતરી રીતે વિધવાવિવાહની પ્રથાને અનુમોદન મળે છે." કલકત્તા ની દ હાઈકોર્ટના [illegible] વકીલ અને હિન્દુ શાસ્ત્રોમાં [illegible] લખે છે કે "સ્મૃતિઓમાં વિધવાઓને માટે ત્રણ [illegible] છે–પતિની સાથે બળી મરવું, બ્રહ્મચર્ય પાળવું અથવા પુનર્લગ્ન કરવું." વેદાન્ત ઉમેશચંદ્ર વિદ્યારત્ન લખે છે કે " મનુ નારદ બીજા બધાજ ઋષિઓ વિધવાવિવાહનો વિધિ બતાવી ગયા છે."* મેન સાહેબે તમામ હિન્દુધર્મનું મંથન કરીને હિન્દુ લૉ તૈયાર કર્યો છે. તે મેન લખે છે કે "પ્રાચીન હિન્દુધર્મ વિધવાઓને ફરીથી પરણવાની બાબતમાં સ્પષ્ટપણે અનુમોદન આપે છે." કાશીના સુપ્રસિદ્ધ પંડિત સ્વર્ગસ્થ ચિત્રચંદ્ર વિદ્-વર્ત્ન પણ વિધવાવિવાહનું વાજબીપણું કબૂલ કરે છે. સ્વામી વિવેકાનંદ પણ તેની તરફેણમાંજ બોલતા હતા.§

### (પ) અસલ ભારતખંડમાં વિધવાવિવાહ થતાં તેનાં પ્રમાણ

રાજા કૃષ્ણચંદ્રની બદસલાહ માનીને નવદ્વીપના નીમક-હલાલ પંડિતોએ વિધવાવિવાહ દેશાચારની વિરુદ્ધ છે એવો વાંધો બતલાવ્યો તે બિલકુલ નાપાયાદાર છે.

#### (અ) વેદના યુગમાં

વેદના કાળમાં વિધવાઓનાં પુનર્લગ્ન થતાં તેનાં અનેક પ્રમાણ અને દષ્ટાંત અમે અગાઉ આપી ચૂક્યા છીએ.

#### (આ) મહાભારતના યુગમાં

વિષ્ણુ સંહિતામાં લખ્યું છે કે "જે અક્ષતયોનિ સ્ત્રી

---

* મહાત્મા, ૧૨૨૪, પૃષ્ઠ ૧૭ ફુટનોટ

§ બાલવિધવાર વિવાહ, પૃષ્ઠ ૨૬.

ફરીથી પરણે તે પુનર્ભૂ કહેવાય છે."+ યાજ્ઞવલ્કય લખે છે કે "ક્ષતયોનિ હો કે અક્ષતયોનિ હો, ગમે તે અવસ્થામાં કોઈ સ્ત્રી ફરીથી પરણે તો તે પુનર્ભૂ કહેવાય."= વસિષ્ઠ ઋષિ પુનર્ભૂની વ્યાખ્યા કરતાં લખે છે કે "નપુંસક, વટલી ગએલા અથવા ગાંડા થઈ ગએલા પતિનો ત્યાગ કરીને જે સ્ત્રી બીજા પુરુષને પરણે છે તે પુનર્ભૂ કહેવાય છે."÷

મનુસંહિતામાં પૌનર્ભવ પુત્ર, પૌનર્ભવ દ્વિજ, પરપૂર્વાનો પતિ અથવા દ્વિધિષુનો પતિ એવા શબ્દો આવે છે.× જો અસલના વખતમાં હિન્દુસમાજમાં વિધવાવિવાહનો રિવાજ ચાલતો ન હોત તો પુનર્ભૂ, પરપૂર્વાનો પતિ, દ્વિધિષુનો પતિ, પૌનર્ભવ પુત્ર એવા શબ્દોનો વપરાશ હોતજ નહિ. વળી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણમાં વિધવાવિવાહનો રિવાજ ન હોત તો "પૌનર્ભવ દ્વિજ" એવો શબ્દ યોજાયો હોતજ નહિ. આકાશકુસુમની વાત કદી થતીજ નથી. જે આપણી સામે હોય તેનીજ વાત થાય.

મનુ અને વિષ્ણુ બેઉ પોતપોતાની સ્મૃતિઓમાં લખે છે કે "કોઇ સ્ત્રીને એક એક ધણીથી એક એક છોકરો હોય તો તે બેઉ છોકરાને તેમના પોતપોતાના બાપની મિલ્કત મળી શકે."§ આ ઉપરથી તો છોકરાવાળી સ્ત્રી પણ રંડાયા પછી ફરીથી પરણી શકતી એવું સાબિત થાય છે.

શંખ કહે છે કે "વિધવા ફરીથી પરણ્યા બાદ મરણ પામે તો તેનાં કુટુંબીઓએ ત્રણ રાત્રિ સુધી સૂતક પાળવું."† તે જમાનામાં હિન્દુસમાજમાં વિધવાવિવાહનો રિવાજ ચાલતો હતો તેનો આ પણ એક પુરાવો છે. સંક્ષેપમાં કહીએ તો અસલ વિધવાવિવાહનો રિવાજ હતો એની સાબિતી તરીકે મનુ, વિષ્ણુ, યાજ્ઞવલ્કય, ઉશના, આપસ્તંબ, પરાશર, શંખ, ગૌતમ, વસિષ્ઠ,

---

+ "अक्षता भूयः संस्कृता पुनर्भूः" વિષ્ણુસંહિતા, ૧૫-૮.

= अक्षता च क्षता चैव पुनर्भूः संस्कृता पुनः ।
(યાજ્ઞવલ્કય સંહિતા, ૧-૬૭.)

÷ या च क्लीबं पतितमुन्मत्तं वा भर्तारमुत्सृज्यान्यं पतिं विन्दते मृते वा सा पुनर्भूः भवति। (વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૧૭)

× મનુસંહિતા, ૩–૧૫૫, ૧૮૧, ૧૬૬, ૧૭૩, ૯–૧૬૦.

§ મનુસંહિતા. ૯–૧૯૧.

† શંખ સંહિતા ૧૫–૧૩

તમામ સ્મૃતિઓમાંથી ડગલે ડગલા પુરાવા મળી આવે છે.*

રાણી તારા અને મંદોદરીને બેઉને છોકરા થયા હતા તોપણ રંડાયા પછી તેઓ પોતપોતાના દિયેરને પરણી ગઇ હતી.

મહાભારતમાં બાર પ્રકારના પુત્રો ગણાવ્યા છે તેમાં એક પૌનર્ભવ પુત્ર પણ છે.= મહાભારતનો ટીકાકાર નીલકંઠ આ શ્લોક ઉપર ટીકા કરતાં લખે છે કે "કોઇ સ્ત્રી એક પતિને પરણ્યા બાદ બીજાની સાથે લગ્ન કરે અને તેનાથી તેને જે પુત્ર થાય તે તેનો પૌનર્ભવ પુત્ર કહેવાય છે." એવો પુત્ર ધર્મશાસ્ત્ર પ્રમાણે તેના ભાઈઓની મિલ્કતનો વારસ થઈ શકે છે એવું પણ મહાભારતમાં લખ્યું છે.× "સ્ત્રીઓ પોતાના પતિની રજા કબ્જ થયા પછી દિયેરને પરણે છે" એવું મહાભારતમાં ઘણે ઠેકાણે લખેલું જોવામાં આવે છે.§ આપત્ કાળમાં મોટો ભાઇ નાના ભાઇની પાસેથી પુત્રની આશા રાખે છે.+ આ કથનનું તાત્પર્ય એ છે કે મોટા ભાઇના મરણ પછી તેની વિધવાને પરણીને નાના ભાઈએ પુત્ર ઉત્પન્ન કરવો જોઈએ. નળરાજાનો જ્યારે ક્યાંઇએ પત્તો ન લાગ્યો ત્યારે તેની રાણી દમયન્તીએ નીચેની મતલબની જાહેરાત અયોધ્યા શહેરમાં પ્રકટ કરાવી:- "વીર નળ હયાત છે કે નહિ તેની દમયન્તીને જાણ ન હોવાથી આવતી કાલે સૂર્યોદય વખતે તે બીજો પતિ પસંદ કરી લેશે."‡ આ જાહેરાત સાંભળીને અયોધ્યાનો રાજા ઋતુપર્ણ દમયન્તીને પરણવાની ઉમેદથી અત્યંત ત્વરાથી વિદર્ભ નગર જઇ પહોંચ્યો. આ બાજુએ નળ પોતે પણ આ ખબર સાંભળીને અધીરો થયો અને તે પણ ત્યાં ત્વરાથી હાજર થઇ ગયો. આ વખતે "નષ્ટે

---

* વિષ્ણુસંહિતા, અધ્યાય ૧૫. યાજ્ઞવલ્ક્ય સંહિતા, ૧-૬૭, ૨૨૪. ૨-૫૨, ૧૩૩. ઉશના, ૪-૨૮, ૬-૩૦. આપસ્તંબ, ૯-૨૯. પરાશર, ૪-૨૬. શંખ, ૧૫-૧૩. ગૌતમ, અધ્યાય ૧૫, ૨૯. વસિષ્ઠ, અધ્યાય ૧, ૧૭.

= આદિપર્વ, અધ્યાય ૧૨૦

× આદિપર્વ, અધ્યાય ૧૨૦

§ શાન્તિપર્વ ૭૨-૧૨. અનુશાસનપર્વ, ૮-૨૨.

\+ આદિપર્વ, ૧૨૦-૩૫.

‡ सूर्योदये द्वितीयं सा भर्तारं वरयिष्यति ।
न हि स ज्ञायते वीरो नलो जीवति वा न वा ॥
(વનપર્વ, ૭૦-૨૬)

મૃતે" વાળી સ્મૃતિઓની આજ્ઞા મુજબ આ કાર્ય ન થયું હોત, પરદેશ ચાલ્યા ગએલા પતિની ભાળ ન લાગે અથવા તો તેનું મરણ નીપજે તો તેની વિધવાને પુનર્લગ્ન કરવાની સાર્વત્રિક છૂટ ન હોત તો અયોધ્યાનો હિન્દુ રાજા દમયન્તીને પરણવાના વિચારથી તેના બાપને ઘેર જાયજ કેવી રીતે? નળ પોતે પણ અધીરો ન થતાં એવી જાહેરાતને હસીજ કાઢત. વિશેષ જોવા જેવું તો એ છે કે દમયન્તીને તે વખતે એક છોકરો અને એક છોકરી એમ બે સંતાન હતાં અને તે પોતે તેના પિયેરમાં તેનાં માબાપના રક્ષણ નીચે રહેતી હતી. મહાભારતમાંજ વળી એક જગ્યાએ કોઈ એક બ્રાહ્મણે શૂદ્ર જાતિની વિધવા સાથે લગ્ન કરેલું તેનો ઉલ્લેખ છે. ×

અર્જુન વિધવા ઉલૂપીને પરણ્યો હતો તે પણ કાંઇ ચોરી છૂપીથી પરણ્યો ન હતો. તેને ઉલૂપીથી ઇરાવાન નામે મહા- પરાક્રમી પુત્ર થયો હતો. કુરુક્ષેત્રના યુદ્ધસમયે તે પોતાના સૈન્ય- સહિત બાપ અને કાકાઓ તરફથી લડાઇમાં ઉતર્યો હતો અને લડતાં લડતાં મરાયો હતો. ઉલૂપી પણ હસ્તિનાપુર આવીને પાંડવો અને તેમની સ્ત્રીઓની સાથે ઘણાં વરસ સુધી ભેગી રહી હતી.*

હવે કૃષ્ણે પોતે શું શું કર્યું હતું તે જોઇએ. રાધાના આગલા ધણીની હયાતીમાંજ કૃષ્ણે તેની સાથે લગ્ન કર્યું હતું. "या पत्या वा परित्यक्ता" (૯-૧૭૫, ૧૭૬) વાળા મનુના આદેશ મુજબ રાધાએ તેના આગલા ધણીને છોડી દીધો તે જાણીને સર્વ શાસ્ત્રને જાણનાર કૃષ્ણે તેની સાથે લગ્ન કર્યું હતું. મનુના આ વચનમાંજ વિધવાવિવાહની સંમતિ આવી જાય છે તો પછી કૃષ્ણને વિધવાવિવાહ સંમત હતો એ તો ઉઘાડીજ વાત છે.

કૃષ્ણનાં કાર્યોનો હિસાબ આમ ટુંકામાં પતાવી દેવાય એવો નથી. નરકાસુર કરીને પ્રાગ્જ્યોતિષ (આસામ)નો રાજા હતો. તે અનેક ગન્ધર્વોને અને ભલભલા દેવોને હરાવીને તેમની રૂપાળી રૂપાળી સ્ત્રીઓને અને પુત્રીઓને બળાત્કારે પકડી લાવ્યો હતો. તે બધી સ્ત્રીઓને તેણે પોતાના ઘરમાં પોતાની સ્ત્રીઓ તરીકે રાખી હતી. હરિવંશનું વર્ણન જોતાં તે સ્ત્રીઓ ત્યાં સુખી હતી. કૃષ્ણે નરકાસુરને યુદ્ધમાં હરાવીને મારી નાખ્યો. અને પછી

× શાંતિપર્વ, ૧૭૧-૫.

* અશ્વમેધપર્વ, અધ્યાય ૮૧. મહાપ્રસ્થાનપર્વ, ૧-૨.

તેની બધીજ વિધવા સ્ત્રીઓને દ્વારકા લઇ જઇને કૃષ્ણ તેમની દરેકની સાથે પરણ્યા. ×

કૃષ્ણનો જ્યેષ્ઠ પુત્ર પ્રદ્યુમ્ન શંબર નામના અસુરને મારીને તેની વિધવા રાણી માયાવતીને પરણીને દ્વારકા લઈ આવ્યો હતો. કૃષ્ણે પોતે તથા રુક્મિણી વગેરે તેની રાણીઓએ આ પુત્રને અતિ પ્રેમ અને આદરભાવથી આવકાર આપ્યો હતો. *

(इ) બૌદ્ધ યુગમાં

બુદ્ધદેવે સંસારત્યાગ કર્યો તે પછી તેમની સ્ત્રીને પરણવા માટે ઘણા જણ ઉમેદવારી કરવા લાગ્યા હતા. માત્ર તે સ્ત્રીએજ પોતે પુનર્લગ્ન કરવાની ના પાડી તેથીજ તેને બીજીવાર કોઈ પરણી શક્યું નહિ. ઇસિદાસીની વાત તો આગળ ઉપર થઇ ગઇ છે. તેના જેટલા ધણીઓએ તેને કાઢી મૂકી તેટલી વાર તે નવા નવા ધણી કરતી ગઈ. આ ઉપરથી માલૂમ પડે છે કે તે જમાનામાં "नष्टे मृते प्रव्रजिते" અને "या पत्या वा परित्यक्ता" એવી સ્મૃતિની આજ્ઞાઓ મુજબજ સમાજનો વ્યવહાર ચાલતો હતો.

એ ઉપરાંત બૌદ્ધોના જાતક નામના ગ્રંથો ઉપરથી જણાય છે કે બૌદ્ધયુગમાં ઉંચનીચ તમામ શ્રેણીના લોકોમાં વિધવા સ્ત્રીઓ ફરીથી પરણી શકતી. કથાસરિત્સાગરમાં તો એક વાતમાં એવું આવે છે કે એક સ્ત્રી ૧૧ વાર રંડાઈ અને ૧૧ વાર પરણી.×

સાહિત્યસમ્રાટ્ બંકિમચંદ્ર લખે છે કે "ભારતખંડના સાહિત્યમાં નજર કરતાં વિધવા સ્ત્રીઓ બીજી વાર પરણતી તેના

---

× ઉદ્યોગપર્વ, ૧૫૭-૮,૯. હરિવંશ, વિષ્ણુપર્વ, ૬૪-૨૪,૨૬. શ્રીમદ્ ભાગવત, ૩-૩-૭,૮. ૧૦-૫૮, ૫૯. ૫૯-૩૩, ૪૨, ૬૯-૧. અસલના વખતમાં આઠ પ્રકારના લગ્ન થતાં. તેમાંનો એક પ્રકાર રાક્ષસ વિવાહ હતો. "કન્યાનાં સગાંઓને મારી કાપીને તેમનું ઘર ભાગી તોડીને રડતી કકળતી કન્યાને બળાત્કારે ઉપાડી જવી એનું નામ રાક્ષસ વિવાહ."-મનુસંહિતા, ૩-૩૩

* હરિવંશ, વિષ્ણુપર્વ અધ્યાય ૧૦૮. શ્રીમદ્ભાગવત, ૧૦-૫૫, ૧૨-૩૮. કોઇ એવી દલીલ કરે કે માયાવતી શંબરની સ્ત્રીજ ન હતી ત્યારે આ વાતનો સાર એટલોજ કે તે તેની રખાત હોવી જોઇએ. પ્રદ્યુમ્ન કોઇની રખાતને પરણી લાવે અને કૃષ્ણ તથા રુક્મિણી એક તેને આવકાર આપે એ કૃષ્ણના ચરિત્ર સાથે બંધ બેસતું નથી.

× કથાસરિત સાગર, અધ્યાય ૬૬.

અનેક પુરાવા મળી આવે છે. ÷

## (ङ) અત્યારે પણ ભરતખંડમાં વિધવાવિવાહ ચાલુ હોવાનાં પ્રમાણ

(अ) **બ્રાહ્મણોમાં**–નેપાળના હિન્દુ રાજ્યમાં બ્રાહ્મણની સ્ત્રી રંડાયા પછી બીજી વાર પરણી શકે છે. એવી વિધવા બ્રાહ્મણીના પુત્રને નેપાળમાં જેસિ બ્રાહ્મણ કહે છે.* ઓરિસ્સાના બ્રાહ્મણોમાં અને અમદાવાદના સોમપુરા બ્રાહ્મણોમાં વિધવાવિવાહનો રિવાજ છે.+ પંજાબના બ્રાહ્મણોમાં પણ વિધવાઓ પુનર્વિવાહ કરી શકે છે.× કોચીન અને ત્રાવણકોરનાં રાજ્યોમાં અને સામાન્ય રીતે દક્ષિણના હિન્દુઓમાં વિધવાવિવાહનો નિષેધ નથી.

(आ) **બીજી ન્યાતોમાં**–અઢારમા સૈકામાં મહારાષ્ટ્રના સ્વાધીન હિન્દુ રાજ્યના રાજ્યકર્તા બીજા બાજીરાવ પેશ્વાએ પરશુરામ ભાઉ પટવર્ધનની વિધવા પુત્રીને ફરીથી પરણાવવાની રજા આપી હતી, પણ પટવર્ધનના કુટુંબનાં બૈરાંની જીદને લીધે તે છોકરીનું પુનર્લગ્ન થઇ શક્યું નહિ. નેપાળના હિન્દુ રાજ્યમાં ફક્ત રાજકુટુંબ અને તેનાં સગાંઓ સિવાય ક્ષત્રિ અને બીજી બધી ન્યાતોમાં પુનર્લગ્નનો ચાલ છે.† પંજાબના રજપૂતોમાં અને મધ્યભારતની કેટલીક રજપૂત ન્યાતોમાં વિધવાવિવાહ થાય છે. અરે ! એ તો બધું ઠીક પણ ચિતોડના મહાકુળાભિમાની રાણા હમીરે ચૌદમા સૈકામાં વિધવા સાથે લગ્ન કર્યું હતું. એ વિધવાનો બાપ પણ કોઇ કુળવાન રજપૂત રાજા હતો અને તેણે પોતેજ પોતાની વિધવા દીકરીને ફરીથી પરણાવી હતી. હાલમાં પણ સંયુક્ત પ્રાંતના ગાડ રજપૂતોમાં અને મહારાષ્ટ્ર તથા ગૂજરાતની કેટલીક ઉંચી ન્યાતોમાં વિધવાવિવાહ થાય છે. વાયવ્ય કોણના પ્રદેશોમાં વસતા જાટ લોકોમાં તો વિધવાઓ છૂટથી બીજી વાર લગ્ન કરે છે. મદ્રાસ ઇલાકાની વસ્તીના સેંકડે આઠ ટકા જેટલા લોકોમાં પુનર્લગ્ન થાય છે. આસામમાં બ્રાહ્મણની એક ઉંચી કોમને બાદ કરતાં બીજી બધી

÷ વિવિધ પ્રબન્ધ, દ્રૌપદી નિબંધ ૨ જો.

* પ્રવાસી, ફાલ્ગુન, ૧૩૨૨, પૃષ્ઠ ૫૨૪

+ સોમપુરા બ્રાહ્મણ નહિ પણ સલાટની એક જાત છે.–સેવાનંદ

× બંગદર્શન, ૧૨૮૪, પૃષ્ઠ ૪૫૯

† પ્રવાસી, ફાલ્ગુન ૧૩૨૨, પૃષ્ઠ ૫૨૪

કોમોમાં પુનર્લગ્નની છૂટ છે.× બંગાળાના એક જાતના વૈષ્ણવોમાં તેંતુલીઆ બાગદી સિવાય બીજા બધા બાગદીઓમાં અને નમઃશૂદ્ર જાતિની કેટલીક પેટાન્યાતોમાં વિધવાઓને બીજી વાર પરણવાની રીત છે. એકલા બંગાળાને બાદ કરતાં આવડા મોટા વિશાળ હિન્દુસ્તાન દેશમાં માત્ર દ્વિજ જાતિ સિવાયની બીજી અસંખ્ય હિન્દુ જ્ઞાતિઓમાં જેમનો સ્પર્શ અને જેમના હાથનું પાણી સૌને ખપે એવી ન્યાતોમાં પણ બેધડક પુનર્લગ્ન થયાજ કરે છે. ઘણીએ વિધવા સ્ત્રીઓ પોતાના દિયેરનાં ઘર માંડે છે. ભરતખંડની અસંખ્ય હિન્દુ જ્ઞાતિઓમાં આજે પણ પુનર્વિવાહનો રિવાજ ચાલે છે એનો પુરાવો વાચકને મેનના પુસ્તકમાંથી મળી રહેશે. આ બધું જોતાં ભારતની કુલ વસ્તીમાંથી રૂપીએ ચૌદ આના જેટલા લોકોમાં પુનર્લગ્ન બેધડક થાય છે. તો પછી તે દેશાચારની વિરુદ્ધ છે એમ કહેવાયજ શી રીતે?

(ચ) વિધવા ફરી પરણે તોપણ તે સતીજ કહેવાતી.

(અ) "सत्" શબ્દનું સ્ત્રીલિંગમાં "सती" રૂપ થાય છે. જે સંજોગોમાં પુરુષને "સત્પુરુષ" કહીએ તેજ સંજોગોમાં સ્ત્રીને "સતી" કહી શકાય. એક સ્ત્રીના મરણ બાદ પુરુષ બીજું લગ્ન કરે તોપણ તે "સત્પુરુષ" અથવા "સજ્જન કહેવાય છે. તેવીજ રીતે સ્ત્રી પણ બીજી વાર પરણે તોપણ તે "સતી" જ રહે છે.

(આ) "नष्टे मृते" વાળું જે સ્મૃતિવચન અમે અગાઉ ટાંક્યું હતું તેની દશમી પંક્તિમાં એવી મતલબનું વાક્ય છે કે "ઉપર કહ્યા તેવા સંજોગોમાં જો કોઈ પણ સ્ત્રી બીજા પુરુષનો અંગીકાર કરે તો તેને કશો દોષ લાગતો નથી." આવો નિર્ણય પ્રજાપતિ બ્રહ્મા, મનુ, નારદ અને ભૃગુનો છે.

(ઇ) વિધવા ફરીથી લગ્ન કરે તેમાં વેદોની અને સ્મૃતિઓની સંમતિ છે. જે કાર્યને વેદ અને સ્મૃતિ બેઉનો ટેકો હોય તેમાં દોષ નજ હોય. એટલે પુનર્લગ્ન કરનાર વિધવા સતીજ ગણાય.

(ઈ) વિધવા ઉલૂપી અર્જુનને પરણી અને તેની સાથે તેણે સંસાર માંડયા પછી પણ મહાભારતમાં તેને માટે "સાધ્વી" શબ્દ જ લાગુ પાડયો છે અને "પતિવ્રતા તથા ત્રિલોકમાં ધર્મને સારી રીતે જાણનારી" એવાં એવાં સંબોધનોથી તેને સર્વત્ર અભિનંદન

× નવ્યભારત ૧૩૨૬, પૃ ૨૪૬

આપ્યું છે. × વિધવા સ્ત્રીઓ બીજી વાર પરણ્યાથી જો અસતી ગણાતી હોય તો તારા અને મંદોદરી જેવી સતીઓ બીજી વાર લગ્ન કરવાનો વિચારજ ન કરત.

(ઉ) પુનર્લગ્ન કર્યાં પછી પણ જો સ્ત્રીઓ વેદના સમયથી અત્યાર સુધી સતી ગણાતી ન હોત તો આટલી બધી અસંખ્ય હિંદુ જ્ઞાતિઓમાં પુનર્લગ્નનો રિવાજ છે તે હોતજ કેવી રીતે?

### (છ) વિધવાવિવાહનો કાયદો

પ્રાતઃસ્મરણીય ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના અપાર પરિશ્રમને પરિણામે સરકારે સન ૧૮૫૬માં વિધવાવિવાહનો કાયદો જેને "હિંદુ વિધવાઓના પુનર્વિવાહનો કાયદો" કહે છે તેને પસાર કર્યો. તેની સંક્ષેપમાં મતલબ એવી છે કે બ્રાહ્મણ તથા બીજી હરકોઈ કોમની વિધવા સ્ત્રીને ફરીથી પરણવાની ઇચ્છા હોય તો પરણી શકે છે અને તે લગ્ન કાયદેસર મનાય છે. કુંવારી કન્યાઓના લગ્નસંસ્કાર કરતી વખતે જે જે મંત્રો અને વિધિઓ કરવામાં આવે છે તે બધાનોજ ઉપયોગ વિધવાના લગ્નમાં પણ કરવો. એવા સંસ્કાર કરાવીને પરણેલી વિધવાનું લગ્ન કાયદેસર છે અને તે લગ્નનાં ફરજંદ કાયદેસર ફરજંદ છે.÷ સને ૧૯૨૩નો ૩૦મો કાયદો જ્યારે ધારાસભાએ પસાર કર્યો ત્યારે તેમાં સન ૧૮૭૨ના ત્રીજા કાયદામાં કેટલોક સુધારોવધારો કર્યો છે. એ નવા કાયદાની રૂઈએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણમાંથી કોઈપણ વિધવાને તેની વર્ણના અગર બીજી ગમે તે વર્ણના પુરુષને અનુલોમ અથવા પ્રતિલોમ ક્રમ પ્રમાણે પરણવાની છૂટ છે. એ સિવાય બૌદ્ધ, જૈન અથવા શિખને પણ તે પરણી શકે છે. માત્ર એટલું છે કે એવાં વર્ણાન્તર લગ્ન કરનારાઓએ પોતાનાં લગ્નને સરકારનાં દફતરમાં નોંધાવવાં પડે છે.

### (જ) વિધવાવિવાહની વિરુદ્ધની દલીલોના રદીઆ

(અ) વિધવાવિવાહના સંબંધમાં પહેલો વાંધો એ છે કે મનુસ્મૃતિમાં તેની વિરુદ્ધના પણ કેટલાક શ્લોક છે. ડૉ૦ જોગેન્દ્રનાથ ભટ્ટાચાર્ય એમ. એ. શિરોમણિ તથા હિંદુ કાયદાનો પ્રખ્યાત મેન વેડ એ બધા શ્લોકોને પાછળથી દાખલ થએલા ગણવે છે. ડૉ૦ જુલિયસ જોલી કહે છે કે "મનુસંહિતામાં એક-

× [illegible] અનુશાસન પર્વ, ૮૦–૬, [illegible]

÷ [illegible]

બીજાની વિરુદ્ધ અર્થના અને પ્રક્ષિપ્ત શ્લોકો છે."

એ શ્લોકો પ્રક્ષિપ્ત છે એ વાત માનવા જેઓ તૈયાર ન હોય તેમને માટે અમારો ઉત્તર આ છે કેઃ—

મનુસંહિતામાં એક શ્લોક એવો છે કે "લગ્નના મંત્રોમાં કોઈ પણ જગ્યાએ નિયોગની પ્રથાનો ઉલ્લેખ નથી તેમ લગ્નવિધિમાં વિધવાવિવાહનો પણ ઉલ્લેખ નથી." *

હવે આપણે વિચાર કરીએ કે લગ્નના મંત્રોમાં નિયોગની પ્રથાનો ઉલ્લેખ ન હોય તોપણ નિયોગ શાસ્ત્રવિરુદ્ધ છે એમ કોઇથી કહી શકાય નહિ. કારણ કે એ શ્લોકના અગાઉના એક શ્લોકમાંજ નિયોગની પ્રથાનું વર્ણન જોવામાં આવે છે. = અને એ પ્રથા ચોક્કસ જમાનામાં સમાજની અંદર ચાલતી પણ હતીજ.

એજ પ્રમાણે વિધવાવિવાહના સંબંધમાં કોઇપણ સ્મૃતિમાં કશું લખ્યું ન હોય તોપણ તે વિધિ શાસ્ત્રવિરુદ્ધ છે એવું સાબિત થતું નથી. કારણ કે વિવાહવિધિનો વિષય પૂરો થયા પછી મનુસ્મૃતિમાંજ વિધવાવિવાહની સ્પષ્ટ આજ્ઞા આવે છે. અને વળી આખા ભરતખંડના પંડિતસમાજના અભિપ્રાય પ્રમાણે વિધવાવિવાહ શાસ્ત્રસંમત ઠર્યો છે.

વિધવાવિવાહની વિરુદ્ધ જાય એવું મનુસંહિતાનું બીજું વચન નીચે પ્રમાણે છેઃ—"સાધ્વી સ્ત્રીઓ બીજો પતિ કરે એવો ઉપદેશ કોઈપણ જગ્યાએ નથી."× એવા ઉપદેશ જોઇએ તેટલા છે અને બીજા પતિ કરનારી વિધવાઓ સાધ્વીઓજ ગણાય છે તેના પુરાવા અમે અત્યાર આગમચ આપી ચૂક્યા છીએ. તેથી કરીને ઉપલા વચનનું કશું મૂલ્ય રહેતું નથી.

મનુસંહિતાનું ત્રીજું વિરુદ્ધ વચન નીચે મુજબ છેઃ—"લગ્નના મંત્રોનો ઉપયોગ માત્ર કુંવારી કન્યાઓને પરણાવતી વખતેજ કરવો. જેઓ કુંવારી ન હોય તેમને માટે નહિ; કારણ કે ધર્મક્રિયા ઉપર તેમનો કશો અધિકાર રહેતો નથી." ÷ જો એમજ હોય તો બબ્બે છોકરાની મા માધવીનું, વેદવ્યાસને જન્મ આપ્યા પછી સત્યવતીનું, કર્ણને જન્મ આપ્યા પછી

* મનુસંહિતા, ૯–૬૫
= મનુસંહિતા, ૯–૫૯ થી ૬૪.
× મનુસંહિતા, ૫–૧૬૨
÷ મનુસંહિતા, ૮–૨૨૬

કુન્તીનું અને રંડાયા પછી ઉલૂપીનું તથા બીજી ગણી ગણાય નહિ એટલી વિધવાઓનાં પુનર્લગ્ન થયાં તે કયા મંત્રો વડે થયાં હશે ? દાસિદાસી ઉપરાઉપરી ત્રણ ત્રણ પતિને પરણી તે વખતે તે કયા મંત્ર બોલાયા હશે ? અને સર્વ શાસ્ત્રને જાણનાર કૃષ્ણ રાધાને તેના ધણીની હયાતીમાં પરણેલા તે કયા મંત્ર બોલીને પરણ્યા હશે ? વળી તેમણે નરકાસુરની વિધવાઓ સાથે લગ્ન કર્યાં તેનું શું ? અને કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન શંબર અસુરની વિધવાને પરણી લાવ્યો તે કયા મંત્ર ભણીને પરણ્યો હશે ? મનુસ્મૃતિનો ચોથો ફતવો આ પ્રમાણે છેઃ–"પતિપત્નીનો સંબંધ વેચાણ અથવા ત્યાગથી તૂટી શકતો નથી એ નિયમ અસલ વિધાતાએજ ઘડયો છે તે આપણે જાણીએ છીએ."† હિંદુ લગ્ન ચિરસ્થાયી નથી તે અમે અનેક દાખલા દલીલથી અને શાસ્ત્રોનાં પ્રમાણ ટાંકીને સિદ્ધ કર્યું છે. સારાંશ કે, અમે ટાંકેલી શાસ્ત્રની આજ્ઞાઓ અને દૃષ્ટાંતો વડે આવા વાંધાનો સજજડ જવાબ અપાઇ ગયો છે,અને કોઇ પણ શાસ્ત્રના મત મુજબ વિધવાવિવાહ નિષિદ્ધ ઠરતો નથી એવું વગરસંદેહે સાબિત થઇ ચૂક્યું છે.

પણ હજી અમારે થોડુંક કહેવાનું બાકી છે. શાસ્ત્રની આજ્ઞાઓ બે પ્રકારની હોય છેઃ સામાન્ય અને વિશેષ. મનુસંહિતામાં એક જગ્યાએ એવું લખ્યું છે કે સ્ત્રીઓની પાસે મિલ્કત રહી શકે નહિ. આ જાણે સામાન્ય આજ્ઞા થઇ. હવે સ્ત્રીઓની પાસે તેમના સ્ત્રીધનની–પલ્લાની મિલ્કત રહી શકે એવું મનુસંહિતામાં બીજી જગ્યાએ આવે છે. આ વિશેષ આજ્ઞા કહેવાય. મનુનો કહેવાનો ઉદ્દેશ એ છે કે સ્ત્રીઓના કબજામાં તેમના પલ્લા સિવાય બીજી મિલ્કત ન હોઇ શકે. એવીજ રીતે મનુનું એક વચન એવું છે કે જે કન્યાનું એક વાર દાન થઇ ચૂક્યું તેનું બીજી વાર દાન ન થઇ શકે. એ જાણે સામાન્ય આજ્ઞા થઇ. પછી કયા કયા ખાસ સંજોગોમાં તેમ થઇ શકે તે પણ બીજે ઠેકાણે બતાવ્યું છે. એ વિશેષ આજ્ઞા કહેવાય. મનુની કહેવાનો મતલબ એ છે કે, જે જે ખાસ સંજોગોમાં કન્યાનું બીજી વાર દાન થઇ શકે એમ કહ્યું છે તે સિવાયના બીજા કોઇપણ સંજોગોમાં તેનું દાન ન થઇ શકે; અને તેમ કોઇ કરે તો તે શાસ્ત્ર વિરુદ્ધ ગણાય. પણ લગ્ન એ કન્યાનું દાનજ નથી તે તો અમે ક્યારનુ

† મનુસંહિતા, ૯-૪૬

એ સાબિત કરી દીધું છે.

એજ પ્રમાણે મનુસંહિતામાં ત્યાં ત્યાં વિધવાવિવાહની તરફેણમાં અને સધવા સ્ત્રીઓને પણ ફરી પરણવાની બાબતમાં જે જે વચનો છે તે બધી મનુની વિશેષ આજ્ઞાઓ છે. મનુનો ઉદ્દેશ એ છે કે અમે વિશેષ આજ્ઞાઓમાં બતાવેલા સંજોગો સિવાયની તમામ પરિસ્થિતિમાં અમારી સામાન્ય આજ્ઞાનુંજ અનુસરણ કરવું. એમ જો ન હોય તો વિધવાઓના અને સધવાઓના પુનર્વિવાહનો વિધિ અને મંત્રો પણ તે સૂચવતજ. પણ તેમ કરવાની મનુને કશી જરૂરજ ન હતી. કારણ કે એવાં લગ્નો સમાજમાં થતાં હતાં અને બેઉ લગ્નના મંત્ર અને વિધિ સરખાજ હતા.

વળી મનુસંહિતાના આગલા ભાગમાં વિધવાવિવાહની વિરુદ્ધમાં કેટલાંક વચન છે અને પાછળના ભાગમાં કેવા કેવા સંજોગોમાં વિધવા તેમજ સધવા સ્ત્રીઓ ફરીથી પરણી શકે તેને લગતી સ્પષ્ટ આજ્ઞાઓ છે; તે ઉપરથી મનુસંહિતાના આગળના ભાગની આજ્ઞાઓ આપોઆપ રદ થાય છે.× કારણકે આગળની આજ્ઞાઓ કરતાં પાછળની આજ્ઞાઓનું પ્રાધાન્ય વધારે હોવાથી આગળની આજ્ઞાઓનો કશો અર્થ રહેતો નથી.

ઉપર જે ત્રણ ચાર વચનો અમે ટાંક્યાં છે તે સિવાય આખી મનુસંહિતામાં વિધવાવિવાહની વિરુદ્ધ જાય એવો એક શબ્દ પણ નથી. આથી કરીને મનુસંહિતાને આગળ કરીને જેઓ વિધવાવિવાહનો વિરોધ કરે છે તેમની તકરાર ખોટી ઠરે છે.

(આ) કેટલાક વળી એવી તકરાર ઉઠાવે છે કે આદિત્ય પુરાણમાં લખ્યું છે કે મહાપુરુષોએ સમાજનું રક્ષણ કરવાના હેતુથી કલિયુગને માટે નીચેનાં કર્મોનો નિષેધ કર્યો છેઃ-

(૧) પરણાવેલી કન્યાનું બીજી વાર કન્યાદાન, (૨) દિયેરની મારફતે પુત્રની ઉત્પત્તિ, (૩) લાંબા વખત સુધી બ્રહ્મચર્યનું પાલન, (૪) દ્વિજ વર્ણનું અસવર્ણ લગ્ન, (૫) દત્તક અથવા ઔરસ પુત્ર સિવાય બીજા કોઈને પુત્ર તરીકે ગણવો તે, (૬) શૂદ્રજાતિમાં જેઓ દાસ, ગોવાળ, કુલમિત્ર,× અથવા જેઓ આધભાગે ખેતી કરતા હોય એવા ખેડુત, એટલાનું અન્ન."

× મનુસંહિતા, ૯, ૧૭૫, ૧૭૬

× આ શબ્દ ઉપરથી કદાચ આપણો હાલનો "કોળી" શબ્દ ઉત્પન્ન થયો હોય! —રેવાનંદ

તેઓ વળી એમ પણ કહે છે કે "બૃહન્નારદીય પુરાણમાં લખ્યું છે કે પરણાવેલી કન્યાનું પુનઃ કન્યાદાન, દિયેર દ્વારા પુત્રની ઉત્પત્તિ, લાંબા સમય સુધી બ્રહ્મચર્યનું પાલન, દ્વિજ જાતિનું અસવર્ણ લગ્ન, કમંડલુ ધારણ અને સમુદ્રયાત્રા, આટલાં કર્મોનો પંડિતો કલિયુગને માટે નિષેધ કરે છે. આમાંથી બિનજરૂરી અંશ અમે છોડી દીધો છે.

આ બધાં નિષિદ્ધ કર્મોની સાથે જો વિધવાવિવાહની બાબત સામેલ ન હોત તો તેમાંનાં કોઈ પણ કર્મના નિષેધને આજે કોઈ માનતું ન હોત.

શાસ્ત્રની શોખની આજ્ઞા છે કે જ્યાં વેદ, સ્મૃતિ અને પુરાણ એ ત્રણમાં પરસ્પર વિરોધ દેખાતો હોય ત્યાં વેદને જ પ્રમાણ તરીકે ગણો, અને જો સ્મૃતિ અને પુરાણ વચ્ચે વિરોધ હોય તો સ્મૃતિની આજ્ઞાને માન્ય રાખવી."×

આવી શાસ્ત્રાજ્ઞા પ્રમાણે અમોએ વેદ અને મનુ પરાશરાદિ સ્મૃતિઓમાંથી ટાંકેલાં અનેકાનેક પ્રમાણોની સામે આદિત્ય પુરાણ અને બૃહન્નારદીય પુરાણનું કાંઈ ચાલતું નથી.

વળી કેટલા મહાપુરુષોએ અગર પંડિતોએ આની નિશાની કરી કે તેમનાં નામ પણ આ બે પુરાણોમાં આવ્યાં નથી. એટલે મનુ વગેરે સ્મૃતિકારોની તુલનામાં તેમનું વજન નહિ જેવું [illegible]

[illegible]

હિંદુસ્તાનમાં ખપે પુનર્લગ્ન થાય છે અને ઘણીએ વિધવાઓ તેમના દિયેરનાં ઘર માંડે છે, અને તેમને છોકરા થાય છે.

(૩) **લાંબા સમય સુધી બ્રહ્મચર્યનું પાલન**—કેટલાએ સાધુ સંન્યાસીઓ અને વિધવા સ્ત્રીઓ લાંબા વખત સુધી બ્રહ્મચર્યનું સેવન કરે છે. વળી એ ઉપપુરાણ જો લાંબા વખતના બ્રહ્મચર્યનો નિષેધજ કરતાં હોય તો તેઓ વિધવાઓના પુનર્લગ્નને આડકતરી રીતે ટેકોજ આપે છે.

(૪) **દ્વિજ જાતિના લોકોનાં અસવર્ણ લગ્ન**—આ કલિયુગમાંપણ કેટલાંએ અસવર્ણ લગ્નો થયાં છે અને થાય છે તેના અમે થોકબંધ દાખલા આપ્યા છે.

(૫) **દત્તક અને ઔરસ ન હોય એવા પુત્રો**—મિથિલા એતો ભદ્રંભદ્ર રૂઢિચુસ્ત હિન્દુઓનો કિલ્લો છે. ત્યાં આજે પણ દત્તક પણ નહિ અને ઔરસ તો નહિજ એવા પુત્રોને પુત્રોના હક આપવાનો રિવાજ સામાન્ય છે.

(૬) **શૂદ્રનું અન્ન ખવાય નહિ**—પહેલાંની વાત તો બાજુએ મૂકીએ પણ કલિયુગમાં પણ બધા બધાનુંજ ખાય છે એ અમે આગળ જતાં "ખાવાપીવા વિષે"ના વિષયમાં પૂરવાર કરીશું.

(૭) **કમંડલધારણ**—આ કલિયુગમાંજ પાંડવો હાથમાં કમંડલ લઈને આખા ભરતખંડમાં ફરી આવ્યા હતા. આજે પણ સાધુસંન્યાસીઓ ક્યાં હાથમાં કમંડળ નથી રાખતા?

(૮) **સમુદ્રયાત્રા**—કળિયુગમાં ગઈ કાલ સુધી હિન્દુઓ વહાણમાં ચઢીને સમુદ્રપર્યટન કરતા તે અગાઉનાં પૃષ્ઠોમાં પૂરવાર થઈ ચૂક્યું છે.

આ બધું જોતાં આ ઉપપુરાણ નિષેધાજ્ઞામાંથી એકનો પણ કોઈ દિવસ કોઈએ અમલ કર્યો નથી એ વિષે કશો શક રહેતો નથી એટલે તેમની કશી કિંમત નથી.

એ બેઉ આજ્ઞાઓ એ ઉપપુરાણોમાં પણ લગભગ હમણાં હમણાંજ કોઈએ ઘુસાડી દીધી હોય એ ઘણુંજ બનવાજોગ છે.

આ બધા ઉપરાંત વિચારવા જેવું તો એ છે કે, જ્યારે વિધવાવિવાહને વેદ મંજુરી આપે છે અને મહર્ષિ મનુ પણ વેદની આજ્ઞાને અનુસરીનેજ વિધવાવિવાહની રજા આપે છે ત્યારે પછી "વેદની આજ્ઞાઓ કલિયુગમાં ન ચાલે" એ દાવો કોણ મંજૂર રાખે? વળી પરાશર સ્મૃતિ તો ખાસ કલિયુગનું

જ ધર્મશાસ્ત્ર છે. તેમાં વિધવાવિવાહની આજ્ઞા છે અને દાસ તથા હજામ વગેરેનું અન્ન ખાવાની પણ વ્યવસ્થા છે તો પછી ભલેને પેલાં બે ઉપપુરાણ ટકકટ કર્યાં કરે !*

આવા આવા વાંધા ઉઠાવનારાઓ એક મુદ્દાની વાત ભૂલી જાય છે કે મનુસ્મૃતિ, મહાભારત વગેરે ગ્રંથો કલિયુગમાંજ લખાયા છે અને કલિયુગનાંજ ધર્મશાસ્ત્રો છે. પરાશરની આજ્ઞાઓ કલિયુગને માટેજ છે. કૃષ્ણ, પ્રદ્યુમ્ન અને અર્જુન વિધવાઓને પરણેલા તે કલિયુગમાંજ પરણેલા. કૃષ્ણ, ભીમ અને અર્જુને અસવર્ણ લગ્ન કરેલાં તે પણ કલિયુગમાંજ અને કૃષ્ણે શૂદ્રનું અન્ન ખાધેલું તે પણ બીજા યુગમાં નહિ પણ આ કલિયુગમાંજ.÷

(इ) કેટલાક ડાહ્યાઓ એવી તકરાર કરે છે કે "સમાજમાં વિધવાવિવાહ ચાલુ થાય તો સ્ત્રીઓ તેમના હયાત પતિ તરફ સાચા અંતઃકરણથી પ્રીતિ નહિ રાખે." વારૂ, રંડાએલા પુરુષોને ફરીથી પરણવાની સમાજે રજા આપી છે અને તેઓ પરણે પણ છે. હવે આવી તકરાર કરનારાઓને અમે પૂછીએ છીએ કે પુરુષો તેમની હયાત સ્ત્રી તરફ સાચા અંતઃકરણથી પ્રીતિ રાખે છે કે નહિ?

(ई) કેટલાક દધિમાંથી દ કાઢનારા એવી તકરાર લાવે છે કે "કન્યા પરણે એટલે તે તેના વરના ગોત્રમાં પ્રવેશ કરે છે. ત્યારે હવે તેના પુનર્લગ્ન વખતે તેનું ગોત્ર બોલવાનો વખત આવે ત્યારે કયું ગોત્ર બોલાય ?" આના જવાબમાં ભાગવત ચંદ્રદાસ લખે છે કે "પુનર્લગ્ન વખતે પરણનાર સ્ત્રીના બાપનું જે ગોત્ર હોય તેજ ગોત્ર બોલાવું જોઇએ. કારણ કે ગોત્ર શબ્દનો અર્થજ પૂર્વજ થાય છે. જેના વંશમાં જે જન્મ્યો તે તેનું ગોત્ર. કન્યા જે ગોત્રમાં જન્મી હોય તેજ ગોત્રમાં તે મરતા સુધીજ રહે છે."= જો તેમ ન હોય અને લગ્ન પછી કન્યા પોતાના વરના ગોત્રમાં પ્રવેશ કરતી હોય તો જે વિધવાઓ રંડાયા પછી પોતાનાજ ગોત્રના સગા દિયેરને પરણે છે તે શી રીતે બને ? સગોત્ર લગ્ન તો હિન્દુશાસ્ત્ર મુજબ ગેરકાયદેસર છે અને દિયેર સાથેનાં લગ્ન તો સેંકડો થયાં છે અને થાય છે તેનું શું ?

(उ) કેટલાક વળી એવી દલીલ કરે છે કે બંગાળામાં

* પરાશરસંહિતા, ૪-૨૬. ૧૧-૨૦.
÷ હસ્તિનાપુરમાં સુલેહ કરાવવા ગયા ત્યારે વિદુરને ત્યાં જમેલા.
= ભાગવતચંદ્ર દાસકૃત વિધવાવિવાહ, પૃષ્ઠ ૨૬

પુરુષોના કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે છે, તેથી કરીને જો વિધવાવિવાહ ચાલુ કરવામાં આવશે તો ઘણી છોકરીઓને વર નહિ મળવાથી કુંવારાં રહેવું પડશે.” આ તકરાર પણ વજનદાર નથી. કારણકે સન ૧૯૧૧ના વસ્તીપત્રક પ્રમાણે સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા ૧૩ લાખ જેટલી વધારે માલૂમ પડી છે.× બંગાળામાં દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યા કોમવાર નીચે પ્રમાણે છે:– બ્રાહ્મણ ૮૪૫, વૈદ્ય ૯૬૫, કાયસ્થ ૯૧૧, હજામ ૯૨૬, બારૂઈ ૯૨૫, કંદોઇ ૮૮૪, ગોવાળ ૮૦૭, ગાંધીવાણીઆ ૮૯૦, સોની ૯૫૩, સાહા ૯૫૩, કલાલ ૯૩૧, સુથાર ૯૨૩, ઘાંચી ૯૦૧, લુહાર ૯૨૪, ધોબી ૯૧૪, શુદ્ર ૮૪૩.=

(ઝ) વિધવાવિવાહ એ દેશાચારની વિરુદ્ધ છે એવી એક દલીલ છે. આનો જવાબ એ છે કે બંગાળામાં અમુક અમુક હલકી ન્યાતોમાં આજે પણ પુનર્વિવાહની છૂટ છે. બંગાળને બાદ કરીએ તો બાકીના આવડા મોટા વિશાળ દેશના હિન્દુસમાજમાં પુનર્વિવાહનો રિવાજ સારા પ્રમાણમાં જોવામાં આવે છે એટલે સુધી કે હિન્દુઓની કુલ વસ્તીમાંથી રૂપિયે ચૌદ આના જેટલા હિન્દુઓમાં છૂટથી પુનર્લગ્ન થાય છે, છતાં એ દેશાચારની વિરુદ્ધ છે એવી તકરાર કરનારને શું કહેવું?

**(ક્ષ) બંગાળામાં વિધવાવિવાહ બંધ થવાનાં માઠાં ફળ**

બંગાળામાં અમુક અમુક હલકી ન્યાતો સિવાય બીજા ઉચ્ચ વર્ણના હિન્દુઓમાં પુનર્લગ્નની છૂટ નથી તેનું પરિણામ શું આવે છે તેનો વિચાર કરતાં હૃદય વલોવાઇ જાય છે.

(અ) હિન્દુઓ અને મુસલમાનો બેઉ કોમના લોકો મેલેરિયા તાવથી પીડાતા એકજ દેશમાં, એકજ આબોહવામાં સાથે સાથે રહે છે, છતાં હિન્દુઓની સંખ્યા કેમ ઝપાટાબંધ ઘટતી જાય છે અને મુસલમાનોની કેમ વધતી જાય છે?

સને ૧૯૨૧ ના વસ્તીપત્રક ઉપરથી માલૂમ પડે છે કે તેની અગાઉનાં છેલ્લાં દશ વરસમાં બંગાળામાં હિન્દુઓની સંખ્યા સેંકડે ૦.૭ ટકા ઓછી થઇ છે ત્યારે મુસલમાનોની સંખ્યામાં સેંકડે ૫.૨ ટકા જેટલો વધારો થયો છે.÷ અને

× પ્રવાસી, પૌષ ૧૩૨૦, પૃષ્ઠ ૨૭૪

= સંજીવની, ૧૬ ફાલ્ગુન, ૧૩૩૦

÷ ભારત, પૌષ ૧૩૨૦, પૃ, ૧૩૮

[illegible] વસ્તીપત્રક પ્રમાણે [illegible] આંકડાઓમાં મોટી ઉંમરની વિધવા-
ઓનો [illegible] આગળ જતાં [illegible] માલૂમ પડી છે, તેમાં
[illegible] મોટી ઉંમરની વિધવાઓ [illegible] જેટલી
છે [illegible] પ્રમાણમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે
વર્ણોમાં [illegible] છે કે જેમનામાં કન્યાઓ
[illegible] મોંઘી થઈ ગઈ છે કે તે તે જ્ઞાતિના ઘણા પુરુષોને
[illegible] જિંદગીભર બ્રહ્મચર્ય જ પાળવાની ફરજ
પડે છે. એવા ફરજીઆત રીતે [illegible] સંખ્યા
પણ ઘણી જ મોટી છે. જો તેમની જ્ઞાતમાં પુનર્લગ્ન કરવાની છૂટ
હોત તો તેઓ [illegible] વિધવાઓને પરણી શકત, પણ તેમ
ન થવાથી તેઓ મરે છે ત્યારે નિર્વંશ મરે છે. ખાસ કરીને
આ બધાં કારણોને લીધે હિન્દુઓની સંખ્યામાં દિવસે દિવસે
ઘટાડો થતો જાય છે. મુસલમાનોમાં આવી નડતર ન હોવાથી
તેઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

(આ) હવે આ તાજી વિધવાઓ કેવા દોહ્યલા દિવસ ગુ-
જારે છે ! તેમને પરાયે ઘેર રાતદિવસ વૈતરું કરીને પેટ ભરવું
પડે છે. તેમનું આખું જીવન દુઃખ અને દુર્દશાનું એક કાળું ચિ-
ત્ર છે એ ગરીબ વિધવાઓ ને તેમનાં કુટુંબીઓ સાપના
ભારા જેવી અને ગળે વળગેલા ઘંટીના પડ જેવી ગણે છે. અત્યારે
દેશમાં ગરીબાઇ એટલી વધતી જાય છે અને તેને પરિણામે
બીજાના દુઃખ તરફ આપણાં હૈયાં પણ સાથે સાથે તેટલાજ
પ્રમાણમાં કઠણ થતાં જાય છે તેથી ઘણા લોકો સગાંઓની
વિધવા સ્ત્રીઓનું અગર પુત્રીઓનું ભરણપોષણ કરે અગર ન પણ
કરે; અને ભરણપોષણ કરે તોપણ તેઓ તેમને સુખનો રોટલો
તો ખવરાવેજ નહિ. તેમની પાસે આખો દિવસ અને મોડી રાત
સુધી ખડે પગે વૈતરું કરાવે તેના બદલામાં તેમને રોટલો આપે.
બિચારી હતભાગી વિધવાઓ પોતાના ભાઇ, દિયેર કે જેઠને
ઘેર જિંદગીભર ઘસડબોરો કરીને તેમનાં ચઢયાં ઉતર્યાં મોઢાં
જોઇને કાળજું કોરી નાખે એવાં તેમનાં મહેણાં ટોણાં સહન
કરીને પોતાનું દુઃખી જીવન પૂરું કરે છે. લેખક પોતે કેટલાંક
આબરૂદાર બ્રાહ્મણ કુટુંબો સાથે નિકટનો પરિચય ધરાવે છે.
તેમને ઘેર નોકર ચાકર છે; બારે માસ ભટ રસોઇઆથી કામ

= પ્રવાસી–પૌષ,૧૩૨૦, પૃષ્ઠ ૨૭૪

હે છે. પૈસાટકાની તેમને કશી ખોટ નથી તેમનેજ ઘેર, જ્યારે તેમની ગરીબ બિચારી વિધવા બહેન થોડા દિવસને માટે ભાઈને ઘેર આરામ લેવા આવે એટલે પેલા ભટને રજા મળે અને એવડા મોટા કુટુંબને માટે રોજ સવારસાંજ રાંધવાનો બોજો પેલી રાંડીરાંડ બહેનના માથા ઉપર આવી પડે.* એકાદશીને દહાડે પણ તેના પરનું કામ કોઈ ઓછું કરતું નથી. તે ભલે પાણીનો ઘૂંટડો પણ ન પી શકે પણ બધા ઘરને માટે તેણે એ વખત રસોઈ કરવીજ જોઈએ. એક સહૃદય, મહામહોપાધ્યાયની પદવી ધરાવનાર પંડિતરાજ અને કવિસમ્રાટ ગણાતા જાદવેશ્વર તર્કરત્ન મહાશય લખે છે કે (અમુક) તર્કરત્ન પંડિત કહે છે કે મારે એક જુવાન વિધવા ભાણેજવહુ છે. ઉન્હાળામાં પણ તેણે ૩૬ કલાક સુધી ફરાળ અને પાણી વગરનો કોરો ઉપવાસ કરવોજ જોઈએ; પણ આજે તો ઉપવાસ છે તેથી ઘરના કામકાજમાં એક તલમાત્ર પણ ઢીલ થાય તે ન ચાલે. રાંધવાનું કામ તો તેનુંજ છે. એ કામમાં ઢીલ કર્યે કેમ પરવડે ? બીજું ઘરકામ પણ તેણે કરવુંજ જોઈએ. ઉપવાસ હોય તેમાં શું થઈ ગયું ? બંગાળામાં જન્મ લીધો અને પાછી વિધવા થઈ એટલે આ બધું મારે કપાળે લખ્યું છે એમ તેણે જાણવુંજ જોઈએ. બંગાળામાં સારા સારા ગૃહસ્થોના ઘરમાં મેં આવા અનેક દાખલા જોયા છે; બ્રાહ્મણ પંડિતોને ઘેર શી અવસ્થા છે તે મેં મારી આંખે જોઈ નથી; પણ આજે પેલા ........ તર્કરત્ન મહાશયે પોતાને મોઢેજ ખુલ્લા દિલથી બધું કહી દીધું એટલે હું સમજ્યો છું કે બ્રાહ્મણ પંડિતોનાં ઘરમાં આવા ને આવાજ મોકાણના સમાચાર છે.=

(૬) લખતાં શરમ આવે છે પણ આજે બંગાળાના પ્રત્યેક શહેરમાં-અરે ! ગામડાંઓમાં પણ-હિન્દુ વેશ્યાઓનાં ટોળેટોળાં આપણી સંસ્કૃતિને શરમાવે એવો ધંધો ચલાવી રહ્યાં છે ! તપાસ કરતા માલૂમ પડશે કે એ સ્ત્રીઓ વેશ્યાઓને ઘેર જન્મી ન હતી પણ એક વાર કોઈ આબરૂદાર બાપની દીકરી અગર આબરૂદાર ધણીની ઘરઆળી હતી. બંગાળાની વેશ્યાઓમાંથી

---

* પ્રકરણ ૪ [illegible] વિષય ઉપર થતા અનેક સુધારાઓ માટે [illegible] અને ૫ ની [illegible] વિષય [illegible] [illegible] એક સૂચના છે. —સ્વામી [illegible]

= વિચાર [illegible]

રૂપિયે પંદર આની જેટલી વેશ્યાઓનો ઇતિહાસ કહે છે કે તેઓ અસલ હિન્દુ વિધવાઓ હતી. આ અભિપ્રાય લેખકનો એકલાનો નથી પણ "પ્રવાસી"ના એક લેખકનો પણ છે.*

(ઈ) અતિશય દુઃખને અંતે પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને લખવું પડયું છે કે "કમનસીબે જેઓ કુમળી વયમાં રંડાય છે તેઓ તેમનું બાકીનું જીવન એવી એવી અસહ્ય યંત્રણાઓ ભોગવવામાં વીતાવે છે અને તેમને પુનર્વિવાહ કરવાની છૂટ ન હોવાથી અંતે પાપમાર્ગમાં ઘસડાઈને વ્યભિચાર, ગર્ભપાત અને બાળહત્યાનાં કાળાં કર્મથી દૂષિત થાય છે કે જેમનાં આંખ અને કાન સલામત છે એવાઓને આ વાત શરમની સાથે કબૂલ કરવી પડે છે."×

બંગદર્શનનો એક લેખક લખે છે કે "હિન્દુસમાજમાં આજે હજારો માણસો શું કરી રહ્યાં છે? પા ગર્ભપાત અને બાળહત્યાઓનાં મહાપાપ તેમની આસપાસ થાય છે અને છતાં તેમના પેટનું પાણી પણ હાલતું નથી અને વિધવાવિવાહને સંમતિ આપતા નથી. બધાને જો એ વાત કબૂલ હોય તો મારે પણ કબૂલ છે એ દલીલ હવે નહિ ચાલે."§

ભાગવત ચંદ્રદાસ લખે છે કે "એવું એકે શહેર નથી કે જ્યાં વ્યભિચાર ન થતા હોય; એવું એકે ગામડું નથી કે જ્યાં ગર્ભપાત કે બાળહત્યાઓ ન થતાં હોય."=

દેશમાં વ્યભિચારનો પ્રવાહ કેટલો ફેલાઈ ગયો છે તેનો અંદાજ કરવો મુશ્કેલ છે. ગર્ભપાતની તો વાતજ ન કરશો. લેખકે પોતે પણ એક અભાગિની બાળવિધવાને ગર્ભપાત કરતાં અટકાવવાનો યત્ન કરેલો, પણ વ્યર્થ ગયો! તે સિવાય એક સારા ઘરની બ્રાહ્મણ વિધવાએ, એક માછી વિધવાએ અને એક બીજી સારા ઘરની બ્રાહ્મણ જ્ઞાતિની સધવા સ્ત્રીએ કરેલા ગર્ભપાતના કિસ્સા તેણે જોયા છે. એ સધવા સ્ત્રીનો ધણી બીજી વૈરી પરણેલો હોવાથી તેને પોતાના ભાઈને ઘેર દહાડા કાઢવા પડતા હતા.

(ઉ) આ પાપનો હિસાબ એકલા ગર્ભપાતના કૃત્યથીજ

---

* પ્રવાસી આશ્વિન, ૧૩૧૬, પૃષ્ઠ ૪૩૪.

× વિદ્યાસાગરકૃત વિધવાવિવાહ, પૃષ્ઠ ૧૮૧.

§ બંગદર્શન, ૧૨૮૫, પૃષ્ઠ ૨૯૯.

= ભાગવત ચંદ્રદાસકૃત વિધવાવિવાહ, પૃષ્ઠ ૨૫.

પૂરો થતો નથી. ગર્ભપાત કરવાને માટે વિધવાઓ ઝેરી ઓસડીઓ ખાઇને કેટલી મરી ગઈ હશે તેનો અડસટ્ટો કેવી રીતે કાઢવો ? લેખકે હમણાં જે ચાર દાખલા ગણાવ્યા તેમાંની ત્રણ જણીઓ ગર્ભપાતમાંથી પેદા થતા નાના પ્રકારના વ્યાધિનો ભોગ થઇને અકાળે મરણ પામી છે. તેમની મરતી વખતની ભયંકર અવસ્થાનું સ્મરણ લેખકના મનમાં એટલું ઉંડું કોતરાઈ ગયું છે કે તે તેના પોતાના મૃત્યુની ઘડીએજ ભુંસાશે. વળી લેખકે પોતે ઘણાજ વિશ્વાસપાત્ર માણસોને મોઢેથી સાંભળ્યું છે કે જ્યારે આવાં ઝેરી ઓસડીઓ પણ ગર્ભપાત કરવામાં નિષ્ફળ નીવડે છે ત્યારે કેટલાક દાખલામાં એવી વિધવાનાં બીજી કોઈ રીતે ખૂન કરવાની પણ તેનાં કુટુંબીઓ કોશિષ કરે છે.‡ જે શહેરમાં રહીને લેખક આ પુસ્તક લખી રહ્યો છે ત્યાંથી થોડેક દૂર આવેલા એક ગામમાં સને ૧૯૨૩ ની આખરે એક બ્રાહ્મણ વિધવાને રાતને પહોર ગામના બ્રાહ્મણોએ મળીને મારી નાખી. તાલુકાના ફોજદારને કોઈ બ્રાહ્મણે જઇને ચાડી ખાધી કે અમુક ગામની એક બ્રાહ્મણીનો ગર્ભપાત ન થવાથી અમુક અમુક બ્રાહ્મણોએ મળીને મારી નાખી છે અને તેને બાળવા લઇ જવાની તૈયારીમાં છે. ફોજદાર અને પોલિસનું ધાડું ત્યાં તાબડતોબ દોડી ગયું અને તે બાઇની અડધી બળેલી લાશને ચિતામાંથી ખેંચી કઢાવી અને તેના મરણના કારણની તપાસ કરાવવાને મોકલાવી આપી. આવા આવા કેટલા કિસ્સા દેશમાં બનતા હશે ?

(૩) જો વિધવાવિવાહ વેદ વિરુદ્ધ, સ્મૃતિ વિરુદ્ધ અને દેશાચાર વિરુદ્ધ હોત તો વેદ, પ્રજાપતિ બ્રહ્મા, મનુ, નારદ, ભૃગુ, વિષ્ણુ, યાજ્ઞવલ્ક્ય, વસિષ્ઠ, શંખ, કાત્યાયન, પરાશર અને

‡ એક બ્રાહ્મણ જ્ઞાતિની વિધવાનો કિસ્સો અનુવાદકે જાતે જોયો છે. * * * * ગામની એક વિધવા ઉંમર આશરે ૩૦-૩૫ની ગર્ભવતી થઇ. તેના સગાંએ ગર્ભપાત કરાવવા કોશિષ કરી. તે નિષ્ફળ ગઇ ત્યારે તેને ઝેર ખવડાવ્યું. તેની પણ અસર ન થઇ ત્યારે તેને નર્મદામાં ડુબાડી મારવાની બાજી રચાઇ. એક પરોપકારી ગૃહસ્થે તે બાઇને પોતાને ઘેર સંતાડી રાખી, તેના કપડા નર્મદામાં નખાવીને તેના સગાંને તેના મોતની ખાત્રી કરાવી. અને પરગામ એક મિશનને ત્યાં મોકલી દીધી. તે બાઇને છોકરો થયો અને તે છોકરો અને તેની મા આજે અનુવાદકના એક મિત્રના ઘરમાં ઉછરતાં પંદર વર્ષો થયાં છે.—સેવાનંદ

જાદવેશ્વર તર્કરત્ન કહે છે કે ગર્ભવતી, પ્રસૂતા, રજસ્વલા અને બીજા કોઇ કારણસર અશક્ત થએલી વિધવાને એકાદશીને દહાડે અનુકલ્પ કરવાની–ફળાહાર કરવાની શાસ્ત્રમાં છૂટ મૂકી છે. તે ચોખ્ખેચોખ્ખું લખી દે છે કે "હું ગંગાજળમાં ઉભો રહીને કહેવા તૈયાર છું કે અસલના ઋષિઓ ઘણા દયાળુ હતા. તેઓ નિષ્ઠુર તો કદી હતાજ નહિ. તેમણે અશક્ત વિધવાઓને એકાદશીને દહાડે ફળાહાર કરવાની રજા આપી છે. શાસ્ત્રો ઉપરથી નિત્યના વ્યવહારના નિયમોનો સંગ્રહ કરનારાઓ પણ ફળાહારનો નિષેધ કરતા નથી; ઉલટી રજા આપે છે. × × × × કલકત્તાની સંસ્કૃત કૉલેજમાં સ્મૃતિશાસ્ત્રના જે એક વાર અધ્યાપક હતા અને છેવટે નવદ્વીપના પંડિતસમાજના મુખ્ય નેતાને પદે જે બિરાજ્યા હતા તે સ્વર્ગસ્થ મહામહોપાધ્યાય મધુસૂદન સ્મૃતિરત્ને તિથિતત્ત્વના ઉપર એક ટિપ્પણી લખી છે. તેમાં પણ તેમણે વિધવાઓને એકાદશીને દહાડે ફળાહાર કરવાની છૂટ આપી છે. × × × મહામહોપાધ્યાય રાખાલદાસ ન્યાયરત્ન તેમની વિધવા પુત્રવધૂને એકાદશીને દહાડે પીવાને ગંગાજળ અને ખોરાકમાં દૂધ, ફળ, મૂળ વગેરે ભગવાનને અર્પણ કર્યા પછી લેવાની રજા આપતા. વળી વિધવા સ્ત્રી જો ગર્ભવતી પ્રસૂતા અથવા રજસ્વલા હોય તો રાત્રે હવિષ્યાન્ન પણ ખાઇ શકે એવી શાસ્ત્રોમાં વ્યવસ્થા છે. ×

નારદીય પુરાણમાં કહ્યું છે કે "હે વરવર્ણિનિ! શરીરે નબળા માણસો એકાદશીને દહાડે ફળાહાર કરી શકે." ÷ વાયુપુરાણ કહે છે કે "જેઓ એકાદશીને દહાડે ઉપવાસ કરવા અશક્ત હોય તેવાને માટે કાંઇક ખાવાની વ્યવસ્થા કરવી. થોડુંક હલકું ભોજન કર્યાથી તેમનો ઉપવાસ ભાગતો નથી એટલુંજ નહિ પણ તેમને ઉપવાસનું સંપૂર્ણ ફળ મળે છે." *

× ભારતવર્ષ, અષાઢ, ૧૩૨૭, પૃષ્ઠ ૯૭

÷ अनुकल्पो नृणां प्रोक्तः क्षीणानां वरवर्णिनि ।
(નારદીયપુરાણ.)

* उपवासनिषेधे तु किञ्चिद् भक्ष्यं प्रकल्पयेत् ।
न दुष्येदुपवासेन उपवासफलं लभेत् ॥ (વાયુપુરાણ.)
मूलं फलं पयस्तोयमुपयोग्यं भवेच्छुभम् ।
नक्तं हविष्यान्नमनोदनं वा फलं तिलाः क्षीरमथाम्बु चाज्यम् ॥
(વાયુપુરાણ)

હવે શી શી વસ્તુઓ ખવાય તેનો પણ શાસ્ત્રોમાં નિર્દેશ કર્યો છે. એ વિષે નારદીય પુરાણ કહે છે કે "ફળ, કંદમૂળ દૂધ, પાણી એ બધી વસ્તુઓ શુભ છે અને ઉપવાસને દહાડે ખવાય એવી છે." વાયુપુરાણમાં લખ્યું છે કે "રાત્રે હવિષ્યાન્ન ખવાય; ભાત સિવાયની બીજી રાંધેલી વસ્તુ ખવાય; તેમજ ફળ, તલ, ખીર, ઘી અને પાણી લઈ શકાય."

ઉપર ટાંકેલાં અને બાકીનાં તમામ ધર્મશાસ્ત્રોને આધારેજ પશ્ચિમ બંગાળામાં મોટા ભાગના લોકોનો શરીરે નબળી હોય એવી વિધવાઓને માટે રાત્રે ઉપર ગણાવેલી ચીજોમાંથી ગમે તે કોઈ ખાવાની છૂટ રાખી છે. × મેદિનીપુર, વીરભૂમ, બાંકુડા, વિક્રમપુર, ચન્દ્રદ્વીપ, ચાંદપ્રતાપ વગેરે પૂર્વબંગાળાના જિલ્લાઓમાં, ઓરિસ્સા, મદ્રાસ, મુંબઇ તથા મહારાષ્ટ્ર વગેરે પ્રાન્તોમાં તેમજ ઉત્તરપશ્ચિમ પ્રાન્તોમાં એકાદશીને દિવસે વિધવા સ્ત્રીઓ નકકોરડો ઉપવાસ કરતી નથી. * બિહારમાં પણ એવોજ રિવાજ છે. તેઓ પણ ફળ, કંદમૂળ વગેરે કાંઇક ખાઈ લે છે. પંજાબમાં તો નક્કોરડી એકાદશી કરવાનો રિવાજજ નથી. ત્યાંની ઘણીખરી સ્ત્રીઓ ફળાહાર કરીને એકાદશીનું વ્રત કરે છે.=

તે પંડિતરાજ એમ પણ લખે છે કે કોઈ વિધવાથી એકાદશીનો ઉપવાસ ન કરાય તો તેણે ત્રણ કાહનની કિંમતની કોડીઓનું દાન કરવું એટલે ઉપવાસ નહિ કર્યાનું પ્રાયશ્ચિત્ત થાય છે.‡

તે એક લેખમાં એવું પણ લખે છે કે "સાધારણ માણસોને માટે એકાદશીનું વ્રત નિત્ય છે તેથી તે તોડાય નહિ. સાધારણ માણસો પોતાનું નિત્યકર્મ ચૂકે તો તેમને જેટલું પાપ લાગે તેટલુંજ પાપ વિધવાઓ એકાદશીનું વ્રત ન કરે તો તેમને લાગે છે–આવો ÷રઘુનંદનનો સ્પષ્ટ અભિપ્રાય છે. પણ બ્રાહ્મણોને માટે તો શાસ્ત્રોમાં વધારે કડક આજ્ઞા છે–સાધારણ માણસોના કરતાં બ્રાહ્મણોને એના એજ અપરાધને માટે વધારે પાપ લાગે છે.§

---

× પ્રવાસી, માઘ, ૧૩૩૦, પૃષ્ઠ ૫૩૨

* નવ્યભારત, ૧૩૧૧, પૃષ્ઠ ૩૩૮

= બંગદર્શન, ૧૨૮૪, પૃષ્ઠ ૪૯૫

‡ વિચાર નર્ય અત્યાચાર પૃષ્ઠ ૧૪. કાહન=આનાનો ૧૬મો ભાગ.

÷ બંગાળામાં સોળમા સૈકામા થઇ ગએલો નામાંકિત સ્માર્ત પંડિત. એની રચેલી સ્મૃતિ બંગાળામાં માન્ય ગણાય છે.

§ ભારતવર્ષ, આષાઢ, ૧૩૨૭, પૃષ્ઠ ૧૦૧.

ત્યારે હવે એટલુંજ જુઓને કે આવડા મોટા વિશાળ બંગદેશમાંથી કેટલા બ્રાહ્મણો એકાદશીનું વ્રત કરતા હશે? ત્યારે આટલી કઠોર નિર્દય શાસ્ત્રાજ્ઞા ફક્ત ગરીબ બિચારી વિધવાઓનેજ માટે? વાહ?

## (૨૫) ખાવાપીવા વિષે

મહાભારતમાં ઘણી જગ્યાએ એવાં વર્ણન આવે છે કે દ્રૌપદી રસોઇ બનાવતી, પીરસતી અને તે ક્ષત્રિય જ્ઞાતિની છે એમ જાણ્યા છતાં મોટા મોટા ઋષિમુનિઓ અને બ્રાહ્મણો નિરાંતે જમતા તેનું કારણ શું હશે?÷

### (क) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, સૌ એક બીજાના હાથનું ખાતા

મહાભારતમાંજ કહ્યું છે કે "બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એઓ એકબીજાના હાથનું ખાઈ શકે."*

બંકિમચંદ્ર લખે છે કે "અસલના વખતમાં ખાવાપીવાની બાબતમાં કોઇ જાતની મર્યાદાઓ હતીજ નહિ એવો ઇતિહાસનો પુરાવો છે. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો, એકબીજાના હાથની રસોઈ ખાતા હતા."=

### (ख) શૂદ્રનું રાંધેલું અન્ન પણ ખવાય

મહર્ષિ મનુએ જે જે આજ્ઞાઓ કરી છે તે તો બધી વેદને અનુસરતીજ હોય એમાં તો કાંઇ શકજ નહિ. ત્યારે મનુએ ખાવાપીવા સંબંધે શી વ્યવસ્થા બતાવી છે તે જોઇએઃ-"અન્ન, ફળ, જળ, કંદમૂળ અને લાકડાં જો વગરમાગ્યે આવી મળે તો તે લઇ લેવાય અને મધ અને અભયદાન તો સૌની પાસેથી માગીને પણ લેવાય."×

આપસ્તંબ (પ્રશ્ન ૧ લો, કાંડ ૧૯)માં કોઇએ પ્રશ્ન પૂછ્યો છે કે "કોનું કોનું અન્ન ખાઇ શકાય?" કણ્વ તેનો ઉત્તર આપે છે કે "જે કોઇ પોતાની ખુશીથી અન્ન ખવરાવે તેનું ખાઈ શકાય." કૌત્સ કહે છે કે "જે પવિત્ર હોય તેનું અન્ન ગ્રહણ

---

÷ વનપર્વ, ૫૦-૧૦. ૨૩૨-૪૫.

* અનુશાસનપર્વ, ૧૩૫-૧ થી ૪.

= કૃષ્ણચરિત, ખંડ ૫, પૃષ્ઠ ૬ની ફુટનોટ.

× एधोदकं मूलफलमन्नमभ्युद्यतञ्च यत् ।
सर्वतः प्रतिगृह्णीयान्मध्वथाभयदक्षिणाम् ॥

—મનુસંહિતા ૪-૨૪૭

કરાય." વાર્ષાયણિનો અભિપ્રાય એવો છે કે "જેને ખવરાવવાની ઇચ્છા હોય તેનેજ ઘેર ભોજન કરી શકાય." પછી આપસ્તંબ પોતાનો અભિપ્રાય જણાવતાં કહે છે કે "જે કોઇ વગર માગ્યે અન્ન આપવા ખુશી બતાવે તેનું જ અન્ન× ખાવું." ગૌતમ, વસિષ્ઠ અને બૌધાયન, એ ત્રણેનો પણ એવોજ અભિપ્રાય છે.

મહાભારત કહે છે કે "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એઓ એકબીજાના કુટુંબીઓજ છે." જો એમજ હોય તો એ ચારે વર્ણના લોકોને એકબીજાનું ખાવામાં હરકતજ શી હોય ?

મણિપુરનો રાજા બભ્રુવાહન નહોતો બ્રાહ્મણ, નહોતો ક્ષત્રિય અને નહોતો વૈશ્ય. માટે તે શૂદ્રજ હોવો જોઇએ. યુધિષ્ઠિર રાજાના અશ્વમેધ યજ્ઞ વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણે વર્ણના પરોણાઓને પીરસવાનું કામ તેણેજ કર્યું હતું.+

મહર્ષિ મનુ, દેવલ, કૌત્સ, વાર્ષાયણિ, આપસ્તંબ, વસિષ્ઠ અને બૌધાયન, એ બધાની એકસરખી આજ્ઞા છે કે કોઇ વગર-માગ્યે ખવરાવે તેનું ખવાય તે તરફ વાચકનું લક્ષ ખેંચીએ છીએ.

હવે જે વગર કહ્યે ખવરાવવા તૈયાર ન હોય તેને ત્યાં કયા કયા સંજોગોમાં જમાય તેની પણ વ્યવસ્થા બતાવી છે.

મનુની વ્યવસ્થા નીચે પ્રમાણે છેઃ—જે અડધ ભાગે ખરડાની જમીન ખેડતો હોય તેનું, કુલમિત્ર (કોળી)નું, દાસ (ચાકર)નું, હજામનું અને ગુલામનું ખાઈ શકાય. આના સિવાયના બીજા શૂદ્રોનું ખવાય નહિ.=

વિષ્ણુ, યાજ્ઞવલ્કય, યમ, પરાશર, ગૌતમ અને વ્યાસની સંહિતાઓમાં તેમજ કૂર્મ અને ગરુડ પુરાણમાં પણ મનુએ બતાવેલું વિધાન અક્ષરે અક્ષર મળતુંજ આપેલું છે.§ એટલે

---

× પૂર્વાપર સંબંધ જોતાં એમ લાગે છે કે લેખકે "અન્ન" શબ્દને પાકી રસોઇ અને કાચું અનાજ બેઉ અર્થમાં વાપર્યો છે.
—સેવાનંદ

+ અશ્વમેધ પર્વ, ૮૧–૨૬.

= आर्धिकः कुलमित्रश्च गोपालो दासनापितौ ।
एते शूद्रेषु भोज्यान्ना यश्चात्मानं निवेदयेत् ॥
—મનુસ્મૃતિ, ૪–૨૫૩

§ વિષ્ણુ, ૫૭–૧૬. યાજ્ઞવલ્કય, ૧–૧૬૬, યમ ૧–૭૦. [illegible] ૬૬, ૧૧–૨૦. ગૌતમ, [illegible] ૩–૬૬. [illegible] ૧૯–૨૨. [illegible] ૬૬–૧૬.

તો બધાજ ઋષિઓ અને સ્મૃતિકારો એકમત થયા કહેવાય. આ બધાં શાસ્ત્રનાં વિધાનોને અનુસરીનેજ સર્વશાસ્ત્રજ્ઞ અને ધર્મજ્ઞ કૃષ્ણે પારશવ શૂદ્ર જાતિના મિત્ર વિદૂરને ઘેર ભોજન કર્યું હતું.÷

ત્યારે હવે અમે પૂછીએ છીએ કે જો આ બધાનું અન્ન ખપતું હોય તો તેમના બાપ, ભાઇ અગર સગાઓનું અન્ન ન ખવાય એવો દાવો કયો અક્કલવાળો માણસ કરશે ?

મહર્ષિ વસિષ્ઠ કહે છે કે "બ્રાહ્મણને ભૂખ લાગી હોય તો તે તેના શિષ્યના હાથનું પણ ખાઇ શકે."= હવે અસલના વખતમાં મહર્ષિઓના શિષ્યોમાં શૂદ્રો પણ હતા. એટલે વિદ્યાર્થી શૂદ્ર હોય તો પણ તેના હાથનું અન્ન બ્રાહ્મણથી ખાઈ શકાય એ સાબિત થઇ ગયું.

અસલના બ્રાહ્મણો ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિની સ્ત્રીઓને પણ પરણતા, છતાં તેઓ તેમનું રાંધેલું અગર અડકેલું અન્ન ન ખાતા એ શી રીતે મનાય ? હવે કયા કયા શૂદ્રોનું અન્ન ખવાય તેનાં નામ ગણાવતાં ગુલામનું નામ પણ ગણાવ્યું છે. ગુલામ તો પુરુષ પણ હોય અને સ્ત્રી પણ હોય. ત્યારે દાસનું રાંધેલું ખવાય અને દાસીનું ન ખવાય એ કયા ગામનો ન્યાય ?

આ બધા ઉપરાત કૂર્મપુરાણમાં વળી એક બીજી વ્યવસ્થા આપેલી છેઃ–"બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિના લોકો શૂદ્રને ઘેર દૂધપાક, ઘીમાં તળેલી રસોઇ, દૂધ, સાથવો, તલની સાની અને તેલ એટલું ખાઈ શકે. નટ, કુંભાર અને ખેડુતને ઘેરથી મળતા ખોરાકના બદલામાં તેમને થોડુંક વળતર આપીને તેમનું અન્ન પણ ખાઇ શકાય."×

આ બધું જોતાં શૂદ્રના હાથનો શીરો, પૂરી અને દૂધપાક તો જાણે ખવાયજ, પણ તેમના હાથનાં દાળ ભાત ખાવાની જરૂર ઉભી થાય તો તેમાં જરાક ઘી દૂધ ખાંડ અથવા ચમચો તેલ નાખીને ખાવામાં શી હરકત ?

### (ગ) તમામ જાતિના લોકના હાથનું ખવાય

ઉપર ટાંકેલા શાસ્ત્રવચન દ્વારા વાચકને સમજાયું હશે કે કોઇ પણ ન્યાતના માણસનું રાંધેલું ખાઇ શકાય. વળી મનુના

÷ ઉદ્યોગપર્વ, ૯૧–૩૨.

= વસિષ્ઠ સંહિતા, અધ્યાય ૧૨.

× કૂર્મપુરાણ, ઉપરિ વિભાગ, અધ્યાય ૧૭.

મત પ્રમાણે જેમના હાથનું પાણી હાલ આપણને ખપતું નથી તે અને કાયસ્થ વગેરે ન્યાતના લોકો બધાજ શૂદ્રો છે તો એક-બીજાનું શા માટે ન ખાય ?

મહર્ષિ અત્રિ કહે છે કે “ મ્લેચ્છોને ઘેરથી પણ યતિ માધુકરી માગી લાવી શકે; મતલબ કે તેણે ઘેર ઘેરથી ભિક્ષા માગીને પોતાનું પેટ ભરાય એટલું ખાવાનું એકઠું કરવું. હવે યતિ તો બ્રાહ્મણ પણ હોય. જ્યારે બ્રાહ્મણ યતિને મ્લેચ્છનું રાંધેલું ખપે તો પછી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને મ્લેચ્છના હાથનું ખાવામાં શાને વાંધો હોવો જોઇએ ?

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય કહે છે કે “આપત્કાળે બ્રાહ્મણ ગમે તેના હાથનું અન્ન ખાઇ લે તોપણ તેને પાપ લાગે નહિ; કારણ કે બ્રાહ્મણ તો અગ્નિ અને સૂર્ય જેવો છે.”× હવે જ્યારે આપત્તિમાં આવી પડેલો બ્રાહ્મણ જો અગ્નિ અને સૂર્ય જેવો હોય તો તેના ઉપર જ્યારે આપત્તિ ન હોય ત્યારે તો તે દાવાનળ જેવો અગર બાર સૂર્ય જેવો હોવોજ જોઇએ ને ? ત્યારે તો તે તેના પાર વગરના પ્રતાપથી ગમે તેનું અન્ન પણ તડાકાની સાથે હજમ કરી જાય એમાં શક શો ?

પદ્મ પુરાણ તો કહે છે કે “પ્રસાદનું અન્ન દેશાવરથી આવે તોપણ તેને સુજ્ઞ પુરુષે સ્થળકાળનો વિચાર કર્યા વગર મજાની સાથેજ ખાઇ જવું.”*

જરાસંધ રાજાના કાયસ્થ મંત્રીએ હજારો હલકી વર્ણના લોકોને ખાંધે જનોઇ પહેરાવીને “ભૂમિહાર બ્રાહ્મણ” બનાવી દીધા. તેમનું રાંધેલું તેણે અને સૌએ ખાધું. તે દિવસથી તેમના હાથની રસોઇ પછી ઉંચી ન્યાતોના લોકો ખાવા લાગ્યા અને હજી ખાય છે.

અસલના વખતમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો છેક હલકાં હલકી જાતની કન્યાઓને પણ પરણતા. ત્યારે તેઓ તેમના હાથની અને તેમની આંકેલી રસોઇ ખાતા હોવાજ જોઇએ. ઉપર ટાંકેલાં કેટલાંક શાસ્ત્રવચનો હાલના આ મન્તવ્યને ટેકો આપે છે.

(૫) નમ શૂદ્રના હાથનું પણ ખવાય.

– નમઃશૂદ્રો પણ જ્યારે શાસ્ત્ર પ્રમાણે શૂદ્ર વર્ણના [illegible]

---

× [illegible]

* [illegible]

– [illegible]

પેટાન્યાતિજ છે ત્યારે ઉપર બતાવેલી શાસ્ત્રાજ્ઞા મુજબ તેમના હાથની રસોઈ ખાવાને પણ કશી હરકત ન હોવી જોઇએ.

રામ જ્યારે વનવાસ જવા નીકળ્યા હતા ત્યારે તેમણે ગુહક નામના નમઃશૂદ્ર-ચાંડાળને ઘેર મુકામ કર્યો હતો. ગુહકે તેમને સારૂ ભાત અને નાના પ્રકારનાં શાકભાજી, માંસ વગેરે રંધાવ્યાં હતાં. ગુહકે તેમને ભોજન કરવાનું કહેતાં રામ બોલ્યાઃ "આ રસોઈઓનો હું સ્વીકાર કરૂં છું, પણ મારાથી જમાશે નહિ. કારણ કે હમણાં હું માત્ર ફળ અને કંદમૂળ ખાઇનેજ રહું છું."*

જો ક્ષત્રિય જાતિના લોકોથી નમઃશૂદ્ર-ચાંડાળના હાથની રસોઇ ખવાતી ન હોત તો રામે આવો નહિ પણ એથી જુદોજ જવાબ આપ્યો હોત; અને ગુહકની તેમને ભોજનનું નિમંત્રણ કરવાની હિંમતજ ન ચાલત. આજે કોઇ બ્રાહ્મણ પંડિત ખરા ઉન્હાળાની બપોરે ભૂખે અને તરસે મરવા પડયો હોય અને કોઈ ઢેડ ભંગી અગર એવી કોઇ હલકી વર્ણના લોકને ઘેર જઇને ઉભો રહે અને તેને કહે કે તારા ઘરમાં જે કાંઇ રાંધેલું હોય તે લાવીને મને જમાડ, ભૂખથી મારો જીવ જાય છે ત્યારે તે ઢેડ શું તેને એમ કહેશે કે ભલે મહારાજ! પધારો, રસોઇ તૈયાર છે? તે તો એમજ કહેશે કે બાપજી! તમને વટાળીને હું કયે ભવ છૂટું? આ અવતાર તો મારો ઢેડનો આવ્યો પણ બ્રાહ્મણને વટાળું તો બીજો અવતાર કોણ જાણે શેનોએ આવે? ના રે બાપજી!

ડોમ તો નમઃશૂદ્રના કરતાં પણ ઘણા હલકા મનાય છે. આજકાલ નહિ પણ ઘણા જૂના વખતથી લોકો તેમને નીચા ગણતા આવ્યા છે. ઈસવી સનના બારમા સૈકામાં બંગાળાનો સ્વતંત્ર હિન્દુ રાજા, આખો બંગાળા જેને માટે આજે પણ મગરૂર થાય છે એવો વૈદ્ય જ્ઞાતિનો રાજા બલ્લાલ સેન ડોમના ઘરની પદ્મિની નામની ખૂબસુરત છોકરીને પરણ્યો. એ લગ્ન શાસ્ત્રસંમત છે એવો નિર્ણય તે વખતના મોટા મોટા પંડિતોએ સભા વચ્ચે જાહેર કર્યો હતો અને તે સ્ત્રીએ રાંધેલી રસોઈ પુષ્કળ બ્રાહ્મણો વૈદ્યો અને કાયસ્થો જમ્યા હતા. બલ્લાલસેન શાસ્ત્રજ્ઞ, ધર્મજ્ઞ અને પરમ આસ્તિક હિન્દુ હતો. આ બેઉ કાર્ય તેણે હિન્દુશાસ્ત્રને આધારેજ કર્યાં હતાં. આજે બંગાળામાં બ્રાહ્મણો, વૈદ્યો અને કાયસ્થો છે તે પેલી ડોમ જાતિની પદ્મિનીની

* રામાયણ, અયોધ્યાકાંડ, ૫૦-૩૭, ૪૪.

અડકેલી રસોઈ ખાનારાનાજ વંશજો છે.

**(જ) વાનર અને રાક્ષસનું અન્ન પણ ખવાય.**

હવે આ નમઃશૂદ્ર અને ડોમના કરતાં વાંદરાં અને રાક્ષસો તો હલકાજ કેની? પણ હિન્દુશાસ્ત્રોને આધારે અસલના બ્રાહ્મણ વાંદરાઓ અને રાક્ષસોની અડકેલી રસોઈ પણ ખાતા હતા. રામાયણમાં લખ્યું છે કે "રામે જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે ભરત અને શત્રુઘ્ને તે પ્રસંગે આવેલા રાજાઓને ભોજનનું નિમંત્રણ કર્યું. તેવખતે બ્રાહ્મણો વગેરેને વાંદરાઓ અને રાક્ષસો પીરસવા લાગ્યા હતા."× લંકામાં સીતા ઘણા વખત સુધી કેદ હતી. તેટલો વખત તેણે રાક્ષસોના હાથનુંજ ખાધું પીધું હશે ને?

ભીમ એકચક્રા નગરમાંથી રાંધેલી ખાવાની વસ્તુઓને લઈને રાક્ષસને ઘેર ગયો હતો અને તેના ઘર આગળ બેસીનેજ ખાવા મંડયો હતો. તે ખાતો હતો તેજ વખતે રાક્ષસ આવીને તેને અડકી પડયો, છતાં ભીમ ખાતો ખાતો ઉઠી ન ગયો. તે તો બધું ખાઇ રહ્યો ત્યારેજ ભાણા ઉપરથી ઉઠયો.÷

મહાભારતમાં એવી પણ એક કથા આવે છે કે "રાક્ષસોનો એક રાજા દરવર્ષે આષાઢી, કાર્તિકી અને માઘી પૂર્ણિમાને દહાડે એક એક હજાર વિદ્વાન બ્રાહ્મણોને ભોજન કરાવતો અને તેમને દરેકને સુવર્ણ અને રત્નો દક્ષિણામાં આપતો.† સોનાની અને રત્નોની દક્ષિણા મળતી હોય તો આજના બ્રાહ્મણો પણ રાક્ષસના ઘરનું નોતરૂં ભાગ્યેજ છોડે.

હવે જેમને વાંદરા અને રાક્ષસ કહ્યા છે તેઓ ખરૂં જોતાં દક્ષિણભારતની અનાર્ય જાતિના લોકો હતા. એ પ્રદેશોમાં આજે જે અસ્પૃશ્યજાતિના ગણાય છે તેઓ ઘણું કરીને તેમનાજ વંશજો છે. જેમની અડકેલી રસોઈ રામે સૌને ખવરાવી અને ભીમે પણ ખાધી તેમનું અન્ન આજે શા માટે નિષિદ્ધ ગણાવું જોઈએ?

**(ચ) આપત્કાળમાં કોઇપણ જાતિનું અન્ન ખાઇ શકાય.**

મહર્ષિ આપસ્તંબ કહે છે કે આપત્કાળમાં બ્રાહ્મણ શૂદ્રનું અન્ન પણ ખાઇ શકે. ત્યાર પછી માનસિક પ્રાયશ્ચિત્ત કરીને અથવા દ્રુપદ મંત્રનો સો વાર જપ કરીને તે પાછો શુદ્ધ થઇ

× રામાયણ, ઉત્તરકાંડ, ૧૦૫–૫, ૬, ૧૯.
÷ આદિપર્વ, અધ્યાય ૧૬૨
† શાંતિપર્વ, અધ્યાય ૧૭૧

શકે."× મહર્ષિ યાજ્ઞવલ્ક્ય લખે છે કે આપત્કાળે ગમે તેનું ખાઇ લેવાની બ્રાહ્મણને છૂટ છે.= ત્યારે ચાલુ જમાનામાં હિન્દુ પ્રજાને માથે કાંઇ ઓછી વિપત્તિ આવી પડી છે?

### (છ) જીવ જવાનો વખત આવે ત્યારે તો ગમે તેનું પણ ખવાય.

"પ્રાણ જવાનો સંભવ હોય ત્યારે તો જેનું મળી આવે તેનું અન્ન ખાઈ લેવું" એવી તો મનુસંહિતાની પણ આજ્ઞા છે.÷ એજ આજ્ઞાને પોતાનો સંપૂર્ણ ટેકો આપતાં મહાભારતકાર લખે છે કે "પ્રાણ જવાનો સંભવ હોય ત્યારે તો અભક્ષ્ય પદાર્થનું પણ ભક્ષણ કરી શકાય." આવાજ સંજોગોમાં દુષ્કાળ વખતે વિશ્વામિત્ર ઋષિ ચાંડાળના ઘરમાં પેસીને કૂતરાનું માંસ ચોરી ખાઇ ગયા હતા.† બીજા એક ચાક્રાયણ ઋષિ થઈ ગયા તેમણે પણ દુષ્કાળના વખતમાં એક વાર હાથીના માવતના ઘરનું છાંડેલું અન્ન ખાધું હતું.*

જાદવેશ્વર તર્કરત્ન લખે છે કે શંકરાચાર્યે વેદાન્તસૂત્રના એક સૂત્રનો એવો અર્થ કર્યો છે કે "પ્રાણવિનાશનો સંદેહ ઉત્પન્ન થાય ત્યારે હરકોઈ માણસને હરકોઇ માણસના ઘરનું ભક્ષ્ય અભક્ષ્ય બધુંજ ખાવાની છૂટ છે. કારણ કે આ બાબતમાં શ્રુતિની આજ્ઞાઓ અતિ સ્પષ્ટ છે. પ્રાણ બચાવવાની ખાતર અભક્ષ્ય પણ ખવાય એવી આચાર્યના લખાણની મતલબ છે. × × × × આચાર્ય વળી એક સ્મૃતિનું વચન ટાંકે છે. તે વચનનો ભાવાર્થ એવો છે કે પોતાનો જીવ જવાનો વખત આવે ત્યારે માણસો ગમે તેનું અન્ન ખાઇ લે તોપણ તેઓ જળમાં ઉગેલા કમળપત્રની માફક નિર્લિપ્ત રહે છે.":

### (ज) માંદગીમાં અને મુસાફરીમાં કશો વિધિનિષેધજ નહિ.

મહર્ષિ પરાશર લખે છે કે "માંદગીમાં, મુસાફરીમાં,

× [illegible]

= [illegible]

÷ મનુસંહિતા, ૧૦—૧૦૪.

† શાંતિપર્વ, અધ્યાય ૧૪૧ [illegible]

* [illegible]

: [illegible]

આપત્કાળમાં અને દુકાળ પડ્યો હોય ત્યારે ગમે તેમ કરીને પણ દેહનું રક્ષણ કરવું; પછી ધર્માચરણ કરવું." + પરાશરની સ્મૃતિ એ અત્યારનું-કલિયુગનુંજ ધર્મશાસ્ત્ર છે. ત્યારે તેને આધારે માંદગીમાં તેમજ મુસાફરીમાં ગમે તેના હાથનું ખાઇ લેવાને હરકત નથી.

અરે ભાઈ! અત્યારે દેશમાં કોણ માંદુ નથી તેજ બતાવોને! આખી દુનિયામાં મરણપ્રમાણ તો આપણુંજ સૌથી વધારે છે. કોઇને તાવ, કોઇને મરોળ, કોઇને યકૃતની પીડા, કોઇને અજીર્ણ અને સેંકડે એંશી ટકાને બંધકોશ તો ખરોજ.

અને ઘરમાંથી બહાર પગ મૂક્યો એટલે પ્રવાસી તો થયાજ. ગામ પરગામ નોકરી કે વેપારરોજગારને માટે જઇએ એટલે પ્રવાસી તો થઈજ ચૂક્યા. વળી એક કવિ તો કહે છે કે હાલ તો આપણે બધાજ ઘર બહાર રવડતા પ્રવાસીનીજ હાલત ભોગવીએ છીએઃ–

"નિજ બાસભૂમે પરબાસી હો લે,
પરદાસખતે સમુદાય દિલે. *"

બીજો એક કવિ વધારે મર્મવેધક રીતે લખે છેઃ–

"સ્વદેશ સ્વદેશ કોરિસ્ કારે?
એ દેશ તોદેર નોય—
એઇ જમુના ગંગા નદી, એ સબ તોદેર હોતો જદિ,
પરેર પણ્યે, ગોરા સૈન્યે જાહાજ કેનો બય?
એ દેશ તોદેર નોય.×"

**(ग) સ્ત્રીઓનું છાંડેલું પણ ખવાય.**

આપસ્તંબ કહે છે કે "જો કોઇ બ્રાહ્મણ તેની બ્રાહ્મણી સ્ત્રી સાથે એક થાળીમાં ખાય અથવા તેનું એઠું ખાય તો તેથી

+ પરાશરસંહિતા, ૭–૪૧

* તું તારા પોતાનાજ વતનમાં પરદેશી જેવો બની ગયો છે. તેં પરાયાને ગુલામી ખત લખી આપીને તારા બધાજ હક તેને આપી દીધા છે. તારૂં હવે કાંઇજ નથી. ગોવિંદચંદ રાય

× અરે! 'આ મારો દેશ! આ મારો દેશ!' એવું શું કયા દેશને માટે કહેતો ફરે છે? આ દેશ તારો નથી. આ જમુના અને ગંગા નદી-અને આ દેશનું બીજું બધું જો તારૂં હોત તો ગોરાં લશ્કરથી અને પરદેશી માલથી ભરેલી વિદેશી આગબોટો તેમના ઉપર ઘૂમત ખરી? અરે ભાઇ! આ દેશ હવે તારો રહ્યો નથી. ગોવિંદદાસ

પંડિતો તેને દોષ દેતા નથી."§ બૌધાયનનાં સૂત્રોમાં લખ્યું છે
કે દક્ષિણ દેશના પુરુષો તેમની સ્ત્રીઓ સાથે એક થાળીમાં
ખાય છે.* કૃષ્ણ, બળરામ અને બીજા ઘણા જાદવો અને સ્ત્રીઓ
ભેગાં બેસીને ખાતાં હતાં. જો પોતાની સ્ત્રીનું એઠું ખાવાથી
બ્રાહ્મણને દોષ ન લાગે તો પછી કાયસ્થો અને વાણીઆ વગેરેને
તો તેમની સ્ત્રીઓનું એઠું ખાવાથી પુણ્ય લાગ્યા વિના રહેજ
નહિ! કાયસ્થ અને વણિક મિત્રો આ પ્રયોગ અજમાવી જુવે.

**(ચ) નિષિદ્ધ અન્ન ખાવાનું પાપ ઘણુંજ નહિ જેવું છે.**

શાસ્ત્રમાં કહ્યું છે કે ચાર હજાર વખત ગાયત્રીમંત્રનો
જપ કરે એટલે આત્મા શુદ્ધ થઇ જાય છે.† ગીતાના માહા-
ત્મ્યમાં [illegible] છે કે [illegible] બ્રાહ્મણ [illegible] અને બીજું તમામ
[illegible] પાપ ગીતા વાંચવાથી [illegible] જાય છે.

**(છ) [illegible] મોટા લોકો તો [illegible] ખાતા.**

[illegible]

હરિદાસના હાથનું ખાધું હતું.× બ્રાહ્મણ નિત્યાનંદ પ્રભુ પણ શૂદ્રના હાથનું ખાતા હતા. ઓગણીસમા અને વીસમા સૈકાના મહાપુરુષો જેવા કે કાશીના તૈલંગ સ્વામી, વિશુદ્ધાનંદ સ્વામી, ભાસ્કરાનંદ સ્વામી, વેદજ્ઞ દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, લોકનાથ બ્રહ્મચારી, પરમહંસ શિવનારાયણ સ્વામી, બાબા પ્રેમાનંદ ભારતી વગેરે મહાત્માઓ પણ ખાવાપીવાના સંબંધમાં ઘણા ઉદાર વિચાર ધરાવતા હતા. ✱ હાલના હિંદુધર્મના એક સુપ્રસિદ્ધ પ્રચારક હરનાથ બાન્દોપાધ્યાય તેમના બ્રાહ્મણ, કાયસ્થ, વૈદ્ય, મુસલમાન વગેરે અઢારે વર્ણના શિષ્યોની સાથે ભેગા બેસીને ખાય છે. નારાયણભારતી અને કૃપાનંદ બ્રહ્મચારી બ્રાહ્મણ, નમઃશૂદ્ર, ડોમ, મેથર (ભંગી) સૌની સાથે ભેગા બેસીને ભજન કીર્તન કરે છે અને પછી સૌ એક પંગતે ભોજન કરે છે. § જો આ કાર્ય શાસ્ત્રવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ હોત તો ઉપર ગણાવ્યા તે મહાપુરુષો કદી પણ એવા કામમાં હાથ ઘાલત નહિ.

## (ઠ) હિંદુસમાજમાં અત્યારે પણ ખાવા પીવા સંબંધી રિવાજ કેવા છે?

પંજાબમાં તો અત્યારે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણના લોકો કોઈ કોઇના અડકવાથી રસોઇ અભડાઇ જાય એવું માનતા નથી. શૂદ્રના હાથની રસોઇ ત્યાંના બ્રાહ્મણો બેધડક ખાઇ શકે છે. = મહારાષ્ટ્રમાં પણ જુદી જુદી ન્યાતના લોકો એક જગ્યાએ બેસીને જમે છે—માત્ર ન્યાતવાર જુદી પંક્તિ હોવી જોઇએ એટલીજ મર્યાદા સાચવે છે. એ રીતે મુસલમાન પણ જુદા બેસીને હિંદુઓની મંડળીમાં જમી શકે છે. ફક્ત પંક્તિભેદ જળવાવો જોઇએ એટલોજ ત્યાંના લોકોનો આગ્રહ છે. ÷ મદ્રાસ ઈલાકાના શૂદ્રોની એક પેટાન્યાતમાં ખ્રિસ્તીઓની કન્યાઓને પરણવાની છૂટ છે. પછી તે ખ્રિસ્તી છોકરીઓ હિંદુ વરને પરણે ત્યારપછી તેમના હાથની રસોઈ તે ન્યાતના લોકોને ખપે છે. શિખ અને જાટ લોકોમાં મુસલમાનોની કન્યાઓને

---

× સંબંધ નિર્ણય, પૃષ્ઠ ૨૯૨.
✱ જાતિભેદ પૃષ્ઠ ૭૧. ધર્મસાર સંગ્રહ.
§ સંજીવની ૨૫ વૈશાખ, ૧૩૩૧
= બંગદર્શન, ૧૨૮૪, પૃષ્ઠ ૪૯૬
÷ પ્રવાસી, પોષ, ૧૩૨૦, પૃષ્ઠ ૨૧૮

## (ણ) બ્રાહ્મણો પોતાનું હિત તાકે છે; દેશના હિતનો વિચાર કરતા નથી.

+ શિકાર કરીને આણેલા માંસ ઉપરથી બ્રાહ્મણોને પોતાનો હક ઉઠાવી દેવો પડે એટલા વાસ્તે કૂતરો જે બધો વખત અશુદ્ધ છે તેને શિકાર વખતે બ્રાહ્મણોએ શુદ્ધ બનાવ્યો. બ્રાહ્મણોને મધ ખાવા તો જોઈએ, પણ મધપૂડો તોડવા જતાં મધમાખ ચટકો ભરે એટલા માટે અસ્પૃશ્ય જાતિના હાથનું મધ તો ખવાય–મધ અપવિત્ર થાયજ નહિ–એવો ફતવો ચલાવ્યો. બીલીના ઝાડને પણ મોટા મોટા કાંટા હોય છે. બ્રાહ્મણભાઈના હાથમાં વાગી બેસે માટે ગમે તે હલકી જાતનો માણસ બીલીપત્ર તોડી લાવે તે પૂજામાં વપરાય, એવો રસ્તો ખોળી કાઢ્યો. અસ્પૃશ્ય જાતિના સ્પર્શથી બીલીપત્ર અભડાય નહિ. હલકી ન્યાતનાં માણસ આઘેથી ગંગાજળ લાવી આપે તે પણ બ્રાહ્મણોને ખપે છે કારણકે ઘેર બેઠાં ગંગા આવે છે.

શાસ્ત્રોને આજ કોણ પૂછે છે? તર્કની, દલીલની કોને પરવા પડી છે? અમે શાસ્ત્રોનાં થોકેથોક પ્રમાણ અત્યાર સુધીમાં આપ્યાં છે, પણ બ્રાહ્મણો શાસ્ત્ર મુજબ વર્તતા હોય ત્યારે કેની? તેઓ શાસ્ત્રને નથી અનુસરતા; રૂઢિબાઈને અનુસરે છે. સાદી સમજને પણ તેમણે બાર ગાઉ દૂર કાઢી મૂકી છે. આ લક્ષણ તો મરી ગએલી અગર મરવા પડેલી પ્રજામાંજ હોય.

## (ત) અત્યારે અમુક અમુક જાતિનું ન ખવાય એવો નિષેધ શાથી થયો?

સ્વામી વિવેકાનંદ કહે છે કે "શાસ્ત્રમાં કહ્યું છે કે ખાવાની વસ્તુઓમાં ત્રણ પ્રકારના દોષ હોય છે અગર તેમાં પાછળથી લાગુ પડે છે: (૧) **જાતિદોષ** એટલે કે કેટલાક પદાર્થો સ્વભાવથીજ અપવિત્ર છે જેમકે લસણ, [illegible] વગેરે. એ પદાર્થો ખાનારને સ્વભાવથીજ દૂષિત પદાર્થ ખાવાનો દોષ લાગે છે. ×

+ [illegible] ... સ્વામી [illegible] સત્યાનંદ

× [illegible]

(૨) નિમિત્ત દોષ-એટલે જ્યાં મેલું પડ્યું હોય અથવા કીડી મંકોડા એવાં જીવડાં જ્યાં ભમતાં હોય એવી જગ્યાએ ખાવા બેસવાથી લાગતો દોષ. (૩) આશ્રયદોષ-દુષ્ટ માણસનો જેને સ્પર્શ થયો હોય તે. એવો ખોરાક ખાવાના કામમાં લેવાયજ નહિ. ભલે બ્રાહ્મણને ઘેર જન્મ્યો હોય પણ તે માણસ જો વ્યભિચારી અને દુરાચરણી હોય તો તેના હાથનું ખાવું યોગ્ય નથી."* આ નિયમનો દુરુપયોગ થવાથી નાના પ્રકારની ન્યાતના લોકોનું રાંધેલું દૂષિત મનાયું છે, પણ તેમાં શાસ્ત્રકારોનો ઉદ્દેશ માર્યો ગયો છે.

### (ઘ) વિરુદ્ધની દલીલોનો જવાબ

કેટલાક વળી આદિત્ય પુરાણને આગળ કરીને તેને આધારે એવો દાવો કરે છે કે કલિયુગમાં શૂદ્રના હાથનું ખાવાનો નિષેધ છે. આ દલીલ કેટલી લૂલી છે તે અમોએ "વિધવાવિવાહ"ના વિષયની ચર્ચા કરતી વખતે બતાવી દીધું છે.

જે દેશનાં શાસ્ત્રો સૌથી વિશેષ ઉદાર છે, જે દેશના મહાપુરુષોના આચાર અને વિચાર બેઉ અત્યંત ઉદાર છે તે દેશના લોકોજ આટલા બધા સાંકડા વિચાર ધરાવે છે, એ થોડા અફસોસની વાત છે? અને તેઓ પરાધીન છે તેનું કારણ પણ એજ છે!

## (૨૬) પાણી વિષે

અસલના ઋષિમુનિઓ અને બ્રાહ્મણો હલકી જાતની કન્યાઓને પણ પરણતા, ત્યારે તેઓ તેમના હાથનું પાણી પણ પીતાજ હશે ને?

### (ક) અસલ ગમે તેના હાથનું પાણી ખપતું.

મનુ લખે છે કે "અન્નપાણી જે કાંઇ વગરમાગ્યે આવી મળતું હોય તે ગમે તેની પાસેથી પણ લઇ શકાય."× વળી "પાણી, દહિં, શય્યા, ઘર, દર્ભ, સુગંધી વસ્તુઓ, પુષ્પ, મણિ, ધાણી, મત્સ્ય, માંસ અને શાકભાજી, આટલી વસ્તુઓમાંથી

દૂષિત નથી માનતા. અનુવાદકને બંગાળાના પ્રવાસ દરમ્યાન ત્યાંના લોકો પૂછતા કે ત્યારે તમારા દેશમાં બ્રાહ્મણો પણ માછલી ન ખાય? ગુજરાતના બ્રાહ્મણો માછલી ન ખાય એ બંગાળીઓને માટે થોડો આશ્ચર્યનો વિષય!—સેવાનંદ

* ભારતે વિવેકાનંદ, પૃષ્ઠ ૩૬૩.

× મનુસંહિતા, ૪-૨૪૭.

ગમે તે પ્રકારે આવેલું પાણી ગળે તો તે ભોજનીજ નહિ."×
વિષ્ણુસંહિતાનો મત પણ બરાબર આજ પ્રમાણે છે.*

મહાભારતમાં લખ્યું છે કે "જળ, સ્ત્રી અને રત્ન, એ સ-ભાવથી દૂષિત હોતાંજ નથી. માટે ઉંચા પ્રકારની વિદ્યા, ખૂબ-સૂરત સ્ત્રી, રત્ન, સુવર્ણ, એ બધાં જેમ નીચ જાતિમાંથી પણ ગ્રહણ કરી શકાય તેમ જળ પણ ગમે તેના હાથનું લઈ શકાય."‡

સીતા લંકામાં આટલો બધો વખત કેદ રહી ત્યારે તેણે રાક્ષ-સોના હાથનું પાણી પીધું હોવુંજ જોઈએ. મહર્ષિ ઉત્તંક મુનિને કોઈ નીચ જાતિના માણસે પીવાને પાણી લાવી આપ્યું, પણ તે તેમણે પીધું નહિ તે ઉપરથી કૃષ્ણે તેમને ઠપકો આપ્યો હતો.+ મિથિલા શહેરમાં એક અત્યંત હલકી જાતનો વ્યાધ ડુક્કર અને પાડાનું માંસ વેચવાનો ધંધો કરતો હતો.= બ્રાહ્મણો પણ તેને ઘેર જતા અને તેનું આપેલું પગ ધોવાનું પાણી અને આચમન લેતા.+ વારૂ, જ્યારે અસલના વખતમાં વાનર, રાક્ષસ અને નીચ જાતિના લોકોનું અન્ન ખાવામાં કોઇને હરકત ન હતી ત્યારે પછી પાણીનું તો પૂછવુંજ શું ? વળી જ્યારે ઋષિમુનિઓ નીચ જાતિમાંથી રૂપાળી રૂપાળી સ્ત્રીઓને પરણવા તૈયાર થતા તો પછી નીચ જાતિના હાથના પાણીનો તો તે વખતે સવાલજ શો હોય? જરાસંધ રાજાના કાયસ્થ મંત્રીએ જે જે હલકી વર્ણના લોકોને ગળે જનોઇ પહેરાવીને ભૂમિહાર બ્રાહ્મણ બનાવી દીધા તે બધાના હાથનું પાણી આજે કયો બ્રાહ્મણ નથી પીતો ? બારમા સૈકામાં મહારાજા બલ્લાલસેને ખેડુત અને માછીના હાથનું પાણી સમાજમાં ચાલુ કરાવ્યું હતું અને સોનીનું પાણી બંધ કરાવ્યું હતું.÷ અઢારમા સૈકામાં કૃષ્ણનગરના રાજા કૃષ્ણચંદ્ર રાયે ગોવાળનું પાણી સૌથી પહેલી વાર ચાલુ કરાવ્યું હતું.† મહા-રાષ્ટ્રના પેશ્વા તો બ્રાહ્મણોજ હતા. પણ અઢારમા સૈકામાં

---

× शय्यां गृहान् कुशान् गन्धानपः पुष्पं मणीन् दधि ।
धानामत्स्यान् पयो मांसं शाकञ्चैव न निर्नुदेत् ॥
મનુસંહિતા, ૪–૨૫૦

* વિષ્ણુસંહિતા ૫૭–૧૦. ‡ શાંતિપર્વ, ૧૬૫–૩૧,૩૨.
+ અશ્વમેધપર્વ, અધ્યાય ૫૫.
= વનપર્વ, ૨૦૬–૩૨, ૧૧. + વનપર્વ, ૨૦૬–૧૮.
÷ ગૌડે બ્રાહ્મણ, પૃષ્ઠ ૨૫૪
† સંબંધ નિર્ણય, પૃષ્ઠ ૧૯૩. ક્ષિતીશ વંશાવલી ચરિત, પૃષ્ઠ ૩૦

અસ્પૃશ્ય ગણાતી મહાર જાતના લોકો ચામડાની ગાસકોમાં પાણી ભરી લાવતા તે પેશ્વા પોતે અને તેના દરબારના બ્રાહ્મણ અમલદારો પણ પીતા-હતા.

### (ख) હાલ શું ચાલે છે ?

હાલના જમાનામાં બંગાળામાં હાડી, બાગદી, ડોમ, મોચી વગેરે જાતના લોકો અસ્પૃશ્ય કહેવાય છે અને તેમના હાથનું પાણી કોઇને ખપતું નથી; પરંતુ એજ લોકો જો વૈષ્ણવ થઇ જાય તો તેમના હાથનું પાણી ચાલુ થઇ જાય છે.× બાઉરી કરીને બંગાળામાં એક ન્યાત છે. તેમનો છાંટો કોઇ લેતું નથી, પણ તેમનો બનાવેલો ચૂનાનો કોલ બધેજ વપરાય છે. કલાલનું પાણી તો મોઢે અડાડાયજ નહિ, પણ તેમની દુકાનના દારૂમાં પાણી આવે તેની કશી છોછ નહિ.

### (ग) અમુક ન્યાતનું પાણી દેશના એક ભાગમાં પીવાય અને બીજામાં ન પીવાય.

તિયર નામની એક દ્રવીડ જાતિ છે. તેમના હાથનું પાણી ઢાકા જિલ્લાના એક ભાગમાં ખપે છે અને એ સિવાય બંગાળાના બીજા કોઇ પણ ભાગમાં ખપતું નથી. તામલી કરીને એક બીજી જાત થાય છે તેનું ભરેલું પાણી બંગાળાના એક ભાગમાં ખપે છે અને બીજા ભાગમાં નથી ખપતું. આગુડીના હાથનું પાણી પશ્ચિમ બંગાળના લોકોને ખપે છે અને પૂર્વબંગાળના લોકોને નથી ખપતું. લુહાર, કુંભાર અને ગોવાળના હાથનું પાણી પૂર્વબંગાળના લોકો વાપરે છે ત્યારે પશ્ચિમબંગાળના લોકો નથી વાપરતા ! ગોવાળના હાથનું પાણી બિહારના લોકો પીએ છે. તુનીયા કરીને એક દ્રવીડ જાત થાય છે. તેમનું ભરેલું પાણી બિહારના એક ભાગના લોક પીએ છે અને બીજા ભાગના નથી પીતા. ઘાંચીઓમાંથી જે લોકોએ ઘાણીનો ધંધો છોડી દીધો છે તેમના હાથનું પાણી બંગાળામાં ખપતું થઇ ગયું છે ત્યારે તેમનીજ ન્યાતના બીજા ઘાંચીઓનું પાણી નથી ખપતું. બંગાળામાં વણકરના હાથનું પાણી લોકો પીએ છે પણ બિહારના લોકો નથી પીતા. સોની, કાહાર, સુથાર, હોડી હાંકનાર, કોચ અને માછીમાર, એટલાનું પાણી બંગાળામાં ખપતું નથી, પણ બિહારમાં એ બધાનું પાણી ખપે છે. ખેતીનો ધંધો કર-

× હિતવાદી, ૩ ફાલ્ગુન ૧૩૩૦

નાર માછીનું પાણી નદીઆ અને મેદનીપુર જિલ્લાના અમુક ભાગમાં અને બિહારમાં ખપે છે ત્યારે એજ જીલ્લાના બીજા ભાગમાં અને પૂર્વબંગાળમાં નથી ખપતું. બંગાળાના કોઈ કોઇ ભાગમાં ઉપર ગણાવેલી ન્યાતોનું પાણી ખપે છે, પણ તેમના ગોરનું પાણી નથી ખપતું ! એ ન્યાતોના લોકો તેમના ગોરનું પાણી પીએ છે અને તેમનો પ્રસાદ* પણ ખાય છે. એજ ગોર તેમને અશૌચ વગેરે આભડછેટમાંથી શુદ્ધ બનાવે છે. અગ્રદાની કરીને બિહારમાં બ્રાહ્મણની એક ન્યાત છે. તેમને બિહારમાં મહાપાત્ર કહે છે, પણ તેમના હાથનું પાણી બંગાળાના લોકોને ખપતું નથી. પણ બિહારમાં બધા તેમનું પાણી પીએ છે એટલુંજ નહિ પણ ત્યાંના ઉંચામાં ઉંચી ન્યાતના બ્રાહ્મણો તેમની સાથે એક પંગતે જમે છે અને શ્રાદ્ધને દિવસે તેમના અને તેમની સ્ત્રીઓના પગનું પૂજન કરે છે.§

---

* બંગાળામાં બ્રાહ્મણ સિવાયની બીજી ન્યાતો બ્રાહ્મણનું અને બધા લોકો પોતપોતાના ગુરુનું છાંડેલું પ્રસાદ તરીકે ખાય છે.

—સેવાનંદ

§ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાન્તોના ખાવાપીવાના અને અડકવા-આભડવાના રિવાજો એકબીજાથી તદ્દન ઉલટા છે છતાં પણ દરેક પ્રાન્તના લોકો શાસ્ત્રને અનુસરવાનો દાવો કરે છે ! ગુજરાત અને મહારાષ્ટ્રમાં લોટમાં પાણી પડે એટલે એઠું થયું કહેવાય. સંયુક્ત પ્રાન્તમાં ઘીમાં બનાવેલી "પક્કી રસોઇ" ગમે તેના હાથની ખવાય. રજસ્વલા સ્ત્રીને અડકાય નહિ પણ તેને હાથોહાથ પાનની બીડી આપી શકાય. પૂછીએ ત્યારે કહે કે થોડા અમે એને અડકયા છીએ! અમે તો પાનનેજ અડકયા છીએ. ચાકરડી લોટ બાંધી આપે તેની પૂરીઓ બ્રાહ્મણને ખપે. પંજાબના લોક બે હાથે ખાય અને હાથ ખરડાયા હોય તોજ ધૂએ અગર રૂમાલથી લૂછી નાખે, નહિ તો કાંઇ નહિ. બંગાળીઓ માંસ ખાય પણ લસણ ન ખાય ! સંયુક્ત પ્રાન્તમાં મુસલમાન નોકરને પૂરીનું પોટલું લાકડીએ ભેરવીને ઉંચકવા આપ્યું હોય તો ચાલે, કારણ કે મુસલમાન થોડોજ પૂરીઓને અડકયો છે ? તે તો લાકડીને અડકયો છે ! મતલબ કે, શાસ્ત્ર નહિ પણ રૂઢિબાઇ હિન્દુસમાજ ઉપર રાજ્ય કરે છે. આ લખનાર એક વાર પંજાબમાં ફરતો ફરતો સિયાલકોટ જઇ ચઢયો. બજારમાં હોટેલ દીઠી એટલે ત્યાં જઇને પૂછયું: "કયા ખાના તૈયાર હય ?" હોટલવાળો બોલ્યો:" "ગોસ્ત હય, રોટી હય." મેં ચાલવા માંડયું ત્યારે હોટેલવાળો સમજ્યો કે એ હિન્દુ હશે તેથી વાછરડાનું માંસ સમજી

(ઘ) નાતરીઆ નાતના હાથનું પાણી પણ પીવાય છે.

બંગાળાના વૈષ્ણવ સંપ્રદાયમાં એક ન્યાત એવી છે કે જેમનામાં નાતરાં કરવાનો અને ગમે તે ન્યાતની કન્યાને પરણવાનો ચાલ છે. એ ન્યાતના વૈષ્ણવ અને વૈષ્ણવીનું પાણી બધા લોકોને ખપે છે.×બિહાર અને ઓરિસ્સામાં એવી કેટલીક ન્યાતો છે કે જેમનામાં નાતરાં કરવાનો ચાલ હોવા છતાં તેમના હાથનું પાણી સૌને ખપે છે. એ નાતરીઆ નાતના પુરુષો અને સ્ત્રીઓ એઉના હાથનું પાણી એકલા ઓરિસ્સા અને બિહારમાંજ નહિ પરંતુ બંગાળામાં પણ ઘેરે ઘેર ખપી શકે છે. બંગાળાનાં ઘણાં હિંદુ કુટુંબોમાં એ ન્યાતની સ્ત્રીઓ તેમજ પુરુષો નોકરીએ રહે છે અને રાંધવાનું તેમજ પીવાનું પાણી ભરી લાવે છે. પરંતુ જો કોઇ બંગાળાની વિધવાએ પુનર્લગ્ન કર્યું તો બસ તેના પાણીનો છાંટો કોઇ લેશે નહિ!

(ङ) ગંગાજળ

અસ્પૃશ્ય ન્યાતોના લોકો ગંગાજળ ભરી લાવે તે આજે પણ બંગાળામાં બધાજ લોકો ઉપયોગમાં લે છે. તેંતુલીઆ બાગદી સિવાય બીજા બધા બાગદીઓમાં નાતરાંનો ચાલ છે. પણ એવાં નાતરાં કરનારા ભાયડા અને બાયડીઓના હાથનું ગંગાજળ પીવામાં કોઈ વાંધો લેતું નથી.

(च) મુસલમાનના હાથનું પાણી

દવાખાનાંઓમાં ઘણી જગ્યાએ મુસલમાન કોમ્પાઉન્ડર હોય છે. તેઓ એક હાથમાં પાણીનો ગ્લાસ અને બીજા હાથમાં દવા રાખીને એઉનું મિશ્રણ કરે છે. એ દવા ટીલાં ટપકાં કરનારા બ્રાહ્મણો અને બીજા બધા ઉંચી ન્યાતના હિંદુઓ વગર હરકતે પી શકે છે. ÷ મુસલમાનના હાથનું નાળીએરનું પાણી, દૂધ,

ને ચાલ્યો જતો હતો: એટલે તેણે વળી ફરીથી કહ્યું: "ગોસ્ત બકરાકા હય." તો પણ મેં તો પાછું ફરીને જોયુંજ નહિ. ત્યારે પેલો બૂમ પાડવા લાગ્યો: "ક્યુ સાહબ! ક્યું તબિયત બિગડતે હો?" મેં કહ્યું, "હમ લોક ગોસ્ત ઇસ્તિમાલ નહી કરતે હય." ત્યારે તે ભલો માણસ બોલી ઉઠ્યો, "અચ્છા, આપ ગોસ્ત મત ખાઇએ. આપકો ગોસ્તકી અંદર સે આલુ આલુ (બટાટા) ચૂન ચૂન કે નિકાલ દુંગા."

—સેવાનંદ

× અસવર્ણ વિવાહ-પૃષ્ઠ ૧૧

÷ આપણા ગુજરાતમાં નડિયાદ, આણંદ અને વલસાડમાં

બરફ, સોડા, લેમોનેડ અને પાનસોપારી સૌને ખપે છે. મુસલમાન હજામ પાસે હજામત કરાવતી વખતે તે મોઢે પાણી લગાડે તે ચાલે. મુસલમાન ઘાંચીના ઘરનું તેલ ખવાય! પેલી કહેવત ખરીજ છે કે "જેનો ખપ તેનો છોછ નહિ."

થોડા વખતની વાત ઉપર શ્રીનગર (કાશ્મીર)ના બ્રાહ્મણ પંડિતો મુસલમાન ભીસ્તીઓના હાથનું પાણી પીવાના કામમાં લેતા હતા. =

## (છ) વધારે આશ્ચર્યની વાત!

જે ન્યાતના હાથનું પાણી પીવાને માટે બ્રાહ્મણોને ન્યાતબહાર મૂકવામાં આવે છે તેજ બ્રાહ્મણો પરદેશમાં જઇને તેજ ન્યાતના હાથનું પાણી પીએ તો તેમાં કોઈ વાંધો લેતું નથી અને તે બ્રાહ્મણ વટલાતો પણ નથી!

ઉંચ વર્ણના લોકો અસ્પૃશ્ય જાતિના હિંદુઓને તેમને કૂવે પાણી ભરવા દેતા નથી, કૂવાને અડકવા પણ દેતા નથી; પણ તેજ કૂવે મુસલમાનો અને ખ્રિસ્તીઓના ઘરનાં પાણી ભરવા આવે તો કોઇથી ચૂં કે ચાં થતી નથી. તેઓ બેધડક કૂવામાં પોતાનાં વાસણ નાખે, પાણી ભરે અને હિંદુઓનાં બૈરાં તેમના છાંટા ઉડવાની ધાકે ઉભાં ઉભાં જોયા કરે!

## (જ) દહીં

દહીંને વિષે તો મહર્ષિ મનુ અને વિષ્ણુ બેઉ લખી ગયા છે કે દહીં તો વગર માગ્યે જેની પાસે મળે તેની પાસેથી લેવાય. બંગાળાના સ્વતંત્ર હિંદુ રાજા શાસ્ત્રજ્ઞ બલ્લાલ સેને પદ્મિની નામની ડોમ જાતિની સ્ત્રીના હાથનું દહીં ખાધું હતું. શાસ્ત્રમાં છૂટ ન હોત તો બલ્લાલ સેન જેવો ધાર્મિક રાજા એવું કામ કરેજ નહિ. આજે પણ આગગાડીમાં ચઢીને એક ગામથી બીજે ગામ દહીં, દૂધ અને માખણના ડબ્બા જાય છે જ ને? ઢેડ, ભંગી પોર્ટરો તેને ગાડીમાં ચઢાવે છે અને ઉતારે છે. ગામડાંમાંથી શહેરમાં જતાં તેમને કોના કોના હાથ અડકે છે તે બ્રાહ્મણો જાણે છે અને છતાં તે દહીં આરોગે છે અને ઠાકોરજીના

---

ખ્રિસ્તી મિશનનાં દવાખાનાં છે. ત્યાં ભદ્રંભદ્ર બ્રાહ્મણ વાણીઆ બધાએ દવા કરાવવા જાય છે અને રહે છે પણ ખરા. પણ દવાખાનાની બહાર એજ ખ્રિસ્તીઓની સાથે સંસર્ગ રાખવા તેઓ તૈયાર નથી.
—સેવાનંદ

= માનસી, ચૈત્ર ૧૩૨૮, પૃ૪ ૧૭૦.

પંચામૃતમાં પણ વાપરે છે. વારુ, મુંબઈ જેવા શહેરમાં ગયા પછી એ દહીં વેચનારાની દુકાને અઢારે વર્ણના લોકો દૂધ દહીં લેવા આવે છે-તેમાં મુસલમાનો અને હાલીઓ (સુરતી ઢેડ) પણ હોય-તે બધાનો અડકબોળો થાય તોપણ તે દહીં સૌને ખપે. પણ એજ દહીંને દુકાનની બહાર કોઈ નીચ કોમનો હાથ અડ્યો એટલે બસ તે અભડાઈ ગયું !

આ બધું જોતાં હિન્દુઓના વ્યવહારમાં અમુક ચોક્કસ નિયમ છે એવું કહેવાની કોની હિંમત ચાલશે ? આમાં કાંઈ પણ ઢંગધડો છે ? સાદી સમજ છે ? બુદ્ધિપૂર્વકની દલીલ છે ?×

## (૨૭) ખોરાક

ગીતામાં કહ્યું છે કે "જે ખોરાકથી સ્વાસ્થ્ય, આયુષ્ય અને બળ પ્રાપ્ત થાય, શરીર પુષ્ટ થાય, કામ કરવાનો ઉત્સાહ પેદા થાય, ચિત્ત પ્રસન્ન રહે, ખોરાક ઉપર રુચિ વધે, રસ ઉત્પન્ન થાય એવો સ્નિગ્ધ ખોરાક ખાવો." ×

મહાભારત કહે છે કે " સવારસાંજ મળીને દિવસમાં બે વાર ખાવું. ખોરાક જરૂરીઆત કરતાં વધારે હોવો ન જોઈએ તેમ જરૂરીઆત કરતાં ઓછો પણ ન હોવો જોઈએ.* ઉદરનો અરધો ભાગ ખોરાકથી અને પા ભાગ પાણીથી ભરી દેવો, અને બાકીનો પા ભાગ ખાલી રહેવા દેવો. એમ કરવાથી ખાધેલું જલદી અને સહેલાઈથી પાચન થઈ જાય છે."

## (૨૮) શરીર

ચારિત્ર્યગઠન કરવાની, જ્ઞાન સંપાદન કરવાની અને ઉદાર થવાની જેટલી જરૂર છે તેટલીજ આપણાં શરીરને પુષ્ટ અને બળવાન બનાવવાની પણ છે. મહાભારત કહે છે કે શરીરની કદી પણ અવગણના કરવી નહિ. કર્મ કરવાનું અને ધર્મની સાધના કરવાનું સાધન જોઈએ તો શરીરજ છે. શરીરને હરકત ન પહોંચે એવી રીતે ધર્મનું પાલન કરવું. ધર્મનું પાલન કરવા જતાં શરીર

---

× ચોક્કસ નિયમની વાતજ ક્યાં છે ? જે મંદિરોમાં અંત્યજો-થી ન જવાય તે મંદિરમાં ગોરા અમલદારો અને તેમની સ્રીઓ જાય છે. કાશી વિશ્વનાથના મંદિરમાં લૉર્ડ અર્વિન ગયા હતા. હમણાં મદુરા, રામેશ્વર વગેરે મંદિરોમાં સેનાધિપતિની છોકરી જઈ આવી !

—સેવાનંદ

× ગીતા, ૧૭-૮ * શાંતિપર્વ, ૨૮૭-૨૪.

ખરાબ ન થઇ જાય તેની કાળજી રાખવી.× ઇન્દ્રિયોને સંયમમાં રાખ્યાથી દીર્ઘાયુષી થવાય છે.

## (૨૯) રોજગાર

મનુ તથા બીજા બધા ઋષિમુનિઓ લખી ગયા છે કે, ખેતી, વેપાર વગેરે રોજગાર કરીને પોતાના કુટુંબનો નિર્વાહ કરવો. નોકરી તો કરવીજ નહિ. કોઈ પણ જાતની નોકરી એ શ્વાનવૃત્તિજ કહેવાય છે. *

## (૩૦) તોપ, બંદુક વગેરે

કુરુક્ષેત્રના યુદ્ધમાં બેઉ પક્ષે ઘણુંજ મોટાં સૈન્યનો જમાવ કર્યો હતો. ત્યારે હવે સવાલ એ થાય છે કે આવડાં મોટાં સૈન્યોનો માત્ર અઢારજ દિવસની લડાઈમાં કેવી રીતે સંહાર થઈ ગયો ?

ઉત્તર એ છે કે, કુરુક્ષેત્રના યુદ્ધમાં બેઉ પક્ષે આગ્નેયાસ્ત્ર બંદુક, તોપ, દારૂગોળો, વિષ, અગ્નિ, ઝેરી વાયુ વગેરે નાશકારક સાધનોનો છૂટથી ઉપયોગ કર્યો હતો.

આગ્નેયાસ્ત્ર દેખાવમાં તેજથી જળહળતાં અને ભયંકર અવાજ કરે એવાં હતાં.= કુરુક્ષેત્રના યુદ્ધમાં એવાં અસ્ત્રોનો ઉપયોગ થયો હતો.+ એવાં અસ્ત્રોના ઉલ્લેખ યુદ્ધપર્વ સિવાય મહાભારતમાં બીજે કેટલેક ઠેકાણે પણ છે. ÷

રામાયણમાં લખ્યું છે કે, વિશ્વામિત્ર મુનિએ રામચંદ્રને આગ્નેય અને શિખર અસ્ત્ર આપ્યાં હતાં. કૅરિ અને માર્શમેન બેઉ જણ ઉપરોક્ત શિખર અસ્ત્રને (જેને શિખા અર્થાત્ અગ્નિની શિખા હોય છે એવું અસ્ત્ર) આગ્નેય અસ્ત્ર એટલે એક પ્રકારનું બંદુકના જેવું અસ્ત્ર કહે છે.

હરિવંશ અને વાયુપુરાણમાં લખ્યું છે કે પરશુરામે સગર રાજાને આગ્નેયાસ્ત્ર આપ્યું હતું.†

---

× શાંતિપર્વ, ૨૬૪–૧૪.

* મનુસંહિતા, ૪–૯, ૬. ૧૦–૮૨. પરાશર સંહિતા, ૨–૨,૮. ગૌતમ સંહિતા, અધ્યાય ૧૦. વસિષ્ઠ સંહિતા–અધ્યાય ૨. શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૧, અધ્યાય ૧૭.

= કર્ણપર્વ, ૮૯–૧૭,૧૮.

+ દ્રોણપર્વ, ૩૧–૫૪. ૯૬–૪૮. કર્ણપર્વ, ૮૯–૧૭, ૧૮.

÷ વનપર્વ, ૨૪૪–૭. વિરાટ પર્વ, ૫૮–૫૨. ઉદ્યોગ પર્વ, ૧૮૨–૧૨.

† વાયુપુરાણ, ૮૮–૧૩૫.

## (क) બંદુક

કૃષ્ણ યજુર્વેદની ૧-૫-૬-૭ મી ઋચા ઉપરની સાયણા-ચાર્યની ટીકામાં લખ્યું છે કે, તે અસ્ત્ર લોઢાનું બનાવેલું હોય છે, તેની અંદર છિદ્ર હોય છે, અંદરના ભાગમાં સળગતો અગ્નિ હોય છે અને તેમાંથી અગ્નિના ભડકા જેવું તેજ બહાર નીકળે છે. ત્યારે હવે આ અસ્ત્રને બંદુક નહિ તો બીજું શું કહેવું ? પ્રિન્સીપાલ ઍાપાર્ટ લખે છે કે વેદમાં બંદુકનો ઉલ્લેખ છે.

વૈશંપાયનની નીતિપ્રકાશિકામાં નલિકા અસ્ત્રનું નીચે મુજબ વર્ણન છેઃ—તેની આકૃતિ સીધી, પાતળી અને વચમાં છિદ્રવાળી છે. તે રંગે કાળું હોય છે. તેના છિદ્રમાંથી નાની લોઢાની ગોળી નીકળીને સામા માણસને વાગે છે. આ વર્ણન ઉપરથી અને શુક્રનીતિમાં પણ નલિકા અસ્ત્રનું જે વર્ણન છે તે જોતાં એ અસ્ત્ર બંદુકજ હોવું જોઇએ.

કુરુક્ષેત્રના યુદ્ધમાં બેઉ પક્ષનાં સૈન્યે ઉપર કહ્યા તેવા નલિકાઅનો ઉપયોગ કર્યો હતો. ×

મહાભારતમાં એવું પણ લખ્યું છે કે "દ્રોણાચાર્યે અર્જુનને બ્રહ્મશિર નામનું અતિ ઉત્કૃષ્ટ, અસાધારણ, અમોઘ, અત્યંત વેગ અને બળયુક્ત અને વીજળીના જેવું ઝળકતું અસ્ત્ર તેના ઉપયોગ અને ઉપસંહારની પૂરેપુરી સમજ સાથે આપ્યું હતું. તેનામાં આખી પૃથ્વીનો નાશ કરવા જેટલું બળ હતું. + આજ જાતનું અસ્ત્ર તેમણે પોતાના પુત્ર અશ્વત્થામાને પણ આપ્યું હતું. તેનો ઉપયોગ કરતી વખતે અશ્વત્થામાએ તેને ડાબા હાથથી પકડયું હતું અને તેમાંથી અગ્નિના ભડકા નીકળવા લાગ્યા હતા. * અર્જુને વાપરેલા બ્રહ્મશિરાસ્ત્રમાંથી પણ એક-એક અગ્નિનો ભડકો ઉત્પન્ન થયો હતો અને તેના ધડાકાથી આકાશ ગાજી ઉઠયું હતું. ÷ આ બધી હકીકત બંદુકને મળતી આવે છે તે જોતાં બ્રહ્મશિરાસ્ત્ર તે એક પ્રકારની બંદુકજ હશે.

---

× ઉદ્યોગપર્વ, ૧૭૧-૩૮. ભીષ્મપર્વ, ૯૫-૩૧. ૧૦૬-૧૩. દ્રોણપર્વ, ૧૮૬-૮૪. કર્ણપર્વ ૪૯-૩૪. ૮૯-૨૪. સૌપ્તિકપર્વ, ૧૦-૧૫. સ્ત્રીપર્વ, ૧૯-૬. ૨૩-૧૮.

+ આદિપર્વ, ૧૩૩-૧૮,૧૯,૨૦. ૧૩૯-૧૦,૧૧.

* સૌપ્તિકપર્વ, ૧૩-૧૯, ૨૨. ૧૫-૧૬.

÷ સૌપ્તિકપર્વ, ૧૪-૭, ૧૦.

મહાભારતમાં વળી અયઃકણુપ નામના અસ્ત્રનો ઉલ્લેખ છે. જે શ્લોકમાં તેનો ઉલ્લેખ છે તેના ઉપરની ટીકામાં ટીકાકાર નીલકંઠ લખે છે કે "જેમાં અયઃકણુ અર્થાત્ લોઢાની ગોળી ભરવામાં આવે છે અને તે ગોળીને અગ્નિના પ્રયોગ વડે દૂર ફેંકવામાં આવે છે તે લોઢાના બનેલા યંત્રને 'અયઃકણુપ' કહે છે." ત્યારે આ અસ્ત્ર તે બંદુક ખરૂં કે નહિ? ×

## (ख) તોપ

રામાયણમાં શતઘ્ની નામના અસ્ત્રનું નીચે મુજબ વર્ણન છેઃ– તે લોખંડની બને છે. તેની આકૃતિ એકસરખી ગોળ અને લીસી છે અને દેખાવમાં ભયંકર છે. * તેનું કદ મોટા વૃક્ષના થડ જેવું હોય છે અને જ્યારે તે ફૂટે છે ત્યારે મેઘગર્જનાના જેવો ધડાકો થાય છે. તેને કિલ્લાના બુરજ ઉપર ગોઠવવામાં આવે છે અથવા યુદ્ધક્ષેત્રમાં લઈ જવામાં આવે છે. મહાભારતમાં શતઘ્નીનું વર્ણન કરતાં લખ્યું છે કે તેને બે અથવા ચાર પૈડાં હોય છે. તે ખૂબ મોટી અને કાળા લોઢાની બનેલી હોય છે. એકકે વખતે સો સો જણનો સંહાર કરી શકે છે. એકકે વખતે હજાર માણસના પણ ભૂકા કાઢી નાખે એવું પણ એક મહાઅસ્ત્ર થાય છે તેને સહસ્રઘ્ની કહે છે.÷ આવી શતઘ્નીઓએ કિલ્લાના બુરજ ઉપર ગોઠવવાનો ઉલ્લેખ મત્સ્ય પુરાણમાં પણ છે.

હોલોહેડ લખે છે કે, અસલના વખતમાં તોપોનેજ શતઘ્ની કહેતા હતા; અને ઘણીજ મોટી તોપોને સહસ્રઘ્ની કહેતા હતા.

અયોધ્યામાં સેંકડો શતઘ્નીઓ હતી એવો ઉલ્લેખ રામાયણમાં પણ છે. લંકાના કિલ્લાના દરવાજાઓ ઉપર રાક્ષસોએ સેંકડો શતઘ્નીઓ ગોઠવી હતી એવું વર્ણન પણ રામાયણમાં છે.‡

મહાભારતમાં લખ્યું છે કે "પાંડવોએ ઇન્દ્રપ્રસ્થ નગરીને શતઘ્નીઓ અને મોટાં મોટાં લોખંડનાં ચક્રો વડે સુશોભિત બનાવી દીધી હતી. એવી શતઘ્નીઓ દ્વારકામાં પણ હતી. કિલ્લાના દરવાજાની ઉપર તેમને ગોઠવવામાં આવતી હતી. +

× આદિપર્વ, ૨૨ [illegible]–૫

* રામાયણ, [illegible] ૩ ૧૩

÷ દ્રોણપર્વ, ૧૯૮–૧૯ [illegible], ૩ [illegible]

‡ રામાયણ, [illegible] ૧૧ [illegible] ૩ ૧૩

+ આદિપર્વ, [illegible] સભાપર્વ [illegible] [illegible]

કુરુક્ષેત્રના યુદ્ધમાં બેઉ પક્ષ તરફથી શતઘ્નીઓનો ઉપયોગ થયો હતો.*

મહાભારતમાં તુલાગુડ નામના એક બીજા યંત્રનો ઉલ્લેખ છે. તેમાંથી મેઘની ગર્જનાના જેવો પ્રચંડ ભડાકો થાય છે અને તેના વેગથી પવન સૂસવાટા કરતો અગ્નિબાણ છૂટે છે. તેને પૈડાં પણ હોય છે. મહાભારતમાં તુલાગુડ યંત્રનું આવું વર્ણન છે. નીલકંઠ તેને બંદૂકજ કહે છે પણ તે પૈડાંવાળી છે તે જોતાં તો તેને તોપજ કહેવી જોઇએ. ×

વળી મહાભારતમાં મોટા પ્રચંડ કાના નાગ યંત્રનો ઉલ્લેખ છે; તેના મુખમાંથી પણ અગ્નિના ભડકા નીકળતા હતા.=

રામાયણમાં બ્રહ્માસ્ત્ર નામના શસ્ત્રનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છે:– તે વજ્રના જેવું અનંત કઠણ અને ભયંકર આકૃતિવાળું છે. તે અંદરથી પોલું હોવા છતાં પણ વજનદાર છે. તેમાંથી ધુમાડો અને અગ્નિના ભડકા નીકળે છે. વાયુના જેવો તેનો વેગ છે. તેનો ધડાકો અત્યંત પ્રચંડ હોય છે. રથ, ઘોડા, હાથી, કિલ્લાના દરવાજા અને પર્વતોના પણ તે ભાંગીને ભુક્કા ઉડાવી દે છે. ÷ રેવરંડ કૃષ્ણમોહન બન્દોપાધ્યાય લખે છે કે એ બ્રહ્માસ્ત્ર ઘણું કરીને બંદુકજ હશે. પણ તેને પર્વતને પણ તોડી નાખે એવી કહી છે માટે બંદુક નહિ પણ તે તોપજ હોવી જોઇએ. મહાભારતમાં લખ્યું છે કે જ્યારે બ્રહ્માસ્ત્ર સળગી ઉઠતું ત્યારે તેમાંથી ધુમાડો નીકળતો હતો. આવું મહામૂલ્યવાન બ્રહ્માસ્ત્ર પરશુરામે દ્રોણાચાર્યને તેનો ઉપયોગ, ઉપસંહાર અને રહસ્યની પૂરેપુરી સમજ પાડયા પછી તેમના હાથમાં આપ્યું હતું.+

કુરુક્ષેત્રના યુદ્ધમાં બેઉ પક્ષ તરફથી બ્રહ્માસ્ત્રનો ઉપયોગ થયો હતો. ‡

---

* ઉદ્યોગપર્વ, ૧૯૫–૧૪. ૪૮–૧૯. ભીષ્મપર્વ, ૯૬–૫૮; ૧૧૯–૨. દ્રોણપર્વ, ૧૦૦–૨૯. ૧૩૬–૨૦. ૧૫૪–૧૪૧. ૧૭૩–૪૦. કર્ણપર્વ, ૧૧–૮. ૨૭–૩૦. ૫૮–૧૫.

× વનપર્વ, ૪૨–૫

= વનપર્વ, ૪૨–૬

÷ રામાયણ, લંકાકાંડ, ૧૧૦–૬ થી ૧૦

+ ઉદ્યોગપર્વ, ૧૮૬–૧૫, ૧૬, ૧૭, ૨૧. આદિપર્વ, ૧૬૬–૧૩. ૧૩૦–૬૩, ૬૫.

‡ દ્રોણપર્વ, ૨૬–૨૦. ૯૦–૯, ૧૨. ૧૨૩–૧૨, ૧૩. ૧૫૫–૩૯, ૪૧.

મહાભારતમાં એક જગ્યાએ એવું વર્ણન છે કે એક ગોળો મેઘની માફક ગર્જના કરતો કરતો વાયુવેગે ચાલ્યો ગયો. સ્કૉલિયટ લખે છે કે એ તોપનો ગોળો હોવો જોઇએ.

જે આર્યો પ્રાચીનકાળમાં મોટા મોટા લોખંડના સ્તંભ બનાવી શકતા તેમને માટે તોપ બનાવતાં શું અઘરૂં પડવાનું હતું ?

## (ગ) ફાટી નીકળે એવાં યંત્રો

કુરુક્ષેત્રના યુદ્ધમાં ફાટી નીકળે એવાં યંત્રોનો પણ ઉપયોગ થયો હતો. અર્જુને ઈન્દ્રાસ્ત્ર ફેંક્યું ત્યારે તેમાંથી સેંકડો ધગધગતાં અને તેજસ્વી દિવ્યાસ્ત્ર નીકળવા લાગ્યાં.× અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર વાપર્યું હતું એમ કહેવાય છે. તેમાંથી બળતા અગ્નિ જેવાં તેજસ્વી સેંકડો અસ્ત્રો ઉત્પન્ન થયાં હતાં. તેમને પોતાની સામે આવતાં જોઇને પાંડવોએ હાથી, રથ, ઘોડા વગેરે ઉંચાં વાહન ઉપરથી ચટોચટ કૂદી પડીને તે અસ્ત્રોનો ઘા ચુકાવ્યો હતો.=

## (ઘ) પાશ્ચાત્ય પંડિતોના મત

થેમિસ્ટિયસ નામનો ગ્રીક લેખક લખે છે કે " બ્રાહ્મણો વજ્ર અને વીજળી વડે આઘે રહ્યા રહ્યા યુદ્ધ કરે છે. " મહાન સિકંદર લખી ગયો છે કે "ભારતવર્ષમાં મારા સૈન્ય ઉપર સળગતી અગ્નિશિખાઓની વૃષ્ટિ કરી હતી." ફિલોસ્ટ્રેટસ લખે છે કે " સિકંદર સિંધુ નદી ઓળંગીને આગળ તો વધ્યો પણ તેનાથી હિન્દુઓનો સુરક્ષિત પ્રદેશ જીતી શકાયો નહિ. હિન્દુસ્તાનમાં તે જેટલી લડાઇઓ લડયો તે દરેકમાં તેના શત્રુઓ તેના સૈન્ય ઉપર વેગળે રહ્યાં રહ્યાં આકાશમાંથી તૂટી પડતી વીજળીના જેવાં નાશક અસ્ત્રોનો વરસાદ વરસાવીને તેને પાછા હઠવાની ફરજ પાડતા. મિસરવાસીઓ અનેક યંત્રોની મદદથી તેમની જગ્યાનો કબજો લેવાનો પ્રયત્ન કરતા, પણ તેમનો ખરેખરો હુમલો થતા સુધી હિન્દુઓ ઠંડે કલેજે શત્રુની રમત ઉભા ઉભા જોયા કરતા અને પછી ઉંચી જગ્યા ઉપરથી વીજળીનાં જેવાં તેજસ્વી અને નાશકારક અસ્ત્રોની ઝડી વરસાવીને શત્રુઓનો સંહાર કરી નાખતા." હોલોહેડ લખે છે કે છેક

---

૧૮૭–૪૮. ૧૯૧–૨૫. ૧૯૮–૩૪.૨૦૦–૩૬. કર્ણપર્વ, ૮૯–૩૬. ૮૯–૫૦. ૯૧–૨૦, ૨૧. વિરાટપર્વ, ૫૧–૮, ૧૧.

× દ્રોણપર્વ, ૧૮–૫, ૬.

= દ્રોણપર્વ, અધ્યાય ૧૯૮.

પ્રાચીન કાળમાં પણ હિન્દુ લોકો બંદુકના જેવાં અસ્ત્ર વાપરી જાણતા. ઇલિયટ લખે છે કે "પ્રાચીન કાળમાં ભરતખંડના લોકો કોઈ નહિ ને કોઇ પ્રકારનાં આગ્નેયાસ્ત્ર તો વાપરતાજ હતા એટલું આપણે કબૂલ કરવુંજ પડશે." મૅડમ બ્લાવાટ્સ્કી લખે છે કે "પ્રાચીન કાળમાં હિન્દુ લોકો આગ્નેયાસ્ત્રનો ઉપયોગ કરતા હતા." ડૉ૦ રામદાસ સેન લખે છે કે અસલના ભારતવાસીઓ બંદુક અને દારૂગોળાનો ઉપયોગ કરી જાણતા હતા અને એ વસ્તુઓની સૌથી પહેલી શોધ કરનાર પણ તેઓજ હતા.+

## (छ) દારૂગોળો

દારૂગોળો એટલે આગ્નેયાસ્ત્રમાં વપરાતું રાસાયનિક દ્રવ્ય એવું મહાભારતમાં લખ્યું છે. તે વખતે દારૂગોળાનો ઉપયોગ થતોજ હતો.× પ્રિન્સેપ લખે છે કે બંદુકના દારૂની શોધ ભરતખંડમાંજ થઈ છે. હેલ્હેડે પણ લખ્યું છે કે બંદુકના દારૂનો વપરાશ હિન્દ અને ચીનમાં છેક પ્રાચીનકાળથી થતો આવ્યો છે.

## (च) સૂરોખાર અને ગંધક

બંદુક માટેના દારૂની બનાવટમાં સૂરોખાર, ગંધક અને *લાકડાંના કોલસા, એ ત્રણ ચીજો વપરાય છે. ઇલિયટ લખે છે કે ગંગાની ખીણના પ્રદેશની માટીમાં જોઇએ તેટલો સૂરોખાર છે અને ભરતખંડના વાયવ્ય કોણના પ્રદેશમાં ગંધક મોટા પ્રમાણમાં મળી આવે છે. વિલ્સન લખે છે કે "હિન્દુઓના વૈદક શાસ્ત્રને લગતા ગ્રંથસમૂહ ઉપરથી એટલું ચોક્કસપણે કહી શકાય છે કે બંદુકના દારૂની બનાવટમાં વપરાતી વસ્તુઓ જેવી કે ગંધક, સૂરોખાર અને કોલસાથી તે લોકો સારી રીતે જાણીતા હતા અને એ બધાં દ્રવ્યોના ઢગના ઢગ તેમનાં રહેઠાણની આસપાસ પડેલા હતા. આટલું બધું છતાં તે દ્રવ્યોને એકત્ર કરીને સળગાવવાની કળાનું તેમને જ્ઞાન ન હતું, એ વાતજ અસંભવિત છે. એવી જાતના સંદેહને માટે પણ અવકાશ નથી; કારણ કે તેઓ યુદ્ધમાં આગ્નેયાસ્ત્રો વાપરતા એવાં અનેક પ્રમાણ તેમનાં કાવ્યોમાં છે."

---

+ ભારતદર્શન.

× પ્રવાસી, માઘ ૧૩૨૮, પૃષ્ઠ ૪૬૪.

* ખાસ કરીને ખરસાણી અથવા થોરીઆના કોલસા.

—મેવાન઼ંદ

## (છ) ગૅસ (ઝેરી વાયુ)

મહાભારતમાં વાયુયંત્રનો પણ ઉલ્લેખ છે.§ વળી અર્જુને એક વાર સંમોહન અસ્ત્રનો પણ ઉપયોગ કર્યો હતો તેનાથી બધા કૌરવો ઘોર નિદ્રાવશ થઇને બેહોશ બની ગયા હતા. તે દરમ્યાન રાજકુમાર ઉત્તર તેમના રથ ઉપર ચઢી જઇને તેમનાં શરીર ઉપરનાં વસ્ત્ર ઉતારી લાવ્યો હતો.÷ એ સંમોહન અસ્ત્રમાંથી કોઈ જાતનો ઝેરી વાયુ નીકળતો હોવો જોઇએ. 'થિયોસોફિસ્ટ' નામની માસિક પત્રિકાના એક અંકમાં લખ્યું છે કે અસલના વખતમાં હિન્દુ લોકો ઝેરી વાયુને મળતા કોઈ પદાર્થનો ઉપયોગ કરીને સામા પક્ષનો સંહાર કરતા હતા.

## (જ) સળગી ઉઠે એવા પદાર્થ અને ઝેર

હિન્દુસ્તાનના લોકો અસલના વખતમાં લડાઇની અંદર સળગી ઉઠે એવા પદાર્થોનો અને ઝેરનો પણ ઉપયોગ કરતા.† મહાભારતમાં લખ્યું છે કે "અગ્નિ અને ઝેર વડે શત્રુના રાજ્યમાં ઉપદ્રવ કરવો."× અર્જુને એક આગ્નેયાસ્ત્ર સળગતું છોડીને ચિત્રરથ ગંધર્વનો રથ બાળી મૂક્યો હતો.* દુર્યોધનના ઉરૂભંગ પછી અર્જુન અને કૃષ્ણ કૌરવોની છાવણીના દરવાજા આગળ જેવા રથમાંથી ઉતર્યા તેવોજ તે સળગી ઉઠયો અને ખાક થઈ ગયો. કૌરવપક્ષમાંના કોઇએ તેમાં પહેલેથીજ કોઈ દાહ્ય પદાર્થ મૂકી રાખ્યો હોય એ બનવા જોગ છે.=

ટેસિયસ, ઇલિયસ અને ફિલોસ્ટ્રેટસ, ત્રણે જણ લખી ગયા છે કે પ્રાચીન કાળમાં હિન્દુ લોકો લડાઇમાં વાપરવાને માટે એક ચોક્કસ પ્રકારનું તેલ બનાવતા. તેના વડે તેઓ શત્રુનાં શહેર અને કિલ્લાની દિવાલોનો નાશ કરતા. તે એક વાર સળગ્યું એટલે પછી તેને હોલવવાની વાતજ નહિ. તેના વડે સૈન્ય અને શસ્ત્રભંડાર બધુંએ બળીને સાફ થઈ જતુ.

છેલ્લા મહાયુદ્ધમાં જો જર્મન લોકોએ નાના પ્રકારનાં

---

§ વિરાટપર્વ, ૫૮–૫૯. [illegible]

÷ વિરાટપર્વ, અધ્યાય [illegible]

† [illegible]

[illegible]

× શાંતિપર્વ, [illegible]

* આદિપર્વ, [illegible]

= શલ્યપર્વ, અધ્યાય [illegible]

આશ્ચર્યકારક અસ્ત્રશાસ્ત્રનો ઉપયોગ કર્યોજ ન હોત તો ભરતખંડનાં આ બધાં અસ્ત્રશસ્ત્રો વાસ્તવિક નહિ પણ કવિઓએ કલ્પેલાંજ કહેવાત.

## (૩૧) દેશાચાર

હિન્દુજાતિને-એકલા હિન્દુઓનેજ શા માટે ?-જો બીજી કોઈપણ જાતિને ઉન્નત અને મહિમાવંતી થવું હોય તો તેને સ્વતંત્ર વિચારશક્તિની અનિવાર્ય અગત્ય છે. સ્વતંત્ર વિચારશક્તિમાંથીજ શુદ્ધ વિવેકબુદ્ધિ જાગ્રત થાય છે. વિવેકબુદ્ધિ વડે કયું કાર્ય દેશના લાભનું છે અને કયું ગેરલાભનું છે તે નક્કી થાય છે. એટલું નકકી થયા પછી ગેરલાભનાં કામોનો ત્યાગ કરીને લાભદાયી કામોની પાછળ મંડી જવામાં જરા વિલંબ લાગતો નથી; પણ જેમણે પોતેજ આખી જિંદગીમાં સ્વતંત્રતાના સુખનો અને તેના ઉત્તમ લાભોનો સ્વાદ કદી ચાખ્યોજ નથી તેઓને દેશની સ્વતંત્રતાને માટે ઉત્કંઠા થાયજ કેવી રીતે ? દેશને સ્વતંત્ર બનાવવા માટે તેઓ પ્રાણપણે પ્રયત્ન કરેજ શાના ? અસલના વખતમાં આપણા દેશમાં સ્વતંત્રતાની કિંમત લોકો સમજતા હતા, સ્વતંત્રતાને પૂજતા હતા તેથીજ આપણો દેશ આવો મહિમાવાન હતો. જેટલી બાબતમાં દેશ સ્વતંત્ર તેટલી બાબતમાં તેનું મંગલ થયુંજ જાણવું. આપણા પૂર્વજો બધીજ બાબતમાં સ્વતંત્ર હતા તેથી પોતાના કલ્યાણની સિદ્ધિને માટે હજારો માર્ગ ગ્રહણ કરવાની તેમને છુટ હતી. બધીજ રીતે પરાધીન એવી કોઇ વ્યક્તિએ અગર કોઇ પ્રજાએ પોતાની ઉન્નતિ સાધી હોય એવો એક પણ દાખલો કોઇ બતાવી શકશે ? દેશાચારને તાબે થઇને આપણે આપણા દેશનું સત્યાનાશ વાળી દીધું છે.

અસલના આપણા ધર્મમાં અને દેશાચારમાં કેટલો આસમાન જમીન જેટલો ફેરફાર થઇ ગયો છે ? ઋગ્વેદના છેક પ્રાચીન મંત્રોનાં ઉષા, આકાશ, મરુત્ વગેરે દેવદેવીઓ આજે કયાં ણ્યા ખાતાં હશે ? ઋગ્વેદનીજ પણ જરા પાછલા સમયની યજ્ઞયાગ વગેરે ક્રિયાઓ આજે આપણે કેટલે ઠેકાણે જોઇએ છીએ ? અસલના વખતના જેવા વર્ણાશ્રમ ધર્મ આજે કોણ પાળે છે ? અગ્નિહોત્રી બ્રાહ્મણો તો આજે શોધ્યા જડતા નથી. ઉપનિષદ્નો એકેશ્વરવાદ આજે કેટલાને માન્ય છે ? ત્યારપછી આગળ જતાં બૌદ્ધ ધર્મની અસરથી હિન્દુધર્મની અંદર શું થોડા

વિપ્લવ થવા પામ્યો છે? વેદના યજ્ઞયાગની સામે બળવો જગાડીને ઇન્દ્રિયદમન એજ મુક્તિનો સાચો ઉપાય છે એવા તે વખતના લોકોને મન તદ્દન નવીન વિચારનો પ્રચાર કરીને બૌદ્ધોએ એકલા ભરતખંડની નહિ પણ આખા જગતની વિચાર-સૃષ્ટિમાં ક્રાંતિ કરી દીધી હતી તે બૌદ્ધધર્મ આજે ભરતખંડમાં-એ નથી અને આખા જગતના કોઈ પણ એક ખૂણામાં પણ નથી. ત્યારપછી વળી એજ બૌદ્ધધર્મમાં સડો પેઠો અને તેણે તાંત્રિક ધર્મનું અને વામાચારનું સ્વરૂપ લીધું તેની પણ નિશાની આજે કોઈને દેખાય છે? આજે એજ ભુંસાઇ જતા બૌદ્ધ ધર્મના અવશેષ, તાંત્રિક ધર્મની સડેલી ક્રિયાઓ અને અનાર્ય પ્રજાઓ-ના દેવો, દેવીઓ અને ધાર્મિક માન્યતાઓ એ બધાના તાંતણા ભેગા થઇને તેમાંથી હાલનો મૂર્તિપૂજાપ્રધાન હિન્દુધર્મ ઉત્પન્ન થયો છે. આવું પરિવર્તન એકલા ધર્મમાંજ થયું છે એમ નહિ પણ જાતિભેદ, લગ્ન, સ્ત્રીજાતિના અધિકાર, સમુદ્રયાત્રા વગેરે તમામ બાબતોમાં થઈ ચૂકયું છે. ટૂંકામાં હિન્દુપ્રજાનો દૃષ્ટિકોણ-જ બદલાઇ ગયો છે!

જો અગાઉ પણ ધર્મમાં અને દેશાચારમાં વારંવાર ફેરફાર થતાજ આવ્યા છે તો આજે દેશના હિતને ખાતર તેમાં એક વાર ફરીથી ફેરફાર કરીએ તો શી હરકત છે?

દયાસાગર ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે જ્યારે નીચેનાં વાક્ય લખ્યાં હશે ત્યારે તેમને અત્યંત દુઃખ થયું હશે. તે લખે છે કેઃ—

“ઓ દેશાચાર! ધન્ય છે તને! તારા અનિર્વચનીય મહિમાનાં હું શાં શાં વખાણ કરૂં? તું તારા અનુગત ભકતોને કદી પણ ભાંગે નહિ એવી લોઢાની બેડીઓથી જકડી લઇને તેમના ઉપર એકહથ્થુ સત્તા ભોગવી રહ્યો છે! તું પગલે પગલે તારી સત્તા વધારતોજ જાય છે, શાસ્ત્રોના ઉપર પણ તું પગ મૂકવા લાગ્યો છે, તેં ધર્મને પણ મરણતોલ જખમી કરી દીધો છે, હિતાહિતનો વિચાર કરવાની અમારી શક્તિ તેં હરી લીધી છે, ન્યાય–અન્યાયના વિચારનો માર્ગ તેં બંધ કરી દીધો છે! તારા પ્રભાવથી આજે શાસ્ત્ર અશાસ્ત્ર ગણાય છે અને અશાસ્ત્ર શાસ્ત્ર ગણાય છે, ધર્મ અધર્મ ગણાય છે અને જે અધર્મ છે તે ધર્મ ગણાય છે એવી તારા સામ્રાજ્યની બલિહારી છે!”×

× વિદ્યાસાગરકૃત વિધવાવિવાહ, પૃષ્ઠ ૧૮૫

કેટલાક એવી દલીલ કરે છે કે સ્વતંત્ર રીતે ચિંતન અને તર્ક કરવાની છૂટ મળશે તો ઘણા જણ ભ્રમ અને પ્રમાદના ખાડામાં પડશે. અમે કહીએ છીએ કે, ભલે તેમ થાય. ખાડામાં પડેલા પણ પોતાની સ્વતંત્ર વિચારશક્તિ અને તર્કના બળથી પોતાની મેળે એ ખાડામાંથી ધૂળ ખંખેરીને ઉભા થશે અને ભ્રમ તથા પ્રમાદને દૂર કરશે. દરેકને ભૂલ કરવાની અને કરેલી ભૂલ પોતેજ સુધારવાની છૂટ હશે તોજ તે મનુષ્ય બની શકશે.

કેટલાક ડાહ્યા લોકો વળી એવી દલીલ કરે છે કે "જે રીત આજકાલ કરતાં ઘણાં વરસથી ચાલતી આવી છે તેને સાચવી રાખવામાંજ આપણી સલામતી છે." એના જવાબમાં અમે અંગ્રેજ કવિ ટેનિસનના એક કાવ્યની થોડીક પંક્તિઓનો ભાવાર્થ ટાંકીએ છીએઃ–

નવાને સ્થાન આપવાને જૂના રિવાજો બદલાશે;

અને જગત જો સારા રિવાજોને નહિ બગાડે તો ઈશ્વર તે પરિપૂર્ણ પણ કરશે.*

ખરી વાત એ છે કે આપણે જે જે દેશાચારનું પાલન કરવાનો દાવો કરીએ છીએ તે હિતાહિતનો વિચાર કરીને સમજપૂર્વક નથી કરતા પણ ઘણી વાર હિતાહિત તરફ બેપરવાહ બનીને દેશાચારની સત્તાને નમીને ચાલીએ છીએ. અમુક કાર્ય આપણા અગર દેશના હિતનું છે કે નહિ તેનો આપણે વિચાર નથી કરતા, પણ આમ કરીશું તો આપણી ન્યાતવાળા અથવા આસપાસના લોકો શું કહેશે અગર આપણે વિષે કેવો મત બાંધશે

* આ પંક્તિઓ ઉપર વિવેચન કરતાં પ્રો. જે. રાવ લખે છે કેઃ—

એકની એક પ્રથા, ભલેને તે ઘણી સારી હોય તોપણ લાંબો વખત ચાલુ રહેવાથી સમાજનું અહિત કરે છે. માણસના મનને જૂની અને લોકપ્રતિષ્ઠિત પ્રથાના ઉપર હદથી વધારે આધાર રાખવાની ટેવ પડી જવાથી અને પરિવર્તનના અભાવથી તેનામાં આળસનું જોર વધે છે અને તેથી ઉન્નતિનો વેગ સ્થગિત થઇ જાય છે. વળી સક્રિય શ્રદ્ધા અને પ્રબળ પુરુષાર્થને ઠેકાણે આખી જીવનહીન અનુકરણવૃત્તિ જડ ઘાલે છે, તેટલાજ માટે હમેશાં જૂની પ્રથાની અવધ પૂરી થતાં તેની જગ્યાએ નવી પ્રથાની પ્રાણપ્રતિષ્ઠા થવીજ જોઇએ. કારણ કે ઈશ્વર એ રીતિએ—જૂની ભેખડોને તોડીને નવા રસ્તા ઉઘાડીને અથવા જૂનાં સાધનોને બદલે નવાં સાધનોનો ઉપયોગ કરીને પોતાના હેતુને સિદ્ધ કરે છે. એવોજ તેનો નિર્દિષ્ટ સ્વભાવ છે.

તેનોજ સ્વીકાર કરીએ છીએ.

" લોકરંજન, લોકગંજન, ના કરિ દરકાર;
જહાં શુભ, જહાં ધ્રુવ, ન્યાય, તાહાંતે જીવન કરો દાન."*

" હાથી ચલે બજારમેં કુત્તા ભૂંકે હજાર,
સાધુકો દુર્ભાવ નહિ જબ નિંદે સંસાર."×

## (૩૨) પુરુષાર્થ

ઋગ્વેદના એતરેય બ્રાહ્મણમાં લખ્યું છે કે "બેસી રહેનારનું ભાગ્ય બેસી રહે છે, ઉઠીને ઉભા થનારનું ભાગ્ય પણ ઉભું થાય છે, જે સૂઇ રહે છે તેનું ભાગ્ય પણ સૂઇ રહે છે અને જે ચાલવા લાગે છે તેનું ભાગ્ય પણ તેની સાથે ચાલવા લાગે છે." આ ઉપરથી સમજાય છે કે, મનુષ્ય પોતેજ પોતાનું ભાગ્ય ઘડે છે એ મત વેદને પણ માન્ય છે. મનુ કહે છે કે "અગાઉની મેળવેલી સંપત્તિ આપણી પાસે રહી નથી અને નવી સંપત્તિ પ્રાપ્ત કરવાના પ્રયત્ન સફળ થતા નથી, એ જોઇને નાઉમેદ તો થવુંજ નહિ પરંતુ મરતા સુધી પોતાની લક્ષ્મીમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરતાજ રહેવું. લક્ષ્મીની પ્રાપ્તિ દુર્લભ છે એવો ખ્યાલ તો મનમાં આવવાજ ન દેવો." ÷ મહાભારત કહે છે કે પુરુષ-પ્રયત્ન વગર કોઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી. ક્રિયા વગરનું બળ અને બળ વગરની ક્રિયા બેઉ નિષ્ફળ જાય છે; પરંતુ બળ અને ક્રિયા, બેઉનો યોગ કર્યાથી અસાધ્ય કાર્યો પણ સિદ્ધ થઈ શકે છે. દૈવ અથવા અદૃષ્ટના ઉપર આધાર રાખીને કદી પણ નિશ્ચેષ્ટ થઇને બેસી રહેવું નહિ. પુરુષપ્રયત્ન વડે વિદ્યા અને પુષ્કળ સંપત્તિ પ્રાપ્ત થાય છે એટલુંજ નહિ પણ તપશ્ચર્યા પણ પ્રયત્ન વડેજ સિદ્ધ થાય છે. પ્રયત્ન કર્યાથી કશું વળતું ન હોય અને પ્રારબ્ધ પ્રમાણેજ થયા કરતું હોય તો પછી ઔષધિ બનાવવાની અને તેનું સેવન કરવાની જરૂરજ શી? મહાનુભાવ પુરુષો હમેશાં પુરુષપ્રયત્નના ઉપરજ આધાર રાખે છે અને જેઓ કાયર અને બાયલા હોય તેઓજ દૈવની સામે આંખો તકાવીને પડયા રહે છે. મનુષ્યને આ લોકમાં જે કાંઇ સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે તે તેનાં પોતાનાં કર્મનું ફળ છે એટલા માટે સંસા-

---

* લોક રાજી થાય કે ગુસ્સે થાય તેના ઉપર નજર ન કરતાં જે શુભ હોય, ધ્રુવ હોય, જે ન્યાયસંગત હોય તેને જીવન સમર્પવું જોઇએ.
જ્યોતીન્દ્રનાથ ટાગોર

× તુલસીદાસ ÷ મનુસંહિતા ૪–૧૩૭.

કર્મો પોતાનાં કર્મો એજ સુખની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય છે. માણસ જેવાં જેવાં શુભ યા અશુભ કર્મ કરે તેવાંજ તેને શુભ અથવા અશુભ ફળ મળે છે. વળી માણસ જે શરીર વડે જે કર્મ કરે છે તે કર્મનાં ફળ તેને તેજ શરીર દ્વારા ભોગવવાં પડે છે. તેનાં સુખદુઃખનો આધાર તેનાં પોતાનાં કર્મ ઉપરજ છે. માત્ર મૂર્ખ લોકોજ કહેતા ફરે છે કે "વિધાતાએ અમારા કપાળમાં આવું લેખું લખેલું એટલે પછી અમારો શો ઉપાય ચાલે ?" પ્રયત્ન વડે સુખ અને આળસ વડે દુઃખ આવી મળે છે. આળસુ નહિ પણ ઉદ્યોગી મનુષ્યજ લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરે છે. માણસ જેવા લોકોનો સહવાસ રાખે છે, જે દેવની ઉપાસના કરે છે અથવા જેના જેવો થવા ઇચ્છે છે તેવો તે થઈ શકે છે."×

ભીષ્મદેવે બાણશય્યા ઉપરથી યુધિષ્ઠિરને ઉપદેશ આપતાં કહ્યું હતું કે "તમારે હંમેશાં પુરુષપ્રયત્ન કરતા રહેવું. પ્રયત્નની મદદ વગર એકલું પ્રારબ્ધ અથવા કિસ્મત ફળીભૂત થતું નથી. વળી એ બેમાં પ્રયત્નજ શ્રેષ્ઠ છે. કિસ્મત અથવા પ્રારબ્ધ પણ ભૂતકાળના પ્રયત્નમાંથીજ ઘડાયું હોય છે. કોઈ કાર્યમાં સફળતા ન મળે તો તેથી નાઉમેદ ન થતાં ફરીથી એ કાર્યમાં મંડી જવું. જેઓ અદૃષ્ટના ઉપરજ આધાર રાખે છે તેમનામાં જીવનને ટકાવી રાખવા જેટલું પણ બળ નથી." =

કૃષ્ણ કહે છે કે "પ્રયત્નમાંજ કાર્યસિદ્ધિ કરવાનું બળ છે; બીજા કશામાં નથી. આત્મા વડેજ આત્માનો ઉદ્ધાર કરવો. જે આત્મા પોતાનો ઉદ્ધાર કરવા સમર્થ છે તે આત્માજ આત્માનો મિત્ર છે અને એવું જે ન કરી શકે તે આત્મા આત્માનો શત્રુ છે. પુરુષપ્રયત્નરૂપે ઈશ્વર પોતેજ સૌમાં વસે છે." +

મહર્ષિ વસિષ્ઠ રામને ઉપદેશ આપતાં કહે છે કેઃ—

"હે રામ ! કોઈપણ કાર્યનો સાધક પુરુષપ્રયત્નજ છે; દૈવ નથી. દૈવ જેવું કાંઈ છેજ નહિ; એ તો લોકોની કલ્પનાજ છે. પુરુષપ્રયત્ન કરતાં જ્યારે સારાં અથવા માઠાં ફળ આવે

× અનુશાસનપર્વ, ૧૦૮–૨૦. શાંતિપર્વ, ૧૩૦–૨૯. ૧૨૦–૪૫, ૧૩૯–૫૬, ૧૭૨–૮૨. સ્ત્રીપર્વ, ૩–૯. ૨–૩૩ થી ૩૬. ૭–૧૨. શાંતિપર્વ, ૨૭–૩૨. ૨૯૯–૩૨.

= શાંતિપર્વ, ૫૬–૧૪, ૧૫, ૧૬. ૧૪૦–૨૯.

+ શલ્યપર્વ, ૩૧–૧૩. ગીતા, ૬–૫, ૬. ૭–૮.

છે ત્યારેજ લોકો કહેવા લાગે છે કે 'એના નસીબમાં આવુંજ લખાયું હતું.'" ત્યારે રામ પૂછે છેઃ "મારા પૂર્વજન્મનાં કર્મોએ મને જેવો ઘડયો છે તેવો હું અત્યારે છું, હું મારાં પૂર્વજન્મનાં કર્મને આધીન છું, એ બધું શું સાચું હશે?" વસિષ્ઠ કહે છેઃ "તમે બુદ્ધિયુક્ત ચેતન્યસ્વરૂપ છો, જડ નથી. ચૈતન્યમાંથી તમારી ચેતના ઉત્પન્ન થઈ નથી. તમારૂં ચૈતન્ય તમારૂં પોતાનુંજ સ્વતંત્ર છે. એટલે પછી તમે કોઇને આધીન છોજ નહિ. જો બીજા કોઇની પાસેથી તમને તમારી ચેતના મળી છે એવું કોઇ કહે તો તે વ્યક્તિને ચેતના આપનાર કોણ? વળી તે તે ચેતના આપનારને કોણે ચેતના આપી? આવી જાતના પ્રશ્નોની પંરાપરાનો છેડોજ ન આવે. વાસનારૂપી નદી શુભ અને અશુભ બેઉ રસ્તે વહી જવાનું વલણ ધરાવે છે; પણ પ્રયત્ન વડે તેને શુભ રસ્તેજ વાળી લેવી. આ સંસારમાં જે કાર્ય પુરુષપ્રયત્ન વડે થઇ શકે એવું હોય તેટલુંજ થાય છે. આ વાત નાનાં મોટાં સૌ કબૂલ કરશે. આ વાતમાં તમારે સંદેહજ લાવવો નહિ. તમારે તમારા કલ્યાણને માટે એકમાત્ર તમારા પોતાના પુરુષાર્થ ઉપર આધાર રાખવો; બીજા-કશા ઉપર નહિ. ખરૂં જોતાં દૈવ જેવું કાંઈ છેજ નહિ. જો આ જગતમાં કાર્યનો બધો આધાર એકલા દૈવ ઉપરજ હોત તો પછી પુરુષાર્થ કરવાનું પ્રયોજનજ ક્યાં રહ્યું? કોઇને કશો ઉપદેશ દેવાની સાર્થકતાજ ક્યાં રહી? કોઈપણ બે માણસને કર્મ કરવાની બુદ્ધિ અને શક્તિ બરાબર એકસરખાંજ હોય છે. પણ તેમાંનો એક જણ સફળ થાય છે અને બીજો નથી થતો. એનું કારણ શું હશે? કારણ એ છે કે એક જણે પોતાની કલ્પનામાંથી દૈવનું ભૂત ઉભું કરીને પ્રયત્ન કર્યો નહિ તેથી તે નિષ્ફળ થયો. આ જગતના તમામ પદાર્થો દેશ, કાળ, ક્રિયા અને શક્તિના પ્રમાણમાં પરિણત થાય છે; તેથી માત્ર પૂરતો પ્રયત્ન કરનારાઓનેજ સફળતા મળે છે. આવડી મોટી પૃથ્વી ઉપર મૂર્ખ અને દરિદ્ર માણસો જ્યાં ત્યાં નજરે પડે છે તેનું કારણ આળસ અને પુરુષાર્થનો અભાવ એજ છે. જે લોકો પોતાની મૂર્ખાઇને વશ થઇને દુઃખને વખતે માથે હાથ દઇને રડવા બેસે છે તેવા બેવકૂફોના મનને દિલાસો આપવાને માટેજ દૈવ શબ્દનો ઉપયોગ થાય છે. "દૈવે મને જેવી બુદ્ધિ આપી તે પ્રમાણે મેં કાર્ય કર્યું અને દૈવે અગાઉથી કરી

મૂકેલા સંકલ્પ મુજબ પરિણામ આવ્યું એ માત્ર રડતાનાં આંસુ લૂછવાની વાતો છે. પોતાના કર્મની જવાબદારી પોતાને માથે ન લેતાં જે માણસ એમ કહે કે 'દૈવેજ મને આ કાર્ય કરવા પ્રેર્યો છે' તે માણસ અનર્થકારી છે એમ જાણીને એવા ખોટા તર્કવિતર્ક કરનારને નવ ગાઉના નમસ્કારજ કરવા જોઈએ. 'દૈવજ મારી પાસે અમુક કાર્ય કરાવે છે' એવા હતબુદ્ધિ, પુરુષાર્થહીન માણસનું મોઢું જોઈને લક્ષ્મી પણ પાછી વળે છે.' ÷

કર્મવીર ચાણક્ય પંડિત લખે છે કે "માત્ર મૂર્ખાઓજ દૈવના ઉપર ભરોંસો રાખે છે."

ચરક સંહિતામાં લખ્યું છે કે "જો માણસનું આયુષ્ય મુકરરજ હોત તો પછી અતિ સાહસને લીધે દેશકાળથી વિરુદ્ધ કાર્ય કરવા માટે રાજાની સજાને લીધે, સર્પદંશથી, કોલેરાથી અથવા એવાં અકસ્માત કારણોને લીધે માણસના આયુષ્યનો અકાળે અંત આવે છે તેવું કદી બનતજ નહિ. तस्माद् हितोपचारमूलं जीवितम् । अतो विपर्ययान्मृत्युरिति ॥ આયુષ્યનો અને બળનો હિતકર ઉપયોગ એજ દીર્ઘાયુ થવાની ચાવી છે અને એથી વિપરીત વ્યવહાર કર્યાથી આયુષ્યનો નાશ થાય છે એમ નક્કી માનવું." તાત્પર્ય એ છે કે, ચરક સરખા અતિ પ્રાચીન આર્ય વૈદ્યના અભિપ્રાય પ્રમાણે પણ આયુષ્યની મર્યાદા કોઈએ મુકરર કરી નથી, પરંતુ મનુષ્ય પોતાની જીવનપદ્ધતિ પ્રમાણે તેને લાંબુ અથવા ટૂંકું કરી શકે છે એટલે આયુષ્યની બાબતમાં પણ પુરુષપ્રયત્ન એજ મુખ્ય વસ્તુ છે.

દૈવ, અદૃષ્ટ, ભાગ્ય, નિયતિ અને પૂર્વજન્મનાં કર્મનાં ફળ,એ બધા એક અર્થવાચક શબ્દો છે. ×

પણ આજે આપણે આ ઉદાર સિદ્ધાંતને ભૂલી જઈને પ્રારબ્ધના દાસ બની ગયાં છીએ ! ભર્તૃહરિ પણ નીતિશતકમાં કહે છે કેઃ–

> उद्योगिनः पुरुषसिंहमुपैति लक्ष्मीः
> दैवेन देयमिति कापुरुषा वदन्ति ।
> दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
> यत्नेकृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ॥

લક્ષ્મી પુરુષાર્થવાન ઉદ્યોગી પુરુષની પાસે આવે છે. દૈવ

---

÷ યોગવાસિષ્ઠ રામાયણ, મુમુક્ષુ વ્યવહાર પ્રકરણ સર્ગ-૯,૮,૬,૭.

× હોરાવિજ્ઞાન રહસ્યમ્ પ્રથમખંડ, પૃષ્ઠ ૧૦–૧૯

અમને અમુક અપાવશે એ તો કાયરની વાણી છે. માટે રેખ પર મેખ મારીને આત્માશક્તિ દ્વારા પુરુષાર્થ કરવો. યત્ન કરવા છતાં કાર્યસિદ્ધિ ન થાય તેમાં નુકસાન શું છે?

## (૩૩) હિન્દુઓની ઉદાર ભાવના

અસલના હિન્દુઓ અત્યંત ઉદાર વિચારવાળા હતા એ વાતની અમે આ પુસ્તકને પાને પાને સાબીતીઓ આપી ચૂક્યા છીએ. ઉદાર વિચાર, ઉદાર નીતિ અને ઉદાર વ્યવહાર વગર કદી કોઇ પ્રજા ઉન્નત થઇ છે ખરી? સાંકડા વિચારવાળી અને ટુંકી દૃષ્ટિવાળી પ્રજાએ કદી આખા જગત ઉપર પોતાનો પ્રભાવ બેસાડયો છે? હિંદના વિદ્યમાન અગ્રણીઓમાં જેની ગણના થાય છે એવા વડોદરાના સ્વદેશવત્સલ નરેશ શ્રીમંત ગાયકવાડે એક પ્રસંગે કહ્યું છે કેઃ–

"હું અંતઃકરણપૂર્વક શ્રદ્ધા રાખું છું કે કાશીનું હિન્દુ વિશ્વવિદ્યાલય પહેલેથીજ સાવધાન રહેશે અને જે ભૂલ બીજી બધી ભૂલો કરતાં સૌથી વધારે ભયંકર છે તેનાથી દૂરજ રહેશે. એ ભૂલ કયી? મનનું સાંકડાપણું, જેનાથી પરિણામે સ્વતંત્ર વિચાર કરવાની શક્તિનો અને મનુષ્યના વ્યક્તિત્વનો નાશ થાય છે તે."

સ્વામી વિવેકાનંદ કહે છે કે, તમારામાંનો દરેક જણ વહેમથી ઘેરાઇ ગએલો, અક્કલ વગરનો અને મૂર્ખ થાય તે કરતાં તમે બધાએ હડહડતા નાસ્તિક થાઓ તે મને વધારે ગમે. કારણ કે નાસ્તિકોને એક પ્રકારનું સ્વતંત્ર જીવન છે, તેને માટે પોતાના વિચાર ફેરવવાને અવકાશ છે, સંભવ છે, આશા છે. તે નિર્જીવ નથી પણ જેના મનમાં એક વાર વહેમ અને અંધવિશ્વાસ ભરાયા, તેની વિચારશક્તિ ક્ષીણ થઇ જાય છે, તેનું મગજ બિલકુલ કમતાકાત બની જાય છે જાણે મૃત્યુના કીડા જ તેના જીવતા શરીરમાં પેઠે ન હોય!"× આ મહા પુરુષના [illegible] વાણીને વર્તમાન હિન્દુ પ્રજાએ [illegible] સાચી નથી પાડી એમ કોણ કહેશે? જો હિન્દુ પ્રજાને આ [illegible] જીવલેણ દર્દ લાગુ પડયું ન હોત તો જગતમાં તેઓ કયી વસ્તુને પ્રાપ્ત ન કરી શકે? જગતમાં તેમની સામે ઉભા રહેનાર પણ કોણ [illegible]? આ બાબત જતાં સ્વામી વિવેકાનંદ કહે છે કે

"આપણા પૂર્વજોએ એક પ્રાચીન સમયમાં [illegible]

× [illegible]

ાધી કાઢયાં છે, તે બધાંને જો બરાબર વ્યવહારમાં ઉતારી
શકાય તો આપણા વિચાર વધારે ઉદાર થયા વિના રહેજ નહિ.
પોતાની સાંકડી ઘરેડમાંથી બહાર આવીને સૌની સાથે હળીમળીને
વિચારની આપ-લે કરીને પોતાના હૃદયની ઉદારતાનો ક્રમશઃ
વિસ્તાર કરતે કરતે આખરે સાર્વભૌમિક બન્ધુભાવ સુધી પહોંચી
જવું, એજ આપણાં શાસ્ત્રોનું મુખ્ય લક્ષ્ય છે.= બીજા પણ એક
વિચારક, સુશિક્ષિત અને સ્વદેશપ્રેમી સજ્જન લખે છે કે "ભર-
તખંડ તો પહેલેથીજ ઉદારતાનો સર્વોત્તમ આદર્શ જગતની
આગળ ધરતો આવ્યો છે અને રાષ્ટ્રીય આદર્શની સૌથી વિશેષ
ઉદાર ભાવના જ્યારે ત્યારે પણ ભરતખંડજ બતાવશે."× અસલ
હાલના જેવા નાની નાની ન્યાતોના વાડા ન હતા તે અમે અત્યાર
આગમચ સાબિત કરી ચૂકયા છીએ. યવન અને બીજી ગમે તે
જાતિના લોકોને માટે હિન્દુ ધર્મના અને હિન્દુ સમાજના દર-
વાજા ઉઘાડા હતા. કોઈ પણ જાતનો માણસ કોઈ પણ જાતિની
અથવા વર્ણની કન્યા સાથે લગ્ન કરી શકતો. મનુષ્યમાત્ર એક
બીજાના હાથની રસોઈ ખાઈ શકતા. સ્ત્રી અને પુરુષોના અધિકાર
સમાન હતા. જે સ્ત્રી પોતાનીજ ઇચ્છાથી પતિત ન થઈ હોય
તેને કોઈ પતિત થયેલી ગણતું જ નહિ. વળી જે એક વાર
પતિત થઈ તેને જિંદગીભર પતિતજ ગણવાની અનુદાર ભાવના
તે વખતના હિન્દુ સમાજમાં ન હતી. ધાર્મિક અને સામાજિક
બેઉ બાબતોમાં તે જમાનાના હિન્દુ લોકો અત્યંત ઉદાર હતા.

હરિવંશમાં લખ્યું છે કે "ધર્મ અને ઈશ્વર એવું તેવું
કાંઈ છેજ નહિ. આવું નાસ્તિક શાસ્ત્ર રચનાર બૃહસ્પતિ ઋષિઓ-
માં સૌથી શ્રેષ્ઠ ગણાય છે અને તેમનું નાસ્તિક શાસ્ત્ર પણ ન્યાયના
વિષયના ગ્રંથોમાં સૌથી શ્રેષ્ઠ કહેવાય છે.÷ મહર્ષિ ચાર્વાકે
પોતાના નાસ્તિક શાસ્ત્રની સામગ્રી દેવોના ગુરુ બૃહસ્પતિનાં
શાસ્ત્રોમાંથીજ લીધી છે.

હવે વિચાર કરો કે જે બૃહસ્પતિ હડહડતી નાસ્તિકતાથી
ભરેલું શાસ્ત્ર રચે છે તેને હિન્દુઓના આસ્તિક ગ્રંથોમાંનો એક

= ભારતે વિવેકાનંદ-પૃષ્ઠ ૨૩૩

× માનવજીવન, પૃષ્ઠ ૭૨

÷ હરિવંશ, હરિવંશપર્વ; અધ્યાય ૨૮, શાન્તિપર્વ ૨૯૦,૧૫,
અને તેના ઉપરની નીલકંઠની ટીકા.

હરિવંશ "ઋષિઓમાં સર્વથી શ્રેષ્ઠ" કહે છે અને એજ નાસ્તિક શાસ્ત્રને ન્યાયના ગ્રંથોમાં સૌથી શ્રેષ્ઠ કહીને તેની સ્તુતિ કરી છે. મહર્ષિ વાલ્મીકિએ રામચન્દ્રની બુદ્ધિને બૃહસ્પતિની બુદ્ધિની સાથે સરખાવીને બૃહસ્પતિની બુદ્ધિની યોગ્ય કદર કરી છે.× અને કૃષ્ણની ઉદારતા કાંઇ ઓછી છે ? તે કહે છે કે "વેદજ્ઞ બ્રાહ્મણોમાં હું બૃહસ્પતિ છુ."* એમ કહીને તેમણે બૃહસ્પતિને કેટલું ઉંચું સ્થાન આપ્યું છે ? વળી રામાયણમાં લખ્યું છે કે "આસ્તિક રાજા દશરથે ચાર્વાકના મતના નાસ્તિક ઋષિ જાબાલ પાસે યજ્ઞ કરાવ્યો હતો."÷

## (૩૪) આસ્તિકો અને નાસ્તિકો

મહાભારતમાં લખ્યું છે કે "જે તપોવનોમાં આસ્તિક અને બ્રહ્મવાદી ઋષિઓ રહેતા હતા તેમાંજ અને તે આસ્તિક ઋષિઓની સાથે સાથેજ ચાર્વાકના મતને અનુસરનારા નાસ્તિક ઋષિઓ પણ રહેતા હતા. બેઉ વચ્ચે સુંદર મધુર પ્રેમસંબંધ હતો અને આવડા મોટા આસ્તિક ઋષિઓના સમુદાયની વચમાં નાસ્તિકો ઘણાજ સુખ અને સન્માનપૂર્વક વસતા હતા." §

મહાભારતમાં કપિલ મુનિના સાંખ્યદર્શનને નાસ્તિક દર્શન કહ્યું છે.* તે છતાં આસ્તિક કૃષ્ણ કહે છે કે "સિદ્ધોમાં હું પોતેજ કપિલ મુનિ છુ" એમ કહીને તેમણે નાસ્તિક સાંખ્યદર્શનકાર કપિલનો થોડો મહિમા વધાર્યો છે ?+ વળી બ્રહ્મવાદી રાજા જનક પણ સાંખ્યાચાર્ય પંચશિખ મુનિનું કેવું સન્માન કરતા હતા !‡

તેનાજ વંશજ મહારાજા જનદેવના દરબારમાં સેંકડો આસ્તિકવાદી અને નાસ્તિકવાદી ઋષિઓનો મેળો જામતો હતો. તેમની વચ્ચે આત્માના અસ્તિત્વ અને પુનર્જન્મની બાબતમાં તીવ્ર વાદવિવાદ થતો હતો, છતાં રાજા તો બેઉને આશ્રય આપતો હતો.

સાતમા સૈકામાં કાન્યકુબ્જ (કનોજ)ની ગાદી ઉપર [illegible]

× [illegible]
* [illegible]
÷ [illegible]
§ [illegible]
* [illegible]
+ [illegible]
‡ [illegible]

વર્ધન નામનો મોટો પ્રતાપી રાજા થઈ ગયો. તે પોતે ન બૌદ્ધધર્મી હોવા છતાં બ્રાહ્મણોનું સન્માન કરતો હતો. તેજ જમાનામાં લખાયેલા હર્ષચરિતમાં લખ્યું છે કે "જુદા જુદા દેશોથી આવેલા પાર વિનાના લોકો ત્યાં વસે છે. જૈનો અને કૃષ્ણના ઉપાસકો, પણ છે. ભિન્નભિન્ન સંપ્રદાયને માનનારા સંન્યાસીઓ પણ તેમની સાથે સાથે વસે છે, નિરીશ્વર સાંખ્યદર્શનના પ્રણેતા કપિલ મુનિના શિષ્યો, તેમના કટ્ટર વિરોધી કણાદના શિષ્યો, લોકાયત નામના ભયંકર નાસ્તિક સંપ્રદાયના અનુયાયીઓ, ઈશ્વરને માનનારા વેદાન્તીઓ, સ્મૃતિ અને પુરાણોનો પક્ષપાત કરનારા પંડિતો, યાજ્ઞિકો, વૈયાકરણીઓ એમ તરેહ તરેહની માન્યતાઓવાળા હજારો માણસો ત્યાં સાથે સાથે વસે છે અને પોતપોતાની માન્યતા મુજબ જીવન વ્યતીત કરે છે. વળી તેઓ પોતાના મંતવ્ય વિષે જાહેર ભાષણો આપીને તેનું સમર્થન કરે છે, બીજાઓની માન્યતાઓને વિષે શંકા ઉઠાવે છે અને તેમનું ખંડન પણ કરે છે. એક પક્ષનું વ્યાખ્યાન પૂરું થઇ રહ્યા પછી બીજા પક્ષના વક્તાઓ ઉભા થાય છે. તેઓ પેલાઓની શંકાઓના જવાબ આપે છે અને તેમની વિરુદ્ધની દલીલોનું ખંડન કરે છે, છતાં આ બધું કાર્ય ખૂબ પ્રેમ અને સૌજન્યપૂર્વક ઉકલી જાય છે." કેવું સુન્દર ચિત્ર છે! તેની કલ્પના કરતાં હૈયાને ટાઢક વળે એવું છે કે નહિ? અને આ બધુંજ કલ્પિત છે એવું રખે કોઇ માની લે.

સાતમા સૈકાના ઉઘડમાં ચિનાઇ પ્રવાસી હુએન ત્સંગ તે જમાનાની ભરતખંડની પરિસ્થિતિનું જાતે અવલોકન કરી ગયો હતો. તે લખે છે કે બૌદ્ધ શ્રમણોની પાસે બ્રાહ્મણના છોકરા પણ ભણે છે. બ્રાહ્મણો બૌદ્ધોનું સન્માન કરે છે અને બૌદ્ધો બ્રાહ્મણોનું પણ સન્માન કરે છે. આ રીતે હિન્દુઓ અને બૌદ્ધો એકબીજાની સાથે હળીમળીને કાળનિર્ગમન કરે છે. વધારે કહેવાની શી જરૂર છે? નવમા સૈકામાં બંગાળામાં પાલવંશી રાજાઓની સત્તાઓનો મધ્યહનકાળ હતો. તે બધાએ બૌદ્ધધર્મી હતા, છતાં તેમના પ્રધાનો બ્રાહ્મણો હતા. બૌદ્ધો અને બ્રાહ્મણો એકબીજાની સાથે સહકાર કરીને રાજ્યતંત્ર ચલાવતા હતા. બુદ્ધદેવને ઈશ્વરનું અસ્તિત્વ કબૂલ ન હતું; વેદને તો તેઓ માનતાજ ન હતા; છતાં આસ્તિક હિન્દુઓ એટલા

બધા ઉદાર, મોટા મનના અને મહાપુરુષના ગુણની કદર કરનારા હતા કે તેમણે બુદ્ધદેવને તેમના ઈશ્વરના અવતારમાં ગણી લીધા. એ તો ઉદારતાની હદજ કહેવાય ને ! ગુણવાનના ગુણની કદર કરનાર બ્રાહ્મણો અત્યંત હલકી જાતની સ્ત્રીને પેટે જન્મેલા ભીષ્મદેવને આજે આટલાં બધાં વર્ષ પછી પણ ભક્તિ અને સન્માન સહિત યાદ કરે છે તે તેમની ઉદારતા નહિ તો બીજું શું ? ભીષ્મની વાત એક બાજુએ મૂકીએ કારણ કે તેઓ તો ધર્મ અને ઈશ્વરમાં પૂરી શ્રદ્ધાવાળા હતા. પણ આજદિન સુધી બ્રાહ્મણો તર્પણ કરતી વખતે જેમ તેમનાં પોતાનાં માતાપિતાને અને તેમના પૂર્વજોને જેટલી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક અંજલિ આપે છે, તેટલીજ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક તેઓ કપિલ મુનિ વગેરે સાંખ્યાચાર્યોને પણ તેમની નાસ્તિકતા છતાં તેમની સ્વતંત્ર વિચારશક્તિ, મૌલિક તર્કશક્તિ અને અગાધ જ્ઞાનને નમીને તેમનાં નામની પણ અંજલિઓ ભરે છેઃ—

सनकश्च सनन्दश्च तृतीयश्च सनातनः ।
कपिलश्चासुरिश्चैव वोढुः पञ्चशिखस्तथा ॥
सर्वे ते तृप्तिमायान्तु मन्दत्ते नाम्बुना सदा ।×

અસલ ધાર્મિક માન્યતાઓમાં અથવા બીજી ગમે તે બાબતમાં એકબીજાના મત જુદા હોય તે છતાં તેમની વચ્ચે દ્વેષ, કલહ અને વેરવૃત્તિ જેવું કાંઈ હતુંજ નહિ. તે વખતના આર્યોમાં મતભિન્નતા આત્મદ્રોહની જનેતા થતી ન હતી. આ બધાં દૃષ્ટાન્તો કરતાં અસલના હિન્દુઓની ઉદારતાની વધારે જ્વલંત સાબિતીઓ બીજી શી હોઈ શકે ? અસલના હિન્દુઓ કેટલા ઉદાર અને મોટા મનના હતા ! મૌલિકતાની અને સ્વતંત્ર વિચારપરાયણતાની તેઓ કેટલી કદર કરતા ! અનેક જુદા જુદા ધર્મોના અને જુદા જુદા મતમતાન્તરવાળાઓ જુદી જુદી રીતિનીતિ અને આચારવિચારવાળા લોકોથી સચરાચર ભરેલા આ વિશાળ ભારતવર્ષમાં અસલની ઉદારતા, પરમતસહિષ્ણુતા, ગુણજ્ઞતા, સ્વતંત્ર વિચારો તરફ આદર અને મૌલિક તર્કશક્તિની કદર કરવાની ઉદાર વૃત્તિ, એ બધાં પાછાં ફરીથી

× આ મંત્ર ભણીને બ્રાહ્મણો તર્પણ કરતી વખતે તેમને જળની અંજલિઓ આપે છે. અહીં જેમના નામ ગણાવ્યાં છે તે બધા સાંખ્યવાદના સ્થાપન કરનારાઓ હતા. (નારાયણ, ૧૩૩૧ ફાલ્ગુન)

ક્યારે પ્રકટી નીકળશે ?

બે હજાર કરતાં વધારે વર્ષની વાત ઉપર ભારતના અદ્વિતીય સમ્રાટ્ અશોકે શિલાસ્તંભો ઉપર કેટલાક આદેશો કોતરાવ્યા હતા. તેમાંના એકમાં નીચે મુજબ આદેશ છેઃ—

"ભારતમાં વસતા ભિન્ન ભિન્ન જાતિના લોકો ગમે તે ધર્મ પાળતા હોય તોપણ તેઓ પોતાના ચારિત્ર્યનો વિકાસ કરે, સ્વભાવમાં સંસ્કારિતા લાવે, સૌ એકબીજાની સાથે પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક વ્યવહાર કરે અને તેમનામાં મતભિન્નતાને લીધે કદી પણ કછુઓ કંકાસ અગર વૈરવિદ્વેષ ઉત્પન્ન થાય નહિ એવી અમારી ઐકાન્તિક અભિલાષા છે."

જે દિવસે ભવિષ્યવેધી દૃષ્ટિવાળા ચક્રવર્તી મહારાજા અશોકની આ ખરા અંતઃકરણની એકજ વાસના તૃપ્ત થશે તે દહાડે ભારતને માટે સોનાનો સૂરજ ઉગશે.

## (૩૫) મહાભારતનાં મુખ્ય મુખ્ય પાત્રો ક્યારે થઈ ગયાં ?

ઋગ્વેદમાં પુરુ અને ભરતવંશનાં નામ આવે છે. છાન્દોગ્ય ઉપનિષદ્‌માં 'દેવકીપુત્ર કૃષ્ણ'નો ઉલ્લેખ છે. કાઠક સંહિતામાં 'વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્ર'ની કથા આવે છે. શુક્લ યજુર્વેદના શતપથ બ્રાહ્મણમાં કુરુ, પાંચાલ, દુષ્યન્ત અને શકુન્તલાનો પુત્ર ભરત, 'પરીક્ષિતનો પુત્ર જનમેજય' એ બધાના ઉલ્લેખ છે. હવે આ બધા ગ્રંથો અતિ પ્રાચીન છે. એ ઉપરથી સાબિત થાય છે કે જેમનાં જેમનાં નામ એ ગ્રંથોમાં ગણાવ્યાં છે તે લોકો ઘણાજ પ્રાચીન કાળમાં થઇ ગયા હોવા જોઇએ. એ વિષે પ્રોફેસર મૅકડૉનેલનો અભિપ્રાય એવો છે કે "કુરુ અને પાંચાલ એ બે પ્રજાઓની વચ્ચે ઐક્ય સ્થપાયાનો ઉલ્લેખ યજુર્વેદમાં છે. તો પછી એ બે પ્રજાઓ વચ્ચે થએલું યુદ્ધ–કુરુક્ષેત્રનું યુદ્ધ–તે પહેલાં થઈ ચૂક્યું હોવું જોઇએ. આ બધા સંજોગો ધ્યાનમાં લેતાં કુરુક્ષેત્રના યુદ્ધનો ઐતિહાસિક પાયો ઇસવી સન પૂર્વે એક હજાર વર્ષ પૂર્વે રચાયો હોય એ અસંવિત છે."

## (૩૬) કુરુક્ષેત્રના યુદ્ધનો કાળનિર્ણય

ખાસ કરીને જ્યારે શતપથ બ્રાહ્મણમાં "પરીક્ષિતના પુત્ર જનમેજય"નો ઉલ્લેખ છે ત્યારે કુરુક્ષેત્રનું યુદ્ધ તો શતપથ

બ્રાહ્મણની રચના થઈ તે અગાઉ થઈ ચૂકેલું સાબિત થાય છે. કૃષ્ણના કહેવા પ્રમાણે એ યુદ્ધ કલિયુગમાંજ થયું હતું.× રમેશચંદ્ર દત્ત અને બંકિમચંદ્ર બેઉના અભિપ્રાય પ્રમાણે એ યુદ્ધનો સમય ઈસવી સનની પૂર્વે તેરસો વર્ષ પૂર્વેનો છે. સીતાનાથ તત્ત્વભૂષણ પણ એ બનાવને ઈસવી સન પૂર્વે બારમા અગર તેરમા સૈકામાં મૂકે છે.

## (૩૭) મહાભારતની રચનાનો સમય

ધૃતરાષ્ટ્રના મરણ પછી મહાભારતની રચના થઈ એવું મહાભારતમાંજ એક ઠેકાણે લખ્યું છે.÷ પણ કેટલાં વર્ષ પછી તે ત્યાં ચોક્કસ જણાવ્યું નથી. શાંતિપર્વના ૧૫૦ અને ૧૫૨ મા અધ્યાયમાં ભીષ્મદેવ યુધિષ્ઠિરને, પરીક્ષિતના પુત્ર જનમેજય રાજાને લાગેલી બ્રહ્મહત્યાની અને તેણે કરેલા અશ્વમેધ યજ્ઞની કથા કહે છે. એજ પર્વના ૧૫૧મા અધ્યાયમાં ૨૦ મા શ્લોકમાં લખ્યું છે કે એ જનમેજય રાજા ભારતવંશમાં જન્મ્યો હતો. આદિપર્વના ૯૫ મા અધ્યાયમાં એ ભારતની વંશાવલી આપી છે, તેમાં એકલા અર્જુનના પ્રપૌત્ર જનમેજયનુંજ નામ છે. એના સિવાય બીજા કોઈ જનમેજયનું નામ ભારતવંશના રાજાઓની યાદીમાં નથી. પણ એ જનમેજયનો જન્મ તો ભીષ્મના મરણ પછી ઘણે વર્ષે થએલો અને તેણે કરેલો અશ્વમેધયજ્ઞ તો વળી એથીએ આઘેની બીના તે ભીષ્મદેવે મરતી વખતે જાણી કેવી રીતે અને તેનું વર્ણન કર્યું કેવી રીતે ? વળી આ પ્રસંગ સિવાય પણ આદિપર્વના ૯૫ મા અધ્યાયમાં જનમેજયના પુત્રોનાં અને તેના પૌત્ર અશ્વમેધદત્તનાં નામ છે આ ઉપરથી જણાય છે કે, મહાભારતની રચના ધૃતરાષ્ટ્રના મરણ પછી ત્રણ વર્ષમાં તો થએલી નહિજ પણ જનમેજયનો પૌત્ર અશ્વમેધદત્ત જન્મ્યો. ત્યાર પછી પણ ઘણે વર્ષે થએલી છે [illegible]

[illegible]

[illegible]

લખી લખીને તેમાં ઘુસાડવામાં આવ્યા છે. વળી મહાભારતમાં જ્યાં જ્યાં બુદ્ધદેવના ઉલ્લેખ છે ત્યાં ત્યાં આપે તેમની સ્તુતિજ કરી છે, કોઈ ઠેકાણે તેમની નિંદા કરી નથી. પણ બૌદ્ધોની સ્તુતિ અને નિંદા, બેઉ છે. તે ઉપરથી અનુમાન થાય છે કે મહાભારતના જે જે ભાગમાં બુદ્ધદેવની અને બૌદ્ધોની પ્રશંસા કરી છે તેટલા ભાગ બૌદ્ધધર્મના ગૌરવના જમાનામાં જ્યારે એ ધર્મદ્વારા ભારતનું પાર વિનાનું હિત સધાયું હતું તે જમાનામાં રચાએલા હોવા જોઈએ; અને જે જે ભાગમાં બૌદ્ધોની અતિશય નિંદા કરી છે તે બધાજ ભાગ તેમની ભયંકર અવનતિના સમયમાં, જ્યારે તેમણે ભારતવર્ષને અવનતિના ઉંડા ઉંડા પાતાળમાં ધકેલી દીધો તે વખતમાં રચાયા હશે. આ મુદ્દો પણ અમારા પૂર્વોક્ત કથનને પુષ્ટિ આપે છે.

વળી મહાભારતમાં ઘણી જગ્યાએ યવન (ગ્રીક), શક, આભીર, પારદ, હૂણ એવી એવી અનેક જાતના લોકોનાં નામ આવે છે. વળી એક ઠેકાણે એવું પણ કહ્યું છે કે "કલિયુગમાં યવન, શક, આભીર, અન્ધ્ર, પુલિંદ, કાંબોજ અને બાહ્લિક જાતના રાજાઓ રાજ્ય કરશે." ÷ આ ઉપરથી સાબિત થાય છે કે ઉપર ગણાવેલી જાતના રાજાઓનાં ભારતખંડમાં રાજ્ય સ્થપાયાં ત્યાર પછીના કાળમાં મહાભારતની રચના થઈ હોવી જોઈએ. અન્ધ્ર રાજાઓ ઇસવીસન પૂર્વે પહેલા સૈકાથી સને ૪૩૦ સુધી દક્ષિણભારતમાં રાજ્ય કરતા હતા. તે દરમ્યાન તેમણે મગધ દેશ જીતી લીધો અને આગળ જતાં ઉત્તરભારતના ઉપર તેમણે પોતાની સત્તા જમાવી. બીજી જાતિઓ ભરતખંડમાં ક્યારે આવી અને તેમણે પોતાનાં રાજ્યો ક્યારે ક્યારે જમાવ્યાં તે અમે અગાઉ બતાવી ગયા છીએ. મહાભારતની રચના બુદ્ધદેવના જન્મ પછી ઘણે વર્ષે થઈ એ માન્યતાને પણ ઉપર ગણાવેલી ઐતિહાસિક બીનાઓ પુષ્ટિ આપે છે.

વળી મહાભારતમાં એક બે જગ્યાએ નહિ પણ તેના એક છેડાથી બીજા છેડા સુધી બધેજ તેના ઉપર પડેલી બૌદ્ધધર્મની છાયા તરી ઉઠે છે. બૌદ્ધધર્મનો સારામાં સારો અંશ મહાભારતના તાણાવાણામાં વણાઇ ગયો છે. આ બધું લક્ષમાં લેતાં કુરુક્ષેત્રનું યુદ્ધ થયું ત્યારપછી લગભગ એક હજાર વર્ષે ધૃતરાષ્ટ્રના

÷ વનપર્વ, ૧૮૮–૩૫, ૩૬.

મરણ પછી તો નહિજ પણ જનમેજયના મૃત્યુ પછી પણ લગભગ હજાર વર્ષે કુરુક્ષેત્રના યુદ્ધનાં મુખ્ય પાત્રો અને એ પ્રસંગની મુખ્ય મુખ્ય બીનાઓને આધારે મહાભારતના મૂળ ભાગની રચના થઇ એવું અનુમાન અનિવાર્ય થઇ પડે છે અને એથી જુદા અનુમાનને માટે અવકાશજ નથી. ત્યારપછી બીજાં એક હજાર વર્ષ સુધી જુદી જુદી વ્યક્તિઓની કલમથી લખાએલાં લખાણ તેમાં ઉમેરાતાંજ ગયાં અને એ રીતે મહાભારતે તેનું વર્તમાન સ્વરૂપ ધારણ કર્યું છે.

વળી મનુસંહિતાને રચનાકાળ બુદ્ધના પછીનો ઠરે અને મહાભારત મનુસંહિતાથી પછીનું સાબિત થાય (છે પણ તેમજ) તો મહાભારત બુદ્ધદેવના સમય પછીનું છે એમ પૂરવાર થાય.

પંડિત મેક્ષમૂલર કહે છે કે "મહાભારતનો જૂનામાં જૂનો ભાગ બૌદ્ધ યુગમાં લખાયો લાગે છે." એટલે મેક્ષમૂલરના અભિપ્રાય પ્રમાણે મહાભારતનો પાછળનો ભાગ તો બૌદ્ધ યુગની પછીનો એટલે તેની ભયંકર અવનતિ શરૂ થઇ તે વખતનોજ ઠર્યો. અનેક પુરાવા ટાંકયા પછી હૉપ્કિન્સ એવો વાદ રજુ કરે છે કે, મહાભારતની રચના બુદ્ધદેવના જન્મ પછી ઇસવીસન પૂર્વે ચોથો સૈકો અને ઈસવીસનનો ચોથો સૈકો, એ બેની વચ્ચેના આઠસો વર્ષના ગાળામાં થએલી છે અને ત્યારપછી પણ તેમાં કેટલોક ભાગ ઉમેરાયો છે. પ્રોફેસર મૅક્ડોનેલ લખે છે કે "મહાભારતને તેનું હાલનું સ્વરૂપ લેતાં ઇસવીસન પૂર્વે પાંચમા સૈકાથી તે ઈસવીસનના ચોથા સૈકાનો લગભગ નવસો વર્ષ જેટલો સમય લાગ્યો છે." ડૉ૦ એમ. વિન્ટરનિટ્ઝ લખે છે કે ઈસવીસન પૂર્વે ચોથા સૈકાથી તે ઇસવીસનના ચોથા સૈકા સુધીમાં મહાભારત તેનું હાલનું સ્વરૂપ લેતું થયું છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે "મહાભારતનો ઘણો ભાગ તો બુદ્ધદેવની અપેક્ષાએ ઘણોજ આધુનિક કહેવાય-બુદ્ધદેવ તો તે પહેલાના ઘણા પ્રાચીન કાળના." × સીતાનાથ તત્ત્વભૂષણ લખે છે કે, ઇસવીસનની પૂર્વે પાંચમા સૈકાથી તે ઇસવીસનના પાંચમા સૈકા સુધીમાં લગભગ એક હજાર વર્ષના કાળનાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓને હાથે મહાભારતની રચના થઈ છે.

---

× સ્વામી શિષ્ય સંવાદ, પૂર્વકાંડ, પૃષ્ઠ ૧૦૫

## (૩૮) હિંદુઓની વસાહતો આખા જગતમાં હતી.

### (ક) સંસ્કૃત સાહિત્યનાં પ્રમાણ

મનુસંહિતામાં લખ્યું કે "યવન, શક, પારદ, પહ્‌લવ, ચીના, કિરાત, દરદ અને ખસ, એ બધી જાતના લોકો અસલ તો ક્ષત્રિયો હતા, પણ દૂર દેશાવર જઇ વસ્યા અને બ્રાહ્મણોની સાથે તેમને સંસર્ગ ન રહેવાથી તેઓ પતિત થઇ ગઇ છે." + મહાભારતમાં લખ્યું છે કે "યવન, શક, પહ્‌લવ, ચીના ગાંધાર વગેરે જાતોની ઉત્પત્તિ હિંદુઓમાંથીજ થઇ છે. યવન, શક, વગેરે ઘણી જાતિઓ અસલ તો ક્ષત્રિય હતી, પણ બ્રાહ્મણોની સાથેનો તેમનો સંસર્ગ તૂટી જવાથી તેઓ પતિત થઇ ગઇ છે."‡ એ બધી જાતના લોકો ભારતખંડની બહારના મુલકોમાંથી ટોળાં-બંધ આ દેશ તરફ આવતા ગયા અને ભારતખંડના જુદા જુદા ભાગોમાં વસતા ગયા, એ અમે અગાઉ કહી ગયા છીએ. સંભવ છે કે તેમના પૂર્વજો હિંદુ હતા અને કોઇ જમાનામાં ભારત-વર્ષની બહાર ચાલ્યા ગયા હતા. દૂરના દેશોમાં જઇ વસ્યા પછી તેમનો અને બ્રાહ્મણોનો સંસર્ગ તૂટી ગયો. એ બનાવને ઘણા જમાના વીતી ગયા બાદ તેમનાજ વંશજો પાછા ભારતખંડ-માં આવી વસ્યા. † મહાભારતમાં એક જગ્યાએ એવું આવે છે કે, મહારાજ પુરુરવાએ મહાસાગરની વચ્ચે આવેલા તેર દ્વીપો ઉપર પોતાનો અધિકાર જમાવ્યો. "÷ સગર રાજા-એ તેના એક પુત્રને દેશનિકાલ કર્યો હતો. × તે રાજકુમાર જ્યારે હિન્દની બહાર ગયો હશે ત્યારે કાંઈ એકલો તો નહિ-જ ગયો હોય. તે અને તેની સાથે નીકળી આવેલા લોકો-એ મળી ભારતખંડની બહાર કોઈ દેશમાં સંસ્થાન જમાવ્યું હશે જ એઈએ. વાયુપુરાણમાં લખ્યું છે કે "દ્રુહ્યુના પ્રપૌત્ર ગાન્ધાર નામના રાજાએ ભારતખંડની બહાર એક રાજ્ય સ્થાપ્યું

+ મનુસંહિતા, ૧૦-૪૩, ૪૪.

‡ આદિપર્વ, ૭૫-૧૩, ૮૫-૩૪, ૩૫. શાંતિપર્વ, ૬૫-૧૩, ૧૪. અનુશાસનપર્વ, ૩૩-૨૧, ૨૨, ૨૩.

† [illegible]

÷ આદિપર્વ, અધ્યાય ૭૫. × વનપર્વ, અધ્યાય ૧૦૭

અને તેનું નામ પોતાના નામ ઉપરથી ગાન્ધાર પાડ્યું. તેના વંશજોએ ઉત્તરમાં આવેલાં બધાં મ્લેચ્છ રાજ્યો જીતી લીધાં અને ત્યાં તેઓ રાજ્ય કરવા લાગ્યા. બીજો એક રાજા પશ્ચિમ દિશાએ ગયો હતો. વળી પ્રિયવ્રતરાજાના સાત દીકરાઓ આખી સપ્તદ્વીપા પૃથ્વીમાં ફરી વળ્યા અને ત્યાં જુદાં જુદાં રાજ્યો વસાવ્યાં."* પુરાણો પ્રમાણે એ સાત દ્વીપનાં નામ જંબુ, કુશ, શાલ્મલિ, ક્રૌંચ, શાક, પુષ્કર અને પ્લક્ષ છે. એજ દ્વીપોનાં આજનાં નામ અનુક્રમે એશિયા, હિન્દી મહાસાગરના દ્વીપસમૂહ, આસ્ટ્રેલેશિયા, આફ્રિકા, યુરોપ, ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકા, એ પ્રમાણે છે. સ્કન્દ અને બ્રહ્માંડ પુરાણમાં લખ્યું છે કે, બંગાળાના લોકોએ શંખદ્વીપ ઉપર અને કાલીતટમાં સંસ્થાનો વસાવ્યાં હતાં. આફ્રિકાને શંખદ્વીપ પણ કહે છે અને ઈથિયોપિયા, ન્યુબિયા અને મિસર, એ ત્રણ દેશો મળીને કાલીતટ દેશ બને છે. વળી અસલના વખતમાં હિન્દુઓ મિસર જતા હતા અને નાઈલ નદીનું મૂળ સૌથી પહેલવહેલું શોધી કાઢનાર હિન્દુઓજ હતા. ×

દેવો અને અસુરો વચ્ચે ઘણા લાંબા કાળ સુધી યુદ્ધ ચાલ્યા કર્યું હતું. તે ઉપરથી સાર એ નીકળે છે કે, ભરતખંડનીજ બે જુદી જુદી જાતિઓ વચ્ચે લાંબો વખત યુદ્ધ ચાલ્યું હોવું જોઇએ. આખરે અસુર લોકો પરાજિત થઇને ભરતખંડ છોડીને પશ્ચિમ તરફ ચાલ્યા ગયા; અને તે તરફ આગળ વધતાં વધતાં હાલ જેને ઇરાન કહે છે તે દેશમાંજ તેઓ ઠરીઠામ થયા. એ લોકોના મુખ્ય દેવનું નામ "અસુર" છે અને હજી પણ તેમના વંશજો–હાલના પારસીઓ–"અસુર" શબ્દનો અપભ્રંશ "અહુર" "અહુરમઝ્દ"નેજ માને છે અને રાક્ષસને ઠેકાણે "દેવ" શબ્દ વાપરીને દેવોના તરફ તિરસ્કાર બતાવે છે. પારસીઓના વડવાઓ અને હિન્દુઓ વચ્ચે ઘણું મળતાપણું છે. ÷

---

* વાયુપુરાણ, ૯૯–૯, ૧૧, ૧૨. ૨૮–૩૭ અને અધ્યાય ૩૩.

× પ્રવાસી, ભાદ્રપદ ૧૩૨૨, પૃષ્ઠ ૬૫૫.

÷ ગમે તેમ કરીને પોતાનો આગળથી નક્કી કરેલો મુદ્દો સાબિત કરવાની લ્હેમાં લેખકે "અસુર" શબ્દનો જૂનો ઇતિહાસ ધ્યાનમાં લીધો નથી. ઋગ્વેદના જૂનામા જૂના ભાગમાં પણ "અસુર" નો અર્થ દેવ થાય છે અને ઇન્દ્ર, વરુણ વગેરે દેવતાઓને "અસુર" કહીને બોલાવ્યા છે. તે વખતે દેવને માટેનો "સુર" શબ્દ વ્યવહારમા આવ્યો

વળી પરશુરામે પૃથ્વીને ૨૧ વાર નક્ષત્રી કરી કહેવાય છે તે જોતાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે પણ લાંબો વખત લડાઈઓ ચાલ્યા કરી હોવી જોઈએ. તેને પરિણામે પણ બ્રાહ્મણોથી હારેલાં ઘણાં ક્ષત્રિય કુટુંબો પોતાના પ્રાણનું રક્ષણ કરવાના હેતુથી ભારતખંડથી ઘણે દૂર ચાલ્યાં આવ્યાં હોય એવો સંભવ છે.

મહાભારતના યુગમાં કન્દહાર(ગાન્ધાર)માં હિન્દુરાજ્ય હતું. ધૃતરાષ્ટ્ર રાજા કંદહારની રાજકન્યા સાથે પરણ્યો હતો. બલ્ખ દેશ (બાહ્‌લીક) તો કન્દહારથી પણ ઘણો ઉત્તરે આવેલો છે. શાન્તનુ રાજાનો બાપ તે દેશના રાજાની છોકરી સાથે પરણ્યો હતો. તે ઉપરથી તો શાન્તનુનો મોટો ભાઈ મોસાળના રાજ્યનો વારસ થયો હતો. વળી દશરથ રાજાએ તો એથીએ ઘણે આઘેના કાકેસસ પર્વતના પ્રદેશના કેકય દેશની રાજકુમારી સાથે લગ્ન કર્યું હતું. × યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞ વખતે રોમ, રશીઆ અને ચીનના રાજાઓએ પણ ભાત ભાતની વસ્તુઓની ભેટ મોકલી હતી. તે જોતાં એ બધા દેશો ઉપર ભારતનો સર્વોપરિ પ્રભાવ પડતો હતો એટલું સાબિત થાય છે. * ઈસવી સનના

---

ન હતો. ખરી રીતે પારસીઓના પૂર્વજો અસુર એટલે દૈત્યોને પૂજનારા નહિ પણ આર્યો જેને અસુર કહેતા તેજ દેવોને પૂજનારા અને આર્યગોત્રનાજ હતા. એ સિવાય બીજા દેવોનાં નામ પણ બેઉનાં સરખાં છે. જેમકે આર્યોનો "મિત્ર" તે પારસીઓનો "મિથ્ર," આર્યોનો "વૃત્રઘ્ન" તે પારસીઓનો "બહ્રેરામ" વગેરે. ઋગ્વેદના કેટલાક મંત્રો અને અવેસ્તાઓની કેટલીક ગાથાઓ એટલાં મળતાં છે કે સ ને ઠેકાણે હ કરીએ અથવા એવોજ નહિ જેવો ફેરફાર કરીએ તો બેઉના શબ્દે શબ્દ એક થઈ જાય છે. આ ઉપરથી પણ પારસીઓના પૂર્વજો, લેખક કહે છે તેમ, આર્યોથી ભિન્ન જાતિના નહિ પણ આર્યોનાજ સગોત્રીઓ સાબિત થાય છે. —સેવાનંદ

× આ ઉપરથી આ બધા દેશોના રાજાઓ હિન્દુ હતા એમ સિદ્ધ થતું નથી. લેખકે અગાઉ બતાવ્યું છે તેમ તે જમાનામાં આર્યો બીજી જાતિના લોકો સાથે લગ્નવ્યવહાર કરતા તે પ્રમાણે આ લગ્નો પણ થએલા. પરંતુ લેખકને જે વખતે જે વાત સાબિત કરવી હોય છે તે વખતે તે વાત સિવાય બીજું તેના ધ્યાનમાંજ આવતું નથી. તેણે પોતે થોડા વખત ઉપર શું કહેલું તે પણ ભૂલી જાય છે. —સેવાનંદ

* આ ઉપરથી માત્ર એટલુંજ સાબિત થાય છે કે એ રાજાઓ-ની સાથે હિન્દુરાજાઓને મૈત્રી હતી. તેઓ હિન્દુ હતા એમ સાબિત થતું નથી. —સેવાનંદ

પહેલા સૈકામાં હિન્દુ જ્યોતિષીઓમાંના કેટલાક રોમ નગરમાં જઈ વસ્યા હતા.× રાજસૂય યજ્ઞ વખતે અર્જુન મોંગોલિયા અને સાઇબીરિયા વગેરે દેશો જીતતો જીતતો ઠેઠ ઉત્તરસમુદ્રના કિનારા સુધી પહોંચી ગયો હતો. તેની સાથે હિન્દુસ્તાનનું સૈન્ય પણ હતું. જે જે દેશો તેણે જીત્યા, તે તે ઠેકાણે પોતાનાં માણસો માંથી થોડાં થોડાં મૂકતા જઈને અને એ રીતે પોતાની પાછલી બાજુ નિર્ભય બનાવીને અર્જુન આગળ વધ્યો હોય એ સંભવિત લાગે છે. એ લોકો તે તે દેશોમાં હિન્દુ વસાહતો વસાવીને ત્યાંજ રહી પડયા હોય તો તેની ના ન કહેવાય.

કુરુક્ષેત્રના યુદ્ધની પછીના કાળમાં ચન્દ્રવંશના ક્ષત્રિયોની બધી શાખાઓની ખુરાસાન (મધ્ય એશિયા)માં રાજ્ય કરવા લાગી હતી. ગ્રીક લેખકો તેમને ભારતીય શકના નામથી ઓળખાવે છે. જેસલમીરના રજપૂતો એજ અરસામાં ગિઝનીથી સમરકંદ સુધીનો પ્રદેશ પોતાની સત્તા હેઠળ લાવીને ત્યાં રાજ્ય કરવા લાગ્યા હતા. ચન્દ્રવંશના અને સૂર્યવંશના ક્ષત્રિયો જ્યારે જ્યારે તેમની વસ્તી વધી પડતી ત્યારે ત્યારે વધારાના લોકોને દેશાવર મોકલાવી દેતા હતા. મેવાડના રાજા બાપ્પા રાવળે મધ્ય એશિયામાં એક રાજ્ય સ્થાપ્યું હતું. ઈસવીસન પૂર્વે ચોથા સૈકામાં ચન્દ્રગુપ્ત રાજાનું રાજ્ય કાબુલ, કંદહાર અને હેરાત સુધી ફેલાઈ ગયું હતું. મધ્ય એશિયા, ચીન, તુર્કસ્તાન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનો એટલા મોટા પાયા ઉપર પ્રચાર થવા લાગ્યો હતો કે તેમના દેશોની સંસ્કૃતિ ઉપર બૌદ્ધ સંસ્કૃતિનો અતિશય પ્રભાવ પડવાથી તે લગભગ બૌદ્ધ સંસ્કૃતિના જેવી જ બની ગઈ હતી. એ બધા જ દેશોમાં બૌદ્ધ વિહાર સ્થપાયા હતા અને તેમાં હિંદી બૌદ્ધ ભિક્ષુઓ ત્યાંના લોકોને સંસ્કૃત ભાષા ભણાવતા હતા.

[illegible]

આજ કારણને લીધે ત્યાં સંસ્કૃત ભાષાનો ઘણો ફેલાવો થવા પામ્યો હતો. ઘણું કરીને અશોક રાજાના એક પુત્રે મધ્ય એશિયામાં આવેલા ખોતાન દેશોમાં જઈને ત્યાંનું રાજ્ય સંપાદન કર્યું હતું. ઘણા પ્રાચીન કાળથીજ ભારતખંડના હિન્દુઓની સંસ્કૃતિનો પ્રભાવ આખા એશિયા ઉપર પડવા લાગ્યો હતો તેમાં ઉપરના સંજોગો જોતાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી; અને પછી આર્ય સંસ્કૃતિ મધ્ય એશિયામાંથી આગળ વધતી વધતી યુરોપ અને અમેરિકા સુધી ફેલાઈ ગઈ હોય એમાં કશુંજ અસંભવિત નથી.

### (ग) પાશ્ચાત્ય પંડિતોના અભિપ્રાય

#### (अ) હિંદુઓએ એશિયા, આફ્રિકા અને યુરોપમાં સંસ્થાનો વસાવ્યાં હતાં.

બેંશી હજાર વર્ષ અગાઉ પણ ભારતખંડમાં માનુષની વસ્તી હતી એવી સાબિતીઓ છે.+ કર્નલ ટોડ લખે છે કે "માનવકુળનું મૂળ વતન ભારતભૂમિજ છે." સર વૅલ્ટર રૅલે લખે છે કે "જળપ્રલય પૂરો થયા પછી હિંદુસ્તાનમાંજ સૌથી પહેલવહેલી માણસજાતની વસ્તી થવા પામી હતી." ત્યારે આ બેઉ વિદ્વાનોના અભિપ્રાય ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે અસલ ભારતખંડના લોકોજ અહીંથી બીજા દેશોમાં જઈ વસ્યા હશે.

કર્નલ ટોડ એમ પણ લખે છે કે "પ્રાચીન યુરોપની અને રાજસ્થાનની રાજપૂત પ્રજાઓના પૂર્વજો એક હતા તે હું સિદ્ધ કરી શકું છું."

પાશ્ચાત્ય પંડિતો ઇરાનની અને યુરોપની ઘણી ખરી ભાષાઓની સાથે સંસ્કૃત ભાષાની સરખામણી કરતાં એવું નક્કી કરે છે કે, હિંદુઓના પૂર્વજો અને આ બધી ભાષા બોલનારી પ્રજાઓના પૂર્વજો ઘણા જૂના વખતમાં એકજ ઠેકાણે રહેતા હતા અને એકજ ભાષા બોલતા હતા.×

+ [illegible]

× [illegible]

વિન્સેન્ટ સ્મિથ લખે છે કે "યુરોપમાં બોલાતી તમામ ભાષાઓ, ત્યાંનું સાહિત્ય, શિલ્પ અને દર્શનશાસ્ત્ર તપાસીએ તો તેમનો ભરતખંડની ભાષા, સાહિત્ય, શિલ્પ અને દર્શનશાસ્ત્રની સાથેનો પાર વિનાનો સંબંધ જોવામાં આવે છે."

કર્નલ ઑલકાટ લખે છે કે "યુરોપની ભાષાઓની સંસ્કૃત ભાષાની સાથે સરખામણી કરીને ભાષાતત્ત્વવિદ્ પંડિતોએ નક્કી કર્યું છે કે આર્ય સંસ્કૃતિજ યુરોપમાં દાખલ થઈ છે. ભાષાની સરખામણીના કરતાં ચઢીઆતાં નહિ તોપણ તેના જેટલાંજ બીજાં સબળ પ્રમાણો વડે પણ એની એ દલીલ સાબિત થઈ શકે છે. બાબિલોનિયા,† મિસર, ગ્રીસ, રોમ અને ઉત્તર યુરોપનું દર્શન અને ધર્મનું અવલોકન કરતાં પણ માલૂમ પડે છે કે, આર્ય સંસ્કૃતિજ પૂર્વથી પશ્ચિમ દિશા તરફ વળી હોવી જોઇએ. પાઇથેગોરાસ, સૉક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ, હોમર, જેનો, હિડિયસ, સિસેરો, સ્કીવોલા, વૅરો અને વર્જીલના * મુખ્ય અભિપ્રાયોની સાથે વેદવ્યાસ, કપિલ, ગૌતમ, પતંજલિ, કણાદ, જૈમિનિ, નારદ, પાણિનિ, મરીચિ વગેરે આર્ય ઋષિઓના અભિપ્રાયોની સરખામણી કરીએ તો બેઉની વચ્ચે આશ્ચર્યકારક સામ્ય દૃષ્ટિગોચર થશે. એ જોતાં મનમાં સ્વાભાવિક રીતે એવો વિચાર આવે છે કે હિંદના દાર્શનિકોની પછીના કાળમાં થએલા પશ્ચિમના દાર્શનિકો પોતાની પહેલાં થઈ ગએલા પૂર્વના–હિંદના–દાર્શનિકોના અભિપ્રાયનો પડઘો તો નહિ પાડતા હોય? × × × × ભરતખંડના પ્રાચીન ઋષિઓના અભિપ્રાયની સાથે તેમના પછીના કાળમાં થએલા ગ્રીસ અને રોમના દાર્શનિકોના વિચારોની એટલી બધી એકતા છે કે જાણે હિંદના તત્ત્વજ્ઞાનનું પ્રતિબિંબ પશ્ચિમના તત્ત્વજ્ઞાનરૂપી દર્પણમાં આપણે જોતા હોઇએ એવો ભાસ થાય છે. પૂર્વના દેશથી કોઈ શિક્ષક અથવા ત્યાંનાં પુસ્તકો પશ્ચિમમાં આવ્યા વગર બેઉની વિચારસરણીમાં આટલું બધું મળતાપણું આવી જાય

† હાલમાં જે મેસાપોટેમિયા કહેવાય છે [illegible] બગદાદથી આશરે ૫૦ માઈલ દક્ષિણે [illegible] નગરના ખંડિયેર પડ્યાં છે. [illegible] નગર હતું અને એક [illegible].

* ગ્રીસ અને રોમના [illegible].

એ માનવું મુશ્કેલ છે. અમારી પોતાની તો એટલે સુધી દૃઢ માન્યતા છે કે ભારતવાસીઓની મિસર દેશમાં વસાહતો હતી અને મુસા (મોઝિસ)થી માંડીને ગ્રીસ દેશના પ્લેટો સુધીના લગભગ તમામ મોટા મોટા પાશ્ચાત્ય દાર્શનિકો મિસરમાં આની વસેલા હિંદુ પંડિતો પાસેથી વિદ્યા ભણી ગયા હતા. × × × × લગભગ આઠ હજાર વર્ષ પૂર્વે ભારતવાસીઓએ મિસર દેશમાં પોતાનાં સંસ્થાનો જમાવ્યાં હતાં અને એ રીતે તેમણે મિસરમાં પોતાની ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ અને હુન્નરકળાઓ દાખલ કરી હતી, એ વિષે અમે માત્ર સંદેહજ ઉપસ્થિત કરતા નથી પરંતુ અમે વિશ્વાસપૂર્વક માનીએ છીએ પણ ખરા. મિસરનો પ્રમાણભૂત ગણાતો આધુનિક પુરાતત્ત્વવેત્તા પ્રોફેસર બ્રુગ્ગ એ આવોજ અભિપ્રાય ધરાવે છે. તે કહે છે કે "સ્મરણાતીત ભૂતકાળમાં હિંદુસ્તાનના લોકોનું એક ટોળું નાઈલ નદીને કાંઠે આવીને વસ્યું હતું." મિસરના લોકોનો પોતાનોજ ઇતિહાસ કહે છે કે તેઓ કોઈ અજાણ્યા મુલકમાંથી અહીં આવીને વસ્યા હતા. તે મુલક હિંદુસ્તાનજ હોવો જોઇએ. મિસરની પ્રાચીન સંસ્કૃતિ એ પ્રાચીન આર્ય સંસ્કૃતિનીજ એક શાખા છે અને તે હિંદમાંથીજ ત્યાં ગએલી એ વિષે જરાએ સંદેહ નથી."

આખી જિંદગી સુધી પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ કર્યા પછી પોકૉક લખે છે કે "યુગના યુગ સુધી આખા ભારતવર્ષમાં સચરાચર ધર્મયુદ્ધો ચાલુ ને ચાલુ રહ્યાં હતાં તેથી કરીને ત્યાંના અસંખ્ય સૈનિકો અને કારીગર લોકો હિંદ છોડીને દેશાવર નીકળી પડયા હતા. તેમાંના કેટલાક હિમાલય ઓળંગીને ઉત્તર તરફ ગયા અને બીજા કેટલાક દક્ષિણ બાજુ લંકા તરફ વળ્યા. પશ્ચિમ તરફ સિંધુ નદી ઓળંગીને એક પછી એક પ્રદેશમાં થતા થતા ઠેઠ યુરોપ સુધી હિંદની કારીગરી અને વિજ્ઞાનનાં બીજ વાવી આવનાર આ લોકોજ હતા. આ પ્રબળ જનપ્રવાહ ધીમે ધીમે આખા એશિયા અને યુરોપ ખંડમાં ફેલાઇ ગયો અને તેણે આખા જગતની નૈતિક તત્ત્વચિંતન કરવાની શક્તિને વેગ આપીને સમસ્ત માનવપ્રજા ઉપર ભારે ઉપકાર કર્યો છે. × × × × મીસર અને ગ્રીસની પ્રાચીન સંસ્કૃત, શિલ્પકલા અને સાહિત્ય, પ્રાચીન ભારતની સંસ્કૃતિ, શિલ્પકલા અને સાહિત્યની સાથે બરાબર મળતા આવે છે. ઐતિહાસિક બનાવો અને

ધર્મોની સ્થાપનાના સમયની સાથે ભૌગોલિક પ્રમાણોનો સંયોગ કરી જોતાં પ્રાચીન ભારતવાસીઓએ ગ્રીસ અને મિસરમાં વસાહતો સ્થાપીને ત્યાંની સંસ્કૃતિઓનું ઘડતર ઘડયું છે, એ વિષે જરા પણ શક રહેતો નથી. × × × × ભરતખંડની પશ્ચિમ તરફના સમુદ્રકિનારા ઉપર એવા દરિયો ખેડનારા સાહસિક વેપારીઓ વસતા કે જેઓ વહાણમાં ચડીને રાતા સમુદ્રમાં નાઇલ નદીના મુખ સુધી પહોંચી ગએલા અને ત્યાંથી પછી મિસર, ન્યુબિયા અને ઍબિસિનિયામાં જઇને ત્યાં પોતાનાં રાજ્ય સ્થાપી આવેલા. ત્યાર પછી ઘણા સૈકા વીતી ગયા બાદ એજ લોકો ગ્રીસમાં તથા તેને લગતા દ્વીપસમૂહોમાં જઇને ત્યાં પણ પોતાની સંસ્કૃતિની જડ નાખી આવ્યા હતા."÷

હિન્દુઓની સાથે પ્રાચીન મિસરવાસીઓનું ધર્મ, સમાજનીતિ, રાજ્યતંત્ર અને આચારવ્યવહારમાં આશ્ચર્યકારક મળતાપણું જોઇને પ્રોફેસર હિરને જાહેર કર્યું છે કે ભારતવાસીઓએજ મિસર દેશમાં પોતાનાં સંસ્થાન વસાવ્યાંજ હશે.

ટેલર લખે છે કે "ભારતવર્ષ અને મિસરની ઘણી બાબતો એકબીજાને મળતી છે. સિંધુ નદીના મુખ આગળથી સાંસ્થાનિકોની એક નાની ટોળી આફ્રિકાને કિનારે ઉતરી અને ત્યાંથી આગળ વધતી વધતી મિસરની દક્ષિણ સીમાને બાંધનારી નઇલ નદી સુધી ગઈ હતી એવા પુરાવા છે. મિસરમાં પણ ભરતખંડની માફક જાતિભેદનો રિવાજ હતો. ત્યાં પણ ભરતખંડની માફક પુરોહિતો અને યોદ્ધાઓ સમાજમાં સૌથી વિશેષ સન્માન પામતા હતા. તેમની નીચેનો દરજ્જો ખેડુતો, વેપારીઓ, નાવિકોનો અને કારીગરોનો હતો અને ભરવાડ લોકો સૌથી હલકા ગણાતા હતા. પુરોહિતોમાં પણ કેટલાક માજીસ્ટ્રેટો, કેટલાક જ્યોતિષીઓ અને કેટલાક વૈદ્યો હતા. રાજા અને તેનું કુટુંબ લડાયક કોમનું હતું. તમામ વેપારરોજગાર વંશપરંપરાથી ચાલી આવેલી પ્રણાલિકા મુજબ ચાલતો હતો. વળી ત્યાં આત્માના પુનર્જન્મના સિદ્ધાન્તને પણ લોકો માનતા હતા. અને ઘણું

÷ ન્યુબિયા. [illegible]
કિનારેનો પ્રદેશ. [illegible]
[illegible]

કર્યાને ભરતખંડમાંથીજ આવ્યો હોવો જોઈએ. મિસરના લોકો ગાયની પૂજા કરતા. તેઓ મૂર્તિપૂજક હતા અને તેમના મુલકમાં દેવમંદિરો પણ હતાં. મિસર અને હિંદ બેઉ વચ્ચે વેપાર પણ ચાલતો હતો."

કાઉન્ટ બ્યોર્નસ્ટ્યોર્ન લખે છે કે "આર્યાવર્તમાં એકલા બ્રાહ્મણ્ય ધર્મનીજ ઉત્પત્તિ થઈ એમ નથી, પણ તે ઉપરાંત ત્યાં હિન્દુઓની સમગ્ર સંસ્કૃતિ હિન્દની બહાર પ્રગતિ કરતી કરતી ઇથિયોપિયા, મિસર અને ફિનિશિયામાં દાખલ થઈ; ત્યાંથી ઉત્તર દિશામાં ઈરાન કૅલ્ડિયા અને કૉલચિસ દેશોમાં પેઠી; અને પછી ત્યાંથી ગ્રીસ, રોમ અને જગતના બીજા બાકીના દેશોમાં ફરી વળી. તેવીજ રીતે એ સંસ્કૃતિનો એક બીજો વેલો પૂર્વ-દિશા તરફ વળ્યો અને સિયામ, ચીન અને જાપાનમાં પેઠો તથા દક્ષિણ દિશાએ લંકા, જાવા અને સુમાત્રાના દ્વીપોમાં ફેલાયો."=

અનેક ભાષાઓમાં પ્રવીણ એવો સર વિલિયમ જોન્સ લખે છે કે "હિન્દુઓ વિષે બધીજ હકીકતો કહેવા બેસીએ તો ઘણા ગ્રંથ લખવા પડે, પણ સારાંશમાં એટલુંજ કહીશું કે પ્રાચીન સમયના પારસીઓ, ઇથિયોપિયા અને મિસરના લોકો, ફિનિ-શિયા, ગ્રીસ અને ટસ્કૅનના રહેવાસીઓ, શક, ગૉથ અને કેલ્ટ્સ લોકો, ચીન, જાપાન અને પેરૂના વતનીઓ, એ બધા લોકોની સાથે છેક જૂનામાં જૂના વખતથી હિન્દુઓને સંપર્ક હતો."*

= ભૂમધ્ય સમુદ્રને પૂર્વકિનારે આવેલા સિરિયા દેશના એક ભાગને ફિનિશિયા કહે છે. સિરિયાના હાયરોપોલિસ નામના એક શહેરમાંથી હિન્દુ દેવદેવીઓની મૂર્તિઓ મળી આવી છે. બાબિલોનિયાનું બીજું નામ કૅલ્ડિયા છે. કૉલચિસ દેશ કાળા સમુદ્રને પૂર્વકિનારે આવેલો છે, ત્યાંના અસલ રહેવાસીઓ તેની આસપાસના મુલકથી તદ્દન જુદાજ દેખાતા હતા તે ઉપરથી અનુમાન થાય છે કે, તેઓ કોઇ દૂરના દેશથી આવેલા હોવા જોઇએ.

* ઇટાલીના એક ભાગને ટસ્કનિ કહે છે. ગૉથ એક જૂની યુરોપીય જાતિ છે. તેઓ મૂળ એશિયાના પણ પશ્ચિમ તરફ ચાલ્યા ગએલા. એમણે રોમન સામ્રાજ્યને તોડી નાખ્યું અને યુરોપના પૂર્વ-ભાગ અને નૉર્વે તથા સ્વીડન સુધીનો પ્રદેશ જીતી લીધો હતો. બ્રિટન-ના અસલ વતનીઓ કેલ્ટ્સ કહેવાતા. કેલ્ટ્સ, ડ્રુઇડ્સ, જ્યૂટ, સૅક્સન વગેરે અનેક જાતિઓના મિશ્રણમાંથી હાલની અંગ્રેજ પ્રજા ઉત્પન્ન થઇ છે. પેરૂ દક્ષિણ અમેરિકામાં પાસિફિક મહાસાગરકિનારે

મિસર દેશમાં એવી એક દંતકથા ચાલતી હતી કે ભારત-વાસીઓએ ઇથિયોપિયામાં એક સંસ્થાન વસાવ્યું હતું. જુલિયસ આફ્રિકેનસ નામના રોમન સેનાપતિએ આ વાત નોંધી છે અને યુસિરિયસે તથા સિન્સેલસે તે નોંધનો ઉતારો કર્યો છે.

ઇથિયોપિયાનો એક વિભાગ જે ઍબિસિનિયા કહેવાય છે તેની ઉત્પત્તિ 'આબુસિન' શબ્દ ઉપરથી થઈ છે અને સિન્ધુ નદીનું જૂનું નામ 'આબુસિન' હતું. સિન્ધુ નદીને કિનારે વસનાર લોકોએ આફ્રિકા ખંડના આ પ્રદેશમાં આવીને પોતાનાં સંસ્થાન સ્થાપ્યાં હતાં તે ઉપરથી તે પ્રદેશ પ્રથમ આબુસિનિયા અને પછી ઍબિસિનિયા કહેવાયો. મિસર પણ સંસ્કૃત શબ્દ 'મિશ્ર'નો અપભ્રંશ છે. અત્યારે પણ બિહારમાં મિશ્ર–મિસર એની અટકવાળા બ્રાહ્મણો છે. એ સિવાય આફ્રિકાની અનેક જગાનાં નામો સંસ્કૃત છે અને એજ નામનાં શહેરો હિન્દુસ્તાનમાં પણ છે. અસલના વખતમાં હિન્દ અને ઍબિસિનિયાની વચ્ચે ધમધોકાર વેપાર ચાલતો હતો.

પ્લિની નામના રોમન ઇતિહાસકારની નોંધમાં એની

[illegible]

મતલબનું લખાણ છે કે કોઈ કોઈના કહેવા પ્રમાણે ઈરાનનો મોટો ભાગ હિન્દુસામ્રાજ્યની અંદર સમાઈ જાય છે. પારસીઓનાં જૂનાં ધર્મપુસ્તકોમાં લખ્યું છે કે તેમના પૂર્વજો પૂર્વ તરફના કોઈ મુલકમાંથી ઘણું કરીને અફગાનિસ્તાન અને કાશ્મીર-ઈરાનમાં આવીને વસ્યા હતા. પ્રોફેસર હૉગ કહે છે કે ભારતના બ્રાહ્મણ્ય ધર્મની સાથે ઈરાનના જરથોસ્તી ધર્મનું ઘણું મળતાપણું છે. દેવોનાં નામ, દંતકથાઓ, યજ્ઞયાગ કરવાની પદ્ધતિ અને મંત્રો–એ બધી બાબતો બેઉ પ્રજાની લગભગ એકસરખી જ છે. પારસીઓના પ્રાચીન ધર્મગ્રંથ ઝન્દ અવેસ્તા ભાષામાં લખાયા છે તે ભાષા વેદની ભાષાને ઘણીજ મળતી છે. વેદના ઘણા દેવતાઓનાં નામના ઉચ્ચારમાં થોડોક ફેરફાર કરીએ એટલે ઝન્દ અવેસ્તાના દેવતાઓનાં નામ બની જાય છે. × હિન્દુઓ અને પારસીઓ, બેઉની ધર્મક્રિયામાં અગ્નિની તો પહેલીજ જરૂર પડે છે–બેઉ અગ્નિના ઉપાસકો છે. * પારસીઓમાં ઉપવીત પહેરવાનો પણ રિવાજ છે. સર વિલિયમ જોન્સ લખે છે કે ડુ–પેરન કૃત ઝન્દ શબ્દકોશના દશ શબ્દોમાંથી છ કે સાત તો શુદ્ધ સંસ્કૃત શબ્દો છે.

કાઉન્ટ બ્યોર્નસ્ટોર્ન લખે છે કે બાબિલોનિયા, કેલ્ડિયા અને કોલ્ચિયસ દેશના લોકોએ પોતાની સંસ્કૃતિ ભારતવાસીઓની પાસેથી પ્રાપ્ત કરી છે. મધ્ય એશિયાને તાબે તુરફાન નામની એક જગ્યાએથી હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથો મળી આવ્યા છે. તેમાં ૨૫૦૦૦ વર્ષ અગાઉ લખાએલા પ્રાચીન નાટકના અંશ પણ છે.÷

× ગ્રંથકર્તાએ થોડા વખત ઉપર જ્યારે પારસીઓને અસુરોની જાતિના વગેરે કહ્યા હતા ત્યારે તેના જવાબમા આ લખનારે બરાબર આજ દલીલો ફુટનોટમા ટાંકી છે. હકીકત એ છે કે, પ્રાચીન આર્યો અને ઈરાનીઓ બેઉ એકજ દેશમાથી પશ્ચિમ તરફ ચાલ્યા આવ્યા. તેમાં ઈરાનીઓ કરતાં આર્યો આગળ વધીને હિંદમા વસ્યા. ત્યારપછી પણ ઘણા કાળ સુધી બેઉની વચ્ચે ગાઢ સંપર્ક રહ્યો હતો. સેવાનંદ

* કારણ કે બેઉ ઉત્તરધ્રુવના ઠંડા મુલકમાથી આવેલા. જુઓ લોકમાન્ય ટિળક કૃત 'આર્કટીક હોમ ઓફ હિંદુઝ' —સેવાનંદ

÷ ગ્રંથકર્તા બીજી બધી બાબતોને માટે પ્રમાણ આપે છે ત્યારે આ આશ્ચર્યકારક બીનાનું પ્રમાણ આપ્યું હોત તો સારૂં થાત. જૂની સંસ્કૃત પોથીઓ તો મધ્ય એશિયામાથી મળી આવે છે, પણ તે ગ્રંથકાર કહે છે તેટલી જૂની નહિ. આવાં કથનથી ભલે અચકચાઈ

[illegible]

[illegible]

ગ્રીસની પાસેથી જ્ઞાન અને સંસ્કૃતિ રોમન લોકો શીખ્યા અને રોમન લોકોની પાસેથી યુરોપના બીજા દેશો શીખ્યા, એ તો સૌ કબૂલ કરે છે. પછી એજ પ્રાચીન સંસ્કૃતિ યુરોપથી અમેરિકા અને બીજે બધે ગઈ તે તો આજકાલની વાત છે.

(ઘ) રશિયામાં હિન્દુઓનાં સંસ્થાન

રશિયાની પશ્ચિમે લિથુઆનિયા નામનું એક મોટું સ્વતંત્ર રાજ્ય હતું. ત્યાર પછી તે રશિયાને હાથ ગએલું અને છેલ્લા મહાયુદ્ધ પછી પાછું સ્વતંત્ર જાહેર થયું છે. ત્યાંના બધાજ ખેડૂતો સંસ્કૃત ભાષા સમજી શકે છે. × હિન્દુઓનું એક વાર આ દેશમાં સંસ્થાન હશે તેનો આ એક પુરાવો છે.

રશિયાના સૌથી ઉત્તરના પ્રદેશને લૅપલૅન્ડ કહે છે. ત્યાં હાલ પણ બૌદ્ધધર્મનો પ્રચાર છે.

(ઙ) જર્મનીમાં હિન્દુઓનાં સંસ્થાન

જર્મન ભાષાનું સંસ્કૃત ભાષા સાથે આશ્ચર્યકારક મળતાપણું છે. તે ઉપરાંત જર્મન શબ્દ સંસ્કૃત શર્મન્ શબ્દનો અપભ્રંશ છે. મૂર લખે છે કે હિન્દુ લોકો જેમ મનુને પોતાનો આદિપુરુષ માને છે, તેમ જર્મન લોકો મનુષને માને છે. * ટૅસિટસ લખે

---

× સંજીવની, ૨૧ ચૈત્ર ૧૩૨૪.

બાર મણના ખીજડામાં તેર તેર મણના બીઆ જેવી આ વાત છે. અતિશયોક્તિ કરવી એ બંગાળીઓનો સ્વભાવજ છે. બંગાળીઓ જ્યારે લાખો માણસ હતાં એમ કહે ત્યારે હજાર બે હજાર માની લેવાં. સાતેક વર્ષની વાત ઉપર ચૈતન્ય સંપ્રદાયના એક પ્રચારક ગુજરાતમાં આવેલા તેની સાથે આ લખનાર પોતે બંગાળા ગયો. માનભૂમ જિલ્લાના રઘુનાથપુરના એક વકીલે તેમને પૂછ્યું કે મુંબઇ ઇલાકામાં ચૈતન્ય સંપ્રદાયનો કેટલો ફેલાવો છે? ત્યારે તે મહાશય બોલ્યાઃ "અમદાવાથી મુંબઇ સુધીનો તમામ પ્રદેશ ચૈતન્યદેવની ભક્તિમાં ડુબી ગયો છે!" હવે હકીકત એટલી કે ચૈતન્યના ભક્તો અમદાવાદમાં એક, વડોદરામાં ત્રણ, વલસાડમાં એક અને મુંબઇમાં એક એટલા હતાં. તે ઉપરથી આખો ગુજરાત ચૈતન્યનો ભક્ત બની ગયો છે એમ કહેવાને તે મહાશયને જરા પણ વાંધો આવ્યો નહિ. બંગાળીઓના સ્વભાવનું આ એક દૃષ્ટાંત આપ્યું. એવી ને એવીજ લિથુઆનિયાના ખેડૂતોના સંસ્કૃતની વાત. —સેવાનંદ

* આ મળતાપણાનું કારણ આ લખનારે કહ્યું તેમ હિન્દુઓ અને જર્મનોના પૂર્વજો એક કુળના હતા એજ છે. જર્મન શબ્દની આ વ્યુત્પત્તિ કોઇ આર્યસમાજી પંડિતના ભેજાની પેદાશ છે! એક

છે કે અસલના જર્મન લોકોમાં સવારમાં ઉઠીને સ્નાન કરવાનો રિવાજ હતો. તે ઉપરથી કર્નલ ટૉડ અનુમાન કરે છે કે, આ રિવાજ તેઓ અસલ ગરમ પ્રદેશમાંથી લાવ્યા હોવા જોઇએ. જર્મની જેવા ઠંડા દેશના લોકોનો તો આ રિવાજ હોયજ નહિ. પ્રાચીન જર્મન લોકો અસલ ઢીલો પોશાક પહેરતા અને માથે લાંબી જટા રાખતા. આ બધું જોતાં ભારતવાસીઓજ જર્મનીમાં જઇને વસેલા એવા અનુમાનને ટેકો મળે છે. એ સિવાય જે જે અસલી જાતોના સંમિશ્રણથી હાલની જર્મન પ્રજા બની છે તેમાંની એક કાટ્ટી નામની એક હતી. હાલ સૌરાષ્ટ્રમાં કાઠી કહેવાય છે તેજ એ જાત.

(ઉ) સ્કૅન્ડિનેવિયામાં હિન્દુઓનાં સંસ્થાન

નોર્વે અને સ્વીડનનું ભેગું નામ સ્કેન્ડિનેવિયા છે. એ શબ્દનો અર્થ ક્ષત્રિ–લડવૈયા– એવો થાય છે. એજ પ્રદેશનો વતની કાઉન્ટ બ્યોર્નસ્ટૉર્ન લખે છે કે હિન્દુઓના 'વેદ' શબ્દ ઉપરથી અમારા પ્રાચીન ધર્મગ્રંથનો 'એડ્ડાર' શબ્દ બન્યો છે. હિન્દુઓએ જે રીતે અઠવાડીઆના વારનાં નામ પાડયાં છે તેજ રીતે અમારા દેશના લોકોએ પણ પાડયાં છે. અમારા દેશની પ્રાચીન ધાર્મિક દંતકથાઓ પણ હિન્દુઓની પાસેથી અમારા દેશના લોકોએ લીધી હોય એમ જણાય છે. × ત્યારે હવે આ

---

આર્યસમાજી પંડિતે એવું પણ જાહેરસભામાં કહેલું કે બાઇબલમાં સૌથી પ્રથમ કુલપતિ અબ્રાહામનું નામ આવે છે તે આર્યોના બ્રહ્મા શબ્દનો અપભ્રંશ છે. ઉચ્ચારમાં જરાક મળતાપણું આવ્યું કે આ ભાષાશાસ્ત્રીઓને વ્યુત્પત્તિ બેસાડી કાઢતાં વારજ લાગતી નથી. જર્મની શબ્દની ખરી વ્યુત્પત્તિ આ પ્રમાણે છેઃ–( લૅટિન-જર્મેનિ-અસ પાડનારા—સેલ્ટિક ભાષાના જેર્મ-અન અથવા 'પાડોશીઓ' ઉપરથી ગૉલ લોકો જર્મનોના પાડોશીઓ હોવાથી તેમણે તેમનું આવું નામ રાખેલું. એ જેર્મ શબ્દ ગૅલિક ગેર–પાડોશી ઉપરથી બન્યો છે.) વેબ્સ્ટર, ચેમ્બર્સ, ઑક્સફર્ડ વગેરે પ્રમાણભૂત શબ્દકોશની આ વ્યુત્પત્તિ સાથે ગ્રંથકારની અટકળીઆ વ્યુત્પત્તિ સરખાવીને તેની આ વિષયની બધીજ દલીલોનો તોલ કરી લેવો. —સવાનંદ

× સ્કેન્ડિનેવિયામાં પણ બ્રાહ્મણ નામ અને જર્મનોની માફક આર્યોનો એક વેદ ગયો હતો [illegible]

બધું જોતાં હિન્દુઓનું સ્કેન્ડિનેવિયામાં સંસ્થાન હોવુંજ જોઈએ એવું અનુમાન કરવું પડે છે.

(ક્ર) ઈંગ્લંડમાં હિન્દુઓનાં સંસ્થાન

પિક્ટેટ લખે છે કે "સંસ્કૃત ભાષા અને ઇંગ્લંડની પ્રાચીન સેલ્ટિક ભાષા, એ બે એકબીજાને એટલી બધી મળતી આવે છે કે બેઉ ભાષા બોલનારી પ્રજાઓ વચ્ચે ખૂબ ગાઢો સંબંધ હોવોજ જોઈએ, એવું બધાને કબૂલ કરવું પડે છે."

ગૅાડફ્રે હિગિન્સ સાબિતીઓ સાથે કહે છે કે ભારતવાસીઓએ બ્રિટનમાં પોતાનું એક સંસ્થાન વસાવ્યું હતું અને બ્રિટન લોકોના પુરોહિતો જેઓ ડ્રુઇડ્સ કહેવાતા તે આર્યોના બ્રાહ્મણોજ હતા. કારણ કે બેઉની ધર્મક્રિયાઓ અને બીજા આચારવિચારમાં ઘણુંજ મળતાપણું છે. આત્મા જન્મરહિત છે, મનુષ્યના મૃત્યુ પછી તેનો આત્મા આકાશમાં ચાલ્યો જાય છે અને જગતને પેદા કરનાર, તેનું રક્ષણ કરનાર અને તેનો નાશ કરનાર ત્રણ જુદાજુદા દેવો છે; આવી આવી કેટલીક માન્યતાઓ ડ્રુઇડ લોકોની અને બ્રાહ્મણોની એકસરખી છે. ડ્રુઈડ લોકો પણ બ્રાહ્મણોની માફક યાજ્ઞિકો, પુરોહિતો અને ધર્મગુરુઓ હતા. ધર્મનો ઉપદેશ કરવાનો અધિકાર તેમણે પણ પોતાના હાથમાંજ રાખ્યો હતો. વળી બ્રાહ્મણોની માફક તેઓ પણ શાપ દેતા અને તેમના શાપથી મોટામોટા રાજાઓ પણ મૂછ જતા.* આ ડ્રુઈડ લોકોનાં દેવદેવીઓ તેમનું શાસ્ત્ર અને તેમની સભ્યતા, એ ત્રણે બાબતો હિન્દુઓની તે બાબતોની સાથે આબાદ મળતાં આવે છે. પોકોક લખે છે કે "અંગ્રેજો 'હુરરા' એવો જયઘોષ ઉચ્ચારે છે તે તેમના પૂર્વજો—રજપૂતોના 'હર હર'નોજ અપભ્રંશ છે. કારણ કે રજપૂત લોકો બ્રિટનના ટાપુ ઉપર રહ્યા હતા." કર્નલ ટૅાડ લખે છે કે "ઇંગ્લંડમાં અને યુરોપમાં જેટલાં પ્રાચીન સેક્સન મંદિરો છે તેમની બાંધણી અને શિલ્પકળા હિન્દુસ્તાનનાં મંદિરોના જેવી જોઇને મને ઘણું

રીતરિવાજ, દંતકથા વગેરેમા ખુબ મળતાપણું છે એ વાત વાચકે હમેશને માટે યાદ રાખી લેવી. હિન્દુઓનાં દુનિયાભરનાં સંસ્થાનોની ચર્ચામાં ગ્રંથકારે આખી વસ્તુસ્થિતિ ઉલટાવી નાખી છે અને ઘણોજ હલવા જેવો ભ્રમ ઊભો કરી મૂક્યો છે —સેવાનંદ

* માનસી-૧૯૨૮, પૃ ૫૦૧

આશ્ચર્ય પેદા થયું. ઇંગ્લંડની સેક્સન પ્રજાના પૂર્વજો [illegible]
વિગાના હતા. તેઓ અસિ અને જિત નામની પ્રજાઓના [illegible]
હતા. તેઓ એશિયાથી ( અસિ ઉપરથી ! ) તો આ તરફ નહિ
આવ્યા હોય ? ”×

ઇંગ્લંડમાંથી એક જગ્યાએ જમીન ખોદતાં એક તામ્ર લેખ મળી આવ્યો છે. તે લેખની ભાષા સંસ્કૃત છે. તે [illegible] મેક્સમૂલર વગેરે પંડિતોએ નક્કી કર્યું કે, ઈ૦ સ૦ પૂર્વે ૨૨૦૦ વર્ષ પહેલાં ભારતવાસીઓ વેપાર કરવા માટે ઇંગ્લંડ આવતા તેનો આ લેખ પુરાવો છે. એ તામ્રલેખ બ્રિટિશ સંગ્રહસ્થાનમાં સાચવી રાખ્યો છે. બંગાળાના રાષ્ટ્રીય ઇતિહાસમાં લખ્યું છે કે, હિન્દુ વેપારીઓ બે હજાર વર્ષ પૂર્વે બ્રિટન અને જર્મની સુધી વેપાર કરવા જતા તેના પુરાવા છે.

## (ગ) પાતાલદેશમાં હિન્દુઓનાં સંસ્થાન

પાતાલદેશમાં પહેલવહેલાં સંસ્થાનો વસાવનાર હિન્દુ [illegible] નાગ લોકો હતા. રોમ નગરની પાસે ગોરીહોર નામના એક પ્રસિદ્ધ હિન્દુ સંસ્થાનનાં મંદિરો આજે પણ જોઈ શકાય છે. [illegible] પૂર્વે [illegible] માં [illegible] નામના [illegible] પાતાલદેશમાં [illegible] નામના નગરમાં રાજ્ય [illegible] [illegible]

ત્યાંથી નીકળીને તેઓ બ્રહ્મદેશની રાજધાની માન્ડાલય (માંડલે)-ની નજીક જઇને રહેવા લાગ્યાં. તેઓ અત્યારે બર્મીઝ ભાષા બોલતાં થઇ ગયાં છે અને તેમનો પહેરવેશ પણ તે દેશના લોકોના જેવોજ છે, પરંતુ હજી તેઓ છોકરાને ઉપનયન સંસ્કાર કરાવે છે. કેટલાકને બંગાળી પણ બોલતાં આવડે છે.× બ્રહ્મદેશમાં જે બૌદ્ધધર્મ ચાલે છે તે પણ હિન્દુસ્તાનમાંથીજ ગએલો.

(ૡ) કાંબોડિયામાં હિન્દુઓનાં સંસ્થાન

હૉવેલ લખે છે કે તક્ષશિલાની આસપાસના પ્રદેશનું અસલ નામ કાંબોજ હતું. ત્યાંના લોકો બ્રહ્મદેશના અગ્નિકોણમાં જઇને વસ્યા હતા અને તે દેશનું નામ પોતાના મૂળ દેશના નામને મળતુંજ રાખ્યું હતું.

(ઓ) કોચીન ચીનમાં હિન્દુઓનાં સંસ્થાન

ભાગલપુર પાસે ચંપાનગરી કરીને શહેર છે. ત્યાંના લોકોએ કોચીન ચીનમાં હિન્દુ સંસ્થાન વસાવ્યું હતું અને તેથી તેમણે તે સ્થળનું નામ પણ ચંપાજ રાખ્યું હતું.

(ઔ) સિયામમાં હિન્દુઓનાં સંસ્થાન

સિયામમાં ચાલતી દંતકથાઓ મુજબ એ પ્રદેશને વસ્તીવાળો કરનાર હિન્દુઓજ હતા. આજે પણ ત્યાં બેથી ત્રણ માઇલના ઘેરાવાનું એક આશ્ચર્યકારક મંદિર છે, જેની આકૃતિ મિસરનાં પિરામિડ જેવી અને શિલ્પસૌન્દર્ય ગ્રીસનાં સ્થાપત્ય અને શિલ્પકળાની સાથે સરસાઇ કરે એવું છે. એ મંદિરમાં હિન્દુ અને બૌદ્ધ દેવતાઓની મૂર્તિઓ છે. સિયામના રાજાઓ પણ પોતાને હિન્દુસ્તાનના ક્ષત્રિયો કહેવડાવે છે. ત્યાંનો ધર્મ પણ બૌદ્ધધર્મ છે.

(અં) હિન્દી મહાસાગરના દ્વીપસમૂહમાં હિન્દુઓનાં સંસ્થાન

સુમાત્રા, જાવા, બાલિ, બોર્નિયો વગેરે દ્વીપોમાં હિન્દુઓએ સંસ્થાન વસાવ્યાં હતાં તે વિષે તો કોઇને કશી તકરારજ નથી; અને વળી ત્યાં આગળ હિન્દુઓના પ્રાચીન ગૌરવનાં સ્મૃતિચિહ્નો પણ જોઇએ તેટલાં છે.

(અઃ) લંકામાં હિન્દુઓનાં સંસ્થાન

બંગાળાના એક રાજાના રાજકુમાર વિજયસિંહે સૈન્ય સહિત લંકા ઉપર સ્વારી કરી હતી અને ત્યાં તેણે હિન્દુરાજ્યની

× સજીવની-૧૮ વૈશાખ, ૧૭૮૧

અને હિન્દુ વસાહતની સ્થાપના કરી હતી. તેના નામ [illegible] થી સીલોનનું નામ સિંહલદ્વીપ પાડ્યું છે. ત્યાં બૌદ્ધમાર્ગનો પ્રચાર કાર્ય કરનાર પણ હિન્દુસ્તાનના લોકોજ હતા.

### (ઝ-૧) ચીનમાં હિંદુઓનાં સંસ્થાન

સર વિલિયમ જોન્સ લખે છે કે "ચીના લોકો પોતે હિંદુ ક્ષત્રિયોથી ઉત્પન્ન થયાનો દાવો કરે છે." કર્નલ ટોડ લખે છે કે ચીનાઓ અને તાતાર દેશના લોકો પોતાને પુરૂરવાના વંશજ [illegible]

બંગાળાનો પુષ્કળ પ્રભાવ પડતો હતો. અસલના વખતમાં ઘણા ભારતવાસીઓ જાપાનમાં વેપાર અથવા ધર્મપ્રચાર અર્થે આવતા હતા. જાપાનમાં બૌદ્ધધર્મનો પ્રચાર કરવા ઘણા બંગાળીઓ પણ ત્યાં નથી ગયા. જાપાનના હોરેન્છ નામના એક મંદિરમાં એક ધર્મપુસ્તક છે તે છઠ્ઠા સૈકાની બંગાળી લિપિમાં લખાએલું છે. જાપાનનાં ઘણાં મંદિરોની દિવાલો ઉપર જૂની બંગાળી લિપિમાં કોતરેલા સંસ્કૃત શ્લોક છે. × જાપાનમાં એક જગ્યાએ હજી પણ એવા લોકો વસે છે કે જેઓ બંગાળીઓની પેઠે ઉઘાડે માથે ફરે છે. આ ઉપરથી બંગાળી લોકો જાપાનમાં જઇને વસ્યા હશે એવું અનુમાન થાય છે. ત્યાંનો ધર્મ તો બૌદ્ધધર્મ છેજ.

### (જ-૩) અમેરિકામાં હિંદુઓનાં સંસ્થાન

દક્ષિણ અમેરિકામાં ઘણા જૂના વખતનાં શહેર, હવેલીઓ, કિલ્લા, જળાશય, નહેરો અને રાજમાર્ગનાં ખંડિયેર હાથ લાગ્યાં છે. જર્મન પ્રવાસી અને વૈજ્ઞાનિક બેરન હમ્બોલ્ટ લખે છે કે, દક્ષિણ અમેરિકામાંથી હિંદુ લોકોની ઘણી નિશાનીઓ મળી આવે છે. દક્ષિણ અમેરિકાના પેરૂ નામના એક મુલકના લોકોના આચાર અને વ્યવહારનું વર્ણન કરતાં પોકોક લખે છે કે, પેરૂના લોકો અને હિન્દીઓ એકજ જાતના લોકો લાગે છે. ઉત્તર અમેરિકાના મેક્સિકો નામના એક દેશમાંથી ગણપતિ અને મનસાદેવીની મૂર્તિઓ મળી આવી છે. તે સિવાય ત્યાંથી હિન્દુઓના વસવાટની બીજી પણ કેટલીક નિશાનીઓ મળી છે. મેક્સિકો શબ્દ પણ સંસ્કૃત 'માક્ષિક' અર્થાત્ સુવર્ણ ઉપરથી ઉત્પન્ન થયો હોય એ ઘણુંજ બનવાજોગ છે. ત્યાં પહેલાં સોનાની ખાણો હતી તે ઉપરથી હિંદુ લોકોએ તે દેશનું આવું નામ રાખ્યું પણ હોય. ઉત્તર અમેરિકાની મિસિસિપી નદીની ખાણમાંથી જમીન ખોદતાં એક તામ્રલેખ જડયો હતો. એ લેખ ઉપરથી એવું માલૂમ પડે છે કે ત્યાં આગળ માટીનો જંગી સ્તૂપ છે તે ઇસવી સન પૂર્વે ૧૩૦૦ વર્ષ ઉપર એટલે કુરુક્ષેત્રના યુદ્ધના સમયમાં સ્થાપ્યો હતો અને તેને બંધાવનારાઓમાં હિંદુઓ પણ હતા. § વળી હાર્ડિં અને સ્કૂવર, બેઉ જણ કહે છે કે અમેરિકાનાં પ્રાચીન મંદિરો ભારતખંડનાં મંદિરોને અજાયબ રીતે મળતાં આવે છે.

× ભારતે વિવેકાનંદ, પૃષ્ઠ ૮૮૧
§ સંમિલની, ૧૦ વૈશાખ ૧૩૨૦

એ ઉપરાંત અમેરિકાના અસલી લોકો હિંદુઓની માફક ગણપતિ અને મનસાદેવીની પૂજા કરતા હતા. વળી તેઓ હિંદુઓની પેઠે સૃષ્ટિનો પ્રલય અને આત્માના પુનર્જન્મને પણ માનતા હતા. પૃથ્વી એક કાચબાની પીઠ ઉપર રહેલી છે અને ગ્રહણ થાય છે ત્યારે સૂર્યચંદ્રને કોઈ રાક્ષસ ગળી જાય છે, એવી વાતો પણ તેઓ માનતા હતા. આ બધા ઉપરાંત તેમના આચારવ્યવહાર, રીતરિવાજ, પોશાક વગેરેમાં પણ તેમનું અને હિંદુઓનું ખૂબજ મળતાપણું હતું.

મેક્ષમૂલર લખે છે કે “પ્રાચીન એશિયા અને પ્રાચીન અમેરિકાની ભાષાઓ અને ધર્મની અંદર એવાં કેટલાંક લક્ષણ નજરે પડે છે કે જેથી પ્રાચીન કાળમાં એશિયાના ઘણા લોકો અમેરિકા જઈને વસ્યા હોય એવી મન ઉપર છાપ પડે છે. તેઓ કાં તો એશિયાની ઉત્તર દિશાએથી અથવા દક્ષિણ દિશાએથી નીકળીને પવન અનુકૂળ હોય તેટલો વખત વહાણના સઢ છોડતા જઈને એક દ્વીપ ઉપરથી બીજા દ્વીપ ઉપર અને બીજા ઉપરથી ત્રીજા ઉપર એમ કટકે કટકે સફર કરતા કરતા આખો દ્વીપપુંજ ઓળંગીને અમેરિકા જઈ પહોંચ્યા હશે.”

એશિયાના લોકો અમેરિકા ગયા હતા એટલી વાત જો પૂરવાર થતી હોય તો પછી એશિયામાં હિન્દુઓ સિવાય બીજા કોઈ દેશના લોકો તો જાય એવા હતાજ નહિ, એ તો દેખીતી ઉઘાડી વાત છે.

### (ग) હિંદુઓને વિષે પાશ્ચાત્ય પંડિતોના અભિપ્રાય

મિલ કહે છે કે “એક જમાનામાં હિંદુલોકો આખા જગતમાં સૌથી વધારે બળવાન અને સૌથી આગળ પડતા લોકો હતા.”

ટૉડ લખે છે કે “હિંદુઓની સંસ્કૃતિ એ આખા જગતની જૂનામાં જૂની સંસ્કૃતિનો ભગ્ન [illegible] છે.”

કાઉન્ટ બ્યૉર્નસ્ટેર્ન લખે છે કે “જગતમાં એવી એકે પ્રજા નથી કે જેની સંસ્કૃતિ અથવા જેનો ધર્મ પ્રાચીનતાની બાબતમાં હિંદુઓની સંસ્કૃતિ અથવા ધર્મની સાથે મુકાબલો કરી શકે.”

[illegible]

નિવાસભૂમિ હતી, તે પ્રાચીનતમ જમાનામાં ભારતવર્ષની સંસ્કૃતિ પૂરબહારમાં ખીલી હતી અને ત્યાં ઐશ્વર્ય અને વૈભવ-વિલાસની છોળો ઉછળતી હતી."

ડેલઓ લખે છે કે "હજારો વર્ષ પૂર્વે ભારતવર્ષમાં જે સંસ્કૃતિનો જન્મ થયો હતો તેનો પ્રભાવ આજે પણ આપણી ચારે બાજુએ અને આપણા રોજના જીવનમાં દેખાય છે. તેનો વિસ્તાર તમામ સુધરેલા દેશોના સીમાપ્રાંત સુધી ફરી વળ્યો છે. તમે યુરોપ, અમેરિકા-ગમે તે તરફ જુઓ તો જે સંસ્કૃતિ પ્રથમ ગંગાને કિનારેથી ત્યાં એક વાર આવેલી તેનો જ પ્રભાવ આજે પણ તમે સર્વત્ર જોઈ શકશો."

ઉદાર હૃદયના પંડિત મેક્ષમૂલર લખે છે કે "આખા જગતમાંથી મારે એવો એકજ દેશ બતાવવો હોય કે જ્યાં પ્રકૃતિદેવીએ શક્તિ, સૌન્દર્ય અને ઐશ્વર્ય સૌથી વધારે પ્રમાણમાં છૂટે હાથે વેરી દીધાં હોય,—કોઈ કોઈ બાબતમાં તો જે દેશને સ્વર્ગતુલ્ય બનાવી મૂક્યો હોય-તો હું ભારતવર્ષનેજ બતાવું. કોઇ મને પૂછે કે કયા દેશના આકાશની છાયા નીચે મનુષ્યના મનની ઉંચામાં ઉંચી શક્તિઓનો સંપૂર્ણરૂપે વિકાસ થયો છે, કયા દેશના લોકોએ જીવનના સૌથી વિશેષ મહત્ત્વના પ્રશ્નો વિષે સૌથી વધારે ઉંડા ઉતરીને વિચાર કર્યો છે અને તેમાંના કેટલાક પ્રશ્નોનું તો જેમણે એવું સુંદર સમાધાન કર્યું હોય કે પ્લેટો અને કેન્ટનાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને માટે પણ જે વિચારવા જેવું ગણાય ત્યારે તો મારી નજર ભારતવર્ષ ઉપરજ જઈને ઠરે. જો કોઈ મને પૂછે કે ગ્રીક, રોમન અને યહુદીઓનાં તત્ત્વચિંતનથી પોષાએલી યુરોપની પ્રજાનાં આંતરિક જીવનનો સૌથી વિશેષ પૂર્ણ, સૌથી વિશેષ ઉદાર, સૌથી વિશેષ વિશ્વવ્યાપક, એક શબ્દમાં કહીએ તો સૌથી વિશેષ મનુષ્યોચિત બનાવી શકે—માત્ર આજ જગતના જીવનને માટેજ નહિ પણ અનંત જીવનના પ્રવાસને માટે જેમાંથી તેમને પૂરતું ભાથું મળી રહે એવું કયી પ્રજાનું સાહિત્ય છે તો હું કહીશ કે એકલા ભારતવર્ષનુંજ."

ફ્રેન્ચ પંડિત જેકોલિયટ લખે છે કે "પૃથ્વીની તમામ પ્રજાઓનાં પગરણાં ભારતવર્ષમાંજ મંડાયાં છે. ભારતવર્ષજ જગતની તમામ પ્રજાઓની સામાન્ય જનેતા છે. ભારતવર્ષેજ પા-

તાનાં સંતાનોને પશ્ચિમના દેશોના છેક છેલ્લામાં છેલ્લા સીમાપ્રાંત સુધી મોકલાવ્યા છે. અમને યુરોપના લોકોને ભાષા, સાહિત્ય, કાયદા, નીતિ અને ધર્મનો બોધ કરનાર ભારતવર્ષજ છે અને અમારૂં ઉત્પત્તિસ્થાન કયું તેનાં પણ અવિચળ પ્રમાણ અમારે વાસ્તે મૂકી જનાર ભારતવર્ષજ છે. હે ભારતભૂમિ! હે સમગ્ર માનવજાતિની આદ્યજનનિ! હું તને પુનઃ પુનઃ વંદન કરૂં છું, તને પુનઃ પુનઃ પ્રણામ કરૂં છું. તુંજ પ્રજાઓની માતામહી છે, તુંજ માનવકુળની સુદક્ષ ધાત્રી છે. સૈકાઓનાં પાશવિક આક્રમણથી પણ તને વિસ્મૃતિના સમાધિગર્ત્તમાં દાટી દેવાઈ નથી. ધર્મનિષ્ઠા, પ્રેમ, કાવ્ય અને જ્ઞાનની જન્મભૂમિ! મારા તને પ્રણામ હો! ભવિષ્યમાં પાશ્ચાત્ય ભાવનાઓથી રંગાએલી છતાં તારા પોતાનાજ ભૂતકાળના ગૌરવના તેજથી દેદીપ્યમાન થતી તારી મૂર્તિને નમન કરવા હું જીવું એવી મને ઇચ્છા છે."

સહૃદય ડબ્લ્યુ. ડી. બ્રાઉન લખે છે કે, સ્થિર અને પક્ષપાતરહિત બુદ્ધિથી ઉંડા ઉતરીને પરીક્ષા કરી જોતાં એટલું તો કબૂલ કરવું પડશે કે, હિન્દુસ્થાનના લોકોજ જગતના સાહિત્યના અને ધર્મશાસ્ત્રોના સર્જક છે. મેક્ષમૂલર જેકોલિયટ, સર વિલિયમ જોન્સ વગેરે મહાબુદ્ધિમાન પંડિતોએ સંસ્કૃત સાહિત્યને કસોટીએ ચઢાવી જોઇને તેની ચારે બાજુએથી પરીક્ષા કરી જોઇ છે અને તેમણે કરેલી શોધખોળમાંથી એવા સબળ પુરાવા હાથ લાગ્યા છે કે જેને આધારે આપણે ખાત્રીપૂર્વક કહી શકીએ કે, પાછળથી થએલા ધર્મશાસ્ત્રકારોએ ભરતખંડના પ્રાચીન ગ્રંથોમાંથીજ કોઇએ પૂરેપુરૂં તો કોઈએ થોડું ઘણું ઉછીનું લઇને પોતપોતાના ધર્મમતનું ગઠન કર્યું છે. વળી ભરતખંડના સાહિત્યમાં નજર કરતાં સૌની એવી ખાત્રી થાય છે કે હિન્દુઓમાંથી બધાજ કાંઇ મૂર્તિપૂજક, મૂર્ખ, જંગલી અને અણસુધરેલ ન હતા, પણ તેમનામાં કોઈ કોઇ તો એવા મહાબુદ્ધિમાન હતા કે જેઓ આજની મદગર્વિત પ્રજાઓને પણ તેમની બુદ્ધિના વૈભવની ઈર્ષા આવે. પ્રાચીન હિન્દુ સાહિત્યનો જગતની આધુનિક ભાષાઓમાં અનુવાદ થાય તો [illegible] ની કહેવતોની સત્યતાને તે [illegible] નાખે એમાં લેશમાત્ર પણ સંદેહ નથી અને ત્યારે તે જોશે કે [illegible] *શતાબ્દિના

* [illegible]

પુષ્પની માફક પોતાની મનોહર અને સાત્ત્વિકખુશબોનું આખા જગતને દાન દેવા માટે પાછો પૂરજોશમાં ખીલવા લાગ્યો છે, અને ત્યારે જગતની એકેએક પ્રજા ભારતના પુણ્ય તીર્થને આંગણે આવીને શતાબ્દિની લાળીઓથી એકેએક ફૂંપળ ચૂંટી લેવા ઉત્કંઠિત થશે."

કેવું પ્રેમાર્દ્રતાથી ભરેલું ઉદાર સ્વપ્ન છે! તે શું કદી પ્રત્યક્ષ થશે ખરૂં? ક્યારે?

## (૩૯) બંગાળા અને બંગાળીઓ

### (ક) બંગાળા એક પ્રાચીન દેશ છે.

પંજાબની સિન્ધુ નદી ઉપરથી હિન્દુ શબ્દ બન્યો છે. ખરૂં જોતાં એ સિન્ધુ શબ્દનોજ અપભ્રંશ છે. અસલના વખતના ઈરાનના વતનીઓ 'સિન્ધુ' નો ઉચ્ચાર 'હિન્દુ' કરતા અને સિન્ધુ નદીની આ તરફના લોકોને પણ તેઓ હિન્દુ કહેતા. એમ કરતાં કરતાં સિન્ધુનદીની પૂર્વ દિશાએ આવેલા આખા પ્રદેશના લોકો હિન્દુ એવા નામથી ઓળખાવા લાગ્યા. પારસીઓનાં જૂનાં ઝન્દ અવેસ્તાનાં પુસ્તકોમાં 'હિન્દુ' એવો શબ્દ છે. ઈરાનીઓના પછી ગ્રીક લોકો આવ્યા. તેમણે હિન્દુ શબ્દને ગચરીને 'ઇન્ડો' બનાવ્યો અને તેના ઉપરથી 'ઇન્ડિયા' નામ ઉદ્ભવ્યું છે.

મહાભારતમાં લખ્યું છે કે "બલિરાજાને અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ, એ નામના પાંચ છોકરા હતા. તેઓ જુદા જુદા પાંચ દેશના રાજા થયા અને તેમના દરેકના નામ પરથી તે તે દેશનાં નામ પડયાં છે."* આ ઉપરથી એટલું તો સાબિત થયું કે એ પાંચે ભાઈ એકી વખતે જીવતા હતા અને એ પાંચ દેશનાં નામ પણ એકી વખતેજ પડયાં હતાં. હવે કોઈ પણ પ્રાચીન ગ્રંથમાં આપણને આ પાંચ પૈકી ગમે તે એક દેશનું મળી આવે તોપણ આપણે માનવું પડે કે એ ગ્રંથ લખાયો તે પહેલાં પેલા પાંચે દેશોનાં નામ જાહેર થઈ ગયાં હોવાં જોઇએ.

ત્યારે હવે એ નામ કયા જમાનામાં પડયાં તે શોધી કાઢવું રહ્યું. બંગદેશનું નામ સૌથી પહેલી વાર ઋગ્વેદના ઐતરેય આરણ્યકમાં જોવામાં આવે છે.÷ ત્યારે હવે એ ઉપરથી ફલિત થાય છે કે ઐતરેય આરણ્યકની રચનાના કાળ પહેલાંજ અંગ,

* આદિપર્વ, ૧૦૮-૫૩,૫૪,૫૫. ÷ ઐતરેય આરણ્યક, ૨-૧-૧

બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ, એ પાંચે દેશનાં નામો જાહેર થઈ ગએલાં હોવાં જોઇએ. વળી અથર્વવેદની સંહિતામાં અંગ દેશનું નામ આવે છે.* ઐતરેય બ્રાહ્મણમાં પુંડ્ર લોકોના નામનો ઉલ્લેખ છે. ઐતરેય આરણ્યકમાં બંગની સાથે 'વગધ' દેશનો ઉલ્લેખ છે તે 'મગધ'નુંજ રૂપાન્તર લાગે છે.+ વળી શતપથ બ્રાહ્મણમાં મિથિલા નગરનું નામ આવે છે. એટલે હવે તો બેશક સાબિત થઇ ગયું કે, ઋગ્વેદના ઐતરેય આરણ્યકની રચના થઈ તે અગાઉ આ પાંચે રાજ્યો, તેનાં રાજા, પ્રજા અને વસ્તી વગેરે બધાંજ હોવાં જોઇએ. મહાભારતમાં તેમનાં વર્ણનો છે તે જોતાં એ બધા દેશ સુસભ્ય લાગે છે.

### (ખ) બંગાળા પ્રાચીન કાળથી સુસભ્ય છે.

મહાભારત ઉપરથી જાણી શકાય છે કે, ભરતખંડના પૂર્વ ભાગમાં અંગ, બંગ, સુહ્મ, પુંડ્ર, તામ્રલિપ્ત, કલિંગ, મણિપુર, કિરાતરાજ્ય (ત્રિપુરા–ટિપેરા) અને પ્રાગજ્યોતિષ (આસામ), એટલાં નવ સ્વતંત્ર અને બળવાન રાજ્યો હતાં.

અંગ, બંગ, પુંડ્ર અને કલિંગ, એ ચાર દેશના રાજાઓ યુધિષ્ઠિરની રાજધાની ઇંદ્રપ્રસ્થની રાજસભામાં ઘણી વાર જતા આવતા હતા.§ પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો તે પ્રસંગે પુંડ્રના રાજા વાસુદેવને, બંગદેશના રાજાને, કલિંગના રાજાને અને પ્રાગજ્યોતિષના રાજા ભગદત્તને નિમંત્રણ થએલું હોવાથી તેઓ તે કાર્ય વખતે હાજર હતા.× અર્જુન જ્યારે વનવાસે નીકળ્યો ત્યારે તે અંગ, બંગ અને કલિંગ દેશના બધા તીર્થ જોઇ વળ્યો હતો અને ત્યાં બધે તે થોડે થોડે [illegible] પણ હતો.÷ ત્યાંથી આગળ તે મણિપુર પણ ગયો હતો. જ્યારે યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ અને દ્રૌપદી તીર્થયાત્રા કરવા નીકળ્યાં હતાં ત્યારે તેઓ [illegible] સુધી [illegible] ગયાં હતાં.[illegible] પાંડવો અને દ્રૌપદી [illegible]

પ્રસ્થાન આદર્યું ત્યારે પણ તેઓ બંગાળાની મુલાકાત લેતાં ગયાં હતાં. તે વખતે બંગાળામાં તીર્થો પણ ઘણાં હતાં અને બ્રાહ્મણો પણ જોઇએ તેટલા હતા. બંગાળા કાંઈ પાંડવોનો ટાળી મૂકેલો દેશ તો નથીજ. એક વાર પાંડુરાજ પુંડ્ર દેશ ઉપર ચઢી આવ્યો હતો.× પુંડ્રદેશ તે વખતે સભ્ય હતો તેની આ પણ એક સાબિતી છે.

રામાયણમાં અંગ, બંગ અને મગધ, એ ત્રણે દેશો ઘણા સમૃદ્ધ હતા એમાં વર્ણન છે.=

મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "છેક જૂના વખતમાં પણ બંગાળા સભ્યતાના શિખરે પહોંચ્યો હતો. ઇસવી સન પૂર્વે ચોથા સૈકામાં લખાએલા એક જૈન ગ્રંથમાં એવી હકીકત છે કે, મહાવીરસ્વામીએ બાર વર્ષ સુધી રાઢ દેશમાં (હાલનું બરદ્વાન રાજ્ય અને થોડાક બીજો પ્રદેશ) રહ્યા હતા અને ત્યાં બીજા ઘણા શ્રમણો પણ રહેતા હતા. તે દેશે તે વખતે સારી ઉન્નતિ કરી હશે માટેજ એ મહાત્માઓ ધર્મપ્રચાર કરવાને ત્યાં આવ્યા હશે. એજ સૈકામાં થઈ ગએલો ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં બંગાળાના કુશળ વણકરોએ વણેલાં 'શ્વેત સ્નિગ્ધ' અને પુંડ્રના વણકરોનાં 'શ્યામ મણિ સ્નિગ્ધ' રેશમી વસ્ત્રોની પ્રશંસા કરે છે.÷ ઇસવી સન પૂર્વે ચોથા સૈકામાં અને ત્યાર પહેલાં પણ બંગાળા સુસભ્ય પ્રદેશ હતો, તેની આ બધી સાબિતીઓ છે.

## (ગ) બંગાળીઓનું જ્ઞાન

ઇસવી સનના છઠ્ઠા સૈકામાં સમતટનો વતની બંગાળી બૌદ્ધ શીલભદ્ર ભારતવિખ્યાત નાલંદના વિશ્વવિદ્યાલયના ગૌરવવંતા અધ્યક્ષ (ચૅન્સેલર)ના સ્થાન ઉપર બિરાજ્યો હતો. સુપ્રસિદ્ધ ચીનાઇ પ્રવાસી હુએન સાંગને તેણેજ પાંચ વર્ષ સુધી નાના પ્રકારની વિદ્યા ભણાવી હતી. આઠમા સૈકામાં એજ પદવી ઉપર શાંતરક્ષિત નામનો બીજો બંગાળી બૌદ્ધ નીમાયો હતો. અગીઆરમા સૈકામાં દીપંકર નામનો વિક્રમપુરનો વતની અને મહાપંડિત બંગાળી બૌદ્ધ વિક્રમશિલાના પ્રખ્યાત વિશ્વવિદ્યા-

× આદિપર્વ, ૧૧૩-૨૯.

= રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦-૩૭.

÷ ભારતવર્ષ, માઘ ૧૩૨૨, પૃષ્ઠ ૩૧૦.

બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ, એ પાંચે દેશનાં નામો જાહેર થઈ ગયેલાં હોવાં જોઈએ. વળી અથર્વવેદની સંહિતામાં અંગ દેશનું નામ આવે છે.* ઐતરેય બ્રાહ્મણમાં પુંડ્ર લોકોના નામનો ઉલ્લેખ છે. ઐતરેય આરણ્યકમાં બંગની સાથે 'વગધ' દેશનો ઉલ્લેખ છે તે 'મગધ'નું જ રૂપાન્તર લાગે છે.+ વળી શતપથ બ્રાહ્મણમાં મિથિલા નગરનું નામ આવે છે. એટલે હવે તો બેશક સાબિત થઈ ગયું કે, ઋગ્વેદના ઐતરેય આરણ્યકની રચના થઈ તે અગાઉ આ પાંચે રાજ્યો, તેનાં રાજા, પ્રજા અને વસ્તી વગેરે ત્યાંજ હોવાં જોઈએ. મહાભારતમાં તેમનાં વર્ણનો છે તે જોતાં એ બધા દેશ સુસભ્ય લાગે છે.

(ग) બંગાળા પ્રાચીન કાળથી સુસભ્ય છે.

મહાભારત ઉપરથી જાણી શકાય છે કે, ભારતવર્ષના પૂર્વ ભાગમાં અંગ, બંગ, સુહ્મ, પુંડ્ર, તામ્રલિપ્ત, કલિંગ, મણિપુર, કિરાતરાજ્ય ત્રિપુરા-(ટીપેરા) અને પ્રાગ્જ્યોતિષ (આસામ), કેટલાં બધાં સભ્ય અને બળવાન રાજ્યો હતાં.

અંગ, બંગ, પુંડ્ર અને કલિંગ, એ ચાર દેશના રાજાઓ યુધિષ્ઠિરની રાજધાની ઇંદ્રપ્રસ્થની રાજસભામાં ઘણી વાર જતા આવતા હતા. પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો ને [illegible] પુંડ્રના રાજા વાસુદેવને, બંગદેશના રાજાને, કલિંગના રાજાને અને પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્તને નિમંત્રણ મોકલ્યું હતું [illegible]

પ્રસ્થાન આદર્યું ત્યારે પણ તેઓ બંગાળાની મુલાકાત લેતાં ગયાં હતાં. તે વખતે બંગાળામાં તીર્થો પણ ઘણાં હતાં અને બ્રાહ્મણો પણ જોઇએ તેટલા હતા. બંગાળા કાંઇ પાંડવોએ ટાળી મૂકેલો દેશ તો નહીજ. એક વાર પાંડુરાજા પુંડ્ર દેશ ઉપર ચઢી આવ્યો હતો.× પુંડ્રદેશ તે વખતે સભ્ય હતો તેની આ પણ એક સાબિતી છે.

રામાયણમાં અંગ, બંગ અને મગધ, એ ત્રણે દેશો ઘણા સમૃદ્ધ હતા એવાં વર્ણન છે.=

મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "છેક જૂના વખતમાં પણ બંગાળા સભ્યતાના શિખરે પહોંચ્યો હતો. ઇસવી સન પૂર્વે ચોથા સૈકામાં લખાએલા એક જૈન ગ્રંથમાં એવી હકીકત છે કે, મહાવીરસ્વામીએ બાર વર્ષ સુધી રાઢ દેશમાં (હાલનું બરદ્વાન રાજ્ય અને થોડોક બીજો પ્રદેશ) રહ્યા હતા અને ત્યાં બીજા ઘણા શ્રમણો પણ રહેતા હતા. તે દેશે તે વખતે સારી ઉન્નતિ કરી હશે માટેજ એ મહાત્માઓ ધર્મપ્રચાર કરવાને ત્યાં આવ્યા હશે. એજ સૈકામાં થઈ ગએલો ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં બંગાળાના કુશળ વણકરોએ વણેલાં 'શ્વેત સ્નિગ્ધ' અને પુંડ્રના વણકરોનાં 'શ્યામ મણિ સ્નિગ્ધ' રેશમી વસ્ત્રોની પ્રશંસા કરે છે.÷ ઇસવી સન પૂર્વે ચોથા સૈકામાં અને ત્યાર પહેલાં પણ બંગાળા સુસભ્ય પ્રદેશ હતો, તેની આ બધી સાબિતીઓ છે.

## (ग) બંગાળીઓનું જ્ઞાન

ઇસવી સનના છઠ્ઠા સૈકામાં સમતટનો વતની બંગાળી બૌદ્ધ શીલભદ્ર ભારતવિખ્યાત નાલંદના વિશ્વવિદ્યાલયના ગૌરવવંતા અધ્યક્ષ (ચેન્સેલર)ના સ્થાન ઉપર બિરાજ્યો હતો. સુપ્રસિદ્ધ ચીનાઇ પ્રવાસી હુએન સાંગને તેણેજ પાંચ વર્ષ સુધી નાના પ્રકારની વિદ્યા ભણાવી હતી. આઠમા સૈકામાં એજ પદવી ઉપર શાંતરક્ષિત નામનો બીજો બંગાળી બૌદ્ધ નીમાયો હતો. અગીઆરમા સૈકામાં દીપંકર નામનો વિક્રમપુરનો વતની અને મહાપંડિત બંગાળી બૌદ્ધ વિક્રમશિલાના પ્રખ્યાત વિશ્વવિદ્યા-

× આદિપર્વ, ૧૧૩-૨૯.

= રામાયણ, અયોધ્યાકાંડ, ૧૦-૩૭.

÷ ભારતવર્ષ, મ.ધ ૧૩૨૨, પૃષ્ઠ ૩૧૦.

લયનો અધ્યક્ષ હતો. આ છેલ્લા બે પુરુષો તથા બીજા કેટલાક બંગાળી પંડિતો ટિબેટમાં ધર્મપ્રચાર કરવા ગયા હતા.×

### (ઘ) બંગાળીઓએ બનાવેલી તોપો અને બંદુકો

મુર્શિદાબાદની નજીક કટરા નામના એક ગામમાં ૧૮ ફુટ લાંબી અને ૪॥ ફુટના ઘેરાવાની એક જંગી લોખંડી તોપ પડેલી છે. તેના ઉપર કોતરેલા લેખ ઉપરથી જણાય છે કે, હરવલ્લભદાસની દેખરેખ નીચે જનાર્દન નામના કંસારાએ સને ૧૬૨૯ માં આ તોપ બનાવી હતી.‡

ઢાકા શહેરની બુડી ગંગા નદીને કાંઠે ૧૬ ફુટ લાંબી બીજી એક જંગી તોપ પડી છે. કહેવાય છે કે, કાલુ નામના કોઇ કંસારાએ તે ઘડી હતી. કૅપ્ટન રાજકૃષ્ણ કર્મકાર ઘણાં વરસથી નેપાળ અને અફગાનિસ્તાનનાં રાજ્યોમાં તોપ બંદુકો બનાવવાનું જ કામ કામ કરે છે.+ બ્રૂમ લખે છે કે બંગાળાના નવાબ મીરકાસીમના સૈન્યમાં જે બંદુકો વપરાતી હતી તે બધીજ દેશી બનાવટની હતી. ત્યાર પછીના જમાનામાં આ બંદુકોનો વિલાયતી બંદુકો સાથે મુકાબલો કરતાં તે પેલી કરતાં ચઢીઆતી સાબિત થઈ હતી.*

---

× પ્રવાસી, આષાઢ, ૧૩૩૧ પૃષ્ઠ ૩૫૩.

‡ મુર્શિદાબાદ કાહિણી, પૃષ્ઠ ૩૮.

+ પ્રવાસી, ચૈત્ર, ૧૩૨૧. પૃષ્ઠ ૬૩૦.

* ગ્રંથકારની માફક દીવો લઇને શોધવા જઇએ તો ગુજરાતનો પ્રાચીન મહિમા કાંઇ ઓછો નથી. આ લખનારે અજંટાની ગુફાઓથી ઇલોરાની ગુફાઓને રસ્તે દેવગિરિ અથવા દોલતાબાદના કિલ્લાના બુરજ ઉપર "શ્રીદુર્ગા"નામની એક તોપ "મંગલદાસ ગુજરાતી"ની ઘડેલી જોઈ છે. બનાવટનો સંવત હાલ યાદ નથી. મોઢેરાના મોઢ બ્રાહ્મણો જેઠીમલ્લ તરીકે દેશમશહૂર થયા હતા. માઘ કવિ ગૂજરાતી હતો. પ્રોફેસર વિનયકુમાર સરકારે "પોઝીટીવ બેકગ્રાઉન્ડ ઓફ હિંદુ સોશિયોલૉજી" નામના પુસ્તકમાં પ્રાચીન ભારતના આઠ ધુરંધર વૈદ્ય ગણાવ્યા છે તેમાંનો એક દેવદત્ત ગુજરાતનો હતો. આવું આવું તો ઘણુંએ ગુજરાતના જૂના ઇતિહાસનાં ભોંયરાં શોધી વળીએ તો જડી આવે તેમ છે.

# પ્રકરણ ૬ ઠું—નીતિસૂત્રો

## (ક) ચારિત્ર્ય

(૧) શુદ્ધ મન એજ સાચું તીર્થ છે. × એ તીર્થ તરફ દુર્લક્ષ કરીને બીજાં તીર્થો તરફ મન દોડાવવું એ કેવળ ફાંફાં મારવા જેવું છે.

(૨) ઇન્દ્રિયોનો સંયમ કરવો એજ સાચી તપશ્ચર્યા છે. એ સિવાય બીજી કોઈ તપશ્ચર્યાજ નથી. જેણે ઇન્દ્રિયો ઉપર સંયમ સિદ્ધ કર્યો તેણે સિદ્ધિ મેળવી છે એમ જાણવું. ઇન્દ્રિય-સંયમરૂપી યજ્ઞનું એટલું અદ્ભુત ફળ છે કે હજારો અશ્વમેધ યજ્ઞો પણ તેની તોલે આવે નહિ. •

(૩) સૌને સુખ થાય તેટલા માટે શક્તિનો વિનિયોગ કરવો એજ સાચો યજ્ઞ છે.

(૪) જે હમેશાં પોતાના દેશનું હિત સાધવા તત્પર રહે છે તેજ સાચો સંન્યાસી છે.

(૫) જે પોતાનાં કર્મનાં ફળ ભોગવવાની ઇચ્છા રાખતો નથી તેજ સાચો ત્યાગી છે.

(૬) વીફરી ગએલા ઘોડાને જેમ કોઈ કુશળ અશ્વચાલક વશ કરે, તેમ જે પોતાના ઉશ્કેરાએલા ષડ્રિપુને વશ કરી શકે છે તેજ સાચો સારથિ છે.

(૭) કામ, ક્રોધ અને લોભ, એ ત્રણે નરકનાં દ્વાર છે. એ ત્રણે દ્વારને ઓળંગીને જે આગળ વધે છે તેનેજ ઉન્નતિને રસ્તે આગળ વધેલો જાણવો.

(૮) જે પોતાના ૭ શત્રુઓને પોતાને તાબે રાખી શકે છે તેને હજારો શત્રુઓ કશુંજ કરી શકતા નથી.

(૯) શરીરરૂપી કિલ્લાનાં હાથ, પગ, પાયુ, મુખ, ઉદર અને ઉપસ્થ, એ છ દ્વાર છે. એ દ્વારની જે કાળજીપૂર્વક રક્ષા કરે છે તેને તેના હજારો શત્રુઓ કાંઇ કરી શકતા નથી.

(૧૦) ગમે તેટલા મોટા પાત્રમાં એક નાનું સરખું પણ છિદ્ર હોય તો તેમાંનું બધુંજ પાણી ગળી જાય છે, તેમ માણસની

---

× અનુશાસન પર્વ, ૧૦૮–૭,૮.

• વનપર્વ, ૨૧૨–૨૮. ૨૫૯–૨૫. શાંતિપર્વ, ૩૨૩–૭,૮,૯.

ગમે તે એક ઇન્દ્રિય પણ જો બેલગામ હોય તો તેની તમામ બુદ્ધિ હરાઈ જાય છે.

(૧૧) જ્ઞાન વડે મનને વશ કરવું; મન વડે ચક્ષુ આદિકને વશ કરવાં; વાણી અને કર્મ વડે હાથપગને વશ રાખવા અને ધૈર્ય વડે ઉપસ્થ અને ઉદરને વશ રાખવાં.

(૧૨) ધૈર્ય એ ધર્મની નીસરણી છે. એ નીસરણી વિના મનુષ્ય કદાપિ ધાર્મિક જીવનમાં પ્રવેશ કરતો નથી.

(૧૩) સમતા એ ધૈર્યનો હેતુ છે. તેના ઉપર આધાર [illegible] ધાર્મિક જીવન ઉપર પણ કશો અધિકાર [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નથી; ક્રોધ સમાન શત્રુ નથી અને ત્યાગના સમાન સુખ નથી.

(૨૫) સત્ય એજ પરમ ધર્મ છે; ક્ષમા એજ પરમ બળ છે; આત્મજ્ઞાન એ પરમ જ્ઞાન છે.

(૨૬) જે સર્વને—આખા દેશને લાભકર્તા હોય તેજ સત્ય અને તેજ ધર્મ.

(૨૭) પાણી પીવું હોય તો કપડા વડે ગાળીને શુદ્ધ કરીને પીવું; ડગલું ભરવું હોય તો ચક્ષુ વડે માર્ગ શુદ્ધ કરીને ડગલું ભરવું; વિચાર કરતી વખતે બુદ્ધિ વડે વિચારને શુદ્ધ કરીને વિચાર કરવો; અને જો કાંઇ મોઢેથી બોલવું હોય તો સત્ય વડે વાણીને શુદ્ધ કરીને જે કાંઇ કહેવું હોય તે કહેવું.

## (ग) સત્સંગ

(૨૮) જેમ ગંધ વિનાનું તેલ પુષ્પના સંસર્ગમાં આવીને પુષ્પની સૌરભ પ્રાપ્ત કરે છે, તેમ માણસ પણ સદ્‌ગુણી માણસના સંસર્ગથી સદ્‌ગુણ પ્રાપ્ત કરે છે.

(૨૯) હમેશાં સાધુ, વૃદ્ધ અને વિદ્વાનની સેવા કરતાં રહેવું; હમેશાં ન્યાયસંગત વચનજ બોલવું; હમેશાં સૌનું ભલું કરતા રહેવું; હમેશાં મનને પોતાના કાબુમાંજ રાખવું; અને ધર્મનું હમેશાં અન્વેષણ કરતા રહેવું.

## (घ) કર્મ

(૩૦) દિવસે એવાં કામ કરવાં કે રાત્રે સુખે નિદ્રા આવે; હોરી ઋતુના દશ મહિના એવો ઉદ્યમ કરવો કે વર્ષાઋતુમાં સુખે ઘરમાં બેસી રહેવાય; જુવાનીમાં એવું કાર્ય કરવું કે ઘડપણ સુખમાં પસાર થાય; અને આખી જિંદગીભર એવાંજ કામ કરવાં કે જેથી મરણ પછી પણ આપણી કીર્તિ જળવાઇ રહે.

(૩૧) સૂતેલા મનુષ્યનું પ્રારબ્ધ પણ સૂઇ જાય છે; ઉભા થએલા મનુષ્યનું પ્રારબ્ધ ઉભું થાય છે અને કામ કરવા માંડી ગએલા મનુષ્યનું પ્રારબ્ધ પણ કામ કરવા માંડી જાય છે.

(૩૨) કવખતે આરંભેલું કાર્ય ફળદાયક થતું નથી; યોગ્ય વખતે આરંભેલું કાર્યજ રૂડું ફળ આપે છે.

(૩૩) ગૃહસ્થ છતાં જે નિરુદ્યમી હોય અને કામ કરવાને અશક્ત છતાં જે ભીખ માગતો હોય તે બંનેને [illegible]

(૩૪ [illegible]

છતનો દહી ગએલો નાનો સરખો ગ્રન્થ મોટી વારમાંજ નથી જાય છે અને સર્વસ્વનો નાશ કરે છે.

(૩૫) જે માત્ર પોતાના પેટને માટેજ રાંધે છે, જે પોતાને માટેજ પ્રવૃત્તિ કરે છે અને જેને પોતાના સ્વાર્થ સિવાય બીજું કાંઈ સૂઝતુંજ નથી તેનું જીવતર ફોકટ છે.

(૩૬) જે કોઈનો ભય રાખતો નથી, જેનાથી કોઈને ભય પેદા થતો નથી અને જે સર્વનો મિત્ર તથા હિતેચ્છુ છે તેજ ઉત્તમ પુરુષ છે.

(૩૭) જે લોભથી અથવા ભયથી, ઉન્નતિ અથવા અવનતિના સંબંધથી અથવા બીજા કોઈ પણ કારણને લીધે પોતાનું કર્તવ્ય કરતો અટકતો નથી તેજ જ્ઞાની છે.

(૩૮) જે વગરનેડયે આવીને ઉભો રહે છે, વગરપૂછયે સલાહ આપતો ફરે છે, જે વિશ્વાસપાત્ર ન હોય તેનો વિશ્વાસ કરે છે અને વિશ્વાસપાત્ર હોય તેનો અવિશ્વાસ કરે છે, તેજ મૂર્ખ છે.

(૩૯) જે આત્માને જોયા વગર અને જાણ્યા વગર એમનો એમ ચાલ્યો જાય છે તે અંધારામાંજ ભટકે છે.

(૪૦) બીજાની પાસેથી આપણે જેવા વ્યવહારની આશા રાખીએ, તેવોજ વ્યવહાર આપણે બીજાની સાથે રાખવો. આ ધર્મનો ટૂંકામાં ટૂંકો નિયમ છે.

(૪૧) જો કુટુંબના એક માણસનો ત્યાગ કર્યાથી આખું કુટુંબ બચી જતું હોય તો એક જણનો ત્યાગ કરીજ દેવો; કુટુંબનું બલિદાન આપતાં જો આખું ગામ બચતું હોય તો કુટુંબનું બલિદાન દઈ દેવું; જો ગામનું બલિદાન આપવાથી આખો દેશ બચી જતો હોય તો ગામનો ભોગ આપી દેવો; અને આખા જગતનો ત્યાગ કર્યાથી જો આત્માનું રક્ષણ થતું હોય તો સુખેથી આખા જગતનો ત્યાગ કરવો.*

(૪૨) ક્રોધ કરતા પહેલાં ઘણો વિચાર કરવો. મોઢામાંથી વેણ ઉચ્ચારવું તે ઘણો વિચાર કરીને ઉચ્ચારવું, પોતાનું કર્તવ્ય નક્કી કરવું તે પણ ખૂબ વિચાર કરીને કરવું. કોઈ કોઈ કામમાં હાથ ઘાલતાં પહેલો ખૂબ વિચાર કરવો અને આરંભેલું કામ પડતું મૂકતા પહેલાં પણ ઘણોજ વિચાર કરવો.

* આદિપર્વ, ૧૧૫-૭૮, ૭૯.

ણ છે, ઉચ્છૃંખલ ઇંદ્રિયોવાળા માણસને તેની પોતાની દોલત જ પાયમાલીનું કારણ નીવડે છે.

(૫૭) જે માણસ પોતે નિર્ધન હોવા છતાં વિલાસ ભોગવવાની અભિલાષા ધરાવે છે અને પોતાનાં કાંડાંમાં જોર તો હોય નહિ છતાં ક્રોધ કરે છે તે માણસ પોતાને હાથેજ પોતાનો વિનાશ વહોરી લે છે.

(૫૮) સત્કાર્યમાંથી લક્ષ્મીની ઉત્પત્તિ થાય છે, સમયસૂચકતા વડે વૃદ્ધિ પામે છે, જે કામ કરવું તે ઝટપટ કરવાની ટેવ વડે સ્થિર થાય છે અને સંયમ વડે સુપ્રતિષ્ઠિત થાય છે.

## (ज) જ્ઞાનબળ

(૫૯) બળ પાંચ પ્રકારનાં છે:–બુદ્ધિબળ, બાહુબળ, ધનબળ, બન્ધુબળ અને ખાનદાન કુળનું બળ. એ બધામાં બુદ્ધિબળ શ્રેષ્ઠ છે; કારણ કે એટલા એકજ બળ વડે બીજાં બધાં બળની પ્રાપ્તિ થાય છે.

(૬૦) બુદ્ધિબળથી જે કામ થાય તેજ કામ શ્રેષ્ઠ, બાહુબળથી થતું કામ મધ્યમ, પગથી થતાં કામ અધમ અને બોજો ઉંચકવાનું કામ તો અધમથી પણ અધમ છે.

(૬૧) કોઈ ધનુર્ધર બાણ મારે તો કદાચ એક જણને મારે [illegible], કદાચ એક જણ પણ તેનાથી ન મરાય, પણ બુદ્ધિમાન [illegible] બુદ્ધિના જોરે બળવાન રાજાનો અને [illegible] નો વિનાશ કરી શકે છે

[illegible]

## (ટ) હિતકથા

(૬૬) હમેશાં મોઢે મીઠું મીઠું બોલનારા લોકો તો જ્યાં જઇએ ત્યાં મળી આવે છે. પરંતુ ખરા લાભની પણ કડવી વાત કહેનારાએ દુર્લભ છે અને સાંભળનારા પણ દુર્લભ છે.

## (ઠ) ધર્મ

(૬૭) સત્ય ધર્મને સહાય કરે છે, ધર્મ ઉન્નતિને સહાય કરે છે, વાચન વિદ્યાને સહાય કરે છે અને સ્નાન આરોગ્યને સહાય કરે છે.

(૬૮) ધર્મ એજ સર્વોત્તમ કલ્યાણ છે. ક્ષમા એજ ઉત્તમમાં ઉત્તમ પ્રકારની શાંતિ છે. જ્ઞાન એજ પરમ તૃપ્તિ છે. દેશનું હિત સાધવું એજ તમામ પ્રકારનાં સુખનો ભંડાર છે.


(૬૯) વેદનું રહસ્ય જ્ઞાન છે; જ્ઞાનનું રહસ્ય સત્ય છે; સત્યનું રહસ્ય દમ છે; દમનું રહસ્ય ત્યાગ છે; ત્યાગનું રહસ્ય સુખ છે અને સુખનું રહસ્ય શાંતિ છે.

(૭૦) જેણે પોતાના શત્રુઓને જીત્યા છે તેજ ધર્મનો ખરેખરો સાર જાણી ગયો છે.

(૭૧) જે કુહાડી ચંદનવૃક્ષને કાપે છે તેને ચંદનવૃક્ષ સામી ખુશબો આપે છે.

(૭૨) दग्धं दग्धं न त्यजति न पुनः काञ्चनं दिव्यवर्णम्
घृष्टं घृष्टं त्यजति न पुनश्चन्दनं चारुगन्धम् ।
खण्डं खण्डं त्यजति न पुनः स्वादुतामिक्षुदण्डम्
प्राणान्तेऽपि प्रकृतिविकारो जायते नोत्तमानाम् ॥

સુવર્ણને વારંવાર તપાવતાં પણ પોતાનો સુંદર રંગ છોડતું નથી; ચંદનને વારંવાર ઘસતાં પણ તે તેની સુગંધ છોડતું નથી; શેરડીના સાંઠાના નાના નાના કટકા કરતાં પણ તે તેની મીઠાશ છોડતી નથી; તેમ જે ઉત્તમ પુરુષો છે તેમના સ્વભાવમાં કશી ફેરફાર થતો નથી.





# ૧૩–અનુશાસન પર્વ

## પ્રકરણ ૧ લું–ભીષ્મનો દેહત્યાગ

હવે સૂર્યનારાયણ ઉત્તરાયણના થયા છે. માઘ માસના શુકલ પક્ષની અષ્ટમી થઈ છે.× આજે કૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિર, પાંડવો તથા હસ્તિનાપુરનાં ઘણાં સ્ત્રીપુરુષો ભીષ્મદેવનાં દર્શન કરવા આવ્યાં છે. તેમની સાથે ઘણા ઋષિમુનિઓ અને બ્રાહ્મણો પણ આવ્યા છે. એમ કરતાં કરતાં ભીષ્મની આસપાસ લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું છે અને હજી બીજા ઘણા આવતાજ જાય છે.

પછી ભીષ્મ યુધિષ્ઠિર તરફ ફરીને બોલ્યાઃ "સગાંવહાલાંના મરણનો તારે લગારે શોક કરવો નહિ. તારા જેવા જ્ઞાનીને શોક કરવો ઘટેજ નાહ."

પછી તેમણે ધૃતરાષ્ટ્રને સંબોધીને કહ્યું: "પાંડુના છોકરા તે તમારાજ છોકરા છે, એમ જાણજો. તેમના ઉપર સગા દીકરાના જેટલી પ્રીતિ રાખજો. તેઓ પણ સગા બાપની સેવા કરે તેટલીજ તમારી સેવા કરે અને તમારીજ આજ્ઞામાં રહે. યુધિષ્ઠિર ધર્માત્મા પુરુષ છે. તમારા છોકરા પાપી, દુરાચારી, ક્રોધી અને અદેખા હતા. તેમને માટે તમે હવે શોક કરશો નહિ. તમને તે ઘટે પણ નહિ."*

---

× ત્રણેક હજાર વર્ષ પૂર્વે એટલે મહાભારતના જમાનામાં માઘ શુકલ અષ્ટમીને દહાડે મકરસંક્રાન્તિ થતી. અત્યારે સંક્રાન્તિ માઘને બદલે પોષ માસમાં થાય છે. ખરૂં જોતાં તો ડિસેંબરની ૨૧ મી તારીખેજ થાય, પણ આપણાં પચાંગ એટલાં અશુદ્ધ થઇ ગયાં છે કે જાન્યુઆરીની ૧૪ મીએ સંક્રાન્તિ મનાય છે. બે દિવસનો તફાવત તો હમણાં છેલ્લાં ૧૦ કે ૧૫ વરસથીજ પડયો છે. દલપતરામ કવિ લખી ગયા હતા કે વરસ બેસતાં બારમી તારીખ તે સંક્રાન્તિ.–સેવાનંદ

* અનુશાસન પર્વ, ૧૬૭–૩૪, ૩૫.

પછી સેવા કરેલા લોકોને સંબોધીને ભીષ્મ બોલ્યાઃ "તમે સૌ ધર્મને માર્ગેજ ચાલજો. સત્યનું સેવન કરજો અને સૌના હિતમાં તત્પર રહેજો. હવે મને દેહત્યાગ કરવાની રજા આપો."

આટલું બોલ્યા પછી ભીષ્મદેવ બોલતા અટકી ગયા. તેમણે નેત્રો મીંચી દીધાં અને થોડા વખતમાં પોતાના યોગબળથી પ્રાણને શરીરથી છૂટો પાડયો. આ રીતે શરણાગતોના આધાર જેવા ભીષ્મદેવે ૫૮ દિવસ બાણશય્યા પર અપાર દુઃખ વેઠ્યા પછી આ જગતની વિદાય લીધી.

ત્યારપછી પાંડવોએ તેમના મૃતદેહમાંથી ચોકે એક બાણ ખેંચી કાઢયાં. પછી તેમને સ્નાન કરાવીને વસ્ત્ર, રૂપો અને પુષ્પની માળાઓથી શણગાર્યા. તેમના શરીરે સુગંધી દ્રવ્યોનો લેપ કરીને તેમને સુગંધયુક્ત બનાવ્યા. પછી સૌએ રડતા રડતા તેમને ઉંચકીને ચિતા ઉપર સુવાડયા. ચિતાને પણ ચન્દન, અગરૂ, ઘી વગેરે સુગન્ધીદાર અને ઝટ બળી શકે એવા પદાર્થોથી ભરી દીધી; પછી ધૃતરાષ્ટ્ર અને પાંડવોએ તેમની પ્રદક્ષિણા કરીને આગ લગાડી. થોડી વારમાં ચિતા ભડભડ સળગવા લાગી. તે વખતે દિશાઓ નિર્મળ થઈ હતી અને અનુકૂળ વાયુ વાવા લાગ્યો હતો. બ્રાહ્મણો સમસ્વરે સામવેદના મંત્રો ભણતા હતા. બીજાં બધાં સ્ત્રીપુરુષો આંખે બેઠાં બેઠાં ચુપચૂપ અશ્રુપાત કરીને તે વીરનરને શ્રદ્ધાંજલિ આપતાં હતાં. જોતજોતામાં તે મહાપુરુષના દેહની થોડીક ભસ્મ સિવાય બીજું કાંઈજ અવશિષ્ટ રહ્યું નહિ.

જે મહાપુરુષે પોતાના પિતાને સુખી કરવા માટે રાજ્ય, ઐશ્વર્ય, સુખ–સાહેબી એ બધાનું રાજીખુશીથી બલિદાન આપ્યું; જેણે આજીવન કઠોર બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું; જે સંસારમાં છતાં લોભ, મોહ વગેરેથી એટલી ઉંચી કક્ષાએ ઉભા હતા કે તેમના ચારિત્ર્યને સૌ આદર્શ માનીને પૂજતાં હતાં; તે મહાત્મા–તે મહર્ષિના તપોમય જીવનનો આ રીતે અંત આવ્યો.

પછી ધૃતરાષ્ટ્ર, પાંડવો અને બીજાં સ્ત્રીપુરુષો સૌ ગંગાને કિનારે ગયાં અને સ્નાન કરી સૌએ ભીષ્મને સંભારી તર્પણ કર્યું.

આજે આ બનાવ ઉપર ત્રણ ચાર હજાર વર્ષનો પડદો ફરી વળ્યો છે; છતાં હિન્દુજનતાનો ભીષ્મના પ્રત્યે કેટલો સદ્ભાવ છે! દરવર્ષે માઘ શુકલા અષ્ટમી આવે છે એટલે હિન્દુ માત્ર ભીષ્મને યાદ કરે છે. તે દિવસે સ્નાન કરી પવિત્ર થઈને

શ્રદ્ધાપૂર્વક નીચેનો મંત્ર ભણીને સૌ ભીષ્મદેવને જલની અંજલિઓ અર્પણ કરે છેઃ–

> वैयाघ्रपदगोत्राय सांकृतिप्रवराय च ।
> अपुत्राय ददाम्येतत् सलिलं भीष्मवर्म्मणे ॥
> भीष्मः शान्तनवो वीरः सत्यवादी जितेन्द्रियः ।
> आभिरद्भिरवाप्नोतु पुत्रपौत्रोचितां क्रियाम् ॥

વૈયાઘ્રપદ જેનું ગોત્ર છે અને સાંકૃતિ જેનું પ્રવર છે એવા અપુત્ર ભીષ્મવર્માને હું આ અંજલિ અર્પણ કરૂં છું. શાન્તનુના પુત્ર ભીષ્મદેવ વીરપુરુષ, સત્યવાદી અને જિતેન્દ્રિય હતા. અમે તેમના પુત્ર–પૌત્ર તરીકે આ જળની અંજલિઓ આપીએ છીએ તેનો તે સ્વીકાર કરો.

ભીષ્મ પોતાની પાછળ પુત્ર કે પૌત્ર મૂકી ગયા ન હતા; પણ સમગ્ર હિન્દુજનતાએ તેમના પુત્ર અને પૌત્રની જગ્યા લઇ લીધી છે; અને તેમના વંશજોને બદલે બધાજ તેમનું તર્પણ કરે છે. આ ભાવના કેટલી સુંદર મધુર અને ભવ્ય છે! છે કોઇ દેશના ઇતિહાસમાં ગુણવાનના ગુણપૂજનનો આવો દાખલો? સ્વર્ગસ્થ મહાપુરુષના તરફ સન્માન બતાવવાની આના કરતાં વધારે સુંદર અને સુયોગ્ય રીત બીજી શી હોઇ શકે? અને તેમનું સ્મરણ જાળવી રાખવાની પણ આના કરતાં વધારે હૃદયસ્પર્શી, પવિત્ર અને ઉન્નતિકારક રીત પણ બીજી કયી હોઇ શકે?

હિન્દુઓનાં પંચાંગમાં માઘ શુકલા અષ્ટમીને ભીષ્મ અષ્ટમી કહી હોય છે અને તેનો હેતુ હિન્દુજનતાને તે મહાપુરુષની મૃત્યુતિથિનું સ્મરણ કરાવવાનો અને તેમના તરફ તેમની શી ફરજ છે તેનું સૂચન કરવાનોજ હોય છે.

આપણે મહાપુરુષોનું પૂજન કરીએ છીએ ત્યારે તેમના અનેક પ્રકારના સદ્ગુણોની છાપ આપણા મન ઉપર પડે છે અને એ રીતે તે તે સદ્ગુણોના અંકુર આપણા પોતાના મનમાં ફૂટવા માંડે છે. જે પ્રજા પોતાના મહાપુરુષોને યોગ્ય સન્માન આપવું સમજતી નથી તે પ્રજા કદી પણ ઉંચે ચઢી શકતી નથી. હિન્દુ પ્રજા [illegible] મી છે [illegible] ખરેખર છે; તેપણ [illegible] પુરુષ [illegible] થયો નથી. [illegible] ભીષ્મ [illegible], [illegible] એક એક અમૂલ્ય. એટલી [illegible] પુરુષ તે હિન્દુજનતાના હૃદયમાં

સ્થાન છે. હિન્દુઓ તેમને તેમની અનોખી રીતે પૂજે છે. ઇંગ્લંડ તેના મહાપુરુષોની યાદગીરી માટે નેલ્સન સ્ક્વૅર અને વૉટર્લુ સ્ક્વૅર રચાવે છે. કારણ કે એ રીત તેમના જનસ્વભાવને અનુકૂળ છે; ત્યારે ધર્મપ્રાણ હિન્દુ જનતા તેના જાતીયસ્વભાવને અનુકૂળ રીતે તેના મહાપુરુષોને શ્રદ્ધાંજલિ આપે છે. જ્યાં સુધી હિન્દુ-પ્રજાનો સંબંધ તેના ભૂતકાળ સાથે, આધ્યાત્મિક બંધન વડે જોડાઈ રહ્યો છે ત્યાં સુધી હજી તેના અભ્યુદયની આશા છે. માત્ર એ પૂજન વધારે સજીવ અને આત્મોદ્દીપન કરે એવું થાય એટલુંજ વિશેષ ઇચ્છવા જેવું છે.

ભીષ્મદેવ તો હસતા હસતા આ જગતની વિદાય લઇને ચાલતા થયા અને જેમને તેઓ પાછળ મૂકતા ગયા તેઓ તેમના ગુણને યાદ કરી કરીને રડવા લાગ્યા. આવી રીતે જે કોઇ આ જગતને છોડીને જાય તેનું જ જીવ્યું સાર્થક છે.

તુલસીદાસ કહે છે કેઃ–

તુલસી જબ તુમ જગમેં આયા જગ હાસે તુમ રોય;
ઐસી કરની કર ચલો કિ તુમ હાસે જગ રોય.

તું જ્યારે જન્મ્યો ત્યારે સૌ ખુશી થતા હતા અને તું એકલોજ રડતો હતો. હવે તું એવાં એવાં કામમાં તારી જિંદગી ગાળ કે તું જ્યારે મરી જાય ત્યારે સૌ તારે માટે રડે અને તું એકલો અહીંથી હસતો હસતો ચાલ્યો જાય.

अनुशासन पर्व समाप्त



# ૧૪–અશ્વમેધ પર્વ

## પ્રકરણ ૧ લું–અશ્વમેધ યજ્ઞ

કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં અનેક સગાંસંબંધીઓ અને ન્યાતજાતના લોકો માર્યા ગયા તેનો સંતાપ હજી યુધિષ્ઠિર રાજાના હૃદયમાં સાલ્યા કરતો હતો. જેમણે તેમને પોતાને તથા તેમના ભાઇઓ વગેરેને જીવતા સુધી પાર વિનાનું દુઃખ દીધું હતું; જેમણે અન્યાય અને છળકપટ કરીને તેમનું પૈતૃક રાજ્ય અને તેમનું પોતાનું રાજ્ય પણ પડાવી લીધાં હતાં; તેમને યુદ્ધમાં હરાવીને બેઉ રાજ્યો પાછાં મેળવ્યા પછી પણ આખા ભારતવર્ષનું એકછત્ર સામ્રાજ્ય તેમના પોતાના હાથમાં આવી ગયું; તે છતાં પણ યુધિષ્ઠિરના મનને ન હતો આનંદ અને ન હતી શાંતિ. "મારા અંતરમાં ઘણું દુઃખ થયા કરે છે અને હું તો રાજપાટ છોડીને વનવાસી થઇ જઇશ" એવું તે ઘણી વાર કહેતા. ત્યારે કૃષ્ણ કહેતાઃ–"રાજન્ ! તમારૂં કર્તવ્ય હજી છેક પૂરૂં થયું નથી. હજી તમે તમારા તમામ શત્રુઓનો પરાજય કર્યો નથી. તમારે હવે બીજી વાર લડવા તયાર થવું પડશે અને તે તમારા પોતાના મનની સાથે જેણે પોતાના મનને જીત્યું નથી તેનો બહારનો વિજય ગમે તેટલો મોટો હોય તોપણ તે મિથ્યા છે. તમારા પોતાના શરીરમાંજ કેટલા દુશ્મનો વસે છે, તેની હજી તમને પૂરી ખબર પણ નથી. જુઓ, તમારા શરીરમાં કામનો, અભિમાનનો, અહંકારનો અને એવા બીજા કેટલાયે શત્રુઓનો વાસો છે. તેમને તમારે હરાવવાજ જોઇશે; માટે આજે તમે કામગીતાનું શ્રવણ કરો.

"કામ કહે છે કે જે વ્યક્તિ જપ–તપ વડે મને હણવાની ઈચ્છા રાખે છે તેના મનમાં હું એકલોજ ઉત્તમ કર્મ કરી રહ્યો

છું; એવું અભિમાન જાગ્રત કરીને હું તેની જપ તપ આદિ તમામ સાધનાને બરબાદ કરી મૂકું છું. જે મને યજ્ઞ વડે જીતવા ચાહે છે તેના મનમાં હું અહંકાર ઉત્પન્ન કરીને તેના બધાજ પ્રયત્ન નકામા કરી નાખું છું. જે જ્ઞાની મોક્ષમાર્ગનું અવલંબન કરીને મને દૂર કરવા ઇચ્છે છે તેના પ્રયત્નને હું હસી કાઢું છું; કારણ કે હું અવધ્ય છું, સનાતન છું અને અદ્વિતીય છું."

મહારાજા ! અનાસક્ત મન અને કઠોર સાધના વગર કામ વગેરે અતિ બળવાન રિપુઓને કોઈ હરાવી શકતું નથી. યુદ્ધમાં મરાયલા માણસોની વાત તમે વારંવાર સંભારી સંભારીને સંતાપ કરો છો; પણ તેઓને સંભાર્યાથી કાંઇ તમે તેમને પાછા બોલાવી શકવાના નથી. માટે હવે તમે તેમને છેકજ ભૂલી જાઓ એજ સારૂં છે. નિષ્કામભાવે અશ્વમેધ યજ્ઞ કરો એટલે તમારા ચિત્તને શાંતિ થશે."

યુધિષ્ઠિર બોલ્યાઃ "હે મહાભાગ ! દુર્યોધને લોભને વશ થઇને આ યુદ્ધ ઉભું કર્યું અને તેમાં આખા ભારતવર્ષની પાયમાલી થઈ ગઇ છે. સરકારી તિજોરીનું તળિયું આવી ગયું છે. આખા દેશમાં એવો એક પણ રાજા નથી કે જેણે આ યુદ્ધમાં ભાગ લીધો ન હોય અથવા મરાયો ન હોય. આજે જેઓ તેમની જગ્યાએ ગાદીએ બેઠા છે તે બધાજ નાના નાના છોકરા છે; અને બિચારા જેમ તેમ કરીને રાજ્ય ચલાવી રહ્યા છે. આવા સંજોગોમાં યજ્ઞના ખર્ચ પેટે તેમની પાસેથી કર લઇ શકાય એમ નથી અને લેવાની મારી ઇચ્છા પણ નથી."

એવામાં વેદવ્યાસ આવી પહોંચ્યા. મહાભારતમાં જ્યારે જ્યારે જેનો ઉકેલ થઇ ન શકે એવી ગૂંચવણ આવીને ઉભી રહે છે ત્યારે તેનો તોડ કાઢવા વેદવ્યાસ ગમે ત્યાંથી ટપક દઇને આવીને ઉભાજ હોય ! વેદવ્યાસ બોલ્યાઃ–"હિમાલય પર્વતમાં સોનાની ખાણ છે. તે સોનું લઇને યજ્ઞ કરો." ત્યારે હવે યુધિષ્ઠિર યજ્ઞ કરવા તૈયાર થયા.

એક દિવસ અર્જુને કૃષ્ણને કહ્યું: "ગીતાનો સારાંશ મને એક વાર ફરીથી કહી સંભળાવો." તે ઉપરથી કૃષ્ણે તેને વસ્તુનો કેટલોક ઉપદેશ કર્યો. તે ઉપદેશ અનુગીતાને નામે મહાભારતમાં સંગ્રહાયો છે. તેનો અગત્યનો ભાગ તો આ પુસ્તકમાં અનેક ઠેકાણે આપેલોજ છે તેનો સૌથી અગત્યનો મુદ્દો એ છે કે જો

ધાર્મિક જીવનની પ્રાપ્તિ કરવીજ હોય તો પ્રથમ સંયમની ચોક્કસ મર્યાદાનું પાલન કરવુંજ જોઇએ અને સંયમ સાધવાનો ખાસ ઉપાય એકલો યોગજ છે. મુંબઇની હાઈકોર્ટના માજી ન્યાયાધીશ કાશીનાથ ત્ર્યંબક તેલંગે અનેક સાબિતીઓ ટાંકીને પૂરવાર કર્યું છે કે, અનુગીતાની રચના ભગવદ્‌ગીતા લખાયાને ઘણા સૈકા વીત્યા પછીજ થયેલી છે. બંકિમચંદ્રે પણ એજ મતને અનુમોદન આપતાં લખ્યું છે કે, આખી અનુગીતાજ મહાભારતમાં પાછળથી ઘુસી ગયેલી છે.

પછી કૃષ્ણે દ્વારકા જવાની ઈચ્છા જણાવી ત્યારે યુધિષ્ઠિર કહેવા લાગ્યા: "કૃષ્ણ! તમારી કૃપા વડેજ અમે જીત્યા છીએ. અમે અમારા સ્વદેશનો અને સ્વરાજ્યનો ઉદ્ધાર કરી શક્યા તે પણ તમારી કૃપાનુંજ ફળ છે. અમારી પાસે પુષ્કળ કિંમતી અને દુર્લભ વસ્તુઓ છે; રત્નો, મણિ, માણેક, મોતી વગેરે છે; તેમાંથી જે તમારી નજરમાં આવે તે માગી લ્યો. તમે લેશો તો તેથી અમને ઘણોજ સંતોષ થશે. અમારી દોલત અને અમારા પ્રાણ પણ તમારાજ છે. વળી અશ્વમેધ યજ્ઞને પ્રસંગે તમે બળરામ અને સાત્યકિ બીજા બધા સગાસ્નેહીઓને લઇ જરૂર પધારજો."

કૃષ્ણે તેના જવાબમાં કહ્યું: "આખા ભારતવર્ષનું રાજ્ય અને તેમાંની તમામ મૂલ્યવાન વસ્તુઓ—એ બધું તમારૂંજ છે. મારા ઘરમાં જે કાંઇ છે તે બધું પણ તમારૂંજ છે." એમ કહીને કૃષ્ણે યુધિષ્ઠિર પાસેથી કાંઇજ લીધું નહિ.

પછી કૃષ્ણ પોતાની બહેન સુભદ્રા, જેને પોતાના પુત્રના મરણનો ઘા હજી રૂઝાયો ન હતો તેને લઇને દ્વારકા ગયા. તેમના વૃદ્ધ પિતા વસુદેવે તેમને કુરુક્ષેત્રના યુદ્ધનું વર્ણન કરવા કહ્યું. તેમણે ટૂંકામાં બધી હકીકત સમજાવી દીધી. થોડો વખત દ્વારકા રહીને સાત્યકિ, બલરામ વગેરેને લઇને યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં ભાગ લેવા માટે પાછા હસ્તિનાપુર આવી પહોંચ્યા. એ વખતે પાંડવો સોનું લેવા માટે હિમાલયના પ્રદેશમાં ગયા હતા.

અભિમન્યુના મૃત્યુનો ઉત્તરાને એટલો સખત આઘાત લાગ્યો હતો કે, તે ગર્ભવતી હોવા છતાં તેણે ઘણા દિવસ સુધી તો કાંઈ ખાધુંપીધુંજ નહિ. આથી કરીને તેના પેટમાંના ગર્ભને કંઈ પોષણ મળ્યું નહિ અને તે વધ્યોજ નહિ. × આખરે જ્યારે

× [illegible] ૧૦–૬૬, ૧૦, ૧૧.

તેને પ્રસવ થયો ત્યારે [illegible] અભિમન્યુ [illegible] કહે, [illegible] આ [illegible] જોઈને [illegible] અભિમન્યુની [illegible] [illegible] હતી. આ [illegible] [illegible] [illegible] ન હતા. આ [illegible] સાંભળીને અભિમન્યુની [illegible] [illegible] થઈ ગઈ. અને કૃષ્ણ પોતે ત્યાં દોડી આવ્યા.

ઉત્તરાનું પ્રસૂતિગૃહ એક [illegible] શુભ [illegible] કર્યું હતું. તેની ચારે દિશામાં [illegible] [illegible] [illegible] હતા. ઘૃત, સરસવ, અગ્નિ, [illegible] વગેરે [illegible] વસ્તુઓ તે તે સ્થાને [illegible] [illegible] [illegible] હતી. [illegible] [illegible] ધરાવતી વૃદ્ધ પરિચારિકાઓ હાજર હતી. કુશળ વૈદ્યો પણ વખતે પોતાનો ખપ પડે એમ સમજીને તૈયાર થઈને ઊભા હતા.× કૃષ્ણનું ચિત્ત આ બધું જોઈને પ્રસન્ન થયું.

પછી તે પ્રસૂતિગૃહમાં પેઠા. પુત્રના શોકથી વિહ્વળ બની ગયેલી ઉત્તરા રડતાં રડતાં બોલી: "ગોવિન્દ! આપ જેવા છો અને મારો પુત્ર મરણ પામે એ બનેજ કેમ? તે જીવતો નહિ થાય તો હું અહીં આપના દેખતાંજ મારો જીવ કાઢી નાખીશ." *

કૃષ્ણે પ્રથમ તો સૌને ધીરજ આપી અને પછી કહ્યું કે, મને એ છોકરો બતાવો. પહેલાં તો તેમણે તેને ધ્યાનથી તપાસ્યો અને પછી તેના ઉપર પાણી છાંટવા માંડ્યું. આમ પાણી છાંટતાં છાંટતાં કૃષ્ણ બોલ્યાઃ—"હું અત્યાર સુધી લેશમાત્ર પણ અસત્ય વચન કદી બોલ્યો નથી અને યુદ્ધમાંથી મેં કદી પીઠ ફેરવી નથી. મારા એ પુણ્યને પ્રભાવે આ છોકરો જીવતો થાઓ. જો મારામાં સત્ય અને ધર્મ સદાયે પ્રતિષ્ઠિત હોય તો આ છોકરો જીવતો થાઓ."— થોડી વારમાં તે છોકરાના શરીરમાં ચેતન આવવા લાગ્યું અને કેટલીક વારે તે રડતો થયો અને

× અશ્વમેધ પર્વ, ૬૮–૩ થી ૬ સુધી.

* અશ્વમેધ પર્વ, અધ્યાય ૬૮. પ્રસૂતિગૃહનો સ્વચ્છ—સુઘડ દેખાવ, સ્વચ્છ અને સફેદ કપડાં પહેરીને ઊભેલી નર્સો અને ડૉક્ટરો એ બધું આધુનિક પશ્ચિમની ઢબના સુવાવડખાનાને મળતું આવે છે. અંધારી ઓરડી, ધુમાડો, ફાટેલાં મેલાં ગોદડાં—એ બધી આ દેશની આજની સુવાવડી સ્ત્રીઓની વિપત્તિઓ અસલ તો હતીજ નહિ. વળી સુવાવડી સ્ત્રીના પતિના વડીલ નામોચ્ચાર નામ દર્શન આશાને છે અને તેમની સાથે વગર સંકોચ વાતચીત કરે છે.—સંપાદક

+ અશ્વમેધ પર્વ, ૬૯ ૧૯, ૨૨.

હાથપગ હલાવવા લાગ્યો. તે જોઇને સૌના મનને આનંદ આનંદ થઇ ગયો. ભરતવંશનો ક્ષય થવાને વખતે તે જન્મ્યો તે ઉપરથી કૃષ્ણે તેનું નામ 'પરીક્ષિત' પાડયું.

આ બનાવ બન્યા પછી પાંડવો હિમાલયથી ઢગલાબંધ સોનું લઇને હસ્તિનાપુર આવ્યા. નાના પરીક્ષિતને જોઇને અને કૃષ્ણે તેને કેવી રીતે જીવિત કર્યો તે જોઇને તેમના આનંદનો પાર રહ્યો નહિ.

ત્યાર પછી યુધિષ્ઠિર રાજાએ કૃષ્ણને કહ્યું:–"કૃષ્ણ ! તમારી કૃપા વડેજ અમે સ્વદેશનો ઉદ્ધાર કરી શક્યા છીએ; માટે અશ્વમેધ યજ્ઞ તમારેજ હાથે થાય તો તે જોઇને અમે ઘણાજ સંતુષ્ટ થઇશું." કૃષ્ણે કહ્યું:–"ના, એમ નહિ. યજ્ઞ તો તમારેજ કરવો જોઇએ. તમારા મનોરથ પૂર્ણ થયેલા જોઇને મને પાર વગરનો આનંદ થશે." ×

પછી યુધિષ્ઠિરે યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી. યજ્ઞના કાળા ઘોડાને તેમણે મન ફાવે ત્યાં જવાને છૂટો મૂકી દીધો. યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું:–"ભરતખંડના રાજકુમારો મારા એકલાનાજ પાપે પિતા વગરના થઈ ગયા છે; માટે તેમની સાથે તું યુદ્ધ કરતોજ નહિ. તેમની પાસેથી સુલેહશાંતિથી જે કાંઇ થોડું ઘણું નજરાણું મળે તે સ્વીકારી લેજે; અને તેમને યજ્ઞ વખતે પધારવાનું નિમંત્રણ દેતો આવજે."

પછી અર્જુન સફેદ ઘોડા ઉપર સ્વાર થઇને યજ્ઞના અશ્વની પાછળ પાછળ જવા લાગ્યો અને તેની પાછળ એક મોટું સૈન્ય પણ ચાલતું ગયું. યજ્ઞનો ઘોડો પોતાની મરજી મુજબ ફરતો ફરતો ભરતખંડનાં જુદાં જુદાં રાજ્યોમાં દાખલ થતો ગયો.* તે તે દેશના રાજાઓની સાથે અર્જુન મધુર સંભાષણ કરતો અને તેઓ જે કાંઈ નજરાણું રાજી ખુશીથી આપતા તે સ્વીકારી લેતો. કોઇ રાજા પોતેજ તેના ઉપર હુમલો કરવા આવતો તેની સાથેજ યુદ્ધ કરતો. મણિપુરના રાજ્યમાં તેનો પોતાનો છોકરોજ તેની સામે લડવા આવ્યો અને બાપ દીકરો ખૂબ લડયા. આ પ્રમાણે

× અશ્વમેધ પર્વ, ૭૧–૨૧–૨૫.

* ઘોડો પણ ભૂગોળવિદ્યા ભણ્યો હોવો જોઇએ ! નહિ તો એક પછી એક બધાં રાજ્યોમાં શી રીતે જાય ? જેમાં એક વાર પેઠો તેમાં પાછો કેમ ન જાય ? અને આખરે ચાલ્યો ચાલ્યો હસ્તિનાપુરજ કેવી રીતે આવીને ઉભો રહે ?—સેવાનંદ

[illegible]

[illegible] અશ્વમેધ પર્વમાં[×]
છે. અશ્વમેધ યજ્ઞ જ્યાં પૂરો થયો કે તેજ વખતે એક નોળિયો ત્યાં આવી પહોંચ્યો. તેનું માથું અને શરીરનો [illegible] સોનાનો હતો. નોળિયાએ ત્યાંની યજ્ઞભૂમિ પર આળોટવા માંડ્યું. તે આળોટતો જાય અને પોતાના શરીર તરફ જોતો જાય. એમ કરતાં કરતાં તે બોલવા લાગ્યો:—"નહિ, નહિ, આ યજ્ઞભૂમિ પેલા ગરીબ કંગાલ બ્રાહ્મણના સાથવાના દાન જેટલી પણ પવિત્ર નથી."

એ જોઈને બધા વિસ્મય પામ્યા અને પેલા નોળિયાને પૂછવા લાગ્યા કે, બ્રાહ્મણના સાથવાની વળી શી વાત છે? ત્યારે તે નોળિયો બોલ્યો:—"કુરુક્ષેત્રમાં એક અતિ રંક કંગાલ બ્રાહ્મણ તેની સ્ત્રી, છોકરો અને છોકરાની વહુની સાથે ઘણા દોહ્યલા દિવસ ગુજારતો હતો. એવામાં વળી તે દેશમાં દુકાળ પડ્યો. દેશમાં અનાજનો એક દાણો પણ મળવો મુશ્કેલ થઈ પડ્યો. તે વખતે તે ચારે જણ ઉપવાસી પડી રહેવા લાગ્યાં. જેમ જેમ દિવસ જતા ગયા, તેમ તેમ તેઓ સૂકાઈને લાકડા જેવાં અને અતિશય દુબળાં થઈ ગયાં. એમ કરતાં કરતાં તેમની હાલત આજ મરે

× અશ્વમેધ પર્વ, ૮૯-૮, ૧૭.



# ૧૫–આશ્રમવાસ પર્વ

## પ્રકરણ ૧ લું–ધૃતરાષ્ટ્ર વનમાં જાય છે.

મહારાજા યુધિષ્ઠિર રાજ્યકારભાર ધર્માનુસારજ ચલાવ્યે જતા હતા. પોતાની પ્રજા સુખી, આરોગ્યવાન, સમૃદ્ધ અને ઉન્નતગામી થાય એવા જે જે ઉપાય લેવા જોઇએ તે બધાજ તેઓ લેતા હતા. પ્રજાજનોમાંથી પણ સૌ તેમને પોતાના અતિનિકટના સગા જેવાજ માનતા હતા.

ધૃતરાષ્ટ્ર તો પાંડવોને સતાવવામાં કશીજ કચાશ રાખી ન હતી. પાંડવોએ દુઃખના ડુંગર વેઠયા પછી અને પોતાનાં લોહીનાં બલિદાન આપીને તેના હાથમાંથી પોતાનું પૈતૃક રાજ્ય પાછું મેળવ્યું હતું; છતાં ભલા બિચારા પાંડવો એ બધાંજ વીતક વિસારે નાખીને આંધળા ઘરડા ધૃતરાષ્ટ્રની સાથે અત્યંત પ્રેમ અને સૌજન્યયુક્ત વ્યવહાર રાખતા હતા. તેઓ હમેશાં તેની પાસે જતા. અમુક બાબતમાં તેની શી આજ્ઞા છે તે પૂછતા અને તે પ્રમાણે અમલ કરતા. વળી તે શી રીતે વધારેમાં વધારે સુખી થાય, એવા જેટલા ઉપાય લેવા ઘટે તે બધાજ તેઓ લેતા. તે કહે કે, અમુકને આટલું દાન આપો એટલે તરતજ પાંડવો તેના વતી તેટલું દાન આપી દેતા. યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને તથા મંત્રીઓને કહી રાખ્યું હતું કે "ધૃતરાષ્ટ્રનું હું જેટલું માન સાચવું છું તેટલુંજ તમે સાચવતા રહેજો. માટે જે કોઈ તેની પાસે રહીને તેમની જેટલી સેવા કરશે તેટલો તે મારો પ્રીતિપાત્ર થશે. જે એથી ઉલટો ચાલશે તેને હું મારો અંગત શત્રુ ગણીશ."×

કુન્તી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા વગેરે પાંડવકુલની સ્ત્રીઓ ગાન્ધારી અને ધૃતરાષ્ટ્રની અંગત દાસીઓની માફક સેવા કરતી.

× આશ્રમવાસપર્વ, ૨-૪, ૫

મહાભારતમાં લખ્યું છે કે "ધૃતરાષ્ટ્રના સો છોકરાઓએ જેટલી સેવા નથી કરી તેટલી પાંચ પાંડવો કરવા લાગ્યા છે." §

આમ બીજાં પંદર વર્ષ નીકળી ગયાં, છતાં હજી ધૃતરાષ્ટ્રનો તેના પુત્રોના મરણનો જખમ રૂઝાયો ન હતો. જ્વાલામુખી પર્વતના પોલાણમાં ભયંકર અગ્નિ ભભૂકતો હોય છે તોપણ બહારથી તે જેમ ઠંડો દેખાય છે, તેમ ધૃતરાષ્ટ્ર પણ પોતાના શોકાનલને હૈયાના ઉંડાણમાં દબાવી રાખીને ઉપર ઉપરથી શાંત, મિષ્ટ વ્યવહાર રાખતો હતો. જખમ રૂઝાય પણ તેનું ચાઠું રહી જાય છે. હજારો ઈલાજ કરતાં પણ ચાઠું જતું નથી; તેમ એક વાર અંતઃકરણમાં પડી ગએલી ગાંઠ છૂટી શકતી નથી. એક દિવસ એવું બન્યું કે ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારીએ દુર્યોધન અને દુઃશાસનને યાદ કરી તેનાં વખાણ કર્યાં. તે સાંભળીને ભીમનો ક્રોધ ભભૂકી ઉઠયો. તે બોલ્યોઃ "તેઓ તો પાપી હતા; તેથી (પોતાના હાથ બતાવીને) આ મારે હાથે માર્યા ગયા અને આજે તે મારા ચંદનના લેપવાળા બાહુ કેવા શોભાયમાન દેખાય છે !" આ ક્રૂર વચન સાંભળતાંજ ધૃતરાષ્ટ્ર જ્વાલામુખીની પેઠે સળગી ઉઠયો.

ત્યાર પછી તેણે યુધિષ્ઠિરને કહ્યું: "રાજા ! મારા હૃદયમાં જે અગ્નિ નિરંતર ધગ્યા કરે છે; તે તો કાંઇ કરતાં એ હોલવાવાનો નથી. હું રોજ આખો દિવસ ઉપવાસ કરૂં છું. છેક સાંજ પડી ગયા પછી જરાક ખાઉં છું અને ઘૂંટડો પાણી પીઉં છું. રાત્રે જમીન ઉપરજ માત્ર ઘાસ ગાથરીને તેના ઉપર સૂઇને રાત કાઢું છું. અને આખી રાત ભૂતકાળનું સ્મરણ કરતાં કરતાં રડી રડીને વીતાવું છું. તું મને સુખમાં રાખવાને ઘણું ઘણું કરે છે; છતાં તમારે બધાને હાથેજ મારા પુત્રોનાં મોત થયાં એ મારા હૈયાનો જખમ રૂઝાતોજ નથી. ત્યારે હવે અહીં પડી રહેવાનું મારે પ્રયોજનજ શું છે ? મેં તો હવે મારા મનથી નિશ્ચય કરી નાખ્યો છે કે, હું વલ્કલ ધારણ કરીને વનમાંજ રહેવા જઇશ."

આ સાંભળીને યુધિષ્ઠિરના મનને ઘણો સંતાપ થયો. તેણે કહ્યું:—"રાજાજી ! હું વિષયભોગમાં એટલો બધો ડૂબી ગયો કે આપ ઉપવાસ કરીને જાત સૂકવી નાખો છો અને રાત્રે જમીન ઉપરજ પડી રહો છો તે મેં આજસુધી જાણ્યુંજ નહિ ! અજાણ્યું

§ [illegible], અધ્યાય ૧—.

આ રાજ્ય! મારે પણ તે કશા ખપનું નથી. આપ આપના પુત્ર યુયુત્સુને મારી જગ્યાએ ગાદીએ બેસાડો અથવા આપની મરજીમાં આવે તેને રાજપાટ સોંપી દો." *

યુધિષ્ઠિરનો આવો જવાબ સાંભળીને આંધળો ધનરાજ બેશુદ્ધ થઈને ગાન્ધારીના ખોળામાં ઢળી પડ્યો. યુધિષ્ઠિરે તેના પગનાં તળિયાં ઉપર તથા આખે શરીરે પોતાનો ઠંડો અને સુગંધયુક્ત હાથ કેટલીક વાર સુધી ફેરવ્યા કર્યો; ત્યારે આખરે ડોસાને ભાન આવ્યું. એવામાં વેદવ્યાસ ત્યાં આવી પહોંચ્યા. તેમણે કહ્યું કે, ધૃતરાષ્ટ્ર વનવાસ કરે એજ ઠીક છે. વ્યાસેજ આવો અભિપ્રાય આપવાથી યુધિષ્ઠિરે પણ નિરુપાયે તે કબૂલ કરી.

પછી એક દિવસ ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને રાજ્યવહીવટની બાબતમાં કેટલીક સૂચનાઓ અને શિખામણો આપી; જેનો સાર અમોએ શાંતિપર્વના બીજા પ્રકરણમાં સામેલ કરી દીધો છે.

ત્યારપછી વળી એક વાર ઘરડા રાજાએ વિદુરની મારફતે યુધિષ્ઠિરને કહેવડાવ્યું કે "જો તને હરકત ન હોય અને હું માગું તેટલું ધન મને આપી શકતો હોય તો મારે મારા છોકરાઓ તથા બીજા સગાસ્નેહીઓને નિમિત્તે મહાદાન કરવાની ઇચ્છા છે તે હું પૂર્ણ કરૂં." યુધિષ્ઠિરે તેના જવાબમાં ધૃતરાષ્ટ્રને કહાવ્યું કે "બધું આપનુંજ છે, મારૂં કાંઇજ નથી. આપની ઇચ્છામાં આવે એટલું દાન કરો."

પછી યુધિષ્ઠિરે ઠરાવેલે દિવસે ધનભંડાર ખુલ્લો મૂકી દીધો અને ધૃતરાષ્ટ્રે તેમાંથી ભીષ્મ, દ્રોણ, કર્ણ, જયદ્રથ, પોતાના સો દીકરા તથા બીજા મિત્રો અને શુભેચ્છકોને નિમિત્તે દશ દિવસપર્યંત છૂટે હાથે દાન આપ્યાજ કર્યું. સોનું, હીરા, મોતી, અન્ન, વસ્ત્ર, હાથી, ઘોડા, ગાયો અને ગામનાં પસાયતાં—એમાંથી નજરમાં આવ્યું તેને પોતાની મરજી મુજબ આપતોજ ગયો. પોતાને હાથે પોતાનું અને ગાન્ધારીનું શ્રાદ્ધ પણ કરી નાખ્યું.

એમ કરતાં કાર્તિકી પૂનેમનો દિવસ ઉગ્યો. તે દિવસે ધૃતરાષ્ટ્ર રાજાએ વારાફરતી સૌની રજા લીધી અને રાજપોશાક ઉતારીને અંગે વલ્કલ અને મૃગચર્મ ધારણ કર્યાં. પછી તે પોતાના અતિ પ્રિય વાસસ્થાનમાંથી બહાર નીકળ્યો અને તેની પણ હવે સદાને માટે વિદાય લીધી. બારણાના આંગણામાં ઉભા

* [illegible], ૩–૪૭

મહાભારતમાં લખ્યું છે કે "ધૃતરાષ્ટ્રના સો છોકરાઓએ જેટલી સેવા નથી કરી તેટલી પાંચ પાંડવો કરવા લાગ્યા છે." §

આમ બીજાં પંદર વર્ષ નીકળી ગયાં, છતાં હજી ધૃતરાષ્ટ્રનો તેના પુત્રોના મરણનો જખમ રૂઝાયો ન હતો. જ્વાલામુખી પર્વતના પોલાણમાં ભયંકર અગ્નિ ભભૂકતો હોય છે તોપણ બહારથી તે જેમ ઠંડો દેખાય છે, તેમ ધૃતરાષ્ટ્ર પણ પોતાના શોકાનલને હૈયાના ઉંડાણમાં દબાવી રાખીને ઉપર ઉપરથી શાંત, મિષ્ટ વ્યવહાર રાખતો હતો. જખમ રૂઝાય પણ તેનું ચાઠું રહી જાય છે. હજારો ઈલાજ કરતાં પણ ચાઠું જતું નથી; તેમ એક વાર અંતઃકરણમાં પડી ગએલી ગાંઠ છૂટી શકતી નથી. એક દિવસ એવું બન્યું કે ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારીએ દુર્યોધન અને દુઃશાસનને યાદ કરી તેનાં વખાણ કર્યાં. તે સાંભળીને ભીમનો ક્રોધ ભભૂકી ઉઠયો. તે બોલ્યોઃ "તેઓ તો પાપી હતા; તેથી (પોતાના હાથ બતાવીને) આ મારે હાથે માર્યા ગયા અને આજે તે મારા ચંદનના લેપવાળા બાહુ કેવા શોભાયમાન દેખાય છે!" આ ક્રૂર વચન સાંભળતાંજ ધૃતરાષ્ટ્ર જ્વાલામુખીની પેઠે સળગી ઉઠયો.

ત્યાર પછી તેણે યુધિષ્ઠિરને કહ્યું: "રાજા! મારા હૃદયમાં જે અગ્નિ નિરંતર ધગ્યા કરે છે; તે તો કાંઇ કરતાં એ હોલવાવાનો નથી. હું રોજ આખો દિવસ ઉપવાસ કરૂં છું. છેક સાંજ પડી ગયા પછી જરાક ખાઉં છું અને ઘૂંટડો પાણી પીઉં છું. રાત્રે જમીન ઉપરજ માત્ર ઘાસ પાથરીને તેના ઉપર સૂઇને રાત કાઢું છું. અને આખી રાત ભૂતકાળનું સ્મરણ કરતાં કરતાં રડી રડીને વીતાવું છું. તું મને સુખમાં રાખવાને ઘણું ઘણું કરે છે; છતાં તમારે બધાને હાથેજ મારા પુત્રોનાં મોત થયાં એ મારા હૈયાનો જખમ રૂઝાતોજ નથી. ત્યારે હવે અહીં પડી રહેવાનું મારે પ્રયોજનજ શું છે? મેં તો હવે મારા મનથી નિશ્ચય કરી નાખ્યો છે કે, હું વલ્કલ ધારણ કરીને વનમાંજ રહેવા જઇશ."

આ સાંભળીને યુધિષ્ઠિરના મનને ઘણો સંતાપ થયો. તેમણે કહ્યું:–"રાજાજી! હું વિષયભોગમાં એટલો બધો ડૂબી ગયો કે આપ ઉપવાસ કરીને જાત સૂકવી નાખો છો અને રાત્રે ભોંય ઉપરજ પડી રહો છો તે મેં આજસુધી જાણ્યુંજ નહિ! બળ્યું

§ આશ્રમવાસ પર્વ, અધ્યાય ૧–૨.

આ રાજ્ય ! મારે પણ તે કશા ખપનું નથી. આપ આપના પુત્ર યુયુત્સુને મારી જગ્યાએ ગાદીએ બેસાડો અથવા આપની મરજીમાં આવે તેને રાજપાટ સોંપી દો." *

યુધિષ્ઠિરનો આવો જવાબ સાંભળીને આંધળો ધૃતરાષ્ટ્ર બેશુદ્ધ થઈને ગાન્ધારીના ખોળામાં ઢળી પડયો. યુધિષ્ઠિરે તેનાં પગનાં તળિયાં ઉપર તથા આખે શરીરે પોતાનો ઠંડો અને સુગંધયુક્ત હાથ કેટલીક વાર સુધી ફેરવ્યા કર્યો; ત્યારે આખરે ડોસાને ભાન આવ્યું. એવામાં વેદવ્યાસ ત્યાં આવી પહોંચ્યા. તેમણે કહ્યું કે, ધૃતરાષ્ટ્ર વનવાસ કરે એજ ઠીક છે. વ્યાસેજ આવો અભિપ્રાય આપવાથી યુધિષ્ઠિરે પણ નિરુપાયે તે કબૂલ કરી.

પછી એક દિવસ ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને રાજ્યવહીવટની બાબતમાં કેટલીક સૂચનાઓ અને શિખામણો આપી; જેનો સાર અમોએ શાંતિપર્વના બીજા પ્રકરણમાં સામેલ કરી દીધો છે.

ત્યારપછી વળી એક વાર ઘરડા રાજાએ વિદુરની મારફતે યુધિષ્ઠિરને કહેવડાવ્યું કે "જો તને હરકત ન હોય અને હું માગું તેટલું ધન મને આપી શકતો હોય તો મારે મારા છોકરાઓ તથા બીજા સગાસ્નેહીઓને નિમિત્તે મહાદાન કરવાની ઇચ્છા છે તે હું પૂર્ણ કરું." યુધિષ્ઠિરે તેના જવાબમાં ધૃતરાષ્ટ્રને કહાવ્યું કે "બધું આપનુંજ છે, મારું કાંઇજ નથી. આપની ઇચ્છામાં આવે એટલું દાન કરો."

પછી યુધિષ્ઠિરે ઠરાવેલે દિવસે ધનભંડાર ખુલ્લો મૂકી દીધો અને ધૃતરાષ્ટ્રે તેમાંથી ભીષ્મ, દ્રોણ, કર્ણ, જયદ્રથ, પોતાના સો દીકરા તથા બીજા મિત્રો અને શુભેચ્છકોને નિમિત્તે દશ દિવસપર્યંત છૂટે હાથે દાન આપ્યાજ કર્યું. સોનું, હીરા, મોતી, અન્ન, વસ્ત્ર, હાથી, ઘોડા, ગાયો અને ગામનાં પસાયતાં-એમાંથી નજરમાં આવ્યું તેને પોતાની મરજી મુજબ આપતોજ ગયો. પોતાને હાથે પોતાનું અને ગાન્ધારીનું શ્રાદ્ધ પણ કરી નાખ્યું.

એમ કરતાં કાર્તિકી પૂનેમનો દિવસ ઉગ્યો. તે દિવસે ધૃતરાષ્ટ્ર રાજાએ વારાફરતી સૌની રજા લીધી અને રાજપોશાક ઉતારીને અંગે વલ્કલ અને મૃગચર્મ ધારણ કર્યાં. પછી તે પોતાના અતિ પ્રિય વાસસ્થાનમાંથી બહાર નીકળ્યો અને તેની પણ હવે સદાને માટે વિદાય લીધી. બ રણના આંગણામાં ઉભા

* આશ્રમ૦ ૫૫, ૩-૧૩

રહીને તેમણે તે મહેલનું ચોખાની ધાણી અને નાના પ્રકારનાં પુષ્પોથી પૂજન કર્યું. એટલું કર્યા પછી જે મહેલમાં વર્ષોનાં વર્ષો સુધી તેમણે પોતાની સ્ત્રી, છોકરા અને છોકરાના છોકરા સાથે ભાતભાતના સુખોપભોગ ભોગવ્યા હતા તેમાંથી તે પોતાનેજ પાપે—પોતાનાંજ ભુડાં કર્મને લીધે બહાર નીકળ્યા અને તેમના તરફ એક છેલ્લી નજર કરી લીધી.

રાજમહેલમાંથી નીકળીને ધૃતરાષ્ટ્ર સરીઆમ રસ્તા ઉપર આવી પહોંચ્યા. કુન્તીદેવી સૌની આગળ આગળ ચાલતાં હતાં. તેમની પાછળ પાછળ તેમના ખભા ઉપર હાથ મૂકીને પોતાની આંખ ઉપર જેણે હાથમનાજ પાટા બાંધી રાખ્યા હતા તે ગાન્ધારી રાણી ચાલતી હતી. તેના ખભા ઉપર હાથ ટેકવીને આંધળો રાજા ધૃતરાષ્ટ્ર ચાલ્યો આવતો હતો. તેની પાછળ વિદુર અને સૌની પાછળ સંજય ચાલતો હતો. ગામનાં ઘણાં સ્ત્રીપુરુષોનું ટોળું તેમની પાછળ ચાલ્યું આવતું હતું.

કરવું એ મહાપુરુષોનું નહિ પણ અધમ માણસનું લક્ષણ છે. માટે ભૂતકાળને ભૂલી જજો. વર્તમાન સમયમાં તમારે શું કર્તવ્ય છે તેજ નક્કી કરીને દરરોજ તમારી નજર તેના ઉપરજ રાખજો. એમણે અત્યાર સુધી કેટલા સુખચેનમાં જીવન ગુજાર્યું હતું અને આજે કેવા દુઃખી હૈયે ઘરબાર છોડીને વનની વાટ ઝાલે છે અને એકંદર તેમની કેવી દુર્દશા થઇ ગઈ છે તેનોજ વિચાર કરજો. એમને માથે દુઃખ તો પાર વગરનું છે; પણ તેમાંથી કિંચિતમાત્ર પણ જો હું ઓછું કરી શકું તો મારે શા માટે તેમ ન કરવું? પરોપકાર કરવામાંજ સુખની ચાવી છે; પોતાની જાતના સુખનો વિચાર અને ચેષ્ટા કરવામાં નથી. માટે તમે ઘેર જઇને તમારા દેશની સેવા કરો અને હું વનમાં જઇને એમની સેવા કરીશ. મને પોતાને એ રીતેજ સુખ થશે એમ લાગે છે.”

પછી ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારી બેઉ જણ કુન્તીદેવીને ઘર તરફ પાછાં ફરવાને ફરી ફરીને આગ્રહ કરવા લાગ્યાં પણ તે તો એકની બે ન થઇ તે નજ થઇ. પછી તેના પાંચે દીકરા અને દ્રૌપદી તેને વિનવવા લાગ્યાં. તેઓ તેની આગળ રડયાં, કકળ્યાં; પણ કુન્તીએ પોતાનો નિશ્ચય નજ ફેરવ્યો. પુત્રસ્નેહ અથવા પોતાના અંગત સુખનો વિચાર–એ બેમાંથી કોઇ વડે તેનો વનમાં જવાનો સંકલ્પ ડગ્યો નહિ. તેણે પોતાની રાજીખુશીથી દુઃખીઆરાંની સેવા કરવાનું વ્રત ઉપાડી લીધું હતું; અને વગરકહે પોતાના હૈયાની ઉલટથી પરોપકાર કરવાનો ઉદાર સંકલ્પ કરીને તેણે ન ગણ્યાં પોતાનાં દીકરાઓનાં આંસુ અને ન વિચાર કર્યો પોતાની સુખ–સાહેબીનો. એ બધાંને પોતાના મનમાંથી ટાળી નાખીને, હૈયું કઠણ કરીને તે પોતાના વ્રતના પાલનને રસ્તે દૃઢ પગલે આગળ વધી.


પછી વિદુરે કહ્યું “યુધિષ્ઠિર! હવે હું પણ વનવાસ જવા ઇચ્છું છું. હું એમની સાથે ન જાઉં તો એમની સંભાળ કોણ લેશે?” ત્યારે સંજય બોલી ઉઠયો.–“રાજાજી! હું પણ એમની સાથે વનમાંજ જઇશ. નહિ તો એકલા વિદુરને એમની સેવા કરવાનું જરા અઘરું પડશે. સંસારનાં સુખ અનિત્ય છે; ઝાંઝવાનાં જળ જેવાં જૂઠાં છે તે હવે મને બરાબર સમજાઇ ગયું છે. દુઃખના સંસારરૂપી ઉજ્જડ રણમાં હું સુખશાંતિની

બાટકી વળગેલો છું. હવે સંસારની બહાર મને તેની શોધ કરવા દો."

પાંડવો તો આ એક પછી એક ધડાકા સાંભળીને વિસ્મિત થઈ ગયા. પણ કરે શું ? જે જવા બેઠાં તેને કાંઈ રોકયાં રોકાય છે ? તેમણે કચવાતે મને સર્વને રજા આપી અને રડતા રડતા રાજમહેલ તરફ પાછા ફર્યા. આંધળા રાજા ધૃતરાષ્ટ્રને પોતાનીજ અવળી અક્કલને લીધે અને પોતાનાંજ અધર્માચરણને લીધે રાજપાટ બધું ગુમાવીને આખરે વનવાસી થવું પડયું.

વિદુર અને સંજય–બેઉ જણ તેને ખરે રસ્તે વાળવા માટે કાંઈ ઓછી માથાકૂટ કરતા હતા ? તેમની સાચી સલાહના બદલામાં ધૃતરાષ્ટ્ર તેમનું અપમાન કરતો, તેમને ધૂતકારી કાઢતો; છતાં આજે તેઓજ તેના અસાધારણ કષ્ટમાં ભાગ પડાવવા અને તેની સેવા કરવા–તેની સાથે વનવાસ કરવા તૈયાર થયા હતા !

કુન્તીદેવીને પોતાને અને તેના પ્રાણાધિક પ્રિય પુત્રોને જેણે પાર વગરનું દુ:ખ દીધું હતું; તેમનું હક્કનું રાજ્ય પડાવી લઈને જેણે વને વને અને ઝાડે ઝાડે અથડાતાં કરી મૂકયાં હતાં; જીવતાં ને જીવતાંજ બાળી મૂકવાનો પણ જેણે પ્રયત્ન કર્યો હતો; આજે તેનીજ ખરી વિપત્તિને ટાંકણે તેની બરદાસ્ત લેવાનો સંકલ્પ કરીને કુન્તીદેવી ઘડપણમાં આરામ લેવાને બદલે વનની વાટ પકડે છે એવાં ભવ્ય દૃશ્યો આપણે ભરતખંડમાં ફરીથી કયારે જોવા પામીશું ?



# પ્રકરણ ૨ જું—ધૃતરાષ્ટ્રનો દેહત્યાગ

આ પ્રકરણમાં વર્ણવેલી બીનાને એક વર્ષ થઇ ગયું છે. કુન્તીદેવી પોતાની રાજીખુશીથી સેવાવ્રત આદરીને વનમાંજ રહે છે. પણ પાંડવોના મનમાંથી પોતાની માતાના વિચાર ખસતાંજ નથી. તેઓ તેને યાદ કરી કરીને રાતદિવસ કલ્પાંત કરે છે. તેઓ કહે છેઃ—"અરે! આપણી વરડી અને સૂકા સોટા જેવી થઈ ગયેલી માંથી તે વૃદ્ધ સ્ત્રી પુરુષની સેવા શી રીતે થતી હશે?" આખરે યુધિષ્ઠિરનો જીવ માતાને મળવા માટે ઘણોજ ઉત્કંઠિત થઇ ગયો. તેમણે કહ્યુંઃ—" હું તો આવતી કાલે આપણી માતાને મળવા જનાર છું." ચારે ભાઈઓ બોલી ઉઠયાઃ—" ત્યારે અમે પણ આવીશું." સ્ત્રીવર્ગે કહ્યુંઃ—"અમે પણ કેમ ન આવીએ?" અને યુધિષ્ઠિરે સર્વને પોતાની સાથે આવવાની રજા આપી.

બીજે દહાડે પ્રાતઃકાળે નાના પ્રકારનાં વાહનમાં સ્વાર થઇને તેમણે સૌએ પ્રયાણ કર્યું. કૃપાચાર્ય સૈન્ય લઇને સેનાપતિ તરીકે તેમની આગળ આગળ જવા લાગ્યા. માત્ર યુધિષ્ઠિર રાજાની આજ્ઞાથી યુયુત્સુ અને ધૌમ્ય પુરોહિત એ બે જણજ નગરનું રક્ષણ કરવા રહ્યા.

યાત્રાળુઓનો સંઘ યમુના નદી ઓળંગીને કુરુક્ષેત્રમાં રાજર્ષિ શતયૂપના આશ્રમ આગળ આવી પહોંચ્યો. એ આશ્રમની નજીકમાંજ પોતાની એક પર્ણકુટી બાંધીને તેમાં અંધરાજ ધૃતરાષ્ટ્ર રહેતો હતો. તે કુટી નજીક આવી એટલે સૌ પોતપોતાના રથમાંથી ઉતરી પડીને કુટી તરફ પગે ચાલીને જવા લાગ્યાં. થોડેક દૂર ગયાં હશે એટલામાં તો કુન્તીદેવી ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારીના હાથ પકડીને યમુના નદીથી પોતાના આશ્રમ તરફ જતાં હશે તે સામાંજ મળી ગયાં ધૃતરાષ્ટ્રને માથે હવે જટા ઉગી હતી અને શરીર પણ શુષ્ક થઈ ગયું હતું. તેણે, ગાન્ધારીએ અને કુન્તીએ—ત્રણે જણે વલ્કલ અને મૃગચર્મ ધારણ કર્યાં હતાં તેમને જોતાંની સાથેજ પાંડવોએ દોડી જઇને તેમને વંદન કર્યું ત્રણેના હાથમાં પાણીના ઘડા હતા. તે તેમના હાથમાંથી ખૂંચવી લઇને પોતે ઉપાડી લીધા. પછી પોતાની સાથે આવેલાં માણસોનાં નામ યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને કહ્યાં. એક

પક્ષના હૈયામાં આજે આનંદનો મહાસાગર ઉછળતો હતો.

પછી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને પૂછ્યું: "પુત્ર! તારા કુટુંબમાં સ્ત્રીઓનું સન્માન તો થાય છે ને?" તેના જવાબમાં યુધિષ્ઠિરે જે કાંઈ કહ્યું તેથી ધૃતરાષ્ટ્રના જીવને ઘણો સંતોષ થયો.

ધર્મરાજા યુધિષ્ઠિર વનમાં આવ્યા છે એ ખબર આખા તપોવનમાં ફેલાઈ જતાં કેટલાય ઋષિમુનિઓ તેમને જોવાને ચાલ્યા આવવા લાગ્યા. જે આવે તે પ્રશ્ન કરે કે 'આટલામાં યુધિષ્ઠિર કયા? દ્રૌપદી કોણ?' સંજયે સૌની સાથે તેમનું ઓળખાણ કરાવ્યું. યુધિષ્ઠિરે પણ તેમની સાથે ઘણો સહૃદય વર્તાવ કર્યો.

પછી યુધિષ્ઠિરે પૂછ્યું: "મને આવ્યે આટલો બધો વખત થયો છતાં વિદુર કાકાને હું જોતો નથી એ શું?"

ધૃતરાષ્ટ્રે કહ્યું: "વિદુરે હમણાં હમણાં ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી છે. મોઢે વસ્ત્ર બાંધીને મૌન ધારણ કરે છે. કશું ખાતાપીતા પણ નથી. માત્ર વાયુભક્ષણ કરીનેજ જીવન ધારણ કરે છે. હમણાં તો તે માત્ર જંગલોમાંજ વિચરણ કરતા ફરે છે. વનમાં ભ્રમણ કરતા કોઈ તપસ્વીને કોઈ વાર અચાનક તેમનો મેળાપ થઈ જાય છે.


આ વાત ચાલતી હતી એટલામાં યુધિષ્ઠિરની નજર આશ્રમ તરફ આઘેથી ચાલ્યા આવતા વિદુર તરફ ગઈ; પણ આશ્રમની નજીક આવતાં તે એકાએક પાછા ફર્યા અને ચાલ્યા જવા લાગ્યા. યુધિષ્ઠિર તરતજ ત્યાંથી ઉઠીને વિદુરની પાછળ દોડયા. વિદુર એક ઘોર અરણ્યમાં પેઠા અને પછી ત્યાંના કોઈ એકાન્ત સ્થળમાં એકાદ વૃક્ષ નીચે જઈને ઉભા રહ્યા. યુધિષ્ઠિરે તેમની પાસે જઈને જોયું તો વિદુર પોતાનાં બધાંજ વસ્ત્રનો પરિત્યાગ કરીને તદ્દન દિગંબર બની ગયા હતા. માથે જટા વધી ગઈ હતી અને આખું શરીર શુષ્ક બની ગયું હતું. વિદુર મોઢેથી એક શબ્દ પણ બોલ્યા વગર તેમ આંખનો એક પલકારો પણ માર્યા વગર યુધિષ્ઠિરની દૃષ્ટિ સામે પોતાની દૃષ્ટિ સ્થિર કરીને કેટલીક વાર સુધી એમજ રહ્યા. યુધિષ્ઠિરને થોડો વખત વીત્યા બાદ ખબર પડી કે, ધર્માત્મા વિદુરે તો આ રીતે યોગ-બળ વડે અનુસંધાન કર્યો હતો.

યુધિષ્ઠિરે તેમના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાની ઈચ્છા દર્શાવી. પણ તપોવનના ઋષિઓએ તેનો નિષેધ કર્યો.

હિમાલય પર્વતના પ્રદેશમાં પેઠા.

આ શોકસમાચાર નારદે હસ્તિનાપુરમાં પહોંચાડયા. તે સાંભળીને યુધિષ્ઠિર અને બીજાં બધાં ઘણાં શોકાતુર થઇ ગયાં અને કલ્પાંત કરવા લાગ્યાં. પછી સૌએ ગંગાકિનારે જઇને સ્નાન કર્યું. પછી યુયુત્સુને આગળ કરીને સૌએ ધૃતરાષ્ટ્રને જળની અંજલિઓ અર્પણ કરી અને કુન્તી તથા ગાન્ધારીને માટે જે સંસ્કાર કરવા ઘટે તે બધાજ કર્યા. ત્યાર પછી પોતાના સેવકોને ગંગાદ્વાર મોકલાવ્યા અને ત્યાં પણ જે કાંઇ કરવું જોઇએ તે બધું કર્યું. આટલું કર્યા પછી પાંડવોએ ભારે ધામધૂમથી તેઓ સૌનું શ્રાદ્ધ કર્યું અને તે નિમિત્તે ખૂબ દાન કર્યું.

આ રીતે વિદુર અને કુન્તીદેવીની જીવનલીલા ઉપર છેલ્લો પડદો પડયો. વિદુરના ગુણને લીધે આજે તેનો મહિમા હિંદુમાત્ર યાદ કરે છે અને કુન્તીદેવીને પણ હિન્દુ સ્રીપુરુષો સંસારમાં ઉદારતાની સાથેજ યાદ કરે છે તે પણ તેના ગુણને લીધેજ ગુણને પ્રતાપેજ ભારતવર્ષે એક વાર ખૂબ ઉન્નતિ સાધી હતી અને એ ગુણોની ખામીને લીધેજ આજે તેની પડતી થઇ છે.



લવા લાગ્યું. આખી રાત સૌને જે અપૂર્વ અવર્ણનીય સુખનો અનુભવ થયો, તેનું માનવભાષામાં શી રીતે વર્ણન કરી શકાય?

પણ અરેરે! જ્યાં રાત પૂરી થઈ અને સવાર પડી એટલે તેમનું મધુર સુખમય સ્વપ્ન ઉડી ગયું. પેલા બધા આવનારાઓ પાછા અદશ્ય થઈ ગયા. એટલે તો તેમના વિયોગની વેદના પ્રથમ હતી તે કરતાંએ વધારે પ્રબળપણે પીડા કરવા લાગી. એક રાત્રિના મેળાપથી જૂના ઘા તાજા થયા. ઠંડો પડવા આવેલો શોકાગ્નિ પાછો સતેજ થયો. બધાંજ અતિ આર્ત્તસ્વરે ક્રન્દન કરવા લાગ્યાં. મેળાપ પછી વિયોગની વેદના આટલી આકરી છે છતાં પોતાનાં મરેલાં સગાંઓને ફરીથી એક વાર જોવાની ઇચ્છા શા માટે સૌના મનમાંથી ટળતી નહિ હોય?

યુધિષ્ઠિર અને તેમની સાથે આવેલાં સ્ત્રીપુરુષો તપોવનમાં એકાદ માસ રહ્યાં. તેઓ તપોવનમાં રહેતા ઋષિમુનિઓના આશ્રમો જોઈ આવતાં, સૌની સાથે સદ્ભાવ દાખવતાં અને કોઇને કાંઈ તો કોઈને કાંઈ એમ દરેકને યથાશક્તિ ભેટ આપી આવતાં. છેવટે ધૃતરાષ્ટ્રે, ગાન્ધારી અને કુન્તીદેવીના ખૂબ આ-ગ્રહને વશ થઇને યુધિષ્ઠિર વગેરે હસ્તિનાપુર તરફ પાછાં ફર્યાં.


ત્યારપછી ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, કુન્તીદેવી અને સંજય, એ ચાર જણ ત્યાંથી નીકળીને ગંગાદ્વાર (હરદ્વાર) ગયાં. ત્યાં આગળ ધૃતરાષ્ટ્રે પણ મોઢે વસ્ત્રનો પાટો બાંધીને મૌન ધારણ કરવાનું વ્રત લીધું; તેણે આહાર પણ તજ્યો અને કેવળ વાયુભક્ષણ કરીને રહેવા માંડયું. ગાંધારી ફક્ત પાણી પીનેજ રહેતી. કુન્તી મહિનાને છેલ્લે દિવસે થોડુંક ખાતી અને સંજય રોજ પાછલે પહોરે સૂક્ષ્મ ભોજન કરતો. આવી કઠોર તપશ્ચર્યા કર્યાથી તેઓ ચારે જણ છેક શુષ્ક અને દુર્બળ બની ગયાં. ધૃતરાષ્ટ્રના શરી-રમાં તો માત્ર હાડકાં અને ચામડીજ બાકી હતાં.

એક દિવસ ધૃતરાષ્ટ્ર ઉઠીને હરદ્વારની આસપાસના વનમાં જવા લાગ્યો. તેને જતો જોઇને ગાન્ધારી, કુન્તી અને સંજય પણ તેની પાછળ પાછળ ગયાં. એકાએક વનમાં દાવાનળ સળગી ઉઠયો અને ભયંકર પવન ફૂંકાવા લાગ્યો. જોતજોતામાં આખું જંગલ ભડભડાટ બળવા લાગ્યું. એ દાવાનળમાં બળીને પેલાં ત્રણ જણ તો મરણ પામ્યાં. જીવતો રહ્યો એકલો સંજય. કેમકે તેને નાસવાનો માર્ગ હાથ લાગ્યો હતો. ત્યાંથી નીકળીને સંજય

હિમાલય પર્વતના પ્રદેશમાં ગયો.

આ શોકસમાચાર નારદે હસ્તિનાપુરમાં જણાવ્યા. તે સાંભળીને યુધિષ્ઠિર અને બીજાં બધાં ઘણાં શોકાતુર થઈ ગયાં અને કલ્પાંત કરવા લાગ્યાં. પછી સૌએ ગંગ કિનારે જઈને સ્નાન કર્યું. પછી યુયુત્સુને આગળ કરીને સૌએ ધૃતરાષ્ટ્રને જળની અંજલિઓ અર્પણ કરી અને કુન્તી તથા ગાંધારીને માટે જે સંસ્કાર કરવા ઘટે તે બધા જ કર્યા. ત્યાર પછી પોતાના સેવકોને ગંગાદ્વાર મોકલાવ્યા અને ત્યાં પણ જે કાંઈ કરવું જોઈએ તે બધું કર્યું. આટલું કર્યા પછી પાંડવોએ બારે ધામધૂમથી તેઓ સૌનું શ્રાદ્ધ કર્યું અને તે નિમિત્તે ખૂબ દાન કર્યું.

આ રીતે વિદુર અને કુન્તીદેવીની જીવનલીલા ઉપર છેલ્લો પડદો પડ્યો. વિદુરના ગુણને લીધે આજે તેનો મહિમા હિંદુમાત્ર યાદ કરે છે અને કુન્તીદેવીને પણ હિન્દુ સ્ત્રીપુરુષો સવારમાં ઉઠતાની સાથે જ યાદ કરે છે તે પણ તેના ગુણને લીધે જ ગુણને પ્રતાપેજ ભારતવર્ષે એક વાર ખૂબ ઉન્નતિ સાધી હતી અને એ ગુણોની ખામીને લીધેજ આજે તેની પડતી થઈ છે.





# ૧૬–મુષલ પર્વ

## પ્રકરણ ૧ લું–કૃષ્ણ

ભારતવર્ષમાં ધર્મરાજ્યની સ્થાપના કરવી અને ધર્મને અનુસરીનેજ રાજ્ય કરે એવા કોઇ ધર્માત્મા સમ્રાટના એકછત્ર નીચે સમસ્ત ભારતનાં નાનાંમોટાં રાજ્યોનો સમુદાય એકત્ર કરીને રાષ્ટ્રીયતાનું સંગઠન કરવું એ કૃષ્ણની મોટામાં મોટી ઉમેદ હતી. તે પૂર્ણ થયા પછી કેટલોક કાળ વ્યતીત કર્યા બાદ તેમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી અને ભારતવર્ષની રાજનૈતિક રંગભૂમિ ઉપરથી તે અદ્દશ્ય થઇ ગયા. આ પુસ્તકનો ઉપસંહાર કરતાં પહેલાં આપણે એ મહાપુરુષના જીવનનું વિહંગાવલોકન કરી લઇએ.

દ્વારકા એ કૃષ્ણનું પૈતૃક વતન ન હતું. તેમના બાપદાદા અસલ મથુરામાં રહેતા હતા. તેમનો જન્મ પણ મથુરામાંજ થએલો. એ શહેરનું અસલ નામ મધુપુરી હતું. મધુ નામનો એક બળવાન દૈત્ય યમુનાને કાંઠે પોતાનાજ નામનું ગામ વસાવીને ત્યાં રહેતો હતો. તેના મરણ પછી રામના ભાઇ શત્રુઘ્ને મધુ દૈત્યના પુત્ર લવણને મારીને મથુરા જીતી લીધું. ત્યાર પછી શત્રુઘ્ને એજ જગ્યાએ એક નવું સુંદર નગર વસાવ્યું અને તેનું નામ મથુરા પાડયું.÷ ત્યાર પછી ઘણે વર્ષે યાદવોની ભોજ નામની શાખામાં જન્મેલો ઉગ્રસેન ત્યાંનો રાજા થયો. તેનો કબાડી છોકરો કંસ પોતાના બાપને પદભ્રષ્ટ કરીને પોતે રાજ્યાસન ઉપર ચઢી બેઠો. પોતાના પશુબળની સામે કોઇનું કશું ચાલવાનું નથી એવું સમજીને તેણે પોતાની પ્રજા ઉપર

÷ વાયુપુરાણ. ૮૮–૧૮૫.

છેક જ અવિચારીપણે જુલમ કરવા માંડયો; અને તેથી આખા રાજ્યમાં ઘણો અસંતોષ ફેલાઈ ગયો. તેના જુલમથી ત્રાસીને દેશમાંથી ઘણા લોકો મથુરા છોડીને બીજાં રાજ્યોમાં જઈને વસવા લાગ્યા.=

પરંતુ જુલમી રાજા ગમે તેટલો બળવાન હોય, સૌને ભલે ગમે તેટલો દબડાવે તોપણ તેના ચિત્તને શાંતિ તો હોતીજ નથી. કંસના મનને પણ અશાંતિનો કંઈ પારજ ન હતો. પોતાનું મોત પોતાના ભાણેજને હાથે થવાનું છે એવું તેને કોઈએ કહી રાખેલું; તેથી તેણે પોતાનાં બહેન–બનેવીને બેડીઓ પહેરાવીને મથુરાના કેદખાનામાં કેદ કરી રાખ્યાં અને તેમને જે જે છોકરાં થતાં તેમને એક પથ્થરની ચાપટ ઉપર ઝીંકીને મારી નાંખતો. કંસના એ બનેવીનું નામ વસુદેવ હતું અને તેનો જન્મ યાદવોની એક બીજી શાખા, જે વૃષ્ણિને નામે ઓળખાતી હતી તેમાં થયો હતો. તેના બાપનું નામ શૂરસેન હતું.

વ્રજ મથુરાથી બાહુ છેટે નથી. તેનું બીજું નામ ગોકુલ છે. બેઉની વચ્ચે યમુના નદી વહી જાય છે. ત્યાં ગોવાળ લોકોનો વાસ હતો. તેમનો રાજા અથવા મુખી નન્દ નામનો એક જોરાવર ગોવાળ હતો. તેની સ્ત્રીનું નામ યશોદા હતું. એ નંદની સાથે વસુદેવને દોસ્તી હતી. આ સંબંધને લીધે કંસની ધાકે વસુદેવે પોતાની બીજી સ્ત્રી રોહિણીને આ નંદ ગોપને ઘેર રાખી હતી. ત્યાં રોહિણીએ બલરામ નામના એક પુત્રને જન્મ આપ્યો. તેનો ખરો પિતા કોણ, તે તો પરમેશ્વર જાણે; કારણ કે તેનો જન્મ થયો તેની પહેલાં છ કે સાત વર્ષ અગાઉથી વસુદેવ તો મથુરાના કેદખાનામાં પુરાઈ ચૂક્યા હતા.

એમ કરતાં કરતાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમી આવી. તે દહાડે રોહિણી નક્ષત્ર બેઠું હતું. વરસાદ મુસળધાર વરસતો હતો અને કાળી ઘનઘોર રાત્રિનું રાજ્ય ચારે દિશાએ વ્યાપ્યું હતું. કેદખાનાના ચોકીદારો પણ આજે ઘસઘસાટ ઊંઘતા હતા. એજ વખતે મથુરાના કેદખાનામાં કંસની બહેન દેવકીએ તેના આઠમા સંતાન કૃષ્ણને જન્મ આપ્યો. વસુદેવે સમયસૂચકતા વાપરીને તેજ વખતે તરતના અવતરેલા બાળકને લઈને આવી ભયાનક રાત્રિમાં, વરસાદની ઝડીઓની વચમાં,

= શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦—અધ્યાય ૨, ૪૫.



# ૧૬–मुषल पर्व

## પ્રકરણ ૧ લું–કૃષ્ણ

ભારતવર્ષમાં ધર્મરાજ્યની સ્થાપના કરવી અને ધર્મને અનુસરીનેજ રાજ્ય કરે એવા કોઈ ધર્માત્મા સમ્રાટના એક-છત્ર નીચે સમસ્ત ભારતનાં નાનાંમોટાં રાજ્યોનો સમુદાય એક-ત્ર કરીને રાષ્ટ્રીયતાનું સંગઠન કરવું એ કૃષ્ણની મોટામાં મોટી ઉમેદ હતી. તે પૂર્ણ થયા પછી કેટલોક કાળ વ્યતીત કર્યા બાદ તેમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી અને ભારતવર્ષની રાજનૈતિક રંગભૂમિ ઉપરથી તે અદૃશ્ય થઈ ગયા. આ પુસ્તકનો ઉપસંહાર કરતાં પહેલાં આપણે એ મહાપુરુષના જીવનનું વિહં-ગાવલોકન કરી લઈએ.

દ્વારકા એ કૃષ્ણનું પૈતૃક વતન ન હતું. તેમના બાપદાદા અસલ મથુરામાં રહેતા હતા. તેમનો જન્મ પણ મથુરામાંજ થએલો. એ શહેરનું અસલ નામ મધુપુરી હતું. મધુ નામનો એક બળવાન દૈત્ય યમુનાને કાંઠે પોતાનાજ નામનું ગામ વસા-વીને ત્યાં રહેતો હતો. તેના મરણ પછી રામના ભાઈ શત્રુઘ્ને મધુ દૈત્યના પુત્ર લવણને મારીને મથુરા જીતી લીધું. ત્યાર પછી શત્રુઘ્ને એજ જગ્યાએ એક નવું સુંદર નગર વસાવ્યું અને તેનું નામ મથુરા પાડ્યું. ત્યાર પછી ઘણે વર્ષે યાદવોની કુકુર નામની શાખામાં જન્મેલો ઉગ્રસેન ત્યાંનો રાજા હતો. તેનો દુષ્ટ દીકરો કંસ પોતાના બાપને પદભ્રષ્ટ કરીને પોતે સિંહાસન ઉપર ચડી બેઠો. પોતાના પરાક્રમની સામે કોઈનું કશું ચાલશે નહિ એવું માનીને તેણે પોતાની પ્રજા ઉપર

કેવળ અવિચારીપણે જુલમ કરવા માંડયો; અને તેથી આખા રાજ્યમાં ઘણો અસંતોષ ફેલાઈ ગયો. તેના જુલમથી ત્રાસીને દેશમાંથી ઘણા લોકો મથુરા છોડીને બીજાં રાજ્યોમાં જઇને વસવા લાગ્યા.=

પરંતુ જુલ્મી રાજા ગમે તેટલો બળવાન હોય, સૌને ભલે ગમે તેટલો દબડાવે તોપણ તેના ચિત્તને શાંતિ તો હોતીજ નથી. કંસના મનને પણ અશાંતિનો કંઇ પારજ ન હતો. પોતાનું મોત પોતાના ભાણેજને હાથે થવાનું છે એવું તેને કોઇએ કહી રાખેલું; તેથી તેણે પોતાનાં બહેન–બનેવીને બેડીઓ પહેરાવીને મથુરાના કેદખાનામાં કેદ કરી રાખ્યાં અને તેમને જે જે છોકરાં થતાં તેમને એક પથ્થરની ચાપટ ઉપર ઝીંકીને મારી નાખતો. કંસના એ બનેવીનું નામ વસુદેવ હતું અને તેનો જન્મ યાદવો-ની એક બીજી શાખા, જે વૃષ્ણિને નામે ઓળખાતી હતી તેમાં થયો હતો. તેના બાપનું નામ શૂરસેન હતું.

વ્રજ મથુરાથી બહુ છેટે નથી. તેનું બીજું નામ ગોકુલ છે. બેઉની વચ્ચે યમુના નદી વહી જાય છે. ત્યાં ગોવાળ લોકોનો વાસ હતો. તેમનો રાજા અથવા મુખી નન્દ નામનો એક જોરા-વર ગોવાળ હતો. તેની સ્ત્રીનું નામ યશોદા હતું. એ નંદની સાથે વસુદેવને દોસ્તી હતી. આ સંબંધને લીધે કંસની ધાકે વસુદેવે પોતાની બીજી સ્ત્રી રોહિણીને આ નંદ ગોપને ઘેર રાખી હતી. ત્યાં રોહિણીએ બલરામ નામના એક પુત્રને જન્મ આપ્યો. તેનો ખરો પિતા કોણ, તે તો પરમેશ્વર જાણે; કારણ કે તેનો જન્મ થયો તેની પહેલાં છ કે સાત વર્ષ અગાઉથી વસુદેવ તો મથુરાના કેદખાનામાં પુરાઈ ચૂકયા હતા.

એમ કરતાં કરતાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમી આવી. તે દહાડે રોહિણી નક્ષત્ર બેઠું હતું. વરસાદ મુસળધાર વરસતો હતો અને કાળી ઘનઘોર રાત્રિનું રાજ્ય ચારે દિશાએ વ્યાપ્યું હતું. કેદખાનાના ચોકીદારો પણ આજે ઘસઘસાટ ઘોરતા હતા. એજ વખતે મથુરાના કેદખાનામાં કંસની બહેન દેવકીએ તેના આઠમા સંતાન કૃષ્ણને જન્મ આપ્યો. વસુદેવે સમયસૂચકતા વાપરીને તેજ વખતે તરતના અવતરેલા બાળકને લઇને આવી ભયાનક રાત્રિમા, વરસાદની ઝડીઓની વચમાં,

= શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦–અધ્યાય ૨, ૪૫.

ગમે તેમ કરી યમુના ઓળંગીને વ્રજમાં નંદના ઘરમાં છાના-માના દાખલ થઇને યશોદાએ તત્તમાંજ પ્રસવેલી છોકરી-ની જગ્યાએ પોતાના છોકરાને મૂકીને તે છોકરીને લઇને પાછા પોતાના કેદખાનામાં આવીને દાખલ થઇ ગયા. આ અદ્દભુત વાત જો સાચીજ હોય તો વસુદેવે કેદખાનાના ચોકીદારોને પહેલેથી ફોડેલા હોવા જોઇએ; તેમજ છોકરાંની અદલાબદલીની ગોઠવણ પણ પહેલેથીજ કરી રાખેલી હોવી જોઇએ; નહિ તો આ બધો ઘાટ તરત ને તરત ગોઠવી દેવાનું બનેજ નહિ. બીજે દહાડે સવારમાં કંસે પેલી છોકરીને મારી નાખી અને તેથી તે નિરાંત જીવે રહેવા લાગ્યો. પોતાને મારનાર હવે કોઇજ રહ્યું નથી એમ ધારીને તેણે પહેલાંના કરતાં વધારે ત્રાસ વર્તાવવા માંડયો.

આ બાજુએ કૃષ્ણ અને બલરામ વ્રજમાં ઉછરીને મોટા થવા લાગ્યા. ત્યાર પછી નંદ વગેરે ગોવાળો પોતાના વાસ ઉઠાવીને વૃંદાવનમાં રહેવા ગયા. કૃષ્ણ અને બલરામ પણ તેમની સાથે વૃન્દાવન રહેતા થયા. તે જમાનામાં સ્ત્રીઓને પડદે પૂરી રાખવાનો રિવાજ પડયો ન હતો. સ્ત્રીઓ અને પુરુષો ભેગાં થઇને ગાઇ નાચીને આનંદ કરતાં. એ રીતે કૃષ્ણ અને બલરામ તેમની વયનાં યુવક-યુવતીઓની સાથે ગાતા અને નાચતા. એમાં શૃંગાર રસની ગંધ સરખી હતીજ નહિ. તેની સાથે સાથે બેઉ ભાઇ અંગને સારી રીતે કસીને બળવાન બન્યા અને સાહસનો ગુણ પણ તેમણે સારી રીતે કેળવ્યો. કંસના જુલ્મોની વાતો જેમ જેમ કૃષ્ણને કાને આવતી ગઈ, તેમ તેમ તેમના હૃદયમાં જખમ વાગતા ગયા; અને આખા દેશને ત્રાસરૂપ થઇ પડેલા દુષ્ટનું કેવી રીતે કાટલું કાઢી નાખવું, તેનો ઘણી ઉત્કંઠાથી વિચાર કરવા લાગ્યા. જેને સ્વદેશસેવા કરવાની લગનીજ લાગી હોય છે તેને વહેલો મોડો સુયોગ પણ મળી આવે છે.

હવે કંસને પણ ખબર પડી ગઇ કે, કૃષ્ણ અને બલરામ તો વસુદેવનાજ છોકરા છે. તેણે તેમને સહેલાઇથી મારી નાખ-વાનો ઘાટ ઘડયો. તેણે એક ધનુર્યજ્ઞ કરાવ્યો. તે જોવાને માટે નંદ-યશોદા વગેરે ગોપ-ગોપીઓને તથા કૃષ્ણ અને બલરામ-ને અક્રૂરની મારફતે ખૂબ આગ્રહપૂર્વક નિમંત્રણ મોકલાવ્યું.

યજ્ઞનું સ્થળ સ્ત્રીઓ અને પુરુષોથી ચીકાર ભરાઇ ગયું હતું. કંસ એક ઉંચા માંચડા ઉપર ચઢીને અંગરક્ષકો અને

બીજા અમલદારો સહિત તમાશો જોવા બેઠો હતો. કૃષ્ણ અને બળરામને મારી નાખવાની તેણે પોતાના કેટલાક બળવાન મલ્લ લોકોને પહેલેથીજ સૂચના આપી દીધી હતી. એ સૂચના મુજબ કૃષ્ણ અને બળરામની સાથે અકેકો જબરદસ્ત પહેલવાન કુસ્તી લડવા લાગ્યો; પણ કેટલોક વખત બેઉનું મહાયુદ્ધ ચાલ્યા પછી તે બન્ને પહેલવાનો કૃષ્ણ અને બળરામને હાથે માર્યા ગયા; ત્યારે કંસે વળી બે બીજા જબરા જબરા મલ્લને મોકલ્યા. તેઓ પણ પેલાની માફકજ માર્યા ગયા. પોતાની મુરાદને નિષ્ફળ થતી જોઇને કંસ ક્રોધાન્ધ બની ગયો અને તેણે હુકમ કર્યો કે, "વસુદેવના આ બેઉ દુષ્ટ છોકરાઓને અહીંથી હાંકી કાઢો; ગોપ લોકો પાસે જે કાંઇ હોય તે લૂંટી લો; વસુદેવનો શિરચ્છેદ કરો અને મારો બાપ પણ આ પામર લોકોનો પક્ષ લે છે,માટે તેને પણ પૂરો કરી નાખો." આ સાંભળીને લોકો બિચારા બેબાકળા બનીને જેનાથી જે તરફ નસાયું તે તરફ સૌ નાસભાગ કરવા લાગ્યા અને યજ્ઞસ્થળમાં ભારે ગરબડાટ મચી રહ્યો.

આજ સરસ લાગ છે, એમ જાણીને કૃષ્ણ અને બળરામ એક છલંગ મારીને માંચડા ઉપર ચઢી ગયા અને કંસની શિખા પકડીને તેને માંચડા ઉપરથી નીચે ઢસડી પાડ્યો. પછી તેને રંગભૂમિમાં ઘસડી જઇને પૂરો કરી નાખ્યો. તેના ભાઇઓ તેનું વેર લેવા દોડી આવ્યા તે પણ બળરામને હાથે માર્યા ગયા.

પછી ઘરડા ઉગ્રસેન અને વસુદેવ વગેરેએ આગળ આવીને કૃષ્ણ અને બળરામને પ્રેમાલિંગન દીધું. ઉગ્રસેનની મરજી કૃષ્ણનેજ મથુરાની ગાદીએ બેસાડી દેવાની હતી; પણ કૃષ્ણે રાજા થવાની ના પાડી. તેમણે કહ્યું:–"મેં કાંઇ રાજ્યના લોભથી મારા મામાનો વધ કર્યો નથી. પરંતુ આખા દેશના હિતનો વિચાર કરીને મેં તે પાપીનો તથા તેના મળતીઆઓનો નાશ કર્યો છે." કૃષ્ણે રાજ્ય તો નજ લીધું, પણ તેમને લોકોએ મૂલ્યવાન રત્નો વગેરેની ભેટ આપવા માંડી તે પણ ન સ્વીકારી અને મથુરાની ગાદી તેમણે પોતાની માતાના પિતા ઉગ્રસેનને અપાવી. ×

હવે એ બેઉ ભાઇ યૌવનમાં પ્રવેશ કરતા થયા. તેઓ નંદ વગેરે ગોપ લોકોની સાથે વ્રજમાં પાછા ન જતાં મથુરામાંજ રહેવા લાગ્યા. સૌના તરફ સમાન અને સહૃદય વ્યવહારથી

× હરિવંશ, વિષ્ણુપર્વ, અધ્યાય ૩૨

ગમે તેમ કરી યમુના ઓળંગીને વ્રજમાં નંદના ઘરમાં છાના-માના દાખલ થઇને યશોદાએ તરતમાંજ પ્રસવેલી છોકરી-ની જગ્યાએ પોતાના છોકરાને મૂકીને તે છોકરીને લઇને પાછા પોતાના કેદખાનામાં આવીને દાખલ થઇ ગયા. આ અદ્ભુત વાત જો સાચીજ હોય તો વસુદેવે કેદખાનાના ચોકીદારોને પહેલેથી ફોડેલા હોવા જોઇએ; તેમજ છોકરાંની અદલાબદલીની ગોઠવણ પણ પહેલેથીજ કરી રાખેલી હોવી જોઇએ; નહિ તો આ બધો ઘાટ તરત ને તરત ગોઠવી દેવાનું બનેજ નહિ. બીજે દહાડે સવારમાં કંસે પેલી છોકરીને મારી નાખી અને તેથી તે નિરાંત જીવે રહેવા લાગ્યો. પોતાને મારનાર હવે કોઇજ રહ્યું નથી એમ ધારીને તેણે પહેલાંના કરતાં વધારે ત્રાસ વર્તાવવા માંડયો.

આ બાજુએ કૃષ્ણ અને બલરામ વ્રજમાં ઉછરીને મોટા થવા લાગ્યા. ત્યાર પછી નંદ વગેરે ગોવાળો પોતાના વાસ ઉઠાવીને વૃંદાવનમાં રહેવા ગયા. કૃષ્ણ અને બલરામ પણ તેમની સાથે વૃન્દાવન રહેતા થયા. તે જમાનામાં સ્ત્રીઓને પડદે પૂરી રાખવાનો રિવાજ પડયો ન હતો. સ્ત્રીઓ અને પુરુષો ભેગાં થઇને ગાઇ નાચીને આનંદ કરતાં. એ રીતે કૃષ્ણ અને બલરામ તેમની વયનાં યુવક–યુવતીઓની સાથે ગાતા અને નાચતા. એમાં શૃંગાર રસની ગંધ સરખી હતીજ નહિ. તેની સાથે સાથે બેઉ ભાઇ અંગને સારી રીતે કસીને બળવાન બન્યા અને સાહસનો ગુણ પણ તેમણે સારી રીતે કેળવ્યો. કંસના જુલ્મોની વાતો જેમ જેમ કૃષ્ણને કાને આવતી ગઈ, તેમ તેમ તેમના હૃદયમાં જખમ વાગતા ગયા; અને આખા દેશને ત્રાસરૂપ થઇ પડેલા દુષ્ટનું કેવી રીતે કાટલું કાઢી નાખવું, તેનો ઘણી ઉત્કંઠાથી વિચાર કરવા લાગ્યા. જેને સ્વદેશસેવા કરવાની લગનીજ લાગી હોય છે તેને વહેલો મોડો સુયોગ પણ મળી આવે છે.

હવે કંસને પણ ખબર પડી ગઇ કે, કૃષ્ણ અને બલરામ તો વસુદેવનાજ છોકરા છે. તેણે તેમને સહેલાઇથી મારી નાખ-વાનો ઘાટ ઘડયો. તેણે એક ધનુર્યજ્ઞ કરાવ્યો. તે જોવાને માટે નંદ–યશોદા વગેરે ગોપ–ગોપીઓને તથા કૃષ્ણ અને બલરામ-ને અક્રૂરની મારફતે ખૂબ આગ્રહપૂર્વક નિમંત્રણ મોકલાવ્યું.

યજ્ઞનું સ્થળ સ્ત્રીઓ અને પુરુષોથી ચીકાર ભરાઇ ગયું હતું. કંસ એક ઉંચા માંચડા ઉપર ચઢીને [illegible]

બીજા અમલદારો સહિત તમાશો જોવા બેઠો હતો. કૃષ્ણ અને બલરામને મારી નાખવાની તેણે પોતાના કેટલાક બળવાન મલ્લ લોકોને પહેલેથીજ સૂચના આપી દીધી હતી. એ સૂચના મુજબ કૃષ્ણ અને બલરામની સાથે અકકેકો જબરદસ્ત પહેલવાન કુસ્તી લડવા લાગ્યો; પણ કેટલોક વખત બેઉનું મલ્લયુદ્ધ ચાલ્યા પછી તે બન્ને પહેલવાનો કૃષ્ણ અને બલરામને હાથે માર્યા ગયા; ત્યારે કંસે વળી બે બીજા જબરા જબરા મલ્લને મોકલ્યા. તેઓ પણ પેલાની માફકજ માર્યા ગયા. પોતાની મુરાદને નિષ્ફળ થતી જોઇને કંસ ક્રોધાન્ધ બની ગયો અને તેણે હુકમ કર્યો કે, "વસુદેવના આ બેઉ દુષ્ટ છોકરાઓને અહીંથી હાંકી કાઢો; ગોપ લોકો પાસે જે કાંઇ હોય તે લૂંટી લો; વસુદેવનો શિરચ્છેદ કરો અને મારો બાપ પણ આ પામર લોકોનો પક્ષ લે છે માટે તેને પણ પૂરો કરી નાખો." આ સાંભળીને લોકો બિચારા બેબાકળા બનીને જેનાથી જે તરફ નસાયું તે તરફ સૌ નાસભાગ કરવા લાગ્યા અને યજ્ઞસ્થળમાં ભારે ગરબડાટ મચી રહ્યો.

આજ અવસર લાગ છે, એમ જાણીને કૃષ્ણ અને બલરામ એક છલંગ મારીને માંચડા ઉપર ચડી ગયા અને કંસની શિખા પકડીને તેને માંચડા ઉપરથી નીચે ઢસડી પાડયો. પછી તેને રંગભૂમિમાં ઘસડી જઇને પૂરો કરી નાખ્યો. તેના ભાઇઓ તેનું વેર લેવા દોડી આવ્યા તે પણ બલરામને હાથે માર્યા ગયા.

પછી ઘરડા ઉગ્રસેન અને વસુદેવ વગેરેએ આગળ આવીને કૃષ્ણ અને બલરામને પ્રેમાલિંગન દીધું. ઉગ્રસેનની મરજી કૃષ્ણને જ મથુરાની ગાદીએ બેસાડી દેવાની હતી; પણ કૃષ્ણે રાજ્યપદની ના પાડી. તેમણે કહ્યું:—"મેં કાંઈ રાજ્યના લોભથી મારા મામાનો વધ કર્યો નથી. પરંતુ આખા દેશના હિતનો વિચાર કરીને મેં તે પાપીનો તથા તેના મળતીઆઓનો નાશ કર્યો છે." કૃષ્ણે રાજ્ય તો નજ લીધું, પણ તેમને લોકોએ મૂલ્યવાન રત્નો વગેરેની ભેટ આપવા માંડી તે પણ ન સ્વીકારી અને મથુરાની ગાદી તેમણે પોતાની માતાના પિતા ઉગ્રસેનને અર્પણ કરી. x

હવે એ જ[illegible] જીવનમાં પ્રવેશ કરવા [illegible] તેઓ [illegible] [illegible] અભ્યાસ [illegible] મથુરામાં [illegible] ઉગ્ર[illegible] [illegible] અને [illegible]

[illegible]

તેમણે સર્વની પ્રીતિ સંપાદન કરી. તેમને અમુક પ્રિય અને અમુક અપ્રિય એવો ભેદભાવ તો હતોજ નહિ. તેવીજ રીતે આ ઉત્તમ અને આ અધમ એવો કોઈ પણ જાતનો ભેદભાવ તેમના વ્યવહારમાં ન હતો. તેઓ સૌની સાથે સમભાવે વર્તતા હતા.÷

હવે આટલી મોટી ઉમ્મરે બેઉ ભાઈઓએ લખતાં વાંચતાં શીખવા માંડયું. તેમની સ્મરણશક્તિ એવી તીવ્ર હતી કે એકજ વાર સાંભળેલું અગર વાંચેલું તેમને હમેશને માટે યાદ રહી જતું. તેઓ વેદ–વેદાન્ત વગેરે શાસ્ત્રો ભણીને થોડા વખતમાં સારા વિદ્વાનમાં ગણાવા લાગ્યા. યુદ્ધવિદ્યા અને રાજનીતિનો અભ્યાસ કરીને યોદ્ધા અને રાજનીતિજ્ઞ તરીકે તેમણે સારી પ્રતિષ્ઠા સંપાદન કરી. કૃષ્ણે તો થોડાજ વખતમાં વીર્ય, ઐશ્વર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય–એ છએ પ્રકારનાં ઐશ્વર્ય એટલી હદ સુધી પ્રાપ્ત કર્યાં, તેથી તે પુરુષોત્તમ કહેવાયા.

કંસનું લગ્ન મગધના રાજા જરાસંધની બે પુત્રીઓ સાથે થયું હતું. તેઓ રાંડયા પછી પોતાના બાપને ઘેર ગઈ અને પોતાના પતિને મારનારને યોગ્ય સજા કરાવવા પિતાને ઉશ્કેરવા લાગી. જરાસંધે મોટી મોટી સેનાઓ લઈને મથુરા ઉપર સત્તર વાર સ્વારી કરી, પણ દરેક વખતે કૃષ્ણ અને બલરામની અસામાન્ય બહાદુરી આગળ હાર ખાઈને તેને પાછા હઠવું પડતું.

પછી કાલયવન (ગ્રીક) નામના કોઈ યવને મોટું સૈન્ય લઈને મથુરાને ઘેરો નાખ્યો. કૃષ્ણે તેને એક ગુફામાં તેડી જઈને પૂરો કરી નાખ્યો. તે મૂઓ એટલે તેના સૈન્યને મારી કાઢતાં ઝાઝી વાર લાગી નહિ. આ પ્રમાણે યાદવો ઉપરાઉપરી જીતતા તો ખરા; પણ તેમની સ્થિતિ ભયભરેલી હતી. જરાસંધના બળવાન સૈન્યનો અને તેમના ત્રાસનો વિચાર કરતાં તેમને ભયની કંપારી વછૂટતી. એવી કયી જગ્યા નિર્ભય હશે કે જ્યાં રહેવા જઈએ તો આ ત્રાસમાંથી આપણો છૂટકારો થાય, તેનાજ તેઓ ઉત્કંઠાપૂર્વક વિચાર કરવા લાગ્યા. છેવટે તેમણે ભેગા મળીને ઠરાવ કર્યો કે, મથુરાથી ખૂબ આઘે સમુદ્રકિનારે દ્વારકા તરફ ચાલ્યા જવું અને ત્યાંજ રહી પડવું. પછી કૃષ્ણની સલાહ મુજબ કુકુર, ભોજ, અન્ધક અને વૃષ્ણિ, એ ચારે ટોળીઓના યાદવો, તેમનાં બૈરાં–છોકરાં અને મથુરાનાં બીજાં રહેવાસી·

÷ શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૪૬

એને પણ પોતાની સાથે લઈને ત્યાંથી ઉપડયા અને દ્વારકામાં પોતાનું સંસ્થાન વસાવીને રહેવા લાગ્યા. ઉપર જે જે ટોળીઓનાં નામ ગણાવ્યાં તે બધી યાદવવંશની પેટાશાખાઓ હતી.

દ્વારકા અથવા દ્વારાવતી નગરી ભરતખંડના છેક પશ્ચિમ છેડા ઉપર સમુદ્રકિનારે આવેલી છે. તેનું પૌરાણિક નામ કુશસ્થલી હતું. તેની આસપાસ રૈવતક પર્વતની સુંદર હારમાળા આવી રહેલી છે. એ પર્વતમાળાની પહોળાઈ ત્રણ યોજન જેટલી છે. યાદવોએ દર યોજને એકવીસ દરવાજાઓ અને મોરચાઓ રચ્યા અને તે ઉપરાંત ત્યાં જે જે જૂના પુરાણા કિલ્લા હતા તેમને સમરાવીને પાછા નવા જેવા કરી દીધા. એ જૂના કિલ્લાઓ ઉપરથી સાબિત થાય છે કે, યાદવો ત્યાં જઈ વસ્યા તે અગાઉ પણ કોઇ સુધરેલી અને લડાયક પ્રજા આ કોટકિલ્લા રચીને ત્યાં વસી હશે. એ કિલ્લા એવા દુર્ભેદ્ય હતા કે પુરુષોની ગેરહાજરીમાં સ્ત્રીઓ પણ તેમનું વગર મુશ્કેલીએ રક્ષણ કરી શકે.

વરસમાં અમુક અમુક દિવસ રૈવતક પર્વત ઉપર જાહેર ઉત્સવો અને રમતગમતોને માટે કૃષ્ણે મુકરર કર્યા હતા. તે તહેવારના દિવસોના આરંભથી અંત સુધી બધા યાદવો એકસરખો આનંદ કરતા. તેટલો વખત પર્વતનાં શિખર રંગબેરંગી ધ્વજાપતાકા તથા ભાતભાતનાં પત્રપુષ્પનાં તોરણોથી શણગારાઈ જતાં. રસ્તામાં સુંદર સુંદર–નેત્રનું આકર્ષણ કરે એવી રસિક કમાનો રચાતી અને તેના ઉપર હીરા, મોતી અને માણેકનાં ઝૂમખાં લટકતાં. પર્વતના ઉપર તેટલા દિવસ આનંદનું જ વાતાવરણ રચાઇ જતું. જ્યાં નજર જાય ત્યાં નયનરંજક રંગોનો વૈભવ જોઇને નેત્રો ધરાઈજ જાય. સ્ત્રીઓ, પુરુષો, યુવકો યુવતીઓ, બાળકો અને બાલિકાઓ તેમના સારામાં સારાં વસ્ત્રાલંકાર ધારણ કરીને ઉત્સવની મોજ માણવા ટોળાંબંધ ચાલ્યાં આવતાં અને પર્વત ઉપર પોતાને મન ફાવે ત્યાં ભ્રમણ કરીને ઉજાણીઓ ઉડાવતાં. આટલાં બધાં માણસો ગમ્મત કરવાનાજ ઉદ્દેશથી જ્યાં એકઠાં થતાં હોય ત્યા દુકાનદારો પોતપોતાના માલની દુકાનો માંડયા વગર રહે? એટલે ત્યાં ભાતભાતની ચીજોનાં સુંદર હાટ મંડાઇ જતાં. કોઇ ઠેકાણે સ્વાદિષ્ટ મિઠાઈઓની, કોઈ ઠેકાણે વીણા, વેણુ, મૃદંગ એવાં નાના પ્રકારનાં વાજિંત્રોની, કોઇ ઠેકાણે યાદવોને અતિ પ્રિય એવા મૈરેય નામના દારૂની,

કોઇ ઠેકાણે બીજી મોજશોખની વસ્તુઓની–એમ તરેહ તરેહની ચીજોની આકર્ષક દુકાનો મંડાઇ જતી. લોકો ખાતાપીતા અને આનંદના કલ્લોલ ઉડાવતા. આખો પર્વત તેમના આનંદધ્વનિથી ગાજી ઉઠતો. કેટલેક ઠેકાણે સ્ત્રીપુરુષોની નાની નાની ટોળીઓ ગાયન, વાદ્ય અને નાચની રમઝટ મચાવી મૂકતી. કોઈ ઠેકાણે લોકો ગોળ કુંડાળું વળીને બેસતા અને કાં તો નાના પ્રકારની વાતો અથવા ગમ્મત મજાક મશ્કરી કરતા અથવા બધા ભેગા બેસીને ભોજન કરતા. ગરીબ–કંગાલ લોકો એ દિવસોમાં તો સારૂં સારૂં ભોજન ખાવા પામતા. રાત પડતી એટલે તો આખો પર્વતજ રોશનીથી અને તરેહ તરેહની રમણીય આકૃતિની દીપમાળાઓથી ઝળહળી ઉઠતો. થોડે થોડે અંતરે દીપસ્તંભ ગોઠવાઇ જતા અને તેથી કરીને રૈવતક પર્વત જુદા જુદા રંગના અગણિત તારાઓ વડે શોભાયમાન દેખાતા ભૂરા આકાશની સાથે સ્પર્ધા કરતો. આ ઉત્સવમાં આખુંજ યાદવકુળ ભાગ લેતું. તેઓ, તેમની સ્ત્રીઓ, છોકરા અને છોકરીઓ–બધાંજ તેટલા દિવસ પોતપોતાનો કામધંધો બાજુએ મૂકીને કેવળ આનંદનુંજ સેવન કરતાં. =

આ ઉત્સવોના અધિષ્ઠાતા દેવ તરીકે કૃષ્ણ તો ત્યાં ખરાજ. તેઓ કોઇ કોઇ વાર યાદવોના ભેગા સમુદ્રસ્નાન કરવા તથા જળક્રીડા કરવા દરિયામાં ઉતરતા. એમાં પણ નાનાં મોટાં, સ્ત્રીઓ પુરુષો, બધાંજ સામેલ થતાં અને ત્યાં પણ નૃત્ય, ગીત, વાદ્ય અને નાના પ્રકારની ગમ્મતોની લહેર ઉડાવતાં. રાતના નાટ્યપ્રયોગો પણ થતા અને તેમાં સ્ત્રીઓ તેમજ પુરુષો બેઉ અભિનય કરતાં.

કૃષ્ણે, ભરતખંડના તે જમાનાના લગભગ તમામ રાજાઓને યુદ્ધમાં હરાવીને યોદ્ધા તરીકે સમગ્ર ભારતવર્ષમાં અદ્વિતીય પદ પ્રાપ્ત કર્યું * અને જે જરાસંધના જુલમથી આખો દેશ થરથર કંપતો હતો તેનો પણ જ્યારે તેમણે અંત આણી દીધો ત્યારે તો આખા ભારતવર્ષની જનતા તેમને પૂજવા લાગી.

યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞ વખતે કૃષ્ણે શિશુપાળને મારી નાખ્યો તેનું વેર લેવાને માટે પ્રાગ્જ્યોતિષનો રાજા શાલ્વ, જે શિશુપાળનો ભાઇ થતો હતો તે શાભ નામના વિમાનમાં

---

= અશ્વમેધપર્વ, અધ્યાય ૫૯

* સભાપર્વ, અધ્યાય ૧૦

લઈને દ્વારકા ઉપર ચઢી આવ્યો અને તેની વિપુલ સેનાએ તે શહેર ઉપર ઘેરો નાખ્યો. ×

આ વખતે શહેરના લોકોને તથા સૈનિકોને પાનો ચઢાવવાને વાસ્તે આખું શહેર ધ્વજા—પતાકા—તોરણ વગેરે વડે ખૂબ ઠાઠમાઠથી શણગારાવ્યું. આ સમય રાજ્ય ઉપર ભારે વિપત્તિનો છે, એમ વિચારીને રખે લોકો દારૂ પીને ભાનભૂલા બની જાય અને નગરનો બચાવ કરવામાં ગફલત કરી બેસે તેટલા માટે એક જાહેર આજ્ઞા પ્રકટ કરીને દારૂની વપરાશ અને તેનું વેચાણ બંધ કરાવ્યું. વળી લોકો મોજ—શોખમાં પડી જઇને સ્વદેશના ઉપર ઝઝૂમતી વિપત્તિની વાત વિસરી જાય તેટલા વાસ્તે નગરમાંથી ભવૈયાઓ, નાચનારીઓ, ગવૈયાઓ વગેરેને રજા આપી. શત્રુનો હલ્લો ખાળવાને વાસ્તે દ્વારકા જવાના માર્ગ ઉપર જેટલા પૂલ હતા તેટલા બધાજ તોડી નખાવ્યા. હોડીઓનો અવર જવર બંધ કરાવ્યો. દ્વારકાથી એક ગાઉને છેટે ચારે બાજુએ ઊંડી ખાઈ ખોદાવી અને બાકીની આસપાસની તમામ જમીન કોઇ ઠેકાણે નીચી તો કોઇ ઠેકાણે ઉંચી કરી દીધી. વળી સુરંગ ખોદીને ભોંયરાં અને છૂપા રસ્તા તથા ઉંડી ખાઇઓ તૈયાર કરાવી દાખ્યાં. + યાદવ યોદ્ધાઓ એ ખાઇઓ વગેરેનો આશરો લઇને શત્રુનો હુમલો ખાળવા લાગ્યા. દ્વારકાનો કિલ્લો એક તો

× મહાભારતના જમાનામાં પ્રાગ્જ્યોતિષનો રાજા શાલ્વ નહિ પણ ભગદત્ત હતો; અને તે કુરુક્ષેત્રના યુદ્ધમાં મરાયો ત્યારે તેની જગ્યાએ તેનો પુત્ર વજ્રદત્ત ગાદીએ આવ્યો. ભગદત્તના પહેલાં પણ શાલ્વ નામનો કોઇ રાજા પ્રાગ્જ્યોતિષની ગાદી ઉપર ન હતો. આ પ્રકરણમાં [illegible] ઇતિહાસ વિરુદ્ધ હકીકતો છે અને ગ્રંથકારે તેને તપાસ્યા વગર [illegible] કરી લીધા છે [illegible] પ્રાગ્જ્યોતિષનો રાજા [illegible] લખ્યું [illegible] નથી; તેથી કરીને [illegible]

+ [illegible]

અને તેના કુટુંબીઓને બધાંને શૂળીએ ચઢાવીને મારી નાખવામાં આવશે; પણ તેનું પરિણામ એ આવ્યું કે, બધાંજ કૃષ્ણની અને બલરામની મશ્કરી કરવા લાગ્યા. ÷ કોઇએ દારૂ છોડયો નહિ. એમ કરતાં કરતાં લોકો રાજ્યના કાયદા–કાનુનોનો પણ ભંગ કરવા લાગ્યા અને જેટલા પ્રકારનાં પાપ જગતમાં હોય છે તે બધાંજ દ્વારકામાં દાખલ થયાં. સ્ત્રીઓ તેમના પતિઓને અને પુરુષો તેમની સ્ત્રીઓને છેતરવા લાગ્યા. કૃષ્ણે ઘણાએ પ્રયત્ન કરી જોયા, પણ આ દુરવસ્થામાં સુધારો ન થયો તે નજ થયો.

એમ કરતાં કુરુક્ષેત્રના મહાયુદ્ધને છત્રીસ વર્ષ થવા આવ્યાં. કૃષ્ણે યાદવોને કહ્યું કે ચાલો આપણે સમુદ્રકિનારે આવેલા પ્રભાસપટ્ટણમાં ઉજાણી કરવા જઇએ. ઉજાણીની અને ખાઇ પીને તાગડધિન્ના કરવાની વાત સાંભળીને બધાજ પ્રભાસ જવા એકે પગે થઈ ગયા. સાથે પુષ્કળ દારૂ અને માંસ લઇને બધા પ્રભાસ જઈ પહોંચ્યા. ત્યાં સૌએ ખૂબ ખાધું અને પછી ગળાં સુધી દારૂ ઢીંચીને છાકટા થઇ ગયા. બલરામ, સાત્યકિ, કૃતવર્મા, ગદ– એ બધા મોટા મોટા યાદવો પણ દારૂ પીને ગાંડાતુર બની ગયા.

પછી દારૂના નશામાં સાત્યકિએ કૃતવર્માને કહ્યું:–" કેમ રે બદમાસ! તેં ક્ષત્રિય થઇને ઉંઘી ગએલી પાંડવસેનાની કેમ કતલ કરી? તારા જેવો પાપી જગતમાં બીજો કોઇ હશે કે?" અને કૃતવર્મા કાંઈ છોડે? તે તરતજ તડૂકી ઉઠયો:–"અરે જાણ્યો જાણ્યો! તું મોટો ધર્માત્માની પૂંછડી છે તે! તેં પેલા અનશનવ્રત લઇ બેઠેલા અને હાથ વગરના થઇ ગએલા ભૂરિશ્રવાને મારી નાખ્યો તે ભૂલી ગયો હોઇશ!" સાત્યકિએ તેના જવાબમાં તરવાર ખેંચી અને કૃતવર્માનું ડોકું ઉડાવી દીધું અને તેના બીજા કેટલાક કુટુંબીઓને પણ પૂરા કરી નાખ્યા. એટલે તો પછી ભોજ અને અંધક શાખાના યાદવો સાત્યકિ ઉપર તૂટી પડયા. કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને સાત્યકિનું ઉપરાણું લીધું. જોતજોતામાં કજીઆએ ભયંકર રૂપ પકડયું. ભોજ, અન્ધક, વૃષ્ણિ અને કુકુર–એ ચારે

÷ [illegible]

શાખાઓના યાદવો અંદર અંદર બાઝવા લાગ્યા અને આત્મ-
કલહની જ્વાળામાં આખું યાદવકુળ સ્હોમાઇ ગયું. સાત્યકિ
અને પ્રદ્યુમ્ન–બેઉનો થોડી વારમાંજ ઘડોલાડવો થઇ ગયો; પણ
તેથી લડાઇ થંભી નહિ. સમુદ્રકિનારે વાંસનું જંગલ હતું;
તેમાંથી મોટા મોટા દંડુકા કાપી કાપીને સૌ એકબીજાનો સંહાર
કરવા મંડ્યા. આજે બધાએ ગળા સુધી દારૂ પીધો હતો.
કોઈને સાન તો હતુંજ નહિ અને આંખો પણ ઘેનમાં અધમીંચી
હતી. આવી અવસ્થામાં જેની લાકડીના ઝપાટામાં જે આવ્યો તે
મુઓ. કૃષ્ણ પણ એક મોટો વાંસનો સોટો લઈને જે તેમના હાથ-
માં આવ્યો તેને ઝૂડવા મંડ્યા અને તેમને હાથે પણ ઘણા મુઆ.
એ રીતે કોઈનાથી જેમનો પરાજય થયો ન હતો તે યાદવો,
એકબીજાને હાથે માત્ર લાકડીઓના હથિયારથીજ માર્યા ગયા.

જ્યારે યાદવવંશના પૂરેપુરા ફનાફાતીઆ થઈ ગયા ત્યારે
કૃષ્ણના જીવને નિરાંત વળી. પછી તેમણે પોતાના સારથિ દારુ-
કને કહ્યું કે, હસ્તિનાપુર જઇને અર્જુનને બોલાવી લાવ. ત્યાર
પછી તેમણે જોયું તો બલરામ જંગલના એક એકાંત સ્થાનમા
બેસીને પોતાના યોગબળથી પ્રાણત્યાગ કરવાની તૈયારીમાં હતા.
ત્યારે કૃષ્ણ પણ યોગબળથી પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કરીને
વનમાં જઇને સૂતા. એવામાં એક જરા નામનો વ્યાધ ત્યાં આવી
પહોંચ્યો. તેણે કૃષ્ણને બદલે હરણ સૂતેલું હશે, એમ ધારીને
એક બાણ માર્યું. આ પ્રમાણે સો કરતાં વધારે વર્ષનું આયુષ્ય
ભોગવ્યા પછી કૃષ્ણની જીવનલીલા પ્રભાસ આગળ પૂરી થઈ.

એ મહાપુરુષ અત્યાચાર, અન્યાય અને અધર્મની સામે-
ના સંગ્રામમાં જીવનભર ઝૂઝયા હતા. તેમણે કંસને માર્યો;
જરાસંધને અને શિશુપાળને માર્યા તોપણ તેમનાં રાજ્ય તરફ
કદી પણ લોભની નજરે જોયુ નથી. ભરતખંડના એકે એક રાજાને
તેઓ યુદ્ધમાં હરાવી વળ્યા, તોપણ કોઇના રાજ્યની એક તસુ
જેટલી પણ જમીન તેમણે દબાવી નથી. તે અસાધારણ બળવાન
અને અદ્વિતીય વીર પુરુષ હોવા છતાં અત્યંત નિઃસ્વાર્થી હતા.
તેમનું વેદાદિ શાસ્ત્રોનું, રાજનીતિનું, ધર્મનું અને વ્યવહારનું
જ્ઞાન અગાધ અને અજોડ હતું; તે છતાં સિંધુ નદી ઓળંગીને
મ્લેચ્છ ભૂમિમા જઈ આવ્યા હતા; સમુદ્રપર્યટન કરી આવ્યા
હતા; અનાર્ય અને શૂદ્ર જાતિની સ્ત્રીઓને પરણ્યા હતા; શૂદ્રના

હાથની રસોઇ પણ તેમણે ખાધી હતી. તે જાતિભેદને માનતા ન હતા. વાણી અને વર્તનમાં તેઓ પૂરા સમદર્શી હતા. તે અત્યંત ઉદાર, મહાન સમાજસુધારક, ધર્મસંસ્કારક અને સ્વદેશપ્રેમી હતા. આજે તો આપણે તેમનું સ્મરણજ કરવાનું રહ્યું છે!

મહાભારત તેમને વિષે કહે છે કે "કૃષ્ણ સર્વગુણસંપન્ન હતા." × સ્વામી વિવેકાનંદ કહે છે કે "શ્રીકૃષ્ણની પ્રતિભા અલૌકિક હતી."÷ લેખકે આઠ આઠ વર્ષ સુધી એકલું કૃષ્ણચરિત્રજ તપાસ્યું છે. તે પછી તેની ખાત્રી થઇ છે કે, બંકિમચંદ્રે તેમને વિષે જે લખ્યું છે કે "કૃષ્ણનું ચરિત્ર પવિત્રતામાં અને સર્વગુણસંપન્નતામાં આખા જગતમાં એક અને અનુપમ છે"* તે તદ્દન યથાર્થજ લખ્યું છે. કૃષ્ણ અસામાન્ય શક્તિસંપન્ન અને ઉંચામાં ઉંચી કોટિના મહાપુરુષ હતા, એમાં કાંઇજ સંદેહ નથી.

અત્યંત ખેદની વાત છે કે, આદર્શ કર્મવીર, આદર્શ પુરુષાર્થવાદી, ગીતાશાસ્ત્રના પ્રબોધક અને પરમ દેશવત્સલ કૃષ્ણની ઉપાસના કરનારા હિન્દુઓ કર્મભ્રષ્ટ, નિષ્કર્મણ્ય અને શુષ્ક વૈરાગ્યવાળા બની ગયા છે! કૃષ્ણને પૂજનારા એવા શા કારણથી થયા હશે, તે પણ એક પ્રશ્ન છે. તેમના ઉપર જે જે દુઃખ પડે છે, તેમની જે જે પ્રકારની દુર્દશા થઇ છે, થાય છે અને થશે તે બધાંનું કારણ તેમનાં પૂર્વજન્મનાં કર્મ છે, એવું કોણ જાણે તેમણે શાથી નિશ્ચયપણે માની લીધું છે અને એમ માનીને તેઓ નિશ્ચિન્ત, નિશ્ચેષ્ટ અને નિરુદ્યમી બની ગયા છે! પારકાના પગ ધોવાના બદલામાં તે લાત લગાવે તોપણ તે લાત ખાઇને પડયા રહેવામાં તેઓ સાત્ત્વિક ગુણનો ઉદય માને છે અને એવા વર્તનને તેઓ વખાણે છે. આ બધી વિચિત્રતાનું કારણ શું હશે?

કારણ શોધવા માટે શા વાસ્તે આઘે જવું જોઇએ? કૃષ્ણ પોતેજ તેનું કારણ બતાવતા ગયા છેઃ "જે જેની ઉપાસના કરે છે તે તેના જેવો થાય છે." કૃષ્ણનું એ વચન કદી ખોટું પડેજ નહિ. હિન્દુઓ જીવંત કૃષ્ણની ઉપાસના નથી કરતા; મહાભારતના વીર કૃષ્ણની ઉપાસના નથી કરતા; ગીતાના નિષ્કામ કર્મયોગના પ્રબોધક કર્મયોગી કૃષ્ણની ઉપાસના નથી કરતા. તેઓ તો પથ્થરના કૃષ્ણને પૂજે છે એટલે પથ્થર જેવા જડ થાયજ ને?

× આદિપર્વ, ૫૫-૧૫ ÷ વર્તમાન ભારત, પૃષ્ઠ ૭

* કૃષ્ણચરિત, ખંડ ૨, પ્રકરણ

હવે ચાલો દ્વારકામાં શું થઇ રહ્યું છે તે જોઈ આવીએ. કૃષ્ણના કહેવાથી તેમનો સારથિ દારુક દોડતે ઘોડે હસ્તિનાપુર જઇ પહોંચ્યો અને સઘળા શોકના સમાચાર પાંડવોને વિદિત કર્યા. તે સાંભળીને પાંચે ભાઇઓ અને દ્રૌપદી રડી રડીને જમીન ઉપર આળોટીઆં ખાવાં લાગ્યાં. પછી અર્જુન રડતો રડતો દ્વારકા જવા ઉપડી ગયો. ત્યાં જઇને તેણે જે જોયું તેનાથી તેનાં મર્મસ્થલ વીંધાઈ ગયાં. આજે તે અસલનું આકઝમાળ દ્વારકા જ ન હતું. તેના ઉપરનું બધું નૂર ઉડી ગયું હતું. આજે ત્યાં આનંદોલ્લાસનો નાનો સરખો એક તરંગ પણ ન હતો. જે દ્વારકામાં ઘેરે ઘેર નૃત્ય, ગીત અને વાદ્યોના થૈથૈકાર થઇ રહેતા તે આજે સ્મશાન જેવું શમશમાકાર હતું. ક્યાં ગયો તે જનપદનો કોલાહલ ? અને ક્યાં ઉડી ગયા તે રંગરાગ ? જે દ્વારકામાં એક વાર-મદોન્મત્ત વીર પુરુષો ઘૂમતા હતા ત્યાં આજે બાપ વગરનાં નાનાં છોકરાં અને રાંડીરાંડોજ રહ્યાં છે; અને તે છોકરાં અને સ્ત્રીઓ પણ કેવાં ? નથી તેમનાં અંગ ઉપર સુશોભિત વસ્ત્ર, નથી આભરણ, નથી અંગરાગ અને નથી મુખ ઉપર સુખની એક રેખા! રૂપ અને યૌવનથી ફાટ ફાટ થતી જોબનવંતી યૌવનાઓના માથાની લટો આજે વેરણ છેરણ ઉડતી ફરે છે; શરીરે વિધવાનાં પીળાં વસ્ત્ર પહેર્યાં છે; તેમના મુખમાંથી નિઃશ્વાસ અને નેત્રમાંથી અશ્રુધારા વહી જાય છે. દ્વારકાના વિહારોદ્યાન અને જળાશયો રોજરોજ હજારો યુવક-યુવતીઓના આનંદકલ્લોલથી જે ગાજી ઉઠતાં ત્યાં આજે કાગડા ઉડે છે અને ગાયો ચરે છે!

અર્જુન ગયો તેવો સીધો પોતાના પરમ સખા કૃષ્ણને ઘેરજ ગયો. હાય ! તે ઘર તેને આજે કૃષ્ણ વગર ખાવા ધાય એવું સૂનું સૂનું લાગ્યું. તેણે પોતાના અંતરની વ્યથા દિલમાંજ દબાવી રાખીને કૃષ્ણનાં સ્ત્રીઓને દિલાસો આપ્યો. પછી એક બાજુએથી પ [illegible] અને બીજી બાજુએથી સસરા વસુદેવને ઘેર ગયો [illegible] કરીને ઘણુ રડ્યા, કકળ્યા અને બીજ [illegible] નથી દેહત્યાગ કર્યો. અર્જુને [illegible] મજુસેના [illegible]

[illegible] અને છોકરાંઓને લઇને અર્જુન [illegible]

વૈશ્ય અને શૂદ્ર જાતિનાં કુટુંબો પણ સાથે આવવા તૈયાર થયાં. તેમને પણ અર્જુને પોતાની સાથે આવવા દીધાં. ઘોડાગાડીઓ, બળદગાડાં, હાથી, ઘોડા અને ઉંટ, એ બધાંનો કાફલો એટલો લાંબો હતો કે તેમના બે છેડાની વચ્ચે કેટલાક માઈલનું અંતર સમાઈ જતું હતું. ચાલતાં ચાલતાં તેઓ પંજાબ સુધી તો સહિસલામત આવી પહોંચ્યાં. પંજાબમાં પેઠા પછી ત્યાંના આભીર નામના લોકોના ટોળાએ તેમના ઉપર આક્રમણ કર્યું. અર્જુન તેમનો બચાવ કરવા ઘણુંએ મથ્યો પણ આભીર લોકો સ્ત્રીઓ અને માલમિલ્કતને ઉપાડીને ચાલતા થયા. તેમના સપાટામાંથી જે થોડી ઘણી જાદવ સ્ત્રીઓ બચી હતી તેમને લઈને અર્જુન કુરુક્ષેત્ર ગયો. ત્યાં આગળ તેમને સૌને માટે રહેવાની સગવડ કરી આપી. ભોજવંશની સ્ત્રીઓને માર્ત્તિકાવત શહેરમાં રાખી. સાત્યકિની સ્ત્રીઓ અને છોકરાઓને સારૂ સરસ્વતી નદીના કિનારાની જગ્યા કાઢી આપી. કૃષ્ણના દીકરાનો દીકરો વજ્ર, આ કાફલામાં હતો તેને ઈન્દ્રપ્રસ્થનો રાજા બનાવ્યો. કૃષ્ણની સ્ત્રીઓને પણ ત્યાંજ રાખી. કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન, તેનો પુત્ર અનિરુદ્ધ અને તેનો પુત્ર તે આ વજ્ર.

આ પ્રમાણે આત્મદ્રોહની આગમાં ભારતની એક પછી એક વીર્યવાન જાતિઓ બળીને ભસ્મ થતી ચાલી અને તેના ઉપર પરદેશીઓના હુમલા તો ચાલુ ને ચાલુજ હતા. જે દેશનું રક્ષણ કરનાર લડાયક જાતિઓ અંદર અંદર લડીને નાશ પામે તે દેશને પરદેશીઓની તાબેદારીજ કરવી પડે ને ? તેમના ઉપર પરદેશી પ્રજા જોહુકમી ન કરે તો કરે કોના ઉપર ? જંગલમાં સળગેલો દાવાનલ જેમ આખા જંગલને બાળીને ખાક કર્યા પછીજ હોલવાય છે, તેમ આત્મદ્રોહનો દાવાનલ પણ આ વિશાળ ભારતવર્ષની નાની મોટી તમામ કોમોનો વિનાશ કર્યા પછીજ હોલવાશે. અંદર અંદરના કજીયામાં રમતા રહેનાર હિન્દુઓ, આ દાવાનલના પરિણામ [illegible] [illegible] [illegible] !

મુસલ પર્વ સમાપ્ત



# ૧૭–મહાપ્રસ્થાન પર્વ

## પ્રકરણ ૧ લું–પાંડવોનું મહાપ્રસ્થાન

કુરુક્ષેત્રના મહાયુદ્ધને હવે લગભગ ચાળીસ વર્ષ થઈ ગયાં. પાંડવોએ તેટલો વખત હસ્તિનાપુરનું રાજ્ય ભોગવ્યું. હવે એ પાંચે ભાઇઓની ઉંમર સો વર્ષ ઉપર થઈ ગઈ હતી. યુધિષ્ઠિર રાજા તે પછી મહાપ્રસ્થાન કરવાની તૈયારી કરવા લાગ્યા. તેમની સાથે તેમના ભાઇઓ આવવા તૈયાર થયા અને તેમની સદાની સહધર્મચારિણી દ્રૌપદી, જે સુખદુઃખની તડકા–છાંયડીથી ભરેલાં અનેક વર્ષો દરમ્યાન તેમની છાંયાની માફક સાથે ને સાથેજ રહી હતી તે કંઈ પાછળ એકલી ઘેર રહે પણ ખરી? તેને રાજ્યવૈભવનો થોડોજ મોહ હતો કે તે ઘરનો ખૂણો સાચવીને બેસી રહે?

આ વાતની નગરજનોને ખબર પડી ગઇ એટલે તેઓનાં ટોળેટોળાં રાજસભામાં આવી આવીને યુધિષ્ઠિર રાજાને તેમનો વિચાર પડતો મુકાવવા આગ્રહ કરવા લાગ્યાં. નગરની સ્ત્રીઓ રડવા લાગી; પણ તેનું કશું પરિણામ આવ્યું નહિ; કારણ કે યુધિષ્ઠિરનો નિશ્ચય થઇજ ચૂકયો હતો. જેનું મન એક વાર વિષયતૃષ્ણામાંથી ઉપરામ પામી ગયું હોય, તમામ જાતના સ્નેહનાં બંધનોમાંથી છૂટું થઇ ચૂકયું હોય અને સંસાર ક્ષણિક અને સારહીન છે એવી જેને દૃઢ પ્રતીતિ થઈ ગઇ હોય તેને કોણ રોકી શકે?

યુવરાજ પરીક્ષિતને યુધિષ્ઠિરે હસ્તિનાપુરની ગાદીએ બેસાડયો. તેની ઉમર પણ આ વખતે ચાળીસ વર્ષની થવા આવી હતી. રાજ્યવહીવટની કુલ જવાબદારી યુધિષ્ઠિરે યુયુત્સુને માથે નાખી અને તેને મુખ્ય પ્રધાનનું પદ આપ્યું. પરીક્ષિતને

પોતાનો શિષ્ય ગણીને તેને સાચવવાનું અને યોગ્ય રસ્તે દોરવાનું કામ કૃપાચાર્યને સોંપ્યું. પછી ઘેરથી નીકળવાનો દિવસ આવી પહોંચ્યો. યુધિષ્ઠિરે સુભદ્રાને પાસે બોલાવીને કહ્યું:–"ભદ્રે! વજ્રને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય અને તારા પૌત્ર પરીક્ષિતને હસ્તિનાપુરનું રાજ્ય હું આપી જાઉં છું. તું બેઉને જાળવતી રહેજે. મારો વંશજ રાજ્યલોભી ન થાય તેની તું ખૂબ સાવચેતી રાખજે. મારા વંશજો પેઢી દરપેઢી સુધી પોતાને કૃષ્ણના વંશજોના ઋણીજ માને. અમે જઇએ છીએ પણ તને બેઉ રાજ્યોનું રક્ષણ કરનાર કુળદેવી બનાવતા જઇએ છીએ."

પછી યુધિષ્ઠિરે પોતાના અંગ ઉપરથી રાજાનો પોશાક અને અલંકાર વગેરે ઉતાર્યાં અને તેમની જગ્યાએ વલ્કલ તથા મૃગચર્મ ધારણ કર્યાં. તેમના ભાઇઓએ અને દ્રૌપદીએ પણ તેવુંજ કર્યું. ત્યાર પછી સૌને મળી હળી, સૌની રજા લઇને તેઓ રાજમહેલમાંથી નીકળીને સરિયામ રસ્તા ઉપર આવ્યાં; અને તેઓ જેમ જેમ આગળ જતાં તેમ તેમ આખા નગરનાં તમામ સ્ત્રીઓ અને પુરુષો રડતાં રડતાં તેમની પાછળ પાછળ જવા લાગ્યાં. આખું જગત તેમને રોકવા મથે, પણ હવે તેઓ રોક્યા રોકાય એવા ન હતા. જેમણે આવડું મોટું સામ્રાજ્ય તુચ્છ રમકડાની માફક ફગાવી દીધું, તેમણે ન તો બીજા કોઇનો વિચાર કર્યો અગર ન તો કોઇની સામે નજર માંડીને જોયું. તેઓ તીવ્ર વૈરાગ્યના આવેશમાં જેવી દૃઢ ચાલે રાજમહેલમાંથી નીકળ્યા હતા તેવીજ દૃઢ ચાલે આગળ ને આગળ વધતાજ ગયા; અને એમ કરતાં કરતાં તેમનું એક વારનું અતિપ્રિય હસ્તિનાપુર નગર ઘણુંજ પાછળ રહી ગયું.

જ્યારે તેઓ છેકજ દેખાતા બંધ થઇ ગયા ત્યારે તેમના અંતઃપુરની સ્ત્રીઓ અને નગરનાં સ્ત્રીપુરુષો આંસુ લૂછતાં લૂછતાં અને તેમના ગુણોનું સ્મરણ કરતાં કરતાં પોતપોતાના ઘર તરફ પાછાં ફર્યાં. અર્જુનની સ્ત્રી ઉલૂપી અને બીજી કેટલીક સ્ત્રીઓએ શોકના આવેશમાં નદીમાં ડૂબી મરીને પ્રાણત્યાગ કર્યો; પણ એક વફાદાર કૂતરાએ પાંડવોનો પીછો છોડયોજ નહિ. તે આખર સુધી તેમની સાથેનો સાથેજ રહ્યો.

પાંડવો હસ્તિનાપુરથી નીકળ્યા: તેવા પૂર્વ દિશા તરફ વળ્યા. લોહિત સમુદ્રને કિનારે પહોંચ્યા પછી અર્જુને પોતાનું ગાંડીવ

ધનુષ્ય અને બાણનાં બે મોટાં ભાથાં પાણીમાં ફેંકી દીધાં. ત્યાંથી તેઓ દક્ષિણ તરફ વળ્યા અને ચાલતા ચાલતા સમુદ્રકિનારે આવી લાગ્યા. તેને ઉત્તરકિનારે થોડુંક ચાલ્યા પછી તેઓ નૈઋંત્ય ખૂણા તરફ ફર્યા અને ત્યાર પછી તેમણે પશ્ચિમ દિશા પકડી.

પોતાના પરમ સખા, સહાયક અને અભિન્ન પ્રાણસમા કૃષ્ણના વિયોગની આગ પાંડવોનાં અને દ્રૌપદીનાં હૃદયમાં ભડકે ને ભડકે બળતી હતી. તેથી કરીને તેઓ આમ તેમ ભટકીને, રઝળીને મનવિસારો કરવા ઘણું મથ્યાં; પણ એ આગ નરમ નજ પડી. ત્યારે આખરે તેમણે દ્વારકાનો રસ્તો લીધો અને વાટ કાપતાં કાપતાં ત્યાં આવી પહોંચ્યાં. ત્યાં ગયાં એટલે તો પથ્થરના કાળજાંવાળા માણસને પણ રડાવે એવું દૃશ્ય તેમણે દીઠું. તે જોઇને તેમનાં દિલ તો દુઃખથી વલોવાઇ જવા લાગ્યાં. હાય! તે રમણીય નગરીનું નામનિશાન પણ હવે રહેવા પામ્યું ન હતું. નગરીથી પણ જાણે કૃષ્ણનો વિયોગ ન ખમાયો હોય તેમ તે પણ સમુદ્રમાં ડૂબીને અદૃશ્ય થઈ ગઇ હતી; અને ત્યાં એક વાર શોભી ભવ્ય મહેલાતો અને કિલ્લાના બુરજ હતા ત્યાં આજે સમુદ્રનાં મોજાં અથડાતાં હતાં; અને ફીણના ધોળા ફિસોટા ઉડાડીને માનવીની સત્તા અને ઐશ્વર્યના મદનો નિષ્ઠુર ઉપહાસ કરતાં હતાં. પાંડવો એક શબ્દ પણ બોલ્યા વગર પોતાની લાગણીઓના તરંગને યથાશક્તિ રોકીને પોતાના પરમ સખાના અનેક જૂના પુરાણા પ્રસંગોનાં સંસ્મરણો સંભારતા ગયા અને તેમનાં અશ્રુની ધારા તેમના ગાલ ઉપરથી દડીને નીચેની જમીનને ભીની કરવા લાગી.

એ હાલતમાં પાંડવે અને દ્રૌપદી ઘણી વાર સુધી સમુદ્રકિનારે [illegible]

બનાવ આવતી કાલેજ આપણી નજર આગળ એ કાળ સિદ્ધ કરી બતાવે છે.”

દ્વારકાની અવસ્થા જોઈને તેમનો શોકાગ્નિ શાંત તો નજ થયો; પણ તેણે તેમના કૃષ્ણપ્રેમને વધારે ઉદ્દીપિત કર્યો. એ પ્રેમની પાવકજ્વાલાથી સળગતે હૈયે, મુખે કૃષ્ણનાં ગુણકીર્તન કરતાં અને નેત્રોમાંથી અશ્રુમાલા ટપકાવતાં તે છએ જણ ત્યાંથી હિમાલયને રસ્તે વળ્યાં. હિમાલય તો શીતળ પ્રદેશ છે. ત્યાં જઈશું તો હૃદયની જ્વાલા શાંત થશે એવો વિચાર તેમણે કર્યો હશે; પરંતુ હૃદયની જ્વાલાનો તાપ જેમણે વેઠયો છે તેઓ સારી રીતે જાણે છે કે, એ જ્વાલા એક વાર સળગી તેજ સળગી. તે તો સળગનારની ચિતાના ભડકાની સાથેજ હોલવાય છે. બરફ, હિમ અગર સમુદ્ર તેને શાંત કરી શકતો નથી. સમુદ્રના અનંત સૌંદર્યનાં અને હિમાલયની વિરાટ્ મૂર્તિનાં દર્શનથી તે આગમાં ઉલટું ઘી રેડાય છે, અને તેથી હતી તે કરતાંયે વધારે પ્રજ્વલિત થાય છે.

महाप्रस्थान पर्व समाप्त

# ૧૮–સ્વર્ગારોહણ પર્વ

## પ્રકરણ ૧ લું–પાંડવોના છેલ્લા દિવસ

આખા જગતમાં અજોડ એવો પર્વતરાજ હિમાલય પોતાની વિરાટ કાયા વડે ભારતની ઉત્તરસીમાને ઢાંકીને ઉભો છે. તેની પૂર્વ અને પશ્ચિમ–બેઉ બાજુએથી બીજા બે પર્વતોની હાર નીકળે છે અને તે વડે હિમાલય પોતાના ડાબા અને જમણા બાહુ વડે ભરતખંડને પૂર્વ અને પશ્ચિમ દિશાએથી પણ વીંટળાઇને તેનું રક્ષણ કરે છે. હિમાલય પર્વત ભરતખંડના અધિષ્ઠાતા દેવની માફક તેની ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ–ત્રણે દિશાઓને પોતાના અભેદ્ય દુર્ગ જેવા બાહુ વડે સુરક્ષિત કરીને ઉભો છે; છતાં જેને પોતાની જાતનું રક્ષણ કરતાંજ ન આવડે તેનો કુદરત ક્યાં સુધી બચાવ કરે? તેથી આખરે ગિરિરાજ હિમાલય ભરતખંડની દુર્દશાથી અતિશય ખેદ પામીને, છેવટે તેનાથી કંટાળીને, ઉંચે ઈશ્વરના સામે મોઢું કરીને ઉભો રહ્યો છે.

અનંતતાની પ્રતિમૂર્તિ જેવા હિમાલયને આદિ નથી અને અંત નથી. જે દિશાએ નજર કરો તે દિશાએ પર્વતની ઉપરા-ઉપરી હારમાળાને જોતાં જોતાં આખરે તમારી નજર થાકી જશે. [illegible]

વેલા–વેલીઓની જટિલ જાળ રચાવાથી અપૂર્વ શોભા ધારણ કરી રહ્યાં છે. આકાશ સુધી ઉંચી ડોકને લંબાવીને ઉભેલાં કેટલાંક વૃક્ષો થડથી ટોચ સુધી રંગબેરંગી પુષ્પોના વાઘા સજીને મદભર ઉભાં છે. તેમનાં કાળજૂનાં થડ ઉપર લીલ અને શેવાળની મખમલી ચાદર પથરાઇ છે અને કોઇ નાની નાજુક પાંદડીઓવાળી, તો કોઇ મોટાં કદાવર પાંદડાંવાળી વેલીઓ તેમને આલિંગીને સુખસ્વપ્નમાં ડોલી રહી છે. કોઇ કોઇ વૃક્ષની તડોમાં બીજાં વૃક્ષોનાં બીજ પડવાથી તેમના ઉપર તે તે બીજનાં ઝાડ ઉગી નીકળ્યાં છે; અને તેથી કરીને એક એક વૃક્ષ ઉપર અનેકરંગી પુષ્પોના ઝૂમખા લટકે છે. તેમના પરાગને ચારે દિશાએ વહી જતો પવન પણ તેમની ખુશબોના નશાથી મદમાતો બનીને ચારે બાજુએ સ્વચ્છન્દથી વહે છે. તે સુશીતલ સુગન્ધી વાયુની લહરીઓ મન, પ્રાણ અને ઇન્દ્રિયોને પરિતૃપ્ત કરી દે છે. અનંત કાળથી પૂર્ણ સ્વતંત્રતામાં મહાલતાં રંગબેરંગી પાંખોવાળાં પંખીઓનાં ટોળાં ડાળીએ ડાળીએ ઉડતાં ખેલતાં ફરે છે અને તેમના મધુર કર્ણપ્રિય કલરવથી વનસ્થલીને ગજવી મૂકે છે. સફેદ દૂધના જેવા પ્રવાહવાળાં પહાડી ઝરણાં રમતીઆળ બાળકોની માફક ખડખડ હસતાં, કૂદતાં, ઠેકતાં નીચે ઉતરી પડે છે; અને તેમના રૂપેરી જળકણ વડે દિશાઓને સુશીતળ કરે છે. કોઈ ઠેકાણે મદમાતા પ્રચંડ જળધોધ પર્વતની બાજુએથી નીચેના ગહ્વરોમાં ભીષણ નિનાદસહિત જોરભેર કૂદી પડે છે; અને તેના ગંભીર ધ્વનિના પડઘા વડે પર્વતની એકાન્ત ગુફાઓને ગજવતા આગળ ધસ્યા જાય છે. તેમાંથી ઉડતાં જળબિંદુઓની ચાદર ઉપર સૂર્યનાં ત્રાંસાં કિરણ પડવાથી સુંદર મેઘધનુષ્યો રચાય છે. આ મહાવનમાં સિંહ, વાઘ, ચિત્તા, રાની પાડા, હાથી, કસ્તૂરીમૃગ, જંગલી ગાયો વગેરે વન્ય પશુઓનાં ટોળાં નિર્ભયપણે સ્વચ્છન્દે ભમે છે. કોઈ કોઇ ઠેકાણે માઇલના માઇલસુધી શુભ્ર બરફનો ઓછાડ પથરાયો હોય છે અને તેના ઉપર જ્યારે સૂર્યનાં કિરણ પડે છે ત્યારે ચાંદીની માફક ઝગમગી ઉઠે છે. કોઇ કોઇ ઠેકાણે પર્વતની ટોચ પાતળા નાજુક મિનારાની ટોચની માફક આસ્તે આસ્તે પાતળી થતી થતી આકાશને વીંધીને અનંતતા સુધી પહોંચી જતી દેખાય છે; અને તેના બરફના શુભ્ર અમલ–ધવલ મુકુટ ઉપર આથમતા રવિનાં કિરણો પડે છે ત્યારે શુદ્ધ સુવ-

એના રંગને પણ શરમાવે એવી અપૂર્વ મનોહર કાંતિને પ્રકટ કરે છે. આ પર્વતરાજની વિકટ ઘાટીઓને વટાવીને, તેનાં અભેદ્ય અરણ્યને ભેદીને વન્ય પશુઓ અને અપ્રકટ માનવજાતિઓ ચિરદિન નિર્ભયપણે આવ-જા કરી રહી છે. તેમના રોજના વ્યવહારને પરિણામેજ પર્વત ઉપર જવાની સાંકડી, વિકટ પગદંડીઓ બની છે. એ પગદંડીઓ ઘણીવાર પર્વતની બાજુને અડીને ચડીને એક પર્વત ઉપરથી બીજા પર્વત ઉપર અને બીજાથી ત્રીજા ઉપર એમ ઉત્તરોત્તર ચડતીજ જાય છે. કેટલેક ઠેકાણે પહાડી ઝરાઓ ઉપર આડાં પડેલાં વૃક્ષો વડે કુદરતી પૂલ બંધાયા છે. કેટલીકવાર એ પગદંડીઓ છેક નીચે પર્વતની પાતાળ-ઊંડી ગુફાઓમાં ઉતરી પડે છે અને ત્યાંથી પાછી લાંબો ચઢાવો ખાતી ખાતી બીજા પર્વત ઉપર ડોકિયું કરતી દેખાય છે. અમુક જગ્યા તો આપણીજ છે; હમણાં થોડી વારમાં ત્યાં પહોંચી જઈશું, એવું આપણે ધારીએ પણ ત્યાં પહોંચતાં પહોંચતાં આખો દિવસ નીકળી જાય છે. આ વિકટ પગદંડીઓ ઉપર થઇને પાંચ પાંડવો અને દ્રૌપદી કોઇ ઠેકાણે હિમાલયની સૌમ્ય સુખકર મૂર્તિનાં, તો કોઈ ઠેકાણે તેના ભીષણ-કરાળ સ્વરૂપનાં દર્શન કરતાં કરતાં ચાલ્યાં જાય છે.

તેઓ તો સ્વર્ગે જવા નીકળ્યાં છે. સ્વર્ગના રસ્તા તો વિકટજ હોય ને ? સ્વર્ગે જવાને માટે ઉત્તર દિશા તરફ મુખ રાખીને હિમાલયની એક પછી એક, એક એકથી ઉંચી ટેકરીઓ ઓળંગી ઓળંગીને જવું પડે છે. એમ કરતાં કરતાં પ્રવાસી પૃથ્વીની સપાટીથી ઘણે ઉંચે ચઢી જાય છે. હિમાલયની નીચાણની ટેકરીઓની પ્રાકૃતિક શોભા અતિશય સુન્દર છે;પણ તેની ઉંચાણની ટેકરીઓનું ચઢાણ તેટલુંજ વિકટ અને જોખમભરેલું છે. વચમાં કોઇ ઠેકાણે પાધર, તો કોઇ ઠેકાણે ચઢ ઉતરવાળાં જંગલો આવે છે. તેમને વટાવીને પહાડી નદીઓ અતિશય વેગથી ધસી જાય છે. વચમાં મોટી મોટી ભયંકર ગુફાઓ આવે છે. કેટલીક જગ્યાએ અનાદિ કાળથી બરફના થર ઉપર થર જામ્યાજ કરે છે. ત્યાં તો ન મળે ઝાડપાન અને ન મળે પશુપંખીઓ. ચારે દિશાએ જ્યાં જુઓ ત્યાં કેવળ બરફ, બરફ ને બરફ. કોઇ કોઈ વાર વરસાદનાં અને કરાનાં એવાં ભયંકર ઝાપટાં તૂટી પડે કે આગળ વધવાની હામજ ન ચાલે અને ક્યાં ઉભાં રહેવું તેનું પણ ઠેકા-

[illegible] પણ કોઈ [illegible]
[illegible] ત્યાં તો
[illegible] ગણિશુનિઓ
[illegible] ગણીને પાંચ
[illegible] તેમને શૌને
[illegible] આગળ [illegible] તેઓ આગળ
[illegible] તેમની સાથે [illegible] રેતીનું
[illegible] પછી તેમની [illegible] પર્વત આગળ લઈ
[illegible] ચીરીને [illegible] આગળ યુધિષ્ઠિર રાજા
[illegible] આગળ [illegible] ઉપર [illegible]. આગળ યુધિષ્ઠિર રાજા
[illegible] અને તેમની [illegible] ભીમ, અર્જુન, નકુલ, સહદેવ અને દ્રૌપદી
[illegible] ચાલતાં ચાલતાં થાકે છે, [illegible]
[illegible] પર્વતનાં અતિ [illegible]
[illegible] છે. એવામાં દ્રૌપદી [illegible]
[illegible] પડી. તેની પછી તરત જ નકુ[illegible]
[illegible] પડી તે જ પડી. [illegible] અને ફરીથી ઉઠીને [illegible]
[illegible] સહદેવ અને અર્જુન [illegible] અને [illegible]: “આ ચાર જણથી [illegible]
[illegible] નહિ. ભીમે યુધિષ્ઠિરને પૂછ્યું: “[illegible] યુધિષ્ઠિર જવાબ આ[illegible]
[illegible] નહિ તેનું કારણ શું?” યુધિષ્ઠિર [illegible]
[illegible] અભિમાનથી ભરેલાં હતાં તેથી સહદેવ [illegible]
[illegible] જેવો કોઈ બુદ્ધિમાન નથી. નકુલ [illegible]
[illegible] જેવો રૂપવાન કોઈ નથી. અર્જુ[illegible]
[illegible] હું એકલો જ. મારા જે[illegible]
[illegible] બતાવો! હું ધારત તે[illegible]
[illegible] ન [illegible]. તેમના આ[illegible]
[illegible] સૈન્યને [illegible] ગુણ [illegible] તૈયાર કર[illegible]
[illegible] આવો [illegible]
[illegible] નથી [illegible]
[illegible]
છે ત્યાં [illegible]
[illegible] બીજાં [illegible]
પછી યુધિષ્ઠિર [illegible]

× [illegible] આ વર્ણન [illegible]
* [illegible] હોવાં જોઈએ. [illegible]
આવેલા કૈલાસ પર્વત તરફ [illegible] હોવાં જોઈએ. [illegible] રણ, [illegible]
સૂચન છે તે હિમાલયની પેલી મેરનું ગોબીનું રણ, [illegible] ભાગ જવાય [illegible]
સુમેરુ પર્વત અને ત્યાંથી કૈલાસ એમ [illegible]

[illegible] પ્રત્યક્ષ [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]

યુધિષ્ઠિર—[illegible] નહિ [illegible].

માણસ—[illegible] [illegible]
તેને અહીં [illegible] [illegible]

યુધિષ્ઠિર—[illegible] [illegible]
[illegible] નથી. તે [illegible] [illegible]
[illegible]. [illegible] [illegible]
[illegible] તો [illegible] [illegible].

માણસ—ત્યારે સ્વર્ગ [illegible] [illegible] એવા અસ્પૃશ્ય પશુને લઈને સ્વર્ગમાં દાખલ [illegible] કેમ કરો છો? તમારા પ્રાણપ્રિય ભાઈઓ અને તમારી પત્ની એક પછી એક ઢળીને પડયાં ત્યારે તો તમે પાછું ફરીને જોયું પણ નહિ અને આ એક કૂતરા ઉપર આટલી બધી તમારી મમતા કે તેને ખાતર સ્વર્ગ છોડવું પડે તો તેને પણ છોડવા તૈયાર થયા છો!

યુધિષ્ઠિર—મનુષ્યના મરણ પછી તેનો સંબંધ તૂટે છે. પછી તેની સાથેનું સગપણ, સ્નેહ, મૈત્રી, એમાંનું કાંઈજ રહેતું નથી. એટલે પેલાં બધાં મરી ગયાં તોપણ તેમની દરકાર કર્યા વિના હું આગળ ચાલ્યો. પરંતુ આ કૂતરો હલકું જાનવર છતાં તે જીવતું પ્રાણી છે. હું કોઇ પણ કારણસર-સ્વર્ગને ખાતર પણ-આ જીવતા પ્રાણી પ્રત્યે નિર્દય વર્તન કરી શકીશ નહિ.

માણસ—ભૂતમાત્ર પ્રત્યે તમારી આવી અસાધારણ દયા જોઇને હું તમારાપર ખુશ થાઉં છું. જાઓ, સુખેથી આગળ વધો.

આટલું કહીને તે માણસ અદૃશ્ય થઈ ગયો અને પેલો કૂતરો પણ તેની સાથે સાથેજ કોણ જાણે કયાંય ચાલ્યો ગયો!

પછી યુધિષ્ઠિર આગળ વધ્યા અને એમ કરતાં કરતાં છેવટે તેઓ સદેહે સ્વર્ગમાં દાખલ થયા. તેમણે દીઠું તો સ્વર્ગ એક અતિ રમણીય ભૂમિ હતી. ત્યાં તો ઠેકાણે ઠેકાણે તમામ પ્રકારનાં રત્નોના ઢગના ઢગ હતા. સુંદર નકશીદાર થાંભલાઓવાળાં રૂપાળાં ઘર હતાં. વળી પારવિનાનાં મણિમોતી, ખાવાના પદાર્થો, મોજ-શોખનાં સાધનો, ભાતભાતના વસ્ત્રાલંકાર,× ગડગડાટ કરતા

× સ્વર્ગનાં આવા સ્થૂળ વર્ણન હિન્દુ, ખ્રિસ્તી, ઇસ્લામી, બધા-

રથ, ઘોડા, ઘોડાગાડીઓ, એ બધું ત્યાં જોઇએ એટલું હતું. ત્યાં હરણાં ખેલતાં ફરતાં હતાં અને પક્ષીઓ મધુર કલરવ કરતાં ઉડાઉડ કરતાં હતાં. નૃત્ય ગીત અને વાદ્યની હેલી મચી રહેતી હતી. બાગબગીચાઓનો ત્યાં પારજ નહોતો. સ્વર્ગનાં વૃક્ષોનાં પાન બારે માસ લીલાંછમ જેવાં અને ફળ પણ તેમને બારેમાસ આવ્યાજ કરે. તળાવ જોયાં હોય તો રંગબેરંગી કમળ અને બીજાં જળપુષ્પથી ભરપૂર. સૂર્યપ્રકાશ પણ ત્યાં ઝાઝો આકરો નહિ. મધુરો મધુરો તડકો પડયા કરે, અને ત્યાં કોઇને થાક તો લાગેજનહિ.

---

એ પૌરાણિક ધર્મોના ગ્રંથોમાં છે અને દરેક દેશના લોકોએ પોતાના દેશની પરિસ્થિતિ ઉપરથી સ્વર્ગની કલ્પના કરી છે. પ્રસ્તુત વર્ણનમાં ટિબેટના સારામાં સારા ભાગની રમણીયતાને કલ્પનાના કાચથી અનંતગણી વિસ્તૃત કરી છે અને ટિબેટમાં જે નથી તે કલ્પનામાંથી ઉમેર્યું છે. બાકી એની એકે એક વિગતની પરીક્ષા કરવા બેસીએ તો એનું ઉપરછલ્લાપણું સાફ દેખાઈ આવે. એ સ્વર્ગ તો સ્થૂલ સ્વર્ગ. એટલે હિમાલયની પેલી મેરનો દેશ છે એ વાત મૂળ ગ્રંથકારની નીચેની નોટ ઉપરથી પણ સમજાશે. બાકી વાચકે એટલું લક્ષમાં રાખવું કે જેને સ્વર્ગ, વૈકુંઠ, પરમધામ ઇત્યાદિ નામો આપ્યાં છે તે આધ્યાત્મિક અવસ્થાઓ છે. સ્થૂળ ભૂમિકાઓ નથી કે જ્યાં હીરા, મોતી અને લાડુ-જલેબીઓ મળે અને મુસલમાનોના ધારવા પ્રમાણે અકકેક મુસલમાનને સિત્તેર સિત્તેર અપ્સરાઓના સમાગમનું સુખ મળે! આ બધીજ કલ્પના છે અને જેનો જેવો અધિકાર તેણે તેવી કલ્પના કરી છે.—સેવાનંદ

**મૂળ ગ્રંથકારની ટીકા:—**

ઉપર આગોએ સ્વર્ગનું વર્ણન કર્યું છે તે વનપર્વના અધ્યાય ૪૨, ૪૩, ૪૪ અને ૧૬૮ ને આધારે કર્યું છે. અનુશાસનપર્વના ૬૩ મા અધ્યાયમાં પણ સ્વર્ગનું વર્ણન છે. અર્જુન, લોમશ ઋષિ (વનપર્વ, અધ્યાય ૪૭. ૯૧), વેદવ્યાસ (સ્ત્રીપર્વ, ૮–૧૯) અને બીજા ઘણાએ ઋષિઓ, બ્રાહ્મણો (અનુશાસનપર્વ, અધ્યાય ૧૪૭, અશ્વમેધપર્વ, ૧૬–૧૫) સદેહે સ્વર્ગમાં ગયા હતા અને પાછા ભરત-ખંડમાં ઉતરી આવ્યા હતા. અર્જુન તો જીવતેજીવત પાંચ વરસ સુધી ત્યાં રહી આવ્યો હતો અને તે નાચતાં, ગાતાં અને વાદ્ય વગા-ડતાં શીખેલો તે ત્યાં રહીનેજ શીખ્યો હતો. વળી ત્યાં તેણે સ્વર્ગના લોકોના પક્ષમાં રહીને દાનવોની સાથે યુદ્ધ પણ કર્યું હતું. પાછા આવતી વખતે ત્યાંના લોકો પાસેથી કેટલાંક નવાં અને દુર્લભ અસ્ત્ર શસ્ત્ર પણ ભરતખંડમાં લેતો આવ્યો હતો. નહુષ રાજા તો સ્વર્ગનો રાજા પણ થયો હતો, (વનપર્વ, ૯૧–૫, ૬. અને એજ પર્વના અધ્યાય ૧૬૪, ૧૮૧. ઉદ્યોગપર્વ, અધ્યાય ૧૧. અશ્વમેધપર્વ, ૧૬–૧૫.

[illegible]

પણ કવિ કહે છે કે "આ કલ્પના નથી, કિંવા સ્વપ્ન નથી; પરંતુ એક દિવસ એવો આવશે જ આવશે."

## સ્વર્ગારોહણ પર્વ સમાપ્ત

શાંતિપર્વ, અધ્યાય ૩૪૨) ભગવાન્ પણ સદેહે સ્વર્ગમાં જઈ આવ્યા હતા. (રામાયણ, ઉત્તરકાંડ, ૧૧૯–૧૦) માનવજાતિનો જન્મ પ્રથમ સ્વર્ગમાં થએલો અને પછી ઉત્તરકુરુ નામના દેશ તરફ તેને જવું પડ્યું એવો મહાભારતમાં મોઘમ ઉલ્લેખ છે. (ભીષ્મપર્વ, ૭–૧૩) આ બધી હકીકતો, સ્વર્ગનાં વર્ણન અને સ્વર્ગમાં જવાના રસ્તાની સાથે મેળ કરતાં ખાત્રી થાય છે કે, જે સ્વર્ગનો પુરાણો વગેરેમાં ઉલ્લેખ છે તે કોઈ પારલૌકિક પ્રદેશ નથી, પણ આ પૃથ્વી ઉપરનો જ અમુક દેશ છે. જો તે પારલૌકિક હોત તો મૃત્યુ પછીજ ત્યાં જવાત. આ બાબતમાં ઉમેદચંદ વિદ્યારત્નરચિત "માનવજાતિનું જન્મસ્થાન" એ પુસ્તક જોવાની વાચકોને ભલામણ છે.



# परिशिष्ट

## રાજા પરીક્ષિત

પ્રિય વાચક ! આપણે છટા પડીએ તે પહેલાં એક વાર હસ્તિનાપુર તરફ નજર કરતા આવીએ. હવે તેના રાજ્યાસન ઉપર પરીક્ષિત રાજા બેઠો હતો. તેણે વીસેક વર્ષ રાજ્ય ભોગવ્યું અને હવે તે લગભગ સાઠ વર્ષની ઉંમરનો થવા આવ્યો છે. તે પણ ધર્માત્મા, મહાનુભાવ, સત્યવાદી અને પ્રજાપાલનમાં તત્પર હતો. પ્રજાજનોમાં તમામ શ્રેણીના લોકોને તે સમાન ગણતો હતો. અમુક વ્યક્તિ અગર મંડળ ઉપર તે કદી પણ પક્ષપાત કરતોજ નહિ. વિધવાઓ, ગરીબો, લાચાર લોકો અને માબાપ વગરનાં બાળકોના ભરણપોષણ માટે સરકારી તિજોરીમાંથી ખર્ચ કરતો. તે હમેશાં પોતાની પ્રજાનું હિત સાધતો અને પ્રજા પણ તેને ખૂબ ચાહતી હતી. તેના રાજ્યમાં આખો દેશ તનમન અને ધનથી સુખી હતો અને કોઇ પરદેશી પ્રજાની મગદૂર ન હતી કે ભરતખંડની સામે નજર પણ કરી શકે.x

એક દિવસ પોતાના પ્રધાનમંડળને રાજ્યવહીવટ સોંપીને પરીક્ષિત રાજા વનમાં મૃગયા ખેલવા ગયો. એક મૃગ તેના બાણથી જખમી થયું છતાં નાસી છૂટયું. રાજા તેની શોધમાં આખા વનમાં ભમવા લાગ્યો. એમ કરતાં કરતાં તેને અતિશય થાક લાગ્યો અને તરસ પણ ઘણીજ લાગી. એવામાં ફરતાં ફરતાં એક મુનિ ઉપર તેની નજર ગઇ. તે મુનિ વનમાંજ બેઠા હતા. રાજાએ જઇને તેને પૂછયું કે ઘાયલ થએલા એક મૃગને તમે આ તરફ આવતું દીઠું છે? મુનિએ કશો જવાબજ ન આપ્યો. આથી રાજા ચીડાયો અને પોતાના ધનુષ્યના છેડા વડે એક સાપનું

---

x આદિપર્વ, અધ્યાય ૪૯.

મૂકી તેના ગળામાં વીંટાળ્યું, તો પણ ઋષિ તો કશું બોલ્યા નહિ. તે તો પહેલાંની માફક મૌન ધારણ કરીને બેઠા તે બેઠા, રાજાને તેથી ઘણું અચરજ પેદા થયું અને તે ત્યાંથી આગળ ચાલતો થયો.

આ બનાવ બન્યા પછી કેટલીક વારે તે મુનિનો છોકરો ત્યાં આવી પહોંચ્યો. પોતાના પિતાનું કોઇ આવીને આવું અપમાન કરી ગયો તે જાણીને તેને ખૂબ ક્રોધ વ્યાપ્યો અને તેણે શાપ દીધો કે "આજથી સાતમે દહાડે તે માણસનો તક્ષક નાશ કરો." જ્યારે તે મુનિ ધ્યાનમાંથી જાગ્યા ત્યારે તેમણે બધી બીના જાણી. પ્રથમ તો તે પોતાના પુત્ર ઉપર ઘણાજ નારાજ થયા અને તેની ખૂબ ધૂળ ખંખેરી નાખી. પછી તેમણે કહ્યું: "પરીક્ષિત રાજા ભૂખ્યાતરસ્યા મારી પાસે આવ્યા હતા પણ મારે તે વખતે મૌનવ્રત હતું તેથી મારાથી કશું બોલી શકાયું નહિ. તેને બિચારાને શી ખબર કે હું મારા મૌનવ્રતને લીધે નથી બોલતો? તેથી તે ચીડાયો હશે. કોઇ અપમાન કરે તો સહન કરી લેવું, એજ મહાપુરુષનું લક્ષણ છે. ક્ષમા કરતાં વધારે કિંમતી ખજાનો મનુષ્યની પાસે બીજો કયોજ હોય? તેં રાજાને શાપ દીધો તે ઘણુંજ ખોટું કર્યું."


પણ મુનિકુમારનો ક્રોધ ઉતર્યો નહિ અને રાજાને ક્ષમા કરવાની પણ તેની વૃત્તિ થઈ નહિ. ત્યારે નાઇલાજે ઋષિએ પોતાના એક શિષ્યને રાજાની પાસે મોકલાવ્યો અને તેને લાગેલા શાપની હકીકતથી તેને વાકેફ કર્યો કે જેથી તે સાવધાન રહે. આ બધું જ્યારે પરીક્ષિત રાજાએ જાણ્યું ત્યારે તેના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. તેને થયું કે, અરે! જે ઋષિનું હું આવું અપમાન કરી આવ્યો તેજ મારો પ્રાણ બચાવવાને કેટલી ઉત્કંઠા ધરાવે છે! તેને ખેદ, દુઃખ અને પશ્ચાત્તાપ, એ ત્રણે પ્રકારની લાગણીઓ પીડવા લાગી.

એમ કરતાં છ દિવસ પૂરા થયા અને પેલો સાતમો દિવસ ઉગ્યો. તે દિવસે નાગરાજ તક્ષક પરીક્ષિત રાજાને મારવા જાય છે ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણને ઉતાવળે પગલે જતો દીઠો. તક્ષકે તેને પૂછ્યું: "તું આવડો ઉતાવળો ક્યાં જાય છે?" તે બ્રાહ્મણ બોલ્યો: "મેં સાંભળ્યું છે કે આજે પરીક્ષિત રાજાને તક્ષક મારી નાખવાનો છે. માટે હું તેને ફરીથી જીવતો કરવાને જાઉં છું. હું

ના આશ્રમમાં ભેગા થયેલા ઋષિઓને એ કથા સંભળાવી. મહાભારતરૂપી મહાકાવ્ય એ રીતે જનસમાજમાં પ્રચલિત થવા લાગ્યું.

ભારતવર્ષમાં શું ન હતું? બધુંજ હતું. નિષ્કામ કર્મયોગ, સાર્વજનિક ધર્મ, અગાધ જ્ઞાન, અનુપમ રાજ્યતંત્ર, અતુલ ઐશ્વર્ય, અસાધારણ શૌર્ય, સભ્યતા, ઉદારતા બધુંએ હતું. આજે તો તે શોધ્યાં પણ જડતાં નથી.

અંધશ્રદ્ધાના અંધકારભર્યા પટલને ચીરીને, જેનાથી ઘણામાં ઘણાં મનુષ્યોનું ઘણામાં ઘણું ભલું થાય એવા હિતવાદને રસ્તે બંધુભાવ, સમાનતા, મૈત્રી અને સ્વતંત્રતાનો ઉજ્જવલ પ્રકાશ એશિયા, યુરોપ આદિ દેશોમાં ઘૂમતો ઘૂમતો પાછો ભરતખંડમાં પ્રવેશ કરવા લાગ્યો છે. ભારતવાસીઓ તેને વધાવી લેશે કે તેની સામે પોતાનાં નેત્રો બંધ કરશે?



# ગ્રંથસ્વીકાર

નીચેનાં પુસ્તકોનો સાભાર સ્વીકાર કરી જણાવવાનું કે, આ સંસ્થા તરફ આવતાં પુસ્તકો વાંચી-વંચાવી અભિપ્રાયાદિ છાપવાનું ધોરણ રખાયું નથી; પરંતુ યોગાનુયોગ નીચે પ્રમાણે માત્ર પુસ્તકોનાં નામ, દામ, કદ, મૂલ્ય વગેરેજ જણાવાય છે.

## ૧-ગીતા પ્રેસ-ગોરખપુરનાં હિંદી પુસ્તકો

તુલસીદલ—લેખકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, સાદું પૂંઠું, પૃષ્ઠ ૨૫૫, મૂલ્ય રૂ. ૦॥

આનંદકી લહરેં—લેખકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૦, સાદું પૂંઠું, મૂલ્ય ૦)॥

નૈવેદ્ય—લેખકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૪૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂ ૦॥=

આદર્શ ભક્ત—સંપાદકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૦૮, સાદું પૂંઠું, મૂલ્ય ૦।-

ભક્તસપ્તક—લેખકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૦૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦।-

ભક્તચંદ્રિકા—લેખકઃ-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૦૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦।-

વિવેકચૂડામણિ—લેખકઃ-શ્રી. મુનિલાલ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૧૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦।≡

પ્રબોધ સુધાકર—લેખકઃ-શ્રી. મુનિલાલ ગુપ્ત. કદ ૫×૭॥, પૃષ્ઠ ૭૬, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡॥

અપરોક્ષાનુભૂતિ—લેખકઃ-શ્રી. મુનિલાલ ગુપ્ત. કદ ૫×૭॥, પૃષ્ઠ ૪૦, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡॥

એકાદશ સ્કંધ—અનુવાદકઃ-શ્રી. મુનિલાલ ગુપ્ત. કદ ૫×૭॥, પૃષ્ઠ ૪૧૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦॥।

અધ્યાત્મ રામાયણ—અનુવાદક-શ્રી મુનિલાલ ગુપ્ત. કદ ૭×૧૦॥, પૃષ્ઠ [illegible], સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧॥

વિષ્ણુ પુરાણ—અનુવાદક-શ્રી મુનિલાલ ગુપ્ત. કદ ૭×૧૦॥, પૃષ્ઠ ૫૪૦, સાદું પૂંઠું, મૂલ્ય ૧- રૂ.

ભજનસંગ્રહ-ભા. ૩ જો—લેખકઃ-શ્રી. વિયોગી હરિજી. કદ ૩॥×૫, પૃષ્ઠ ૨૪૪, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡

શ્રીભજનસંગ્રહ-ભા. ૪ થો—સંપાદકઃ-શ્રી. વિયોગી હરિ, કદ ૩॥×૫, પૃષ્ઠ ૨૫૬, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡

**માતા**—લેખકઃ-શ્રી. અરવિંદ ઘોષ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૬૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦।

**ભક્ત ભારતી**—લેખકઃ-પંડિત તુલસીરામ શર્મા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૧૨, સાદુ પૂંઠું, મૂલ્ય ૦।≈

**શ્રીકૃષ્ણવિજ્ઞાન**—લેખકઃ-શ્રી. રામપ્રતાપ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૩૩, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**દેવર્ષિ નારદ**—લેખકઃ-શ્રી. દ્વારકાપ્રસાદ શર્મા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૩૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા ૦॥।

**પરમાર્થ પત્રાવલિ**—લેખકઃ-શ્રી.જયદયાલજી ગોયન્દકા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૪૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા ૦।

**શ્રીવિષ્ણુસહસ્રનામ**—અનુવાદકઃ-શ્રી. 'ભોલા.' ૫×૭॥, પૃષ્ઠ ૨૭૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥=

**હનુમાનબાહુક**—ટીકાકારઃ-શ્રી. મહાવીરપ્રસાદ માલવીય વૈદ્ય. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૬, સાદું પૂંઠું, મૂલ્ય ૦)-॥

**શ્રીચૈતન્યચરિતાવલિ-ખંડ ૨ જો**—લેખકઃ-શ્રી.પ્રભુદત્ત બ્રહ્મચારી. કદ ૫×૭॥, પૃષ્ઠ ૪૦૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા ૧)≈

**શ્રીજ્ઞાનેશ્વરચરિત્ર**—અનુવાદકઃ-શ્રી.લક્ષ્મણ નારાયણ ગર્દે.કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૪૮, સાદું પૂંઠું, મૂલ્ય ૦॥।-

**દિનચર્યા**—લેખકઃ-શ્રી.ભૂપેન્દ્રનાથ સાન્યાલ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૨૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**ભક્તકુસુમ**—લેખકઃ-શ્રી. ઘનશ્યામદાસ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૮૮, સાદું પૂંઠું, મૂલ્ય ૦।-

**શ્રીમદ્દભગવદ્દગીતા**—લેખકઃ-શ્રી. હરિકૃષ્ણદાસ ગોયન્દકા. કદ ૫×૧૦॥, પૃષ્ઠ ૪૭૦, પૂંઠું સાદુ, મૂલ્ય રૂા. ૨॥

## ૨–શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર–ભાવનગર તરફનાં

**ટેક, જીવજંતુ, મંકિયો, વસંત આવી, સટરપટર વાતો, જોયું ને આંખ ઠરી, ત્રેવીસમું પુષ્પ વિલાયતી વાતો, ઠુચકાઓ, બે બાળનાટકો, દાદાજીની તલવાર**—લેખકઃ-શ્રી. ગિજુભાઈ. દરેકનું કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૨, મૂલ્ય ૦)-॥

**મોન્ટીસોરી પ્રવેશિકા**—અનુવાદકઃ-તારાબહેન. કદ ૪×૬॥, પૃષ્ઠ ૧૪૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥।

**ટેકટેકા**—લેખિકાઃ-તારાબહેન. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, ૦)-॥

**તિખંખા ગુખંખા**—લેખિકાઃ-તારાબહેન. પૃષ્ઠ ૩૬, સાદું પૂંઠું, ૦)-॥

**તારાબેનના પાઠો**—લેખિકાઃ-તારાબેન. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૪, સાદું પૂંઠું, મૂલ્ય ૦)-॥

[illegible]—લેખકઃ—શ્રી. નાનાભાઇ. ૪×૬॥, પૃષ્ઠ ૨૪૮, સાદું ০॥।
[illegible]—લેખકઃ—શ્રી.નાનાભાઈ. ક્રા૦ ૫×૭॥, પૃષ્ઠ ૮૩, સાદું પૂંઠું, ০।.
[illegible]—લેખકઃ—શ્રી.નાનાભાઇ. ક્રા૦ ૫×૭॥, પૃષ્ઠ ૪૬, સાદું ০)॥
[illegible]—લેખકઃ—શ્રી.નાનાભાઈ.૫×૭॥, પૃષ્ઠ ૨૯૦, પાકું ૧।.
[illegible] કેળવણી—લેખકઃ—શ્રી. ગિજુભાઇ ૪×૬॥, પૃષ્ઠ ૨૬૪, પાકું ০॥।
[illegible] બાળક—લેખકઃ—ગિજુભાઇ. ૪॥×૬॥, પૃષ્ઠ ૩૬૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
મા બાપ?—લેખકઃ—શ્રી. ગિજુભાઇ. ક્રા૦ ૫×૭॥, પૃષ્ઠ ૧૪૪, પાકું ০॥
[illegible] વાંચો—લેખકઃ—શ્રી. ગિજુભાઇ. ક્રા૦ ૪॥×૬॥, પૃષ્ઠ ૧૯૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ০॥=
સાચી આળપંપાળ—લેખકઃ—શ્રી. ગિજુભાઈ. ક્રા૦ ૩॥×૬॥, પૃષ્ઠ ૧૬૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ০।=
[illegible]—લેખિકાઃ—મોંઘી બ્હેન.૫×૭॥,પૃષ્ઠ૩૨. સાદું ০)॥
[illegible] કહેલી વાતો—લેખિકાઃ—મોંઘીબેન. ક્રા૦ ૫×૭॥, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, મૂલ્ય ০)॥
પ્રાસંગિક મનન—લેખકઃ—શ્રી.ગિજુભાઇ. ક્રા૦, ૫×૭॥, પૃષ્ઠ ૧૫૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ০॥
આગળ વાંચો—લેખકઃ—શ્રી.ગિજુભાઇ. ૫×૭॥, પૃષ્ઠ ૩૨, સાદું ০)=
પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ—લેખકઃ—ગિજુભાઇ. ક્રા૦ ૫×૭॥, પૃષ્ઠ ૧૨૭, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ০।
પ્રાથમિક શાળામાં ચિત્રકામ—લેખકઃ—શ્રી.ગિજુભાઇ. ક્રા૦ ૫×૭॥ પૃષ્ઠ ૬૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. [illegible]
[illegible]—લેખકઃ—શ્રી.ગિજુભાઇ. [illegible]
[illegible]—લેખકઃ—શ્રી ગિજુભાઇ [illegible]
[illegible]—લેખકઃ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

## ૩–સૌરાષ્ટ્ર કાર્યાલય–રાણપુર તરફનાં પુસ્તકો

**ચિતાના અંગારા**—લેખકઃ–શ્રી. ઝવેરચંદ મેઘાણી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૯૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।

**સળગતું આયર્લેંડ**—લેખકઃ–ઝવેરચંદ મેઘાણી. ૫×૭ા, પૃષ્ઠ ૧૨૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**સોરઠને તીરે તીરે**—લેખકઃ–શ્રી. ઝવેરચંદ મેઘાણી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૩૨, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

**ઝાલરી**—લેખકઃ–શ્રી. કકલભાઇ કોઠારી. ૫×૭ા, પૃષ્ઠ ૧૩૪, સાદું ૦।

**વતનનો સાદ**—સંપાદકઃ–શ્રી. કકલભાઇ કોઠારી. ૫×૭ા, પૃષ્ઠ ૧૩૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**જીવનપરાગ**—સંપાદકઃ–શ્રી. કકલભાઈ કોઠારી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**પીડિતોનાં ગીતો**—સંગ્રાહકઃ–શ્રી. કકલભાઇ કોઠારી. કદ ૫×૭ા. પૃષ્ઠ ૮૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**ઇન્સાનની આહ**—લેખકઃ–શ્રી. ગુણવંતરાય આચાર્ય. ૫×૭ા, પૃષ્ઠ ૧૨૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

## ૪–નવજીવન કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

**ત્યાગમૂર્તિ અને બીજા લેખો**—લેખકઃ–શ્રી. ગાંધીજી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૩૪, સાદું પૂંઠું, મૂલ્ય ૦।≈

**ગોસેવા**—લેખકઃ–શ્રી. ગાંધીજી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૮૪, સાદું પૂંઠું, ૦।″

**જીવતા તહેવારો**—લેખકઃ–કાકા કાલેલકર. કદ, ૫×૭ા, પૃષ્ઠ ૭૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡॥

**સ્મરણયાત્રા**—લેખકઃ–ઉપર પ્રમાણે. કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૨૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

**હિમાલયનો પ્રવાસ**—લેખકઃ–ઉપર પ્રમાણે. કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૧૬, સાદું પૂંઠું, મૂલ્ય ૦॥।

**લોકમાતા (ભારતની નદીઓ)**—લેખકઃ–ઉપર પ્રમાણે. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।

**જીવનશોધન**—લેખકઃ–શ્રી. કિશોરલાલ મશરૂવાળા. કદ ૫×૭ા, પૃષ્ઠ ૫૩૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

**સંત ફ્રાંસિસ**—લેખકઃ–શ્રી. મહાદેવ હરિભાઈ દેસાઈ. ૫×૭ા, પૃષ્ઠ ૮૬, સાદું પૂંઠું, મૂલ્ય ૦)≡

**સ્વદેશી સમાજ**—અનુવાદકઃ–શ્રી. નગીનદાસ પારેખ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૩૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦।.

**બુદ્ધલીલા**—લેખકઃ–શ્રી. ધર્માનંદ કૌસાંબી. ૫×૭ા, પૃષ્ઠ ૨૨૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦॥

## ૫-ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફનાં પુસ્તકો

- **ગ્રંથ અને ગ્રંથકાર ભા. ૧ લો**—લેખકઃ-શ્રી. હિરાલાલ ત્રિભોવનદાસ પારેખ. કદ ૬×૯, પૃષ્ઠ ૨૭૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ગ્રંથઅને ગ્રંથકાર-ભાગ ૨ જો**—લેખિકાઃ-વિદ્યાબ્હેન રમણભાઈ નીલકંઠ. ૬×૯, ૧૬૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ગ્રંથ અને ગ્રંથકાર-ભાગ ૩ જો**—લેખકઃ-હિરાલાલ ત્રિભોવનદાસ પારેખ. કદ ૬×૯, પૃષ્ઠ ૧૭૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો ઇતિહાસ**—સંયોજકઃ-શ્રી. હિરાલાલ ત્રિભોવનદાસ પારેખ. ૬×૯, પૃષ્ઠ ૩૦૦, સાદું રૂા. ૧)
- **પારિભાષિક શબ્દકોષ—ભાગ.૧લો**—લેખકઃ-શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ. કદ ૬॥×૧૦, પૃષ્ઠ ૧૦૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **પારિભાષિક શબ્દકોષ**—ભાગ ૨ જો. લેખકઃ-શ્રીવિશ્વનાથ મગનલાલ ભટ્ટ. કદ ૬॥×૧૦, પૃષ્ઠ ૫૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦।૮
- **ભૌતિક વિજ્ઞાન અને ચિત્તશાસ્ત્ર**—વ્યાખ્યાતાઃ-પ્રાણજીવન વિશ્વનાથ પાઠક. કદ ૫×૭॥, પૃષ્ઠ ૬૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।
- **અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય**—વ્યાખ્યાતાઃ-શ્રી. પ્રાણજીવન વિશ્વનાથ પાઠક. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૧૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦।૮
- **પૌરાણિક કથાકોષ**—લેખકઃ-શ્રી. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી. કદ ૬॥×૧૦, પૃષ્ઠ ૧૯૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ભૂસ્તરવિજ્ઞાન—પૂર્વાર્ધ**-લેખકઃ-શ્રી. ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૭૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ભૂસ્તરવિજ્ઞાન—ઉત્તરાર્ધ**-લેખકઃ-શ્રી. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી. ૫×૭॥, ૨૫૦, સાદું પૂંઠું, મૂલ્ય ૧)
- **આરોગ્યના પ્રદેશ**—લેખકઃ-શ્રી.રેવાશંકર ઓધવજીભાઇ સોમપુરા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૪૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥
- **પ્રસાદવિવેચન**—લેખકઃ-શ્રી.દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૪૨, સાદું પૂંઠું, કિંમત રૂા. ૧)
- **અખાકૃત કાવ્યો**—સંપાદકઃ-શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૯૭, પાકું પૂંઠું, મૂલ્ય ૧)
- **રંગવાની કળા**—લેખકઃ-શ્રી. [illegible] નાગીનદાસ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૮૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥
- **આપણી કવિતાસમૃદ્ધિ**—લેખકઃ-શ્રી.બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૫૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)
- **ઓરી, અછબડા અને [illegible]**—લેખકઃ-ડૉ. [illegible] પાકું ૫×૭॥, પૃષ્ઠ ૯૧, સાદું પૂંઠું, મૂલ્ય ૦।૮
- **[illegible] આખ્યાન**—લેખકઃ-શ્રી. [illegible] મોદી. ૫×૭॥, પૃષ્ઠ ૧૮૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

**પ્રાચીન જગત**—લેખકઃ–શ્રી.મૂળશંકર સોમનાથ ભટ્ટ. પૂઠ ૫×૭ા, સાદું પૂંઠું, પૃષ્ઠ ૨૨૦, મૂલ્ય રૂ. ૦ાા

**હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ**—લેખકઃ–શ્રી. છોટાલાલ બાલ કૃષ્ણ પુરાણી. ૫×૭ા, પૃષ્ઠ ૩૭૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**અપ્રસિદ્ધ અક્ષયવાણી**—લેખકઃ–શ્રી. જગન્નાથ દામોદર ત્રિપાઠી. ૫×૭ા, પૃષ્ઠ ૨૮૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**ધર્મ અને સમાજ**—લેખકઃ–શ્રી.રમણભાઇ મહીપતરામ નીલકંઠ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૩૬, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**જીવનશિક્ષણ**—લેખકઃ–શ્રી.મણિલાલ જગજીવન દ્વિવેદી. ૫×૭ા, પૃષ્ઠ ૨૦૮, પાકું પૂંઠું, મૂલ્ય ૧ાા

**ઉપનિષદ્‌વિચારણા**—લેખકઃ–શ્રી.નર્મદાશંકર દેવશંકર મહેતા. કદ ૫×૭ા, પૃષ્ઠ ૨૩૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**હિંદુ રાજ્યવ્યવસ્થા**—લેખકઃ–પ્રૉ. કે. વી. જાયસ્વાલ. અનુવાદકઃ–શ્રી. ચંપકલાલ લાલભાઇ મહેતા. ૫×૭ા, પૃષ્ઠ ૩૨૮, સાદું ૧)

**સંસ્કૃત નાટક–ભા. ૧ લો**—અનુવાદકઃ–શ્રી. નર્મદાશંકર ભોગીલાલ પુરોહિત. કદ ૫×૭ા, પૃષ્ઠ ૨૬૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**ગૃહલક્ષ્મી કેવી જોઇએ**—લેખિકાઃ–શ્રીમતી દિવાળીબેન વાલજી ભટ્ટ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૫૮, સાદું પૂંઠું, મૂલ્ય ૦)॥

**રસિકવલ્લભ**—સંપાદકઃ–શ્રી. જેઠાલાલ ગોવર્ધન શાહ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૦૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦ા

**મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ**—લેખકઃ–શ્રી.ગૌરીશંકર હીરાચંદ ઓઝા. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૮૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**રમાબાઇ રાનડે**—લેખિકાઃ–શ્રીમતી માલતીબેન ઇશ્વરપ્રસાદ પંડિત. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૩૦, સાદું પૂંઠું મૂલ્ય ૦ા॥

**શિક્ષણનું રહસ્ય**—અનુવાદકઃ–શ્રી. નવલરામ જગન્નાથ ત્રિવેદી એમ. એ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૧૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦ા॥

## ૬–પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. નાં પુસ્તકો

**બાળવિજ્ઞાન ભાગ ૧ લો–ભાગ ૨ જો**—લેખિકાઃ શ્રી. વિમળા [illegible] ગૌરી સેતલવડ. કદ ૬ાા×૧૦, પૃષ્ઠ ૧૨૮ અને ૧૬૦, [illegible] પૂંઠું, મૂલ્ય દરેકનું રૂ. ૧ાા

**બાળવિજ્ઞાન ભા. ૩ જો**—લેખિકાઃ શ્રી. વિમળા [illegible] કદ ૬ાા×૧૦, પૃષ્ઠ ૧૧૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧ાા

**વાર્તાઓનાં પુસ્તકોનો પરિચય**—[illegible]

[illegible]

**ચતુર અકોટીક**—[illegible]

[illegible]

આહીરીનબાન—લેખકઃ-શ્રી. જ્યોતીન્દ્ર હરિપ્રસાદ દેસાઈ. ૬૬ પ×૭॥, પૃષ્ઠ ૫૪, સાદું પૂંઠું, મૂલ્ય ૦ાા

બાલસાહિત્ય સંગ્રહ—લેખકઃ-શ્રી. જિજ્ઞાસુ. ૬૬ ૫॥×૧૦, પૃષ્ઠ ૧૦૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

## ૭-શ્રી. ન્હાનાલાલ દ. કવિ તરફનાં પુસ્તકો

ઉપનિષત્ પંચક—૬૬ પ×૭॥, પૃષ્ઠ ૧૫૨, સાદું પૂંઠું, મૂલ્ય ૧॥

ગુજરાતની ભૂગોળ—૬૬ પ×૭॥, ૭૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

શિક્ષાપત્રી—૬૬ પ×૭॥, પૃષ્ઠ ૮૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

ઇન્દુકુમાર—૬૬ પ×૭॥, પૃષ્ઠ ૧૧૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧॥

કવીશ્વર દલપતરામ-ભાગ ૧ લો-કાવ્યદોહન—૬૬ પ×૭॥, પૃષ્ઠ ૨૩૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૨॥

## ૮-સસ્તાસાહિત્ય મંડળ-અજમેર તરફનાં પુસ્તકો

ગ્રામસમસ્યા—લેખક-શ્રી. મુકુટબિહારી વર્મા. ૬૬ ૫×૭॥, પૃષ્ઠ ૪૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧॥

યુગધર્મ—લે.-શ્રી. હરિભાઉ ઉપાધ્યાય. પ×૭॥, પૃષ્ઠ ૨૬૪, સાદું ૧)=

વિદેશી કપડેકા મુકાબલા કૈસે કિયા જાય?—લેખકઃ-શ્રી.મનમોહન પુરુષોત્તમ ગાંધી. પ×૭॥, પૃષ્ઠ ૧૩૬, સાદું મૂલ્ય રૂા. ૦॥=

## ૯-અન્ય સજ્જનો તરફથી મળેલાં

સુહંદની હિંદુવીર મહિલા અથવા રમણીરત્ન રત્નદેવી—સંપાદકઃ-નારાયણ વિસનજી ઠક્કુર. પ્રકાશકઃ-હિંદુ ગૌરવ ગ્રંથમાળા-વડોદરા. ૬૬, પ×૭॥, પૃષ્ઠ ૩૫૨, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૨)

સંતબાની યાને અબાધ આત્મદર્શન—અનુવાદક અને પ્રકાશકઃ-શ્રી.ભાનુપ્રસાદ મણિરાય વ્યાસ. ૨૧૪, બાઉરસ્ટ્રીટ, કલકત્તા. ૬૬ પ×૭॥, પૃષ્ઠ ૩૧૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

આત્માનંદ ગીતાવલિ—લેખક અનેપ્રકાશકઃ-લક્ષ્મણરામ કાશીરામ રામી. ૬૬ પ×૭॥, પૃષ્ઠ ૭૨, સાદું પૂંઠું, મૂલ્ય ૦)=

શ્રીતુલસીકૃત રામાયણ (હિંદી)—પ્રકાશકઃ-સંતરામ મંદિર-નડિયાદ. ૬૬ પ×૭॥, પૃષ્ઠ ૫૩૫, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

તુલસીકૃત રામાયણ કોષ—સંપાદક અને પ્રકાશકઃ-શ્રી.ફુલાભાઈ અને ડાહ્યાભાઇ, મુ. નડિયાદ. પ×૬॥, પૃષ્ઠ ૧૨૪, સાદું ૦)-

કીર્તનસંગ્રહ—લેખકઃ-શ્રી. મંગળદાસ ચત્રભુજ કવિ. પ્રકાશકઃ-અવધૂત ભક્ત મંડળ-વિજાપુર. ૬×૯, પૃષ્ઠ ૪૮, સાદું રૂા. ૦)=

ત્યાગમાં ભગવત્પ્રાપ્તિ—લેખકઃ-શ્રી. હરિરામ ભાઈચંદ પલણ. પ્રકાશકઃ- પ્રધાનજી પ્રાગજી ઠક્કર. ૬૬ પ×૭॥, પૃષ્ઠ ૮૮, અમૂલ્ય.

**હિમાલયના પુણ્ય પ્રદેશમાં**—લેખકઃ-શ્રી. ડુંગરશી ધરમશી સંપટ. પ્રકાશકઃ-શ્રી. મૂળરાજ લીલાધરની કંપની-કરાંચી. કદ, ૫×૭ાા, પૃષ્ઠ ૩૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાાા

**આયુર્વેદ પ્રીસ્ક્રીપશનો**—લેખકઃ-વૈદ્ય ગોપાળજી કુંવરજી ઠક્કર. પ્રકાશકઃ-ધી સિંધ આયુર્વેદિક ફાર્મસી, કરાંચી. કદ, ૫×૭ાા, પૃષ્ઠ ૭૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાા.

**હિંદ પર્યટન**—લેખક અને પ્રકાશકઃ-શ્રી. મણિલાલ જગજીવન દ્વિવેદી, મુ. વડોદરા. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૩૫૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૩ાા

**બાયોકેમિક પ્રવેશિકા**—લેખક અને પ્રકાશકઃ-ડૉ. ગોવિંદજી ભૂલાભાઈ પટેલ. કદ ૪×૫ાા, પૃષ્ઠ ૬૦, સાદું પૂંઠું, ૦ાા

**હોમીઓપથી એટલે શું?**—લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું કિંમત લખી નથી.

**સુબોધ સંગ્રહ**—સંગ્રાહક અને પ્રકાશકઃ-શ્રી. સત્સંગ મંડળી, નરનારાયણ મંદિર, મુંબઈ. ૫×૬ાાા, ૨૦૮, સાદું પૂંઠું, મૂલ્ય નથી.

**ગીતસંગ્રહ**—સંગ્રાહક અને પ્રકાશકઃ-સીતારામ નથુભાઈ. ચરોતર એજ્યુકેશન સોસાઇટી-આણંદ. ૫×૭ાા, ૧૧૨, સાદું મૂલ્ય ૦)

**નવો જમાનો અને આત્મજ્ઞાન**—લેખકઃ-શ્રી. આતુરામ મૂળદાસ વરતીઆ. પ્રકાશકઃ-સત્ય સુબોધમંડળ અમદાવાદ. કદ ૫×૬ાાા, પૃષ્ઠ ૧૨૦, સાદું પૂંઠું, મૂલ્ય ૦ા

**ચેતવણીનો શંખ**—લેખકઃ-શ્રી. કાળીદાસ આર્ય. પ્રકાશકઃ-[illegible] આશ્રમ-અમૃતપુરા. ૫×૭ાા, પૃષ્ઠ ૬૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ા

**ભાઈલાલ વ્યાસનાં સંસ્મરણો**—લેખક અને પ્રકાશક શ્રી દયાશંકર ભાઈશંકર શુક્લ, સુરત. ૫×૭ાા, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું [illegible]

**સદ્બોધસરિતા**—લેખકઃ-શ્રી. ગોપાળજી [illegible] ઠક્કર. પ્રકાશક શ્રી. ભીખાભાઈ ગોપાળજી પરીખ, મુ. [illegible] કદ [illegible], પૃષ્ઠ ૨૧૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. [illegible]

**કરુણ કથાઓ**—લેખકઃ-શ્રી. [illegible] પ્રભાશંકર વ્યાસ. ૩૮, ઉદ્યોગ [illegible] અમદાવાદ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૨૮, મૂલ્ય ૦ા

**નરવીર શિવાજી છત્રપતિ**—લેખકઃ-શ્રી. [illegible] નવજીવન [illegible] ગ્રંથમાળા, મુ. [illegible] પૃષ્ઠ ૩૬, સાદું [illegible]

**નરવીર નેપોલિયન**—લેખકઃ-[illegible] [illegible] પૃષ્ઠ ૩૨, [illegible]

[illegible]

[illegible]

**સીતારોદન**—લેખકઃ-શ્રી. રામદાસ. પ્રકાશકઃ-ભાઈશંકર મદનલાલ વ્યાસ. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૧૨૮, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

**સોરઠની સંધ્યા**—લેખકઃ-શ્રી.સુમનરાય આચાર્ય. પ્રકાશકઃ-ગુરુકુળ કાર્યાલય, રાજપુર. ૫×૭॥, પૃષ્ઠ ૨૩૦, પાકું પૂંઠું, ૧॥.

**પુરુષસૂક્ત મૂળ અને ભાષાંતર** (યજુર્વેદીય)—અનુવાદક અને પ્રકાશકઃ-શ્રી. હરિલાલ નરસિંહરામ વ્યાસ, મુ. માતર. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૪૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०।

**શાંતિ**—પ્રકાશકઃ-માણેકલાલ જમનાદાસ-સુરત. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, અમૂલ્ય.

**ન્યાલકૃત ભજનમાળા**—લેખકઃ-પાંચી ન્યાલચંદ વીરજી પરિયાર-સોરઠ. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૨૩૨, પાકું પૂંઠું, અમૂલ્ય.

**વિજ્ઞાનનો વિકાસ**—લેખકઃ-શ્રી. રેવાશંકર ઓઘડભાઈ સોમપુરા. પ્રકાશકઃ-લાભશંકર રેવાશંકર-પાલીતાણા. ક્રા. ૫×૬॥, પૃષ્ઠ ૪૨૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૨॥

**ખુદાનામું-ભાગ ૫ મો**—લેખકઃ-અનેપ્રકાશકઃ-સોરાબજી મંચેરજી દેસાઈ, નવસારી. ક્રા. ૬॥×૧૦, પૃષ્ઠ ૨૯૪, પાકું પૂંઠું, રૂ. ૧॥

**મસ્તફકીર મહાત્મા વસાલી**—લેખકઃ-શ્રી. સોરાબજી મંચેરજી દેસાઈ, નવસારી. ક્રા. ૬×૯, પૃષ્ઠ ૮૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ०॥

**તક્રકલ્પ અથવા છાશસેવનવિધિ**—લેખકઃ-વૈદ્યરાજ પં. હરિપ્રસાદ ચુનિલાલ ભટ્ટ-દિલ્હી. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૯૬, પાકું પૂંઠું, ०॥-

**દેવી પુષ્પ રત્નમાળા (પાંચમી)**—લેખકઃ-શ્રી.માણેકલાલ જમનાદાસ મ્હારજી. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૧૭૬, સાદું પૂંઠું, મૂલ્ય ०)-

**રસતંત્રસાર વ સિદ્ધપ્રયોગ**—લેખકઃ-શ્રી. ઠાકુર નાથુસિંહ વર્મા. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૫૦૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૨॥

**આપણી શિક્ષણપદ્ધતિઓની ઐતિહાસિક સમીક્ષા**—લેખક અને પ્રકાશકઃ-શ્રી.નટવરલાલ શંકરલાલ. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૧૦૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०॥

**સુખ અને શાન્તિ**—લેખક અને પ્રકાશકઃ-શ્રી. પ્રભુશંકર નરભેરામ વ્યાસ. અડાજણ, સુરત. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૧૬૦, સાદું રૂ ૧)

**બે હાથ જોડી**—લેખકઃ-મુનિશ્રી. છોટાલાલજી. પ્રકાશકઃ-શ્રી.રતિલાલ પોપટભાઈ-વઢવાણ કેમ્પ. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૫૬, સાદું રૂ. ०।

**ગોસ્વામી તુલસીદાસજી**—લેખકઃ-શ્રી. માધવલાલ ત્રિભુવન રાવળ. પ્રકાશકઃ-લાલજી નાગજી ગણાત્રા, મુ. રાજકોટ. ક્રા. ૪॥×૬॥, પૃષ્ઠ ૨૧૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

**સાધ્વી શ્રીવિમળાદેવીનું સંક્ષિપ્ત ચરિત્ર**—લેખકઃ-શ્રી. લક્ષ્મીદાસ પરમાનંદ બી. એ. પ્રકાશકઃ-શ્રી. લક્ષ્મીબાઈ, ઠે. પંચવટી, નાશીક. ક્રા. ૫×૭॥, પૃષ્ઠ ૭૬, અમૂલ્ય.

**સાધ્વીશ્રી વિમળાદેવીના પત્રો**—લેખકઃ-સાધ્વી વિમળાદેવી. પ્રકાશકઃ-શ્રી. કૃપાશંકર જયરામ ભટ્ટ, આનંદાશ્રમ-બીલખા. કદ, ૫×૭॥, પૃષ્ઠ ૨૦૪, પાકું પૂંઠું મૂલ્ય ०॥।

## ૧૦–વૃત્તાંતો ઇત્યાદિ

**ગુજરાત વર્નાક્યુલ સોસાઈટી** અમદાવાદનો સને ૧૯૩૦–૩૧ નો.
**ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો** ઇ. સ. ૧૮૪૮ થી ૧૮૭૮ સુધીનો.
**અંત્યજ સેવા મંડળ નવસારીનો** સં. ૧૯૮૬–૮૭નો અહેવાલ.
**શ્રી. સિનોર સયાજી શ્વેતોત્સવ** પુસ્તકાલયનું નિવેદન ૧૯૩૦–૩૧નું.
**વરણામા સેવા સમાજનો** દશમો વાર્ષિક હેવાલ.
**બહેરાં મૂંગાંની શાળા અમદાવાદનો** ૨૩ મો વાર્ષિક હેવાલ.
**આનંદાશ્રમ** બીલખાનું ટ્રસ્ટડીડ. પ્રકાશકઃ-મેનેજીંગ ટ્રસ્ટીઓ.
**શ્રી દક્ષિણામૂર્તિ ભવનનો** અહેવાલ સને ૧૯૩૧ નો.
**ગુરુકુલ વિદ્યાલય સોનગઢનો** તૃતીય વાર્ષિક વૃત્તાંત-સં. ૧૯૮૭નો.
**મહીરેવા લોહાણા બોર્ડિંગ**–સંવત ૧૯૮૬–૮૭ ની સાલનો.
**શ્રીવિદ્યામૃતવર્ષિણી પાઠશાળા**–વલસાડનો સં. ૧૯૮૭ નો.
**અહેવાલસંગ્રહ–વાઘોડીઆ** મહાલનાં વિધવિધ મંડળોના.
**ધી કાવસજી ધનજીભાઈ ગજદર** લાયબ્રેરી ગણદેવીનો ઈ.સ. ૧૯૩૧–૩૨નો રિપોર્ટ.
**ધી રામકૃષ્ણ મીશન સેવાશ્રમ** વૃંદાવનનો ૨૬મો ઇ. સ. ૧૯૩૨નો.
**હાંસોટ હિંદુ પુસ્તકાલયનું** વાર્ષિક નિવેદન ઇ. સ. ૧૯૩૧–૩૨ નું
**શ્રી ચોરવાડ મિત્ર મંડળ** લાયબ્રેરીનો સને ૧૯૩૧–૩૨નો.
**ભૃગુપુર ઋષિ નિવાસ**–ભરૂચનો વાર્ષિક રિપોર્ટ સં. ૧૯૮૯.
**આર્યકુમાર આશ્રમ** કારેલીબાગ વડોદરાનો દશમો રિપોર્ટ સં.૧૯૮૮.

# श्री रामायणनुं महत्त्व

**प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥**

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." **વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે; તેટલો કોઈ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." **બંકિમચંદ્ર**

"કાવ્યનાં બન્ને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી; તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના "ઇલિયડ" તથા "ઇનીડ" અને મિલ્ટન કવિનો 'પેરેડાઇઝ લૉસ્ટ' પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે? કદાચ કોઈ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; પણ તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઉતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરે છે તે યોગ્યજ છે." **ચિંતામણ વિ. વૈદ્ય**

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવન ચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનારા અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." **સંતરામ શર્મા**

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્‌ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા, સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઈ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." **મિ. ?**

"એમાં સ્ત્રીસમાજની શક્તિ, પવિત્રતા તથા મહત્તા વિષે જેવો પ્રકાશ સમાયેલો છે; તેવો બીજા કોઇ પણ ગ્રંથમાં નથી દેખાતો."

"મેં મારી કોમના કેટલાય વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રત ધર્મ પાળનારી થઇને સ્ત્રીજાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી જોકે મારી જ્ઞાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું; પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે રામાયણ કંઇ માત્ર હિંદુસમાજનો ગ્રંથ નથી પણ આખી દુનિયાના માણસોની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા–ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી અમારી નૈતિક શક્તિ પ્રાયઃ બધાંજ ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે."

**સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર**

"આજથી ત્રણસો વર્ષ પહેલાં તુલસીદાસરૂપી મધુપે સંસ્કૃત ભાષાનાં અનેક રામાયણ, પુરાણ, કાવ્ય, ઇતિહાસ, નાટક, સ્મૃતિ, ઉપનિષદ્ અને સંહિતારૂપી અત્યંત સુંદર ફૂલોનો મધુર રસ એકત્ર કરીને તુલસીકૃત રામાયણરૂપી જે મધ તૈયાર કર્યું હતું તે હજી સુધી આર્ય–હિંદુઓને ઘેરઘેર મોજુદ છે; અને મધ જેમ અનેક શારીરિક વ્યાધિઓ ટાળવામાં ઔષધિઓને સહાય આપે છે, તેમ રામાયણરૂપી મધ અનેક વ્યાધિઓ ટાળવામાં સહાય કરે છે. વળી મધ જેટલું જૂનું થતું ચાલે છે તેટલોજ તેનો સ્વાદ અધિક મધુર થતો ચાલે છે. (તો આ રામાયણરૂપી મધ તો સાડાત્રણસો વર્ષ જેટલું જૂનું છે; એટલે એની મીઠાશનું તો કહેવુંજ શું ? રામાયણરૂપી મધનું મહત્ત્વ આથી પણ સમજાશે કે ) એમાંનો એક માત્ર અયોધ્યાકાંડ રચવામાંજ તેના મધુકર મહર્ષિ તુલસીદાસજીએ દોઢસોથી વધારે સંસ્કૃત ગ્રંથોનો રસ ગ્રહણ કર્યો છે.

"હવે આ પ્રશ્ન સ્વભાવતઃ સામે આવે છે કે, શું સંસ્કૃતના બધા ગ્રંથ તુલસીદાસજીને કંઠસ્થ હતા ? અમે જેટલા પણ ઉંડા ઉતરીએ છીએ તેટલા આ અદ્વિતીય રામાયણની અદ્ભુત પ્રતિભા જોઇને ચકિત થઇએ છીએ. સંસ્કૃતરૂપી નંદનકાનનમાં વિચરણ કરીને તુલસીદાસરૂપી ભ્રમરે સમસ્ત ફૂલોનો રસ ભેગો કરીને જે મધુર મિષ્ટ અને અતિ હિતાવહ મધ હિંદુ જાતિને દાન કર્યું છે તેની તુલના આ સંસારમાં કોઇ પણ દાન સાથે થઇ શકે નહિ."

**પંડિત રામનરેશ ત્રિપાઠી**

# आ संस्थाना तैयार.ग्रंथो

૧-પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ જુદું લાગે છે. ૨-અમદાવાદના કાર્યાલય માટે ઘણાંખરાં પુસ્તકોની કિંમત છાપ્યા કરતાં થોડી ઘટાડેલી તે પણ આમાં આપી છે; અને રૂ. ૧૦૦)નાં લેવાથી એમાં પણ ।। ટકા કપાશે. ૩-મુંબઇના કાર્યાલય માટે આમાં જે કિંમત છાપી છે; તેમાં પણ કમમાં કમ ૨૫)નાં પુસ્તક લેવાથી બે આના મુજબ કપાશે. ૪-જે પુસ્તકની તરત માટે અથવા અમુક મુદત માટે કિંમત અરધી, પોણી કે કાંઇ પણ ઓછી રખાય, તેમાં કમિશન કપાશે નહિ, તથા મુંબઇના કાર્યાલયમાં ખર્ચ જોગી વધુ કિંમત રહેશે.

| ઉત્તમ ધાર્મિક ગ્રંથો | મુંબઇમાં મૂલ્ય | અમદાવાદમાં |
|---|---|---|
| તુલસીકૃત રામાયણ-ઉત્તમ ભાષાંતર-૩૨ ચિત્રો.... | ૪।।। | ... ૪। |
| મહાભારતનું શાંતિપર્વ-ઉત્તમ ભા૦, નવી આવૃત્તિ | ૫ | ... ૪।। |
| શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-નવી આવૃત્તિ ... ... | ૨। | ... ૨ |
| શ્રીદાસબોધ-નવી આવૃત્તિ ... ... ... ... | ૨। | ... ૨ |
| શ્રીભગવતી ભાગવત-ઉત્તમ ભાષાંતર ... ... | ૪।। | ... ૪ |
| શ્રીમદ્ભાગવત-સચિત્ર નવી આવૃત્તિ છપાયેથી મળશે. | | |
| શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા... ... ... | ૨।। | ... ૨ |
| ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે ... ... ... ... | ૦।।। | ... ૦।। |
| સ્વામી રામતીર્થ-ગ્રંથ ૨ થી ૪ (ભાગ ૬ થી ૧૩)... | ૬। | ... ૫।। |
| સ્વામી વિવેકાનંદ-ગ્રંથ પહેલો ભાગ ૧-૨-૩ ... | ૨। | ... ૧।।। |
| ,, ,, ગ્રંથ ૨ જો ભાગ ૪-૫ ... ... | ૨। | ... ૧।।। |
| ,, ,, ભાગ ૮મો ૧।।, ભા. ૧૧ મો ૧।।=, ભા. ૧૨-૧૩ | ૧।। | |
| મધુમય જીવન-સુધારેલી ૫ મી આવૃત્તિ ... ... | ૦।- | ... ૦। |
| શ્રીવિષ્ણુસહસ્રનામ-શ્રી. ભાષાંતર સાથે ... ... | ૦)-। | ૦)- |
| ઉપદેશસારસંગ્રહ-ભાગ ૧,૨ ભેગા ... ... ... | ૧ | ... ૧ |
| શ્રીમદ્ભગવદ્ગીતા-શ્રી. સરલાર્થ સહિત પાકું પૂંઠું ... | ૦)=।। | ૦)= |
| ,, ,, ,, ,, મોટા અક્ષર... | ૦।=।। | ૦।= |
| ,, ,, શ્રીધરી અનુસાર અર્થ સાથે | ૦।-।। | ૦।- |
| ,, ,, માત્ર સરલાર્થ ... ... ... | ૦)=।। | ૦)= |
| પંચરત્ન ગીતા-સરલાર્થ સાથે મોટા અક્ષર... ... | ૦।।= | ...૦।।। |
| ,, ,, ,, ,, નાના અક્ષરમાં ... | ૦।।- | ... ૦।। |

ભગવદ્ગીતા-મૂલમાત્ર-મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦।।

પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના, મધ્યમ, મોટા અક્ષરમાં ૦।, ૦।=, ૦।।।

## સંત-મહાત્માઓની વાણી

| | | |
|---|---|---|
| અખાની વાણી-મનહર પદ સાથે ... ... ... | ૧।। | ... ૧। |
| છોટમની વાણી-જુદા જુદા ત્રણ ગ્રંથોમાં ... | ૩।। | ...૨। |

## ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

સુખી જીવનનાં સાધન ... ... .. ... ૦॥૮...૦॥
સુખસામર્થ્ય સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર ...૧ ...
ભાગ્યના સદ્યોગો ... ... ... ... ... ...૧॥ ...
શુભસંગ્રહ-ભાગ ત્રીજો ૧॥, અને ભાગ છઠ્ઠો ૨॥

## ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં... ... ૧૦ ...
આર્યભિષક્ અથવા હિંદનો વૈદરાજ-આઠમી આવૃત્તિ ૩॥ ...
વૈદક સંબંધી વિચારો—૧૬૧ લેખોનો મોટો સંગ્રહ ૧॥ ...
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત ... ... ૦।૮ ...

## બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

શ્રીરામકૃષ્ણપરમહંસનું ચરિત્ર અને ઉપદેશો ૧॥ ... ૧॥
સ્વામી ભાસ્કરાનંદ તથા વિજયકૃષ્ણ ગોસ્વામી ૧॥ ... ૧॥
સ્વામી રામતીર્થની જીવનકથા ... ... ૨ ... ૧॥
શ્રી શિવાજી છત્રપતિ ... ... ... ... ... ૨। ... ૧॥
મહાન સમ્રાટ્ અકબર ... ... ... ... ૧। ... ૧
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો ... ... ... ૦॥। ...
શ્રીભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત ... ... ૧॥
[illegible] મહાત્માઓ ... ... ... ... ... ૧।
મહાન સાધ્વીઓ-ઉત્તમ ૧૫ ચરિત્રો ... ... ૧
નેપોલિયન બોનાપાર્ટ ... ... ... ... ... ૧

## [illegible] ટૂંકી વાર્તાઓ

[illegible]

[illegible]

## [illegible]

[illegible]

[illegible]

## [illegible]

[illegible]

[illegible]

[illegible]

## સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

[illegible]